શાળોપયોગી

ગુજરાતી શબ્દકોષ.

મધુભાઈ ગો. પટેલ.

શાળોપયોગી

ગુજરાતી શબ્દકોષ.

લખનાર

લલ્લુભાઈ ગોકળદાસ પટેલ.

ધી પોકેટ ગુજરાતી અંગ્રેજી ડીક્ષનેરી, ધી સ્ટાર ઇંગ્રેજી
ગુજરાતી ડીક્ષનેરી, રાણી સુભદ્રા, મણી-મોહન
બાપાગનગ, ગણા હમીરનો ભાગ્યરવિ,
રોગ અને તેનો ઉપાય,
ગુજરાતી શબ્દકોષ, ઇ૦

અમદાવાદ

"સૂર્યપ્રકાશ" પ્રેસમાં છાપ્યો

(સર્વ હક સ્વાધીન)

૧૯૨૫

કિમ્મત રૂ. ૬-૪-૦

ૐ

'ઓ પ્રભુ ' છુ છ જગતનો, સમર્થ સર્જનહાર ,
અંતરથી તુજને નમું, છુ જ મ્હારી નાથ

"અમો મિથ્યા જગ, પ્રભુ કદી કરો ન અમન્યા'

જય સરસ્વતી '
સુકુમાર નંદિની
મધુરી મનસ્વિની '
ઉર અગ વિલાસીની

*   *   *   *

દેવસુતી ' નંદનની ઉમા '
જ્યોતિ આમ ઉજ્જ્વળ '
પ્રાણ પ્રભા ' પ્રણય-પ્રભા --
વિભુ ભક્ત ન્ ... યાર '

*   *   *

જય સરસ્વતી '
મધુરી મ્હાલતી-
ઉમંગ આરા સિંચતી-
પ્રભુ-પથ સહચરી '’

લલિત.

મળનાર—એસ. બી. શાહની કંપની—અમદાવાદ
ધી ગુજરાત બુક ડીપો—નડીઆદ



રચ ભૂતમય પ્રતિમા પ્રતિભા જગમાં વિલક્ષણ લેખા,
મનાદિ રચક પ્રતિમા ગ્રંથ સ્વરૂપે વિકારહીન પેખો

જન્મ તા ૭—૧—૧૮૭૦
સં ૧૯૨૬ વૈ સુદિ ૩

લ. ગો. પટેલ

અર્પણ.

સજ્જન સુહૃદ શ્રીયુત કૃષ્ણલાલ સૂરજરામ વકીલ.

એમ ઇ ડી આઈ ઈ એસ

એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ (ઉત્તર વિભાગ)

અમદાવાદ

આપશ્રી ગુજરાતના ઉચ્ચ સાહિત્ય-સેવકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવો છો,
કેળવણીના પ્રચાર માટે ખાસ ખંતથી સતત પ્રયાસ કરી
રહ્યા છો; અને આપના સમાગમમાં આવનાર સર્વ
મનુષ્યો પ્રત્યે સમાન પ્રેમભાવ દર્શાવો
છો, એ સદ્‌ગુણોથી આકર્ષાઇ આ
પુસ્તક સાથે આપનું નામ
જોડી કૃતાર્થ
થાઉં છું

આપનો સેવક
લલ્લુભાઈ ગો. પટેલ

"સૂર્યપ્રકાશ" પ્રેસ—અમદાવાદ.

પ્રસ્તાવના.

કોષ એટલે ભડાર-નિધિ પછી તે લક્ષ્મીનો હો વા શબ્દોનો હો ભણેલા કે અભણ પ્રાણી માત્રને, જગતના બીજા વ્યવહારોમા જેમ દ્રવ્યભડારની ક્ષણે ક્ષણે જરૂર પડે છે, તેમ વાક્વ્યવહારમા પ્રતિ પળ શબ્દાર્થ જ્ઞાનનુ કામ પડે છે જેની પાસે જેટલો ને જેવો દ્રવ્યભડાર, તેટલા અને તેવા બાહ્ય સુખભોગો ઘણી સહેલાઇથી તે મેળવી શકે છે, તેમજ જેની પાસે જેવુ અને જેટલુ વધારે શબ્દ જ્ઞાન, તેવા ને તેટલા તે પોતાના વિચાર વધારે સહેલાઇથી યથાર્થ બહાર પાડી બીજાના મગજમા ઉતારી શકે છે, એટલુજ નહિ પણ તેટલો અર્થ પણ તે દ્વારાએ વધારે સપાદન કરી શકે છે દ્રવ્ય સપાદન કર્યા પછી તે સભાળવાને માટે-તિજોરી-પહેરો વગેરે અનેક પ્રકારની શારીરિક અને માનસિક ચિંતાઓ ભોગવવી પડે છે, પણ જ્ઞાનરૂપી માલ સપાદન કર્યા પછી તે સાચવવાને એકલી મગજ મજૂસ માત્ર બસ થાય છે

શબ્દનુ મૂળ અક્ષર છે અને અક્ષર એ ઉચ્ચારના ચિહ્નો છે ઉચ્ચાર માત્રના વ્યક્ત કે અવ્યક્ત કઇને કઇ અર્થ તો રહેલોજ હોય છે ભાષામા શબ્દોની સખ્યા વધ્યાજ કરે, તેમ શબ્દોના અર્થ સમજવાને મુશ્કેલી પડે એ સ્વાભાવિક છે અર્થ જાણ્યા સિવાય માત્ર વિદ્યા ભણ-વાથી - વાચી જવાથી કઇ લાભ થતો નથી એ મુશ્કેલી ટાળવાનુ સાધન માત્ર કોષજ છે

પહેલા આર્યાવર્તમા સસ્કૃત ભાષાજ વ્યવહારમા હતી એટલે સર્વ ગ્રથો એ ભિગમાજ રચાયા તે સમયમા છાપખાના કે લખવાનો રિવાજ ન હોવાથી મુખ પાઠજ હતો ને ગદ્ય કરતા પદ્ય સહે-લાઈથી યાદ રહી શકે માટે સર્વ ગ્રથો પદ્યમાજ રચાયા તે સમયના આર્યો ભૂમડળના અન્ય જનો કરતા વિશેષ બળવાન, ચતુર, કળાકૌશલ્યમા અતિ નિપુણ, સારી રાજ્યવ્યવસ્થા રાખનારા તેમજ દેશના લાભાલાભ સમજનારા હોવાથી પરજનોને ફાવવા દેતા નહિ પાછળથી વિદ્યાભ્યાસ ઘટતો ગયા, અને એશઆરામી થયા સસ્કૃત બોલવા તથા લખવામા કાળે કરી ફેર પડવા લાગ્યો શબ્દો અપભ્રશ થઈ નવી ભાષાઓ તથા અક્ષરોના વલણની નવી અને ફાવતી લીપિયો થઈ પરતુ મૂળ સસ્કૃત ભાષા વિદ્વાન ગણાવાની ખાતર ભણવી પડતી એટલે વિદ્યાર્થીને એકની બે ભાષા શીખવાની થઇ આર્ય પ્રજાનુ બળ ઘટતુ ગયુ પરદેશીઓ ફાવ્યા નવા નવા રાજ્યો થયા તેમની ભાષા અહિની ભાષા સાથે ભળતી ગઈ એટલે મૂળ ભાષા જાણનારને રાજકીય ભાષા પણ શીખવાની જરૂર પડી હરકોઈ ભાષા ભણતા તેની સાથે તે ભાષાના વ્યાકરણ અને કોષની જરૂરજ પડે, કેમકે તે વગર તે ભાષાનુ શુદ્ધ તથા સપૂર્ણ અર્થ સહિતનુ જ્ઞાન થતુ નથી આમ આપણી ગુજરાતી ભાષા પણ માતા સસ્કૃતમાથી ઉતરી આવેલી ભાષા છે

ગુજરાતી ભાષાની સમૃદ્ધિ તથા શબ્દોની લક્ષણા-શક્તિનો પરિચય પડિતો કરતા સામાન્ય માણસોમા વધુ જણાય છે પરભાષાના શબ્દોને બરોબર બધબેસતા ગુજરાતી શબ્દો તેઓ સહેલા-ઈથી મેળવી શકે છે આપણા સાક્ષરો તો પોતાની ભાષામા બારોબાર સસ્કૃત શબ્દો અથવા તો સસ્કૃત કોષની મદદથી પરિભાષા બેળેબેળે ઘડી કાઢે છે, જ્યા વખતે તેજ શબ્દો માટે ઘણા ગુજરાતી શબ્દો મળી આવે પરતુ જેમ સસ્કૃત શબ્દો વધારે આવે તેમ ભાષા ઉત્તમ એ તેમનો નિશ્ચિત ખ્યાલ હોય છે, તેથી અમુક પરિભાષાનો શબ્દ દર્શાવવાને માટે તેમને અજાણ્યો સસ્કૃત શબ્દ વધારે પસદ પડે છે ઘણી વખત તો સામાન્ય બાબતમા પણ સસ્કૃત શબ્દને વધારે ને પ્રથમ પસદગી આપવામા આવે છે ગુજરાતી રૂઢી પ્રયોગો ને કહેવતો સુદ્ધા બદલી નાખવામા આવે છે

જોડણી માટે ગુચવાડો પણ જેમનો તેમ કાયમ છે દરેક લેખક પોતાની મરજીમા આવે તેમ જોડણી કરે છે જેમ સાક્ષરો વધ્યા તેમ નવી નવી રીતે જોડણી લખવી શરૂ થઈ એટલે સગ્રહ-કારને પોતાના સગ્રહમા કયી જોડણી રાખવી તેની મુશ્કેલાઇ ઉભી થઈ દરેક લેખક પોતાના સિદ્ધા

તેને અમલમા મુકવા પોતાના લેખમા તેવી જોડણી લખતા ગયા થયુ એમકે દરેક સાલની જુદી રીત એટલે એક શબ્દ બે ચાર રીતે ગુજરાતીમા લખી શકાય એમ થયુ વળી મુખ્ય દલીલ એવી આવી કે બોલવુ તેવુજ લખવુ પરન્તુ એ પણ વાયા ભરી ગયાઈ બોલવા પ્રમાણે લખવાથી ઉચ્ચાર સૂચક ચિહ્ન મળવુ મુશ્કેલ છે અમુક ચિહ્નથી અમુક ઉચ્ચાર (પહોળો કે સાકડો) થાય તે પણ નક્કી થવુ જોઇએ દરેક ગુજરાતી શબ્દ બનતા સુધી શુદ્ધ સ્વરૂપમાજ લખાવો જોઇએ

ગુજરાતી ભાષામા સાઠેક વર્ષ પહેલા માત્ર **નર્મ**કોષ હતો ત્યાર પછી નવિન શબ્દોનો પુષ્કળ વધારો થયો છે કવિશ્રી **નર્મદાશંકર**ભાઈ જો હયાત હોત તો તેઓ તેમા આ શબ્દો ઉમેરી એક સારો કોષ રચી શકત

એ મહાન્ નરરત્નના પગલે ગુજરાતી ભાષામા લગભગ વીસ વર્ષ ઉપર (સને ૧૮૭૫ મા સ્વર વિભાગ) ' ગુજરાતી શબ્દકોષ ' એ નામનો એક કોષ તૈયાર કર્યો જે વિદ્યાભિલાસી સજ્જનોને, સાક્ષરોને અને વિદ્યાર્થીઓને પ્રિય થઈ પડયો છે ભાષા એ સમુદ્ર છે, એને મથન કરવુ સહેલુ નથી છતા પણ મથન કરતા જે મળે તેમાજ સતોષ માનવો પડે છે અગ્રેજી ભાષામા પણ સને ૧૭૫૫ મા પ્રથમ કોષકાર ડૉ **જોન્સન** હતા ત્યાર પછી તેની કૃતિનુ અનુકરણ, વિવેચન અને પૃથક્કરણ કરનાર તથા તેમા સશોધન અને ઉમેરણ કરનારા ઘણા જણને એ ભાષાને ઉત્પાદક ભૂમિએ જન્મ આપ્યો અને દોઢસો વર્ષમા તો જુદા જુદા સ્થળે અને જુદા જુદા વાસ્તે ઉપર છપાયલા પુષ્કળ કોષો જોવામા આવે છે. અને તેમા વેબસ્ટર ડીક્ષનેરી સારી ખ્યાતી પામી. તેમ ગુજરાતી ભાષામા કોષકારનુ પ્રથમ માન કવિશ્રી **નર્મદાશકર**ને છે સને ૧૯૦૮ **સુધીમા** કોષ માટે પ્રયાસો થયા હશે પરતુ વેબસ્ટરની પદ્ધતિ ઉપર એટલે અવતરણો, રૂઢિપ્રયોગ, કહેવતો આદિ એકઠા કરી સને ૧૮૯૩ થી શરૂઆત કરી સોળ વર્ષે તે પ્રજા સમક્ષ મૂકાયો અને તેમા પણ અત્યાર સુધીના નવા શબ્દો, ઈ૦ ઉમેરી ફરી છપાવવા તૈયાર કર્યો છે

ડૉ સેમ્યુઅલ જોનસનની ડીક્ષનેરી જે ઇ૦ સન ૧૭૫૫ મા છપાઈ હતી તેના ઉપોદ્ઘાતના શબ્દો કેટલાક અત્રે લાગુ પડતા હોવાથી ટાકુ છુ કે " In this work, when it shall be found that much is omitted, let it not be forgotten that much likewise is performed It may repress the triumph of malignant criticism to observe that if our language is not here fully displayed, I have only failed in an attempt which no human powers have hitherto completed "

એ **ગુજરાતી શબ્દકોષની** આ નાની આવૃત્તિ છે યુનિવર્સિટિ પરિક્ષામા ગુજરાતીને **સ્થાન અપાયુ** છે તેથી વિદ્યાર્થિઓ તેમજ અન્ય વાચકોને વધુ ઉપયોગી થઇ પડે તેવા હેતુથીજ અસલ કોષના શબ્દસમૂહમા થોડા નવા શબ્દો ઉમેર્યા છે અને જરૂર પુરતા અવતરણો રાખ્યા છે, તેમ ટાઇપો મોટા રાખ્યા છે મૂળ પુસ્તકની માફક આ આવૃત્તિ પણ પૈસા કમાવાની લાલચથી, કે મહાન્ વિદ્વાનમા ખપવાની અભિલાષાથી પ્રસિદ્ધ કરાયલી નથીજ, પરતુ પ્રવૃત્તિવાળી તેમજ આશ્રય વિનાની સ્થિતિમા પણ ઉત્સાહના ઉદ્યુક્તપણાથી આ કોષ પણ લખાયો અને છપાયો છે

'**ગુજરાતી શબ્દકોષ**' મુબાઇ ઇલાકાના સરકારી કેળવણીખાતાની કમિટિએ પ્રાઇમરી અને સેકન્ડરી સ્કુલોની તેમજ કોલેજોની લાયબ્રેરી માટે મજુર કર્યો છે અને માટે તે કમિટિનો હુ ઉપકાર માનુ છુ તે પુસ્તક ફરી છપાવવા ઇચ્છા રાખી છે જેનુ કદ આ પુસ્તકના કદથી બેવડુ થશે વિદ્યાપીઠની સમિતિએ તેમા નવા શબ્દોનો એકઠો કરેલો સમુહ આપવા અને સુધારવા કબુલ કર્યું છે એટલે જે શબ્દો અને જે ભડોળ હાલ છે 'તેમા પણ ઘણુ વધશે એમ લાગે છે પરતુ તે છપાઈ રહેતા હજુ બે વર્ષ લાગશે એટલે '**જેવો જોઈએ તેવો** ગુજરાતી ભાષામા શબ્દકોષ નથી' એ વાત ન્યાય મુલાવશે એ સૌ પરમાત્માની ઇચ્છા ઉપરજ આધાર છે

આ કામમા જોડણી ઉપર બનતા સુધી પુષ્કળ ધ્યાન આપ્યુ છ, અને તે માટે નવિન વાચનમાળા, ગુજરાત સાહિત્ય પરિષદ મંડળના તેમજ ગુજરાત વિદ્યાપીઠના જોડણીના નિયમોને અનુસરવામા આવ્યુ છે, છતા રહી ગયેલી ભૂલો માટે-પ્રેસદોષ કે પ્રુફ-રીડર માટે ક્ષમાની યાચના કરી અંતમા પ્રભુ પાસે માગુ છુ કે —

નાગાપાગ મુગ્ધ બ્યગ અતિરો, ધારો ગીરા ગુર્જરી,
પાદોપાદ રસાળ ગુણવતી, થાઓ સખી ઉપગી
જે જિર્વાણ ગિરા ગણાય ગણના, તે સ્થાન એ લ્યો વરી,
થાને શ્રેષ્ઠ સહુ સખી જન થકી, એ આશ પુરો હરી' '

*　　*　　*　　*

ભાષા ગુર્જરી આર્યવર્ત અખિલે, ફેલાય નાગી વણી,
નવ દેશવિદેશ ગર્જર ગિરા, મોહાય સોહામણી,
વાણી સંસ્કૃત મૃત્યુપ્રાય થઈ છ, આ થાય ગિરોમણી,
આપો તો વિભુ એજ અર્પણ કરો, એ આશ પ્રેમી તણી ”

આશ્વિન શુદિ ૧
૧૯૮૧
નડિયાદ-લખાનાર

લ. ગો. પટેલ

આ કોષમાં વપરાયેલા ટુંકા અક્ષરોની સમજ.

સં૦ સંસ્કૃત

મ૦ મરાઠી

હિં૦ હિન્દી

કાઠિ૦ કાઠિયાવાડી

ફા૦ ફારસી

આ૦ આરબ્બી

અં૦ અંગ્રેજી

પો૦ પોર્ટુગીસ.

તેલુ૦ તેલુગુ

તુર્ક૦ તુર્કી

પું૦ પુંલિંગ, નરજાતિ

સ્ત્રી૦ સ્ત્રીલિંગ, નારીજાતિ

ન૦ નપુંસકલિંગ નાન્યતરજાતિ

સ૦ સર્વનામ

વિ૦ વિશેષણ

અ૦ અવ્યય

ક્રિ૦ અ૦ ક્રિયાપદ અકર્મક

ક્રિ૦ સ૦ ક્રિયાપદ સકર્મક

શાળોપયોગી

ગુજરાતી શબ્દકોષ.

અ.

અ

અ, (સ) દેવનગરી તથા ગુજરાતી લિપિનો પ્રથમ કંઠસ્થાની હ્રસ્વમૂળાક્ષર ૨ વ્યંજન વર્ણથી આરંભાતા શબ્દની પૂર્વે જોડાયાથી નિષેધ-અભાવ-થોડું-નહિ-વિનાનો એવો અર્થ રાખે છે (**અજ્ઞાન, અબોલા, અવાવરૂ, અકર્મી,** ઇ૦,) વર્ણસાથે જોડાય છે ત્યારે **અન્** ૫ થાય છે, (**અનન્ત, અનાસ્થા, અનાદર** ઇ૦) ૩ કેટલાક શબ્દમાં અ, નિરર્થક વધેલો છે (**અલોપ, અવસ્થા**) ૪ વધારેના અર્થમાં પણ વાપરે છે અઘોર ૫ વિષ્ણુ ભગવાનનું નામ, ઓમમાં પ્રથમ અક્ષર અ+ઉ+મ=ઓમ્ (ૐ)

અ , અ૦ બેદરકારી, તુચ્છકાર, ક્રોધ, અને ખુમારીનો ઉદ્ગાર ૨ વારૂસ્તો, ઠીક

અંશ, પુ૰ (સ૦ અંશ્-ભાગ પાડવા) ભાગ, હિસ્સો, વિભાગ, અવયવ, કળા '**અલ્પાંશ, જવરાંશ.**' ૨ જે ઈશ્વરી ગુણ પ્રાપ્ત થયો હોય તે, પ્રસાદ, સંસ્કાર " જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે " (દયારામ) ૩ ગોળાનો ૩૬૦ મો ભાગ (અક્ષાંશ, રેખાંશ ઇ૦) ૪ અપૂર્ણાંકમાં લીટીની ઉપરનો જે અંક તે, ¾ એમાં ત્રણ એ અંશ, ને ચાર એ છેદ ૫. લેશ, અસર, ભેગ. ૬ રાશીચક્રનો ૩૦ મો ભાગ ૭ વિષય

અંશક, વિ૦ (સ૦) વારસ, પિતરાઇ, ૨ ભાગીઓ, ભાગ પડાવનાર

અંશાવતાર,-પુ૦ (સ૦ અંશ+અવતાર) જેમાં ઈશ્વરના થોડા ઘણા અંશ હોય તેવો અવતાર

અંશી વિ૦(સ૦)અંશવાળું,સંસ્કારી,૨.ભાગીઉ

અંશુ, પુ૦ (સ૦ અંશ્-ભાગ પાડવો,) કર; [કિરણ

અંશુમાન, પુ૦(સં૦)સૂર્ય, ભાનુ, રવિ

અઈ, અ૦ પેલું, ઓ, પણે

અઉ, ન૦ (સં૦ અહિ) કરડે એવું જીવડું, ૨ એરૂ ૩ છોકરાને ડરાવવાનું એક કાલ્પનિક સ્વરૂપ ૪ અડણું, બાઉલું

અઋણિ, વિ૦ [સં૦] જેને ઋણ-કરજ ન હોય તે, જે દેવાદાર ન હોય તે, બીન કરજી,

અક, ન૦ (સ૦) દુઃખ, પીડા ૨ પાપ

અકંચન, વિ૦ ગરીબ, કંગાળ, દીન.

અકજ, વિ૦ અકાય, નકામું. [છેલ, બાકેરાવ

અકડબાજ, પુ૦ અક્કડ, ફાંકડો, વરણાગિયો,

અકડાઅકડી, સ્રી૦ સરસાઇ, હોસાતોસી, ચઢાચઢી, કસાકસી, ચડસાચડસી **અકડાઅકડીનો** વખત-મુશ્કેલાઈ ભરેલો વખત, બારીક સમય, કસાકસીનો સમય, **અકડાઅકડી ઉપર આવવું** -હોસાતોસી કરવી, સરસાઇમાં ઉતરવું

અકડાઈ, સ્રી૦ બેડસાઇ, પતરાજી, મગરૂબીમાં રહેવું તે ૨ હુંપદ, મમત્વ ૩ છેલાણીપણું ફાંકડાઇ

અકડાવું, ક્રિ૦ અ૦ તોરમાં રહેવું લાલા ચઇ ભભકામાં ફરવું-મરડાવું ૨ રહી જવું; સાંધાનું જડ થઈ જવું, લોહીનું ફરવું એકાએક બંધ થવું " માંગ પગ અકડાઇ ગયા. "

અકતો. પુ૦ (સં૦ અ+કૃત) કારીગર લોકોની રજાનો દિવસ પાળી, છુટી, અણોજો, પાકી.
અકથનીય. વિ૦ (સ૦ અ+કથ્-કહેવુ) ૧ કહેવા જોગ, ન બોલવા યોગ્ય
અકબરી. વિ૦ (આ૦) અકબર બાદશાહે કાઢેલુ, (સિક્કો-કાયદો) ૨ અકબરના સમયનુ
અકબંધ, વિ૦ વગર ખોલેલુ જેમનુ તેમ, આખુને આખુ, સીનસિક્કાબંધ
અકરમણ સ્ત્રી૦અકર્મી, અભાગિયણ [ઉધરાવેડા.
અકરાતીઆવેડા, પુ૦ (સ૦ અતિ+ક્રમ) ખા-
અકરાતીઉં, વિ૦ (સ૦) ખાતા-પીતા અક ળાય તોપણ ખાયા કરે તેવુ, ખાતા ધરાયજ નહિ તેવુ, ગળાસુધી ખાખા કરનાર ખાઉધરૂ
અકરાકેર, પુ૦ ઘણો જુલમ, (ત્રાસ ભરેલુ મરણ થાય છે ત્યારે અકરાકેર થયો તેમ કહેવાય છે,) સીતમ,ગજબ ૨ ભયકર નાશ, મહાર; કતલ
અકરાલવિકરાલ, વિ૦ (સ૦ અ-નહિ+કરાલ-ભયાનક+વિ-વધારે) અતિભયાનક, ભયકર બીહામણુ, ડરામણુ, ઉગ્ર, દારૂણ
અકરૂણ, વિ૦ (સ૦) નિર્દય, કુર, દયાહીન
અકર્મક, વિ૦ (સ૦) જેમા કર્મ ન હોય તેવુ (ધાતુ-ક્રિયાપદ), કર્મ રહિત
અકર્તુમ, (સ૦ અ-નહિ+કૃ-કરવુ) ન કરવાનુ 'કર્તુમ અકર્તુમ સમર્થ શ્રીહરિ'-પ્રેમાનદ
અકર્મ, ન૦ (સ૦ અ+કર્મ-કામ) ખરાબ કૃત્ય, દુષ્કર્મ, કુકર્મ ૨ ગુનો, અપરાધ
અકર્મી, વિ૦ (સ૦) અભાગીઉ, બેનસીબ, કમભાગી ૨ દુરાચારી,દુષ્ટ,પાપી, ૩ બુદ્ધિહીન,ઠોઠ
અકર્મીના પડિયા કાણા-ભાગ્યહીનને જે મળે તે પણ નકામુ મળે **અકર્મી નિશાળિયાને વત** રણા ઘણા-ખરાબ કારીગર હથિયારનોજ વાંક
અકલી, વિ૦ (ફા૦) અક્કલવાળુ, બુદ્ધિમાન, તર્કી ૨ સમજુ, શાણુ ૩ ઝીણુ, કસબી
અકલ્પિત, વિ૦ (સ૦ અ+કલ્પ) બનાવટનુ નહિ તે, સાચુ, અકૃત્રિમ ૨ મૂળ, અસલ ૩ નહિ ધારેલુ, અકસ્માત, એકાએક, ઓચીંતુ.
અકલ્યાણ, ન૦ (સ૦ અ+કલ્ય-શુભ કરનારૂ) ભુડુ, માઠુ, નઠારૂ, અશુભ, બુરૂ અમગળ
અકસ, પુ૦ (ફા૦) ખાર, અદેખાઈ, દ્વેષ
અકસખોર, વિ૦ ખારીલુ, દ્વેષી
અકસર, અ૦ (આ૦ અકસર-ઘણુ કરીને) વિશેષે, મુખ્યત્વે ઘણુ ખરૂ; ઘણુ કરીને, ૨ કદાપી, વખતે, કદાચ
અકસીર, વિ૦ (આ૦ઈકસીર) આબાદ લાગુ પડે-અસર કરે તેવુ, ગુણકારી, રામબાણ,
અકસીર સ્ત્રી૦ હલકી ધાતુનુ સોનુ બનાવનાર જે રસાયણ તે (પારસમણિ)
અકસ્માત, અ૦ (સ૦) એકાએક, અચાનક, ઓચિંતુ, સહસા
અકળ, વિ૦ (સ૦) કળી-સમજી ન શકાય તેવુ, ગહન, ગૂઢ [૨ કુદરત
અકળકળા, સ્ત્રી૦ મર્મ, ભેદ રહસ્ય, કોયડો
અકળવિકળ, વિ૦ ગભરાએલુ, બહાવરૂ
અકળાવવુ, ક્રિ૦ સ૦ ગભરાવવુ, કાયર કરવુ, ગુચરી નાખવુ ૨ પીડાવવુ,-દુખી કરવુ
અકળામણ, (સં૦આકુલતા) મનનો ગભરાટ ૨ ગભરાટથી થતુ દુખ, મુંઝવણ, અમુઝણ ૩ બેચેની, રૂંધામણ
અકળાવુ. ક્રિ૦ અ૦ ગુચવાવુ-ગભરાવુ અ મુઝાવુ ૨ દુખી થવુ, પીડાવુ ૩ કટાળવુ
અકળિત, વિ૦ (સ૦ અ+કલ્-જાણવુ) ન સમજાયુ-જણાયુ હોય તેવુ, નધારેલુ ૨ કાતર-અડસટ્ટા વગરનુ (ઉભોપાક).
અકાજ. વિ૦ (સ૦) નકામુ, નિરર્થક
અકાબર, પુ૦ (આ૦) હોદ્દેદાર. અમલદાર
અકાય, વિ૦ (શ૦) શરીર વિનાનુ, નિરાકાર
અકાર, પુ૦ (સ૦) અ નો ઉચ્ચાર. ૨. અ૦ કારણ વગર, અમથુ, નકામુ
અકારણ, વિ૦ વિના કારણ, ફોગટ, અમથુ.
અકારત, વિ૦ મિથ્યા, વ્યર્થ, નિષ્ફળ ૨. અકારિત, નાલાયક, અકારત જવુ-નકામુ થવુ
અકારાત, વિ૦ (સ૦) અતે અ હોય તેવુ
અકારૂ, વિ૦ અણગમતુ, અળખામણુ, અપ્રિય
અકાર્ય, વિ૦ (સ૦) ખરાબ કૃત્ય, કુકર્મ

અકાલિ, વિ૦ નાનકે ચલાવેલા ઉદાસીપંથને લગતું
અકાલિક-લીન, (સ૦) કવેળાનુ, કમોસમનુ, સમય વગરનુ, સમયની આગળ પાછળનુ
અકાળ, વિ૦ (સ૦) સમય વગરનુ, અપ્રશસ્ત સમય, કવખતનુ ૨ પુ૦ કમોસમ, કરત,કવેળા
અકાળ મૃત્યુ–જે વખતે થવુ ન જોઈએ તેવુ મૃત્યુ, જુવાન વયમા થયેલુ મોત **અકાળ વૃષ્ટિ**–કરતે થયેલો વરસાદ, માવઠુ
અકાળજ, વિ૦ (સ૦) કરતનુ, કમોસમનુ
અકિંચન, વિ૦ (સ૦) દરિદ્રી, કંગાલ.
અકીક, પુ૦ (આ૦) એક જાતનો ચળકતો લીમો રંગીન પત્થર, કાચમણિ, ખોટો હીરો
અકીર્ત્તિ સ્ત્રી૦ (સ૦) અપજશ, બદનામ, નિંદા, કલંક, બદબોઇ
અકુલીન, વિ૦ (સ૦) નીચા કુળનુ, કુળહીન,
અકુશળ, વિ૦ અણકુસળી, બોથડ
અકૂપાર, પુ૦ સમુદ્ર, દરિયો
અકૃત, ન૦ (સ૦ અ + કૃ-કરવુ) પાપ, ખરાબ કૃત્ય, ૨ વિ૦ ન કરેલુ, ન કરવા જેવુ
અકૃતજ્ઞ, વિ૦ કૃતઘ્ની, બેવફા, કરેલા ઉપકારને ન જાણનાર–ભૂલી જનાર
અકૃતજ્ઞતા, સ્ત્રી૦ બેવફાઇ, હગાગીપણુ, કૃતઘ્નતા
અકૃતાર્થ, ૦ કમનસીબ, હીણભાગી
અકૃત્રિમ, વિ૦ (સ૦) અસલ, સ્વાભાવિક, કુદરતી, નૈસર્ગિક ૨ સાચુ, ખરેખરૂ
અકૃપા, સ્ત્રી૦ ઇતરાજી, ગેરમહેરબાની
અકેક–કુ, વિ૦ દરેક, પ્રત્યેક
અકોટ, પુ૦ સોપારીનુ ઝાડ ૨ સોપારી
અકોટી, સ્ત્રી૦ સ્ત્રીઓના કાનનુ સોપારીના ઘાટનુ ઘરેણુ, ઝુમખાવાળુ લોળિયુ
અક્કડ, વિ૦ (હિં૦) ટટાર, કડક, નહિ વળી જાય તેવુ ૨. ગર્વી, તોરી, મિજાસી
અક્કડબાજ, વિ૦ વરણાગિઉ, ફાકડુ લાલ
અક્કરચક્કર, વિ૦ અણધાર્યું, એકાએક
અક્કરમી, વિ૦ અકર્મી, કમનસીબ. ૨ બુદ્ધિ વિનાનુ, ઠોઠ **અક્કરમી** નિશાળીઆને વતરણા ઘણા–આવડ નહિ ને ઠાઠ બહુ

અક્કલ સ્ત્રી૦ (આ૦ અકલ) બુદ્ધિ, સમજ, ૨ શાણપણ, ડહાપણ ૩ તર્ક **અક્કલ ચલાવવી**–વિચાર કરવો **અક્કલ અધારે વહેંચાણી** છે–બુદ્ધિ કોઇના બાપની નથી. **અક્કલ બડી કે ભેંસ**–બલથી ન થાય તે કળથી થાય. **અક્કલ ફૂટવી**–બુદ્ધિનો ભ્રંસ થયો, ચિત્ત ઠેકાણે ન હોવુ, **અક્કલ મારી જવી**–અક્કલ ન ચાલવી, બુદ્ધિ ખરાબ થવી **અક્કલ વેચાતી લેવી**–ઘણા અનુભવથી શીખવુ, શીખામણ લેવી, બોધ લેવો **અક્કલ વેચી ખાવી**–મૂર્ખ બનવુ **અક્કલને અને એને અઢાર ગાઉનુ છેટુ છે**–બેવકૂફ છે **અક્કલનો આગળો**–મૂર્ખ **અક્કલનો આંધળો**–મૂર્ખ, અણસમજુ બેવકૂફ **અક્કલનો ઓથીમીર**–મૂર્ખ, બેવકૂફ, વિવાહની વરશી કરે એવો **અક્કલનો ખાં**–મૂર્ખ, બેવકૂફનો પાદશાહ, **અક્કલનો દુશ્મન**–મૂર્ખ, અણસમજુ, બેવકૂફ **અક્કલનો બારદાન**–અક્કલ શૂન્ય, મૂર્ખ, અક્કલહીન, બેવકૂફ **અક્કલસેં** ખુદા પિછાનો–જરા અક્કલ તો લાવો–વાપરો
અક્કલગરો, પુ૦ (આ૦) મોમો રવરવાટ કરે તેવુ એક જાતના છોડનુ મુળિયુ
અક્કલબાજ–મંદ–વન્ત–વાન, વિ૦ અક્કલવાળુ, બુદ્ધિમાન ૨ ડાહ્યુ ૩ તર્ક ઉઠાવનાર ૪ હોશિયાર, ખબરદાર
અક્કલહોશિયારી, સ્ત્રી૦ (ફા૦) (એ બે શબ્દો એકજ અથવા સબંધી અર્થમા વપરાય છે ખતમા લખાય છે) સાવધગીરી, ફામ, ભાન, શાંત મનથી અને ખરા વિચારથી
અક્કેક-કુ, વિ૦ પ્રત્યેક દરેક ૨ એક પછી એક
અક્કા સ્ત્રી૦ મા, માતા ૨ મિત્રાઇ તુટવાની નિશાની, મિત્રાઈની તૂટ
અક્ટોબર, પુ૦ (અ૦ ઑક્ટોબર) અંગ્રેજી વર્ષનો દશમો મહિનો–એકતિસ દહાડાનો (આસો)
અક્રૂર, વિ૦ (સ૦) દયાળુ, માયાળુ ૨ પુ૦ શ્રીકૃષ્ણનો પીતરાઇ કાકો
અક્ષ, પુ૦ (સ૦) રમવાના પાસા. ૨ આબાનો મણકો, પેર ૩ બીલામાનુ ઝાડ. ૪. પૈડાંની

ધરી ૫ અક્ષવૃત્ત ૬ આખ (કવિતામા) ૭ બેડાનુ ઝાડ

અક્ષણિક, વિ૦ હમેશનુ, સ્થિર નિશ્ચલ

અક્ષત, પુ૦ (સં૦) છાલાવાળા ચોખા, ડાગેર, જવ ૨ સેકેલુ અનાજ ધાણી **અક્ષત છાટવા**–બ્રાહ્મણે આશીર્વાદ ભણી યજમાન ઉપર ડાગેરના દાણા નાખવા તે **અક્ષત ઉતારવા**–ભૂત, નજર વગેરેનો વહેમ આવ્યાથી શુ થયુ છે તે જાણવા માદા માણસના માથા ઉપર લુગડુ રાખી અનાજના દાણા સાતવાર ફેરવવાની ક્રિયા તે

અક્ષત, વિ૦ (સ૦ અ+ક્ષત) નહિ–ભાગેલુ, નુકસાન વગરનુ, સલામત સાબુત ૨ આખુ, અખોવન, અખડ [અરૂધતી, વશિષ્ટપત્ની

અક્ષમાલા, સ્ત્રી૦ (સ૦) રૂદ્રાક્ષની માલા, ૨

અક્ષય, વિ૦ (સં૦ અ+ક્ષિ–ઘસાવુ) નાશ ન પામે તેવુ, અભગ હમેશ રહે તેવુ, અખુટ

અક્ષયતૃતીયા, સ્ત્રી૦ (સ૦) વૈશાખ સુદ ત્રીજ, અખાત્રીજ [અખેનોમ

અક્ષયનવમી, સ્ત્રી (સ૦) કાર્તિક સુદ ૯

અક્ષયધામ, ન૦ મોક્ષ, નિર્વાણ મુક્તિ

અક્ષયપદ, ન૦ (સં૦) મોક્ષ, નિર્વાણ મુક્તિ

અક્ષયપાત્ર ન૦ (સ૦) જેમાની વસ્તુઓ કદી ન ખૂટે તેવુ વાસણ (અખો પાત્ર)

અક્ષર, પુ૦ (સ૦ અ+ક્ષર્–વહેવુ) મોમોથી નીકળતો સ્વર–અવાજ, વર્ણ ૨ વાણી, વચન ભાષણ ૩ દસ્કત, હરફ ૪ (વ્યાકરણમા) સ્વર, અથવા સ્વરયુક્ત વ્યજન–મળાક્ષર, જોડાક્ષર ૫. વિધિના લેખ, છઠ્ઠીના લેખ, કર્મના લેખ ૬ ભણવા ગણવાની વિદ્યા - 'શરૂ અક્ષરમા પુરો" ૭ મહેણુ,ભાર ૭ અવિનાશી ઇશ્વર, બ્રહ્મ **અક્ષર ઉતારવા**–મહેણુ ટાળવુ **અક્ષર કાઢવા**–સભાળ પૂર્વક લખવુ ૨ કોપી ઘુટવી ૩ લખેલુ ભૂસી નાખવુ (રબ્બરથી) ૪ બોલવુ, ઉચ્ચારવુ **અક્ષર પાડવા**–છાપવુ ૨ લખવુ

અક્ષરગણિત, ન૦ (સ૦) અક્ષરો માડીને હિસાબ ગણવાનુ જે શાસ્ત્ર તે, બીજગણિત

અક્ષરછદ, પુ૦ (ગુજરાતી પિંગળમા) અક્ષરની ગણત્રી કરીને કવિતા બનાવવાની રીત

અક્ષરધામ ન૦ (સ૦) મોક્ષ, નિર્વાણ

અક્ષરપદ, ન૦ (સ૦) અક્ષયધામ, જુઓ

અક્ષરન્યાસ, સ્ત્રી૦ (સ૦) લીપી, અક્ષરોની રચના [બ્રહ્મજ્ઞાન, તત્વજ્ઞાન

અક્ષરવિદ્યા, સ્ત્રી૦ અક્ષરશાસ્ત્ર, વિદ્યા ૨

અક્ષર વિન્યાસ, સ્ત્રી૦ (સ૦) શુદ્ધલેખન વિદ્યા, જોડણી

અક્ષરશ, અ૦ (સ૦) અક્ષરેઅક્ષર, બધુજ, એક પણ અક્ષર મૂકી ન દેતા

અક્ષરશત્રુ, વિ૦ (સ૦) અભણ, લખતા આવડતુ નથી તે, વિદ્યા સાથે વરવાળો, મૂર્ખ, ઢ

અક્ષરશૂન્ય, વિ૦ (સ૦) જેને કઈજ ભણતા લખતા આવડતુ નથી તે

અક્ષરાતીત, ન૦ (સ૦) પરબ્રહ્મ, પરમાત્મા. ૨ વિ૦ વાણીથી વર્ણવી ન શકાય તેવુ.

અક્ષરી, વિ૦ (સ૦) અક્ષરનુ–વાળુ

અક્ષરેઅક્ષર, અ૦ શબ્દેશબ્દ, જેવુ હોય તેવુ

અક્ષવિદ્યા, સ્ત્રી૦ જુગાર, પાઠા રમવાની રમત

અક્ષવૃત્ત, ન૦ (સ૦) પૃથ્વીના પૃષ્ઠ ઉપર દોરેલી જે ગોળ લીટીથી અક્ષાશ જણાય છે તે

અક્ષાશ, પુ૦ (સ૦) પૃથ્વીના પૃષ્ઠ ઉપર ઉત્તર દક્ષિણ ધ્રુવથી મધ્યભાગે પૂર્વ પશ્ચિમ દોરેલા જે ગોળની ઉત્તર દક્ષિણ દિશાએ હરકોઈ જગાનુ જે અન્તર તે ૨ ગોળ વતુલના પરીઘનો ૩૬૦ મો ભાગ

અક્ષાશવૃત્ત, ન૦ અક્ષવૃત્ત, જુઓ [નો સંકેત.

અક્ષિ, સ્ત્રી૦ (સ૦) આખ, નયન. ૨ બે

અક્ષિક, સ્ત્રી૦ (સ૦ અક્ષીવ) જે ભસ્મ–ખાખ, ગાળેલી હલકી ધાતુને સોનુ–રૂપુ બનાવે

અક્ષિકોશ, ન૦ આખનો ગોખલો [છે તે

અક્ષૌહિણી, સ્ત્રી૦ (સ૦) ૧૦૯૩૫૦ પાયદળ, ૬૫૬૧૦ ઘોડા, ૨૧૮૭૦ રથ ને ૨૧૮૭૦ હાથી વાળુ લશ્કર

અખડ વિ૦ (સ૦) અવડ અવાવરૂ ૨. વાઝીલુ.

અખડઅખડ, વિ૦ (સ૦) ખાડાખૈયાવાળુ, ઉચુ નીચુ [રાવાળુ

અખડાઅખડી, વિ૦ ઉચુ નીચુ, ટિબાટેક

અખડાવુ, અ૦ક્રી૦ ટીચાવુ ૨ ધમાધમમી થવી, સામાસામી કુટાવુ ૩ લઢી પડવુ ૪ લગડાવુ

અખડ (અખણ્ડ), વિ૦ (સ૦) આખુ, પૂર્ણ, સળગ, ભાગેલુ નહિતે ૨ સર્વ કાળ સરખુ, હમેશ

અખડસોભાગ્ય, ન૦ (સ૦ અ+ખડ-ભાગ, + સુ-સારૂ+ભાગ્ય) સ્ત્રીનુ સૌભાગ્ય, હેવાતન

અખડસૌભાગ્યવતી, સ્ત્રી૦ (સ૦) સોવાશણ, સુહાગણ, અખડ હેવાતનવાળી

અખડાનદ, વિ૦ સદા આનદવાળો ૩ પુ૦ મુક્તિ, મોક્ષ [આખુ, મપૂર્ણ

અખડિત, વિ૦ (સ૦) ખાડુ ન થએલુ તે,

અખતરૂ, વિ૦ નઠારૂ, ખરાબ

અખતરો, પુ૦ (ફા૦ ઇખતિ+આર) નવુ જાણવાને-શોધવાને જે કોઇ યુક્તિ કરવી તે, પ્રયોગ, અજમાયેશ, **અખતરો કરવો**-પ્રયોગ કરવો

અખત્તર, વિ૦ મેલુ, ગદુ, નઠારૂ ૨ બહુ જ

અખત્તરડાહ્યુ, વિ૦ દોઢ ડાહ્યુ, ચાવળુ

અખત્યારપત્ર, પુ૦ મુખત્યારનામુ, સનદ

અખત્યાર પુ૦ (આ૦) અમુક કામ કરવાની મળેલી સત્તા, અધિકાર ૨ મરજી, ખુશી ૩ હક, ભોગવટો ૪ બળ, તાકાદ **અખત્યાર લેવો**-સત્તા લેવી, ઓધ્ધે ચઢવુ **અખત્યાર લઈ લેવો**-સત્તા છીનવી લેવી

અખત્યારી, સ્ત્રી૦ મળેલી સત્તા-રૂઢ, અધિકાર

અખંતર ન૦ ભૂત, મેલુ 'કોઇ કહે અખતર વળગ્યુ ''

અખબાર, પુ૦ (આ૦ ખબરનુ બહુવચન) વર્ત્તમાન પત્ર, છાપુ, સમાચાર પત્ર

અખબારનવીશ, પુ૦ (આ૦ અખબાર+નવિશ્તન-લખવુ) વર્ત્તમાનપત્રનો અધિપતી, ૨ ખબરપત્રી

અખમ, વિ૦ (સ૦અ+ક્ષમ) અસમર્થ, અશક્ત ૨ નાજુક, તકેલેદી

અખર, સ્ત્રી૦ પડતર જમીન, ચરો

અખર, વિ૦ (સ૦) અરૂક્ષ, ખમી ન શકાય તેવુ,

અખરામણ, ન૦ દૂધ જમાવવાની ખટાશ, મોગવણ, અધ્રકણ, મેળવણ

અખરોટ, ન૦ (સ૦ અક્ષોટ) અખોડ

અખાજ, વિ૦ (સ૦) ન ખાવાલાયક, અભક્ષ.

અખાડ, પુ૦ વિક્રમ સવતનો નવમો મહિનો અષાડ.

અખાડા, પુ૦ ઉડાવવુ તે, ધ્યાનમા ન લેવુ તે, સાભળ્યુ ન સાભળ્યુ કરવુ તે, ન ગણકારવુ-લેખવવુ તે આખ આડા કાન કરવા તે

અખાડો, પુ૦ (હિ૦, સ૦ અક્ષવાટ) કસરતશાળા, વ્યાયામશાળા ૨ વ્યસનીઓને વ્યસન કરવા મળવાનુ સ્થળ ૩ બાવાસાધુઓનો આશ્રમ.

અખાત, પુ૦ સમુદ્રનો જમીન તરફ લાબો ગએલો ફાટો ૨ સ્વાભાવિક ખોદાએલુ મોટુ તળાવ, સરોવર

અખાત્રીજ, સ્ત્રી૦ અક્ષયતૃતીયા, જુઓ

અખાદ્ય, વિ૦ (સ૦) ખાઈ ન શકાય તેવુ, અભક્ષ્ય

અખિલ, વિ૦ (સ૦) આખુ, સપૂર્ણ, સઘળુ

અખુટ, વિ૦ ખૂટે-ઘટે નહિ તેવુ બેશુમાર, અપાર

અખેનોમ, સ્ત્રી૦ (સ૦) અક્ષયનવમી, કારતક સુદ ૯

અખેપાત્ર, ન૦ અક્ષયપાત્ર, જુઓ

અખોડ, ન૦ એ નામનુ ઝાડ ૨ અખરોટ.

અખોવન, વિ૦ જેનુ એક પણ છોકરૂ મરી ગયુ ન હેય તેવી સોવાશણ સ્ત્રી, ૨ આખુ, અખડિત, અણીશુદ્ધ

અખ્ખઈ, અ૦ હમેશ, રોજ ૨ આબાદ, સલામત **અખ્ખઈ રહેવુ**-સહીસલામત રહેવુ

અખ્યાણુ, ન૦ હરેક શુભકામના આરભમા જોષી-ગોર-મહેતાજી, માળી, હજામ, ઇ, ને અપાતી બક્ષીસ તેમા દાણા, નાળિયેર, સોપારી અને પૈસા હોય છે

અખ્યાતિ, સ્ત્રી૦ (સં૦) અપયશ, અપકીર્ત્તિ, બદનામ નિદા

અખ્યાતુ, વિ૦ (સં૦ અ+ક્ષત્) સહીસલામત, સુખી આરોગ્ય ૨ જેમનું તેમ, અવિચ્છિન્ન, અસ્ખલિત

અગ, પુ૦ (સં૦ અ+ગમ્-જવુ) પહાડ, પર્વત ૨. વૃક્ષ; ઝાડ. ૩ સાતની સંજ્ઞા

અગડ-અગ્ગડ, પુ૦ (સ૦ અ+ગઢ) સાઠમારીનુ મેદાન, અખાડો ૨ સોગન (કાઠી૦)

અગડ, વિ૦ નિશ્ચલ, દૃઢ, ન ડગે તેવુ

અગડધૂત, પુ૦ લઠ્ઠપઠ બાવો, અવધૂત

અગડબમ્બ, વિ૦ (સ૦) બેઠી બાંધણીનુ પણ્ સંગીન, અતિસ્થુલ, ફાંદવાળુ ગોળમટોળ

અગડમબગડમ ન૦ ભલીવાર વિનાનુ ૨ ગરબડસરબડ, સેળભેળ, ગોળોપિંડો વાળ્યો હોય તેવુ, અસ્પષ્ટ, ખરૂ ખોટુ, જેમ ફાવ્યુ તેમ

અગણિત, વિ૦ (સ૦) અસખ્ય, પુષ્કળ, બેશુમાર, "ગુણ અગણિત છે ગાયમા"

અગણુ, વિ૦ત્રીજુ "અગણુ તે મ ગળવરતીઉરે"

અગણોતરો, પુ૦ સવત ૧૮૬૯ મા પડેલો મોટો દુકાળ

અગણોતેર, વિ૦ (સ૦ એકોનસપ્તતિ) સિત્તેરમા એક ઓછો ૬૯

અગણ્યાશી, વિ૦ (સ૦ એક ઉન્ એશી) ૭૯

અગત, સ્ત્રી૦ જરૂર, ગરજ દરકાર, તમા

અગતસર, અ૦ જરૂર ને લીધે

અગતિ, સ્ત્રી૦ (સ૦ અ+ગતિ) અવગતિ, અસદ્‌ગતિ, નર્કમા પડવું તે

અગતીઓ, પુ૦ ભીંગારો, લીલો ચળકતો ને ઉડતો એક જીવડો

અગત્ય, સ્ત્રી૦ (સ૦) જરૂરિયાત ગરજ, પ્રયોજન, ૨ દરકાર, તમા ૩ લેખુ, વજન, ભારભાજ

અગત્યનુ, અ૦ જરૂરનુ, કામનુ, ઉપયોગી

અગચિયો, પુ૦ એક જાતનુ ઝાડ એના ફૂલો શ્રાદ્ધમા કામ આવે છે, ને સીંગોનુ અથાણુ-શાક થાય છે (દવામા વપરાય છે)

અગન, સ્ત્રી૦ (સ૦ અગ્નિ) ગરમીથી થતી અસર, બળતરા, આગ, લાહ્ય, **અગન ઉઠવી**-બળતરા બળવી, લાહ્ય લાગવી ૨ દ્વેષ આવવો

અગનગાડી, સ્ત્રી૦ વરાળથી ચાલતી ગાડી, • આગગાડી, રેલવે

અગમ, વિ૦ (સ -અગમ્ય) જવાય નહિ તેવુ, ગહન, દુષ્પ્રાપ્ય, મળે નહિ એવુ, બેલાગ

અગમ, સ્ત્રી૦ (સ૦) ભવિષ્ય, ભાવી, હોનાર, થવાનુ તે

અગમચેતી, પુ૦ (સ૦) હોનાર વિષે આગળથી ચેતવાની શક્તિ-સમજ, ભવિષ્યવાણી, દૂર અદેશો, દીર્ઘદૃષ્ટિ

અગમદોરો, પુ૦ (સ૦ અગ્રિમ+દોરો) સવારીના ઘોડાનો બનાતની બેસેરી ચીપનો જે શણગાર તે • [તિ, આરભ ને અતનુ તે

અગમનિગમ, સ્ત્રી૦ (સ૦) આગળ પાછળનુ

અગમનીય, વિ૦ અગમ્ય, દુરગમ્ય

અગમપચ્છમ, સ્ત્રી૦ અગમનિગમ, જુઓ

અગમબુદ્ધિ, સ્ત્રી૦ (સ૦ અગમ્ય+બુદ્ધિ) આગળથી બુદ્ધિ ચલાવવી તે, દૂરદર્શીપણુ [નાર

અગમબુદ્ધિ, વિ૦ આગળથી જાણનાર-વિચાર-

અગમભાખી, પુ૦ (સ૦ આગમ+ભાષ્-બોલવુ) ભવિષ્યવેત્તા, દૈવજ્ઞ, જોષી [ભવિષ્ય

અગમવાણી, સ્ત્રી૦ વેદના સૂત્રો-શબ્દો ૨.

અગમો, પુ૦ અણગમો, અભાવ, કંટાળો,અપ્રીતિ

અગમ્ય, વિ૦ (સ૦ અ+ગમ્-જવુ) ન જવાય-સમજાય તેવુ, ગહન, ગૂઢ ૨ અપ્રાપ્ય, અલભ્ય, દુસાધ્ય

અગમ્યાગમન, ન૦(સ૦)સોબત ન કરવા જેવીની સાથે જે સોબત કરવી તે, આડો વ્યવહાર, વ્યભિચાર

અગર, ન૦ (સ૦ અગુરુ) એક જાતનું હલકુ સુગધિવાળુ લાકડુ સુખડ ૨ મોયનુ નાકુ

અગર, પુ૦ (સ૦ આકર-ખાણ) મીઠુ પકવવાની દરિયા કાંઠાની ખારી જમીન, મીઠાની ખાણ, મીઠા ખળી ૨ અતિ ખારૂ તે

અગર, અ૦ (ફા૦) જો, કદાપી ૨ અથવા કે

અગરચે-જો, અ૦ (ફ૦) જો, જોકે, જોપણ

અગરબત્તી, સ્ત્રી૦ (સ૦ અગર+વર્ત્તિ-વાટ) અગર, કપૂર અને બીજા સુગધી પદાર્થના ભૂકાવાળી સળી, ધૂપસળી,

અગરાજ, વિ૦ (સ૦ અગ્રાહ્ય) લેવા લાયક ન હોય તેવુ ૨ પુ૦ પર્વતનો રાજા, હિમાલય
અગરાડા, પુ૦ જારબાજરીના લીલા સાંઠા (સુકા તે કડબ) [અગરિયાની સ્ત્રી, અગરી
અગરિયો, પુ૦ મીઠુ પકવનાર **અગરિયણ**-
અગરૂ, પુ૦ (સં૦) સીમમતુ ઝાડ ૨ સુખડ
અગલ, સ્ત્રી૦ ગીલીદડે અથવા લખોટીથી ર- મવાને જમીનમા કરેલો છીછરો આડો કે ગોળ ખાડો, બદી, ગબી
અગવડ, સ્ત્રી૦ સંકડાશ, અડચણ ૨ મુસીબત, કડાકૂટ, આપદા
અગવાડુ, ન૦ ઘરનો આગલો ભાગ ચોક, આગણુ ૨ વિ૦ આગલુ આગળના ભાગનુ
અગવાડો, પુ૦ અગવાડુ ૨ ચ્રાયળી—અગરખા નો આગલો ભાગ
અગવો, પુ૦ રસ્તો દેખાડનારો, ભોમીઓ વળાવો, વરતણીઓ ૨ આગેવાન
અગસ્ત, પુ૦ (સ૦ અગસ્તિ) એ નામના એક ઋષિ ૨ એ નામનો તારો ૩ એક જાતનુ ઝાડ—અગથિયો **અગસ્તના વાયદા**—લાંબો ખોટો વાયદો
અગાઈ, સ્ત્રી૦ (હિ) ભવિષ્યવાણી, આગાહી ૨ સાવચેતી, ચેતવણી [અસલ, પ્રાચીન
અગાઉ, અ૦ (હિ૦) આગળ, પૂર્વે, પેહેલા,
અગાઉથી, અ૦ ઠેરવેલા વખતની પેહેલા આગમચથી ૨ આરંભથી પ્રથમથી, અસલથી
અગાડી, અ૦ ગયા વખતમા, પેહેલા ૨ પ્રથમ, આગળથી ૩ પાસે, નજીક ૪ વધારે, દૂર, આગળ ૫ આવતો કાળ, ભવિષ્ય
અગાડીપછાડી, સ્ત્રી૦ (સ૦અગ્ર+પશ્ચાત્)ઘોડાને ગળે ને પગે બાધવાના દોરડા
અગાડીપછાડી, અ૦ સામે ને પૂઠે, આગળ ને પાછળ, ચારેબાજુ આસપાસનુ, બેઉ બાજુએ
અગાધ, વિ૦ (સ૦ અ+ગાધ—છીછરૂ) તળીઉ માલમ ન પડે તેવુ, અથાગ, ઘણુજ ઊંડુ, અમાપ, અપાર, ગહન
અગાર, ન૦ (સ૦ આગાર) ઘર, મુકામ, મકાન
અગાસિયા, વિ૦ (આકાશ—આકાશિયા) કુવા તળાવના પાણી વગર માત્ર વર્ષાદથીજ પાક થતો હોય તેવી જમીન
અગાસી, સ્ત્રી૦ (સ૦ આકાશિકા) ઘરના ઉપના ભાગમા કરેલી ખુલ્લી છાબંધ ભોંય, ધાબુ, ગચ્છી [ઢાંકણ ન હોય તે
અગાસુ, વિ૦ ખુલ્લુ, ઉઘાડુ, જેની ઉપર ઢા-
અગાહી, સ્ત્રી૦ ભવિષ્યમા થવાનુ તે કહેવુ તે, ભાખી ૨ ખબર, સાવચેતી [એક, ૧૧
અગિયાર, વિ૦ (સ૦ એકાદશ) દશ ને
અગિયારમુ, ન૦ મરણ પછીનો અગિયારમો દહાડો ૨ જે દિવસે મરનારની પછવાડે ક્રિયા કરવામા આવે છે તે **અગિયારમુ સરાવવુ**—મરનારની ૧૧ મે દિવસે કરવામા આવતી ક્રિયા, કાયટુ સગાવવુ તે
અગિયારસ, સ્ત્રી૦ (સ૦ એકાદશી) પખવાડિયાનો અગિયારમો દિવસ ૨ એ દિવસે પાળવાનુ જે વ્રત તે **અગિયારશ ઉજવવી**—અગિઆરસના ઉપવાસનુ ઉદ્યાપન કરવુ તે
અગિયારા, પુ૦ અગિઆરથી વીસ સુધીના આ-કડાનો એક, વડો એકો **અગિયારા ગણવા**—નાસી જવુ-સટકી જવુ, પલાયન કરવુ
અગિયારી, સ્ત્રી૦ (સ૦ અગ્નિ+આગાર) પારસીઓ જે મકાનમા તેમનો પવિત્ર અગ્નિ હમેશા સતત્ બળતો રાખે છે તે સ્થળ ૨ (આંક) ૧૧ × ૧૧–૧૨–૧૩ ના ગુણાકાર બતાવનાર કોષ્ટક—ઘડીઆ તે
અગુણી, વિ૦ (સ૦) ગુણ—પાડ ન માને તેવુ, અનુપકારી, કૃતઘ્ની ૨ જેનામા ગુણ ન હોય તે, મૂર્ખ
અગુવો, પુ૦ (સં૦ અગ્ર+વહેવુ) ભોમીઓ વળાવો ૨ નાયક, આગેવાન
અગોચર, વિ૦ (સ૦ અ+ગો—ઇન્દ્રિ+ચર્—જવુ) ઇન્દ્રિયોથી પહોચી ન વળાય તેવુ, ન જોવાય તેવુ ન સમજાય તેવુ, અદૃશ્ય, અલક્ષ્ય
અગોપ, વિ૦ (સ૦ અ+ગુપ્ત) ગુપ્ત, અંતર્ધ્યાન, અલોપ

અગ્નિ, પુ૦ (સં૦) જે વસ્તુમાથી પ્રકાશ તથા ઉષ્ણુતા દેખાય છે તે, દેવતા, વહ્નિ, આતસ ૨ પ્રકાશ-ઉષ્ણુતાનો અધિષ્ટાતા દેવ ૩ જઠરાગ્નિ ૪. પચ મહા તત્વમાંનુ તેજતત્વ ૫ પૂર્વ-દક્ષિણ વચ્ચેનો ખૂણો ૬ અગ્નિકોણનો અધિષ્ટાતા દેવ ૭ ત્રણનો સંકેત ૮ જુસ્સો, આવેશ **અગ્નિ ઉઠવો**-લાય બળવી, રીસ ચઢવી, બળતગ થવી. **અગ્નિમાં પડવું**-દેવતામા પડવુ ૨ સતિ થવુ. **અગ્નિ ને ઉધૈ ન વળગે**-ખરૂ હોય તેને ડાઘ ન લાગે, સત્યમેવ જયતે. **અગ્નિ આગળ** ઘી-દારૂ ને દેવતા

અગ્નિકાષ્ટ, પુ૦ (સં૦) બાળવાના લાકડા ૨ યજ્ઞમા જે લાકડામાથી અગ્નિ ઉત્પન્ન થાય છે તે **અગ્નિકાષ્ટ ભક્ષણ કરવાં**-ચીતા ખડકી બળી મરવુ [કરેલો ખાડો, વદી

અગ્નિકુંડ પુ૦ (સં૦) યજ્ઞ-હોમને માટે ચણીને

અગ્નિકુમાર, પુ૦ (સં૦) જઠરાગ્નિ પ્રદિપ્ત કરનારૂ એક રસાયણ-ઔષધ

અગ્નિકોણ, પુ૦ (સં૦) દક્ષિણ ને પૂર્વ એ બેની વચ્ચમાનો ખૂણો

અગ્નિજવાળા, સ્ત્રી૦ (સં૦, દેવતાનો ભડકો, ઝાળ, ભભુકો [અગ્નિસંસ્કાર

અગ્નિદાહ, પુ૦ અગ્નિથી મુડદાને બાળવુ તે,

અગ્નિપુરાણ, ન૦ ૧૮ મુ પુરાણ

અગ્નિપ્રદ, વિ૦ પાચક, અગ્નિવર્ધક, પૌષ્ટિક

અગ્નિપ્રવેશ, પુ૦ (સં૦) સ્ત્રીએ ધણીના શબની સાથે એકજ ચેહમા બળી મરવુ તે, સતિ થવુ તે [વતુ બાણ

અગ્નિબાણ, ન૦ હવાઇ, અગ્નિ વરસા-

અગ્નિરથ, પુ૦ (સં૦) દેવતાના બળે ચાલતુ યાન, આગગાડી

અગ્નિસંસ્કાર, પુ૦ અગ્નિવી વિધિયુક્ત સંસ્કાર કરવો તે ૨ મુડદાને બાળવુ તે, અગ્નિદાહ

અગ્નિહોત્ર, ન૦ (અગ્નિ+હુ-હોમ કરવો) પરણેલા બ્રાહ્મણે જીવતા સુધી નિરંતર અગ્નિને સતેજ રાખી પત્ની સાથે તેમા નિત્ય હોમ કરવો તે

અગ્નિહોત્રી, પુ૦ (સં૦) અગ્નિહોત્ર રાખનારો ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ

અગ્ન્યસ્ત્ર, ન૦ (સં૦ અગ્નિ + અસ્ત્ર) જે અસ્ત્ર મુકવાથી અગ્નિ વરસે ને જેનાપર પડે તેને બાળી નાખે તે, બંદુક, તોપ, હવાઇ, વગેરે

અગ્ર, ન૦ (સં૦) છેક ઉપરનો ભાગ, ટોચ, છેડો અણી ૨ વિ૦ મુખ્ય, પહેલુ, પ્રધાન, આગલુ, બહાર પડતુ, ૩ ઉત્તમ, અધિક

અગ્ર, અ૦ આગળ, મોખરે, પહેલા

અગ્રગણ્ય, વિ૦ આગેવાન, અગ્રેસર, મુખ્ય, પહેલા નંબરનુ, ગણતરી કરતા જે પહેલુ આવે તે

અગ્રગામી, વિ૦ અગ્રેસર, મુખ્ય, આગેવાન

અગ્રજ, વિ૦ (સં૦ અગ્ર + જ-જન્મેલુ) પ્રથમ જન્મેલુ, સૌથી વડુ. ૨ બ્રાહ્મણ

અગ્રજન્મા, પુ૦ (સં૦) બ્રહ્મા, પ્રજાપતિ

અગ્રજા, સ્ત્રી૦ (સં૦) પ્રથમ જન્મેલી છોડી, મોટી બેહેન

અગ્રધાન્ય, ન૦ (સં૦) વર્ષનો પહેલો પાક, વરસાદ બંધ થયો કે તરત ઉતરતો-લેવાનો પાક, ખરીફ (બાજરી, ઇ૦)

અગ્રભાગ, પુ૦ (સં૦ અગ્ર + ભજ્-ભાગવુ) મુખ્ય ભાગ, મોઢુ ૨ શરૂઆત ૩ આગલો બહાર પડતો ભાગ, હરોળ ૪ અણી, શિખર "સૈન્યનો અગ્રભાગ તે હરોળ, સોયનો અગ્રભાગ તે અણી અને પર્વતનો અગ્રભાગ તે શિખર કહેવાય છે "

અગ્રવાદી, વિ૦ પ્રથમ વાદ કરનાર ૨ વાદમા આગળ પડનાર ૩ ફરીયાદી, વાદી (કોર્ટ)

અગ્રહ, વિ૦ (સં૦) ઘર વગરનુ ૨ નહિ પરણેલુ, બ્રહ્મચારી, સંન્યાસી

અગ્રહણીય, વિ૦ (સં૦) ગ્રહણ ન કરવા યોગ્ય

અગ્રહાયણ, પુ૦ (સં૦) માર્ગશિર્ષ મહિનો

અગ્રહાર પુ૦ (સં૦)બ્રાહ્મણને દાનમા આપેલુ ખેતર, જમીન, ગામ તે

અગ્રાહ્ય, વિ૦ (સં૦ અ + ગ્રાહ્ય) ન લેવા જોગ, અગરાજ, અમાન્ય

અગ્રે, અ૦ મોખરે, આગળ ૨ છેડે, અંતે, કોરે.

અગ્રેસર, વિ૦ (સ૦ અગ્ર – સર્-જનાર) આગેવાન, પહેલ કરનાર, દોરનાર, સરદાર, રસ્તો બતાવનાર, મુખી, નાયક [મલિનના

અઘ, ન૦ (સ૦) પાપ, દોષ, અપરાધ ૨

અઘઓક, સ્ત્રી૦ (અઘવુ + ઓકવુ) ઝાડા, ઉલટી, કોલેરા

અઘઓઘ, પુ૦ (સ૦ + ઓઘ-ઢગલો) પાપનો ઢગલો "અઘઓઘતણા અમાર કર્યા"—પ્રીત

અઘટતું, વિ૦ (સ૦ અઘટિત) ઘટતુ નહિ તે, અયોગ્ય, નાલાયક ૨ ન બને તેવુ, શોભે નહીં તેવુ, અઘટિત

અઘટના, સ્ત્રી૦ (સ૦) સારી ગોઠવણ નહિ તે

અઘટમાન, વિ૦ (સ૦) ન બને તેવુ

અઘટિત, વિ૦ (સ૦) નાલાયક, અયોગ્ય, ગેરવાજબી, અયુક્ત

અઘડ, વિ૦ અણઘડ, મૂર્ખ, અનુભવ વગરનુ

અઘડ, પુ૦ ધરો, ઉંડો ખાડો, (તળાવ—નદીમા)

અઘણ ન૦ અઘવુ ૨ અપદ્વાર [નર્કકુંડ

અઘણખાડ, પુ૦ [અઘવુ+ખાડ] અવવાનો ખાડો

અઘન, વિ૦ ખુલ્લુ, ઉઘાડુ

અઘનાશક, વિ૦ (સ૦ અઘ-પાપ+નાશક) પાપ દૂર કરનાર પાપ નાશ કરનાર

અઘનાશન, પુ૦(સ૦)પાપ નાશ કરનાર, પરમેશ્વર

અઘવવુ, ક્રિ૦ (સ૦) અઘવાની ફરજ પાડની ૨ હેરાન કરવુ થકવવુ ૩ જોરજુલમથી કઢાવવુ (નાણા, ઇ૦)

અઘરણી, ન૦ (સ૦ અ+ગૃહિણી-ઘરની માલીક) સ્ત્રીને પહેલવહેલો ગર્ભ રહેવો તે, સીમન્ત ૨ પ્રથમ ગર્ભ રહ્યો હોય ત્યારે સાતમે મહિને શાસ્ત્ર પ્રમાણે કરાવવામા આવતી ક્રિયા

અઘરાળો, પુ૦ ખરેટો, ડાઘો ઓવરાળો (શરીર-વાસણ ઉપર) ૨ ગદવાડ

અઘરૂ, વિ૦ (સ૦ અ + ગ્રાહ્ય-લેવાય તેવુ) શ્રમથી થાય-મળે તેવુ, મુશ્કેલ, કઠણ દુર્લભ ૨ ગૂઢ, ગહન અઘરૂ પડવુ-કઠણ લાગવુ અઘરા સમ ખાવા-આકરા સોગન ખાવા, ન બની શકે તેવુ પણ લેવુ

અઘવાટ, સ્ત્રી૦ (સ૦ અઘ-પાપ+વાટ) પાપી રસ્તો ૨ અપદ્વાર, અવવાનો રસ્તો

અઘવાડ, સ્ત્રી૦ ગદવાડ, મલિનપણુ, એઠવાડ

અઘવાન, વિ૦ (સ૦) પાપી, ઘાતકી, પાપાત્મક

અઘવુ, ક્રિ૦ અ૦ પેટમાનો મળ ગુદાવાટે બહાર કાઢવો, ઝાડે જવુ, દિશાએ જવુ, જગલ જવુ અઘીજવુ-કળશિયે જવુ(બેભાનમા) ૨ બીવુ

અઘહારી, પુ૦ (સ૦ અઘ+હૃ-લેવુ)પાપ હરણ કરનાર, ઈશ્વર

અઘાટ, વિ૦ ધણીપણાના હક સાથે (દસ્તાવેજમા લખાય છે) ૨ પારવિનાનુ, અપાર

અઘાટ, પુ૦ વેચેલી-ઇનામી જમીનની પાસે તે મતમનો કોતરેલો જે શિલાલેખ તે ૨ ઈનામી જમીન ૩. ઓવારો, પગથીયા

અઘાટીઉ. ન૦ હક ઉઠાવી લઈ ખેતર—જમીન બીજાને વેચાણ આપેલી તે વચાણીઉ. ૨ ઈનામી જમીન ૩ વિ૦ નિમકહરામ

અઘાડવુ, ક્રિ૦ સ૦ અઘવા લઈ જવુ ૨. કઢાવવુ, આપવાની ફરજ પાડવી [વાવડીંગ"

અઘાડો, વિ૦ જુનો, અગાઉનો "ગોળ અઘાડો

અઘાણ, ન૦ પેટનો મળ, ઝાડો ૨ અવણ

અઘાણુ, વિ૦ અઘવાની હાઝતવાળુ

અઘાત, વિ૦ ગહન, મુશ્કેલ. ૨ ઘણુ, અપાર,

અઘામણ, સ્ત્રી૦ વારેવારે ઝાડો થાય તેવો રોગ, ઝાડો લાવવો તે, પેટ છુટી જવા તે, છેરાટુ, અતિસાર ૨ રોજનુ થઈ પડેલુ દુખ પીડા

અઘામુ, વિ૦ મુશ્કેલ, કઠણ, અઘરૂ

અઘાર, સ્ત્રી૦ પખીની વિષ્ટા, છેર કેટલાએક જિવડાનો મળ પણ અઘાર કહેવાય છે "અળશિયાની અઘાર"

અઘાવવુ, ક્રિ૦ સ૦ અઘે તેમ કરવુ ૨ છોડી દેવરાવવુ ૩ દુખ દેવુ, બહુ સતાવવુ ૪ ઓકાવવુ, પાછુ કઢાવવુ

અઘા જવુ ક્રિ૦ સ૦ ઝાડા થઈ જવો, ધોતીઉં બગડવુ ૨ બી જવુ ૩ ભય—દમાણથી કહી દેવુ

અઘેડો, પુ૦ ભીની જગોએ ઉગતો જમીન ઉપર પથરાતો એક વેલો, અઘેડો.

અઘોક, સ્ત્રી૦ વારેવારે ઉલટી ઝાડો થાય તે, કોગળિયુ, કોલેરા

અઘોર, વિ૦ [સ૦] ઘણુજ ભયંકર, બિઆમણુ ૨ બેભાન ૨ અતિ દુષ્ટ, ઘાતકી ૩ ઘણુજ ગાઢ ૪ ત્રાસજનક, કંટાળો ઉપજાવે તેવુ

અઘોરપંથ, પુ૦ મેલી સાધનાવાળા બાવાઓની એક જાત અઘોરમંત્ર-મેલીસાધના કરવાનો મંત્ર

અઘોરી, વિ૦ જેને અથવા જેના કર્મને જોઈ ભય લાગે-ચિતળી ચડે તેવુ (માણસ) ૨ અઘોર કર્મ કરનાર ૩ એદી, આળસુ, ઘણુ જ ઉઘનાર ૪ ગંદુ

અઘોરી, પુ૦ અઘોર મંત્ર સાધનારબાવાઓની એક જાત ૨ અતિ ભયંકર કામ કરનાર

અઘોષ, પુ૦ (સ૦ ઘુષ્-તાણીને બોલવુ) ઉડા ઉચ્ચાર વગરના શબ્દો ૨ વિ૦ અવાજ વગરનુ, ગડગડાટ વગરનુ, શાંત

અઙ્ક (અંક, પુ૦ [સં૦ અંક-ચિહ્ન કરવુ] ચિહ્ન નિશાની, ૨ સખ્યાનુ ચિહ્ન, આંક, આંકડો ૩ ખોળો, ૪ (નાટકનો) ભાગ, પ્રકરણ ૫ સ્ત્રી૦ બાથ, આલિંગન ૬ ટેક, વટ, "વરણ મહુમા રંક, અંક રાજાથી ઝાઝો" ૭ સોડિયુ સ્ત્રીના વસ્ત્રનો ભાગ ૮ લમણુ

અંકગણિત, ન૦ [સ૦] આંકડાઓથી ગણતરી કરવાનુ શાસ્ત્ર

અંકાઇ-મણ-ણી સ્ત્રી૦ (સ૦ અંક્) આંકવાની રીત ૨ આંકવાની કીમત-મજુરી

અંકાવવુ, ક્રિ૦ સ૦ પરખાવવુ કમાવવુ કમોઠી કાઢવી, મલ કરાવવુ ૨ લીટીઓ દોરાવવી

અંકિત, વિ૦ (સ૦ અંક) નિશાની હોય તેવુ છાપવાળુ ૨ કર્મ ઈ૦ થી પ્રસિદ્ધ થએલુ ઓળખાએલુ ૩ તાબેદાર, આધીન

અંકી, વિ૦ (સ૦અંક) અંકવાળુ, ભાગવાળુ

અંકુર પુ૦ (સ૦ અંક) બીનો ભોયમાથી ફૂટી નીકળેનો અવયવ તે, ફણગો, મૂળ ૨ હેતુ મર્મ ૩ ઝીણા નિમાળા, રોમ, રૂવુ ૪ ઉમળકો, હોમ ૫ લોહી પાણી "તેનામા ક્ષત્રિય અંકુર હજુ છે" ૬ રૂઝ (માની)

અંકુશ, પુ૦ (સ૦અંક્-ચિહ્નક રવુ) હાથીનેહાકવાની આંકડ ૨ અટકાવ, દાબ, ધાક, બીક

અંકે, અ૦ આંકડાની સખ્યા અક્ષરે લખવી તે ૨ ખાતરી કરવી

અંકોડાબંધ, અ૦ અંકોડા એક બીજા સાથે વળગાડેલા હોય તે પ્રમાણે ૨ હારબંધ હારોહાર, કડીબંધ ૩ પાકુ, સજ્જડ [કડી ૩ ગંઠી

અંકોડી, સ્ત્રી૦ આંકડી ૨ આંકડો ઘાલેલી લા-

અંકોડો, પુ૦ પકડ, સાણસો ચિપીઓ ૨ બેઉ છેડે વાળેલો સળીઓ [ઘાનુ મટવુ તે

અંકોર, પુ૦ અંકુર, ફણગો, મૂળ ૨ રૂઝ,

અંકોલ, ન૦ એ નામનુ ઝાડ અને તેનુ ફળ

અંગ, ન૦ (સ૦) શરીર, કાયા, જાત, તન ૨ માથુ અને ટાંટિયા એ બેની વચમાનુ શરીર ૩ એકાદો શરીરનો ભાગ, અવયવ, તેમાનુ એકેકુ ગાત્ર ૪ સાધન, મદદનીશ ૫ છ નો સંકેત ૬ તળ બંગાળાનુ નામ ૭ સબંધ, સગપણ "અંગ વિના કંઈ નહિ" ૮ અંશ, ભાગ, **અંગ ઉપર આપવુ**-પતીત ઉપર આપવુ, **અંગ ભરાવુ**-તાવ આવવો **અંગ ઉપરથી ઉતારી નાખવુ**-જવાબદારીમાથી નીકળી જવુ **અંગ ચોરવુ**-સકાચવુ ૨ આળસુ થવુ **અંગ રહી જવુ**-લકવો થવો **અંગનુ કામ**-અંગને લગતુ કામ ૨ ખાનગી કામ **અંગનુ માણસ**-ખાનગી માણસ વિશ્વાસુ

અંગઉધાર, વિ૦ (સ૦ અંગ+ઉત્-ઉપર+ધૃ લેવુ) વચન-શાખ ઉપર કે ચિઠ્ઠી લખાવી લઇને ધીરેલુ, વ્યાજુ, એ શબ્દ નાણાનેજ લાગે છે,

અંગઉમંગ, પુ૦ મનની ઉંનટ હોંશ

અંગકાઠી, સ્ત્રી૦ શરીરનુ વાન, બાંધો

અંગચાપલ્ય, ન૦ (સ૦) શરીરની ચપળતા, જાત હુંશિયારી [કરો, પુત્ર

અંગજ, પુ૦ (સ૦ અંગ+જન્-જ-મેલુ) છો-

અંગજા, સ્ત્રી૦ (સ૦ અંગ+જા) છોકરી, પુત્રી

અંગજોર, ન૦ શરીરનુ બળ

અંગજ્ઞાન, ન૦ (સ૦) સ્વાભાવિક જ્ઞાન, પ્રેરણા બુદ્ધિ, સ્પર્શજ્ઞાન

અંગદ, પુ૦ (સ૦) કડુ બાજુબંધ ૨ એ નામનો એક વાનર રાજા
અંગદનીતિ સ્ત્રી૦ અંગદે રાજા રાવણને જે નીતિ સમજવેલી-કહેલી તે
અંગ વિષ્ટિ, સ્ત્રી૦ (સ૦) સમાધાની માટે અંગદે કરેલી વકીલાત, અંગદનુ દૌત્યકર્મ
અંગદશિષ્ટાઈ, સ્ત્રી૦ (સ૦ અંગદ+શિષ્ટાઈ-કામ કાઢી લેવાની ચતુરાઈ) દૂતચાતુર્ય ૨ શિષ્ટજનતા, વિવે- [સુંદરી કામિની
અંગના, સ્ત્રી૦ (સ૦) પોતાની સ્ત્રી વહુ, ૨
અંગનુ, વિ૦ જાતનુ, ગાઢનુ ૨ ખાતરી-પતિજનુ, ખાસ, અંગતુ
અંગબળ, ન૦ શરીરનુ બળ, કૌવત
અંગભૂત, વિ૦ સાધન, મઘ મુદ્દો
અંગમર્દન ન૦ (સ૦) શરીરની ચંપી
અંગમહેનત, સ્ત્રી૦ જાતમહેનત, શારીરિક પરિશ્રમ [પહેલા થતી ફાટચુમની અમગ
અંગમોડા, પુ૦ (મ૦) કસમોડા, તાવ આવતા
અંગરક્ષક, પુ૦ (સ૦) હજુરીઓ, પ્રાણ ક્ષક
અંગરખુ, ન૦ (સ૦ અંગરક્ષક) પુરૂષને શરીરે પહેરવાનુ વસ્ત્ર-કસો બાંધવાની હોય તેવો ડગલો, નાના છોકરાનુ અંગરખુ તે અંગરખી
અંગરસ, પુ૦ ફળફળાદિનો પાણી નાખ્યા શિવાય દબાવીને કે કચરીને કાઢેલો રસ
અંગરંગ, પુ૦ (સ૦)શરીરનો વર્ણ ૨ ચહેરો, કાંતિ ૩ આનંદ, હોસ, ઉમળકો
અંગરાગ, પુ૦ (સ૦) શરીરે ચંદનાદિનો જે લેપ કરવો તે
અંગરેજ, પુ૦ ઇગ્લાંડ દેશનો વતની
અંગરેજી, વિ૦ ઇગ્લાંડ દેશ સબંધી ૨ અંગ્રેજનુ રાજ-ભાષા, ઇ૦, બ્રિટિશ
અંગરોગ, પુ૦ (સ૦)અંગવિકાર, શારીરિકવ્યાધિ
અંગવસ્ત્ર, ન૦ (સ૦) ઓઢવાનુ વસ્ત્ર, પિછોડી, ખેસ, ઉપરણો ૨ સુતી વખતે ઓઢવાનુ વસ્ત્ર ૩ ઉપપત્નિ, રાખેલી સ્ત્રી
અંગવિકાર, પુ૦ શરીરે થએલુ દુ:ખ,૨ અંગરોગ
અંગાઉ, વિ૦ જાત ઉપરનુ પોતાનુ, ખાનગી, આગવુ, માલકીનુ [એલી ભાખરી, ખાખરો
અંગાખરૂ, ન૦ અંગારામાં સેકાઇને ખરી થ-
અંગાર, પુ૦ (સ૦) લાળો, બળતો કોયલો, અંગારો ૨ મંગળનો,ગ્રહ ૩ બળતરા, લાય
અંગારવુ, ક્રિ૦ સ૦ અપવિત્ર વાસણને પવિત્ર કરવા માટે અંગારામાં તપાવવુ ૨ સળગાવવુ, ચેતાવવુ
અંગારિયુ, ન૦ કાજળી પડેલો જારનો છોડ આંજિયુ ૨ અંગારામાં સેકેલુ ધાન્ય, પોં ૩ વિ૦ બળી ગએલુ, અંગારા જેવુ થએલુ
અંગારી, સ્ત્રી૦ અંગારા હોય તેવી શગડી, ભઠ્ઠી ૨ ચીનગારી
અંગારો, પુ૦ (સ૦) જીવતો કોયલો, ધગધગતો અગ્નિ, લાળો ૨ કપૂત ૩ કજળી ગયેલો જારનો દાણો ૪ બળતરા, લાગણી અંગારો ઉઠવા-કાળજુ બળવુ અંગારો ઉઠવો-(કુળમાં), કુળને કલંક લાગે એવા પુત્ર થવા
અંગિયુ, ન૦ બાળકને પહેરવાનુ ટુકી બાયનુ પહેરણુ-ઝભલુ
અંગિયો, પુ૦ (સ૦ અંગિકા) બાય વગરનો કેડ લગી આવતો સ્ત્રીઓને પહેરવાનો કમજો,પેટી
અંગી, વિ૦ (સ૦) પોતીકુ, સબંધી અંગિત ૨ સ્ત્રી૦ અંગિયુ ઝભલુ અંગરખી
અંગીકાર, પુ૦ (સ૦) પોતાનુ કરવુ તે, પોતીકુ માની ગ્રહણ કરવુ તે ૨ સ્વીકાર, અનુગ્રહ
અંગીકૃત, વિ૦ (સ૦) સ્વીકારેલુ, કબુલ કરેલુ
અંગીઠી, સ્ત્રી૦ (સ૦ અગ્નિ+સ્થાન) સોનીની શગડી ૨ પોક પાડવા જમીનમાં ખોદેલો ખાડો, ૩ લાય, ઝાળ, અગ્નિ
અંગીઠુ, ન૦ અંગીઠી, સોનીની શગડી
અંગીભૂત, વિ૦ (સ૦) અમુકને લગતુ, અંગનુ
અંગુચો-અંગુછો પુ૦ (સ૦+લુંચ્) અંગ લુછવાનો કકડો, ટુવાલ, રૂમાલ ૨ પંચીઉં
અંગુઠાદાવ, પુ૦ કુસ્તીનો એક દાવ
અંગુઠી, સ્ત્રી૦ સોય ન વાગે તેને સારૂ વચલી આંગળીએ ઘાલવાની ધાતુની ખોળી ૨ વીંટી,છલ્લો
અંગુઠો, પુ૦ (સ૦ અંગુષ્ઠ) હાથ પગની પ-

હેલી જાડી આગળી **અંગુઠા પકડવા**–પગના અંગુઠા પકડી વાકા ઉભા રહેવુ, નશીઅત લેવી **અંગુઠાનો રાવણ કરવો**–વધારી વધારીને કહેવુ, રજનુ ગજ કરવુ **અંગુઠે કમાડ ઠેલવુ**–બીજાને માલમ ન પડે એવી રીતે કરવુ ૨ પોતાને કરવાનુ બીજાને ભાળવવુ **અંગુઠો બતાવવો**–ના પાડવી, ના કહેવુ ૨ ડામ દેવાનુ કહેવુ

અંગુઠીયા, વિ૦ અંગુઠાની જાડાઇ જેટલુ

અંગુર નં૦ (સ૦ અંકુર) નવી ચામડી, ભોયરૂઝ ૨ **સ્ત્રી૦** (ફા૦) લીલી દ્રાક્ષ

અંગુલ, ન૦ (સ૦) આગળુ, આગળપુર

અંગુષ્ઠ, પુ૦ (સ૦) અંગુઠો

અંગે, અ૦ શરીરે

અંગેઠી, સ્ત્રી૦ અંગીઠી, જુઓ

અંગેઅંગ, અ૦ અવયવે અવયવ રૂવેરૂવે, શરીરમા સર્વત્ર

અંઘામ, પુ૦ (ફા૦ અંગામ) કામ ધધાની ધામધુમ, ગરબડ "લગનનો અંઘામ" ૨ બળવો, હુંલ્લડ, મસ્તી, તોફાન

અંઘામો, પુ૦ ૨ મસ્તી તોફાન, ગરબડ

અંઘેડો, પુ૦ એક જાતની વનસ્પતિ તે દવાના કામમા આવે છે

અંઘોળ, ન૦ નહાવુ તે સ્નાન

અંઘોળડી, સ્ત્રી૦ વર–કન્યાને સ્નાન કરાવતા ગાવાનુ ગીત ૨ વરને નવડાવનારી સ્ત્રી ૩ નાનુ અંઘોળિયુ ૪ નાવાની ઓરડી

અંઘોળવુ, ક્રિ૦ અ૦ નહાવુ સ્નાન કરવુ

અંઘોળિયુ, ન૦ જે માટીના વાસણમા નહાવાને માટે ઉનુ પાણી કરવામા આવે છે તે, ઉના માણુ ૨ નહાવા બેસવાનુ લાકડુ

અંઘોળિયો, પુ૦ સ્નાન કરાવનાર ચાકર ૨ ઉનામણો [કેમ અટકણુ બોભણુ ખીલી

અચક, સ્ત્રી૦ ગતિને અટકાવવા મૂકેલી આડ,

અચકડુ ન૦ ગળેમો, કંઠપણ સાભરી આવવાથી છાતીમા ભરાઈ આવતો ડુમો

અચકમચક, અ૦ ઓચીંતુ, એકદમ

અચકવુ–કાવુ, **ક્રિ૦ અ૦** અટકવુ, એકદમ બધ પડવુ, અચકો ખાવો, લડથડવુ, ખમચાવુ

અચકામણ, સ્ત્રી૦ અંતરાય, હરકત, નડતર ૨ એકદમ અટકવુ પડે તેવુ કારણ

અચકારા, પુ૦ ધક્કો, હડસેલો, આચકો, ધસારો

અચકોમચકો, પુ૦ અંગચેષ્ટા, ચાળા, હાવભાવ, અભિનય આચકો ને લહેકો

અચપચુ વિ૦ (સ૦ અર્ધ+પચ્–પચવુ) છેક કડણુ તેમ છેક પાણી જેવુ નહિ તેવુ, લોદા જેવુ ૨ અંકચરૂ, કાચુ પાકુ

અચબુચ, અ૦ અચાનક, ઓચિંતુ

અચબો પુ૦ (સ૦ આશ્ચર્ય + ભૂ) અતિ આશ્ચર્ય પમાડે તેવો અનુભવીત બનાવ, અદ્‌ભુતતા, તાજુબી, વિસ્મયતા **અચબા ભરેલુ**–તાજુબ પમાડે તેવુ, **અચબો લાગવો**–નવાઈ લાગવી, ચમત્કાર જણાવો **અચબો થવો**–આશ્ચર્ય પામવુ [નહિ તેવુ, સ્થિર,અચલ

અચર, વિ૦ (સ૦ અ + ચર્–જવુ) ચાલે

અચરકો, પુ૦ આચકો, ધક્કો

અચરજ, ન૦ (સ૦ આશ્ચર્ય) કૌતુક, નવાઇ, ચમત્કાર, ૨ આશ્ચર્ય, તાજુબી

અચરત, ન૦ આશ્ચર્ય તાજુબી, નવાઈ

અચરતી, સ્ત્રી૦ અચરજ, જુઓ

અચરપચર, ન૦ કાચુકોરૂ, જે આવ્યુ તે ૨ **અ૦** ગમે તેમ પચે કે ન પચે તેમ, ગળી રહીને

અચરે અચરે રામ, નિ૦ પોપટને શરૂઆતમા બોલાવવાનો ઉચ્ચાર ૨ સમજ્યા વિના ગોખ્યા કરે એવુ પોપટીઆ પડિત

અચલ, વિ૦ (સ૦ અ + ચલ્–જવુ) ખસે–ચાલે–ફરે નહિ તેવુ સ્થિર, દૃઢ, સ્થાયી ૨ જડ (૩) પુ૦ પર્વત, ડુગર

અચર્વ્યુ, વિ૦(સ૦અ–નહિ + ચર્વ્–ચાવવુ) ન કહેલુ, ન વર્ણવેલુ ૨ ન ચાવેલુ–ચાખેલુ

અચલા, ન૦ પૃથ્વી, ધરા,ધરતી

અચળ, વિ૦ અચલ, જુઓ

અચળપદ, ન૦ (સ૦ અ + ચલ + પદ્–જવુ) નિત્ય એક સરખી રહે તેવી સ્થિતિ, **પરમપદ**, મુક્તિ, મોક્ષ ૨ નિત્યતા [હિમાલય પર્વત

અચળપતિ, પુ૦ (સ૦ અચલ–પર્વત+પતિ)

અચળિત, વિ૦ (સ૦) અચળ, સ્થિર

અચાનક, અ૦ (હિ૦) એકાએક, ઓચીતુ

અચાર, ન૦ (અ + (કા) ચાર–ઉપાય) અથાણુ ૨ ચટણી (પારસીઓ આ જબ્દ વાપરે છે)

અચાલ, પુ૦ (સ૦ અ + ચલ–જવુ) હરકત, અડચણ ૨ અગત્ય ઓપટી જ.ર,ન ચાલે તેવુ

અચિકિત્સનીય, વિ૦ (સ૦) પરખાય–લક્ષણ જણાય નહિ તેવુ ૨ ચિકિત્સા કરવા યોગ્ય નહિ તેવુ અસાધ્ય રોગવાળુ [અકલ્પનીય

અચિન્તનીય વિ૦ તર્ક ન થઈ શકે તેવુ ગહન

અચિન્તિત, વિ૦ ઓચીંતુ નહિ ચિતવેલુ અતર્ક્ય

અચિર, વિ૦ (સ૦ અ + ચિર–લાબુ) ટુકુ ક્ષણભગુર, ૨ અ૦ ઉતાવળથી, શીઘ્ર, ઝટ

અચીંતુ, અ૦ (અચિન્ત્ય) આગળથી ન ધારેલુ તેવુ, એકાએક, અચાનક

અચૂક, અ૦ (સ૦ અ + ચ્યુ–પડવુ) નિશ્ચયપૂર્વક,ખામ્ખા, અવશ્ય, ભૂલી ન જતા ૨ વિ૦ ચૂક–ભૂલ વગર, જરૂર ૩ ખચીત

અચૂકપણુ, ન૦ ખચીતપણુ ભૂલ ન થવાપણુ

અચૂકબાણ, ન૦ ખાલી ન જાય તેવુ બાણુ રામબાણુ ૨ અ૦ નક્કી, મહેનગર જરૂર

અચેત–અચેતન, વિ૦ (સ૦ અ + ચિત્–જાણવુ) શબ જેવુ જીવવગરનુ, જડ, સત્તા રહિત ૨ મૂર્છિત બેભાન

અચેતનતા–ત્તા, સ્ત્રી૦(સ૦)મૂર્છા બેભાનપણુ, જડતા, સત્તા રહિતપણુ [૨ જડતા

અચૈતન્ય, ન૦ (સ૦) બેભાનપણુ, મૂર્છા

અચો, પુ૦ (સ૦ અ + ચર્–જવુ) ભીડ, જમાવ ૨ ગદકી, કચરો ૩ અણોજો, અકતો

અચ્છત, અ૦ એકાએક, અચણુચ ૨ તગી, અછત ૩ ઉઘાડુ, ખુલ્લુ

અચ્છા, અ૦ (હિ૦) ઠીક બહુ સારૂ

અચ્છિન્ન, વિ૦ (અ+છિદ્ર–કાપ્ય) અખડિત ૨ છેદનરહિત ૩ અનત્

અચ્છી, અ૦ કૃત્રિમ છીંકવુ તે

અચ્છુ અ૦ વારૂ, સારૂ ઠીક [જેવુ સુદર

અચ્છુ, વિ૦ (સ૦ અચ્છ–સ્વચ્છ) સાફ, મ

અચ્છેર, વિ૦ અડધો શેર (માપ)

અચ્છેરિયુ, ન૦ અચ્છેર માય તેવુ ઠામ–માપ

અચ્છેરી, સ્ત્રી૦ અડધા શેરનુ કાટલુ–માપ

અચ્યુત પુ૦ (સ૦) અવિનાશી ૨ વિષ્ણુનુ એક નામ ૩ વિ૦ ન પિગળે તેવુ ૪ સ્થિર

અચ્યુતાનદ પુ૦ (સ૦) જાયુનો આનદ ૨ જે હમેશ આનદ ભોગવે છે તે,બ્રહ્માનદ આત્માનદ

અછકલુ વિ૦ ઓછા પેટનુ,હલકુ છ ીરા મનનુ

અછત સ્ત્રી૦ થોડુ હોવુ તે, તગી, તાણ

અછતા, અ૦ એકાએક, ૨ નહિ તે છતા.

અછતુ વિ૦ ગુપ્ત, છતુ–પ્રકટ નહિ તેવુ

અછત્ર, વિ૦ (સ૦ છિદ્–ઢાકવુ) છત્રરહિત, માથે વડિલ ન હોય તેવુ,નમાપુ અનાથ ૨ રાજભ્રષ્ટ. ૩ ઉઘાડુ ઢાકણુ વગરનુ

અછમડા, પુ૦ સૈયડ, જેમા ચામડી ઉપર નાની મોટી પણુ ફુટી ને આછી ફોલ્લીઓ થાય છે તેવો ગરમીનો રોગ

અછરતુ, વિ૦ ઉપર ઉપરથી અડકયુ હોય તેવુ ૨ છલકાઈ જતુ

અછરાવુ ક્રિ૦ અ૦ (સ૦ આ–આસપાસ + છદ્–છાવુ) વણુછાથી કરમાઇ જવુ,ઓછુ ઉતરવુ

અછાડપછાડ, સ્ત્રી૦ (કોઇ વસ્તુ) અહીં તહીં ફેકવુ–ઉશેટવુ તે ૨ ધાધલ

અછાનુ, વિ૦ (અ+છદ્–ઢાકવુ) ઉઘાડુ ખુલ્લુ

અછાવવુ, ક્રિ૦ સ૦ નવુ વાસણુ વાપરવા કાઢવુ

અછાળવુ, ક્રિ૦ સ૦ વાસણુ ઉચુ નીચુ કરી તેમાની વસ્તુ તળે ઉપર થાય તેમ કરવુ ઉછાળવુ, ઉથલાવવુ [તિ, અખડિત, સતત્

અછિન્ન, વિ૦ (સ૦) છેદાએલુ કે તુટેલુ નહિ

અછિન્નધારા, સ્ત્રી૦ અભિષેક કરવાનુ છિદ્રવાળુ પાત્ર, જળાધારી ૨ સતત્ ધારા પડવી તે

અછેદ્ય, વિ૦ (સ) છેદાય નહિ તેવુ, ન છેદવા યોગ્ય.

અછોઅછો વાનાં, ન૦ ઉમળકાનો આદરસત્કાર, લાડ લડાવવા તે **અછોઅછો વાનાં કરવા**– પ્રેમપૂર્વક આદર સત્કાર કરવો. ૨ લાડ ત્વા

અછોડો, પુ૦ (સ૦અ+ સૃજ્–છોડવુ.) બળદને નાથે બાધવાનો દોર, રાશ ૨ છેડો, સાકળી,

ઘડિયાળ, ૯૦ નો ૩ સોના રૂપાની ગળામા નાખવાની માળા. **અછોડા વા-અછોડાની** લગાઇ જેટલે (દૂર), રાશવા

અજ, પુ૦ (સ૦ અ+જ-જન્મેલુ) નહિ જન્મેલુ તે, પરમેશ્વર, બ્રહ્મા ૨ બકરો ૩ રઘુરાજાનો પુત્ર ૪ ચંદ્ર ૫ કામદેવ

અજગર, પુ૦ (સ૦ અજ-બકરો, ગર-ખાવું) એક જાતનો મોટો બિહામણો સાપ (અજગર બહુ જાડો અકરાનીઓ અને આળસુ હોય છે તેથી ભારે શરીરવાળા માણસને તેની ઉપમા આપે છે)

અજગંધા, સ્ત્રી૦ (સ૦) અજમોદ, મરડાશીંગ

અજટા, સ્ત્રી૦ (સ૦ અ+જટા) જેને જટા ફેલાવો નથી તે વનસ્પતિ, ભોયઆંબલી

અજતરફ-ફે, અ૦ (ફા૦ અજ-થી+તર્ફ-બાજુ) થી, તરફથી

અજનવી, વિ૦ (અ૦) અજાણ્યુ, પરદેશી

અજન્મ, વિ૦ (સ૦) જેને જન્મ નથી તે, સનાતન, નિત્ય, ઈશ્વર

અજન્મા, સ્ત્રી૦ માયા ૨ સીતા

અજપાજપ, પુ૦ (સ૦ અ-નહિ+જપ્-મનમા બોલવુ) શ્વાસોશ્વાસે મૌન રહી ઈશ્વરનુ ચિંતન કર્યા કરવુ તે,પ્રત્યેક શ્વાસે સોહ સોહં કર્યા કરવુ તે

અજપાદ, પુ૦ (સ૦) રૂદ્ર ૨ પૂર્વાભાદ્રપદ નક્ષત્ર

અજબ, વિ૦ (ફા૦ બહુવચન અજાયબ) આશ્ચર્યકારક, વિચિત્ર, ચમત્કારી, વિલક્ષણ અદ્ભુત, અલૌકિક **અજબ થવુ**-ચકીત થવુ **અજબ તમાસો**-નવાઇનો-નવો ખેલ દેખાવ **અજબ તરેહનું**-નવાઇનુ વિલક્ષણ

અજમ, વિ૦ (અ૦) કોઈ મોટા પુરૂષના નામ પહેલા માનાર્થે મુકાતો શબ્દ (ચિઠ્ઠીમા)

અજમાયેશ, સ્ત્રી૦ (ફા૦ અઝમુદન) તપાસ, અજમાવી જોવુ તે, પ્રયોગ ૨ અટકળ, શુમાર અંદાજ, અડસટ્ટો, આશરો

અજમાવવુ, ક્રિ૦ સ૦ (ફા૦ આઝમુદન્) તપાસી જોવુ, પ્રયોગ કરી જોવા પરીક્ષા કરી જોવી, નાણી જોવુ, શુમાર કાઢવો

અજમાશ, સ્ત્રી૦ અજમાયેશ, ગણના

અજમુદા, પુ૦ (ફા૦) અજમાયેશ, વાપરી જોવુ તે ચોકસાઈ, અનુભવ

અજમો, પુ૦ એક વસાણુ, એક જાતના તીખાને વાસવાળા બીઆ એના ફૂલ ઓસડમા કામ આવે છે **અજમો આપવો**-લાચ આપવી, **અજમો ફેકાવવો**-ચૂક મટાડવી, ઘુંઘવાતાપણું ટાળવુ

અજમોદ, સ્ત્રી૦ (સ૦ અજમોદા) એક જાતની ઔષધિ એના બી, અજમાથી મોટા તથા ગોળ ઓછા તીખા હોય છે એની બીજી બે જાત છે ખુરાસાની અથવા દીવેચી તથા કમાણી અજમોદ

અજપ-મ્પ, પુ૦ અશાંતિ, બેચેનપણુ

અજપો, પુ૦ બેચેનપણુ, અસ્વસ્થતા, નિરાંત નહી તે, ઉંઘ ન આવવી તે

અજયા, સ્ત્રી૦ (સ૦ અ+જય) ન જિતાય તેવી સ્ત્રી માયા, દેવી ૨ એક વનસ્પતિ

અજર, વિ૦ (સ૦ અ+જરા) જેને જરા-વૃદ્ધપણાના ચિહ્ન નહિ તે, અક્ષય

અજર, સ્ત્રી૦ (અ૦ અઝર) મિષ, બહાનુ ૨ વાર વિલબ

અજરામર, વિ૦ (સ૦ અજર+અમર) જેને જરા ને મરણ નથી તેવુ અવિનાશી અનશ્વર

અજલ, વિ૦ (સ૦) ઘણુ મોટુ, વિશાળ

અજલ સ્ત્રી૦ (અ૦) આખર, અંત ૨ મોત કમોત કજા **અજલમજલ**-છેવટની ક્રિયા

અજવાળવુ, ક્રિ૦ (સ૦ ઉત્-ઉપર+જ્વલ્-બળવુ) વસીને ઉજળુ કરવુ, ઉટકવુ, માજવુ, ૨ દીવો કરવો, પ્રકાશ કરવો ૩ નામ કાઢવુ આબરૂ વધારવી ૪ (વ્યંગમા) બગાડવુ, ખરાબ કરવુ બદનામી લેવી, અપકીર્તિ વહોરવી

અજવાળી, વિ૦ ચાંદરણાવાળી અજવાળાવાળી

અજવાળીઉ, ન૦ જેમા ચંદ્રની કળા વધતી જાય છે તે પખવાડિયુ શુક્લપક્ષ, ૨ અજવાળાને માટે છાપરામા-ભીંતમા રાખેલુ જાળિયુ, બાકુ

અજવાળુ, ન૦ (સ૦ ઉજ્વલ) તેજ, પ્રકાશ, ઉજાસ **અજવાળુ** કરવુ-નામ કરવુ આબરૂ વધારવી ૨ ભ્રાંતિ દૂર કરવી ૩ (વ્યંગમા) બદનામ કરવુ ૪ નુકશાનમા આવવુ-લાવવુ **અ-**

જવાળામા આવવુ–જાહેરમા આવવુ ગુણકર્મથી પ્રસિદ્ધિમા આવવુ, **અજવાળામા મૂકવુ**–જાહેર કરવુ પ્રસિદ્ધ કરવુ, **અ તરમા અજવાળુ કરવુ**–જ્ઞાન પ્રાપ્ત કરવુ ૨ ઉપદેશ કરવો, સમ જાવવુ **અજવાળુ જોવુ**–જન્મવુ, ઉજાશમા આવવુ, બહાર આવવુ

અજશ, પુ૦ (સ૦) અપકીર્તિ, અપયશ

અજસ્ર, અ૦ (સ૦) હમેશ, સદેવ, નિત્ય

અજસ્ર, વિ૦ વિચ્છેદ રહિત, સતત

અજહલ્લક્ષણા, સ્રી૦(સ૦)દેખાતા અર્થ સાથે તેના સબધી બીજા અર્થનો પણ ભાસ થાય તે

અજા, સ્રી૦ (સ૦અ+જન્–જન્મેલુ) માયા, કુદરત ૨ બકરી **અજાગલસ્તન**–બકરીને ગળે જે આચળ હોય છે તે **અજાગોત્ર**–બકરીના બચ્ચા જેવી રીતભાતનુ

અજાએબ, વિ૦ અજબ જેવુ, આશ્ચર્યકારક

અજાગત, વિ૦ શસ્ત્ર લાગવાથી–પાણીમા ડુબવાથી થએલુ (મોત), અચાનક થએલુ (મોત)

અજાચક, વિ૦(સ૦અ+યાચક)નહિ માગનાર તે

અજાડી, સ્રી૦ હાથીને પકડવા માટે ખોદેલો ખાડો–ખાઇ ૨ બેહક બેડેલા ઢોરને ઉભુ રાખવા માટે પગ તળે ખાડો ખોદે છે તે

અજાણ, વિ૦ (સ૦ અ + જ્ઞા–જાણવુ) જાણીતુ નહિ તે, અણવાકેફ, અજ્ઞાન, મૂર્ખ

અજાણતા, અ૦ ન જાણતા, ભૂલથી, બેસમજથી

અજાણપણુ, ન૦ અજ્ઞાનતા, ગેરમાહિતી

અજાણે, અ૦ અજ્ઞાનપણામા, બેસમજમા

અજાણ્યુ, વિ૦ (સ૦ અજ્ઞાત) જેને વિષે કંઈ જાણવામા નથી તેવુ, ઓળખાણ વગરનુ અપરિચિત ૨ માલુમ ૨ જે જાણતુ નથી તે,અજાણ

અજાતશત્રુ, પુ૦ (સ૦ અજાત–નહિ જન્મેલુ + શત્રુ) જેને કદિ કોઇ શત્રુ ન થયો હોય તે, સર્વને પ્રિય અને મિત્ર જેવો માણસ ૨ યુધિષ્ઠિર

અજાબી સ્રી૦ (ફા૦ હુજાબી) બુરખો

અજાયેબ, વિ૦ અજબ, જુઓ [રમત)

અજારીબજારી,સ્રી૦ ખારોપાટ, (એક જાતની

અજિત વિ૦ (સ૦ અ + જિ–જીતવુ) અપરાજિત, કોઈથી જિતાય નહિ તે

અજિન, ન૦ (સ૦) હરણનુ ચામડુ

અજિનપગા, ન૦ (સ૦) ચામાચીડીઉ

અજીઠવાડ, પુ૦ એઠુ પડેલુ હોય તેવુ ૨ એઠા વાસણ ૩ ગદકી, ભજવાડ

અજીઠુ, વિ૦ (સ૦ જુષ્ટ–જમતા વધેલુ) જમવાના ભાણામા જમતા વધેલુ તે, એઠુ, આસપાસ જે વેરાયલુ હોય તે ૨ એઠુ ધાન્ય જ્યા પડયુ હોય તે ઠેકાણુ ૩ પાણીથી રાધેલુ અન્ન

અજીર, સ્રી૦ (સ૦) પરસાળ, આગણુ, ૨ વિ૦ ઉતાવળે ચાલનાર

અજીરણ, ન૦ (સ૦ અજીર્ણ) ખાધેલુ ન પચવુ તે, અપચો, બદહજમી

અજીર્ણ, વિ૦ (સ૦ અ+જીર્ણ-જુનુ) નવુ, જીર્ણ-જુનુ નહિ તે ૨ ન૦ અજીરણ, અપચો

અજીર્ણાશ, પુ૦ (સ૦ અજીર્ણ+અશ-ભાગ) થોડુક અજીરણ અપચો

અજુગતુ, વિ૦ (સ૦ અ+યુજ્-જોડવુ) અઘટિત અયોગ્ય, નાલાયેક

અજોખણી, સ્રી૦ (સ૦ અ–નહિ+જુષ્-પ્રકાશવુ) કાટા ખેચી લાવવાની આકડીવાળી લાકડી

અજોગ, વિ૦ (સ૦અ+યોગ) નહિ સારો યોગ –વખત તે, કસમો [પુરૂ ન કરેલુ તેવુ

અજોળ, વિ૦ અતરિયાળ, અધવચ, લટકતુ,

અજ્જુ–જયુ, ન૦ બારાખડીમા ઇ, ઈ માટે વ્યજનને લગાડવામા આવતુ િ, ી નુ ચિહ્ન

અજ્જુકા, સ્રી૦ (સ૦) વેશ્યા (નાટકમા)

અજ્ઞ, વિ૦ (સ૦ અ+જ્ઞા–જાણવુ) બુદ્ધિહીન, અજાણ, મૂર્ખ બેવકૂફ

અજ્ઞાત, વિ૦ (સ૦) જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી તે અભણ, અજાણ નિરક્ષર.

અજ્ઞાતયૌવના, સ્રી૦ હલેતી જુવાન સ્રી, યૌવન પ્રાપ્ત થયુ છે એવા અનુભવ વગરની નાયિકા, મુગ્ધા

અજ્ઞાતવાસ, પુ૦ (સ૦) કોઇને માલમ ન પડે તેમ રહેવુ તે, છુપુ રહેવુ તે

અજ્ઞાન, ન૦ (સ૦) જ્ઞાન નહિ તે, અજાણપણુ ૨ અવિદ્યા, પદાર્થનુ મિથ્યાજ્ઞાન.

અજ્ઞાન, વિ૦(સ૦) જેને જ્ઞાન નથી તેવુ, મૂર્ખ, અભણ, **અણસમજુ** **અજ્ઞાની**

અજ્ઞાની, વિ૦ નહિ જે જ્ઞાની તે મૂર્ખ, મંદ

અજ્ઞેય, વિ૦ ન સમજાય તેવુ, અકળ, ગૂઢ

અંચ, **સ્ત્રી૦** આચ

અંચલ, પુ૦ (સ૦ અચ્–જવુ) છેડો, પ્રદર, પલ્લો

અંચવો, પુ૦ (સ૦ અચ્–પૂજવુ) આખે ઝોક ઉતારતા દોરડી તેલમા બોળી બાળી મુકી તે ૨ ટુવાલ રૂમાલ ૩ અચળો, લગોટી

અંચળો પુ૦ (સ૦ અચલ) લગોટી મારવાનો કપડાનો કડકો, ખભે રાખવાનો કાપલો, રૂમાલ, ટુવાલ

અંજન, **ન૦** (સ૦ અજ્–ચોપડવુ) આજવુ તે, ૨ સુરમો, કાજળ, મેશ [સાની શળી

અંજનશલાકા, **સ્ત્રી૦** અજન આજવાની સી-

અંજની, **સ્ત્રી૦** (સ૦) શરીરે સુખડ ચોપડેલી હોય તેવી સ્ત્રી ૨ હનુમાનની માતા

અંજળ, ન૦ (સ૦ અન્ન + જળ) દાણોપાણી, લહેણુ દહેણુ, **અંજળ મૂકવુ**–ખાવાની ના પાડવી ૨ મરવાની તૈયારી પર હોવુ **અંજળ ઉઠવુ**–જગા છોડવી પડવી

અંજળપાણી, **ન૦**(બહુવચનમા) ભાગ્ય નસીબ સજિત રજક, દાણોપાણી

અંજળી, **સ્ત્રી૦** (સ૦) બે હાથની હથેલી સાથે રાખવાથી જે સપુટ આકાર થાય તે ખોબો, પોશ ૨ ચાગળુ **અંજળી આપવી**–અર્ઘ આપવા

અંજાવવુ, ક્રિ૦ **સ૦** બીજા પાસે અજન કરાવવુ ૨ ઝાખુ પાડવુ, આજી નાખવુ, સહે પાડવી

અંજાવુ, ક્રિ૦ **અ૦** ચોપડાએલુ થવુ ૨ સામાના કરતા રૂપગુણમા કમી ઉતર્યાથી એકાએક શરમિન્દા થવુ ૩ છેતરાવુ, ઠગાવુ ફસાઈ જવુ, લેવાઇ જવુ

અંજીર **ન૦** (સ૦) એ નામનુ એક ફળ–મેવા

અંજરી, **સ્ત્રી૦** અજીરનુ ઝાડ

અંજનીઆ વિ૦ ઘેરા લાલરગનુ

અંજુમન, **સ્ત્રી૦**(આ૦)એકજ ધર્મ માનનારની સભા મડળી સમાન પથ પથારેન

અટક, **સ્ત્રી૦** (સ૦ અટ્–ભમવુ) રોધન, અટકાવ નડતર ૨ વહેમ, ખતરો ૩ (**સ૦ અ**વટક) ગુણકર્મ ઉપરથી કુટુંબ કે વંશનુ રાખવામા આવેલુ નામ, અડક, ઓખર, ગોત્ર નામ, ૪ સિંધુ નદી ૫ સકલ્પ, પ્રતિજ્ઞા ૬ અટકણ, ઠેસ

અટકચાળુ, **ન૦** ચિડવવા કોઇની છેડ કરવી તે, અડપલુ, ચદ્દુ, સળી કરવી તે ૨ **વિ૦** તોફાની, ટીખળી, ઉપદ્રવી, નુકશાનકારક

અટકડી, **સ્ત્રી૦** છાતીના પડદાની અદરના વાયુનુ થોડી થોડી વારે ચઢી ઉચ દઈને બહાર નીકળવુ તે, વાધણી, હેડકી

અટકણ **ન૦** જેથી ગતિ બધ પડે તેવી વસ્તુ ઠેસ ચપ ૨ અડચણ ૩ ટેકો **અઠીંગણ**

અટકણુ, **વિ૦** અટકી જાય તેવુ **અટકણ ટટ્ટુ**–અધવચ અટકી જાય તેવુ, પાર–સાગોપાગ ન ઉતારે તેવુ

અટકણિયુ, **ન૦** અટકણ, જુઓ

અટકવુ, **ક્રિ૦ અ૦** ગતિ કે પ્રવૃત્તિનુ બધ પડવુ, ઉભુ રહેવુ, થોભવુ ૨ લાગવુ, અડકવુ

અટકળ, **સ્ત્રી૦** (સ૦ ઉત્–ઉપર+કલ–જાણવુ) કંઈક આધાર ઉપરથી કળવુ તે ૨ કલ્પનાથી ગણેલુ તે, આશરો, અડસટ્ટો ૩ નિસબ રમી રહેવા તે, અભ્યાસ, મહાવરો ૪ તર્ક, કલ્પના, ખ્યાલ ૫ યુક્તિ, કળ **અટકળ કરવી**–આશરો કાઢવો તર્ક બાધવો

અટકળબાજ, **વિ૦** અટકળ બાધવામા ચાલાક, અનુમાન કરનાર

અટકળવુ, **ક્રિ૦ અ૦** શુમાર કાઢવો, અનુમાન કરવુ તર્ક બાધવો

અટકામણ, **સ્ત્રી૦** હરકત અડચણ ૨ મુશ્કેલી ૩ ઓપટી, અટકાવ

અટકાર, પુ૦ ઓડકાર

અટકાવ, પુ૦ (હિ) જેથી અટકી પડાય તે, પ્રતિબન્ધ ૨ બાધા, નિયમ ૩ સ્ત્રીને ઋતુ આવવા તે ૪ અડચણ, વિઘ્ન, અતરાય નડતર **અટકાવ આવવો**–અળગુ બેસવુ (સ્ત્રીએ) **અટકાવ કરવો**–હરકત કરવી, અડચણ લઈ રાકવુ **અટકાવ નાખવો**–(કઇ વાતમા) પથરો નાખવો આડખીલી કરવી

અટકાવવુ, ક્રિ૦ સ૦ બધ પાડવુ, રોકવુ, અટકે તેમ કરવુ ૨ વાસવુ બધ કરવુ, ઢાકવુ
અટકાવુ, ક્રિ૦ અ૦ સ્ત્રીને ઋતુ આવવો, અભડાવુ ૨ રોકાવુ
અટકી પડવુ, ક્રિ૦ અમુક કામ કે પ્રવૃત્તિનુ બધ પડવુ, અચકી જવુ, ૨ ખોટી થવુ ૩ અશક્ત -નિર્બળ થઇ જવુ **અટકી રહેવુ**-અમુક વગર ન ચાલવુ,-ખોટી રહેવુ.
અટકીમટકી, સ્ત્રી૦ છોકરીઓની એક રમત
અટકુલટકુ, ન૦ ડોકિયુ
અટકો, પુ૦ ત્રાબાનાણુ, પૈસો, કાવડીઉ **અટકાનો ઘોડો**-નજીવુ, તુચ્છ
અટકોમટકો, પુ૦ સ્ત્રીનો ચાલવાનો તથા અગ મરડવાનો ચાળો, લટકોમટકો
અટગ, અ૦ તદ્દન, હાડોહાડ ૨ પાગળુ
અટણ, ન૦ (સ૦ અટ્-રખડવુ) ભમવુ, રખડવુ તે, ભ્રમણ ૨ મુસાફરી, પ્રવાસ
અટણી, સ્ત્રી૦ (સ૦) જ્યા દોરી ચઢાવાય છે એવો ધનુષ્યનો કાપવાળો છેડો ૨ દામડાનો કરો, તટ્ટી
અટન, ન૦ (સ૦) મુસાફરી, પ્રવાસ ૨. ફેરણી
અટપટુ, વિ૦ ગુચવણવાળુ, ન સમજાય તેવુ, ગુચવાડા ભરેલુ ૨ આડાઅવળા આટાવાળુ.
અટપવું, ક્રિ૦ આટોપવુ, જુઓ
અટલ-અટ્ટલ, વિ૦ સારો હોશિયાર, પાકો, પ્રવીણ ૨. બહુજ, અડગ [જાળમા ફસાઇ પડવુ.
અટવાણ, સ્ત્રી૦ પટાનુ ગુચવાઇ જવુ, દોરી-
અટવાણુ, વિ૦ ઉઘાડે માથે, પાઘડી વગર
અટવામણ, સ્ત્રી૦ ગુચવણ, ગભરામણ, નડતર
અટવાવુ, ક્રિ૦ અ૦ ઘુટાઇ એક રસ થવુ, મળી ભળી જવુ ૨ મનમા મુઝાવુ, ગુચવાવુ ૩ ગુચાઈ જવુ ૪ કાયર થવુ
અટવિ-વી, સ્ત્રી૦ (સ૦) વન, અરણ્ય
અટવુ, ક્રિ૦ સ૦ (સ૦ અટ્-રખડવુ) રખડવુ, ભટકવુ, ભમવુ, ફરવુ
અટળ, વિ૦ (સં૦ અ+ટળવુ) છુટા ન પડાય-દૂર ન કરી શકાય તેવુ, અનિવાર્ય
અટા, સ્ત્રી૦ (સ૦) રઝળવુ તે, મિથ્યા ભ્રમણ ૨ મેડી, ૩ અ૦ આડુ અવળુ.
અટાઉ, સ્ત્રી૦ ઠગાઈ **અટાઉનો માલ બટાઉ** (વટાવ માં જાય-આળુની કમાઈ જાળુમા જાય.
અટાટ, વિ૦ નકામુ, ખાલી, વ્યર્થ ૨ અ૦ ખોટી રીતે, અન્યાયે. [ડાઅવળા પટા
અટાપટા, પુ૦ લાબા પહોળા રગીન લીટા, આ-
અટામણ, ન૦ રોટલી કરતી વેળા લુવો ચોટી ન જાય તે સારૂ જે કોરો લોટ લુવાને લગાડવામા આવે છે તે ૨ (લાક્ષણીક) નકામુ જવુ ૩ સામાન્ય ખરચ
અટાર, સ્ત્રી૦ રેતી, ધૂળ, રજ
અટારી-લી, સ્ત્રી૦ (સ૦ અટ્ટાલિકા) ઉચી મેડી. ૨ ઝરૂખો, ગોખ, છજુ
અટારૂ, વિ૦ તોફાની, ધાધળીઓ, ચાદવુ
અટારો, પુ૦ ઉચાળો, સરસામાન, ખટલો(ઘરમાંનો)
અટાવુ, ક્રિ૦ અ૦ છુદાઇને લોદો થવો કચરાવુ ૨ લગર કારણે વટાવુ ૩ રધાવુ
અટિ, સ્ત્રી૦ મહોરમમા હાથીની આસપાસ રગિત દોરી વિટાળવામા આવે છે તે **અટીનો કરાર**—સખત બધનવાળો કરાર.
અટિમ્બર, પુ૦ (સ૦ આ + સ્તમ્ભ્-ઉભુ રહેવુ) એકઠુ થવુ તે, ઢગલો, ટિંબો
અટીપટી, સ્ત્રી૦ એક જાતની રમત, ખારોપાટ
અટીસોમટીસો પુ૦ છોકરાની એક રમત, સતાકુકડી.
અટેરણ, પુ૦ સુતરની આટીઓ બનાવવાનો એક યત્ર-ફાળકો
અટેરવુ, ક્રિ૦ સ૦ (સ૦ આ-આસપાસ + ટેરવુ-આગળીનુ ટચકુ) કાતેલા સુતરની આટી બનાવવી, ઓવાળવુ ૨ આગળી કરીને બતાવવુ
અટોપવુ, ક્રિ૦ અ૦ આટોપવુ, જેમ તેમ એકઠુ કરવુ, સમેટવુ ૨ પુરૂ કરવુ, બધ કરવુ
અટ્ટ, પુ૦ ઝરૂખો, અટારી ૨ કિલ્લા ઉપરનું સૈન્યગૃહ. ૩ મહેલ ૪ પ્રહાર
અટ્ટલ, વિ૦ અટલ, જુઓ ૨ વાજબી, ખરૂ.
અટ્ટહાસ, ન૦, (સ૦ અટ્ટ-મોટુ+હાસ્-હસવુ) ખડખડ હસવુ તે, ઘણુ હસવુ તે ૨ તોરમસ્કરીમા હસવુ તે

અટ્ટા, પુ૦ (સં૦ અટ્ટા–દ્વાર) દ્વાર, દરવાજો ૨, ડહેલી, ઓસરી, પહોળી માડવી **અટ્ટાબ ધ કરવા**–બોલતા બ ધ કરવુ, આજી નાખવુ, હરાવવુ

અટ્ઠ, વિ૦ (સ૦ અષ્ટ) આઠ, ૮

અટ્ઠમ, પુ૦ એકી વખતે ત્રણ ઉપવાસ કરવા તે (શ્રાવકોમા)

અટ્ઠાઈ, સ્રી૦ આઠ દિવસના ઉપવાસનુ વ્રત

અટ્ઠાણુ, વિ૦ (સ૦ અષ્ટ+નવતિ–નેવુ) નેવુ ને આઠ, ૯૮ ૨ એ ની સ જ્ઞા

અટ્ઠાબ ધ, વિ૦ સોકટાની રમતમા અટ્ટા ઉપરની સોકટી ન મરાય તે

અટ્ઠાવન, વિ૦ (સં૦ અષ્ટ+પ ચાશત્–પચાસ) પચાસ ને આઠ, ૫૮ [આઠ ૨૮

અટ્ઠાવીસ, વિ૦ (સ૦ અષ્ટ+વિ શતિ) વીસ ને

અટ્ઠાશીઆ ન૦ સ્રીઓના પગનુ એક રૂપાનુ ઘરેણુ. ૨ ઠાસીને ટાટ કરેલા ન હોય તેવા સાકળા તોડા

અટ્ઠાસી, વિ૦(સ૦ અષ્ટ+ અશીતિ) એસી ને આઠ ૮૮

અત્રો પુ૦ ગાયન-ગીતને, આરભે ગાવાનો જે ભાગ તે સિવાયનો બીજો તે (મોરો અસ્તાઈ અને અત્રા) ૨ આતરો, આડ. ૩ જુદાઈ, ભેદ ભાગ છેટુ, અતરાય
અદર, અ૦ મા, વચમા, મહી
અદરખાને, અ૦ છુપી રીતે, પડદા પાછળ, છાનુમાનુ ગુપ્તપણે ૨ ખાનગીમા, પોતપોતામા
અદાજ-જો, પુ૦ (ફા૦ અદાઝ)માપ,પરિમાણ ૨ પ્રમાણ, શુમાર ૩ હદ મર્યાદા **અદાજ કાઢવો**-શુમાર કાઢવો, માપનો અડસટ્ટો કાઢવો
અદાજ લેવો-અજમાયશ કરવી
અદુક, સ્ત્રી૦(સ૦)હાથીને પગે બાધવાની સાકળ
અદેશો, પુ૦ (ફા૦) ચિતા, ફિકર ૨ શકા, સદેહ અણપતીજ શક
અદોલન, પુ૦ (સ૦) હીચકો, હિંડોળો, ઝોલો
અદોળવુ, ક્રિ૦ સ૦ હિંચકો નાખવો,હિંડોળવુ
અધ, વિ૦ (સ૦) આધળુ ૨ અજ્ઞાની, હૈયાફુટ ૩ વિવેક શૂન્ય
અધક, વિ૦ (સ૦) ઝાખુ, આછુ અજવાળુ હોય તેવુ ૨ આછુ ફિકુ (રગ)
અધકાર, પુ૦ સ૦)અધારૂ તિમિર ૨ કાળાશ, શ્યામતા ૩ છાનુ રાખવુ તે, પડદો ૪ અજ્ઞાન
અધકૂપ, પુ૦ (સ૦) અધારો કુવો છુપો કુવો
અધતા, સ્ત્રી૦ (સ૦) આધળાપણુ અધાપો. ૨ અજ્ઞાનતા [અવિચાર
અધત્વ, ન૦ (સ૦) અધાપો ૨ અજ્ઞાન,
અધપરપરા, સ્ત્રી૦ (સ૦ અધ + પરપરા-હાર) આધળાઓની હાર ૨ વગર વિચારે જેમ ચાલતુ હોય તેમ ચાલવુ તે, ગાડરિઓ પ્રવાહ
અધરાવુ, ક્રિ૦ અ૦ વાદળા ચઢી આવવા, ઘેરાવુ, ઘોર થાવુ [ગેરમદોમસ્ત ૨ આધી
અધાધુદ-ધ, સ્ત્રી૦ અરાજકતા, અવ્યવસ્થા, અધેર,
અધાપો, પુ૦ આખે ન દેખવુ તે, અધત્વ
અધાર, વિ૦ જેથી કઇ ન સૂઝે તેવુ ૨ મોહિની રૂપ મુગ્ધ બનાવી દે તેવુ
અધારકોટડી, સ્ત્રી૦ કેદખાનુ, કારાગ્રહ ૨ ઘણુ અધારૂ હોય તેવી ઓરડી
અધારપટો, પુ૦ આખે બાધવાનો લુગડાનો

પટો, અંધારી ૨ છોકરાની એક જાતની રમત જેમા આખે પાટો બાધવામા આવે છે તે

અંધારપિછોડી, પુ૦ જે ઓઢવાથી કોઇ દેખી શકે નહિ તેવુ કપડુ, અંધારી, મોહિની, ભુરકી નાખવુ તે **અંધારપિછોડો ઓઢાડવો**–ઉંધા અવળા પાટા બધાવવા, આડે રસ્તે ચઢાવવુ

અંધારવુ, ક્રિ૦ અ૦ વાદળાથી ઘેરાવુ, છવાવુ, ઘોર ભાવુ

અંધારા, ન૦ (સ૦ અંધ્–આંધળા થવુ) એકાએક આખે દેખાય નહિ તેવુ થઇ આવે તે, ફેર, ચક્કર, તમ્મર [૩ આંધળી

અંધારી, વિ૦ કૃષ્ણપક્ષની ૨ અંધારૂ હોય તેવુ

અંધારી, સ્ત્રી૦ અંધારા, ઝાખ ૨ દૃષ્ટિને અટકાવ કરનારી વસ્તુ આખ ઢાંકણીઓ, પડદો (ઘોડા–બળદની આખ જે બધાય છે તે) ૨ સોનીઓનુ એક ઓજાર ૩ મોહિની, ભૂરકી **અંધારી નાખવી**–ભૂરકી નાખવુ પોતાને જણુએ તેમ કરવુ

અંધારીઉ, ન૦ જેમા ચદ્રની કળા ઓછી થતી જાય તે પખવડીઉં વદ, કૃષ્ણપક્ષ ૨ જેથી અધારૂ થાય તે

અંધારીઉ અજવાળીઉ, ન૦ એક જાતની છોકરાની રમત તલકછાયડો

અંધારૂ, ન૦ પ્રકાશનો અભાવ, તિમિર તમ ૨ અજ્ઞાન ૩ અંધેર, અવ્યવસ્થા, **દીવા પછવાડે અંધારૂ**–નામાંકિત પુરૂષની પાછળ તેનો વારસ નઠારો નીકળે તે **અંધારે કુદાવુ**–વગર સમજે મહેનત કરવી **અંધારામા જવુ**–અજાણપણામા જવુ **સો મણ દીવેલે અંધારૂ**–ઘણા જણનો કારભાર, સાધન છતા કાર્ય ન થવુ **અંધારે અક્કલ વહેચાઈ છે**–પાત્રાપાત્ર જોયા વગર થએલુ કામ **અંધારે કોળિયા મોમાંજ જાય**–અજ્ઞાની પણ સ્વાર્થ તો સમજેજ **અંધારૂ ઘોર**- છેકજ ગેરબદોબસ્ત, ૨ તદ્દન અંધારૂ

અંધુ, વિ૦ આંધળુ ૨ અજ્ઞાની

અંધેમુલ, વિ૦ હૈયાફૂટ, કમઅક્કલ મૂર્ખ

અંધેર, ન૦ ગેરબદોબસ્ત, અવ્યવસ્થા ૨ અંધારૂ ૩ વિ૦ અવ્યવસ્થિત, અરાજક, સનોમત **અંધેર કારખાનું**–નિયમ વગરનુ ખાતુ **અંધેર નગરી**–જેમા વ્યવસ્થા બરાબર ન હોય તે, સારામાઠાના વિચાર વગરનુ [મોહિત

અંધો પુ૦ આંવળુ ૨ એકજ લક્ષવાળુ મુગ્ધ

અંધ્યારૂ, પુ૦ (સ૦ અધ્વર્યુ) ગોર પુરોહિત ૨ પારસીઓનો ગોર મોબેદ ૩ ગુઃ મહેતાજી

અંઘ્રિ પુ૦ પગ, ચરણ,

અન્ન, ન૦ (સ૦ અદ્–ખાવુ) અનાજ, ધાન્ય, દાણો ખોરાક **અન્ન ભેગુ થવુ**–ખાવા પામવુ, ઘણી મેહેનત કર્યા પછી–વખત થઈ ગયા પછી ખાવુ તે **અન્ન તેનું પુન્ય ને રાંધનારીને ધુમાડો**—જેનુ વરે તેનાજ જશ ગવાય **અન્ન આહારે અને ઘી વ્યવહારે**–રુચતુ હોય તેમ કરવુ **અન્ન પારકુ છે કંઈ પેટ પારકુ છે.** મફતનુ હોય પણ ગજા પ્રમાણેજ લેવાય **અન્ન તેવો ઓડકાર**—જેવુ કાર્ય તેવુ ફળ **અન્ન પાણી ઝેર થઈ જવા**–ખાવુ પીવુ ઝેર જેવુ–અકારૂ લાગવુ

અન્નકૂટ, પુ૦ (સ૦) અણકૂટ, જુઓ,

અન્નછત્ર, (સ૦ અન્ન+સત્ર) વટેમાર્ગુ, સન્યાસીઓ, ઇ૦ ને ખાવાનુ આપવાનુ જે સ્થાન તે, સદાવ્રત [નસીબ, ભાગ્ય, રજક

અન્નજળ ન૦ (સ૦) દાણોપાણી, અન્નોદક ૨

અન્નદાતા, પુ૦ (સ૦ અન્ન+દાતૃ–આપનાર) અન્ન પુરૂ પાડનાર, શેઠ સ્વામી, આશ્રય આપનાર, હિમાયતી, મદદગાર, પોષક, મુરબ્બી

અન્નદાન, ન૦ (સ૦ અન્ન+દાન) ગરીબને અન્નનુ દાન આપવુ તે (રાંધેલુ કે કાચુ)

અન્નદેવતા, સ્ત્રી૦ (સ૦)અન્નની અધિ દેવતા, અન્નપૂર્ણા

અન્નદેવ, પુ૦ (સ૦) અન્નદેવતા જુઓ ૨ અન્ન

અન્નપાણી, ન૦ ખાવા પીવાનુ, અન્નજળ ૨ નસીબ, પ્રચિત, નિમાણ,

અન્નપૂર્ણા, સ્ત્રી૦ (સ૦+ પૂર્ણા–ભરનારી) અન્ન પુરૂ પાડનારી દેવી ૨ અન્ન ભરપૂર રાખનારી દૈવી શક્તિ

અન્નપ્રાશન, ન૦ (સ૦ અન્ન+પ્રાશન) પેટવું, બાળકને છઠ્ઠા અથવા આઠમા માસે પહેલવહેલુ અન્ન ખવરાવવાનો જે સંસ્કાર તે

અન્નમય, (સ૦) અન્નનું, અન્નથી ભરપુર-બનેલુ (શરીર). ૨ ધાનોઉ

અન્નમયકોશ, પુ૦ (સ૦) અન્નનીજ બનેલો કોશ, સ્થૂલદેહ (આનંદમય, વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય, અન્નમય, એથી શરીર બનેલુછે)

અન્નરસ, પુ૦ (સ૦) અન્નનો રસ-સત્વ

અન્નવસ્ત્ર, ન૦ (સ૦) ખાવાનુ અને પહેરવાનુ, ભરણપોષણ, ખોરાકીપોષાકી,

અન્નવિકાર, પુ૦ (સ૦) અપચો થવાથી પેટમા થતો ખરભડાટ, મુર્છા ૨ અપચાનો પેટમા વિકાર થવો તે

અન્નાશય, પુ૦ (સ૦) હોજરી, પેટ, ઉદર, જઠર

અન્નોદક, ન૦ (સ૦+ઉદક-પાણી) અન્નજળ, ખાનુ પીનુ ૨ સંચિત

અન્ય, વિ૦ (સ૦) બીજુ ૨ જુદુ ભિન્ન

અન્યગામી, વિ૦ પરસ્ત્રીલંપટ, વ્યભિચારી

અન્યત્ર, અ૦ (સ૦) બીજે ઠેકાણે, બીજે કંઈ ૨ નહિતર, સિવાય

અન્યથા, અ૦ (સ૦) બીજે પ્રકારે, જુદી રીતે ૨ આડુ, ઉલટુ, વિપરિત ખોટુ

અન્યભૃત-તા, સ્ત્રી૦ (સ૦ અન્ય + ભૃત-પાળેલુ) કોયલ, કોકિલા

અન્યા, પુ૦ અન્યાય, ગેરવાજબીપણુ

અન્યા, સ્ત્રી૦ બીજાની સ્ત્રી, પરસ્ત્રી (કાવ્યશાસ્ત્રમા ત્રણ ભેદ છે-અન્યા, સ્વીયા અને સામાન્યા)

અન્યાય, પુ૦ (સ૦ અ + ન્યાય) ન્યાય-ઇનસાફ નહિ તે, અનીતિ, અધર્મ દોષ, પાપ, વાંક, ગુન્હો

અન્યાયી, વિ૦ (સ૦) અન્યાય કરનાર, અપ્રમાણિક અધાર્મિક

અન્યારો, સ્ત્રી૦ બાળવાના લાકડાની હેલ-ગાડુ

અન્યેપન્યે, અ૦ ગમે તેમ કરીને, એક અથવા બીજી રીતે

અન્યોક્તિ, સ્ત્રી૦ (સ૦) હોય તેથી જુદુ બોલવુ તે ૨ એકને ઉદ્દેશીને બીજાને કહેવુ તે ૩ સ્તુતિના શબ્દોમા નિંદા અને નિંદાના શબ્દોમા સ્તુતિ જણાવવી તે અર્થાલંકાર

અન્યોન્ય, વિ૦ (સ૦) પરસ્પર, એકમેક અરસપરસ ૨ એક જાતનો અર્થાલંકાર

અન્વય, પુ૦ (સ૦ અનુ + ઈ-જવુ) સંબંધ ૨ (વ્યાકરણમા) ક્રિયાપદ, કર્તા, કર્મ, વિશેષણ સાથે જે સંબંધ બતાવવો તે ૩ પ્રતિજ્ઞા-અનુમાનનો જે નિયમસર સંબંધ તે ૪ વંશ, કુળ, ૫ ધોરણ, આશય ૬ ભાવાર્થ, વૃત્તિ, અભિપ્રાય ૭ તાત્પર્ય, અર્થ, હેતુ

અન્વયી, વિ૦ (સ૦) સંબંધ રાખનાર, વંશવાળુ

અન્વાસન, ન૦ (સ૦) ઉપાસના ૨ પસ્તાવો દીલગીરી બતાવવી તે ૩ વિદ્યાર્થીઓનુ સ્થાન.

અન્વેષ, પુ૦ (સ૦ અનુ + ઇષ્) શોધ ૨ સાધણુ, અનુસંધાન

અન્વેષણ, ન૦ તપાસ, ચોકસી, શોધન પડપૂછ ૨ જીજ્ઞાસા ૩ અનુસંધાન

અપ, અ૦ (સ૦) નીચે, દૂર, જુદુ, અનાદર, ઇ૦, બતાવનાર ઉપસર્ગ

અપ, વિ૦ નીચ, અધમ નઠારૂ ૨ ઉલટુ

અપઇ, વિ૦ જાણીતુ, સમજાય તેવુ

અપકર્મ, વિ૦ દુષ્ટ પાપી કામ [પડતી, ઘટ

અપકર્ષ, પુ૦ (સ૦) પાછા પડવુ તે, અવનતિ,

અપકાય, સ્ત્રી૦ (સ૦) પોરા, પાણીના જીવ (જૈન)

અપકાર, પુ૦ (સ૦ અપ + કૃ-કરવુ સારાના બદલામા નરસુ કરવુ તે ૨ નુકસાન, હાનિ, ઉપદ્રવ, ઇજા, ધોકો, અન્યાય ૩ દ્રોહ અનુપકાર

અપકરક, વિ૦ (સ૦) અપકાર કરનાર દ્રોહી

અપકીર્તિ, સ્ત્રી૦ (સ૦) બેઇજ્જત બદનામી, અપજશ

અપક્વ, વિ૦ પાકેલુ નહિ તે કાચુ

અપક્ષ, વિ૦ (સ૦) પાંખ વિનાનુ, સહાય વિનાનુ, એકલવાયુ

અપક્ષપાત, પુ૦ તરફદારી નહિ તે, સમભાવ

અપગા, સ્ત્રી૦ નદી સરિતા

અપંગ, વિ૦ જેને એક અથવા વધારે અંગોની ખોડ હોય તેવુ, ખોડીલુ, ખોડવાળુ

અપચિહ્ન ન૦ નઠારા ચિહ્ન, અપલક્ષણ
અપચો, પુ૦ (સ૦ અ + પચ્‌-રાંધવુ) ખાધેલુ ન પચવુ, અજીરણ બદહઝમી
અપચ્છરા, સ્ત્રી૦ (સ૦) અપ્સરા, જુઓ
અપજય, પુ૦, (સ૦) પરાભવ, પરાજય, હાર
અપજશ,પુ૦(સ૦)બેઆબરૂ અપમાન,બદનામી
અપજશીયુ, વિ૦ અપજશવાળુ , નામોશી ભરેલુ,
અપટ,વિ૦ સમજવિનાનુ, અડાણી, હઠીલુ [નિત્ય
અપટ, (અપ્પટ) અ૦ હમેશ, રોજ, સતત, સદૈવ
અપત, વિ૦ (સ૦ અપત્ય) કઈજ સમજે નહિ તેવુ, છેક નાનુ [કુલટા, છિનાળ, વ્યભિચારીણી
અપતિવ્રતા, સ્ત્રી૦ (સ૦) પતિવ્રતા નહિ તે
અપતીજ, સ્ત્રી૦ (સ૦ અપ્રતીતિ) અણપતીજ ખાતરી નહિ તે, અણવિશ્વાસ
અપત્ય, ન૦ (સ૦) સતાન ફરજદ, બાળક,છોકરૂ
અપથ, પુ. (સ૦) કુમાર્ગ, અનીતિનો માર્ગ
અપથ્ય, ન૦(સ૦)પથ્ય નહિ તે, અવગુણી,અહિત રુચતુ નહિ તે [વસ્તુત ન હોવુ તે
અપદાર્થ, પુ૦ (સ૦) (ન્યાયશાસ્ત્રમા) અભાવ,
અપદેશ, પુ૦ (સ૦ અપ+દિશ્‌) બહાનુ, મિષ ૨ યુક્તિ, છળભેદ ૩ વેશ બદલી ગુપ્ત રહેવુ તે ૪ ખરાબ દેશ-સ્થાન
અપદ્વાર, ન૦ (સ૦ અપ-નીચુ + દ્વાર) ગાળ ૨ ગુપ્ત દ્વાર, પાછલુ બારણુ
અપધ્વસ, પુ૦ (સ૦) પાત, નાશ ૨ અધોગતિ, ઉતરી પડવુ તે [પ્રાકૃત ભાષા
અપપ્રયોગ, પુ૦ (સ૦) ભાષાનુ અશુદ્ધ રૂપાતર
અપમાન, ન૦ (સ૦) માન નહિ તે, અપ્રતિષ્ઠા અનાદર, નિરસ્કાર [માજવુ તે
અપમાર્ગ, પુ૦(સ૦)ખરાબ-અવળો રસ્તો ૨
અપમૃત્યુ, ન૦ (સ૦) કમોત, અકાળ મરણ
અપયશ, પુ૦(સ૦) ફજેતી અકીર્તિ, બદનામી, નામોશી [૩ પછીનુ ૪ ઓરમાન, અવર
અપર, વિ૦(સ૦)ભિન્ન બીજુ ૨ પાછળો ભાગ
અપરંચ, વિ૦ (સ૦ અપર+ચ-અને) બીજુ એક, વિશેષ; વધારામા (કાગળમા લખાય છે)
અપરમ, વિ૦ સાધારણ ૨ વિશેષ, બહુ વધારે

અપરમા-તા, સ્ત્રી૦ ઓરમાન મા, શાવકી મા
અપરપાર વિ૦ પારવિનાનુ, બેહદ, અનત
અપરરાત્ર, સ્ત્રી૦ રાત્રિનો શેષ ભાગ મસળકુ
અપરસ્વસ્તિક,ન૦(સ૦)દિગતલીટીનુ પશ્ચિમબિંદુ
અપરાજિત, વિ૦ (સ૦ અ + પરા-સામુ + જિ-જીતવુ) નહિ જીતાએલુ પરાભવ ન પામ્યુ હોય તેવુ, અજિત ૨ પુ૦ શિવ, વિષ્ણુ ૩ તે નામના એક ઋષિ [તકસીર, વાક
અપરાધ, પુ૦ (સ૦ અપ + રાધ્‌) દોષ, ગુનો,
અપરાધણ, સ્ત્રી૦ ગુનેગાર, દોષિત પાપિણી
અપરાધી, વિ૦ (સં૦) અપરાધ કરનાર, ગુનેગાર, અધર્મી, દોષી, પાપી
અપરાધીનતા, સ્ત્રી૦ અપરવશતા ૨ પરાધીનતા
અપરાહ્ન, પુ૦ (સં૦ અપર+ અહન્‌-દિવસ) પાછલો પહોર, સાજનો વખત
અપરિગ્રહ,પુ૦ પરિવ્રાજક, સન્યાસી ૨ દાનત્યાગ
અપરિચય,ન૦વગર ઓળખાણનુ સબધ વગરનુ
અપરિચિત, વિ૦ (સ૦) અજાણ્યુ, બેમાલુમ
અપરિચ્છિન્ન, વિ૦ (સ૦) સીમા વગરનુ ભાગ વગરનુ
અપરિમિત-માણ, વિ૦ (સ૦ અ + પરિ+ મા-માપવુ) મપાએલુ નહિ તે વિશાળ, બેહદ
અપરીક્ષિત, વિ૦ (સ૦ + ઇક્ષ્‌-જોવુ) તપાસેલુ નહિ તે, પારખેલુ નહિ તે
અપરોક્ષ, વિ૦ (સ૦) આખ આગળ બન્યુ હોય તેવુ, સમક્ષ, પ્રત્યક્ષ [બેશુમાર
અપર્યાપ્ત, વિ૦ (સ૦) સીમા વગરનુ, અસખ્ય,
અપલક્ષણ ન૦ (સ૦ અપ + લક્ષ્‌-જોવુ) નઠારા લક્ષણ દુર્ગુણ દોષ
અપલક્ષણુ, વિ૦ અટકચાળુ, ચાળવુ એબવાળુ,
અપલ્યા, વિ૦ કમજોર, દુબળી ૨ ગદી,ફુઅડ
અપવર્ગ, પુ૦ (સ૦ અપ + વૃજ્‌-જવુ)મોક્ષ મુક્તિ ૨ સમાપ્તિ, પુરૂ થઇ જવુ તે
અપવાદ, પુ૦ (સ૦ અપ + વદ્‌-બોલવુ) જુઠુ આળ,દોષારોપ ૨ રદીઓ, તોડ, જવાબ, દલીલ ૩ નિંદા અપમાન, અપકીર્તિ ૪ હુકમ, આદેશ
અપવાસ, પુ૦ (સ૦) ઉપવાસ, જુઓ

અપવાસી, વિ૦ ભૂખ્યુ, ક્ષુધાર્ત, ઉપવાસી
અપવિત્ર, વિ૦(સ૦) શુદ્ધ,મલિન,નાપાક,દૂષિત
અપવિત્રતા સ્ત્રી૦ (સ૦) અશુદ્ધપણુ, નાપાકી મલિનપણુ [ર. ગાળ, અત્રટિત શબ્દ
અપશબ્દ, પુ૦ (સ૦) અશુદ્ધ શબ્દ, અપભ્રશ
અપશુકન, ન૦ (સ૦ પ્રા૦ શગુન-એક પક્ષિ) ખરાબ શુકન, અશુભ ચિહ્ન **અપશુકન થવા** -ખોટા ચિહ્ન જણાવા **અપશુકન કહેવુ-** અમગળ પ્રશ્ન કરવો ૨ ગાળ ભાડવી
અપશુકનિયાળ, વિ૦ અશુભ,અમગળ, અભદ્ર
અપસવ્ય, વિ૦ (સ૦) જમણુ ૨ પ્રતિકૂલ, ઉલટુ, વિપરીત
અપસ્માર, પુ૦ (સં૦) મૃગી, ફેફરૂ, વાઈ
અપહરણ, ન૦ (સ૦ અપ+હૃ-લઈ જવુ) નસાડી જવુ તે, ચોરી જવુ તે, કાઢી લઇ જવુ
અપહાર, સ્ત્રી૦ (સ૦) અપહરણ છીનવી-લુટી લેવુ તે ૨ વ્યય, અપચય, ખરચવુ તે
અપહ્નુતિ, સ્ત્રી૦ (સ૦) જાણવામા છતા છુપાવવુ તે. ચૂકવણી, ઉડાવણી ૨ એ નામનો એક અલકાર, જેમા એક વાત છુપાવી અને બીજીનો ધ્વનિ કરાય તે
અપાકરણ, ન૦ (સ૦) દેવુ અદા કરવુ તે, ૨ ખસેડવુ તે ૩ નિરાકરણ
અપાગ, પુ૦ આખનો ખૂણો. ૨ તિલક, ટીલુ
અપાત્ર, વિ૦ (સ૦) પાત્ર-યોગ્ય નહિ તે ગુણહીન, કુપાત્ર
અપાદાન, ન૦ (સ૦ અપ+આ+દા-આપવુ) (વ્યાકરણમા) પંચમી વિભક્તિનો કારક (વિજોગ, સીમા, ઓરુનુ બતાવે છે તે)
અપાન, પુ૦ (સ૦) પાચ પ્રાણવાયુમાનો એક, ગાડ વાટે જે વા છૂટે છે તે, પાદ
અપામાર્ગ, પુ૦ (સ૦)એક જાતનો છોડવો ઝઝેરો, અઘેડો
અપાય, પુ૦ (સ૦) અનિષ્ટના કારણરૂપ જે સબધ તે, નાશ, હાનિ ગેરફાયદો ૩ સતાપ દુખ ફ્લાગડો, પીડા, 'માનગનવી કુમતા બાળકોને અપાયમા નાખે છે " ૪ વિયોગ, છૂટુ પડવુ તે

અપાર, વિ૦ (સ૦ અ+પૃ-ભરવુ) અસત, ઘણુ, પાર વિનાનુ
અપારદર્શક, વિ૦ (સ૦ અ+પાર+દૃશ્-જોવુ) જેમાથી આરપાર દેખાય નહિ તેવુ, અસ્વચ્છ, આંધળુ
અપાવવુ, ક્રિ૦ સ૦ આપે તેમ કરવુ દેવરાવવુ
અપાશરો, પુ૦(સ૦ ઉપ+આ+શ્રિ-જવુ)ગોરજીઓને રહેવાનુ ઠેકાણુ (જૈન)
અપિ, અ૦ (સ૦) પણ, વળી, અને,
અપીલ, સ્ત્રી૦ (અ૦) નીચલી કોરટના ફેસલા ઉપર વિચાર કરવા ઉપલી કોરટને જે અરજ કરવી તે
અપુચ્છ, વિ૦ (સ૦) પુછડા વગરનુ, બાડુ
અપુત્ર, વિ૦ (સ૦) જેને સતાન ન હોય તે, વાઝીઉં, પુત્ર વગરનુ
અપૂજ, વિ૦ પૂજા ન થતી-કરી હોય તેવુ (દેવ)
અપૂજ્ય, વિ૦ (સ૦) પૂજવાને યોગ્ય નહિ તે
અપૂપ, પુ૦ માલપૂડો, પુરી
અપૂર્ણ, વિ૦ (સ૦) પૂરૂ નહિ તે,અધુરુ,ઓછુ
અપૂર્ણકાળ, પુ૦ અધુરો કાળ બતાવવાની રીત
અપૂર્ણતા, સ્ત્રી૦ (સ૦) અધુરાપણુ, ઓછપ, ખૂટ, ન્યૂનતા
અપૂર્ણાક, ન૦ (સ૦) અપૂર્ણ અકથી હિસાબ ગણવાનુ જે ગણિત તે ૨ નહિ જે પૂર્ણ અક તે (એની ચાર જાત છે વ્યવહારી,સમ, વિષમ, અને દશાશ અપૂર્ણાક)
અપૂર્વ, વિ૦ (સ૦ અ+પૂર્વ-પહેલા) પૂર્વે ન બન્યુ હોય તેવુ, અવનવુ ચમત્કારી,વિલક્ષણ, અદ્ભુત, ૩ નવન, નવુ [કાઢી નાખવો તે
અપૂગ, સ્ત્રી૦ દાટો ૨ થકવી નાખવુ તે દમ
અપૂમાન, ન૦ (સ૦) ભોજનને આરભે ને અતે જે આચમન કરવુ તે
અપેક્ષા, સ્ત્રી૦ (સ૦ અપ+ઇક્ષ્-જોવુ) ઉચે જોઇ રહેવુ તે, આશા, ઉમેદ ૨ ગરજ,અગત્ય, પરવા [ગરજાઉ, આતુર
અપેક્ષિત, વિ૦ (સ૦) ઉમેદવાળુ, આશાવત,
અપેક્ષ્ય, વિ૦ (સ૦) ઇચ્છા કરવા યોગ્ય

અપેલટ, વિ૦ (અ૦ એપેલન્ટ)અપીલ કરનાર
અપોશન, ન૦ અપૂસાન, જુઓ
અપ્પટ, વિ૦ કમઅક્કલ, બેવકુફ
અપ્પર, અ૦ હમેશ રોજને રોજ, નિત્ય
અપ્રકટ, વિ૦ (સ૦ અ+પ્ર+કટ–માજુ) જાહેર નહિ તેવુ ગુપ્ત, છાનુ
અપ્રકૃત, વિ૦(સ૦)અડફાઉ, અપ્રાસગિક, ચાલુ બાબત–વિષય સાથે જેને સબધ ન હોય એવુ
અપ્રગલ્ભ, વિ૦ (સ૦) ન કેળવાએલુ ૨ નમ્ર, શરમાળ, હલેતુ
અપ્રણીત, વિ૦ (સ૦) અકૃત, સસ્કારહીન
અપ્રતિકૂલ, વિ૦ (સ૦)અનુકૂળ, ગમતુ,ગોઠતુ
અપ્રતિમ, વિ૦ (સ૦) જેના સરખુ બીજુ નહિ તે, અનુપમ, અદ્વિતીય
અપ્રતિષ્ઠા, સ્રી૦(સ૦)અપમાન, નામોશી,ફજેતી
અપ્રતિહત, વિ૦ ચાલુ, બધ ન રહે તેવુ
અપ્રતીજ, સ્રી૦ (સ૦) અણુપતીજ,
અપ્રતીત–તિ, સ્રી૦ (સ૦)અણુપતીજ, વિશ્વાસને અભાવ [ઉતરતુ
અપ્રધાન, વિ૦ (સ૦) મુખ્ય નહિ તે, ગૌણ
અપ્રમાણ, વિ૦ (સ૦) પ્રમાણ–પુરાવા વગરનુ ૨ અસત્ય, મીથ્યા ૩ અમાપ, અપરિમિત
અપ્રમાણિક, વિ૦ (સ૦) પ્રમાણિક નહિ તે, બેઇમાન, લુચ્ચુ, દગાખોર, દગલબાજ
અપ્રમાણિકતા, સ્રી૦ બેઇમાની, દગલબાજી, લુચ્ચાઇ, કૂટિલતા
અપ્રમાદ,વિ૦ (સ૦) સાવધ, હોશિયાર,ચાલાક, આળસરહિત, જાગ્રત, લાસરીઆપણુ નહિ તે
અપ્રમિત, વિ૦ અમાપ બેહદ, અથાગ ૨ સાબીત ન થએલુ તે
અપ્રમેય, વિ૦ અમાપ, અપાર, બેહદ
અપ્રયોજક, વિ૦ (સં૦) નકામુ, ફોગટ, નિરર્થક, વ્યર્થ, નિષ્ફળ
અપ્રવાહી, વિ૦ જાડો રગડો, ઘટ, ઘાડુ
અપ્રવૃત્ત,વિ૦ (સ૦) નિવૃત્ત, ૨ આળસુ સુસ્ત
અપ્રશસ્ત, વિ૦ (સં૦) મોટુ નહિ તે, વિસ્તાર વગરનું ૨ વ્યવહારમા ચાલેલુ નહિ તેવુ,નિંદ્ય
અપ્રસન્ન, વિ૦ (સ૦) પતિકૂળ, વિપરીત ૨ પ્રસન્ન નહિ તે, નાખુશ, ગમગીન
અપ્રસન્નતા, સ્રી૦ નાખુશી, ઇતરાજી
અપ્રસાદ, પુ૦ (સ૦અ+પ્ર+સદ્–બેસવુ)પ્રસાદ નહિ તે, અકૃપા નાખુશી ૨ ગેરમહેરબાની
અપ્રસિદ્ધ, વિ૦ (સ૦) અપ્રકટ અવિખ્યાત, અજાણ્યુ
અપ્રસ્તુત, વિ૦ (સ૦ અ+પ્ર+સ્તુ–વખાણવુ) અનિષ્પન્ન અડફાઉ, અપ્રાસગિક,કાર્ય સાધવામા તરત જરૂરનુ નહિ તેવુ
અપ્રાકૃત, વિ૦ (સ૦) અસાધારણ, અલૌકિક, વિલક્ષણ ચમત્કારીક
અપ્રાપ્ત, વિ૦ (સ૦)મળેલુ,મળી શકે નહીં તેવુ
અપ્રાપ્તકાળ, વિ૦ અકાલિક, કમોસમ, કવખત
અપ્રાપ્તિ, સ્રી૦ ન મળવુ તે,નુકસાન, ગેરલાભ
અપ્રાસગિક, વિ૦ અકાલિક, કવખતનુ, ૨ નકામુ, લાગુ ન પડે તેવું
અપ્રિય, વિ૦ અણગમતુ, નાપ્રસદ, પ્રતિકૂળ; અરુચિકર [કટાળો
અપ્રીતિ, સ્રી૦ (સ૦) પ્રીતિ નહિ તે, અભાવ,
અપ્સરા, સ્રી૦ (સ૦ અપ્–પાણી,+સૃ–જવુ) સ્વર્ગમા ઇદ્રની સભામા ગાયન કરનારી સ્રી, દેવાગના, પરી ૨ ઘણીજ ખુબસુરત સ્રી [પઠાણ
અફઘાન, પુ૦ (આ૦) અફઘાનીસ્તાનનો રહીશ,
અફર, અ૦ અચળ, નક્કી, ખચીત, મુકરર
અફરાતફરી, સ્રી૦ (આ૦ ઈફ્રાત્–વધારે+ તફ્રાત્ ઓછુ) અહીંનુ તહીં ને તહીંનુ અહીં એમ થએલુ તે, ફેરબદલી, ઉથલપાથલ
અફલાતુન–લાતુન, વિ૦ (આ૦) (એ નામના એક ગ્રીક ફિલસૂફ પ્લેટોના નામઉપરથી) સરસ, સર્વોત્તમ
અફવા, સ્રી૦ (આ૦ અફવાહ, ફવહ્–મોનુ બહુવચન) ઉડતી ખબર, ગપ, લોકવાયકા
અફસોસ, પુ૦ (ફા૦) શોક, હાય, દીલગીરી, પસ્તાવો ૨ અ૦ ! અરે ! [કરવો તે, શોચ
અફસોસી, સ્રી૦ (ફા૦) દીલગીરી, પશ્ચાતાપ
અફળ, વિ૦ (સ૦અ+ફલ)નિષ્ફળ, વ્યર્થ ફોગટ

અફળા, સ્ત્રી૦ (સ૦) જેને ફળ આવતા નહોય તે વનસ્પતિ, કુવાર
અફળાટ, પુ૦ અફળાવુ તે ૨ અફળાવાથી થતો અવાજ-રણકો [ફેકવુ
અફળાવવુ, ક્રિ૦ સ૦ પછાડવુ, અથડાવવુ, જોરથી
અફળાવુ ક્રિ૦ અ૦ ટીચાવુ, પછડાવુ
અફાળફૂટ, સ્ત્રી૦ અફાળવુ તે ૨ માથાફોડ
અફાળવુ, ક્રિ૦ સ૦ અવાજ થાય તેવી રીતે ફેકવુ-પછાડવુ, ટીચવુ
અફીણ, ન૦ (સ૦ અહિફેન, આ૦ આફ્યન) ખસખસના દોડામાથી નીકળતો ચિકણો રસ તે **અફીણ ખાવુ**-આપઘાત કરવા
અફીણી, વિ૦ અફીણના બધાણવાળુ-વ્યસની ૨ સુસ્ત, આળસુ, એદી
અબખોરો, પુ૦ પડઘીવાળુ પહોળા મોનુ પાણી પીવાનુ નાનુ પાત્ર-ટોયની
અબગારવુ, ક્રિ૦ સ૦ ફાયદો કરવો, ઉપકાર કરવો
અબગાર, પુ૦ ખાતી વ મને ઘી પીરસવુ તે (કાઠી)
અબઘડી, અ૦ હમણા આ પળે આ ઘડીએજ
અબજ, વિ૦ (સ૦) સો કરોડ
અબદાગીરી, સ્ત્રી૦ (ફા૦ અફ્તાબ્ગીર્ -છત્ર આફ્તાબ્-તડકો + ગીર્-રોકનાર સ૦ ગ્રહ્-રોકવુ) રાજા, મને મોટા માણસોને માથે સુદર ગોળીનુ છત્ર ધરવામા આવે છે તે, છત્ર
અબધૂત, પુ૦ (સ૦ અવ+ધૂ-ખખેરવુ) જોગી, બાવો વેરાગી
અબદ્ધ, વિ૦ (સ૦ અ+બધ્-બાધવુ) બાધેલુ નહિ તે છુટુ, સ્વતત્ર ઢગધડા વગરનુ
અબનાલ, સ્ત્રી૦ (ફા૦) તરવારની મુઠ આગળ અને મ્યાનના છેડે મીનાનો જે સણગાર તે
અબનુસપાન, ન૦ (તેલગુ) ટીમરૂ,ટીમરવો
અબભ ન૦ ગરબડ ગોટાળો અજ્ઞાનતા
અબરક, પુ૦ (સ૦ અભ્રક) એક જાતની ચળકતી, પારદર્શક ને પતરીદાર ધાતુ (સફેત, પીળો, રાતો અને કાળો એવી ચાર જાત છે)
અબરૂ, સ્ત્રી૦ (ફા૦ અબ્રુ) ભ્રમર ભ્રુકુટી
અબલક, વિ૦ (આ૦) ચિત્રવિચિત્ર, કાબર ચીતરૂ શબલ,
અબલકી, વિ૦ કાબરચીતરૂ, પચરગી
અબળ, વિ૦ કમજોર દુર્બળ, નબળુ
અબળા, સ્ત્રી૦ (સ૦) સ્ત્રી નારી
અબાધ, વિ૦(સ૦ અ+ બાધ્-અડચણ કરવી) બાધ વગરનુ ૨ નિર્દોષ
અબાધિત, વિ૦ (સ૦) બાધરહિત, કશા પણ વાધા વચકા વગરનુ અડચણ વગરનું ૨ દોષ વગરનુ
અબાબ, પુ૦ રીત પુરત, કરકરિઆવર
અબારૂ, વિ૦ અધાધુધ, જેમા વહાર ફરિયાદ ન હોય તેવુ, અવ્યવસ્થિત
અબી, અ૦ હાલ, હાલ તુરત હમણા
અબીર-લ, ન૦ (આ૦) એક તરહનો ખુશબો-દાર ઝાખો કાળો અથવા સફેત ભમરો ભૂકો
અબુધ, વિ૦ (સ૦) મૂર્ખ બેવકુફ અજ્ઞાની, દાધારગુ [એક જાતની રમત
અબુનોઢબુનો, પુ૦ નદી તળાવમા રમવાની
અબુવો, પુ૦ એક જાતનુ કપડુ ૨ એક જાતની ફાફડાસોગ [સમજુ, ૩ મૂર્ખ બેવકુફ, મઢ
અબુઝ, વિ૦ (સ૦ અ+બુધ્-જાણવુ) અણ-
અબે, અ૦ અરે, ઓ
અબેતબે, વિ૦ જેમા અબેતબે વપરાય એવી
અબોખા, પુ૦ અભાવો અપ્રીતિ, અરૂચી **અબોખે પડવુ**-અભાવ થવો અરુચિ થવી મનથી ઉતરી જવુ, ન ભાવવુ
અબોખા, પુ૦ કન્યાવાળા વરવાળાને ત્યા લગ્નને દિવસે મોણિયામા (નાના ટાયનામા) પ્રથમ પાણી લઇ જઇ વરને નવરાવ્યા પછી બીજી વાર ખાજુ ને ખાડ ખવરાવવા લઇ જાય છે તે
અબોટ, ન૦ (અ+ભુજ્-ખાવુ ઝાણુ માટીથી પાતળુ લીંપવુ તે ૨ જમવાને સારૂ નાહ્યા પછી, વગર નાહેલાને કે સૂતર વગેરેને ન અડ-કાય એવી જે સ્થિતિ તે ૩ જ્યા નાહ્યાવિના જવાય કે અડકાય નહિ તે ઠેકાણુ
અબોટીઉ ન૦ જમતીવેળા પહેરવાનુ એક રેશમી વસ્ત્ર
અબોલ, વિ૦ (અ-નહિ+બોલવુ) બોલવુ નહિ તે, ચૂપકી ૨ બેભાન, સજ્ઞારહિત.

અબોલડા, પુ૦ અબોલા (કવિતામાં)
અબોલા પુ૦ જેના ઉપર રીસ હોય તેની સાથે ભાષણ ન કરવું તે રૂપણું મૌન્ય
અબોલ્યુ વિ૦ બોલીને ફરી જવું તે ન બોલેલું
અબ્જ, ન૦ (સ૦) કમળ ૨ સો કરોડ જેટલી સખ્યા તે ૩ શંખ ૪ ચંદ્ર [૦ નાગરમોથ
અબ્દ, ન૦ (સ૦) વાદળું ૨ વર્ષ સાલ
અબ્દસાર, પુ૦ (સ૦) કપુર
અબ્દુર્ગ, પુ૦ (સ૦) ચારે તરફ પાણીવાળો કિલ્લો [લક્ષ્મી
અબ્ધિ, પુ૦ (સ૦) સમુદ્ર, સાગર **અબ્ધિજા-**
અભક, સ્ત્રી૦ એભક હુમક
અભક્ત, વિ૦ (સ૦અ+ભજ- ભજવું)ભક્તિ વગરનું ૨ ન વહેંચેલું જુદું ન પડેલું
અભક્તિ, સ્ત્રી૦ અવિશ્વાસ, ભક્તિનો અભાવ
અભક્ષ-ક્ષ્ય, વિ૦(સ૦ અ-નહિ+ભક્-ખાવું) ન ખાવા જેવું ખાવા લાયક નહિ તે
અભક્ષ્યાભક્ષ્ય, ન૦ ખાવા લાયક અને ન ખાવા લાયક.
અભંગ વિ૦ (સ૦) ખંડિત નહિ તે, આખું ૨ પુ૦ મરાઠી કવિતાની એક દેશી
અભડછેટ, સ્ત્રી૦આભડછેટ અડકાઅડગીનો દોષ
અભડબોગો,પુ૦અડકાઅડકીથી થતી આભડછેટ
અભડવા જવું, ક્રિ૦ અ૦ જ્યાં મરણ થયું હોય ત્યાં ગંગા ફૂટવા સારૂ જવું
અભડાયલું વિ૦ અટકાવવાળું, ઋતુવાળું ૨ અપવિત્ર સ્નાનવાળું, નહાવાનું હોય તે
અભડાવવું, ક્રિ૦ સ૦ અપવિત્ર કરવું
અભડાવું, ક્રિ૦ અ૦ અપવિત્ર થવું નહાવું પડે તેવું થયું, ૨ (સ્ત્રીએ) અળગું બેસવું, માથે આવવું ઋતુવાળું થવું
અભણ, વિ૦ ભણેલું નહિ તે અક્ષરશૂન્ય
અભદ્ર, ન૦ (સ૦) અકલ્યાણ, અમંગળ,
અભનવું, વિ૦નવું, અજાએબ જેવું, ચમત્કારિક
અભય વિ૦ (સ૦) નિર્ભય, નિડર, ૨ ભય બીક વગરનું [રક્ષણ, જીવતદાન
અભય, ન૦ (સ૦) ભય નહિ તે ૨ આશ્રય
અભયડિંડિમ, ન૦ એક જાતનું લડાઇનું નગારૂં ૨ ઢંઢેરો [નો ભય ન રહે તે
અભયદંડ, પુ૦ જે દંડ હાથમાં હોવાથી કોઇ-
અભયદાન, ન૦ (સ૦) અભયનું દાન આપવું તે, સલામતી બક્ષવી તે
અભયપદ, ન૦ (સ૦) મુક્તિ, મોક્ષ
અભર્તૃકા, વિ૦ વિધવા ૨ કુવારી
અભયા, સ્ત્રી૦ (સ૦) દુર્ગા દેવી ૨ હરડે
અભર, વિ૦ભરેલું નહિ તેવું ખાલી ૨ ગરીબ,દીન
અભરખો, પુ૦ ભાવ, ઉમળકો, અભિલાષ
અભરાઇ, સ્ત્રી૦ (આભ+રાજી-હાર) ઉંચે ભીંત સાથે ટોલા ઉપર જડેલું પાટીઉં, છાજલી
અભરાભરણ, ન૦ (અભર-દીન+આભરણ-ભરનાર) અનાથનો નાથ, ગરીબના પાળનાર દીનદયાળ
અભરામ, વિ૦ ભ્રમ વગરનું, ખચીત નક્કી
અભરામનદાવા, વિ૦ હવે કોઈ રીતનો દાવો કરાય નહિ એવા અર્થમાં દસ્તાવેજમાં લખાય છે
અભરેભરવું, ક્રિ૦ સ૦ પુષ્કળ આપવું સમૃદ્ધિવાળું કરી નાખવું ૨ અનાથનું રક્ષણ કરવું
અભલેખ, પુ૦ અભિલાષા કોડ હોંસ
અભવ, પુ૦ (સ૦) મોક્ષ સદ્ગતિ ૨ વિનાશ
અભાગણી, વિ૦ (સ૦) જેનું ભાગ્ય સારૂં નહિ તેવી સ્ત્રી, હીણભાગી, કમનસીબ, ભાગ્યહીન
અભાગીઉ-ગી, વિ૦(સ૦ ભાગ્યહીન, દુર્ભાગી કમનસીબ, અકર્મી
અભાવ, પુ૦ (સ૦ અ+ભૂ-થવું) ન હોવું-થવું તે અવિદ્યમાનપણું, નાસ્તિત્વ ૨ અપ્રીતિ ૩ અણગમો અરુચિ
અભાવા, પુ૦ અભરખા વિવિધ વસ્તુઓ ખાવાની જે ભાવના તે, દોહદ
અભાવો, પુ૦ અભાવ જુઓ
અભિ, અ૦ (સ૦) પ્રતિ, તરફ, સામું, ચારે મેર, સરખું, સાથે, જુદું, પાસે, આગળ, નજીક એવા અર્થસૂચક ઉપસર્ગ
અભિકાંક્ષા, સ્ત્રી૦ (સં૦ અભિ+કાંક્ષ્) ઇચ્છા મનોભાવ, અભિલાષા ૨ લોભ.

અભિક્રમ, પુ૦ (સ૦ અભિ + ક્રમ્–જવું) આરંભ શરૂઆત ૨ શત્રુની સામે જવું તે,ચઢાઈ

અભિગમન, ન૦ (સ૦) પાસે–સામે જવું તે પાછા જવું તે

અભિગ્રસ્ત,વિ૦ (સ૦ અભિ + ગ્રસ્–પકડવું) ઘેરાએલું સપડાએલું ૨ કોળિયો કરેલું

અભિગ્રહ, પુ૦ (સ૦ અભિ+ગ્રહ્—પકડવું) હુમલો હલ્લો ૨ મોટાઈ, ગારવ ૩ શત્રુથી પકડાએલું તે, બાન

અભિચર, પુ૦ (સ૦ અભિ + ચર્) દાસ, ચાકર,નોકર, સેવક

અભિચાર, પુ૦ (સ૦) મારણપ્રયોગ, હિંસાકર્મ

અભિજન, ન૦ (સ૦ અભિ + જન્–જન્મેલું) કુળ વંશ ૨ મબંધીજન ૩ જન્મભૂમિ વતન

અભિજાત, વિ૦ (સ૦) ખાનદાન, ઉંચા કુળનું, કુળવાન, કુલીન ૨ શ્રેષ્ઠ, મનોહર

અભિજિત, ન૦ (સ૦ અભિ+જી–જીતવું) ૨૧ મા નક્ષત્રનો ચોથો અને ૨૨માનો પંદરમો ભાગ મળી થતો જે કાળ તે એને જુદું નક્ષત્ર ગણવામાં આવે છે ત્યારે ૨૮ નક્ષત્ર થાય છે ૨ [દિવસનું આઠમું મુહૂર્ત

અભિજ્ઞ, વિ૦ (સ૦ અભિ+જ્ઞા–જાણવું) ઘણું વાંચેલું ને અવલોકન કરેલું હોય તે ૨ પંડિત, નિપુણ, કળાકુશળ, કામેલ, હોશિયાર, શાણું

અભિજ્ઞાન, ન૦ (સ૦)સ્મરણ,પ્રતિજ્ઞાન, સ્મૃતિ ૨ ચિહ્ન લક્ષણ

અભિધાન, ન૦ (સ૦) નામ ૨ ઓળખને માટે કરેલી સંજ્ઞા ૩ ઉપનામ, અટક

અભિનંદન, ન૦ ધન્યવાદ, મુબારકબાદી

અભિનય, પુ૦ (સ૦) (કાવ્ય નાટકમાં) મનો ભાવ પ્રગટ કરનાર હાવભાવાદિ કર્મ, લટકો, લહેકો, નખરા ૨ નમ્રતા, સભ્યતા માણસાઈ, સૌજન્ય, વિનય

અભિનવ, વિ૦ (સં૦) નવું નૂતન, તાજું

અભિનિવિષ્ટ, વિ૦(સ૦) આગ્રહી નિશ્ચયવાળું

અભિનિવેશ, પુ૦ (સ૦)હઠ,આગ્રહ, આસક્તિ,

અભિન્ન, વિ૦ (સ૦) જુદું નહિ તે, એકઠું

અભિપ્રાય, પુ૦ (સ૦ અભિ+પ્ર+ઇ–જવું) ધારણા, મતલબ, હેતુ ૨ મનસુબો, ઇરાદો ૩ મત, સલાહ

અભિમત, વિ૦ (સ૦) માનેલું સ્વીકારેલું

અભિમંત્ર, ન૦ (સ૦) મંત્ર ભણીને પવિત્ર કરવું તે ૨ મસલત–વિચાર કરવો

અભિમાન, ન૦ (સ૦ અભિ+મન્–વિચારવું) અહંકાર, છાક, ગુમાન, હુંપદ, ગર્વ ૨ મમતા ૩ પ્રણય [૨ છકેલું તોરી

અભિમાની,વિ૦(સ૦) અહંકારી, હુંપદી,મગરૂર

અભિમુખ, વિ૦ (સ૦) સામું, સન્મુખ ૨ તરફ પ્રતિ [૨ ફરિયાદ ૩ હુમલો

અભિયોગ, પુ૦ (સ૦) પેરવી વેતરણ ઉદ્યોગ

અભિયુક્ત, વિ૦ (સ૦ અભિ+યુજ–જોડવું) શત્રુથી ઘેરાએલું ૨ પ્રતિવાદી

અભિરામ, વિ૦ (સ૦ અભિ + રમ્–રમવું) સુંદર મનોરંજનક મનોહર, આનંદ પમાડે તેવું

અભિરુચિ, સ્ત્રી૦(સ૦)મન, ભાવ, પ્રેમ પ્રીતિ ૩ કોડ ૪ ખુશી

અભિરૂપ વિ૦ રૂપાળું, સારૂં સુખરૂપ

અભિલાખ, પુ૦ (સ૦) મનોરથ, ભાવના, કોડ ૨ લોભ,તૃષ્ણા ૩ કામના,ઉમેદ ૩ હોસ,ઉત્સાહ

અભિલાષી, વિ૦ (સ૦અભિ+લષ્ ઇચ્છવું) હોસીલું કોડીલું ૨ આતુર,ઉત્સાહી. ૩ ઉમેદવાળું,

અભિવચન, ન૦ (સ૦) કોલ, પણ, પ્રતિજ્ઞા

અભિવંદન, ન૦ (સ૦ અભિ+વંદ્–વંદવું) નમવું પ્રણામ, નમન ૨ આમકા

અભિવાદન, ન૦ (સ૦ અભિ+વદ્) નમસ્કાર કરવા તે, પ્રણામ, પગે લાગણું

અભિવાદ્ય, વિ૦ (સ૦) વંદનીય, પૂજ્ય

અભિવૃદ્ધિ, સ્ત્રી૦ ઉત્તરોત્તર ચઢતી, ઉન્નતિ

અભિશંકા, સ્ત્રી૦ (સ૦) શક, સંશય, ભ્રમ

અભિશાપ પુ૦ (અભિ+ શપ્) ખોટું આળ, આરોપ, બદદુવા, શ્રાપ,

અભિષેક, પુ૦ (સ૦ અભિ+સિંચ્–છાંટવું) દેવ અથવા નવા રાજા ઉપર મંત્ર ભણીને પાણી

ની ધારા કરવી તે, દૂધ વગેરેથી સ્નાન કરાવવુ તે શાન્તિસ્નાન ૩ તખ્તનશીન કરવુ તે, સ્થાપન કરવુ તે
અભિષેપકપાત્ર ન૰ ઝારી
અભિસરણ, ન૰(સ૰અભિ+સૃ–સરવુ) પાછળ જવુ, તે પ્રતિગમન, અનુસરવુ તે
અભિસાર, પુ૰ સકેત સ્થાનમા જવુ તે, ગમન
અભિસારિકા, સ્ત્રી૰ (સ૦) સકેત સ્થાનમા નાયક નાયિકાનુ જવુ તે
અભિહિત, વિ૰ કહેલુ કથેલુ, વર્ણવેલુ
અભીક, વિ૦ કામી, ૨ નિડર
અભીપ્સિત, ન૰(સ૦)ઇચ્છિત, ચાહેલુ,મનગમતુ
અભીષ્ટ, વિ૰ (સ૦) ઇચ્છેલુ વહાલુ
અભુક્ત, વિ૰ (સ૰ અ+ભુજ્–ખાવુ) અણુખોટ, અખોવન ૨ ઉપવાસી
અભેદ, વિ૰(સ૰)આખુ, અવિચ્છિન્ન અદ્વૈત
અભેદાન, ન૰ અભયદાન
અભેદ્ય, વિ૦ (સ૰) જુદુ–ભેદ પડાય નહિ તેવુ, દુર્ગમ, કઠણુ, મજબુત
અભેવ, વિ૰ અભય (કવિનામા)
અભોક–ખ–ગ, પુ૰ વાળવુ, પુરૂ કરવુ ને ૨ ધ્રુવપદ ગાયનનો ત્રીજો–છેલ્લો ભાગ
અભોગ વાળવો, ક્રિ૰ સ૰ કવિતાની છેલ્લી કડીમા કવિએ નામ રાખવુ તે
અભોગ્ય, વિ૦ (સ૰) નહિ ભોગવવા લાયક
અભોજ્ય, વિ૦ (સ૰) જેનુ ખવાય નહિ તે અભક્ષણીય, અભક્ષ્ય, ન ખવાય તેવુ
અભ્યગ, પુ૰ (સ૰) શરીરે સુગધીવાળુ તેલ ચોળવુ તે, મર્દન
અભ્યંગસ્નાન, ન૰ શરીરે સુવાસિત તેલ ચોળીને નહાવુ તે
અભ્યતર, ન૰ (સં૦ અભિ+અન્તર્)અંદરનો જે અતગાય તે, વચલો આનરો ૨ મન, અત કરણ ૩ ઉકુ, માહેનુ અતરનુ
અભ્યર્થના, સ્ત્રી૰(સ૰) પ્રાર્થના, વિનતી ૨ માગણી, યાચના
અભ્યાસન, ન૦ (સ૦) અભ્યાસ, ટેવ, આદત
અભ્યાસવુ, ક્રિ૦ સ૰ અભ્યાસ કરવો
અભ્યાગત, પુ૦ (સ૰ અભિ+આ+ગમ્-જવુ) એકાએક ભિક્ષા લેવાને આવેલો તે, અતિથિ પરોણો, મેમાન ૨ સાધુ, ભિક્ષુ, અતીત, કોઈ પણ આગતુક
અભ્યાસ, પુ૦ (સ૰) વારે વારે તેનુ તેજ કરવુ તે, મહાવરો, ટેવ ૨ અધ્યયન, ભણુવુ તે, ચિતન ૩ પુનરુક્તિ **અભ્યાસ કરવો—**ખતવીભણવુ, શીખવુ ૨ મનન કરવુ, અનુભવ કરવો **અભ્યાસ પડવો—**ટેવ પડવી, મહાવરો થવો **અભ્યાસ હોવો–**ટેવ હોવી
અભ્યાસી, વિ૦ (સ૰) ટેવવાળુ ૨ મહેનતુ, ઉદ્યોગી, ખતીલુ, ૩ વિદ્યાર્થી
અભ્યુત્થાન, ન૦ (સ૦) પરોણાને લેવા માટે આસન ઉપરથી ઉઠવુ તે
અભ્યુદય, પુ૦ (સ૰) વૃદ્ધિ, સારો વખત, આબાદાની ૨ શ્રેય, શુભ
અભ્ર, ન૦ (સ૦) વાદળુ, મેઘ ૨ આકાશ
અભ્રક, સ્ત્રી૦ (સ૦) અબરક
અભ્રચના, સ્ત્રી૦ અપ્રીતિ, કટાળો
અમ, (સ૰) અમે (કવિતા)
અમકડુ, વિ૦ (સ૰ અમુક) અમુક, ફલાણુ
અમગળ, વિ૦ અશુભ,અપસુકનીઉ ૨ અપવિત્ર
અમથુ, વિ૦ ફોગટ, નકામુ, સહેજ, નિરર્થક ૨ મફત
અમદાબાદી, વિ૰ અમદાવાદ સબધી
અમનચમન, ન૦ (આ૰) મોજશોખ,ચેનબાજી
અમર, વિ૦ (સ૰ અ+મૃ–મરવુ) મરે નહિ તેવુ, ચિરજીવી ૨ નિત્ય સ્થાયી
અમર, પુ૰ (સ૦) દેવ, દેવતા, સુર ૨ એક જાતનો સુગધી પદાર્થ
અમરદારૂ, ન૦ (સ૦) દેવદારનુ ઝાડ
અમરત, ન૦ (સં૦) અમૃત સુધા. ૨ વિ૰ મીઠુ
અમરપટો, પુ૰ અમર રહેવાની ખાતરી,અમરપણાનો લેખ
અમરલોક, પુ૦ સ્વર્ગ ૨ દેવલોક.
અમરવેલ, સ્ત્રી૦ એકજાતનો વેલો, અમરવલ્લી.

અમરા, **સ્ત્રી૦** (**સ૦**) ગળો પ્રો ૨ દુટીનો નાળ
અમરાઈ, **સ્ત્રી૦** (**મ૦ આમ્ર**—આંબો + **રાજિ**—હાર) જે જગાએ ઘણા આંબાના ઝાડ હોય તે, આંબાવાડીઉ
અમરાવતી, **સ્ત્રી૦** ઇંદ્રની નગરી, સ્વર્ગની નગરી
અમરીચમરી, **સ્ત્રી૦** સ્ત્રીઓને માથે ઘાલવાનુ રૂપાનુ ઘરેણુ
અમર્યાદ, **વિ૦** (**સ૦**) હદ બહાર ગએલુ બે અદબ, તોછડુ અસભ્ય [અસભ્યતા
અમર્યાદા, **સ્ત્રી૦** (**સ૦**) બેઅદબી, તોછડાઇ,
અમર્ષ, **પુ૦** (**સ૦ અ** + **મર્ષ**—ધીરજ) ક્રોધ રીસ ૨ કાવ્યશાસ્ત્રમાના ૩૩ વ્યભિચારી ભાવ પૈકી એક
અમલ, **પુ૦** (**આ૦**) સત્તા, અખત્યાર, હુકમ ૨ રાજ્ય, વહીવટ, કારકિર્દી ૩ કેફ ખુમારી ૪ શુમાર, આશરો **અમલ કરવો**—કેફ કરવો, સત્તા ચલાવવી **અમલ થવો**—રાજ્ય થવુ ૨ શુમાર થવો, આશરે હોવુ **અમલ બજાવવો**—સત્તા વાપરવી **અમલમા** મૂકવુ—ચાલુ કરવૂ, ફરવા માડવુ
અમલ **વિ૦** (**સ૦**) ચોકખુ નિર્મળ
અમલદાર, **પુ૦** હોદ્દેદાર અધિકારી અમલવાળો
અમલદારી, **સ્ત્રી૦** હોદ્દો અધિકાર
અમલપાણી, **ન૦** કેફ કરવો તે નીશો
અમલી, **વિ૦** કેફ કરનાર વ્યસની, બંધાણી **૨** સુસ્ત એદી
અમલો, **પુ૦** (**આ૦**) અંમલદારીને બેસવાની જગા ૨ ઇમારતનુ બાંધકામ, મજલો
અમસ્તુ, **વિ૦** અમથુ નકામુ
અમળ, **વિ૦** (**સ૦**) નિર્મળ, સ્વચ્છ ૨ નિર્દોષ
અમળટ, **પુ૦** પેટમા ચૂકાવુ તે આંકડી ચૂક
અમળાવવુ, **ક્રિ૦સ૦** આમળા પાડવા મચડવુ વળ ચઢાવવો
અમળાવુ, **ક્રિ૦ અ૦** આમળા પડવા, વળ ચઢવો ૨ પેટમા દુખવુ, ચૂંટાવુ ૩ અતડા રહેવુ, કરમોડાવુ, ચડભડવુ
અમા, **સ્ત્રી૦** ડાશીમા

અમાત્ય, **પુ૦** (**સ૦**) પ્રધાન મંત્રી, દિવાન વજીર
અમાનત, **સ્ત્રી૦** (**આ૦**) **અનામત,** જુઓ
અમાનદારી, **સ્ત્રી૦** વાલીપણુ, પાનકપણુ ૨. શાખ, વિશ્વાસ, પ્રમાણિકતા
અમાનીતુ **વિ૦** અળખામણુ અણગમતુ નાપસદ
અમાનુષી, **વિ૦** (**સ૦**) દેવતાઈ, દૈવી, દીવ્ય ૨ ક્રૂર, જગલી ઘાતકી
અમાન્ય, **વિ૦** (**સ૦**) અમાનનીય, નાકબુલ
અમાપ, **વિ૦** માપ વનાનુ ઘણુજ, બેહદ
અમારૂ, **સ૦** (**અસ્મદ્** + **કેરૂ**) મારૂનુ બહુવચન
અમાવસ્યા, **સ્ત્રી૦** (સં૦) વદ પક્ષનો છેલ્લો દિવસ જે રાતે ચંદ્ર સમૂળગો ઉગતો નથી તે દહાડો
અમાસ, **સ્ત્રી૦** અમાવાસ્યા [મપાએલુ, અમાપ
અમિત, **વિ૦** (**સ૦ અ** + **મા**—માપવુ) નહિ
અમિત્ર, **વિ૦** (સ૦) મહાના વગરનુ મિત્ર વગરનુ
અમી, **સ્ત્રી૦** અમૃત, સુધા ૨ દયાળુતા ૩ મિઠાશ ૪ મુખની લાળ
અમીન, **પુ૦** (આ૦) મધ્યસ્થ, તિરાહિત લવાદ પંચ
અમીનિધિ, **પુ૦** ચંદ્ર સુધાકર ૨ અમૃતનો દરીઓ
અમીની, **સ્ત્રી૦** અમીનનો દરજ્જો ૨ અમીનપણાના બદલામા મળતુ સાલીઆણુ
અમીર, **પુ૦** (**આ૦**) ઉમરાવ, સરદાર
અમીરાઈ—રી, **સ્ત્રી૦** અમીરનો જે કારભાર—દરજ્જો તે ૨ અમીરના જેવુ ઉમદા
અમુક, **વિ૦** વિશેષ અર્થમા મુકરર કરેલુ તે, એકાદુ ચોકસ ફલાણુ
અમુકતમુક, **વિ૦** ફલાણુ ફલાણુ, ઢીંકણુ
અમુક્ત, **વિ૦** (**સ૦**) છુટુ નહિ તે, બંધાએલુ બદ્ધ
અમુઝણ, **સ્ત્રી૦** કંઇ સૂઝે નહિ તે ગભરામણ થાય તેવી સ્થિતિ, મુઝવણ, ગભરાટ ૨ આતુરતા ૩ ઘૂટથી શ્વાસ લેવાય મૂકાય નહિ તે
અમુઝાવુ, **ક્રિ૦ અ૦** મનમાને મનમા સીઝવુ, ગુગળાવુ, મુઝાવુ ૨ અકળાવુ ગભરાવુ
અમૂલખ, **વિ૦** અનર્ધ્ય, કીમતી ૨ જેની કીમત ન થાય તેવુ, સર્વોત્તમ શ્રેષ્ઠ
અમૂલિક, **વિ૦** કીંમતી ભારે, મોંઘુ
અમૂલ્ય, **વિ૦** (**સ૦**) જેની કીંમત ન થાય તેવુ, અણમોલ, બહુજ કીંમતી

અમૃત,ન૦(સ૦)જે પીવાથી ઘડપણુ અને મોત ન આવે તેવો એક રસ,સુધા,પીયૂષ ૨ દેવ, આત્મા **અમૃતચોઘડીઉં**—શુભ સમય, લાગ **અમૃતજડી**—જે મૂળીઉં ખાવાથી અમર થવાય તે ૨ જે ખવરાવવાથી મૃત સજીવન થાય તે **અમૃતપાક**—એક જાતની મિઠાઇ,(બ્યગમા) માર **અમૃતસિદ્ધિયોગ**—ગ્રહોનો સુમેળાપ

અમૃતધારા, સ્રી૦ અમૃતનો રેલો ૨ જીભ ઉપર તાળવામાથી જે થુક આવે છે તે

અમૃતલતા સ્રી૦ (સ૦) અમરવેલ, ગળો

અમૃતસાર, ન૦ (સ૦) ઘી

અમૃતા, સ્રી૦(સ૦) ગળો ૨ અતિવિષની કળી ૩ આંબલી ૪ હરડે

અમે, સ૦ (સ૦ અસ્મદ્) હું નુ અનેકવચન ૨ બોલનાર અને જેને માટે બોલાય છે તે સઘળા એકઠા ૩ રાજા ઇ૦ પણ હુ ને બદલે અમે બોલે છે ૪ પત્રનો અધિપતિ હું ને બદલે અમે લખે છે

અમોઘ, વિ૦ (સ૦) નિષ્ફળ ન જાય તેવુ, સફળ, અસરકારક,

અમાલ, વિ૦ અમૂલ્ય, જુઓ

અંબ, ન૦ (સ અંબુ) જળ, પાણી [વાળુ

અંબટ,વિ૦(સ આબટ–ખાટુ)ખાટુ , ખટાશ-

અંબર, ન૦ (સ૦) એક જાતની સુગંધીદાર વસ્તુ ૨ આકાશ, વ્યોમ ૩ પોશાક, વસ્ત્ર. ૪ કસબી ઝીણા બુટ્ટાવાળુ લુગડુ

અંબરીષ, પુ૦ (સ૦ અંબ્—જવુ+અરિષ્) સૂર્ય ૨ એ નામનો એક રાજા

અંબળાવવુ, ક્રિ૦ સ૦ મરડી મચરડી ન ખાવવુ, વળ દેવરાવવો ૨ ચોળાવવુ [૩ અંબાજી

અંબા, સ્રી૦ માતા મા, જનુની ૨ દેવી,શક્તિ

અંબાડા, ન૦ એક જાતના ખાટા ફળ.

અંબાડી, સ્રી૦ (આ૦ આમારી) હાથી ઉપર બેસવા સારૂ બનાવેલી બેઠક, હોદ્દો

અંબાડીઉં, ન૦ છાણાનો ઢગલો મોઢવુ.

અંબાર પુ૦ ઢગલો ઢગ

અંબાલિકા સ્રી૦ (સ૦) પાંડુરાજાની માતા

અંબાવુ, ક્રિ૦ અ૦ ખાટુ ખાધાથી અસર થવી, ખટાવુ. ૨. દાંત્રુ પડી જવુ

અંબિકા, સ્રી૦ (સ૦) ધૃતરાષ્ટ્રની મા ૨ દુર્ગા

આંબિકેય, પુ૦ (સ૦) ગણુપતિ ૨ ધૃતરાષ્ટ્ર.

અંબુ, ન૦ (સ૦) પાણી, જળ

અંબુજ, ન૦ (સ૦) કમળફૂલ, પોયણુ, પદ્મ. ૨ પાણીમા પેદા થનાર જીવ

અંબુદ, ન૦ (સ૦) મેઘ, વરસાદ, વદળુ.

અંબુધિ, પુ૦ (સ૦) સમુદ્ર, સાગર

અંબોડિયાં, ન૦ મીઠામા આથેલા કેરીના કકડા.

અંબોડી, સ્રી૦ નાનો અંબોડો.

અંબોડો,પુ૦સ્રીઓ માથાના વાળને હોળીને માથા પછવાડે જે ગાંઠ વાળે છે, તે, કેશપાશ, વેણીગુંફ

અંબોરડો પુ૦ અંબોડો વેણી (કવિતા)

અંબોળવુ,ક્રિ૦ અ૦ ઉમેરવુ, વધારવુ [અંમર

અમ્મર, ન૦સ્રીઓને પહેરવાનુ એક કસબી વસ્ત્ર,

અમ્લકેશર, ના૦ (સ૦) બીજોરૂ

અમ્લતા, સ્રી૦ (સ૦) ખાટાપણુ, ખટાશ

અમ્લપિત્ત, ન૦ (સ૦) એક જાતનો પીતરોગ

અમ્લસાર, પુ૦ લીંબુનો ક્ષાર ૨ લીંબોઇ ૩ હડતાલ

અમ્લાન, વિ૦ તેજસ્વી, નહિ કરમાએલુ, પ્રફૂલ્લ

અય, ન૦ (સ૦ અયસ્) લોઢુ, લોખડ ૨ પાસા (જુગટુ રમવાના) ૩ અ૦ અરે, હો

અયન, પુ૦ (સ૦ ઈ–જવુ) માર્ગ, રસ્તો. ૨. સૂર્યનો ૭ મહિના સુધી ફરવાનો જે માર્ગ તે, જવુ તે, ગતિ. (**ઉત્તરાયન**—સૂર્યનુ ઉત્તર તરફ ફરવુ તે **દક્ષિણાયન**-સૂર્યનુ દક્ષિણ તરફ ફરવુ તે) **રામાયણ**–રામચંદ્રજીનો પ્રવાસ ને પરાક્રમના વર્ણનનુ પુસ્તક

અયનવૃત્ત, ન૦ [સ૦] સૂર્યનો વાર્ષિક માર્ગ બતાવનારી રેખા, રવિમાર્ગ, ક્રાંતિવૃત્ત

અયનાંશ, પુ૦ (સ૦) બંને અયન વચ્ચેનુ અંતર બતાવનાર વિભાગ

અયાચક, (સ૦ યાચ્–માગવુ) યાચના ન કરનાર, ભિક્ષાવૃત્તિ ન હોય તે, જે માગે નહિ તે

અયાલ, સ્રી૦ (ફા૦ યાલ) સિંહ, ઘોડા ઇ૦ની ગરદન ઉપર જે વાળ હોય છે તે, કેશવાળી

અયિ, અ૦ અરે ! હે !

અયુક્ત, વિ૦ (સ૦ અ+યુજ્–જોડવુ) જોડા-

એલું નહિ તે છુટું પડેલું ૨ અવટનુ, નાલાયક ૩ યુક્તિ વગરનુ

અયુત, વિ૦ (સ૦) દશ હજારની સંખ્યા

અયે, **અ૦** અરે, અહો, હે

અયોગોલક, પુ૦ (સ૦) લોઢાનો ગોળો

અયોગ્ય, વિ૦ (સ૦ અઘટતુ અપાત્ર, ખોટું, અજુકતુ, ગેરવાજબી

અરક, પુ૦ (સ૦) અર્ક, જુઓ

અરકાડવુ, ક્રિ૦ સ૦ (સ૦) અડકાડવુ, લગાડવુ

અરક્ષિત, વિ૦ (સ૦) સભાળવિનાનુ, રક્ષણ ન કરેલુ, ૨ ઉઘાડુ ખુલ્લુ

અરગજો, પુ૦ (હિ૦) ઘણી જાતની સુગધી વસ્તુઓ મિશ્ર પીળો ભૂકો

અરઘ, પુ૦ (સ૦ અર્ઘ) અર્ઘ, જુઓ

અરઘવુ, ક્રિ૦ (સ૦) પૂજવુ સેવા કરવી

અરઘીઉં, **ન૦** જે પાત્રવડે અર્ઘ આપવામા આવે છે તે (ત્રીપોનીના ઘાટનુ)

અરચવુ, ક્રિ૦ સ૦ (સ૦) પૂજા કરી અર્ચન કરવુ

અરજ, **સ્ત્રી૦** અભાવા દોહદ ૨ (સ૦ અર્જ કોઈ પણ કામ સારૂ નમ્રતાઈથી હકીકત કહી વિનતિ કરવી તે, પ્રાર્થના, ૨ ફરિઆદ

અરજદાર, વિ૦ અરજ કરનાર, માગણી કરનાર

અરજી, **સ્ત્રી૦** જેમા અરજ લખી હોય તે કાગળ

અરજોગ, અ૦ રખડતુ અપવચ [ઓગઓ

અરજોગો, પુ૦ કડીઆ સુથારનુ એક હથિયાર

અરડુસી, **સ્ત્રી૦** એક જાતનો વનસ્પતિ છોડ એના પાન ફૂલ દવામા વપરાય છે

અરડુસો, પુ૦ એક જાતનુ ઝાડ

અરણ, **ન૦** અરણ્ય, જુઓ ૨ એરણ

અરણવ, **ન૦** અર્ણવ સમુદ્ર, દરિયો

અરણી, **સ્ત્રી૦** (સ૦) એક જાતનુ ઝાડ એના લાકડાને એક બીજા સાથે ઘસવાથી અગ્નિ પેદા થાય છે

અરણ્યવાસી, વિ૦ વનવાસી ૨ જગલી

અરણ્ય, ન૦ [સ૦] જગલ રાન, વન [વાસન

અરણ્યવાસ, પુ૦ વનવાસ; જગલમા રહેવુ તે, વિ

અરતિ, **સ્ત્રી૦** અભાવ, અપ્રીતિ,

અરથ, પુ૦ (સ૦ **અર્થ**) અર્થ, માયનો ૨ મતલબ, હેતુ ૩ ફળ, સાર ૪ ધન, પૈસો ૫ વસ્તુ, વિષય ૬ જરૂર, અગત્ય

અરથારત, **અ૦ અર્થાત્**, જુઓ

અરથે, **અ૦** વાસ્તે, કાજે, માટે,

અરદાસ, **સ્ત્રી૦** વિનતિ, અરજ પ્રાર્થના

અરદિબેહસ્ત, પુ૦ (ઝંદ) અગ્નિ, દેવતા ૨ પારસી વર્ષનો ત્રીજો માસ

અરધ, વિ૦ અડધુ

અરધાગ, **સ્ત્રી૦** પુરૂષનુ જે અડધુ અગ તે, સ્ત્રી, પત્ની

અરધિયુ વિ૦ અડધુ અડધા ભાગ જેટલુ, નાનુ

અરધિયુ, **ન૦** અડવી ચુડી ૨ નાની પીતળ-તાંબાની પવાલી ૩ અડધો રૂપિઓ

અરધી, **સ્ત્રી૦** એક પાઈ (દુકાનીનુ અડધુ મુંબાઈમાજ બહુધા વપરાય છે)

અરધુ, વિ૦ અડધુ,

અરધુપરધુ, વિ૦ લગભગ અડધુ

અરપણ, **ન૦** અર્પણ, જુઓ

અરપવુ, ક્રિ૦ સ૦ અપાવુ અર્પણ થવુ

અરપવુ, ક્રિ૦ અ૦ અપાવુ અર્પણ થવુ

અરફટ, **સ્ત્રી૦** અડફટ, ધક્કો, આચકો

અરબ, પુ૦ (આ૦) આરબ, જુઓ **અરબા ઉડવા**—ગુસ્સાથી કોઈની સામે થવુ (**અરબા**—આરબોની લડાઈ) **અરબા પીને જવુ**—હિમ્મત—સામર્થ્ય ટકાવી રાખવુ

અરબી, વિ૦ આરબનુ, અરબસ્તાનનુ

અરબી **સ્ત્રી૦** અળોકકડુ ૨ વિ૦ આરબનુ ૩ અરબસ્તાનનું

અરભક, પુ૦ બાળક, બચ્ચુ છોકરૂ

અરમાન, **સ્ત્રી૦** (ફા૦) ઇચ્છા, ઉમેદ, હોસ

અરમાર, **સ્ત્રી૦** (પોર્ટુ૦) નૌકા, દરિયાઈ કાફલો

અરમારી, **સ્ત્રી૦** ભીતમાનુ કબાટ, હાટીઉ, દોવાબ, સચ

અરર, **અ૦** બીક, ગુસ્સો અથવા શોકથી એકાએક નીકળતો શબ્દ, રે! હો! અરર!

અરવિદ, **ન૦** (સ૦) કમળ (કાળુ)

અરસ, વિ૦ રસ વગરનુ મોળુ, ફીકું.

અરસદરસ, પુ આરસી, દર્પણ ચાટલુ
અરસિક, વિ૦ [સ૦] રસિક નહિ તે, નીરસ, અસાર, નિસત્વ
અરસો, પુ૦ [આ૦ અરસ] કાળ મુદત ૨ અવકાશ, વચમાનુ છેટુ, અતર, ૩ ટાણુ, અવસર
અરસપરસ, અ૦ એકબીજાનુ ૨ સાટોસાટ, સામસામી
અરાખડુ, ન૦ સળ, ભાત, ચિહ્ન, રેખા આકૃતિ
અરાજક, ન૦ [સ૦] રાજા ન હોવો તે ૨ અધાધુધી, અવ્યવસ્થિત
અરાડવુ, ક્રિ૦ સ૦ અડકાડવુ ૨ આરડવુ, બરાડવુ
અરાઢ, વિ૦ દશને આઠ (૧૮)
અરાપરા, અ૦ પાસે, અહી તહીં
અરાબો, પુ૦ [ફા૦] સમારખટલો, કુટુબ પરિવાર
અરિ, પુ૦ (સ૦) શત્રુ, વેરી, દુશ્મન, ૨ હરીફ
અરિષ્ટ, ન૦ [સ૦] સકટ, ઉત્પાત દુખ, પીડા, ૨ મોત, કજા ૩ વિ૦, અશુભ, અમગળ, અનિષ્ટ, ૪ મરણ ચિહ્ન
અરિહત, પુ૦ [સ૦ અર્હ્-પૂજવુ) શત્રુને મારનાર ૨ સૂર્ય ૩ એક જૈન આચાર્ય
અરિહા, પુ૦ [સ૦ અરિ+હન્-મારવુ] અરિહત ૨ સૂર્ય ૩ વિ૦ શત્રુને મારનાર
અરીઠા, ન૦ [સ૦ અરિષ્ટક] એ ઝાડના બોર જેવા ફળ—લુગડા ધોવાના અને ચોટલા ચોળવાના કામમા આવે છે
અરીઠી, સ્ત્રી૦ જેને અરીઠા થાય છે તે ઝાડ
અરીશ્યા, સ્ત્રી૦ [સ૦ ઈર્ષ્યા] અદેખાઈ, ઝેર, ઇર્ષ્યા, ખાર [રસી, આયનો
અરીસો, પુ૦ મો જોવાનો તકતો, મોટી આ
અરૂ અ૦ ઓરૂ, પાસે, નજીક ૨ આમ, આતરફ
અરુચતુ, વિ૦ નાપસદ, નહિ ગોઠતુ
અરુચિ, સ્ત્રી૦ [સ૦ અ+રુચ્-પસદ પડવુ] નહિ રુચિ તે, અભાવ, અપ્રીતિ, બેચની
અરુચિકર, વિ૦ [સ૦] અપ્રિય, અભાવ કરાવે તેવુ
અરુણ, પુ૦ [સ૦] સૂર્યનો સારથી. ૨ પ્રાતકાળ; ભોર, વહાણુ, બામદાદ [કપિલ, પિંગળુ
અરુણ, વિ૦ ઉગતા સૂરજના રગ જેવુ રાતુ,
અરુણા, સ્ત્રી૦ [સ૦] નસોતર, ૨ મજીઠ ૩ ચણોઠી
અરુણોદય, પુ૦ [સ૦ અરુણ+ઉદ્+ઇ-જવુ] સૂર્ય ઉદયની ત્રણ ઘડી અગાઉ પૂર્વમા જે પ્રકાશ દેખાય છે તે ૨ ભળભાખળુ, પ્રભાત, પ્રાત કાળ
અરુન્ધતી, સ્ત્રી૦ [સ૦ અ+રુન્ધ્-હરકત કરવી] એ નામનો આકાશમા દેખાતો એક તેજસ્વી તારો (સપ્તઋષિની સાથેનો) ૨ વશિષ્ટની પત્ની
અરૂપરૂ, ન૦ આમતેમ, અહીતહીં,
અરૂભરૂ, અ૦ રૂબરૂ, સમક્ષ હાજરીમાં
અરૂપ-પી, વિ૦ [સ૦ અ+રૂપ-આકાર] જેને રૂપ ને આકાર નથી તેવુ, નિરાકાર
અરે, અ૦ [સ૦] ઉતરતા દરજ્જાના માણસને બોલવાનો શબ્દ ૨ ન ખમાતા દુખને અથવા ગુસ્સાને લીધે નીકળતો શબ્દ, ઓ! રે! અરેર!
અરે સ્ત્રી૦ કાળજી, ચીવટ, ફીકર, ચિતા ૨ દયા ૩ દુખનો પોકાર, હાય
અરેરે, અ૦ [સ૦] શોક અથવા ભયથી એકાએક નીકળતો ઉદ્ગાર ૨ થએલી ભૂલ સાભરી આવવાથી નીકળતો જે ઉદ્ગાર તે
અરેવાળુ, વિ૦ દયાપાત્ર, દયાળુ ૨ કાળજીવાળુ
અરોગ-ગી, વિ૦ તદુરસ્ત, નીરોગી, આરોગ્ય
અરોટ, પુ૦ રેંટિયો, સૂતર કાતવાનો ચરખો
અરોઠુ, ન૦ ગયા વરસના કપાસનો છોડ ફરીવી પાલોવાઇ તે ઉપર થએલો કપાસ
અર્ક, પુ૦ [સ૦] ગરમીના જોરથી યત્રની મારફતે કાઢેલુ સત્વ, કસ તેજાબ ૨ સૂર્ય ૩ આકડો
અર્ગલ-લા, પુ૦ (સ૦) આગળો, નાની ભુગળ
અર્ઘ, પુ૦ (સ૦ અર્હ્-લાયક થવુ) વિધિપૂર્વક પૂજા કરવાની એક રીત, આદરસત્કારની એક રીત ૨ ચોખા, દુર્વા, ફૂલ, પાણી, ઇ૦ સામાન પૂજામા વપરાય છે તે
અર્ઘપાદ્ય, ન૦(સ૦)હાથમા અર્ઘ આપી પાદ પૂજન કરી ચદન ફૂલે જે પૂજા કરવી તે, કોઇ મોટા પુરૂષને આદરસત્કાર કરવાની એક રીત.
અર્ઘ્ય, વિ૦[સ૦]પૂજવા યોગ્ય, પૂજ્ય, પવિત્ર, પૂજનીય, આદરણીય .
અર્ચન, ન૦ (સં૦ અર્ચ્-પૂજવુ) દેવ, અથવા

પૂજ્યજનની જે સેવા તે, પૂજન, પૂજા
અર્ચનભક્તિ, સ્ત્રી૦ (સ૦) નવ પ્રકારની ભક્તિ પૈકી એક, સેવા
અર્ચના, સ્ત્રી૦ [સ૦] પૂજા, સેવા
અર્ચનીય વિ૦ (સ૦)પૂજ્ય, માન આપવાજોગ
અર્ચા, સ્ત્રી૦ (સ૦) ચંદન ફૂલ વગેરેથી પૂજા કરવી તે, સેવા ૨ આંખે કપાળે ચંદન લગાડવું તે, આડ, પિયેળ [જ્યોત, જ્વાળા, ભડકો
અર્ચિ, સ્ત્રી૦ (સ૦ અર્ચ્-પ્રકાશવું) જ્યોતિ,
અર્ચિત, વિ૦ (સ૦) પૂજેલું, માન પામેલું
અર્જન, ન૦ (સ૦ અર્જ્-રળવું) લાભ, પ્રાપ્તિ, કમાઇ [૨ વિ૦ ધોળું, સફેત
અર્જુન, પુ૦ (સ૦) એ નામનો એક પાંડવ
અર્જુની, સ્ત્રી૦ (સ૦) ઉષા ૨ એક વેલી
અર્ઝાં, વિ૦ (ફા૦) સસ્તુ, સોંઘું, રેલછેલ
અર્ણવ, પુ૦ (સ૦) દરિયો, સમુદ્ર, સાગર
અર્થ, પુ૦ (સ૦ અર્થ્-માગવું) સમજણ માયનો ૨ ધારણા ઉદ્દેશ, હેતુ ૩ પૈસો, નાણું ધન ૪ વસ્તુ, વિષય ૫ સાર, તાત્પર્ય, ફળ ૬ જરૂર ૭ કારણ નિમિત્ત [બેશક,ખચિત
અર્થત, અ૦ (સ૦) અર્થ પ્રમાણે ૨ ખરેખર,
અર્થદાસ, પુ૦ પૈસાનો પૂજારી
અર્થપ્રાપ્તિ, સ્ત્રી૦ ધનપ્રાપ્તિ, લાભ, કમાઇ
અર્થબુદ્ધિ,સ્ત્રી૦ (સ૦) સ્વાર્થબુદ્ધિ, પૈસા ઉપરજ જેની દૃષ્ટિ તે
અર્થવાદ, પુ૦ નિંદવા કે તારીફ કરવા લાયક ગુણ સંબંધી કહેવું તે ૨ અર્થ વિષયક ચર્ચા
અર્થવિજ્ઞાન, ન૦ (સ૦) બુદ્ધિના આઠ પ્રકાર પૈકી એક ૨ અર્થશાસ્ત્ર
અર્થવૃદ્ધિ, સ્ત્રી૦ (સ૦) ધનનો વધારો
અર્થવ્યય,પુ૦ધનનો ઘટાડો, ખરચ,ધન વિનિમય
અર્થશાસ્ત્ર, ન૦ (સ૦) પોતાની અથવા દેશની દોલત ઉભી કરવા અથવા વધારવા સંબંધી જે શાસ્ત્ર તે, સંપત્તિ સંબંધી જે વિચાર તે
અર્થસંગ્રહ-સંચય, પુ૦(સ૦) નાણાંનો-ધનનો સંઘરો, ભંડાર, ખજાનો, નિધિ [પડતી તે
અર્થસિદ્ધિ, સ્ત્રી૦ (સ૦) ધારેલી મતલબ પાર

અથત, અ૦ (સ૦) એ કારણસર, એવું છે માટે, તાત્પર્ય, વસ્તુતઃ, વાસ્તવિક રીતે
અર્થાલંકાર, પુ૦ (સ૦) શબ્દનો નહિ પણ અર્થનો જે ચમત્કાર તે, અર્થ ચમત્કૃતિ, અર્થ વડે કાવ્યમાં જે રસ લાવવામાં આવે છે તે
અર્થી, વિ૦ (સ૦) માગનાર, યાચક ૨ મતલબી, ગરજુ, અર્થવાળું [વિભક્તિનો પ્રત્યય)
અર્થે, અ૦ વાસ્તે, કાજે, સારૂ, માટે (ચતુર્થી
અર્ધ, વિ૦ (સ૦ અર્દ્ધ) આખાના બે સરખા ભાગમાંનું એક તે, અડધું
અર્ધગોળ, પુ૦ (સ૦) અડધું જે ગોળ તે
અર્ધચંદ્ર, પુ૦ (સ૦) અડધો ચંદ્ર સાતેમનો ચંદ્ર ૨ ગડગડીઉં, શ્રીફળ [મરાઠી]
અર્ધરાત્ર, સ્ત્રી૦ (સ૦) મધ્યરાત, અડધીરાત
અર્ધવિરામ, ન૦ (સ૦) જે ચિહ્ન આગળ જરા અટકવાનું હોય તે, ()
અર્ધવર્તુળ, ન૦ (સ૦)અર્ધગોળ અડધો પરીઘ
અર્ધસ્વર, પુ૦ (સ૦) અંતસ્થ
અર્ધાંગ, ન૦ (સ૦) અરધું અંગ-શરીર તે ૨ સ્ત્રી, પ્રિયા ૩ રોગથી અડધું અંગ રહી જાય તે, પક્ષાઘાત ૪ મિત્ર
અર્ધાંગના, સ્ત્રી૦ પરણેલી સ્ત્રી પત્ની
અર્ધાંગવાયુ, પુ૦ પક્ષાઘાત, લકવો
અર્પણ, ન૦ (સ૦ અર્પ્-આપવું) આપી દેવું તે, દાન ભેટ ૨ ભોગ આપવો તે, બળિદાન
અર્પણપત્રિકા, સ્ત્રી૦(સ૦)અર્પણપત્ર,ગ્રંથાર્પણ
અર્પવું, ક્રિ૦ સ૦ આપી દેવું, ભેટ કરવી ૨ ભોગ આપવો
અર્પિત, વિ૦ આપેલું આરોપિત, અર્પણ કરેલું
અર્બુદ, વિ૦ (સ૦) દશ કરોડની સંખ્યા ૨ પુ૦ આબુનો પહાડ [બચ્ચું, છોકરૂં
અર્ભક, ન૦ (સ૦ અર્ભ-બાળક) બાળક, બ-
અર્ભકી, સ્ત્રી૦ બાળકી, છેક નાની છોકરી
અર્વાચીન, વિ૦ (સ૦) હાલના વખતનું, હમણાનું તાજું, નવું (પ્રાચીનથી ઉલટું)
અર્શ, પુ૦ (સ૦) હરસ, મસા [પામેલો જીવ.
આર્હત, પુ૦(સ૦) જૈનમતવાદી પરમ સાધુ,મોક્ષ

અલક, પુ૦ [સ૦] કપાળ ઉપર નિમાળાનો ગુચ્છો, વાળની લટ ૨ કેશપાસ, ચોટલો, અંબોડો
અલકનંદા, સ્ત્રી૦(સં૦) ગંગા,ભાગીરથી (ટટએટ)
અલકપ્રભા, સ્ત્રી૦ (સ૦) કુબેરની નગરી
અલકા, સ્ત્રી૦ (સ૦) આઠથી દશ વર્ષની કન્યા ૨ કુબેરની નગરી
અલકાધિપ, પુ૦ [સ-] કુબેર, ધનાધિપતિ
અલક્ત, પુ૦ લાખનો રસ, અળતો
અલકાબ, પુ૦(આ૦લકબ)ખિતાબ,ઇલકાબ
અલકાવલી, સ્ત્રી૦ (સ૦) વેણી ચોટલાની લટ
અલક્ષ, ન૦ (સ૦) ગફલત, બેદરત
અલક્ષિત, વિ૦ (સ૦) લક્ષમાં નહિ તે, ધ્યાન બહાર ૨ ચિહ્ન–મારકો ન કરેલું
અલક્ષ્ય, વિ૦ (સ૦) ધ્યાન–ખ્યાલમાં ન આવે તેવું, અગોચર ૨ બ્રહ્મ
અલખ, પુ૦ (સ૦ અલક્ષ્ય) બ્રહ્મ, પરમાત્મા, શિવ (ગોસાઈં બાવાઓ ભીખ માગતા એ શબ્દનો ઉચ્ચાર કરે છે)
અલખત, સ્ત્રી૦ દોલત, માલમિલકત, ધન
અલગ, અ૦ (સ૦ અ + લગ્–ચોટવું) આધાર રહિત ૨ દૂર, છેટે ૩ જુદું, ન્યારૂં, પૃથક
અલગત, સ્ત્રી૦ અગત્ય, જરૂર ૨ દાખલારૂપ, દૃષ્ટાંત જેવું ૩ સાધારણ, સામાન્ય
અલગું, અ૦ અનગ, ભિન્ન ૨ વેગળું, આઘું
અલગોજા, ન૦ (આ૦) પીપી, સરણાઇની જાતનું મોંથી વગાડવાનું વાજું
અલગાર, સ્ત્રી૦ હાર, ઓળની ઓળ ૨ પુ૦ વભો, વૈભોગ મોભો
અલંકાર, પુ૦ (સ૦ અલમ–સારૂં + કૃ–કરવું) શોભા શણગાર, ભૂષણ ૨ ચમત્કૃતિ, કાવ્યની જે શોભા તે
અલંકારશાસ્ત્ર, ન૦ શબ્દાર્થચમત્કૃતિ સંબંધી જ્ઞાન આપનારૂં જે શાસ્ત્ર તે [ભૂષિત, શોભિત
અલંકારી, વિ૦ (સ૦) અલંકારવાળું ૨ આ
અલંકૃત, વિ૦(સં૦)અલંકારવાળું,શણગારેલું-ભૂષિત
અલંગ, અ૦ દૂર, છેટે
અલંગ, સ્ત્રી૦ બાજુ હાર અલંગપર–તૈયારી ઉપર, સવાણે-થાણમાં
અલંઘ્ય, વિ૦ (સ૦) ઓળંગાય નહિ તેવું
અલચ્છ, સ્ત્રી૦ સ૦) ગરીબાઇ, દરિદ્રતા, નિર્ધનતા ૨ અ૦ ધ્યાન બહાર, અલક્ષ્ય
અલપતું, વિ૦ આલાપ કરતું ૨ ઉઘાડું, ખુલ્લું
અલપવું, ક્રિ૦ સ૦ ગાવું આલાપવું ૨ અદૃષ્ય થવું
અલપાવું, ક્રિ૦ અ૦ મતાવું,અલોપ થવું ૨ ગવાવું
અલફાઉ, વિ૦ ન વપરાતું, અડફાઉ, નકામું
અલબત, અ૦ (આ૦) ખરેખર, ખચીત, બેશક
અલબેલડું, વિ૦ અલબેલું (કવિતામાં)
અલબેલું, વિ૦ અદ્વિતીય, ફાંકડું, ફુટડું ૨ ઇશકી, છેલ [તેવું ૨ અછત હોય તેવું
અલભ્ય, વિ૦ (સ૦ અ + લભ્) મળે નહિ
અલમસ્ત, વિ૦ (આ૦ અલ + ફા૦ મસ્ત) જોરવર, લઠ, ઉશ્કેરાએલું મંમાતું ૩ પુષ્ટ,જાડું
અલમ્, અ૦ (સ૦) બસ, થયું હવે
અલર્ક, પુ૦ ગાડો કુતરો
અલવણ, વિ૦ મીઠા વગરનું, મોળું
અલવાન, ન૦ (આ૦ લબન્–રંગ)કોર વગરની સાન, કામળ
અલસ, અ૦ (સ૦) ધીરૂ, સુસ્ત, થાકેલું, મંદ
અલસાવું, ક્રિ૦ અ૦ (સ૦ અ+લસ્–ઇચ્છવું) અળસાવું, થાકી જવું ૨ નિદ્રાળુ થવું,ઘેનાઇ જવું
અલા, સ્ત્રી૦ (આ૦ આલા–દ્રવ્ય) સમૃદ્ધિ,ધન. ૨ સુભાગ્ય [૨ નિર્દોષ, રાંક ૩ અલાઇ
અલાઇ, વિ૦ અશક્ત, લાચાર, અનાથ, નબળું
અલાઉ, વિ૦ ઇલાહિદું,જુદું,નિરાળું ૨ અજાણ્યું
અલાકો, પુ૦ (આ૦ ઇલાકહ્) સંબંધ,વહેવાર ૨ હક, દાવો, સત્તા
અલાણવું, ક્રિ૦ અ૦ ઊંટનું બરાડવું–ઘાઘરડવું
અલાદ, વિ૦ (આ૦ અલાદ) ગરીબ, નિર્ધન
અલાપ, પુ૦ (સ૦ આલાપ) રાગ રાગણીનું સ્વરૂપ દેખાડવાને અર્થ વિનાનું આ આ તનનન વગેરેનું ગાયન તે ૨ સ્તુતિગાન
અલાપવું, ક્રિ૦ સ૦ ગાવું, આલાપવું
અલાબલા, સ્ત્રી૦ ભૂતપ્રેત, ઝોડઝપટ ૨ સંકટ, [વિઘ્ન
અલાબુ, ન૦ તુંબડું
અલાભ, પુ૦ ખોટ, નુકશાન, હાનિ.

અલાયચી, **સ્ત્રી૦** ડાગરની એક જાત ૨ એ-
લચી, ઇલાયચી

અલાયચો, પુ૦ એક જાતનુ ઘાઘરા માટેનુ કપડુ

અલાયત, **સ્ત્રી૦** (આ૦) નિશાન, ચિહ્ન

અલાયો, વિ૦ આકેનો, હરાયો ૨ પુ૦ ઓળેયો

અલાવડાખોર, વિ૦ ઠેરઠેર વાતો કરનાર, ધા
પલા કરનાર મીઠડુ

અલાવડુ, વિ૦ ખુશામતખોર, મીઠડુ, ધાપલા
કરનાર ૨ ચુગલખોરીઉં, સાચાજુઠીઉ

અલાવો, પુ૦ (ફા૦) મહોરમના દહાડામા
એક ખાડામા સળગાવેલા દેવતાની આસપાસ
મુસલમાનો નાચે છે તે [ભિન્ન, નોખુ, અલગ

અલાહિદુ, વિ૦ (આ૦ અલાહિદહ્) જુદુ,

અલિ, પુ૦ (સ૦) એક જાતની કાળી મોટી
માખ, મધમાખ ૨ ભમરી

અલિંગિ, વિ૦ (સ૦) વિદેહી ચિહન વિનાનુ

અલિંદ, પુ૦ (મ૦) બારણા પાસેનો ચોક આગણુ

અલિજહા, વિ૦ (આ૦ આલી-ઉચુ+જાહ્-
પદવી) **આલીજાહું**, જુઓ

અલી, સ્ત્રી૦(સ૦આલી)સખી, સાહેલી,બેનપણી

અલીક,વિ૦ (સ૦) ખોટુ, કૃત્રિમ ૨ અપ્રિય

અલુખડુ, ન૦ અળોકડુ, જુઓ

અલુરાઇ, **સ્ત્રી૦** હુલ્લડાઇ

અલુણા,,ન૦ મીઠા વગરનુ જે ખાવુ તે

અલેક, વિ૦ સુકાનને સીધુ રાખવુ તે [વિન

અલેકગીરનારો,વિ૦ખાખીબાવો ભિખારી ૨ નિ-

અલેખુ, વિ૦ ગણતરી વગરનુ, શુમાર હિસાબ
વગરનુ અફળ નકામુ

અલેખેવ, અ૦ આ ફેરે, આ વખતે

અલેચો, પુ૦ એક જાતનુ રેશમી કપડુ

અલેઠવુ, ક્રિ૦ આળોટવુ, આરામ લેવો, ટેકવવુ

અલેણુ,ન૦લેણુ નહી તે અણબનાવ,નહિમળતાપણુ

અલેનુ, વિ૦ અણસમજુ હનેતુ

અલેલ, વિ૦ (આ૦) હિસાબ નિયમ વિનાનુ
૨ અધેર ઉપરટપકે, અદ્ધર

અલેલટપ્પુ વિ૦ અટકળથી ઠોકનાર, આસરાથી
કહેનાર ૨ રગડદગડીઉ

અલૈયાબલૈયા, ન૦ ઓવારણા [અતિ તેજસ્વી

અલોક, પુ૦ અલૌકિક, અદ્ભુત, વિચિત્ર ૨

અલોપ, પુ૦ [સ] ન દેખાવુ તે, અદૃશ્ય થવુ
તે, ગેબ થઈ જવુ તે

અલાૈકિક વિ૦ (સ૦ અ+લૌકિક=દુનિયા) લોક
વ્યવહારમા ન હોય તેવુ, વિચિત્ર, અસાધારણ
અદ્ભુત

અલ્પ, વિ૦ (સ૦) નાનુ, લઘુ ૨ કિંચિત,જરા

અલ્પપ્રાણ, પુ૦ (સ) જે અક્ષરનો ઉચ્ચાર
કરતા થોડુ જોર પડે છે તે

અલ્પભાષ-ષી, વિ૦ (સ૦) થોડાબોલુ સુમડુ

અલ્પવિરામ, ન૦ વાચતા લખતા થોડીવાર અ
ટકવુ પડે તેવુ ચિહ્ન

અલ્પાયુ,વિ૦ થોડા આવરદાવાળુ ,ટુંકી જીદગીનુ

અલ્પાવુ, ક્રિ૦ અ૦ ઓછુ થવુ ઘટવુ, શોષાવુ

અલ્યા, પુ૦ સરખી વયના-નાના કે ઉતરતા
દરજ્જાવાળાને બોલાવવાનો ઉદ્ગાર

અલ્લક **લ્લક** વિ૦ નિરાધાર ૨ **સ્ત્રી૦** બાળ-
કોની એક રમત

અલ્લા પુ૦ (અ૦અલ્લાહ્)પરમેશ્વર,પરમાત્મા,
ખુદા **અલ્લા એક બદામ**-છેકજ ગરીબાવસ્થા
અલ્લાની ગાવડી-સાલસ, ગરીબ **અલ્લા
ચોરે ઊડે ને મિયા ચોરે મુડે**—વાણિયો
સાચે પળી પળી, ને રામ ઉડાવે કુપ્પા **અલ્લાને
બનાયા જોડા, એક અંધા ઓર દુસરા**
ખોડા-જેને જેવુ જોઇએ તેવુજ મળે છે

અલ્લાઇ-હી, વિ૦ અલ્લાને લગતુ ઈશ્વરી ૨
રાંક, સાલસ, નિષ્પાપ, નિરૂપદ્રવી **અલ્લાઈ
કારખાનું**-વગર નિયમે પણ પ્રમાણિકપણે ચા-
લતો વહીવટ

અલ્લાચોટી, **સ્ત્રી૦** બાધાવાળા છોકરાને હજા-
મત કરાવતા જે થોડા વાળ આગળ અથવા
બોચી ઉપર રાખે છે તે

અલ્લાયો, પુ૦ પૂર્ણાંક આગળ જે ચિહ્ન) કર-
વામા આવે છે તે, ઓળાયો [ચાલતું.

અલ્લે, વિ૦મોડુ ,ધીમે ધીમે પણ પ્રમાણિકપણે

અલ્લોક, અ૦ (અલખ-પરમેશ્વર) બાવાઓની
ભીખ માગવાનો પોકાર.

અલ્હડ, વિ૦ દુનિયાદારીના અનુભવ વગરનુ, અણસમજુ ૨ ઉચ્છૃંકળ

અલ્હેતુ, વિ૦ અણસમજુ, અજ્ઞાન, કમઅક્કલ

અવ, અ૦ (સ૦) નીચુ, ઓછુ, અવળુ, નિશ્ચય, અનાદર, ઇ૦ બતાવનાર ઉપસર્ગ

અવકળા, સ્ત્રી૦ (સ૦) નઠારૂ ચિહ્‌ન, નુકશાન, ગેરલાભ ૨ અવ્યવસ્થપણુ

અવકાત, સ્ત્રી૦ (સ૦) ઈલાજ ૨ જોર

અવકાશ, પુ૦(આ૦)બે વસ્તુની વચમાનુ છેટુ, અતર, માગ ૨ ફુરસદ, નવરાશ, ૩ વાચતા લખતા અટકવાની જે ટાપ તે, વિરામ ચિહ્‌ન

અવકૃપા, સ્ત્રી૦ગેરમહેરબાની, ઇતરાજી, કરડી નજર

અવક્રિયા, સ્ત્રી૦(સ૦ , હાનિ, નુકશાન ૨ બગાડ, વિકાર, અવગુણ ૩ ઉલટુ પરિણામ

અવગણ, ન૦ અવગુણ, જુઓ

અવગણના, સ્ત્રી૦(સ૦) અનાદર, ન લેખવવુ તે, નિદા, તુચ્છકાર ૩ ઉપેક્ષા

અવગણવુ, ક્રિ૦ સ૦ ન લેખવવુ, અનાદર કરવો

અવગતિ, સ્ત્રી૦ (સ૦ અવ+ગમ–જવુ) અવદશા, અધમગતિમા જવુ તે પડતી, પાયમાલી

અવગતીઉ, વિ૦ જેની અવગતિ થઇ હોય તે ૨ મેલુ [અદર પેસવુ તે, પ્રવેશ કરવો તે

અવગાહ, પુ૦ સ્નાન, નહાવુ તે, અધોળ, ૨

અવગાહવુ ક્રિ૦ અ૦નહાવુ, તરવુ, ડુબકી મારવી

અવગુણ, પુ૦ (સ૦ અવ+ગણ્ ગણવુ) નઠારો ગુણ–સ્વભાવ, એબ, દોષ ૨ ગેરફાયદો, નુકશાન, ખોટ, ટોટો ૩ ખામી, ખોડ

અવગુણીઉ–ગુણી, વિ૦ નઠારા ગુણનુ, અનીતિમાન, દુર્ગુણી, દુરાચારી, ૨ નુકશાન કરનારૂ, "અવગુણીયાને ગુણ કરે, તે આટાગૂણમા જાય"

અવગ્રહ, પુ૦ (સ૦) અનાવૃષ્ટિ, ૨ નિગ્રહ ૩ પ્રતિબધ નડતર ૪ સ્વભાવ [અણઘડ

અવઘડ, વિ૦ મુશ્કેલ, અઘરૂ, કઠણ, વિકટ ૨

અવઘાત, પુ૦ (સ૦ અવ+હન્) મારી નાખવુ તે, ઠોકવુ, આઘાત

અવઘોષણા, સ્ત્રી (સ૦)ઢઢેરો, જાહેરાત

અવચિહ્‌ન, ન૦(સ૦)અપશુકન;અશુભસૂચક ચિહ્ન

અવચ્છિન્ન, વિ૦ જુદુ પડેલુ ૨ મર્યાદિત

અવચ્છેદ, પુ૦ (સ૦ અવ+છેદ-કાપ) છેદન ૨ કાપ ૩ ફરક ૪ હદ, સીમા ૫ જુદુ પડે છે એની સૂચક નિશાની, ડ,॥,*

અવજોગ, પુ૦ (સ૦)ખરાબ વખત, કમહૂરત

અવજ્ઞા, સ્ત્રી૦ (સ૦ અવ+જ્ઞા–જાણવુ) અપમાન, અનાદર, બેઅદબી ૨ આજ્ઞાભગ

અવટાવુ, ક્રિ૦ અ૦ ગુચવાવુ ૨ કાયર થવુ, થાકી જવુ ૩ એકાકાર થવુ ૪ ચૂકઆવવી

અવડ–ડુ, વિ૦ અવાવરૂ ન વપરાતુ

અવતસ, ન૦ (સ૦ અવ+તસ્) કાનનુ ઘરેણુ, એરીંગ ૨ અનકાર, શિરોમણિ

અવતરણ, ન૦ (સ૦ અવ+તૃ) અવતરવુ તે, અવતાર, જન્મ ૨ ઉતારો ૩ ઉતાર

અવતરવુ, ક્રિ૦ અ૦ જન્મવુ, ઉત્પન્ન થવુ

અવતાર, પુ૦ (સ૦ અવ–નીચે+તૃ–ઓળગવુ) જન્મ, દેહધારણ, ઉત્પત્તિ ૨ જીવન, જીદગી

અવતારી, વિ૦ (સ૦) અવતાર સબધી ૨ અસાધારણ ૩, અશીજન [દુખ

અવદશા, સ્ત્રી૦ (સ૦)પડતી, દુર્દશા, વિપત્તિ,

અવદાત, અ૦ શુદ્ધ, સ્પષ્ટ ૨ સુદર, નિર્મળ

અવદાત, વિ૦ ધોળુ

અવદાન, ન૦ (સ૦ અવ+દા) અપદાન, દેવતા જમાડવો તે ૨ ગળવુ, ગટ–ઓહીયા કરી જવુ તે

અવદાહ, પુ૦ (સ૦) વિધિ પ્રમાણે અગ્નિ સસ્કાર ન થવો તે, વગર ક્રિયાએ બળ્યુ ન બળ્યુ કરવુ તે [બ્રાહ્મણોની એક જાત

અવદીચ, પુ૦ (સ૦ ઔદીચ્ય) ગુજરાતના

અવધ, સ્ત્રી૦ (સ૦) સમાપ્તી, અત, ૨ હદ છેવટ, છેડો ૩ મુદત, વેળા

અવધાન, ન૦ (સ૦) ધ્યાન, લક્ષ ૨ સાવધાની, ચોકસાઇ ૩ કાળજી, સભાળ ૪ સમાધિ ૫ ઉદ્દેશ, ધારણા, વલણ

અવધારણ, ન૦ (સ૦) નક્કી કરવુ–ઠેરવવુ તે, નિશ્ચય, ખાતરી ૨ અવધાન.

અવધિ, પુ૦ સ્ત્રી૦ [સ૦] છેડો, સમાપ્તિ ૨ હદ, મર્યાદા, સીમા ૩ છેવટ, અત ૪ ટોચ,

શિખર ૫ વેળા, મુદ્દત, દરમિઆન ૬ ધોરણ, મુખ્ય પ્રમાણ ૭ પ્રારભ અથવા અત ૮ પરાકાષ્ઠા, હદથી જાદે ૯ અ૦ સુધી, લગણ

અવધૂત, પુ૦ (સ૦) અબધત, સન્યાસી

અવધ્ય, વિ૦ (સ૦ અ+વધ્ મારવુ) વધ કરવાને–ભોગ આપવાને યોગ્ય નહિ તેવુ

અવનવુ, વિ૦ વિશેષે કરીને, નવુ, અજાએબ જેવુ, અલૌકિક [જમીન, ૩ અવતાર, જન્મ

અવનિ, સ્ત્રી૦ (સ૦) પૃથ્વી, દુનિયા ૨ ભોય,

અવનિત, વિ૦ કોઇનો વનો–ચાકરી કરે નહિ તેવુ ' અવનિત ચલો "

અવનિતળ, સ્ત્રી૦ પૃથ્વીની સપાટી, ભુતળ

અવનિપતિ, પુ૦ રાજા, પૃથ્વીપતિ

અવનીશ, પુ૦ પૃથ્વીનો રાજા ૨ ધણી, પ્રભુ

અવન્તિ પુ૦ માળવા દેશ, ૨ ઉજ્જનશહેર

અવમોધ, પુ૦ (સ૦ અવ+બુધ્) જ્ઞાન પ્રબોધ

અવભૃથ, પુ૦ (સ૦ અવ+ભૃ–ભરવુ, દિક્ષાત યજ્ઞ, યજ્ઞની પૂર્ણાહૂતિ ૨ યજ્ઞાતે સ્નાન કરવુ તે

અવમાન, ન૦ (સ૦) અપમાન, અનાદર, તિરસ્કાર અવમતિ

અવયવ, પુ૦ (સ૦) આખી વસ્તુનો અમુક વિભાગ તે, અગ ૨ અશ, ભાગ ૩ મૂળ તત્વ ૪ ધાતુ [અશી

અવયવી, વિ૦ (સ૦) જેને અવયવ હોય તે,

અવયોગ, પુ૦ [સ૦ અવ+યોગ–વખત] ખરાબ વખત, કમુહૂર્ત, અનજોગ

અવર, વિ૦ (સ૦અપર–બીજુ) બીજુ, અન્ય ૨ કનિષ્ઠ, અધમ, છેલ્લું,

અવર, પુ૦ (અ૦) કલાક, અઢી ઘડીનો સમય

અવરજ, ન૦આપણી પાછળ હવે થશે તે,છોકરા 'આપણે તથા આપણા ઉત્તરજ ના અવરજ અવે પાછા ઉદયના ક્ષિતિજમા છીયે –અસ્તોદય

અવરજવર, સ્ત્રી૦ વારવાર આવવુ જવુ તે આવજા, હીનચાલ, હરફર

અવરણ, વિ૦ હલકી જાતનુ, અવર્ણ શુદ્ર

અવરથા, અ૦, વિ૦ (સ૦ અ+વૃથા) ફોગટ, મિથ્યા વ્યર્થ ૨ નિરર્થક, નકામુ, નજીવુ

અવરાઈ, સ્ત્રી૦ અભરાઇ, જુઓ

અવરાવવુ, ક્રિ૦ અ૦ ઢકાવુ, રોકાવુ

અવરેજ, પુ૦ (અ૦ ઍવરેજ) સરાસરી, આવરેજ

અવરોધ, પુ૦ (સ૦ અવ+રૂધ) અટકાવ, નડતર, રોકાણ, પ્રતિબધ બાધ ૨ જનાનખાનુ, અતપુર

અવરોવ, ન૦ (સ૦) હરકત, પ્રત્યવાય

અવરોહ, પુ૦ (સ૦ અવ+રૂહ્) નીચે ઉતરવુ તે ૨ સ્વર્ગ ૩ લતોદ્દગમ, ફણગો, વડવાઈ ૪ ઢોળાવ, ઢાળ ૫ ગળો

અવરોહી, વિ૦ ઉતરતુ ૨ (ગાયનમા) છેક ઉચા સુરથી ઉતરતા નીચા સુરે આવતુ, હલકી હલકનુ ૩ ઝટ અકુર–મૂળ ફૂટે તેવુ

અવર્ગી, વિ૦(સ૦) વર્ગનુ નહિ તે ૨ અવર્ગનુ

અવર્ણ, વિ૦ (સ૦) રગવગરનુ ૨ જાત વગરનુ નીચુ, હલકુ, કજાત ૩ અ આદિ અક્ષરો તે ૪ અપવાદ [૨ વર્ણનને અયોગ્ય, અકથનીય

અવર્ણ્ય, વિ૦ (સ૦) વર્ણવી ન શકાય તેવુ

અવર્ય, વિ૦ (સ૦)કનિષ્ટ નીચુ ઉતરતુ,હલકુ

અવલ, વિ૦ (ફા૦) પહેલુ મુખ્ય ૨ મૂળ,તોફે

અવલઅરજી, સ્ત્રી૦ (કાયદામા) દાવા અરજી, ફરીયાદ, પ્લેઇન્ટ (અ૦)

અવલઆખર, અ૦ (આ૦) પહેલેથી છેડા સુધી, અર્થાત, ઠેઠ સુધી

અવલક્ષણ, ન૦ (સ૦) અપલક્ષણ

અવલથી, અ૦ પહેલેથી, અસલથી

અવલમજલ, સ્ત્રી૦ (આ૦ અવલ+મજલ–મુસાફરી) શબને દાટવા–બાળવાની જગો તે, શ્મશાન, પાયદસ્ત, શબની જે છેલ્લી ક્રિયા કરી તે

અવલબન, પુ૦ (સ૦ અવ-નીચે+લબ્–લટકવુ) આશ્રય, આધાર,ઓથ ૨ પગ મૂકવાની જગા, ટેકો

અવલસાલ, ન૦(ફા૦) પહેલુ વર્ષ, બેસતુ વર્ષ

અવલેપ, પુ૦ (સ૦ અવ+લિપ–લીંપવુ)ચોપડવુ તે, લેપ, ખરડ,પ્લાસ્ટર (અ૦)૨.અહકાર

અવલેહ, પુ૦ (સ૦અવ+લિહ્-ચાટવુ) ઔષધિનો ક્વાથ બનાવી, ફરી ઉકાળી કરેલો ઘટ પદાર્થ તે, આગળીવતી ચટાય તેવું કરવુ તે, ચાટણુ, ચાટો

અવલોકન, ન૦ (સ૦ અવ+લોક્-જોવુ) તપાસવુ, જોવુ તે, ચોકશી, પરીક્ષા

અવલોકવુ, ક્રિ૦ સ૦ અવલોકન કરવુ, જોવુ, ધારીને જોવુ ૨ તપાસવું, ચોકસી કરવી ૩ પરીક્ષા કરવી

અવશ, વિ૦ (સ૦) જે તાબે નથી તે, ૨ સ્વતત્ર, આપઅખત્યાર, ૩ પરાધીન.

અવશિષ્ટ,વિ૦(સ૦) બચેલુ, વધેલુ, એઠુ, શેષ

અવશુકન, પુ૦ અપશુકન, અશુભ ચિહ્ન.

અવશેષ,વ૦ (અવ-નીચે+શિષ્-રહેલુ) બાકી, શેષ, સિલક

અવશ્ય, વિ૦ (સ૦ અ+વશ) વશ ન થાય તેવુ, અડીએલ, હઠીલુ, ઉચ્છ્રખલ

અવશ્ય, અ૦ (સ૦) જરૂર, ખચીત, નક્કી, ખરેખર, અલબત

અવશ્યમેવ, અ૦ જરૂરજ, નક્કી, નિસદેહ

અવસર, પુ૦ (સ૦ અવ+સૃ-સરવુ) જોગવાઇ,તક, લાગ,પ્રસંગ,તાકડો ૨ ટાણુ, પ્રસ્તુત

અવસાત, અ૦ હમણા, હાલ,આટણે.૨ ઓચિંતું, એકદમ.

અવસાન ન૦ (સ૦) મોત, આખર ઘડી,અત ૨ અટકવાની ટાપ, યતિ, વિરામ ૩ બધ પડવુ તે ૪ હદ, સીમા. ૫ બારીક વખત

અવસાય, પુ૦ (સં૦) સમાપ્તિ, છેડો, અત ૨ નિશ્ચય. ૩ શેષભાગ

અવસ્તા, સ્ત્રી૦ (ઝ૦) પારસી લોકોનું અસલ ધર્મ પુસ્તક ૨ હાલત, અવસ્થા

અવસ્થા, સ્ત્રી, (સં૦ અવ+સ્થા)હાલત,હાલ, દશા, સ્થિતિ ૨ આયુષ્યના અમુક મુદતના જે ભાગ તે (પૂર્વાવસ્થા, ઉત્તરાવસ્થા) તથા પેટા ભાગ (બાળ અવસ્થા, પૌગડ અવસ્થા, કિશોર અવસ્થા, યૌવન અવસ્થા પ્રૌઢ અવસ્થા, અને (વૃદ્ધ અવસ્થા.) ૩ જીવની જે હાલત તે. (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા). ૪ જીદગીની સ્થિતિ-સુખ અને દુખ ૫ જરા, ઘરડપણુ.

અવસ્થાન, ન૦ રહેઠાણુ, મુકામ

અવસ્થાંતર ન૦ [સ૦અ૦+સ્થા + અતર-બાજુ] સ્થિતિનો ફેરફાર થવો તે,રૂપાતર,વિકૃતિ

અવહાર, પુ૦ થોડા વખતની યુદ્ધ વિશ્રાંતિ, સધિ.

અવહાસ, ન૦[સ૦અવ+હસ્] ઉપહાસ, ઠઠ્ઠો, મશ્કરી, મજાક

અવહિત્થ, ન૦ [સ૦] ખોટો દેખાવ; ઢોગ. ૨ કાવ્ય શાસ્ત્રમા ૩૩ વ્યભિચારી ભાવો પૈકીનો એક

અવળચંડુ, ન૦ અડપલુ, ચાદવુ, છેડતી.

અવળચડુ, વિ૦ [અવળુ-ઉલટુ+ચડ-ગરમ] અટકચાળુ, કહેવાથી ઉલટુ ચાલનાર ૨ ચાદવુ, છેડતી કરનારૂ ૩ ઉલટુ, વિરૂદ્ધ.

અવળચવળ, વિ૦ આડુઅવળુ, અવળુસવળુ, ખરૂ ખોટુ ૨ અ૦ ઉલટસુલટ, ફાવ્યુ તેમ, જેમ આવે તેમ

અવળપચક, ન૦ [અવળું+પંચ-પાચ] વાંકાપણુ, આડાઇ, વક્રભાવ, વિપર્યય. અવળ પચક થવુ-[ધનિષ્ટાના ઉત્તરાર્ધથી તે અશ્વિનીના પૂર્વાર્ધ લગીના જે પાચ નક્ષત્ર તે.તેમા પરદેશ જવાનો તથા ઘાસ લાકડા વહોરવાનો નિષેધ કહ્યો છે, વળી પચક બેસતા કઇ અવળુ-ખોટું થાય તો તેવુને તેવુ પાચ વખત થાય એમ કહેવાય છે-જ્યોતિષ્ય) સારૂ કરવા જતા માઠુ થવુ તે, સવળુ કરતા અવળુ થઇ જવુ, ઉંધુ ખણાઇ જવુ.

અવળવાણી, સ્ત્રી૦ અવળુ બોલવુ તે ૨ અવળુ બોલે ને સવળુ થાય તેવી બોલી. ૩. અશુભ વાણી; કવરથી બોલ ૪ પ્રસંગથી ઉલટુ બોલવુ તે

અવળાઇ, સ્ત્રી૦ આડાઇ, કહે તેથી આડુ અથવા ઉલટુ કરવાની જે હઠીલી ટેવ તે ૨ જીદ્દીપણુ, હઠીલાઇ

અવળુ, વિ૦ ઉલટુ, ઉંધુ, વિરૂદ્ધ ૨ વાકુ, પ્રતિકૂલ. ૩ આડુ, સન્મુખ નહિ હોય તેવુ. અવળુ કરવુ-ઉલટુ કરવુ ૨. ફેરવવુ, ૩.

બગાડવું, નુકશાન કરવું **પ્રભુને અવળા હાથે પૂજવા** છતી હથેળી રાખીને પૂજવાને બદલે ઉંધી હથેલી રાખી પૂજવું–ગુનો કરવો, પહેલાના જન્મે પાપ કરવું) **અવળે મોઢે પડવુ**–(છતા નહિ) ઉંધે મોએ પડવું ૨ માંદા પડવું, **અવળું મો કરવું** મો ફેરવવું ૨ રિસાવું **આડુ ને અવળું**–જતા ને આવતા **અવળા પાટા દેવા**–ઉલટે રસ્તે ચઢાવવું, ખોટુ સમજાવી ભમાવવું, **અવળા પાસા પડવા**—કરેલી યુક્તિ નિષ્ફળ જવી, ઉલટું થવું તે **અવળા હાથે પૂજેલુ**–કમને કરેલું **અવળી પાઘડી મૂકવી**–દેવાળું કાઢવું ૨ વચન ન પાળવું, બોલ્યું અબોલ્યુ કરવું ૩ પક્ષ–બાજુ બદલવી

અવળાસવળી, સ્ત્રી૰ એક જાતનો છોડ છે, એના પાદડા બાધવાથી ગુમડુ પાકે અને રૂઝાય છે

અવળાસવળી, અ૰ ઉલું અને આડુ, ચોકડી પડે તેમ, ઉલટસુલટ, ૨ અટપટુ ૩ ઉધુ છતુ, ઉથલપાથલ

અવળે, સ્ત્રી૰ (સ૰ અવ + લેહ સુવાવડીને માટે વણા વસાણા ખાડી બનાવેલો ક્વાથ બતરીસુ

અવ ઇ, સ્ત્રી૰ ઉડતીખબર, અફવા, લોકવાયકા

અવાક, સ્ત્રી૰ વાક–મિઠ શ વગરનુ

અવાચક, વિ૰ [સ૰ અ+વચ્–બોલવું] મુગુ, ટુંકી જીભ વાળુ બેભાન, મરવા પડેલું ૩ વાચા રહિત

અવાચી, સ્ત્રી૰ હેડકી, વાઘણી, ડચકારી

અવાચ્ય, વિ૰[સ૰]બોલાય—બ્યાન કરાય નહિ તેવુ, અકથનીય

અવાજ પુ૰ [ફા૰ અવાઝ] જે કઇ સભળાય તે, ઘોષ, ધ્વની, શબ્દ ૨ ધાટો, નાદ

અવાજા, પુ૰ અવાજ થવા તે, બહાર, ધડાકા

અવાજી, વિ૰ અવાજવાળું, વાગતુ

અવાડુ, ન૰ ઔ, અડણુ, ઔલુ

અવાજો, પુ૰ અવાજ, ધ્વનિ, શબ્દ, ઘોષ

અવાડો, પુ૰ ઢોરોને પાવા માટે કરેલો ચુના મચ્છીનો કુવાને લગતો ઉંડો ખાડો, ચણેલી ટાકી, હોજ

અવાટ, વિ૰ વાટ નહિ તે, ઉજડ રસ્તો ૨ સ્ત્રી૰ કુમાર્ગ, અનીતિ

અવાણ, ન૰ હીડછા ચાલવાની ઢબ,ચાલ ૨ ગુણ

અવાતર, વિ૰[સ૰અવ+અતર—છેટુ]માહેનુ, અદરનુ ૨, વચ્ચમા આવેલુ ૩ આડકતરૂ, ગૌણ

અવાર, વિ૰ [સ૰ અ + વારવું–દૂર કરવું] અનિવાર્ય, દૂર ન થઇ શકે તેવુ, આવશ્યક

અવારનવાર, અ૰ કોઈ કોઈ વાર, વારાફરતી ૨ વખતો વખત, કદી કદી

અવાણવું, ક્રિ૰ અ૰ તપાસવું, નાણી જોવુ,

અવાવરૂ, વિ૰ [અ+વ્યાપૃ] વાપરવામા ન આવતું, અવાવરૂ, અવડ

અવાસ, પુ૰ (સ૰ આ+વસ્–રહેવું) રહેવાની જગા, રહેઠાણ, મુકામ, ઘર

અવાળુ, ન૰ દાતના પારા, પીડિયા ૨ લાળ ઉત્પન્ન કરનાર માસપિંડ [રહિત તે

અવિકાર, પુ૰ (સ૰ અ+વિકાર–ફેરફાર) વિકાર

અવિકળ, વિ૰ ગાભરૂ ન થએલુ

અવિકાર, પુ૰ વિકાર–બગાડ નહિ તે ૨ વિ૰ નુકશાન ન કરનાર

અવિકારી, વિ૰ ફરે નહી તેવુ, નિર્વિકાર, ૨ વિશેષણનો એક પ્રકાર (વ્યાકરણ) જેને જાતિ વચન અને વિભક્તિ ન લાગે તેવુ ૩ નિરૂપદ્રવી, નિર્દોષ, ૪ અબાધક નિર્બાધક

અવિગત, વિ૰ (સ૰ અ+વિ+ગમ્–જવુ) છૂટુ પડેલુ, અયુક્ત ૨ નિત્ય (બ્રહ્મ)

અવિગતા, વિ૰ આશકે રોકેલી, અજ્ઞાતયૌવના

અવિચળ, વિ૰ (સ૰ અ+વિ+ચલ્–જવુ) જેનો ફેરફાર ન થાય તેવુ,સ્થાયી,સ્થીર, કાયમ

અવિચાર પુ૰ (સ૰ અ+વિ+ચર્–ચાલવુ) વિવક વિચાર રહિત, અન્યાય, અવિવેક

અવિચારી, વિ૰ (સ૰) અવિવેકી, પ્રમાદી, મૂર્ખ, વિચારશૂન્ય, અણુસમજુ

અવિચ્છિન્ન, વિ૰ (સ૰ અ+વિ–છિદ્–કાપવુ) જુદુ પાડેલુ નહિ તેવુ,અખડિત,અખડ,અસ્ખલિત

અવિચ્છિન્નધારા, સ્ત્રી૰ અભિષેક, ધારાવાડી

અવિદ્ધયોની, વિ૰ (સ૰) પતિ સગ થયો ન હોય તેવી (સ્ત્રી)

અવિદ્યમાન, વિ૦ (સ૦ અ+વિદ્-હોવુ+માન-વાળુ) જીવતુ ન હોય તે મરી ગએલુ, નાશ પામેલુ ૨ અપ્રત્યક્ષ

અવિદ્યા, સ્ત્રી૦ (સ૦ અ + વિદ્યા-જ્ઞાન) જગતની જુઠી માયા,અજ્ઞાન,૨ વિદ્યાનો અભાવ

અવિંધ, વિ૦ વિંધેલુ નહીં તે, વેહ રહિત ૨ ન પલોટાએલુ

અવિધાર, અ૦ નક્કી,ખચીત,

અવિધારવુ,ક્રિ૦ સ૦ અવશ્ય માનવુ,ધારવુ સમજવુ

અવિનય, પુ૦ (સ૦) બેઅદબી, અસભ્યતા ૨ ગુનો, દોષ

અવિનયી, સ્ત્રી૦ અસભ્ય, બેઅદબ, ઉદ્ધત

અવિનાશ, વિ૦ (સ૦ અ+વિ+નશ્) જેનો કદી નાશ નથી થતો તે, અક્ષર, અજર, નિત્ય

અવિનાશી, વિ૦ (સ૦) નિત્ય-હમેશ છે તેવુ, અમર, અક્ષય, ૨ પુ૦ પરમાત્મા, બ્રહ્મ

અવિનીત, વિ૦ અનમ્ર,ઉદ્ધત અલ્લડ ૨ જગલી

અવિપક્ષ, વિ૦(સ૦)શત્રુરહિત સામાવાળીઆ વગરનુ

અવિપાક, વિ૦ (સ૦) જેમા ખાધેલુ હજમ [ન થાય એવો એક રોગ

અવિભક્ત,વિ૦(સ૦)નહિ વહેચાએલુ, મજીઆરૂ

અવિભાજ્ય, વિ૦ (સ૦) જેના વિભાગ ન થઈ શકે તેવુ,ભાગી ન શકાય તેવુ

અવિમળ, વિ૦ (સ૦) અસ્વચ્છ, મેલુ

અવિરત, અ૦(સ૦)વગર અટકે,ચાલુ, નિરતર

અવિરલ, વિ૦ (સ૦) ભરચક, ભરપૂર,પુષ્કળ ૨ ઘાડુ ૩ વન નક્કર ૪ અટકે નહિ તેવુ

અવિવક્ષિત, વિ૦ (સ૦) ખામુખા બોલવુ જ છે એવો વિચાર ન હોય તેવુ ધારેલુ નહિ તેવુ

અવિવાહિત, વિ૦ (સ૦અ + વિ+વહ્-લઇ જવુ) વિવાહ સસ્કાર થયેલો નથી તેવુ, કુવારૂ

અવિવેક, પુ૦ (સ૦) વિવેક નહિ તે, અવિચાર ૨ દોષ

અવિવેકી, વિ૦(સ૦અ+વિ+વિજ્-ઓળખાવુ) અવિચારી, અસભ્યતા, અમર્યાદ, બેઅદબ

અવિશ્વાસ, પુ૦ (સ૦) અણુભરોસો, ખાતરી ન થવી તે

અવિશ્વાસી, વિ૦(સં૦) નાસ્તિક ૨ બેઇમાન; દગાખોર, બેવચની

અવિશ્વાસનીય, વિ૦ અણુભરોમાવાળુ

અવે, અ૦ હવે, આવુ છે ત્યારે

અવેક, પુ૦ અવિવેક, ગેરવર્તણુક

અવિરોધી, વિ૦ દ્વેષી નહિ તે, મપીલુ

અવેજ, પુ૦ (આ૦ ઇવજ) માલ સાટે માલ આપવો લેવો તે, સાટાપાટી, બદલો ૨ નાણુ ઉત્પન્ન, કિમતીમાન ૩ નફો, મુડી

અવેર, પુ૦(સ૦ આ + વૃ-ઢાકવુ)દેખરેખ દાબમા રાખવાની સત્તા, કાબુ ૨ વિવેકથી ઉપયોગ કરવો તે,ખર્ચી જાણુવુ તે ૩ કરકસર કરવી તે ૪ સમેટી લેવુ, એકઠુ કરવુ

અવેરવુ, ક્રિ૦ સ૦ સાચવી રાખવુ,ઉગારવુ ૨ જતન કરવુ,જાળવવુ ૩ કરકસર કરવી,અવેર કરવો

અવેરૂ, અ૦ વખત બેવખત, ગમે તે વખતે; કોઈ પણ સમયે ૨ હલેતુ

અવેવ, પુ૦ અવયવ, જુઓ ૨ અવેર, વ્યવસ્થા

અવેળા, સ્ત્રી૦ કવેળા, વખત બેવખત

અવેળી, સ્ત્રી૦ઘઉના લોટને ભૂગડે ચાળી ઘીમા શેકી સાકરના પાણી સાથે ચટાય તેમ કરવુ તે, મેદાનો શિરો (જૈન) [ખુલ્લુ-ઉઘાડુ નહિ તે

અવ્યક્ત, વિ૦ (સ૦ અ+વ્યક્ત-સ્પષ્ટ) ગુપ્ત,

અવ્યક્ત, પુ૦ (સ૦) આત્મા, ઈશ્વર ૨ માયા ૩ સખ્યા, પદ (બીજ ગણિતમા). ૪ ધ્વનિ, અવાજ (સાખ્યમા); ૫ પ્રકૃતિ કુદરત

અવ્યય, પુ૦ (સ૦) વ્યાકરણ પ્રસિદ્ધ અવ્યય, સર્વ વિભક્તિમા અને સર્વ વચનમા એક રૂપે રહેનાર શબ્દ, જેને લિગ,વચન, અને વિભક્તિ લાગતા નથી તેવો શબ્દ એની ચાર જાત છે શબ્દયોગી, ઉભયાન્વી, ક્રિયાવિશેષણ અને કેવળ પ્રયોગી

અવ્યય, વિ૦ (સ૦ અ+વિ+ઇ-જવુ) આદિ-અત વિનાનુ, વિકારવિનાનુ ૨ અવિનાશી,નિત્ય, અમર ૩ પરમાત્મા, બ્રહ્મ,

અવ્યવસ્થા, સ્ત્રી૦ (સં૦ અ+વિ+અવ+સ્થા) ગેરબદોબસ્ત, બેતાલી, ગોટાળો, ગરબડ.

અવ્યવસ્થિત, વિ૦ (સ૦) અવ્યવસ્થા વગરનુ, ગોટાળીઉ ૨ કોઈ પણ જાતના નિયમ વગરનુ ૩ ચચળ
અવ્યાપ્તિ સ્ત્રી૦ (સ૦) સર્વત્ર લાગુ ન પડે તેવો અમુક વસ્તુના લક્ષણનો જે દોષ તે;અપ્રાપ્તિ
અવ્યયીભાવ, પુ૦ વ્યાકરણમા એ નામનો એક સમાસ, છઠ્ઠી વિભક્તિવાળા નામની પછી અવ્યય આવે છે ત્યારે વિભક્તિ ઉડી જઈ નામ અને અવ્યય જોડાઈ જાય છે તે 'ઘોડાની ઉપર–ઘોડા ઉપર'
અવ્હેરાટ, પુ૦ બહાવરાપણુ; ગ્રુચવણ, અમુઝણ, સભ્રમ, ૨ લજ્જા,શરમ
અવ્હેરૂ, વિ બહાવરૂ, ગભરાએલુ, વ્યાકુળ
અવ્હૈ, સ્ત્રી૦ એક તરેહની આતસબાજી, હવાઈ
અશક, પુ૦ ઇશક, જુઓ **અશકનો મારી ગાજરા ખાય**—અશકનો માર્યો ડીકરામા ખાય
અશકર, અ૦ (ફા૦ આશ્કાર–દર્શાવવુ) ચોક્ખુ, ખુલ્લી રીતે, પ્રત્યક્ષ. ૨ આખરે, છેવટે
અશક્ત, વિ૦ (સ૦ અ+શક્–શકવુ) શક્તિ વગરનુ નબળુ, કમજોર, નરમ ૨ અસમર્થ, નાલાયક,દમવિનાનું ૩ દુર્બળ, માદુ, પોચુ
અશક્તિ, સ્ત્રી૦ (સ૦) શક્તિ નહિ તે, અશક્તપણુ નબળાઈ, કમજોરી ૨ ગજુ નહિ તે
અશક્તિમાન, વિ (સ૦) અશક્ત, દુર્બળ, અસમર્થ, કમતાકાતવાળુ [ભવિત, અસાધ્ય.
અશક્ય,વિ૦ (સ૦) ન બને–થાય તેવુ અસ-
અશન, ન૦ (સ૦અશ્-ખાવુ) જમવુ તે ૨ ભોજન, ખોરાક ૩ અન્ન
અશનિ, સ્ત્રી૦ વીજળી ૨ વજ્ર ૩ કરા પડવા તે
અશરણ,વિ૦(સ૦)આશરો ન હોય તેવુ,નિરાધાર
અશરણશરણ, વિ૦ (સ૦) આશ્રય વગરનાને આશ્રય આપનાર, પરમેશ્વર
અશરફી, સ્ત્રી૦ (ફા૦ અશર–દશ) મોહોર, ૧૫ રૂપિયાની કિમતનો સિક્કો
અશરાફ, વિ૦ (આ૦ શરીફ–ઉમરાવ) ભલુ, સાલસ, સભ્ય. ૨ પ્રમાણિક, ઇમાનદાર ૩ ખાનદાન, કુલીન
અશરાફી, સ્ત્રી૦ (આ૦) ભલમનસાઇ, સભ્યતા ૨ ઇમાનદારી.
અશર્મ, વિ૦ (સ અ+શર્મ–ખુશી) દુખી ૨ બેશરમ, નિર્લજ્જ
અશાડ, પુ૦(સ૦ આષાઢ)હિંદુ કાર્તકી વર્ષનો ૯ મો મહિનો [માસને લગતુ
અશાડી, વિ૦ અશાડ માસની પૂર્ણિમા ૨ અશાડ
અશાત,સ્ત્રી૦(સ૦અ+શમ્–શાન્ત થવુ) અસુખ, દુખ, અશાતિ ૨ ઉદ્વેગ.
અશાતના, સ્ત્રી૦ દુખ, લાગણી દુખાવી તે ૨ અપવિત્રતા (જૈન)
અશાત, વિ૦ કોલાહલવાળુ, ગડબડીઉ
અશાતિ, સ્ત્રી૦ (સ૦) ચિત્તવિક્ષેપ, શાતિ નહિ તે ૨ બખેડો, બડ
અશાતા, સ્ત્રી૦ નિવૃત્તિ–સુખ નહિ તે, અસુખ, ઉનાપો. ૨ ચિંતા, ફિકર
અશાશ્વત, વિ૦ (સ૦ અ + શાશ્વત–નિત્ય) નિત્ય–હમેશનુ નહિ તેવુ, અસ્થિર, ચચળ, અસ્થાયી ૨ એ ઘડીનુ,ક્ષણભગુર.૩ નક્કી નહિ તે
અશાસ્ત્ર, વિ૦ (સ૦અ+શાસ્–અમલ કરવો) શાસ્ત્રવિરૂદ્ધ, રીતિ વિરૂદ્ધ, વિધિ-નિયમથી ઉલટુ
અશિર, પુ૦ (સ૦) રાક્ષસ ૨ અગ્નિ ૩, પવન
અશિવ,વિ૦અયોગ્ય,અનુચિત ૨ અશુભ,અમગળ
અશિક્ષિત,વિ૦(સ૦અ+શિક્ષ્–શીખવવુ) નહિ શિખેલુ, ન કેળવાએલુ, અભણ
અશીલ,વિ૦ગરીબ, શાત, શરમાળ ૨ ખરાબ વર્તણૂકનુ, નીચ ૩ હલકુ, અકુલીન
અશુચિ, વિ૦ (સ૦) અપવિત્ર, મલિન, ગદુ
અશુદ્ધ, વિ૦(સ૦)અપવિત્ર, મલિન, અસ્વચ્છ, નાપાક ૨ ખોટુ,જુઠુ. ૩ ભૂલચૂકવાળુ, દોષિત
અશુદ્ધિ, સ્ત્રી૦ (સ૦) ભૂલચૂક; ખોટુ ૨ અપવિત્રતા ૩ ચોખવટ નહિ તે
અશુભ, ન૦(સ૦ અ+શુભ–સુદર) અકલ્યાણ, માઠુ, ભુડુ, અભદ્ર ૨ મરણને લગતુ કર્મ તે
અશેષ, વિ૦ (સ૦ અ+શિષ્–બાકી રહેવુ) સઘળુ,સપૂર્ણ,કઇજ બાકી નહિ તેવુ [શાક બી
અશેળીઓ,પુ૦ અસાળીઓ, એક જાતના ચપટા

અશો, વિ૦ (ફા૦) પવિત્ર
અશોઇ, સ્રી૦ પવિત્રતા, શુદ્ધતા
અશોક, ન૦ (સ૦) શોક નહિ તે, સુખ, આનંદ.૨ બકુલવૃક્ષ, આસોપાલવનુ ઝાડ ૩ વિ૦ શોક જાય ને આનંદ થાય તેવુ
અશોચ્ય, વિ૦ (સ૦) નહિ શોક કરવા લાયક
અશૌચ,ન૦(સ૦)અપવિત્રતા, અશુદ્ધિ. ૨ સૂતક
અશ્કર, અ૦ છેવટ, આખરે અતે
અશ્મર, વિ૦ (સ૦) પત્થરનુ.પુ૦પત્થર,પહાણો
અશ્મરી, પુ૦ મૂત્રકૃચ્છ, પથરીનો રોગ
અશ્રદ્ધા, સ્રી૦ (સ૦)આસ્થા નહિ તે,નાસ્તિકતા
અશ્રાન્ત,વિ૦જરાકે થાકવિનાનુ ૨ અ૦વગર થાકે
અશ્રુ, ન૦ (સ૦) આસુ, નેત્રાંબુ
અશ્રુત, વિ૦ (સ૦) જેણે સાભળેલુ નથી તે ૨ વેદ ન ભણેલુ તે [માથી પાણી ટપકવુ તે
અશ્રુધારા, સ્રી૦ (સ૦) આસુની ધાર, આખ-
અશ્રુપાત, પુ૦ આસુનુ પડવુ—આસુ વહેવા તે
અશ્લાઘ્ય, વિ૦ (સં૦) વખાણ–તારીફ ક- કરવા જેગ નહિ તેવુ.
અશ્લીલ, (સ૦)શરમ આવે તેવુ,અશિષ્ટ, ભુંડુ
અશ્લેષા સ્રી૦ (સ૦) ૨૭ પૈકી નવમુ નક્ષત્ર, પાચ તારાનો એક સમુદાય તે
અશ્વ, પુ૦ (સ૦) ઘોડો, હય, તોખાર. ૨ પુરૂષની એક જાત
અશ્વગતિ, સ્રી૦ (સ૦) ઘોડાની ચાલ
અશ્વગંધા, સ્રી૦એક જાતની વનસ્પતિ,આસધ
અશ્વગ્રીવ, પુ૦ (સ૦) ઘોડાના જેવી ગરદન- વાળો એક રાક્ષસ,હયગ્રીવ રાક્ષસ. ૨ વિષ્ણુનો
અશ્વતર,ન૦(સ૦)રોઝ,ખચ્ચર [એક અવતાર
અશ્વત્થ, પુ૦ પીપળો [ર્યનો પુત્ર
અશ્વત્થામા, પુ૦ (સ૦) પાડવોના ગુરૂ દ્રોણાચા-
અશ્વદંષ્ટ્રા, સ્રી૦ (સ૦) ગોખરૂ [એક વૃત્ત
અશ્વધાટી, સ્રી૦ (સં૦) કવિતાનું ૨૭ અક્ષરનુ
અશ્વપાળ, પુ૦ (સ૦ અશ્વ+પાલ્–રક્ષણ કર- વુ) ઘોડાનો પાળક,ખાસદાર,ઘોડાવાળો, રાવત
અશ્વમંત્ર, પુ૦ (સ૦) જે મંત્રથી ઘોડો વશ થાય અને પવનની માફક ચાલે તે

અશ્વમેધ, પુ૦ (સ૦) ઘોડાનો યજ્ઞ
અશ્વમેવ, અ૦ (સં૦ અવશ્યમ્+એવ) નક્કી; ખસુસ, જરૂર [અને કેળવવાની વિદ્યા.
અશ્વવિદ્યા, સ્રી૦ (સ૦) ઘોડાને પારખવાની
અશ્વવૈદ્ય, પુ૦ ઘોડાનો વૈદ, પશુવૈદ્ય.
અશ્વશાળા, સ્રી૦ (સ૦) તબેલો, ઘોડાર.
અશ્વારૂઢ, પુ૦(સ૦)ઘોડેસ્વાર [ઉપર ચઢવુ તે,
અશ્વારોહ, પુ૦ (સ૦) ઘોડેસ્વારી, ઘોડા
અશ્વિન, પુ૦ (સ૦) આસો માસ.
અશ્વિની, સ્રી૦ (સ૦) એ નામનુ ૨૭ પૈકી પહેલુ નક્ષત્ર ૨ ઘોડી ૩ સૂર્યની સ્રી,ત્વષ્ટાની પુત્રી.
અશ્વિનિકુમાર, પુ૦ (સ૦) એક અપ્સરાના બે જોડે અવતરેલા પુત્ર, જેઓ સ્વર્ગના વૈદ્ય ગણાય છે ૨ ઘણોજ રૂપાળો પુરૂષ,કુશળ વૈદ્ય. ૩ એક જાતની ઓસડની મેળવણી
અષ્ટ, વિ૦ (સ૦) આઠ. ૮
અષ્ટક, ન૦ (સ૦) આઠનો જે સમુદાય તે
અષ્ટકા, ન૦ (સ૦)પોસ, મહા અને ફાગણ વદ ૭ ૮, ૯, ના ત્રણ દિવસ. ૨ તે દીવસે થતી એક જાતની શ્રાદ્ધક્રિયા
અષ્ટકોણ, વિ૦ (સ૦) આઠ ખુણાવાળુ,
અષ્ટગંધ, ન૦ (સ૦) આઠ જાતની સુગંધિ વસ્તુઓનુ ચૂર્ણ
અષ્ટધાતુ, સ્રી૦ (સ૦)સોનુ, રૂપુ, તાબુ,કથીર, સીસુ,પિતળ,લોઢુ અને તાબુ એ આઠ ધાતુઓ
અષ્ટનાયિકા, સ્રી૦ કાવ્યશાસ્રમા વર્ણવેલી આઠ નાયિકાઓ તે (સ્વાધીન પતિકા, ખંડિતા, અભિસારિકા, કલહાંતરિતા, વિપ્રલબ્ધા, પ્રોષિત ભર્તૃકા, વાસકસજ્જા, અને વિરહોત્કંઠા)
અષ્ટપદી, સ્રી૦ (સ૦) જેમા આઠ પદ–કડી- ઓ હોય તેવુ ગીત (જયદેવકવિકૃતગીત ગોવીંદ) ૨ શરભ, કરોળિયો.
અષ્ટપ્રધાન, પુ૦(સં૦) આઠ જાતના કારભારી. (પ્રધાન, અમાત્ય, સચીવ, મંત્રી, ધર્માધ્યક્ષ, ન્યાયશાસ્રી, વૈદ્ય, અને સેનાપતિ)
અષ્ટભાવ, પુ૦ (સં૦) આઠ જાતના ભાવ. (સ્તંભ, સ્વેદ, સ્વરભંગ, રોમાચ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુપાત, અને પ્રલય).

અષ્ટમ, વિ૦ (સ૦) આઠમુ
અષ્ટમ, પુ૦ ત્રણ ઉપવાસનુ એક વ્રત (જૈન)
અષ્ટમગળ, ન૦ (સ૦) આઠ મગળ ફેરા ફરવા તે પુનર્લગ્ન [૨ અમબદ્ધ
અષ્ટમપષ્ટમ, અ૦જેમતેમ,ઉધુ છતુ,આડુ અવળુ
અષ્ટમાસિદ્ધિ, (સ૦) આઠ પ્રકારની સિદ્ધિઓ તે ૨ લીલા લહેર, આનદ [આઠમી તિથિ
અષ્ટમી, સ્ત્રી૦ (સ૦) આઠમ, પખવાડીયાની
અષ્ટવર્ષા, સ્ત્રી૦ (સ૦) આઠ વર્ષની બાળા, ગૌરી [તેવુ (મત્ર)
અષ્ટાક્ષરી, વિ૦ (સ૦) આઠ છે અક્ષર જેમા
અષ્ટાગ, ન૦ (સ૦) આઠ અગ-વિભાગવાળુ
અષ્ટાગપ્રણામ, પુ૦ (સ૦) આઠે અગે કરીને નમન કરવુ તે,લાબા થઇ પગે પડવુ તે, દડવત
અષ્ટાગયોગ, પુ૦ (સ૦) આઠે અગ સહિત જે યોગ તે. (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ)
અષ્ટાદશ, વિ૦ (સ૦) અઢાર, ૧૮
અષ્ટાવક્ર, પુ૦(સ૦) એ નામનો એક ઋષિ ૨ જેને શરીરે ઘણી ખોડ હોય તે
અષ્ટાવધાની, વિ૦ (સ૦ અષ્ટ+અવધાન-લક્ષ) એકજ વખતે ઘણે ઠેકાણે લક્ષ રાખી શકે તેવુ ૨ ખટપટી, ચતુર
અષ્ટાવુ, ક્રિ૦ અ૦ હીઝરાવુ, ઓશિયાળા જેવા થઇ બળ્યા કરવુ, દુમાયા કરવુ ૨ પછડાવુ, ટીચાવુ [+શત-સો) એકસોને આઠ
અષ્ટોત્તરશત, વિ૦ (સ૦ અષ્ટ+ઉત્તર-ઉપર,
અસકામત, સ્ત્રી૦ (ફા૦) માલમિલકત, પુજી
અસખ્ય, વિ૦ જેની ગણતરી થઈ ન શકે તેવુ અનત, ઘણુજ બેશુમાર [ખ્ય, અપાર
અસખ્યાત, વિ૦ (સ૦) અપરિમિત, અસ-
અસગત, વિ૦ (સ૦) અયુક્ત,સબધ વિનાનુ
અસગી, વિ૦ અતડુ,જુદુ,નગી નહિ તે,ત્યાગી
અસજ્જન, પુ૦(સ૦) અસાધુ અસભ્ય,દુર્જન. ૨ વિ૦ નઠારૂ, દુષ્ટ
અસત, વિ૦ (સ૦) જુઠુ, ખોટુ,૨ અધર્મી, અન્યાયી,૩ અફળ, ફોગટ [અનાદર, અપમાન
અસત્કાર, પુ૦ (સ૦) માન ન આપવુ તે,
અસતુલ, ન૦ ખેતરની ચારે બાજુની હદ
અસત્ય,ન૦ (સ૦) જુઠાણુ મતનો અભાવ તે
અસત્યતા, સ્ત્રી૦ અસત્ય ખોટુ,અનૃતતા
અસત્યવાદી, વિ૦ જુઠુ બોલનાર, જુઠુ
અસદૃશ, વિ૦ બરોબર મળતુ ન આવે તેવુ અસમાન [દશાને પામવુ તે
અસદ્ગતિ, સ્ત્રી૦ દુર્ગતિ, મૃત્યુ પછી નીચ
અસદ્ભાવ, પુ૦ (સ૦) અણગમો અપ્રિયતા
અસતોષ, પુ૦ (સ૦) સતોષ નહિ તે ૨ લોભ, તૃષ્ણા
અસન્માન, ન૦ અપમાન, અનાદર
અસબાબ, પુ૦ (આ૦)સામાન, જગમમિલકત ૨ સાહિત્ય, સામગ્રી (યુધ્ધ સબધી)
અસભ્ય, વિ૦ (સ૦) સભામા શોભે નહિ તેવુ, અવિવેકી, તોછડુ, ઉદ્ધત, ખળ
અસમજ, સ્ત્રી૦ અજ્ઞાનતા, મૂર્ખાઈ, નાદાની ૨ નાદાનીઅત, બાળકબુધ્ધિ
અસમજણ,સ્ત્રી૦ અજ્ઞાન,ગેરસમજ,નાદાનીઅત
અસમજણુ, વિ૦ નાદાન મૂર્ખ બાળકબુધ્ધિઉ
અસમજુત, સ્ત્રી૦ સમજફેર, અણબનાવ કુસપ
અસમજુતી, વિ૦ ગેરસમજુતી, સમજફેર
અસમર્થ વિ૦ (સ૦) સમથ નહિ તે, નબળુ કમજોર, અશક્ત, દુબળુ
અસમાતુ, વિ૦ સમાય નહિ તેવુ,છલકાતુ ૨ તોફાની, સખણુ ન રહે તેવુ, અટકચાળુ ૩ હળીમળીને ન ચાલે તેવુ
અસમાન, વિ૦ સરખુ નહિ તેવુ, નાનુ મોટુ, અતુલ્ય, વિજાતિય ૨ અપૂર્વ, અલૌકિક
અસમાન, ન૦ (ફા૦) આકાશ, આસમાન. **અસમાની**-આસમાની, ભુરૂ
અસમાનીસુલતાની,સ્ત્રી૦(ફા૦ (દૈવીકોપઅથવા રાજ્યકોપ, આકસ્મિક વિપત્તિ
અસપૂર્ણ, વિ૦ (સ૦)અધુરૂ, અપૂર્ણ,ઊણુ
અસબદ્ધ, વિ૦ (સ૦) સબધ વિનાનુ,અસગત, તૂટક, ૨ એક બીજાથી ઉલટુ, વિરોધી

અસંબંધ, પુ૦ સબંધ વગરનુ, તૂટક,છિન્નભિન્ન
અસંભવ, પુ૦ (સ૦) ન બનવુ તે,અશકયતા, ૨ મળતા ન આવવુ તે, અભાવ,
અસંભવિત, વિ૦ (સ૦) ન બને-થાય તેવુ, અશકય
અસંભાવના, સ્ત્રી૦ (સ૦) મળતુ-બેસતુ ન આવવુ તે, અઘટિપણુ, અશકયતા
અસંભાવિત, વિ૦ (સ૦) દુર્જન, દુષ્ટ,શાખ-આબરૂ વગરનુ, અપ્રતિષ્ઠિત
અસંભાવ્ય, વિ૦ (સં૦) ન બને તેવુ,અશકય, ધારી શકાય નહિ તેવુ
અસમંજસ, વિ૦ (સં૦) મળતુ ન હોય તે, અઘટિતપણુ ૨ અણસમજુ, અવિચારી
અસંયુકત, વિ૦ (સ૦)સંયોગ-જોડાણવગરનુ, છુટુ, જુદુ
અસંયોગ, પુ૦ વિયોગ, જુદાપણુ, કુસંપ
અસંશય, પુ૦ સંદેહવિનાનુ, નિઃશંક
અસંસર્ગ, પુ૦ સંબંધ-પરિચયનો અભાવ, સંસર્ગરહિત
અસંસ્કૃત, વિ૦ (સ૦) જેને સંસ્કાર થએલા ન હોય તેવુ, અશુધ્ધ ૨ પ્રાકૃત
અસંસ્કૃતિ, વિ૦ સંસ્કાર વગરનુ, અશુદ્ધ,પ્રાકૃત
અસર, સ્ત્રી૦ (આ૦) લાગણી ૨ ગુણ ૩ ફળ, હાસલ, પરિણામ ૪ પાસ ૫ મનમા વાત ઉતરવી તે, છાપ [બાણુ ૨ ગુણકારક ૩ પ્રબળ
અસરકારક, વિ૦ અસર કરે તેવુ, સચોટ,રામ-
અસરાર, ન૦ ખાનગી વાતચિત, ગોઠ, ગુજ
અસલ, વિ૦ (અ૦) પહેલુ, મૂળનુ, પ્રથમનુ, અવ્વલ ૨ જુનુ ૩ ખરૂ, સાચુ ૪ ઉંચા કુળનુ, ખુનિયાત, ખાનદાન ૫ સારૂ શ્રેષ્ઠ
અસલી, વિ૦ (આ૦)જુનુ અગાઉના વખતનુ, પ્રથમનુ, મૂળનું પુરાણુ
અસવાર, પુ૦ ઘોડેસ્વાર, સ્વાર, અસ્વાર
અસવારી, સ્ત્રી૦ પ્રાણીની પીઠઉપર કે વાહનમા બેસવુ તે, આરોહણ ૨ બેસનાર, ઉતારૂ ૩ રસાલો ૪ હુમલો, ચઢાઇ. [નિરાધાર
અસહાય, વિ૦ (સં૦) એકલુ, સાથી વિનાનુ,
અસહિષ્ણુ, વ૦ (સ૦) અસહ્ય,અક્ષમ ૨ નાજુક
અસહ્ય, વિ૦ (સ૦) ન સહન થાય તેવુ; દુસહ અક્ષમ [ચંચળ,ઉતાવળુ, ગાભરૂ
અસાસતુ, વિ૦ (સ૦ અ+શ્વસ્-દમ લેવો)
અસાચ, વિ૦ (સ૦) અસત્ય, જુઠુ [પરેશાન
અસાધ્વી, સ્ત્રિ૦ અસતી, સાધુતા ન હોય તેવી,
અસાધારણ, વિ૦ (સ૦) સાધારણ નહિ તે, અલૌકિક, અદ્ભુત [અધર્મી, પાપી
અસાધુ, વિ૦ (સ૦) દુષ્ટ, સાધુ નહિ તે,
અસાધ્ય, વિ૦ (સ૦) મેળવી-વશ કરી શકાય નહિ તેવુ, દુષ્પ્રાપ્ય ૨ ઉપાય થઈ ન શકે તેવુ
અસામાન્ય, વિ૦ (સ૦) અસાધારણ અનુપમ
અસામી, પુ૦ આસામી ૨ દેણદાર ૩ પૈસાવાળો ગૃહસ્થ [વિ૦ખોટુ,સાર વિનાનુ,નકામુ
અસાર, પુ૦ (સ૦)સાર નહિ તે, નિસાર ૨
અસામીવાર, અ૦ (આ૦) જુદુ જુદુ, વિગતવાર, નામવાર
અસારત, સ્ત્રી૦ સાન, ઈશારત [અણસારો
અસારો, પુ૦ રેશમની વણેલી પાતળી દોરી ૨.
અસાવધ, વિ૦ (સ૦) સાવધ નહિ તે, ગાફેલ, બેદરકાર, બેફિકર
અસાવરી, સ્ત્રી૦ એક રાગિણી શ્રીરાગને કલ્પેલી સ્ત્રી રાગિણીઓ પૈકી એક
અસાહ્ય, સ૦ (સ૦) અસહાય, જુઓ
અસાળીઓ પુ૦ એક જાતની ઔષધી, એના બી રાતા, જરા ચપટા અને લાંબા હોય છે
અસિ પુ૦ (મ૦) ખડ્ગ, તરવાર, શમસેર
આસત, સ૦ કાળુ [૩ એક અપ્સરા ૪ નાગણ
અસિતા, સ્ત્રી૦ ગળી ૨ કાળા કેશવાળી સ્ત્રી.
અસિધારા, સ્ત્રી૦ તરવારની ધાર
અસિપત્ર, પુ૦ તરવારનુ પાનુ મ્યાન. ૨ શેરડીના પડછા જેવુ બન્ને તરફ ધારવાળુ ખડ્ગ. ૩ શેરડી.
અસિલતા, સ્ત્રી૦ (સં૦) તરવારનુ પાનુ
અસીલ, વિ૦ (આ૦) ઉંચા કુળનુ, ખાનદાન. ૨ શરમાળ, ગરીબ. ૩ ભલુ, સાલસ ૪ વકીલનો ગ્રાહક, કુલ

અસીસું, ન૦ ઓશીકું, તકીઓ, ઉપધાન.
અસુ, વિ૦ (સ૦ ઈદૃશ) એવું, તેમ (કવિતા)
અસુ પુ૦ (સં૦) પ્રાણ, શ્વાસ, દમ. ૨ જીદગી ૩ શરીરના પાચ તત્વો.
અસુખ, ન૦ (સ૦) સુખ-ચેન નહિ તે, દુખ, બેચેની, અસ્વાસ્થ્ય. [અરણ્ય વૃક્ષ
અસુદરો, પુ૦ (મ૦ અર્જુનસાદડા) એક જાતનું
અસુર, પુ૦ (સ૦) દૈત્ય, દાનવ, રાક્ષસ
અસુર, વિ૦ મોડુ, વિલબવાળુ
અસુરી, વિ૦ આસુરી, રાક્ષસી
અસુરૂ, વિ૦ મોડુ,અધારૂ,બહુવાર થઈ જવી તે
અસૂયા, સ્ત્રી૦ (સ૦) અદેખાઇ, ઈર્ષા
અસેમસે, અ૦ બહાના કાઢીકાઢીને, કોઇને કોઈ મિષથી-કળાથી.
અસો, વિ૦ પવિત્ર, શુભ.
અસૌમ્ય, વિ૦ (સં૦) બીઆમણ, ઉગ્ર,ઉધ્ધત
અસ્ખલિત, વિ૦ (સ૦) દૃઢ, વજ્ર સકલ્પી, ૨ વગર ખરેલુ, ન ખળે એવુ, અચળ
અસ્ત, પુ૦ (સ૦) સૂર્ય, ચદ્ર, તારા વગેરેનુ આકાશમા ન દેખાવુ-આથમવુ તે,નિસ્તેજ થવુ ૨ નાશ, ઢકાઈ જવુ તે (ઉદયથી ઉલટુ અસ્ત)
અસ્તગત, વિ૦ (સ૦) અસ્તપામેલુ, આથમેલુ
અસ્તમાન, વિ૦ (સ૦) **અસ્તગત,** જુઓ
અસ્તર, ન૦ (સ૦ આ-આખુ+સ્તૃ-ઢાકવુ) સારા કપડાની અદરની બાજુ જેથી ઢાકવી તે, પડ. [સોનાનો સીક્કો
અસ્તરિયુ, ન૦ (અ૦ સ્ટરલીંગ) એક જાતનો
અસ્તરી, સ્ત્રી૦ ઈસ્ત્રી, જુઓ ૨ સ્ત્રી
અસ્તરો, પુ૦ અસ્ત્રો, છોર, છરા, સજેયો.
અસ્તાઈ, સ્ત્રી૦ ટેક, ઢાળ, રાગ.
અસ્તાચલ, પુ૦ (સ૦ અસ્ત+અ+ચલ્-જવુ) જે પર્વતની પેલીપાર સૂર્યાદિ ગ્રહો અસ્ત થાય છે છે તે પશ્ચિમ દિશામા કલ્પાએલો એક પર્વત
અસ્તિ, સ્ત્રી૦ હયાતી, અસ્તિત્વ, વિદ્યમાનતા
અસ્તિ, ક્રિ૦ (સ૦) છે
અસ્તિત્વ,ન૦(સ૦)હયાતી,હોવાપણુ [૨ ભલે
અસ્તુ, અ૦ (સ૦) થાઓ, હો,બનો, આમીન.
અસ્તેય, ન૦ (સ૦)ચોરી નહિ કરવી તે,ચોરીનો અભાવ [સુધાઇ ગએલું, અઘેર
અસ્તોવ્યસ્તા, વિ૦ વેરણ ખેરણ, અવ્યસ્થિત,
અસ્ત્ર, ન૦ (સ૦ અસ્-ફેકવુ) દૂર ફેકવાનુ હથિયાર, બાણ, તીર
અસ્ત્રશસ્ત્ર, ન૦ ફેકવાના તેમજ હાથમા રાખીને ઉપયોગમા લેવાના લડાઈના હથિયારો
અસ્ત્રી, સ્ત્રી૦ સ્ત્રી, ૨ ઈસ્ત્રી
અસ્ત્રો, પુ૦ [ફા૦ ઉસ્તર્દન્-મુડવુ) મુડવાનુ હજામનુ ઓજાર, છરા, સજેઓ
અસ્થાયી, વિ૦ (સ૦) હમેશનુ નહિ તેવુ, અનિત્ય, ક્ષણભગુર, ક્ષણિક, અસ્થિર,
અસ્થિ, ન૦ (સ૦) હાડકુ, હાડ.
અસ્થિપજર, ન૦ (સ૦) હાડકાનુ પાજરૂ, હાડકાનો માળો
અસ્થિર, વિ૦ (સ૦) સ્થિર નહિ તે, ડગમગતું, દોદળુ, ચચળ ૨ હાલતુ અનિયમિત
અસ્થિસંચય, પુ૦ (સ૦) શબ બળી રહ્યા પછી રહેલા હાડકાના કડકા વીણીને દાટવાની અથવા નદીમા પધરાવવાની જે ક્રિયા તે
અસ્થિસમર્પણ, ન૦ (સ૦) શબ બળી ગયા પછીના હાડકા વીણીને પવિત્ર સ્થળે પધરાવવા તે
અસ્થિસિંચન,ન૦(સ૦) ચિતા ટાઢી પાડવીતે.
અસ્નાત, વિ૦ (સ૦) નાહ્યાવગરનુ, અપવિત્ર, અશુચિ; અશુદ્ધ
અસ્પર્શ-શ્ર્ય, વિ૦ (સં૦) અડકાય નહિ તેવુ ૨ કોરૂ ૩ અનામત, અડકેલુ નહિ તેવુ
અસ્પષ્ટવિ૦સમજાય નહિ તેવુ, અવ્યક્ત.૨ ઝાખુ
અસ્ફુટ વિ૦ (સ૦) અસ્પષ્ટ, અવ્યક્ત, ગડબડીઉં. ૨ તોતળુ
અસ્માન ના૦ (ફા૦) આકાશ, આસ્માન
અસ્માની, વિ૦ (ફા૦ આસમાની; બ્લું ૨ નવુ ૨ આસમાન સબધી
અસ્માનીસુલતાની, સ્ત્રી૦ સુખદુ.ખ, નવાણનો ધક્કો, છપ્પનનો ફેરો ૨ અસ્તોદય ૩ ઈશ્વરનો અથવા ગજ્યકોપ
અસ્વતત્ર, વિ૦ (સ૦) પરવશ, પરાધીન

અસ્વતંત્રતા, સ્ત્રી૦ પરાધીનતા, અધીનતા
અસ્વસ્થતા, સ્ત્રી૦ અનારોગ્યપણુ, અધીનતા
અસ્વાર, પુ૦ (ફા૦ સ્વર) ઘોડા, હાથી, અથવા ઊંટ ઉપર બેઠેલો માણસ. સવાર ૨ લશ્કરી ઘોડેસ્વાર ૩ વિ૦ ઉપર બેઠેલુ, ઉસ્કેરાએલું, ચઢેલુ
અસ્વારી, સ્ત્રી૦ (ફા૦ સ્વારી) ઘોડા ઉપર બેસી ફરવુ તે ૨ ઘોડા, હાથી, ઊંટ, વાજા સાથે મોટી ધામધુમથી ફરવા નીકળવુ તે, વરઘોડો, સરઘસ ૩ પ્રયાણુ, ૪ ખટલો, રસાલો ૫ ઉતારૂ, બેસનાર
અસ્વીકાર, પુ૦ (સ૦) ન કબુલ કરવુ તે મંજુર ન રાખવુ તે, ગ્રહણુ ન કરવુ તે
અહ, પુ૦ (સ૦) દિવસ દહાડો ૨ અહો,અહહ
અહક, વિ૦ ગેરવાજબી, હક વગરનુ
અહંકાર, પુ૦ (સ૦) હુંપણુ–પદ, અહંભાવ, ઈશ્વર થકી હુ જુદો છુ ને હુંજ સર્વગુ કરૂ છુ એવી જે સમજણુ તે ૨ અભિમાન, ગર્વ, ગુમાન
અહંકારી, વિ૦ મગરૂબ,ગર્વિષ્ટ,અભિમાની, તોરી
અહંકૃતિ, સ્ત્રી૦ (સ૦) અહંકાર, જુઓ
અહન, વિ૦ ભાન વગરનું, ઢોર જેવુ, મૂર્ખ ૨ પુ૦ (સ૦) દિવસ દહાડો
અહન્તા, સ્ત્રી૦ (સ૦) હુંપણુ, અભિમાન,ગુમાન
અહમ, સ૦ (સ૦) હું
અહમેવ, પુ૦ (સ૦ અહમ્+એવ–) હુંપણું અહંકાર,અભિમાન ૨ પતરાજી, બડાઇ, બેડશાઇ
અહમો, પુ૦ ઉતાપો, અજંપો ૨ જોસ
અહંભાવ, પુ૦ (સ૦) હુંપણુ, અહંતા
અહર પુ૦ (સ૦) દિવસ, દહાડો
અહરહ, અ૦ રોજ, પ્રતિદિન, નિત્ય [નિત્ય, રોજ
અહર્નિશ, અ૦ (સં૦) રાત દહાડો, હંમેશ,
અહલ્યા, સ્ત્રી૦ ગૌતમઋષિની પત્નિ
અહસાન, ન૦ (આ૦)ઉપકાર, આભાર.
અહહ, અ૦ હોહો, અહાહા
અહા, અ૦ અહાહા ! અરેરે ! આશ્ચર્ય, ઉત્સાહ, વિસ્મય ને દુઃખ દર્શક ઉદ્દગાર
અહાર, પુ૦ આહાર; ખોરાક
અહિંકણુ, અ૦ અહીં કને,આણીપાસ,અહીંઆ
અહિંસક, વિ૦ (સ૦) હિંસક નહિ તે, નહિ ફાડી ખાનારૂ
અહિંસા, સ્ત્રી૦ (સ૦) હિંસા ન કરવી તે
અહિ, પુ૦ (સ૦) સાપ,ભુજંગ,વ્યાલ ૨ મુસાફર, પથિક ૩ ખલ, ધુતારો
અહિત,ન૦નુકસાન, હાણુ, બગાડ ૨ **વિ૦**નુકશાનકારક, હાનિકારક ૨ અપથ્ય
અહિપતિ, પુ૦ શેષનાગ ૨ ખળ, ધુતારો.
અહિફેન, સ્ત્રી૦ (સ૦)સાપની ફણા ૨.અફીણુ
અહિરીપુ, પુ૦ (સ૦) નોળીઓ ૨ મોર ૩ ગરૂડ ૪ શ્રીકૃષ્ણુ
અહીં, અ૦ આ ઠેકાણે-જગાએ, આ તરફ
અહીંઆ, અ૦આ સ્થળે આ જગાએ આ તરફ
અહીંતહીં, અ૦ આ ઠેકાણે ને પેલે ઠેકાણે, ગમે ત્યાં આમતેમ
અહીંથી, અ૦ આ ઠેકાણેથી જગાથી
અહીર, પુ૦ આહીર, ભરવાડ ૨ વિ૦ માલ
અહુણા, અ૦ હમણા, હાલ [વગરનુ, નિર્માલ્ય
અહેડી, પુ૦ શિકારી, આખેટી
અહેતુક, વિ૦ (સ૦) હેતુ વિનાનુ
અહો, અ૦ આશ્ચર્ય અને ઉત્સાહનો ઉદ્દગાર
અહોનિશ, અ૦અહર્નિશ,રાતદિવસ ૨ વારવાર
અહોરાત્ર, અ૦ આખો દહાડો ને આખી રાત, ચોવીસે કલાક, રાતદિવસ ૨ નિત્ય હંમેશ ૩
અળઈ, સ્ત્રી૦ અળાઇ જુઓ [વારવાર.
અળઇ, ન૦ એક જાતનુ કુંવરી ઝાડ, એળી
અળખત, સ્ત્રી૦ સમૃદ્ધિ, અત્યંત છત
અળખામણુ, વિ૦ (સં૦ અ+લક્ષ+યાન) અણુગમતુ, નાપસંદ, જેનાપરથી પ્રીતિ ઉઠી ગઇ હોય તે, અપ્રિય [કાવ, ઋતુ
અળગુ, ન૦ (સં૦ અ+લગ–લાગવુ) અટ-
અળગું, વિ૦ દૂર,છેટે, આઘે ૨ નિરાળુ, અતડુ
અળછ, સ્ત્રી૦ નિર્ધનતા, દારિદ્રય ૨ કચરોપુંજો.
અળતી, સ્ત્રી૦ પરોણાને બીજે છેડે તવેથાના જેવુ જે ચપટુ ફણુ હોય છે તે
અળતો, પુ૦ (સ૦ અલક્તક) ઉકાળેલી લાખ-

માથી બનાવેલો રંગ સાહીને ઠેકાણે વપરાય છે
અળદાવુ, ક્રિ૦ અ૦ ગજા ઉપરાંત કામ કરતા થાકી જવુ પિલાવુ
અળપ, વિ૦ ચાદવુ અટકચાળુ ૨ વાતોડુ લપલપ બોલ્યા કરતુ
અળબો, પુ૦ (સ૦ ભૂછત્ર) બિલાડીનો ટોપ, કુતરાનો કાન
અળવી, સ્ત્રી૦ (સ૦ આલુ)એક જાતનુ કંદમૂળ
અળવીતરૂ, વિ૦ અડપલુ, અડકચાળુ ચાદવુ
અળસાવુ, ક્રિ૦ અ૦ આળસી જવુ ૨ અટકી જવુ, બંધ પડવુ ૩ ઉંઘ આવવી
અળસીઉ ન૦ ચોમાસામા લાંબા ને પાતળા નાના સાપના જેવા જતુ થાય છે તે
અળસી, સ્ત્રી૦ (સ૦ અતસી) એક જાતના તેલી બીજ એ ચપટા, લીસા ને રાતા થાય છે તેનુ તેલ નીકળે છે, ને તેના છોડવા-માથી શણ બને છે
અળાઇ, સ્ત્રી૦ ગરમીને લીધે શરીર ઉપર જે જે ઝીણી ઝીણી ફોલ્લીઓ થાય છે તે
અળાયો, પુ૦ અલાયો ઓળાયો ૨ ઓળંબો
અળાવો, પુ૦ ફાસો, ગાળો ૨ ઉપકાર
અળાવા તળે આવવુ—ઉપકારના બંધન તળે આવવુ, ઓશિયાળા બનવુ
અળુ, પુ૦ (સ૦ અલુક મ૦ અળુ) અળવી, એક જાતનુ કંદમૂળ [તે ૨ અળોકડા
અળુખડા, ન૦ અળુની જે નાની નાની ગાંઠ
અળોકડા, ન૦એકજાતનો કંદ, બટાટા અરબ્બી

આ

આ, પુ૦ (સ૦) સ્વરાદિ પૈકી બીજો કંઠસ્થાની દીર્ઘ અક્ષર, બીજો મૂળાક્ષર
આ, અ૦ (સ૦) ઓછુ, વિસ્તાર, હદ—સીમા, પાસેપણુ, વગેરે બતાવનાર ઉપસર્ગ
આ, અ૦ હા ઓ ૨ નારૂ પછી' ભલે,ઠીક ૨ ઉત્તેજકનો ઉદ્ગાર
આઈ, અ૦ અહા, અહીંઆ
આઉ અ૦ બસ, થયુ ૨ વારૂ
આઉંસ, પુ૦ (અ૦) અઢી તોલાનુ અંગ્રેજીવજન
આંક, (સ૦ અંક્-ચિહ્ન કરવુ) સંખ્યાની નિ-શાની, આંકડા ૨ સંખ્યાના ગુણાકારના વર્ગ, વીસ આંક" ૩ ભાવ મૂલ સંખ્યા ૪ નિશાની, ચિહ્ન ૫ અંદાજ અડસટ્ટો અટ-કળ, ૬ સીમા હદ ૭ (સ૦ અક્ષ) આંસ, ગાડાની ધરી ૮ કાણુ, છિદ્ર ૯ મૂલ કીમત
આંક પાડવો—મૂલ નક્કી કરવુ, કીમત મૂકવી
આંકચાળણી, સ્ત્રી૦ ચાળવા સારૂ ઝીણા કાણા વાળી થાળી અંકગણિત
આંકડી, સ્ત્રી૦ એકે અથવા બંને છેડે વાળેલો સળીઓ, કડી, હુક, ગલ ૨ ચૂક, અમળાટ, મૂળ ૩ તાણુનો રોગ ૪ અણગમો અરૂચતુ
આંકડો, પુ૦સંખ્યાની નિશાની ૨ ગણતરી, મૂલ (સંખ્યા રૂપે) ૩ લેણ દેણ સંબંધી નક્કી કરેલો હિસાબ ૪ છેડેથી વાળેલુ જે કંઇ તે ૫ ડંખ, ચટકો ૬ વળ (મુછનો) ૭ પકડ, સાણસી ૮ તોર, અહંકાર, અકડાઇ, ગર્વ
આંકણ, સ્ત્રી૦ ઉપણતા સારૂ અનાજ એક-કોરે કરવુ તે
આંકણી, સ્ત્રી૦ લાકડા ધાતુની ચપટી અથવા ગોળ લીટીઓ દોરવાની લાકડી ૨ આંકવાની જે ગીત તે ૩ આખ્યાનનુ કડવુ ૪ ટેક ઢાળ, ઢાળના આરંભની ટુંક ૫ કસોટી, ૬ જમાબંધી
આંકણુ ન૦ આંકવાનુ ઓજાર (સુતારનુ)
આંકવુ, ક્રિ૦ સ૦ મૂલ ઠેરાવવુ, કિંમત કરવી ૨ અટકળવુ ૩ કસ કાઢવુ ૪ લીટીઓ દોરવી—પાડવી ૫ નિશાની કરવી **આંકેલો ગોધો**-કોઈ ખાસી ન કરે માટે ડામીને નિશાની કરેલો આખલો, મહાજનીઓ
આંકાદોડી, પુ૦ ન૦ એક જાતનો વેલો, અને તેનુ ફળ ૨ આંકડાનુ ફળ, રવિફળ (આંકાદોડી)
આંકુશ, પુ૦(સ૦અંકુશ) દાબ, અટકાવ બંધન
આંકો, પુ૦ લીટો નિશાની સળ, ચિહ્ન ૨ ધોરણ નિયમ ૩ હદ છેડો
આંકોશીઆ, ન૦ પાસળા, છાતીના હાડકા
આંખ, સ્ત્રી૦ (સ૦ અક્ષિ) જોવાની ઇંદ્રિય

નયન, નેત્ર, નેન, ચક્ષુ, લોચન, અક્ષિ, ૨ જોવાની શક્તિ, નજર ૩ ઉદ્દભેદાકુર, ઉત્પાદક ગાઠ (શેરડીની) ૪ નિવા, પ્રેમદૃષ્ટિ. ૫ દેખ રેખ, તપાસ ૬ નાનુ કાણુ, વેહ, છિદ્ર, **આખ આડા કાન કરવા**—દીઠુ ન દીઠુ કરવુ ન ગણકારવુ, બેદરકાર રહેવુ **આંખ ઉઘાડવી**—ચેતવવુ ૨ સમજ પડવી **આખ ઉઘડવી**—જાગૃત થવુ ૨ અક્કલ સૂઝવી, શુદ્ધિ પર આવવુ **આખ ઉઘાડીને જોવુ**—બુદ્ધિ પુર સર વિચાર કરવો **આખ ઊંચી કરવી**—સામુ જોવુ ૨ સામે થવુ ચઢી આવવુ **આખ કાઢવી**—ડોળા કાઢવા બીવડાવવુ **આખ ઠરવી**—સતોષ થવો, **આખ તગે આવવુ**—નજરે ચઢવુ ૨ પસદ પડવુ **આખ દબાઇ જવી**—મરી જવુ **આખ દેખાડવી**—ધમકી બતાવવી **આખ ફરકવી**—આખના પોપચાએ રહી રહીને ધ્રૂજવુ (પુરુષની જમણી અને સ્ત્રીની ડાબી આખ ફરકે તે શુભ, અને તેથી ઉલટુ પુરુષની ડાબી અને સ્ત્રીની જમણી આખ ફરકે તે અશુભ ગણાય છે) **આખનું ફુટેલુ**—અવિચારી, મૂર્ખ. **આખ ફેરવવી**—ગુસ્સે થવુ, કરડી નજર કરવી **આખ મીચાઇ ને નગરી લુટાઈ**- આપ મૂઆ પિછે ડૂબ ગઈ દુનિયા, **આખ ‸ડવી**—ધ્યાન પૂર્વક વાચવુ ‘વાચ આ અને ફાડ આખો’ **આખ મળવી**—ઊંઘવુ, ઊંઘની લહેરમા આવવુ **આખે આખ મળવી**—એક નજર થવી, **આખ મારવી**—ઇશારત કરવી, ૨ કટાક્ષ ફેકવા, **આખ મીચાવી**—ઊંઘવાની તૈયારીમા હોવુ ૨ મરી જવુ **આખ મીચીને**,—આગળ પાછળનો વિચાર કર્યા વિના **આખ હોવી**—મહેરબાની હોવી, દેખરેખ હોવી. **આખની કીકી**—ઘણુજ વહાલુ **આંખનો પાટો**—અણગમતુ, અળખામણુ **આખમા આગળીઓ ઘાલવી**—છેતરવુ, ઠગવુ (સામો માણસ દેખે–જાણે તેમ) **આંખમા આજવુ**—છેતરવુ, ફસાવવુ ૨ શરમીંદુ પાડવુ, પાણી ભરાવવુ, ઢાકી નાખવુ, **આંખમાં આવવુ**—ઇર્ષ્યા થવી, કોઇનુ સારૂ દેખી ન ખમાવુ **આંખમાં કમળો હોવો**—અદેખાઇ થવી તે **આખમા કુવા પડવા**—આખો ઉંડી પેસી જવી **આખમા ખુન્નસ આવવી**—આખમા ખુન ભરાવુ **આંખમાં ખૂચવુ**—અદેખાઇ લાગવી, ખટક્યા કરવુ (આખો બળે છે તેમ) અદેખાઇથી બીજાનુ સારૂ જોઇ બળવુ સામાનુ સુખ જોઇ તેવુ સુખ પોતાને નથી એમ ધારી મનમા બળી ઉઠવુ (સ્ત્રીઓ વાપરે છે) ૨ માઠુ લાગવુ **આખમાં ધૂળ નાખવી**—ભૂલથાપ આપવી, સામો માણસ છેતરાય એમ કરવુ **આખમા પાણી આવવુ**,—રડવુ, આંસુ આણવા ૨ આખમા ઝળઝળીયા ભરાવા ૩ ગળગળુ થવુ, હૈયુ પીગળી જવુ **આખમાં મીઠુ પડવુ**—અદેખાઇથી બળવુ **આખમા લહેર આવવી**—ઉંઘની અસર થવી, નિશાના જોરથી આખ જરા જરા મીંચાવા માડવી **આખમાં શનિશ્ચર હોવો**—વક્રદૃષ્ટિ હોવી જેનુ તેનુ ખોટુ કરવાની વૃત્તિ હોવી. **આખેઆખ મળવી**—દૃષ્ટિ એક થવી, મીટ મળવી **આખો બોચીએ જવી**,—તોરમા રહેવુ

આખચાલ્લો, પુ० રૂડે અવસરે સ્ત્રીઓને કપાળે ને ગાલે સુદર ચિત્રો કાઢી તે ઉપર ટીપકી કટોરી શોભા માટે ચોઢે છે તે

આખલડલી, સ્ત્રી० આખ (કવિતામા)

આખડી, સ્ત્રી० આખ (કવિતામા)

આખનીઆડ, સ્ત્રી० ગિલ્લી દડાની રમતમાનો એક દાવ. આખ ઉપર ગિલ્લી મૂકી દડો મારી ઉરાડવી તે

આખફૂટામણી, સ્ત્રી० ઇદ્રવારૂણીનો વેલો

આખમિચકારો, પુ० આખના મિચવાથી થતી સજ્ઞા, સમસ્યા ૨ આખનો સ્પદ ૩ આખ બધ ઉઘાડ થતા લાગતો સમય, પળ, સેકડ

આખમિચામણાં, ન० ઇશારત કરવી તે, સાન ૨ એક જાતની રમત ૩ આખઆડા કાન કરવા તે

આખલડી, સ્ત્રી० આખ (કવિતામા)

આખીઓ, ન० મૂર્ચ્છા, બેશુદ્ધિ ૨. એક ટસે

જોઈ રહેવાથી ભરાઇ આવતા ઝળઝળીઆ
આંગ, ન૦ (સ૦ અંગ)શરીર, દેહ, બદન **આંગ પર આપવુ**—સાનમા કાઇ રાખ્યા વગર રોકડ નાણુ આપવુ તે **આંગપર આવવુ**—શરીર ઉપર ધસારો-હુમલો કરવો [દિશનો રહેનાર
આંગ, વિ૦ (સ૦) અંગ સમધી ૨ અંગ
આંગડ, સ્ત્રી૦ દાગીના, રોકડ, ઇ૦ કિમતી વસ્તુ વિશ્વાસુ નોકરને અગે બધાવી બીજે ઠેકાણે મોકલવી તે
આંગડી, સ્ત્રી૦ નાના છોકરાનુ ઝભલુ, અંગરખી
આંગડીઓ, પુ૦ એક ઠેકાણેથી બીજે ઠેકાણે આગડ (કિમતી વસ્તુઓ) લઇ જનારો હથિયારવાળો પુરુષ ૨ **વિ૦** વિશ્વાસુ નોકર
આંગણુ, ન૦ વગના બારણા આગળની ખુલ્લી જગા
આંગણુલુ, ન૦ આગણુ, (કવિતામા)
આંગબળ, ન૦ શરીરનુ કૌવત, સામર્થ્ય, કૌવત
આંગમણ, ન૦ કૌવત, બળ જોર ૨ ચૂનાની બહાર દેવના છાટવા માટે કરેલો ભાગ તે
આંગમવુ, ક્રિ૦ અ૦ માથે લેવુ વહોરી લેવુ
આંગલુ, ન૦ નાના બાળકનુ ઝબલુ
આંગળ, ન૦(સ૦ અંગુલિ)આગળી ૨ આગળીની લબાઈનુ માપ તે, તસુ ઇચ,મુઠનો ચોથો ભાગ ૩ વેપારીઓમા ૦ ની સજ્ઞા [તનો જીવડો
આંગળતોડો, પુ૦ પાણીમા રહેનારો એક જા-
આંગળીઆટ, ન૦ નાતરાની ઔરી તેના આગલા ધણીથી થએલુ છોકરુ નવા ધણીને ઘેર સાથે લેતી આવતી હોય તે છોકરુ
આંગળી, સ્ત્રી૦ (સ૦ અંગુલી) હાથના પજાના હથેલી સિવાયના પાચ છૂટા અવયવોમાનો એક એક તે ૨ અગુઠા સિવાયના જે ચાર અવયવ તે દરેક અગુલિ **આંગળાં કરડવા**—પસ્તાવો દર્શાવવો ૨ આશ્ચર્ય પામવુ **આંગળી આપવી**—ઉશ્કેરવુ ૨ ઈસારો કરવો, **આંગળી કરવી**—ફજેતી કરવી ૨ અટકચાળુ -ચાદવુ કરી ચીઢવવુ, ૩ લડાઈ કરવી ૪ નિદા કરવી **આંગળી ખુપવી**—ફાવી જવુ ૨ પગપેસારો થવો **આંગળીના ટેરવે**-ગણ્યુગાઠ્યુ

આંગળુ, ન૦ આગળી ૨ તસુ, ઇચ
આંગિક, વિ૦ (સં૦) મૃદગ વગાડનાર
આંગી, સ્ત્રી૦ જાડા કાગળ ઉપર રગ રગના ધાતુપાના લગાડીને બનાવેલો ઘાટ જે માતાના સ્થાનક-ગોખમા ચોઢેલો હોય છે તે ૨ ની બાર્યા વિનાનુ, કોરૂ માત્ર દોરાભરી સીવી લીધેલુ (ઓટયા વગરનુ) મોસાળથી આવેલુ જે વસ્ત્ર પરણનાર પુરુષ પહેરે છે તે ૩ હનુમાનની મૂર્તિ ઉપરનુ તેલ સીંદુરનુ પડ ૪ પવનથી ઉડેલી ધૂળ
આંઘોળ, ન૦ સ્નાન, અઘોળ, નાહવુ તે
આંચ, સ્ત્રી૦ ભડકો, ઝોળ, ઝાળ, ભભુકો ૨ ગરમી આપવી તે, ઉનુ કરવુ તે ૩ ધમકી, દમ ભરાવવો તે ૪ જોખમ, હરકત ૫ ભય, બીક
આંચકી, સ્ત્રી૦ તાણ, ખેચ, આકડી ૨ હેડકી, પ્રાણ ભાગતી વખતે ડચક, ડચક થઇ શરીરનુ રહી જવુ તે
આંચકો, પુ૦ (મ૦ આચકા) આચકો ૨ ધક્કો હડસેલો ૩ ખમચાવુ તે શરમાવુ તે ૩ નુકસાન
આંચળ, ન૦ (સ૦ અચલ છેડો) માદા જે અવયવ વડે બચ્ચાને ધવરાવ છે તે, સ્તન થાન
આંચણી, સ્ત્રી૦ અસ્તાઈ, મોરો ટેક ૨ બોલતા અચકાવુ તે ૩ વાત કરવા વચમા વચમા એકાદ નિરર્થક શબ્દને બોલવાની જે ટેવ હોય તે
આંછ, સ્ત્રી૦ ઝાખ, છારી
આંજણ, ન૦ (સ૦ અજ્-આજવુ) આખે આજવાનુ તે, કાજળ સુરમો, ઓખડ ૨ ઉનપડી, છળ [થવી ગાવી ફોલ્લી તે
આંજણી, સ્ત્રી૦ (સ૦) આખની કોરણ ઉપર
આંજવુ ક્રિ૦સ૦(સ૦અજ્-ચોપડવુ) અજન કરવુ ૨ છેતરવુ ધુતવુ, ઠગવુ ૩ ભોળવી નાખવુ ૪ શરમીંદુ પાડવુ, ઝાખુ કરવુ, પાણી ભરાવવુ ૫ થાપ દેઈ ઉરાડવુ, નજર ચુકાવવી
આંજીઉ, ન૦ જુવારમા થતો એક જાતનો રોગ, કણસલામા કાજળી વળી જાય છે તે, અગારો
આંટ, સ્ત્રી૦ (સ૦ આ + વર્ત્) ગાઠ, આટી ૨ હથોટી, ટેવ, બખ ૨ રીત, પદ્ધતિ ૪

કીનો, વેર ૫ વટ, શાખ, શાહુકારી, આબરૂ ૬ ચપળતા, હોશિઆરી ૭ યુક્તિ, ઝીણવટ ૮ કલમ ઝાલીને લખાય છે તે ત્રણ આગળી-ઓનો ભગ

આંટણ, ન૰ સખત દબાણથી કે ઘસારાથી ચામડીનુ કડણ થવુ તે, ગુજ ક્ષત

આટવુ, ક્રિ૰ અ૰ ઉતરવુ નહિ તે, ટપી જવુ તોફે હોવુ તે ૨ ધારવુ, નિશાન માડવુ

આટી, સ્ત્રી૰ ગૂચ, વળતી ગાડ ૨ ગડી ગડ ૩ રેટીઆ ઉપર કાતેલુ સુતર ઉતારી લે છે તે, ફાળકો ૪ વેર, કિન્નો, મનમા ગાડ વાળવી તે ૫ ફાસો, પેચ ૬ કોયડો, ગુચવણની વાત ૭ યુક્તિ પ્રપચ [પ્રપચ

આંટીઘુટી, સ્ત્રી૰ પેચ, ગૂચવણ ૨ કુડકપટ,

આંટો, પુ૰ (સ૰ આવર્ત્ત) ચકરાવો, ફેર ૨ પેચ, વળ ૩ ફરી આવવુ તે, ફેરો, ધક્કો ૫ વેર, અદાવત

આડ-વો, પુ૰ (સ૰ અણ્ડ) વૃષણ, ગોળી

આણવુ, ક્રિ૰ આણવુ, જુઓ

આણુ, સ૰ આણુ, જુઓ

આતર, વિ૰ (સ૰ અન્તર) અદરનુ, માહેલુ

આતરડી, સ્ત્રી૰ દીલ, હૈયુ ૨ નાનુ આતરડુ

આતરડુ, ન૰ (સ૰ અન્ત્ર) પેટના ડાબા છે ડાથો તે ગાડની કુલ્લી લગીની જે નળીમા નર્ક રહે છે અને જેમાથી તે નીચે ઉતરે છે તે. **આતરડાં ઉચા આવવાં**—ઘણી મહેનત પડવી **આતરડાંની દાઝ**—ખરા મનની લાગણી, અત,કરણની ઉડી દાઝ

આંતરવુ, ક્રિ૰ સ૰ પડદો ભરવો, બેને જુદા પાડવા ૨ ઘેરી લેવુ, રોકવુ ૩ અટકાવવુ ૪ નિરૂપાય બનાવવુ

આંતરસીઓ, પુ૰ સીવેલા લુગડાને બરોબર બેસતુ કરવા સારૂ અદરથી જે સીવી લેવામા આવે છે તે

આંતરી, સ્ત્રી૰ ધોતિયુ ખેસ વગેરેના વગર વણેલા છેડા, દુવાલના છેડાના રેસાઓને વણીને બનાવેલી ઝુલ. ૩ કોર, છેડો, પાલવ ૪ ગરમ કપડા કરડી ખાનાર જીવડા

આતરે, અ૰ વચમા કઈ રાખીને,અતરે, આળે.

આંતરો, પુ૰ અતર, છેટુ ૨ વચમાં ભરી લીવેલો જે પડદો તે, અતરપટ ૩ જુદુ પાડવાની રેખા-નિશાની ૪ ફરક, ગાળો ૫. જુદાઈ, ભેદ ૬ અવકાશ અવધિ ૭ ધ્રુપદનો ટેક

આંદેલન, પુ૰ (સ૰) હિચકો, ઝૂલો, ઝૂલન, હિદોળાવુ તે ૨ અનુસધાન, આલોચન. ૩ ઘડીઆળનુ લગર, પેન્ડયુલમ ૪ ખળભળાટ, લોકમા હોહા થવી તે

આતો પુ૰ ત્રણસેરી દોરી ભાગતા બે વણેલી દોરી ઉભેળી તેમા ત્રીજી સેર મેળવવી તે

આંધળીઉ, ન૰ સાહસ, આખો મીચીને પડવુ તે

આધળી ખિસ્કોલી,સ્ત્રી૰ એક જાતની રમત, દહીનો ઘોડો

આંધળી ચાકણ સ્ત્રી૰ બે મોનો સાપ તે આધળો હોય છે ને બને તરફથી ચાલે છે

આધળોપીધળી,સ્ત્રી૰એક જાતની છોકરાની રમત

આધળુ, વિ૰ (સ૰ અંધ) અધ, ન દેખતુ ૨. કૈયાફુટ અજ્ઞાન **આધળા પાટા બાંધવા**-ભરમાવવુ, ભોળવી નાખવુ **આધળાનીઆખ**—ઘણુ વહાલુ અને જરૂરનુ **આધળાને સૂઝે એવુ**—સ્પષ્ટ, ચોખ્ખુ **આધળીઆં કરવાં**—સારા માઠાનો વિચાર ન કરતા એકદમ કૂદી પડવુ યાહોમ કરીને કૂદી પડવુ **આંધળુ ભીંત**-વિચારરહિત દિગમૂઢ **આંધળો ધધો**-નફો તોટો સમજાય નહિ તેવુ કામ **આંધળુ ગુમડુ**—ઘણું કડણ ને મો-છિદ્ર વગરનુ ગુમડુ **આંધળામા કાણો રાજીઓ**—ઉજડ ગામમા એરડો પ્રધાન **આંધળાની આગળ આરસી**-જેને જેનો ઉપયોગ નહિ તે તેને નકામુ

આંધળોપાટો, પુ૰ નજરબધી ૨ એક રમત

આવી, સ્ત્રી૰ વટોળિયો, વાવાઝોડુ

આંફ, સ્ત્રી૰ છાતી રૂધાય ને દમ ભરાઈ જાય તેવો રોગ, હાફ ૨ શ્વાસોશ્વાસ. (મરતી વેળા)

આંફલુફોફલું, વિ૰બાવરૂં, ગભરાએલું,બેબાકળું.

આંફી જવું, ક્રિ૰ અ૰ થાકી જવું. ૨ હારી

જવુ ૩ શ્વાસ-દમ ભરાઇ જવો
આબ, વિ૦ ખાટુ ખટાશદાર
આમચુ-આમચુ, ન૦ એક જાતના ઝાડનુ ખાટુ ફળ, કોકમ
આબટ, વિ૦ ખાટુ (સવાદમા)
આબફળ, ન૦ કેરી
આમલી, સ્ત્રી૦ (સ૦ અમ્લિકા આમલી
આમવુ, ક્રિ૦ સ૦ લબાવવુ-સુધી પહોચવુ વિસ્તારવુ ૨ અડકવુ
આબળુ, ન૦ આમળુ, જુઓ.
આબળસારો, વિ૦ શુદ્ધ નિર્મળ. (ગધક)
આબા, પુ૦ કેરીઓ. ૨ આબાના ઝાડ
આબાગાળો, પુ૦ કેરીગાળો કેરી ઉતરે તે મોસમ, કેરી વેડવાનો સમય
આબામોર, પુ૦ ચોખાની એક જાત ૨ આબાના ઝાડને જે ફૂલ આવે છે તે.
આબાવાડીઉ, ન૦ પુ૦ન્ક્ર આબાનુ વન, અમરાઇ
આબાવડી, સ્ત્રી૦ આબાઓનુ વન, અમરાઇ
આબાશાખ, સ્ત્રી૦ ડાળ ઉપર ગળવા આવેલી કેરી
આબાહળદર, સ્ત્રી૦ (સ૦ આમ્રહરિદ્રા વ નહરિદ્રા, આબાના વાસવાળી એક જાતની હળદર
આબેલ, ન૦ આમળ ૨ એક ટક લુખુ જમવાનુ વ્રત (જૈન)
આબો, પુ૦ (સ૦ આમ્ર) એક જાતનુ ઝાડ, એ ચૈત્ર વૈશાખમા ફુરે છે એના ફળને કેરી કહે છે **આબા ગોટી નાખવા**—જે થાય તે કરી લેવુ **આબો લેવો**—ફરતા ભમરડાને દોરી વડે ઉછાળી ઝીલી લેવો
આબોઇ સ્ત્રી૦ દુટી નીચે રહેલી રગોન બધારણરૂપ લોહી ભરી ગાઠ, પેચોટી **આબોઇ ખસવી**—દુટી નીચે દુખ થવુ, પેચોટી ખસવી
આબોળિયા, ન૦ કાચી કેરીના સુકવી રાખેલા કકડા.
આબોસા, પુ૦ સૂકા આબુ સૂકી દ્રાક્ષ
આમલી, સ્ત્રી૦ એક જાતનુ ઝાડ અને એના ફળ
આમળુ, ન૦ (સ૦ આમ્લક) આમળીન મના ઝાડનુ સોપારી જેવડુ ગોળાકાર બોર જેવુ પીળુ ખાટુ ફળ, બારીક રેખાથી તેના ૬ ભાગ જણાય છે, અને તેમા એક બી હોય છે તેના ઉપર પણ ઉભા ૬ પટા જોવામા આવે છે તેનો મુરબ્બો થાય છે અને માથુ ચોળવાના કામમા આવે છે પાણીમા ચોળવાથી ઘણુ ફીણ થાય છે
આય, અ૦ અહીં, આ ઠેકાણે **આયકણે,**—આ ઠેકાણે
આસ, ન૦ જેની ઉપર ને જેને આધારે પૈડુ ફરે છે તે આક, ધરી ૨ પરિઘ વચ્ચેથી પસાર થતી લીટી
આસુ ન૦ (સ અશ્રુ) શોક કે હર્ષથી આખમાથી જે ખારૂ ઊનુ પાણી નીકળે તે **આસુ નિગાળવા**—રડવુ **આસુ પાડવા**—રડીને આસુ કાઢવા **આસુ લોવા**—શાન્ત પાડવુ ૨ દયા ખાવી
આસુડાં, ન૦ **આંસુ** (કવિતામા)
આમુઢાળ, વિ૦ જે થોડુ ઉભુ રહ્યા પછી આખ મીચે અને તેની અદરથી પાણી ઝરે તે
આહાનુશ, સ્ત્રી૦ આનાકાની, હા ના
આહુ, અ૦ નકાર બતાવનાર અવ્યય
આ, સ૦ અમુક જગા, વખત અને વસ્તુદર્શક જે શબ્દ તે ૨ વિ૦ અમુકજ, પાસેનુ, નજીકનુ
આઇ, સ્ત્રી૦ (સ૦ આર્યા, મ૦ આઇ) મા, માતા, જનની ૨ દેવી, માતા ૩ આ (કવિતામા)
આઇજી, સ્ત્રી૦ સાસુ, બાઇજી
આઇતવાર, પુ૦ રવિવાર, આદીતવાર
આઇતુ, વિ૦ (સ૦ આયત્ત+સ્વ) તૈયાર, તૈયાર થયેનુ ૨ મફત મહેનત વગર મળેલુ
આઇન, પુ૦ (ફા૦) કાયદો, ધારો ૨ રિવાજ રસમ ૩ સુદર, સુશોભિત ૪ દર્પણ
આઇન, ન૦ (સ૦ રક્તાર્જુન) એક જાતનુ ઝાડ.
આઇસ, ન૦ (અ૦) અતિશય ટાઢ પડવાથી નદી સરોવરનુ પત્થર જેવુ સખત બંધાઇ ગયેલુ પાણી, બરફ, ૨ ઇથરથી કડણ બાધેલુ પાણી તે
આઇસક્રીમ, ન૦ (અ૦) બરફથી ઠારેલા દૂધનો ખાવા લાયક પદાર્થ
આઉ, પુ૦ અઉ, કરડે તેવો જીવડો ૨ હાઉ.

૩. નામનુ વિશેષણ બનાવનાર પ્રત્યય (નગડાઉ).
આએપત–ચપત, **સ્ત્રી૦** પેદાશ, કમાઇ,આવક **આયપત વેરો**—પેદાશ ઉપર લેવાનો કર
આક, **પુ૦** આકડો, જુઓ
આડડીઉં, **ન૦** આકડાનુ રૂ, તૂર ૨ આકડાનુ દૂધ ભરવાનુ શીગડુ
આકડો, **પુ૦** (**સ૦ અર્ક**) એક જાતનો છોડવો એના ફૂલ ધોળા અને રાતા થાય છે તેને રવૈયા કહે છે ડાળી અથવા ફૂલ તોડવાથી ચિકણુ દૂધ નીકળે છે એની દોડીમાથી ઝીણુ રેશમ જેવુ રૂ ઉડે છે જેને તૂર કહે છે **આકડા વાવવા**—ઠેકઠેકાણે વેર કરવુ **આકડાના તૂરની** માફક ઉડી જવુ—જોતજોતામા ખરાબખસ્ત થવુ, પાયમાલ થઇ જવુ,૨ ગુમ થવુ, મરી જવુ
આકંપિત, **વિ** (**સ૦ આ+કપ્**) હાલતુ, કાપતુ ધ્રુજતુ [સમુદાય, સમૂહ
આકર, **પુ૦** (**સ૦**) ખાણુ મોટો ખાડો ૨
આકરણ,**ન૦**બૂમ પાડવી તે ધાટો કાઢી બોલાવવુ તે
આકંઠ, **અ૦** ગળા સુધી, બહુજ
આકરસવુ, **ક્રિ૦ સ૦** (**સ૦ આ+કર્ષ્**) મોહિત કરવુ, આકર્ષણ કરવુ, ૨ ખેચવુ, તાણવુ ૩ મનહરણ કરવુ ૪ સંકોચવુ
આકરસાવુ, **ક્રિ૦ સ૦** ખેચાવુ, તણાવુ ૨ સકોચાવુ મોહિત થવુ
આકરૂ, **વિ૦** બરડ તીવ્ર ૨ કઠણુ, ૨ ખામોશ ન ખાઈ જાય તેવુ આકળુ,મિજાજી ૩ ઉતાવળુ, અધીરૂ, ૪ ભાવમા વધેલુ મોઘુ ૫ ભેગવાળુ
આકર્ણ, **અ૦** (**સ૦**) કાનસુધી, કાન પર્યંત
આકર્ષ, **પુ૦** (**સ૦ આ+કર્ષ–ખેચવુ**) ખેચ, તાણ, આકર્ષણ ૨ કસોટી ૩ જુગાર જુગટુ
આકર્ષક, **વિ૦** (**સ૦**) ખેચનારૂં, તાણનારૂ ૨ લોભાવે તેવુ, મોહક
આકર્ષણ, **ન૦** (**સ૦**) ખેચાણ, તાણ ૨ સકોચાવુ તે ૩ ખેચવાની જે શક્તિ તે, ખેચવાનો જે ધર્મ તે ૪ મો કગુણ વશીકરણ એના પાચ પ્રકાર છે–ગુરૂત્વાકર્ષણ, સ્નેહાકર્ષણ, **રસાયનાકર્ષણ**, **લોહચુમ્બનાકર્ષણ**, **અને વૈદ્યુતાકર્ષણ**,
આકર્ષણી, **સ્ત્રી૦** (**સ૦**) ફળ ફૂલ વગેરે ઉતારવાની એક જાતની આકડાવાળી લાકડી,આકોડી
આકર્ષવુ, **ક્રિ૦ સ૦** ખેચવુ, આકર્ષણ કરવુ ૨ લલચાવવુ મોહ પમાડવો
આકર્ષિત, **વિ૦** (**સ૦**) ખેચેલુ તાણેલુ ૨ સકોચાયેલુ મોહ પામેલુ
આકલિત, **વિ૦** (**સ૦ આ+કલ્**) રૂધાએલુ કેદ થએલુ ૨ સમાએલુ,અંદર આવેલુ ૩ **સમજાએલુ**
આકલ્પ અ૦ (**સ૦**) એક કલ્પ સુધી,ચારેયુગ
આકસબાકસ, **ન૦** આ તે જે તે, ગમે તે, પરચુરણ ૨ કાચુ કોરૂ
આકષ, **પુ૦** (**સ૦**) કસોટી ૨ દાબ, આકહ
આકસ્મિક, **વિ૦** (**સ૦**) એકાએક, અચાનક, ઓચીતુ, અણધાર્યું
આકળવિકળ વિ૦ (**સ૦ આકુલ–વ્યાકુલ**) ગભરાએલુ, બાવરૂ, આકળુ, ઉતાવળુ.
આકળુ, **વિ૦** અધીરૂ, ઉતાવળુ ૨ ગુસ્સે થઇ જાય તેવુ તાતા–ગરમ સ્વભાવનુ
આકળાશ, **સ્ત્રી૦** ઉતાવળાપણુ, અધીરાઇ
આકાંક્ષા, **સ્ત્રી** (**સ૦ આ+કાંક્ષ્–ઇચ્છવુ**) ઇચ્છા, ઉમેદ, આશા
આકાંક્ષિત,**વિ૦** (**સ૦**) ઉત્કંઠિત,આતુર;ઇંતેજાર
આકાદોડી, **ન૦** આકડાનુ ફળ, આકડીઉ.
આકાર, **પુ૦** (**સ૦ આ+કૃ–કરવુ**) આકૃતિ ઘાટ, રૂપ ૩ દેખાવ, ડોળ ૪ નિશાની, લક્ષણ ૫ ઘાટ, મૂર્તિ, ૬ શુમાર, અડસટ્ટો ૭ જમાબધી, વિઘોટી
આકારણી, **સ્ત્રી૦** (**સ૦**) સરવૈ, આકણી, જમાબધી ૨ કિમત કરવી તે, દર ઠરાવવો તે ૩ આક પાડવાનુ ઓજાર
આકારવુ, **ક્રિ૦ સ૦** નામે લખવુ, ઉધારવુ ૨. જમીનની માપણી કરવી ૩ અડસટ્ટો કાઢવો. ૪ મૂલ–દર ઠરાવવુ
આકાશ, **ન૦** (**સ૦ આ+કાશ્+પ્રકાશવુ**) જેમાં કંઈ જ નથી તે, પોલાણ, પોકળ ૨ કોઈપણ ખાલી જગા તે ૩ ગગન, નભ ખ, આસમાન ૪ આભલુ, વાદળ **આકાશ ચઢી**

આવવુ—રસ્તો ન સૂઝે એવુ સામટુ દુખ આવવુ **આકાશ પાતાળ એક કરવુ**—મોટી ઉથલપાથલ કરવી ૨ મહા પ્રયાસ કરવો, **આકાશ પાતાળ એક થઈ જવુ**—પ્રલય થવો, મોટો ગજબ થઈ જવો, ઘણી મુશ્કેલી પડવી **આકાશ હેઠુ આવવુ**—અશક્ય કામ સિદ્ધ થવુ, **આકાશ સાથે વાતો કરવી**—વધવુ બહુ ઉચુ થવુ ૨ મોટી મોટી આશાઓ રાખવી **આકાશમા કેડવુ**—અલોપ થઇ જવુ ૨ વ્યર્થ જવુ ૩ ફુલાવુ **આકાશમા ચઢાવવુ**—વખાણીને ફુલાવવુ **આકાશમા ચ દરવો બાંધવો**-મોટી કીર્ત્તિ મેળવવી, દેશેદેશ નામ કરવુ

આકાશકક્ષા, સ્ત્રી૦ (સ૦) દૃષ્ટિમર્યાદા, દિગન્ત લીટી, ક્ષિતિજ

આકાશગગા, સ્ત્રી૦ (સ૦ આકાશ+ગમ–જવુ) આકાશમા રાતે જે લાંમો સફેત ચળકતો લીસોટો નદી આકારે દેખાય છે તે, સ્વર્ગસરિતા

આકશચક્ષી, સ્ત્રી૦ઉંચાઇને લીધે કોઇ મોટી ચીજ ઘણીજ નાની દેખાય છે તે ૨ મદારીનીએક રમત

આકાશદીપ-વો, પુ૦ (સ૦) આસો સુદ ૧૫ થી તે દેવદીવાળી સુધી અગાસીમા ઉચા થાભલે કે ઝાડ ઉપર જે દીવો રાખવામા આવે છે તે ૨ અદ્ધર લટકતો દીવો [ગગન માર્ગ

આકાશપથ, પુ૦ (સ૦) આકાશમાનો રસ્તો,

આકાશભાષણ, ન૦ (સ૦) આકાશની સામુ જોઈ ઈશ્વરને ઉદ્દેશીને જે ભાષણ કરવુ તે

આકાશમડળ, ન૦ વ્યોમ–ગગનમડળ, ખગોળ

આકાશમાર્ગ, પુ૦ સ્વર્ગમા જવાનો ગગનમાર્ગ

આકાશમુનિ, પુ૦ ઊટ

આકાશયાન, ન૦ આકાશમા જે વાહન જઇ શકે તે, વિમાન, બલૂન, ગબારો

આકાશવલ્લી, સ્ત્રી૦ (સ૦) અમરવેલ

આકાશવાણી, સ્ત્રી૦ (સ૦) આકાશમાથી જે બોલવુ થાય તે, અંતરિક્ષથી જે બોલવુ થાય તે, બોલનાર નજરે ન પડે તેવી રીતનુ બોલવુ તે, દેવવાણી [શમા રહેનાર, દેવલોક

આકાશવાસી, વિ૦ (સ૦+વસ્–રહેવુ)આકા

આકાશવૃત્તિ, સ્ત્રી૦ (સ૦) જે આવક નિયમસર આવતી નથી તે, ઈશ્વર જે કઇ મેળવી આપે તે ઉપર જીવન ગાળવુ તે ૨ વિ૦ વરસાદ ઉપરજ જેના જીવનનો આધાર હોય તેવુ

આકાશવેલ, સ્ત્રી૦ અમરવેલ

આકાશી, વિ૦ આકાશનુ સબધી, આકાશમા રહેનાર ૨ સ્વર્ગીય, દિવ્ય

આકાશીઅ', વિ૦ ઘઉની એક જાત, વગર પાણે થએલુ અન્ન

આકાશીઉ, વિ૦આકાશ ઉપર આધાર રાખનાર

આકીન, ન૦ (આ૦ યકીન્) ભરોસો, વિશ્વાસ, પતીજ ૨ આસ્થા, ભાવ

આકીનદાર, વિ૦વિશ્વાસુ ભરોસા દાર, પતીજવાળુ

આકોર્ણ, વિ૦ (સ૦)એકઠુ થએલુ,ભરેલુ વ્યાપ્ત

આકુચન, ન૦ (સ૦) સકડાઇ જવુ તે, સંકોચાઇ જવુ તે, સોષન, સકોચન

આકુઠિત, વિ૦(સ૦)જેનુ ગળુ બધ થઇ ગએલુ છે તેવુ ૨ વાદવિવાદમા હારી ગએલુ ૨ મૌન,લજ્જિત

આકુતિ–દિ સ્ત્રી૦ (આ૦ યાકુત–માણેક) ભાગના ઘી સાથે વસાણાની મેળવણી કરી તૈયાર કરેલી કેફી દવા

આકુળ, વિ૦ (સ૦) વ્યગ્ર, ગભરાએલુ ૨ ઉત્સુક ૩ તપી ગએલુ

આકુળવ્યાકુળ, વિ૦ આકળવિકળ થઇ ગએલુ

આકૂત, પુ૦ (સં૦આકૂત વિચાર) ઇરાદો ઇચ્છા, અભિપ્રાય, ૨ નવા જુની, ખબર

આકૃતિ, સ્ત્રી૦ (સ૦ આ+કૃ) મૂર્ત્તિ, ચેહેરો, ૨ આકાર,ઘાટ ૩ અમુક જાતનો જે રેખાકાર તે ૪ છબી પ્રતિમા ૫ ડોળ, શિકલ

આકૃષ્ટ, વિ૦ (સ૦)ખેચેલુ, તાણેલુ,આકર્ષિત

આકેબત, સ્ત્રી૦ (આ૦ અત, છેડો,૨ ભાવી

આક્ટ, પુ૦ (અ૦ એક્ટ) કાયદો, ધારો

આક્ટિગ, વિ૦ (અ૦ એકટિંગ) કામ ચલાઉ, અવેજી, [વિનાપ, કલ્લકલ્લાણુ રૂદન

આક્રદ, ન૦(સ૦આ+ક્રદ-રોવુ)રડારડ, કલ્પાત,

આક્રમ, પુ૦ (સ૦ આ+ક્રમ) પરાક્રમ, ઉત્કર્ષ ૨ ચઢવુ તે ૩. પ્રકરણ ૪ આગ્રહ ૫

ધોરણુસર ચાલવાનો માર્ગ [૨ પરાક્રમ, ઉત્કર્ષ
આક્રમણ, નo (સo) સ્વારી, ચઢાઈ, હુમલો ૨. પરાક્રમ, ઉત્કર્ષ
આક્રાન્ત, વિo (સo આ+ક્રાન્ત)પસાર કરેલુ ૨ જીતેલુ, વશ કરેલુ પરાજીત, હારેલુ
આક્રોશ, પુo (સo) નિંદા, ગાળ,આક્ષેપ,શાપ
આક્ષિપ્ત, વિo (સo) હરકત ભરેલુ,વાધાવાળુ, તકરારી ૨ ખેચેલુ
આક્ષેપ પુo (સo આ+ક્ષિપ્) મચ્યા-લાગુ રહેલુ તે,અભ્યાસ, મહાવરો ૨ મહેનત, ચાનક ૨ તાણવુ-ખેચવુ તે ૩ વાધો, હરકત ૪ ઠપકો, અપવાદ
આક્સિજન. પુo (અંo ઓક્સિજન) પ્રાણ-વાયુ, જેથી પ્રાણી જીવે છે અને દીવા બળે છે તે ગધ વગરની હવા
આખડવુ, ક્રિo અo અહીથી તહીં ને તહીથી અહીં એમ આવવુ જવુ, ફર્યા કરવુ, રખડવુ, ભટકવુ ૨ ઠોકર ખાતી, ઠેસ વાગતી, પડી જવુ
આખડી, સ્ત્રીo કોઇ પણ ફળની પ્રાપ્તિ સારૂ દેવ, પિતૃ વગેરેના બધનમા રહેવુ તે, આડી, બાધા, માનતા
આખર, સ્ત્રીo (અo આખિર) છેડો,સમાપ્તિ અંત ૨ મરણ સમય ૩ અo છેલ્લી વારે,છેવટે
આખરમોસમ, સ્ત્રીo આખર સાલ
આખરવુ, ક્રિo સo અઘ્રકવુ, મેળવવુ
આખરસાલ, નo વરસનો છેલ્લો ભાગ, સાલની આખર ૨ મરણનો સમય
આખરે, અo અતે,છેવટે, નિરૂપાયે, જરૂર પડે
આખલો, પુo(સo અક્ષત-આખુ) ખાસી કર્યા વિનાનો માતેલો અને મોટી ખુધવાળો બેલ,ગોધો, સાઢ **આખલા ઉધામી**-તોફાન, ધીગામસ્તી
આખવુ, ક્રિo સoકહેવુ,વદવુ,ભાખવુ
આખવો,પુoરૂપીઓ (સુરત-ચોધરાલોક બોલે છે)
આખળી, સ્ત્રીo પત્થર ઘડવાનુ કારખાનુ (કાઠિ)
આખળીઓ પુo આડણી
આખા, પુo અક્ષત ઉતારવા તે ૨ વિo આખુ
આખાખાઉં, વિo (લાચમા) એકદમ સામટુ ખાવાની લાલચ રાખનાર, ખાઉધર, લોભીઓ
આખાડ, પુo (સંo અષાઢ) અષાડ મ સ.
આખાડભૂતિ વિoઆષાડ મહિનામા થએલુ ૨ ધર્મને બહાને ઠગાઇ કરનાર, ધર્મ ઢોગી
આખાડો, પુo અખાડો ૨ વિo અસાડી
આખી, સ્ત્રીo અક્ષત ઉતારવા તે,દાણા વાળવા તે
આખીઅણી, અo સહીસલામત, અણીશુદ્ધ
આખુ, વિo જેના ભાગ-કકડા નથી તેવુ, પુરૂ, સળગ, અખોવન, તમામ, અખડ
આખુ, પુo (સo) ઉદર, મૂષક [અધકચરૂ
આખુપાખુ, અo મોટુજેટુ, છેક ઝીણુ નહિ,
આખુનજી, પુo (ફાo આખુન્-માસ્તર+જી) ઉસ્તાદ, શીખવનાર, મહેતાજી, માસ્તર, શિક્ષક
આખેટ, પુo (સo) શિકાર, મૃગયા [૨ કુતરો
આખેટક, પુo શિકારી, મૃગયા રમનાર, પારધી
આખેપ, પુo સફર ૨ ટેવ, મહાવરો
આખેર, સ્ત્રીo આખર, છેવટ, અત
આખોઘડી, અo વારવાર, ફરીફરીને, બહુવાર
આખ્યા, સ્ત્રીo (સo આ-સુધી + ખ્યા-કહેવુ) પ્રસિદ્ધિ, કીર્ત્તિ, ખ્યાતિ, નામના ૨ ઉપનામ, સજ્ઞા, અટક ૩ લોકવાયકા, ગપ, અફવા
આખ્યાયક,પુo(સo)કહેનાર ૨ દૂત,કાસદ.૩ વ્યાસ
આખ્યા, નo (સo)કથા,વખાણ વૃતાન્ત,ચરિત્ર.
આખ્યાયિકા, સ્ત્રીo (સંo) કથા, વાર્ત્તા ૨ વ શાવલીનુ વર્ણન
આગ, સ્ત્રીo (સo અગ્નિ) રોશની, જવાળા, ભભુકો ૨ આનમ, દેવતા, વસ્તેત્ર ૩ ગરમી ૪ બળતરા ૫ અદેખાઇ, દ્વેષ ૬ ક્રોધ, ગુસ્સો લાગવો તે ૭ લાય, અગ્નિથી બળવુ તે **આગ બળવી**—બળતરા થવી લાહ્ય લાગવી **આગ લાગવી**—લાહ્ય લાગવી, કઇ બળવુ તે, ૨ દ્વેષ થવો ૩ મોઘુ થવુ **આગ લગાડવી**—ભાળી મૂકવુ ૨ કજીઓ કરવો **આગ મૂકવી**—અગ્નિસ્કાર કરવો ૨ ઉપેક્ષા કરી ધિક્કારી કાઢવુ **આગ ઉડવી**—પાણી ફરવુ વ્યર્થ જવુ **આગ ફાકવી**—ક્રોધ થવો **આગ વરસવી**-(અતરમા) બળતરા થવી ૨. આખમા

ઝેર વરસતુ ખુન્નસ ભરાની ૪ મખત તાપ પડવો
આગ, પુ૦આગમન, આવવુ તે ૨ માર્ગ, અવરો, આવવા જવાનો વહીવટ 'આ ઘરનો આગ પેલી તરફ છે' [વતી ગાડી રેનવે
આગગાડી, સ્ત્રી૦ વરાળ–બાફના જોરથી ચા-
આગત, વિ૦ (સ૦ આ + ગમ્–જવુ) આવેલુ, જાણેલુ, મેળવેલુ.
આગન્તુ–ક, પુ૦ (સ૦) મેમાન, પરોણો, નવો અચાનક આવેલો માણસ ૨ મુસાફર
આગતાસ્વાગતા, સ્ત્રી૦ (સ૦) આપણે ઘેર આવેલા ગૃહસ્થને–પરોણાને સામા જઇ આવકાર સહિત તેડી લાવી સારી રીતે સેવા બરદાસ કરવી તે, પરોણાચાકરી, અતિથિસત્કાર આદરસત્કાર
આગતુક, વિ૦ (સ૦ આ + ગમ્) આવી ચઢેલુ, આવતુ જતુ ૨ પુ૦ મુસાફર, અતિથિ
આગન્યા, સ્ત્રી૦ (સ૦ આજ્ઞા) આજ્ઞા
આગબોટ, સ્ત્રી૦ (અં૦ આગ + બોટ—(અ૦) હોડી) દરિયામા વરાળના જોરથી ચાલનારૂ વહાણ, બાષ્પનૌકા
આગમ, પુ૦ (સ૦ આ + ગમ્–જવુ) કોઇ પણ શાસ્ત્ર ૨ ધર્મશાસ્ત્રો, સ્મૃતિઓ ૩ આગવેદ, મ ત્રશાસ્ત્ર ૪ પ્રારભ, આદિઅવસ્થા ૫ આવવુ તે ૬ ખત, દસ્તાવેજ, પુરાવામા આપવા લાયક લેખ [પૂર્વે
આગમચ, અ૦ આગળથી, પહેલેથી, અગાઉથી
આગમણ, સ્ત્રી૦ ચૂનાની બેળ, ચૂનાનો આગલો ભાગ ૨ આય, શક્તિ, આગમણ
આગમન, ન૦(સ૦) આવવુ તે, આવી પહોચવુ તે
આગમનિગમ, ન૦ વેદશાસ્ત્ર શાસ્ત્રો
આગમનિર્ગમ, પુ૦ (સ૦) શરૂઆત અને છેડો, આરભ અને અત, કારણ અને કાર્ય ૨ આવવુ ને જવુ તે [શાસ્ત્ર વગરનુ
આગમરહિત, વિ૦ દસ્તાવેજ–લેખ વગરનુ ૨
આગમવુ, ક્રિ૦ અ૦ મરણીઆ થવુ સાહસિક થવુ
આગમુ, વિ૦ આગવુ, પોતીકુ
આગમાપાયી વિ૦ આવે ને જાય તેવુ, ઉપજે ને નાશ પામે તેવુ

આગમાણુ, ન૦ દાળ ભાત
આગર, ન૦ ઘર, જગા ૨ અગર (મીઠાનો)
આગરણ, સ્ત્રી૦ લુહારની ભઠ્ઠી ડહોડ ૨ ખલાસણ
આગરવુ, ક્રિ૦સ૦સરખે અતરે બધ–પાટા નાખવા
આગરૂ, પુ૦મો ગ ધાયા કરે તેવો એક રોગ, મુખપાક
આગલુ વિ૦ મુખ્ય, મોખરાનુ ૨ અગાઉ મ નેલુ, પ્રથમનુ
આગવુ, વિ૦ પોતીકુ, કોઇનો ભાગ ન હોય તેવુ ખાસ, ઈનાયતુ **આગવુ** ડહાપણ–માત્ર પોતાની મતિ
આગવો, પુ૦ નેતા, આગેવાન ભોમીઓ
આગસ્ટ, પુ૦ (સ૦) ખ્રિસ્તી વર્ષનો ૮ મો માસ
આગળ, અ૦ (આગવુ) ગએલા વખતમા, અગાઉ, અમલ ૨ પહેલેથી ૩ પાસે, કને, સોડે ૪ સન્મુખ, સામે ૫ પ્રથમ, પેહેલે ૬ બહાર, જાહેરમા ૭ ભવિષ્યના, હવે પછી **આગળ જવુ**—ચઢીઆતા થવુ, વધી જવુ ૨ પાછળ મૂકવુ હઠાવવુ **આગળ થવુ**—નકીને મરી જવુ ૨ ચઢીઆતા થવુ ૩ પાછળ મૂકવુ **આગળ પડવુ**—પહેલ કરવી, અગ્રેસર થવુ ૨ પ્રસિદ્ધ થવુ **આગળ આવવુ**—પહેલા આવવુ
આગળનુ, વિ૦ ગએલા વખતનુ, અમલનુ ૨ પહેલાનુ ૩ હવે પછીનુ ભવિષ્ય સબધી
આગળપાછળ, અ૦ ગયા અને આવતા કાળ પ્રમાણે ૨ આગળ અને પછવાડે, ચારેપાસે આજુબાજુએ, ફરતુ ૩ લાગતુ વળગતુ હોય તેમ
આગળી, સ્ત્રી૦ (સ૦ અર્ગલ) ઉલાળી ૨ પટી, ગુમડા ઉપર ચોઢવાની મલમવાળી કાપલી
આગળુ, વિ૦ સર્વોપરી સરસ, શ્રેષ્ટ, ચઢિયાતુ
આગળો, પુ૦ (સ૦ અર્ગલ) લાકડાના જે કડડાથી બારણુ ઉઘાડવાસ થાય છે તે, ઉલાળો
આગા, પુ૦ (ફા૦ આગા–ગૃહસ્થ) સાહેબ, શેઠ ૨ ઇરાની, મોગલ વગેરે મુસલમાનોનુ ઉપનામ
આગાખાન, પુ૦ ખોજા મેમણાદિના ધર્મગુરૂ
આગાખાની, ન૦ એક જાતનુ ફૂલેવર સુતરાઉ કપડુ, જામદાની
આગમિક, વિ૦ આવનાર, આવતુ
આગીદુગી સ્ત્રી૦(અ૦)ખોડખાપણ, છિદ્ર, ભૂલચૂક.

આગામી, વિ૦ (સ૦ આ + ગમ્-જવુ) આવતુ, ભવિષ્યનુ, થનારૂ
આગાર, પુ૦ (સ૦) ઘર સ્થળ, મકાન, નિવાસ, રહેઠાણુ ૨. છૂટ, મોકળાપણુ (જૈનમા)
આગાહી સ્ત્રી૰ ભવિષ્યવાણી, ભાવિ ૨ તર્ક
આગીઉ વિ૦ આકરૂ, જલદ ૨ તામસી,તીખુ, ૩ અગીઠી, આગદાન
આગીઓ, પુ૦ એક જાતનો જીવડો જે રાતે ઉડે છે તારે લીનો ચળકતો દેખાય છે તે, ખદ્યોત ૨ જેનો સ્પર્શ થતા અગને બળતરા બળે છે તેવો એક છોડવો ૩ એ નામનો એક વીર અને એનો મત્ર ૪ એક જાતની ધણી સફેત જુવાર ૫ એક જાતનુ બ્લીસ્ટર મારવાનુ ઓસડ ૬ વિ૦ અગ્નિ ઉત્પન્ન થાય તેવા (કાચ)
આગુવો, પુ૦ રસ્તો દેખાડનારો, વળાવો પગી ૨ આગેવાન
આગે,અ૦ (હિ૦)અગાઉ ૨ પાસે ૩ પહેલા તો
આગેવાન, વિ૦ આગળ પડનાર, અગ્રેસર, ઉપરી ૨ મુખી, સરદાર
આગેવાની, સ્ત્રી૦ સરદારી, ઉપરીપણુ
આગોતર, વિ૦ (સ૦ અગ્રતર) આગળનુ, અગાઉનુ, પહેલાનુ ૨ પાછેનુ [પાછલો ભાગ
આગોપીઠો, પુ૦ અગરખાનો આગનો તથા
આગ્નેય, વિ૦ (સ૦) અગ્નિકોણ સબધી,અગ્નિનુ
આગ્નેયાસ્ત્ર, ન૦ (સ૦) અગ્નિવડે જેનો ઉપયોગ થાય છે તેવા હથિયારો, દારૂગોળો
આગ્રહ, ૦ (સ૦) મનમા આવ્યુ તે કરવુજ કરવુ એવી જે વૃત્તિ તે, હઠ, જીદ ૨ અતિશય કાલાવાલા આજીજી ૩ અવશ્યતા, અગત્ય ૪ કૃપા, મહેરબાની
આગ્રહી, વિ૦ આગ્રહ કરનાર-વાળુ,હઠીલુ જીદ્દી
આઘડુ, વિ૦ આઘુ, છેટે ૨ ભલે,છોને,છો રહ્યુ
આઘાડો, પુ૦ અગેડો
આઘાત, પુ૦ (સ૦ આ + હન્) અવાજ થાય તેવુ અફળાવુ તે, ફટકો પ્રહાર, ઝપાટો ૨. એક પદાર્થનો બીજા સાથે અવાજ થાય તેમ અથડાટ તે ૩. વધ.

આઘુ, વિ૦ (સ૦ અગ્રાહ્ય) દૂર, છેટે હોય-તેવુ (જગામા અથવા વખતમા) **આઘુ ઓઢવુ**—લાજ કાઢવી **આઘુ કરવુ**—વાસવુ, દેવુ (બારણુ) ૨ દૂર કરવુ, તજવુ ૩ અળખામણુ કરવુ **આઘુ જઇને પાછુ પડવુ**—બહુ મહેનત કરી થાકી જવુ **આઘુ પાછુ કરવુ**—સતાડવુ, છુપાવવુ ૨ સકેરવુ, ઉમેરવુ ૩ ચાડી ચુગલી કરવી, કાન ભભેરવા ૪ લાચ ખાવી **આઘુ પાછુ જોવુ**—ચારે તરફનો વિચાર કરવો ભાવિનો વિચાર બાધવો, તર્ક બાધવો **આઘુ પાછુ થવુ**—સતાવુ, ચોરાઈ જવુ **આઘુ બેસવુ**—દૂર બેસવુ ૨ અટકાવ આવવો (સ્ત્રીને) **આઘુ પાછુ કહેવુ**—ખોટુ ખરૂ કહેવુ
આઘુડો, પુ૦ છોકરાની એક જાતની રમત
આઘૂર્ણ, વિ૦ (સ૦) ઘુમતુ, ફરતુ, ભમરી-
આઘે, અ૦ દૂર, છેટે, વગળે [ચકરી ખાતુ
આઘેરૂ, વિ૦ આઘુ (કવિતામા)
આચકવુ, ક્રિ૦ સ૦ (સ૦ આ + કર્ષ્) ખેચવુ તાણવુ ૨ માથે વહોરી લેવુ, માથે લેવુ
આચકી, સ્ત્રી૦ તાણ, ખેચ, ફેફરૂ
આચકીલેવુ, ક્રિ૦ સ૦ જોરથી પડાવી લેવુ ૨ ખેચી લેવુ છીનવી લેવુ, ઉચાપત કરવુ
આચકો, પુ૦ એકાએક જોર લાગેથી અમળાઈ પડવુ તે, ધક્કો, હડસેલો ૩ ધ્રાસકો, હબક, ૩ ખોટ, ગોદો ૪ આનાકાની સકોચ. 'આવુ દુખ છે તો શા સારૂ મરવાને આટલો આચકો ?' ૫ પાછુ હઠવુ તે ૬ જોલો, હેલો ઝોક
આચમન, ન૦ (સ૦ આ + ચમ્-પીવુ) જમણી હથેળીમા થેડુ પાણી લઈ પી જવુ તે
આચમની, સ્ત્રી૦ કડછીના આકારનુ ધાતુનુ જે પાત્ર આચમન લેવાને ઉપયોગમા આવે છે તે.
આચરકુચર, ન૦ અનુ-જ નહિ પણ થોડુ આ થોડુ પેલુ એમ પરચુરણ એવુ, કાચુ કોરૂ ૨ ઘરનો પરચુરણ સામાન
આચરણ, ન૦ (સ૦ આ + ચર્-જવુ) ચાલ, વર્તણુક, રીતભાત ૨ વ્યવહાર, રીત. ૩ લક્ષણ, ચરિત્ર

આચરવુ, ક્રિ૦ સ૦ કરવુ પાળવુ, રાખવુ

આચરવુ, ક્રિ૦ અ૦ ચાલવુ, વર્ત્તવુ

આચાર, પુ૦ (સં૦) રીતભાત, રૂઢી ૨ શિષ્ટ સમ્પ્રદાય, વર્ત્તનના નિયમો

આચારજ, પુ૦ ગુરૂ આચાર્ય

આચારજી, પુ૦ (સ૦) ગુરૂ, વડો આચાર્ય

આચારભ્રષ્ટ, વિ૦ ધર્મવિરૂદ્ધ વર્ત્તનાર, નીતિથી ઉલટુ ચાલનાર, પતિત થએલુ

આચારવિચાર, પુ૦ ધર્મ પાળવા તે, વ્યવહારનો જે વિચાર તે ૨. રીતરિવાજ, રૂઢિ, વિવેક

આચારી, વિ૦વ્રત્ત-નિયમ પાળનાર,આચારવાળુ

આચાર્ય, પુ૦ (સ૦) ધર્મ-સમ્પ્રદાય ચલાવનાર ધર્માધ્યક્ષ ૨ વેદાદિ વિદ્યા શિખવનાર જે ગુરૂ તે ૩ મન્ત્રોપદેશ કરનાર, ધર્મગુરૂ ૪ ગુરૂ મહેતાજી, શિક્ષક ૫ ગોર ૬ વિદ્વાન

આચ્છાદન, ન૦ (સ૦ આ+છદ્‌-ઢાકવુ)ઢાકણુ, ચાદર ૨ વસ્ત્ર, કપડુ ૩ સંતાડવુ તે

આચ્છાદિત, વિ૦ (સ૦) ઢકાએલુ, છવાએલુ

આછ, સ્ત્રી૦ છાશનુ નિતરેલુ પાણી, પરાછ ૨ ખોટ, ઘટ ઓછાપણુ

આછકલાઈ, સ્ત્રી૦ ફૂલણજીપણુ કરવુ તે, હલકાઈ, છાછરાપણુ [વિવેકી નાદાન

આછકલુ વિ૦ છાછરા મનનુ ફૂલણજી, અ

આછણુલુછણુ, ન૦ ટાપટીપ, શોભા, ઉપરનો ભપકો,નવરાવવુ-ધોવરાવવુ, લુગડા લત્તા ઇ૦ મા ઘણી તજવીજ કરવી તે

આછટવુ, ક્રિ૦ સ૦ ખખેરવુ ૨ પછાડવુ 'ઝોટી લીધી જોગમાયા, શલ્યા સરસી આછટી'

આછકલાપણુ, ન૦ હલકાશ, ખોટી મોટાઈ ને દેખાવ કરવો તે, છાછરૂ મન, નાદાની, અવિચારીપણુ, અવિવેક

આછર, સ્ત્રી૦ ખાશિયુ, ગધેડાની ગુણુ નીચે જે ગાદી હોય છે તે ૨ પહેરવેશ, પોષાક ૩ પાથરણુ, બેસવાનુ આસન

આછરવુ, ક્રિ૦ અ૦ ઓસરવુ, પાછુ હઠી જવુ ૨ પાથરવુ

અછીગરૂ,વિ૦મલાકાના આચ્છી નગરનુ (સોપારી)

આછુ, વિ૦ભરેલુ નહિ તેવુ છુટુ છુટુ ૨ ઝાખુ ૩ થોડુ ઓછુ ૪ પાતળુ, છેક ઝીણુ ૫ સંકોચાતુ તે 'રાય વળ્યો પાછો, મનમાહિ થયો આછો'

આછુપાતળુ, ન૦ થોડુ ઘણુ, ચપટી ચાગળુ આછોપાતળો લાભ મળતર વિનનો. (ધધો)

આજ, સ્ત્રી૦ [સ૦ અદ્ય) જે દિવસને વિષે બોલવા-લખવામા આવતુ હોય તે દિવસ, ચાલતો દિવસ **આજજ**—આજને આજ ૨ પહેલવહેલુ આજ

આજકાલ, અ૦ આજે અને કાલે, હમણા અને પછી ૨ થોડા વખતમા, હમણા **આજકાલનો** જોગી ને ઘુટણ લગી જટા—વસ્તુ નાની ને ડોળદમામ બહુ **આજકાલ કરવી**—વાયદા કરવા **આજની ઘડી ને કાલનો દહાડો**—કદી નહિ

આજકાલનું, વિ૦ થોડી મુદતનુ થોડા વખતનુ ૨ નવુ, તાજુ ૩ અણસમજુ, હલેતુ ૪ નાનુ

આજદિન, પુ૦ આજ, આ દહાડો ૨ અ૦ ચાલુ વખત સુધી

આજન્મ, અ૦ (સ૦ આ + જન્-જન્મવુ) જન્મથી માંડીને, જન્મથીજ ૨ જન્મથી તે મરણ લગી, જન્મપર્યંત [સુધી, જીદગીભર

આજન્માંત, અ૦ (સ૦) જન્મથી તે મરણ

આજપછી, અ૦ હવેપછી, હવેથી, અત પર

આજપર્યંત, અ૦ આજ સુધી

આજમ, વિ૦ (આ૦ આઝમ) મોટુ, માનવતુ (સરકારી કામદાર કે મોટા માણસના નામની આગળ માન ખાતર લખાય છે)

આજલગી-સુધી અ૦આજ સુધી, અત્યાર સુધી, ચાલુ દિવસ સુધી [મોકળુ, બંધનરહિત

આજાદ, વિ૦ (ફા૦ આઝાદ) છુટુ, ફારગત,

આજાનબાહુ, વિ૦ (સ૦) જેના હાથ ઢીંચણ સુધી પહોચે તેવુ લાંબા હાથનુ

આજાનુ,અ૦(સ૦આ + જાનુ-ઢીંચણ) ઢીંચણ સુધીનુ

આજાર, પુ૦ (ફા૦ આઝાર) રોગ, વિકાર, મદવાડ ૨ ઉપદ્રવ, મરજ

આજારી,વિ૦રોગી,દરદી માદુ,૨ દુખી ૩ પીડિત

આજીજી, સ્ત્રી૦ (ગ્રા૦ આજીજ) કાલાવાલા, યાચના, વિનતી, કરગરવુ તે
આજીવિકા, સ્ત્રી૦[સ૦] ગુજરાન, ભરણપોષણ, નિર્વાહ, જીવનવૃત્તિ
આજુકું, વિ૦ આજનુ
આજુબાજુ, સ્ત્રી૦ ચારેબાજુ ફરતુ, ચોતરફ
આજુબાજુએ, અ૦ચારે પાસ આસપાસ,ગોળ ફરતુ
આજો, પુ૦ [સ૦આર્ય]માનો બાપ, વડ I,દાદો
આજો પડવો, પુ૦ (સ૦ આર્યક + પ્રતિપદા) આસો શુદ પડવો (માના બાપની શ્રાદ્ધની તિથિ)
આજ્ઞા, સ્ત્રી૦ [સ૦ આ + જ્ઞા–જાણવુ) આદેશ, હુકમ, ફરમાન ૨ શાસ્ત્રમા પાળવાની જે વાત લખી હોય તે ૩ રજા, છૂટ, પરવાનગી
આજ્ઞાંકિત, વિ૦ (સ૦ + અક્-નિશાન કરવુ) તાબેદાર, કહ્યાગરૂ, આજ્ઞાધીન
આજ્ઞાધારક, વિ૦ આજ્ઞાંકિત, આજ્ઞાપાલક
આજ્ઞાનુયાયિ–યી, વિ૦ (સ૦) હુકમ માનનાર, તાબેદાર, આજ્ઞાંકિત
આજ્ઞાપક, વિ૦ (સ૦) આજ્ઞા આપનાર–કરનાર
આજ્ઞાપત્ર, ન૦ જેમાં એકાદો લેખી હુકમ હોય તે કાગળ, પરવાનો, સનદ, ફરમાન
આજ્ઞાપન, પુ૦ [સ૦] હુકમ, ફરમાન, વર્ધી
આજ્ઞાભંગ, પુ૦(સ૦)હુકમ તોડવો તે,નાફરમાની
આજ્ય, ન૦ (સ૦)ઘી, તપ
આઝા, સ્ત્રી૦ ઈજા, હરકત, નુકશાન
આઝો, પુ૦ વિશ્વાસ, શ્રદ્ધા, આધાન, ઈતબાર ૨ દમ, હામ, હિંમત
આટ, પુ૦ સ્ત્રી૦ વણકરનુ ઓજાર ૨ સ્ત્રી૦ રસોઇ માટે છાણાનો ગોઠવી કરેલો ઢગલો, આગ, ઉભાળો [વાળવુ પુરૂ કરવુ, સમેટી લેવુ
આટપવુ, ક્રિ૦ સ૦ સકેલવુ ૨ પતાવવુ માડી
આટલામાં, અ૦(સ૦એતાવત્) જથ્થો, વિસ્તાર, મુદત,લંબાઇ,સખ્યા વગેરેનુ માપ બતાવનાર અવ્યય
આટલુ, વિ૦ સખ્યા, કામ, જગા, વખત વગેરેનુ માપ તેમ પાસે થોડુ એવો અર્થ બતાવનાર શબ્દ **આટલુ બધુ** —ઘણુ જ, મસ
આટવુ, ક્રિ૦ સ૦ પાણી જેવા પદાર્થમા કઇ કઠણ વસ્તુને છુટી એકરસ કરી નાખવુ, કચરી–વાટી એક રસ કરવુ
આટાપાણી, ન૦આજીવિકા કમાણી,રોજી;ખોરાકના સાધન ૨ નસીબ, દાણોપાણી, ભાગ્ય
આટાલુણ ન૦ધૂળધાણી,નકામુ જવુ તે ૨ અટામણ
આટાપાટા, પુ૦ એક જાતની રમત, ખારોપાટ. ૨ ચીંથરા
આટાર, સ્ત્રી૦ રેતી, વેળુ (કચ્છ) [કડકો, લોટીઉ
આટિયુ, ન૦ઘટીમાથી લોટ વાળવાનો લુગડાનો
આટિયાપાટિયા, ન૦ એક જાતની છોકરાની રમત (વડોદરા વિભાગ) ૨ જમી કરી પરવારવુ તે, ઢાકીઢુકી રસોડુ સાફ કરી પરવારવુ તે
આટો, પુ૦અનાજને દળ્યાથી જે બારીક ભુકો થાય તે,લોટ ૨ ભેચો, છુંદો, ઘાણ **આટોપાણી**— આજીવિકા, ખોરાક ૨ નસીબ **આટાલુણમાં ખપવુ** —નિરર્થક જવુ,વ્યર્થ જવુ, બર ન આવવુ **આટો ઉડવો**—ઘાણુ–અડદાળો નીકળી જવો, હાડકા પાંસળા નરમ થઇ જવા, હેરાન થવુ; પાયમાલ થવુ **આટો કાઢવો**—થકવવુ **આટો નીકળી જવો**—ઘાણ નીકળવો, દુર્દશા થવી ૨ છેકજ થાકી જવુ
આટોપ, પુ૦ (સ૦) આડંબર, શેખી ૨ દમામ
આટોપવુ, ક્રિ૦સ૦એકઠુ કરવુ, સંકેલવુ ૨ બંધ કરવુ પાડવુ ૩ પુરૂ કરવુ, પતાવવુ, માડી વાળવુ
આઠ, વિ૦ (પ્રા૦ અટ્ઠ) ચાર ને ચાર, ૮ **આઠ આની**—અડધુ, પચાસ ટકા **આઠે અંગે** —તદ્દન, પુરેપુરૂ સર્વાંગે, સંપૂર્ણ ૨ ખરા અંતકરણથી **આઠેપહોર અને બત્રીસે ઘડી**—હરહમેશ, સદાય, નિરંતર [ખાચાવાળી સોટી
આઠણ, ન૦ ભીંડીના છેટાને વળ દેવાની એક
આઠમ, સ્ત્રી૦ **આઠેમ,** જુઓ [દેખાડનારૂં
આઠમુ, વિ૦ આઠમા નંબરનુ, આઠની સંખ્યા
આઠસે–સો, વિ૦ આઠ વખત સો ૮૦૦
આડી, સ્ત્રી૦ છોકરાની એક રમત
આઠીકે, વિ૦ લુચ્ચુ, ઠગ, પકકુ, કાબેલ
આઠુ ન૦ અંકુ, એકાના આંકનો આઠમો પાડો
આઠેક, વિ૦ આશરે આઠ, આઠની લગભગ.

આઠેજામ, **અ૦** (**સ૦ અષ્ટયામ**) આઠ પ્રહર લગી, દહાડોરાત ૨ રોજ બારેમાસ હમેશ

આઠેમ,સ્ત્રી૦ પખવાડિયની આઠમી તિથિ,અષ્ટમી

આઠોટય, **વિ૦** વ્યાપક, ઓતપ્રોત ભરવુ

આઠોડ, **સ્ત્રી૦** ઉભા છોડના કણસલાને ખખેરીને કાઢેલી જુવાર

આડ, **સ્ત્રી૦** બે વસ્તુને જુદી પાડનારી વસ્તુ-નિશાની તે, અટકાવ હરકત, વાધો રોકાણ ૨ વચમા પડી રક્ષણ કરવુ તે, ઓથ સભાળ ૩ હઠ, જીદ્દ દુરાગ્રહ ૪ આડુ તિલક પિયળ, ચદ્રાકાર ચાંલ્લો

આડકતરાતુ, **વિ૦** તદન આડુ નહિ પણ વાકુ થતુ જતુ ૨ પરોક્ષ, અપ્રત્યક્ષ

આડકતરૂ, **વિ૦** વાકુ, આડુ કાપવુ તે

આડકથા, **સ્ત્રી૦** એક મુખ્ય કથામા દાખલા અથવા રસપૂર્તિમાટે વચમા દાખલ કરેલી નવી વાત તે ૨ વાત કરતા આડુ ફાટવુ તે

આડખરચ, **પુ૦** રોજના ખરચની ઉપરાંત બીજુ ખરચ થાય તે [મારવાની ભુગળ આગળી

આડખીલ-લી, **સ્ત્રી૦** હરકત, અડચણ ૨

આડગીરો-ઘરેણે, **વિ૦** જેને ત્યા એક વસ્તુ ગીરો હોય તેણે તે વસ્તુ પોતે બીજાનેત્યા ગીરો મૂકી તે

આડઘોડો, **પુ૦** રોઝ ૨ નાનો ઘોડો ટટ્ટુ

આડણી, **સ્ત્રી૦** રોટલી વણવ ની ત્રિપાઈ

આડત, **સ્ત્રી૦** જ્યા ધણી ન હોય ત્યા તે ધણીના વતીનુ જે કામકાજ ચાલે તે એજન્સી

આડતીઓ, **પુ૦** વેપારીની વતી કામકાજ કરનારો આડત ચલાવનારો, એજંટ, પ્રતિનિધિ

આડત્રીસ-ત્રીસ, **વિ૦** ત્રીસ ને આઠ, ૩૮

આડતાગો **પુ૦** હિસાબ કરી જવાબ આવે ત્યારે તેના જે આકડા મેળવવા તે ૨ (ગણિતમા) હિસાબ ખરો ખોટો જોવાનો તાગો

આડત્રાસુ, **વિ૦** આડુ ને ત્રાસુ, આડુ અવળુ

આડપાખુ, **અ૦** એક બાજુએ, બાજુ ઉપર, છતુ નહિ તેમ ઉધુ નહિ તેવુ

આડફેટુ-ટે, **વિ૦** અવળુ, ગલીકુચીવાળુ ઉવે રસ્તે, આડામાર્ગે 'આડફેટો ગયો ચાલી, સીધો માગ મૂકી કરી'

આડમવ, **પુ૦** લાકડાનો કદોરો, બાવાઓ મા લકડાણીના જાડા વેલાનો કટિબધ પહેરે છે તે

આડભીત, **સ્ત્રી૦** પડદાની દીવાલ ભીતનોપડદો

આડબર, **ન૦** (**સ૦**) લાબુ પહોળુ ફેલાઈ છવાઈ ભરાઈ રહેવુ તે, વિસ્તાર, ખટાટોપ ૨ ફુલ, દિમાક, ખોટો દેખાવ ડોળ, સુકો ભપકો ૩ પથારો, ઠાઠ ૪ અહકાર, ગર્વ

આડર, **પુ૦** (**અ૦ ઑર્ડર**) હુકમ, વર્ધી ૨ રજા, પરવાનગી ૩ સનદ, પરવાનો ૪ શાન્તિ, મર્યાદા ૫ વ્યવસ્થા, ગોઠવણ

આડલુ, **ન૦** (**સ૦ ફલકાર્ગલા**) નાકડાના જે કડાથી દોરડુ ભગાય છે તે, આડખુ

આડસર, **પુ૦** (**આડુ + સરવુ**) પાણી અટકાવવાની પાળ ભીત તે,બાધ ૨ માભ,આડી પાટડી

આડા, **પુ૦** હઠ, રાઢ, જીદ

આડાઈ, **સ્ત્રી૦** આડુ પડવાની-હરકત લેવાની જે ટેવ તે, હઠ જક જીદ ૨ વાકાપણુ વિરૂદ્ધતા

આડખીતો, **સ્ત્રી૦**હરકત,નડતર,અટકાવ ૨ કાસ

આડાબોલુ, **વિ૦**વાકુ બોલનાર વિરૂદ્ધ બોલનાર, પ્રતિકૂલ બોલનાર

આડામોઢ, **વિ૦** આડુ અડિયલ હઠીલુ જીદ્દી

આડોડિ, **ન૦** મોટુ અર્ધગોળ કરવત, નાકડા વહેરવાનુ આડુ કરવત

આડો, **સ્ત્રી૦** આડે મૂકવાની જે વસ્તુ તે ૨ હદ, સીમા ૩ કુસ્તીનો એક દાવપેચ ૪ આખડી, માના ૫ જક, હઠ

આડીઆકરસગુ, **સ્ત્રી૦** એક જાતની વનસ્પતિ

આડીઆણ, **સ્ત્રી૦** કોઈ વાતમા અટકાવ કરવાના જે સમ દેવામા આવે છે તે, શપથ, પ્રતિજ્ઞા, કસમ [મનારો, નામુ જોનાર

આડીટર, **પુ૦** (**અ૦ ઑડીટર**) હિસાબ તપા-

આડીતર, **સ્ત્રી૦** બે ગામની વચમાની નદી કે ખાડી ઉતરવાને હોડીમા બેસવુ તે

આડીવાટ, **સ્ત્રી૦** આડો રસ્તો ૨ ન જવાય તેવો માર્ગ **આડીવાટની ઘૂળ**—કઈજ નહિ

આડીવાડી, **સ્ત્રી૦** વશપરિવાર, કુટુબકબિલો, બચ્ચાકચ્ચા, પરિવાર, વિસ્તાર

આડુ, ન૦ જે કંઈ વચમા પડેલુ તે ૨ અણુગમતી વાત, રીસ ચઢે તેવુ કામ ૩ ગાડાપર પાજરી મૂકતા જે ઉભા ટેકા સાથે દોરી બાધે છે તે ૪ મેલુ, ભૂત, પિતૃ સબધી જે પીડા તે. **આડો ખીલી**—નડતર **આડી જીભ કરવી**—વચમા હરકત નાખવી **આડુ અવળુ લેવુ**,—ઉધડુ લેવુ, ઠપકો દેવો **આડુ તેડુ વેતરવુ**—ઉધુ ચત્તુ કરી નાખવુ, ઉંધુ વેતરવુ **આડુ પડવુ**—રીસ ચઢવી, વાકુ પડવુ, માઠુ લાગવુ **આડે આવવુ**—વચમા પડવુ, ૨ મદદે આવવુ વહારે ચઢવુ ૩ કનડવુ નડવુ **આડે દહાડે**—અમુક દિવસ વગર **આડે હાથે**—ખોટે રસ્તે અપ્રમાણિકપણે,**આડો અવળો હાથ મારવો**—ચોરીછુપીથી કે લાચ રુશવતથી ખીમુ ભરવુ **આડો આક વાળવો**—હદ વાળવી, તોબા કરાવવી ગજબ કરવો **આડીઅવળી વાતો**—ગામગપાટા ૨ સબધ વગરની કુથલી **આડી** દોટે ખાવુ-અપ્રમાણિકપણે ધમધોકાર ઘર ભર્યા જવુ

આડુ, વિ૦ જેના એક છેડા નીચે પૃથ્વી અને બીજા છેડા ઉપર આકાશ નથી તેવુ લબરૂપ ઉભુ નહિ તેવુ ૨ સીધુ નહિ તેવુ, વાકુ, તિકસ, વળેલુ ૩ વચ્ચે પડયુ હોય તેવુ ૪ હઠીલુ, જક્કી ૫ અવળુ, એક બાજુ ૬ વાધા પાડીઉ

આડુ અવળુ, વિ૦ આડુ અને ઉધુ-અવળુ ૨ ઉધુચતુ,ખરૂખોટુ, ગરબડિયુ ૩ ખોટુ,જુઠુ ૪ ચારે તરફ, બધી રીતે ૫ ઉભુને આડુ

આડુ તેડુ, વિ૦ વાકુચુકુ, ઉલટુ સુલટુ

આડુ ફાટવુ, ક્રિ૦ અ૦ વચમાથી એકાએક આડે રસ્તે જવુ, આડે માર્ગે ઉતરી પડવુ ઓચીતા ફરી જવુ

આડે, અ૦ વચમા, સામે, વિરૂદ્ધમા

આડેઆવવુ, ક્રિ૦ અ૦ વચમા પડવુ નડતર કરવી ૨ સકટ સમયે સહાય થવુ મદદે આવવુ, બચાવવુ ૩ નડવુ, હરકત કરવી,

આડેદહાડે, અ૦ અમુક દિવસ સિવાય બીજે કોઈ વખતે ૨ સપરમા ટાણા–તહેવાર સિવાય હરકોઈ દીનસે

આડો, પુ૦ હદ, ગઢ, છેદ

આડોઆક, પુ૦ હદ બતાવનાર શબ્દ, ૨ સીમા, અવધ, તોબા 'તમારાથી તો આડો આક'

આડોઓમે ,પુ૦અડધો ખોમો,પોશ [રૂપણુ લેવુ

આડો લવો,ક્રિ૦ અ૦ આડાઇ કરવી, હઠ કરવી ૨

આડોશીપાડોશી, વિ૦ આસપાસ રહેનાર,વરને અડખેપડખે રહેનારાઓ

આઢ, પુ૦ (સ૦ આઢક) ઢગલો,રાશિ ૨ પુજી

આઢક, ન૦ એક માપ. ૨ **સ્ત્રી૦** તુવેર

આઢવુ, ક્રિ૦અ૦ (સ૦ આ-સુધી+ઢૌકૃ-જવુ) ઢોર ચગાવવુ, રખડવુ, ભટકવુ

આઢીઓ પુ૦ (સ૦ આઢ) રૂની વખાર રાખનાર વેપારી ૨ આઢવવા જનાર ગોવળીઓ

આઢય, (સ૦) ભરેલુ, ભરપૂર (ધન ઢય)

આણ, સ્ત્રી૦ (સ૦ આજ્ઞા) હુકમ આજ્ઞા ૨ ઢઢેરો, દુવાઇ ૩ કોઇનો સ્નેહ દૂર કરવા અથવા ધાર્યુ કામ કરાવવા સારૂ ઈશ્વરની શિક્ષાનુ અથવા વહાનાના નાશનો ભય દેખાડવો તે, સમ, સોગન, શપથ, પ્રતિજ્ઞા, કસમ **આણદેવી**–શપથ દેવા સોગન આપવા **આણ ફરવી**—ઢઢેરો પિટાવો, દુવાઇ ફરવી **આણ વર્તાવવી**–જાહેર કરવુ ઢઢેરો પિટાવવો ૪ **વિ૦ (સ૦ અન્ય)** બીજુ (કવિતામા)

આણદાણ, સ્ત્રી૦ અધિકાર, કર વસુલ કરવાની સત્તા ૨ અમલ, હુકમ

આણપાણ, પુ૦ આના, પા આનાના હિસાબ તે.

આણદ, પુ૦ આનદ, હર્ષ

આણદકકણ, ન૦ અનતદોરો, જુઓ

આણદી, વિ૦ આનદી, હર્ષમય

આણવુ, ક્રિ૦ (સ૦ આ+ની લઇ જવુ)દૂરવી પાસે આવે તેમ કરવુ, લાવવુ (**લાવવુ** શબ્દ દૂરની તેમજ પાસેની વસ્તુઓને માટે વપરાય છે **આણવુ**—ફક્ત દૂરની વસ્તુ માટે તેમજ જઇને લઇ આવવા માટે વપરાય છે વધુ માટે જુઓ **ગુજરાતી શબ્દકોષ**)

આણાઆણ, સ્ત્રી૦ લાવજા કરવી તે, સઘળેથી એકઠુ કરવુ તે

આણી, વિ૦ (સં૦એવમ્)આ રીતે,આમ,આ
આણીઆણી, સ૦ આ, આ
આણીફેર-ગમ-મેર, | અ૦આદિશા તરફ-
આણીપાસ-મગ, | ભણી,આ પાસે
આણુ, ન૦(સ૦ આનયન) ઉમર લાયક સ્ત્રીનુ સાસરે રહેવા જવુ તે, તેડુ વહુને આણુની તે ૨ કન્યાને સાસરે વળાવતા કરવાની જે રીત ભાત તે, ફરીઆવર **આણુ આવવુ**—સાસરેથી (વહુને) તેડુ આવવુ **આણુ કરવુ**—તેડના મો કલવુ **આણા સુખડી આપવી**—રજા આપવી, વળાવવુ **જીઆયણાનુ આણુ**—પહેલીજવાર બાળક લઇ સાસરે જવુ તે
આણોતાણો', પુ૦ વાણોતાણો
આતંક, પુ૦ (સ૦) રોગ, વ્યાધિ [કરનાર
આતંકનિગ્રહ,વિ૦ રોગને અટકાવનાર, રોગ નાશ
આતતાયી,પુ૦[સ૦]મહાપરાધી,ઘોરકર્મ કરનાર
આતપ, પુ૦ [સ૦]તડકો, તાપ, ૨ પ્રકાશ ૩ સૂર્ય
આતપત્ર, ન૦ [સ૦] છત્તર, છત્રી
આતમ, પુ૦ આત્મા ચૈતન્ય ૨ જીવ ૩ અંતઃકરણ
આતવાર, પુ૦ આદિતવાર, રવિવાર
આતસ, સ૦ પુ૦ [ફા૦] અગ્નિ દેવતા ૨ લાય, બળતરા ૩ ક્રોધ
આતસબાજી, સ્ત્રી૦ [ફા૦] ફોડવાના દારૂની જુદીજુદી રીતે ફૂટે તેવી બનાવટો, આગખેલ
આતસબહેરામ,પુ૦પારસીઓના પવિત્ર અગ્નિનુ મંદિર
આતસી, વિ૦ [ફા૦] આતસવાળુ, ગરમ, બાળે તેવુ ૨ જલદ, આકળુ, તીખુ
આતાજી, પુ૦ દાદો, માનો બાપ
આતાપ પુ૦ તાપ, તડકો ૨ ઘામ, બફારો
આતિથ્ય, ન૦ [સ૦ અતિથિ સેવા ૨ આદર સત્કાર, આગતાસ્વાગતા
આનીપોતી, સ્ત્રી૦ પુંજી, મુડી, થાપણ (થો ડીપુંજી હોય ને ઘણી બતાવે ત્યારે કહે છે કે- ‘ આતીપોતી ને ધરમ લંગોટી ’
આતુર, વિ૦ (સ૦) જોસમા આવેલુ, આકળુ ૨ અધીરૂ,ઉતાવળુ,તત્પર થઇ રહેલુ ૩ હોસીનુ ઉમેદવાળુ, આશાભર્યુ [૨ હોસ, ઉમેદ, ઉત્સાહ
આતુરતા, સ્ત્રી૦ (સ૦) ઉતાવળ, અધીરતા
આતુરસંન્યાસ, ન૦ (સ૦) મરતી વખતે અથવા એકદમ સંન્યાસ લેવા તે [મોટો છોકરો
આતો, વિ૦ આત્મા જેવો વહાલો, લાડકો ૨
આત્મ, વિ૦ (સ૦) પોતાનુ, સ્વીય નિજ
આત્મક, વિ૦(સ૦)આત્માવાળુ, વસ્તુતાવાળુ ૨ પોતાનુ
આત્મગતિ,સ્ત્રી૦(સ૦ આત્મ+ગમ્-જવુ)મરી ગયા પછીની આત્માની ગતિ તે
આત્મઘાત, પુ૦ (સ૦ આત્મ + હન્-મારવુ) પોતાને હાથે પોતાનો જીવ કાઢવો તે, આત્મ હત્યા આપઘાત [આપઘાત કરનાર હત્યારો
આત્મઘાતક-કી, વિ૦(સ૦)આત્મઘાત કરનાર
આત્મઘોષ, પુ૦ (સ૦) કાગડો વાયસ
આત્મજ, ન૦ (સ૦) પુત્ર, છોકરો ૨ કામદેવ
આત્મજન, ન૦ (સ૦) પોતાનુ-અંગતનુ મા-ણસ, નજીકનુ સગુ ૨ પ્રિયજન
આત્મજા, સ્ત્રી૦ (સ૦) છોકરી, પુત્રી ૨ બુદ્ધિ
આત્મજ્ઞાન, ન૦ (સ૦) તત્વજ્ઞાન અધ્યાત્મ જ્ઞાન, બ્રહ્મજ્ઞાન
આત્મજ્ઞાની,વિ૦(સ૦)આત્મજ્ઞાનવાળુ,બ્રહ્મજ્ઞાન
આત્મદર્શન, ન૦ આત્માનુ દર્શન ૨ બ્રહ્મ સાક્ષાત્કાર થવો તે
આત્મદર્શી, વિ૦(સ૦)આત્માને જોનાર, મુમુક્ષુ
આત્મધન, ન૦ આત્મા એજ જેનુ ધન છે તે ૨ સંતાન, પુત્ર
આત્મનિંદા, સ્ત્રી૦ (સ૦) પોતેજ પોતાની નિંદા કરવી તે પોતાનુજ ખોટુ બોલવુ તે
આત્મનિવેદન, ન૦(સં૦) પોતાનુ સર્વ ઇશ્વરને અર્પણ કરવુ તે,આત્મામા તલ્લીન થઇ રહેવુ તે
આત્મનિવેદી, વિ૦ (સ૦) પોતાને હાથે રસોઇ કરી જમનાર
આત્મનિષ્ઠ, વિ૦ આત્મામા તલ્લીન, બ્રહ્મનિષ્ઠ આત્મામાજ નિષ્ઠાવાળુ, મુમુક્ષુ
આત્મપ્રતીતિ, સ્ત્રી૦ (સ૦) જાતે કરી લીધેલી જે ખાતરી તે, પોતાના આત્માની પ્રતીજ

આત્મબંધુ, પુ૦ (સ૦) આત્માના જે બંધુઓ તે, સગુ ૨ મામા, માસી અથવા ફોઇનો જે છોકરો તે ૩ સાળો [૨ એકલપેટાઇ

આત્મબુદ્ધિ, સ્ત્રી૦(સ૦)પોતાપણુ, મારાપણુ

આત્મબોધ, પુ૦ (સં૦) આત્મજ્ઞાન, સ્વરૂપજ્ઞાન ૨ બ્રહ્મબોધ

આત્મભાવ, પુ૦ (સ૦) પોતાના રક્ષણની અને પોતાની ઉન્નતિની ઇચ્છા તે ૨ હુપદ ગર્વ,અહ કાર

આત્મભૂત, પુ૦ (સ૦) કામદેવ ૨ પુત્ર

આત્મવત્,વિ૦(સ૦)પોતાના સરખુ ,આત્મા જેવુ

આત્મવિચાર, પુ૦ (સ૦) આત્માનો વિચાર

આત્મવિદ્યા, સ્ત્રી૦ (સ૦) આત્મા સબધી જે વિદ્યા તે, વેદાન્ત, બ્રહ્મવિદ્યા

આત્મશક્તિ, સ્ત્રી૦પોતાનુ બળ ૨ આત્માનુ બળ

આત્મશુદ્ધિ સ્ત્રી૦ (સ૦) આત્માની જે શુદ્ધિ તે, મન શુદ્ધિ, દેહ શુદ્ધિ [આત્માભિમાન

આત્મશ્લાઘા, સ્ત્રી૦ આપવડાઈ, સ્વપ્રશ શા,

આત્મસયમ–ન,પુ૦,ન૦, પુ૦ (સ૦) આત્માને જીતવો તે, મન મારણુ, ઇંદ્રિયનિગ્રહ સતોષ

આત્મસતોષ, પુ૦ (સ૦) આત્માને–પોતાને જે સતોષ તે

આત્મસાધન, ન૦ (સ૦) આત્માને પોતાના સ્વરૂપનુ જ્ઞાન થાય તેવુ સાધન ૨ પુણ્યદાન

આત્મસુખ, ન૦ (સ૦)આત્માનુ પરમ સુખ તે, સ્વસુખ [આપબડાઇ, આત્મશ્લાઘા

આત્મસ્તુતિ સ્ત્રી૦ (સ૦) પોતાની વડાઈ,

આત્મહત્યા, સ્ત્રી૦ (સ૦) આત્મઘાત, જુઓ

આત્મહત્યારૂ, વિ૦ (સ૦) આત્મઘાતક, આપઘાતીઉં ૨ પાપી.

આત્મહિત, ન૦ (સ૦) સ્વાર્થ,પોતાની મતલબ

આત્મા, પુ૦(સ૦ આત્મન્)બ્રહ્મ, પરમાત્મા ૨ જીવાત્મા ૩ ચૈતન્ય, પ્રાણ ૪ મૂળ સ્વભાવ, પ્રકૃતિ ૫ અ તકરણ ૬ બુદ્ધિ ૭ મનુષ્ય પ્રાણી

આત્માનંદ, પુ૦ (સ૦) બ્રહ્માનંદ, પૂર્ણાનદ

આત્માનુભાવ,પુ૦(સ૦)આત્માનો જે અનુભવ તે

આત્મારામ, પુ૦ (સ૦) આત્મા પરમાત્મા ૨ જીવનમુક્ત યોગી

આત્માર્પણ, ન૦ (સ૦)આત્મા અર્પણ કરવો તે

આત્મિક–ત્મીય, વિ૦ (સ૦) આત્માનુ, મનનુ ૨ પોતાનુ નિજ ૩ નજીકનુ, અગત, ખાસ

આત્મોદ્‌ભવ, વિ૦ (સ૦) પોતાનુ ૨ પુ૦ કામદેવ ૨ પુત્ર [૩ રાની અડદ

આત્મોદ્‌ભવા, સ્ત્રી૦ (સ૦) પુત્રી ૨ બુદ્ધિ

આથ,સ્ત્રી૦(સ૦અસ્–થવુ) પુજી,થાપણુ, દોલત

આથડવુ, ક્રિ૦ અ૦ (સ૦ અટ્–જવુ) ૨ખડવુ, ભટકવુ, ફાંફા મારવા, રઝળવુ, અથડાવુ

આથડીઆ, ન૦અથડાયા કરવુ તે, ફાફા,ભટકા ૨ લથડીઆ, અડબડીઆ, ગોથા

આથણુ , ન૦ અથાણુ ,૨ આથવાની રીત ક્રિયા

આથમણુ, સ્ત્રી૦ (સ૦ અસ્તમિત–આથમેલુ] સૂર્યાદિ ગ્રહ જે દિશામા અસ્ત થાય છે તે, પશ્ચિમદિશા

આથમણી, વિ૦ પશ્ચિમ, પશ્ચિમ તરફનુ

આથમણુ , વિ૦ પશ્ચિમ તરફનુ

આથમતુ , વિ૦ અસ્ત પામતુ, ઉતરતુ, પડતુ

આથમવું, ક્રિ૦ અ૦ અસ્ત પામવુ ન દેખાવુ ૨ પડતી દશામા આવવુ, ઓછુ થવુ

આથર, પુ૦ (સ૦ આસ્તરણુ–પાથરણુ)ગાડામા જે જાડા કપડા ઉપર અનાજ ભરે છે તે, મોદ ૨ પાથરણુ, ઘાસનો થર ૩ ચાદર, પછેડી ૪ ગધેડા ઉપર નાખવાની દળી

આથરણ, ન૦ પથારી ઉપર જે પાથરવાનુ તે, ચાદર, ઓછાડ ૨ પથારી બિસ્તરો

આથરવુ, ક્રિ૦ સ૦ (સ૦ આસ્તૃ–પાથરવુ) પાથરવુ, બિછાવવુ ૨ ગોઠવવુ,મોઢવુ કરવુ,ગજી કરવી ૩ ઢાકવુ, અચ્છાદન કરવુ

આથવું, ક્રિ૦ સ૦ અથાય તેમ કરવુ,મસાલો ચઢે તેમ કરવુ ૨ ખમીર ચઢાવવુ, આથો–ખટાશ આવે તેમ કરવુ

આથીપોથી,વિ૦પૈસેટકે અને લુગડેલત્તે ભરપૂર

આથો,પુ૦ચઢીને ખાટુ થએલુ ખીરૂ તે ૨. લાહી.

આદ,વિ૦ (સ૦) પહેલેથી, અસલનુ, મૂળનુ

આદ શ, પુ૦(સ૦ આ+દંશ) દશ ૨ દાત

આદ્યઅંત,અ૦પહેલેથી તે છેક છેલ્લે સુધી,આદ્યત

આદત, સ્ત્રી૦ (અ૦) ટેવ મહાવરો ૨ તબી અત,પ્રકૃતિ ૩ સ્વભાવ,ખાસીયત

આદમ,પુ૦(અ૦) આ દુનીઆમા સૌથી પહેલો પેદા થએલા પુરૂષ ૨ માણુસ માણુસજાત **બાવા આદમ**—ઘરડો માણસ **બાવા આદમના વખતમા**—ઘણા જુના વખતમા પ્રાચિનકાળમા

આદમજાત, સ્ત્રી૦ (અ૦)માણસ જાત,મનુષ્ય

આદમજીનો કોરડો, પુ૦ (અ૦) છોકરાની એક રમત, દો ગોટીલો (વડોદરા પ્રાત)

આદમિઅત, સ્ત્રી૦ (અ૦) માણુસાઇ, ઇનસાનિયત ૨ ભલમનસાઈ, સુજનતા,અશરાફી, શુનિઆતી ૩ સભ્યતા, વિવેક

આદમી, પુ૦ ન૦ (ફા૦) બુદ્ધિ અને વાચાએ કરીને બીજા પ્રાણીથી જૂદુ પડતુ જે પ્રાણી તે, માણુસ, જન, મનુષ્ય ૨ નર, પુરૂષ

આદર, પુ૦ (સ આ+દૃ–માન આપવુ) સારી વસ્તુનો સબધ કરવાની જે ઇચ્છા તે ૨ સન્માન, માન, આબરૂ, ઇજત ૩ તેડવા–બોલાવા–સ્વીકાર કરવાની જે સારી રીત તે,વિવેક ૫ આરભ ૬ અન્ન ૭ હેત પ્રીતિ, ભાવ 'નાથે બોલાવી કરી આદર,શામાની પહોચી સાદર'

આદરણી, સ્ત્રી૦ વેવિશાળ થયા પછી વરની તરફથી કન્યાને લુગડા ઘરેણા કરવાની જે રીત તે, વમત ૨ આદરની નિશાની

આદરણીય, વિ૦ માન આપવા લાયક, પૂજ્ય, સન્માનનીય [આતિથ્ય, સરભરા કરની તે

આદરભાવ, પુ૦ (સ૦) પ્રેમભાવ,આદરસત્કાર,

આદરમાન, ન૦(સ૦)આદરસત્કાર, આવકાર

આદરવુ, ક્રિ૦ સ૦(સ૦આ+દૃ–માન આપવુ) સ્વીકારવુ, પત કરવુ ૨ માથે લેવુ ૩ માન આપવુ, આવકાર દેવા ૪ શરૂ કરવુ,આરભ કરવો

આદરસત્કાર, પુ૦ (સ૦) આદરપૂર્વક જે સત્કાર કરવો તે, આતિથ્ય

આદરાવુ, ક્રિ૦ અ૦ શરૂ થવુ ૨ વિવાહ થવો

આદર્શ, પુ૦ (સ૦) દર્પણુ, ચાટલુ, આરસો ૨ નમૂનો ૩ ટીકા, ભાષ્ય

આદવેર, ન૦ (સ૦ આદી+વેર) પાકી દુસ્મનાઇ, ખરેખરી શત્રુતા, સ્વાભાવિક રીતે જે વેર તે 'આદ વેર વેશ્યાને સતી'

આદાન, ન૦ (સ૦ લેવુ-કબુલ કરવુ તે ૨ પકડવુ તે ૩ ગ્રહણ, નિદાન

આદાનપ્રદાન, ન૦ (સ૦)લેણદેણુ,લેવુ આપવુ તે

આદાપાક, પુ૦ (આદુ+પાક) આદાની મેળવણીનો જે પાક તે ૨ માર **આદાપાક આપવો**–માર મારવો **આદાપાક** ખવરાવવો–માર મરાવવો

આદાબ, સ્ત્રી૦ (અ૦)સભ્યતા,વિવેક, સૌજન્ય

આદામુળી,સ્ત્રી૦ આદાના નાના ને કુમળા મૂળ તે

આદાય, પુ૦ (સ૦) નફો, લાભ ૨ પેદાશ, આવક, ઉપજ ૩ વધારો

આદાશીશી, સ્ત્રી૦ (સ૦ અર્ધ+શીર્ષ)અડધુ માથુ–એક બાજાનુ કપાળ દુખવાનો રોગ

આદિ, વિ૦ (સ૦) પહેલુ, મૂળનુ, અસલ ૨ અમુક જેમા મુખ્ય છે તે ૩ **અ૦** વગેરે, ઇત્યાદિ

આદિ, પુ૦ (સ૦) મૂળ, મૂળતત્વ, બીજ ૨ ઉત્પત્તિનુ મૂળ, આરભ ૩ સમૂહનુ જે પહેલુ તે ૪ બ્રાહ્મણ, બ્રહ્મ [પહેલુ અને છેલ્લુ

આદિઅત, પુ૦ (સ૦) પ્રારભ અને સમાપ્તિ,

આદિક,વિ૦એ અને વળી બીજા,વગેરે વગેરે,ઇત્યાદિ

આદિકવિ, પુ૦ (સ૦) બ્રહ્મા ૨ વાલ્મીકિ ૩ (ગુજરાતીમા) નૃસિંહ મહેતો

આદિકારણ, ન૦ (સ૦ આદિ+કૃ-કરવુ)પહેલુ મૂળ, અસલ કારણ ૨ પરમેશ્વર ૩ સાખ્યમત પ્રમાણે) પુરૂષ અને પ્રકૃતિ

આદિકાવ્ય, ન૦ (સં૦)પહેલુ કાવ્ય, રામાયણ

આદિગ્રથ, પુ૦ (સ૦) વેદ ૨ શીખ લોકોનુ ધર્મ પુસ્તક, ગ્રથસાહેબ

આદિત, પુ૦ (સ૦ અદિતિ) કશ્યપના અદિતિથી થયેલા બાર પુત્રો ૨ સૂર્ય ૩ આકડો. ૪ બારનો સંકેત

આદિતવાર, (સ૦) રવિવાર

આદિત્ય, પુ૦ (સ૦)સૂર્ય, રવિ ૨ કાશ્યપના બાર પુત્રો ૨ બારની સજ્ઞા ૩ આકડો

આદિત્યવાર, પુ૦ (સ૦) રવિવાર,આદિતવાર

આદિદેવ, પુ૦ નારાયણ, બ્રહ્મ

આદિનાથ, પુ૦ (સ૦)પહેલા જૈન તિર્થંકર
આદિનારાયણ, પુ૦ (સ૦) ક્ષીરસમુદ્રમા શેષનાગ ઉપર પોઢેલુ ભગવત્સ્વરૂપ
આદિપદ,ન૦ (સ૦) પ્રથમ પદ
આદિમાયા-શક્તિ, સ્ત્રી૦ (સ૦) બ્રહ્મની જે શક્તિવડે આ સઘળો પ્રપચ રચાયો છે તે,માયા, પ્રકૃતિ ૨ દેવી, પાર્વતી
આદિલઇને, અ૦ અમુકને પ્રથમ ગણીને બીજાઓ પણ ગણાય તેમ ૨ આદિક
આદુ, ન૦ (સ૦ આર્દ્રક) એક જાતનુ ભોયની અદર પાકતુ મૂળીઉ એ સુકાય છે ત્યારે તેને સુઠ કહે છે **આદુ ખાઇને મડવુ**-જોમભેર કામ કર્યા કરવુ, મડયા રહેવુ,પાછળ-પુડે લાગવુ, ખતે પડવુ **આદાની સુંઠ થવી**-સુકાઇ જવુ
આદે, વિ૦ અ૦ વગેરે, ઇત્યાદિ ૨ અ૦ તોબા,
આદેશ, પુ૦ (સ૦) આજ્ઞા, ફરમાન, હુકમ ૨ ફેરફાર, એકને ઠેકાણે બીજાનુ આવવુ તે ૩ કાનફટા પથના ગોસાઇઓ એક બીજાને "આદેશ" કહીને નમસ્કાર કરે છે તે
આદૌ, અ૦ (સ૦) પહેલા,આગાઉ, પૂર્વે
આદ્ય, વિ૦ આદિ ૨ પહેલાનુ
આદ્યત, પુ૦ આદિથી તે અત લગી, અથેતિ.
આધ, વિ૦ અડધુ, અર્દ્ધ
આધણ-રણ, ન૦ જે ઉકળતા પાણીમા ચોખા દાળ વગેરે ઓરવામા આવે છે તે ૨ આધાર
આધરકવુ, ક્રિ૦ સ૦ આખરવુ, મેળવવુ
આધાન, ન૦ (સ) ધારણ ૨ ગર્ભાધાન ૩ અગ્નિહોત્રમા પ્રથમ કરવાનુ એક કર્મ (બે લાકડા ઘસી અગ્નિ ઉત્પન્ન કરવા સબધી) તે
આધાપલીત, વિ૦અર્ધુ ગાડુ-ઘેલુ દાધારેગુ
આધાર, પુ૦ (સ૦) કારણરૂપ સહાયતા, ટેકો, મદદ ૨ સાબીતી, પૂરાવો, પ્રમાણ, સત્તા ૩ (વ્યાકરણમા) સપ્તમી વિભક્તિનો અર્થ દેખાડે છે તે ૪ પાણી રોકવાની પાળ, બાધ
આધિ, પુ૦(સ૦ આ+ધ્યૈ-વિચાર કરવો) મનની પીડા, ભય, શોક, ચિતા,માનસિક દુખ
આધિક, પુ૦ભૂત-પ્રેત કાઢનાર, ભુવો
આધિક્ય, ન૦ અધિકપણુ, ઉમેરણ, વધારો
આધિદૈવિક, વિ૦ (સ૦ આધિ+દિવ્-પ્રકાશવુ) ઇદ્રિયોના દેવ સબધી, ૨ ઇદ્રિયોથી થએલુ (સુખદુખ) ૩ ભૂતપ્રેત પિશાચ સબધી
આધિપત્ય, ન૦ (સ૦) અધિપતિપણુ (પટેલાઇ-શેઠાઇ), ધણીપણુ, ઉપરીપણુ
આધિભૌતિક,વિ૦(સ૦અધિ+ભૂ-થવુ)ઇદ્રિયોના તત્વ અથવા વિષય સબધી ૨ **પચમહાભૂતોથી** થએલુ (સુખદુખ) ૩ શારીરિક **પીડા સબંધી**
આધિવ્યાધિ,પુ૦ (સ૦ આધિ-માનસિક દુખ +વ્યાધિ-શારિરીક દુખ) તનમનની પીડા, માનસિક અને કાયિક ઉપાધિ
આધીન,વિ૦(સ૦ **અધિન**)વશ,તાબે, તાબેદાર
આધીનતા,સ્ત્રી૦આધીનપણુ,તાબેદારી,પરતત્રપણું
આધુનિક, વિ૦(સ૦ **અધુના**) નવુ, હમણાનું, અર્વાચીન [પાળવા-સાચવવા આપવુ
આધે, વિ૦ અડધુ **આધે આપવુ-અર્ધ ભાગથી**
આધેડ, વિ૦ અધેડ, પ્રૌઢ વયનુ ૨ સમજુ,ઠરેલ
આધ્યાત્મિક, વિ૦ અધ્યાત્મિક,આત્મા સબધી, આત્મતત્વ વિષયક.
આધ્રકવુ, ક્રિ૦ સ૦ આખરવુ મેળવવુ
આધ્રકણ, ન૦ મેળવણ, આખરણ
આન,વિ૦ અન્ય,બીજુ ૨ **સ્ત્રી૦** એન,ઇજત,આબરૂ
આનન, ન૦ (સ૦) મો, મુખ, વદન
આનદ, પુ૦ (સ૦ આ+નદ્-ખુશી થવુ) હર્ષ, મોદ, ખુશી હરખ (આનદના પાચ પ્રકાર છે **આત્માનદ, બ્રહ્માનદ,વિષયાનદ,વિદ્યાનદ, યોગાનદ**) ૩ સુખ, દુંખનો અભાવ
આનદકદ,પુ૦(સ૦)આનદનું મૂળ ૨ બ્રહ્મ,ઈશ્વર
આનદકારી, વિ૦ આનદ કરનાર-ઉપજાવે તેવું
આનદઘન, વિ૦ (સ૦) આનદથી પૂર્ણ ૨ બ્રહ્મ, ઈશ્વર
આનદપ્રભવ, પુ૦ પારો, વીર્ય
આનંદભેરવી,સ્ત્રી૦ (સ૦)એક જાતની **રાગિણી.**
આનદમય, વિ૦ (સ૦) આનદવાળુ
આનદમયકોશ, પુ૦ (સં૦) પચકોશ (અન્ન,

પ્રાણ, મનો, વિજ્ઞાન અને આનંદમય) માનો એક, સત્કર્મના વિચારથી અને સારા કામથી જે સુખ સતોષ થાય છે તે
આનંદવૃત્તિ, સ્ત્રી૦ (સ૦) રોજ ખુશીમા રહેવુ તે, આનંદમા રહેવાનો સ્વભાવ
આનંદા, સ્ત્રી૦ ભાગ. [હરખના આસુ
આનંદાશ્રુ, ન૦ (સ૦+અશ્રુ–આસુ) હર્ષાશ્રુ,
આનંદી, વિ૦ (સ૦)ખૂશમિજાજી, સુખી,મોજી, વિનોદી, હસમુખુ ૨ આનદ કરનાર
આનાકાની, સ્ત્રી૦ હા ના, કોઇ કામ કરવાનો ઠરાવ ન કરના ઢચુપચુ કરવુ તે ૨ મસ,બહાનુ
આનિયા, ન૦ કોટની કાઠલીમા પગલાને બદલે જે પૂતળિયા હોય છે તે
આની,સ્ત્રી૦એક રૂપિયાનો સોળમો ભાગ, આનો ૨ (ગણવામા અથવા માપમા) એક આખી વસ્તુનો જે સોળમો ભાગ તે [પૈસા, ૧૨ પૈ
આનો, પુ૦ એક રૂપિયાનો સોળમો ભાગ, ચાર
આન્દોલન, ન૦ (સ૦)હિંચકા–ઝોલા ખાવા તે, આમતેમ ઝુલવુ તે ૨ હોહા, હિલચાલ
આપ, સ૦ તમે (માનાર્થે) ૨ પોતે, ખુદ, જાતે
આપ, ન૦ (સ૦અપ્) પાણી, જળ ૨ અહ કાર, મગરૂબી 'આત્મા ઓળખી આપ ખોવુ'
આપ, વિ૦ પોતાનુ, પોતીકુ, ખુદનુ 'આપખુશી'
આપઅખત્યાર, વિ૦ (સ૦ આ૧ + (અ૦) અખત્યાર) જેના ઉપર બીજા કોઇનો અખત્યાર નહિ તેવુ સ્વતંત્ર
આપઅખત્યારી, સ્ત્રી૦ પોતાનોજ અખત્યાર, સ્વસત્તા, સ્વતંત્રતા
આપઆપણુ, સ૦ પોતાનુ,પોતીકુ [માહોમાહે
આપઆપમા, અ૦ પોતપોતામા, અદરઅદર,
આપકરમી, વિ૦ પોતાનાજ ઉદ્યમથી–ભાગ્યથી રળનારો, સ્વપરાક્રમી
આપખુદી, સ્ત્રી૦ (ફા૦+ખુદ–જાતે) પોતાનીજ ઇચ્છા–સત્તા ચલાવવી તે ૨ ઉદ્ધતપણુ સ્વેચ્છાચાર
આપખુશી, સ્ત્રી૦ સ્વેચ્છાપૂર્વક, સ્વતંત્રપણે, રાજી ખુશી
આપગા, સ્ત્રી૦ નદી, સરિતા
આપઘાત, સ્ત્રી૦ પુ૦ આત્મઘાત
આપણુ ન૦મજાર, ચૌટુ ૨ **સ૦** આપણે.
આપણે, સ૦ હું અને તમે ૨ હુ (વ્યગમા) 'આપણે જુદુ શાસ્ત્ર ભણ્યા છીએ' ૩ તમેના અર્થમા "ભાઇ, એ તો એમજ હોય, આપણે કારભાર કરો ત્યારે સરત રાખજો"–**સ૨૦**
આપત, સ્ત્રી૦ (સ૦) આપત્તિ ૨ કમાઇ, આયપત ૩ દુખ, પીડા ૪ મુશ્કેલી
આપત્કાળ,પુ૦(સ૦ આ–સુધી+પદ્–જવુ+કાળ) આપત્તિનો સમય, આફતકાળ, સકટ, દૈવકોપ
આપત્તિ, સ્ત્રી૦ (સ૦) દૈવકોપ, હોનારત, કોપ, અકસ્માત્ બનેનો માઠો બનાવ, સકટ, આફત
આપત્ય, ન૦ સતાન, છોકરૂ
આપદા, સ્ત્રી૦ (સ૦) આપત્તિ, સકટ, વિપત્તિ
આપદ્ધર્મ, પુ૦ (સ૦) આપત્તિ પડયાને લીધે ન આચરવા જેવા જે કર્મ કરવા પડે તે
આપનાર, વિ૦ દાતા, દેનાર
આપન્ન, વિ૦ (સ૦) જેને માથે મોટુ સકટ આવી પડેલુ હોય તે ૨ ઘેરાએલુ, પ્રાપ્ત થએલુ
આપન્યા, સ્ત્રી૦ (સ૦) પોતાની સ્થિતિનુ ભાન તે ૨ સતોષ, તૃપ્તિ, ૩ ચિત્તસમાધાન
આપમતલબી, વિ૦ પોતાનોજ ફાયદો વિચારી કામ કરનાર, સ્વાર્થી, સ્વાર્થપરાયણ
આપમતીલુ, વિ૦ પોતાનુજ ખરૂ એવા વિચાર પ્રમાણે વર્તનારૂ,મમતીલુ ૨ બીજાને પત ન કરતા પોતાનાજ ધાર્યા મુજબ કરનાર, જક્કી, મતીલું
આપમુખત્યાર, વિ૦ કોઇને તાબે નહિ તે પોતાનીજ ઇચ્છા પ્રમાણે વર્તનાર, સ્વતંત્ર
આપલે,સ્ત્રી૦આપવુ અને લેવુ તે,ધીરધાર,લેણદેણ
આપવુ, ક્રિ૦ સ૦ (સ૦ અર્પ્–આપવુ) પોતાની વસ્તુ બીજા પાસે જાય તેમ કરવુ, દેવુ **આપી દેવુ**—બીજાને હવાલે કરવુ **આપશો તેવુ પામશો**—જેવુ વાવીશુ તેવુજ લણીશુ, જેવુ કર્મ તેવુ ફળ **આપીને માગે તેની અક્કલ જાય આવે**—સ્વાર્થ સુધીજ સારાપણુ. **આપવા લેવાનાં કાટલાં જુદા**—બોલવુ એક ને કરવું બીજુ **આપી વિસરવુ**—આપી દેવુ, દત્તવુ.

આપસઆપસમા, અ૦ આપઆપમા, અંદરઅંદર,
આપસમાન, વિ૦ પોતાના જેવુ [અરસ્પરસ
આપસ્વાર્થ, પુ૦ આત્મહિત, પોતીકો સ્વાર્થ, એકલપેટાપણુ. [નિષ્ટ, સ્વાર્થિ
આપસ્વાર્થી, વિ૦ મતલબી, એકલપેટુ, સ્વાર્થ-
આપા, પુ૦ (મ૦) ભાઇ, ભાઈસાહેબ (માન ભરી રીતે બોલાવવામા વપરાતો શબ્દ વિનાયકરાવ આપા)
આપીડ, પુ૦ માથાનો શણગાર, મુગટ
આપુ, ન૦ આપપણુ, હુંપણુ, મારાપણુ ૨ સ૦ આપ, જુઓ [આપનાર
આપુશાહ, પુ૦ ગૃહસ્થ, શાહુકાર, દેવુ ચુકવી
આપેક્ષા, સ્ત્રી૦ (સ૦) ઇચ્છા આશા, ઉમેદ ૨ ગરજ, મતલબ
આપો, પુ૦ બાપ, પિતા (ભરવાડમા)
આપોઆપ, અ૦ પોતાની મેળે, સ્વાભાવિક રીતે, કુદરતી રીતે
આપોઆપ, સ૦ પોતેજ, જાતે, ખુદ
આપોપુ, ન૦ પોતાપણ, આપપણુ ૨ ટેક, પણુ ૩ પોત, વજન ૪ અ૦ એનીમેળે, કુદરતીજ
આપોશન, ન૦ જમતા પહેલા પાણીનુ આચમન કરવુ તે
આપૃચ્છા, સ્ત્રી૦ (સ૦) વાતચીત, ખબર અંતર પૂછવી તે ૨ પરવાનગી ૩ પડપૂછ
આપ્ત, વિ૦ (સ૦) સગુ, સબધી ૨ વિશ્વાસુ સ્વીય; અંગત ૩ મેળવેલુ, પામેલુ
આપ્તજન-વર્ગ, પુ૦ (સ૦) સગાવહાલા-સબધી ૨ વિશ્વાસુ માણસો, પોતાનુ મડળ
આપ્તિ, સ્ત્રી૦ (સ૦ આપ-મેળવવુ) મળવુ-પામવુ તે ૨ સબધ, જોડાણ સયોગ ૩ લાભ
આપ્સા, સ્ત્રી૦ (સ૦) જટા
આફણીએ, અ૦ પોતાની મેળે; આપે સહજ ૨ વ્યર્થ, નકામુ જવુ ૩ એકદમ, ઓચીંતુ 'આફણીએ આવી ઉભો રહેશે, વહેલો એ સર્વથી પહેલો'
આફત, સ્ત્રી૦ (અ૦) આપત્તિ, સકટ, આપદા, મુશ્કેલી. **આફત આવી પડવી**—દુખ આવવુ ૨. આરોપ આવવો **આફત ખમવી**—દુખ સહન કરવુ, જોખમ ખેડવુ **આફત ટાળવી**—દુખ-સકટ વિદારવુ, સકટમાથી છોડાવવુ
આફતાબ, પુ૦ (ફા૦) સૂરજ ૨ તડકો, તાપ. ૩ પ્રકાશ, તેજ
આફતાબગીરી, સ્ત્રી૦ (ફા૦) છત્રી, છત્ર.
આફયડુ, અ૦ અમથુ, એની મેળે, આપુરૂ
આફરવુ, ક્રિ૦ અ૦ પેટ ચઢવુ, **આફરો થવો**
આફરી જવુ, અ૦ રોગથી ફૂલી જવુ, ૨ **આફરોચઢવો.**
આફરીન, સ્ત્રી૦ (ફા૦) વખાણ, સાબાશી ૨ અ૦ સાબાશ! ધન્ય! વા વા! ઠીક કર્યું! ૩ કુરબાન થવુ, વારી જવુ
આફરો, પુ૦ બધકોશને લીધે પેટમાના વાયુનું ફૂલાઇને ઉચે ચઢવુ તે ૨ મીણો ચઢવો
આફલાતુન, વિ૦ મોટુ, ઉત્તમ, સરસ
આફળવુ, ક્રિ૦ અ૦ નિષ્ફળ—નકામુ જવુ ૨ વાગવુ પછડાવુ ૩ પટકાવુ, અથડાવુ
આફો, અ૦ આણીમેર-ગમ, આતરફ-મેર
આફિડેવિટ, સ્ત્રી૦ (અ૦) સરકારમા સોગન ઉપર જે પ્રતિજ્ઞા કરવી તે, ઇકરાર, કબુલાત.
આફિસ, સ્ત્રી૦ (અ૦) કામ કરવાનુ ઠેકાણું, કચેરી, અદાલત ૨ વહેપારીની પેઢી, દુકાન. ૩ કામ, અધિકાર
આફુસ સ્ત્રી૦ (પોર્ટુ૦ ઍાલ્ફોન્સો) એક જાતની કાપીને ખાવાની કલમી કેરી
આફુરૂ, સ૦ એની મેળે, પોતાની મેળે
આફોડુ, અ૦ આફુરૂ, આપોઆપ, વગર પ્રયાસે
આબ, ન૦ (ફા૦) પાણી, જળ, ઉદક ૨ તેજ, કાંતિ, નૂર ૩ પાણી, ધાર, તિખાશ ૪ મૂલ. માલ, દમ
આબકદુબક, પુ૦ ગીલીદડાની રમતમા એક દાવ
આબકારી, સ્ત્રી૦ (ફા૦) ભિસ્તીનુ કામ. ૨ દારૂ ગાળવાનુ કામ ૨ દારૂ અને બીજી કેફી ચીજો ઉપર લેવાતો સરકારી કર [મોનું વાસણ
આબખોરો, પુ૦ (ફા૦) પડઘીવાળુ નાનુ પહોળા
આબદા, સ્ત્રી૦ આપદા આપત્તિ, આફત
આબદાગિરિ, સ્ત્રી૦ અબદાગિરિ, મોટુ છત્ર
આબદાર, વિ૦ (ફા૦) તેજસ્વી, પાણીદાર ૨ મૂલ્યવાન.

આબનુસ, ન૦ (ફા૦) એક જાતનુ લાકડુ
આબન્ધ, પુ૦ પ્રેમ ૨ દઢબધન ૩ જોતરૂ
આબરૂ, સ્ત્રી૦ (ફા૦ **આબ** + રૂ-ચહેરો) લો કમા પડેલી મારી છાપ તે, માન, પ્રતિષ્ઠા, ઇજ્જત ૨ વખાણ, સાબાશી, તારીફ ૩ યોગ્યતા, લાયકી **આબરૂના કાકરા**—આબરૂની ધૂળધાણી ફજેતી, બેઆબરૂ **આબરૂપર હાથ નાખવો**—કોઇની આબરૂ લુટવી-લેવી ૨ છિદ્ર ખોલવા ૩ સ્ત્રીના પતિવ્રતનુ ભગ કરવુ, આબરૂ લેવા તજવીજ કરવી. **આબરૂ મળવી**—પકાવુ, વખણાવુ
આબરૂદાર, વિ૦ (ફા૦) નામાક્તિ, આમન્વાળુ, ૨ સાહુકારીવાળુ
આબાદ, વિ૦ (ફા૦) ભરેલુ વસેલુ બહોળા વહેપારવાળુ (**શેહેર**) ૨ ખેડાએલુ, ફળવત (**જમીન**) ૩ સુખી જે જે જોઈયે તેથી અનુકૂળ (**લોક**) ૪ ફતેહ મળી હોવુ તેવુ (**કામ**, ધધો) ૫ સલામત, નુકસાન ન થએલુ હોય તેવુ (**જાનમાલ**, ઇ૦) ૬ ખુશનુમા, ઝાડ પનથી ભરેલુ (**વાડી**) ૭ અતિશયપણુ ઘણુજ, સપૂર્ણ (**જમીનનો પાક**) ૮ ચૂક વગરનુ—તાકયા પ્રમાણે, બરાબર (**તીર**, ઇ૦) ૯ કાયમ, નિત્ય, હમેશ 'દોલત આબાદ રહો'
આબાદાની, સ્ત્રી૦ (ફા૦) આબાદી, ચઢતી દશા, ઉત્કર્ષ
આબાદી, સ્ત્રી૦ આબાદાની, ચઢતી દશા, ઉત્કર્ષ
આબાલવૃદ્ધ, અ૦ (**સ૦**, બાળકથી માડીને તે ઘરડા સુદ્ધા સઘળા
આબુવો, પુ૦ એક જાતનો વેલો, એને વાલોળ જેવા ફાફડા ફળ આવે છે
આબેહુબ, વિ૦ (ફા૦ આબ + ફ-પેલુ) અસલ હોય તેવુજ, અસલની ખરી નકલ, "જાણે તેજ—આમેહુબ ચિતાર"
આબોહવા, સ્ત્રી૦ (ફા૦ **આબ** + **હવા**) પાણી અને હવા હવાપાણી દેશપ્રકૃતિ, મનુષ્યને અનુકૂલ અને આરોગ્યને સુધારનાર જે હવા તે
આભ, ન૦ (**સ૦ અભ્ર**) આકાશ, ગગન ૨ વાદળ, મેઘ, વરસાદ **આભ જમીન એક થવી**—ઉત્પાત થવો, મોટો અનર્થ થવો ૨ ગજબ થઈ જવો, મહા મુશ્કેલી આવી પડવી. **આભ જમીનનો ફેર**—ઘણોજ તફાવત **આભ તૂટી પડવુ**—દુખનુ વાદળ માથે આવી પડવુ ૨ અતિશય સકટમા ઘેરાઈ જવુ, ગજબ થવો **આભના** તારા ઉખાડવા—બહુ જોર કરવુ, અશકયને શકય કરવા જેવો પરિશ્રમ લેવો **આભના** તારા દેખાડવા—અતિશય દુખ પાડવુ, વીતાડવુ **આભ** સાથે બાથ ભીડવી—શક્તિ ઉપરાત કામ કરવા જવુ, મોટા સાથે બાકરી બાધવી—લડવુ પાર ન પડે તેવા મનસુબા કરવા
આભડછેટ, સ્ત્રી૦ અડકયાથી જે અશુદ્ધ થવુ તે ૨ અમુકને અડકયાનો દોષ છે એવો વ્યવહારમા ચાલતો જે રિવાજ તે ૩ જેથી અભડાવાય તે, અપવિત્રતા, અટકાવવાળી કે પ્રસૂતાને અડવુ તે ૪ રજ, ન અડાય તેવી વસ્તુ તે
આભડવુ, ક્રિ૦ અ૦ અડવુ, અભડાવુ **આભડવા જવુ**—કોઈ મરી ગયુ હોય ત્યા જવુ, સ્મશાનમા જવુ, ડાઘુમા જવુ
આભરણ, ન૦ (સ૦) અલકાર, ભૂષણ, વસ્ત્ર વરેણા ૨ શોભા, શણગાર
આભલુ, ન૦ આભ, વાદળુ ૨ આરસી, ચાટલુ
આભા, સ્ત્રી૦ કાન્તિ, તેજ, પ્રકાશ ૨ શોભા, સુદરતા
આભારી, વિ૦ (**સ૦ આ + ભૃ**—ધારણ કરવુ) જેની ઉપર ઉપકાર થએલો હોય તે ૨ જે કરેના ઉપકારને સમજતુ હોય તે, ઉપકૃત, કૃતજ્ઞ ૩ ઓશિયાળુ [ખોટી મોટાઇ
આભાલાડુ, પુ૦ મોટીવાત, મોટી આશા ૨
આભાવ, પુ૦ (સ૦) વહેમ, સદેહ શકા. ૨ કલ્પના, ભ્રમ
આભાસ, પુ૦ (**સ૦ આ + ભાસ્**)મે વસ્તુનુ સરખુ દેખાવુ તે ૨ કલ્પના, ચિત્તમા ઝાખુ જણાવુ તે ૩ ઝાખો જૂજ પ્રકાશ ૪ દેખાવ, ડોળ
આભોયા, પુ૦ આ ભાઈ, આ સખસ
આભીર, પુ૦ (સ૦) ગોવાળીઓ, આહીર, ગોપ ૨ ભગ્વાડ, રબારી [રબારણ
આભીરી, સ્ત્રી૦ (સ૦) ભરવાડણ, આહીરડી,

આભુ, વિ૦ (સ૦ અદ્દભુત) ચકિત, દીંગ, બહાવરૂ, ગભરાએલુ, વિસ્મય પામેલુ
આભોક,પુ૦(સ૦)કબજો,ભોગવટો ઉપભોગ વહીવટ ૨ ધ્રુપદના ત્રણ ભાગમાંનો છેલ્લો ૩ માડવાળ
આભુષણ, ન૦ (સ૦) ઘરેણુ, શણગાર,અલકાર
આભ્યન્તર, વિ૦ (સ૦) અદરનુ, માહેલુ ૨ ખાનગી, દીલનુ ૨ ન૦ અદરનો ઓરડો, ગભાર
આમ, વિ૦ (આ૦ આમ) સાધારણ, સાર્વજનિક ૨ ન૦ લોક, સાધારણ લોક
આમ, અ૦ (સ૦ અદસ-આ) આ પ્રમાણે, આ રીતે ૨ આ તરફ, અહીઆ, આ ઠેકાણે, અમુક એક બાજુ
આમ, પુ૦ (સ૦) કાચો મળ, જળસ અતિસાર જેવો રોગ,મરડો ૨ એક જાતનો અજીર્ણનો રોગ
આમ, સ્ત્રી૦ (સ૦ આમ્ર) કેરીનો રસ
આમચું, ન૦ કોકમ (સુકા) [ચૂરાનુ અથાણુ
આમચુર, ન૦ (સ૦ આમ્રચૂર્ણ) છુદો, કેરીના
આમટ, વિ૦ ખાટુ, ખટાશવાળુ
આમજ,અ૦નક્કી એજ રીતે, એમજ,એજ પ્રમાણે
આમટી, સ્ત્રી૦ આબલીના પાણીની કઢી
આમણ, સ્ત્રી૦ આમળ પેટુમાના આતરડા ૨ પેડાને લગતો એક ભાગ [અરસ્પરસ
આમણસામણ, અ૦ સામસામા, એક બીજાને,
આમણસારો ગધક, પુ૦ (આમળ+સાર+ગધક)એક જાતનો આમનુ સારણ કરનારો ગધક
આમતેમ, અ૦ અહીતહી જ્યાત્યા
આમદ સ્ત્રી૦ આવક, કમાઇ ૨ આગમન, આવવુ તે, આવક 'કેરીની આમદ નથી'
આમદાની,સ્ત્રી૦(ફા૦) આવક, પેદાશ,૨ આવવુ, આગ ૨ આબાદી, વિભૂતિ
આમત્રણ, ન૦ (સ૦+મત્ર્-તેડવુ) બોલાવવુ-તેડવુ તે,તેડુ,નોતરૂ, ઈજન ૨ આણુ
આમન્યા, સ્ત્રી૦ મર્યાદા,માન ૨ વિવેક ૩ આજ્ઞા
આમય, પુ૦ (સ૦) રોગ વ્યાધિ
આમરસિયા, વિ૦ કેરીના રસ જેવા ૨ ગનુ
આમલસાર, પુ૦ શિખર ઉપરનો આમળા-વાળો ભાગ 'દેવળના આમલસાર, કળશ અને બીજા ઠડ ઉપર અનુક્રમે બે ત્રણ અને ચાર સ્વરો કર્યા'-કુ પ્રબ ૧
આમલી, સ્ત્રી૦ (સ૦ આમ્લિકા) એ નામનુ ઝાડ અને તેનુ ફળ એના બીઆને ચિચૂકા કે કચુકા કહે છે આમલી ખાટી હોય છે ચિચૂકાનો લોટ રગવાના કામમા આવે છે
આમલીપીપળી,સ્ત્રી૦એક જાતની છોકરાની રમત
આમવાયુ, પુ૦ અપચાને લીધે થતો સાધાનોરોગ
આમસરા, સ્ત્રી૦ મહેલ્લો, ફળિયુ, પોળની વચ્ચેની છૂટી જમીન
આમળ, સ્ત્રી૦ આતરડાના છેક નીચલા ભાગનુ ગાડની કુલડીની બહાર નીકળવુ તે, આમેલ ૨ ગર્ભાશય પડાનુ-જનન નાળનુ બહાર ધસી આવવુ તે ભાકુ
આમળતુ, વિ૦ અમળાતુ, ચૂક આવે તેમ ૨ વળ દેતુ [વળ દેવા, વણવુ
આમળવુ, ક્રિ૦ સ૦ જોરથી વાકુ વાળવુ ૨
આમાત્ય, પુ૦ વજીર, દિવાન, પ્રધાન.
આમાતિસાર, પુ૦(સ૦)મરડો, સગ્રહણી, આમ
આમળુ, ન૦ (સ૦ આમલક) એક જાતનું ખાટુ ફળ (એની ત્રણ જાત છે દેવઆમાળાં, ચોરઆમળાં, અને રાયઆમળા) આમળા જેવડુ-મીડુ, રદ્દ બાતલ, ધબાયનમ આમળુ કાઢવુ-થકવવુ કાયર કરવુ, ખૂબ માર મારવો
આમળીઉં ન૦ બે ત્રણ જાડા તારવાળુ વળ દીધેલુ વળ જેવી ભાતવાળુ કડુ
આમળો, પુ૦ ચિહ્ન, નિશાન, વળ ૨ (મનમા) ગાઠ, અદેખાઇ, ટેક, અભિમાન, મરડાટ, દ્વેષ
આમરસ, પુ૦ કેરીનો રસ (આમ્રરસ)
આમરણ-ણાન્ત, અ૦ (સ૦) મરણ લગી
આમાત્ર, ન૦ (સ૦) કાચુ અનાજ, બ્રાહ્મણોને આપવાનુ કાચુ અન્ન તે
આમિષ, ન૦(સ૦)માસ ૨ લાચ ૩ લાલચ,લોભ.
આમીન, અ૦ (આ૦) હોઓ અસ્તુ ઇતિશમ્, શ્રીરસ્તુ [પેલી દુનીઆનુ
આમુષ્મિક વિ૦ (સ૦) પરલોક સબધી,
આમેજ, વિ૦ (ફા૦) સામેલ, મેળવી દીધેલુ.

આમે, અ૦ (આમ+એ) વળી આ પ્રમાણે, કોઈ પણ રીતે
આમોદ, પુ૦ (સ૦)સુગંધ,સુવાસ ૨ હર્ષ,આનંદ
આમ્ર, પુ૦ (સ૦) આંબો,કેરી, સહકાર, રસાલ
આમ્નાય, સ્ત્રી૦ (સ૦) વિધિ, રૂઢિ, રિવાજ ૨ વેદ, શ્રુતિ ૩ સંપ્રદાય મત
આમ્લ, વિ૦ (સ૦) ખાટું
આય, સ્ત્રી૦ શક્તિ કૌવત, બળ
આય, પુ૦ (સ૦) લાભ, આવક, પ્રાપ્તિ, આવદાની ૨ (જનાનખાનાનો) નાઝર
આયખુ, ન૦ આયુષ્ય, આવરદા
આયડુ, પુ૦ ગોવાળીયો, ગોવાળ ૨ ઢોરોનું ચરવા જવું તે [આશ્રમ ૨ દેવસ્થાન, ચૈત્ય
આયતન, ન૦ (સ૦ આ +યત્-પકડવું) ઠેકાણું
આયતું, વિ૦ વગર મહેનતે મળેલું,મફત,તૈયાર
આયતા પર શયતું-તૈયાર પર તાગડધિન્ના
આયદો, પુ૦ એક હકદારે બીજા ભાગીદારને આપવાનો મુકરર કરેલો ભાગ તે
આયના, સ્ત્રી૦ અદબ, માન, માઝા
આયનો, પુ૦ (ફા૦) આરસો તદ્નો દર્પણ
આયંદે, અ૦ (ફા૦ આમદન્ આવવું) હવે પછી,આજે પછી અને પર ૨ આખરે, સરવાળે
આયપત, સ્ત્રી૦ આવક પેદાશ, આમદાની,કમાઇ
આયપતવેરો,પુ૦ કમાઇ ઉપરનો કર,ઇન્કમટેક્સ
આયા, સ્ત્રી૦ બાળક છોકરાને ધવરાવવા અને ઉછેરવા માટે પગાર આપી રાખેલી જે સ્ત્રી તે,ધાવ
આયાત, સ્ત્રી૦ (સ૦ આ+યા આવવું) પરદેશી વસ્તુનું બંદરમાં દાખલ થવું તે, આવવું તે ૨
આયામ, પુ૦ દીર્ઘતા, લંબાઈ [વિ૦ આવેલું
આયાસ, પુ૦ (સ૦ આ+યસ્-મહેનત કરવી) મહેનત, તસ્દી, વૈતરૂં
આયાસી, વિ૦ (સ૦)મહેનતુ, ઉદ્યોગી ૨ દુઃખપ્રદ, કપરૂં ૩ થાકેલું બેજાર થએલું ખિન્ન
આયુ, ન૦ (સ૦)જન્મથી મરણ સુધીનો વખત, જીવનકાળ, આવરદા, આયુષ્ય
આયુધ, (સ૦ આ+યુધ્+) હથિયાર અસ્ત્રશસ્ત્ર ૨ યુદ્ધ સાહિત્ય આયુધ છત્રીસ જાતના છે (જુઓ ગુજરાતી શબ્દકોષ) **આયુધ બાંધવાં**—હથિયાર સજવા **આયુધ છોડવા**—હથિયાર તજી દેવા, નાસીપાસ થવું, વાનપ્રસ્થ થવું
આયુર્વેદ, પુ૦ (સ૦) આર્યોનું વૈદ્યકશાસ્ત્ર.
આયુશ, ન૦ (સ૦) આયુષ્ય, આવરદા.
આયુષ્માન્-વાન્,વિ૦(સ૦)લાંબા આયુષ્યવાળું, લાંબી જીંદગીનું (આશીર્વાદમાં) **આયુષ્માન ભવ**—ઘણું જીવો
આયુષ્ય, ન૦ (સ૦) આયુ જીંદગી, આવરદા.
આયુષ્યદોરી, સ્ત્રી૦ (સ૦)જીવનદોરી, જીંદગી.
આયુષ્યમર્યાદા, સ્ત્રી૦ (સ૦) આયુષ્યની હદ,
આર, સ્ત્રી૦ આણી અણીદાર લોખંડનો કડકો, રેખ, સોય, અંકુશ, પરોણી
આર, પુ૦ પાણીનો વોહ, ખેંચ તાણ ૨ (સ૦ આહાર) આહાર, ખાધ લુગડાને અક્કડ બનાવવા ઘોમી જે વઉંનું પાણી વાપરે છે તે,કાંજી,ખેળ.
આરક્ત, વિ૦ (સ૦ આ-સહેજ+રક્ત) રાતું, લાલાશ પડતું ૨ અનુરાગ
આરગણું, ન૦ મોચીનું એક ઓજાર,આર
આરગન, ન૦ (અ૦ ઑરગન) વાજું, કુંચી આપવાથી નાના પ્રકારના મધુર રાગથી વાગતી વાજાની પેટી
આરચા,સ્ત્રી૦(સ૦ અર્ચ્-પૂજવું)આર્ચા,જુઓ.
આરજા, સ્ત્રી૦ (આર્યા) સંસાર ત્યાગ કરી વિરાગી થએલી જૈનમાર્ગી સ્ત્રી, ગયણીજી
આરજુ, સ્ત્રી૦ (ફા૦-આર્જ-આશા) ઇચ્છા, મરજી ઉમેદ, આશા, ૨ ચિંતા, કાળજી, ૩. આતુરતા, અધીરાઇ
આરજુમંદ, વિ૦ (ફા૦) આશાવાળું,ઉમેદવાળું, ૨ ચિંતાતુર, કાળજીવાળું ૩ આતુર
આરડવું, ક્રિ૦અ૦(સ૦ અવ-નિચે+રુ-ગાવું) ગળામાંથી ખેંચીને અવાજ કાઢવો, ગાંધરડવું, રેંકવું ૨ મોટાને બેસુરો અવાજ કાઢવો
આરણકારણ, ન૦ બહાનું, મિષ, નિમિત્ત ૨ અચોક્સ, ઢચુપચુ
આરણીઓ, પુ૦ આડણી, ત્રિપાઈ
આરણી, સ્ત્રી૦(મ૦ ઓડણી)આડણી,ત્રિપાઇ.

આરત, વિ૦ (સં૦ આર્ત) દુખી, પીડિત ર જરૂરનું; ન ચાલે તેવુ ર **સ્ત્રી૦** હોસ, ઇચ્છા ૩ ઓરીઓ, કોડ

આરતી, આ૦ (સં૦ આર્તિ) પીડા દુખ, પીડા, પૂજાની સમાપ્તિ પછી કપુરનો દીવો દેવ સામે રાખી ઉતારવો તે દીપ દર્શન કરાવવુ તે ર જે પાત્રમા દીવો પ્રગટીને ઉતારવામા આવે તે, ૩ આરતી ઉતારતા જે ભજન ગાવામા આવે તે **આરતી ઉતારવી**—હાથે ઝાલીને વીઝવુ, મારવુ ર નિરુદ્યમી રહેવુ, ૩ વખાણના ગીત ગાવા આરતી લેવી-દેવની ઉપર ઉતારેલા દીવાના ઓવારણા લેવા—વાદવુ

આરતીઉ, વિ૦ દુખી પીડિત ર ગરજાઉ, કારજુ, ગરજુ, ૩ આરતી કરવાનું પાત્ર [ર રક્ષણ

આરથી, પુ૦ હાથીના કુભસ્થળનો નીચલો ભાગ

આરદ્રા, ન૦ ર૭ નક્ષત્રમાનુ ૬ ઠુ નક્ષત્ર

આરપાર, અ૦ એક છેડાથી બીજા છેડા સુધી ઠેઠ સળગ ર. એક પારથી બીજે પાર જવુ તે

આરબ, પુ૦ (આ૦ અરબ) અરબસ્તાનનો વ તની **આરબની ચોકી**—સખત દેખરેખ

આરબી, વિ૦ આરબનુ-સબધી (ભાષા વગેરે)

આરબ્ધ, વિ૦ (સં૦) આરભેલુ, શરૂ કરેલુ

આરબ્ધ, ન૦ (સં૦) કર્મનો એક પ્રકાર (સચિત, ક્રિયામણ પ્રારબ્ધ ને આરબ્ધ) જે કર્મનુ ફળ તત્કાળ મળે છે તે

આરભટી, સ્ત્રી૦ (નાટ્ય શાસ્ત્રમા) રૌદ્ર, ભય અને બિભત્સ એ ત્રણ રસ જેમા આવ્યા હોય તે

આરબી, વિ૦ સરસ, ઉત્તમ

આરભ, પુ૦ (સં૦ આ + રભ્-રમવુ) ર પ્રારભ, પહેલ શરૂઆત ર મૂળ, આદિપણુ, ૩ ઉપક્રમ, મગળ કરવુ તે

આરભવુ, ક્રિ૦ સ૦ આરભ કરવો, શરૂ કરવુ

આરભશુર, વિ૦ (સં૦) માત્ર આરભ વેળાજ ઉત્સાહી પણ પછી નરમ પડી જાય તેવુ

આરભાવવુ, ક્રિ૦સ૦શરૂ કરાવવુ, પહેલ કરાવવી

આરવા, પુ૦ અતઃકરણ, મન

આરવે, પુ૦ ઘણુ જમ્યા પછી થતી અકળામણ તે

આરસપહાણ, પુ૦ (આદર્શ + પાષાણ) લીસો ગળકતો એક જાતનો પત્થર, સગેમરમર.

આરસી, સ્ત્રી૦ (સં૦ આદર્શ) મો જોવાનો કાચ, આયનો, ખાપ, દર્પણ, આરીસો

આરસીગરા, પુ૦ (ફા૦ આરસી + ગર) આરસી બનાવનારા

આરસીછલ્લો, ન૦ જેમા ખાપ જડી હોય તેવી વીટી, આરસી છાપા

આરસો, પુ૦ તખ્તો, દર્પણ, આયનો આરીસો ર કાચમા બેસાડેલુ, કાચપર ચીતરેલુ ચિત્ર-છબી

આરાધન, ન૦ (સં૦ આ + રાધ-પ્રસન્ન કરવુ) ઉપાસના પૂજા, સેવા ર ભક્તિ

આરાધના, સ્ત્રી૦ (સં૦) પૂજા, સેવા, ભક્તિ

આરાધવુ, ક્રિ૦ સ૦ પૂજા-સેવા કરવી, ભજવુ

આરાધ્ય, વિ૦ (સં૦) આરાધવાને યોગ્ય, પૂજ્ય

આરામ, પુ૦ (સં૦ આ + રમ્-કરવુ) બાગ, ઉપવન, બગીચો

આરામ, પુ૦ (ફા૦) ફેર પડવો તે રોગમુક્તિ, શાન્તિ, આસાએશ, વિશ્રાન્તિ, થાક ખાવો તે, નિરાતે બેસવુ તે ૩ ફુરસદ, નવરાશ

આરામખુરશી, સ્ત્રી૦ ફરાગતપણે સુઇને વિશ્રાંતિ લઇ શકાય તેવી ખુરશી

આરામગાહ઼ ઘા, પુ૦ સ્વર્ગે જવુ તે, હમેશ માટે આરામ લેવા જવુ તે

આરામિક, પુ૦ બાગ સાચવનાર, માળી

આરારૂટ, ન૦ (અ૦ એરોરૂટ) એક જાતનુ કદ

આરાવાડ઼ા, પુ૦ પૂર્વજના દિવસ, શરાધીઆના દિવસો

આરાસુરી, સ્ત્રી૦ (આરાસુર એ આબુના પહાડનુ એક શિખર છે) આરાસુરમા રહેનારી દેવી, અબા માતા

આરાસ્તગી, સ્ત્રી૦ (ફા૦ આરાસ્તન્-શોભાવવુ) શોભાની તૈયારી, શણગાર ર યોજના, તજવીજ, ગોઠવણ, વ્યવસ્થા, બદોબસ્ત

આરાસ્તે, વિ૦(ફા૦) તૈયાર કરેલુ ર શણગારેલું ૩ વ્યવસ્થિત, ગોઠવેલુ [પાડી નાખવો તે

આરીઆં, ન૦ હોડી વહાણ વગેરેનો સઢ ઉતારી-

આરી, સ્ત્રી૦ નાનુ વહેરવાનુ હથિયાર, કરવતી. ૨ મોચીનુ ભોક પાડવાનુ ઓજાર

આરીકે ન૦ એક જાતનુ શાક, ચીભડુ.

આરીકારી, સ્ત્રી૦ ચતુરાઇ, કૌશલ્ય. ૨ ઉસ્તાદી; ચાલાકી, દાવપેચ.

આરીસો, પુ૦ આયનો, દર્પણ, ચાટલુ
આરૂઢ, વિ૦ ચઢેલુ, બેઠેલુ
આરે આવવુ, ક્રિ૦ ગાય ભેસ વગેરેનુ આર્તવે આવવુ–ગર્ભાધાનનો સમય પ્રાપ્ત થવો ૨ કિનારે આવી પહોચવુ ૩ અમુક કાર્ય પૂર્ણ થવા આવવુ
આરેડુ, વિ૦ (સ૦આ–મહુ+ રુદ્–રોવુ) બહુ રોનારૂ,કજિયાખોર [થયે,છેવટે,આખર વખતે
આરેતારે, અ૦ પાકવા આવ્યુ હોય તેમ, પૂર્ણ
આરો, પુ૦ છાણનો ઉભાળો ૨ ઓવારો, ઘાટ, તીર તટ,કાઠો ૩ છેડો અંત,નિકાલ ૪ પૈડામા નાભીથી તેના પરીઘ સુધી લાકડાના જે ઉભા કકડા હોય છે તે ૫ રેંટિયાના ચક્કરનો (જેની ઉપર માળ ફરે છે) અકેકેકો દાંડો ૬ માર્ગ, સાધન, રસ્તો
આરોગવુ, ક્રિ૦ ભોજન કરવુ, જમવુ, ખાવુ
આરોગ્ય, ન૦ (સ૦) સુખાકારી, રોગથી દુર હોવુ તે, તંદુરસ્તી ૨ વિ૦ કુશળ, નિરોગી
આરોગ્યતા, સ્ત્રી૦ સુખાકારી
આરોગ્યરક્ષક વિ૦ તંદુરસ્તી રાખે તેવુ
આરોગ્યરક્ષણ, ન૦ તંદુરસ્તીની સાચવણી તે
આરોગ્યશાળા, સ્ત્રી૦(સ૦)દવાખાનુ,હોસ્પિતાલ
આરોતારો, પુ૦ એક જાતનુ ઘાસ (એની ટોપલીઓ ગુથાય છે
આરોપ, પુ૦ (સ૦ આ + રુહ્–ચઢવુ) ચઢાવવુ તે, જેનામા જે ન હોય તે તેમા છે એમ કહેવુ તે,એકનાગુણ દોષ બીજાને લગાડવા તે ૨ દોષ, દુષણ, તહોમત, આળ, ગુનો ૩ ઠપકો દેવો તે
આરોપણ, ન૦ આરોપવુ તે, પહેરાવવુ તે, ઉભુ કરવુ તે
આરોપવુ, ક્રિ૦ સ૦ જેનામા જે ગુણ ધર્મ ન હોય તે તેનામા લગાડવુ ૨ આળ ચઢાવવુ, તહોમત મુકવુ ૩ ઘાલવુ, પહેરાવવુ, ચઢાવવુ,
આરોપી, વિ૦ તહોમતવાળુ, ગુનેગાર
આરોહ, ન૦ (સ૦) ચઢવુ, ચઢાવ
આરોહણ, ન૦ (સ૦) ચઢવુ તે, ચઢણ ૨ ઉદય ૩ પગથીઉ ચઢાવ ૪ ઉપર બેસવુ તે
આર્જવ, પુ૦ (સ૦) સરળપણુ, એકમાર્ગીપણુ
૨ કાલાવાલા, ખુશામત, હાજી હા
આર્ત,વિ૦(સ૦)પીડિત દુખી વ્યાકુળ,ગભરાએલુ
આર્તવ, વિ૦ ઋતુ સબંધી ૨ ન૦રજ, ઋતુ
આર્તિ, સ્ત્રી૦ પીડા, દુખ, વિપત્તિ
આર્દ્ર, વિ૦ (સ૦) ભીનુ, લીલુ, ભેજવાળુ ૨ કુમળુ, મૃદુ ૩ ઢીલુ, નરમ
આર્દ્રક, ન૦ (સ૦) આદુ [કંપા ૪ નરમાશ
આર્દ્રતા, સ્ત્રી૦ ભિનાશ ૨ કોમળતા ૩ અનુ
આર્દ્રા, સ્ત્રી૦ (સ૦) સત્તાવીશ નક્ષત્રો પૈકી છઠ્ઠુ
આર્ય, વિ૦ (સ૦)ઉંચાકુળનુ, કુલીન, ખાનદાન ૨ પુ૦ અસલના સુધરેલા લોકો.
આર્યપુત્ર, પુ૦ પતિ, સ્વામી, કંથ
આર્યધર્મ, પુ૦ આર્યલોકોનો ધર્મ, બ્રાહ્મણ ધર્મ
આર્યસમાજ, સ્ત્રી૦ સ્વામી શ્રી દયાનંદે સ્થાપેલુ ધાર્મિક મંડળ, વેદનેજ મુખ્ય ગણી તે પ્રમાણે વર્તનાર મંડળ
આર્યા, સ્ત્રી૦(સ૦)(કવિતામા) એ નામનુ એક વૃત ૨ સાસુ ૩ બાઈસાહેબ શેઠાણી, કુલીન સ્ત્રી
આર્યાવર્ત, પુ૦ (સ૦ આર્ય + આવૃત્–ફરવુ) આર્યલોકે રોકેલો જે દેશ તે, ઉત્તરે હિમાલય તથા દક્ષિણે વિંધ્યા પર્વતોની વચ્ચેનો ભાગ તે
આલ, ન૦એક જાતનુ ઝાડ ૨ હડતાલ ૩ ટેવ,હેવા
આલક્ષિત વિ૦દેખાતુ,જણાતુ ચિન્હથી બતાવેલુ
આલખી પાલખી, સ્ત્રી૦ હાલાર અને ભાવનગરમા રમાતી છોકરાની એક રમત.
આલણ, ન૦ ઘેંશ, ડખુ
આલપાકો, પુ૦ (અં૦) એક જાતનુ ઊનનુ કપડુ
આલપાલ, સ્ત્રી૦ ચાકરી, મેવા ૨ છોકરાની માવજત, સંભાળ, સારવાર [માણસ જાત
આલમ, સ્ત્રી૦ (અ૦) દુનીઆ, જગત, ૨ લોક,
આલમદુનીઆ, સ્ત્રી૦ (અ) જગત, વિશ્વ, પૃથ્વી, માણસ જાત ૨ તમામ દેશ
આલંબ, પુ૦ (સ૦)આધાર,ટેકો, આશ્રય,ધારણ.
આલંબન, ન૦ સં૦) સહાય, ટેકો, આશ્રય ૨. રસ ઉત્પન્ન કરનારી મૂળ વસ્તુ (કાવ્ય)
આલંબવુ, ક્રિ૦ અ૦ પહોચવુ, ૨ પકડવુ, આધાર લેવો ૩ ટગાવુ, ટેકો લેવો

આલય, ન૦ (સ૦) ઘર, રહેવાની જગા, સ્થાન
આલવાલ, પુ૦ (સ૦) કયારો
આલવું, ક્રિ૦ સ૦ આપવું [આળસ મંદતા
આલસ્ય, ન૦ (સ૦ આ + લસ્-યત્ન કરવો)
આલાપ, પુ૦ (સ૦ આ + લપ્-બોલવું) રાગ બેસાડવાને અર્થ વિનાનું આ આ આ, કરીને રાગ કાઢવો તે ૨ સ્તુતિનું ગાયન ૩ વાતચીત. ૪ દોષ, આરોપ ૫ બકવાદ
આલાપવું, ક્રિ૦ સ૦ ગાવું, રાગ કાઢવો
આલામત, સ્ત્રી૦ (આ૦) નિશાની, ચિહ્ન
આલાલીલું, વિ૦ સુકાયું ન સુકાયું હોય તેવું, લીલું સૂકું
આલિંગન, ન૦ (સ૦) બાથ, કોટી
આલિંગવું, ક્રિ૦ (સં૦) ભેટવું, કોટી કરવી, છાતી સરસું ચાપવું, બાથમાં લેવું
આલી, સ્ત્રી૦ (સ૦) સાહેલી બેનપણી ૨ ભમરો
આલીગારૂ, વિ૦ અટકચાળું, તોફાની
આલીજાહ, વિ૦ (ફા૦ આલીજાહ્-ભવ્ય) ઘણું મોટું, ભપકાદાર, ભવ્ય
આલુ, ન૦ ખોટો આરોપ ૨. એક જાતનું ફળ.
આલુંચન, ન૦ કેશ ખુંટવા તે (યતિ-આરજા થતી વખતે) [આવે છે
આલુબુખાર, ન૦ એક જાતનું ફળ તે બુરખાથી
આલે, વિ૦ [આ૦, સ૦ આર્-લગભગ] સારૂ, શ્રેષ્ઠ, ૨ વધારે પ્રિય ૩ નજીકનું
આલેખ, ન૦ (સ૦) ચિત્ર, ૨ લખાણ, ખતપત્તર ૩ સનદ, પટો ૪ સિક્કો, મુદ્રા
આલેખન. ન૦ સનદ-લખાણ કરવું તે, લખાણ ૨ ચિત્ર, રૂપરેખા કરવી તે ૩ ખેડવું-ઉખાડવું તે, કોતરણી [૨ ખોતરવું
આલેખવું, ક્રિ૦ સ૦ લખવું, ચિતરવું, રંગ દેવા.
આલેપ, પુ૦ (સ૦ આ + લિપ્-લિંપવું) લેપ કરવો તે, અર્ચા, આડ, કટેવાળો. ૨ મલમ
આલેખની, સ્ત્રી૦ લેખણ, કલમ ૨ રંગવાની પીંછી ૩ ટાંકણું [તે, દર્શન. ૨. ચિતાર
આલોક, ન૦ (સ૦ આ + લોક્-જોવું) જોવું
આલોક, પુ૦ આ જગત, દુનીઆ.
આલોકન, ન૦ ધારીને જોવું તે, તપાસવું તે.
આલોકવું, ક્રિ૦ સ૦ જોવું, તપાસવું
આલોચ, પુ૦ (સ૦ આ+લોચ્-જોવું.) જોવું, વિચારવું ૨ દેખાવ, દર્શન ૩ વિવેચન, વિચાર.
આલોચન, ન૦ જોવું તે, દેખાવ ૨. વિવેચન. ૩ કબુલ કરવું તે, આલોયણ, કબુલાત (પાપની). 'તે નરપતિ પોતાના પ્રધાનને લઇ ગુરૂ પાસે ગયો અને પૂર્વે કરેલા સર્વ પાપોનું આલોચન કર્યું'-કુ૦ પ્રબંધ. **આલોચના લેવી**—કરેલા સર્વે પાપોની પશ્ચાતાપ પૂર્વક માફી માગવી.
આલોચવું, ક્રિ૦ સ૦ વિચારવું, કલ્પનાથી શોધી કાઢવું, ધ્યાનમાં લઇ મનન કરવું
આલોપાલો, પુ૦ ઝાડના ઝીણા મોટા પાંદડાં, મૂળિયાં તે ૨ સાદો ખોરાક. (શાકભાજીનો).
આલોયણ, ન૦ આલોચન, પાપની કબુલાત.
આવ, સ્ત્રી૦ (સ૦ યા-આવવું) આવવું તે: આગ, આવક, આયાત
આવક, સ્ત્રી૦ આવેલું તે, આવ ૨ રોજગાર, કમાઇ ૩ પેદાશ, આવદાની ૪. આવજા, વારંવાર આવવું તે [હોય,પાવતી ૨ ભરતીઉં.
આવકચિઠ્ઠી, સ્ત્રી૦ માલ મોકલ્યાની રસીદ, પ-
આવકજાક, સ્ત્રી૦ આવવું જવું તે. ૨. આવતા જતા નાણાંની-કાગળોની નોંધ તે.
આવકાર, પુ૦ (સ૦ આ + યા + કૃ-કરવું) આવનારને આવો એવો માન આપવાનો સૂચક શબ્દ, સન્માન
આવચીબાવચી, સ્ત્રી૦ એક જાતનો છોડ તથા તેનાં બી તેને તુકમરીયા પણ કહે છે
આવજા, સ્ત્રી૦ આવવું અને જવું તે, અવરજવર.
આવટવું, ક્રિ૦ અ૦ (સ૦ આ + વૃત્-વળવું) નીવડવું, થવું, ઉદ્દભવવું, નીપજવું ૨ ફેરવવું.
આવડ, સ્ત્રી૦ આવડવાપણું, આવડત ૨. જ્ઞાન, યુક્તિ, કળા
આવડત, સ્ત્રી૦ આવડવું તે ૨ કળા, કિસમ: કરામત ૩ હિકમત, ચાલાકી, ચતુરાઇ. ૪. સમજણ, જ્ઞાન.
આવડવું, ક્રિ૦ અ૦ (સં૦ આ + વૃત્-ફેરવવું)

હાથમા આવી જવુ, હથોટી બેસી જવી, મગજમા ઉતરી જવુ, જાણવુ, સમજવુ

આવડુ,વિ૦(સ૦એતાવત્)આટલુ,અમુકજેવડુ

આવતુ, વિ૦ ભવિષ્યકાળનુ, હવે પછીનુ ૨ નવુ, શરૂ થતુ

આવદાની, સ્ત્રી૦ પેદાશ, ઉપજ, આવક

આવનજાવન, ન૦ આવજા, જુઓ ૨ જન્મવુ ને મરવુ તે

આવરફૂટો, પુ૦ (સ૦ આયુષ્ય + ફુટ્-ભંગ પડવુ) આવરદાનો અત; છેડો, મોત ૨ અડદાળો, ભાગીતૂટી જવુ તે

આવરણ, ન૦ (સ૦ આ + વર્-ઢાકવુ) ઢાકણુ, આચ્છાદન,આડ ૨ અજ્ઞાનનુ પડ-પડદો ૩ આવૃત્તિ

આવરદા, ન૦ સ્ત્રી૦ જન્મથી તે મરણ લગીનો વખત જીદગાની, આયુષ્ય

આવરવુ, ક્રિ૦ અ૦ વ્યાપવુ, ફેલાવુ, છાઇજવુ ૨ ઘેરી લેવુ, ઢાકવુ

આવરેજ, સ્ત્રી૦ પુ૦ (અ૦ઍવરેજ) સગાસરી, પ્રમાણ,અદાજ ૨ ભાગે પડતુ આવે તે, ફાળો

આવરો, પુ૦ (ફા૦ આવર્દન-લાવવુ) નોંધોને સગનો ચોપડો, રોજમેળ ઉપરથી કાઢેલી આવક જાવકની નોધ ૨ ભભડો, ખાવાની ભાવના તે, ભરભડાટ [ડાળુ ચકરાવો,આટો ગોળ ફરવુ તે

આવર્ત, ન૦ (સ૦ આ+વૃત્-ફરવુ)ચકરી, કુ-

આવર્તન, ન૦ (સ૦) ફરવુ તે, ચકરાવો, વારે વારે થવુ—કરવુ તે ફરી ફરી વાચવુ લખવુ તે (પારાયણ)

આવર્તવું, ક્રિ૦ અ૦ ફરી વળવુ ઢાકવુ ઘેરવુ

આવર્જવું, ક્રિ૦ સ૦બાથમા લેવુ,આલિંગન કરવુ

આવર્તક, પુ૦ (સ૦) વારવાર ફરી ફરીને આવતો આકડો, પુનરાવર્તી

આવલ, ન૦ (સ૦ આ-નહિ+વળ) તાજુ ચોખુ પીંજેલુ ૨ [વીટી શ્રેણી

આવલી, સ્ત્રી૦ (સ૦) હાર, પક્તિ, ઓળ,

આવલાં, ન૦ કોસ, વરત ઇત્યાદિ પાણી ખેચવાનો ચામડાનો સામાન

આવવુ, ક્રિ૦ અ૦ (સ૦ આ+યા-જવુ) છેડુ-ઓછુ થવા કોઈ મનુષ્ય, સ્થળ, ઇ૦ તરફ જવુ પાછુ ફરવુ ૨ નીકળવુ,ફૂટવુ ૩ જણાવુ, અસર થવી, લાગવુ ૪ સમજાવુ, લાગવુ, 'ધ્યાનમા એમ આવે છે " ૫ બનવુ, ઘડવુ, બધાવુ, "પાઘડી ઠીક ન આવી " ૬ તૈયારી પર હોવુ 'ઘર પડવા આવ્યુ છે ' ૭ માફક-એસતુ થવુ "એને ડગલો આવતો નથી ' ૮. ગરમીથી સુજવુ 'મો આવ્યુ' **આવી ફસવુ—**આવીને ફસી પડવુ-કમજ થવુ **આવ્યા તેવા ગયા**—ધારેલા કાર્યની સિદ્ધિ ન થઈ હોય તેવી સ્થિતિમા પાછા ગયા, નકામો ફોગટ ફેરો ખાધો ૨ આવ્યાને જરા વાર રહી જતા રહ્યા **આવી બનવુ**—છેડો આવવો, મોત આવવુ નાશ થવો, અત આવવો, બાર વાગી જવા, આફત આવી પડવી. **આવી મળવુ**—ઘડાઇને તૈયાર થવુ, યોગ્ય ઉમરના થવુ ૩ ટાકણા ઉપર એકાએક એકઠુ થવુ

આવશ્ય, સ્ત્રી૦ અવશ્ય,જરૂર, અગત,ખપ

આવશ્યક, વિ૦ (સ૦) જરૂરનુ, અગત્યનુ

આવશ્યકતા, સ્ત્રી૦ જરૂર, અગત્ય, ખપ

આવસથ, પુ૦ (સ૦ આ+વસ્-રહેવુ) ઘર, આલય, રહેવાનુ સ્થળ, ૨ મુકામ, ઉતારો ૩ ધર્મશાળા ૪ અગ્નિહોત્ર શાળા

આવહ, વિ૦ (સ૦ આ+વ -હેવુ) વહન કરવુ તે, લઈ જવુ તે 'દુ ખાવહ'

આવહનપત્ર, પુ૦ સમન્સ,બોલાવવાનુ આજ્ઞાપત્ર

આવળ, પુ૦ એક જાતના પીળા ફૂલવાળા નાના છોડવા તેની સોટીઓનુ દાતણ કરવામા આવે છે

આવળિયો, પુ૦ મનની ઇચ્છા, લાલસા, ઓરીઓ ૨ એક જાતનુ ઝાડ

આવાગમન, ન૦ આવવુ પધારવુ ને ૨. આવવુ અને જવુ તે ૩ જન્માતર, ચોર્યાશીનો ફેરો

આવાર, અ૦ આ વખતે, આ ઘડી, હમણા

આવાસ, પુ૦ (સ૦) અવાસ, જુઓ.

આવાહન, ન૦ (સ૦ આ+વહ્-લઇ જવુ) મત્ર ભણી દેવને મૂર્તીમા અથવા મનમા પધરાવવા તે ૨ માનથી બોલાવવુ તે, આમત્રણ

આવિર્ભાવ, પુ૦ (સ૦) ખુલ્લાપણામા આવવુ તે, પ્રગટ થવુ. ૨. પ્રકાશ, પાદુર્ભાવ
આવિર્ભૂત,વિ૦ (સ૦)પ્રગટ,દેખાઇતુ,છતુ,ખુલ્લુ
આવું, વિ૦ (સ૦ એતાવત્) આ પ્રકારનુ, આ નમુનાનુ [આચ્છાદિત
આવૃત્ત, વિ૦ (સ૦) ઘેરેલુ ઢાંકેલુ, છવાએલુ,
આવૃત્તિ, સ્ત્રી૦ (સ૦) ફરી વળવુ તે, ફરીથી બીજીવાર થવુ તે.
આવેગ, પુ૦ (સ૦-વિજ્-જુદુ થવુ) જોસ, ધક્કો, ૨. બળ, જોર ૩ આવેશ, ક્રોધ,ગુસ્સો, ઉભરો ચઢવો તે
આવેશ, પુ૦ (સ૦ વિશ્-પેસવુ) જુસ્સો, ઉભરો ૨ ક્રોધ, કોપ.૩ ઉમળકો, ઉત્સાહ, ૪ વેગ, લહેર [ગુસ્સાખોર ૩ વેળી, લહેરી
આવેશી, વિ૦ આવેશવાળુ આતુર, ૨. ક્રોધી,
આશ, સ્ત્રી૦ આશા, ઇચ્છા; ભાવ
આશક, વિ૦ (આ૦ આશિક્) પ્રેમી, અનુરાગી
આશકમાશુક, ન૦ (આ૦ આશિક+ફા૦ માશૂક્-પ્રેમવાળી સ્ત્રી) એકમેકને ચાહતા એવા સ્ત્રી પુરૂષો, જાર જારિણી, લાલ અને લલના,
આશકા, સ્ત્રી૦ દેવને ઉતારેલી આરતીની ઝોગનો હાથે સ્પર્શ કરી આખે દાબવો તે
આશકાર-રા, વિ૦ (ફા૦) ઉઘાડુ, ખુલ્લુ, સ્પષ્ટ, જાણીતું, જાહેર. [અનુરાગ, રતિ
આશકી, સ્ત્રી૦ (આ૦) પ્રીતિ, પ્રેમ, યારી,
આશંક, પુ૦ આચકો ખટકો, આશકા ૨ લજવાવુ તે શરમાવુ તે [વિશ્વાસ, અપતીજ
આશંકા, સ્ત્રી૦ (સ૦) શકા, વહેમ,સંદેહ,અણ-
આશના, વિ૦ (ફા૦) દોસ્ત, સખી, માશક
આશનાઇ, સ્ત્રી૦ (ફા૦) સ્નેહ, યારી, પ્રીતિ
આશય, પુ૦ (સં૦) મનની ધારણા, ઇરાદો, ઉદ્દેશ; હેતુ, અભિપ્રાય, ૨ સ્થગ, સમાવવાની જગા. 'જલાશય, મૂત્રાશય'
આશરવાદ, પુ૦ આશીર્વાદ જુઓ [રહેલુ
આશરાગતીઉં,ન૦શરણાગતીઉં, આશ્રયે આવીને
આશરે, અ૦ પ્રમાણે, લગભગ, શુમારે.
આશરવું, ક્રિ૦ અનુસરવુ, આશ્રય લેવો તે

આશરો, પુ૦ (સ૦ આશ્રય) શુમાર; આ-સદ્દો, અટકળ, ૨ આધાર, ટેકો, આશ્રય.
આશા, સ્ત્રી૦ (સ૦) ઉમેદ, કાક્ષા,ઇચ્છા,વાચ્છા ૨ વિશ્વાસ, આસ્થા
આશાપુરી, સ્ત્રી૦ આશા પુરનારી દેવી
આશાડ, પુ૦ (સ૦ આષાડ) આષાઢ, જુઓ
આશાબંધ, વિ૦ આશાવાળુ; ૨ વિશ્વાસુ.
આશાબંધી,વિ૦આશાવાળી,સગર્ભા સ્ત્રી ગર્ભિણી
આશાભંગ, વિ૦ (સ૦+ભંજ્-ભાગવુ.) આશા તૂટી જવી તે, નાઉમેદ, નિરાશ.
આશાયુક્ત, વિ૦ (સ૦) આશાવાળુ-ભર્યું.
આશાવરી, સ્ત્રી૦ અસાવરી એક, જાતનો રાગ.
આશિષ સ્ત્રી૦ પુ૦ (સ૦ આ+શાસ્-ઇચ્છવું) તુષ્ટિવચન આશીર્વાદ દુવા
આશી, સ્ત્રી૦ (સ૦ આ+શૃ-મારી નાખવુ.) સર્પ ની દાઢ જીવલેણ ઝેર ૨ એક જાતની ઔષધિ.
આશીનાશી, અ૦મતોષપૂર્વક,મનમાનતી રીતે.
આશીર્વાદ, પુ૦(સ૦)વર,દુવા [ર્વાદના કારણે.
આશીરવાદાર્થ, અ૦ આશીષ દેવાને, આશી-
આશુ, વિ૦ (સ૦) ઉતાવળુ, શીઘ્ર.
આશુતોષ, પુ૦ (સ૦ આશુ-તોષ-આનંદ) મહાદેવ, શકર, શિવ
આશૌચ,ન૦ (સ૦)અશૌચ; સુતક, અસ્વચ્છપણુ.
આશ્ચર્ય, ન૦ (સ૦ ચર્-જવુ) અચરજ, વિસ્મય નવાઈ, અચબો
આશ્ચર્યકારક, વિ૦નવાઈ પમાડનાર, વિસ્મય-કારક, ચમત્કારિક અદ્ભુત.
આશ્મ, પુ૦ (સ૦) પત્થર, પહાણ.
આશ્મરિક, પુ૦ (સ૦) પથરીનો રોગ,મૂત્રકચ્છ.
આશ્રમ, પુ૦ (સ૦ આ-સામુ+શ્રમ્-થાકેલુ) જીંદગીની મજલ (બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય-ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થ્ય અને સન્યાસ) ૨. આરામ લેવાની જગા ૪ ઋષિ મુનિઓને રહેવાનુ સ્થાન, તપોવન, પર્ણકુટી, મઠ, ઇ૦
આશ્રય, પુ૦ (સ૦ આ+શ્રિ-વસવુ) આશરો, આધાર ઓઠો, ઓથ
આશ્રિત, વિ૦ (સં૦) જેને આશરો આપેલો છે તે, શરણાગત ૨ આધીન.

આશ્વાસન,ન૦ (સ૦)સાત્વના ધીરજ આપવી તે
આશ્વાસવુ, ક્રિ૦ સ૦ ધીરજ આપવી, આશા-અભય આપવા આસનાવાસના કરવી ૨ આશરો [આપવો
આશ્વિન, પુ૦ (સ૦) આસો માસ
આષાડ-ઢ,પુ૦ (સ૦)સવત વર્ષનો ૯ મો મહિનો
આષાઢી, વિ૦ આષાઢ માસ સબધી
આસકા, સ્ત્રી૦ દેવને ચઢાવેલી વસ્તુનો કઈક ભાગ લઇ કપાળ તથા આખને લગાડવો તે ૨ એવી લગાડેલી વસ્તુ
આસક્ત, વિ૦ (સ૦) પ્રીતિથી કોઇની પઠ-વાડે લાગેલુ, અનુરક્ત [રાગ, વળગણ
આસક્તિ, સ્ત્રી૦ (સ૦) અતિ સ્નેહ, અનુ-
આસંગ, પુ૦ (સ૦) પાછળને પાછળ લાગવુ-ભમ્યા કરવુ તે,વળગ્યુ રહેવુ તે ૨ સમાગમ,સભોગ
આસંગો, પુ૦ અનુરક્તતા, પ્રેમપરિચય, પ્રીતિથી કોઇની પાછળ ગતદિવસ લાગ્યા ને લાગ્યા [રહેવુ તે
આસતે, અ૦ ધીમે ધીમેથી
આસન, ન૦ (સ૦ આસ-બેસવુ) બેસવાનુ ઠેકાણુ, બેઠક, પાટલો, ગાદી,ખુરસી, કોચવુ બે સણુ તે ૨ ઊન, દર્ભ, ઇ૦ નુ જે બેસણુ તે ૩ બેસવા, ઊભા રહેવા, સુવા ની જે અમુક પ્રકારની રીત તે ૪ ચોપડી અથવા પત્રકમા પાડેલો જે કોઠો તે, ખાનુ ૫ બેસવાનુ ઠેકાણુ જગા. ૬ ચાદા-વારા ઉપર માખી બેસી તેમા ઇડા મકે છે તે ૭ [સ૦ અશ્વગધા] એક ઔષધિ
આસનકેદ, સ્ત્રી૦ [એહસાન+કેદ] સાદી કેદની સજા-મહેનત કરવાની નહિ તેવી સજા
આસનાવાસના, સ્ત્રી૦ (સ૦ આસના-બેસવુ+ વાસના-બોલવુ) ગભરાઇ ગએલાને જે આશા-દીલાસાથી ધીરજ આપી સમજાવવુ તે
આસનિયુ, ન૦ (સ૦ આસન) ઊન, દર્ભ,ઇ૦ વસ્તુનુ બનાવેલુ **આસન**
આસની, સ્ત્રી૦ઠેક નાનુ બેસવાનુ આસન
આસંત્રો-દ્રો, પુ૦ એ નામનુ ઝાડ જેના પાદડા પીવાની બીડીઓ વાળવાના કામમા આવે છે
આસત્ર, સ્ત્રી૦ એકજાતની વનસ્પતી, અશ્વગધા
આસન્ન, અ૦ (સ૦) પાસે, નજીક, સમીપ
આસપાસ, અ૦ ચોતરફ, ચારે બાજુએ
આસમાસ, અ૦પાસે ૨ ખામુખા, જાણીજોઇને.
આસમાન, ન૦ (ફા૦) આકાશ, ગગન
આસમાની, વિ૦ આસમાન સબધી. ૨ આકાશના રગ જેવુ-લગતુ, વાદળી રગનુ **આસમાની** આફત-દૈવકોપ
આસરડવુ, ક્રિ૦ સ૦ હબડક હબડક ખાવુ, ખાતી વખતે મોથી મોટો અવાજ કરવો. ૨. ઉસરડવુ સાભરી લેવુ
આસવ, પુ૦ (સ૦ આ+સુ-ખેચવુ)યત્રથી ખેચેલો અર્ક, સત્વ ૨ મદ્ય, ગાળેલો દારૂ
આસવતુ, વિ૦ કામગરૂ, રોકાએલુ
આસાએશ, સ્ત્રી૦ (ફા૦) આરામ, નિવૃત્તિ, વિસામો, નિરાત, વિશ્રામ
આસાન, ન૦ આભાર, ઉપકાર, પાડ; એહશાન.
આસામી, પુ૦સખસ, અમુક માણસ. ૨. પુરૂષ, માણસ (સામાન્ય રીતે) ૩ દેણદાર ૪ પૈસાદાર, ગૃહસ્થ ૫ ઘરાક, ગ્રાહક ૬ અસીલ, કુલ. -
આસામીવાર,અ૦દરેક આસામીનુ-લગતુ હોય તેમ
આસાર, પુ૦ (સ૦) ફાળકો. ૨. ઝાપટુ,ઝપાટો.
આસીસ્ટંટ વિ૦ (અ૦) મદદનીસ, સહાયક.
આસુર, વિ૦ રાક્ષસ સબધી ૨ તામસી, જલદ, ૩ જગલી, મનુષ્યને ન શોભે તેવુ
આસુરવિવાહ, પુ૦ (સ૦) જેમા કન્યાને જોર-જુલમથી ઉપાડી જાય છે તે
આસુરી, વિ૦અસુર સબધી 'દૈવી અને આસુરી'
આસેધ, પુ૦ (સ૦) કેદ, પ્રતિબધ, અટકાવ
આસો, પુ૦ (સ૦ અશ્વિન) વિક્રમ વર્ષનો બારમો-છેલ્લો માસ [ઔષધિ.
આસોદ, પુ૦ [સ૦ અશ્વગંધા) એક જાતની
આસોદરો,પુ૦[સ૦અશ્મતક,)આસત્રો,આસિંદ્રો.
આસોપાલવ, પુ૦ [સ૦ અશોક] એ નામનું ઝાડ તેના પાદડા આમાના જેવા પણ કરચલીવાળા હોય છે એની છાયા ઘટ્ટ હોવાથી ઘણી સારી હોય છે [હડ્ડો, ધસારો.
આસ્કદ, પુ૦ એક જાતનો કદ ૨. તિરસ્કાર.૩.
આસ્તર,ન૦ (સ૦) ઢાકણુ, ઓછાડ, પાથરણું.

આસ્તરણ, ન૰ [સ૰ આ+સ્તૃ-પાથરવુ] પાથરણુ, બિછાનુ ૨ ઓઢો ૩ ઢાકણુ ચાદર

આસ્તિક, વિ૰ [સ૰ અસ-થવુ] જગત્નો નિયતા ઈશ્વર છે એમ માનનાર ૨ પરમેશ્વરને માનનાર

આસ્તિકય, ન૦ (સં૰)આસ્તિકપણુ,ભાવ,શ્રદ્ધા

આસ્તે, અ૦ (ફા૦ આહિસ્તે) હળવે, ધીમે, ધીરજથી, ઘણી દોડથી નહિ તેમ

આસ્થા, સ્રી૰ (સ૰) આસક્તિ, પ્રેમથી વળગી રહેવુ તે ૨ ભાવ, વિશ્વાસ, શ્રદ્ધા ૩ મુડી, પુજી "એની પાસે કઇ આસ્થા છે ?"

આસ્થિક, વિ૦ (સં૦) આસ્થાવાળુ, ભાવિક

આસ્પદ, ન૦ (સ૦) જગા, ઠેકાણુ, સ્થાન ૨ પદ્વી, હોદ્દો ૩ વિ૰ ઉપજાવનાર

આસ્ફાલન, ન૦ [સ૦] પછડાવુ તે, અફાળાવુ તે અફળાટ, અથડામણુ

આસ્ફોટન, ન૦ ચાબડવુ તે, પોલા હાથે ઠોકવુ ૨ ઉપણવુ તે ૩ પ્રગટ કરવુ–જાહેર કરવુ તે ૪ ભડાકો, ધડાકા સાથે ફૂટવુ તે

આસ્ય, ન૰ [સ૰] મુખ, વદન, મો ૨ ચહેરો

આસ્વાદ, પુ૰ [સ૦] રુચિ, સ્વાદ ૨ ગળકો, રસ ૩ ચાખવુ તે

આહર, અ૰ આખરે, છેવટે 'ભાથી ભૂપ સરીખડો, આહર ભીનની જાત'

આહવ, ન૦ (સ૦) રણક્ષેત્ર, લડાઇનુ મેદાન

આહા–હા,અ૦ આશ્ચર્ય,દુ ખ,ઇ૰ સૂચક ઉદ્ગાર

આહાર, પુ૦ [સ૦] જે ખાવાનુ તે, ભોજન, ભક્ષણ ૨ ખાવાનુ માપ

આહારવિહાર,પુ૰[સ૰]ખાવા પીવા અને રહેવાની પદ્ધતિ તે, ચર્યા [અકગાતીઉ

આહારી, વિ૰ [સં૦] આહાર ગખનાર,

આહીર, પુ૦ [સં૦ આભીર] ગોવાળીયાની એક જાત, ગ્વાલ; ગોપ, ભરવાડ

આહીરડી, સ્રી૦ ભરવાડણ, ગોપી, રબા ણ

આહુતિ, સ્રી૦ [સ૦ આ+હુ–હોમવુ] હોમવુ તે ૨ અગ્નિમા હોમવાની વસ્તુ, બળિદાન, દ્રવ્ય, બલિ; ભોગ, આહુતી આપવી–હોમવુ ૨ ભોગ આપવો, ઝ પલાવવુ [ધીની સ્રી

આહેડી, સ્રી૦ પારધી,શિકારી ૨ ભીલડી, પાર-

આહેરડી, સ્રી૦ આહેડી, ભિલ્લની સ્રી ૨ ગોવાલણી, ભરવાડણ

આહોડ, સ્રી૦ તરતની ખેડાએલી જમીન ૨ તરતનુ વાવેતર (કાઠિ૰)

આહોતું, ન૦ રોજનુ કામ, નિત્ય નિયમ.

આહ્નિક,ન૰ [સ૦અહ્ન્–દિવસ) ધર્મ સબધી કરવાનુ નિત્યકર્મ

આહ્લાદ, પુ૰ [સ૦આ+હ્લદ–ખુશીથવુ) રાજીરાજી થવુ તે, આનદ, ખુશી ૨ હરખનો શબ્દ, કલ્લોલ

આહ્લાદક, વિ૦ રમણીય, આનદકારક

આળ, ન૰ [સં૦ આ–વણ+લગ્–લાગવુ] વાક ન છતા તે છે એમ કહેવુ તે, ખોટો આરોપ ૨ તોહમત, દોષ, બટ્ટો ૩ બહાનું, નિમિત્ત, ઓઠુ ૪ વિ૦વાળુ,ભરેલુ. 'લોહીઆળ'

આળપંપાળ,વિ૰મિથ્યા, ફોગટ, એલફેલ, કાલુઘેલુ, ૨ ગલ્લા તલ્લા, ગરબડ સરબડ પટામણીઉ ૩ ન૦ ભૂત પ્રેતાદિ ૪ આશ્વાસન.

આળવાળ, પુ૦ કયારો

આળસ, ન૦ [સ૦ આલસ્ય] ઉદ્યોગ કરવાનું મન ન થવુ તે ૨ મદસ્થિતિ, સુસ્તી

આળસવુ, ક્રિ૦ અ૰ અળસી જવું, મદ પડી જવુ ૨ બધ રહેવુ, અટકી પડવુ ૨ જવુ રહેવુ, મટી જવુ

આળસુ, વિ૰ આળસવાળુ–થી ભરેલુ, ૨ એદી, નિરૂદ્યોગી ૩ ધીરૂ ધીમુ, સુસ્ત

આળાલુંબો, પુ૰ સસારની આશા–તૃષ્ણા. લાલસા,લાલચ,આશાએ ને આશાએ કામ કરવુ તે.

આળી, સ્રી૦ સોનીની અગીઠી મૂકવાની માતાના ગોખલા વાળી ઉંચી ઓટલી

આળીગાળુ, વિ૰ અટકચાળુ, ચાદવુ

આળીઓ, પુ૦ કુવામા પડેલી બખોલ–ખાડો

આળુ, ન૰ખુતાનુ,તહોમત આ઼ ગ. 'છોટો સરખો છોકરો, આળુ નાખે છે આવી'–પ્રહ્લા૰

આળું, વિ૦ વાળુ, ભરેલુ 'સુખાળુ' ૨. જરા અડકયાથી પણ દુ ખ થાય તેવુ થઇ ગએલુ

સુવાળુ ૩ લીલુ, ભીનુ આળુ ચામડુ—કાચુ ચામડુ,જનાવર ઉપરથી તરતનુ ઉતારેલુ હોયતેવુ
આળુ ઓઢવુ—બદનામી લેવી ફજેત થવુ (અસનના વખતમા બે ગામના સીમાડાની હદની તકરારમા એક જણને આળુ ચામડુ ઓઢાડી સીમાડે લઇ જતા ને તે જ્યા સુધી જાય ત્યા સુ'ધી તેના ગામનો સીમાડો મુકરર કરવામા આવતો, આથી ઓઢનાર વગોવાતો પણ ગામને ફાયદો થતો તે ઉપરથી)
આગે, ન૦ આલય (કવિતામા)
આળેખવુ, ક્રિ૦ અ૦ આકવુ, ચિતરવા-ભરવા માટે ઓડુ કરવુ સાદુ ચિતરવુ, બીબાથી છાપવુ
આળોટણ,ન૦આળોટવુતે,લોટણ લોટવાની તલપ
આળોટવુ, ક્રિ૦ અ૦ [સ૦ આ+લુટ્-લોટવુ) સુતા સુતા એક ઠેકાણેથી બીજે ઠેકાણે એમ ગબડયા કરવુ લોટવુ ગમડીઆ ખાવા, લોથવુ "આળોટી અવની પડે, વળી બેઠો થાય"—પ્રેમાનદ
આલોચણ, ન૦ કરેલા પાપ કર્મના પ્રક્ષાલન માટે કરવાનુ વ્રત તે, ક્ષમાવ્રત [શ્રાવકોમા]

ઇ

ઇ, સ્ત્રી૦ (સ૦) ત્રીજો તાળુસ્થાની હ્રસ્વ મૂળાક્ષર ૨ નારી જાતિનો પ્રત્યય ૩ ક્રોધ, નિદા, દયા, દુખ, દાઝ અને વિસ્મય સૂચક ચીત્કાર ૪ કરનાર અને વાળુ અર્થ દર્શક પ્રત્યય, એ લગાડવાથી નામનુ વિશેષણ થાય છે
ઇચવુ, ક્રિ૦ સ૦ ઇચવુ, જુઓ
ઇંટ, સ્ત્રી૦ (સ૦ ઇષ્ટિકા) માટીનુ લબચોરસ પકવેલુ ચોસલુ
ઈંટવાડો, પુ૦ ઇંટો પાડવાની અને પકવવાની ભઠ્ઠી, પાકેલી ઇંટોનો ઢગલો
ઇટવાળો, પુ૦ કુભાર
ઇટાળો, પુ૦ ઇટનો કકડો, રોડુ ૨ ઇંટ બનાવવાનો બચો-ઓજાર [૨ગતુ
ઇટેરી, વિ૦ ઇટોથી ચણેલુ-બનાવેલુ ૨ ઇંટના
ઈટો કે ઈંટો, સ્ત્રી૦ એક જાતની છોકરાની રમત (કડીપ્રાત)

ઈ, વિ૦ (સ૦ ઇદમ્) એ, તે, આ. (કાઠિ૦)
ઇઅળ, સ્ત્રી૦ ઇયળ, લાબો પાતળો ને લીલો એક જીવડો, કીડો
ઇકડ, સ્ત્રી૦ તુવેર અને શણની જાતનો એક છોડ એની સોટીઓના છોકરા મેરમેરાયા કરે છે
ઇકબાલ, ન૦ (આ૦)નસીબ,ભાગ્ય, આબાદાની, કિસ્મત
ઇકરાર, પુ૦ (આ૦) જેવુ હોય તેવુ ખરેખરૂ કહેવુ તે, કબુલાત, એકરાર, ખાતરીથી બોલવુ તે ૨ સોગન લઇને જે કહેવુ-સાક્ષી આપવી તે
ઇકરારનામુ, ન૦ લેખી કરાર, કબુલાતનામું.
ઇકોતેર, વિ૦ સિત્તેર અને એક. ૭૧
ઇક્કડ, સ્ત્રી૦ એક જાતનો છોડવો.૨ વિ૦ લાગણી-દયા રહિત, અનુકપા વગરનો, નિર્દય, કઠણ હૈયાનુ
ઇક્ષુ, સ્ત્રી૦ (સ૦) શેરડી, ઉસ
ઇક્ષ્વાકુ, પુ૦ (સ૦) સૂર્યવંશનો આદિ રાજા. ૨ સ્ત્રી૦ કડવી તુબડી
ઇખતેઆર-ખ્તિયાર, પુ૦ (આ૦) અખતીઆર.
ઇખલાક, પુ૦ (ફા૦) સારો સ્વભાવ, ગુણ
ઇખલાસ-ખ્લાસ, સ્ત્રી૦ (આ૦) અતિશય મેળાપ વણીજ દોસ્તી, પરમમિત્રતા, ઘરોબો
ઇખ્તેસાર, પુ૦ (આ૦ ખસર) ટુક ૨ સારાશ, સક્ષેપ, મુખ્તેસર હેવાલ, ટુકો સાર
ઇગલીઢીગલી,સ્ત્રી૦છોકરાની એક રમત (સોરઠ)
ઇગળા, સ્ત્રી૦ ઇડા, પિગળા નામની નાડી.
ઇંગર,સ્ત્રી૦ઉની રાખ,અગાર, અગારો. ૨ લાય.
ઇંગિત, ન૦ (સ૦) ચિહ્ન, નિશાની ૨ હૃદયભાવસૂચક અગસ્ફુરણ, શરીરનો ચાળો, ઈસારો, અણસારો ૩ સકેત, બ્યગ ૪ સેના, ફોજ.
ઇગ્રેજ, પુ૦ (અ૦) અગ્રેજ
ઇગ્રેજી, વિ૦ (અ૦ઇગ્લીશ) અગ્રેજ લોકોનુ-સબધી (ભાષા, રીતભાત, ઇ૦) ઇગ્લાડ દેશના વતનીનુ [લોકોનુ વતન, વિલાયત
ઇગ્લડ, ન૦ (અ૦ ઇગ્લડ) ઈંગ્લાડ દેશ, અંગ્રેજ
ઈંગ્લિશ, વિ૦ (અ૦) ઇગ્રેજી, જુઓ
ઇગોરી, સ્ત્રી૦ (સ૦ ઈંગુદી) એ નામનુ ઝાડ, એના ફળને ઈંગોરૂં કહે છે.

ઇચકબાંડી, સ્ત્રી૰ છોકરાની એક રમત
ઇચવુ, ક્રિ૦ સ૦ (સં૰ ઈ-ખાવુ) ખૂબ ખાવુ, અકરાંતીઆ થઈને ખાવુ, ગળચવુ ૨ રમતની શરૂઆત કરવી, નાખવુ, ફેંકવુ ૩ ઓકાવવુ, હોમવુ ૪ હીંચવુ
ઇચ્છક, વિ૦ (ઇષ્-ઇચ્છવુ)ઇચ્છનાર 'શુભેચ્છક'
ઇચ્છવું, ક્રિ૦ સ૰ (સ૦ ઇચ્છ્-ઇચ્છવુ) ઇચ્છા કરવી, ચહાવુ ૨ આશા રાખવી, ઉમેદ બાધવી, વાચ્છા કરવી ૩ માગવુ ૪ વિનતી કરવી, પ્રાર્થના કરવી ૫ ગમવુ, પસદ પડવુ
ઇચ્છા, સ્ત્રી૦ (સ૦ઇચ્છ-ઇચ્છવુ) કંઈ ભોગવવા-મેળવવાનો જે ભાવ તે, વાચ્છા, ચાહના, ખુશી, કામના, વાસના, રૂચિ, શોખ ૨ અભિલાષ, ભાવ, ઉમેદ ૩ આશા, મુરાદ
ઇચ્છાંક, પુ૦ ઇચ્છેલો આંકડો તે ૨ ત્રિરાશીમા ત્રીજો આક, જે આકડાની મારફતે જવાબ કઢાય છે તે [સ્વતત્ર, સ્વચ્છદી
ઇચ્છાચારી, વિ૰ (સ૦) મરજી મુજબ કરનાર;
ઇચ્છાપૂર્વક, અ૰ ઇચ્છાથી, હોસભેર, રૂચે તેમ
ઇચ્છાનુસાર, અ૰ મરજી મુજબ.
ઇચ્છાન્વિત, વિ૦ ઇચ્છા-વાસનાવાળુ ,આશાભર્યું
ઇચ્છાપુર સર, અ૦ ઇચ્છાથી, ઇચ્છા હોય તેમ
ઇચ્છાપુરતું, વિ૦ ઇચ્છામા આવે તેટલુ, જોઇએ તેટલુ, રૂચિ પ્રમાણેનુ ૨ પુષ્કળ
ઇચ્છાફળ ન૦ ઇચ્છેલું જે ફળ તે, ઇચ્છા પ્રમાણે મળવુ-થવુ તે ૨ ત્રિરાશીમા આપેલી ત્રણ સંખ્યા ઉપરથી જે ઇચ્છિત ચોથી સંખ્યા કાઢવામા આવે છે તે
ઇચ્છાભોજન, ન૰ (સ૦) મન સતુષ્ટ થાય તેટલું જમવુ તે-તેવુ ભોજન,ગમતું ને ભાવતુ ભોજન
ઇચ્છાવર, પુ૦ પસદ કરેલો જે વર (કન્યાએ)
ઇચ્છાશકિત, સ્ત્રી૦ મનોબળ,હૃદયબળ,ભાવનાબળ
ઇચ્છિત, વિ૦ (સં૦) ઇચ્છેલું, ધારેલુ
ઇચ્છું-ક, વિ૰ (સં૦) ઇચ્છનાર ઉત્કંઠિત, અભિલાષી, આકાક્ષી
ઇજત, સ્ત્રી૰ (અા૰) આબરૂ, માન, પ્રતિષ્ઠા, વળો ૨ ખ્યાતિ, નામ, કીર્તિ ઇજતના કાંકરા—આબરૂની ધૂળધાણી, ફજેતી, બે આબરૂ ઇજત લેવી—આબરૂ લેવી ૨ બળાત્કાર કરવો.
ઇજતઆસાર, વિ૦ (ફા૦) પ્રતિષ્ઠિત, આબરૂદાર (માનાર્થે વપરાવામા આવે છે)
ઇજતદાર, વિ૦ (આ૦ ઇજ્જત + ફા૦-દાર) આબરૂવાળુ, નામીચુ, સભાવિત પ્રતિષ્ઠિત
ઇજતવાળુ, વિ૦ નામીચુ ,સભાવિત, શિષ્ટ, આબરૂદાર, પ્રતિષ્ઠિત
ઇજન, ન૦ (આ૰) નોતરૂં, આમંત્રણ,નિમંત્રણ
ઇજલાસ,સ્ત્રી૰(આ૦ જલસ)બેઠક, એકઠા થવું તે
ઇજલાસનિશાન, પુ૦ (આ૰) સભાસદ (સામંત અને નવાબને પત્ર લખતા માનાર્થે લખાય છે)
ઇજા, સ્ત્રી૰(આ૰)દુખ, શારીરિક વેદના;પીડા. ૨ હરકત,હાનિ ૩ સીતમ,જુલમ, ક્રુરતા કરવી તે
ઇજાફત,સ્ત્રી૦(આ૦જાફ-તેણે કર્યું)વધારો ઉમેરો ૨ બે શબ્દને જોડવા તે, સમાસ. ૩ છઠ્ઠી વિભક્તિ ઇજાફત ગામ-વતન ઇનામમા અપાએલું ગામ. ઇજાફતખાતુ-નજરાણા ને ભેટ સોગાતનુ ખાતુ
ઇજાર, સ્ત્રી૰ (ફા૰) પગથી તે કેડ સુધી પહેરાય તેવુ અને ચુસ્ત સીવેલું રેશમી-સુતરાઉ કપડુ; એક તરેહનો લેંઘો, ચોરણો, પાયજામો, સુરવાળ.
ઇજારદાર, વિ૰ (આ૦ અજર-નુકશાન) ઇજારો રાખનાર, કટ્રાકટર [કટ્રાકટથી, ઉધડરીતે
ઇજારે, અ૦ ઇજારો અપાતો-લેવાતો હોય તેમ;
ઇજારો, પુ૦ (આ૦) ધણી અથવા સરકારને જમાની દાખલ કેટલુક દ્રવ્ય ભરવાનું કબૂલ કરી નફો નુકસાન પોતાને માથે વહોરી લઇ જે વહેવાર ચલાવવો તે. ૨ માત્ર અમુકજ વ્વવિવટ કરે તેવો સનંદી હક, પટો, મક્તો, કરાર, ઠરાવ
ઇજ્જત, સ્ત્રી૦ ઇજત, જુઓ
ઇઝરાવુ, ક્રિ૦ અ૰ મનમા બળ્યા કરવું, મુઝાવુ, મનમા સોસાવુ-સીદાયા કરવુ
ઇંચ,પુ૰(અ૰)ફુટનો બારમો ભાગ, એક આગળ.
ઇંજનેર, પુ૦ (અં૦) હિસાબ, સચા, અને નકશા સબધી જેને માહીતી હોય તે શિલ્પશાસ્ત્રી.
ઇંજનેરી, વિ૰ (અં૦ એન્જીનીઅરીંગ) યાંત્રિક, શિલ્પી.

ઇંજવું, ક્રિ૦ સ૦ અર્પણ કરવુ, આપી દેવુ ૨ અગિઆરીમા અગ્નિ સસ્થાપન કરવો તે, મસ્કારવુ ૩ આજવુ, ઉંજવુ ૪ અભિષેક કરવો ૫ પ્રસન્ન કરવો

ઇટ્ટી, સ્ત્રી૦ દોસ્તી તોડવી તે, ઉચુ મન કરવુ, કટ્ટી. ઇટ્ટી કરવી–રમતમાથી છૂટા પડવુ

ઇઠ્ઠોતેર, વિ૦ (સ૦ અષ્ટસપ્તતિ) સિતેર અને આઠ, ૭૮ [એસીને આઠ

ઇઠ્ઠયાસી, વિ૦ (સ૦ અષ્ટાશીતિ) ૮૮

ઇડરીઓગઢ, પુ૦ ઇડરનો સહેલાઈથી ન જીતી શકાય તેવો કિલ્લો તે (ઉચા પહાડ ઉપર આવેલો છે તે ઉપરથી) ૨ વિ૦ મુશ્કેલ, અઘરૂ ઇડરીઓ ગઢ જીતવો—જોર મારવુ, નિરાશ થવા જેવા ભારે કાર્યમા ફતેહ મેળવવી

ઇડા, સ્ત્રી૦ (સં૦) ગુદાથી તે માથા લગી પવનને જવા આવવાની જે એક નાડી તે શરીરમાની મુખ્ય ત્રણ(ઇડા,પિંગલા,સુષુમ્ણા)નાડી પૈકી એક

ઇડીપીડી, સ્ત્રી૦(સ૦ઇતિ–આફત+પીડા–દુઃખ) ભીની રાખોડીની ગોળીઓ વરવહુના ઉપર નજર ન લાગે તે માટે ઉતારી આજુબાજુએ ફેંકી દેવામા આવે છે તે

ઇત, અ૦ અહીંયા, અત્રે, આ જગાએ, આ બાજુ

ઇતબાર, પુ૦ (આ૦ ઇઅતિબાર) ભરોસો,શ્રદ્ધા, વિશ્વાસ, ખાતરી

ઇતબારી, વિ૦ (આ૦) ઇતબારવાળુ, ભરોસાદાર,વિશ્વાસુ,ખાત્રીનુ ૨ સાચુ,પ્રમાણિક,ઇમાની

ઇતમામ, પુ૦ (આ૦) ખટલો, માનમરતબા પ્રમાણે સાથે રાખેલા માણસ, ઘોડા વગેરે, અસબાબ, સરસરજામ [૩ ત્રાહિત

ઇતર, વિ૦ (સ૦) બીજુ, અન્ય ૨ જુદુ, દુરનુ

ઇતરડી, સ્ત્રી૦ ઢોરના શરીર ઉપર થતો એક જતુ ૨ અતરડી, ઝાનમ

ઇતરત, અ૦ (સ૦) બીજેથી, અલગ રીતે

ઇતરાઇ, સ્ત્રી૦ રીતભાતથી વધારે પડતુ કરવુ તે, આછકલાઇ, મોટાઇનો દેખાવ

ઇતરાજ, વિ૦ (આ૦ અરજ–વચ્ચે પડવુ) નારાજ નાખુશ, ગુસ્સે થએલુ [નજર, અવકૃપા

ઇતરાજી, સ્ત્રી૦ (આ૦) નાખુશી,અપ્રીતિ,કરડી

ઇતરાવુ, ક્રિ૦ અ૦ દેખાડો કરવો,ફૂલ દેખાડવી

ઇતરેતર, વિ૦ એક બીજાનુ, પરસ્પરનુ ૨ અ૦ પરસ્પર, અન્યોન્ય

ઇતલાખ, વિ૦ (આ૦) જુદુ, છુટુ (આ શબ્દ ફોજના સિપાઇને લાગે છે ઇતલાખ સિપાઇ અને સરજામ સિપાઇ ઇતલાખ સિપાઇઓને સરકારી ખરચે સરદારો પોતાની પાસે રાખે છે સરજામસિપાઇઓ તેઓને જીવાઈ તરીકે આપેલી જમીનની પેદાશમાથી પોતાનુ ખરચ ગુજરાન ચલાવે છે)

ઇતસ્તત, અ૦ અહીંતહીં, જેમતેમ

ઇતિ, અ૦ (સ૦ ઇદમ્–આ) એ પ્રમાણે પૂરૂ થયુ–છેડો આવ્યો એવુ સૂચક શબ્દ, સમાપ્તિબોધક શબ્દ ઇતિશ્રી થયુ–સમાપ્ત થયુ છેડો આવ્યો

ઇતિકર્તવ્ય, અ૦ (સ૦) એજ કરવા જેવુ તે

ઇતિકર્તવ્યતા, સ્ત્રી૦ એજ કામ, કરવા જેવુ હોય તે કર્યું એવુ બતાવનારો શબ્દ

ઇતિફાક, પુ૦ (આ૦) કોઇ વસ્તુનુ બનવુ તે, બનાવ, સજોગ [વૃત્તાત, ઇતિહાસ

ઇતિવૃત્ત, ન૦ (સ૦ ઇતિ–આવુ+વૃત) યથા

ઇતિશ્રી, સ્ત્રી૦ (સં૦) સમાપ્તિ સૂચક લેખ, લેખને અતે સમાપ્તિ માટે લખાતો શબ્દ

ઇતિહાસ,પુ૦(સ૦ઇતિ–આ પ્રમાણે+હ–ખરેખર +આસ–હતુ)દેશ,રાજ્ય, અને લોક ઉપર પાછલા વખતમા બનેલા બનાવોની લખેલી અથવા વશપરપરા મોઢે ચાલતી આવેલી–કથા–હકીકત વર્ણન, તવારીખ, બખર, બ્યાન, વૃત્તાત ૨ કોઇપણ બાબતનુ વિગતવાર કહેવુ થાય તે

ઇતિહાસરૂપ, વિ૦ (સ૦) ઇતિહાસના આકારમા હોય તેવુ, ઇતિહાસ સરખુ

ઇતિહાસીક, વિ૦ ઐતિહાસીક, જુઓ

ઇત્થભૂત, અ૦ જેમ બન્યુ હોય તેમ,વિગતવાર.

ઇત્યર્થ, ન૦ હકીકત, મતલબ, સાર, હેતુ

ઇત્યલમ, અ૦ (સ૦ ઇતિ+અલમ્–બસ) બહુ થયુ, બસ છે, આટલુ પૂરતુ છે.

ઇત્યાદિ અ૦ આ પ્રમાણે બીજા પણ, વગેરે

ઇત્યાદિક, અ૦ (સ૦) એ પ્રમાણે બીજા પણ, વગેરે, એ આદિ લઇને
ઇદડુ, ન૦ ઢોકળુ,એક જાતનો ખાવાનો પદાર્થ
ઇદમ્ સ૦ (સ૦) આ, એ
ઇદમતૃતીયમ્ ન૦ આ ત્રોજુ, અણુધારી નવીજ ભાજગડ, ધતિંગ, કઈ નવુ નીકળી આવે તે
ઇદરે, અ૦ (હિં૦ ઉદર) અહીંઆ, આ ઠેકાણે
ઇદરતિદર, અ૦ (હિં૦) અહીંતહીં, ઠર ઠેકાણા વગરનુ તે [નિષેધ
ઇનકાર, પુ૦ (આ૦ નકાર) ના પાડવી તે, ના,
ઉદ્દામપક્ષ, પું૦(સ૦) આગળ પડતા વિચારવાળો એક રાજ્દ્દારી પક્ષ તે
ઉદ્દાલ, પું૦ (સ૦)રાની કોદ્રા ૨ રાતા ઘઉં
ઉદ્દિષ્ટ, વિ૦ (સ૦) ધારેલું બતાવેલું ૨ ઇચ્છેલું ૩ ન૦ બતાવેલું રૂપ,કેટલામો પ્રસ્તાર છે તે કહેવાની રીત (પિંગળ શાસ્ત્રમાં)
ઉદ્દીપન, ન૦ (સ૦ ઉત્+દીપ–પ્રકાશવું) ખૂબ દીપવું તે, પ્રકાશન, ખીલવું તે ૨ પ્રજ્વલન ૩ ઉત્તેજનાર ૪ પુષ્ટિ, સહાયતા, ઉશ્કેરણી
ઉદ્દેશ, પું૦ (સ૦ ઉદ્+દીશ) મુખ્ય ધારણા, અમન મતલબ હેતુ અભિપ્રાય ઇરાદો, આશય, મૂળ લક્ષ્ય ૨ દેખડાવવું તે ૩ ઉપદેશ ૪ દાખલો, દૃષ્ટાંત
ઉદ્દેશક, પું૦ (સ૦) ઉદ્દેશ સબંધી મતલબનું ૨ દાખવાનું, ઉદ્દેશ દર્શાવતું [૨ પ્રયોજન
ઉદ્દેશ્ય,૦વિ૦ (સ૦) ધારેલું, હેતુ–મતલબવાળું
ઉદ્ધત, વિ૦ (સ૦ઉદ્+હન્-મારવું) ઉન્મત્ત થઇ વર્તનાર અસભ્ય, તોછડું હદ કરતા વધારે છૂટ લેનાર ૨ જંગલી, બેમર્યાદ, ઉછાંછળું ૩ ઘોર
ઉદ્ધતાઈ, સ્ત્રી૦ અસભ્યતા, તોછડાઇ, અમર્યાદા
ઉદ્ધરવું, ક્રિ૦ અ૦ (સ૦ ઉદ્+ધૃ) ચોર્યાસીના ફેરાથી બચી જવું છૂટવું, મુક્તિ મળવી ૨ ઉગરવું, તરી પાર ઉતરવું
ઉદ્ધાર, પું૦(સં૦)મુક્તિ, મોક્ષ, તારણ, છૂટકારો
ઉદ્ધારક, વિ૦ ઉદ્ધાર કરનાર મુક્તિ–છૂટકારો આપનાર, તારક
ઉદ્ધારણ, ન૦તારક,છૂટકો કરનાર ૨ ઉદ્ધાર મુક્તિ
ઉદ્ધારણહાર, પું૦ (સ૦) ઉદ્ધારક, જુઓ
ઉદ્ધારવું, ક્રિ૦ સ૦ ઉદ્ધાર કરવો, તારવું ૨ બચાવવું,ઉગારવું, ૩ સારી સ્થિતિમાં આણવું
ઉદ્ભટ,પું૦ (સ૦)વીર, જોદ્ધો ૨ વિ૦ મહાત્મા, મહાશય ૩ આગેવાન મુખ્ય
ઉદ્ભવ, પું૦ (સ૦) જન્મ, ઉત્પત્તિ, પેદાશ "વિશ્વ તણો ઉદ્ભવ જે થકી છે" ૨ બહાર નીકળવું તે ૩ જાહેર–ખુલ્લું થવું તે
ઉદ્ભાવિત, વિ૦ (સ૦ ઉત્+ભૂ–થવું) કલ્પેલું, અનુમાન કરેલું, બનાવટી, ઉત્પન્ન કરેલું
ઉદ્ભિજ્જ, ન૦ (સ૦ ઉત્+ભિદ્+જન્-જન્મવું) ઉગનાર ફૂટી નીકળનાર ૨ ચાર ખાણ કહેવાય છે તેમાંની એક ઉદ્ભિજ્જ વિદ્યા–વનસ્પતિ શાસ્ત્ર
ઉદ્મસ્ત, વિ૦ (સ૦)તોફાની, ફિતુરી ૨ કામી.
ઉદ્મસ્તી, સ્ત્રી૦ તોફાન, મસ્તી
ઉદ્યમ, પું૦ (સ૦ ઉદ્+યમ–ઉપાડી લેવું)કોઇ પણ કામમાં લાગવું તે, કામ ધંધો ૨ મહેનત, તજવીજ, યત્ન ૩ રોજગાર, કસબ ઉદ્યોગ,વૃત્તિ (ઉદ્યમ અને ઉદ્યોગના તફાવત માટે જુઓ–ગુજરાતી શબ્દકોષ)
ઉદ્યમી,વિ ઉદ્યમ કરતું,ઉદ્યોગી, વ્યવસાયી,મહેનતુ,
ઉદ્યાન, ન૦ (સ૦) વાડી, ઉપવન, બગીચો,બાગ
ઉદ્યાપન, ન૦ (સ૦ ઉદ્+યાપ્–મોકલવું) કોઇ પણ ધર્મકર્મની સમાપ્તિની વિધિ, વ્રતસમાપ્તિ, વ્રત વગેરે ઉજવવું તે
ઉદ્યુક્ત, વિ૦ (સ૦) ઉદ્યોગમાં લાગેલું હોય તેવું, રોકાએલું ઉદ્યોગી, તૈયાર થયેલું

ઉદ્યોગ, પુ૦ (સ૦ઉત્+ યુજ્-મંડવુ) મહેનત, યત્ન કરવા તે, પ્રયાસ, ૨ ધંધો, રોજગાર, ઉદ્યમ ૩ કામ ૪ શિલ્પાદિ કળાઓને લગતુ કામકાજ તે.

ઉદ્યોગશાળા, સ્ત્રી૦ જ્યા નાના પ્રકારના ધંધા શિખવામા આવે છે તે ઠેકાણુ કળાભવન

ઉદ્યોગી, વિ૦ (સ૦ ઉત્ +યુજ્-જોડવુ) હમેશ ઉદ્યોગ કરનાર ૨ ધ્યાન લગાડી કામ કર્યા કરનાર ૩ રોજગાર લાગેલુ રોજગારી, ૪ મેહેનતુ, નવરૂ બેસી ન રહેનાર

ઉદ્યોજક, વિ૦(સ૦)સારી યોજનાકરનાર,પ્રવર્તક

ઉદ્યોત, પુ૦ (સ૦ +દ્યુત-પ્રકાશવુ) પ્રકાશ,તેજ, અજવાળુ, જ્યોતિ ૨ આલોક ૩ વ્યાખ્યાન, પ્રકરણ

ઉદ્વર્તન, ન૦ (સ૦ ઉત્+વૃત-ઉછળવુ) શરીરને સ્વચ્છ કરવાનુ તેલ, ઇ૦ દ્રવ્ય, વિલેપન ૨ કૂદકારો, ઠેકડો, ઉછાળો ૩ ગેરવર્તણુક

ઉદ્વહ, પુ૦ (સ૦ ઉત + વહ્-લઇ જવુ) પુત્ર દીકરો ૨ સાત વાયુ પૈકી તે નામનો એક ૩ વિવાહ

ઉદ્વાહ, પુ૦ (સ૦) વિવાહ, પરણવુ તે

ઉદ્વાહની, સ્ત્રી૦ (સ૦) કોડી વરાટક

ઉદ્વિગ્ન, વિ૦ (સ૦ ઉત + વિજ-બીવુ) વ્યાકુળ ગભરાએલુ ખિન્ન

ઉદ્વેગ, પુ૦ (સ૦) ભય, ગોક, ચિંતાને લીધે મનમા થતી અકળામણ તે ૨ ચિંતા કાળજી, ફીકર ૩ વ્યાકુળતા, ક્ષોભ

ઉધ, સ્ત્રી૦ (સ૦ ઊઢ-વહેલુ)ધુરા (ગાડીના), પોલ, ધોરીયો, માનદંડ [ધોળી કીડીઓ

ઉધઈ, સ્ત્રી૦ સડો કરનારી એક જાતની જીવાત,

ઉધડ-ડુ, વિ૦(સ૦ ઉદ્ધત) ભાવ તાલ કે વજન કર્યા વગર એમનુ એમ જે આપવુ લેવુ તે,ઉચક, સામટુ, જથાબંધ **ઉધડ ભાવ**—ઉચક ઠરાવેલો ભાવ, આખા જથાનો સામટો ભાવ **ઉધડ માપ**—જોખ્યા વગરનુ ઢગલો અથવા જથો જોઈ અટકળેલુમાપ ઉધડ જમાબંધી-મહેસુલી ઇજારો

ઉધકડવુ, ક્રિ૦ અ૦(સં૦ ઉદ્+ધડકવુ-ઉછળવુ) ઝબકવુ, ચોકવુ ૨ ધબકવુ, વધારે જોરથી ધડકવુ (ભય, શ્રમથી) ૩ કંપવુ ધ્રુજવુ 'ગાજે મેહ, ઉધડકે દેહ' ૪ ધુણવુ (કાઠિ૦) ૫ ચમકવુ

ઉધડીઉ વિ૦ કાળજી વગરનુ ઉપર ચોટીઉં ૨ ઉધડ ઠરાવી આપેલુ, ભાડુતી,ઉધડ કામકરનાર

ઉધડુ, વિ૦ જથાબંધ, ઉધડ

ઉધડુ લેવુ, ક્રિ૦ ધધડાવી નાખવુ, ધમકાવવુ, રીસમા ઉતરી પડવુ ૨ ઉચક ભાવતાલ ઠરાવ્યા સિવાય લેવુ

ઉધમાત, પુ૦ તોફાન, ગરબડ, ઉદમાત

ઉધમાતીઉં, વિ૦ તોફાની, ઉદમાતીઉ

ઉધરકવુ, ક્રિ૦ અ૦ જીવમા બડબડવુ, લવવુ, ૨ ધબકવુ, ઉધડકવુ

ઉધરતુ, વિ૦ ઉછરતુ, મોટુ થતુ ૨ ઉધાર બાજુએ લખાતુ (નાણુ)

ઉધરવુ, ક્રિ૦ અ૦ ઉછરવુ, મોટુ થવુ ૨ ઉધાર બાજુએ લખાવુ, નામે લખાવુ

ઉધરસ, સ્ત્રી૦ (સ૦ ઊર્ધ્વ + રસ) ગળાની નળીઓમા ભરાએલા શ્લેષ્મને બહાર કાઢવાને ઠાસવુ તે, ઠાસો, ખોખલો, કફ

ઉધરાવવુ, ક્રિ૦અ૦નામે લખાવવુ, ખાતે મંડાવવુ

ઉધરાવો, પુ૦ કાળજી ચિંતા, અસ્વાસ્થ્ય,અમુક કાર્ય પૂર્ણ થતા સુધી રહેતો ઉચાટ તે. [થએલુ

ઉધરેલુ વિ૦ નામે લખાએલુ, ૨ ઉછરીને મોટુ

ઉધળવુ, ક્રિ૦ અ૦ (સ૦ ઉદ્ + હલ્-જવુ) છટકી જવુ, નાશી જવુ, ૨ ગાળો ભાંડવી

ઉધાન, ન૦ (ઉદ્ +ધૃ-પકડવુ) ઉંચે ચઢવુ તે મોટી ભરતી ૨ ત્રણની સંખ્યાનો સંકેત (વેપારીમા) ૩ જનાવરોમા સંભોગેચ્છા ૪ દમ શ્વાસ ૬ ઉધરસ અને ઉટાટીઆની કળ ચઢવી તે

ઉધાનપડી, સ્ત્રી૦ તેરની સંખ્યાનો સંકેત

ઉધાનપાયા, વિ૦ ત્રણ પાયાનુ, વલવલતુ, અદક પાંસળુ, ઓછી અક્કલનુ

ઉધામો, પુ૦ (સં૦ ઉત+ધૃ) ઉભા થવા જેવા જે યત્ન તે, તરફડીયા, તરફડાટ ૨ પ્રયાસ, પ્રયત્ન.

ઉધાર, વિ૦ (સ૦ ઉદ્ધાર-ઉંચુ કરવુ) પતીજ ઉપર આપેલુ, જમા ન થએલુ, ભરપાઈ થએલુ

ન હોય તેવુ, ઉછીનુ ઉધાર આપવુ—ધીરવુ, ઉછીનુ આપવુ ઉધાર લેવુ—પોતાની નાખ ઉપર લેવુ ઉધાર આપ ને ખરૂ જોખ—ધમની ગાયના દાત જોવા

ઉધારપાસુ, ન૦ ઉધાર આપેલુ હિસાબની ચો પડીમા જે બાજુએ લખાય તે બાજુ ૨ ખરચ અને ધીરેલુ જે કાઇ હોય તે

ઉધારવુ, ક્રિ૦ સ૦ ઉધાર બાજુએ—નામે લખવુ

ઉધારીઓ, પુ૦ ઉધારે લેનાર, રોકડુ ન આપનાર ૨ ઉધાર આપનાનુ તે

ઉધારો, પુ૦ લેવા આપવાનુ માંડી રાખવુ તે ૨ વાયદો, વાર, વિલબ ૪ ખોટ, સાસા અન્નપાણીના ઉધારા—ખાવાના સાસા

ઉધેઈ, સ્ત્રી૦ કાગળ લુગડામા જે ધોળુ લીસુ જીવડુ થાય છે તે, એક જાતની ધોળી કીડી

ઉધેડવુ, ક્રિ૦ સ૦ખાલ કાઢની ઉઝડવુ, ઉનેડવુ

ઉદ્ધડ, વિ૦ ધડ વગરનુ, ઠરીઠામ વનાનુ, ઉગડુ

ઉદ્ધડજોશી, વિ૦ ઠેકાણા વગરનો જેમ તેમ ગાડુ ગબડાવ્યા જાય તેવા [૨ વિ૦ ઓછુ

ઉન, ન૦ (સ૦ ઊન) ઘેટાના નિમાળા—વાળ

ઉનઇ, વિ૦ ઓગણીસ

ઉનડ, વિ૦ રખડતુ રઝળતુ, રખડેલ,૨ આળસુ કામનુ ચોર, આખા હાડકાનુ, ૩ હરામી, લુચ્ચુ

ઉનમ, સ્ત્રી૦ન્યૂનતા, ઓછ, હિણપત, નાનમ, લાચ્છન

ઉનવા, પુ૦ વારે વારે પિશાબની હાજત થાય ને થતા આગ બળે તે રોગ

ઉનાબદાણા, પુ૦ગાંધીને ત્યેર મળતી એક ઔષધિ

ઉનવાવુ, ક્રિ૦સ૦ મનમા બળ્યા કરવુ, છંઝરાવુ

ઉનામણીઉં, ન૦ (સ૦ ઉષ્ણ + માણુ) પાણી ઉનુ મૂકવાનુ વાસણ

ઉનામણીઓ, પુ૦ પાણી ઉનુ કરવાનો દેગડો

ઉનામણુ ન૦ ગરમ પાણી કરવા સારુ વપરાતુ ધાતુ—માટીનુ વાસણ દેગડી

ઉનામણો, પુ૦ ઉનામણીઓ, દેગડા

ઉનાળો, પુ૦ (સ૦ ઉષ્ણકાલ) ગરમીની ઋતુ ગ્રીષ્મ કાળ, વરના મુખ્ય ત્રણ ભાગમાનોએક

ઉનેવાળ, પુ૦ બ્રાહ્મણોની એક જાત

ઉનાવુ ક્રિ૦ અ૦ છંઝરાવુ.

ઉન્નત, વિ૦ (સ૦ ઉદ્ + નમ્—નમવુ) ઉચુ, પ્રૌઢ, સીધુ, ઉભુ ૨ ટટાર, ઉભેડુ,

ઉન્નતિ, સ્ત્રી૦મોટાઈ, મહત્તા ૨ આબાદી, ચઢતી

ઉન્મત્ત, વિ૦ (સ૦ ઉદ્ + મત્ત—ગાડુ) તાતા મિજાજનુ, કોઇને પત ન કરે તેવુ ૨ અવિનયી, ઉદ્ધત ૩ વ્યસની, કેફી, અમલી, છાટકુ ૪ અભિમાની, મગરૂર ૫ ગાડુ, ભાન વગરનુ

ઉન્મત્તવાયુ, પુ૦ ઘેલછા, ચિત્તભ્રમવાયુ

ઉન્મત્તાઇ, સ્ત્રી૦ ઉન્મત્તપણુ, ઘેલછા ૨ મદ, છકે મગરૂરી, ૩ ઉદ્ધતાઇ

ઉન્મન, ન૦ (સ૦) અભાવ, અપ્રીતિ

ઉન્મનુ, વિ૦ ખિન્ન અપ્રસન્ન, દીલગીર

ઉન્મની, સ્ત્રી૦ (સ૦ ઉદ્ + મનસ્—મન)માયાથી મુક્ત થઇ બ્રહ્મમા સમાઇ રહેવુ તે, મનની એક જાતની અવસ્થા મૂએલા જેવી પાચ અવસ્થામાની છેલી (જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયા ને ઉન્મની) [અનીતિનો રસ્તો.

ઉન્માર્ગ, પુ૦ (સ૦) અવળો—ઉલટો માર્ગ,

ઉન્માદ, પુ૦ (સ૦) તોર, મદ, મમત, અહકાર, અભિમાન ૨ ઘેલાપણુ, ઘેલછા, ચિત્તભ્રમ, ગાડછા, ભૂતપ્રેત, ઇ૦ ના કારણથી વાયુ થવો તે, એક પ્રકારનો સન્નિપાત, મૃગી, વાઇ

ઉન્મીલન, ન૦ (સ૦ ઉદ્ + મીલ્—મળવુ) ફૂલવુ, ખીલવુ, વિકાશ પામવુ તે (ફૂલ) ૨ ઉઘડવુ (આખ) ૩ છૂટવુ, મુક્ત થવુ (ગ્રહણ)

ઉન્મીલિત, વિ૦ (સ૦ ઉદ્ + મીલ્—મળવુ) ઉઘડેલુ વિકાસેલુ, પ્રફુલ્લ

ઉન્મુખ, વિ૦ (સ૦) ઉચે જોતુ હોય તેવું ૨ આતુર, ઉત્સુક ૩ પ્રતિકૂળ, ઉલટુ ૨ તૈયાર તત્પર, ' મરણોન્મુખ' [મૂળ ખોદી નાખવુ

ઉન્મૂલન, ન૦ (સ૦) મૂળથી ઉખેડી નાખવુ તે,

ઉન્મેય, વિ૦ (સ૦) માપવા—વજન કરવા લાયક, તોળવા યોગ્ય [કારો, ૨૫૬.

ઉન્મેષ, વિ૦ (સ૦ ઉદ્ + મિષ્) આખ પલ-

ઉપ, અ૦ (સ૦) પાસે, નિકટ, ઓછુ, ઉતરતું, અતિશય, સરખાપણુ, ઇ૦ સૂચક ઉપસર્ગ.

ઉપઆનો, પુ૦ (સં૦ ઉપ-ઉતરતુ + આનો) એક આનાનો સોળમો ભાગ, ૦ાા પાઇ

ઉપકંઠ, વિ૦ (સં૦ ઉપ-પાસે + કંઠ કાંઠો,) પાસેનુ, નજદીકનુ ૨ કિનારા પાસેનુ ૩ કંઠે, કંઠની આસપાસ-પાસે ૪ પુ૦ ગામ-શહેરની પાસેનો ભાગ પગપાડ ૫ તજેગી ઘોડાની એક જાતની ચાલ [હથિઆર, ઓજાર

ઉપકરણ, ન૦સાહિત્ય સામગ્રી જોઈતા સાધનો-

ઉપકરવુ ક્રિ૦સ૦દયાનુ કામ કરવુ ઉપકાર કરવો

ઉપકાર, પુ૦ (સ૦) કોઈનુ સારૂ-કલ્યાણ કરવુ તે, પાડ આભાર ૨ કૃપા, મહેરબાની

ઉપકારક, વિ૦ પરોપકારી,આભાર કરે તેવુ, ઉપકારી, મહેરબાન

ઉપકારી, વિ૦ (સ૦) ઉપકાર કરનાર, મહેરબાન, ૨ ઉપકાર જાણનાર, કૃતજ્ઞી, જેમા કોઇનાપર ઉપકાર થયો હોય તેવુ

ઉપકૃત,વિ૦ આભારી, ઉપકારી ઓશીગણુ

ઉપક્રમ, પુ૦(સ૦) આરંભ, મંડાણ, શરૂઆત, ૨ ઉદ્યોગ, ધધો [પ્રયોગની જે વિનતિ તે

ઉપક્રમણિકા, સ્ત્રી૦ (સ૦) પ્રસ્તાવના ૨ વિ

ઉપગતિ, સ્ત્રી૦ (સ૦) પ્રાપ્તિ, લાભ ૨ અગીકાર ૩ નજીક જવુ તે પાસે આવવુ તે

ઉપગમન, ન૦ (સં૦ ઉપ + ગમ્-જવુ)પાસે જવુ તે, મળવુ તે ૨ જ્ઞાન ૩ સ્વીકાર

ઉપગીતિ, સ્ત્રી૦(સ૦ ઉપ + ગીત, ગૈ-ગાવુ) આર્યા અને ગીતિને મળતુ એક માત્રાવૃત્ત

ઉપગુરૂ, પુ૦ (સ૦) વડા ગુરુજી-મહેતાજીના હાથ નીચેનો શિક્ષક, ઉપશિક્ષક

ઉપગ્રહ,પુ૦(સ૦ ઉપ+ગ્રહ-તારો) નાનો ગ્રહ, ચદ્ર (મોટા ગ્રહને એક અથવા વધારે ઉપગ્રહો હોય છે ગ્રહ, સૂર્યની આસપાસ ફરે છે પૃથ્વી ગ્રહને એક ઉપગ્રહ છે જેને ચદ્ર કહે છે

ઉપંગ, ન૦ એક જાતનુ વાદ્ય

ઉપચક્ર, ન૦ (સ૦)એક જાતનુ પક્ષી જે ગોળાકાર ઉડીને ઉપર ચઢે છે ૨ નાનુ ચાક-પૈડુ

ઉપચક્ષુ, ન૦ (સ૦) ચસ્મા, ઉપનેત્ર

ઉપચય, પુ૦ (સ૦) વૃદ્ધિ, ઉચાઈ લાભ ૨ લગ્ન કુંડળીથી ૩, ૬, ૧૦ અને૧૧ મુ સ્થાન (જ્યોતિષશાસ્ત્ર) ૩ ઢગલો.

ઉપચાર, પુ૦(સ૦)સારૂ કરવા જે ઉપાય કરવા તે, સારવાર, સાવજત, સેવા ૨ ઉપાય, ક્રિયા તજવીજ ૩ સાધન, સામગ્રી ૪ માર્જન,સસ્કાર ૫ ઉપમા ૬ સહારનો વિનય, "મને બોલાવતી વેળા ગામભદ્ર એ ઉપચારજ સારો શોભે છે"

ઉપચારક, પુ૦(સ૦) ચિકિત્સક,સારવાર કરનાર ૨ દાસ સેવક

ઉપચારિકા, સ્ત્રી૦ દાસી સારવાર કરનારી સ્ત્રી

ઉપછત, સ્ત્રી૦ (મ રેલ્વેડેલ, ધરની છત

ઉપજ, સ્ત્રી૦ (સ૦ ઉદ્ + પદ્-નિગવુ)ઉત્પન્ન થવુ તે નિપજ પેદાશ આવક ૨ જન્મ, મળ, ઉત્પત્તિ ૩, નફો, લાભ ફળ

ઉપજતીરજ, સ્ત્રી૦ (સ૦) નિગવુ અને વધવુ તે પેદા થવુ ને રહેવુ તે,આવક પેદાશ ઉપજ ૨ ચોખ્ખો નફો

ઉપજવુ, ક્રિ૦ અ૦ઉત્પન્ન થવુ, જન્મવુ ઉદ્ભવવુ 'સહસા મનમા ઉપજ્યો સ્નેહ'૨ ફળ -પ્રાપ્તિ થવી, મળવુ ૩ નીવડવુ,થવુ ૩ આજ્ઞા માનની કહ્યુ થવુ

ઉપજવેરો, પુ૦ આયપતવેરો, કમાણીવેરો

ઉપજાતિ, પુ૦ (સ૦)એક જાતનુ ૧૧ અક્ષરનો ગણમેળ છંદ (પિંગળ) એમા ચાર લીટી હોય છે અને ઇદ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રાના ચરણો મિશ્ર હોય છે

ઉપજિહ્વા, સ્ત્રી૦ (સ૦)પડજીભ નાની જીભ

ઉપજાવવુ, ક્રિ૦ સ૦ ઉત્પન્ન કરવુ પેદા કરવુ, બનાવવુ, કરવુ, ઘડવુ [ગુજરાન

ઉપજીવિકા, સ્ત્રી૦ આજીવિકા જીવિકા, વૃત્તિ

ઉપજીવી, વિ૦ કોઇના ઉપર આધાર રાખી જીવનાર, આશ્રિત [જ્ઞાન, પ્રેરણા જ્ઞાન

ઉપજ્ઞા, સ્ત્રી૦ (સ૦) ઉપદેશ વિના પ્રાપ્ત થએલુ

ઉપટ, સ્ત્રી૦ ઉગટ, જુઓ ૨ ઉપાડ, દેવુ

ઉપટણુ,ન૦ નહાતા પહેલા શરીરે ચોળવાનુ સુગધી દ્રવ્ય,પીઠી [જવુ,ફીકુ પડવુ ઉડીજવુ (૨ગ)

ઉપટવું, ક્રિ૦ અ૦(સ૦ ઉત+પદ્-જવુ) ઉપડી

ઉપટામણુ, સ્ત્રી૦ વગોડાના માડવાને દિવસે કન્યોના સગાનો જે સબધપટ પહેરામણી વખતે વહેવાઇની આગળ વાચવામા આવે છે તે (સુરતના નાગરોમા) ૨ લખખત–દસ્તાવેજ

ઉપટો, પુ૦ દુખતી આખની આસપાસ જે દવા ચોપડવામા આવે છે તે ઉકટો

ઉપડતું, વિ૦ તરતુ ઉપર આવતુ, ઉપષતુ

ઉપડતુ, અ૦ એકદમ, ઓચિંતુ, અચાનક. "ઉપડનાને થાપડ મારી"

ઉપડવુ, ક્રિ૦ અ૦ (સ૦ ઉત્+પત્) ઉપસી આવવુ બહાર નીકળી આવવુ ૨ ફૂટવુ ઉપસવુ ૩ પાયમાલ થઇ જવુ, સત્યાનાશ જવુ ૩ ઉપર આવવુ, દેખાવુ "અક્ષર ઉપડયા નથી" ૪ આચકો બાધા વગર બોલ્યા જવુ ૫ ચાલતુ થવુ,આગળ વધવુ હકારાવુ "વહાણ–ગાડી ઇ૦" ૬ અદશ્ય થવુ

ઉપડામણ, ન૦ ઉચકવાની મજુરી,વેતર

ઉપડાવવુ, ક્રિ૦ સ૦ ઉપડ તેમ કરવુ,ઉંચકાવવુ

ઉપણવુ, ક્રિ૦ સ૦ (ઉત્+પૂ–શુદ્ધ કરવુ) ઉચે ઉભા રહી સુપડામાથી દાણા ધીમે ધીમે નીચે નાખતા જઇ પવનની સામી ફુકે છોડા ઉગ-ડવા, ઝાટકવુ સાફ કરવુ

ઉપણાવવુ, ક્રિ૦ સ૦ ઝાટકવુ ઉપણવામા મદદ કરવી [સાધનો તે

ઉપણીઆ, ન૦ ઉપણવાના ટોપના–સુપડા,વગેરે

ઉપણુ, ન૦ ઉપણુ

ઉપતાપ, પુ૦ (સ૦ ઉપ–ઉત્તરનુ+તપ્–તપવુ) ઉતાપો સતાપ,દુખ પીડા એક જાતનો રોગ ૨ ઉતાવળ

ઉપદંશ, પુ૦ (સ૦ ઉપ+દંશ્–કરડવુ) ગરમી તે ઠંખ દમ ... ચાદી ટાંકી

ઉપદાન, પુ૦ (સ૦ ઉપ+દા–આપવુ) નજરાણુ ભેટ ૨ લાચ રૂશવત ૩ થોડુ દાન આપવુ તે

ઉપદિષ્ટ, વિ૦ (સ૦) જેને આજ્ઞા–ઉપદેશ થયો હોય તેવુ

ઉપદેશ, પુ૦(સ૦+દિશ્–શીખવવુ)બોધ, શિક્ષા ૨ શિખામણ જ્ઞાન, હિતવાદ ૩ સલાહ, સૂચના, ૪ ચેતવણી, આજ્ઞા ૫ મત્ર દાન, દીક્ષા

ઉપદેશક, વિ૦ (સ૦) ઉપદેશ કરનાર, ગુરુ

ઉપદેશવુ, ક્રિ૦ સ૦ કઇ કામ કરવાની સલાહ આપવી બોધ આપવો, ઉપદેશ કરવો, પ્રેરવુ, ગોદવુ ૨ ચેતવણી આપવી, શિખામણ દેવી આજ્ઞા કરવી

ઉપદ્રવ, પુ૦ (સ૦ ઉપ+દ્રુ–પીડવુ) જેથી બીજાને પીડા થાય તે, ઇજા દુખ. ૨ સંતાપ, ઉપાધિ ત્રાસ ૩ આપદા, જજાળ ૪ જુલમ

ઉપદેષ્ટા, પુ૦ (સ૦) ઉપદેશકર્તા,આચાર્ય, ગુરુ

ઉપદ્રવી, વિ૦ (સ૦ ઉપ+દ્રુ+ઇ) પીડાકારક

ઉપધાતુ, સ્ત્રી૦મિશ્ર ધાતુ ૨ હલકી–ગૌણ ધાતુ

ઉપધાન,ન૦(સ૦+ધા–મૂકવુ)ઓસીકુ, તકીઓ

ઉપધાન્ય, ન૦હલકી જાતનુ અનાજ, ખડધાન્ય (કાગ, બટી વગેરે)

ઉપધારણા, સ્ત્રી૦ (સ૦ ઉપ+ધૃ–ધરવુ) ચિત્તને એકજ વિષય ઉપર સ્થિર કરવા માટે યોગમા કહેલો એક વ્યાપાર

ઉપનયન, ન૦ (સ૦ ઉપ+ની) બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્યના છોકરાઓને આઠમે વર્ષે વેદના અધિકારી કરવા જે સસ્કાર કરવામા આવે છે તે, જનોઇ દેવુ તે,ઉપનીત સસ્કાર, સોળ સસ્કારમાનો એક ૨ જનોઇ, ઉપવીત, બટુકરણ

ઉપનવુ, ક્રિ૦ અ૦ ઉપજવુ, જનમવુ

ઉપનામ, ન૦ (સ૦) મુખ્ય નામની સાથે બીજુ દેવુ નામ તે, કુળ નામ, અટક, ઓળખ આડનામ

ઉપનિષદ, ન૦ (સ૦) વેદાનશાસ્ત્ર, બ્રહ્મવિદ્યા, બ્રહ્મવિદ્યાનુ પ્રતિપાદન કરનાર એક જાતનો ગ્રથ ઉપનિષદો લગભગ ૧૦૮ ઉપરાત છે

ઉપનેત્ર, ન૦ (સ૦) આખે બરોબર ન દેખાવાથી જે નાચોની મદદ લેવી પડે છે તે, ચશ્મા, ઉપચક્ષુ

ઉપન્યાસ, પુ૦ (સ૦ ઉપ+નિ+અસ્–મૂકવુ) ખુલ્લુ–જાહેર–પ્રસિદ્ધ કરવુ તે, ૨ ટીકા, ભાષ્ય, વ્યાખ્યાન, વિવરણ ૩ પ્રસ્તાવના, ઉપોદ્‌ઘાત, ઉપક્રમ ૪ વિચાર ૫ આખ્યાન, કથાનક

ઉપપતિ, પુ૦ (સં૦) યાર,આશક ૨ દીઅર, દેવર

ઉપપત્તિ, સ્ત્રી૦(સ૦) સાબીતીમાં પ્રમાણો અને

દાખલા બતાવવા તે ૨ સિદ્ધિ, યુક્તિ ૩ પુરાવા, પ્રમાણ ૪ ઉપાય, સાધન, ઇલાજ

ઉપપત્ની, સ્ત્રી૦ (સં૦) બીજી સ્ત્રી ૨ રખાત ૩ દાસી, લુડી

ઉપપદ, ન૦ (સં૦ ઉપ-પાસે + પદ-શબ્દ) બે સંયુક્ત શબ્દમાંનો પ્રથમ શબ્દ, સમાસનું પહેલું પદ ૨ ઓળખ, અવટંક,

ઉપપન્ન,વિ૦ (સં૦)સિદ્ધ,સાબીત-પુરવાર થએલું

ઉપપાદન, નં૦ (સં૦) કહેવું-બતાવવું તે ૨ સાબીતી-ખાતરી કરવી તે ૩ સંપાદન, સંગ્રહ

ઉપપુરાણ, નં૦ (સં૦) મહાપુરાણથી ઉતરતા નાના પુરાણ (એ અઢાર છે)

ઉપપ્રદાન, નં૦ ભેટ,નજરાણો ૨ લાંચ, રુશવત

ઉપપ્લવ, પું૦ (સં૦ ઉપ+પ્લુ-કુદી જવું) પીડા, જુલમ ૨ આક્રમણ, ઘેરો ૩ ઉત્પાત, આફત, ૪ ગ્રહણ થવું તે, વિપ્લવ

ઉપભોક્તા, પું૦ (સં૦ ઉપ+ભુજ્-ભોગવવું) ભોગવટો કરનાર, ભોક્તા માલીક ૨ વારસ

ઉપભોગ, પું૦ (સં૦) વહિવટ કરવો તે ભોગવટો ૨ અનુભવ,લ્હાવો ૩ સુખ લેવું તે,મોજમઝા.

ઉપમર્દ, પું૦ અવગણના ૨ નાશ, ઘાણ

ઉપમા, સ્ત્રી૦ (સં૦ ઉપ + મા-માપવું) બે પદાર્થનું એક બીજાને મળતાપણું બતાવવું તે, ૨ સરખામણી, સાદૃશ્ય, દૃષ્ટાન્ત, નિદર્શન, ઉત્પ્રેક્ષા ૩ અલંકાર "ભાઇ, તેનું પેટનો દરીઆ જેવું છે" **ઉપમા આપવી**—સરખાવવું, આબરૂ વધારવી **ઉપમા કરવી**—આબરૂ વધારવી, સ્તુતિ કરવી **ઉપમા લેવી**-માન ખાટવું ૨ દાખલો લેવો **ઉપમા પામવી**-આબરૂ મળવી

ઉપમાતા,સ્ત્રી૦ (સં૦ ઉપ+માતૃ) ધવરાવનારી મા, દાઇ, ધાત્રી ૨ ઓરમાન મા, સાવકી મા

ઉપમાન, ન૦ (સં૦ ઉપ+મા-માપવું) જેની સાથે સરખાવવું હોય તે 'તેનું મુખ ચંદ્ર સરખું છે" ૨ સરખામણી, તુલના, મુકાબલો કરવા લાયક, સરખાવવા યોગ્ય.

ઉપમેય, વિ૦ (સં૦) સરખાવવા લાયક

ઉપયુક્ત, વિ૦ (સં૦+યુજ્-જોડવું) ઉપયોગી, કામનું ૨ યોગ્ય, ઉચિત ૩ બંધબેસ્તું આવે તેવું.

ઉપયોગ, પું૦ સં૦+યુજ્-જોડવું) કોઇ વસ્તુને પોતાના કામમાં લેવી તે, કોઈ વસ્તુનું કામમાં આવવું તે ૨ કામ, વાપર, ખપ ૩ જરૂરિઆત, દરકાર

ઉપયોગિતા, સ્ત્રી૦ (સં૦)પ્રયોજન,અગત્ય,જરૂર

ઉપયોગી, વિ૦ (સં૦) અગત્યનું,જરૂરનું ખપનું, કામનું, ૨ લાભકારી હિતકર

ઉપર, અ૦ ઉંચે, પર 'ખુરસી ઉપર.' ૨. પેલી પાસ, વધારે, 'સો ઉપર દસ' ૩ પછી 'તેના ગયા ઉપર વિચાર' ૪ આગળ 'સુરત મુંબાઇથી ઉપર છે' ૫ ગુણમાં વધારે 'તે તેની ઉપર છે' ૬ ન૦ પક્ષ, ઉપરાણું, મદદ, વહાર 'મારૂ ઉપર કોણ કરે, એને સર્વે સાથ-મા લણ' **ઉપર આભ ને નીચે ધરતી**—અતરિયાળ, નિરાધાર, નિરાશ્રિત **ઉપર ઉપરથી જોવું**—નજર ફેરવી જવી, ઉપરચોટીઉં જોઇ જવું **ઉપર કરવું**—ચઢતું ગણવું, બઢાવવું 'તું વૈષ્ણવનું ઉપર કરીશ, સંસાર સાગર તું તેણે તરીશ—હારમાળા' **ઉપર ટપકે**—ઉંડા ઉતર્યા વિના, ૨ જમા ઉધાર કર્યા વગર **ઉપર થઇને કરવું**-સંમતિ સિવાય નાકબૂલ છતાં કરવું તે પોતા જોખમે કરવું. **ઉપર નીચે થવું**—આતુર-અધીર બનવું, અમુક ઇચ્છા કે કે વસ્તુને માટે ઉતાવળા થવું, 'ગામની ગરીબ સ્ત્રીઓ × × × ખાતર કરવા ઉપર નીચે થઇ રહી હતી —સરસ્વતી૦" **ઉપર પગ મૂકવો**—અનાદર કરવો, ન લેખવવું, બેદરકારીથી ન માનવું, "એવું કેવું અગત્યનું કામ છે જે, હજુર શ્રીના હુકમ ઉપર પગ મૂકે ?—મુદ્રારાક્ષસ' **ઉપર રહીને**—જાતી દેખરેખ નીચે, પાસે ઉભા રહીને 'તે આવી પોતાને હાથે ઉપર રહી પીરસાવશે × × × તો જ સુખમાં આસ મૂકીશું—**પ્રતાપ ઉપર હાથ રાખવો**—ચઢીઆતાપણું ભોગવવું, સત્તા ચલાવવી, નમતું ન આપવી ૨ પોતાનું ધારેલું બોલેલું ખરૂં પાડવાનો ટેક રાખવો 'દરેક બાબતમાં તારો ને

તારોજ ઉપર હાથ રાખે છે ' **ઉપરનું ઉપર રાખવું**—નીચુ પડવા ન દેવું બોનલુ વ્યર્થ જાય તેમ ન કરવુ, માનભગ થવા ન દેવુ ૨ લાડમા હુલાવી ફુલાવીને રાખવુ **ઉપર આભાને નીચે દહ્રા** ઉપર આભ ને નીચે જમીન ઉપર વાગા, માહે ાગા

ઉપરઉપરથી, અ૦ છેક અદરનુ સમજેલુ હોય તેમ નહિ પણ ઉપરથી દેખાએલુ હોય તે પરથી, ઉપલકીઉ, ઉપરચોટીઉ

ઉપરક્ષ, પુ૦(સ૦)હજુરીઓ,પ્રાણરક્ષક,બોડીગાર્ડ

ઉપરચોટીઉં, વિ૦ ઉપર ઉપરથી જણાય કે થાય તેટલુ ઉપલકીઉ, જેવુ તેવુ થોડુ

ઉપછલ્લુ, વિ૦ ઉપરનુ, ઉપરચોટીઉ, થોડુ ઘણુ

ઉપરટપકે, અ૦ ચોપડામા નોંધેલુ નહિ પણ જુદુ લખી રાખેલુ હોય તેવુ અદ્ધર ટપકાવેલુ હોય તેમ, ૨ ઉપર ઉપરથી, આશરે, અડસટ્ટે

ઉપરણુ, ન૦ ચલોડો, ખેસ, પાછોડી, પ્રમાદીમા

ઉપરણો, પુ૦ ઉપરણુ, ખેસ [મળેલુ વસ્ત્ર

ઉપરતિ, સ્ત્રી૦ (સ૦ ઉપ + રમ્-રમવુ) શાતિ, બધ પડવુ તે,૨ વિરતિ વિરામ,વૈરાગ્ય ૩ નિવારણ

ઉપરદગ, ન૦ (સં૦ઉપ-ઉપલુ+દગ) અમલો, જમીન ઉપર કરેલુ બાધકામ 'ઉપરદળ તમારે લેઈ લેવુ એ સરતે જમીન આપી છે "

ઉપરવટ, સ્ત્રી૦ લક્ષમા ન લેવુ તે ૨ ઉલ્લઘન

ઉપરવટ, અ૦ ઉલટુ વિરુદ્ધ, મરજી ઉપરાત, ના કહ્યા છતા, ઉલ્લઘન કરીને 'છોકરાએ મા-બાપના ઉપરવટ થઈ કઈ કરવુ નહિ'

ઉપરવટ, વિ૦ ચઢે તેવુ સરસ, ચઢિઆતુ

ઉપરવટણો, પુ૦ખલ ઉપર વાટવાનો પથ્થર બત્તો

ઉપરવાસ, સ્ત્રી૦ નજીકનો ભાગ (ઘર, પોળ કે ગામનો), ઉપરવાસ

ઉપરવાડીઓ, પુ૦ ગામ, ઇ૦ ની નજીકનો રહેનારો, બહારના વાસમા રહેનારો, ગામ પાડોશી ૨ વસવાયો, આશ્રિત એક ગામને લગતુ ખેતર તે ગામનો ખેડુત ન ખેડે પણ બીજા ગામનો ખેડુત ખેડે તે

ઉપરવાડે, અ૦ વાડ, વડી અથવા ભીતની બાજુએ ઉભા રહી બીજાને બોલાવવુ અથવા આપવુ લેવુ તે,પાછલે બારણે પછવાડેથી "ઉપરવાડે સૈયર કરે છે સાદજો " [વાસ કરવો તે

ઉપરવાસ, પુ૦ ઉપર રહેવુ તે, માળ પર-મેડે

ઉપરવાસીઓ, પુ૦ભગી,વાળનાર,ઝાડુ મારનાર

ઉપરાઉપરી, અ૦એક પછી એક એમ માથેનુ સાથે ઉપરાછાપરી લાગલાગટ

ઉપરાછાપરી, અ૦ ઉપરાઉપરી જુઓ.

ઉપરાટુ, વિ૦ બાજુ, આડફેટુ ૨ બાજુ તરફ, ઉપર ' નાખે પાટુ પગ ઉપરાટે '-પ્રેમા૦ ૨ ઉભુ, પાસાભેર, ઉભેટુ

ઉપરાજવુ, ક્રિ૦ અ૦ ઉત્પન્ન-પેદા કરવુ

ઉપરાણુ, ન૦ બેની લડા મા એકનો પક્ષ લઇ તેની મદદમા રહેવુ, કુમક, સહાય

ઉપરાંત, અ૦ (ઉપર+અત-હદ) વધારે હોય તેમ, વિશેષમા, વધારે, ૨ સિવાય, વળી બીજુ ૩ પછી, પછવાડેથી, ઉપરથી

ઉપરામ, પુ૦ (સ૦ ઉપ + રમ્-રમવુ) મૃત્યુ, મોત, આરામ ૨ સન્યાસ ૩ વિરામ,નિવૃત્ત ૪ બધ પડવુ તે, અટકવુ [જે તફાવત તે

ઉપરામણી, સ્ત્રી૦ વધારો, બે વસ્તુની કિમતમાનો

ઉપરાણુ, ન૦ ઉપરાણુ, પક્ષ, સહાય

ઉપરી, ત્રિ૦ હરકોઇ કામ ઉપર તપાસ રાખવા જે નિમાએલુ તે, ચોકસી-તપાસ-નિઘેબાની કરનાર, ઉપરથી જોનાર, મુખી,મુકાદમ,અધિકારી

ઉપરી, અ૦ ઉપર

ઉપરીપણુ, ન૦ ઉપરી તરીકેની જે સત્તા તે, વડપણુ, ઉપર દેખરેખ રાખવાપણુ

ઉપરૂ વિ૦ ઉભુ, ઉફરૂ પાસાભેર, ઉભુ કરવુ તે " ખાટલો ઉપરો કરો "

ઉપરોધ, પુ૦ (સ૦ ઉપ+ રુધ્-રોકવુ) અટકાવ, રોકાણુ, પ્રતિરોધ ૨ આવરણ ૩ ઘેરો. ૪ પીડા, દુ ખ.

ઉપલ, પુ૦ (સ૦)પથ્થર, શિલા " પેલી ઉપલની સ્ત્રી થઇ, પદસ્પર્શથી રઘુનાથના." ૨.કાકરો. ૩ રેતી ૪ રત્ન

ઉપલક, વિ૦ (સં૦ ઉપ+લગ્-ચોટવુ) ચોપ-

ડામા નોંધેલુ નહિ તેવુ ૨ ઉપરઉપરનુ, ફૂલતુ, વધારાનુ ૩ બાળી, વધેલુ ૪ અધિક,જાસ્તી ૫. ઉપરચોટીઉં

ઉપલકીઉ, વિ૦ ઉપરઉપરની ઉડાવનાર ૨ અલ્પજ્ઞ, અનિપુણ ઓછા જ્ઞાનવાળો ૨ ઉપર ઉપરથી કામ કરવાની ટેવવાળુ, ઉપરચોટીઉ ઉપરઉપરનુ, ૪ ચચુપ્રવેશી ૫ તકવાદી

ઉપલક્ષણ, ન૦ (સં૦ ઉપ+લક્ષ્-જોવુ) ચિહ્ન, ઇમારત, નિશાની ૨ લક્ષણા, આખાનુ તેના ભાગથી જે વર્ણન થાય તે,એક જાતનો અલંકાર

ઉપલક્ષ્ય, વિ૦ થોડા ઉપરથી ઘણુ સમજાય તેવુ ૨ ન૦ આશ્રય, અવલંબન

ઉપલગ, વિ૦ ઉપલક, જુઓ [મેળવેલુ,જાણેલુ

ઉપલબ્ધ, વિ૦ (સ૦ ઉપ +લભ્-મેળવવુ)

ઉપલબ્ધિ, સ્ત્રી૦ નફો ૨ જ્ઞાન, મતિ

ઉપલભ્ય, વિ૦(સ૦ઉપ+લભ)પામવા-મેળવવા યોગ્ય, જાણવા યોગ્ય

ઉપલસરા, સ્ત્રી૦(સ૦ સારીવા)એક જાતની વનસ્પતિ-ઓષધિ એની ડાળી અને સફેદ બે જાતની વેલ કોકણમા થાય છે એને ઉપટ સુળી, નાના કાવળી, સેતડાવળી, શેબવેન, શ્યામી પણ કહે છે એ શીતળ, મધુર, કફ નાશક છે

ઉપલાણુ, વિ૦ ઉપરવાળુ, ઉપરનુ

ઉપલોઉં ન૦ ઉટાટીઉ, જુઓ

ઉપલી, સ્ત્રી૦ જમીનમા દાટેલી ખાયણી

ઉપલુ , વિ૦ ઉપરનુ, આગળ જણાવેલુ તે

ઉપલા-લ્યો, વિ૦ ઉપરવાળો, (લાક્ષણિક અર્થમા ઇશ્વર) 'કોણુ જાણે બા, ખર હશે કે નહિ તે તો ઉપલ્યાને ખબર "—યોગિની

ઉપલેટ, ન૦ (સ૦ કુષ્ટ) એક જાતની વનસ્પતિ ઔષધિ છોડનુ મૂળ

ઉપલેપ, પુ૦ (સં૦) લીંપણ ૨ લેપ.

ઉપવન,ન૦ (સં૦) વાડી, બાગ, ઉદ્યાન, બગીચો ૨ આરામ [કહેવી તે

ઉપવર્ણન, ન૦ (સ૦) ઉપરઉપરથી હકીકત

ઉપવસ્ત્ર, ન૦ અંગવસ્ત્ર, ખેસ, ઉપરણો

ઉપવાત, પુ૦ વાયુ પવન. 'નર શિર થકી લઇ કુસુમ ઉચા, ઉડાડે ઉપવાત -પ્રા૦ કા૦ '

ઉપવાસ, પુ૦ (સ૦ ઉપ+વસ્-રહેવુ) ભૂખ્યા રહેવુ તે, અન્ન અથવા ફળ ખાધા વગર ચલાવવુ તે, અપવાસ ૨ વ્રત, નિયમ

ઉપવાસી, વિ૦ (સ૦) ઉપવાસવાળુ, અપવાસી, ભૂખ્યુ

ઉપવિદ્યા,સ્ત્રી૦(સં૦)નાટકચેટકાદિક જે વિદ્યા તે, મોટી ચૌદ વિદ્યા કહેવાય છે તેથી જે ઉતરતી તે. ૨ સાધારણજ્ઞાન, ગૌણવિદ્યા ૩ છક્કો પંજો, પેચ

ઉપવીત, ન૦ (સં૦) જનોઇ, યજ્ઞસૂત્ર.

ઉપવેદ, પુ૦ (સ૦) મુખ્ય ચાર વેદ વગરના ગૌણવેદ-આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, સ્થાપત્યવેદ અને અર્થવેદ તે

ઉપશમ, પુ૦ (સ૦+શમ-શાત પડવુ)શમતા, વિરાગ,નરમ-શાત પડવુ તે,૨ શાંતિ,શમન,શાત્વન

ઉપશમન, ન૦ (સ૦) શાત પડવુ,વૈરાગ્ય, શાંતિ

ઉપશાંતિ, સ્ત્રી૦ (સ૦) પાછળથી નરમ પડવુ તે, ક્રોધનો ઉતાર, શાંતિ, શાત્વના

ઉપશાખા, સ્ત્રી૦ (સ૦) પાખડુ, ડાળુ ૨ છોડનુ મૂળ ૩ તાબાનુ ખાતુ

ઉપશાસ્ત્ર, ન૦ (સ૦) ઉપવિદ્યા, નાનું શાસ્ત્ર.

ઉપશિક્ષક,પુ૦ (સ૦)મોટા મહેતાજીનો મદદનીસ

ઉપસર્ગ, પુ૦ (સ૦ ઉપ+સૃજ્-બનાવવુ) શબ્દને આરભે આવી તેના મૂળ અર્થમા ફેરફાર કરનાર શબ્દ, પૂર્વગ ૨ દુ ખ,પીડા, ઉપદ્રવ ૩ અપશુકન, ૪ એક જાતનો રોગ

ઉપસહાર, પુ૦ આરંભેલો વિષય સમાપ્ત કરવો તે, અંત, છેડો, છેવટનુ લખાણ તે ૨ ટુકામા આટોપવુ તે,સારાશ,ટુકુ બ્યાન કરી સપુર્ણ કરવુ તે.

ઉપસવુ ક્રિ૦અ૦ (સ૦ ઉપ + સૃપ્-વધવુ) ફૂલવુ, હોય તેથી કદ-વિસ્તારમા વધવુ ૨. પવન ભરાઇને ચઢવુ ,સુજવુ ૩ ઉખડવુ, પેટુ નીકળવુ

ઉપસાગર, પુ૦ મોટો અખાત

ઉપસાટ, ન૦ સોજો, ફુલાવો. ૨ વધારો

ઉપસાવવુ, ક્રિ૦ સ૦ ફૂલાવવુ, ઉપસે તેમ કરવુ ૨. સૂર ધીમે ધીમે બેચવો.

ઉપસાવું, ક્રિ૦ અ૦ ફૂલવું, ઉપસવું, સુજવું.

ઉપસ્કર, પુ૦ (સ૦) મુખ્ય વસ્તુને લાગતી વળગતી જે વસ્તુ તે,સાહિત્ય,સામગ્રી ૨ ઘરખટલો

ઉપસ્ત્રી, સ્ત્રી૦ (સ૦) પરણેલી નહિ પણ રાખેલી સ્ત્રી, રાખ

ઉપસ્થ, ન૦ (સ૦) સ્ત્રી પુરૂષ જેથી ઓળખાઇ આવે છે તે ચિહ્ન, ગુહ્યેન્દ્રિય

ઉપસ્થાન, ન૦ (સ૦ ઉપ+સ્થા–ઉભા રહેવુ) ઉભા થઇ હાથ ઉચા રાખી મંત્ર ભણી દેવની જે સ્તુતિ કરવી તે

ઉપસ્થિત, વિ૦ (સ૦) પાડે–મોઢે હોય તેવુ, જીહ્વાગ્રે હોય તેમ ૨ પાસે આવેલુ–ઉભેલુ

ઉપહાર, પુ૦ (સ૦ ઉપ+હૃ–લઇ જવુ) પૂજાનો સામાન સાહિત્ય ૨ બક્ષિસ,ભેટ દાન ૩ લવાજમ

ઉપહાસ, ન૦ (સ૦) મશ્કરી,પરિહાસ ૨ ટોળ, મજાક ૩ મશ્કરીમા ઉડાવવુ તે

ઉપહાસ્ય, વિ૦ (સં૦) હસી કાઢવા જેવુ, હાસ્યજનક, મશ્કરીવાળુ

ઉપળુ, ન૦ ખાટલાને પહોળુ રાખનારૂ જે લાકડુ તે, ઉભુ લાકડુ તે ઇસ અને આડુ તે ઉપળુ

ઉપાકર્મ, ન૦ (સ૦) જનોઇ ધારણ કર્યા પછી દર વર્ષે કરવાનુ એક કર્મ, શ્રાવણી ૨ વેદાધ્યન શરૂ કરતા પહેલા કરવામા આવતી એક ક્રિયા

ઉપાખ્યાન, (સં૦) કથા,દંતકથા લોકમા ચાલતી વાત, ૨ આડકથા, કહાણી, ૩ મહેણુ

ઉપાગ, ન૦ (સ૦) અપ્રધાન ભાગ, વધારો, પરિશિષ્ટ, પુરવણી ૨ નાનુ–ઉતરતુ અગ ભાગ ૩ તિલક, ટીલુ.

ઉપાડ, પુ૦ ચઢતી, તેજી, વધારો, ૨ ઉઠાવ,ખપત, ખપ ૩ માગણી,ઘરાકી ૪ ઉપમાટ સોજે ૫ ઝનુન, ઉન્માદ, આવેશ ૬ શરૂઆત ૭ કોશીશ, મહેનત, પ્રયાસ ૮ નાણા લેવાને ૯ વાપર, ઉપયોગ

ઉપાડવુ, ક્રિ૦ સ૦ (સ૦ ઉત્–ઉચે + પા) નીચેથી ઉચે લેવુ,ઉચકવુ. ૨ લઇ લેવુ,ચોરવુ ૩ મુળથી ઉખેડવુ ૪ માથે લેવુ વહોરવુ ૫ ચલાવવુ, શરૂ કરવુ માડવુ ૬ ખસેડવુ,લઇ જવુ

ઉપાડીજવુ, ક્રિ૦ ઉઠાવી જવુ ખેચી લઇ જવુ ૨ ચોરી જવુ ૩ લઇ જવુ ઉપાડી જવુ

ઉપાડો, પુ૦ ખપ, ઉઠાવ ૨ સળી૫૨ લેવાય તેટલો કાટા-ઘાસ–ઝરડા વગેરેનો જથ્થો

ઉપાદાન, ન૦ (સ૦) કબુલ કરવુ તે, અંગીકાર, સ્વીકાર ૨ હેતુ પાસેનુ કારણ

ઉપાધિ, પુ૦ (સ૦) પીડા, આપદા, દુખ,સંકટ ૨ પચાત જજાળ, ચિતા ૩ અટક, ઉપનામ, પદવી, ખિતાબ, શુદ્ધ સ્વરૂપને બીજો સબધ લગાડવો તે, ઇલકાબ

ઉપાધ્યાય, પુ૦ (સ૦ ઉપ–પાસે + અધિ+ઇ–અભ્યાસ કરવો) દરેક કુટુબમા શુભ અશુભની ક્રિયા કરાવનારો બ્રાહ્મણ, કુળગોર પુરોહિત ૨ મહેતાજી, અધ્યાપક

ઉપાધ્યો, પુ૦ ઉપાધ્યાય, જુઓ

ઉપાન, ન૦(સ૦ઉપાનહ્)ખાસડા,જોડા,પગરખા

ઉપાન્ત, અ૦ (સ૦) પાસે, સમીપ, નિકટ

ઉપાન્ત્ય, વિ૦ (સ૦)છેલ્લાની પૂર્વેનુ ઉપાન્ત્યાક્ષર—છેલ્લા અક્ષરની પહેલાનો જે અક્ષર તે

ઉપાય, પુ૦ (સ૦) દુખમાંથી છુટવાને જે કઇ કરવુ તે, તજવીજ, યુક્તિ, ઇલાજ, ૨ રસ્તો, સાધન (એ ચાર છે સામ, દામ, ભેદ, ને દડ) ૩ ઉપચાર, પ્રયોગ ચિકિત્સા

ઉપારભ, પુ૦ આરભ, શરૂઆત

ઉપાર્જન, ન૦ (સ૦) સગ્રહ સચય ૨ કમાઇ, પ્રાપ્તિ, લાભ, નફો ૩ કમાઈ સારૂ જે સેવા ચાકરી કરવી તે, નોકરી, ચાકરી

ઉપાર્જના સ્ત્રી૦ (સ૦) કાલાવાલા ૨ આજીજી ૩ ઉપાર્જન, કમાઇ, રળતર, પેદાશ '

ઉપાર્જિત, વિ૦ (સ૦) કમાએલુ, પ્રાપ્ત કરેલુ, સચય કરેલું 'વડીલોપાર્જિત'

ઉપાલભ, પુ૦ (સ૦) ઠપકો, મહેણું, કોઇને શીખામણ કે બીજી રીતે કંઇ કહેવુ તે

ઉપારાણુ, ન૦ ઉત્તેજન, ઉશ્કેરણી ૨ બહાનુ,મિષ

ઉપાશ્રય, પુ૦ (સ૦) અપાશરો (શ્રાવકોનો) ૨. આશરો, આશ્રય, સ્થાન [શ્રિત, આશ્રયાગત

ઉપાશ્રિત, વિ૦ આશ્રય લીધો હોય તે, આ-

ઉપાસક, વિ૦ (સં૦) ઉપાસના–સેવા–ભક્તિ કરનાર સાધન કરનાર ૨ શૂદ્ર ૩ ભક્ત, સાધક.

ઉપાસંગ, પુ૦ (સ૦ ઉપ +આ+સજ્)ભાથો, તીર રાખવાનું પાત્ર.
ઉપાસન, ન૦ (સ૦ ઉપ + આસ-બેસવું) સેવા, ભક્તિ કરવી તે ૨ મળી કરવી તે ૩ કંઈ કામ કરવા શરૂઆત કરાવવી-જાગૃતિ આણવી તે ૪ ઉપાસના ૫. (ઉપ+અસ-ફેંકવું) બાણ ફેંકવાનો અભ્યાસ કરવો તે
ઉપાસના, સ્ત્રી૦ (સ૦) કોઇ દેવને ભક્તિ, પૂજા, હોમ, જપ, ઇ૦ થી સેવવું તે, પૂજા, પૂજન, સેવા આરાધના, (ઉપાસના ત્રણ પ્રકારની છે આત્મોપાસના, કર્મોપાસના અને જ્ઞાનોપાસના, અથવા, ધ્યાન, અનુષ્ઠાન અને જ્ઞાનથી સ્વરૂપ ઓળખવું તે) ૩ વેદપ્રતિપાદ્ય ધર્મના ત્રણ અંગમાનું બીજું (કર્મ, ઉપાસના અને જ્ઞાન)
ઉપાસરો, પુ૦ અપાશરો, ઉપાશ્રય
ઉપાસવું,ક્રિ૦સ૦ સેવવું ઉપાસના કરવી આરાધવું
ઉપાસિત, વિ૦ જેની ઉપાસના કરી હોય તે
ઉપાસી, વિ૦ ઉપાસના-સેવા કરનાર, ભક્ત ૨ ઉપવાસી, ભૂખ્યું [આરાધ્ય, પૂજ્ય
ઉપાસ્ય, વિ૦ (સ૦) ઉપાસના કરવાને યોગ્ય,
ઉપેક્ષક, વિ૦ બેદરકાર, બેતમા
ઉપેક્ષણ, ન૦ જતું કરવું તે, આંખઆડા કાન કરવા તે
ઉપેક્ષા, સ્ત્રી૦ (સ૦ ઉપ+ઈક્ષ્-જોવું) બેતમા બેપરવાઈ, બેદરકારી, અનાદર, દરકાર ન કરવી તે
ઉપેન્દ્ર, પુ૦ (સ૦ ઉપ+ઇન્દ્ર) વિષ્ણુ ભગવાન
ઉપેન્દ્રવજ્રા, ન૦ (સ૦) અગિયાર અક્ષર આવે તેવું એક વૃત્ત 'જને જુએ ગાઠ જશો જનાર, ઉપેંદ્રવજ્રા વૃતમાં લખાશે (પિંગળ)
ઉપેય,વિ૦(સ૦)ઉપાય કરવા લાયક,માનવા લાયક
ઉપોઢ, વિ૦ (સ૦ ઉપ+વહ્) પરણેલું ૨ પાસેનું, નજીકનું
ઉપોદિ, સ્ત્રી૦ (સ૦) એક જાતનું શાક
ઉપોદિકા,સ્ત્રી૦ પોથી દાત રગવાનો રંગ ૨ પોઇ
ઉપોદ્ઘાત, પુ૦ (સ૦ ઉપ+ઉત્+હન્-મારવું) ઉપક્રમ, પ્રવેશ, પ્રથમ શો વિષય છે તેનું આરંભમાં જે દર્શન કરાવવું તે, પ્રસ્તાવના, દિબાચો. ૨. વાદનો વિષય, પૂર્વ પક્ષ [૨ અપોષણું

ઉપોષણ, ન૦(સ૦) ભુખ્યા રહેવું તે, ઉપવાસ,
ઉફ્ટાઈ, સ્ત્રી૦ મમત્વ, મોટાઈ, બડાઇ ૨ ફાંકો, તોર, શેખી
ઉફણવું, ક્રિ૦ અ૦ વધવું (છોડવા, ઇ૦) ૨. ઉપસવું, સુઝવું ૩ ફદફદી જવું, કોહી જવું. (ફળ ફળાદિ) ૪ મદમાં મહાલવું ૫. ઉપણવું
ઉફરાંટીઉ, ન૦ લખેલા કાગળની સામી બાજુ (કા૦)
ઉફરાટવું, ક્રિ૦ અ૦ફેરવવું,પાસું બદલાવવું.
ઉફરાટુ, વિ૦ પાસાભેર, કનેડે, પાસરે ' તેને. થાવા ન દે ઉફરાટી' ૨ અવળું, ઉંધું.
ઉફરૂ, વિ૦ પાસાભેર, ઉભુ ૨ વધારામાં ૩. ઉલટું 'એ ઉફરૂ જે સાધન કરો, તે તો આળ પંપાળ' ૪ શ્રેષ્ઠ, ૫ ઉપરાંત, ઉપરનું ૬. ઉઘાડું
ઉફાણો, પુ૦ ઉભરો, જોસ (કાઠિ૦)
ઉફાન, ન૦ ઉકળીને ઉભરાવું તે, ઉભરો, જોસ,
ઉફાત, સ્ત્રી૦ ઉડાઉપણું. ૨ ફુંપદ, અહંકાર, મદ, ૩ ખાની ડાક કરવો તે, ગજા ઉપરાંત ખરચ કરીને ખોટો ડોળ દેખાડવો તે
ઉફાદ, સ્ત્રી૦ ઉફાત, જુઓ ૨ અનીતિ ૩. તોફાન મસ્તી [જેવું ઊગી નીકળવું તે
ઉમ, સ્ત્રી૦ ફૂગ કહોવાણ થઇ ધોળું મુવાળાં
ઉમક, સ્ત્રી૦ (સ૦ ઉત્ + વમ્-ઉલટી થવી) ઉછાળો, બકારી, ઉલટી થવા જેવું તે.
ઉમટ, વિ૦ (મ૦) કોહાએલું, ઉબવાળું ૨ ખોરૂં કોહેલા જેવી વાસ મારતું. ૩. ઉતરી ગએલું
ઉબટાણ,સ્ત્રી૦ ઉતરી ગયા જેવી વાસ, ખોરાશની ગંધ ૨ ફૂગ
ઉમટુ, વિ૦ ફૂગ વળી હોય તેવું, વાસી ટાઢું
ઉબડિયું, ન૦ પાપડી વગેરેને માટલામાં ઘાલી ચાકી તે, ઉંધિયું
ઉભડુ, વિ૦ અદુકડુ અદ્ધર બેઠેલું
ઉબલક, વિ૦ ઉપલક, જુઓ
ઉબવું, ક્રિ૦ અ૦ ફુગાવું ઉમ-ફૂગ ચઢવી,ઉતરી જવું, ખોરૂ થઇ જવું
ઉબળ, પુ૦ (હિરડું વણત) અવળો વળ આપવો તે.
ઉભળવું, ક્રિ૦ અ૦ ઉભરાવું, વળી ઉથલી જવો. ૨ કરીને થઇ આવવું (રોગ).

ઉબાડીસાં, ન૦ વારે વારે સળગાવવુ અને હોલવવુ તે ૨ બોયણુ, સળી-સળેકડુ સળગાવી હાથમા રાખવુ તે

ઉબાણુ, અ૦ (ઉદ્ + બાણુ-નિશાન) ચીલે અથવા પડેલા રસ્તે ન જતા આડફટા રસ્તે ચાલવુ તે, ઉન્માર્ગ ૨ બાણુ, હદ બતાવનાર નિશાન

ઉમાન, વિ૦ છાતીવાળુ, નિર્ભય, બહાદુર

ઉબારો, પુ૦ (મ૦) ઉબાળો, જુઓ ૨ માલમતા, ઘરખટલો ૩ ગબારો,

ઉબાળુ', ન૦ ગુમડુ

ઉબાળો, પુ૦ છાણાન કડકા, સરોડા, ઇ૦ સડેલાઇથી સળગે એમ ચુલામા ગોઠવવુ તે ૨ કશો હાથમા માય તેટલુ 'એક ઉબાળો સળગાવો એટલે ઉઘીઉ થશે' ૨ ગરબડ, તોફાન ૩ હોહા, ચર્ચા ૪ બાફ ૫ ઉભરો

ઉબેતર, ન૦ ઉનાળામા કુવાનુ પાણી પાઇ કરેલો પાક ૨ લગ્ન પ્રસગે આવેલા માણુસોને રજા આપવી તે, વિદાયગીરી

ઉબેર, સ્ત્રી૦ હળમા કોશને મજબત બેસાડવાને ઘાલવામા આવતી ફાચર

ઉબેલો, પુ૦ ઝાડે ફરવા જવાની હાજત, અમળાટ, ચૂક

ઉબેળવુ, ક્રિ અ૦ ઉબેળવુ, એક વ ખત વાવવુ ઉખેડી નાખવુ ૨ વળ ઉકલે તેમ કરવુ ૩ ફરીથી થાય તેમ કરવુ, શાત હોય તે તાજુ કરવુ

ઉભટ, વિ૦ જરાક ઉચુ હોય તેવુ, ઉભુ

ઉભડ, પુ૦ મજુર, ૨ સ્થાયી કામ કરનાર નહિ તે, ઉધડીઓ, દાડીઓ

ઉભડ,અ૦અસલ સ્થિતિમા,જેવુ હતુ તેવુજ (કા૦)

ઉભડુ, વિ૦ કાયમ, સ્થાયી

ઉભણી, સ્ત્રી૦ ઘરના પરથારથી તે મેડા સુધીની ઉચાઇ ૨ ઘરની બેસણી

ઉભય, સ૦ (સ૦) બને, બેઉ

ઉભયચર, વિ૦ (સ૦ઉભય-બને + ચર્- જવુ) જમીન તથા પાણી બનેમા ફરનાર-રહેનાર, [ભુજગચર

ઉભયત, અ૦ બને બાજુથી

ઉભયતાં, વિ૦ બને બાજુ બને ભાગમા-તરફ

ઉભયથા, અ૦ બેઉ રીતે, બને રીતે

ઉભયપક્ષ, પુ૦ બને પક્ષવાળા, બેઉ પક્ષ

ઉભયલોક, પુ૦ બેઉલોક,આલોક-ને પરલોક

ઉભયવિધ, વિ૦ (સ૦) બેઉ પ્રકાર-રીતનુ ૨ જે ધાતુ, અકર્મક ને સકર્મક બનેમા વપરાય છે તે 'તે હસે છે, તે તેને હસે છે' તેમા હસ ધાતુ એ ઉભયવિધ છે ૩ બેબોલુ આમ ને તેમ બોલનાર ૪ ઢોગી, કપટી

ઉભયાન્વયી, વિ૦ (સ૦) બે પદ અથવા વાકયને જોડનાર, અને, વળી, ને [બેલુ સધાએલુ

ઉભયાન્વિત, વિ૦ (સ૦ બે તરફથી જોડા-

ઉભયાર્થ, વિ૦ (સ૦) બે અર્થવાળુ, અસપષ્ટ, અવ્યક્ત, દ્વીઅર્થી, બે રીતે કામ લાગે તેવુ

ઉભયાલકાર, પુ૦ (મ૦) જેમા શબ્દાલકાર તેમજ અર્થાલકાર મને આવેલા હોય તેવો અલકાર

ઉભરણુ,ન૦ઉભરાવુ તે, જોસ-આથો ચઢવો તે

ઉભરામણુ, ન૦ (સ૦ ઉદ્+ભૃ-ભરવુ) ઉભરો, જોસ ૨ ઉભરાઇને બહાર નીકળી ગએલુ તે

ઉભરાવુ, ક્રિ અ૦ ઉભરાઇ જવુ, ખદખદવુ, ગરમીના જોરથી ઉચુ આવવું ૨ ઉકળવુ ૩ ન માવુ, ન સમાવુ 'કીડીઓ ઉભરાઇ છે'

ઉભરો, પુ૦ ઉચુ આવવુ તે, ઉભરણુ ૨ જોસ ગુસ્સો, ઉછાળો ઉભરો આવવો—ખદખદવુ ૨ લાગણી થઈ આવવી, મનનો જુસ્સો ઉકળવો ઉભરો બેસવો—ઉભરાતુ શમી જવુ ૨ શાત થવુ જુસ્સો નરમ પડવો, ઉભરો કાઢવો —જેટલુ કહેવા લડવાનુ હોય તે કહી શાત પડવુ

ઉભરાવુ, ક્રિ૦ અ૦ વળી પાછુ બીજીવાર થવુ (રોગ) ૨ અદરથી પાછુ બહાર આવવુ,નીકળી આવવુ ૩ ઉમળવુ

ઉભાઉભા, અ૦ તુરતાતુરત,તાકીદે,ઝટ,એકદમ

ઉભાઉભ, અ૦ ઉભાઉભા, એકદમ, ઝટપટ ૨ ખડેપગે હોય તેમ, અવિશ્રાત

ઉભાર, વિ૦ વજનમા થોડુ છતા દેખાવુ ઘણુ તે, બહારનો દમામ ઢોગ, ખોટુ મોટાપણુ 'રૂ વાસનુ વજન થોડુ પણ ઉભાર ઘણો' ૨ ઢોકેલો દેવના ઉત્રાડનો તે

ઉબારીઆ, પુ૦ લામ ભર્યા વગરની પોની ઘુઘરીઓ
ઉબાળ, વિ૦ ઉબેડુ, ડાઘ પડતુ
ઉબી ાંધ, સ્ત્રી૦ (મ૦) બેનમાનો વડેચા વગરનો ખડકી મૂકેલો કણુમના સોનો પાક
ઉબેડું, વિ૦ઉજુ હોય તેવુ,ડાઘ પડતુ ન હ તેવુ
ઉભેતાં, અ૦ ઉભયતા, મઉ નરક
ઉભેળવુ, ક્રિ૦ અ૦ ખેતરમા અનાજ ઓર્યા પછી ફરીથા ખેડી તેમા બીજીવાર અનાજ ઓરવુ તે
ઉભેગવું, ક્રિ૦ સ૦ કરડ કરી ૨ વણેતુ ઉકેલવુ ૩.દબાઇ ગએલી વાત પાછી અર્થી કાઢવી ૪. ભેળવવુ, ઢારો પાસે ખવરાવી મૂકવુ
ઉભેગો, પુ૦ અડધી ખડાએલી ડાગર, કરડ
ઉમગવુ, ક્રિ૦ અ૦ ઉદ્‌ભવવુ, ઉત્પન્ન થવુ "આનદ ઉમગ્યોરે, નમતા મુખ ભમ રામે રામ"
ઉમંગ, પુ૦ (સ૦) આનદ, હર્ષ, ખુશી ૨ હોંસ, ઉલટ, ૩ ઇચ્છા
ઉમંગી, વિ૦ ઉમગવાળુ,હોસીલુ ઉત્સુક,આતુર
ઉમટવુ, ક્રિ૦ અ૦ ફળવુ ઉતરવુ
ઉમડ ઘુમડ, અ૦ ઘુમટ જેવુ છવાઇ રહેલુ
ઉમડીઉં ન૦ ઉમડીઉં. [વગરનુ, સુદર
ઉમણુ, વિ૦ (સં૦ ઉદ્-ઉચુ+મણા-ભૂલ)ભૂલ
ઉમદું વિ૦ (આ૦) ઉત્તમ, શ્રેષ્ઠ, સૌથી સરસ, તોફે, ઘજ
ઉમયા, સ્ત્રી૦ ઉમા પાર્વતી, જગદબા
ઉમર સ્ત્રી૦ (આ૦) ઉમ્મર, વય
ઉમર, પુ૦ ઉમરો ૨ ઉદુમ્બર
ઉમરખ, પુ૦ અભિલાષ, હોસ, ખુશી
ઉમરડો, પુ૦ ઉદુબરનુ વૃક્ષ, ઉમરો [મરદાર
ઉમરાવ, પુ૦(આ૦)અમીર, શ્રીમન્ત,મોટા લોક,
ઉમરાવજાદી સ્ત્રી૦ અમીરની દીકરી-કન્યા
ઉમરાવજાદો,પુ૦અમીરનો છોકરો,મોટો માણસ
ઉમરો, પુ૦ (ઉદુંબર) ઉમરડો ૨ આગણુ ઘરનો આગલો ભાગ ૩ બારણાની બેસાખ સાથે જમીનમા બેસાડેલું લાકડાનુ ગચ્ચુ-પાટીઉ ઉમરો ઓળંગવો—ઘરની બહાર જવુ ૨ પરદેશ જવું. ઉમરા ઠેકવા—(વગર કામે) ઘેર ઘેર ભટકવું.ઉમરો ઉખડી જવો—વાણીઆ થવુ, વશ જવો ઉમરો ખોદી નાખવો—વાર વાર આવવુ ઉમરો તજવો—આવવુ બધ કરવુ
ઉમલવુ, ક્રિ૦ અ૦ (સ૦ ઉ +મીલ્ મળવુ) વિયાવાનો સમય થવો (ઢોરને) ૨. ખીલવુ, ઉઘડવુ (ફૂલની કળી) ૩ ભૂકો થવો, ફીસ જવુ (બળીચૂનો)
ઉમલેટીઆ, પુ૦ ચીમટીઓ ચુટીઓ ૨ મલીપચી કરવી તે (કાઠિ)
ઉમસ, સ્ત્રી૦ મૂર્ચ્છા, વાઇ ફેફરૂં (સોરઠ.)
ઉમળકે, પુ૦ પ્રેમનો ઉભગો, હેતનો આવેશ. ઉમળકા ઉમળકે-ખરો પ્રેમ ઉમળકો આવવો—પ્રેમનુ ઉભરાવું હેતનો ઉભળો આવવો
ઉમા, સ્ત્રી૦ (સ૦) શિવની પત્ની પાર્વતી ૨ કાંતિ ૩ કીર્તિ [ઉમાડીઉ, અમિકાન
ઉમાડ,પુ૦(સ૦ઉદ્‌+ધુપ) બળતું લાકડુ; ખોયણુ; માડા, વિ૦ મોના મગેના, ચીઠીમાં "ઘુમખા અથવા ઉમાડા જેવા નિંદક કરતા બીજુ કોઇ ખરાબ નથી "-કુ૦ કા૦
ઉમાડીઉ ન૦ ખોયણુ બળતુ લાકડું.
ઉમાપ, વિ૦ ઘણુ અમર માપે
ઉમાર્ગ, પુ૦ અવળો-અનીતિનો માર્ગ કુમાર્ગ.
ઉમામાહેશ્વર, ન૦ (મ૦)મરી ગએલાને નામે સ્ત્રીપુરુષના જોડાને જે જોડા લુગડા દાન આપવામા આવે છે તે [૨ ઉમગી હોસી
ઉમાલો, વિ૦ ઉદાર, સફરી, ખરચાળ, લહેરી.
ઉમેદ, સ્ત્રી૦ (ફા૦) આશા ઇચ્છા, હોંસ ૨. ભરોસો ઉમેદ બર આવવી—ઇચ્છા ફળીભૂત થવી, વાચ્છેલુ મળવુ ઉમેદ રાખવી—આશા કરવી, ઇચ્છા કરવી-રાખવી. ઉમેદ હાસલ થવી—ઇચ્છા પૂરી પડવી
ઉમેદવાર,પુ૦(ફા૦)ઉમેદ રાખનાર.૨ માન- નોકરીની આશાથી કામ કરનાર,નવો કામ શીખનાર.
ઉમેદવારી સ્ત્રી૦ ઉમેદ રાખવી તે ૨ આશાએ કામ કરવુ તે ૩ નોકરી માટે શીખવુ તે.
ઉમેરણ, ન૦ ઉમેરો, વધારો ૨ મેળવણ, જે ઉમેરવાનુ હોય તે. [૩ ચઢાવો,ઉમેરવું તે
ઉમેરણી, સ્ત્રી૦ વધ; વધારો.૨. ભેળ; મેળવણી.

ઉમેરવું, ક્રિ૦ સ૦ (સં૦ ઉન્+મીલ્) જે હોય તેમા બીજુ મૂકવુ, વધારવુ, મેળવવુ ૨ ઉશ્કેરવુ, ચઢાવવુ. [૨ મેળવણી, પુરતી

ઉમેરો, પુ૦ ઉમેરેલુ વગરેલુ તે, વધારો, વધ

ઉર, ન૦ (સ૦) હૃદય છાતી, દીલ ૨ લક્ષ ધ્યાન ૩ કાળજુ

ઉરગ, પુ૦ (સ૦ સાપ સર્પ 'જાઓને ઘેર, વાટ પેલી જુવે છે, દેખી મારે અંતર ઉરગ ડસે છે' દય૦ ૨ એક જાતનો કીડો ૩ અશ્લેષા નક્ષત્ર

ઉરજ, ન૦ સ૦ ઉર્(-છાતી+જન્(-જન્મવુ) હૃદય ૨ છાતી ઉપરની, સ્તન ૩ ...

ઉરઝવુ, ક્રિ૦ અ૦ લટકવુ 'અગ અગ ઉરઝી અમળાને આગ્રણ દિન દુકુન'

ઉરઝાવુ, ક્રિ૦ અ૦ ગુચવાવુ મુઝાવુ

ઉરણીકૅ, વિ૦ ગુણુ ઓશિગણુ ઋણમુક્ત

ઉરદુ, વિ૦ હિંદી અને ફારસી ભાષાના મિશ્રણવાળી ભાષા, મુસલમાની ભાષા

ઉરફે, અ૦(આ૦ ઉર્ફ ,બીજેનામે, અથવા તો ૨ અગર, કિવા

ઉરમંડળ,ન૦ સ૦)છાતી, વક્ષસ્થળ, હૃદય મંડળ

ઉરમાળ, સ્ત્રી૦ (સ૦) છાતી ઉપર લટકતી માળા, ફૂલનો હાર [વહાલ

ઉરરાગ, પુ૦ (સ૦) મનનો પ્રેમ, હૃદય ભાવ,

ઉરવર, ન૦ સ૦ ઉર્વારુ) કમળકાકડી

ઉરવલ્લી, સ્ત્રી૦ નાભીની ઉપર જતી ઝીણા રૂવાડાની જે વેલ રૂપી હાર તે ૨ ત્રિવલીની પેટ પર પડતા ચામડીના વાટા

ઉરશ, પુ૦ બદનામ, બદામોઈ નામોશી ગીબત

ઉરસ, પુ૦ ઔરસ,પરણેલી સ્ત્રીનો પુત્ર ૨ ઓરસ

ઉરસ્ત્ર ન૦ છાતીનુ બખતર

ઉરાડવુ, ક્રિ૦ સ૦ ફેકવુ ઉછાળવુ ૨ હવામા તરાવવુ, ચગાવવુ (પતગ) ૩ છૂટકની દેવુ કાપી નાખવુ "ઉરાડી મુકયા શોર ઢીંગલા,જેમ વાવ ઓકડા હણે"—**પાણીપત** ૪ અનોપ કરવુ, ગેબ કરવુ ૫ વેડફી નાખવુ,ખરચી નાખવુ વાપરવુ ૬ ચાપીને ખાવુ, ૭ પાયમલ કરવુ, તોડીફોડી ભાગી નાખવુ ૮ ખસેડવુ, દૂર કરવુ

ઉરૂ, વિ૦ મોટુ ૨ વિશાળ ૩. ઘણુ, ઝાઝું.

ઉરૂબરૂ, અ૦ (ફા૦ રૂ-મોં+બ-સુધી) સામે, હજુરાહજુર, સન્મુખ, સમક્ષ

ઉરોજ, ન૦ (સ૦) સ્તન

ઉર્વારુ, સ્ત્રી૦ (સ૦) કાકડી [મધ્ય ભાગ

ઉર્વી, સ્ત્રી૦ (સ૦) પૃથ્વી, ભૂમિ ૨ આત્રનો

ઉલ, સ્ત્રી૦ ઓલ જીભ ઉપરનો વાળી મેલ.

ઉલક, સ્ત્રી૦ ઉલટી, વમન ૨ ઉબકો

ઉલક, ન૦ એકાએક મોટો ઉત્પાત જેથી ઓચીતા દોડાદોડ કરી ગભરાટ ઉપજે તે

ઉલેડો, પુ૦ અડધ્ય કોપરી કાઢી સાફ કરેલુ જે સુકુ નાળિએર તે ડોડો

ઉલચવુ, ક્રિ૦ (પ્ર૦ સ૦ ઉદ્+ચલ્) ઓળગવુ ફાળી જવુ ઉલ્લંઘન કરવુ નાપવુ અનાદર કરવો

ઉલટ, સ્ત્રી૦ ઉમેદ, હોંસ આતુરતા ૨ ઉમગ "એમ કહી રાણી નીસર્યાં, ઉલટ ન માય અગ" ૩ પાછુ ફરવુ તે, ઉલટાવુ તે

ઉલટપાલટ, સ્ત્રી૦ ઉથલપાથલ અવળાસવળી ૨ અવ્યવસ્થા, ગોટાળો [હેરફેર ઉલટુસુલટુ

ઉલટપુલટ,વિ૦ આડુ અવળુ,ઉધુચતુ,૨ આમતેમ

ઉલટભેર, અ૦ હોંસથી ઉમગથી ખુશીથી

ઉલટવુ,ક્રિ૦ અ૦ અવળુ થવુ ૨ જોરમા ધસી આવવુ મડી પડવુ ૩ સામા થવુ,મારવા મડવુ

ઉલટસવાલ, પુ૦ ઉલટપાલટ સવાલ પૂછવા તે તપાસણી, સામાવાળાના વકીલની તપાસણી

ઉલટસુલટ, વિ૦ ઉલટપાલટ, અવળાસવળી

ઉલટાણી, સ્ત્રી૦ અંદરની બાજુનુ ચામડુ બહાર લાવવાનુ મોચીનુ ઓજાર

ઉલટાવવુ, ક્રિ૦ સ૦ હોય તેને ફેરવવુ, ઉંધુ કરવુ ૨ ધમારો કરાવવો ૨ ફેરવી નાખવુ ૩ બદલવુ, [ફરી કરવુ

ઉલટી, સ્ત્રી૦ ઓકારી, વમન

ઉલટુ વિ૦ અવળુ, ઉંધુ ૨ આડુ વિપરીત ૨ ખોટુ,જુઠુ ૩ સામુ 'ઉલટો ચોર કોટવાળને દંડે' ૪ બીજી તરફનુ સામા પક્ષનુ, વિરૂદ્ધનુ

ઉલટી ગંગા વહે છે—અન્યાય થાય છે

ઉલફત, સ્ત્રી૦ (આ૦) પ્યાર, દોસ્તી, મોહબત, ઇખલાસ

ઉલવું, ક્રિ૦ અ૦ ઉનળી જવું, નમી જવું, ઉભું થવું, આગલી બાજુથી ઉચકાઇ જવું ૨ બંધ પડવું, કમી થવું, ખૂટી જવું

ઉલસવું, ક્રિ૦ અ૦ (સ૦ ઉત્+લસ્-નાચવું) ઉલ્લાસમથી ઉમંગાવું હરખાવું ૨ ખીલવું પ્રસન્ન થવું વર્તવું ૩ ફુરવું, ૪ પ્રકાશવું પ્રકટ થવું

ઉલળવું, ક્રિ૦ અ૦ પાછળ ભાર વધારે થવાથી આગળથી ઉંચું થવું નમી જવું ઉથલવું ઉનવું ૨ ઉછળવું ફૂદકો મારવો ૩ જતું રહેવું નાશ પામવું 'મારે જોવાનું સુખ ગયું ઉનળીરે,'–દયા૦

ઉલાયો, પુ૦ આંચકો ધક્કો [ઉનળવું તે

ઉલાળ, સ્ત્રી૦ ઓગળવું તે ૨ ઉંધું વળી જવું તે,

ઉલાળગુલાંટ, સ્ત્રી૦ એક જાતની કસરતની રમત ૨ ઉનટી ગોથ

ઉલાળ, ન૦ સમતોલ ન રહેતાં ઉંચું રહેવું તે એક તરફના વધારે વજનથી નમી પડતું હોય તેવું, ઉનળતું

ઉલાળો, પુ૦ અલાયો, વલાયો રૂપીઆનો આંકડો લખ્યા પછી) કરી આના લખાય છે તે, ૩)॥

ઉલાળવું, ક્રિ૦ સ૦ ઉંધું કરવું ઉનળે તેમ કરવું આગળથી ઉંચું કરવું ૨ બંધ કરવું કાઢી નાખવું "દુકાન ઉલાળી મૂકી"

ઉનાળાકુચી, સ્ત્રી૦ લોઢાનો એક છેડેથી વાળેલો મોટો આકડો, જેથી બારણાનો ઉનાળો ભરાઇ ઉંચો થઇ બારણું ઉઘડે છે તે

ઉલાળીઓ, પુ૦ ઉલાળો. ૨ સ્ત્રીઓનું એક જાતનું ઘરેણું (કાઠિ૦) ૩ ફૂદકો (ભાવનગર

ઉલાળો, પુ૦ (દ૦ દે૦ ઉલ્લાલો) આગળો, અટકણીઓ, બારણાં બંધ કરવાનો લાકડાનો ખીલો ૨ ઉથલો, વમણ ૩ ઉમંગી, ઉછાળો, ઉકાટો

ઉલૂક, ન૦ (સ૦) ઘુવડ

ઉલૂખલ, પુ૦ ખાડણીઓ ૨ ગુગળ

ઉલેચ, પુ૦ ટાઢોડીઉ, રૂમાલ

ઉલેચવું, ક્રિ૦ સ૦ ઉચેડવું, ઉસેડવું, ઓછું કરવું

ઉલેચણો, પુ૦ જે વડે પાણી બહાર કાઢી નખાય તે

ઉલેચો, પુ૦ ચંદરવો, છત

ઉલેર, વિ૦ ઉંચું વધવાના લક્ષણવાળું, ઉંચું

ઉલ્કા, સ્ત્રી૦ રેખાના આકારે પડતો તેજનો ઝબકો; આકાશ અગ્નિ ૨ મશાલ, કાકડો; ઉબાડીઉં. ૩ ખરતા તારાનું તેજ

ઉલ્કાપાત, પુ૦ (સ૦ ઉલ્કા+પત્ પડવું) એકાદ મોટો અનર્થ, ઉત્પાત

ઉલ્લંઘ, વિ૦ ઉંચું વધવાપણું ઉલેર

ઉલ્લંઘન, ન૦ (સ૦) ઓળંગવું તે કૂદીને ઉપર થઇને જવું તે, અતિક્રમ ૨ ન માનવું તે, અનાદર કરવો તે ૩ આડે રસ્તે જવું તે ૪ અપરાધ, દોષ અત્યાચાર [૨ ખીલવું, પ્રકાશવું.

ઉલ્લસવું, ક્રિ૦ સ૦ ઉલ્લાસ પામવો, હરખાવું

ઉલ્લળણ, ન૦ સમતોલ ન રહેવું, નમેલું ઉનળી જાય તેવું ૨ ગાડા ઉનળી જાય તેવો ઢોળાવ.

ઉલ્લાસ, પુ૦ (સ૦) હર્ષ, આનંદ સંતોષ ૨. કોડ.

ઉલ્લાસી, વિ૦ ઉલ્લાસવાળું, આનંદી કોડીલું.

ઉલ્લાળ, વિ૦ ન૦ ઉનળી નમી જાય તેવું.

ઉલ્લોજવું, ક્રિ૦ અ૦ નીચું નમી જવું લચી જવું ૨ મંદ પડવું ઢસી જવું 'હવે કેરીઓ ઉલ્લી ગઇ'.

ઉલ્લૂ, વિ૦ મૂર્ખ, ગમાર, બેવકૂફ અડબંગ.

ઉલ્લેખ, પુ૦ (સ૦) કહેવું તે, વર્ણન વિવેચન. ૨ પ્રયોગ, પ્રમાણ નિયમ ૩ એક જાતનો અલંકાર. ૪ લખાણ લેખ, લખત [રવું; નખવું

ઉલ્લેખવું, ક્રિ૦ સ૦ લખાણ કરવું, ૨. કોત-

ઉલ્હાવવું ક્રિ૦ સ૦ ખુશીમાં રાખવું, મોજ કરાવવી, લડાવવું ૨ ઝુલાવવું

ઉવટ, સ્ત્રી૦ આપદા, પીડા ૨ અડચણ, મુશ્કેલી

ઉવટણ, ન૦ સુગંધી પદાર્થ શરીરે ચોળવો તે ૨ શરીરે ચોળવાનાં સુગંધી દ્રવ્યો

ઉવટણો, પુ૦ નિશા ઉપરનો પત્થર, બત્તો ૨ ઉઠ-કવામાં વપરાતી ચીજો ૩ શરીરમર્દન માટેનાં દ્રવ્યો

ઉવાટ, ન૦ અવળો માર્ગ, આડો રસ્તો.

ઉવેખ, પુ૦ અનાદર, ઉપેક્ષા

ઉવેખવું ક્રિ૦ સ૦ (સ૦ ઉત્+ઈક્ષ્–ધિક્કારવું) ઉખેડવું, ઉપાડવું ૨ ઉપેક્ષા કરવી, દરકાર ન કરવી 'હમે તે વારૂ વર વર્યા, બાઇ કુળકુટુંબ ઉવેખીરે'–ગીત. ૪ હલકું ગણવું, તુચ્છ માનવું "પ્રભુને ભજે પણ પતિને ઉવેખે, તે નારીનો

"જન્મ જાએ અલેખે" ૫ સાંખવુ ખમવુ 'કાના ચૂલ્લા ક્રોડ કરાવે, ઉવેખી કેમ જાએ " ૬ લોપવુ, અનાદર કરવો, ન ગણકારવુ "વચન ઉવેખુ તાતનુ, ધિક પડગો અવતાર ' ૬ આગળ ધરવુ સુવાસ પ્રસારવો "કસ્તુરી કેશર છટાણા અગર ધૂપ ઉવેખાણા "

ઉશાપ, પુ૦ શાપને બદલવો તે, અનુગ્રહ કરવો તે

ઉશીકું, ન૦ (ઉત્ + શિર)માથા નીચે મૂકવાનો તકીઓ, ઓસીકુ

ઉશીંઉં, ન૦ દાતરડુ

ઉશીર, પુ૦ (સ૦) વીરણના વાળા

ઉશેટવુ, ક્રિ૦ સ૦ ફેકી દેવુ નાખવુ

ઉશ્કેરણી, સ્ત્રી૦ ઉત્તેજન, શિખવણી, પ્રેરણા સળી ૨ મદદ, સાસણી

ઉશ્કેરવું, ક્રિ૦ સ૦શિખવણી કરવી સળી કરવી પ્રેરવુ ઉત્તેજન આપવુ, ચઢાવવુ

ઉશ્વાસ, પુ૦ (સ૦) શ્વાસ ઉચ્છ્વાસ

ઉષ:કાળ, પુ૦ (સં૦ ઉષ્-બળવુ+કાળ) પ્રભાતનો સમય, અરૂણોદયનો સમય પરોઢ

ઉષા, સ્ત્રી૦ (સ૦) મળસકુ, પરોઢીઉ, પ્રાતઃકાળ, પ્રભાત જે વખતે નક્ષત્રની કાંતિ ક્ષીણ થાય છે તે કાળ ૨ ઉષર ભોય,ખારી જમીન ૩ ગાય ૪ સવાર, મધ્યાન અને સાંજ એ ત્રણ સંધ્યા ૫ બાણાસુરની પુત્રી ઓખા

ઉષ્ણ, વિ૦ (સ૦) ગરમ, તપેલુ

ઉષ્ણકટિબંધ, પુ૦ (સ૦ ઉષ્ણ + કટિ-કેડ+ બંધ)વિષુવવૃત્તથી ૨૩।। અંશ ઉપર ને ૨૩।। અંશ નીચેનો પ્રદેશ તે ૨ એ પ્રદેશની પેલી બાજુ સૂર્યનુ કિરણ નથી એ ઠેકાણે જેટલો તાપ પડે છે તેટલો પૃથ્વીના બીજા કોઈપણ ભાગમા પડતો નથી

ઉષ્ણતા, સ્ત્રી૦ (સ૦) ગરમી, તાપ, ઘામ ૨ અગન, બળતરા તપારો

ઉષ્ણતામાપક વિ૦ (સ૦) ગરમી માપનાર

ઉષ્ણાંશુ,પુ૦(સં૦) સૂર્ય,જેનાં કિરણો ગરમ છે તે

ઉષ્ણોદક, ન૦ ઉનુ પાણી

ઉસ, સ્ત્રી૦સેલડી ૨ પુ૦ લુગડા ધોવાનો ખાર

ઉસકેડવું, ક્રિ૦ અ૦ ઉસેડવુ, જુઓ

ઉસપવુ ક્રિ૦ સ૦ હોડીમાથી પાણી ઉલેચવું ૨ (મ૦) ખાલી કરવુ, ૩ મ્યાન કઢવુ

ઉસરડવુ, ક્રિ૦ અ૦ ઉસેડવુ ભેગુ કરવુ સાભરવુ ૨ ઉલેચવુ ૩ વાળીઝાડી સાફ કરવુ [ટાંડો

ઉસરણ,ન૦(ઓસરવુ) ઓછુ થવુ તે,ઉતારો, ઘ-

ઉસરપાગ, પુ૦ પાયમાલી, નાશ, ક્ષય, વિનાશ

ઉસરવુ, ક્રિ૦ અ૦ નાશ થવો, પાયમાન થવુ. ૨ ઓસરવુ, ઓછુ થવુ ઉતરવુ ૩ કમી થવુ, ઘટી જવુ ૪ ટળવુ જતા રહેવુ

ઉસવણું,ન૦ખારવાળુ પાણી (ધોવામા વપરાય છે)

ઉસારવુ, ક્રિ૦ સ૦ ઉપાડવુ ઘસીને ઉપાડી લેવુ "ચંદન ઉસારવુ "

ઉસંગીખેડુ, પુ૦ ઉપરવાડીઓ-ભાડુતી ખેડુ

ઉસેડવુ, ક્રિ૦ સ૦ ભેગુ કરવુ, સાભરવુ, એકઠુ કરવુ "મને આડે હાથે પસા ઉસડવા પસંદ ન હતા "૨ સારી ફેકી દેવુ એઠવાડ, કચરો વગેરે) ૩ સપાટ ખાઈ જવુ

ઉસવણુ, ન૦ ઉસવણું, જુઓ

ઉસેવવુ, ક્રિ૦ અ૦ લુગડાને ખારવાળા ઉકળતા પાણીમા ઘોઈ નાખવુ બાફ આપવો ૨ વવાગનુ પાણી કાઢી નાખવુ (ભાત સેવો, ઈ૦નો).

ઉસ્તવાર,વિ૦ (ફા૦) જોરાવર, મજબુત ૨ વાહિયાત માર ફરે નહિ તેવુ દૃઢ, ૩ છાતીવાળુ

ઉસ્તવારી, સ્ત્રી૦ મજબુતી કૌવત ૨ દૃઢતા

ઉસ્તાદ પુ૦ (ફા૦) મહેતાજી, શીખવનાર,ગુરુ ૨ કામેન નિપુણ પહોંચેલુ પક્કુ, ખધુ.

ઉસ્તાદી, સ્ત્રી૦ શિક્ષકપણુ ૨ કામેહિશયન,નિપુણતા ચતુરાઈ ૩ પક્કાઈ, ખદાઈ ૨ યુક્તિ, કારીગરી દાવપેચ ચનાવનાપણુ. [ણિઓ.

ઉહુખણો,પુ૦ (સ૦ઉલુખલ) ખાડણીઓ, ખા-

ઊ

ઊ, પુ૦ (સ૦ છઠ્ઠો મૂળાક્ષર, ત્રીજો ઓષ્ઠસ્થાની દીર્ઘસ્વર ૨ સ્ત્રી૦ (મ૦) જુ

ઊંઘ, સ્ત્રી૦ પ્રાણી માત્ર કામકાજથી થાકી જઈ બહારનો વ્યવસાય છોડી દઈ આંખો મીચી જે આરામ લે છે તે, અને પોતાની આસપાસ શું બને

છે તેનુ તેને ભાન નથી હોતુ તે સ્થિતિ, નિદ્રા ઊંઘથી શરીર તથા મનનો થાક ઉતરી જાય છે અને સુખ થાય છે, તેમ તાજા ને શક્તિવાન થવાય છે ઊંઘ આહાર ને આળસ એ વધાર્યા વધે છે ૨ અજાણપણુ અજ્ઞાન, ૩ અંધારૂ ૪ આળસ ૫ જપ **ઊંઘમા** જવુ—અજાણપણામા ખોવુ, ગફલત થવી, નિર્થક જવુ **ઊંઘમા** ઊંઘવુ—(તદ્દન) અજ્ઞાનપણામા રહેવુ ઊંઘમાથી ઊઠવુ—જાગવુ ૨ જાણીતા થવુ ૩ અજ્ઞાનપણુ તજવુ ઊંઘતાનો પાડો ને જાગતાની પાડી —સાવચેત નર સદા સુખી, સાવધાનીના ફળ સારા

ઊંઘણસી, વિ૦ લાંબા વખત સુધી ઊંઘનાર, ઊંઘાળવુ ૨. સુસ્ત, આળસુ, એદી

ઊંઘવું, ક્રિ૦અ૦ નિદ્રા કરવી ઊંઘ લેવી, આરામ કરવો ૨ આળસમા—અજાણમા રહ્યા કરવુ

ઊંઘાડવુ, ક્રિ૦ સ૦ ઊંઘે તેમ કરવુ, જંપાડવુ ૨ પડતુ મૂકવુ શાંત પાડી દેવુ

ઊંઘાળવુ, વિ૦ ઘેઘણસી સહેજમા ઊંઘીજનાર

ઊંઘેટુ, વિ૦ ઊંઘવાળુ

ઉંચી, સ્ત્રી૦ બે તારના છેડા સામસામા સાથે મૂકી જે આમળો વાળેલો તે (તાણીઆના કામમા)

ઊંચુ, વિ૦ (સ૦ ઉચ્ચ) માધારણ સપાટીથી ઉભા આકારમા ઘણુ લાંબુ હોય તે (નીચાથી ઉલટુ). **ઊંચા નીચા** પાસા નાખવા—આડુ સમજાવી ભમાવવુ, છક્કો પંજો રમવો. દાવ પેચ રમવો **ઉંચી** આખ કરવી—આખ ઠેરવીને સામુ જોઈ શકાવુ ૨ સામે થવા હીંમત ધરવી **ઊંચી** મૂછ રાખવી—ગર્વ ધરવો, ટેક રાખવો, ૨ ઉપર હાથ રાખવો **ઊંચુ** આવવુ—ચઢવુ, ફૂલવુ ૨ આબાદ થવુ બીજા કરતા વિશેષ ચઢીઆતુ થવુ, **ઊંચુ** ચઢવુ—ઉંચી પાયરીએ ચઢવુ ૨ ફૂલાવુ મગરૂર થવુ **ઊંચુ** ઉચુ ચાલવુ—ઝપાટામા ચાલવુ ૨ રોફભેર ચાલવુ **ઊંચુ** નીચુ થવુ—તલપાપડ થવુ—અધીરા થવુ ઉચુ માથુ કરવુ—પદ્ધિ—સુખમા ચઢીઆતાપણુ જણાવવુ, સાંગી હાલતમાં આવવુ ૨. કામમાથી ફરાગત થવુ ઉચુ મૂકવુ—કોરે મૂકવુ, સતાડવુ. "તેણે અડધોઅડધ માલ ઉંચો મૂકયો છે" ૨ ચોરવુ, છૂપાવવુ ૩ વિસારે મેલવુ 'તેણે ભણવાનુ ઉચુ મૂકયુ' ૪ અનાદર કરવો, ન ગણકારવુ ઉંચો નીચો હાથ પડવો—ચોરીથી મેળવવુ, ઉધાચતા કરી સારી પેઠે કમાવુ

ઊંટ, ન૦ (સ૦ ઉષ્ટ્ર) લાંબી ડોકનુ ને પીઠપર ઢેકાવાળુ એક ભારબરદારી ચોપગુ પ્રાણી રેતીના રણમા એજ પ્રાણી ચાલી શકે છે. (નર ને ઊંટ, ને માદા ને ઊંટડી—સાઢણી કહે છે) **ઊંટ** મેલે આકડો ને બકરી મેલે કાકરો—જે મળ્યુ તે ખાવુ, જે આવ્યુ તે ખાખા કરે તેવુ **ઊંટે** ચઢી ગમે તે વખતે, બધાના દેખતા ઉંટે ચઢીને ઊંઘવુ ને મસારીને નામુ લખવુ—એ બે મૂર્ખાઈનુ કામ છે **ઊંટડો** કેણી તરફ બેસશે—પરિણામ શુ આવશે? કેવુ ફળ નિપજશે? **ઊંટે** કર્યા ઢેકા તો માણસે કર્યા કાડકા—સીધી રીતે ન મારનારને આડી રીતે મનાવવા જે ગોઠવણ કરી તે **ઊંટ** મરે ત્યારે માળવા (મારવાડ) સામુ જુએ—ભુવો ધુણે ત્યારે ઘર તરફ નાળિયેર નાખે **ઊંટ** આગળ કરવું—(કિલ્લો કે ગઢ લેતા ઊંટ આગળ રાખી હાથી પાસે ધક્કો મરાવે છે જેથી ઊંટ મરી જાય છે અને હાથીના ધક્કાને જોરે કિલ્લાના બારણા તૂટી પડે છે તે ઉપરથી) કઇ કામ હોય તો બીજાને આગળ કરવો.

ઊંટકટે, પુ૦(સ૦ ઉષ્ટ્રકટા) એક જાતની વનસ્પતિ

ઊંટડી, સ્ત્રી૦ સાઢણી, ઊંટની માદા ૨ સોનીનુ એક ઓજાર

ઊંટવૈદ, ન૦ બેઆગુ વૈદ્ય **ઊંટવૈદુ**—રાક્ષસી દવા.

ઊંટડો, પુ૦ ભારે વજન ઉંચકવાનો, ઉતારવાનો અને ખસેડવાનો સંચો, ક્રેન ૨ નર ઊંટ ૩ હડો ૪ ઉંચો માણસ ૫ ટેકો

ઊંટીઓ પુ૦ ઊંટ જેવો ઊંચો તે ૨ સુસ્ત માણસ, મૂર્ખ. 'ઉડી ન શકે રે, એક ઊંટીઓ, બહુ બોલાવ્યા બાજ દજી'.

ઊંટીઊંજીરૂં, ન૦ એક જાતનું જીરૂં, ઓથમીજીરૂં

ઊંહ, અ૦ દુઃખ અને ગર્વનો એક ઉદ્ગાર
ઊંહું, અ૦ નકારસૂચક ઉદ્ગાર
ઊંહું, ન૦ મમત્વ,અભિમાન ૨ આડાઇ,હઠિલાઇ 'કણબી કેડે કોડ, પણ ઊંહુંનુ એમડ નહિ '
ઊખર, વિ૦ (સ૦ ઊષર) ખારવાળી, ખારી (જમીન 'વાવ્યા નર વાવ્યા પાઠા, ઊખરના ખેડીઆ—વલ્લભ '
ઊછલવુ, ક્રિ૦ અ૦ (સં૦ ઉત્+લપ-હરખાવુ) ઘોડે ચડી પરણવા જવુ તે ૨ ઉલ્લાસમેર—હરખાતા હસતા નીકળવુ ૩ છનકાવુ, ઉપર થઇને નીકળી જવુ
ઊછલાવવુ, ક્રિ૦સ૦પરણાવવુ ૨ ઊછલે તેમ કરવુ
ઊછાળો, પુ૦ પરણનારને ધામધુમ સાથે ઘોડે ચઢાવવો તે [જવુ દૂધ આવતુ બંધ થવુ
ઊચીજવુ, ક્રિ૦ દૂધ દેતા બંધ થવુ, દૂધનુ ઊડી
ઊટ, વિ૦ સાડાત્રણ
ઊટવુ,ક્રિ૦અ૦ઉટવુ, જુઓ [માથાકુટ, પંચાતી
ઊઠવેઠ, સ્ત્રી૦ ચાકરી સેવા માગવાગ ૨ મહેનત,
ઊઠ, ન૦ વીસ આંકમાનો સાડાત્રણનો એક આંક
ઊડાડવુ, ક્રિ૦ સ૦આશ્રિત કરવુ ઉડે તેમ કરવુ
ઊડણ, વિ૦ ઉડતુ ૨ ઉછળનાર કૂદનાર ૩ હવામા ચાલનાર જેથી આકાશમા ફરાય તેવુ
ઊડણરોગ, પુ૦ઉડીને બીજાને થાય તેવો વ્યાધિ
ઊડવુ, ક્રિ૦ અ૦ ઉડવુ, જુઓ
ઊઢ, વિ૦ (સ૦) પરણેલુ
ઊઢા, વિ૦ (સ૦)પરણેલી નવોઢા—નવી પરણેલી
ઊણનાર, વિ૦ તુનવાનુ કામ કરનાર તુનારો
ઊણપ, સ્ત્રી૦ કમીના, કસર, ઘટ, ઓછ ૨ હલકાશ, ગૌણતા ૩ ભૂલ, ચૂક
ઊણમ, સ્ત્રી૦ ઊણપ, જુઓ
ઊણવુ, ક્રિ૦ સ૦ (સ૦ ઊન) તુનવુ, તાણા વાણાના તૂટી ગએલા તાર મેળવી વણાટ જેવુ કરવુ
ઊણાશ, સ્ત્રી૦ ઘટ, કમીપણુ, કસર,
ઊણુ,વિ૦(સ૦ઊન) ઓછુ, કમી, ન્યૂન ૨ અધુરૂ
ઊરૂ, ન૦કુવાને લગતો ખાડો, ઓલાણ
ઊરૂ, પુ૦ ઝાંઘ, સાથળ, જાંગ
ઊર્ણ, ન૦ તણ, જાળ

ઊર્ણનાભ, પુ૦ (સ૦ ઊર્ણ-ઊન+નાભિ) કરોળીઓ 'ઊર્ણનાભ જેમ ઊર્ણ મૂકે, મૂકે ને પાછી ભખે' —અખેગીતા
ઊર્ણયુ, પુ૦ કરોળીઓ
ઊર્દ્ધ,અ૦ઊર્ધ્વ જુઓ 'અદ્ધ ઊર્દ્ધ દડો ઉછાળે, તેહ મગ ચપળ દગ ચાને'
ઊર્ધ્વ, અ૦ (સ૦) ઉપર, ઉંચે આકાશ તરફ
ઊર્ધ્વદેહ, પુ૦ (સ૦) મરણ પછી થનારો દેહ
ઊર્ધ્વપુંડ્ર, ન૦ (સ૦ ઊર્ધ્વ-ઉભુ+પુંડ્ર-ટીલુ) ઉભુ તિલક-ટીલુ, (રામાનુજ લોકો કરે છે તેવુ)
ઊર્ધ્વબાહુ, પુ૦ (સ૦) જેણે ઉંચા હાથ રાખ્યા છે તે તપસ્વી
ઊર્ધ્વભાગ, પુ૦ઉપરનો ભાગ, ઉંચેનો ભાગ
ઊર્ધ્વલોક, પુ૦ સ્વર્ગ
ઊર્મિ, સ્ત્રી૦ (સ૦) પાણીમા થતી લહેર, મોજો તરંગ, લોઢ ૨ એકાએક જે પ્રેરણા થઇ આવે તે, ઉમળકો ઇચ્છા (ક્ષુધા તૃષા શીત ઉષ્ણ,હર્ષ શોક એ ૭ ઊર્મિ કહેવાય છે) ૪ વેગ ૫ પીડા ૬ એક જાતની ઘોડાની ગતિ
ઊલ, સ્ત્રી૦ (મ૦) સેલડી
ઊસ, પુ૦ (સ૦ ઊષર—ખારવાળી જમીન)એક જાતનો ખાર,જે લુગડા ધોવાના કામમા આવે છે
ઊહાપોહ, પુ૦ (સ૦) તકરાર, વાદ

ઋ.

ઋ, પુ૦ (સ૦) મૂળાક્ષરનો સાતમો મૂર્દ્ધસ્થાની હ્રસ્વ સ્વર
ઋક્, પુ૦ (સ૦) ઋગ્વેદ, ૨ વેદમંત્ર, ઋચા
ઋક્ષ, ન૦ (સ૦) રીંછ,૨ તારો,નક્ષત્ર ૩ ભીલામુ
ઋગ્વેદ, પુ૦ (સ૦) ચાર વેદોમાનો પહેલો વેદ
ઋગ્વેદી, પુ૦ ઋગ્વેદ ભણનારો, ઋગ્વેદ ભણેલો
ઋચા,સ્ત્રી૦(સ૦)ઋગ્વેદના મંત્રનો એક ભાગ,પદ
ઋજુ,વિ૦(સ૦)સરળ સરખુ ૨ અનુકૂળ ૩ નરમ
ઋણ, ન૦ (સ૦) દેવુ, કરજ, દેણુ, ૨ બંધન (ઋણ ત્રણ પ્રકારના છે—દેવઋણ, ઋષિઋણ, પિતૃઋણ) ૨ (ગણિતમા)બાદ કરવાનો આંકડો ૩ બાદ કરવાનુ ચિહ્ન.

ઋણમુક્ત, વિ૦(સં૦)દેવાથી મોકળુ

ઋણાનુબંધ, ન૦ (સ૦ ઋણ+અનુ+બંધ્-બાંધવુ) દેવાનુ-કરજનુ બંધન,લેણાદેણી, સબંધ.

ઋણી, વિ૦ (સ૦) દેણદાર, કરજદાર દેવાદાર

ઋતુ, પુ૦ (સ૦) બે મહિનાનો જે કાળ તે, મોસમ,કાળભેદ (વર્ષની ૭ ઋતુ છે વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શીશીર) ૨. સ્ત્રીઓને માસિક અટકાવ આવે છે તે, રજ પ્રાપ્ત થવુ તે, અટકાવ, અળગુ ૩. જનાવરોની માદાઓને આવતો આધાન કાળ

ઋતુકાળ, પુ૦ આધાનકાળ, પ્રજોત્પત્તિનો સમય

ઋતુદર્શન, ન૦ (સ૦ ઋતુ+દૃશ્-જોવુ)અળગુ બેસવુ તે, અટકાવ જણાવો તે

ઋતુપ્રાપ્તિ, સ્ત્રી૦ (સ૦)ઋતુનુ આવવુ તે અળગુ બેસવુ તે. [ફેરફારી

ઋતુભેદ, પુ૦ ઋતુઓમા થતા ફેરફાર મોસમની

ઋતુસંહાર, ન૦ છએ ઋતુના વર્ણનવાળુ કાવ્ય, ઋતુવર્ણન કવિ કાલિદાસનુ લખેલુ તે)

ઋતુમતી,વિ૦(સ૦)અટકાવવાળી,અડકાએલી સ્ત્રી.

ઋતુરાજ, પુ૦ઋતુઓનો રાજા, વસંતઋતુ [સ્ત્રી

ઋતુસ્નાતા,વિ૦ ઋતુકાળ પૂર્ણ થયા પછી નાહેલી

ઋતે, અ૦ (સ૦) વિના સિવાય ૨ ખાતર

ઋત્વિજ, પુ૦ સ૦) ગોર, પુરોહિત

ઋદ્ધિ, સ્ત્રી (સ૦ ઋધ્-વધવુ)ધન,સંપત્તિ,લક્ષ્મી ૨ વિભૂતિ, આબાદી, ઉત્કર્ષ

ઋદ્ધિસિદ્ધિ, સ્ત્રી૦ આબાદી, સંપત્તિ, વૈભવ

ઋષભ, પુ૦ (સ૦ ઋષ્-જવુ) બળદ ગોધો ૨. સા રી ગ મ પ ધ ની, એ સાત સૂર પૈકી બીજો સૂર તે ૩ એક શ્રેષ્ઠ ઋષિ ૪ આદિજીન.

ઋષિ પુ૦ (સં૦) તપસ્વી મુનિ, યતિ,આચાર્ય (એના ત્રણ વર્ગ છે મહર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ)

ઋષિપંચમી, સ્ત્રી૦ ભાદરવા સુદ પાંચમ, એ દિવસે અણખેડયુ ધાન્ય ખાઇ વ્રત થાય છે, અને સામો ખાવાનો મહિમા છે

ઋષિપત્ની,સ્ત્રી૦ (સ૦)ઋષિની સ્ત્રી,આચાર્યની સ્ત્રી.

એ.

એ, પુ૦ (સ૦) મૂળાક્ષરનો કંઠતાળુસ્થાની આઠમો સ્વર દીર્ઘ અક્ષર અ+ઇ, મળીને એ થયો છે પરમ+ઈશ્વર=પરમેશ્વર

એ, અ૦ અરે, ઓ, હે ૨ પણ "ચરી રહીને બેઠી છે, તોએ મો હલાવે છે"

એ, સ૦ આ ૨ તે પેલુ ૩ બોલનાર દંપ માંથી એક (હિંદુઓમા સ્ત્રી કે પતિ એક બીજાનું નામ દેતા નથી તેથી એ શબ્દ વાપરે છે)

એ, અ૦ એકવાર ન સંભળાયાને લીધે કે ન સમજાયાને લીધે ફરીથી સાંભળવા માટે કરવામા આવતો અવાજ ૨ હા પછી ૩ ધમકાવવાનો શબ્દ ૪ આશ્ચર્ય-ખેદ સૂચક ઉદ્ગાર

એચમચેચા, સ્ત્રી૦ ખેંચાખેંચી તાણાતાણ ૨ નાખાનાખ ફેંકાફેંકી (પથરીઓની રમતમા) ૩ હોંસાતુંસી

એચવુ ક્રિ૦સ૦ખેંચવુ તાણવુ ફનકો એચવો 'ર ડિચકો ખાવ, હીંચવુ ૩ નાખવુ ફેંકવુ(નખોદી)

એચાતાણુ, વિ૦ફૂટી દૃષ્ટિનુ,ત્રાંસી નજરવાળુ

એઠ, સ્ત્રી૦ ટેક, વટ, આંટ ૨ ધીર, સાહુકારી ૩ મમત આગ્રહ, જીદ

એઠાળ, વિ૦હઠીલુ મમતી હુજતી રાચડી જક્કી.

એટી, વિ૦ એટવાળુ, ટેકી ૨ મમતીલુ જીદ્દી

એસી, વિ૦ (પ્ર૦ અશીતિ) ૮૦ [ર પેના

એકે, સ૦ માનાર્થે બહુવચનમા બોલાતો શબ્દ

એઓ, સ૦ તેઓ, પેલા

એક, વિ૦ (સ૦) પહેલી જે સંખ્યા તે, પહેલો આંક, ૧ ૨ જેની બરાબરી કરનાર બીજું નથી તે મુખ્ય ૩ કોઇ પણ એક, ચોક્કસ, અમુક ૪ ફક્ત ૫ સરખુ મળતુ અભેદ "તમે અમે એકજ છીએ" ૬ આસરે, લગભગ શુમારે 'સો એક કદમ' ૭ તેજ ફરે નહિ તેવુ 'વચન એક" - પ્રથમ પહેલુ 'એક સુખ તે જાતે નર્યા, બીજુ સુખ પેટ દીકરા " ૧૧ વધારે, એક બીજે (એ અર્થમા) 'એક વર્ષાદ પડયો હોત તો લીલા લહેર થાત' (રૂઢી પ્રયોગ માટે જુઓ ગુજરાતી શબ્દકોષ.)

એકએક, વિ૦ દરેક એક, જુદાજુદા ગણના એક, અનુક્રમ.

એકકાલિક-લી, વિ૦ એકજ કાળ—વખતનુ [સમકાલીક

એકકુ, વિ૦ એક એક હોય તેવુ એક પછી એક

એકકોરે, અ૦ એક તરફ એક બાજુએ, એકગમ

એકચક્રવ-ક્રે, અ૦ સર્વોપરી રીતે, એકછત્રે, એકજ ચક્રમા [છે જેનુ તે, તલ્લીન

એકચિત, વિ૦ એકજ વાતમા ચિત્ત-ધ્યાન મન

એકચિત્ત, ન૦ લક્ષ, ધ્યાન, એકતાર,

એકછત્રે, અ૦ ઘણા મોટા પ્રદેશ ઉપર એકજ જણનુ રાજ્ય હોય તેમ, એકજ રાજાની સત્તા નીચ

એકજ, વિ૦ માત્ર એક, કેવળ એક

એકજણ, ન૦ એક માણસ, અમુક એક જણ

એકજથ્થે, અ૦ એક સાથે, એક ઠેકાણે એકઠું કરવુ તે

એકજાતિય, વિ૦ એકજ જાતનુ, સમાન ધર્મ વાળુ

એકજીવ, વિ૦ એકરૂપ, આભજ તન્મય, અભેદ

એકટંગીઉં, વિ૦ એક પગ હોય તેવુ

એકઠુ, વિ૦ જુદેજુદે ઠેકાણેથી લાવીને એક ઠેકાણે ભેગુ કરેલુ તેવુ, જુદુ હોય તેને ભેળી નાખી એક કર્યું હોય તેવુ સયુક્ત, એકત્ર, મિશ્ર ભેળશેળ, મિશ્રિત. એકઠુ થવુ—જોડાવુ, મળી જવુ, ભળવુ ૨ મળવુ, ભેળા થવુ "મને રસ્તામા એકઠો થયો" ૨ સમાધાન થવુ, મેળ—સપ થવો

એકઠુ મળવુ—જોડાવુ ૨ ભેગા થવુ, ટોળે થવુ

એકડેએક, પુ૦ એકથી તે સો લગી બોલવા લખવાનો એક આક ૨. એક સખ્યાચિહ્ન એકડેએકથી—પહેલેથી, શરૂથી, એકડે એકથી

એકડો, પુ૦ એકનુ ચિહ્ન—અક્ષર તે, આકડો ૨ કબુલાતની નિશાની ૩ જથો, ટોળુ, અમુક રીતરિવાજને અનુસરનારો સમુહ—જથો તે એકડો કરવા—કબુલાત આપવી, સહી કરવી (સમતિ બાબત) એકડો લેવો—કોઇની કબુલાત લેવી, સહી લેવી એકડા વગરનુ મીડુ ગણતરી વિનાનુ લેખામા નહિ એવુ નાયક વગરનુ સત્વ નકામુ ૦ પાયા—આધાર વિનાનું એકડે કાઢી નાખવો—તુચ્છગણી નાખવુ કશા લેખામા ન ગણવુ ૨ એકડો કાપવો સમૂહમાથી દૂર કરવુ, નાત તજવો.

એકઢાળીઉ, વિ૦ એકજ ઢાળ હોય તેવુ (છાપરૂ).

એકતર, વિ૦ (સં૦) બેમાથી એક ૨. બે વસ્તુનુ મળી જઇ એક થવુ તે

એકતત્રે, અ૦ એક જથ્થે, એકઠા મળીને, સંમતિથી ૨ ટૂટ પડયા વગર, લાગુ રહીને

એકતરફ, અ૦ એક બાજુએ, એક કોરે, એક હાથપર.

એકતરફી, વિ૦ બન્ને બાજુ બરાબર જોયા વગરનુ, એક પક્ષ ખેચ્યો હોય તેવુ (ઇનસાફ) ૨ એકતુજ, એકબાજુનુ

એકતા, સ્રી૦ (સ૦) ઐક્ય, એકપણું.

એકતાન, ન૦ એક ઠેકાણે ચિત્તવાળુ, એક વિષય ઉપર મનવાળુ ૨ પુ૦ એક જાતનો સ્વર

એકતાર, વિ૦ (સ૦ એક+તાર—દોરા.) પહેલેથી છેવટ સુધી એક સરખુ હોય તેવુ, સમાન એકાકાર, અન્યુનાધિક ૨ તલ્લીન, મળી ગએલુ ગુલતાન ૩ એક તારનુ, એકતારવાળુ, 'અગરખુ એક તારે રે, બનાવ્યુ બહુ જુગતે કરા—રણછોડ'

એકતારો-રી, પુ૦ જેને એકજ તાર હોય તેવુ વાજું.

એકતાલ, પુ૦ ગાયનમા તાલ લેવાનો એક ભેદ ૨ એકજ તાલનો રાગ ૩ ઐક્ય

એકતાળીસ, વિ૦ ચાળીસ ને એક, ૪૧

એકત્ર વિ૦ એકઠુ મિશ્ર, ભેગુ ૨ ભાગમા—પત્તાળામા હોય તેવુ ૩ સરખુ

એકત્રતા, સ્રી૦ એકઠાપણુ, મેળ, સંપ, મેળાપ.

એકત્રીસ, વિ૦ ત્રીસ ને એક, ૩૧

એકત્વ, ન૦ (સ૦) એકપણું, ઐક્યતા, એકતા ૨ સપ ૩ મેળ, મળતાપણુ

એકદંડિઉ વિ૦ (સ૦ એક + દંડ—લાકડી) એક લાકડા ઉપર ઉભુ હોય તેવુ, જેને એકજ થાભલો હોય તેવુ એક દંડીઓ મહેલ—એક થાભલા ઉપર બનાવેલુ રહેઠાણુ, જ્યા રાજાઓ અણમાનીતી રાણીઓને રાખતા એવી દંતકથા છે એક દંડિઓ શ્વાસ—આખર વખતનો શ્વાસ, મરણ થવા પહેલાનો જે શ્વાસ તે

એકદંડો, પુ૦ મરતીવેળા જે શ્વાસ-દમ ચાલે છે તે

એકદંત, પુ૦ ગણપતિ, ૨ એક દાતવાળો હાથી.

એકદમ, અ૦ એક દમે—એકશ્વાસે, એકટસે ૨,

આમકુ. ૩ તરતજ,તાકીદથી,તાબડતોબ,જલદી
એકદળ, ન૦ (સ૦ એક+દલ-પાદડુ) એક પાંખડીનુ ૨ દાગ વગરનુ પડ કે દ્વૈત ન હોય તેવુ
એકદા, અ૦ એક વખત, એક સમયે, એકવાર, ૨. કદાપિ, ૩ પૂર્વે, પહેલા.
એકદાણી, વિ૦ બધા દાણા એક સરખા હોય તેવુ
એકદાણીઉ, ન૦ એક સરખા મણકાની કડી, મગણ સેતર
એકદિલ, ન૦ (ફા૦) જુદાઇ નહિ તે, એકમન
એકદિલી, સ્ત્રી૦ મપ,મેળ,ઐક્ય, મનની એકતા.
એકદૃષ્ટિ, સ્ત્રી૦(સ૦)એકજ આશયતા-હેતુતા, એક નજર ૨ વિ૦ એક નજરવાળુ ,કાણું.
એકદેશી, વિ૦ (સ૦) એકજ દેશનુ ૨ કોઇ આખા વર્ગને લાગુ પડે તેવુ નહિ, પણ તેના કોઇ ભાગને લાગુ પડતુ, એક બાજુ-પક્ષનુ હોય તેવુ (ભાષણ વાદ) ૩. અધુરૂ, એકજ વાત જાણનાર, એક તરફી
એકધા, અ૦ એક પ્રકારે, એક રીતે,
એકધારી, વિ૦ (સ૦ એક+ધારા) એકજ-સરખી ધારવાળુ (હથિયાર , એક બાજુજ ધાર-વાળુ ૨ સરખુ, સમાન.
એકધારૂ, વિ૦ (સં૦) એક સરખું. ફેરફાર વગરનુ, બદલાય નહિ તેવુ
એકનજર, સ્ત્રી૦ બને જણે સામસામુ જોવુ તે નજર, મેળાપ ૨ એક દૃષ્ટિ ૩ એકજ વિચાર, સામાન્ય હેતુ [આગ્રહી
એકનસીઉં, વિ૦ આડુ, હઠીલું. મમતી,જીદ્દી,
એકનિશ્ચય, પુ૦ (સ૦) ફરીથી કદી બદલાય નહિં તેવો જે ઠરાવ તે
એકનિષ્ઠ,વિ૦(સં૦)અચળ ૨ વિશ્વાસુ, આસ્તિક
એકનિષ્ઠા સ્ત્રી૦ (સ૦) એકના ઉપરજ જે વિશ્વાસ તે, અડગશ્રદ્ધા. ૨ વફાદારી [તેવુ
એકનુ એક, વિ૦તેનુ તેજ, એકજ,બીજુ નહિ
એકંદર, વિ૦ (સ૦ એકત્ર. ફા૦ અંદર-મા) એકઠુ, સરવાળામા ગણેલું, એકદર (સઘળુ) આવી જાય તેવુ,
એકપક્ષી, વિ૦ એકતરફી, એક બાજુનું.

એકપાઠી, વિ૦ એકજ વખત વાચે અથવા સાંભળે તો યાદ રહે તેવુ [(જમીન)
એક ફસલી, વિ૦ એકજ પાક આપે તેવુ.
એકબારગી, અ૦ એક રીતે, એક પાસથી જોતા, એક લેખે ૨ એકવાર
એકબાલ, ન૦ (અ૦ ઈકબાલ.) નસીબ, ઈક-બાલ, [રમત. ૨. આબાદાની, ચડતી.
એકભાવું,વિ૦ એકજ ભાવનું, સરખી કિમતનુ.
એકભુક્ત, વિ૦ એક વખત ખાનાર
એકમજલી, વિ૦ એક માળનુ (ઘર)
એકમ,સ્ત્રી૦ પડવો પખવાડીઆનો પહેલો દિવસ. ૨ એક ૩ પહેલુ
એકમગ, અ૦ એક બાજુ કોરે,એક તરફ
એકમત, વિ૦ (સ૦) એક વિચાર, એક દિલ.
એકમતીઉં, વિ૦ મમતી, હઠીલુ,જીદ્દી, આગ્રહી,
એકમન, ન૦ (સં૦) મેળ, સલાહ, એકમત ૨. ઐક્યતા, રાગ, સપ. [થોડુક.
એકમાત્રા, સ્ત્રી૦(સ૦) એક પાણ.૨.અગજરહ;
એકમાર્ગી, વિ૦ (સ૦) સીધુ,સીધે રસ્તે જનારૂં; સરળ, એકજ માર્ગનું
એકમેક, અ૦ એક બીજાને, પરસ્પર, અપરસ્પ-રસ, અન્યોન્ય ૨. વિ૦ એકતાર, એકરસ.
એકમેર, અ૦ એક બાજુએ,એક તરફ,એક કોરે.
એકર, પુ૦ (અ૦) જમીન-ખેતરનુ એક માપ. ૪૮૪૦ ચોરસ યાર્ડ અથવા ૧ાાા વિઘાનુ માપ
એકરંગી, વિ૦ એકજ રગનુ. ૨ સંપીલુ,એક-તાલી,એકજ રગ-વિચાર તરંગવાળુ
કઠણ, વિ૦ (સં૦ કઠિન) જેને કાપવું કે જેમાં ઘાલવું અઘરૂ થઇ પડે તેવું. પોચું નહિ તે, સખત. ૨. મજબુત; સંગીન. ૩. સમજાય-કળાય નહિ તેવું, અઘરું (ગ્રંથ, કામ) ૪. ઉપાય ચાલે નહિ તેવું: મુશ્કેલ, અશક્ય "તે બચવા કઠણ છે" ૫. અસર ન થાય તેવું નિર્દય, "કઠણ છાતીનું" ૬ ન ખૂચે તેવું, નરમ-પોચું નહિ તેવું. 'કઠણ પથારી' ૭ કપરું, આકરું, બારીક. "હવે કઠણ વખત આવ્યો" ૮ દુખ લાગે તેવું કડવું (ભાષણ)

કઠણાઇ, સ્ત્રી૦ કઠણપણું, મજબુતાઇ ૨. સંગીનપણું ૩ આકરાપણું. ૪ નિર્દયતા, સખતાઇ ૫ [મુશ્કેલી.

કઠણાશ, સ્ત્રી૦ કઠણાઇ, જુઓ.

કઠરાક, સ્ત્રી૦ (સં૦ કઠર) અકળામણ, અમુઝણ.

કઠલો, પુ૦ ઘરનો સરમામાન, ઘરવાખરો. ૨ ઘરના માણસો, ખટલો

કઠવું, ક્રિ૦ અ૦ (સં૦ કઠ્-દુખ થવું) ઘણીજ ગરમી પડવી, ઉકળાટ થવો ઘામ થવો. ૨ અમુઝણ થવી, બેચેની થવી, પેટમાં નડવું

કઠવો, પુ૦ કુવામાં ઊંડુ ખોદી લાકડાનો જે ગોળ કઠારો ઘાલે છે તે ૨. ઘી તેલ ભરવાનો ગાડવો

કઠવો, વિ૦ નડનાર, ડખનાર. (જોડો.)

કઠામ, ન૦ કઠેકાણું શરીરનો બતાવતા શરમ આવે છે તે ભાગ 'કઠામ ગુમડું ને સસરો વૈદ.' ૨ ખરાબ-અસ્વચ્છ જગા [૨ કઠેડો.

કઠારો, પુ૦ (સં૦ કઠ્) ઘામ, ઉકળાટ, ઉબારો.

કઠિન, વિ૦ (સં૦) કઠણ, સખત, મજબુત.

કઠિઆરણ, સ્ત્રી૦ (સં૦ કાષ્ટ+કાર,) લાકડાં ફાડીને વેચવાના ધંધાવાળી સ્ત્રી, કઠિઆરાની સ્ત્રી

કઠિઆરી, સ્ત્રી૦ કઠિઆરણ, ૨. કઠિઆરાનું કામ.

કઠિઆરો, પુ૦ (સં૦ કાષ્ટિક) લાકડાં કાપી વેચવાનો ધંધો કરનાર.

કઠિઓ, પુ૦ પૈસો, દોકડિયું (સંકેતાર્થે)

કઠેકાણું, ન૦ ઘણીજ કુમળી જગા, (શરીરની) છાની ઢાંકી રાખવાની જગા, ૨ ખરાબ જગા, કુસ્થાન.

કઠેડો, પુ૦ કઠેરો; અગાસી, બારી ઇંદર, ઇ૦ ઠેકાણેથી પડી ન જવાય માટે કરેલી આડ, હૈયારખી, ઘેરો. ૨ ખટારો, મોટું ગાડું. ૩ ગોખ, ઝરૂખો.

કઠેરો, પુ૦ કઠેડો, જુઓ

કઠોડી, સ્ત્રી૦ નાનું કઠોડું. [ભરવાની પેટી.

કઠોડું, ન૦ એક અથવા વધારે ખાનાની મસાલો

કઠોડો, પુ૦ ગોખ, કઠેરો ૨ વહાણનો પાછલો ભાગ
કઠોદર, ન૦ (સ૦ કષ્ટ+ઉદર) પેટમા થતી એક ગાઠ ૨ જલદર
કઠોર, વિ૦ (સં૦) કઠણ કડવુ, કર્કશ, સખત લાગે તેવુ (ભાષણ) ૨ નિર્દય, જરાએ અસર ન થાય તેવુ, કડક
કઠોરતાપણુ, સ્રી૦ કઠણપણુ નિર્દયતા
કઠોળ, ન૦ જે અનાજની દાળ-ફાડ થતી હોય તે, દ્વિદલ ધાન્ય
કડ, અ૦ એવો થતો અવાજ
કડ, સ્રી૦ કેડ, કમ્મર ૨ ગણતરી પ્રમાણે વેચાતી વસ્તુના સેકડા ઉપર ખરીદનારને જે જાસ્તી મળે છે તે ૩ કરડ, એકવાર ખાડેલી ડાગર
કડક, વિ૦ કાચુ પૂરૂ બફાએલુ નહિ તેવુ "ભાત કડક છે" ૨ જેની પાસે કઇ ન હોય તે, ખાલી ગરીબ, નિર્ધન "કડકબાળી" ૩ ભૂખ્યુ ઉપવાસી ૪ આકરુ, ગરમ, તાતુ ૫ તરત ભાગી જાય તેવુ, બરડ. ૬ મિજાજી, તોરી "મગજનો કડક" ૮ સખત, તીક્ષ્ણ, કઠોર (ભાષણ)
કડક, ન૦ કાનના વાળા ૨ બાગીની ફરેડી; તખતી
કડકડ, સ્રી૦ ગરીબાઇ [સપાટાબંધ
કડકડ, અ૦ એવો થતો અવાજ. ૨ કટકટ,
કડકડવુ, ક્રિ૦ અ૦ કડકડ અવાજ થવો ૨ ઉકળવુ ૩ ધ્રુજવુ હાલવુ ૪ ખડખડવુ
કડકડતુ, વિ૦ કડકડ અવાજ કરતુ ૨ ઉકળતું, ઘણુ તપી ગએલુ, તાતુ ૩ અતિશય, સખત, ઘણુજ (ટાઢ)
કડકડાટ, અ૦ સફાઈથી, વગર આચકે, એક સરખી રીતે ૨ જોસભેર, સપાટાબંધ
કડકડાવવુ ક્રિ૦ સ૦ કચરડવુ, ખખડાવવુ, પીસવુ (દાત) કડકડ અવાજ કરવો ૨ ખૂબ ઉકાળવુ
કડકડિત, વિ૦ સફાઇથી-બંધ કરી કરેલુ. ૨ ઘણુજ ગરમ, તાતુ [બંધ. ૨ કડકડ થઇને.
કડકડીને, અ૦ ઘણુજ જોરથી, જોસમા, સપાટા-
કડકણું, વિ૦ કરડતુ, કરડવાની ટેવવાળુ
કડકબાલી, વિ૦ ભપકામા રહેનાર પણ ખીસાનુ ખાલી, ૨ ધનહીન આડંબરી

કડકો, પુ૦ પાણી ઉકળતા જે જોસથી ઉછાળા આવે છે તે, કાકડા.
કડકી, સ્રી૦ નાનો કડકો, કરચ, રેખ
કડકીઉં, ન૦ મરદને કાને પહેરવાનુ મોતીનુ ઘરેણુ, કાન નોવાળો કડકડીયાં-કાનની આગળ પાછળ આવી રહે તેવી મોતીવાળી કડી
કડકો, પુ૦ ટુકડો, ભાગ, હિસ્સો, કટકો ૨ પચકુ, ફોળીઓ
કડકો, વિ૦ જરા જેટલુ ૨ કોગડો, ખાલી ભપકાવાળો
કડકોકોર, સ્રી૦ સહેજસાજ, કકડા અને ભુકો
કડકોચલી, સ્રી૦ કરચલી, કરચોલી
કડખા, સ્રી૦ એક રાગણી
કડચ, સ્રી૦ કરચ, કકડી
કડચલી, સ્રી૦ કરોચળી, કરચલી, વળીઉ
કડચલો, પુ૦ દરીઆમા થતુ ઘણા પગવાળુ કાચબા જેવુ એક પ્રાણી
કડછી, સ્રી૦ હલાવવામા અને પીરસવાના કામમા આવતુ, છેડે વાડકીવાળુ લાબી દાંડીનુ વાસણ.
કડછો, પુ૦ [પ્રા૦ દે૦ કડુચ્છુઓ] મોટી કડછી.
કડડડ, અ૦ ઘર-ઝાડના પડવાથી થતો અવાજ ૨ ઉપરાઉપરી જે ગર્જના થાય છે તે
કડણ, સ્રી૦ ખડકની કોર કડણ, કરાડ ૨ ટેવ, આદત ૩. કોસની કાબી
કડતલ, સ્રી૦ નકામી કુથલી ૨ કરતાલ
કડદો, પુ૦ [સ૦ કટ + દાથ-ભાગ] ઓછુ આપવુ તે, ઘટાડો, કાટલુ, ઘટ આપવી તે ૨. મિશ્રણ, ભેગ ૩ કચરો, અવશેષ, કિટ્ટ કડદો કરવો-ભેળવવુ, મિશ્રણ કરવુ ૨ કાટલુ કરવુ કડદો ઉતારવો-મેલ ધોઈ નાખવો. [૨ કડબ.
કડપ, પુ૦ (આ૦ કરમ્-દાબ) હાક, ત્રાસ, કરપ.
કડપલુ, ન૦ કઠોળના છોડ કે કપાસની કરાંઠીઓ કાપી ખેતરમા થોડે થોડે અંતરે જે ઢગલીઓ કરવામા આવે છે તે ૨ ચોટેલો ભાત કે ખીચડીનો પોપડો-કપોટી
કડબ, સ્રી૦ (હિ૦ દે૦ કડમ્બા) એક જાતનો ઢોરનો ચારો, જુવાર બાજરીના સુકા સાંઠા, રાડા ૨ (આ૦ કરબ્) કરબ, હાક, ધાક
કડલી, સ્રી૦ નાનુ ને પાતળુ કલ્લુ ૨. કલ્લી.

કડવાટ, સ્ત્રી૦ કટુતા, કડવાપણું. ૨ અંટસ, ખાર, દ્વેષ
કડવાટવું, ક્રિ૦ સ૦ કડવુ ઓસડ પાવુ
કડવાશ, સ્ત્રી૦ કટુતા, કડવાપણુ
કડવી, સ્ત્રી૦ એક જાતનો વેલો, ગળો
કડવું, ન૦ એક આખ્યાનનો અકેકો ભાગ, પ્રકરણ
કડવુ, વિ૦ (સ૦ કટુ-કડવુ) એળીઓ, અથવા કરીઆતાના સ્વાદ જેવુ, કટુ ૨ અપ્રિય, પસંદ ન પડે તેવુ (ભાષણ)' કડવા હોય લીંબડા, મીઠી હોય છાય, ઘેવ હોય બોલકણા, તોય પોતાની બાણ" **કડવી** આખ-ખારીલી-દ્વેષી નજર **કડવી** જીભ-કડવા વેણ કડવુ ઝેર જેવુ ઝેર જેવુ અળખામણુ, અકારૂ, કંટાળો ઉપજાવનારૂ, ઘણુંજ અપ્રિય
કડવુ, ક્રિ૦ સ૦ કરડવુ, બચકુ ભરવુ લોથીઉ લેવુ
કડવો, પુ૦ તાબાનો નાળચાવાળો લોટો કૈડવો
કડસલો. પુ૦ પડભીંતીઉ.
કડા, પુ૦ એક જાતના ચોખા
કડા, ન૦ ઇંદ્રજવના ઝાડના ફૂલ (કઢીમા નાખવામા આવે છે) **કડાછાલ**-ઇંદ્રજવના ઝાડની છાલ. ઓસડના કામમા આવે છે
કડા-ઇ, સ્ત્રી૦ (સ૦ કટાહ) શેકવા-તળવાના કામનુ રસોઇનું વાસણ, પેણી, તાવડી.
કડાક, અ૦ એવો થતો અવાજ
કડાકડ, અ૦ કડાક કડાક એવો થતો ઉપરા ઉપરી અવાજ. ૨ **સ્ત્રી૦** મારામાર, તડાતડી
કડાકડી, સ્ત્રી૦ એક બીજાથી સરસ થવાનો જે જુસ્સો તે, હોસાંતોસી, ચડસાચડસી, હરિફાઈ, સ્પર્ધા. ૨ કડાઝુડી, તડાતડી, ધડાધડી, ધમાધમી ૩. દુશ્મનાઇ, શત્રુવટ. ૪ મારામારી, કતલ ૫ નકોરડો અપવાસ, લાંઘણુ **કડાકડીનો** વખત-મરસાઇનો વખત લઢાઇનોપ્રસંગ ૩ અણીનો વ
કડાકુટ, સ્ત્રી૦ માથાકુટ, માથાફોડ કરવી પડે તેવુ કામ, પચાતી, પીડા
કડાકુટીઉં, વિ૦ માથાફોડીઉ, કડાકુટવાળુ, કંટાળા ભરેલુ, ત્રાસદાયક
કડાકો પુ૦ એકાએક મોટો કડાક એવો અવાજ થવો તે. ૨. આખો દહાડો ભૂખ્યા રહેવુ તે, ઉપવાસ, લાંઘણુ. કડાકા કોડવા હાથ પગની આગળીઓ ખેચી કડાક અવાજ બોલાવવો તે. કડાકા થવા-વાદળનુ ગાજવુ ૨. ઉપવાસ થવા.
કડાઝુડ, અ૦ ધમધોકાર, કડાબીડ, તુમુલ, બાટાચૂર. [સં૦ઝડ.
કડાબીડ, અ૦ ધમધોકારે, જોસમા, સપાટાબધ;
કડાબીન, સ્ત્રી૦ ઘોડેસ્વારની નાની બદુક
કડાયુ, ન૦ મોટી કઢાઈ, પેણો, કઢાઇ,
કડાવુ, ક્રિ૦ અ૦ ચિઢાવુ, ખીજાવુ
કડાસન, ન૦ (સ૦ કટ + આસન) દર્ભનુ આસનીઉ, ઘાસની ચટાઈ
કડાર, વિ૦ (સ૦) માજર ૨ ગવિષ્ટ અહકારી.
કડીબધ, વિ૦ જેમા કડીઓ એક પછી એક વળગાડથી હોય તેવુ, હાર પ્રમાણે.
કડીઅણ, સ્ત્રી૦ કડીઆની સ્ત્રી
કડીઅ કોટ, પુ૦ મોઈ દડાની એક રમત
કડીઓ, પુ૦ (હે૦ દે૦ કડઇઓ) ચૂના માટીથી ભીંત ચણનાર ૨ ચણવા છોવાનુ કામ કરનારાઓની એક નાત [છોવા ચણવાનુ કામ.
કડીઆકામ, ન૦ કડીઆએ કરવાનુ જે કામ તે;
કડી, સ્ત્રી૦ (સ૦ કટક-કડુ) ધાતુનો વાળેલો પાતળો કકડો આકડી ૨. કોઇ પણ જાતની સળીનો ગોળ વાળેલો આકાર, નાનુ કડુ ૩ કવિતાનુ પદ, ચરણ ટૂક ૪ બેડી, હેડ, જજીર. ૫ ઓળ, હાર ૬. વાળી
કડીતોડ, વિ૦ કડી-સાંકળને એક સપાટે તોડી નાખે તેવુ ૨ મજબુત, અકોડાબધ [૨. ત્રિ૦કડ૭.
કડુ, ન૦ (સ૦કટુકી) ઇંદરજવના ઝાડની ડાખળી.
કડુખલો, પુ૦ (સં૦ કટ + ખલ) સાકડી બાજુની જગા, ખુણો, થોડો ભાગ, કોલો.
કડચુ, વિ૦ (સ૦ કટુ + ફા૦ ચેહ) સહેજ કડવુ, કડવાશવાળુ ૨. કસાણુ, બેસ્વાદ
કડુ, ન૦ ધાતુનો કે કોઈ બીજી વસ્તુનો ગોળ વળેલો આકાર, મોટી કડી. ૨. કકણ, વલય.
કડે, અ૦ પાસે, સોડે કને. ૨. તરફ, ભણી.
કડેડાટ, અ૦ કડકડાટ સપાટાબધ. અચકા વગર.
કડેતડે, અ૦ ખબડદારીથી, ધમધોકારે; ભલુસારીરીતે.
કડો, પુ૦ (સ૦ કટજ) ઈંદ્રજવનું ઝાડ.

કડોકડું, પુ૦દેવતા પાડવાનું કડુ તથા સૂતરની દોરી.
કડોળ, વિ૦ કદરૂપુ બેડોળ, બદસુરત
કઢંગ, પુ૦ કુચાલ ગેરવર્તણૂક
કઢંગુ, વિ૦ વિલક્ષણ તરેહવાર, ૨ આડું અવળુ, નિયમ વગરનુ, ૩ બેડોળ, બદસુરત, કદરૂપુ.
કઢણ, સ્ત્રી૦ પહાડ, ખડકની સીધી કોરણ ધાર, કરાડ, કડણ ૨ આદત, ટેવ લઢણ ૩ ચિડીઓ સ્વભાવ ૩ કોસને બાંધેલુ લાકડાનુ ગોળ ચક્કર ૪ છેડે ખાપાવાળી લાકડી અ કોડી (સુરત)
કઢણ, વિ૦ ચિડીઉ, કઢાપીઉ ૨ ન૦ મસાલા સાથે ઉકાળેલુ દાળનુ પાણી, ઓસામણ
કઢવુ, ક્રિ૦ સ૦ (સ૦ ક્વથ્-ઉકાળવુ,) ખૂબ ઉકાળવુ ઉકાળી જાડુ ઘટ્ટ કરવુ ૨. કઢાપો કરવો.
કઢા-ઢ ઢ, સ્ત્રી૦ કડા, જુઓ
કઢાણુ, વિ૦ કઢાએલુ, બહુ ઉકાળીને જાડુ કરેલુ
કઢાપો, પુ૦ બફારો, ધામ, ઉતાપો. ૨ શોક, દીલગીરી,ગુસ્સો કરી લોહી તપાવવુ તે ૩ કઢી.
કઢામ, ન૦ બળદ-ઘોડાને પલોટવા નુ વગર પૈડાનુ જમીનને ઘસાતું તણાય તેવુ ત્રિકોણાકાર લાકડાનુ
કઢાયુ, ન૦ કડાયુ, તાવડો, પેણો [ચોકઠુ
કઢારૂં, ન૦ નીચી ઉતારેલી ઓસરી, પડારી, ઢોર બાંધવાનુ નાનુ ઘર, કોઢીઉ
કઢાગો પુ૦ઉધડ ઈજારો, ઉચક વસ્તુ લેવી દેવી તે
કઢાવવુ, ક્રિ૦ સ૦ ચીડવવુ, કઢાપો કરાવવો ૨ ઉકાળવુ ૩ દાઢી મુકે એમ કરવુ ૪ ખેચાવવુ [ખિડીબારૂ
કઢાગી, ન૦ ખેતરમા જવા વાડમા રાખેલુ છીંડુ,
કઢિયલ, વિ૦ બહુ ઉકાળીને જાડુ કરેલુ, કઢેલુ. ' કઢિયલ દૂધ તે કોણ પીશે ? "
કઢી, સ્ત્રી૦ (સ૦ ક્વથ) ચણા કે બાજરીનો લોટ મેળવી મસાલા સાથે ઉકાળેલી છાશ
કણ પુ૦ (સ૦) અનાજ, દાણો. ૨ કરચ, કડ્ડી, રજ, પરમાણુ ૩ બ્રાહ્મણ, ભીખારીને જે ભિક્ષાન્નઆપવુતે ૪ ટીપુ, ટપકુ ૫.વળ, આટણુ, સળ "ભુજ પાળે ભીડતા કડણ કણ ગડિયારે'– દયા૦ ૬ કાંગરો, શિખર ૭ ભાત, તરેહ.
કણક, સ્ત્રી૦ કણેક, રોટલી કરવા બાંધેલો લોટ

૨ કણ; ભિક્ષાન્ન માટે આપવાનુ અન્ન કણકમાં પાણી પડયુ તે પડયુ-થયુ તે થયુ, બન્યુ તે બન્યુ
કણકણ, અ૦ એવો થતો અવાજ
કણકણા, પુ૦ ભય શોક વગેરે અથવા વિક્રિયાથી રોમાચ સાથે ઓચિંતી જે ધ્રૂજારી થઇ આવે છે તે થરથરાટ, ધ્રૂજારી, થરેરી ૨ કટાળો
કણકણાટ, પુ૦ કણકણ એવો થતો અવાજ ૨. કટાળો, ધ્રૂજારો [લાગણી
કણકણી, સ્ત્રી૦ ધ્રૂજારી, કપારી ૨. કટાળાની
કણકણો, પુ૦કપ, થરથરાટ ૨ ટાઢિયા તાવનો શરીરમા પ્રવેશ થવો તે
કણકી,સ્ત્રી૦ડાગેર ખાડતા ભાગી ગએલા ચોખાનો જે ભૂકો તે, ચોખાનો ભગાર [બીનુ તેલ
કણજિયુ-જીયું, ન૦ (સ૦ કરંજ) કણજીના
કણજી-ઝી, સ્ત્રી૦(સ૦કરજ) એક જાતનુ ઝાડ
કણજ, સ્ત્રી૦ કરાઝ, મળોત્સર્ગને માટે આતરડાને જોર આવવુ તે, ઉમળો
કણદાર, વિ૦ દાણાદાર, કાગરીવાળુ
કણદીઓ, પુ૦ કાગરીવાળુ સ્ત્રીઓને હાથે ઘાલવાનુ ઘરેણુ [તે, દાણાબજાર
કણપીઠ, સ્ત્રી૦ જે ઠેકાણે અનાજ વેચાતુ હોય
કણબણ, સ્ત્રી૦ કણબીની સ્ત્રી
કણબી. વિ૦ (સ૦ કલમ-ચોખા, અથવા, કુલાવલંબિન) કુટુમ-કુળ ઉપર ઝઝુમનાર ખેતીનો ધધો કરનાર એક જાત ૨ ખેડુત ૩ તાબેદાર, સેવક, વસાવેલા, ગરજવાળ મનુષ્ય 'અમે કઇ તમારા કણબી નથી'
કણમણવુ, ક્રિ૦ અ૦ નાખુશ થવુ, બડબડવુ
કણમણાટ, પુ૦ કણકણાટ, બડબડાટ, અસંતોષ
કણવટ-ટિયું, ન૦ (સ૦ કણ + વૃત્તિ) ભિક્ષામા આવેલુ અનાજ, એકઠુ થઇ ગએલું જુદી જુદી જાતનુ અનાજ ૨ કણેકણે કરીને એકઠુ કરેલુ અન્ન
કણવતીકે, વિ૦ ભિક્ષા માગીને જીવનાર, ભિક્ષુક, માગી ખાનાર 'એ કૃપ, દ્રોણને અશ્વત્થામા, શુ વદ કણવતીઆ?' —પ્રેમાનંદ.
કણવીર, ન૦ એક જાતનું ફૂલઝાડ, કણેર.

કણવું, ક્રિ૦ અ૦ દુખના જોરથી ઉહૂ ઉહૂ કરવું. ૨. ચૂણવું, દાણે દાણે વીણવું
કણસ, ન૦ (સં૦ કણિશ) અનાજના સાંઠા ઉપરનો કણ ભરેલો દોડો, કણસલું, ડુંડું
કણસલું, ન૦ કણસ, અનાજનું ડુંડું
કણસાઇ, પુ૦ કળીદાર ચણાનો લાડુ, કળી બુંદીનો લાડુ
કણસારી, સ્ત્રી૦ એક જાતનું જીવડું ૨ કણસારાની સ્ત્રી
કણસારો, પુ૦ (સં૦ કાંસ્યકાર) તાંબું, પિત્તળ વગેરે ધાતુઓના ઘાટ ઘડનારો—વેચનારો
કણસું, ન૦ કણસલું; ડુંડું [નાના નાના બચ્ચાં.
કણા, સ્ત્રી૦ કરોડના મણકા, અંકોડા ૨ સાપના
કણાદ, પુ૦(સં૦) સોની ૨ એ નામના એક ઋષિ.
કણાયતું, ન૦ દર મહિને પગારમાં દાણા આપવા તે. ૨ વિ૦ મહેનતના બદલામાં પેટીઉ—અનાજ મળતું હોય તે [૩. ડુંડું. કણસલું ૪ ભિક્ષુક
કણિક, સ્ત્રી૦ (સં૦) ઝીણો દાણો. ૨. કણક.
કણિકા, સ્ત્રી૦ (સં૦) છેક ઝીણો કણ, બારીક કરચ ૨. આટણ [રજ હોય તેવું ૩ કણભોજી
કણીઉં, ન૦ ગોદડું, ગાદલું ૨. વિ૦ જેમાં ઝીણી કાંકરી—
કણીઓ, પુ૦ અનાજનો ધંધો કરનારો, ફેડીઓ
કણી, સ્ત્રી૦ છેક ઝીણી રજ; કણ, કરચ. " ખાલી જગા ખોળીએ, કણી મૂકવા કામ. " ૨ તેલ ઘીમાં કંઇ તળ્યા પછી જે અંદર ઝીણી ભુકી રહે છે તે, કણી. ૩ કાંટો વાગવાથી ચામડી કઠણ થઇ ગરગોલી જેવું બાઝે છે તે, કપાસી ૪ આટણ
કણું, પુ૦ કણ; અણું, ઝીણી રેખ ૨ આટણ
કણેક, સ્ત્રી૦ કણક ૨ ભિખારીને અપાતું અન્ન ૩. બારસ અમાસ ઉપર મહેતાજીને જે દાણા આપે છે તે. [અન્નવેતન, પેટીઉ
કણેતું—ણાયતું, ન૦ દર માસે મળતા દાણા,
કણેર, સ્ત્રી૦ (સં૦ કર્ણિકાર) કણવીર, એક જાતનું ફૂલઝાડ, કરેણ
કણો, પુ૦ થોડા દિવસનું જન્મેલું, વેંત દોઢ વેંતનું લાંબું પાતળું સાપનું બચ્ચું ૨. માથે બાંધવાનો ફેંટો; મોળીઉ
કણોજી, ન૦ કાંદાનાં બી.
કંટક, પુ૦ (સં૦) કાંટો. ૨. દુશ્મન, વેરી. ૩. નડનાર, ખટકે એવું તે, ફાંસ. ૪ આંકડો, બડિશ; ગલ. (માછલાં પકડવા સારૂ) ૫ રોમાંચ, શરીર ઉપરના વાળ ૬ હરકત; ખલેલ, ડખલ.
કંટલ, વિ૦ કાંટાવાળું, કંટાળી ૨ પુ૦ બાવળ.
કંટવાડ, સ્ત્રી૦ કાંટાની વાડ.
કંટારીઉં, ન૦ મડદા ઉપર ઓસાડેલું કપડું, કાંટીઉં. (શબ ઉપરથી કાઢી કાંટા કે વાડ ઉપર નાખે છે
કંટાળવું, ક્રિ૦ અ૦ ત્રાસવું, અકળાવું, અમુંઝાવું ૨ કાયર થવું ૩ થાકી જવું, હારી જવું.
કંટાળી, વિ૦ કાંટાવાળી ૨ સ્ત્રી૦ હાથીઆથોર. 'બાવળીઆ બિહામણા, કંટાળી ને થોર'—પ્રેમા૦
કંટાળુ, ન૦ (સં૦) રીંગણી. ૨ કાંટાવાળું ઝાડ.
કંટાળો, પુ૦ ત્રાસ, અરૂચિ, ચીઢ, અણગમો; અપ્રીતિ ૨ સૂગ, ધિક્કાર.
કંટીઆ, પુ૦ જમી આવ્યા પછી બીજે દહાડે નોકોડો ખેંચી કાઢવો તે, લાંઘણ.
કંટી, સ્ત્રી૦ અનાજનું ડુંડું, ડોડો, ઉંબી, લોળીઉ, લટર ૨ લીલી—તાજી ડાંગર. " કંટીના પૌંઆ."
કંટીઉં, ન૦ દોડો લોળીઉ, ડુંડું.
કંટાવાગો, પુ૦ રાંધવાના વાસણ નીચેથી બળી ન જાય તે માટે તેને લગાડેલો માટી—રાખનો લેપ
કંઠું, ન૦ વીઆયા પછી ગાય, ભેંસનું બે ત્રણ દિવસ લગી નીકળતું જાડું ચીકણું દૂધ તે, ખરેડુ.
કંઠુ, વિ૦ કડક, ઉગ્ર, મિજાજી [જેવડી કોઠી.
કંઠુડિયા, સ્ત્રી૦ બાળકને રમવાની નાની કુલ્લી
કંટેવાળો, પુ૦ કંઠીવાળો, જુઓ.
કંટેસરી, સ્ત્રી૦ એક જાતની ગળે પહેરવાની સેર, એકાવળી હાર. ૨. કાંટાસળીઓ.
કંટોડીઉં, ન૦ ઉકરડાનો ખાડો, હગણખાઇ.
કંટોલી, સ્ત્રી૦ એક વેલો, જેને કંટોલાં થાય છે.
કંટોલું—ળું, ન૦ એક જાતનું ફળ, કંકોડું.
કંઠ, પુ૦ (સં૦) બે ખભાની વચમાંનો, શરીરનો અવયવ જેમાં ખોરાક અને હવા આવવાની નળીઓ છે તે, ગળું, ડોક, કોટ. ૨. ઘાટી, હડિયો ૩. સાદ, અવાજ, સૂર, ધ્વનિ; શબ્દ, ઘાંટો. ૪ કાંઠલો. (ઘડા—લોટાનો) ૫. કિનારો; તીર; કાંઠો. કંઠે બેસી જવો—મરવાની

તૈયારી થવી ૨ ઝીણો ઘાટો નીકળવો નહિ તે કંઠ ફૂટવો-ઘાટી ફૂટવી ૨. પક્ષીને કાંઠલો આવવો કંઠ બંધ થવો-કંઠ રૂંધાવો. ૨ તકરારમાં હારવું, મો બંધ થવું કંઠે કરવું-મોઢે કરવું, ગોખીને તયાર કરવું કંઠે કાંટા પડવા-(તરસથી) કં૰ સુકાઇ જવો. ૨ અવાજ ખોખરો થઇ જઇ ગળામાં દુખવું કંઠે પ્રાણ આવવો-ન ચાલે ત્યારેજ કરવું ૨ અંત આવવો, આવી બનવું ૩ કંઠે પ્રાણ આવવા જેવી દશા થવી, છેકજ ગભરાઇ જવું ૪ ઘણીજ મુશીબત પડવી

કંઠનીલક, પું૰ (સ૦) મોટો દીવો, મશાલ

કંઠપાશ, પુ૦ (સ૦) ફાંસો, ગળે બાંધવાની દોરી ૨ કાંટી કરવી તે

કંઠમણિ, પુ૦ (સ૦) કંઠીમાં ઘાલેલો હીરો ૨ ઘાટી, હડિયો ૩ ઘણીજ વહાલી વસ્તુ

કંઠમાધુર્ય, ન૦ (સ૦) સ્વરની-અવાજની મિઠાશ

કંઠમાળ, સ્ત્રી૦ (સં૦) કોટમાં ઘાલવાની જે માળા તે. ૨. ગળા ઉપર એક જાતનું દરદ સાપને આકારે થઇ આવે છે તે

કંઠસ્થ, વિ૦(સ૦ મોઢે,કંઠાગ્ર ૨ કંઠથી બોલાતું

કંઠસ્થાની વિ૦ (સ૦) કંઠ છે સ્થાન જેનું તે, કંઠથી બોલાતું,અ,ક,ખ,ગ,ઘ,હ અને વિસર્ગ

કંઠસ્નાન ન૦ (સ૦) ગળા સુધી નહાવું તે (માથે નહિ.) ૨ શિરચ્છેદ.

કંઠાગ્ર, અ૦ (સ૦) મોઢે, પાઠે

કંઠાભરણ,ન૦ગળે પહેરવાનું ઘરેણું ગળચવો,છડો 'કંઠાભરણ હીરે જડ્યા ' [યુદ્ધ ૪ કતલ

કંઠાલ, ન૦ (સં૦)સૂરણ ૨. કોદાળી ૩ લડાઇ,

કંઠાર, સ્ત્રી૦ (સ૦) દરીઆ કાંઠો

કંઠાવરોધ, પું૦ (સ૦) કંઠનું બંધ થવું તે, રૂંધાણ, શ્વાસાવરોધ

કંઠાળ, સ્ત્રી૦ (સં૦) વાસણ ભરવાનો કોથળો ૨ ઘોડા ગધેડા ઉપર ભાર નકવાની બેવડી ગુણ ૩ કમઠાળ, ફાચ , ચિનાળ

કંઠી, સ્ત્રી૦ (સ૦ કંઠ-ગળું) ડોકનું ઘરેણું ૨ ગળા આગળના ભાગ ઉપરની ગોળીની સીવણ ' કંઠીદાર અંગરખું " ૩ ગુરૂએ ઉપદેશ કરી બાંધેલી માળા **કંઠી બાંધવી-શિષ્ય** કરવો, ચેલો મુંડવો ૨ ભણાવી મૂકવું બોધ આપવો **કંઠી બંધા**-એક ધર્મની જેઓએ કંઠી બાંધી છે તે બધા, (ઘણું ખરૂં વૈષ્ણવો.)

કંઠીઉં, વિ૦ ગળું પકડે એવું, લુચ્ચું, રૂક્ષ

કંઠો, પુ૦ હાર, મોટા મણકાની માળા

કંઠ્ય, વિ૦ (સ૦) કંઠ સબંધી, ગળામાંથી જેનો ઉચ્ચાર થાય તેવું

કંડ, પુ૦ (સં૦ કુંડ) ચતુષ્કોણાકૃતિ ક્ષેત્ર, કુંડ, ખાણી બાંધીને બનાવેલો ખાડો ૨ કુવો ચણવાની વાકી ઇટો

કંડીઓ,પુ૦(સ કર ડક)વાસનેતરવગેરેનોબનાવેલો ઢાકણાવાળોઉભોદાબડો ૨ વાકીઇટોએચણેલોકુવો

કંડીલ, ન૦ (આ૦ કંદીલ) દીવો કરવાનો કાચનો પ્યાલો ફાનસ [દીવા દાંડી

કંડીલીઉ, ન૦ (આ૦ કંદીલ+આલય)

કંડી, પું૰ સાપ રમાડનાર, વાદી

કંડૂ, સ્ત્રી૰ (સ૦)ચેળ,ખરજ, ખસ, ખંજવાળ

કંડૂયન, ન૦ ખંજવાળવું તે,ખણુજ [એક મુનિ.

કણ્વ, પુ૦ કશ્યપવંશી એક રાજા ૨ એ નામના

કત,સ્ત્રી૦(આ૦)કલમને જે વાંકો કાપ મુકાય છે તે

કતક, ન૦ (સં૦)એક જાતનું ઝાડ-ફળ,નિર્મળી.

કતકુ, ન૰ (આ૦ કત્ત) ભાગ પાડવાનો લાકડાનો હાથો ૨ ટુકું બુધું, ધોયકણું

કતરણી, સ્ત્રી૦ (સ૦ કર્તનિ) ધાતુના પત્રા કાપવાનું ઓજાર (સોની-લુહારનું), કાતર.

કતરેઓડ, વિ૦ દાધારંગું, ઘણું આડું, વળગ્યું છૂટે નહિ તેવું, જીદ્દી.

કતરેવધીઉં, વિ૦ પોતાનાને પહેલું ને સારૂં અને બીજાને પછી ને રહ્યું સહ્યું આવે તેમ,વગીલું.

કતમા, પુ૦ (આ૦) લવા નમુ, પચાનનામું.

કતરાશ, પુ૦ આપખરેપ, દ્વેષ ૨ વિરુદ્ધતા વેર.

કતરાતું, વિ૦ વાંકું, ત્રાંસું ૨ નિર્દય, આડું જતું ૩ ઉલટું, પ્રતિકૂળ

કતરાવું, ક્રિ૦ અ૦ કોઇ કાતરતું હોય તેવું થવું, ફંટાઇ જુદું પડવું ૨ આડું જવું,વિરુદ્ધ ચાલવું.

કતલ, સ્ત્રી૦ (આ૦) નિર્દયપણે કાપી નાંખવું તે;

કાપાકાપી,ખુનરેજી ૨.મોટોનાશ,ઘણા જીવનીઘાત

કતલનીરાત-કટાકટીનો સમય, મહા દુ ખની ઘડી, અતિ ધમાલનો વખત ૨ હસન અને હુસેનનીવરસીનો દિવસ તાબુતનો આગલો દહાડો

કતલેઆમ-વર્ણ-જાતિ ન જોતા સર્વને કાપવા તે

કતાર, સ્ત્રી૦ (આ૦ કિતાર) હાર, પરપરા, પક્તિ,ઓળ ૨ (આ૦ કિતાલ) કતલ,કાપાકાપી

કતાલ-ળ, સ્ત્રી૦ (સ૦ કુ+તાલ)કજીઓ,કલેશ, રડારોળ, અફસોસ 'પ્રાણ ગયા પછી પળ ન રખાયે, ફોગટ કરે કતાળ'-પ્ર૦ સ્વામી

કતોદય, પુ૦ (સં૦ કૃત+ઉદય) કિસ્મત, કર્મ ફળનો ઉદય, નસીબ

કતોદિયો, પુ૦ કુંદારો (ઝાલાવાડ,)

કત્તા, સ્ત્રી૦ (હિં૦દે૦ કત્તા-કોડી)કોડી ૨ કુકો

કત્તિ, પુ૦ કાર્તક મહિનો. (કચ્છ) [કિત્તો

કત્તો, પુ૦ (આ૦કતઅ) જાડા કતવાળી કલમ,

કથક, વિ૦ (સ૦) કથા કરનાર, પુરાણી ૨ જાહેર ભાષણ કરનાર ૩ હાવભાવથી ગાનાર નાચનાર, નાટકી ૪ ન૦ કહેવત, કહેણી

કથણી,સ્ત્રી૦કહેણી,કહેવત.૨ કથાકહેવાનીપ્રાટી-ઢબ

કથન,ન૦(સ૦) કથા-વાત કરવી તે,કહેવુ તે ૨ વચન,બોલ ૩ નિરુપણ,વિવેચન ૪ કહેવત, કહેણી

કથની, સ્ત્રી૦ (સ૦ કથ્-કહેવુ) વાત, કથા ૨ કહેવાની પ્રાટી-રીત ૩. ટાહેલુ, કુથલી, નિંદા

કથનીય, વિ૦(સ૦) કહેવાને યોગ્ય,કહેવા જેવુ

કથરોટ, સ્ત્રી૦ લાકડાનુ અથવા ધાતુનુ ઉંચા-પ્રનાવાળુ ગોળ છાછરૂ વાસણ મોટો થાળો

કથવું, ક્રિ૦ સ૦ (સ૦ કથ્-કહેવુ) કથા વાત કરવી. ૨. ભાષણ કરવુ ૩ કહેવુ, વદવુ ૪ વિવેચન કરવુ નિરુપણ કરવુ, ટીકા કરવી

કથળવું, ક્રિ૦ સ૦ ચુથાઇ જવુ, બગડવુ, ફરી ઠેકાણે ન આવવુ, હાથથી જવુ " ખેતી ખેડુત કરે વરસ કથળે અણધાર્યું "૨ ઉતરી જવુ (હાડકુ).

કથા, સ્ત્રી૦ (સં૦ કથ્-કહેવુ) જોડી કાઢેલી-કલ્પિત વાર્તા, હેવાલ; કહાણી.-૨. ઈશ્વરના ગુણ સંબધી દ્દષ્ટાતો સહિત જે ભાષણ-કીર્તન તે. ૩. નામાંકિત પુરૂષોનાં ચરિત્ર,વૃત્તાંત. કથા-ભટ-ગાઇ વગાડી કથા-વાર્તા કરનાર

કથાનક, ન૦ (સં૦) કથાનો ભાગ ૨ આડકથા, નાની વાત, કહાણી; કિસ્સો.

કથાનાયક, પુ૦ કથા,વાર્તાનુ મુખ્ય પાત્ર-જેના વિષે કથા વાર્તા થઇ હોય તે.

કથાનુસધાન,ન૦(સ૦) વાત-ભાષણના ભાગોનો પરસ્પર જે સબધ તે ૨ મોટી કથામા જે આડકથા હોય તે

કથાંતર, ન૦ (સ૦) વાતમા બીજી વાત, પેટા કથા.૨ કહેવાનુ રહેવા દઇ ન કહેવાનું કહેવું તે

કથાપીઠ, સ્ત્રી૦ (સ૦) કથાના પ્રસ્તાવસૂચક આમુખ, અવતરણિકા, પ્રસ્તાવના.

કથાપ્રબધ, પુ૦(સં૦) કથા-વાતની રચના તે

કથાપ્રસગ, પુ૦ (સ૦)કથા-વાર્તા માટે બનેલો અનુકૂળ સમય, દ્દષ્ટાન્ત કહેવાનો તાલ

કથામુખ, ન૦ (સ૦) કથાની શરૂઆતનુ જે લખાણ તે, ઉપોદ્ઘાત, પૂર્વપીઠિકા, વાર્તારભ

કથામૃત, ન૦ (સં૦) કથારૂપી અમૃત,વાર્તારસ.

કથાયોગ,પુ૦ (સં૦)કથા-વાર્તા માટેનો સમય

કથારભ,પુ૦(સં૦)વાર્તાની શરૂઆત, કથાનુ ડાણ

કથાળવું, ક્રિ૦ અ૦ બગાડવુ; ચુંથી નાખવુ

કથિત, વિ૦ (સં૦) કહેલુ, ભાખેલું, વર્ણવેલુ

કથિતપાઠ, પુ૦ વસ્તુ દેખાડી મોઢેથી તેના સંબધી શિક્ષણ આપવુ તે.

કથીર, ન૦ (પ્ર૦ કથીલ.) કલઇ અને સીસાની મેળવણીથી બનાવેલી ધાતુ, જસત એ ભાગ-દીથી કાળી પડી જાય છે અને તાપથી પીગળી જાય છે તેથી તે ઘણી હલકી કિમતની ધાતુ ગણાય છે.૨.નકારૂ, હલકું ૩ હલકી વસ્તુ, તુચ્છ ચીજ 'સોનુંબળીસંગ કર્યો,તે કર્યો ચીકળું કથીર '

કથીરી,સ્ત્રી૦કુતરાને [illegible] જીવ.

કથીરો, પુ૦ કથીરીથી મોટો જીવડો.

કથોલ, વિ૦ કથોલું, ભુંડો

કથોલું, વિ૦ અગવડ ભરેલું; અડચણવાળું ૨. કઢંગુ, કઘાટુ, લાગ વિનાનું.

કથ્ય વિ૦ (સ૦) કથવાને યોગ્ય; કહેવા જેવુ

કદ, ન૦ (આ૦ કદ્) બાંધો, ઉંચાઇ,ને લબાઇ

માથે જે આકાર તે,આકૃતિ, વિસ્તાર, ૨.ઉંચાઇ, ઉન્નતપણું, ૩ મોટાઇ, માન, ભારબોજ વજન, માપ ૪ રેશમી મુગટો ૫ પદ, યોગ્યતા

કદખલાઇ, સ્ત્રી૦ લુચ્ચાઇ, બખીલાઈ, શઠતા

કદખલીઉ, વિ૦ લુચ્ચુ, ધૂર્ત્ત, કપટી, શઠ.

કદબોળી, સ્ત્રી૦ બદબોઇ, નિંદા, ગીબત.

કદડો, પુ૦ રેશમ–સુતરનો કદોરો (ભીલ).

કદન,ન (સં૦કદ્–મારવુ)કતલ,હિંસા,વધ 'મદન ! કદન તારુ શંભુથી જે થયુ છે પ્રેમા.૨ પાપ.

કદમ, નં (આ૦) બે પગલાની વચમાનુ જે છેટું–અંતર તે, પગલુ, ડગલું ૨ પગલુ ભરવાની જે રીત–લક્ષણ તે, હીંડછા ૩. કદંબ

કદમનિવાજ,વિ૦મહેરબાન,ઘણુજ કૃપાળુ,દયાળુ

કદમબાજ,વિ૦ લાબા પગલાનુ,ઉતાવળે ચાલનાર

કદમબોસ, વિ૦ બેસી, માનીતો સેવક

કદમબોસી. સ્ત્રી(૦આ૦ કદમ+ફા૦ બોસીદન્ –બચ્ચી કરવી) મોટા માણુસને માન આપતી વેળા તેના પગને ચુંબન કરવુ તે, પાદ ચુંબન.

કદમી, વિ૦ અસલી, જુનું, પ્રાચીન

કદંબ, ન૦ (સં૦) એક જાતનુ ફૂલઝાડ.

કદર,સ્ત્રી૦(આ૦)સમજીને કિમત કરવીતે, ગુણ,રસ ખૂબીથી જાણીતા થવાની શક્તિ, બૂજ, તુલના, લેખુ ૨ દયા, દિલસોજી

કદરજ વિ૦ (સં૦ કદર્ય) કંજુસ,કૃપણ

કદરદાન, વિ૦ (આ૦ કદર્+ફા૦ દાનિસ્તન્–જાણવુ) ખૂબી સમાજનાર, બૂજ જાણનાર. ૨. ગુણજ્ઞ, કિમત કરી બદલો આપે તેવુ

કદરવુ, ક્રિ૦ અ૦ મુઝાવુ હોલાવુ

કદર્યો, વિ૦ (સં૦ કદર્ય) કૃપણ,કંજુસ,બખીલ

કદરૂપુ વિ૦(સં૦કુ+રૂપ) બદસુરત,બેડોળ,વરવુ

કદવા, સ્ત્રી૦(કુ+ફા૦દુઆ–આશિષ, શાપ, હાય, અંતઃકરણથી બુરુ ઇચ્છવુ તે

કદશના, સ્ત્રી૦ (સં૦ કદ+અશન) દરકાર, કાળજી, ચટ, ધ્યાન ન આપવુ તે.

કદહાડે, અ૦ અઘટિત વખતે, ખરાબ દિવસે ૨ ઋતુએ, કમોસમે. ' ક દહાડે કોડા.'

કદળી, સ્ત્રી૦ (સં૦ કદલી) કેળ,સોનેરી કેળાનું ઝાડ.૨. કેળના પાનના આકારની ધજા–પતાકા. ૩ હાથી ઉપરનો જરીનો પટકો [સોટો

કદળીનાળ, સ્ત્રી૦ કેળનો ગાભો, કેળનો થડરૂપી

કદળીપુષ્પ, ન૦ કેળનુ ફૂલ [કેળોનો સમૂહ.

કદળીવન, ન૦ કેળો ઘણી હોય તેવી જગા ૨

કદળીસ્તંભ,પુ૦ કેળનું થડ [વાર, કદાચ,કદાચિત્

કદા, અ૦ (સં૦ કિમ્) કયારે, કયી વખતે,કોઈ

કદાગરો, પુ૦ કજીઓ ૨ અટસ, અદાવત

કદાચ, અ૦ કદાચિત, કદાપિ, વખતે

કદાચિત્, અ૦ (સં૦) કોઇ વખતે, કદી,વખતે. ૨ જો, એમ બને–હોય તો

કદાપિ, અ૦ સં૦) ભોગજોગે,કોઇ વાર,કદાચ.

કદાવર, વિ૦ (આ૦ કદ્+ફા૦ આવર્દન્)કદમા મોટુ, જાડુ અને ઉંચુ, જાજરમાન, દેખાવડું, ભવ્ય, પ્રૌઢ.

કદાસણ, સ્ત્રી૦ કકાસિઅણ

કદી,અ૦કોઇ દહાડો,કોઇ વેળા ૨ કોઇદહાડો પણ. કદીમદી-કોઇ વેળા,(હમેશ નહિ)કદીક,કવચિત્ ' કદીમદી મિયા ચાલ્યા નદી '

કદીક,અ૦ કદી, જુઓ.

કદીમ, વિ૦ અસલી, જુના જમાનાનું, પુરાતન.

કુ–દૃષ્ટિ,સ્ત્રી૦નઠારી–બદ નજર.૨ બેરમહેરબાની, અવકૃપા

કદ્દુ, પુ૦ (ફા૦) કહોળું ૨ દુકો જાડો ને મજબુત લાકડાનો દંડો, બત્તો ૩ ઘોયકણું,ગુમડું. ૪ પુરૂષનોગુપ્ત અવયવ દૂંવમાં કદુ બોરવુ–ફાસમારવી.

કધાન ન૦(કુ+ધાન્ય) હલકી જાતનું–ખડધાન. 'કોદરા, બટી ઇ૦ ' ૨ બગડેલું અનાજ. "કધાનને કેળવીને ખાવુ "

કધોટુ, વિ૦ કધોણુ.

કધોણુ ણી,વિ૦રોજ બરોબર ન ધોવાયાથી બહુ મેલું થયા પછી ખૂબધોવાથી પણસાફન થાય તેવુ.

કનક, ન૦(સં૦) સોનું ૨.ધન, દોલત ૩ ધંતુરો.

કનકફૂલ, ન૦ કનફૂલ; એરીંગ ૨ ધતુરાનું ફૂલ.

કનકવી, સ્ત્રી૦ નાનો કનકવો, નાની પતંગ.

કનકવો, પુ૦ એક ઉભી તથા આડી કમાનદાર કામડીના આધારે ચોખંડો કાગળ વચમાંથી દોરી

ભાંખી આકાશમાં ઉરાડવામાં આવે છે તે,પતંગ,
કનકુડો, પુ૦ પતંગ; કનકવો
કનજર, સ્રી૦ કુદૃષ્ટિ [પીડા
કનડગત, સ્રી૦ હરકત, રગડાટ ૨ દુઃખ,સંકટ,
કનડવું, ક્રિ૦ સ૦ દુઃખ દેવું, હેરાન કરવું,પજવવું, પીડવું, સંતાપવું
કનડાટ, પુ૦ દુઃખ, રગડાટ, પજવણી, કનડગત.
કનફૂલ, ન૦ સ્રીઓના કાનનું ઘરેણું, એરીંગ
કનવાર, સ્રી૦ (મ૦ કેવાર) પંચાત, દરકાર ૨. ખણખોજ; કાળજી, લક્ષ.
કનાત, સ્રી૦ (આ૦ કનાત્) તણુની કપડાની ભીંત. ૨. જાડા કપડાનો કરેલો પડદો
કનસ્તર, ન૦ (અ૦ કેનિસ્ટર) નેતર, ઘાસ કે વાંસની ચીપોની ગુંથેલી કડીઓ ૨ (પડીઆની) સીંકી,પડો. ૩ ટીનના પતરાનો દાબડો
કનિષ્ઠ, વિ૦ (સં૦) ઉમ્મરમા સૌથી નાનું ૨ ગુણ કર્મમા ઉતરતું-ઓછું ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. (મુકાબલામા) [હલકી રીત
કનિષ્ઠપક્ષ, પુ૦(સં૦)નાનો-ઉતરતો પક્ષ-પાયરી
કનિષ્ઠિકા, સ્રી૦ (સં૦) સૌથી નાની આંગળી, ટચલી આંગળી. ૨ વિ૦ નાની (બેન).
કની, અ૦ (સં૦કિં+ન)કે નહિ, અથવા નહિ
કનીનિકા, સ્રી૦ (સં૦) આંખની કીકી,આંખના ડોળામા રહેલો ગોળ કાળો તારો,આંખની પુતળી
કને, અ૦ પાસે, સોડે, નજીક ૨ કબજે,તાબે
કનેરા, સ્રી૦ (સં૦) કસબણ, વેશ્યા ૨ હાથણી
કનેરી, સ્રી૦ (મ૦ કણહેરી,સં૦કણ+આહાર) કાંજી, આજારી માણસને પાવા સારૂ ચોખાને શેકી વાટી બનાવેલું પેય તે. ૨ કરાની બે પાસ ફરતી કોરણ-કાંગરી, ધાર, પાળ ૩ કોર, કોરણ.૪. (સોના રૂપાની) કાંગરી.૫ એક જાતની પુરી, ખારાપુરી. ૬. એક જાતનું પક્ષી.
કનૈયો, પુ૦ રંગીલો-છેલ જુવાન, બાલ ૨.નાનો રંગીલો કિશોર.
કનોયાં,ન૦ કાનની લાળીનો નીચલો ભાગ; બૂટ.
કનોજ, પુ૦ ચાવલની એક જાત.
કંત, પુ૦(સં૦ કાન્ત) સ્વામી; કંથ; પતિ. ૨. મન ગમતો, છબીલો, વલ્લભ.
કંતરાણુ,ન૦ (ફ્રા૦કંતાન) કેનવાસ, શણનુ કપડુ
કતરેહ, પુ૦ અણબનાવ, બગાડ, ખટપટ
કતાઇ,સ્રી૦કતામણ ૨ કાતવાનીપદ્ધતિ-ઢબ-આવડ.
કતાએલુ વિ૦ કાતેલું. ૨ દુર્બળ-બેહાલ થએલું
કંતાણ-ન, ન૦ (ફ્રા૦) શણનુ બનેલું જાડુ કપડુ, કેનવાસ,૨ શણીઉં, કતરાણુ.
કતામણ, ન૦ કતાઇ, કાતવાની મજુરી.
કતાવું, ક્રિ૦ સ૦ સુકાઇ જવુ, દુબળુ પડવુ. ૨ ઘસાઇ હાલહવાલ થઇ જવુ ૩. વળ સાથે તાર નીકળવા.કંતાઇ જવું-દુબળુ પડવુ, સુકાવુ, હાલહવાલ થઇ જવુ, ઘસાઇ જવુ, ખેંચાઇ જવુ
કંથ, પુ૦(સં૦) સ્વામી,ભરથાર, કાન્ત,ધણી,વર. ૨ વલ્લભ, પીઉ
કંથડો, પુ૦ સ્વામી, ધણી, પીઉ.
કંથવો, પુ૦ (સં૦ કંથા-ગોદડી+વહ-વહેનાર) નિર્ધન મનુષ્ય,ગરીબ માણસ,દીનજન 'દીનદુર્બળ હું કંથવો, કૃપા કરી પ્રભુ સન્મુખ જુવો." ૨ ચોમાસામા થતો વાળ કરતા પણ ઝીણો એક જાતનો જીવડો ૩ સાધુ,બાવો,વેરાગી,કંથાધારી.
કંથા, સ્રી૦ (સં૦) ઘણા વસ્રના કડકા સીવી કરેલી ગોદડી,ફાટેલી મેલી ધાબળી,કામળો.૨ થીગડાવાળો ઝબ્બો ૩ કંથ,પતિ, કંથનું સંબોધન
"કંથા ! ન કરીશ કાસદુ, જુડો લેવો ભાર;
તેથી જુદું જાચવુ, સૂમને કહેવો દાતાર "
કંથાર-રી, સ્રી૦ કંથેર, કંટેરો. (કચ્છ)
કંથારા, ન૦ કંથારનાં ફળ.
કંથાળ, સ્રી૦ ગધેડાં, ખચ્ચર,ઊંટ વગેરે ઉપર લાદવાની બેવડી ગુણ., ખડીઓ, ઝોળી.
કંથેર,સ્રી૦ તીક્ષ્ણ કાંટાવાળો એક જંગલી છોડ, કંથાર. કંથેરમાં કોઇ હાથ ન ઘાલે-વસમાને કોઇ ન છેડે.
કંદ, ન૦ (સં૦) ખાવાનો ગર હોય તેવુ મૂળ. ૨ મૂળ, કારણ, સ્થાન સૂચક શબ્દ. (સમાસમાં).
કંદમૂળ,ન૦જુદીજુદી જાતનાં ખાવાલાયક મુળીઆં.
કંદર, સ્રી૦ (સં૦) ગુફા; બોડ; બખોલ.
કંદર્પ, પુ૦ (સં૦) કામદેવ, મદન,અનંગકુમાર.

કંદીલ, ન૦ કંડીલ, ફાનસ
કંદુક, પુ૦ રમવાનો દડો, ચેંડુ [સુખડીઓ
કંદોઇ, પુ૦ મિઠાઇ બનાવનાર-વેચનારો,હલવાઈ,
કંદોરાબંધ વિ૦ કંદોરો પહેરનાર, પુરૂષ
કંદોરી, સ્ત્રી૦ કમ્મરની દોરી, રશના,કાચી,સેર
૨ ભીંતની કિનારી ૩ ચિહ્‌ન, રેખા
કંદોરો, પુ૦ કમ્મરનો દોરો, કમરબંધ, સેર, રશના ૩ ભીતમાં ચણેલી ઇંટની કિનાર ૩ ચિહ્‌ન, લીટો [કંદર્પના શર વાગીઆરે "
કંદર્પ, પુ૦ (સં૦) કામ,કંદર્પ "કાળજ કોરાણા,
કંધ, સ્ત્રી૦ સં૦ સ્કંધ) ખાંધ ૨ નાગરમોથ
કંધરા, સ્ત્રી૦ (સં૦) ડોક, ગરદન, ગ્રીવા
કંધોયો, પુ૦ કંદોઇ, સુખડીઓ (કચ્છ)
કંધોડું,ન૦સરત કરી ખેડવાને ઢોર ભાડે રાખવું તે
કંધોલ, સ્ત્રી૦ (સં૦ સ્કંધ) ખભો, ખાંધ 'તેને પોતાના કંધોલા ઉપર નાખી લઇ ગયા'
કન્ના, સ્ત્રી૦ કનકવાનો ધડો અને કમાનના સાંધા આગળ પતંગ સમતોલ રહે એમ, એ સામસામેના ખુણાને જોડનાર લીટી, કર્ણ રેખા
કન્ની, સ્ત્રી૦ ઉડતા પતંગની નમતી બાજુને સમતોલ રાખવા સારૂ તેની સામેની બાજુએ જે ચીંદરડી બાંધવામાં આવે છે તે ૨ પતંગ
કન્યકા, સ્ત્રી૦ (સં૦) કુમારિકા છોડી, છોકરી
કન્યા, સ્ત્રી૦ (સં૦) કુંવારી છોડી કુમારિકા, કન્યકા ૨ પુત્રી, દીકરી ૩ બાર રાશિ પૈકી છઠ્ઠી રાશિ ૪ દુર્ગાદેવી,પાર્વતી ૫ મોટી એલાયચી ૫ કન્ના
કન્યા કલંક, ન૦(સં૦)કુમારિકાનો દોષ, કુંવારી અવસ્થામાં લાગેલું લાંછન
કન્યા કાળ, પુ૦ (સં૦) કન્યા મટીને સ્ત્રીત્વ આવવાનો સમય, કન્યાને પરણાવવાનો સમય
કન્યા કુબ્જ, પુ૦ (સં૦) કનોજ પ્રાંત
કન્યાકુમારી, સ્ત્રી૦ (સં૦) કોમોરીન ભૂશીર, હિંદુસ્થાનનો દક્ષિણ છેડો [કરવું તે' પરણવું
કન્યા ગ્રહણ, ન૦ (સં૦) લગ્ન, પાણી ગ્રહણ
કન્યાગત, ન૦ (સં૦) સ્ત્રી ધન, પહલું.૨.કન્યા રાશિમાં આવવું તે [દાનકરવુંતે:છોડી પરણાવવી તે
કન્યાદાન, ન૦ (સં૦) શાસ્ત્ર વિધિપૂર્વક કન્યાનું
કન્યાદોષ,પુ૦(સં૦)કન્યા સંબંધીજેખોડખાંપણતે
કન્યાધન, ન૦(સં૦)સ્ત્રી ધન,પહલું ૨ કન્યા રૂપી જે ધન તે 'આખરે કન્યા ધન પારકું છે'
કન્યાપુત્ર, પુ૦ (સં૦) કુંવારી છોડીને પેટે પેદા થયલો પુત્ર, કાનીન ૨ ભાણેજ, દોહિત્ર.
કન્યારત્ન, ન૦ (સં૦) કન્યા રૂપી જે રત્ન તે
કન્યારાશિ વિ૦ (સં૦) સ્ત્રીના જેવા ચાળા અને ચહેરાવાળો પુરૂષ, બાયલો, જનાની.
કન્યારાશિ,સ્ત્રી૦(સં૦) બાર રાશિઓ પૈકી છઠ્ઠી
કન્યાવિક્રય, પુ૦ (સં૦) દીકરીનું વેચાણ, વર પાસેથી કન્યાના બાપે બદલો લેવો તે
કન્યાશાળા,સ્ત્રી૦ ફક્ત બાળાઓને ભણાવવામાં આવતી હોય તેવી નિશાળ [ઉપાડી જવી તે.
કન્યા હરણ, ન૦ (સં૦) કન્યાને બળાત્કારે
કન્યાળું,ન૦વગર ચણેલો કુવા જેવો ખાડો,વીરડો 'નદીનાળા કન્યાળા,ટીંકવામાથીપાણીલે.-ડુ૦દ૦
કન્હૈયા, વિ૦ મોજી, લહેરી, વિલાસી "કાન્ કન્હૈયા સાથે રંગે રમુ છુ, પ્રેમથી ઉબટ આણીરે"
કપ, પુ૦ ચકમક ને લોઢાથી પડતો તણખો ઝીલવાની સુતર મુંજની દોરી, જામગરી, કફ ૨ (અં૦) પ્યાલો ૩ કાપ, ચીકણી કાળી માટી
કપચી, સ્ત્રી૦ સડક પુરવાનો પથ્થર,તાસ,મેટલ
કપટ, ન૦ (સં૦) લુચ્ચાઇ, ઠગાઇ, છળ પ્રપંચ ૨ ડોળ, ઢોંગ, કપટ કરવું-છેતરવું,છળ કરવો કપટ તેનું ચપટ - છળનું પરિણામ વિનાશ
કપટકોટ,પુ૦ઢોંગનો પડદો,છળ,બનાવટ, કપટબાજી
કપટનિંદા,સ્ત્રી૦ છેતરવાને કોઇની નિંદા કરવી તે
કપટતા, સ્ત્રી૦ (સં૦) ઠગાઈ, છળ.
કપટબાજી, સ્ત્રી૦ ઠગબાજી, ધૂર્તતા, પ્રપંચ.
કપટભાવ, પુ૦ [સં૦] બનાવટી પ્રેમ, પ્રેમ બતાવી અંદરથી છેહ દેવાની ભાવના.
કપટરૂપ ન૦ બનાવટી, છેતરવાને બનાવેલું
કપટવિદ્યા, સ્ત્રી૦ છળવિદ્યા [કાવાબાજ
કપટી, વિ૦ ધૂર્ત, દગલબાજ, પ્રપંચી, ઠગારું,
કપડાંરી, સ્ત્રી૦ ચીતારો, કમઠાણ
કપડછાણ, વિ૦ કપડાથી ચાળેલું ૨ કપડું વિંટાળી ઉપરથી છાણમાટી ચોપડેલું.

કપડું, **ન૦** (**સં૦** કર્પટ) રેશમ, ઊ૦ના તારને વણી બનાવેલો ઘાટ લુગડું, કાપડ ૨ પોશાક, વસ્ત્ર, વસન, ચીર

કપડાંલત્તાં, **ન૦** પહેરવાના લુગડા

કપતરું, **ન૦** કેરી, કોળુ દુધી વગેરેની કાપેલી જે જાડી છાલ તે, ગાભચુ

કપતાન, **પુ૦** (**અ૦** કેપ્ટન્) વહાણ-આગબોટ ઉપરના ખલાસીઓનો ઉપરી,નાખુદા, નૌકાધ્યક્ષ, ટંડેલ. ૨ પલટણનો ઉપરી—નાયક સરદાર ૩ મુકાદમ, આગેવાન

કપરું, **વિ૦** (**ગ્ર૦ દે૦** ખપ્પરો)અઘરું, મુશ્કેલ, કઠણ "કેવી કપરી સરત ! "૨ આકરું, જલદ ઉગ્ર સ્વભાવનું, ક્રોધી ૩ કાબેલ, કોઈથી ગાજ્યુ ન જાય અને નીચેનાને સેહમા રાખે તેવુ

કપરોડ, **સ્ત્રી૦** (કુપ + **અ૦** રોડ) ખાડાની કે કુવાની અંદરનું આડુ પોલાણ, બખોલ

કપર્દિકા, **સ્ત્રી૦** (**સ૦**) કોડી, છેકજ હલકી કિમતનો સિક્કો, દમડી [તે ૨ કમાટ

કપાટ,**ન૦**(**સ૦**)બારણું,ઉઘાડવા દેવાનું જે પાટીઉ

કપાણ,**ન૦**સુરજના તડકાની ઝાળ લૂ [નઠારું

કપાતર,**વિ૦**(**સ૦**કુપાત્ર.)નાલાયક, વઢકણુ.૨ ખગાભ,

કપાલ, **ન૦** (**સ૦**) ખોપરી; માથાનુ તાળકુ ૨૬ ૨ ખપ્પર ૩ ઠીબ, ઠીકરુ

કપાલકુટીઓ, **વિ૦** માથ ફોડીઓ,ટકટક કરનાર

કપાલી, **પુ૦** (**સં૦**) મહાદેવ, શિવ ૨ ખોપરીનો હાર રાખનાર,શિવભક્ત ૩ અઘોરી બાવાઓનો એક વર્ગ [જુદુ પડાવુ, બાતલ કરવુ

કપાવવું, **ક્રિ૦અ૦**છેદાવવુ, વઢાવવુ, કટકા કરાવવા

કપાવું, **ક્રિ૦ અ૦** કોઈ કાપતુ હોય તેવુ થવુ, વઢાવુ, અંદર અંદર દ્વેષથી છેદાવુ ૨ કજીઓ-કકાસ કરવો, લઢવાડ-મારામારી કરવી

કપાસ,**પુ૦** (**સં૦** કાર્પાસ) રૂના છોડ, વણ. ૨ કપાસીઆ સહિત રૂ ૩ કપાસીઓ

કપાસી,**સ્ત્રી૦**કણી,આટણ ચામડીમાઘાનીપડેલીગાંઠ

કપાસીઆ,**પુ૦**રૂનુંબી ૨ માસના લોચા(માથામા

કપાળ, **ન૦** (**સં૦** કપલ) બે પાંપણની ઉપરનો માથાનો વાળ વગરનો ભાગ, ચહેરાનો ઉપલો સપાટ ભાગ, લલાટ, ભાલ. ૨. નસીબ; ભાગ્ય 'ઢાંકયા કપાળની ખબર પડતી નથી' ૩ કંઈ નહિ, ધુળ "તે શુ શિખવાનો છે કપાળ." ૪ મગજ, મસ્તક 'કપાળે કપાળે જુદી મતિ' **કપાળ ફૂટવુ**—અત્યંત નિરાશાને લીધે હાથથી માથામા મારવુ ૨ માથાફોડ કરવી ૩ પસ્તાવો કરવો **કપાળ ફૂટવુ**—ઘણું નુકસાન થવુ, મોટુ દુઃખ આવી પડવુ. **કપાળમા ચાંદલો કરવો** કંઈ ન આપવુ **કપાળમાં ડામ**—આપવાનું કંઈજ નથી (તિરસ્કારમા) **કપાળે ચોટવું**-નસીબે લખાવુ, પાલવે પડવુ, માથે ભાગવુ **કપાળે લખેલું**—નસીબદેવીએ નિર્માણ કરેલુ **કપાળે હાથ દેવો**—(શોકમા) કપાળે હાથ દેવા જેવી દશા થવી, આશાભંગ થવુ, નિરાશ થવુ **કપાળે લખાવી લાવવુ**—ભાગ્ય લઈને અવતરવુ, નિર્માણ થવુ [કરવી તે, મગજમારી.

કપાળફૂટ, **સ્ત્રી૦** માથાફોડ, તેની તેજ મહેનત

કપાળકુટીઉં, **વિ૦** માથાફોડીઉ, ટકટક કરે-કરાવે તેવુ ૨ ઘણી મગજની મહેનતવાળુ.

કપિ, **પુ૦** (**સ૦**) વાનર, વાંદરો; મર્કટ

કપિંજલ, **ન૦** (**સ૦**) એક જાતનુ પક્ષી, તેતર

કપિતાન, **વિ૦**(**સ૦**)સેતાન,તોફાની, વાંદરા જેવુ

કપિમુખ, **વિ૦** (**સં૦**) વાનરમુખુ, વાનરના જેવા મોં વાળુ [બદામી રંગનુ

કપિલ, **વિ૦** (**સં૦**) પીળાસ મારતું કાળુ,

કપિલ, **પુ૦** સાંખ્યશાસ્ત્રના કર્ત્તા, એક ઋષિ

કપિલા, **સ્ત્રી૦** (**સ૦**) તદન એકજ રંગની ગાય ૨ દક્ષરાજાની કન્યા ૩ એકજાતનો લાલભૂકો

કપિલા ષષ્ઠી, **સ્ત્રી૦** (**સ૦**) જે દિવસે ૭ યોગ એકઠા આવે તે-ભાદ્રપદ માસ, કૃષ્ણપક્ષ, હસ્ત નક્ષત્ર, વ્યતિપાત યોગ, મંગળવાર અને છઠ એ બારવર્ષે એક વખત આવે છે

કપીલા, **પુ૦** (કપિલા) એક જાતની વનસ્પતિ. ૨ એકજાતનોલાલ ભુકો જે ખુજલીપરકામઆવેછે.

કપુર, **ન૦** (**સં૦** કર્પૂર) સુગંધીવાળો તરત સળગી ઉઠે એવો ઝાડમાથી મળતો એક પદાર્થ. **કપુરનું વૈતરૂ**—આનંદ ઉપજે એવી મહેનત.

કપુરકાચલી, સ્ત્રી૦ એક જાતનું સુગંધીદાર મૂળિયું
કપુરચીની, સ્ત્રી૦ એક જાતની ઓષધી. ૨ ચિનાઇ સાકર
કપુરી, વિ૦ ખાવાના પાનની એક જાત.
કપુરોઆં, ન૦ કાચી કેરીના લાબા ચીરીઆ.
કપૂત, પુ૦ (સ૦ કુ + પુત્ર) નામ બોળુ છોકરો, કુળને લાછન લગાડે તેવો છોકરો
કપેચાં, ન૦ એક જાતનુ વસાણુ.
કપેચું, વિ૦ આટીઘુટીનુ, કઠણ, અટપટુ
કપોટી, સ્ત્રી૦ પોપડી [રોટલા, રોટલીની], ૨. પાતળી છાલ, ઝીણુ પડ.
કપોટું, ન૦ પોપડો, ભીંગડું, છોડુ, પોડુ.
કપોત, પુ૦, ન૦ (સ૦) ડોકે રગની છાટ હોય તેવુ કબુતર, પારેવો હોલો.
કપોતક, ન૦ સુરમો,૨ સાજીખાર ૩ નાનો હોલો
કપોતરું, ન૦ (સં૦ કુ + ફોતરૂં) જાડી છાલ; ગાભચુ ૨ ભીંગડુ ૩ કાગળીઉ
કપોતી, સ્ત્રી૦ હોલી [૩ વાણીઆની એક જાત.
કપોલ–ળ, પુ૦ (સં૦ કપોલ) ગાલ ૨ ગડ
કપોળ–કલ્પિત, વિ૦ (સં૦) બનાવટી, મનથી ગોઠવેલુ, પ્રમાણુ વગરનુ. કલ્પિત.
કપ્પડ, ન૦ કપડુ, વસ્ત્ર, કાપડ [વસમુ, આકરુ
કપ્પર, સ્ત્રી૦ ભેખડ, નદિની કરાડ.૨ વિ૦કપરુ,
કપ્પા, પુ૦ છાલ સાદડાના ગૂથેલા કોથળા, ગુણ.
કપ્પી, સ્ત્રી૦ ગરગડી, ગરેડી ૨ થીંગડુ ૩ કુલ્લી. ૪ શીશી [ગરગડી ૨ સીમો, કુપો
કપ્પો, પુ૦ સહેલાઇથી બાર ઉચકાય એવુ પત્ર,
કફ, પુ૦ [સં૦) છાતી, ગળાને રુધતો એક રોગ, ઠાસો, ઉધરસ, ખાસી, ઓખલો ૨ રસ શ્લેષ્મ. ૩ બળગમ, ગળફો, બળખો, ૪ ચકમક સ ગાવવામા વપરાતું રૂ, ગુલ, કપ, જામગરી
કફ જ્વર, પુ૦ [સં૦] કફથી આવતો તાવ ને
કફન, ન૦ (આ૦) મુડદાને ઓરાડેલું લુગડું,શબને ઢાકવાનું વસ્ત્ર ૨ શબ મૂકવાની પેટી
કફની, સ્ત્રી૦ [આ૦] ટુકી બાયનુ ઘુટી સુંધીની લબાઇનુ જે પહેરણ તે
કફલાત, પુ૦ ચુનાનો ગિલાવો ૨ મરામત
કફા, વિ૦ નારાજ, નાખુશ
કફાત, સ્ત્રી૦ [આ૦ કફારત] નુકસાન, ગેરલાભ, હાનિ. ૨ કજીઓ, ટટો.
કફોડું, વિ૦અઘરું, મુશ્કેલ,કઠણ,૨ કલાગુ, કદરૂંપુ.
કફોદર, ન૦ કફ દોષથી થતો પેટનો એક રોગ.
કબજ, વિ૦ [આ૦ કબ્જ] કબજામા હોય તેવુ, રોકાએલુ, છુટુ ન હોય તેવુ ૨. ઝાડો ન આવતો હોય તેવુ "પેટ કબજ છે," **કબજ કરવું**—પકડવુ, કબજો લેવો. ૩ જપ્ત કરવુ. ૪ કેદ કરવુ **કબજ રાજા મુલક ટેંટેં**—ધણી હાથમા તો બીજા શુ કરનાર ?
કબજાત, ન૦ કબજો, હવાલો
કબજિઆત, સ્ત્રી૦ કબજ હોય તેવી હાલત, અટકાવ, રોકાણુ ૨ બધકોશ. મળાવરોધ.
કબજેદાર, વિ૦ જેના કબજામા હોય તે, ભોક્તા.
કબજો, પુ૦ [ફા૦] ભોગવટો, ઉપભોગ, માલકી, હવાલો, તાબો ૨ દબાણુ, સત્તા. ૩ બાય વગરનુ બદન, કુડતુ **કબજો કરવો**—તાબામાં લેવુ **કબજો મેળવવો**—કોર્ટ તરફથી કાયદેસર ભોગવટો લેવો,તાબે લેવુ **કબજો છોડવો**—સત્તા ખોવી, કોઇ ચીજની માલકી છોડવી. **કબજો આપવો**—હવાલે કરવુ, સ્વાધીન કરવુ **કબજે રાખવુ** પોતાની સત્તામા રાખવુ, દેખરેખ રાખવી
કબડાવુ ક્રિ૦ અ૦ માદા પડવુ, શરીર બગડવુ, કથળવુ [રાહુ ૩ એક રાક્ષસ
કબંધ, ન૦ (સ૦)ધડ,માથા વિનાનું શરીર ૨.
કબર, સ્ત્રી૦ [આ૦ કબ્ર] દાટેલા માણસના ખાડા ઉપર કરેલુ ચણતર, ઘોર, દેરડી, સમાધ
કબરસ્તાન, ન૦ [અ૦ કબ્ર + ફા૦ સ્તાન] જ્યા કબરો હોય તે ઠેકાણુ, શ્મશાન, દખમું.
કબરી, સ્ત્રી૦ વાળની લટ, ચોટલો, વેણી.
કબાજી, સ્ત્રી૦ (સં૦ કુ + ફા૦ બાજતન્—રમવુ) ખોટનો ધધો, મૂર્ખાઇ ભરેલું કૃત્ય.
કબાટ, ન૦ (સં૦ કપાટ) સામાન મૂકવાનો ખાનાવાળો ઉભો ઘાટ. ૨. હાટિયુ.
કબાડ, વિ૦ ખરાબ, તરેહવાર, ઘાટ–ડોળ વગરનું (લાકડુ, માણસ, વગેરે); નઠારુ. ૨. પુ૦

બોર; એક ગાડાનો ભાર, (ઘાસની) ગજી ૩. ઈમારતી લાકડું [અનાવડની મહેનત
કબાડકડ, સ્ત્રી० હલકી મજુરી, ગદ્ધાવતરુ,
કબાડી, પુ० ઇમારતી લાકડા વેચનાર ૨ કઠિઆરો ૩ લાકડા કાપનાર (સોરઠ,) ૪ ગેરવર્તણુક, નઠારી રીતભાતે ચાલવું તે
કબાડી, વિ० કબાડા કરનાર, ધૂર્ત્ત, કુભાડી
કબાડીઉં,વિ०જાડું ને જોરવાળુ ૨ તરકટી કુભાડી
કબાડું, ન० ખોટું કામ, દુષ્કર્મ, સારૂં ન કહેવાય, તેવું કામ. ૨. વ્યભિચાર, અનીતિનું કૃત્ય
કબાડું, વિ० નઠારૂં, નબળું, ખોટું, અસત્ય
કબાબ, પુ० કવાબ, જુઓ
કબાબચીની, સ્ત્રી० (ફા०) ચીનીકબાલા
કબાલો, પુ० (અ० કબાલહ્) અમુક વસ્તુ આપવા લેવા સંબંધી કરાર, સાટાખત.
કબી, અ० (ફા०) કદી, કદાપિ, કોઇવાર
કબીર, પુ० (અા० કબીર્-મોટો) ભાટ, કવિ ૨. એ નામનો ધર્મ સ્થાપનાર મૂળ પુરૂષ.
કબીરપંથી વિ०(અા०)કબીરના મતને માનનાર
કબીલદાર, વિ० કુટુંબવાળો. ગૃહસ્થ, પરણેલો
કબીરો,પુ०પહોળા મોનું ભિક્ષાપાત્ર, શકોરૂં. કટોરો
કબીલો, પુ०(અા०) બૈરા છોકરા,કુટુંબ,પરિવાર
કબુદ્ધિ, સ્ત્રી० કુબુદ્ધિ, જુઓ.
કબુદ્ધિયુ, વિ० મૂર્ખ, અવળી મતિનું,કુબુદ્ધિવાળું
કબુ, અ० [હિ०] કદી, કદાપિ, કોઇવાર
કબુતર, [સ०] ખબુતર, પારાવત
કબુતરખાનું,ન०કબુતરનોમાળો.૨.મેલીગંદી જગા
કબુતરી, સ્ત્રી० કબુતરની માદા. ૨. અંગકસરત કરનારી નટડી. [કરેલુ-માનેલુ, માન્ય, સ્વીકૃત
કબુલ, વિ० [અા० કબલ્] મજુર. નક્કી
કબુલવું,ક્રિ० સ० કબુલાત આપવી, વચન આપવું, હા પાડવી, માનવું.
કબુલાત, સ્ત્રી० [અા०] ખાતરીથી કહેવું-લખી આપવું તે; ઇકરાર, ઠરાવ, કોલ, સ્વીકાર,નક્કી હા
કબુલાતનામું, ન० [અા०] લખાણથી જે કબુલાત તે; ઈકરારનામું, કરારનામું.

કબુલાવવું, ક્રિ० સ० કબુલ કરાવવું; મનાવવું; હા પડાવવી ૨ ખાતરી અપાવવી,જામીન આપવા.
કબેલુ,ન०[મ०કોલ.] મોટું કાળા રંગનું નળીઉં; મોઆરીઉ ૨ ઘાટ વગરનું ઠીકરૂં ૩ બેડોળ ઠીબ.
કબોલ, ન० ખરાબ શબ્દ ગાળ ૨ મહેણું. ટાણો
કભા, પુ० [અ० કૈબા] જરિયલ જામો. વાઘો
કભાય,પુ०જામો વ ઘો 'કભાય કોને ખાસરી પટકા, નામ ન જાગે ગણિયાજી'-પ્રેમ ०૨.મોટો.૩.સ્ત્રી० બાય. 'મોટી કભાય કરો બેસલી, છટે લ્યાં હો દોરો'-પ્રેમા०
કભારજા,સ્ત્રી (સ०કુભાર્યા)કકાસણી,કુલક્ષણી સ્ત્રી.
કભાવ,પુ०[સં०કુભાવ-]ધિક્કાર,અપ્રીતિ, કમન.
કભી, અ० કદી, કદાપિ
કમોડુ, વિ० મેલુ, ધાબાવાળુ.
કમ, વિ०[ફા०] ઓછું, થોડું, ઉણું, અલ્પસૂચક ઉપસર્ગ ૨ ખરાબ, હીણુ.
કમ અક્કલ,વિ०[ફા०]ઓછી બુદ્ધિનું,મૂર્ખ,અજ્ઞાન.
કમઅસલ, વિ०કમજાત; રાંડના પેટનું;નીચ કુળનું.
કમ-કદર, વિ० [ફા० કમ+અા० કદ્ર] કદર વગરનું, અગુણજ્ઞ.
કમકમવુ, ક્રિ० અ० ધ્રુજવું, થરથરવું. કંપવું. ૨ કમકમા આવવા,ક ટાળો આવવો. ત્રાસવુ,ડરવું.
કમકમાટ, પુ० કમકમવુ તે; થરથરાટ; કંપ. ૨. કટાળો, ત્રાસ.
કમકમાટી, સ્ત્રી० ત્રાસ, કપારી, સૂગ, જુગુપ્સા ૨ કપારો, થરથરાટ, કમકમી, એ ગકંપ.
કમકમી,સ્ત્રી० કપારી, ધ્રૂજારી,સૂગ.[શક્તિવાળુ
કમ-કૌવત,વિ.નબળું,કમજોર દુર્બળ,અશક્ત;ઓછી
કમખો, પુ० (સ०કમ્બખાબ)કાચળી,કપડું,ચોળી.
કમખોરાક, પુ० ઓછો ખોરાક હોવો તે.
કમચી, સ્ત્રી० (તુર્કી० કમ્ચી) ચાબુકને છેડે જે દોરી હોય છે તે ૨ ચાબુક કોરડો.
કમજબા ,વિ०(ફા०કમ+જબાન)થોડું બોલનાર. અલ્પભાષી ૨ તોતડુ અટકતી જીભવાળુ. ૩. બુડાબોલું ૪ ભૂંડુ ભાષણ સ્ત્રી०ગાળ,અપશબ્દ.
કમજરે, અ० (ફા० કમ+મુજરા) ઓછું; નિરર્થક, બરબાદ.

કમજાત, વિ૰ (ફા૦ કમઝાદ)હલકા કુળનું, અકુલીન, નીચા કુળનું, ૨ અધમ, વર્ણસંકર, તુકમફેર ૩ લુચ્ચું, હરામી

કમજાદે, વિ૦ ઓછુવત્તુ, કમીજાસ્તી [ગાયર

કમજુરત વિ૦ઓછી હિંમતનુ,અશક્ત ૨ બીકણ,

કમ જોર, વિ૦ અશક્ત, નબળુ, કમતાકાત

કમજોરી, સ્ત્રી૦ અશક્તિ, દુર્બળતા

કમઠ, પુ૦ (સ૦) કાચબો, કચ્છપ. ૨ વિષ્ણુનો અગિયારમો અવતાર ૩ મુનિનું જળપાત્ર ૪ વાસ

કમઠાણ, ન૦ ઝટ વ્યવસ્થા થઇ ન શકે તેવો મોટો ખટલો, રસાલો ૨ વાપરો, સરસામાન

કમઠાયો,પુ૦શીલ્પવિદ્યા પ્રમાણે સાગે માહીતગાર માણસ, શિલ્પી, મિસ્ત્રી

કમઠી, સ્ત્રી૦(સ૦)કાચબી [અસંતોષ બતાવવો

કમણવુ, ક્રિ૦ અ૦ [ક મન]કચવાવું,કણકણવુ

કમ ડળ, ન૦ (સ૦ કમ ડલુ) લાકડા અથવા ધાતુનું સન્યાસીનુ પાણી પીવાનુ નાળચાવાળુ પાત્ર

કમ ડળું, ન૦ (સ૦) કડવા નાળિયેરના ખોખાનુ સન્યાસીનુ પાણીનુ પાત્ર.

કમતર, વિ૦ (ફા૦) ઓછુ,થોડુ ૨ હલકુ ,નબળુ

કમતરીન, વિ૦ (ફા૦) પામર, ૨ક, ગરીબ દાસાનુ દાસ. " લી૰ તમારો કમતરીન સેવક " ૨ તુચ્છ, હીણુ. ૩ બહુજ કમ-ઓછુ

કમતી, વિ૦ (ફા૦) ઓછુ, થોડુ, કમી

કમન, ન૦ (સ૦કુ+મનસ્) નાખુશી અસંતોષ કટાળો, અભાવ અપ્રીતિ **કમનનું**-મન વગરનુ

કમન, વિ૦ ખુબસુરત કામુક ન ગમતુ]

કમનસીબ, વિ૦ નિર્ભાગી, અકર્મી, અભાગીઉં, ૨ ન૦ દુર્ભાગ્ય. [૨ સુદર, રૂપાળુ, મોહક

કમનીય, વિ૦ ચહાવા યોગ્ય ઇચ્છવા લાયક

કમપેશ, વિ૦ ફા૦) ઓછુવત્તુ

કમબખ્ત વિ૦ (ફા૦) કમનસીબ ભાગ્યહીન ૨ ખધુ લુચુ, ઠગ [ભોગ ૨ ધૂર્તતા ઠગવિદ્યા

કમબખતી, સ્ત્રી (ફા૦) દુર્દૈવ, વિપત્તિ, દુર્દશા,

કમર (કમ્મર), સ્ત્રી૦ (ફા૦) કેડ કટી **કમર** કસવી-બાધવી-કમરે તાણીને પટકો બાધવો ૨ કામ ભીડવી, તૈયાર થઇ જવુ **કમર** ભાગી જવી-આશા ભગ થવુ **કમર** તોડવી-ઘણી સખત મહેનત કરવી

કમરકસ, ન૦ (ફા૦) કમરમા કસ આવે તેવુ ઓસડ ૨ વિ૰ કમર કસનાર, શૂર

કમરખ, ન૦ એક જાતનુ ખટમધુરુ ફળ

કમરપટી, સ્ત્રી૰ કમરે બાધવાની પટી ૨ કોઇ વસ્તુનો લાબો ને લાબો ચીચરવટો

કમરપટો, પુ૦ કમરે બાધવાનો પટો, કમરબધ, પટો ૨ કમરનુ ઘરેણુ, સેર, મેખલા, રસના

કમરબધ, પુ૦ (ફા૦) કમરપટો વિ૦ તૈયાર, સજ્જ ૨ સાવધ, સાવધાન, તત્પર

કમરીક, ન૦ એક જાતનુ લુગડુ

કમલ, ન૦ (સ૦) કમળ જુઓ

કમલજ, વિ૦ (સ૦) કમળમા જન્મેલુ [કમળા

કમલજ, પુ૰ (સ૦) ચતુરાનન,બ્રહ્મા, **કમળજા**-

કમલા, સ્ત્રી (સ૦)કમળા,લક્ષ્મી,૨ સુંદરસુભાગી સ્ત્રી.

કમલાકર, પુ૦ (સ૦) કમળનો સમૂહ જથો ૨ કમળોવાળુ સરોવર

કમલાપતિ, પુ૦(સ૦) વિષ્ણુ લક્ષ્મીપતિ

કમલિની, સ્ત્રી૦ (સ૦) કમળની વેલ-જેના ફૂલ સૂર્યને જોઇ ખીલે છે તે

કમલોદ્‌ભવ, પુ૦ (સ૦) કમળમાથી ઉત્પન્ન થએલા તે, બ્રહ્મા, પ્રજાપતિ [ઓછી અક્કલનું.

કમસમજ, સ્ત્રી૰ ઓછી અક્કલ ૨ વિ૦ નાદાન;

કમળ, ન૰ (સ૦ કમલ) પાણીમા પેદા થતું લાબી દાડીનુ એક ફૂલ અબુજ, પદ્મ ૨ ગર્ભસ્થાન ૩ કમળકાકડીનુ ફૂલ

કમળકાકડી,સ્ત્રી૦કમળનુ બી,એક ઔષધી;ઉ૨ ૨

કમળકેશ,પુ૦કમળનો ડોડો,કમળની ન ફૂલેલી કળી

કમળતંતુ, પુ૦ (સ૦)કમળફૂલની અંદરના રેસા

કમળનાળ, સ્ત્રી૦ કમળની પોલી દાડી

કમળભૂ, પુ૦ (સ૦) બ્રહ્મા

કમળ પૂજા, સ્ત્રી૰ કમળ ચઢાવી કરવાની પૂજા. ૨ માથુ કાપી દેવને ચઢાવવુ તે

કમળમુખી,વિ૦કમળવદના;કમળજેવા મુખવાળી

કમળમુદ્રા, સ્ત્રી૦ દેવસેવા કરતા કમળના જેવો આગળાનો આકાર કરવો તે

કમળ લોચના, વિ૦ (સ૦) કમળના જેવી આંખવાળી, કમળનયની [મોંવાળી કમળમુખી

કમળવદન -ની, વિ૦ (સ૦) કમળના જેવા

કમળાસન, પુ૦ બ્રહ્મા (જેમનુ આસન કમળ છે)

કમળો, સ્ત્રી૦ કમળના જેવા વા ળી રંગના એક જાતના ફૂલ ૨ પિત્તાશયના વિકારથી થતો એક રોગ, કમળો

કમળો, પુ૦ લોહી અને શરીર પીળુ થઈ જાય અને રોગી બધી ચીજ પીળીજ દેખે તેવો પિત્ત વિકારથી થતો રોગ ૨ દ્વેષ, અદેખાઇ, ઇર્ષ્યા

કમા, સ્ત્રી૦ (સ) શોભા, સુંદરપણુ,ખુબસુરતી

કમાઈ, સ્ત્રી૦ કમાવુ તે ૨ પ્રાપ્તિ, પેદાશ,ઉત્પન્ન, નફો, લાભ ૪ રોજો રળાઇ, કમાણી

કમાઉ, વિ૦ કમાતું હોય તે,પેદાગરુ,રળતુ ઉદ્યમી

કમાડ, ન૦ (સ૦ કપાટ) વાસવા-બંધ કરવાનુ ઢાકણું, બારણુ, બાર **કમાડ ભાગવાં**—ઉમરો ઘસી નાખવો, તગાજો કરવો **પગે કમાડ ઠેલવાં**—ખુપા ગોળા ગગડાવવા **કમાડ કરતા ઉલાળો ભારે**—માથા કરતા મનોહર મોટુ

કમાચણ, સ્ત્રી૦ (સ૦ **કામચારી**) અનીતિએ ચાલનારી સ્ત્રી, ગુણકા, વેશ્યા

કમાડું, ન૦ ખેતરમા દરેક ક્યારામા પાણી જવા માટે ક્યારાની પાળ તોડવા બાધવામા આવે છે તે

કમાણી, સ્ત્રી૦ કમાવુ તે, કમાઇ, પેદાશ, ૨ નફો; આવક ૩ સંગ્રહ, સંચય

કમાન, સ્ત્રી૦ (ફા૦ કામઠુ, ધનુષ્ય ૨ કડીઆ સુતારે બનાવેલો ધનુષ્ય આકાર તે, આર્કુ, મહેરાબ ૩ મેઘધનુષ્ય, મચ્છ ૪ ઘડિયાળ, ગાડી કોચ વગેરેમા સ્થિતિસ્થાપક ગુણ રાખનાર પોલાદનું ગુંછળુ

કમાનદાર, વિ૦ (ફા૦) કમાન-મેહેરાબવાળુ,

કમાનાર, વિ૦ રળનાર, પેદા કરનાર,મેળવનાર

કમાલ, વિ૦ (આ૦) ખુબસુરત, સુદર.૨ ઘણુ સારૂં, ઉત્કૃષ્ટ ૩ સંપૂર્ણ, આખુ

કમાલીઆ-ળીઆ, પુ૦ બહુચરાજીને માનતામાં પોતાનું જીવન અર્પી સ્ત્રી પોશાકમા ફરનાર પુરૂષ. ૨. હીજડો, નપુસક;ફાતડો,બાયલો.

૩ બેશરમાળ સ્ત્રી ૪ પુરૂષના જેવી ઉંચી ને સુંદરતા રહિત સ્ત્રી [અધિકારી

કમવિસદાર, પુ૦ મામલતદાર,પ્રગણાનો ઉપરી

કમાવુ, ક્રિ૦ સ૦ કંઇક નવુ પ્રાપ્ત કરવુ, મેળવવ, પેદા કરવુ રળવુ ૨ નફો-લાભ મેળવવો ૩ સંચવુ સંગ્રહ કરવુ

કમિટી, સ્ત્રી૦ (અ૦) કોઇ કામનો વહીવટ કરવા જે નિમેલા માણસો તે,કાર્ય કરનારી સભા, મંડળી, પચાએત

કમિશન, ન૦ (અ૦) નિમેલા માણસો, નિયુક્તજન, પંચ, અમુક કામ માટે અખત્યાર આપ્યો હોય તે પુરૂષો.૨. અખત્યારનામુ,મનદ, શાસન પત્ર ૩ સોંપરત, ભાળવણી, નિક્ષેપ.૪ અખત્યાર અધિકાર ૫ કોર્ટમા હાજર નથઈ શકે તેવા માણસની જુબાની લેવા જે માણસને સત્તા આપેલી હોય તે ૬ અગત્યના પ્રશ્નની તપાસ માટે નિમાએલુ પંચ ૭ આડત, હકસાઇ, વળતર

કમિશનર, પુ૦(અ૦) જેને કોઇ કામ કરવાની સત્તા હોય તે ૨ સરકારી કોઇપણ મોટા ખાતાનો ઉપરી અધિકારી [બાકી, અધુરુ

કમી, વિ૦ (ફા૦) ઓછુ, કમતી ૨ ઊણું,

કમીજાસ્તી, સ્ત્રી૦ ઓછુ વત્તુ કેટલું તે બાબતની તપસીન-હિસાબની જે વિગત તે, વધઘટ

કમીટ કરવું, ક્રિ૦ સ૦ સોંપવુ, હવાલે કરવુ, ભાળવવુ. ૨ બીજા ન્યાયાધીશ પાસે ઇનસાફ માટે

કમીન, વિ૦ (આ૦) કપટી, હૈયામેલુ [મોકલવુ

કમીના, સ્ત્રી૦ (ફા૦) ઓછાપણું, તાણુ, ઊણપ.

કમીનો. વિ૦ (ફા૦) છેક હલકો, પામર;કંગાલ.

કમુરતાં, ન૦ જે સમયમા શુભકાર્ય માટેના મુહૂર્તો ન આવે તેટલો સમય તે

કમોત, ન૦ (સ૦ કુ+મૃત્યુ) કુદરતી રીતે મોત ન થવુ તે અકાળમૃત્યુ (ખૂન, ડુબવુ વગેરેથી જે એકાએક મોત થાય તે)

કમોદ, સ્ત્રી૦ (સ૦ કુમુદ) એક જાતના ખુશબોદાર ઉત્તમ જાતના ચોખા.

કમોસમ, સ્ત્રી૦ (સ૦કુ+ આ૦ મૌસિમ-ઋતુ) મોસમ નહિ તે, કંઢારો; કસ્ત.

કંપ, પુ૦ (સં૦) હાલવું તે થરથરાટ, ધ્રુજારો, કંપારો ૩ કણકણો કટાળો
કંપન, ન૦ [સ૦] હાલવું-ધ્રૂજવું તે થરથરાટ.
કંપની, સ્ત્રી૦ (અં) મંડળી, ટોળી, મભા ૨ ભાગીદારોનું મંડળ પેઢી પંચાળુ ૩ સંગત સોબત, સહવાસ કંપની સરકાર ઈસ્ટ ઈંડિયા કંપની, જે સને ૧૮૫૮ પહેલાં હિંદનો રાજકારભાર કરતી હતી તે
કંપવા-વાયુ, પુ૦ (સં૦) શરીર કંપ્યા કરે એવી જે વાતવિકૃતિ તે, લકવો
કંપવું, ક્રિ૦ અ૦ (સં૦) ધ્રૂજવું થરથરવું ૨ હાલવું, ચળવું ૩ ડરવું, બીવું
કંપાઉન્ડ, પુ૦ (અ૦) ઘરની આસપાસની આંતરી લીધેલી છુટી જમીન, ચોકઠું, વાડો, ચોગાન.
કંપણ, ન૦ (સ૦ કંપન કાટો તુના
કંપાણી, વિ૦ તોળાટની એક જાત, કંપાણ રાખનાર, કાટાવાળા, મપારા [અસ્થિર
કંપાયમાન, વિ૦ (સં૦) ધ્રૂજતું, કાંપતું હાલતું
કંપારી, સ્ત્રી૦ ધ્રુજારી, થરેરી, ગાત્રભંગ કંપ ૨ ચીતરી ચઢવી તે, કમકમાટી; અભાવ
કંપારો, પુ૦ થરેરાટ, ધ્રુજારો.૨ તિરસ્કાર ધિક્કાર ૩ ચીતળી ચઢવી તે [ચળાવવું ૩ ડરાવવું, બીવરાવવું
કંપાવવું, ક્રિ૦ અ૦ ધ્રુજાવવું ૨ ડગમગાવવું
કંપાસ, પુ૦ (અ૦ કંપાસ) હોકાયંત્ર, મત્સ્યયંત્ર, દિઙ્નિર્ણય યંત્ર,દિશાસૂચક યંત્ર ૨ અંતર તપાસવાનું યંત્ર, ગોળ કાઢવાનું યંત્ર, કૈવાર, કર્કટ ૩ કાંટો, તુલા
કંપિત, વિ૦ (સ૦) કાંપતું, હાલતું, ધ્રુજતું
કંપુ, સ્ત્રી૦ મુકામ, છાવણી, ૨ લશ્કરની ટૂકડી, ૩ ટોળું, જૂથ
કંબલ, પુ૦ (સ૦) કામળો, ધાબળી. ૨ ગાય બળદની ગરદન નીચે જે જાડી ચામડી લબડે છે તે, ગોદડી [સુતારનો વાસનો ગજ
કંબા, સ્ત્રી૦ (સં૦ કંબી) વાસની ચીપ ૨
કંબુ પુ૦ (સ૦) શંખ." કંબુ સરખા કંઠમા." ૨.દશલાખની સંખ્યા.૩. શંખની બંગડી, વલય.
કંબુકંઠી,વિ૦શંખ જેવી ત્રણ આવલીની ડોકવાળી
કંબુગ્રીવા,સ્ત્રી૦ શંખ જેવી ત્રણ રેખાવાળી ડોક.
કંબુજ, પુ૦ શંખ
કંભૂ, વિ૦ ચોર, ચોરટું.
કંબોઇ, સ્ત્રી૦ એક જાતનો છોડવો,જેની સોટીઓનું દાતણ કરવામાં આવે છે
કમ્મર, સ્ત્રી૦ કમર, કેડ. [કરડો, જુઓ.
કયરો, પુ૦ કનકવાની ઉભી કામડી-સળી. ૨.
કયું, સં૦ (સ૦ કિમ્) શું, કોણ
કર, પુ૦ (સં૦) હાથ; હસ્ત ૨. (હાથીની) સૂંઢ. ૩ કર, દાણ, જગાત, મહેસુલ.૪. સરકાર વેરો, આપો ૫. લાગો ૬ રશ્મિ, કિરણ."શશિકર" ૭ કરનાર, એવે અર્થ સૂચક પ્રત્યય. ૮. એવી મઝા ૯ રહેનાર, વસનાર એ અર્થસૂચક પ્રત્યય. 'દેવચાલીકર ૧૦. અપવિત્ર દિવસ,ગ્રહણનો બીજો દિવસ.]
કરકચ, પુ૦ એક યોગ (જ્યોતિષ)
કરકટી, સ્ત્રી૦ ઠાઠડી, ખાટલી જનાજો; નનામી
કરકઠોળ, ન૦ પરચુરણ કઠોળ
કરકડ, અ૦ છટાબંધ, વગર અચકે,ઝપાટાબંધ
કરકડાટ, અ૦ સપાટાબંધ, સડસડાટ
કરકર, સ્ત્રી૦ કણીઓ, કરચો, ઝીણી કાંકરી.૨ ઝેર, દ્વેષ, ઈર્ષ્યા,ખાર ૩ અ૦ કોઈ વસ્તુ કપાતા થતો અવાજ
કરકમળ, પુ૦ હસ્તકમળ.
કરકરિઆવર, પુ૦ કન્યાના લગ્ન પ્રસંગે કરેલો આપવા લેવાનો ઠરાવ, પહેરામણી રીત.
કરકરું, વિ૦ (સ૦ કર્કર)એક મેદા જેવું લીસું નહિ તેવું ઝીણી કાંકરી જેવું લાગતું જાડું; ખરબચડું ૨ તીવ્ર, ચચળ, આકરા સ્વભાવનું
કરકલગ, પુ૦ (સ૦) ખોબો અંજલી.
કર-શ, વિ૦ [મ૦] નઠારા સ્વભાવનું ૨.કડવા બોલું ૩ કઠોર, કઠણ, સખત. [શબ્દ]
કરકશા, સ્ત્રી૦ [સ૦કર્કશા] વઢવાડીયણ, કઠોર ભાષણ કરનારી, નિર્દય. 'ધન ધન રે પુરુષ તારે ભાગ્ય, કરકશા નાર મળી.'
કરકસર, સ્ત્રી૦ [સ૦ કર+કૃશ] સંભાળીને જરૂરનું ખરચ કરવું તે, ત્રેવડ, મિતવ્યય; કસર, હાથ ખેંચીને વાપરવું તે. [કણસાઈ અને કર-

કારના ભેદ માટે જુઓ ગુજરાતી શબ્દકોષ]
કરકસરીઉં, વિ૦ મિતવ્યયી, કરસંગીઉ, સંભાળીને ખરચ કરવાની ટેવવાળું, ત્રેવડીઉં
કરકંટક, ન૦ જેથી એનુ ગોળાકૃતિ કાઢવાનુ ઓજાર
કરકાઠીઉં, વિ૦ ફક્ત હાડકા ચામડી રહેલા હોય તેવું, ઐક પાતળું, સુકલકડી.
કરકોચલી, સ્ત્રી૦ કરચોળી, કરચલી [કોરી ખાવું.
કરકોલવું, ક્રિ૦ સ૦ ધીમે ધીમે ખોતરી ખાવું.
કરકોસર, સ્ત્રી૦ કરકસર, જુઓ
કરકોશ, પુ૦ અંજળી; સંપુટ. [મુશ્કેલી
કરખ, પુ૦ [સં૦ કૃષ્] દુખ, શોક. ૨ તાણ,
કરખી, પુ૦ [સં૦ કૃષ્] ખેડુત, કણબી.
કરગર, સ્ત્રી૦ કરકર, જુઓ.
કગરવું, ક્રિ૦ અ૦ ઘણીજ ગરીબાઈથી રડવા સરખુ મો કરીને કાલાવાલા કરવા, યાચના કરવી, આજીજી કરવી, દાઢીમા હાથ ઘાલવા
કરગરાટ, સ્ત્રી૦ આજીજી, કાલાવાલા
કરગસ, સ્ત્રી૦ કરચ ૨ મેલ, રજ, કસ્તર [આપવો તે
કરગ્રહ, પુ૦ (સં૦) લગ્ન, પાણિગ્રહણ ૨ આશ્રય
કરચ, સ્ત્રી૦ [સં૦ કર્ત્-કાપવું] છેકજ નાની પાતળી કકડી, નાનો કકડો, રેખ
કરચલી, સ્ત્રી૦ કોઈ સુંવાળી-સાફ વસ્તુનું સંકોચાવું વળી જવું તે; વળીઉં, કરચોલી ૨ કરચલાની માદા
કરચલું, ન૦ પાણીમા થતું એક બહુપગુ જળચર
કરચાવવું, ક્રિ૦ સ૦ ચીરવવું, ખીજવવું ૨ કરચા રહે તેમ કપાવવું
કરચો, પુ૦ સાફ ન મુડાયાથી આછા કેશ રહી જાય તે, ખુપરો "અનાડી હજામે કરચા રાખ્યા" ૨. અક્કલ વગર, મૂર્ખ, બેવકુફ, અભણ ગામડીઓ
કરચોલી સ્ત્રી૦ કરોચલી, વળ, સળ, વળીઉં
કરજ, ન૦ [આ૦ કર્ઝ] કોઈની પાસેથી વ્યાજે લીધેલું નાણું દેવુ, ઋણ, દેણું. કરજે કાઢવું -નાણા વ્યાજે લેવા
કરજદાર, વિ૦ કરજી, દેવાદાર, દેણદાર
કરજાઉ, વિ૦ કરજે લીધેલું, વ્યાજુ ૨. દેવાદાર
કરજાળી, સ્ત્રી૦ [સં૦ કજ્જલ+જાલક] મેશ પાડવાનું કોડીઉં. ૨. ધુમાડીઉં; ચીમની.
કરજી, વિ૦ ઋણી, દેવાદાર, કરજદાર
કરંજ, ન૦ [સં૦] એક જાતનું ઝાડ.
કરજો, પુ૦ [ફા૦] ફુવારો, ફુવારાવાળી જાહેરજગા.
કરડ, સ્ત્રી૦ [કરડ] એકવાર ખાંડેલી ડાંગર ' કરડના ચોખા ' ૨. ચુલાની અંદરની બળેલી માટી ૩. કેરી, કેળા, ઘાસ વગેરે ખરીદી કરનારને સેંકડા ઉપર જે પાંચ, દશ જાસ્તી મળે છે તે ૨ ડંખ
કરડકણું, વિ૦ કરડવાની ટેવવાળું, કરડે તેવું. કરડણા કુતરાને હડકવા હાલ્યો-મૂળ વાંદરો ને તેમાં દારૂ પીધો, કાણું ઘોડું ને કરડકણું.
કરડ પાંચમ, સ્ત્રી૦ શ્રાવણ સુદ પાંચમ. એ દહાડે સ્ત્રીઓ કરડની ખીચડી ખાઈ વ્રત કરે છે
કરડવું, ક્રિ૦ સ૦ [પ્ર૦ કર્ત્] દાંતથી કાપવું ૨. ડખવું, આકડો મારવા. ૩ બચકુ ભરવું, કરડી ખાવું. કરડવા ધાવું-ચીડીયા કરવા, ખાવા ધાવું
કરડકણાપણું, ન૦ કરડવાની ટેવવાળું. ૨. તાતો મિજાજ, કરડાકી
કરડાકી, સ્ત્રી૦ મર્મવચન, વિપરીત ભાષણ વક્રોક્તિ, અવળીબોલી "હું મરખીની લક્ષ્મી સાવિત્રી, કરે મારી કરડાકી-પ્રેમા૦ ૨ છેલાઈ, અકડાઈ.
કરડાગી, સ્ત્રી૦ કરડાકી, મર્મ વચન, વક્રોક્તિ.
કરડાપાટી સ્ત્રી૦ સોનીનું એક ઓજાર
કરડી-નજર, સ્ત્રી૦ બીક લાગે તેવી-આકરી નજર ૨ ગુસ્સો ૩ ગેરમહેરબાની, અવકૃપા, ખફા
કરડું, વિ૦ (સ્ત્રી૦ કરડી) આકરું, સખત-કડક 'કરડો તાપ ' ૨ ક્રૂર, નિર્દય ૩ સહેજ કડવું, કષાય.
કરડો, પુ૦ આંગળીએ ઘાલવાનો સોના રૂપાનો આમળા વાળો વીંટલો ૨ સોનીનું એક ઓજાર
કરણ, ન૦ [સં૦] કોઈપણ ક્રિયાનું જે સાધન તે જે વડે, જેની મારફતે કંઈ કામ થાય તે, કારણ, હેતુ સબબ. ૨ સાધન, ત્રીજી વિભક્તિનો અર્થ તે ૩ ત્રીસ ઘડીનો જે કાળ તે [પંચાગ] ૪. કરવું તે, કર્મ. ૫ કિરણ. ૬ એક ફૂલઝાડ.
કરણાટ, ન૦ કાનના ઘાટનું વાજું કૈણાટ. મોટું તનકું ' ભોગ દુદુભિ શરણાઈ સ્વર, કરણાટ રણકાર '
કરણી, સ્ત્રી૦ [સં૦] જે પ્રકારે કર્મ કરવા તે. કરવું-કરેલું તે, ક્રિયા, કર્મ કર્તવ્ય ૨. કડીઆની

થાપી. ૩ જેનુ નિ શેષ મૂળ ન નીકળી શકે તેવી સખ્યા ૪ ગુણુ લાયકી, યોગ્યતા ૫ જાદુ

કરણીકા, સ્ત્રી૦ ફૂલની અ દરનો બીવાળો ભાગ

કરણીય, વિ૦ [સ૦] કરવાને યોગ્ય, કરવા જેવુ

કરંડો, પુ૦ [ન૦ કરડ]ક ડયો.૨ ચક્રવાક પક્ષી

કરત સ્ત્રી૦ કમોસમ, નઠારી ઋતુ [પ જાનુ તણુ

કરતલ, ન૦ [સ૦] હાથેળી, હાથની સપાટી

કરતલ ભિક્ષા, સ્ત્રી૦ હાથેળામા જેટલુ માય તેટલુ લેઈ ત્યાજ ખાવુ એવુ જે વ્રત તે

કરતલી, સ્ત્રી૦ હાથેળી, કરતલ [૨ જાદુ

કરતવ, ન૦ [સ૦ કર્ત્તવ્ય] કરવાનુ તે, કૃત્ય

કરતાં, અ૦ બે વસ્તુનો મુકાબલો કરતી વખત એક બીજાના ગુણુ-સખ્યામા કમી જાસ્તીપણુ બતાવવાને જે શબ્દ વપરાય છે તે, થી, થકી " પરમાર્થ કરતા બીજુ મોટુ પુણ્ય કઇ નથી " ૨ છે તોપણુ, છતા ૩ વગા, વધારામા

કરતાલ, સ્ત્રી૦ [સ૦] હાથવડે તાલ આપવી તે ૨ તાલ આપવાનુ જે સાધન તે, કાસીઆ, ઝાઝ, કાસીજોડા

કરતુ, ન૦ [સં૦ કૃ] કૃત્ય, કર્મ.

કરતુક, ન૦ કરતવ, કર્મ. ૨ આચરણુ, વર્તણુક

કરદમ, પુ૦ કર્દમ, માટી " રમતા આગણે રે, કરદમ વળગ્યો છે શ્રી અગે,—દયા૦

કરતાર, ન૦ જે કઇ કામ કરે તે, કર્ત્તા

કરનારૂં, વિ૦ ક્રિયાકારક, કરનાર

કરન્યાસ, પુ૦ [સ૦ ન્યાસ–મૂકવુ] આગળીઓ અને બીજા અવયવો ઉપર જુ'દાજુ દા દેવનુ સ્થાપન કરવુ તે

કરપ,પુ૦દાબ,રોફ,ધાક,શેહ " પડયાનો કરપ ભારે હતો અને એજ કારણુથી તે વખણુાનો "–હ૦ દ૦

કરપટ્ટ, ન૦ ઓડવુ, એક જાતનું ફળ. ૨ હાકોટો. રૂઆબ ૩ ભાર, વજન

કરપલુ, ન૦ ઉડગ, બે હાથ ઉપર જેટલું માય તેટલું [ભાલ] [રૂપી જે પલ્લવ તે

કરપલ્લવ, પુ૦ [સં૦] પજો પાચો ૨ હાથ-

કરપલ્લવી, સ્ત્રી૦ હાથની આગળીના ચાળાથી સંકેતમા વાત કરવાની રીત, હાથવડે સમજવાની ભાષા, બહેરાંમુંગાને સમજાવવાની રીત ૩. હાથનો ઇસારો

કરપવુ, ક્રિ૦ સ૦ મરનારના પુન્યાર્થે પહેલી ઉતરાણુ ઉપર અને ધરો બાઠમને દિવસે બ્રાહ્મણુને દાન આપવુ [થોડુ કરડવુ ૨ કોતરવુ.

કરપવુ, ક્રિ૦ સ૦ [સ૦ કલ્પ્-કાપવુ] થોડુ

કરપા, પુ૦ કચ્ચો, ગરજો, ખુ પરો

કરપી, સ્ત્રી૦ રાપડી, કળપી, રાપ

કંપીણુ, વિ૦ [સ૦ કૃપણુ] કજુસ મખીચૂસ, જેના હાથેથી કઇ છૂટે નહિ તેવુ ૨ કમકમાટી ભરેલુ નિર્દય

કરપુટ, પુ૦ [સં૦] ખોબો બે હાથના પજાઓ જોડવાથી થતો પડીઆ જેવો ભાગ પસલી

કરપો, ન૦ ખેતરમા કરેલો માળો. (કાઠિ૦)

કરબ,પુ૦[બા૦]હાક કરપ ૨ કડપ સુકુ વસ

કરબડી, સ્ત્રી૦ ખબુતર, ચકલા વગેરે પક્ષીઓને માટે ચણુ નાખવાનુ બારીએ લટકાવી રાખવાનુ શીંકુ ૨ કળપી, રાપી

કરબાલ, પુ૦ નખ ૨ ખડ્ગ, તલવાર

કરબોરૂં, ન૦ (સં૦ કર + બરૂ) બરૂની જાતનુ જાડુ ઘાસ, જેની કલમ થાય છે

કરભ, પુ૦ (સં૦)નાનો–જુવાનહાથી ૨. કોણીથી કાડા સુધીનો ભાગ તે કડ ૩ હથેળીનો પાછો ભાગ ૪ ઉટનુ બચ્ચુ

કરભાગ,પુ૦(સં૦કર–ખડણી)ધામ'ાણો, રાજા રૈયત પાસેથી ઉપજનો ભાગ કર તરીકે લે છે તે

કરભી, સ્ત્રી૦ સાઢ, ઊટડી ૨ હાથણી

કરભીર, પુ૦ સિંહ, કેસરી, વનરાજ

કરભૂષણ, ન૦ હાથનુ ઘરેણું, કાકણુ કડુ, ચુડી ૨ પતિ ૩ દાન

કરમ ન૦(સ૦ કર્મ) કાઈ કરવુ તે, કામ, કર્મ ૨ નસીબ,પ્રારબ્ધ,ભાગ્ય,૩ કપાળ ૪ વિધાતા, ' ચાપે પનોતી ચરણુ, કરમ કરજોડ કહે છે" ૫ ઘાતકી, નિ'દ્ય કામ " અરેરે ! શુ કરમ છે ! " ૬ બે કદમની રસ્તો માપવાની લાકડી. ૭. કરમીઆ, પેટમા થતા લાબા ધોળા જીવ તે. **કરમ** ઉઘડવુ—નસીબ ખુલવુ **કરમ** ફુટયો–અભાગીઓ **કરમ** કરવુ—ખરાબ કામ કરવુ.

કરમનો આગળો—કમનસીબવાન **કરમ** બાધવા-પ્રાપ કરવા **કરમના ભોગ**—નસીબના-સર્જિત દુ ખ **કરમ કઠણુ ને કાયા સુંવાળી**—**કરમ કઠિયારાનું ને શરીર રાજાનુ** સારૂ મળે નહિ ને ખોટુ ગમે નહિં, **કરમ કથીર ને દેહ સોનાની** **કરમ વગરનો ખેતી કરે, બળદ મરે કે સુકવણ પડે**—દુ ખ ભાગેજ એકલુ આવે છે જ્યા જાય ત્યા **કરમ આગળીનુ આગળ**—નસીબ બે ડગલા આગળનુ

કરમ કથા, સ્ત્રી૦ દીનક વાત દુ ખનુવર્ણુન [આગળ

કરમજ, સ્ત્રી૦ કિરમજ, જુઓ

કરમણવું, ક્રિ૦ અ૦ (સ ૦ કુ + મન.) કચવાવુ, કણમણવુ "કરમણતી બોલી કામિની"—શામળ

કરમ ચુંક, સ્ત્રી૦ (મ૦) રમત, લીલા, વિનોદ

કરમદી, સ્ત્રી૦ (સં૦ કરમર્દ) કરમદાનુ ઝાડ

કરમદુ, ન૦ કરમદીનું ફળ એનુ અથાણુ થાય છે

કરમકુટ, સ્ત્રી૦ ખોટી માથાફોડ, નકામી પચાત ૨ વેઠ, વૈતરૂ ૩ નિત્યક્રમ, એકની એકજ વાતનુ પિજણુ તે ૪ વિતડા

કરમ બખશેસ, સ્ત્રી૦ (ફા૦) ભાગ્યશાળીપણુ, સારૂ નસીબ ૨ ક્ષમાશીલતા, રહેમિયત ૩ સખાવત ઉદારતા.

કરમળો, પુ૦ સાથરો, કુવેર ૨ કરમો, દહી ભાત કૂર ને કરમળો શે ન શિરાવતો "—નરસ મહેતો.

કરમવેરો, પુ૦ માથા વેરો માણસ દીઠ લેવાનો કર, જજીયો ૨. નસીબમા લખાવેલી વેઠ [વસાણુ.

કરમાણી અજમો, પુ૦ (ફા૦) એક જાતનુ કડવુ

કરમાધર્મી અ૦ (સ ૦) કર્મ ધર્મ પ્રમાણે નસીબાનુસાર "સોદો તો કર્યો, હવે નફો કરમાધર્મી છે "

કરમાવું, ક્રિ૦ અ૦ તેજ—રસવિનાનુ થવુ, વિલાવુ ચીમળાવુ. ૨ સંકોચાવુ મિડાવુ, ૩ મ્લાન થવુ શિથિલ થવુ ૪ સુકાવુ

કરમાળા, સ્ત્રી૦ (સ૦ કર+માળા) આગળીના કાપા ગણીને જપ કરવોને ૨ માળા, મેરખો તસમી

કરમી, વિ૦ (સં૦ કર્મ + ઇ) નસીબદાર, ભાગ્યશાળી ધનાઢ્ય, ધની. 'ન ગમ્યો કરમી કોઈ, ગમ્યો નહિ સામદ શરો,'—શામળ [જાતના જતુ

કરમીઓ, પુ૦ (સં૦ કૃમિ) કરમ, પેટમા થતા એક

કરમો, પુ૦ રાધેલા ભાતમા દહીં, જીરૂ, મીઠુ નાખી માતાને જે નૈવેદ ધરે છે તે

કરમોડ, પુ૦ મોચ, લચક, મરડાઈ જવુ તે.

કરમોડવુ, ક્રિ૦ સ૦ મોવુ ચોળવુ. મસળવુ

કરમોડાવુ, ક્રિ અ૦ મરડાવુ લચકાઈ જવુ; મોચ ખાવો.

કરમોડીઓ, પુ૦ ઢોરને થતો એક રોગ,

કરમોવુ, ક્રિ૦ સ૦ કરમોડવુ મોવુ પટવાળુ કરવુ

કરલ, ન૦ (સ ૦) કોડીનુ ઝાડ ૨ ચીકણી કઠણ માટી.

કરવડો પુ૦ ધાતુ અથવા માટીનો ટુકા નાળીચાવાળો લોટો, વાઢી, ઝારી

કરવત, ન૦ (સં૦ કરપત્ર) લાકડુ વહેરવાનું સુતારનુ દાતાવાળુ એક ઓજાર. **કરવત મુકાવવુ**-મોક્ષ મેળવવા તીર્થસ્થાનમા કરવતવડે વહેરાઈ મરણ પામવુ [ઘોડાગાડી ૩ આરી, નાનુ કરવત.

કરવતી, સ્ત્રી૦ સોનીનું એક ઓજાર ૨ એક જાતની

કરવતીઓ પુ૦ વહેરનાર, કરવતવાળો વેરણીઓ.

કરવતીકોર, સ્ત્રી૦ કરવતના જેવા દાતાવાળી કોર તે, કાગરીદાર—શિ ગોડા કોર

કરવતીદાવ, પુ૦ કુસ્તી કરવાનો એક પેચ.

કરવરૂ, વિ૦ ઓછા પાકવાળુ, ખરડીઉ.

કરવલા, પુ૦ (મ૦) સાળો. ૨ દિએર, જેઠ

કરવલી, સ્ત્રી૦ (મ૦) સાળી ૨ દેરાણી, જેઠાણી

કરવાલ, સ્ત્રી૦ (સ૦ કરવાલિ ।) તરવાર, ખડ્ગ. 'ઉંચા આયુધ કરી રખવાળ સનાહ પહેર્યો કરવાલ.'

કરવીર, ન૦ (સં૦) ધોળા કરેણનુ ફૂલ

કરવુ, ક્રિ૦ સ૦ (સ૦ કૃ) હરેક વસ્તુ ધારેલી હાલત પર લાવવા મહેનત લેવી, ધાર્યું કામ પાર પાડવુ ઉભુ કરવુ પૂર્ણ હાલતમા લાવવુ, નીપજાવવુ ૨ નવુ ઉપજાવવુ ઉભુ કરવુ, બનાવવુ ૩. ઘડવુ પાળવુ વ્રત દાખલ કરવુ "તે મગળવાર કરે છે " **અછો અછો કરવુ** લડાવવુ, ઘણી બરદાસ કરવી. **કરી લેવુ**—પોતાનુ કરવું, વશ કરવુ. **કરતો કારવતો**—મુખ્ય આગેવાન. **કરવું તેવુ પામવુ**—જેવા કર્મ તેવુ ફળ. **કરતા હોય સો કરીએ ને છાશની દોહણી ભરીએ**—કરવાનુ હોય તે કરીએ બીજામા માથુ ન મારીએ. **કર્યું તે ખરૂં, ને કરીશુ તે ખોટું**, આજની વાત કાલ

ઉપર ન રાખવી કરના સો ડરના નહિ, ડરતા સો કરના નહિ હિમ્મત સો હથિયાર

કરશણ, ન૦ (સ૦ કર્ષણ) ડુંડુ કણસલુ ૨ ખેતી ૩ વાવેતર,મોલ "ઓણુ કરશણુ સારૂ છે"

કરશણી, પુ૦ (સ૦ કર્ષક) ખેડુત, ખેડનાર

કરગલો, સ્ત્રી૦ (સ૦ કલશ) નાના કળશીઓ, નાનો લોટો, ટોયલી [રેશમનો ડુચો ૨ ચીંથરા.

કરસફ, પુ૦ (આ૦) ખડીઆમા ઘાલવાનો સુતર

કરસપુટ, ન૦ (સ૦) જોડેલા હાથ

કરા, ન૦ (સ૦ કરકા) હવામા ગઘાઇ ગયેલુ પાણી જે પત્થરના આકારમા વરસે છે તે, એક પ્રકારનો બરફ, બરફના કાકરા

કરાઈ,પુ૦ વહેરનાર,કરવતીઓ ૨ સ્ત્રી૦ધરાઈ;કોશ.

કરાંશો, સ્ત્રી૦ સુતારનુ એક હથિઆર

કરાંજવુ,ક્રિ૦ અ૦ ઝાડે ફરતા પેટને જોર આપવુ ૨. ઘણા જોરથી બોલવુ

કરાંડી,સ્ત્રી૦કપાસ તુવેરનીસુકી ડાળીઓ–સોટીઓ

કરાંડુ, ન૦ તુવેર વગેરેનુ સુકુ ડાળુ

કરામી,સ્ત્રી૦ કાપડામાનો કાખ–અગલ આગળનો ત્રિકોણાકાર ભાગ, કાખનુ ઢાકણુ

કરાડ, સ્ત્રી૦ (સ૦ કરાલ) ખડક,ઉડા ખાડાની ઉભી કોરણુ ૨ પર્વતની બો-મોટો ચીરો ૩ ઉચુ શિખર ભેખડ,કિનારો,કોતરની ઉભી બાજુ

કરાડી, સ્ત્રી૦ પર્વતની સાકડી અને ઉડી ફાટ બો. ૨ નદીમા ખાડાને લીધે જ્યા ઘણું પાણી ભરાઇ રહે છે તે, ધરો ૩ સોનીનુ એક ઓજાર

કરાડીઓ, પુ૦ કરોળિઓ.

કરાડો, પુ૦ ઉચો અને છેક સીધો કિનારો,ભેખડ ૨ કરાડ; ખડક ૩.જે આડાલાકડાઉપરવહેરવાનુ લાકડુ મૂકે છે તે ૩ કોવાડો

કરાણી, પુ૦ વહાણના માલિક તરફથી વહાણમા તપાસ રાખવાને નિમાએલો માણસ એ વહાણની દરેક સફરે સાથે જાય છે ને આવે છે ૨ વહાણનો હિસાબી કારકુન–માસ્તર

કરામણ,ન૦ કરવાની મજુરી–મહેનતાણું.૨ કરવાની આવડ–ખુબી ૩ કળા ૪ યુક્તિ, કૌશલ્ય ૫. બુદ્ધિ ૬ જાદુ, મોહિની કરામણી–કરામણ

કરામત, સ્ત્રી૦ (આ૦ કરમત્) યુક્તિ; કળા ૨ કિસબ, હુનર ૩ જાદુ, ચમત્કાર ૪ હોશિયારી, ચતુરાઈ, ખુબી ૫ બનાવટ.

કરાર પુ૦ (આ૦) કબુલાત. પરસપરસનો ઠરાવ. ૨. ઠરાવ, બોલી, સાટુ સરત. ૪ ચ ન, નિરાંત, આશાએશ "હવે મારા જીવને કરાર વળ્યો" ૫ રોગથી છૂટું–સારૂ થવુ, આરામ "શ્રીકૃષ્ણ કરાર ઓ કરે" **કરાર કરવો**–ઠરાવ કરવો, સરત–બોલી કરવી, **કરાર થવો**–આરામ થવો, તબીયત સુધરવી; રોગ મટવો [અવધાની

કરામતિ,વિ૦યુક્તિવાળુ,ચતુર ૨. હુનરી;કિસબી.

કરારદાદ,પુ૦(આ૦)કબુલાતનો કાગળ ૨. સુલેહની અરજ

કરારનામું, ન૦ જે કાગળ ઉપર કરાર–સરતો લખાએલી હોય છે તે,ઠરાવપત્ર; દસ્તાવેજ,લખત. ૨. સધિપત્ર [હવે તે ખરે ખરૂ કહીશ'

કરારે, અ૦ બેલાશક ખુશીથી 'કરારે પૂછને, જે

કરાલ, વિ૦ (સં૦ કરાલ) વિકરાળ. ભયકર, બિહામણું; ૨ ઉગ્ર, તીવ્ર 'રગેરગ પ્રસરી ગઇ, કર્ણને ઝાળ કરાલ' ૨ ઉચુ "ભાલચદ્ર કરાલ શોભિત, શિર મુકુટ ઝળકાર"

કરાવવુ, ક્રિ૦ સ૦ કોઇ કરે એમ કરવું. ૨. બનાવરાવવુ. (કરવુ ક્રિયાપદનો પ્રેરક ભેદ)

કરાવીલેવું, ક્રિ૦ સ૦ બનાવરાવવું. ૨ સમજાવી પટાવીકામકાઢી લેવુ 'આજેઘરનુખત કરાવીશ હુ.'

કરાવુ, ક્રિ૦ બનવુ ઉપજવુ, થવુ

કરાળ,પુ૦ કસ્તુરિયો મૃગ ૨ સ્ત્રી૦ કાળી તુળશી

કરાળ, વિ૦ કરાલ, જુઓ [વાસણ વેચનાર

કરાળીઓ, પુ૦ (સં૦ કુલાલ કુંભાર) માટીના

કરિણી, સ્ત્રી૦ (સં૦ કરિન્ હાથી) હાથણી

કરિયાણું, ન૦ (ફા૦ કિરાયા-ભાડે) ગાધીનેથેર મળતી ઓસડ,મસાલા વગેરે ચીજો ૨ ગાધિઆટુ.

કરિયાતુ, ન૦ (સ૦કિરાત.) એક જાતનીકડવી વનસ્પતિ, એ તાવ ઉપર આપવામા આવે છે

કરી, પુ૦ (સં૦ કરિન્-હાથી,) હાથી

કરી, સ્ત્રી૦અણોજો, છુરી ૨ બંધી,પહેરજી, પથ્ય

કરિઆવર, પુ૦ દીકરીને પરણાવ્યા પછી જે

કઇ આપવુ મેલવુ તે, રીતભાત.

કરી–ને, અ૦ થી, લીધે, વડે ૨ ધારીને,વિચારીને

કરીમ,વિ૦ (અા૦)મહેરબાન,સખી,ઉદાર, દયાળુ

કરીર, ન૦ (સ૦) કેરાનુ ઝાડ, કેરડો. [ભરેલુ

કરુણ,વિ૦દયાવાળુ, દયાળુ ૨ દીન, કગાલ દયા

કરુણા, સ્રી૦ (સં૦) પારકાનુ દુ ખ જોવાથી થતી લાગણી, દયા, કૃપા,અનુકપા કરુણા કરવી –દયા લાવવી, રહેમ નજર રાખવી

કરુણાત્મ, વિ૦ દયાવાળુ, દયાથી ભરપુર

કરુણાનિત્રિ,પુ૦દયાનો ભડાર,કરુણાસિધુ (ઇશ્વર)

કરુણાકર, વિ૦ દયાની ખાણુ, દયાનો ભડાર, દયાનિધિ (ઈશ્વર)

કરુણાપાત્ર વિ૦ દયા કરવાને યોગ્ય,અનુકપનીય.

કરુણામય, વિ૦ દયાળુ, કરૂણાળુ, સહૃદય

કરુણારસ, પુ૦ (સ૦) (કાવ્યશાસ્રમા) નવરસ પૈકી એક, જેથી શોક થઈ દયા ઉપજે તે,દયા વૃત્તિ, કારુણ્ય

કરુણાર્દ્ર, વિ૦ કરૂણાવડે ભીનુ થયેલુ દયાયુક્ત

કરુણા સાગર–સિધુ, પુ૦ કરૂણાનિધિ (ઇશ્વર)

કરુણાળુ, વિ૦ કરુણાથી ભરેલુ, દયાળુ કૃપાવત

કરૂપ,વિ૦ (સં૦ કુ+રૂપ) બદસુરત,બેડોળ,વરવુ

કરૂવરુ,અ૦ ફટફટ ફરવુ તે,બહુ કહે કહે કરવુતે, " ઘરના બધા મને કરૂવરૂ કરે છે "

કરેઠું, ન૦ કરેઠુ ,ખરેઠુ ૨ માતા–દેવીને વાર્ષિક ભેટ આપવી તે ૩ ઘીમાની છાશ

કરેઠી, સ્રી૦ કબોટી. ૨ કરાડી

કરેઠુ, ન૦ ગાય–ભેસનુ વિઆયા પછીનુ તરતનુ દૂધ, ખરેઠુ. ૨ વિંધનારાની સોયનો હાથો

કરેઠુ,વિ૦(સ૦ કષાય ,બે સ્વાદ, કષાય,આકરુ

કરેડો, પુ૦ રેટીઆનો ઉભો થાભલો

કરેણ,સ્રી૦(સ૦ કર્ણિકાર)એ નામનુ ફૂલઝાડ

કરેણુ,સ્રી૦ (સં૦) હાથણી.૨ એક જાતનુ ફૂલ

કરેણો, પુ૦ કરેણુનુ ફૂલ અથવા ઝાડ

કરેપ, સ્રી૦ એક જાતની ચિનાઈ રેશમી સાડી, જેમાં હીરાકણીની ભાત હોય છે તે

કરેળી, સ્રી૦ (સં૦ કરાલ) મોટી બૂમ,ચીચિઆરીઓ પાડીને રોકકળ કરવુ તે, કીકિઆરી.

૨ ગુસ્સો, રોષ 'તુ સરખો જોદ્ધો થયો રોગીઓ, દેખી મને ચઢે છે કરેળીજી '–પ્રેમા૦

કરૈ, પુ૦ પાટિયા ઉતારવા સારૂ કરવતથી જેઓ નાકડા વહેરે છે તે [કરાનુ ચણતર તે

કરૈયાં, ન૦ મોભારાથી બંને બાજુએ ઢાળ પડતુ

કરો,પુ૦ઘરની બાજુની દિવાલ [ચરી ગયોજી'(જૈન)

કરોચ,પુ૦ હસ, બગલુ ૨ તિતર. 'કરોચ જવલા

રોચલી, સ્રી૦ કરચલી

રોટી, સ્રી૦ (સ૦) માથાની ખોપરી તાલકુ

કરોઠ, સ્રી૦ શરીરનુ પાસુ

કરોઠુ, ન૦ ધર્મ, કર્મ વ્રત પાળવાનો ચાલતો આવતો ધારે , રીત, પરપરાથી ચાલતો આવેલો રિવાજ, નિયમ ૨. વિ૦ વાકુ, આડુ

કરોડ, સ્રી૦ (સં૦ કોટિ) બરડાનુ ઉભુ હાડકુ ૨ વાસો, બરડો ૩. સો લાખની સખ્યા.

કરોડપતિ–ડાધિપતિ,વિ૦ કરોડ રૂપિયાનો ધણી, ઘણોજ પૈસાદાર, તાલેવત

રોળીઓ, પુ૦ (સ૦ કૌલિક–વણકર.) એક જાતનો જીવડો, જે પોતાના શરીરમાથી લાળ કાઢીને જાળા બાધે છે ૨ શરીરનાએકાદા ભાગની ચામડી ઉપર જે આછા સફેદ ડાઘ જેવુ થાય તે (એક રોગ,) ૩. માટીના વાસણ વેચનાર.૪ એક જાતનો વેલો ને તેના બી. એ બી ચણોઠીના જેવા પણ કાળા ને મો ધોળું, એવા થાય છે

કર્ક, પુ૦ (સ૦) કરચલો, ખેકલો ૨ ધોળો ઘોડો. કાટો ૪ સ્રી૦ (સ૦)બારરાશીમાની ચોથી રાશી, કાચબાના આકારનું તારાનુ ઝુમખુ

કર્કટ, પુ૦ કરચલો.૨ બીલીનુ ઝાડ. ૩ કર્ક રાશિ.

કર્કટિ,સ્રી૦કાકડી.૨.નનામી,ઠાઠડી ૩ ખેકડી,કરચલી

કર્કવૃત્ત. ન૦ (સ૦) કર્કરાશિના મંડળનો માર્ગ

કર્કશ, વિ૦ (સ૦) કઠોર, આકરુ,સખત,કઠણ. ૨ કડવાબોલુ. ૩ ચીઢીઉં ઘાતકી, નિદય.

કર્કશા,સ્રી૦કઠોર બોલનાર નઠોર સ્રી,કડવાબોલી, ટંટાખોર, લડવાડીઆ સ્વભાવની, ચીઢીઅણ.

કર્કાર્ક, પુ૦ (સ૦) કર્ક રાશિનો સૂર્ય.

કર્કોટ–કર્કોટક,પુ૦(સં૦)આઠ નાગનાયક માંહેલો એક નાગ, નાગની એક જાત.

કર્ણ, પુ૦ (સં૦) કાન,સાંભળવાની ઈંદ્રિય,શ્રવણ
૨ કર્ણનુ ગોલક ૩ કાટખુણ ત્રિકોણમા કાટ
ખુણાની સામેની જે બાજુ તે, બે સામસામા ખુણા
જોડનાર લીટી ૩ વહાણનુ સુકાન ૪ કુમારિ-
કાવસ્થામા સૂર્યથી કુંતીને પેટે પેદા થયેલો પુત્ર
કર્ણકઠોર, વિ૦ કાનને સાંભળતા ખરાબ લાગે
તેવુ, આકરુ અપ્રિય
કર્ણધાર,પુ૦ વહાણનો સુકાની,વહાણ ચલાવનાર
કર્ણપિશાચ, પુ૦ (સં૦) મંત્રથી વશ થતો એક
પિશાચ. એમ કહેવાય છે કે એ જો તાબે થયો
તો તે ભૂત—વર્તમાન કાળની તેમ બીજાની વાતો
ઉપાસકના કાનમા અદૃશ્ય રૂપે કહે છે ૨ લોક
વાયકા, ગપાટો ૩ ભભેરણી
કર્ણફૂલ, ન૦ કાને ઘાલવાનુ સ્ત્રીઓનુ ઘરેણુ
કર્ણરેખા, સ્ત્રી૦ કાટખુણા ઉપરની લીટી
કર્ણલીટી, સ્ત્રી૦ કર્ણરેખા, જુઓ
કર્ણવેધ, પુ૦ કાનનુ વિંધવુ તે
કર્ણશૂળ,ન૦ કાનમા ચસકા—શળ મારે તેવો રોગ
કર્ણાકર્ણી, સ્ત્રી૦ કહેતાકહેતી, કાનોકાન [વાજીંત્ર
કર્ણાટ,પુ૦ કાનના આકારનુ મોટો અવાજ આપતુ
કર્ણિકા, સ્ત્રી૦ હાથીની સુંઢની અણી ૨ લેખણ
૩ વચલી આંગળી ૪ બીજકોષ, કળી, મીજ
કર્ણેદ્રિય, સ્ત્રી૦ (સં૦) કાન, શ્રોત્ર
કર્તરિપ્રયોગ,પુ૦(સં૦)જે પ્રયોગ કરતા કર્તાના
લિંગ વચનનો સંબંધ ક્રિયાપદ સાથે થાય છે તે
એ ત્રણ છે અકર્મક કર્તરિ,સકર્મક કર્તરિ અને
ભાવ કર્તરિ [યોગ્ય—લાયક
કર્તવ્ય, વિ૦ (સં૦ કૃ-કરવુ) કરવા જેવુ,કરવા
કર્તવ્ય, ન૦ (સં૦) કામ, કર્મ ૨ ફરજ,ધર્મ
૩ વર્તણુક, વર્તન [ફરજ, ધર્મ
કર્તવ્યતા, સ્ત્રી૦ (સં૦ કૃ-કરવુ) કરવાપણુ ૨
કર્તવ્યપરાયણ, વિ૦ ચુસ્ત, કર્તવ્યનિષ્ઠ
કર્તા, વિ૦ (સં૦ કૃ-કરવુ) કરનાર, બનાવનાર
૨ સત્તા ધરાવનાર,માલેક,ધણી ૩ ક્રિયા કરનાર
૪ આદિપુરુષ સ્થાપક ૫ પરમેશ્વર
કર્તાર, પુ૦ કર્તા, કરનાર, સરજનહાર
કર્તાહર્તા, વિ૦ (સં૦ કૃ+હૃ-કરવુ) ઉત્પન્ન
કરી જાણે તેમ હરી જાણે તે ૨ કરવા ન કરવાની
જેનામા સત્તા છે તે ૩ મુખ્ય ધણી,કારભારી
કર્તૃત્વ,ન૦(સં૦)કરવાની જે શક્તિ તે ૨ કર્તાપણું
કર્તૃવાચ્ય,(સં૦)કર્તાનુ પ્રાધાન્ય હોય તેવુ (વાક્ય).
કર્તૂક, ન૦ કરતુક, પાપ, નઠારા કામ દુષ્કૃત્ય.
૨ ખટપટ, પ્રપંચ
કર્દમ, પુ૦ (સં૦) કાદવ, કીચડ, ગારો, પંક
કર્પર,ન૦(સં૦)માથાનીખોપરી ૨ ઠીબ,ઠીકરું,કલેડુ
કર્પરી,સ્ત્રી૦ ખાપરીયુ (એકદવા) ૨ ઠીકરી, કલેડી.
કર્પાસ, પુ૦ (સં૦) કપાસ ૨ વેણુ
કર્પૂર, ન૦ (સં૦) કપુર, જુઓ
કર્પૂરગૌર,વિ૦કપુરના જેવુ ગોરૂ ધવલ ૨ પુ૦શિવ
કર્બુર, વિ૦ (સં૦) કાબરૂ, કાબરચીતરુ
કર્મ, ન૦ (સં૦ કૃ-કરવુ)કોઇ પણ કામ,કાર્ય
(કરવાનુ—કરેલુ તે) ૨ વ્યાપાર, ક્રિયા ૩ ધર્મ
સંબંધી ક્રિયમાણો. ૪ ચાલ, આચાર,વર્તણુક
૫ સંસ્કાર, સંસ્કરણ ૬ ફરજ,ધર્મ ૬ કર્તાની
મહેનત જેના ઉપર રહે છે તે (વ્યાકરણમાં)
૭ નરસા—અનીતિના કામ ૮ નસીબ, ભાગ્ય,
ભાવિ ૯, પૂર્વ જન્મે કરેલા નઠારા કામ,પાપ.
કર્મના ભોગ—દૈવયોગ,માઠી દશા,**કર્મ** બાંધવા
—પાપ કરવા, પાપના પોટલા બાંધવા **કર્મનાં**
કાળા—નશીબના ભૂંડા લેખ
કર્મકાર, પુ૦ લુવાર ૨ બળદીઓ
કર્મકાંડ ન૦ (સં૦) વેદના જે ભાગમા કર્મ
સંબંધી શિક્ષા છે તે, ક્રિયા વિધિનો ભાગ ૨
બ્રાહ્મણોએ કરવાના કર્મો
કર્મગતિ,સ્ત્રી૦ પાછલા કૃત્યોનુ ફળ,નસીબ,ભાગ્ય
કર્મચંડાળ, વિ૦ હલકા કૃત્ય કરનાર, અધર્મી,
કર્મે કરી ચાંડાલ જેવો, દુરાચારી
કર્મઠ,વિ૦આહ્નિક કર્મમા ચુસ્ત,કર્મકુશળ,કર્મનિષ્ઠ
કર્મણિદ્વિતીયા, સ્ત્રી૦ (સં૦)કર્મ અર્થે અથવા
કર્મરૂપ જે દ્વિતીયા વિભક્તિ તે (વ્યાકરણમા)
કર્મણિપ્રયોગ,પુ૦(સં૦)જે પ્રયોગમા કર્મના લિંગ
વચનનો સંબંધ ક્રિયાપદ સાથે થાય છે તે [લેનાર
કર્મણિવાચ્ય, વિ૦ (સં૦)કર્મ પ્રમાણે જાતિ વચન
કર્મનિષ્ઠ,વિ૦(સં૦)કર્મ ક્રિયા ઉપર આસ્થાવાળુ —

ચુસ્ત.૨ કામમા આસક્ત [નસીબ ઉપરનો વિશ્વાસ
કર્મનિષ્ઠા,સ્ત્રી૦કામમા આસક્તિ-પૂર્ણ શ્રદ્ધા ૨
કર્મન્યાસ,પુ૦ ઈશ્વર પ્રત્યર્થે કરેલા કર્મ,કર્મફળ ઈશ્વરને અર્પણ કરવુ તે
કર્મપાશ પુ૦ કર્મબધન,કર્મની જાળ,કર્મનીબેડી
કર્મબધ, પુ૦ કર્મપાશ, કર્મબધન
કર્મફલ, ન૦ કૃત્યોનુ પરિણામ, ફળ
કર્મભૂમિ, સ્ત્રી૦ આર્યાવર્ત, ભરતખડ
કર્મભ્રષ્ટ, વિ૦ (સ૦) ધર્મમા ફરમાવેલા કામ ન કરનાર, કર્તવ્ય કર્મથી વિમુખ, કર્મચ્યુત
કર્મમાર્ગ, પુ૦ (સ૦) કર્મકાડ, કર્મ કરવાથી નિઃશ્રેયસ પ્રાપ્ત થાય છે એવુ જે મતવ્ય તે (જ્ઞાનમાર્ગ નહિ) [ભાવિયોગ ૨ કર્મ સાધવા તે
કર્મયોગ, પુ૦ (સ૦) નસીબનો જોગ, બનાવ
કર્મરો, સ્ત્રી૦ (સ૦) વશલોચન
કર્મરેખા, સ્ત્રી૦ નસીબ, કર્મગતિ ૨ ભાવિસૂચક રેખાઓ-આકાઓ
કર્મવાદ,પુ૦ પ્રારબ્ધવાદ, દૈવવાદ ૨ નસીબમા લખેલું મિથ્યા થનાર નથી એવો જે મત તે
કર્મવાદી, પુ૦ પ્રારબ્ધવાદી, નસીબને માનનાર
કર્મવિપાક, પુ૦ (સ૦) કર્મનુ શુભાશુભ ફળ
કર્મસંજોગ, પુ૦ (સં૦) અચાનક મળવુ તે, નસીબનો તાકડો
કર્મસન્યાસ, પુ૦ કર્મનો ત્યાગ તે
કર્મસન્યાસી, પુ૦ (સ૦) વિધાનવડે કર્મયોગ કરનાર સંન્યાસી, પરમહસ ૨ કર્મફળનો ત્યાગી
કર્મસગ, પુ૦ (સં૦) કર્મમા આસક્તિ, કામમા મન ચોટાડવુ તે
કર્મસાક્ષી,પુ૦(સં૦)કૃત્યો જોનાર (એ નવછે સૂર્ય મગળ,યમ,કાળ,પૃથ્વી જળ,તેજ,વાયુ અને આકાશ)
કર્મસાધન,ન૦(સ૦)જેણે કરીને કર્મ સિદ્ધ થાય તે, કર્માનુષ્ઠાન
કર્મસિદ્ધિ, સ્ત્રી૦ (સ૦) કર્મ ફળની પ્રાપ્તિ
કર્મસ્થાન,ન૦ (સં૦) લગ્નથી દશમુ સ્થાન. (જ્યોતિષમા.)૨.કર્મ કરવાનુ સ્થાન, કાર્યાલય ૩ સસાર, જગત. ૪ દેહ
કર્મહીણુ-ણું,વિ૦અભાગીઉં,કમનસીબ.૨ કર્મભ્રષ્ટ

કર્માતીત, વિ૦ કર્મથી પણ પહોચાય નહિ તેવુ, કર્મથી પર-જુદુ
કર્માત્વર્મી,વિ૦કર્માત્વર્મી,જુઓ [કર્મવશ,દૈવાધીન
કર્માધીન, વિ૦ કર્મ ઉપર આધાર રાખનાર,
કર્માનુસાર, અ૦ કર્મ-ભાવિ પ્રમાણે. ૨ કરેલા કર્મ પ્રમાણે ["બુદ્ધિકર્માનુ સારિણી."
કર્માનુસારી,વિ૦ કર્મ પ્રમાણે, કર્મને અનુસરતુ.
કર્માન્તર, ન૦ સસ્કારાદિ ક્રિયા, કર્મનો વિધિ
કર્મિષ્ટ, વિ૦ કર્મઠ, કર્મ કરવા ઉપર પ્રીતિવાળુ ૨ કામમા હોશિયાર [કર્મી કોઈ'-શામળ.૨ ઉદ્યોગી
કર્મી, વિ૦ કર્મવાળો, વૈભવી, સુખી. 'ન ગમ્યો
કર્મેન્દ્રિય,સ્ત્રી૦ (સ૦)જે ઇંદ્રિયે કરીને કર્મ થાય છે તે એ પાચ છે (હસ્ત,પાદ,ગુદ,ઉપસ્થ અને વાચા.)
કર્ષ, પુ૦ તોલો, રૂપિઆભાર [૩ કરશણ, તુક્ષ.
કર્ષણ,ન૦(સ૦)ખેડવુ તે,ખેતી,ખેડ.૨ ખેચ, તાણ.
કલ,પુ૦(સ૦)ઝીણો શબ્દ, ગુજન, કલરવ. (પક્ષીનુ ગાનુ ભમરાનુ ગુણગુણ કરવુ વગેરે)૨ વલણ ઇચ્છા
કલઈ, સ્ત્રી૦ કલાઈ, બગ
કલકલ,પુ૦માણસ,પશુ, પક્ષી વગેરેનો મિશ્ર શબ્દ, ઘોઘાટ ૨ ગુજારવ, ગણગણાટ ૩. સપૂર્ણ ખીલી રહેવુ તે
કલકલવુ, ક્રિ૦ અ૦ કકલવુ, જુઓ.
કલકલાટ,પુ૦ઘોઘાટ, સોરબકોર, હોહો [રડાપીટ
કલકલાણ, ન૦ ઘોંઘાટ, સોરબકોર ૨ રડારોળ
કલકી પુ૦ કલ્કિ, જુઓ.
કલક્ષણ,ન૦(સ૦ કુ+લક્ષ-જોવુ)ખરાબ ચિહ્ન-નિશાની ૨ કટેવ, અપલક્ષણ, બદચાલ, કુચાલ.
કલક્ષણુ', વિ૦ દુરાચારી, અપલક્ષણુ ૨ અભાગીઉં ૩ જેમા નઠારા લક્ષણ હોય તેવુ
કલખાપકા, સ્ત્રી૦ (સં૦ કલ+ખર્પર-ઠીબ.) યુક્તિથી પકવેલી માટીની એક વસ્તુ એ દવાના કામમા આવે છે
કલગી, સ્ત્રી૦ (ફા૦)છોગુ, મજરી, મુગટ ઉપર ખોસેલુ જે મોરપીછ વગેરે તે માટે સ્વામી બનો કેસરી, કરી, જીત ઝટ અહિ આવો, તુર્ક ટોપીની કલગી, મારી કચુકી માટે લાવો.' પાણીપત. ૨. ઘોડાના માથે શોભા માટે મૂકેલો

પીંછાનો તોરો. ૩. ફૂલનો ગોટો ૪ શક્તિને ગાના રાઓની લાવણી કલગીવાળા ને તોરાવાળા
કલગીદાર, વિ૦ કલગીવાળુ, છોગાળુ
કલગેર, સ્ત્રી૦ સ્ત્રીઓને પહેરવાનુ એક જાતનુ રેશમી કિમતી લુગડુ, બાટ, ઘરચોળુ
કલક, ન૦ (સં૦) નઠારૂ કાર્ય કરવાથી થતી એબ ખરૂ, બટ્ટો ૨ આળ, તહોમત, અપવાદ ૩ ડાઘ, લાઞ્છન (ચન્દ્રબિમ્બમા)
કલકી, વિ૦ (સં૦) ડાઘ-લાઞ્છન હોય એવુ બટ્ટાવાળુ, લોકાપવાદવાળુ, આળવાળુ
કલકી, પુ૦ કલ્કિ, જુઓ [હઠીલુ, લડકણુ ૩ દુષ્ટ
કલઠ, વિ૦ (કુ+લાંઠ) તોફાની, મસ્તીખોર ૨
કલત્ર, ન૦ (સં૦) સ્ત્રી, પત્ની, ભાર્યા, વહુ [રૂપીઓ
કલદાર, વિ૦ કળાવાળુ ૨ બ્રિટિશ રાજ્યનો સિક્કો,
કલજુગ, પુ૦ કલિયુગ, જુઓ [તેની ઘાસવાળી જમીન
કલણ, સ્ત્રી૦ (સં૦ કલ્-જવુ) ૧ કળણ, પોચી ખુંપી જવાય
કલતર, ન૦ કળતર, જુઓ [૨ પિછાન, તુલના.
કલના, સ્ત્રી૦ (સં૦ કલ્-જાણવુ) અડસટ્ટો, શુમાર
કલથી, સ્ત્રી૦ (સં૦ કુલિત્થ) એક જાતનુ હલકુ કઠોળ.
કલદર, પુ૦ (સં૦) વર્ણશકર, મિશ્રજાતિનો પુરુષ, પ્રાણીઓને કેળવી ખેલ કરનાર, વાદી, મદારી
કલધર, વિ૦ કલક ધારણ કરનાર (ચન્દ્ર) ૨ બેશરમ, ઉચ્છૃખલ
કલપ, પુ૦ કલેફ, વાળ કાળા કરવાનો રગ
કલપવુ, ક્રિ૦ અ૦ ઝુરવુ, પુવાવુ, દુ ખથી ગભરાવુ ૨ રડવુ ક્રિ૦ સ૦ મારવુ, ઉત્સર્ગ કરવો. ૨ ધારવુ, અટકળવુ
કલફ, પુ૦ (આ૦) વાળને રગ આપવાનો ખરડ.
કલબલ, સ્ત્રી૦ કલકલ, ઘોંઘાટ, સોરબકોર, ન સમજાય તેવુ ઉતાવળુ બોલવુ તે
કલબલાટ, પુ૦ કલબલ, કલકલાણ, વાવાટ
કલમ, સ્ત્રી૦ (સં૦, આ૦ કલમ) જેથી લખી શકાય છે તે, લેખણ, લેખિની ૨ અક્ષર, દસ્કત ૩. બોલી, ભાષા. "તે દશ કલમ જાણે છે" ૪ ચીતરવાની રીત-છટા, પિછી ૫ કોઇ લાબા લખાણ-વિષયનો નાનો ભાગ, પેરેગ્રાફ, પ્રકરણનો વિભાગ.-કાયદામા બાબ, કલમ, અને રકમ એમ હોય છે ૬ ઝાડની ડાળીને કલમની પેઠે ત્રાસી છરતી કાપી, જુદી રોપવી તે ૭ કરારની સરત.
કલમ કરવુ-(ઝાડની કલમ કરવામા આવે છે તે ઉપરથી) કાપી નાખવુ ખડિત કરવુ 'હાથને કલમ કરવાનો મારો હુકમ કહી સંભળાવો"
અ૦ના૦ કલમ કાપવી-હક-દાવો કાઢી નાખવો, બરતરફ કરવુ, નોકરીથી રદ્દ કરવુ, ફરીથી કોઇ દાખલ ન કરે એવી રીતે નોકરીમાથી રજા આપવી
કલમ કશ વિ૦ (આ૦ કલમ-લેખણ + ફા૦ કશીદ-ખેચનાર) લહીઓ, સુદર રીતે લખનાર ૨ મુસદ્દી, લખાણમા પાછો ન પડે તેવો
કલમ તરાશ, પુ૦ [ફા૦ તરાશીદન-કાપવુ] કલમ ઘડનાર ૨ ચપ્પુ, ચાકુ
કલમત્રાંસ, વિ૦ કલમ માફક વાકુ
કલમદાન, ન૦ (ફા૦ દાન-જગા) કલમ રાખવાની પેટી-ઘર, કલમદાનીઉ
કલમબદી, સ્ત્રી૦ (સં૦ બન્ધ્-બાધવુ) ટાચ, જપ્તિ ૨ કોઈ પણ ભાગની વ્યવસ્થા તથા કામકાજનુ ધોરણ બતાવનારૂ લખાણ-લેખ ૩ જુદીજુદી કલમો પાડીને લખેલું લખાણ કાચી કલમબદી હુકમનામુ થતા પહેલા સરકારના કબજામા રાખેલી મિલકત. [વિ૦ કલમ કરી ઉછેરેલુ
કલમી, સ્ત્રી૦ વહાણની ડોલ-કાઠી, નાનો શઢ. ૨
કલમો, પુ૦ (આ૦ કલમ) કુરાનનુ વાકય-ટૂક, આજ્ઞા સૂક્ત ૨ ઉપદેશ વચન, દીનનું ફરમાન.
કલરવ, પુ૦ (સં૦ કલ-અસ્ફુટ+રવ-ધ્વનિ.) મધુર અસ્ફુટ ધ્વનિ, કુમળો મધુરો સ્વર
કલવાર, વિ૦ દૂધીઆ સોપારી, ચેળ સોપારી કોહેલી-કાજળીવાળી સોપારી (સુરત૦)
કલવો, પુ૦ પરણનાર વરને ખાવા માટે ઉઘલ્યા પહેલા કન્યા પક્ષ તરફથી જે ખાવાનુ મોકલે છે તે.
કલસ, પુ૦ કળશ, જુઓ
કલહ, પુ૦ (સં૦ કલેશ) કજીઓ, કકાસ, લડાઇ. "નારદને કલહની ટેવ, ગયા સ્વર્ગ જ્યા બેઠા દેવ." ૨ બોનાબોલી, ઝઘડો [રનાર, નારદ.
કલહપ્રિય, પુ૦ સાચા જુઠા કરી લડાવી મા-
કલહાન્તરિતા, પુ૦ (સં૦) ધણી સાથે કંકાસ-

ઝઘડો કરી રૂસણું લઇ બેઠેલી સ્ત્રી ૨ કાવ્યશાસ્ત્ર પ્રમાણે પતિનો અનાદર કરી રિસાઇને પછીથી શોક કરતી નાયિકા અભિસંધિતા

કલાંકલાં, અ૦ સંપૂર્ણ રીતે ખીલેલું, વિકસાયેલું "ખેતરમા બાજરી કલાંકલાં કરી રહી છે.

કલાંઠી, સ્ત્રી૦ (સ૦ કડ-કેડ) શરીરની પાસળી

કલા સ્ત્રી૦ કળા, જુઓ

કલાઇ, સ્ત્રી૦ કલઇ, કલે, બ ગ, ધોળી ને ઝટ ઓગળી જાય તેવી એક ધાતુ કલાઇ કરાવવી–માથું મુંડાવવું

કલાઇગરો, પુ૦ વાસણોને કલઇ કરનારો

કલાઇસમેતો, પુ૦ કલાઇની રાખ. એ કોહ,ધારા ચાદા ઉપર ઘીમા મેળવી ચોપડાય છે

કલાક, પુ૦ (અ૦ ઓ કલૉક) ઘડી, તાસ, અવર, ૨ા ઘડી જેટલે કાલ તે

કલાકેલિ, સ્ત્રી૦[સં૦]રમતગમત, કળાવાળી રમત.

કલાગું, વિ૦ (સ૦ કુ+લાગવું) કથોલું,કમોખું

કલાદ, પુ૦ સોની, હેમકૂટ. [કરનાર, ચંદ્ર

કલાધર, પુ૦ (સં૦ કલા+ધૃ) કળા ધારણ

કલાનિધિ, પુ૦ (સ૦) ચંદ્ર શશિ

કલાપ, પુ૦ સમૂહ,જથો ૨ મોરના પીછાનો જુડો ૩ બાણ રાખવાના ભાથો ૪ ઘરેણું ,ભૂષણ ૫ ઘર,મ્યાન

કલાપી, પુ૦ (સ૦) કલાપવાળો મોર "ક્યારે કલા કરિ કલાપિ પ્રતાપિ ડોલે–કાવ્ય કૌસ્તુભ

કલાપીટ, સ્ત્રી૦ રંગરોળ, રોકકલાણ, રડી કૂટી ધોધાટ કરવો તે ૨. તોફાન, ઘોઘાટ, સોરબકોર

કલાફૂલ. ન૦ (સ૦) એક જાતનું સ્ત્રીઓના કાનનું ઘરેણું "કાને કલાફૂલ ઝાલ ઝળૂકે"

કલાબતૂ, પુ૦ (ફા૦ કલાબતુન) રેશમના દોરા ઉપર વિંટાળેલો સોના રૂપાનો તાર, કસબ

કલાબો, પુ૦ (ફા૦) બાયનો કાપ

કલામ, સ્ત્રી૦ [આ૦] ભાષા, બોલી ૨ વાક્ય રચના, લખાણ ૩ ફકરો, વિભાગ

કલાર, પુ૦ એક જાતનો નાનો છોડવો ઉખિયું કરતાં વાસણનું મો બંધ કરવામા વપરાય છે એના લાલફૂલ શિવને ચડે છે

કલારસ, પુ૦ (સ૦ કલા+રસ-)સુંદર કારીગરી જોઈ થતો ભાવ–રસ પ્રેમ તે;ખૂબીઓનો આસ્વાદ

કલાલ, પુ૦ (આ૦; સ૦ કલ્યા–મદ્ય+પાલ)દારૂ ગાળનાર, ગાળનારો અથવા વેચનારો, પીઠાવાળો.

કલાવની, સ્ત્રી૦ સ૦)એ નામની એક વીણા,તુંબરુ નૃત્યાદિ કળા જાણનારી ૩ વિ૦કળા–કાંતિવાળી.

કલાલખાનું, ન૦ દારૂનું પીઠું, દારૂની દુકાન. ૨ વ્યસનીઓને ભેગા થવાનું સ્થળ

કલાલણ, સ્ત્રી૦ કલાલની સ્ત્રી

કલાલી, સ્ત્રી૦ દારૂ વેચવાનો ધંધો

કલાવતી, સ્ત્રી૦ નાચનારી, નર્તકી

કલાવવું, ક્રિ૦ અ૦ સમજાવીને પૂછવું, ભોળવવું, સમજાવવું ૨ પટાવવું, ચઢાવવું

કલાસ, પુ૦ (અ૦ કલાસ) વર્ગ

કલિ, પું૦(સ૦)કળજુગ જુઓ ૨ કલહ, કજીઓ ૩ યુદ્ધ, લડાઇ ૪ નઠારૂ, ખોટારૂ

કલિંગડું, ન૦ (સ૦ કલિંગ,) કાલિંગડું જુઓ.

કલિત, વિ૦ [સ૦] જાણેલું, સમજેલું

કલિઆર, પુ૦ હરણના ટોળામા શીંગડાવાળો મુખી હરણ તે, હરણો

કલિજુગ, (સં૦) કળજુગ, જુઓ

કલીમલ, ન૦(સ૦ કિલ્મિશ)કલિયુગની ખરાબ અસર તે,અસદ્‌વાસના 'એ તાપ કલીમલ કાપ '-સુ૦

કલુષ, ન૦ (સં૦) પાપ, અપવિત્રતા, મલિનતા "શ્રુતિ થકી શાંત થયા સકળ કલુષ જેના-"કાદંબરી

કલુષ, વિ૦કાદવવાળું ;ગંદુ ૨ દુષ્ટ, ઘાતકી ૩ પાપી

કલુષિત, વિ૦દુષ્ટ, ઘાતકી ૨ મેલું ગંદુ ૩ પાપી. ૪ કચવાએલું, રિસાએલું

કલુષી, સ્ત્રી૦ (સં૦)ભેંસ,મહિષી ૨ વિ૦પાપી.

કલેક્ટર, પુ૦(અં૦) જીલ્લાનો મહેસુલી અમલદાર

કલેજું, ન૦ (સ૦ કાલેય) કાળજું; હૃદય ૨ મન, અંત કરણ

કલેડી, સ્ત્રી૦ વેતર ન થયું હોય તેવી ગાય–ભેંસ.

કલેડું, ન૦ (દે૦ દે૦ કાહલ્લિ) માટીની લોઢી, ઠીકરાનો તવો ૨ ધાણીચણા શેકવાની ઠીબ, સાસુ ભાગે તે કલેડાં ને વહુ ભાગે તે ઠીકરા-મોટા માણસો ભૂલ કરેજ નહીં કલેડા વગર શું શ્રાદ્ધ અ-ટકે ?-નજીવી ચીજ માટે કંઈ કામ અટકે ? ૨ એક નહીં કરે તો એથી અટકી પડશે ?

કલેવર, ન૦ (સં૦) ચૈતન્ય વિનાનું શરીર,દેહ, ૨. હાડપિંજર, ખોળીઉ

કલેશ, પું૦ કંકાસ, ટંટોફિસાદ

કલૈ, સ્ત્રી૦ કલાઈ, જુઓ

કલ્લૈગરો, પુ૦ વાસણોને કલાઇ કરનાર

કલૈ સપેતો, પુ૦ કલાઇની રાખ

કલોઠું, ન૦ સાંઠો, રાડું, કરોઠું

કલોડી, સ્ત્રી૦ વાછડી,નાની ગાય, રેલ્લી.

કલોલ પુ૦(સં૦કલ્લોલ) મોટો લોઢ;મોજો,તરંગ. ૨ આનંદથી ઉભરાવું તે, હર્ષથી રમવું ખેલવું તે

કલ્ક, વિ૦ (સં૦) પાપી, પાતકી, પાપાશય

કલ્ક, પું૦ પાપ, પાતક ૨ કીચડ, પંક,કચરો ૩ ચટણી જેવો વાટેલો અથવા ઘુટેલો પદાર્થ ૪ દંભ, આડંબર, ઢોંગ ૫ કાનનો મેલ.

કલ્કિ, પુ૦ (સં૦) વિષ્ણુ ભગવાનનો દશમો અવતાર જે હવે થનાર છે તે.

કલ્પ, પું૦ [સં૦ કલ્પ્-બનાવવું) બ્રહ્માનો એક દહાડો, જગતની ઉત્પત્તિ અને તેનો નાશ એ બેની વચમાનો કાળ. ૨ છ વેદાંગ ગણાય છે તેમાંનું એક, ૩ અમલ, સત્તા. ૪. રૂઢિ, રીતભાત.૫ ધર્મકાર્યનો વિધિ, નિગમ.

કલ્પક, પું૦ (સં૦) વનસ્પતિ કચુરો ૨ વિધિ, આચાર ૩ વિ૦શોધક,તર્કબાજ, કલ્પના કરનાર

કલ્પતરુ-દ્રુમ, ન૦ ઇચ્છેલું આપે તેવું સ્વર્ગનુંઝાડ. એવા પાંચ છે-પારિભદ્ર (લિંબ), મંદાર, પારિજાતક, સંતાન, અને હરિચંદન ૨ જે ઝાડને ઘણો ફાલ આવતો હોય તે ૩ જે ધંધામાથી ઘણો લાભ થતો હોય તે

કલ્પના,સ્ત્રી૦(સં૦) હરેક વાતની મનમાં પહેલી જે રચના થાય તે મનમાં જે પ્રથમ વૃત્તિ ઉઠે તે, ધારણા પ્રથમ વૃત્તિ ઉપરથી બીજી નવી વૃત્તિ ઉત્પન્ન થાય તે, તર્ક,તુરંગ, બુટ્ટો ૩.કોઈ વાત કરવા સંબંધી મનમાં જે રચના કરી-ઘાટ ઘડ્યો હોય તે, યુક્તિ કળા, નિશ્ચય ૪ મનમાં ધારેલી મૂર્તિ ૫. અટકળ, સુમાર, અનુમાન.

કલ્પનાશક્તિ, સ્ત્રી૦ (સં૦) કલ્પના કરવાની જે શક્તિ તે, તર્કશક્તિ.

કલ્પનાસૃષ્ટિ, સ્ત્રી૦ (સં૦) કલ્પનાથી જે કંઇ મનમાં ઉત્પન્ન થયું હોય તે, મનની બનાવટ, નવા નવા તુરંગ ઉઠાવીને રચેલી રચના તે

કલ્પનીય, વિ૦ કલ્પના કરવા જેવું

કલ્પલતા, સ્ત્રી૦ [સં૦] મનોવાંચ્છિત વસ્તુ આપનારી વેલી, સ્વર્ગની એક લતા.

કલ્પવું,ક્રિ૦સ૦કલ્પના કરવી, તર્ક કરવો, ધારવું, ચિંતવું ૨ યુક્તિકરવી, અવનવો બુટ્ટો ઉઠાવવો ૩ અનુમાનવું, અટકળવું

કલ્પવૃક્ષ, ન૦ કલ્પતરૂ

કલ્પસૂત્ર,ન૦(સં૦)કર્મકાંડને લગતા નિયમોનું શાસ્ત્ર.

કલ્પાંત, પું૦ (સં૦) કલ્પનો અંત-છેડો, જગતનો પ્રલય, મોટો નાશ ૩ ન૦ અતિશય રડવું-કકલવું-શોક કરવો તે

કલ્પાવવું, ક્રિ૦ અ૦ કકળાવવું, શોક કરાવવો, ટળટળાવવું, ૨ રોવરાવવું, પુરાવવું ૩ સરાવવું

કલ્પિત, વિ૦ (સં૦) કલ્પના કરેલું, જોડી કાડેલું, ૨ ખોટું, કૃત્રિમ, ઢોંગી, બનાવટી. ૩ અટકળેલું.

કલ્મષ, ન૦ (સં૦) પાપ, પાતક ૨ એ નામનું એક નર્ક. ૩ કાળપ,ફુંકાળીટીલી, લાંછન ૪ દોષ, ગુનો મેલ, મલિનતા [ધર્મ પુસ્તક

કલ્મેશરીફ, ન૦ (અ૦) કુરાન, ઇસ્લામીઓનું

કલ્યાણ, ન૦ (સં૦) સારૂ થવું—હોવું તે,કુશળ ક્ષેમ, સુખ, શુભ, મંગળ ૨ એ નામનો રાગ. એ રાગ દીવા થયા પછીથી ગવાય છે ૩ સૌખ્ય, ચઢતી, આબાદી, શ્રેય ૪.વિ૦ ભલું, શુભ,સારુ

કલ્યાણકરવું-ભલું કરવું, ૨ તારવું, ઉદ્ધાર કરવો **કલ્યાણ ઇચ્છવું**-સારુ ચહાવું, સારૂં થાય એમ ઈચ્છવું **કલ્યાણમસ્તુ**-સારૂ થાઓ.

કલ્યાણકારી, વિ૦ શુભ-મંગળકારી ૨ ઉદ્ધારણ-તારણ કરે તેવું

કલ્યાણી,સ્ત્રી૦ કલ્યાણવતી, કલ્યાણ કરનારી દેવી, મંગળમૂર્તી ૨ સોહાગણ સ્ત્રી, સૌભાગ્ય સુંદરી "પીડી ચોળેરે પંચ કલ્યાણી-"સ્ત્રીગીત. ૩ ઘેર ઘેર નકામી ભટકનારી સ્ત્રી બાઇ **કલ્યાણી**-સ્ત્રીવશ, સ્ત્રી કહે તેમ વર્તનાર, બાયલો. **બાઈ કલ્યાણીકરવી**-આજીજી કરવી; ખુશામત કરવી.

કલ્લા, પુ૦[હિં૦]લમણા અથવા ગાલ ઉપરના વાળના ગુચ્છા, જૂલફા

કલ્લી, સ્ત્રી૦ હાથને કાંડે ઘાલવાનુ સોનારૂપાનુ પાતળુ કડુ ૨ ચાર આગળા અને અંગુઠા વડે વાળેલી લુગડાની ગડી તે,પાટલી "ધોતીયાની કલ્લી"

કલ્લુ,ન૦પગને કાંડે ઘાલવાનુ નક્કર–પોલુરૂપાનુકડુ

કલ્લો, પુ૦ (સં૦ કવલ) બૂમ, ઘોઘાટ ૨ મુઠીમા સમાય તેટલો ઘાસ વગેરેનો જથ્થો તે, કોળો, કોળીઉ. ૩ જણનારીની ઓર બહાર નીકળતા પાછી ચઢી ન જાય માટે તેનુ પેટ જોરથી પકડી રાખવુ તે ૪ ભરાત્ર, જુડો (મુછનો)

કલ્લોલ, પુ૦ (સં૦) પાણીનુ ઉચુ નીચુ થવુ તે, મોજાં, તુરંગ, ઘોડા, ૨. ખુશીનો અવાજ; હરખમા ગાવુ પોકારવુ મઝો કરવી તે,આનંદ 'બાળકો કલ્લોલ કરી રહ્યા છે.'

કલ્હાર,ન૦ (સં૦) સુગંધ આપતું એક સફેત ફૂલ

કવ, અ૦ ક્યારે, કે દહાડે

કવખત,પુ૦ક સમય, કઋતુ.૨ વખત બે વખત ૩ અનુકૂળ ન હોય તેવા સંજોગો [કલાગુ

કવગું,વિ૦વગવગરનુ ૨ ક ઠેકાણે હોયતેવુ, કથોલુ,

કવચ, ન૦ (સં૦) શરીરનું રક્ષણ કરવા સારૂ કુદરતી અથવા બનાવેલું જે ઢાકણુ તે (ઝાડની છાલ અથવા અંગરખુ) ૨ અસ્ત્રશસ્ત્રના રક્ષણ માટે લોખંડ-ચામડાનુ બનાવેલું પહેરણ, વર્મ, બખતર,ચિલખત. ૩ ભૂત,પિશાચ જાદુ ન નડે તે સારૂ મંત્રેલા રાખવામા આવતા તાવીજ ૪ પીડા ટાળનાર દેવનો સ્તોત્ર–પાઠ 'નારાયણ કવચ "

કવચ, ન૦ કૌવચ, જુઓ. [બોલવુ તે; મહેણું.

કવચન, ન૦ અપશબ્દ, ગાળ, ૨ કુવચન,નઠારૂ

કવચા,ન૦પૌષ્ટિક અને વાજીકર ગણાતું એક ઔષધ, કૌચના બી, કાચકા [અટકાવનો સમય.

કવછટ, સ્ત્રી૦ મહેનત, વૈતરૂ ૨. ઋતુકાળ,

કવડી, સ્ત્રી૦ કોડી, એક જાતનુ દરિઆઇ જીવડાનું ઘર ૨. એક જાતનું ચલણી નાણુ "કવડી કવડી માયા જોડી, લાખ કરોડો લાખ્યા" કબીર. ૩. મોઇ દડાની રમત. (રેવાકાંઠા.)

કવર્ણ, વિ૦ (સં૦કુ+વર્ણ) નીચુ; હલકું. 'ગરજે ગળી સાકર થકી,કવર્ણને કાકા કહે–શ૦[નામ."

કવણ,સ૦કોણ "કવણ સચની દીકરી ને કવણ તેહનુ

કવણુ, ન૦ કહેણુ, કલંક, બદનામી

કવન, ન૦(સં૦ કુ–કહેવુ) કવવું, કવિતા જોડવી તે ૨ કવિતા, કવિત, કાવ્ય.

કવની,પુ૦ કવિતા કરનાર, કવિ,૨ ભાટ.૩.કહેતી, કહેવાની ઢબ

કવર, ન૦ (અ કવર) પરબીડીઉં. ૨ પૂંઠું ૩ ઢાકણુ, અચ્છાદન, ચાદર ૪ મીઠુ; લવણ પુ૦ (સં૦) પાઠક, પઠ કરનાર.

કવરક, પુ૦ (સં૦) બંદીવાન, કેદી

કવરધું,વિ૦ (સં૦ કુ + વૃધ્–વધવુ) વાકુ, આડુ, સખત, કડવુ 'કોણે વચન કહ્યુરે કવરધુ–પ્રે૦

કવરાવવુ, ક્રિ૦ અ૦ કાયર કરવું, હેરાન કરવુ, સતાવવુ ૨ વર્ણન કરાવવુ, કવિતા કરાવવી

કવરી, સ્ત્રી૦ ચોટલાની લટ, કેશપાશ.

કવર્ગ,પુ૦(સં૦)ક, ખ,ગ,ઘ, ઙ એ પાચ અક્ષરોનો જે વર્ગ તે, કંઠસ્થાન

કવર્ણ, સ્ત્રી૦ કુવર્ણ, કુજાતિ, અકુલિન. 'ગરજે કવર્ણને કાકો કહે ' ૨ કવર્ગ.

કવલ, પુ૦ (સં૦) કોળીઓ, ગ્રાસ.

કવલાં, (મ૦ કૌલ) નળીઆ, નળીઆની હારો.

કવવું, ક્રિ૦ સ૦ કવિતા કરવી, બ્યાન કરવુ "કવ્યુ કવે તે શેનો કવિ, અને શિખી વાત તે શેની નવી " ૨ કહેવુ, કથવુ.

કવશ, સ્ત્રી૦ આપદી; અગત્ય, જરૂર, અડચણ. ૨ વિ૦ તાબેદાર, આશ્રિત, પરાધિન.

કવા, પુ૦ (આ૦) કેસરીનો ઉકાળો, કાવો,કાઢો ૨ વહાણને પ્રતિકૂળ પવન,કાર્યને પ્રતિકૂળ સમય, એક જાતનો રોગ, ઘાણુ, બગાડ. ૩ પ્રતિકૂળ હાલત, ઉલટો વખત–વાતાવરણ. 'એકલો જીતીને આવે, લે સવા કવાને"-વલ્લભ.

કવાયત, સ્ત્રી૦ (આ૦ કવાએત) યુદ્ધકળા.સૈનિક શિક્ષણ ૨ કળા, યુક્તિ, તરતીબ.

કવાયતી, વિ૦ કેળવાએલુ, સુધરેલું.૨ લડાઇની કેળવણી પામેલુ, રણચતુર.

કવાટ, સ્ત્રી૦ (સં૦ કુ+વૃત)નરસો માર્ગ–રસ્તો

૨. નઠારી-વિપરિત રીતભાત.

કવાણુ, ન૦ ખોડ, ખાપણ, લાછન; કહેવાપણુ. "એમા કઇ કવાણુ છે ?"

કવાબ, પુ૦ (ફા૦) છુદો, માસની એક બનાવટ.

કવારી, સ્ત્રી૦બે આબરૂ,અપકીર્તિ, ઉરવા

કવાલ,પુ૦(અા૦)ખ્યાલ ગાનારા ગવૈયો.૨.ખ્યાલ.

કવાલી,વિ૦ ખ્યાલટપ્પાનુ(ગાણુ.),કવાલ ગાનાર

કવાવુ,ક્રિ૦અ૦રોગ થવો, કથળવુ, બગડવુ 'જેવુ કવાયુ વાદળુ, તેવુ મિથ્યા શરીર '૨ વગોવાવુ, નિંદાવુ ૩ ગવાવુ ૪ ઉંચી જવુ, દૂધ દેતુ બધ થવુ **કવાયે કાંકરા**–ક કાસથી કુવાના પાણી ખૂટે

કવિ, પુ૦ (સં૦કુ–સ્તુતિ કરવી) કવિતા–કાવ્ય કરનાર, શાયર. " જ્યા ન પહોચે રવિ ત્યા પહોચે કવિ "૨ વૈદ્ય ૩ વિદ્વાન, ૫ ડિત,૪ વિ૦ડાહ્યુ શાણુ

કવિત, ન૦ (હિં૦) એક જાતની કવિતા એમા ૩૧–૩૨ અક્ષરોનુ દરેક ચરણ હોય છે,મનહરછ દ (ભાટ લોકોના કવનો કવિતમા હોય છે)

કવિતા,સ્ત્રી૦ (સ ૦) રસ ઉત્પન્ન કરનારી વાણીર અર્થ,રસરૂપી જીવવાળી અને અક્ષર-માત્રા તાલના નિયમથી કરેલી જે શબ્દ રચના તે,કાવ્ય, શાયરી ૩ નિયમવાળી શબ્દ રચના, પદબધ ૪ કવિતા કરનારો, કવિ " કહે કવિતા કરજોડ –"**શામળ**

કવિતાઈ, સ્ત્રી૦ કાવ્ય કરવાનો ધધો, કવિપણુ 'સવિતાઇ સેવકથી, કાવતાઇ કો કરત, પિતૃતાઇ પામી પ્રેમે, વેષતાઇ વામણે –**વલ્લભ** ૨ વિ૦ કવિતા સબધી [શક્તિ ૨ કવિની ચતુરાઇ

કવિતાશક્તિ, સ્ત્રી૦ કવિતા કરવાનો જુસ્સો–

કવિત્વ,ન૦(સ ૦)કવિતા કરવાની શક્તિ ૨ કવિપણુ

ક વિદ્યા, સ્ત્રી૦ (સ ૦કુ+વિદ્યા) મ ત્ર-ત ત્ર વિદ્યા. મેલીવિદ્યા ૨ ઠગાઈ, લુચ્ચાઈ, છળવિદ્યા

કવિરાજ–વર, પુ૦ સ ૦ કવિ+રાજન) કવિ ગોમા રાજા –ઉત્તમકવિ

કવીન્દ્ર,પુ૦કવિઓમા જે ઇન્દ્ર–શ્રેષ્ટ તે [સર્વોપરી ર

કવીશ્વર, પુ૦ (સં૦) કવિઓમા જે ઇશ્વર–

કવે, અ૦ ક્યારે. " હવે મળશો તે કવે રે, વેરણ પડતી ન જાત. " **દ્વારકાંદાસ**

કવેણુ, ન૦ કુવેણ, અપશબ્દ, ગાળ

ક વેળા, સ્ત્રી૦ કુવખત, કરત, અશુભ સમય.

કવ્ય, ન૦ (સં૦) પિતૃને પિંડ, ભોજન, વગેરે આપવુ તે (અગ્નિના બલિદાનને હવ્ય કહે છે)

કશ, સ્ત્રી૦ નરાજ, કૉશ, ૨. વરત

કશાકું, ન૦ કણુસુ, ડુંડું. (અનાજનું)

કશલી, સ્ત્રી૦ નાનો કળશીઓ, લોટી [પડે છે'

કશાલો,પુ૦ અચો, કડાકુટો. 'કામનો કશાલો બહુ

કશુ, વિ૦ (સં૦ કિમ્–શુ+દૃશ-પેઠે) કાઇ,કંઇ પણ, જરાએ. " જેનાથી કશુ સભળાવુ નથી, તેને બહેરો કહે છે " ૨ શેનુ, ક્યાથી 'નીર-બુદ્ધિ જેને મનવશી, લાજ મર્યાદા તેને કશી' ૩ કેવુ, કઇ જાતનુ

કશુએ, વિ૦ કશુ, કઈ પણ, કોઇપણ

કશ્મલ, ન૦ (સ ૦) પાપ, દુ ખ ૨ મોહ, ગાડુ ક્યાથી કશ્મલ લાગ્યુ આ, કવેળાએ તને અહીં '

કશ્ચિત, અ૦(સ ૦) કોઇ એક [દાનવોનો પિતા

કશ્યપ, પુ૦ (સં૦) કાચબો. ૨. એક ઋષિ, દેવ

કષાય, પુ૦(સ ૦) કાવો, ઉકાળો, કાઢો ૨.કટાણો–કડુચો સ્વાદ ૩ ગેરૂ જેવો ર ગ, ભગવો ર ગ ૪ પાપ 'જે ઈંદ્રિયે કષાય કર્યુ,તેથી કામ ત્યા તેવુ સર્યુ' અખો.૫ કાટ,મેલ,કાળક ૬ દોષ. 'અખા કૃત્યનો ચઢશે કષાય'–અખો ૭ વિ૦ ૨ ગેલુ,ભગવુ મલિન

કશ્મિર, પુ૦ (સ ૦) કાશ્મીર દેશ ૨ કેશર ૩ કાશ્મીર (લુગડુ)

કષાયિત, વિ૦ (સં૦) ર ગેલુ, ર ગવાળુ થએલુ ૨ કસાણુ, બેસ્વાદ, કટાણુ ૩ મેલુ મલિન ૪ દુભાએલુ, રિસાએલુ

કષ્ટ, ન૦ (સ ૦) મહેનત, શ્રમ ૨ દુ ખ,પીડ, વેદના,સતાપ, સકટ **કષ્ટ પડવું**—શ્રમ દુ ખ પડવુ **કષ્ટ થવુ**—પીડા થવી, કષ્ટ ખમવુ—પીડા દુ ખ ખમવુ,**કષ્ટ દેવું** દુ ખ દેવુ,સતાવવુ **કષ્ટક રવું**–મોક્ષ મેળવવા શરીરને દુ ખ દેવુ **કષ્ટરિપુ**—ઘણાજ પ્રયાસથી સાધી લેવાય તેવો શત્રુ **કષ્ટ સાધ્ય**–ઘણીજ મુશ્કેલાઈથી મટે તેવુ **કષ્ટમોચન**—દુ ખનો છુટકારો **કષ્ટહારી**–દુ ખ ફેડનાર **કષ્ટકારક**–પીડા કરનાર, દુ ખ ફેડનાર, દુ ખ દૂર કરનાર.

કષ્ટનષ્ટાષ્ટક, ન૦ (સ ૦ કષ્ટ+નષ્ટ+અષ્ટક–આઠ

પદવાળું] દુઃખ નાશ કરનારું આઠ પદનું સ્તોત્ર-સ્તવન

કષ્ટાવું, ક્રિ૦ અ૦ જણાતા પહેલાં પીડાવું, (સ્ત્રીને જનન પીડ થવી ૨ દુઃખ પામવું

કષ્ટિત, વિ૦ દુઃખી, પીડિત ૨. શ્રમથી પ્રાપ્ત થતું

કષ્ટી, સ્ત્રી૦ (સં૦) દુઃખ, પીડા; આપદા, તસ્દી. ૨. વિ૦ કષ્ટિત, દુઃખી.

કષ્ટો, સ્ત્રી૦ લેણદારના લેણા પેટે આપવાની રકમની ઠરાવેલી મુદત, કાંધા, હપતા

કસ, પુ૦ (સં૦ કષ) કસોટી ઉપરથી નક્કી કરેલી સોના રૂપાની પરીક્ષા ૨. કસોટી ૩ સાર, સત્વ, તત્વ, ૪ બળ, જોર ૫. લાભ, માલ, ફાયદો "વેપારમા કઈ કસ નથી."

કસ, સ્ત્રી૦ અંગરખા, કાચળી વગેરેનો બંધ

કસકસતું, વિ૦ એસતું, સજ્જડ, તંગ, ભીડાતું; તણાતું

કસકસવું, ક્રિ૦ અ૦ (સં૦ કષ્-ઘસવું) સખત સજ્જડ બાધવું ૨ ખૂબ ઘસવું-ચોળવું ૩ પરીક્ષા જોવી ૪ પરાણે બરોબર થવું

કસકસાવવું, ક્રિ૦ સ૦ ખૂબ તાણવું-ખેચવું, જોરથી બાધવું ૨ તાવવું, પરીક્ષા કરી જોવી

કસટીઓ, પુ૦ સટ્ટાનો ધંધો કરનાર; માલ ઘરાણે રાખી પૈસા ધીરનાર, એકના સવાયા કરનાર.

કસડો, પુ૦ કંદોરો, કમરબંધ.

કસણ, સ્ત્રી૦ કસોટી, ખેચવું તે. "કસણ કસ્યા વિનારે, શાથી રૂપ પ્રકાશે ?" પ્રેમા૦

કસણવું, ક્રિ૦ સ૦ (સં૦ કૃષ્-ચોળવું) ભેળવવું, મેળવી દેવું, જરા જરા ચોળતા જેવુ કરવું; ગૂંદવું, કેળવવું

કસણી, સ્ત્રી૦ ભાર-બોજો બાધવાની દોરી-દોરડું, બંધિયા. ૨ લાંબી ને સાંકડી પૈસા ભરવાની થેલી, વાસળી ૩ કસોટી, આપત્તિ, પીડા; દુઃખ. "આવી કસણી ન દેજો કોઇને રે સ્વામી એ માગું વરદાન —ભોજોભગત. ૪ (સં૦ કાસ-કફ) નાનાં છોકરાંને થતો રોગ.

કસણું ન૦ કસુંસલું; કુંડું

કસતું, વિ૦ ઓછું, ઉણું ભર્યું; તંગ્યાનું: કમ રહેલું "આપની સાટી, કંઈ કસતું લેવાની સાટી.

કસદ, પુ૦ (અ૦) વિચાર; ઇચ્છા; મકસદ; ૨૬

હેતુ ૨ કોશિશ; પ્રયત્ન.

કસદાર, વિ૦ કસવાળું; જીવવાળું, સત્વવાળું; ૨ કસોટીમા બરોબર ઉતરે તેવું ૩ રસાળ, ફળદ્રુપ ૪ ચંચળ; તેજસ્વી ૫. ચીકણું ૬ વાડવાળું, લુખુ નહિ તેવું. ૭ સારી સ્થિતિનું

કસબ, પુ૦ (અ૦) રેશમ સાથે વણેલા સોનારૂપાના તાર, જર ૨ ધંધો રોજગાર, ૩ અનીતિનું કામ ૪ હુનર, કળા, કારીગરી ૫. લુચ્ચાઈ; ઠગબાજી. ૬. હોશિયારી નિપુણતા

કસબચોર, વિ૦ પોતાનો હુનર બીજાને પુરો ન દેખાડે તે, આવડ છુપી રાખનાર ૨. ધંધામાં ઠગાઈ કરનાર

કસબચોરી, સ્ત્રી૦ કસબ ચોરવું જે કામ તે.

કસબણ, સ્ત્રી૦ અનીતિથી ગુજરાન ચલાવનારી સ્ત્રી, વેશ્યા, પાતર, રાંડ

કસબાંપણ, સ્ત્રી૦ કસબાતીની સ્ત્રી. ૨ પાતર, વેશ્યા.

કસબાતી, વિ૦ કસબને લગતું ૨ પુ૦ કસબાનો માલીક

કસબી, વિ૦ હુનરી; કળા જાણનાર, કારીગર. ૨ હોશિયાર, ચાલાક, નિપુણ ૩. કસબનું, જરીનું.

કસબો-સ્બો, પુ૦ (અ૦ કસ્બહ્) મોટું ગામ; મુસલમાની સિપાઇઓની વસ્તીવાળું ગામ. ૨. તાલુકો (ગામડું, ગામ, કસબો, શહેર એમ ચઢતા ઉતરતી અનુક્રમે છે. ભેદ માટે જુઓ ગુજરાતી શબ્દકોષ.)

કસમ, પુ૦ (અ૦) સમ, શપથ, સોગન.

કસમજ, સ્ત્રી૦ ઓછી સમજ; બાળક બુદ્ધિ; ગેરસમજ

કસમનામું, ન૦ એકરારનામું, સોગનનામું.

કસમો, પુ૦ (કુ+સમો-જનુ.) કવેળા; નઠારો સમય, અનુચિત કાળ.

કસમોડા, પુ૦ (સં૦ કસ-જોર+મ૦ મોડવું) થોડુંથોડું દુ:ખ તથા આકર્ષણ થયા કરવું તે "જણવાના કસમોડા." ૨ મચકોડા, આંકડા આવવા તે; અમસ વારવર મરોડવું તે. "તાણ્યા કસમોડા." [તણાવું. ૨. મચકડવું, અંગ બળવું

કસમોડાવું, ક્રિ૦ અ૦ કસમોડ આવવા; આંગ

કસર, સ્ત્રી૦ (અ૦) ઓછું થવું તે; ઘટ; નુકસાન; ખૂટ; ખોટ ૨. ત્રુટી; ખૂટ; ખોડ; ખામી; ભૂલ

કર્યા વિના નજ ચાલે તેથી પણ ઓછો ખરચ કરવો તે, કૃપણતા, કંજુસાઇ,૪ અપચો,અજીરણ. ૫ રોગનું કંઇ બાકી રહેવું તે, કચાશ, અપૂર્ણતા. ૬ ખોટ, નુકશાન

કસરત, સ્ત્રી૦ (આ૦) અભ્યાસ, મહાવરો ૨ શરીર કસવાની ક્રિયા, વ્યાયામ, તાલીમ, અંગના ચલનવલનની રમત, ખેલ

કસરત બાજ, વિ૦ તાલીમવાળો, કસરતી

કસરતશાળા, સ્ત્રી૦ કસરત કરવાનું ઠેકાણું, અખાડો, વ્યાયામશાળા. [કસરથી રહેનાર

કસરીઉં, વિ૦ કસર કરનાર ૨. કંજુસ, મખીચૂ,

કસલી, સ્ત્રી૦ કશલી, ટોપલી

કસલીઉં, ન૦ કાગળીઉં થયા પછી જે આરામ થાય તે

કસવાટ, ન૦ (સ૦ કસ-સત્વ+વાટ-રસ્તો) ઘાણીમાંનું આટાવાળું ચોકડું, જેમાં થઇને તેલ બહાર આવે છે તે

કસવેડો, પુ૦ લાકડાની લાંબી મેખ જે હળપૂણી તથા ચવડાના તુમાની નીચે ઠોકી બેસાડવામાં આવે છે તે

કસવાણ, ન૦ (સ૦ કુ+સવાણ) માંદગી, બેચેની

કસવું, ક્રિ૦ સ૦ (સ૦ કૃષ્-ચોળવું) ખૂબ ખેંચવું, સખત બાંધવું, તાણવું ૨ કસોટી કરી તપાસી જોવું, પરીક્ષા કરવી, કેળવવું ૩ મહેનત આપવી, કચકચાવવું ૪ પીલવું, દાબવું, ખૂબ હેરાન કરવું; સતાવવું ૫ ખેડવું. ૬ રગડવું, ઘસવું ૭ અજમાવવું ૮. ત્રાજવાના પલ્લાનું ઉંચું નીચું જવું, ઘટવું, ઓછું રહેવું શરીર કસવું-સખત કામથી શરીરને કઠણ-મજબુત બનાવવું કેડ કસવી-કેડ બાંધવી, તૈયાર થવું ૨ મનથી કામ કરવું, કસીને કામ લેવું-સખતાઇથી-ચાંપીને કામ કરાવવું

કસાઇ, પુ૦(અ૦) પશુઓને મારી માંસ વેચવાનો ધંધો કરનાર ખાટકી. ૨ ખુની, મળકટો

કસાઈ, વિ૦ નિર્દય, ઘાતકી, ક્રૂર, હિંસક

કસાંજણ, ન૦ (સં૦ કાંસ્ય+અંજન) કાંસાના વાસણમાં બનાવેલું અંજન

કસાઇવાડો, પુ૦ કસાઇ મહોલ્લો, ખાટકીવાડો

કસાકસ-સી. સ્ત્રી૦ ચઢાચઢી રસાકસી સ્પર્ધા ચડસાચડસી, હરિફાઇ.

કસાણું, વિ૦ કટાણું, બે સ્વાદ, કષાય.

કસાતું, વિ૦ કસતું, ખેંચાતું, કમ.

કસાયેલું, વિ૦ અનુભવી, પલોટાયેલું ૨ કટાયેલું.

કસારી, સ્ત્રી૦ કંસારી, જુઓ.

કસારો, પુ૦ કંસારો, જુઓ [ખાવવું કસ કઢાવવો.

કસાવવું, ક્રિ૦ સ૦ કસોટી-પરીક્ષા કરાવવી, પર૦

કસાવું, ક્રિ૦ અ૦ કસાએલું થવું, પલોટાવું દુઃખ મહેનત ખમી મજબુત થવું, અનુભવી થવું

કસીદો, પુ૦ (ફા૦ કશીદન્-ખેંચવું) કસબનું ભરત કામ, ચીકનનું ભરત, કારચોબ ૨ ઇંટ અથવા નળીઆને ભઠ્ઠીમાં તાપ લાગ્યાથી તેના રસનો જે ગઠ્ઠો બાઝે છે તે, છાગળ કીટો, [અનાડી

કસુઝ, સ્ત્રી૦ કમ-ઓછી સૂઝ પડવી તે ખોટી સમજણ,

કસુતર, વિ૦ (કુ+સુતર) સહેલું નહિ તે, અઘરું; મુશ્કેલ, વસમું.૨ સરસડાટ ન ચાલે તેવું, બગડી ગયેલું "ગાડું કસુતર થઇ ગયું."૪ સીધું-પાધરું નહિ તેવું, આડું, વાંકું, ઉલટું "આ છોકરો બહુ કસુતર છે"

કસુતરું, વિ૦ કસુતર, જુઓ

કસુંબલ, વિ૦ કસુંબી રંગનું, લાલ

કસુંબી, સ્ત્રી૦ કસુંબાના ફૂલનો રંગ ૨ વિ૦ કસુંબાના રંગનું, રાતું, લાલ

કસુંબો, પુ૦ (સ૦ કસુંભ) કોસમ નામનાં રાતાં ફૂલમાંથી નીકળતો લાલ રંગ ૨.કસુંબીનો છોડ-ફૂલ ૩ કસુંબી રંગનું કપડું ૪ પાણીમાં ઘોળેલું અફીણ કસુંબો પીવો-સલાહ કરવી, સંપ કરવો.

કસુર, સ્ત્રી૦ (આ૦) ચૂક, ભૂલ, ખામી, ખોડ ૨ વાંક, તકસીર, ગુનો

કસુવાવડ, સ્ત્રી૦(સ૦ કુ+સ્રુ-ગળવું) અધુરે મહિને -કાચો ગર્ભ પડવો-ગળવો તે ૨ એમ થયેથી શરીરને જે નુકસાન હોવું તે

કસોજ, વિ૦ બગડી ગએલું, કસુતર.

કસોજણ, ન૦ ઝટકામણ, કસ્તર; ઉપણામણ.

કસોજું, વિ૦ રજ, કરકર, કસ્તરવાળું સોજું નહિ તે; અસ્વચ્છ ૨ કડવું, આકરું, 'તારી જીભ કસોજી છે."

કસોટી, સ્ત્રી૦ (સં૦ કસ+વૃત્તિ) સોનારૂપાનો કસ

જોવાની પથરી ૨.તપાસ ૩ કસ કાઢવાની રીત,પરખ

કસ્તર ન૦ ૧ કસારા,ભાગ્યાતુટયા વાસણ સાધવા જે લેપ કરે છે તે ૨ ઝીણા તગખલા ૩ ઝીણા ભૂકો, રજકણ, કચરો

કસ્તી, સ્ત્રી૦ પારસીઓમા પુરૂષ તેમજ સ્ત્રીની કમ્મરે દીનના ફરમાન મુજબ ત્રણ આટાની ઊનની દોરી જેવી પટી રાખે છે તે, જનોઇ (બ્રાહ્મણ,ક્ષત્રી,વૈશ્યની ખાધે જનોઇ અને પારસીની કેડે કસ્તી)

કસ્તૂરી, સ્ત્રી૦ (સ૦) તીક્ષ્ણ સુગંધી આપતી કાળા ભુરા રંગની એક વસ્તુ એ, એક જાતના ત્રણ ફૂટ લાંબા હરણની દુંટીમાથી મળે છે, એ ઘણીજ કિમતી ગણાય છે,ને ઔષધ તરીકે અને કપાળે બિંદી કરવામા વપરાય છે એ ઘણીગરમ છે

કસ્તૂરી ભીંડો, પુ૦ એ નામનો કસ્તૂરીના જેવી સુગંધવાળો છોડ એ વા ઉપર બહુ ઉપયોગી છે

કસ્તૂરીમૃગ, પુ૦ જે હરણની (નરની) દુંટીમાથી કસ્તૂરી મળે છે તે એને સિંગડા હોતા નથી પણ મોની બહાર નીકળતા બે અણિયાળા દાત હોય છે (માદાને હોતા નથી) એના આગલા પગના ખુટણને સાંધા હોતા નથી એ ત્રણ ફુટ લાંબા ઘનુ હોય છે

કસ્બાતણ, સ્ત્રી૦ પાતર,વેશ્યા. ૨ કસ્બાતીની સ્ત્રી

કસ્બાતી, પુ૦ કસ્બાનો ધણી, ગામધણી,મુસલમાન ગરાસીઓ

કસ્મો, પુ૦ કસબો, જુઓ

કહલાર, ન૦ સફેદ સ્વાદિષ્ટ કમળ ૨ એક જાતનો ફૂલ છોડ

કહાડવું, ક્રિ૦ સ૦ કાઢવું, જુઓ

કહાણી, સ્ત્રી૦ વાર્તા, કહેવત દંતકથા, અદ્ભુત વાત ૩ કહેણી, કહેતી

કહાર, પુ૦ ભોઇ, મ્યાનો પાલખી ઉચકનાર

કહાવવું, ક્રિ૦ સ૦ સંદેશો મોકલવો'કહેવરાવવુ.

કહીં, અ૦(સં૦ કસ્મિન્)ક્યાંક,કોઇ ઠેકાણે,ક્યા

કહીંકહીં, અ૦ કેટલીક જગાએ,કોઇ કોઇ સ્થળે

કહેણ, ન૦ તેડુ, સંદેશો ૨ નોતરૂં, આમંત્રણ ૩ વેણ, વચન. ૪ હુકમ, ફરમાન

કહેણી, સ્ત્રી૦ કહેલું તે ૨ કહેવાની રીત-બ્યાન-રત ૩. કહેવત; કહેતી, કહાણી ૪ બદનામી; લોકાપવાદ 'તેને માથે કહેણી આવી." ૫ વાર્તા; દૃષ્ટાંત 'શુકે પછી એક કહેણી કહી'

કહેવત, સ્ત્રી૦ નીતિવચન. ૨. લોકોક્તિ, કહેણી. ૩ ઉખાણો, ફૂટાર્થ વાક્ય, કોયડો, સમસ્યા ૪, દૃષ્ટાંત, ઉદાહરણ દાખલો. ૫.બદનામી,કલંક. કહેવત સંગ્રહ-ઉખાણાનો સમુદાય-સંગ્રહ.

કહેવરાવવું, ક્રિ૦ સ૦ સંદેશો મોકલવો; હુકમ ફરમાવવો, જણાવરાવવુ

કહેવાનુ, વિ૦ કહેવા યોગ્ય, જણાવવાનું;કથનીય.

કહેવાવું ક્રિ૦ અ૦ બોલાવુ, વાત થવી.૨. જાહેર થવુ, લખાવુ,નામ પડવુ ૩ લોકાપવાદ આવવો; ખોટુ બોલાવુ

કહેવું, ક્રિ૦ સ૦ બોલવું; ઉચ્ચારવુ ૨ જણાવવુ, સમજાવવુ. ૩ શિખામણ દેવી ૪ ઠપકો દેવો ૫. આજ્ઞા કરવી, હુકમ કરવો. 'હું કહુ છું કે તું જા'૬. આમંત્રણ દેવુ, નોતરવુ કહેવુ કશુ ને કરવુ કંઇ-બતાવે એક અને કરે જુદુ.કહેવા કરતા કરવુ ભલું-કહી બતાવવા કરતા કરી બતાવવુ સારૂં કહે લુડી નવાબ તો કહે નવાબ-જેની ઘડીએ બેસીએ તેના ગીત ગાઇએ;

કહો, પુ૦ કોહ; ગડગુમડ, સડો, વિકાર

કહોડ, સ્ત્રી૦ કારીગરને કામ કરવા બેસવાની જગા ૨ ઢોર બાંધવાનો વાડો,ગમાણ

કહોડીઉં, ન૦ ઢોર બાંધવાની જગા; કહોડ

કહોઅણ, ન૦ કહોએલુ તે, સડો, બગાડ; વિકાર.

કહોવરામણ, ન૦ કોહવી, સડો, સડવુ તે.

કહોવાણ,ન૦સડો,બગાડ.૨ કહોવાની ક્રિયા,કહોવાટ.

કહોવું, ક્રિ૦ અ૦ સડવુ, બદબહવું;વિક્રિયા થવી.

કહ્યાગરુ, વિ૦ હુકમ પ્રમાણે ચાલનાર,તાબેદાર, વિનીત, આજ્ઞાંકિત

કહ્યુ, વિ૦ કહેલું જણાવેલુ, સુચવેલુ. ૨. કહેલુ. ૩. વચન,શિખામણ. કહી આપવુ-તત્કાળ ઉત્તર કરવી. (દવાએ) કર્યું ન કરવુ-અકસર ન થવી. સમજણ ન પડવી (બોલવુ અને કહેવું ના ભેદ માટે જુઓ ગુજરાતી શબ્દકોષ).

કળ, સ્ત્રી૦ (સં૦ કલા) પેટી વગેરેને જડેલો સંચો જેમા કુંચી ફેરવવાથી પેટી, ઇ૦ ઉઘડે છે

ને વસાય છે, ચત્ર, કરામત ૨. તાલુ, આકડી, ચીપ ૩ કળા હુનર ૪. યુક્તિ, ઉપાય ૫ એકાએક વાગવાથી દુ ખ થઇ બેહોશ થઇ જવાય તે તમર "તેને કળ ચઢી છે" ૬ ચિકણો કાદવ, ગારો તરીની પોચી જમીન. ૭ અથોગ,અટકળ ૮ નીરાત, ટાઢક, ચેન. "તેને હવે કળ વળી."

કળકળ, સ્ત્રી૦ માથાઝીક, પચાતી ૨ કટકટ, ટીટિઆરો ૩ કલરવ

કળકળવુ,ક્રિ અ૦ કલેશ કરવો, ટીટિઆરો કરવો, બડબડવુ ૨ કકલવુ ગણુગણુવુ ૩ ખળખળવુ

કળજુગ, પુ૦ ચાર યુગમાનો છેલ્લો યુગ (સત્, ત્રેતા,દ્વાપર ને કલિયુગ)એનુ પ્રમાણ ૪૩૨૦૦૦ વર્ષનુ ગણાય છે ૨ અધર્મનો સમય.૩ દુર્ગુણી મનુષ્ય, અધર્મીજન."તે કળજુગનુ માણસ છે" **કળજુગ આવવો**–દુર્ગુણ ભરાવા, દોષ આવવા **કળજુગનુ** માણસ કળિના જેવુ પાપી, અધર્મી માણસ, કળજુગનો પોરો–અસતનો જમાનો **હુડહુડતો** કળજુગ–ઘણા અજુગતો બનાવ બને તેવો સમય

કળકળાટ, પુ૦ બૂમરાણ, સોરબકો ૨ ૨ હાયપીટ, કલેશ,કકામ ૩ ટીકટીક કરવુ તે,ટીટિઆરો,કટકટ

કળકળાણ, ન૦ બૂમરાણ [મનાવ, કલહ

કળણા, સ્ત્રી૦ તકરાર, કજીઓ ટરો ૨ અણ-

કળણ, ન૦ ગ્નાન, જાણવુ તે, જાણવાપણુ ૨ અદર ગળી જવાય તેવુ કાદવવાળુ સ્થાન

કળણા, સ્ત્રી૦ કલ્પના સમજ ગ્નાન

કળતર, ન૦ શરીરની શરીરની અદર થતી પીડા, દુ ખ ૨ ગુમડુ પાકતા જે મ ર દુ ખ થાય છે તે ૩ ઉભા અનાજની અજમાશ–અટકળ–શુમાર કાઢવો તે ૩ કલણુ ૪ કોસના સાધનો (વરત,ચાક, ૪૦)

કળતાણુ, ન૦ સકપાક થયેલો ખેડુતને જે રહેમ મળે છે તે ૨ કળતર કરવાનુ લવાજમ

કળથી, સ્ત્રી૦ એક જાતનુ ધાન્ય, કઠોળ

કળપવુ, ક્રિ૦ સ મુએનાને નામે કોઇ વસ્તુનો દાન તરીકે ઉત્સર્ગ કરવો, સંકલ્પ કરી બ્રાહ્મણને દાન આપવુ ૨ ખેતરમા રાપડી ફેરવવી.

કળપવુ, ક્રિ૦ અ૦ ખપવુ, ઉપયોગમા આવવુ "મારે કદમૂળ કળપવુ નથી"(જૈન)૨ તલસવુ,ઝૂરવુ

કળપી, સ્ત્રી૦ રાપડી, દતાળી, કોટિશ

કળબ, સ્ત્રી૦ મોટી કળપી, દાતાળો.

કળબવુ, ક્રિ૦ સ૦ ખેતરમા કળબ ફેરવવો

કળવકળ–વિકળ, સ્ત્રી૦ (સ૦ કલવિકલ)કળા, યુક્તિ, તદબીર ૨ યુક્તાયુક્ત વિચાર ૩ સમજ, સૂઝ, ગમ ૪ ચેન, શાતા.

કળવકળીઉં ન૦ તરબી થી કામ કાઢી લેનારુ યુક્તિ પ્રયુક્તિ જાણનાર

કળવુ, ક્રિ૦ સ૦ જાણી જવુ, સમજી જવુ "હુ તારી વાત કળી ગયો"૨ અટકળ કરવી ૩ દુખવુ, પીડા થવુ ૪ કાદવમા ગળવુ, ઉતરી જવુ

કળશ,પુ૦ધાતુનુ ગોળ વાસણ ૨ દહેરા ઉપર ઘડાના આકારનુ ધાતુ–છોનુ શિખર તે, ઘુમટની ટોચ.

કળશી–સી, સ્ત્રી૦ સોળ મણનુ માપ

કળશીઓ, પુ૦ પાણી પીવાનું ધાતુ પાત્ર, લોટો **કળશીએ** જવુ ઝાડે ફરવા જવુ **કળશીઓ** થવો–ઝાડો થવો, લોટો થવો. [અણઘ.

કળહીણ, વિ૦ કુળહીણ ૨ કળાહીણુ નિર્માલ્ય,

કળા, સ્ત્રી૦ સ૦ કલા) મહેનત અને ચપળતાથી થતુ ચમત્કારિક જુગતીવાળુ જે કામ તે, ઈલમ, હુનર,કિસબ,કારીગરી, વિદ્યા (પુરૂષને જાણવા જેમ ૬૪ હુનરો છે જુઓ–ગુજરાતી શબ્દકોશ) ૨ તર્કબુદ્ધિ, ગ્નાન, તદબીર ૩ યુક્તિ, હિકમત, કરામત ૪ બનાવટ, ઇલાજ, ઉપાય. ૫ ચદ્રના બ્યાબના અશો, ચદ્રબિબનો સોળમો ભાગ. ૫. સોળનો સકેત

૬ આઠ સેકડ જેટલો કાળ ૮ એક અશનો સાઠમો ભાગ. ૯ લેશ, છેક નાનો ભાગ, અશ ૧૦ કાન્તિ, તેજ, નૂર, શોભા ૧૧ માત્રા, ઉચ્ચારણકાળ (કવિતામા) ૧૨ પક્ષી પોતાના પીંછ ઉભા કરી રાખે તે 'મોર કળા" ૧૩ ગોઠવી કાઢવુ તે, યોજના, કરામત, હિકમત કરવી તે

કળાકર, પુ૦ મોર, મયૂર.

કળાકૌશલ્ય, ન૦ હુનર હોશિઆરી કસબની

ચાલાકી; હુન્નર ઉદ્યોગ, વિદ્યાઓમા નિપુણતા.
કળાણુ, ન૦ પોચી જગા, કળણુ
કળાનિધિ, પુ૦ (સ૦) ચંદ્ર, શશી [કકલવુ તે
કળાપો, પુ૦ આક્રન્દ, રડારોળ ૨. કદાપો, રોજ
કળાયલ, વિ૦ કળા કરેલીછે એવુ શોભાયમાન, ભપકાદાર "કામની જાણે કળાયલ મોર તેવી રામા લક્ષણની, 'ચોર'-શામળ ૨ કલગીદાર. "અટપટી પાઘડી કેસરીઓ વાઘો, માથે કળાયલ મોળ છે રે, બેની૦" —નૃ૦ મહેતો.
કળાવંત, વિ૦[સ૦] કળા-કાન્તીવાળુ, શકાદાર ૨ અનેક કળા-ખેલ જાણનાર, કારીગર ૩ ગાનાર, ગાઇ વગાડી જાણનાર [સ્ત્રી, રામજણી, તાયફો
કળાવંતણી—ન્તી, સ્ત્રી૦ ગાયન નૃત્ય કરનારી
કળાવાન, વિ૦ કળાવાળુ, હુન્નરી, યુક્તિબાજ
કળાહીણુ, વિ૦ કળા વગરનુ, અકુશળ
કળાહોળ, પુ૦ કલાબકોર, ઘોઘાટ, કોલાહલ.
કળિંગડું, ન૦ એક જાતનુ ફળ, તડબુચ
કળિત, વિ૦ (સ૦) જાણેલુ, સમજેલું
કળી, સ્ત્રી૦ (સ૦ કલિકા) ફૂલની ખીલ્યા વગરની જે સ્થિતિ તે, ન ઉઘડેલુ ફૂલ, મુકુલ ૨ ચણાના લોટની કળીના જેવી જે સેવ તે ૩ બુંદી. 'કળીના લાડુ' ૪ ત્રિકોણાકાર જે લુગડાનો કકડો, કરાખી. ૫ જુવાનીના ચિહ્ન ૬ કલિયુગ. કળી ખીલવી જુવાનીના ચિહ્ન જણાવા. ૨ શોભવુ, દીપવુ. ૩ ખુશ થવુ લહેરમા આવવુ
કળીચુનો, પુ૦ લીસા પત્થરને બાળી બનાવેલી રાખ.૨. પાનમા ખાવાનો ચુનો
કળીજવું, ક્રિ૦ અ૦ સમજી જવુ ૨ કીચડમા દટાઇ જવુ, ગક થવુ. ૩ ઘણીજ શરદી થઈ જવી. ઠીંગરાઇ જવુ.
કળુકું, વિ૦(સ૦કળ-માટી) માટીવાળુ, કચરાળું.
કળેવગે, અ૦ તજવીજથી, તદબીરથી, યુક્તિથી.
કળો, પુ૦ (કલહ) કલેશ, કલહ, ઝઘડો ૨ કદાપો, ઉદ્વેગ ૩. સ્ત્રી૦ [કળ-દુઃખ] આવેશ, ચીળ, આકરી ગુલાટ, ઉથલો. 'કળો ખાઇને રોવું'
કળોટી—ટી, સ્ત્રી૦ એક જાતની રેતી એ સેકાયાથી ઉજળી થાય છે અને સાથિયા પૂરવાના કામમા આવે છે
કળોઠ, ન૦ પાસુ, બાજુ
કાં, અ૦ (સ૦ કિમ્-શું) (કોઇની સાથે વાત કરતા વપરાય છે) કેમ "કા ભાઇ શીદ જશો?" ૨ શા સારુ, શા માટે, શા વાસ્તે; કેમ. 'તેતો તુ તૈયાર કર, કા કરી આપે કોય?"—દલ૦
કાંઈ, ત્રિ૦ કઇ, કાક
કાંઇએક, વિ૦ કાઇ કાંઇક-થોડુ ઘણું.
કાંઇકાંઈ, સ૦ કંઈક ૨, ન કહેવાય-બરોબર ન સમજાય તેવુ કંઈક, કશુંકશુ "લાલ તમારે લાડકવાયો, મુને કાંઈકાંઇ કહે છે રે."-દયા૦ ૩. વિ૦ જરા, થોડુ લગાર કાંઇનું કાંઇ થવુ—ધારવા કરતા ઉલટુ થઇ જવુ કાંઇને કાંઇ—કંઇ-કશુ પણ નહિ
કાઉ, અ૦ શા માટે, કેમ
કાંક, સ૦ કંઇક ૨ જરા, થોડુ
કાકડ, ન૦ એક જાતનુ ફળ
કાકણુ, ન૦ કંકણ બંગડી, વલય.
કાકણદોરો, પુ૦ વરકન્યાને પરણતી વખતે હાથે જે લાલ સુતરનો દોરો બાંધે છે તે
કાંકણી, સ્ત્રી૦ સ્ત્રીઓનુ કાંગરીવાળુ ઘરેણું.
કાંકરી, સ્ત્રી૦ (સ૦ કંકર) નાનો કાકરો, ઝીણો કણ, રજ, અણુ.
કાકરીચાળો, પુ૦ છેડતી, અડપલુ, ચાંદવુ.
કાંકરીદાવ, પુ૦ છોકરાની એક રમત [રસ્તો—ઘર
કાકરેટ, ન૦(અ૦) ચુનો કાકરા વગેરેનો થાપ—
કાંકરો, પુ૦ (સ૦ કંકર) પત્થર-મટોડીનો નાનો કકડો, ગાગડો ૨ ફાસ, નડતર; કંટક. ૩ સંદેહ, શક, શંકા ૪ ખટકો મનની લાગણી. ૫. ખીલ, પોપચામા થતા લોહીના નાના નાના મસા તે ૬ પેન (ભાવનગર). [જાત.
કાંકળ, સ્ત્રી૦ કાટાકાટા વાળી એક જાતની બોરની
કાંકીડો, પુ૦ એક જાતનું પ્રાણી, સરડો, કાચંડો.
કાંકે, અ૦ કારણ કે, એમ છે માટે, કેમકે. ૨. રીસમા, ગુસ્સામા (સુરત)
કાંકોલ, પુ૦ કાકળ.
કાંક્ષા, સ્ત્રી૦ (સ૦) ઇચ્છા, સ્પૃહા; ભાવના

કાંગ, પુ૰ (સ૰ કંગુ) એક જાતનુ પીળુ ધાન્ય
કાંગડ, પુ૰ કાડલો [જે દાણા તે
કાંગડુ-(કાંગડુ), પુ૰ કઠોળના ન બફાય તેવા
કાંઅણીઉં, ન૰ એક જાતનુ સુતરાઉ લુગડુ
કાંગરવું, ક્રિ૰ અ૰ ગુસ્સે થવુ (ઝાલાવાડ)
કાંગરી, સ્ત્રી૰ નાનો કાગરો, કિનારી, કોર, ધાર
કાંગરૂ, પુ૰ (અ૰) કાગારૂ એક ચોપગુ જનાવર
કાગરો, પુ૰ મોગરો, દાતો, ૨ ભરતની એક તરેહ ૩ શિખર, શૃંગ [દવાના કામમા આવેછે
કાંગસી, સ્ત્રી૰ એક જાતનો છોડ, કાસકી એ
કાંગાવેડા, પુ૰ કાગાઇ, કગાપણુ, રોતડાપણુ
કાગુ, વિ૰ નાકૌવત્તી દેખડાવતુ, નાજુક, કાવલુ, રોતલુ, બીકણુ, રોગી કે નિર્બળ નહિ પણ સ્વભાવે ગરીબ
કાંચન, ન૰ (સ૰) સોનુ, હેમ ૨ ધન, દોલત
કાચનાર, ન૰ (સ૰) એક જાતનુ ઝાડ, અને એનુ ફૂલ ૨ વિ૰ છેતરનાર, બદકામ કરનાર
કાચવુ, ક્રિ૰ સ૰ ડોળવુ, ડખોળવુ ૨ ભોળવવુ, છેતરવુ કમવુ ૨ શુદ્ધને અશુદ્ધ કરવુ, આણવુ
કાચળિયાપંથ, પુ૰ નીચ વરણના લોકમા એક જાતની ધર્મ ચેલાઇનો માર્ગ એ પંથના સ્ત્રી પુરુષો અમુક તહેવારને દિવસે આચાર્યને ત્યા એકઠા ઉજાણી જમે છે ત્યા આવનારી સઘળી સ્ત્રીઓની ઉતારેલી કાચળીઓ એક વાસણમા એકઠી મુકી સેળભેળ કરે છે, પછી તેમના મહંત, મંત્ર ભણીને એકેકી કાચળી લઇ એકેકા પુરુષને આપે છે જે સ્ત્રીની કાચળી જે પુરુષને હાથે આવે તે સ્ત્રીની સાથે તે પુરુષ તે રાત રહે છે ૨ બીજપંથ
કાચળી, સ્ત્રી૰ (સ૰ કંચુકી) સ્ત્રીઓને છાતીએ પહેરવાનુ બેસતુ-તંગ સીવેલુ કપડુ, કમખો, કંચુકી, કાપડુ, ચોળી ૨ ખોલ કાચળી પહેરવી-સ્ત્રીના રૂપમા આવવુ, ૨ સ્ત્રીનો વેશ લેવો.
કાચીડા, પુ૰ સરડો, કાચડો, કાકીડો.
કાંજી, સ્ત્રી [હિ૰] રાબ કનેરી, રાબડી, પેજ ૨ ચોપડવાની લાહી ૩ આર, ખેળ. (કપડા માટે)
કાંજે, અ૰ કાકે, કારણ કે, કેમકે

કાંટલી, સ્ત્રી૰ (સ૰ કંઠાલી) સ્ત્રીઓની કોટે ઘાલવાનુ ઘરેણુ, મહોર પુતળિયા હાર
કાંટનો, પુ૰ ગળાને બેસતો આવનો અંગરખાનો જે કાપ ૨ પોપટ વગેરેની ડોકના પીછાને જે નવો રંગ આવે છે તે ૩ ઘડા ગગેર વગેરેના પેટાની ઉપરનો જે ભાગ તે ૪ વણકરનું વાણો નાખવાનુ જે ઓજાર તે [ઝાડીનુ ફુક્કર
કાંટાસળિયો, પુ૰ એક જાતની વનસ્પતિ ૨
કાંટી, સ્ત્રી૰ એક જાતની માછલી
કાંચી, સ્ત્રી૰ (સ૰) મેખળા, રસના, સેર, કંદોરો
કાંટુ, ન૰ બટનનુ કાણુ, નાકુ ૨ દાગીનામા ચુની જડવાનુ ઘર ૩ સોદો, માલ આપવા લેવાનો ઠરાવ ૪ ગોતર, કઠોળના પાદડા ડાખળા વગેરે તે
કાંટો, પુ૰ (સ૰ કંટક) ઝાડની ડાળીમાથી નીકળેલો જે સખત અણીદાર ફણગો તે, અંકુર ૨ છાલ, અથવા ચામડી ઉપરની કઠણ ખુંચતી રૂવાટી વળ, ઇ૦૩ જેણેવતી વસ્તુ તોળાય છે તે, કપાણુ ૩ દાડીની વચ્ચોવચની સોય ૪ ત્રાજવુ ૫ (ઘડીયાળ-હોકાયંત્રનો) ધાતુની સળી, સોયો. ૫ કોઇ પણ દુઃખ દેતુ-વચમા હરકત કરતુ, નડતર ૬ બગડાનુ હાડકુ, કરોડ ૭ વાંકી અણીદાર પકડ આકડી (છરી કાંટો) ૮ સવારીના ઘોડાને મારવાનો પગની એડીમા ભેરવલો ખીલો ૯ જનાવરના શરીરનો ખુંચતો અણીદાર ભાગ, ડંખ (વીંછી, ભમરી વગેરેનો) ૧૦ સ્ત્રીઓને નાકે પહેરવાનુ ઘરેણુ, ચુંક, ચુની ૧૧ તીક્ષ્ણ ધારવાળુ હાડકુ ૧૨ વાંકો અને અણીદાર અંકોડો, મંકોડો ૧૩ અટકણ ઠેસ ૧૪ ગુણાકારનો તાળો મેળવતા આવો × જે આકાર પાડે છે તે, તાળો ૧૫ ઘોડાના તંગમાની કડીમા જે ખીનો જડેલો હોય તે ૧૬ શરીરમા જે એકાએક કંપારી થઇ આવે તે, ઝણઝણો ૧૭ ટાઢ અથવા રોગથી શરીરના રૂવા ઉભા થઇ બડછટ જેવા લાગે તે. ૧૮ દુઃખ દેતા છતા પણ મીઠી લાગતી એવી વસ્તુ "પ્રેમનો કાંટો" ૧૯ ઘોડાની લગામના ચોકડામાનુ ગોખરૂ ૨૦ રીસ, કિન્નો ૨૧ માછલી પકડવાનો ગલ ૨૨ શૌર્ય, જુસ્સો, પાણી, નૂર ૨૩ ટેક, મતમ, મદ, ૨૪ વહેમ, શંકા, ખતરો ૨૫

કાઠલામા તાર ન હોય ત્યારે સાળને બધ રાખનાર -અટકાવનાર ૨૬ પોપટને થતો એક જાતનો રોગ
કાંટીઉં, ન૦ વાડો, સડાસ, જાજરૂ ૨ મડદા ઉપરનુ કપડુ
કાંઠલી, સ્રી૦ કાંટલી, જુઓ
કાંઠલો, પુ૦ કાટલો, જુઓ ૨ વચન, કન્યાને પરણુતા પહેલા થોડુક જે ઘરેણુ આપવુ તે, આદરણી ૨ હાસડી ૩ કિનારો, તટ,ઘાટ
કાંઠો, પુ૦ નદી, દરિયા, સરોવર વગેરેના પાણીને લગતો જમીનનો ભાગ, કિનારો, તટ, ઘાટ ૨ કુવાનુ થાળુ ૩ ઘડા ગાગેર વગેરેનો કાઠલો, કાનો, છેક મો પરનો ભાગ ૫ ચારણા વિગેરેનુ ગોળ લાકડુ,અથવા ધાતુનુ પતરૂ, ગોળ કમાન ૬ બરડાના હાડકાની કરોડ.૭ છેડો,અત "તેના દુ ખનો કાઠો નથી."૮ ગળુ,કઠ [૯ તીર, શર
કાંડ,પુ૦પ્રકરણ, ભાગ, વિભાગ. ૨ પેર, કાતળી
કાંડવું, ક્રિ૦ સ૦દુ ખ દેવુ,સતાવવુ,
કાંડા વછોડ, વિ૦ જોરાવર, મજબૂત,૨ ધરકદર ૩ ખોટી હાસાતુસી ૪ કાડાબળની એક રમત
કાંડીઉં, ન૦સ્રીઓએ કાડે પહેરવાનુ ઘરેણુ,વલય
કાંડી, સ્રી૦ દીવાનળી
કાંડું, ન૦ (સ૦ કાંનુ) હાથના જે સાધા આગળ ૫જે પૂરો થાય તે, પહોચો કાડુ ઝાલવુ-પહોચેથી પકડવુ ૨. દાવમા લેવો ૩ હાથ ઝાલવો, પરણવુ ૪ આશ્રય આપવો ૫ નિ-ભાવી લેવાનુ માથે લેવુ ૬ મુદ્દામાલ સાથે પકડવુ કાડુ કાપી આપવુ-સહી કરી આપવી, મતુ મારી આપવુ,કબુલાત આપવી [ગોળમાટલુ
કાંણુંકોડી, સ્રી૦ બાળકને રમાડવાની એક રીત,
કાંણું, ન૦ કોઇ પણ વસ્તુમા ઝાણો આરપાર ખાડો, દર, વેહ, ૨ છિદ્ર, નાકુ, સુરાખ, ૩ સાકુ, ભગદાળુ, બાકોરૂ,૪ ભોક, શાર ૫ દોષ, ખોડ ૬ દ્વાર,રસ્તો (શાર, છિદ્ર અને કાણુ એના અર્થ ભેદ માટે જુઓ ગુજરાતી શબ્દકોષ.)
કાંણું, વિ૦ જેમા કાણુ હોય તેવુ છિદ્રમય કાણાવાળુ (વાસણ) ૨ આરપાર આવકાશ હોય તેવુ, એક બાજુએથી પેસી બીજી બાજુએ નીકળાય તેવુ (ઘર) "ઘર કાણુ છે." ૩.ડોળો ફુટી જવાથી અથવા ફુલુ પડવાથી એક આખે દેખાતુ ન હોય તેવુ, એકાક્ષ. ૪, અપલક્ષણુ, ખોડવાળુ.
કાંત, સ્રી૦ રેટિયાની તરાક.૨. ઓસડ.
કાંતણી, સ્રી૦ કાતવાની રીત—ઢબ.૨.કાતામણ
કાંતપાષાણ, પુ૦ (સં૦) ચકમક ૨. લોહચુબક
કાંતલોહ, ન૦લોહચુબક,અયસ્કાંત
કાંતવું ક્રિ૦ સ૦ સુતર, ઉન, વગેરેના ખેચીને વળ દઇને દોરા બનાવવા ૨ પાતળુ કરવું ૩. ઝીણાશથી કામ લેવુ, ટુકુ કરવુ, ખાટવું ૪. લબાવવુ, ગુથવુ કાંત્યુ પિંજ્યુ કપાસ થવુ—કર્યું કારવ્યુ ધૂળ મળી જવુ મહેનત ધૂળધાણી થવી; કરેલા કામને બગાડવુ કાંતેલાને કાતવુ—દળેલાને દળવુ ઝીણુ કાતવુ, કજુમાઇ કરવી [૨ લોહચુબક.
કાંતિલોહ, ન૦ કલાઇ ચઢાવેલા લોઢાના પતરા
કાંતો, અ૦ અથવા, કિંવા, અગર 'કાંતો તારી કુભારજા, કાતો કથ ગમાર' [રહે છે તે,ચમરખુ.
કાંદુ,ન૦ રેટીઆની તરાકના બે છેડા જેની અંદર
કાંદો,પુ૦(સ૦કદ)એક જાતનો ઘણા પડવાળો કદ, ડુગળી, પ્યાજ ૨ કદ, હરકોઇ વનસ્પતિના મળની ગાઠ—જડ ૩ ફાયદો, લાભ નફો [ધુસરાનુ આંટણ.
કાંધ સ્રી (સ૦સ્કધ) ખાંધ ખભો ૨ ગળુ, ખાંધ.૩.
કાંધીઓ, પુ૦ બેલ, બળદ ૨. મડદાં ઉંચક-વાનુ કામ કરનાર, પ્રેત ઉંચકનાર ૩ હફતે હફતે નાણા ભરવાની સરતે નાણા ધીરનાર ૪ સાથી, સાગરીદ, ઉતેજક
કાંધુ, ન૦ હફતો, આખી રકમનો ટુકો ભાગ.
કાંધેલી, સ્રી૦ ઝુસરી,ધુસરી,ખાધ [અમલદાર.
કાંધેવળિયો, પુ૦ નાકાવાળો દાણચોકી ઉપરનો
કાંધો, પુ૦ કીચડ, કાદવ ૨ અથાણાનો રસો.
કાંપ, પુ૦ રેલ આવવાથી તણાઈ આવેલુ મટોડુ, તરી ૨ પતગનો ઉભો સળીઓ. ૩ કપારો, ધ્રુજ ૪ (અ૦) લશ્કરી પડાવ
કાંપવું, ક્રિ૦ અ૦ હાલવુ ધ્રૂજવુ ૨.બીકંડરવું.
કાંપો, પુ૦ બે હાથ લાબા કરી તે ઉપર માય તેટલુ લેવુ તે, ઉંડળ, ભારો. ૨. એક જણથી ઉપાડી શકાય તેટલો ભાર; બોજ

કાંબ, સ્ત્રી૦ (સ૦ કબા) વાસની પટી ૨ સુતારનો ગજ, આંકણી
કાંબડી, સ્ત્રી૦ વાસનુ ચિપાટીઉ—ચીપ ૨ ઢેડણુ
કાંબલેટ, સ્ત્રી૦ ઉંચુ ઊનનુ કપડુ
કાંબળી, સ્ત્રી (સં૦ કંબલ) ઊનનુ આછુ વણેલુ કપડુ ધાબળો.
કાંબળો, પુ૦ જાડી કાંબળી, ધાબળો
કાંબી, સ્ત્રી૦ (સ૦ કંબ) સ્ત્રીઓના પગનુ રૂપાનું ઘરેણુ જે કલ્લાની નીચે હોય છે તે ૩. ચામડાની બોખ, ડોન ૪ કોસના મો ઉપરનો કાંઠલો ૫ સારણગાંઠને દમાવવા કેડે પહેરવાનો પટો
કાંય, અ૦ કેમ શા માટે ૨ કશુએ, કંઇપણ
કાંરે, અ૦ કેમરે, શા સારૂ
કાંસ, પુ૦ નદીમાથી ખેતરમા પાણી જવાની કરેલી નીક નહેર ૨ ગામનુ પાણી વહી જવાને કરેલી નીક, ગટર.
કાસકી, સ્ત્રી૦ એક જાતનો છોડ, કાગસી ૨ વાળ હોળવાનો દાતાવાળો એક ઘાટ,કંગની
કાંસકો, (કાશકો) **પુ૦** મોટી કાસકી, દાતીઓ
કાંસલુ,ન૦કાસાનુ કઢાઇ જેવુ વાસણ.૨ તાસળુ
કાંસવું, ક્રિ૦ અ૦હાફ્રુ ફે ફે કરવુ ૨ ખોખારવુ ૩ ઠાસવુ, ચગદીને ભરવુ (સુરત)
કાંસા, ન૦ કાસીજોડા, ઝાંઝ ૨ નીંઘણુ
કાંસાકુટ, સ્ત્રી૦ કાસાના વાસણનો ખડખડાટ ૨ કાસાનો ભંગાર
કાંસિયો, પુ૦ તામળુ, કાસાનો વાડકો
કાંસીજોડાં [કાશીજોડા], **પુ૦** કાસાની બનાવેલી મોટી ઝાઝો, કીર્તનીઆ, જમજમીઆ કાસીજોડા વગાડવા-માગી ખાવુ [સાધુ વેરાગી લોકો વગાડે છે તે ઉપરથી] [કલાઈ એની મિશ્રણ ધાતુ
કાંસું, ન૦ (સ૦ કાસ્ય) તાબુ, જસત, અને
કાઈ, સ્ત્રી૦ [સં૦ કાયા] (ચામડી જેવુ)પાતળુ પડ, અહંતા, આચ્છાદાન "કામ, ક્રોધ, મદ મોહમા માણો, ચઢીરે કર્મકેરી કાઈ'–ભોજો૦
કાઇજવુ, ક્રિ૦ અ૦કાયર થવુ કટાળીવુ ખીદી ખીદી થઇ જવુ "હુ તારાથી કાઇ ગયો."
કાઉસ્સગ,પુ૦[સં૦કાયોત્સર્ગ] દેહનો ઉત્સર્ગ તે, જૈનનો એક સમાધિ
કાઇલિ, સ્ત્રી૦ સેરડીના રસની મોટી કઢાઇ
કાઉ, પુ૦ કગ, કાગડો
કાઉકા , અ૦ કાગડાની વાણી જેવુ ન સમજાય તેવુ બોલબોલ કરવુ તે ૨ એક સામટુ ઘણા માણસોનુ બોલવુ,ઘોંઘાટ તિરસ્કારયુક્ત કલબલાટ
કાક, પુ૦ (સ૦)કાગડો,કાગ ૨ (અ)કોક, ચકલી
કાકચાં, પુ૦ કાચકા
કાકચી, સ્ત્રી૦ કાચકી, જુઓ
કાકડ, ન૦ (સ૦ કર્કટ) કાકડી ચીભડુ
કાકડકુભો, પુ૦છોકરાની એક જાતની રમત
કાકડાસીંગ, ન૦ એક જાતની ઔષધિ
કાકડી, સ્ત્રી [સં૦ કર્કટી] નાનુ કુમળુ આરિયુ, ખીરુ, ચીભડુ ૨ [સ૦ કાર્પટ–ચિથરુ] ચિંથરાને વળ દેઇ બનાવેલી લાંબી દિવેટ
કાકડીઉં, ન૦ એક જાતનુ રેશમ
કાકડો, પુ૦ ચિંથરાની કરેલી મોટી જાડી દિવેટ ૨ દીવા બત્તીની જાડી વાટ ૩. ગળાની બારી આગળ લટકતો માસનો લોચો તે, પડજીભ. ૪ ચોરીઆ, જીભના મૂળ પાસેના કાકડા જેવા અવયવ ૫ નાનુ નાળિએર કાકડા નાખવા–છોકરાની એક જાતની રમત.
કાકતાલીય, વિ૦ (સં૦ કાક–કાગડા+તાલ–તાડ) એકજ ક્ષણે બે બનાવ બન્યા હોય તેવુ, ક્ષણમા–તરતજ થએલુ, ઓચિંતુ, અણધાર્યુ
કાકદૃષ્ટિ, સ્ત્રી૦ (સ૦) ચચળ દૃષ્ટિ. ૨ દોષ–છિદ્રશોધક દૃષ્ટિ,નઠારી પાપી નજર
કાકધ્વજ, પુ૦ (સ૦)સમુદ્રની ગરમી, વડવાનળ
કાકનાસા, સ્ત્રી૦ (સ૦) નસોતર ૨ કાગનુ ઝાડ.
કાકપક્ષ,પુ૦કાનછેરીઆ, ઝુલફા [નિશાની હંસપદ
કાકપત્ર, ન૦ (સ૦) કાગડાના પગ જેવી ^
કાકપદ, પુ૦ (સ૦) એક જાતનો રતિબંધ ૨ કાકપત્ર, હંસપદ [રસો, શીરો
કાકમ પુ૦ ગડાકુ બનાવવાનો મહુડા ગોળનો
કાકમ, પુ૦ગ્રહેજ કાચો પાતળો શેરડીનો ગોળ.
કાકર, પુ૦ કરવતનો દાતો ૨ ચામડીનો ખુ-પરો ૩ કળીઓ ૪ કાકરો

કાકરડી, સ્ત્રી૦ઘણા ઝીણા દાતાની ધાર
કાકરણી, સ્ત્રી૦ રેતડી, કાનસ,અતરડી [સોરઠ]
કાકરવવું, ક્રિ૦ સ૦ નાતાને ધાર ચઢાવવી ૨ કરવતને તીણું કરવુ ૩ ગુસ્સામા દાત કચ કચાવવા ૪. ઉશ્કેરવુ, ચઢાવવુ,આવેશ ચઢે તેમ હુલકાવવું ૫ ખોતરવુ
કાકરીઆકુંભાર, પુ૦ એક કાબરચીતરુ પક્ષી એને માથે લાબી ચોટલી હોય છે
કાકરીઉં, વિ૦ કાકરીવાળુ ,જેમાથી મરડ–કાકરા નીકળે તેવુ (ખેતર, જમીન, ઇ૦)
કાકરી, સ્ત્રી૦ કાંકરી, જુઓ
કાકલી, વિ૦ મૃદુ, કોમળ ૨ દયામણું, કરુણ
કાકલીઆ, પુ૦ બળીઆ, સૈયડ શીતળા
કાકલુંદી, સ્ત્રી૦ આજીજી,કાલાવાલા કાકલુંદી-વેડા–કાલાવાલા કરવા તે,આજીજી કરવાની ટેવ તે
કાકવંઝા,સ્ત્રી૦ એકજ વખત ફળનાર,જેને એકજ છોકરૂં થયુ હોય તેવી સ્ત્રી "દમયતીની જ ધા દેખી, કેળ રહી કાકવંઝા"
કાકવી, સ્ત્રી૦ ગોળની રસી
કાકા, પુ૦ કાગડાનો સ્વર ૨ બાપનો ભાઇ ૨ કોઇ વૃદ્ધ પુરૂષને બોલાવવાનુ માનાર્થ સંબોધન.
કાકાકૌઆ,પુ૦ માથે કલગીવાળો કાબરચીતરો એક જાતનો પોપટ એને લોકો પોપટની પેઠે પાળે છે
કાકાજી,પુ૦ સસરાનો ભાઇ એ શબ્દ સ્ત્રીઓ વાપરે છે (પારસીઓમા કાકા માટે વપરાય છે)
કાકાપુરી, વિ૦ થોડીવાર ટકે તેવુ, તકલેદી ૨ છીનાળના પેટનુ, જારજ
કાકાબળીઆ,પુ૦ સયડ, શીતળા [જાતનું મોતી
કાકાબાસી, ન૦ હલકા પાણીનું એબવાળુ એક
કાકિની,સ્ત્રી૦(સં૦કંકણી)ઘુઘરીઓવાળી કંકણી
કાકી, સ્ત્રી૦ કાકાની સ્ત્રી ૨ વૃદ્ધ સ્ત્રીને (માનાર્થે) બોલાવવાનો શબ્દ
કાકીજી-સાસુ,સ્ત્રી૦ કાકાસસરાની વહુ,કાકીજી
કાકુ, પુ૦ છોકરો, કીકો, ગગો
કાકો,પુ૦ કાકા,જુઓ ૨ જે માણુસની બીક લાગતી હોયતે,દુશ્મન,વેરી "પેલો કાકોઆવે,જુઓ છોકુ"
કાકોલ, પુ૦ (સં૦) સાપ; સર્પ.

કાકોસસરો, પુ૦ સસર નો ભાઈ; કાકાજી
કાખ, સ્ત્રી૦ (સં૦ કક્ષા)ખભાની નીચેનો ખાડો; બગલ.કાખમા રાખવુ–બગલમા બેસાડવુ ૨ પોતાના આશ્રમા રાખવુ ૩ મભાળવુ સાચવવુ [પાક
કાખઅલાઈ, સ્ત્રી૦ બગલમા થતુ ગુમડું બગલનો
કાખબિલાડી, સ્ત્રી૦ બામલી, બામણી,
કાખલી, સ્ત્રી૦ બગલ કાખ ી કૂટવી–ખુશ થવુ; હરખવુ કોઈની મશ્કરી કરીને હસવુ [ગન કળી.
કાખી, સ્ત્રી૦ અંગરખા–કાચળીની બગલ આગ-
કાખાઈ, સ્ત્રી૦ કાસકી (બીન)
કાખોલાઇ, સ્ત્રી૦ બામલી, બામણી
કાગ, પુ૦,સ૦ કાક)કાગડો, કાક, વાયસ કાગનો વાઘ કરવો–રજનું ગજ કરવુ,તરણાનો મેરુ કરવો, અંગુડાનો રાવણ કરવો,
કાગજ,પુ૦(ફા૦)કાગળ,તાર ૨ લખેલો કાગળ;પત્ર.
કાગઝ, પુ૦ (ફા૦)કાગજ ૨ લખેલો કાગળ
કાગડા કામડી, સ્ત્રી૦ કામડી)ઇતરાજી,ખેદીલી; નાખુશી ૨ અણવિશ્વાસ
કાગડાકેરી, સ્ત્રી૦ આકડાના ડોડવા. [વાળી ટોપી
કાગડાટોપી,સ્ત્રી૦કાગડાના આકારની લાબી પુછડી
કાગડા સાણસી,સ્ત્રી૦ કાગડાની ચાચ જેવી ધાતુ ગાળવાની કુલડી ઉપાડવાની સાણસી
કાગડીઆ, પુ૦ પતંગ, કનકુડો
કાગડી, સ્ત્રી૦ ગાડાની બે ઉધોની પિતળ જડેલી અણી ૨ કાગડાની માદા, ૩ વિ૦ ચકોર.
કાગડો, પુ૦ (સં૦ કાક)કાક, કાળા રંગનુ કા કા કરતુ એક પક્ષી, વાયસ.૨ ચકોર પુરૂષ ૩ પતંગ, કાગડા ઉડવા–વસ્તીવાન જવુ,ઉછેદિયુ થવુ કાગડા કળકળવા-સત્યાનાશ જવુ,ખરાબી થાય એવા શુકન થવા કાગડો છે–ચાલાક છે, છેતરાય તેમ નથી. કાગડાની નજરે જોવુ–ચેતતા રહેવુ કાગડાની કોટે રતન–અપાત્રે દાન કાગનું બેસવુ તાડનુ પડવુ -અણચિંત્યુ; અચાનક, યોગે કાગડો દહિથરૂ લઇ ગયો–સારીવસ્તુ નઠારાના હાથ જવી, છેતરી જેવુ
કાગડોળ,વિ૦બદસીકલ,વરવુ [ન૦એકાક્ષી, કાણું.
કાગડોળીઉં, ન૦ એક જાતની રેચક વનસ્પતિ.૨.
કાગદ, પુ૦ કાગજ; કાગળ.

કાગદી, પુ૦ (ફા૦)કાગળ વેચનારો,ચોપડા બાંધનારો. ૨ કાગળ બનાવનાર ૩.વિ૦ પાતળા છોલવાળુ (એલચી,લીંબુ વગેરે) ૪ નાજુક, તકલાદી, કાવળુ. [કામ ન થઇ થઇ શકે તે.

કાગદીજુવાન, પુ૦ ઘણા નાજુક,કાવલુ (પુરૂષ -

કાગમાળ, વિ૦ ખાખા વીખી, નિર્માલ્ય.

કાગમાળો,પુ૦ કાગડાનો માળો. ૨ માલ વગરનુ, નિર્માલ્ય ૩ કામ ચલાઉ

કાગમુ, ન૦ હડા આગળનુ લાકડુ આડી.

કાગવંધ્યા, સ્ત્રી૦ એક છોકરૂ થયા પછી દહાડા ન રહ્યા હોય તે સ્ત્રી. ૨ કેળ.

કાગવાસ,પુ૦ (સ૦ કાક+વાસના) કાકબલિ પિતૃ નિમિત્ત કાગડાને બળિદાન આપવુ તે

કાગવિદ્યા, સ્ત્રી૦ પશુ પક્ષીની ભાષા સમજવાપણુ તે,પક્ષીની બોલી ઉપરથી ભવિષ્ય કહેવુ તે,

કાગળ,પુ૦ (ફા૦) ચિંથરાને પલાળી કુટી બનાવેલુ સફાઇદાર પાતળુ પત્તુ,તાવ,તાર ૨ પત્ર, ચિઠ્ઠી,પત્રિકા,સમાચાર પત્ર કાગળ લખવો—સગા સ્નેહીને ખબર અંતર લખવી " કઠણ થયા માધવ મથુરા જઈ,કાગળ ન લખીએ કટકો રે."—દયા૦ કાગળે ચઢવુ—જાહેરમા આવવુ,ગવાવુ. ૨ કોર્ટે જવુ, ૩. મરી જવુ કાગળની કોથળી—ઘણુજ નાજુક.કાગળની કોથળી જેવુ, કોમળ,તકલેદી

કાગળપત્તર-ત્ર,પુ૦ વહેવારોપયોગી લખાણ,ખત, દસ્તાવેજ ૨, પત્રવ્યવહાર [(લખેલા.)

કાગળીઆં, ન૦ કામકાજના ઉપયોગી કાગળો

કાગળીઓ, પુ૦ ટપાલ લઈ જનાર, કાસદ.

કાગારોળ, પુ૦(સ૦ કાક + આરાવ) રડાપીટ ૨ ઘોઘાટ, રડારોળ, કલકલાણ,વિલાપ

કાચ, પુ૦(સ૦) રેતી ઓગાળીને બનાવેલો લીસો ચળકતો પદાર્થ તે એની મુખ્ય ત્રણ જાત છે—બિલોરી, ચિનાઈ, અને સાદો કાચ ૨. દર્પણ, આરસો ૩ પાસાદાર ચળકતી મિશ્ર ધાતુ કાચનો કુપ્પો—જોતજોતામા નાશ પામે એવુ, જરાકજોરથી ભાગી જાય એવુ

કુંધવું ન૦ લાકડાનો ઢગલો ૨ ઘાસની ગંજી
કુંપળ-ળીઉ, ન૦ ઝાડને ફુટતી કુમળી નવી ડાળી
જેવું પાંદડું, નવપલ્લવ, નવાંકુર.
કુંપી, સ્ત્રી૦ સાંકડા મોની કાચની શીશી ૨ કુપ્પી
કુંપો, પુ૦ (સં૦ કૂપ) મોટો શીશો; માટલો 'કાયા

તારી કાયનો કુંપો'-દયા૦ ૨ કુલ્લુ
કુંભ, પુ૦ (સં૦)ઘડો, ઘટ ૨ બાર રાશિ પૈકી અગિઆરમી રાશિ ૩ હાથી, ઊંટ, આખલો,ઇ૦ ની ગરદન ઉપરનો માંસ પિંડ, ખુંધ, ગંડસ્થળ ૪ પ્રાણાયામનું એક અંગ ૫ ચૌદ શેરનું એક વજન-માપ કુંભ મૂકવો નવા ઘરમાં વાસ કરતાં પહેલાં સાથીઓ પૂરી તે ઉપર ઘડો,નાળિયેર, મૂકવા તે ૨ માતાના કુંભનું સ્થાપન કરવું [ગંડસ્થળ
કુંભસ્થળ, ન૦ (સં૦) ખુંધ,ખાંધ,સ્કંધ,ઉંચા
કુંભકર્ણ, પુ૦ એક ભયાનક ઉંઘણસી એ નામનો રાક્ષસ અને રાવણનો ભાઇ ૨ ઘણુ ઉંઘનાર
કુંભજ, પુ૦ (સં૦) કુંભમાંથી ઉત્પન્ન થયેલું તે 'અગસ્ત્ય મુનિ' [જેવડાં તુંબડાં થાય છે
કુંભતુંબી, સ્ત્રી૦ એક જાતનો વેલો, જેને ઘડા
કુંભયોની, પુ૦ (સં૦) કુંભજ, જુઓ
કુંભલગ્ન, ન૦ (સં૦)દિવસના જે વખતમાં કુંભ-રાશી ક્ષિતિજ ઉપર ચઢે છે તે
કુંભાર,પુ૦ (સં૦કુંભકાર)માટીના ઘાટ બના-વવાનો-વેચવાનો ધંધો કરનાર, ઓઝો, પ્રજાપતિ. ૨ મૂર્ખ,અણઘડ,રાણો કુંભાર જેવો-મૂર્ખ,આવડ વગરનો કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં-શેઠ કરતાં વાણોતર ચઢે કુંભારને ચાકે પેડો, ઘડો ઉતરે કે ગાગર-શું થશે તેની કોઇને ખબર નથી;ન જાને જાનકી નાથ, પ્રાત કાળે કિમ્ ભવિષ્યતિ.
કુંભારણ, સ્ત્રી૦ કુંભારની સ્ત્રી
કુંભારવાડો,પુ૦કુંભાર લોકોની વસ્તી હોય તે ભાગ.
કુંભારીઉં,વિ૦ કુંભારના જેવું ૨ અડાગ; ખરાબ. ૩ માટીથી થાપેલું, પિંઢરિયું
કુંભારીઓ, પુ૦ કાકરીઆ કુંભાર, જુઓ
કુંભારીણ, સ્ત્રી૦ ઘર બનાવનાર ભમરી.
કુંભી, સ્ત્રી૦ થાંભલા નીચેની પત્થર-લાકડાની બેસણી તે ૨ સ્તંભ, થાંભલો
કુંભીપાક, પુ૦ (સં૦) એ નામનું નર્ક.૨.માર
કુંવું,ન૦ જમીનનું એક માપ;૧॥ વીઘું ,અથવા બે વીઘામાં એક વસો ઓછું (ભરુચ)
કુંવર, પુ૦ (સં૦ કુમાર)દીકરો બેટો;પુત્ર,છોકરો. ૨.રાજકુમાર,શાહજાદો.૩.માણીગર-લાડકો છોકરો.
કુંવરી, સ્ત્રી૦ (સં૦ કુમારી) દીકરી;બેટી;કન્યા ૨ રાજકુમારી, રાજકુંવરી, રાજપુત્રી, શાહજાદી 'કહો કુંવરીનો જયજયકાર, જીતો વિકટો રીઆંદ૦
કુંવળ, ન૦ ઘઉંનું પરાળ
કુંવાડીઓ, પુ૦ ચોમાસામાં થતી એક વનસ્પતિ એની શીંગીનું શાક થાય છે ને બી ઢોરને ખવરાવે છે
કુંવાર,સ્ત્રી૦ એક જાતનો કડવો છોડ એના રસનો એળિયો બને છે એના પાદડાને પાઠું કે લાબુ કહે છે
કુંવારકા, સ્ત્રી૦ કુંવારી છોકરી, કન્યા
કુંવારડું, ન૦ કુંવારા નાના બાળકના મરણને ચોથે દિવસે નાના છોકરા ખવરાવવા તે,ચોથીઉં
કુંવારૂં,વિ૦પરણેલું નહિ તે, અવિવાહિત ૨ વાટું કુંવારીને છોકરા જણાવવા-મોટા ને ખોટા તર્કટ ઉભા કરવા, રેતીમાં વહાણ ચલાવવું કુંવારો કોડે મરે-અનુભવ વગરની ભાવના
કુંણું, વિ૦ કુંળું, તાજું
કુ, અ૦ [સં૦]ખરાબ, હલકું, નિંદિત, સૂચક ઉપસર્ગ 'કુલક્ષણ,' ગુજરાતીમાં કુનો ક થાય છે 'કલક્ષણ', કજાત.' ૨ સ્ત્રી૦ પૃથ્વી
કુઇ, સ્ત્રી૦ નાનો કુઓ, ટાંકલી, વરીડો
કુઓ, પુ૦ કુવો, જુઓ.
કુક, ન૦ કુકડાનું બોલવું, ૨ અજાણના એકાએક બાળક છોકરાને રમાડવા-બીવડાવવાનો અવાજ
કુકડવેલ, સ્ત્રી૦ એક જાતની વેલ એના ફળને કુક-ડપાડા કહે છે આખો વેલો ઘણોજ કડવો હોય છે દવા તરીકે ખરડ, ઇ૦ના કામમાં આવે છે
કુકડાં, ન૦ કુકડો કુકડી, મરઘાં
કુકડી, સ્ત્રી૦ કુકડાની માદા,મરઘી ૨ રાવણનાં ફળ, કોકડી કુકડીનું મો ઢેફલે—ગરીબ માણસ થોડાથી રાજી થાય.
કુકડેકૂક, ન૦ કુકડાનું બોલવું તે
કુકડો, પુ૦ (સં૦ કુકુટ.) એક જાતનો પક્ષી, મરઘો. કુકડો હશે ત્યારેજ વહાણું વાશે—અમુક હશે તોજ થશે ? એના વગર નહિંજ ચાલે ?
કુકર, પુ૦ કુતરો [હળમાં મારેલી ફાચર
કુકરી, સ્ત્રી૦ રમવા માટે ઘસેલો ગોળ ઠીકરો. ૨
કુકરો, પુ૦ મદડિયો; મળામાનું શંકુ આકારનું

બહાર દેખાતુ હાડકુ, જે પુખ્ત ઉમરે આવતા દેખાય છે [ન્યાય, પાપ, અધર્મ

કુકર્મ, ન૦ (સં૦) નઠારૂ કર્મ, દુરાચરણ, અ

કુકર્મી, વિ૦ કુકર્મ કરનાર,દુરાચારી ૨ પાપી, અધર્મી [કલ્પના

કુકલ્પના, સ્ત્રી૦ (સં૦) ખરાબ વિચાર, નઠારી

કુકવા, પુ૦ આનાકાની કર્યા કરવી તે,ટટળાવવુ તે.

કુકવો, પુ૦ મરી ગયેલાને નામે બૂમ પાડીને રડવુ તે ૨. અવસરે ખરચ ન કરવો "એ તો બાપને નામે કુકવો કરશે"

કુકો,પુ૦ખાગડો,ઠીકરાનોગોળવાટ.૨.સિક્કો, રૂપિયો.

કુક્ષિ, સ્ત્રી૦ [સં૦ કુક્ષિ) કુખ,પેટનુ એક પડખુ, ૨. ઉદર,પેટ, જઠર ૩ ગર્ભસ્થાન

કુખ, સ્ત્રી૦ (સં૦) કુક્ષિ, જુઓ 'રખે લજવતો કુખ માહરી, રખે રણે કાળુ કરતો'—હુ૦દ૦કુખ ફાટવી—છોકરા થવા, સંતતિ થવી કુખ લજવવી –માને એમ લગાડવી કુખમા ચુટી લેવી—સમજણની બે વાત કહેવી, સમજાવવુ

કુગતિ, સ્ત્રી૦ [સં૦] અસદ્‌ગતિ, અવદશા, નર્ક પામવુ તે

કુગ્રામ, ન૦ (સં૦)નાનુ ગામડુ, જ્યા જરૂરીયાતની ચીજો મળી શકતી નથી તે ગામ

કુચ,સ્ત્રી૦ એક સરખા પગ મૂકીને ચાલવુ તે (લશ્કરના માણસોએ),પ્રસ્થાન.૨ મજલ,મુકામ

કુચ, પુ૦ [સં૦] સ્તન, થાન, પયોધર

કુચકુચ, સ્ત્રી૦ ગુચપુચ,કાનમા વાતો કરવી તે.

કુચડી, સ્ત્રી૦ [સં૦ કૂર્ચ] કડણ વાળની પિછી, વાળાકુચી ૨ ચિતારાની પિછી

કુચડો, પુ૦સાવરણી, ઘાસના રેસાનુ જુડી બાધી બનાવેલુ ૨ગવાનુ–ચૂનો ધોળવાનુ એક સાધન ૨ વાસણને અંદરથી સાફ કરવાનો લીલા વાસનો એક છેડેથી છુટેલો કડકો ૩ કુચો, ભોટવો,ચણુ

કુચાલ, સ્ત્રી૦ (સં૦) અયોગ્ય વર્તણુક, બદચાલ, ૨ અનાચાર, ખોટી રીત, ગેરવહીવટ

કુચેષ્ટા, સ્ત્રી૦ [સં૦] જેથી કોઇનુ મન દુખાય તેવી મજાક–મશ્કરી

કુચો, પુ૦ કુચડો ૨ પ્રવાહી નીચે ઠરેલો કચરો, ૨મ–સત્વ લીધા પછી રહેલું તે ૩ નિંદાકર્યા કરવી તે,ભુંડું બોલવુ તે.૪ છુંદો,અધકચરાપણું.૫ બોખુ

કુછ, અ૦[હિં કુછ] જરા, કંઇ, થોડુંક

કુછંદ, પુ૦ [સં૦]ખરાબ લત, ચસકો, વ્યસન, નાદ, આડે રસ્તે ચાલવાની હેવા [વાની ટેવ.

કુછંદાઇ, સ્ત્રી૦ ખોટી લત, આડે રસ્તે ચાલ-

કુછંદી, વિ૦કુછંદવાળુ,દુરાચારી, લંપટ, વ્યસની

કુજો, પુ૦ ચણુ, ભોટવો

કુટ, સ્ત્રી૦ [સં૦ કુટ્—ભાગવુ) ભંગાર, ભાગ્યાતુટયા વાસણો. ૨ માથાફોડ, ભાજગડ,૫ ન્યાતી. ૩ કુટણી.૪ ગુચવણ [૨ માથાઝીક, કડાકૂટ

કુટણાં,ન૦ કુટતી વખત બોલવાના બોલ,રાજીઆ.

કુટણી, સ્ત્રી૦ [સં૦ કુટ્ટિની] જે સ્ત્રી નાણુ લઇ સ્ત્રીપુરૂષોનો મેળાપ કરાવે છે તે,ભડવણ,દૂતી

કુટણુ, ન૦ કુટવુ તે ૨ ભડવાઇ

કુટણો, પુ૦ ભડવો, દલાલ.

કુટબ, ન૦ કુટુંબ, જુઓ

કુટવું, ક્રિ૦ સ૦ [સં૦ કુટ]મુએલાને નામે કુટકુટ કરવુ તે,જોરથી છાતી ઉપર હાથ મારવા તે ૩ ઠોકવુ. મારવુ ૪ ખાડવુ [૨ ઠોકાઠોક,ગરબડ.

કુટાકુટ, સ્ત્રી૦ છાતીનુ જબ્બર કુટણું ચાલવુ તે.

કુટારો, પુ૦ખટખટારો, માથાકુટ, ખટપટ

કુટાવું, ક્રિ૦ અ૦ ખડાવુ ૨ માર ખાવો,પીટાવુ. ૩ અથડાવુ, રિંચાવુ ૪ અફળાવુ, પછડાવુ ૫ ગોદા ખાવા [રાધી બનાવેલો ખોરાક.

કુટિયુ, ન૦ માર, ઠોક ૨ બાજરીને ખાંડી

કુટો,પુ૦માર,ઠોક ૨ કચરાયેલુ–ખડાયેલુંતે ૩ ભૂકો

કુટિલ, વિ૦ (સં૦) વાકુ, વળેલું ૨ હઠીલું, જક્કી, ૩. કપટી, ખળ

કુટિલતા, સ્ત્રી૦ (સં૦)કુટિલપણું લુચ્ચાઇ

કુટી, સ્ત્રી૦ [સં૦] ઝુંપડી, ઉટજ.

કુટુંબ, ન૦ (સં૦)એક પુરૂષથી ચાલેલો જે વેલો તે,વંશ ૨.સ્ત્રી છોકરા વગેરેવાળો સર્વ પરિવાર તે. ૩ ઘરના માણસો

કુટુંબકલહ,પુ૦(સં૦)કુટુંબમાં જે કલહ–કંકાસ તે.

કુટુંબપરિવાર, પુ૦ (સં૦) સૈરી છોકરા, કુટુંબમા થયેલા માણસોનો સમુદાય.

કુટુંબી, વિ૦ કુટુંબનું, પિતરાઇ.૨ બૈરી છોકરાવાળો, ગૃહસ્થ, કબીલદાર, બચરવાડ,

કુટેલ, વિ૦ [સ૦કુટ્-ભાગવું] ઘડાએલું, અનુભવી, હોશિયાર

કુટેવ, સ્ત્રી૦ [સં૦] નઠારી ટેવ-આદત

કુટો, પુ૦ ભુદો, ભંગાર, કચુંબર

કુઠામ, ન૦ નઠારું ઠેકાણું, કુસ્થળ, કઠામ

કુઠાર, સ્ત્રી૦ફરશી,કુવાડો,લાકડાં ફાડવાનું હથિયાર

કુડ, ન૦ છેતરવાની વૃત્તિ, કપટ, છળ,કહેવાની-કરવાની જુદી વૃત્તિ તે

કુડતર, પુ૦ ભિંતનો આતરો

કુડાખાડુ, વિ૦વાંધા વચકાવાળું, વાંકાખાંડું

કુડાપો, પુ૦ કઢાપો, જુઓ [ખરાબ

કુડું, વિ૦ કાવતરાખોર, પ્રપંચી, કુટિલ. ૨ જુઠું,

કુણુ, સ૦ કોણ, જુઓ

કુતકારો, પુ૦ ચેકડો, ભુસકો, ફાળ; છલંગ

કુતકું, ન૦ વાસનો જાડો કડકો,ભુંધુ,દંડુકો

કુતરાની ટોપી, સ્ત્રી૦ ઉકરડા અથવા ભીની જગામાં છત્રાકાર ફુગ ફુટી નીકળે છે તે, શિલિંધ્ર

કુતરી, સ્ત્રી૦ કુતરાની માદા.૨ એક જાતની વાંકા કાંટાવાળી વનસ્પતિ, જે કપડાંને ચોટે છે તે ૩ બકબક કરનારી સ્ત્રી.

કુતરું, ન૦ કુતરો અથવા કુતરી,શ્વાન

કુતરો, પુ૦[સ૦કુકુર]એક જાતનો પશુ, ગ્રામસિંહ, શ્વાન. **કુતરાની** ઉંઘ-જરા ખખડાટ થતાં જાગી જવાય તેવી ઉંઘ. **કુતરાની** પુંછડી-કુતરાની પુછડીના જેવું વાંકું, સ્વભાવ કદી બદલાતો નથી.

કુતુહલ, ન૦(સં૦)કૌતુક વિસ્મય,અજબ.૨ નવાઇ, અચંબો ૩ હોંશ, ઉત્કંઠા, આતુરતા, જિજ્ઞાસા.

કુતી, સ્ત્રી૦ [હિં૦]કુતરી.'એક બિંદુ કેરે કારણે, કુતા કુતી ભઇ'૨. દાસી, બાંદી

કુત્તો, પુ૦ [હિં૦] કુતરો, શ્વાન

કુત્ર, અ૦ ક્યાં, ક્યે ઠેકાણે,કંઇ આગળ

કુત્સિત, વિ૦ [સં૦] ધિક્કારવા જોગ; નિંદિત; નીચ, મેલું, ગંદું,તુચ્છ,નઠારું.

કુથ, પુ૦ [સં૦] હાથી ઉપર નાખવાની ઝૂલ. ૨. વિ૦ સુંદર. [કાઠિ૦]

કુથલી, સ્ત્રી૦ નકામું ટાયલું, નિંદા, ચર્ચા, ખોટી ચકચાર

કુથલો, પુ૦ કુથો ૨ કુથલી.

કુથો, પુ૦ ગરબડગોટો, ગુંચ, ગુંચવાડો,૨ કુથલી; કડાકુટ.'મનુષ્ય જનમ પામી,કાં પડયા કર્મ કુથે'-રત્નેશ્વર ૩ કુચો, કચુંબર 'ખટશાસ્ત્ર તણો કુથો, શાને સમજી કર્યો રે.'

કુદકારો, પુ૦ કુતકારો, જુઓ

કુદકું, ન૦ કુતકું, જુઓ.

કુદકો, પુ૦ છલંગ,ચેકડો,કુદકારો. ૨ ભુસકો

કુદરત, સ્ત્રી૦ [અ૦] ઈશ્વરી શક્તિ ૨. જગતની લીલા, માયા.૩ જાતિસ્વભાવ,ખાસિયત, પ્રકૃતિ. ૪ તાકાત, જોર સત્તા

કુદરતી; વિ૦ કુદરતનું,સ્વાભાવિક;મૂળ પ્રકૃતિનું, પ્રકૃતિસિદ્ધ, સ્વતસિદ્ધ, સહજ.

કુદાકુદ, સ્ત્રી૦ વારે ઘડીએ કુદકા કરવું તે.૨ વલવલાટ, તલપાપડ, દોડાદોડ.

કુદાવવું, ક્રિ૦ કુદે તેમ કરવું, ઠેકાવવું ૨.ખીલવવું, ચઢાવવું ૩ ધમકાવવું, વઢવું. [છે તે

કુદાળિયાં, ન૦ જાનૈયાને બપોરે દાળ ભાત જમાડે-

કુદાળા, સ્ત્રી૦[સં૦]કોદાળી. [ભાવનાથી જોવું તે

કુદૃષ્ટિ, સ્ત્રી૦ (સં૦)ખોટી નજર,દુષ્ટ દાનત,કામ

કુધારો, પુ૦ ખરાબ રીત રિવાજ [ગએલું અન્ન

કુધાન્ય, ન૦(સં૦)હલકા પ્રકારનું અનાજ ૨ બગડી

કુન, વિ૦ નવની સંજ્ઞા. (વેપારીનો સંકેત.)

કુનેહ, સ્ત્રી૦ હીકમત,યુક્તિ,બાહોશી,ખબડદારી

કુની, સ્ત્રી૦ હાલી. (કચ્છ) [રસ્તો

કુપથ, પુ૦ (સં૦)અનીતિનો માર્ગ,આડો-ખરાબ

કુપથ્ય, ન૦(સં૦)પરેહજી ન પાળતા ગમે તે ખાવું પીવું તે, ક્યરી ન પાળવી તે

કુપાત્ર, વિ૦ (સં૦)ખરાબ વાસણ ૨ દાનને પાત્ર નહિ તેવું,અયોગ્ય, નાલાયક ૩ બે અદબ;વહીગયેલું.

કુપુત્ર, પુ૦ (સ૦)કપૂત,નઠારો છોકરો.

કુપ્પી, સ્ત્રી૦ નાનો કુપ્પો, કુલ્લી. ૨ શીશી

કુપ્પો, પુ૦ કુલ્લું. ૨ મોટો સીસો, બાટલો.

કુફ્રે, પુ૦ (અ૦)કાફર,નાસ્તિક;અનિશ્વરવાદી.૨. મૂર્તિપૂજક, અસધર્મી.

કુરેશાન,ન૦(આ૦)જુઠું તહોમત,આળ.ધાધલ્લ;તો-
કુબજા,સ્ત્રી૦ (સ૦) વરવી-બદસુરત સ્ત્રી [ફાન
કુબડુ,વિ૦(સ૦ કુબ્જ)વાસે ઢેકા નીકળેલો હોય તેવુ ખુધુ, કદરુપુ વરવુ, બરસુરત. 'દાસીરૂપ ધર્યું દમયતી,કુબડુ થયુ નળ ગાત્ર'
કુબી, સ્ત્રી૦ (અ૦ કેબેજ)કોબીજ,એક જાતનુ ફૂલ એનુ શાક થાય છે [લુચ્ચાઇ, કપટ
કુબુદ્ધિ,સ્ત્રી૦(સ૦)નઠારી બુદ્ધિ,કુમતિ.૨ ખોઘાઇ,
કુબેર, પુ૦ધનનુ રક્ષણ કરનારો દેવ
કુભો, પુ૦ લાબા-પાદડા વાળો એક જાતનો છોડ, દ્રોણ પુષ્પી,૨ જનાવરે પોતાને સારૂ બાધેલો માળો. ૪ ધુમ્મટવાળુ ઘાસનુ ઝુપડુ ૪ (ફા૦ કુમહુ) છો પથરાવી તેને દોરીને ખુબ સફાઇથી બેસાડવાનું ઉભી મોગરી જેવુ ઓજાર ૫.ઢોળાવી જમીન,રથડ
કુબોધ,પુ૦ (સ૦)નઠારી શિખામણ ખોટી સલાહ
કુબ્જ, વિ૦ (સ૦)ખુધવાળુ, ખુધુ.
કુબ્જા, સ્ત્રી૦ કસની દાસી,કૃષ્ણની સખી ૨ વિ૦ કુબડી,ખુધી ૨ કર્કશા ૩ વરવી,કુબડી
કુભા,સ્ત્રી૦ (સ૦)પૃથ્વીની છાયા.[ખોટી બનાવટ
કુભાડ, ન૦ (સ૦)તર્કટ,ધૂત ૨ જુઠુ તહોમત,
કુભાડી, પુ૦ (સ૦)ઢોગી,દાભિક,પ્રપચી,તરકટી.
કુભાર્જા, સ્ત્રી૦(સ૦ કુભાર્યા)નઠારી સ્ત્રી,કંકાસણી સ્ત્રી,કર્કશા, કજીઆખોર સ્ત્રી
કુભાવ, પુ૦ કભાવ, જુઓ
કુમક, સ્ત્રી૦ (ફા૦)મદદ,ટેકો ૨ પક્ષપાત,ઉપરાણુ. ૩ મદદ દાખલ મોકલેલુ લશ્કર
કુમકુમ, ન૦ (સ૦) કકુ
કુમતિ, સ્ત્રી૦ (સ૦)નઠારી મતિ,કુબુદ્ધિ
કુમળાવુ, ક્રિ૦ અ૦ કરમાવુ,ચીમળાવુ ૨ તવાથ જેવુ દૂર થવુ સુકાવુ.
કુમળાશ સ્ત્રી૦ નાજુકાઇ,કોમળતા, મૃદુતા,
કુમળુ, વિ૦ (સ૦કોમલ) કઠણ નહિ તે,નરમ, ચાય-ચવાય તેવુ,૨ ઝટ અસર થાય તેવુ,પોચુ, ટાઢુ ૩ સુકુમાર,નાજુક, દયાળુ.
કુમાર, પુ૦(સ૦ કુમાર-રમવુ)પુત્ર,દીકરો,કુવર, ૨ પાચવર્ષની ઉમરનો છોકરો ૩ તરુણ જુવાન.
કુમારિકા સ્ત્રી૦ (સ૦)કન્યા,કુવારી ૨ કુવરી
કુમારી, સ્ત્રી૦ વગર પરણેલી કન્યા, બાળા ૨ દીકરી,છોડી "ધિક્કાર છે અપાર જે, કુમારી કેળવેચશે" [નાસ્તિકતા ૩ કુ૧૬
કુમાર્ગ,પુ૦ (સ૦)નઠારો-અવળો રસ્તો ૨ અધર્મ,
કુમાવિસદાર, પુ૦ (ફા૦)મામલતદાર,મહાલકરી
કુમાશ, પુ૦ (આ૦) ઘટપણુ પોત ૨. વણાટની સફાઇ, ઝલેહ
કુમિત્ર, પુ૦ (સ૦)ખરાબ ભાઇબધ,કુછદી મિત્ર.
કુમુદ, ન૦ (સ૦) ધોળુ કમળફૂલ, પોયણુ
કુમુદનાથ-પતિ, પુ૦ (સ૦)શશી,ચદ્ર, ચાદો ૨ કપુર [ઉત્પલિની
કુમુદિની, સ્ત્રી૦ (સ૦)કુમુદ ફૂલનો વેલો,પોયણી,
કુમુદ્રા,સ્ત્રી૦ ખોટો પૈસો,રાતો જ ઇ ૨ બદામ કાડી.
કુમ્મક,સ્ત્રી૦ (ફા૦) કુમક, મદદ, સહાયતા, વહાર
કુયોગ,પુ૦(સ૦) (ગ્રહનો)ખરાબ યોગ ૨ કવખત
કુર, સ્ત્રી૦ વાસની ટટ્ટી, જાફરી
કુરકુર, અ૦ ભોડીઆને બોલાવતા વપરાતો શબ્દ. કુરકુર કરવુ-મમડવુ ૨ દાત વડે થોડુ થોડુ કરડવુ.
કુરકુરીઉં, ન૦ ભોડીનુ કુતરાનુ નાનુ બચ્ચુ
કુરૂકુ પુ૦ કુકડો,મરઘડો.
કુરગ, ન૦ (સ૦) હરણ, મૃગ ૨ તારવોહ
કુરગનયના, સ્ત્રી૦ (સ૦) હરણ જેવી ચપળ આખવાળી સ્ત્રી, હરિણાક્ષી, મૃગનયના.
કુરઘોડી, સ્ત્રી૦ (મ૦) છોકરાની એક રમત.
કુરતની, સ્ત્રી૦ પતગની દોરી ઉપરથી નાખેલુ ઝીણુ કપડુ તે, મચ્છરદાની [કરવી તે
કુરનસ-નીસ, સ્ત્રી૦ (ફા૦) અદબસર સલામ
કુરબાન, વિ૦ (આ૦) એકલીન, પ્રેમઘેલું અર્પણ કરેલુ એવુ ૨ આધીન ૩. ફિદા, ખુશખુશ ૪ ન૦ ભોગ બળી.
કુરબુક, ન૦ વૃક્ષ વિશેષ "કિંશુક કુરબુક પૂછિયા,વટ કહેજે શ્રી હરીની ભાળ" -મામેરુ
કુરર,સ્ત્રી૦ (સ૦)એક જાતનુ પક્ષી, ટિટોડી
કુરરી, સ્ત્રી૦ (સ૦)ટીટોડી. ૨. ઘેટી,ભેડી.
કુરાન, ન૦ (આ૦)મુસલમાન લોકનુ ધર્મ શાસ્ત્ર.
કુરીઓ, પુ૦ જુવારને ભરડીને ખારી બનાવેલો પદાર્થ ૨ જુવારનો પોક,ભુંજેલા દાણા ૩ ચોખા.

"સુદામાને દિન દુ ખના દીધા,કર વધારીને કુરીઆ

કુરીર, ન૦ (સં૦) મૈથુન, સુરત [લીધા'

કુરૂપ, વિ૦ (સં૦)નદસુરત,કદરૂપુ, બેડોળ,વરવુ

કુરરી, સ્રી૦(સં૦) એક જાતનું ઘણા તીણા સ્વ-
રવાળું પખી [કુગ, વશ૪ અસીલ

કુલ, ન૦ ખાનદાની,કુલીનતા ૨ ટોળુ ,વૃ દ,જુથ ૩

કુલ, વિ૦ (આ૦) તમામ,સઘળુ ,જુમલે

કુલકુલાં, વિ૦ (આ૦)કુલ અખત્યાર હોય તેવુ
તમામ. ૨ અંગત, ખાસ 'કુલકુલા દોસ્ત'

કુલક્ષણ,ન૦(સં૦)અપલક્ષણ, કુટેવ, ખોડ, દુશ્ચિહ્ન.

કુલક્ષણુ, વિ૦ (સ૦)ખરાબ ચિહ્નનુ ૨ કુટેવ-
વાળુ; દુરાચારી, અટકચાળુ , અવિનીત

કુલટા, સ્રી૦ વ્યભિચારિણી સ્રી,હડહતી છિનાળ

કુલડી, સ્રી૦ કસલી જેવુ માટીનુ પાત્ર. ૨ સોનુ
રૂપુ ગાળવાનુ પાત્ર. ૩ ગાડનો ભાગ

કુલમ પુ૦ એક જાતના ચોખા. ૨. એક ઔષધ.

કુલાબો,પુ૦ [આ૦]જમીનનો જે ભાગ દરીઆમા
લાબો ગયો હોય તે

કુલાલ, પુ૦[સ૦] કુભાર [રૂદાર ઘરનું, અસરાફ.

કુલીન, વિ૦ [સ૦]ઉચા કુળનું,ખાનદાન,આબ-

કુલીનતા, સ્રી૦ કુલીનપણું,ખાનદાની,અસરાફી

કુલું, ન૦ગાડની બને બાજુના ઉચા જે બે અવ-
યવો તે, હગડો, હગરૂ

કુલે, અ૦ [આ૦ કુલ્-બધુ] તમામ, બધુ ૨.
એકદર; જુમલે, ટોટલ. [લોટ.

કુલેર,સ્રી૰ ગોળ અને ઘી ચોળેલો બાજરી ચોખાનો

કુલ્લું, ન૦ ઘી તેલ વગેરે ભરવાનું ચામડાનુ વાસણ.
કુલામા હાથ ભેલાવવો-લાલચમા નાખવુ મોટી
આશાઓ આપવી.

કુવાડી,સ્રી૦ લાકડાં ચીરવાનુ એક હથિયાર,કુહાડો.

કુવાડો, પુ૦ મોટી કુહાડી, કુહાડો.

કુવાસના, સ્રી૦ [સં૦] નઠારી ઇચ્છા.

કુવેતર, ન૦ વાવણી માટે કુવાના પાણીથી તૈયાર
કરેલી જમીન, ૨. કુવા ઉપરની જમીન.

કુવો, પુ૦ (સ૦ કૂપ)જમીનમાંથી પાણી નીકળે
તેવો ખોદેલો ખાડો. ૨. ઉડો ખાડો. 'ઘોડાના
પેટમાં હાથ હાથના કુવા પડેલા હતા'. ૩. ઘણે
ઉડો ખાડો ૪. વહાણના સઢનો થાભલો. કુવામા
નાખવુ-ખ ડામા ઉતારવું, દુર્દશા કરવી કુવામા
ઉતારવુ-ફસાવવુ કુવો હવાડો કરવો-કુવામા પડી
આપઘાત કરવો.

કુશ, પુ૦ (સ૦)એક જાતનુ કઠણ ઘાસ,ડાભ. ૨
રામચદ્રજીના પુત્રનુ નામ [માથાફોડ કરવી.

કુશકા, પુ૦ ડાંગેરના છોડા કુશકા ખાડવા-ખાલી

કુશળ,વિ૦ (સ૦)ચતુર,હોશિયાર;કિસબી,ચાલાક;
પ્રવીણ ૨ સુખરૂપ, ક્ષેમ 'જગજે કરૂણાથી કુશળ
કલ્યાણ, જીવો વિક્ટોરિયા.'-દલ૦ કુશળ ઇચ્છવું
-સારૂ ઇચ્છવુ, ભલુ તાકવુ કુશળ દક્ષિણા-લગ્ન
પછી બ્રાહ્મણને અપાતી બક્ષિસ.

કુશળતા,સ્રી૦કુશળપણુ,સુખી હાલત ૨.ચતુરાઇ;
હોશિયારી, પ્રવિણતા.

કુશળ પ્રશ્ન,પુ૦ખબર અંતર,તબીયતના સમાચાર.

કુશળ ક્ષેમ, ન૦ આબાદી અને તન્દુરસ્તી.

કુશાગ્ર,ન.(સં.)કુશનો આગલો ભાગ,દર્ભની અણી.

કુશાગ્રબુદ્ધિ, સ્રી૦ (સ૦)ઘણીજ તિવ્ર બુદ્ધિ.

કુષ્ઠ, પુ૦ (સં૦) કોઢ, એક જાતનો રોગ

કુષ્માંડનવમી, સ્રી૦ (સ૦)કાર્તિક સુદિ નવમી

કુષ્માંડ, ન૦ (સં૦) કોળુ

કુસકી, સ્રી૦ ડાંગેરની કરડ ખાડવાથી જે લોટ
જેવુ પડે છે તે ૨. જમીનનો રસ્તો.

કુસંગ, પુ૦ (સ૦)નઠારો સંગ,ખરાબ સોબત.

કુસંગત-તિ, સ્રી૦ (સં૦) નઠારી સોબત.

કુસંપ, પુ૦ અણબનાવ; બિગાડ, વૃટ; ફૂટ.

કુસુમ,ન૦[સં૦],પુષ્પ,સુમન. ૨. સ્રીનો અટકાવ.

કુસુમબાણ, ન૦ (સં૦)અનંગ,કામદેવ;મદન.

કુસુમિત, વિ૦ પુષ્પવાળુ, ખીલેલુ, પુષ્પિત.

કુસુમાકર, સ્રી૦(સ૦)વસંતઋતુ.૨.બાગ,બગીચો.

કુસુમાયુધ, પુ૦ (સં૦) કામદેવ; મદન ૨ જેનું
આયુધ ફૂલો છે તે. [એક વનસ્પતિ.

કુસુંબી, સ્રી૦ (સં૦) લાલ રંગ આપનારી

કુસુંબો, પુ૦ કસુંબીના ફૂલનો રંગ.

કુસ્તી, સ્રી૦ (ફા૦) બે જણની એક બીજાને
ચત્તા પાડી નાખવાની જે કસરતી રીત તે;બાહુ-
યુદ્ધ.૨. (ફા૦ કુસ્તિ) કસ્તી, પારસીની જનોઈ.

કુસ્તીબાજી, સ્ત્રી૦ કુસ્તી ખેલવી તે, કુસ્તીની રમત.
કુસ્વભાવ, પુ૦(સં૦)નઠારો સ્વભાવ, ઝાઝી પ્રકૃતિ.
કુહર, ન૦ (સ૦) ગુફા, બખોલ. ગહ્વર
કુહાડી, સ્ત્રી૦ લાકડા ફાડવાનુ એક જાતનુ ઓજાર, નાનો કુહાડો.
કુહાડો, પુ૦[સ૦ કુઠાર] લાકડા ફાડવાનુ એક જાતનુ ભારે મોટુ ઓજાર, પરશુ પગ પર કુહાડો મારવો—પોતાનુજ ખરાબ થાય તેમ કરવુ
કુહુ, સ્ત્રી૦ કોકિલ પક્ષીનો સ્વર—આલાપ,ચાતકનો ઉચ્ચાર, 'કુહુ કુહુ પોકારે બપૈયા નાચે મોર થૈયા થૈયા "
કુહું, ન૦ (સ૦ કુક્ષિ) પાસળાની નીચેની પેટની બાજુ "આજ ભેસના કુહા બહુજ તણાયા છે" ૨ પેટ ૩ ફડચો, ફણગો "હજુ તો ગેનડીને નવા કુહા આવે છે."
કુળ, ન૦ વંશ, વેલો, ઓલાદ, ગોત્ર ૨ ખાનદાની.૩ અસીલ.૪,ટોળુ, સમૂહ; જુઓ "ગોકુળ" કુળ અંગાર—નામબોળુ, વંશને કલંક લગાડનાર કુળમાં દીવો—કુળદીપક; કુળને અજવાળનાર, કુળ ધર્મ—પિતૃપરંપરાથી ચાલતો આવેલો રીવાજ,ધર્મ, ૪૭ કુળગુરુ—વંશનો પુરોહિત, પોતાનો આચાર્ય કુળદેવતા—પોતાના વંશમાં જે દેવને માનતા હોયતે
કુળકરણી, પુ૦ (આ૦) તલાટી.
કુળક્ષય, પુ૦ કુળનો ખે—નાશ
કુળતારક,વિ૦કુળને તારનાર કુળનો ઉદ્ધાર કરનાર.
કુળદેવી, સ્ત્રી૦ વંશના લોકો પરંપરાથી જે દેવીને માનતા આવેલા તે.
[**કુળલજ્જામણુ**, વિ૦કુળ લજવાય તેવુ
કુળવધુ, સ્ત્રી૦(સ૦) સારા કુટુંબની સ્ત્રી, ઉમદા ખાવાસની વહુ—સ્ત્રી.
કુળવંત—વાન, વિ૦કુલીન,ખાનદાન.સારા કુટુંબનુ
કુળહીન,વિ.(સ.)નીચા કુટુંબનુ;અકુળવાન,કજાત.
કુળાચાર, પુ૦ કુળનો આચાર,કુળની રીતભાત
કૂક, ન૦ કુક, જુઓ
કૂચ, સ્ત્રી૦ મુકામ ઉઠાવી આગળ ચાલવુ તે,ઉપડવુ તે.૨ છુપી વાત,રહસ્ય, મર્મ ૩ પુ૦ભાટવો,કુંજો.
કૂજડો, પુ૦માટીના વાસણ વેચનાર, ડગળીઓ

કૂજન,ન૦(સ૦)પક્ષીઓનુ ઝીણુ બોલવુ તે,ગુંજન.
કૂટ,સ્ત્રી૦ (સ૦ કૂટ્—ઠગવુ)કડાકૂટ,માથાકુટ,માથાફોડ,મુશ્કેલી ગુંચવણ ભરેલો પ્રશ્ન—સવાલ,કોયડો. ૩ ઉખાણું ૪ સમજવાને મુશ્કેલ એવુ વાક્ય—કવન. ૫ શિખર,અણી, ટેકરી, કૂટ જ્ઞાની—ખોટી તકરાર કરી જ્ઞાની છુ એમ જણાવનારો, દાંભિક
કૂટવુ,ક્રિ૦સ૦ ખૂબ ખાડવુ, છડવુ ૨ ટીપવુ;ઠોકવુ ૩ બેદરકારીથી વાપરવુ અફાળવુ ૪ મારવુ,ઝાપટવું; ઠોકવુ ૫ છાતી ઉપર હાથ પછાડવા, પીટવુ ૬. સખત શિક્ષા કરવી, ખો ભૂલાવવી.
કૂટસ્થ, વિ૦ (સ૦) એક સરખુ,તેજ; એક રૂપતા વડે ઘણા કાળ રહેનાર. [નિયતા, પરમાત્મા.
કૂટસ્થ, પુ૦ (સં૦ કૂટ+સ્થા—ઉભુ રહેવુ) ઈશ્વર;
કૂડ, ન૦ (સ૦ કૂટ—કપટ)છળ,કપટ, દગો;પ્રપંચ. ૨ મેલ,આટી. ૩ વાંધો, વચકો
કૂડકપટ, ન૦ ઠગાઈ, દગો ફટકો, ઠગબાજી
કૂપ, પુ૦ (સ૦) કુવો.
કૂપી, સ્ત્રી૦ કુલ્લી ૨ શીશી
કૂર, પુ૦ (સ૦) રાંધેલા ચોખા, ભાત.
કૂર્મ, પુ૦ (સ૦) કાચબો, કચ્છપ. ૨ વિષ્ણુનો બીજો અવતાર.૨ સંધ્યા કરતી વખતે કરવામાં આવતી એક જાતની મુદ્રા
કૃત, વિ૦ (સ૦ કૃ—કરવુ) કરેલુ; બનાવેલું.
કૃત, પુ૦ (સ૦) એ નામનો એક યુગ, સત્યયુગ. ૨ કરેલા કર્મનુ પરિણામ, ફળ. ૩.ચારની સંખ્યા
કૃતકૃતાર્થ,વિ૦ (સ૦)યશસ્વી,નસીબવાન; ૨ આ દુનિયામાં જે કરવાનુ તે કરી ચુકેલુ "ખામીંના પ્રસાદ, પૂર્ણ,કૃતકૃતાર્થ થાઉ " [ઉતરેલુ.
કૃતકૃત્ય, વિ૦(સ૦)કામ કરી પરવારેલુ,તરીપાર
કૃતઘ્ન, વિ૦ (સં૦) કરેલો ઉપકાર ભૂલી જનાર. અનુપકારી, નિમકહરામ, નગણુ, નઘુરૂં.
કૃતઘ્નતા, સ્ત્રી૦ (સ૦)કૃતઘ્નપણુ નિમકહરામી.
કૃતઘ્ની, વિ૦ કૃતઘ્ન, હરામી.
કૃતજ્ઞ, વિ૦(સં૦)કરેલા ઉપકારને જાણનાર,ઉપકારી,આભારી, નિમકહલાલ; વફાદાર
કૃતજ્ઞતા,સ્ત્રી૦કૃતજ્ઞીપણુ, નિમકહલાલી; વફાદારી.
કૃતજ્ઞી, વિ૦ કૃતજ્ઞ, જુઓ

કૃતનિશ્ચય, પુ૦ (સં૦) દૃઢ ઠરાવ.
કૃતયુગ, પુ૦(સં૦) સત્યયુગ, ચારમાંનો પહેલો યુગ, ૧,૭૨૮,૦૦૦ વર્ષનો યુગ
કૃતાંજલિ, વિ૦ [સં૦ કૃત+અંજલિ) હાથ જોડી ખોબો-અંજલિ કરેલી છે તેવું ૨ જોડેલા હાથનું
કૃતાંત, પુ૦ [સં૦] યમ, દૈવ. ૨ કાળ, નાશ
કૃતાર્થ, વિ૦ [સં૦] પરવારેલું, તરી પાર ઉતરેલું, જેણે જન્મ સાર્થક કર્યો હોય તે, કૃતકૃત્ય
કૃતાર્થી, વિ૦ કૃતાર્થ, જુઓ
કૃતિ, સ્ત્રી૦ (સં૦ કરવું) કરવું તે, કાર્ય, કામ. ૨. કોઇએ જે કંઇ કરેલું તે, રચના. ૩ આચરણ, કરણી [બહુલા
કૃતિકા, સ્ત્રી૦ (સં૦)૭ તારાવાળું એક નક્ષત્ર,
કૃતુ, પુ૦ (સં૦) હોમ, હવન [સિદ્ધાંત.
કૃત્ય, ન૦ [સં૦]કરેલું તે, કામ ૨. કરી બતાવેલો
કૃત્યા સ્ત્રી૦ (સં૦ કૃ-કરવું) ડાકણ, વંતરી, ચુડેલ ૨. જાદુ કરનારી સ્ત્રી ૩. શંખણી, કર્કશા. ૪ જાદુની એક દેવી, મેલડી. [બનાવટનું,
કૃત્રિમ, વિ૦ બનાવેલું, કરેલું, કુદરતી નહિ તેવું,
કૃદંત, પુ૦ (સં૦)ક્રિયાપદના ધાતુને પ્રત્યય જોડવાથી જે નવું વિશેષણ-અવ્યય પેદા થાય તે
કૃપણ, વિ૦ (સં૦) બખીલ, કંજુસ, સમ, મખ્ખીચૂસ કસરીઉ.
કૃપણતા, સ્ત્રી૦ બખીલાઇ, કંજુસાઇ,
કૃપા, સ્ત્રી૦ (સં૦) મહેરબાની, મહેર ૨. પ્રસાદ, બક્ષીસ, ૩. દયા, અનુકંપા, કરૂણા
કૃપાણ, સ્ત્રી૦ (સં૦) તરવાર, ખડગ.
કૃપાદૃષ્ટિ, સ્ત્રી૦મહેરબાની, મહેર, દયાની નજર
કૃપાનાથ, પુ૦[સં૦] દયાનિધિ, પરમેશ્વર.
કૃપાનિધાન, વિ૦ [સં૦] કૃપાનો ભંડાર, મહેરબાનીવાળો, ઈશ્વર.
કૃપાપાત્ર, વિ૦ (સં૦) કૃપા કરવા યોગ્ય, કરૂણાપાત્ર, ૨. જેના ઉપર કૃપા થઇ હોય તે.
કૃપાવંત-વાન, વિ૦દયાળુ, કૃપાળુ, દયાવંત.
કૃપાસિંધુ, પુ૦ કૃપાનો સાગર, ઈશ્વર.
કૃપાળ, વિ૦ કૃપાળુ, કરૂણ; દયાવાન.
કૃપાળુ, વિ૦(સં૦)કૃપાથી ભરેલું, મહેરબાન; દયાળુ.

કૃમિ, પુ૦ [સં૦]કીડો. ૨. કરમીઆ;જંતુ.
કૃશ, વિ૦[સં૦] પાતળું; નબળું. ૨. વાળુ; દુર્બળ.
કૃશાંગ, વિ (સં૦) પાતળા-નાજુક શરીરવાળું.
કૃશાનુ, પુ૦ (સં૦) અગ્નિદેવતા.
કૃષિ સ્ત્રી૦ (સં૦) ખેતી, ખેતીવાડી.
કૃષિકાર, પુ૦ (સં૦) ખેડુત, કૃષાણ
કૃષ્ણ, પુ૦ વાસુદેવ અને દેવકીથી ઉત્પન્ન થએલો વિષ્ણુના દશ અવતાર માહેનો આઠમો લીલાઅવતાર. એમનો જન્મ દ્વાપરયુગમાં, ઈસ્વી સન પૂર્વે ૨૪૮૫ મા શ્રાવણ વદ ૮ ને બુધવારે મધરાતના રોહીણી નક્ષત્રમાં છે. [અંધારીઉ.
કૃષ્ણ, વિ૦ કાળું, ઘેરા આસમાની ૨ ગર્દું. ૨.
કૃષ્ણચરિત્ર, ન૦ કાળા કર્મ;દુષ્ટ કૃત્યો ૨.કૃષ્ણલીલા.
કૃષ્ણસાર, પુ૦ કાળુ હરણ, કાલિઆર; નર હરણ.
કૃષ્ણતુલસી, સ્ત્રી૦ કાળા પાનવાળી તુળસી.
કૃષ્ણપક્ષ, પુ૦ (સં૦) જેમાં ચંદ્રની કળા ઓછી થતી જાય છે તે પખવાડીઉં, વદિ.
કૃષ્ણલવણ, ન૦ સંચળ.
કૃષ્ણવર્ણ, પુ૦ કાળો રંગ.
કૃષ્ણશૃંગી, સ્ત્રી૦ ભેંસ, ઢોણું; પાડિયો.
કૃષ્ણા, સ્ત્રી૦ગળી. ૨ દ્રોપદી ૩. એ નામની નદી. ૪. સાટોડી; ઉપલસરી, નગોડ.
કૃષ્ણાગુરૂ, ન૦ કાળી સુખડ, અગરચંદન.
કૃસરાંશ, ન૦(સં૦) ખીચડી.
કે, અ૦ આગળ કારણ લખેલું છે એવી સૂચના કરનારો શબ્દ, એ શબ્દની પૂર્વે, કારણ-એમકેમ એ શબ્દો જોડાય છે. 'કારણ કે, એમકે કેમકે.'૨ અથવા, વા, યા. "તેં કે તું આવે તો સારૂં." ૩. ખાતરી કરવા પૂછતી વખતે વાક્યને છેડે આવે છે ૪ એટલે, તરત; પછી. [કયામત
કેઆમત, પુ૦ છેલ્લો ન્યાય ચુકવવાનો દિવસ;
કેક, સ૦ કંઈ.
કેકા, સ્ત્રી૦(સં૦)મોરનું બોલવું તે, મોરનો ટહુકાર
કેકર, પુ૦ (સં૦) વાંકુ,ત્રાંસું; ચીરવું; ટેંક.
કેકાવળ, પુ૦ (સં૦) ઘોડો, અશ્વ; ૨. ઘોડાનું જુમાટ, ઘોરબોકાર.
કેકાવળ, પુ૦(સં૦)મોર; મયૂર. કેકાવળી-ટોળ

કેકી, પુ૦ (સ૦) મોર, મયૂર

કેટલાંએક–ક, વિ૦ઘણા એક, અનેક મુકરર, ચોકસ

કેટલુ', વિ૦ (સ૦ કિયત્) સખ્યા–માપનુ પરિમાણ જાણવા એ શબ્દ વપરાય છે 'કેટલારૂપિયા' કેટલી વીસે સો થાય—ઘણુ વીતે ત્યારે અનુભવ આવે.

કેડ, સ્રી૦ (સં૦ કટિ)શરીરનો વચલો પાતળો ભાગ, કટિ, કમર કેડનુ ભાગલુ–કમર લુલી થયેલી હોય તેવુ ૨ સુસ્ત.આળસુ કેડના કકડા થઇ જવા—સખત મહેનત પડવી, કેડ ફાટવી કેડના મકોડા રહી જવા—કેડો એવડી વળી જવી, કામ કરી થાકી જવુ કેડમાં લાકડુ ઘાલવુ-લાકડુ ઘાલ્યુ હોય તેમ નીચુ ન વળી શકવુ ૨. નમીને કામ ન કરવુ, ખડણુ થવુ. કેડે લેવુ–તેડવુ કેડપૂર–કમ્મર સુધી આવે તેવુ કેડવા–કેડલગી, કેડ સમું કેડીઉં કરવુ—કમર સુધી નહાવુ

કેડ, સ્રી૦ પુઠ; કેડો, પીછો. કેડ લેવી–પાછળ લાગવુ, ખતે પડવુ ૨ પગલે પગલે ચાલવુ, પુઠ પકડવી.

કેડાફેડી, સ્રી૦ કેળા.

કેડે, અ૦ પછી, પાછળથી, વાસે

કેડો, અ૦ પછવાડે, પુઠે, પાછળથી, વાસે.

કેડો, પુ૦ પુઠ પછવાડે લાગવુ તે, પીછો ૨ માર્ગ, રસ્તો. ૨ પાર, છેડો, અત. ૪ સતાવણી, જુલમ. ૫. કાચડો. (ક૨છ) [કેઇપા, કયા

કેણીગમ–મગ, અ૦કઇ દિશાએ, કઇ બાજુએ,

કેતક, પુ૦ (સં૦) કેવડો ૨ એક જાતનુ સ્રીઓને ચોટલામા ઘાલવાનુ ઘરેણુ, ચાક, વેણીનુ ફુલ

કેતકી, સ્રી૦ (સ૦) એક જાતનુ સુગંધીદાર ફુલ ઝાડ, કેવડો. [કેતન."૨ ઘર, નિવાસ, સ્થાન.

કેતન, ન૦ (સ૦) ચિહ્ન, નિશાન, ધ્વજા. "મીન

કેતુ, પુ૦ (સ૦) (જ્યોતિષમા) નવ ગ્રહમાનો એક ગ્રહ. ૨ ધ્વજા, વાવટો નિશાન. ૩ શિખી, ધમકેતુ એ અશુભ સૂચક ગણાય છે [૨ કયા, કયાક

કેથા–થે, અ૦કોઇ ઠેકાણે, કોઇ પણ જગાએ ૨

કેદ, સ્રી૦ (આ૦) સ્વતત્રતા-છૂટ બધ પડી તે, બધી, અટકાવ, કબજો ૨ એક ઠેકાણે ગોંધી રાખવુ. તે, ૩.કેદખાનુ, બધીખાનુ, હેડ

કેદ, વિ૦ કેદમા પડેલુ–નાંખેલુ, કેદી

કેદખાનુ, ન૦ કેદ રાખવાનુ ઠેકાણુ, બંધીખાનુ, જેલ, તુરગ, કારાગૃહ.

કેદાર, પુ૦ (સ૦) હિમાલયમાનુ એક સ્થાન, ૨. આલવાલ ક્યારો, ખાણુ ૩ ખાડો.

કેદારો, પુ૦ એ નામનો એક રાગ કેદારો કરવો–મોટુ જોર મારવુ [બધીવાન. ૨ ગુનેગાર

કેદી, વિ૦ (આ૦) બધીખાને પડેલુ પકડાએલું.

કેનુ, સ૦ કોનુ, કયા માણસનુ

કેંદ્ર, ન૦(સ૦) મધ્યબિંદુ, મધ્ય ૨ નાભી. ૩ લગ્નથી ચોથુ, સાતમુ અને દશમુ સ્થાન (જ્યોતિષ)

કેફ, સ્રી૦ (આ૦) ઘેન, આળસ, જોમ, ઘેલછા, વગેરેની વિક્રિયા થાય તે, માદકપણુ ૨ ઘેન, સુસ્તી, નીશો ૩ અભિમાન, મદ, ખુમારી, તોર

કેફિઅત, સ્રી૦(આ૦ હકીકત; વિગત, વૃત્તાત, હેવાલ.

કેફી, વિ૦ (આ૦)કેફવાળુ, માદક (પદાર્થ) ૨ નીસો કરનારૂં, છાકડુ, દારુડીઉં અમલી. ૩ વ્યસની, છદી. [વાની ઓરડી, ખોલી.

કેબીન, સ્રી૦ (અ૦) વહાણુમા ઉતારૂઓને રહે-

કેમ, અ૦ (સં૦ કિમ) કયી રીતે, શી રીતે. ૨ શાસારૂં ૩ શુ, શુ છે ૪ કેવુ; કેવી રીતનુ, કયમ.

કેમકરતા–કરીને, અ૦કોઇ પણ રીતે ૨ શી રીતે.

કેમકે–જે, અ૦ કારણ કે, સબબ કે

કેમરે, અ૦ શા સારુ, શા વાસ્તે

કેમે કરતાં, અ૦ (સ૦ કિમપિ)કોઈ પણ રીતે.

કેયુર, પુ૦ (સ૦) બેરખો, બાજુબધ.

કેર, પુ૦ (આ૦ કહ્‌ર) ગજબ, મોટો નાશ, જુલમ. ૨ ક્રોધ, ગુસ્સો ૩ જબરાઇ, અતિસખતાઈ ૪ (સ૦કરીર)કેરડો. [ઓની હાર

કેરખી, સ્રી૦ કાંગરી. ૨ સોનાની ગોળ ટપકી-

કેરડો, પુ૦ કેરાનું બાટવુ એનાં ફળ તે કેરા

કેરબો, પુ૦ એક જાતનો નાચ. ૨ એ નાચમા ગવાતી જે ચીજો તે ૩ એ ગાયનો જે રાગમા ગવાય છે તે, કારવો ૪ ગુલાબદાની (કાચની)

કેરાં, ન૦ (સં૦ કરીર) એક જાતનાં ફળ, જેનુ અથાણુ થાય છે તે કેરાંબોરા—કેરાં બોરાંના જેવુ હલકુ, લેખામા નહિ એવુ.

કેરી, સ્રી૦ આંબાનુ ફળ,આમ્રફળ.
કેરીગાળો, પુ૦ પાકી કેરીની મોસમ;આંબાગાળો, રસ ખાવાનો સમય.
કેરૂ, અ૦ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.
કેલ, વિ૦ એકની સંખ્યાનો સંકેત (વેપારી).
કેલ, પુ૦ છોનો કોલ, કેળવેલો ચૂનો. કેલનો પાયો—મજબૂત પાયો, ઉંડું મંડાણ.
કેલપડી, સ્રી૦ અગિઆરનો સંકેત
કેલિ, સ્રી૦ (સં૦) ક્રીડા, રમત, ખેલ, લીલા.
કેલિકળા, ખેલ, ક્રીડા,વિલાસ.[રતિ કલહ
કેલિકલહ, પુ૦ (સં૦) ક્રિડામાં કરાતો કજીઓ
કેવડીઓકાથો, પુ૦ કેવડાની સુગંધીવાળો કાથો.
કેવડું, વિ૦ (સં૦ ક્રિયત્)માપ પૂછવામાં વપરાતો શબ્દ, કેટલું કેટલું શબ્દ માપ અને સંખ્યા બંનેને લાગે છે પણ કેવડું તો ફક્ત માપનેજ માટે વાપરે છે [અથવા તેનુ ફૂલ
કેવડો, પુ૦ (સં૦ કેતકી) એક જાતનુ ઝાડ
કેવલી, વિ૦ કેવળજ્ઞાનવાળુ, જ્ઞાની, એકમાર્ગી
કેવળ, વિ૦ (સં૦) કંઇ પણ ભેગ ન હોય તેવુ શુદ્ધ,સ્વચ્છ,નિર્મળ ૨ એક, છેક, માત્ર, ફક્ત.
કેવળધામ, ન૦ (સં૦) ક્ષાપદ, બ્રહ્મસદન, પરમધામ
કેવળપ્રયોગી અવ્યય, પુ૦ પોતાની મેળેજ જે ઉદ્ગાર થાય તે. હર્ષ, શોક, આશ્ચર્ય, ૪૦, માટે જે શબ્દ જોસમા બોલાઇ જાય છે તે, ઓ! આહા! અરે છટ! ૪૦
કેવારે, અ૦ કયી વખતે,કે દહાડે, ક્યારે.
કેવું, વિ૦ કયી જાતનું,ક્યા પ્રકારનું (રૂપ, રંગ,ગુણ સંબંધી પૂછતા એ શબ્દ વપરાય છે)
કેશ, પુ૦ (સં૦) પ્રાણીઓની ચામડીમાથી ફૂટી નીકળેલા કાળા ધોળાતંતુ;નિમાળા;વાળ.૨.ચોટલો. કેશ કાપી લેવા—છેતરી જવુ ૨.નુકસાન કરવુ, "એ તે શા મારા કેશ કાપી લેનારો હતો?"
કેશકલાપ, પુ૦ (સં૦) વાળનો બાંધેલો જુડો, અંબોડો, વેણી. [વેણી.
કેશપાશ, પુ.(સં૦)માથાના વાળનો ગુચ્છ;ચોટલો.
કેશવાળી, સ્રી૦ સિંહ વગેરેની ગરદન ઉપરના વાળનો ભરાવો, યાળ
કેશાકર્ષણ, ન૦ કેશના જેવી ઝીણી નળીઓમાથી પ્રવાહી પદાર્થનુ ખેંચાવુ તે.
કેસ, સ્રી૦ અંગરખા, કાચળી વગેરેનો બંધ,કસ.
કેસ, પુ૦ (અં૦)મુકદ્દમો, કાયદા પ્રમાણે તપાસવાની બાબત, કામ ૨ દરદી.૩.દરદીની હકીકતનો કાગળ. ૪ પત્રક, ફારમ.
કેસર, ન૦ (સં૦) કમળફૂલના રેસા,એક જાતના છોડના ફૂલમાના તંતુ, કાશ્મીરજ
કેસરપચ્પુ, પુ૦ દ્રાવિડ દેશનો બ્રાહ્મણ જે ગુજરાતી લોકોમા ભીખ માગતા અનેક ચાળા કરે છે તે ૨ વિ૦ સહેજમાં વચકાઇ—રિસાઇ જાય તેવુ, ગાડીઉં, વેતા વગરનું
કેસરી, વિ૦ કેસરી રંગનું ૨ પુ૦ સિંહ, વનરાજ
કેસરીઆં, ન૦ મરણીઆ થઇ યુદ્ધમાં જતી વેળા છેલ્લો કસુંબો પીવો તે ૨ કેસરી રંગના વસ્ત્ર પહેરવા તે. ૩ આંધળીઆં કરવા.
કેસરીઉં, વિ૦ કેસરી રંગનુ, પીળુ ૨ આનંદી, ઉમંગી.'ગોરમાનો વર કેસરીઓ'
કેસુ—ડાં, ન૦ કેસુડી—ખાખરાના ફૂલ.
કેસુડી; સ્રી૦(સં૦ કિંશુક)કેસુડાનુ ઝાડ,ખાખરો
કેહેર, પુ૦(અા૦કહર)આવી પડેલી આફત, ભયંકર દુઃખ, મોટો નાશ—જુલમ, કોપ, ગજબ
કેળ, સ્રી૦ (સં૦ કદલી.) મોટા લીલા પાંદડાનુ કેળાનું ઝાડ. કેળના ગર્ભ જેવુ—ઘણુ નાજુક કેળ સોપારી—અંદરથી સફેદ નીકળે અને મીઠી લાગે તેવી સોપારી, ઉંચી જાતની સોપારી. કેગે કેળા અને કૌંચે કૌવચ—બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા
કેળફૂલ, ન૦ કેળ ફૂલ; દોડો,કદલી પુષ્પ.
કેળવણી, સ્રી૦ (સં૦ કલ્) કેળવવાની જે રીત તે. (ઉછેર,વ્યવસ્થા અને શિક્ષણ.)૨ વિદ્યા,જ્ઞાન. ૩. કેળવવાનુ જે કામ તે, શિક્ષા, તાલીમ
કેળવણીખાતું, ન૦જાહેર શિક્ષણ ચલાવનારૂં ખાતુ
કેળવવું, ક્રિ૦ શીખવવુ,લાયક કરવુ,ભણાવવુ;જ્ઞાનશક્તિ વધારવી ૨.પલોટવુ માહીત કરવુ.૩,રાંધીને તૈયાર કરવુ.(કણેક કેળવવી.) ૪. પાણી પોસી મોટું કરવુ; ઉછેરવુ. (કેળવવું; શીખવવું; ના અર્થભેદ

મારે જુઓ ગુજરાતી શબ્દકોષ.)

કેળવાવુ,ક્રિ૦અ૦ કેળવણી લીધી હોય એવુ થવુ, પલોટાવુ,ટેવાવુ,માહીતગાર થવુ. ૨. ઉછરવુ. ૩ સુધરવુ [કાનનુ એક ઘરેણુ. (કાઠિ)

કેળીઉં, ન૦ ચુનો ભરવાનુ લોઢાનુ વાસણ. ૨

કેશુ, ન૦ કેસુનુ જે ફુલ તે. ૨. કઈ નહિ,એવા તુચ્છાર્થમા બોલાય છે.ઉ.લિ ગાડીકિળા–સારો લાભ

કૈં, વિ૦ કઈ, કયા, કોઈ જગોએ

કૈંક,વિ૦કેટલાક;"ધન હરનારી, ક્ષય કરનારી, કૈંક તણા કુળની કરનાર." ૨. કઈએક, જરાક 'કૈંક વિચારે.' ૩ અ૦ ક્યાંક,કોઈ જગાએ

કૈકેયી, સ્ત્રી૦ (સ૦) રામચંદ્રજીની અપરમાતા, ભરતની મા, દશરથના પત્નિ.

કૈતવ, ન૦ (સ૦) કપટ,છળ; દોગ.

કૈરવ, ન૦ (સ૦) પોયણી, કુમુદિની ૨ તલાવડી

કૈલાસ, પુ૦(સ૦) એ નામનો પહાડ; હિમાલયનુ એક શિખર

કૈલાસપતિ, પુ૦ (સ૦)શિવ,મહાદેવ.૨. કુબેર.

કૈલાસવાસી, વિ૦ કૈલાસ–શિવના ધામમાં વસેલુ ૨ મરણ પામેલુ

કૈવલ્ય, ન૦ મુક્તિ, મોક્ષ, ઉદ્ધાર, બ્રહ્મપ્રાપ્તિ.

કૈશિકી,સ્ત્રી૦ (સ૦)નાટક પ્રસિદ્ધ (કૈશિકી,આરભટી, સાત્વતી અને ભારતી,ચાર પ્રકારની વૃત્તિમાહેલી એક, જેમા શૃંગાર, હાસ્ય અને કરુણા એ ત્રણ રસ એકઠા મળ્યા હોય છે તે

કૈશોર, ન૦ (સ૦) જુવાની,તારુણ્ય,કૌમાર.

કૈસરેહિંદ, પુ૦ (અ૦ કૈસર–શહેનશાહ)હિંદનો શહેનશાહ,આ ઈલકાબ વિક્ટોરિઆ રાણીએ ધારણ કર્યો હતો ૨ લોકહિતાર્થ જાહેર સેવા કરનારાઓને અપાતો એક ચાંદ.

કો, (સ૦)કોઈ 'કો કાળે ફળદાયક' ૨ કોણ. ૩ પુ૦ હોલાનો સ્વર હોલો બોલે કો કો ને કોહોલો પણ કહે છે કે કોઈ ને કોઈ.

કોઈ, સ૦(સ૦ કોપિ)અમુક-ફલાણું નહિ પણ ગમે તે. નામ પાડયા વગર જેને વિષે મોઘમ બોલવુ તે ૨. વિ૦ એકાદું, અમુક નહિ તેવુ.

કોઈએક–ક, વિ૦અમુક–ચોક્કસ નહિ પણ ગમે તે એક ૨. કેટલુક, થોડુક.

કોઈકોઈ, અ૦ કોક, એકાદું

કોઈકાળે–સમે,અ૦ વખે કાળે,એકાદવાર,કવચિત, કદી ૨ ઘણે વખતે એકાદવાર,કદીમદી.

કોઈતો, પુ૦ સરપણના લાકડા ચીરવાનુ શસ્ત્ર.

કોક, વિ૦ કોઈએક, કોઈક, અમુક.

કોક, પુ૦(સં૦) હોલો. ૨ ચક્રવાક,સારસ; "આ શોકને વીસારે પાડે એવા કોકના જોડા કેવા વિહાર કરી રહ્યા છે ?"–પ્રેમા૦ ૩ એક રાજાનો વિદ્વાન પ્રધાન, જેણે રતિશાસ્ત્ર લખ્યુ છે ૪ રતિશાસ્ત્ર કેલિવિદ્યા.

કોક કોક, અ૦ કોઈ કોઈ. 'મહાવાયુ વાતો હોય ત્યારે કોક કોક અલૌકિક કોકનદ આડલા પડેલા જણાય છે,–પ્રેમા૦

કોકડી, સ્ત્રી૦ શંકુના આકારમા વિંટાળેલી સુતરની દડી. ૨ કરચલી, વળિયુ. "કોકડીવાળી બોળકેરી."૩ સુકાયેલી રાયણ.

કોકડુ, ન૦ કોકડી,સુતરનો મોટો જેવો દડો ૨. દુધ ન પચવાથી થતી વિક્રિયા તે "છોકરાને કાચા દુધથી પેટમા કોકડા બધાય."૩ ચામડી વળી જાય–ચડી જાય છે તે,કરચલી વળવી તે,સંકોચાવુ તે. ૪ સખ્ત, જડ,હાલતુ ચાલતુ બંધ થઈ જવુ તે ૫. ગુંચવાઈ જવાય તેવુ કામકાજ–રચના.

કોકણ,પુ૦(સ૦ કોંકણ.)સહ્યાદ્રી પર્વતની પશ્ચિમે આવેલો પહાડી દેશ.

કોકણી, વિ૦ કોકણ દેશનુ,

કોકનદ, ન૦ સુવર્ણ,સોનુ, હેમ ૨.કમળ;પોયણું.

કોકમ,ન૦એક જાતના ઝાડના ખાટા પાકડા અને ફળ એ ખટાસ માટે,દાળ શાકમા ન ખાય છે

કોકરવર્ણું, વિ૦ સહેજ ઉનુ, હુંફાળુ,કોકરવાયુ.

કોકરવાયુ, વિ૦ જગાજરા ઉનુ;હુંફાળુ;ઓગીલુ.

કોકરવુ ક્રિ૦સ૦ છેતરવુ, મીઠુ મોઠુ બોલી ભોળવી ઠગી લેવુ, પટાવવુ [સ્ત્રીઓનુ એક ઘરેણુ.

કોકરવુ, ન૦ કાનની નાની પટી.૨. કાને પહેરવાનું

કોકરુ, ન૦ બકરીનું બચ્ચુ, લવારુ

કોકલાલી, સ્ત્રી૦ ભડવાઈ.

કોકશાસ્ત્ર, ન૦ (સં૦)રતિશાસ્ત્ર કેલિવિદ્યા.

કોકા,પુ૦ સારા કીમતી કપડા "આજ તો ભાઈએ કોકા મહેર્યા દેખુ !"
કોકા,સ્રી૦ બચી,ચુંબન, ચુંબી, બોકી
કોકિલ, પુ૦ (સં૦) કોયલનો નર
કોકિલા, સ્રી૦(સં૦) કોયલ
કોકી,સ્રી૦દખણી પાઘડીની ટોચ ર ચકલી (રમકડું)
કોકીઆન, પુ૦ સડેલો પદાર્થ,કહોવરામણ;
કોકીલું, ન૦ કોકરવર્ણું, હુંફાળુ.
કોકીશાં, ન૦ કામઠાના છેડા, ગાળીઆ ૨. તીર–ગોળા મારવાને કિલ્લામા જે બાકા–નાળચારોકા બાખોરાં હોય છે તે, ગુબારીઆ
કોકો,પુ૦ ઝભલુ,બાળક છોકરાને સારૂ નાનુ અંગરખુ ૨ (અ૦ કોકો.) ચોકોલેટ, એક જાતની પીવાની વસ્તુ ૩ નાળિયેર
કોગળિયું,ન૦અધઓકનો જીવલેણ મરજ,અધોક કૉલેરા. વિષૂચિકા, ટપકિયુ
કોગળો,પુ૦(સ૦ કવલ)મો ભરાય તેટલુ પાણી, ઘુંટડો કોગળો કરવો–મોમા પાણી ભરી પાછુ કાઢી નાખવુ, મો સાફ કરવુ ૨ મરનારને ત્યા શોક દર્શાવવા જવુ, રડવા જવું
કોચ, પુ૦(અં૦ કોચ)અઢેલીને બેસવાનુ આસન, સુખાસન; સોફા [ચોધરી
કોચમીન, પુ૦ (અ૦) ગાડીવાળો,ગાડી હાકનાર,
કોચરાંનીસાલ, સ્રી૦ એકાદું ચોક્સ નહિ પણ ગમે તે જુના કાળનુ કોઈ વરસ
કોચરૂં,વિ૦ છિદ્રવાળુ, ખવાઇ ગએલુ,કાણાવાળું 'કાણો (શુક્ર),કુબડો (મેઘડકાકો) કોચરો(ઇંદ્ર),માકડ (હનુમાન), બટુક (વામન),બિલાડ (નરસિંહ)"એ સૌ તમ રક્ષા કરો, ભાડ(શિવ),દાઢ(નારદ),ભરવાડ (કૃષ્ણ).
કોચરી, સ્રી૦ સ્રી, (તિરસ્કારમા–સોરઠ).
કોચલું, ન૦ (સ૦ કોષ્ઠ–અંદરનો ભાગ) ફળનુ કડણ છોડું–બાકળુંકોટલુ.૨ ચઢી સંકોચાઇ વળી ગયુ હોય એવું જે કંઇ તે
કોચવું,ક્રિ૦સ૦ આરપાર ભોકવુ, વિધવું શારવું ૨. વારે વારે કહીને સતાવવુ,દુ:ખ દેવુ ૩ ખાતર પાડવું.૪ કાણું પડે તેમ ખોતરી ખાવું;ઓસરવું.
કોચ્યું, વિ૦ સડી ગયેલુ,કોહેલું,૨.સત્વ વગરનુ ૩ સુકાઇ સંકોચાઇ ગએલુ.
કોજાગરી. સ્રી૦ (સં૦ કઃ–કોણ+જાગૃ–જાગવું) આસો સુદ પૂનમ, માણેકઠારી પૂનેમ
કોટ, પુ૦ (સ૦ કોષ્ટ)શત્રુથી શહેરમા ન અવાય તે સારૂ ચારે પાસે ફરતી બાધેલી જે ઉચી મજબુત ભીંત તે, કિલ્લાને લગતી જે દિવાલ તે ૨ જેને શત્રુ ન ભેદી શકે અને જ્યાથી શત્રુના ઉપર ખૂબ મારો ચાલે તેવી સૈન્યની જે રચના તે;વ્યૂહરચના ૩ કોટની માહેનો જે ભાગ તે ૪ વડો, કોટકુ ૫.(અ૦ કોટ)ડગલો.૬.(પાનાની રમતમા) એકદમ સાતે હાથ કરી લેવા અને સામાને એકે જવા ન દેવો તે.
કોટ,સ્રી૦ (સં૦ ક્રોડ)ડોક,ગરદન,ગળુ ૨ આલિંગન, કોટી કોટ કરવી–એક બીજાની કોટે વળગીને રડવુ કોટે વળગવુ–ગળે બાઝવું ૨ બોજારૂપ થવુ કોટનું માદળિયુ–ઘણુંજ વહાલુ 'હૈયાનો હાર ને કોટનુ માદળિયુ'.
કોટ, સ્રી૦ (અં૦ કૉર્ટ)કોરટ,કચેરી
કોટડી, સ્રી૦ ઓરડી,ખોલી ૨ કેદખાનું,કારાગ્રહ 'નાયકે કાકુને કોરડીમાં પૂર્યો
કોટડુ, ન૦ નાનુ ઘર;ઓરડી, પીંઢરિયુ ઘર ૨. દિવાલ,ભીંત, પછીત,ભરો 'કોટકુ ઉભુ છે' ૩. પરા "શહેર કોટડામા વસ્તી બહુ વધી છે"
કોટલુ,ન૦ (સં૦ કોષ્ઠ)કોચલુ;છોડુ;સાર ન હોય તેવી ચીજ
કોટવાળ,પુ૦(કોટ+પાલો) શહેર–ગામની વસ્તીનો બંદોબસ્ત રાખનાર અમલદાર, શહેર ફોજદાર
કોટવાલી. સ્રી૦ કોટવાલનુ જે કામ તે
કોટાકોટ, અ૦ કોટે કોટે,ઓળાઓળ,પાટેપાટ
કોટાકોટ, વિ૦ કોટિપર કોટિ, કરોડો; લાખો (કોટાનકોટ પણ કહે છે)
કોટિ, સ્રી૦ (સં૦)સો લાખની સંખ્યા;એક કરોડ ૨. કોટ; આલિંગન ૩ પુ૦ કમાનનો છેડો "ઘણુ ઘણુ જાણે કોટિ એવા ધનુથી"–ડિ૦ ૨૧૭ કોટિધા–ગમે તે પ્રકારે; કરોડ પ્રકારે.
કોટિધ્વજ. વિ૦ (સં૦) કરોડની સમૃદ્ધિ બતાવ-

વનારૂ નિશાન જેને મંદિરે હોય તેવો,કરોડાધિપતી

કોટિયુ, ન૦ છેક નાની હોડી,હોડકુ;પનાઈ

કોટિયુ, ન૦ ગાય, ભેસ, ઇ૦નેગળે જે ગોળ લાકડુ વાલવામા આવે છે તે ૨ મોઇ દડાની એક રમત ૩ જાજરૂ,મડાસ, કાટિયુ

કોટિલી, સ્ત્રી૦ કાળા રગેલા કપડાપર ઠોકવાનો લાકડાનો જે ઘાટ તે "છીપાની કોટિલી."

કોટિલો,પુ૦તાત ઉપર મારવાનુ લાકડાનુ ઓજાર

કોટી, સ્ત્રી૦કોટિ,આલિગન, છાતી સરસુ ચાપવુ તે,ભેટવુ તે ૨ શકા નિવારણાર્થે જે યુક્તિ શોધવી અને ગોઠવવી તે, તર્ક

કોટુ, ન૦ સામો છેતરાય ને પોતાને ફાયદો થાય તેવુ કાર્ય, વચ્ચે કોઇ પણ ઉભુ કરેલુ તકરારી-ખટપટનુ કામ ૩ પક્ષીનો માળો. ૪ જાળ, ફાસો

કોટેકોટ, અ૦ કોટાકોટ, જુઓ

કોટયાવધિ, વિ૦ કરોડો, કરોડે લેખા હોય તેવુ

કોઠ,પુ૦(સ૦કુષ્ટ)એક જાતનોપીઠે આકા ને ધાબા-વાળો સાપ, ૨ ન૦ (સં૦ કોષ્ઠ) એક જાતનું ગોળ ખટમધુરૂ ફળ એની ચટણી થાય છે

કોઠમડી, સ્ત્રી૦ એક જાતનો વેલો, જેના ફળને કોડીમડા કહે છે

કોઠલી, સ્ત્રી૦ નાની કોઠી, ઠાકલી.૨ નાનો કોઠાર, નાનો કોઠલો ૩ પાણીવાળી જમીનમા સાઠીઓ વાલી કરેલો કુવો,ડાભરૂ (ઝાલાવાડ.)

કોઠલો, પુ૦ માટીનો પટારા જેવો બનાવેલો ઘાટ ૨ કોઠાર,ભડા

કોઠાદાવ, પુ૦ (કોટ-કિલ્લો+દાવ-રમત)એક જાતની સાત ખાનાની રમત,નિસરણી. (નવસારી)

કોઠાર, (સ૦ કોષ્ઠાગાર) અનાજ રાખવાને જ-મીનમા કરેલો ખાડો, માટીનો ઉંચો ઉભો કરેલો પટારો, ૨ ભડાર, વખાર, ૩ ખજાનો.

કોઠારીઉ, ન૦નાનો ભડાર,વખાર ૩ ખજાનો

કોઠારી, પુ૦ કોઠારનો ઉપરી ભડારી

કોઠી, સ્ત્રી૦ માટીનુ બનાવેલુ અનાજ ભરવાનુ ગોળકાર ઘાટ, ઠીલ ૨ આતસબાજીમા વપ-રાતો કોઠીના આકારનો માટીનો ઘાટ ૩ વખાર, વેપારીની પેઢી ૪ થાણુ, ચોકી ૫ મેલા પાણીનો ઉડો ખાડો. કોઠી ધોઇને કાદવ કાઢવો—એ કહેવુ ને બે સાભળવુ, નકાવગરની મહેનત કરી છુટવી પાકી કોઠીએ કાના ન ચઢે—વખત ગયા પછી કરવુ નકામુ છે

કોંઠી, સ્ત્રી૦ એ નામનું એક ઝાડ. એના ફળને કોઠુ કહે છે.

કોઠીમડુ, ન૦કોઠમડીનું ફળ એની કાચરી થાય છે.

કોંઠુ, ન૦ કોઠ.૨ મોઢુ,ચહેરો.૩ પક્ષીનો માળો. ૪ મન,આવકાર. "એને કોઇ કોઠુ આપશેજ નહિ."૫.કોઠુ,ખટપટ કોઠુ આપવુ-મન દેખાડવુ, પરવા કરવી ૨. રજા આપવી, કાઢી મૂકવુ ૩ નકામુ આપી દેવુ. 'તને શુ આપે, કોઠુ ?'

કોઠો, પુ૦ શરીર, દેહ. 'કોઠો અપવિત્ર થયો' ૨ ખાનું,ઘર,આસન, ૩ મોટી કોઠી, વખાર, ૪ અગરખાનો ગળાની આસપાસનો જે ભાગ તે ૫. પેટ, જઠર, ઓઝરી ૬.ડબો, હરાયા ઢોર પુરવાની જગા ૭. મ્યુનિસિપાલીટીનુ મકાન-ઓફીસ. ૮ કોષ્ટક ૯ આકનો એક પાડો. ૧૦ વ્યૂહ રચના. "અભિમન્યુનો કોઠો." ૧૧ મન, અતઃકરણ ૧૨ મેટો કુવો. 'વાવનો કોઠો.'

કોડ, ન૦ હોશ,ઇચ્છાનો મલાવડો,ભાવ, ઉત્સાહ. 'મને યુદ્ધના કોડરે-બાળારાજારે.' કોડ પૂરવા-ઇચ્છાઓ પૂરી કરવી, લડાવવુ.

કોંડ, સ્ત્રી૦ ગમાણ, ગાય ભેસ બાધવાની જગા, તબેલો, 'કોડ સાફ કરવી' ૨ કારીગર લોકોને કામ કરવા બેસવાની જગા

કોડ-ઢ, પુ૦ (સ૦કુષ્ટ) ચામડીનો એક રોગ જેમા ચામડી સફેદ અથવા રતાસવાળી સફેદ થઇ જાય તે, કોષ્ટ, રગતપીત

કોંડા, ન૦ શખલા, ખાગડા

કોડામણુ, વિ૦ વરણાગીઉં, કુટડુ દેખાતું. ૨. દેખાડવુ, રૂપાળુ, મનો હર ૨. હોશીલુ કોડીલું રગે રૂડો,રૂપે પુરો દિસતો કોડિલો કોડામણો.'

કોડીઉં,ન૦દીવો કરવાનું ધાતુ-માટીનું ઠામ.૨ ગાય ભેસ બાધવાની જગા ૩. વિ૦ કોઢવાળુ, ચટાપટાવાળુ

કોડીઓશોબાન, ન૦ એક જાતનો સુદર-એ

બળવાથી સુગંધિ આપે છે
કોડી, સ્ત્રી૦ એક જાતના દરિઆઈ જીવડાનુ ઘર, શંખલી. ૨ એક જાતનુ ચલણ [૩ હોંશી
કોડી, સ્ત્રી૦ ૨૦ વીસની સંજ્ઞા ૨. વિ૦ વીસ,
કોડીજાર, સ્ત્રી૦ સફેદ જુવારની એક જાત.
કોડિલું, વિ૦ હોંશીલું ઉમંગી ૨ મોજીલું, લહેરી ૩ દેખાવડું, રુપાળું. ૪ કોઢીઉં
કાઢું, વિ૦ બોડું રીતભાત વગરનું, ૩૫, ૨ ગેને આકારે માલ વગરનુ 'મારી આ તે કન્યા કે કોઢું, કોડી કુંળુસું રિ છકું જોડ્યુ'
કોડો, પુ૦ મોટી કોડી, એક જાતનો શંખ ૨ કુહાડો
કાઢ, પુ૦ દુષ્ટ રોગ, એક જાતનો ત્વચા રોગ
કોઢારૂં, ન૦ ઢોર બાંધવાની જગા, કોઢીઉં
કોઢીઉં, વિ૦ કોઢવાળુ, દુષ્ટ રોગી
કોણ સ૦ (સં૦) ઓળખવા—જાણવાસારૂ પ્રશ્નાર્થ શબ્દ વપરાય છે, કવણુ કહ, કયુ કોણ એ માણસ માટે અને કયો-યી-યુ માણસ અને ચીજ બને માટે, અને શુ ફક્ત ચીજ માટે વપરાય છે
કોણ, પુ૦ (સં૦) ખુણો, ખાંચો વાંક
કોણી, સ્ત્રી૦ જ્યાથી હાથ નીચો ઉચો વળે છે તે સાંધો (હાડકાનો), કોપરીઉં. કોણી વિંઝવી—આગેવાની કરી આગળ પડી કામ કરવું
કોતક—તુક, ન૦ કૌતુક 'કાલ્રારે, મે કોતક દીઠું.'
કોતર, ન૦(સં૦કોટર) નદી—ખાડીને કાંઠે આવેલા ઉંડા ખાડાઓ અને બખોલો તે પહાડમાનો લાંબો પહોળો ઉંડો ખાડો
કોતરકામ, ન૦ નકસી, ખોદકામ, ઝીણુ નકસી કામ.
કોતરકું, ન૦ નાનું કોતર
કોતરણી, સ્ત્રી કોતરવાનું ઓજાર ૨ કોતરવુ તે ૩ કોતરવાની રીત—ઢબછબ.૪. કોતરેલુ તે, ખોદકામ, નકસી ૫. કોતરવાની મજુરી [કામ કરવુ.
કોતરવું, ક્રિ૦ સ૦ આછુ આછુ ખોદવુ કોરવુ, નકસીનુ
કોતરવું, ક્રિ૦ અ૦ ખવાવુ, કોરાવુ.
કોતરીખાવું, ક્રિ૦ સ૦ ધીમે ધીમે કોઇને જણાય નહિ તેમ ખરચી ખાવુ, નિર્માલ્ય કરી નાખવુ
કોતલ, સ્ત્રી૦ શણગારેલા ઘોડાઓનુ હાર.
કોતા, વિ૦ સંક્ષિપ્ત, ટુંકુ, ગુપ્તસર, અપૂર્ણ.

કોતાર, પુ૦ હાથીનો હાંકનાર, માવત.
કોતાઈ, સ્ત્રી૦ (ફા૦) તંગી, ખૂટ, કસર
કોથમી—ર, સ્ત્રી૦ ધાણાની ભાજી એના બીને ધાણા કહે છે
કોથળી, સ્ત્રી૦ થેલી, ખલેચી, ૨ જેમા અંડગોળી હોય છે તે ૩ હજારની સંજ્ઞા.
કોથળીસાંથ, સ્ત્રી૦ જમીનદાર ગરાસીઆના ભરણામાથી જે વટાવ આપવામા આવતો તે, મહેસુલ વસુલ કરી સરકારને ભરતા મળતો વટાવ તે
કોથળો, પુ૦ (સં૦કોષ્ટલ) અનાજ, વાસણ વગેરે ભરવાનુ ટાટ વગેરેનો કરેલો જે ઘાટ તે, થેલો. ખડીઓ (બ્રાહ્મણનો) કોથળો કરવો—કોથળામા મસાલો ભરી વસ્તીમા કે આસપાસના ગામડામા કરી વેચી ધંધો કરવો તે
કોદંડ, ન૦ (સં૦) ધનુષ્ય, ચાપ, કામઠું
કોદરા, પુ૦ (સં૦ કોદ્રવ) એક જાતનુ ધાન્ય એના છોડામાથી જુદા પડેલા દાણા તે કોદરી
કોદાળી, સ્ત્રી૦(સં૦કૂદાલ) ખોદવાનું એક હથિયાર
કોદી, અ૦ કોઇ દહાડો, કોઇ વાર, કદાપિ
કોદુ, ન૦ વરડી ભેસ; થોડુ દૂધ આપતી ભેસ ડોણુ
કોન, પુ૦ ખુણે કોણ
કોનગ્રેસ, સ્ત્રી૦ (અં૦) જુદાજુદા ભાગના પ્રતિનિધિઓઓનુ રાજદ્વારી હક્કો માટે વિચાર કરવાનુ જે મંડળ તે, મહાપરિષદ
કોનસલ, પુ૦ (અં૦) સલાહ, મસલત, અભિપ્રાય ૨ ધારાનો હિમાયતી, વકીલ, બારિસ્ટર ૩ એલચી પ્રતિનિધિ. [લીમનો સિપાઇ, કોટવાળ
કોન્સ્ટેબલ, પુ૦ (અં૦) સુલેહનો અમલદાર, પો-
કોનફળ, ન૦ રતાળુ, સક્કરકંદ
કોનુ, સ૦ કેનુ કોણનુ
કોપ, પુ૦(સં૦ કુપ્) ભય કર-નાશકારક આફત, ગજબ. ૨. ક્રોધ, ગુસ્સો, રીસ (કોપ, ક્રોધ માટે જુઓ ગુજરાતી શબ્દકોશ)
કોપટી, સ્ત્રી૦ પાતળી ખપેટી (કંઠિ૦)
કોપરઅરાસ, ન૦ (અં૦ કોપર + એસ્સ) તાંબા-પિત્તળની મિશ્રિત ધાતુ. એના વાસણ હલકા ને ચળકતા હોય છે. ૨. વિ૦ તકલાદી, બાહ્ય, ખોટુ.

કોપરાપાક, પુ૦ ખાંડની ચાસણીમાં કોપરાની છીણ નાખી કરેલી મિઠાઈ ૨ માર

કોપરી, સ્ત્રી૦ માથાની તાળવી, ખોપરી

કોપરીઉં, ન૦ ખુણીઉં

કોપરૂં, ન૦ નાળિયેરની અંદરનો ગર, ટોપરૂં

કોપરેલ, ન૦ કોપરાનું તેલ

કોપવું, ક્રિ૦અ૦(સ૦ કુપ્) કોપાયમાન થવું રહેવું

કોપાયમાન, વિ૦ ખફા ગુસ્સે, થએલું રહેલું

કોપીન, ન૦,સ૦ કૌપીન) સન્યાસીની લંગોટી ૨ કોઈને લાંછન આળ માથે નાખવું તે

કૉપી, સ્ત્રી૦ (અં૦ કૉપી) પ્રત નકલ

કોમર, ન૦ ગપડાક વચ્ચેનો મજડો ગનો ખીલું તેનું કોનર [કોપીન ઉચાર કોપો

કોમા, પુ૦ માગ્યાને જતાના કડા માથેના લોખંડ

કોમાસાણી, સ્ત્રી૦ કુપો કરનારી સ્ત્રી

કોમો-ર, સ્ત્રી૦ (અ૦) એક જાતની પાનની ગોટાવાળી શાક ભાજી

કોમો, પુ૦ જમીન ઉપર છો પાથરી તેને સાગી પેઠે દોરી મેમાડી દેવી તે, થાપ દેવી તે ૨ ઠોક વાનું ઉભી મોગરી જેવું લાકડું

કોમ, સ્ત્રી૦ (અ૦) એકજ નામની ઓળખાતું એકઠું લોકમંડળ ૨ જુદા જુદા ધંધા-જુદી જુદી જાતના લોક 'પારસી કોમ, ૩ નાત જાત

કોમળ, વિ૦ (સ૦) નાજુક કુમળું કુણું, ડક માર ૨ સુવાળું ૩ ઘાળું કરુણાર્દ્ર સહુન ૪ નરમ પોચું ઢીલું [નરમાશ

કોમળતા, સ્ત્રી૦ કુમળાશ નજુકાઈ, મૃદુતા

કોમળતાઈ, સ્ત્રી૦ (સ૦ કોમળ) કુમળાપણું, નરમાશ ૨ નાજુકાઈ

કોય, સ૦ કોઈ, કોઈ પણ

કોયડો, પુ૦ કોરડો, ચાબુક ૨ (સ૦ કૂટ) આ મગજની રીતે પકડવામાં ગુંચવણવાળી મુદ્દિલ ૩ માથાકુટની એવી તેવું જે કહે તે આંટીઘુંટી, અટપટો હિસાબ ૪ સમસ્યા

કોયલ, સ્ત્રી૦ (સ૦ કોકિલા) એક જાતનું પંખી પછી કોકિલ પંખણી ૨ દાતનું એ રમકડું

કોયલી, સ્ત્રી૦ ગળામાં થતું ગુમડું

કોયલું, વિ૦ સજેલું, બગડેલું

કોયલો, પુ૦ (હિં૦ દે૦ કોઈલા) બળેલા લાકડાનો રહ્યો પડેલો કાળો કકડો કોલસો સળગેલો કોયલો—અંગારો,દેવતા કોયલા જેવું કાળું ૨ નકામું. ૩ ખરાબ, દુષ્ટ

કોયાબોલું, વિ૦ ચીપચીપીને બોલનાર, વાતોડું, વાતને વધારવા કરનારું

કોયું, વિ૦ ચીકણું વાચાળ

કોર, સ્ત્રી૦ બાજુ, તરફ [પાસ ૨ વસ્તુનો છેડો, કિનાર, કોરણ ૩ સાડીને ચોઢવાની પટી રીત, તોઈ ૪ થોડોક ભાગ, ભૂકો "કડકી કોર"

કોરવું, વિ૦ નિર્લજ,નફટ,કડવું વજ ઉપાનું

કોરટ, સ્ત્રી૦ (અ૦) ઇનસાફ થવાનું ઠેકાણું, ન્યાય મંદિર, અદાલત કચેરી

કોરડદાર, પુ૦ વડીલીનંડા છોકરાઓની રમત

કોરડું, વિ૦ સુકું, ભીનું નહિ તેર. ગામડું ૩ વરસાદ વગરનું

કોરડો, પુ૦ સુતરનો ચામડાની માટાનો ગુથેલો દોર ચાબુક, સાટકો ૨ અમલ, દોર, સત્તા

કોરણ, સ્ત્રી૦ બાજુ કિનારી કોર ૨ છેડો, અંતકાનો સીમા ૩ ઘણું વાચાળોડું,આંખી 'છેક કોરણ કાઢી રજ વળી, ઉઝનતણા પાનજે'—પ્રેમા૦

કોરણીઓ, પુ૦ કોરીને કરવી ખોમણો—ખાચાબો તેર કોરવાનું કામ કરનાર ૩ લાકડાનો તાવ ધરાણી

કોરણી, સ્ત્રી૦ કોરવાનું ઓજાર ૨ કોરવાની રીત—કારીગરી, હથોટી

કોરનડમ, પુ૦ (અ૦)એક જાતનો પથ્થર જે કઠણ અને લીસાશદાર હોય છે, ને તીખું લોઢું પાનીપ કરવાના કામમાં આવે છે તે

કોરમું, ન૦ દાળનો ભૂકો—ચુરા

કોરવકું, વિ૦ઢાળ પડતું એક બાજુએ ઢળતું

કોરવાણ, વિ૦ સુકું સુકવણ

કોરવું, ક્રિ૦ સ૦ કાણું પાડવું લાગવું વીંધવું ૨ આકું ખાંચુ કોતરવું ૩ કાતરવું "મનિન મારક મોટા કાળ તેનેજ કોર"—રત્ને૦

કોરમણી, સ્ત્રી૦ કોરવાનું ઓજાર

કોરાડું, વિ૦ કોરું, શોષક.

કોરાણુ, ન૦ કોરું સુક, સુકવણ. ૨ કોરણ. કોર
કોરાન, ન૦(આ૦)મુસલમાનોનુ પવિત્ર ધર્મ પુસ્તક
કોરાને શરીફ, ન૦ (અ૦) કોરાન
કોરારી, પુ૦ એક જાતનો બહુ ઝેરી સાપ
કોરી, સ્ત્રી૦કચ્છકાઠિયાવાડમા ચાલતુ એક રૂપાનાણુ
કોરૂ, વિ૦ વાપર્યા વગરનુ, નવુ,તાજુ ૨ સુકુ, ભીનુ નહિ તેવુ ૩ લખ્યા વગરનુ 'કોરે કાગળે મતુ' ૪ રાંધેલુ નહિ તેવુ 'કાચુ કોરુ ૫ એકલુ, લુખુ 'કોરી કથનીથી શુ થાય'—દયા૦
કોરંમોર, અ૦તદ્દન નવુ,મીનકુલ કોર
કોરે, અ૦ બાજુએ, ધારે ૨ તરફ,અલગ્ગી કોરે મેલવુ—અટકાવ આવવો,અમડાવુ
કોલ, પુ૦ (અ૦) વચન,કબુલાત, ખાનગી ૨ ચુનાની મેળવણીનો કરેલો જે ગારો તે ક૦૩ શેરડી પીલવાનો સંચો ૪ શિયાળ, કોલ્હુ ૫ ન૦ રમકડુ "વાલી કોલ કરમા હતુ, તુટ લત કેરા કોન રે"—રત્નો૦
કોલકરાર, પુ૦ (અ૦) વચન સાથે કરેલો જે બંદોબસ્ત તે,કબાલો,સરત ૨.કબુલાત મોલીયાની ૩ સંધિ તહ
કોલતાર, પુ૦(અ૦)લાકડા વગેરે બળતા કોલ-સામાંથી નીકળતો કાળો પ્રવાહી,ચુવો,પ્રવાહી ડામર.
કોલન, ન૦ (અ૦) અર્ધવિરામ ચિહ્ન. ,
કોલમ, પુ૦ એક જાતના ચોખા, કલમ
કોલમ, ન૦ (અ૦) હાર ઓળ ૨ વિભાગ, આસન કોઠો
કોલમે, પુ૦કોલવનો,હેરવાનો ઓવાઇ ગયેલા અગારો
કોલાહલ, પુ૦ (સ૦) ઘોંઘાટ, હોહાકાર. મોટો ને ગરબડીઓ અવાજ.
કોલી, સ્ત્રી૦ (સં૦ કપિલા) ભુરી ગાય
કોલુ, ન૦ (સ૦ કોલ) શિયાળવુ ૨ [કો૦ દે૦ કોલ્હુઓ]શેરડીનો રસ કાઢવાનુ યત્ર
કોલેરા, પુ૦ (અ૦) હગઓક, કોગળીઉ, મરકી ઝેરી જતુઓ ફેલાવાથી આ રોગ ઉત્પન્ન થાય છે
કોલો, પુ૦ મે ઢિયાઓની અશક્તતાને લીધે પડેલો વાંક ખાંચો, ખુણો
કોલો, પુ૦ઝુરી ચામડીનો પુરુષ,ઝુરીઓ

કોવાડ, પુ૦ જે લાકડાને આધારે કોસનુ પૈડુ—ચાકળા રહે છે તે ૨ વિ૦ જાડી બુદ્ધિનો ને મારફાડીઓ
કોવાડી, સ્ત્રી૦ કુહાડી કોવાડો—કુહાડો
કોવાળુ, ન૦ વનસ્પતિનુ સડવુ તે સડો
કોવિદ, પુ૦ (સ૦) પડિત, વિદ્વાન, જ્ઞાની.
કોવુ, ક્રિ૦ અ૦ (કે૦ દે૦ કુહિઅ) સડવુ બગડવુ.
કોશ—ષ, પુ૦(સ૦)ભડાર, ખજાનો, તિજોરી.૨. દેહમા પાચ વર કલ્પ્યા છે તેમાનુ એક કોઠો ૩ જેમા ભાષાના અનેક શબ્દોનો અર્થસુદ્ધા સગ્રહ કરેલો હોય છે તે ગ્રથ,શબ્દસગ્રહ નિઘટુ ફરગ. ૪ તરવાર વગેરેનુ મ્યાન. ૫ કમળ વગેરે ફુલનો જે કુંપળી દોડા—મોટો તે. ૬ ફુલની કળી ૭ (પ્ર૦ કોશ) ગાઉ, કોષ ૮ કુવામા પાણી કાઢવાનો ચામડાનો કોથળો,કોસ. ૯ કોથળી 'અડકોશ'
કોશ, સ્ત્રી૦ (પ્ર૦ કુશી) ખોદવાનો અણીદાર લોઢાનો ગજ નરાજ ર હળપુણી
કોશકાર, વિ૦ કોષ બનાવનાર
કોશીર, સ્ત્રી૦ કસર, કામગ
કે શરકે, વિ૦કરકસરીકે, અમીન કબુમ
કોશાગાર, પુ૦ ભંડાર,તિજોરી દફતર
કોશાધિકારી પુ૦ ટ્રેઝરર, ભડારી,તિજોરર
કોશાધ્યક્ષ, પુ૦ ખજાનચી,ભડારી
કોશોઆગો, પુ૦ કોશ અને હળનુ લાકડુ એ બેની વચમા આવતી ફાચર [યત્ન, મહેનત
કોશીશ, સ્ત્રી૦ (ફા૦) ઉપાય, ઉપાયો ઉદ્યોગ,
કોશેટો, પુ૦ પ્ર૦ દે૦ કોસો)કેટલાએક કીડાઓ જે પોતાને રહેવા માટે ખારેક જેવુ જે ઘર કરે છે તે ૨ રેશમના કીડાનુ કોકડુ.
કોષ, પુ૦ ભડાર, ખજાનો સગ્રહ [વનસ્પતિ
કોષ્ઠ, સ્ત્રી૦ (સ૦) ઉપલેટ, એક જાતની
કોષ્ઠ, પુ૦ (સ૦) પેટ ૨ કોઠો
કોષ્ટક, ન૦કોઠો ૨ હિસાબ સહેલથી ગણવા સારૂ માપ, સંખ્યાનો જે કોઠો તે:
કોસ, પુ૦ (સં૦ ગાઉ, દોઢ મૈલ. ૨. (સ૦) કુવા-માથી પાણી કાઢવાનો ચામડાનો કોથળો.

કોસ, સ્ત્રી૦ (સં૦ કુશી)એક પાસ જરા ચપટું ખોદવાનું હથિયાર,નરાજ ૨ હળપુણી

કોસણુ,સ્ત્રી૦ કૃપ,નાજુ, પાસણીઓ

કોસમાં, સ્ત્રી૦એક જાતના છોડ, જેના ફૂલમાથી રંગ નીકળે છે

કોસલ,સ્ત્રી૦મડળી ૨ ધુરી વાતચીત [એક પક્ષી

કોસીઓ, પુ૦કોસે પાણી કાઢનારો, કુવેતી ૨

કોસલું, ન૦ (સં૦ કુશી) હળપુણી

કોસું, વિ૦ હુફાળુ, કોકરવર્ણું

કોસિયા, સ્ત્રી૦ વેશ્યા

કોસીસુ,ન૦કોટમાથી બ દુક તોપ મારવાનુ બાકુ ૨.કોટ ઉપર નાના નાના શિખર તે.

કોસુ, ન૦બાજરી,જુવાર, ઈના ગાડામાથી ફૂટેનો કણુઓ ૨ બાણુનો છેડો [પીવિકાર

કોહ, પુ૦એક જાતનો ત્વચા રોગ, સામ પાકેલો

કોહપણુ, ન૦ ચીગીલાપણુ ૨ ચીકાશ, દોઢડહાપણુ

કોહમ, હુ કોણુ એવા જે ઝવે વિચાર કરવો તે

કોહિનુર, પુ૦ (ફા૦ કોહ-પર્વત + નુર-તેજ) તેજનો પર્વત-ભડાર ૨ નવ્ણો પ્રકાશિત હીરો એ હીરો જગપ્રસિદ્ધ છે હાલ બ્રિટિશ તાજમા

કોળ, પુ૦ મોટો જાડો ઉદર, ઘૂસ. [જડેલો છે.

કોળણુ, સ્ત્રી૦કોળીની સ્ત્રી ૨ દયા રહિત સ્ત્રી.

કોળવાડ, સ્ત્રી૦ ઉ૨-કોળ પકડવાનુ પાજરુ

કોળીડું, ન૦ થોડુક,ઉંડળમા માય તેટલું

કોળીઓ, પુ૦ (સં૦ કવલ) મોઢામા સમાઇ શકે તેટલો ભાગ,ભૂકકો ૨ થોડુક કે ળીઓ કરી જવો-ઉચાપત કરવું.ખાઈ પડવુ, ઓઇઆ કરી જવુ

કોળી, સ્ત્રી૦શુદ્ર લોકની એક જાત, ઠાકરડો, ભિલ ળીએક જાત ૨ દયા રહિત માણસ ૩ કોળાનો વેલો.

કોળીડુ, ન૦ ડોરણુ (ગ્રા૦)

કોળીનાળી, વિ૦ કોળી અને તેના જેવી બીજી જગલી જાતના લોક 'કોળીનાળીનો ભય ટાળી ભાળી ગયે સંસ્થાન'

કોળુ, ન૦ (સં૦ કૂષ્માણ્ડ)એક જાતનું શાક

કોળેકળ, વિ૦પુષ્કળ,દમ ન આય તેવી રીતે

કોળેકોળે, અ૦ (કળ-દુ ખ)પુષ્કળ, ખડખડાટ.

કૌઓ, પુ૦પોપટની જાતનું એક પક્ષી ૨ કાગડો.

કૌતુક, ન૦ (સં૦)આશ્ચર્ય, નવાઇ અજબ, અદ્ભુત ૨ મશ્કરી, ટિખળ, મજા

કૌતૂહલ, ન૦ (સં૦) કુતૂહલ, કૌતુક, ૨ અજાયબી, નવાઇ [ડાનો લાંબો કકડો

કૌપીન, સ્ત્રી૦ લગોટી, ઢાંકવા તેટલો લુગ-

કૌભાંડ, ન૦ તરકટ,યુક્ત,કાવતરુ,પ્રપંચ

કૌમાર, ન૦ (સં૦) બચપણુ, શૈશવ, નાનપણુ

કૌમાર્ય, ન૦ કુમારપણુ કુમારભાવ

કૌમુદી, સ્ત્રી૦ (સં૦)ચાંદની, ચાંદરણુ, ચાંદની ૨ એક સંસ્કૃત વ્યાકરણ ગ્રંથ

કૌરવ, પુ૦ કુરુવંશના રાજા

કૌવચ, સ્ત્રી૦શરીરને લાગતા ઘણો ખજવાળ પેદા થાય તેવા કાંટાવાળી વેલો, કાકડો

કૌવત, ન૦ (આ૦)શક્તિ,બળ, જોર ૨ સત્વ, તેજ ધમક ૩ મજબુતી, ટકાવ, શક્તિ

કૌશલ્ય, ન૦ (સં૦)કુશળપણુ,માહિતગારી, આવડ, ચતુરાઇ

કૌશલ્યા, સ્ત્રી૦ રામચંદ્રની માતા

કૌંસ,પુ૦ઉપન્યાસ ચિહ્ન [( ] [રત્નમાનુ એક

કૌસ્તુભ, પુ૦ (સં૦) એક જાતનો મણિ, ચૌદ

કયમ, અ૦ કેમ, શા માટે

કયાં,અ૦કયે ઠેકાણે,કઈ જગાએ ૨ (સં૦કુત્ર) કઠી.

કયાંક, અ૦ કઈક,કોઇ ઠેકાણે કદીક ૨ ગમે ત્યા, ગમે તે ઠેકાણે

કયાય,અ૦કયાંક,જુઓ [પ્રલયનો છેલ્લો દિવસ

કયામત, સ્ત્રી૦(આ૦) છેલ્લા ન્યાયનો દિવસ,

કયારડી, સ્ત્રી૦ નાનો કયારડો. [રીઆ જમીન

કયારડો, પુ૦ પાણી રહી શકે તેવુ બેતર, ડાંગ-

કયારી, સ્ત્રી૦ નાનો કયારો ૨ પાણી પાવુ પડે તેવી જમીન ૩. ખેડાણ જમીન ૪ પાણી ભરાઇ રહે તેવી જમીન [કોઇવાર.

કયારે, અ૦ કઇ વખતે, કદા.૨ કોઇ કોઈ વખત,

કયારો, પુ૦ (સં૦ કેદાર) કયારડો. ૨. ઝાડ છોડ વગેરેની આસપાસનો ખાડો

કયાસ, પુ૦ (આ૦)કલ્પના, અટકળ, ધારણા. ૨.

આંકણી;તોલ;તુલના ૩. વિચાર, પરખ

ક્રતુ, પુ૦ (સં૦) યજ્ઞ, યાગ

ક્રતુચ્છદ, પુ૦ (સં૦) જૈન ક઼દ"

ક્રન્દન, ન૦ રોવું, મોટા સાદે બોલાવવું ["આ-

ક્રમ્, ક્રિ૦ (સં૦) જવું, ચાલવું ૨ (અતિ સાથે) ઓળંગવું ૩ (અનુ સાથે) ક્રમવડે જવું, હારબંધ જવું. ૪ (અભિ સાથે) આરંભ કરવો, હલ્લો કરવો ૫ (ઉદ્ સાથે) ઉદય પામવું,ઉલંઘી જવું ૬ (ઉપ સાથે) આરંભવું ૭ (પરિ સાથે) ભમવું, ફરવું ૮ (વિ સાથે) પગે ચાલવું

ક્રમ, પુ૦ (સં૦) શ્રેણિ માળા, હાર ૨. ધારો, રિવાજ, રવૈયો. [વધારો, અભિવૃદ્ધિ

ક્રમણ, ન૦ (સં૦) જવું તે, આંટો, ફરવું તે ૨

ક્રમવાર, અ૦ હારબંધ નંબરવાર

ક્રય, પુ૦ (સં૦ ક્રી) ખરીદવું તે, ખરીદી

ક્રયવિક્રય, પુ૦ (સં૦) વેચાતું લેવું આપવું તે, વહેવાર તે, વેપાર

ક્રાંતિ, સ્ત્રી૦ (સં૦ ક્રમ્–જવું)અયન,ગમન,જવું તે; ફેરફાર, ઉથલપાથલ, પરિવર્તન

ક્રાંતિવૃત્ત, ન૦ રવિમાર્ગ, અયનવૃત્ત [રમત.

ક્રિકેટ,સ્ત્રી૦(અં૦) એક પ્રકારની ગેડીદડા જેવી

ક્રિયમાણ, ન૦ (સં૦)ક્રિયાકર્મ,ધર્મક્રિયાનો વિધિ ૨. વિ૦ કરાતું થતું, બનતું

ક્રિયા, સ્ત્રી૦ (સં૦ કૃ–કરવું) કામ,કાર્ય ૨ ધર્મનો એકાદ સંસ્કાર, વિધિ ૩ કરવું તે બનાવટ કામ કરવાની રીત, રીત

ક્રિયાપદ, ન૦ (સં૦) જે શબ્દથી સ્પષ્ટ ક્રિયાનો બોધ થાય તે (વ્યાકરણમાં) "બેસવું,બોલવું,શિખવું,ઇ૦", ક્રિયા સ્થિતિ બતાવનાર શબ્દ

ક્રિયાવિશેષણ, પુ૦ ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ, ક્રિયાનો ગુણ બતાવનાર અવ્યય.

ક્રિયાશક્તિ, સ્ત્રી૦ (સં૦)કામ કરવાની શક્તિ

ક્રિશ્ચિયન, વિ૦(અં૦) ઈસુખ્રિસ્તનો ધર્મ માનનાર, ખ્રિસ્તી

ક્રીડા, સ્ત્રી૦ (સં૦) રમત,ખેલ ૨ મોજ.

ક્રૂર, વિ૦ (સં૦) ઘાતકી, નિર્દય, ભયંકર, દયારહિત; જુલમી

ક્રુસેડ (ક્રુઝેડ),સ્ત્રી૦(અં૦)ધર્મની લડાઇ, ધર્મયુદ્ધ

ક્રોડ, વિ૦ (સં૦ કોટિ) સો લાખ, કોટિ

ક્રોધ, પુ૦ (સં૦) ગુસ્સો,કોપ, રોષ

ક્રોધાયમાન, વિ૦ ક્રોધવાળું,ગુસ્સે થયેલું ખફા; રોષે ભરાએલું

ક્રોધાવેશ, પુ૦ગુસ્સાનો આવેશ;ક્રોધનો ઉભળો

ક્રોધિષ્ઠ–ષ્ઠી, વિ૦ તામસી, જનુની,તમોગુણી,

ક્રોસ, પુ૦ (અં૦) એક આડી લીટી ઉપર બીજી ઉભી લીટી કાટખુણે પડેલી હોય તેવી આકૃતિ; આવી આકૃતિનો વધસ્તંભ, ખ્રિસ્તીઓનું પવિત્ર ધાર્મિક ચિહ્ન [પીલની સામી અપીલ કરવી તે

ક્રોસ અપીલ, સ્ત્રી૦ (અં૦) એકે કરેલી અ-

ક્રૌંચ, પુ૦ (સં૦)એ જાતનું પક્ષી કંક,બગલું

ક્લિષ્ટ, વિ૦(સં૦ ક્લિશ્–દુઃખ દેવું)અઘરું, ગુંચવણવાળું, સમજતાં–ભણતાં મહેનત પડે તેવું, કોયડા જેવું

ક્લીબ, ન૦ (સં૦)નપુંસક,હીજડું, નામર્દ

ક્લીમ્, ન૦ (સં૦)કામદેવના મંત્રનું બીજ

ક્લેશ, પુ૦ (સં૦) ખેદ, પીડા, વ્યથા ૨ કુસંપ, કજીઓ, કલહ, ઝઘડો [ટંટાખોર

ક્લેશી, વિ૦ (સં૦)દુઃખી,પીડિત,૨ કજીઆખોર,

ક્વચિત્ અ૦ (સં૦) કદાચ કદાપિ, કદી

ક્વાથ, પુ૦ (સં૦) ઉકાળો;કાઢો

ક્વોરનટાઇન, ન૦ (અં૦) ગમનાગમન–સંસર્ગ નિષેધ, રોગવાળાને અલગ રાખવું તે

ક્વિનાઇન, ન૦ (અં૦) એક વનસ્પતિનું અતિ કડવું સત્વ, જે તાવ ઉપર અપાય છે

ક્વીન, સ્ત્રી૦ (અં૦) રાણી, રાજપત્નિ

ક્ષણ, પુ૦(સં૦) વખતનું માપ,એકજ જુજ વખત આંખ ઉઘાડે કે થાય તેટલો વખત

ક્ષણભંગુર, વિ૦(સં૦ક્ષણ+ભંજ્) ક્ષણમાં નાશ પામે તેવું ફાની, નાશવંત,અસ્થિર

ક્ષણવાર, અ૦ (સં૦) ક્ષણ–પળ જેટલી વાર

ક્ષણિક, વિ૦ (સં૦) ક્ષણભંગુર, ઉત્પન્ન વિનાશી

ક્ષણેક્ષણે, અ૦ પળે પળે મિનિટે મિનિટે, વારે વારે, ઘડિયે પલકે.

ક્ષણું, ન૦ ક્ષણ

ક્ષત, ન૦ (સં૦)ઘા; જખમ; ઘસરકો, નખોરીઉં.

'કો ક્ષત ઢાંકે ગાલના, કો હૃદયચંદ્ર છુપાવતી' —પ્રેમા૦ ૨ વિ૦ (સ૦) ઘાયલ, જખમી.
ક્ષતિ, સ્ત્રી૦ નુકશાન, હાનિ ૨ કલંક
ક્ષત્ર, ન૦ (સ૦) ક્ષત્રિય
ક્ષત્રાણી, સ્ત્રી૦ ક્ષત્રિયની સ્ત્રી ૨ રજપુતાણી
ક્ષત્રાવટ, પુ૦ક્ષત્રિય જાતનું અભિમાન
ક્ષત્રિય, પુ૦ (સ૦) ક્ષત્રી
ક્ષત્રી, પુ૦ચાર વર્ણમાંની બીજી વર્ણ,પ્રજાનું રક્ષણ કરનારી એક શૂરવીર રાજવંશી જાત રજપુત
ક્ષપણ, પુ૦ ઉપવાસ, અપવાસ ૨ ત્યાગી, શ્રમણ
ક્ષપણક, પુ૦ બુદ્ધ બૌદ્ધસાધુ
ક્ષપા, સ્ત્રી૦ રાત્રિ રાત [૨ યથાર્થ, યોગ્ય
ક્ષમ, વિ૦ (સ૦) શક્ત શક્તિમાન, સમર્થ
ક્ષમા, સ્ત્રી૦ (સ૦ ક્ષમ્—માફ કરવું) કોઇએ કરેલો અપરાધ માફી રહેવો તે, સહન કરવું તે, ખામોશ, દરગુજર, શાંતિ; ગમ
ક્ષમાવાન્, વિ૦ (સ૦) માફી રહેનાર માફ કરનારુ, સહનશીલ, નરમી
ક્ષમાવંત, વિ૦ ક્ષમાવાન્, જુઓ.
ક્ષમક્ષમણ, પુ૦ પચાગ નમસ્કાર (જૈન)
ક્ષમાશીલ, વિ૦ (સ૦) ક્ષમાવાળુ
ક્ષય, પુ૦ (સ૦ ક્ષિ—નમાવું) નમાઈ જવું તે ઘટાડો, ઘસારો ૨ નાશ, મોત ૩ શરીર દહાડે દહાડે ઘસાતુંજ જાય તેવો રોગ, ખઇ, રાજરોગ
ક્ષયવૃદ્ધિ, સ્ત્રી૦ ઘટવધ
ક્ષયી, વિ૦ (સ૦) ક્ષયવાળુ, નાશવંત, નશ્વર
ક્ષયોપશમ, પુ૦ નાશ (જૈન)
ક્ષર, વિ૦ (સ૦)નાશવંત,નશ્વર,વિનાશ પામે તેવું
ક્ષાત્ર, પુ૦ ક્ષત્રિયતા,ક્ષત્રિયવટ
ક્ષાત્રકર્મ, ન૦ (સ૦) ક્ષત્રીનું કર્મ તે
ક્ષાર, પુ૦ (સ૦) મીઠું લવણ, માર.૨ ખારા- પણું, ખારાશ ૩ રાખ, ભસ્મ ખાખ
ક્ષારભૂમિ, સ્ત્રી૦ ખારવાળી જમીન,ખારી જમીન
ક્ષાલન, ન૦[સ૦ ક્ષલ્-ધોવું) ધોવું તે,પખાળવું તે
ક્ષિતિ, સ્ત્રી૦ [સ૦] પૃથ્વી, ભૂમિ
ક્ષિતિજ, ન૦ જે કલ્પિત લીટી, પૃથ્વીનો ઉપરનો ને નીચનો એવા બે ગોળાર્ધ કરે છે અને જે, દેખાતા આકાશને ન દેખાતા આકાશથી જુદું પાડે છે તે, દિગંત, દૃષ્ટિમર્યાદા
ક્ષિતિપાલ, પુ૦ (સ૦) રાજા ભૂપાળ ભૂપ
ક્ષિપ્ત, વિ૦ (સ૦)નાખી-ફેંકી દીધેલું ત્યાગ કરેલું. ૨ ઉમેરેલુ, વધારેલુ
ક્ષિપ્ર, અ૦ [સ૦] તુરત જલદી,શીઘ્ર
ક્ષિપ્રા, સ્ત્રી૦ [સ૦] ખીચડી (ક્ષિપ્ર પાકી)
ક્ષીણ, વિ૦ [સ૦]નમાઈ-ઘસાઈ ગએલું સૂકાઈ ઉતરી ગએલું ૨ દુર્બળ, નબળુ
ક્ષીણતા, સ્ત્રી૦ [સ૦] અશક્તિ કમજોરી દુર્બલતા દુર્બળતા, ઓછપ, ઘટાડો.
ક્ષીર, સ્ત્રી૦ [સ૦] દૂધ ૨ પાણી ૩ ઝાડનું દૂધ-રસ ૪ દૂધપાક [વસ્ત્ર
ક્ષીરોદક, ન૦ [સ૦] એક જાતનું ધોળું રેશમી
ક્ષુદ્ર, વિ૦(સં૦) હલકું, તુચ્છ, માલવગરનું
ક્ષુદ્રઘંટાળી, સ્ત્રી૦ઝીણી ઘુઘરીઓવાળો કંદોરો
ક્ષુદ્રતા, સ્ત્રી૦ (સ૦)હલકાઈ, અધમતા નીચતા
ક્ષુધા, સ્ત્રી૦ (સ૦) ભૂખ, અન્તેચ્છા, બુભુક્ષા આકાંક્ષા, લાલસા [રહેલું
ક્ષુધાતુર, વિ૦ [સ૦] ભૂખ્યું ખાવાને તલસી
ક્ષુર, પુ૦ [સ૦] છરો,અસ્ત્રો ૨ ખરી.
ક્ષુલ્લક, વિ૦ [સ૦] થોડું જરા ૨ હલકું તુચ્છ, નજીવું
ક્ષેત્ર, ન૦ [સં૦] જમીન,ખેતર ૨ જાત્રાનું ઠેકાણું પવિત્ર સ્થળ,તીર્થ ૩ સ્થાન, જગા પાત્ર ૪ શરીર ૫ જેમાં વસ્તુ ઉત્પન્ન કરાતી હોય તે
ક્ષેત્રજ્ઞ, વિ૦ [સ૦] ડાહ્યું વિવેકી,જ્ઞાની ચતુર
ક્ષેત્રપાલ, પુ૦ ક્ષેત્રનું રક્ષણ કરનાર,રખેવાળ,ખેડુત ૨ સ્વામી, ધણી રાજા
ક્ષેત્રફળ, ન૦ ક્ષેત્રનો વિસ્તાર,લંબાઈ પહોળાઈનું માપ તે,જગાના વિભાગનું માપ ['કાળક્ષેત્ર'
ક્ષેપ, પુ૦ [સ૦ ક્ષિપ્-ફેંકવું) નાખવું ગુમાવવું
ક્ષેપક, પુ૦ઉમેરો, વધારો ઉમેરણ
ક્ષેપણ, ન૦[સ૦] ફેંકેલું ૨ માછલાં ની જાળ
ક્ષેમ, ન૦ [સં૦]કલ્યાણ,સુખ ૨ ઠીક; નારોગ, ક્ષેમ.
ક્ષેમકર, વિ૦ [સ૦] કલ્યાણકારક,સુખી કરનાર
ક્ષોણી, સ્ત્રી૦ [સ૦] પૃથ્વી, ભૂમિ.

ક્ષોભ, પુ૦ [સ૦] મનનો ગભરાટ,સંતાપ,ઉદ્વેગ, વ્યગ્રતા ૨ દબાઇ જવું તે,મનનું પાછું પડવું તે, ઓછું આવવું–શરમ લાગવી.

ક્ષોભિત વિ૦ [સ૦]ક્ષોભ પામેલું

ક્ષૌર, ન૦ (સ૦)માથું મુંડાવવું તે, મુંડન

ક્ષ્મા, સ્ત્રી૦ (સ૦) પૃથ્વી ભૂમિ, દેશ ૨ એકની સંખ્યા.

ખ.

ખ, પુ૦ (સ૦) તેરમો મૂળાક્ષર, બીજો કંઠસ્થાની વ્યંજનવર્ણ ૨ ગુજરાતીમાં ક્ષ ના અને કોઈ વેળા ષ ના અપભ્રંશરૂપે વપરાય છે 'ખાર (ક્ષાર), ખટ (ષટ્),' ૩ ન૦ પોલાણ, આકાશ,૪ શૂન્ય, મીંડું ૫ મીંડું દેખાડનાર સંકેત શબ્દ (કવિતમાં) ૬ હરકોઇ નક્ષત્રથી દશમું નક્ષત્ર

ખઇ, સ્ત્રી૦ (સ૦ ક્ષય) શરીર દિવસે દિવસે અંદરથી ઘસાતું જાય છે તે રોગ, ધાતુનું ક્ષીણ થવું તે, ક્ષય ૨ ખાઈ, ખાણ

ખઇચો,સ્ત્રી૦કોદાળી ['ઘરડું ખખ, જુનું ખખ"

ખખ વિ૦ ખળખળી ગએલું, ખોખા જેવું,જીર્ણ

ખખડવું, ક્રિ૦ અ૦ખણખણવું ખડખડવું.

ખખડાટ, પુ૦ખડ ખડ એવો થતો અવાજ

ખખડાવવું, ક્રિ૦ સ૦ખખડે તેમ કરવું ૨ આ પવું 'તગ્ન નાણાં ખખડાવ્યાં' ૩ ધમકાવવું

ખખરવખર, વિ૦અવ્યવસ્થિત થએલું, દોદળું

ખખરવું, ક્રિ૦ અ૦ લાગતું બળાપો થવો,સાલવું, મનમાં ખુંચવા ૨ ખીન ખુંચવા ૩ આંખમાં ધૂળ–કાંકરીનું ખુંચવું ૪ ખરખર એવું બોલવું ખખરી જવું–વૃદ્ધાવસ્થાને લીધે નરમ થવું

ખખરી, સ્ત્રી૦ ગળામાં બોલનો કફ,સસણી ૨ ટાળજી, ચટપટી ૩ અવાજ, સૂર

ખખરો, પુ૦ મન દુખતા–શોક દેખાડવો તે ખેદ ૨ શક, અંદેશો ૩ પસ્તાવો પશ્ચાતાપ

ખખરવખર, અ૦જુનું થવાથી છૂટું પડી ગયેલું

ખખળતું, વિ૦ ધણુઉનું, ઉકળતું

ખખળવું, ક્રિ૦ અ૦ધણું ગરમ થવું ઉકળવું ૨ નરમ-અશક્ત થવું, બાંધાનું હાલી ઉઠવું,જીર્ણ [ખોખું થઇ જવું

ખખારો, પુ૦ ખુંખારો

ખગ, પુ૦ (સ૦) પંખી, પક્ષી ૨. ગ્રહ, તારા, નક્ષત્ર ૩ નવ સંખ્યાની સંજ્ઞા.

ખગપત, પુ૦ હંસ

ખગપતિ, પુ૦(સ૦)પક્ષીનો રાજા, ગુરડ [વિષ્ણુ

ખગવાહન, ન૦ (સ૦) જેનું વાહન ગરુડ છે તે

ખુન, ન૦ ખૂન, જુઓ
ખુનકી, સ્રી૦ (ફા૦) લહેર, ઘેનવાળી આળસ
ખુનખાર, વિ૦ (ફા૦ ખૂન+ખાર-દ્વેષ) લોહી રેડાય એવુ, રક્તસ્રાવી.૨ ઘાતકી;પ્રાણહારક,ક્રુર.
ખુનરેજી,સ્રી૦ (ફા૦ખૂન+રીખતન્-રેડવું) કાપાકાપી, કતલ, જીવની હાણ થાય તેવી મારામારી, પ્રાણહાનિ [કિન્નો.
ખુન્નસ, ન૦ ખૂન કરે તેવો ગુસ્સો, ઝેર, હાડવેર,
ખુન્નસી, વિ૦ ખારીલુ, દ્વેષી, ઝેરીલુ, કિન્નાખોર
ખુન.મરકી, સ્રી૦ખુનરેજી, કાપાકાપી.
ખુની,વિ૦ (ફા૦)ખૂન કરનાર, હત્યારુ, ૨ ખૂનના જુસ્સાથી ભરેલુ, ઘાતકી
ખુબ, વિ૦ ફા૦) બહુ, પુષ્કળ ૨ સુંદર
ખુબસુરત, વિ૦ (ફા૦) સારા ચહેરાવાળુ, દેખાવડુ, રૂપાળુ, ફુટડુ, સુંદર, રળિયામણુ.
ખુબસુરતી,સ્રી૦(ફા૦)સુંદરતા, રૂપ, ફુટડાપણુ. ૨ શોભા, સુંદરતા, સૌન્દર્ય
ખુબાફોડ, ન૦ સીપો ફોડી ખાનારુ એક પક્ષી.
ખુબી, સ્રી૦ (ફા૦)વસ્તુની અંદરનો સારો ગુણ; રહસ્ય ૨ મઝા,લહેજત ૩ ચતુરાઇ યુક્તિ. ૪. ખાસગુણ,ચમત્કાર, ૫. નેકી,ભલાઈ,સદ્ગુણ
ખુબીદાર, વિ૦ (ફા૦) ખુબીવાળુ,ચમત્કારિક.૨. ઉમદા, ઉત્કૃષ્ટ

ખુમચો, પુ૦ (ફા૦ ખુમચેહ) ઢળતી કોરણની મોટી થાળી, ટાટ ૨. ભેટની વસ્તુ

ખુમારી, સ્ત્રી૦ (આ૦) કેફથી આંખમાં લહેર આવે છે તે, ઘેન ૨ અહંતા, ધન દૈલતનો ગર્વ

ખુમારદ, સ્ત્રી૦ (આ૦) મ છીફાના પાનાના ૨ ગની ઝળક ૨ કુમાસ્ત્રા.

ખુર, (સં૦ ખુર.) ખરી, ઢોરના પગનો નખ, ડાબલો

ખુરચન, ન૦ કાચું કોરું ખાવાનું તે; થવેલુ. ૨ ભુકો, દાઝ, ખપોટી

ખુરદો, પુ૦ કિમતી સિક્કાને વટાવી ઉતરતી કિંમતનું નાણું લેવું તે. ૨ તોડી ફોડી પુરું કરવું તે

ખુરદો કરવુ – વેચીને નાણાં કરવા ૨, કાઢી નાખવું

ખુરમું, ન૦ એક જાતની મિઠાઇ, લોથાપુરી "ખાજા ને ખુરમા રે, ચુરમા ગોળના છે"

ખુરશેદ, પુ૦ (ફા૦) સૂરજ, આફતાબ; ભાણુ.

ખુરસી, (ફા૦) ચાર પાયાવાળી અઢીંગીને બેસવાની નેતરની ભરેલી બેઠક; ચાચી

ખુરસુ, ન૦ અંગુઠીની ઓટલી

ખુરાસા–સાની, વિ૦ ખોરાસાનથી આવેલું

ખુરાસાની અજમો, પુ૦ અજમાની એક જાત

ખુલતુ, વિ૦ સારું દેખાતું, શોભતુ; ઉઘડતું. ૩. ઢીલું; તંગ નહિ તેવું.

ખુલવું, ક્રિ૦ અ૦ શોભવું, સારું દેખાવું, દીપવું ૨. ઉઘડવું, ખીલવું. ૩. ખસી જવું; જવું રહેવું,

ખુલાસો, પુ૦ (આ૦) ખુલ્લું ઉઘાડું થઇ જવાપણું, ભેદ જણાવવો તે, સમજણ. ૨ સાર; ભાવાર્થ ૩. નિકાલ, રસ્તો. ૪. મોકળાશ, છુટ

ખુલ્લુ વિ૦ (ફા૦) ઉઘાડું, મોકળું ૨ ઘુમ્મટ ન હોય તેવું ૩ નિર્મળ, ચોકખું, (મન) ૪ નિષ્કપટી, ભોળું ઉદાર, ૪ સ્પષ્ટ, સાફ સમજાય ને સંભળાય તેવું (અવાજ) ૬ ન ઘેરાયેલું; સાફ. ૭ ઢાંકેલું ન હોય તેવું, ઉઘાડું, ૮. જુદું અલગ, નાગું ૯ ખાતરી પૂર્વક નિશ્ચય.

ખુવાબ, પુ૦ (ફા૦) સ્વપ્નું; સાણુંદ. ૨. ખ્વાબ

ખુવાર, વિ૦ (ફા૦) દુઃખી દુખી, હેરાન, બેજાર

ખુવારી, સ્ત્રી૦ પાયમાલી, હાનિ. ૨. નાશ, ક્ષય: હાણ [દુઃખી.

ખુશ, વિ૦ (ફા૦) આનંદી, હર્ષિત, આરોગ્ય,

ખુશકી, સ્ત્રી૦ (ફા૦) જમીનનો રસ્તો.

ખુશખબર, સ્ત્રી૦ ખુશ કરે તેવી ખબર, વધામણી.

ખુશનુમા, વિ૦ (ફા૦) ખુશ લાગે તેવું, આનંદકારક; સુંદર; રમણીય, મનોહર.

ખુશમખતી, સ્ત્રી૦ (ફા૦) ખુશી થવાનો વખત; હાસ્યવિનોદ, હર્ષ [મશ્કરી.

ખુશબો, સ્ત્રી૦ (ફા૦) સુગંધી, વાસના; સુવાસ,

ખુશમિજાજી, વિ૦ (ફા૦) રંગીલું, આનંદી, [હસમુખું, રમુજી

ખુશાર, સ્ત્રી૦ ચીબડી.

ખુશામત, સ્ત્રી૦ (ફા૦) મતલબને સાધવા માટે હદથી જાદે તારીફ કરવી તે, હાજીહા, પલ્લવી; શુશ્રૂષા.

ખુશામતખોર, વિ૦ (ફા૦) હાજી હા કરનાર, ખુશામતિયું [કરનાર, પ્રિયવાદી.

ખુશામતિયું, વિ૦ ખુશામત કરનાર હાજી હા

ખુશાલ, વિ૦ સુખી, ખુશી; આરોગ્ય.

ખુશી, સ્ત્રી૦ (ફા૦) મરજી, ઇચ્છા, ભાવ, રૂચિ. ૨ આનંદ, હર્ષ, રાજીપો.

ખુશી, વિ૦ તંદુરસ્ત, સુખરૂપ, રાજી.

ખુસરો, વિ૦ જેને મુછ ન હોય તે; બડમુછીઓ; ખોજો.

ખુસિયો, પુ૦ [illegible], ચેળિયો, ખાયો.

ખૂંચ, સ્ત્રી૦ ખુંચ, જુઓ.

ખૂંટ, સ્ત્રી૦ જમીનની હદ બતાવવા દાટેલો પત્થર. ૨. વિ૦ પુરેપુરૂ, બરોબર

ખૂંપ, પુ૦ ખુંપ, જુઓ.

ખૂટ, સ્ત્રી૦ કમી, ઓછપ, ખોટ; ઘટ.

ખૂટકો, પુ૦ કમી; ખોટ, ન્યૂનતા, અપૂર્ણતા.

ખૂટવું, ક્રિ૦ અ૦ ખુટવું, જુઓ.

ખૂણો, પુ૦ ખુણો જુઓ.

ખૂન, ન૦ (ફા૦) જાનથી મારી નાખવું તે, હત્યા, ઘાત. ૨. મારી નાખ્યાનો જે ગુનો તે. ૩ વેર લેવાની તરસ, ઝેર ૪. લોહી, રક્ત; રુધિર.

ખૂપવુ ક્રિ૦ સ૦ પેસવું, અંદર દાખલ થવું ૨ જમાવવું [અતિશય; ઘણું.

ખૂબ, વિ૦ (ફા૦) સુંદર, સરસ. ૨. [illegible]

ખૈરો, પુ૦ (સં૦ [illegible]) કાથો.

ખેખલી. વિ૦ નકામી, તુચ્છ; અંદરથી પોલી

ગયેલુ, ક્ષયથી ખુ ખુ કરતુ
ખેંખે, સ્ત્રી૦ ઉધરસ આવતા થતો અવાજ
ખેંચ, સ્ત્રી૦ આગ્રહ, તાણ ૨ ખેચવુ તે, તાણ, ખેચાણ [આગ્રહ
ખેંચતાણ, સ્ત્રી૦ ખેચાખેચ, બાઝબાઝા ૨
ખેંચવુ, ક્રિ૦ સ૦ જોર કરીને પોતાની તરફ આણવુ, તાણવુ ૨ કસવુ, તગ કરવુ (ઢીલુ હોય તે) ૩ આકર્ષણ કરવુ ૪ આગ્રહથી વળગી રહેવુ ૫ શોષી લેવુ, ચૂસવુ ૬ વહેવુ, વહોરવુ ૭ આકવુ, દોરવુ ૮ સત્વ કાઢવુ ૯ તોડવુ, ઉખાડી નાખવુ ૧૦ કાઢવુ (પાણી) ૧૧ નિભાવવુ ૧૨ લબાવવુ, મોટેથી બોલવુ (રાગ) ૧૩ તૈયાર કરવુ, સજ થવુ (તરવાર ઈ૦)
ખેંચમખેંચા, સ્ત્રી૦ તાણાતાણ ૨ તગી ભીડ.
ખેંતાળવું, ક્રિ૦ અ૦ નાસી જવુ, ભાગી જવુ
ખેંચાખેંચ-ચી, સ્ત્રી૦ તાણાતાણી, સામાસામુ ખેચવુ તે; ઘણા જણે ઘણી બાજુથી ખેચવુ તે ૨ તાણ, ભીડ, તગી
ખેંચાણ, પ૦ આકર્ષણ, આગ્રહ, તાણ
ખેંચાવું, ક્રિ૦ અ૦ ખેચાઈ જવુ, તણાવુ
ખે,પુ૦ (સ૦ ક્ષય) નાશ, પાયમાલી ક્ષય.
ખેચર, ન૦ (સ૦) આકાશમા ફરનારુ પક્ષી ૨ દેવ ભૂતપ્રેતાદિ તે ૩ તારા, ચદ્ર, વગેરે ૪ વિ૦ ઉડતુ, આકાશ પથી
ખેચરી, સ્ત્રી૦ સમડી (પક્ષી) ૨ એક જાતની યોગમુદ્રા, યોગીઓનુ એક આસન ૩ દેવી,જોગણી
ખેટ, પુ૦ (સ૦) ગામ ૨ શિકારી
ખેટક, પુ૦ (સ૦) શિકારી ૨ **ન૦** વ્યસન, ચડસ, ગાડુ, ચોહ ૩ નાનુ ગામડુ ૪ વળગાટ
ખેટકી,વિ૦ શિકારનો ચોહ હોય તેવુ ૨ **પુ૦** શિકારી ૩ ખેડુત [લીટી તે, સેથી
ખેટલી, સ્ત્રી૦ ગુંથેલા ચોટલા વચ્ચેની ખાલી
ખેડુ, ન૦ છેડુ, અતર
ખેટે, અ૦ છેટે, દૂર, આઘે
ખેડ, સ્ત્રી૦ ખેતરને ખોદી, ચાસી, સાફ કરવાની ક્રિયા તે,ખેડવુ તે ૩ ગામ ૪ કાટા વાળો એક રોપો
ખેડણ, પુ૦ ખેડૂત ૨. ખેડવુ તે, ખેડ
ખેડણહાર, પુ૦ખેડૂત. ૨ હાકેડુ [પડતર નહિ)
ખેડતર, ન૦ ખેતી થાય-ખેડાય તેવી જમીન
ખેડવુ, ક્રિ૦ સ૦ જમીન હળવતી ચાસી ખોદી પોચી કરવી. ૨ સુધારવુ, કેળવવુ ખીલવવુ ૩. ધધો કરવો ૪ મેહેનત લેવી, ચલાવવુ, વહેવુ ૫ મુસાફરી કરવી, સફરો કરવી
ખેડહક,પુ૦ખેતર ખેડવાનો હક (માલકીપણુ નહિ.)
ખેડાણ, ન૦ ખેડાતી હોય એવી જે જમીન તે. ૨ ખેડાવુ તે, ખેતી, ખેડેલુ તે
ખેડું, ન૦ ગામડુ ૨ ખેડુત
ખેડુત, પુ૦ ખેડનારો, કૃષીકાર, ખેતીકાર
ખેડો,પુ૦ નટ,વેશ લેનાર પાત્ર,ખેળો ૨ છેડો,અત.
ખેત, ન૦(સ૦ ક્ષેત્ર) ખેતર
ખેતર, ન૦ (સ૦ ક્ષેત્ર) અનાજ વાવવાને ખેડી સાફ કરેલો જમીનનો જે કકડો તે ૨ ધધો; જે ઉદ્યોગથી રળાતુ હોય તે
ખેતરપડી, સ્ત્રી૦ ઠગાઇ, છળ, છેતરપડી.
ખેતર પાદર, ન૦ (પદ-ગામ) સ્થાવર મિલકત
ખેતરપાળ, પુ૦ ખેતરનુ રક્ષણ કરનારો દેવ. ગામને પાદરે રહેતો દેવ તે, ગ્રામદેવતા [અંતરનુ.
ખેતરવા અ૦(+ વત્) ખેતરની લબાઇ જેટલા
ખેતરવુ, ક્રિ૦ સ૦ છેતરવુ, ઠગવુ, ફસાવવુ
ખેતરા, ન૦ નાના નાના ખેતરો ૨ ઘણા ખેતર
ખેતરાઇ, સ્ત્રી૦ ઘણા ખેતર એક બીજાની સાથે લગતા હોય તે બધી જમીન પાટ, એક સેઢે વણા ખેતર હોય તે [જતો. (રસ્તો)
ખેતરાઉ, વિ૦ ખેતર સંબધી. ૨. ખેતરમા થઇને
ખેતરામણ, સ્ત્રી૦ ભૂલાવો, છેતરામણ
ખેતી, સ્ત્રી૦ (સ૦ કૃષિ) ખેડવાનુ કામ ૨ વણજ ૩ ખતથી મહેનત લેવી તે
ખેતીવાડી,સ્ત્રી૦ અનાજના ખેતર અને ફળોની વાડી. ૨ જમીન ખેડવાનો ધધો, ખેડુતનો ધધો.
ખેદ, પુ૦ (સ૦) વહાલી વસ્તુના વિયોગથી અથવા અણગમતી વસ્તુ મળી આવેથી મનમા જે દુ ખ થાય તે, શોક દીલગીરી ૨. નિરાશા-દુ ખ ની લાગણી, સતાપ, પસ્તાવો
ખેદન, ન૦ છેદન.

ખેદા, પુ૦ કેડો, પાછળ પડવુ તે, પુઠ પકડવીતે.
ખેદયુક્ત, વિ૦(સ૦)ખેદવાળુ, દુ ખથી ભરેલું.
ખેદાનમેદાન,વિ૦ખરાબખસ્ત,તારાજ પાયમાલ.
ખેન, ન૦ (સ૦ ખિદ્) નડતર,આડ,કંટાળો આવે-માથું ફોડ વે તેવું જે તે (માણસ–કામ), દુ ખ, પીડા ૨ મુસીબત ૩ સ્ત્રી૦ (સ૦ ક્ષય) ક્ષય
ખેપ, સ્ત્રી૦(સં૦ ક્ષેપ) કોઇ દૂરની જગાએ જઇને પાછુ આવવુ તે, ફેરો ૨ પર્યટન, સફર,લાંબી મુસાફરી.૩ આટા ફેરાના અપાતા પૈસા, ફેરાનુ મહેનતાણુ ૪ ધોબીને ધોવા આપેલા લુગડાની ગાસડી.૫ દરેક મોસમમા વેપારની ચીજોનુએક દેશથી બીજેદેશ આવવું તે ૬.એકેક વારી, હપતો, વખત ૭.પછવાડે લાગવુ તે,મહેનત,અભ્યાસ,ચાનક, ખત.
ખેપટ, સ્ત્રી૦ ધળ, કચરો, છિયાડી (કાઠિ૦)
ખેપન, ન૦ (સ૦ ક્ષેપન) કાઢવુ–નાખવું તે
ખેપિયો, પુ૦ એક જગાનો બીજી જગોએ ઝડપથી સંદેશો લઇ જનારો, દૂત, કાસદ, હલકારો
ખેપી, વિ૦ આક્ષેપી, ખેપ–ચાનકવાળુ
ખેમ, ન૦ કુશળ, શુભ
ખેમકુશળ, વિ૦ આરોગ્ય, સુખી
ખેમખુશાલી,સ્ત્રી૦સુખી હાલત, આરોગ્ય, તંદુરસ્તી
ખેર,ન૦ (સ૦ ખદિર) એક જાતનું ઝાડ. એની છાલમાથી કાથો નીકળે છે ૨ સ્ત્રી૦ પીડા, બલા ખેરગુજરી–બલા ગઈ, દુ ખ ટળ્યુ.
ખેર,અ૦,આ૦) કંઇ ચિંતા નહિ, હશે, હોય
ખેરખટ, અ૦ એકદમ, જોતજોતામા
ખેરખાહ, વિ૦ (આ૦) ભલુ ચહાનાર, શુભેચ્છક, સંભાળ લેનાર, ખેરખા
ખેરચો,પુ૦ (ફા૦ ખેગ–ધૂળ+ચેહ) ધાતુની રજ-ધૂળ, જેર, ધાસ.
ખેરંટો,પુ૦ ધૂળ, રજ
ખેરણ,વિ૦ ખરી–છુટુ પડેલું,વેરણખેરણ,વેરાયેલું.
ખેરવું,ક્રિ૦ સ૦ ખંખેડવુ. દૂર કરવુ, કાઢી મૂકવુ. ૨. ખરી પડે તેમ કરવુ. .માથુ ફોડાવવુ, કંટાળો આપવો પજવવુ.
ખેરસલ્લાહ,ન૦(આ૦)સમાધાન, સુખરૂપતા. કંઇ કજીઓ ફિતુર નથી પણ બધુ સ્વસ્થ–સુલેહવાળું હોય તેવી હાલત ૨ અ૦ હશે, હોય, બન્યુ એવો મન વાળવાનો ઉદ્ગાર [એક ગુંદ.
ખેરસાર–લ, પુ૦ ખેરના લાકડામાથી નીકળતો
ખેરાત,સ્ત્રી૦(આ૦) ગરીબને આપી જે ધર્મ કરવો તે, ભીખ,દાન, ધર્માદા
ખેરિયત,સ્ત્રી૦ (આ૦) સુખરૂપતા તે,ક્ષેમ ૨. સમાધાન, સ્વસ્થતા, આનંદ, સુલેહ, સ્વાસ્થ્ય.
ખેરીયુ ,વિ૦ તરત બુઝાઇ જાય તેવુ,ઝર્ઝરિયુ "જેવુ ચાદરણુ ખેરીયુ, જેવી વેળુની ભિંત."–જીવરામ.
ખેરી, પુ૦ મેદો, ઘેટો. [ખેરી ખાઈ ગઇ."
ખેરી, સ્ત્રી૦ કમારી, ઉધઈ "બધા ગરમ કપડા
ખેરો–રો, સ્ત્રી૦ પુ૦ ધૂળ, રજ
ખેરોજ,વિ૦(આ૦)વધારાનું, અંદર આવી ગયેલું ન હોય તે. ૨.અ૦ વગર,વિના, સિવાય, વધારાનું
ખેરૂ, વિ૦ ખેરીયુ, જુઓ.
ખેરો, પુ૦ ચોખાના લોટની વડીઓ. ૨ ડાંગેરના છોડમા આવતો રોગ.૩ બાજ, સિંચાણો ૪.પોખ પાડવાનો ડાંડિયો દોરીથી ગુંથેલી ઝોળી–કોથળો. ૬ અડાયાનો ભુકો,ગોર ૭ વિ૦ ખવાઇ ગયેલુ.
ખેલ,પુ૦ (સં૦)રમત, ગમ્મત, ક્રીડા, લીલા ૨ તમાસો, જોવાનું ૩ નાટક, ભવાઇ ૪. બનાવટ, રચના, ૫ ધતિંગ, ઉધમ
ખેલખાના.પુ૦(ફા૦)લશ્કરનો અસબાબ–સામાન. ૨ ઘોટાળો,ખરાબી, પાયમાલી.
ખેલણુ–વણુ, ન૦ રમકડુ
ખેલવુ,ક્રિ૦અ૦ (સં૦ ખેલ્–રમવુ.) રમવુ,ક્રીડા કરવી ગમ્મત કરવી ૨ યુક્તિ–પ્રપંચમા ફરવુ.
ખેલાડી, વિ૦ રમત કરનાર, નટ ૨ વિ૦ચતુર; કસબી, મુસદ્દી
ખેવ પુ૦ સ્ત્રી૦(સ૦ ક્ષણ) વખત, પળ, વેળા.
ખેવટ, પુ૦ સુકાની, દોરનાર, માર્ગદર્શક
ખેવડો, પુ૦ એક જાતનું ઘાસ
ખેવના.સ્ત્રી૦ કાળજી, ચાનકા, સંભાળ.
ખેસ, પુ૦ખભે નાખવાની પિછોડી,દુપટ્ટો,અંગવસ્ત્ર.
ખેસી, વિ૦નજીકનું સોબતી,અંતરનુ.
ખેહ, સ્ત્રી૦ ધૂળ રજ.૨. પુ૦ ખઇ,ક્ષય.
ખૈ, સ્ત્રી૦ ખઇ, ક્ષય રોગ; રાજ્યક્ષ્મા; ધાતુનું ક્ષીણ

થવુ તે ૨ ખાઈ, ખાડો

ખેડ, સ્ત્રી૦લેપ, ખરડ ૨ વાસણમા ચોટી રહેલી પ્રવાહી વસ્તુ ૨ પાણી ન પાવુ તે, સૂકાવા દેવુ તે ૨ સુકવણુ, સૂક. ૩ દોરડીને વળ ચઢાવવાનુ ઓજાર

ખેડિયુ, ન૦ વરસાદની તાણ હોય તેવુ વર્ષ.

ખેળ સ્ત્રી૦ઘઉના લોટનુ સત્વ–શાહી, આર,કાંજી

ખેેલો, પુ૦ નાટક–ભવાઇમા વેશલેનારો,ભવાયો, ભાંડ ૨ ભવાયા જેવી દેખાતી સ્ત્રી ૩ ખેસ ૪ વિ૦ જીર્ણ, જુનુ [કાઢી ખોલવુ

ખોખારવું, ક્રિ૦ સ૦ ખંખારવુ. ૨ સોરમા વાસો

ખોખ રો,પુ૦ ખુંખારો;વાટો

ખોચ,સ્ત્રી૦ખાણુ, છીછરો ખાડો.૨ કમીના, કસર ૨ ખોભણુ ખાચો ૪ મુ ચવણુ, મુશ્કેલી

ખોસ્ત્રી૦(ફા૦) આદત, ટેવ,રસમ ૨ હવસ,પેધુ ૩ અદાવત; વેર ૪ બખેડો, કોતર, ખાડો, ગુફા.

ખોં પુ૦વ શ,મૂળ,'પવને ઝાડેલો ખોં કાઢી નાખ્યો.'

ખો, ન૦ એક જાતની છોકરાની રમત, ખોખિલુ

ખોઇ, સ્ત્રી૦ છોકરાંને સુવાડવાને થોડીએ દોરડાથી બાધેલો કપડાંનો કકડો, ઝોળી, ખોઇયુ

ખોખ, ન૦ ખખ, જુનુ ને ખાલી મોટુ ખોખુ

ખોખરી, સ્ત્રી૦ ડાગેર (વેપારીઓનો સ કત)

ખોખરાટ, પુ૦ ખોખરો અવાજ, બેસૂરતા

ખોખરૂ ,વિ૦ ફૂટેલુ, ભાગેલુ,જાડો ને પોલો અવાજ નીકળે તેવુ ખોખરૂ કરવુ–મારી હલકુ કરવુ

ખોખલી, સ્ત્રી૦ચરડી શિયાળ.૨ વિ૦ પડી ગયેલા દાંતવાળી વૃદ્ધા [ખળખળી ગયેલો.

ખોખલો, પુ૦ (મ૦) ઉધરસ, ઠાંસો ૨.વિ૦ વૃદ્ધ,

ખોખાવુ, ક્રિ૦અ૦ઝર–અઢાવ તરાખવી (કાઠી૦)

ખોખુ ,ન૦છોકરાની એક રમત. ૨ ભરપાઇ થએલી હુંડીનો કાગળ ૩ ડોળિયુ નમુનો, ખીખું. ૪ મુસદ્દો,કાચુ લખાણ ૫ કલેવર, ખોળિયુ,હાડપિંજર ૬ કાગળ અને લુગડુ લાહીથી ચોપડી કરેલો પાઘડીનો આકાર ૭ રસકસ જતો રહ્યા પછીનો રહેલો ભાગ તે, કુચો ૮ ગર કાઢી લીધા પછી રહેલા છોડા ૯ અદરથી પોલુ જે હોઇ તે

ખોગીર,ન૦જીન,ઘોડા ઉપર મૂકવાની ગાદી, ડળી.

ખોચ ડે, અ૦ ખુણે, કઠેકાણે

ખોચરૂ , ન૦ કોતર;ખો.૨. જુનો જમાનો.

ખોચરેલ,વિ૦ ખાડા ખેચાવાળુ ,ખવાઇ ગયેલુ.

ખોજ,પુ૦ શોધ;ખોળ

ખોજવું, ક્રિ૦ સ૦ ખતથી શોધવુ. ખોળવુ

ખોજો, પુ૦ (ફા)હીજડો, ખ ડળ, ખ૭ કન્યા રાખી ૨ જેને અડ ન હોય તે પુરૂષ ૩.હિદુ મટી મુસલમાન થયેલી એક જાત

ખોટ,સ્ત્રી૦ ચૂક,ભૂલ.૨ નુકસાન ટોટો ૩ કમીપણું, ઘટ, અપૂર્ણતા ૪ અછત 'ખોટનુ છોકરૂં'

ખોટકો, પુ૦ ખોટ, ખુટકો, ઘટ [અસત્યતા.

ખોટાઈ, સ્ત્રી૦ આળસાઇ, હરામીપણુ ૨ જુઠાણુ,

ખોટારવો, પુ૦ ધગધગતો કોયલો,જીવતો સળો

ખોટારું ન૦ જુઠાણુ, અસત્ય, તરકટ. બનાવટ.

ખોટારો, પુ૦ ઇટાળો;પોપૈયો ૨ સળો, બળતો કોયલો [વિ ઘ્ન.

ખોટી સ્ત્રી૦ વાટ–રાહ જોતા રહેવુ તે,ઢીલ,વાર,

ખોટીલું, વિ૦ ખોટા હાડકાનુ, આળસુ

ખોટુ, વિ૦ ખરાનુ ઉલટુ, અસત્ય,જુઠુ ૨ ભૂલ ચૂકવાળુ 'હિસાબ ખોટો છે,૩, ભેળવાળુ, શુદ્ધ નહી તે,હિણુ, મિશ્રિત થયેલુ 'રૂપિયો ખોટો છે' ૪ ફરી જાય તેવુ, બેવફા ૫ આળસુ; 'હાડકાનો ખોટો' ૬ ન૦ માઠુ, ખરાબ

ખોડ, ન૦ લાકડાનો મોટો ભારે કડકો,ગાઠ,

ખોડ, સ્ત્રી૦ ટેવ, આદત, ખો ૨ કસર, ખામી, એબ. 'તેને ખોડ છે'૩ ડાઘ,કલ ક, બટ્ટો, લાછન

ખોડખાંપણ, સ્ત્રી૦ ભૂલચૂક, ખામી,દોષ,એબ

ખોડંગાવુ, ક્રિ૦ અ૦ ખોડાતુ ચાલવુ, લ ગડાવુ

ખોડાવુ, ક્રિ૦ અ૦ ખોડુ ચાલવુ, લ ગડાવુ

ખોડીબારું,ન૦ ખેતરમા જવા આવવા બે પાખી- આ વાળુ દાટેલુ લાકડા નુ છિંડુ

ખોડિયું, વિ૦ ખોડવાળુ , અપ ગ,

ખોડિયોપાડો, પુ૦ છોકરાની એક રમત

ખોડીઅમચી, સ્ત્રી૦ છોકરાની એક રમત,ખોડં- ગતા ખોડ ગતા ચાલવુ તે [ચાલનારું.

ખોડુ , વિ૦ ખોડવાળુ, અપગ, ખોડ ગાઇને

ખોંડો, પુ૦ ઢાઢર કે છીંકણીનો માથાનો એક રોગ. ૨ ભંડાર, વાણુ;નાણું.

ખોળિયું, ન૦ બળતા લાકડાનો કટકો.૨.કાટખુણો.
ખોતરણાં, ન૦ પાછલી ભૂલચૂક ખોળવી તે છિદ્ર, વાક. 'દેવ, એવા ખોતરણા કાઢવાની જરૂર નથી.'
ખોતરણી, સ્રી૦ કોતરણી,નકસી ૨. ખોતરવાની મજુરી. ૩ દાંત ખોતરવાની સળી.૪ ટાંકણું, ખોતરવાનું ઓજાર, ખરપડી.
ખોતરવું, ક્રિ૦ સ૦ ખણવું,ખોદવું,ઉખાડવું, ટાંકવું ૨. મૂળ ખોદી કાઢવું,ઉખાડી ફેંકી દેવું ૩. થોડે થોડે કરડી ખાવું
ખોતરામણ, સ્રી૦ ખોતરવાની મજુરી,ખોતરણી.
ખોદકામ,ન૦જમીન ખોદવાનું કામ તે.૨ કોતર કામ
ખોદણી,સ્રી૦ નિંદા,બદબોઇ, ગીબત.૨ ખોદકામ.
ખોદવું, ક્રિ૦ અટબોય ઉખેડવી,ખણવું ૨ કોતરવું, નકસી પાડવી.૩.ભુંડું બોલવું,ખોદણી કરવી.
ખોદા, પુ૦ પ્રભુ, ઇશ્વર.
ખોદાઇ, વિ૦ ઇશ્વરી; દેવતાઇ, દૈવી.
ખોદાઇ, સ્રી૦ ખોદામણ ૨ નકસી, કોતરણી.
ખોદાણ, ન૦ ખોદાયેલું તે,ખોદકામ ૨ પાણીથી ખોદાઇ ગયેલી જમીન
ખોદાવવું, ક્રિ૦ સ૦ કોઇ ખોદે તેમ કરવું.
ખોદું-ધું, વિ૦ જાડો ભારે લાકડાનો કકડો. [દેવું
ખોપ, પુ૦ (સં૦ ક્ષુપ) નેતર;બરૂ. ૨ વાદળું ૩
ખોપડું, ન૦ ઝુપડું; ખોરડું
ખોપરી, સ્રી૦ માથાનું તાલકું,ખપ્પર ૨ મગજ. ખોપરીમાં પવન ભરાવો—મિજાજ વધવો;ફાટી
ખોપરું, ન૦ કોપરુ, ટોપરુ [જવું,ભાગી જવું
ખોફ, પુ૦ ફા૦) ગુસ્સો, દ્વેષ ક્રોધ
ખોબલો, પુ૦ પોશ; ખોબો.
ખોબો, પુ૦ બે પોસ જોડવાથી થતો આકાર.
ખોભણ, સ્રી૦ ખો, ગુફા;બેખડ.૨.ખાડો;ખાચો, ઠેસ ૩ કોરણી;રેખા.
ખોભરવું.ક્રિ૦ અ૦ અટકાવું,થોભવું;ખોટી થવું.
ખોયણી, સ્રી૦ વઘાર;વઘારણી.
ખોયણું,ન૦ બળતું લાકડું,ખોરણું. ૨ ચાટવું,સળી.
ખોયું, ન૦ ઝોળી, ખોઇયું.
ખોરંભે, અ૦ ખુણેખોચરે; ઉંચું. [રચક પ્રત્યય.
ખોર, વિ૦ (ફા૦) ભોગવનાર, ખાનાર, ઇ૦
ખોરડું, ન૦ નાનું ઘર, ઝુપડું, ખોરડું
ખોરવું, ક્રિ૦ સ૦ ખણેરવું, સંકેલવું, ખોતરવું. તળે ઉપર કરવું
ખોરસું, ન૦ ત્રણ પગની ઘોડી; ત્રિપાઇ.
ખોરાક, પુ૦ (ફા૦) ખાવાનો પદાર્થ, ખાજ.
ખોરાકી, સ્રી૦ ગુજરાનની વસ્તુઓ; ખાવાનું.
ખોરાકીપોશાકી, સ્રી૦ (ફા૦) ખાવાનું ને પહેરવાનું, અન્નવસ્ત્ર, ગુજરાન, જીવાઇ, આજીવિકા, નિર્વાહ.
ખોરાશ, સ્રી૦ ખોરાપણું.
ખોરું, વિ૦ સ્વાદ વગરનું અને ગંધાતું.
ખોલ, સ્રી૦ કપડા, ઇ૦ બરોબર બેસતું ન આવવું તે, સીવણની ખામી ૨. જીર્ણ ત્વચા, ચામડી ૩ ખોલી, ટોટી ૪ પડ, પુડું
ખોલકી, સ્રી૦ નાની ગધેડી.
ખોલકો, પુ૦ ગધેડો, ખોલો. ૨ મૂર્ખ, ૯
ખોલણહાર, પુ૦ ખોલનાર, ઉઘાડનાર.
ખોલવણ, ન૦ બેસાડેલા રહુ કાઢવાનું ઓજાર.
ખોલવું, ક્રિ૦ સ૦ ઉઘાડવું; ખુલ્લું કરવું. ૨. સમજાવવું, સ્પષ્ટ કરવું. ૩. ફોડવું, ચીરવું. ૪ પડદો ખસેડવો, દેખાય એમ કરવું ૫. કાઢવું, સ્થાપન કરવું. [ઓરડી ૩. ગધેડી
ખોલી, સ્રી૦ ધાતુનું જે ઢાંકણુ તે. ૨ નાની
ખોલો, પુ૦ ગધેડો, ખર
ખોવરાવવું, ક્રિ૦ સ૦ ખોવાય તેમ કરવું
ખોવું, ક્રિ૦ સ૦ માલમ ન પડે તેમ જતું રહેવું; ગુમાવવું ૨. ખોટ—નુકશાન આવવું. ૩ મિથ્યા જવું, એળે જવું ૪ ચૂકવું, ભુલા પડવું
ખોસવું ક્રિ૦ સ૦ જોરથી દાખલ કરવું; ભોંકવું. ઘાલવું, પેસાડવું
ખોહ, સ્રી૦ ગુફા, કદ્ગ; ખો
ખોહો,પુ૦બહુ આળસુ માણસ;લઠીંગો.૨.ખોસનારો
ખોજ, સ્રી૦ પુ૦ શોધ, તપાસ તજવીજ ૨. ગલેફ, પડ, ઢાંકણ.
ખોળ, પુ૦ તેલી બી ને પીલતા કુચો રહે તે.
ખોળંખોળા, સ્રી૦ શોધાશોધી; ખોળાખોળ.
ખોળંબો, પુ૦ વાર, વિલંબ; કાળક્ષેપ.
ખોળવું ક્રિ૦ સ૦ શોધવું; તપાસવું; ઢુંઢવું.

ખોળાખખોળાં, ન૦ ખુણે ખોચરે છાની રીતે જોવુ તે, ફાફા મારવા તે

ખોળાખોળ, સ્ત્રી૦ શોધમશોધા, તપાસ, તલ્લાસ.

ખોળાધર, પુ૦ જામીન, હામી, ઓળખાણનો માણસ

ખોળાભરણું, ન૦ ખોળો ભરવાની ક્રિયા, અધરણી, સીમત. [ખોલ. ૨. દેહ, શરીર

ખોળિયુ, ન૦ તળાઈ વગેરે ભરવાનુ બેવડુ લુગડુ,

ખોળો, પુ૦ પલાઠી મારી બેસતા બને જાધ ઉપરનો ઘુંટણ લગીનો જે ભાગ તે. ૨ એ ઉપર રાખેલુ જે કપડુ તે, ઝોળી, અક ખોળે બેસાડવુ—નિર્ભય કરવુ ૨ દત્તક લેવુ ખોળો પાથરવો—આજીજી કરવી, કાલાવાલા કરવા, કરગરવુ

ખૌખૌ, અ૦ અસત ભૂખનો ઉદ્‌ગાર

ખ્યાત, વિ૦ (સ૦ પ્રસિદ્ધ, નામીચુ, પકાયેલુ

ખ્યાતિ, સ્ત્રી૦ (સં૦) કીર્તિ, પ્રસિદ્ધિ.

ખ્યાલ, પુ૦ (ફા૦) વિચાર, ક્યાસ, કલ્પના. ૨ તર્ક ૩ કેડો, પૂઠ, ધ્યાન ૪ ગવૈયાનુ એક ગાયન

ખ્યાલી, પુ૦ ખ્યાલ-લાવણી જોડનાગે ૨ તર્કબાજ

ખ્યાલીખુશાલી, સ્ત્રી૦(ફા૦) નાચરગ, ગાનતાન ઈ૦ થી ખુશ રહેવું તે, ઠઠ્ઠા, મશ્કરી, રાગરગ, હાસ્યવિનોદ.

ખ્રિસ્તી, વિ૦ ઈસુખ્રિસ્ત સબધી

ખ્વાબ, પુ૦ (ફા૦) સ્વપ્નુ, શમણુ.

ખ્વાર, વિ૦ ખુવાર, જુઓ.

ગ.

ગ, પુ૦ (સં૦) ચૌદમો મૂળાક્ષર, ત્રીજો કઠસ્થાની વ્યજન વર્ણ ૨ (ગાયનમા) ત્રીજો (ગાધાર સુર.

ગ, વિ૦(સં૦ગમ)જનાર, ગતિ કરનાર, 'ખગ, ઉરગ'

ગઈ, વિ૦ ગયેલી, ભૂતકાળની, વીતેલી.

ગઈ કાલ, અ૦ અચિર, હમણાજ, થોડા વખતનુ

ગઈ ગુજરી, સ્ત્રી૦ બની ગયેલી હકીકત

ગઉ, સ્ત્રી૦ ગૌ, ગાય ૨ ગાઉ.

ગઉચર, ન૦ ઢોરને ચરવાની જગા, ચરો, ગોચર

ગઉદાન, ન૦ ગાયનુ દાન.

ગગડવું, ક્રિ૦ અ૦ ગડગડવુ, ગોટીમલા ખાવા ૨ ગાજવુ, વાગવુ ૩ હિમ્મત ખોવી

ગગડાટ, પુ૦ ગડગડાટ, ધડાકો, ગર્જના ૨. મેઘનાદ, કડાકો

ગગડાવવુ, ક્રિ૦ અ૦ ગગડાવવુ ૨ ગુડગુડ કરવુ, પીવુ.

ગગન, ન૦(સં૦) આકાશ, આભલુ, નભ, વ્યોમ ગગન સાથે વાત કરવી—અસભવિત વાતો કરવી, બડાઇ મારવી ઘણુ ઉચુ હોવુ ગગનમા ઉડવુ—અલોપ થઇ જવુ, અદૃશ્ય થવુ ૨ વ્યર્થ જવુ ૩ ફુલાવુ, આકાશમા ઉડવુ ગગનમા ચઢાવવુ—ફુલાવવુ

ગગનગાંઠિયા, પુ૦ ઘઉના લોટના તળીને કરેલા ગાઠિયા, એક જાતની મિઠાઇ

ગગરી સ્ત્રી૦ નાની ગાગર

ગગરુ, વિ૦ દાણાદાર, કકર, ભભરુ.

ગગરો, પુ૦ પાણી લાવવાની મોટી ગાગર.

ગગળવુ ક્રિ૦ અ૦ ગળગળવુ, જુઓ

ગગળુ, વિ૦ ગળી ગયેલુ ઢીલુ, નરમ

ગગી, સ્ત્રી૦ છોડી, દીકરી, પુત્રી.

ગગો, પુ૦ છોકરો, પુત્ર, બેટો.

ગગ્ગો, પુ૦ ગ અક્ષર, ગકાર

ગગ, સ્ત્રી૦ ગંગા નદી, ગગલી ઘાંચણ—એ નામની એક જાદુગર સ્ત્રી

ગગા, સ્ત્રી૦ ગગા નદી, જાહ્નવી ૨. નદી, સરિતા.

ગગાગોળી, સ્ત્રી૦ જે ગોળીમાથી ઘણા જણે એકજ પાત્રથી લઈ પાણી પીધુ હોય તે ૨ સદા પવિત્ર ગણાય એવુ તે.

ગગાજમની, વિ૦ જુદા જુદા ૨ગની કોરવાળુ

ગગાજળ, ન૦ (સ૦) ગગાનુ પાણી, પવિત્ર પાણી. ૨ વિ૦ શુદ્ધ, નિર્મળ, પવિત્ર

ગગાજળી સ્ત્રી૦ ગગાજળ ભરી રાખવાનુ પાત્ર, ગાગર. ૨ ઘોડાની એક જાત, ૩. તામાકુડી.

ગગેડી, સ્ત્રી૦ એક જાતનુ ઝાડ

ગંગેરીપાન, ન૦ એક જાતના ધોળા નાગરવેલના પાન

ગગોદક, ન૦ ગગાનું પાણી, ગગાજળ.

ગચ, અ૦ પમદ, માફક. ૨ વિ૦ સજડ, ખાઝી ગયેલુ.

ગચકડુ, ન૦ અજીર્ણનો ખાટો ને તીખો ઓડકાર; ઉદ્‌વમન, ડકાર

ગચન વિ૦ મસ્ત, મગ્ન, ભરાએલુ.

ગચરકું, ન૦ ઓડકાર, ઉદ્‌વમન, ડકાર

ગચાગચ, વિ૦ ખિચોખિચ, ભરચક, ગીચ.
ગચિયું, ન૦ ઈંટ, ચુનો ઈ૦ નુ બાઝી ગયેલુ ઢેફું, ચોસલુ ૨ આડ નડતર, હરકત, પથરો
ગચેટો, પુ૦ ગઠ્ઠો, બાઝી ગયેલુ ઢેફુ
ગચ્ચ, અ૦ સખત, સજડ, ટૂટે ફૂટે નહિ તેવુ
ગચ્ચી, પુ૦ વર્ગ, પ્રકાર ૨ અગાસી, ધાબુ ૩ કાકરા ચુનાનુ બાઝી જવુ તે
ગચ્છ, પુ૦ [સ૦] પ્રમાણુ અને શ્રેઢીમા કહેલા અકોની જે સમુદાય, સખ્યા તે, વર્ગ ૨ સઘ જથો, તડ, સમુહ [જવું—છટકી જવુ
ગચ્છંતી, સ્રી૦ નાસી જવુ તે ગચ્છન્તિ કરી
ગજ, પુ૦ [સ૦] હાથી, હસ્તિ, કરી, માતગ
ગજ પુ૦ [ફા૦] લબાઈ ભરવાનુ માપ, ચોવીસ તસુ ૨ આડી, બારણાની ભુંગળ ૩ ધાતુનો નક્કર સળિયો ૪ બદુકનો સળિયો
ગજકણુ, ન૦ એક જાતનુ રેશમી કાપડ.
ગજકરણ, પુ૦ દગાજ, દાદર
ગજકરણી, સ્રી૦ ઘણું પાણી પી, તેને પાછુ વમન કરવુ તે, નોળીકર્મની એક ક્રિયા ૨ એક જાતની વનસ્પતિ
ગજગામા, સ્રી૦ ગજગામિની,
ગજગામિની, સ્રી૦ (સ૦) હાથીના જેવી લટકાળા ચાલવાળી સ્રી
ગજઘટ, પુ૦ હાથી આવતો જણાય તે માટે તેની બે બાજુએ જે ઘટ બાધે છે તે ઘટ વાગે છે તે
ગજછાયા, સ્રી૦(સ૦)ભાદરવા મહિનામા હસ્ત નક્ષત્રમા વાદળા થતા હોય એવામા મહાલય શ્રાદ્ધ કરવાનુ મોટુ મહાત્મ્ય છે, હસ્ત નક્ષત્રના વાદળાની છાયા
ગજદંત, પુ૦ (સં૦) હાથીદાત, દતુશળ
ગજદળ, ન૦ હાથીઓનુ લશ્કર, હસ્તિદળ
ગજધર, પુ૦ દરજી, મેરઇ, સૈ.
ગજપતિ, પુ૦ મોટો હાથી, હાથીઓમા ઉત્તમ
ગજપિપર, સ્રી૦ એક જાતની ઔષધિ
ગજબ, પુ૦ (આ૦) મોટો જુલમ, કહેર ૨
ગજબી, વિ૦ જુલમી, ત્રાસદાયક, ગજબવાળુ

ગજર—ઝર, પુ૦ પહોર પહોરને અંતરે ચોકી બદલાતા ઘડીનો જે ટકોરો થાય તે, ચોઘડિયા
ગજરાજ, પુ૦ (સ૦) મોટો હાથી.
ગજરૂ ન૦ ફૂલનો ગેરખો, કાડે ઘાલવાનો ફૂલનો હાર ૨ કાડે પહેરવાનુ સોનામોતીનુ ઘરેણુ.
ગજરો, પુ૦ ગજરુ, ૨ ફૂલનો હારડો.
ગજલ, (ગઝલ) સ્રી૦ એક જાતની ફારસી રાગની કવિતા એમા પાચથી વધારે બેતો હોય છે રેખતા (ઉર્દુમા).
ગજવદન, પુ૦ (સ૦) ગણુપતિ, ગજાનન.
ગજવવુ ક્રિ૦ સ૦ બૂમ પાડીને કહેવુ, જાહેર કરવુ, ડકો વગાડવો
ગજવુ ન૦ ખીસુ, ગુજુ ગજવા ભરવા—લાચ લેવી, બદદાનતથી પુષ્કળ પૈસા એકઠા કરવા ગજવાનો વર—પહેગમણીનો વર, કુળવાન.
ગજવા કાતરુ, પુ૦ ખીસાચોર, ગઠિયો.
ગજવેલ, સ્રી૦ ખરૂ લોહુ, પોલાદ. ૨ એક જાતના ઉચા ચોખા ૩ નક્કર
ગજાનન, પુ૦ ગણેશ, ગણુપતિ.
ગજાર, (ગોજાર) સ્રી૦ ઓરડાની ડાબી બાજુનો ખડ.
ગજાવવુ ક્રિ૦ સ૦ ગોઘાટ કરી મેલવો, ગજવવુ
ગજિયાણી, સ્રી૦ એક જાતનુ ગજ પનાનુ રેશમી લુગડુ [જાડા સુતરનું કપડું.
ગજિયુ, વિ૦ માપમા ગજ હોય તેવુ ૨. ન૦
ગજિયો, પુ૦ લોઢાનો સળિયો ગજ
ગજી, સ્રી૦ એક જાતનુ ગજ પનાનુ રેશમી કપડુ
ગજુ ન૦ શક્તિ, તાકાત, ગુજાશ, સામર્થ્ય ૨ યોગ્યતા, પહોચ, પાત્રતા
ગજેન્દ્ર, પુ૦(સં૦) સૌથી મોટો હાથી, ઉત્તમ હાથી.
ગજ્જર, પુ૦ સુતારનો ઉપરી, મિસ્રી ૨ વખત સૂચક ઝકાર ઘટ તે ૩ સમય, કાળ.
ગંજ, પુ૦ (ફા૦) ઢગલો, રાશિ ૨ એકજ તરેહનો જે જથો તે. 'વાડકીનો ગજ'
ગજન, ન૦ (સં૦) જુલમ, જબરાઇ, પીડન. ૨ શેહમા ચાપ દઈ કામ કરાવી જવુ તે
ગજવું, ક્રિ૦ સ૦ જુલમ કરવો, ત્રાસ દેવો, પીડવુ. ૨ છેતરવુ, ધૂતવુ

ગંજાવર, વિ૦(ફા૦)મોટુ,જબરૂ ૨ વિસ્તારવાળુ વિશાળ ૩ અડાબીડ,ગરિષ્ટ
ગંજિયુ, ન૦ ગજમાનું એક પાત્ર, છાલિયુ
ગજી, સ્ત્રી૦ ઘાસનો ઢગલો, ઓઘલો
ગજીફરાક, પુ૦ ઊન–સુતરનું ગળેથી પહેરવાનુ એક જાતનુ ગુથેલુ કપડુ [રમત
ગજીફો, પુ૦(ફા૦)રમવાના પાના, પાનાની એક
ગજેટી,વિ૦ ગાજો પીનાર, ગજેરી.
ગટ, અ૦ (હિં૦ ઘુટ્ટ) પીતા થતો અવાજ
ગટક, અ૦ ગટ લઈને, ઝટ, એકદમ
ગટકાવવુ, ક્રિ૦ સ૦ ખાવુ, ઓહિયા કરવુ, ગળી જવુ ગટકાવી જવુ–ખાઈ જવુ,પચાવી પડવુ
ગટકગટક,અ૦ઝપાટાબંધ,તરત ૨ ઉપરા ઉપરી
ગટગટ, અ૦ ઝપાટાબંધ,ઝટ
ગટપટ, સ્ત્રી૦ કોઈ ન સાભળે તેમ છાનીછાની વાતો કરવી તે,ગોઠ ૨ ખાનગી વાતો,ઘાલમેલ
ગટર, સ્ત્રી૦ (અં૦) ગદુપાણી જવાની મોરી, નીક, ખાળ [આડુ અવળુ
ગટરપટર, સ્ત્રી૦ ગટપટ ૨ ઉધુચતુ,ગમે તેમ,
ગટુચી, સ્ત્રી૦ એક જાતનો વેલો, કડુ
ગટ્ટ, અ૦ ગટ, ગટક
ગટ્ટી, વિ૦ ગટ્ટુ, ઠિગણુ, ટુકી બાધણીનુ
ગટ્ટુ, વિ૦ ઠિંગણુ પણ હૃષ્ટપુષ્ટ, ગેટકી [લુચ્ચો
ગઠિયો, પુ૦ ગઠિયો ગજવા કાતરુ ૨ વિ૦ઠાએલ,
ગઠ્ઠો, પુ૦ ધાતુનુ બાઝી રહેલુ ચોસલુ, ગચિયુ ૨ લાકડાની ગાઠ,વેઢો, ગાઠો. ૩ જાડુ બાઝી ગયેલુ લોહી,ખડવુ ૪ કલાઈ સીસુ ભરેલી કોડી
ગડ, સ્ત્રી૦ (સ૦ ગ્રંથિ)ગાઠ,ગ્રથિ ૨ ગઢ
ગડગચ્ચો,પુ૦ ભેળસેળ થઇ પડેલુ એવી હાલત, ખીચડો, ભીડ, મકડાસ
ગડગડ, અ૦ એવો થતો અવાજ ૨ તોપ ફૂટ વાથી થતા અવાજ જેવુ [૨ ગાજવુ,વાગવુ
ગડગડવું, ક્રિ૦ અ૦ ગડબડવુ ગોઠીમડા ખાવા
ગડગડાટ,પુ૦ગડગડ થતો જે અવાજ,તે,ગર્જના
ગડગડાટ,અ૦ ઝડપ ને જોમ બતાવે છે, સપાટા બધ, ત્વરાથી, વગર હરકતે
ગડગડાવવું, ક્રિ૦ સ૦ ગડબડાવવુ, ખડખડાવવુ
૨ ગડગડ થાય તેમ ખેચવુ–પીવુ
ગડગુમડ, ન૦ નાના મોટા ગુમડા, ત્વચારોગ
ગડડગફ, અ૦ અદશ્ય થવુ તે, અલોપ થવુ તેમ, ટપ, સપાટાબધ 'ગડડગફ ગયા, પહોચ્યાના પરમાણુ કોઈએ મોકલ્યા નહિ' [ગડદા મુક્કી
ગડદાગડદી, સ્ત્રી૦ ભીડાભીડ ૨ મારામારી,
ગડદાપાટુ, ન૦ હાથ પગથી પ્રહાર કરવા તે,મુક્કી અને લાતનો માર
ગડદાપેચ, વિ૦ ગડદાના મારથી છેક નરમ થઇ ગયેલુ, મારથી અધમુવુ થયેલુ, શિથિલ
ગડદામુક્કી સ્ત્રી૦ ઠોસો,મુક્કી, ફટકો
ગડદી, સ્ત્રી૦ (ફા૦ ગિર્દ) ભીડ, ઠઠ, દટ્ટી
ગડદો, પુ૦ મુક્કો, ધોક્કો,ધીમકો
ગડબ, સ્ત્રી૦ ગડ,ગાઠ,ચોસલુ, સોજો
ગડબડ,સ્ત્રી૦ અવ્યવસ્થા, બેતાલહાલત ૨ ઘાલ-મેલ, ઉથલપાથલ ભૂલ, અધેર ૩ તોફાન,દગો, ૪ માથાફોડ, ખટપટ ૫ ૫ ઘોઘાટ કલબલ
ગડબડગોટો, પુ૦ ગોટાળો, લોચો વાળવો તે, અસ્તવ્યસ્ત
ગડબડવુ, ક્રિ અ૦ ગડબડી પડવુ, લોટવુ
ગડબડાટ, પુ૦ ગડબડ, સોરબકોર, ઘોઘાટ
ગડબડ સડબડ, સ્ત્રી૦ ગડમડગોટો, ગોટાળો
ગડબડિયુ, ન૦ ગોથુ,અડમડીઉ, ઝોકુ ૨ વિ૦ વાલમેલિયુ, ધાધલિયુ,ખટપટી,માથુ મારનાર
ગડમવુ, ક્રિ૦ સ૦ ઉપરથી દાબી દાબીને ભરવુ, ઠાસવુ ૨ મારીને અદમુવુ કરવુ
ગડભાગ,પુ૦ વિચારનું અનિશ્ચિતપણુ, ઢચુપચુ, વિચારોની ડહોળાડહોળ
ગડમથલ, સ્ત્રી૦ ઘાલમેલ, ફેરફાર ૨ ખટપટ, યત્ન, ફાફા મારવા તે
ગડવુ, ક્રિ૦ અ૦ અદર પેસવુ–જવુ ૨ ઢળવુ, ગડબડવુ ૩ ગડગડવુ,વાગવુ 'ગડિયા મારે નિરભેના નીશાન'
ગડવો,પુ૦નીચે ગોળ ઘાટનો મોટો લોટો,ગાડવો
ગડાકુ, પુ૦ ગોળ કે મહુડાની રસી ભેળવી બના-વેલી તમાકુ ૨ અસ્વસ્થ–બેભાન થવુ,તન્મય થવુ, લોથપોથ બનવુ

ગડારો,પુ૦જેમા શેરડીના બી રાખે છે તે ખાડો ૨ બે ચીલા વચ્ચેની જગા ૩ ઢોરના શરીરનો નીચલો ભાગ, પેટ ને છાતીનો વિસ્તાર
ગડિયુ, ન૦ તમાકુનો પડો–પડિયુ.
ગડી,સ્રી૦ ગેડ, થર,પડ. ૨ કલી ૩ ગાઠ,આટી ૪ ભજિયાની કણી ૫ દક્ષણી ચાકર, ધાટી
ગડુચી, સ્રી૦ ત્રણ પૈયાની ઘોડી ૨ એક જાતની વનસ્પતિ
ગડુડુડુ, અ૦ મોટા અને ભારે અવાજનુ અનુકરણ
ગડો,પુ૦ મોટો ગાગડો, કાકરો ૨ હાસલ,જકાત.
ગઢ, પુ૦ (હિ૦ દે૦ ગઢો) પહાડ ઉપર બાધેલો કિલ્લો ૨ કોટ ગઢ જીતવો–મુશ્કેલ કામ પાર પાડવુ ગઢ ઉથલાવવો–મોટુ પરાક્રમ કરવુ,મોટો ફેરફાર કરી નાખવો.
ગઢપતિ, પુ૦ કિલ્લાનો વડો–ઉપરી, કિલ્લેદાર
ગઢવી, પુ૦ ચારણ ભાટ. [માટલુ
ગઢવું, ન૦ દાણા ભરવાની કોઠી, નાની કોઠી,
ગઢી, વિ૦ ગઢમા રહેનાર ૨ નાની કોઠી,ઘડુ
ગઢાણ, ન૦ જ્યા ઘાસ થતુ હોય તે જમીન,બીડ.
ગઢેરો, વિ૦ મોટેરો, મુખ્ય, વૃદ્ધ
ગણ, પુ૦ (સ૦ ગણ્–ગણવુ)ટોળુ જથ્થો,ઝુડ, સમુદાય.૨ જાત,વર્ગ.૩ દેવના સેવકો, દૂત 'શિવના ગણ' ૪ ૨૭ રથ, ૮૧ ઘોડા અને ૧૩૫ પાય દળ એટલુ લશકર તે ૫ તારાઓના ઝુમખાનો અકકેકો (નક્ષત્ર) ૬ છદ શાસ્ત્રમા લઘુ ગુરૂના નિયમથી ત્રણ ત્રણ અક્ષરનુ જે માપ તે, વર- ન્યાના ગ્રહની જે જાતિ તે ૮ (ગણિતમા)સંખ્યા, રકમ ૯ ગુણ, લાભ, ફાયદો [વુ, પત કરવુ
ગણકારવુ, ક્રિ૦ સ૦ માનવુ, માન આપવુ,લેખ-
ગણગણ,અ૦માખીની પાખનો અવાજ,બણબણ
ગણગણતુ, વિ૦ જેમા આનાકાની–હા ના હોય તેવુ, અસ્પષ્ટ ૨ બડબડતુ
ગણગણવું,ક્રિ૦ અ૦ માખી–ભમરાની પાખનો અવાજ થવો ૨ નાકમા બોલવુ,મનમા બડબડવુ ૩ આનાકાની કરવી ૪ બબડવુ;બરફડવુ
ગણગણાટ, પુ૦ ગણગણ એવો જે અવાજ તે ૨ નારાજ થયા પછી બબડવુ તે,ટીકટીક.
ગણગારવુ, ક્રિ૦ સ૦ ગણકારવુ
ગણગેટી, સ્રી૦ એક જાતનુ ઝાડ. [કામ
ગણતર, ન૦ ગણવુ તે, ગણતરી ૨ ગણવાનુ
ગણતરી, સ્રી૦ ગણવુ તે ૨ ગણવાનીરીત.૩ ગણીને હિસાબથી કાઢેલી સખ્યા ૪ લેખુ; દરકાર, તમા, હિસાબ
ગણતી, સ્રી૦ ગણતરી, હિસાબ. [લેખુ, હિસાબ.
ગણના, સ્રી૦ (સ૦)ગણતરી ૨.માન,પ્રતિષ્ઠા.૩
ગણપતિ, પુ૦ મહાદેવનો પુત્ર,ગણેશ ૨.જાડો અને મોટી દુદ વાળો
ગણપતિ ચોથ, સ્રી૦(સં૦)પ્રત્યેક માસની વદિ ૪, જે ચોથે ગણપતિનુ વ્રત થાય છે તે.
ગણરવ,પુ૦ગુજારવ, ગુંજન,ગણગણાટ [ફગર
ગણવટ, ન૦ ગણોત, જમીન ભાડાનો–સાંથનો
ગણવુ, ક્રિ૦ સ૦ (સ૦ ગણ્–ગણવુ) એક બે ત્રણ એમ સખ્યા કહેવી–માડવી ૨.ગણતરી કરવી, હિસાબ કરવો.૩ દરકાર કરવી,લેખવવુ ૪.કિંમત કરવી ૫ માન આપવુ,માનવુ ૬ અનુભવી થવુ
ગણસારો, પુ૦ અવાજની ચેતવણી, ઇસારો,ભાસ,
ગણિક, પુ૦ જ્યોતિષી, જોશી [સાન
ગણિકા, સ્રી૦ (સ૦) ગુણકા, વેસ્યા,પાતર
ગણિત, ન (સ૦) આકડાથી ગણતરી કરવાની વિદ્યા ૨ ગણેલુ તે
ગણિત પ્રમાણ, ન૦(સ૦)ચાર સખ્યાનુ પ્રમાણ તે એમા ૧ લી ૨ જી ની બાદબાકી ૩ જી ને ૪ થી ની બાદ બાકીની બરોબર હોય છે
ગણિત શ્રેઢી, સ્રી૦ (સ૦) જેમા બબ્બે આક- ડાની સખ્યા તેની તેજ આવ્યા કરે તે
ગણ, વિ૦ અમુક જેટલુ ગુણિત, 'ચારગણ'
ગણેશ,પુ૦(સ૦ગણ–ટોળુ +ઈશ–પ્રભુ.)ગણપતિ. ગણેશ બેસાડવા–શરૂઆત કરવી, આરભ કરવો,
ગણેસિઉ,પુ૦ઘર ભાગવા–તોડવાનુ એક હથિયાર.
ગણોત, ન૦ (સ૦ ગણ+પત્ર) વજે,સોથ ૨ જમીનની ભાડા ચિઠ્ઠી, ગણવટ. [ખાતાદાર
ગણોતિયો પુ૦ ગણોતે રાખી ખેડનાર, ખેડુત;
ગણ્ણુંગાંઠયુ, વિ૦ જુજ, થોડુક, ગણતરીનુ.
ગંઠણ, ન૦ગાઠણ, ગાઠવાની કળા. ૨. ગુંથણી. ૩

ગુથવાનો દોરો, ગઠામણ [લઇ લેવુ
ગઠવુ, ક્રિ૦ સ૦ ગાઠવુ, જોડવુ, ૨ છેતરી
ગંઠામણ, ન૦ગુથવા–જોડવાથી મજુરી ૨ બાંધવા –જોડવાની કળા ૩ ગુથવાનો દોરો
ગઠાવવું, ક્રિ૦ સ૦ ગુથાવવુ
ગઠાવુ, ક્રિ૦ અ૦ સાથે ગુથાઇ રહેવુ ૨ કઠણ–સજડ થઈ જવુ ૩ જોડાઈ જવું [ધુતારો
ગંઠિયો, પુ૦ (સ૦ ગ્રથિ) ગઠીછોડો, ઠગ,
ગઠીછોડો, પુ૦ ગઠિયો, ખીસાકાતરુ
ગંઠો, પુ૦ (સ૦ ગ્રથિ) કોટે પહેરવાનો કઠો ૨ દભી વાળીને કરેલો વિંટો ૩ બચકો, ગાસડો ૪; આઠ ફૂટની લંબાઇનુ માપ ગુઠો
ગંઠોરો, પુ૦ સાકળુ, તોડો ૨ અકોડો,આકડો ૩ હાથના સોનાના સાકળામાનુ એક. ૪ પેર, ગાઠો 'પિપળામૂળના ગઠોડા '૪ એક જાતનીમિઠાઈ
ગડ, પુ૦ (સ૦)ઝમણો ૨ ખુધ ૩ વિ૦ ગાડુ
ગંડક, વિ૦ ગાડુ ઘેલુ ૨ મસ્ત, અંધ,બાવરૂ
ગંડમાળ, સ્રી૦(સં૦)ગળે ગાંઠો ગાંઠો થઇ હોય તેવો રોગ, કઠમાળ
ગંડવો, પુ૦ ગાડો ૨ ભડવો.
ગડસ્થળ,ન૦ (સ૦) હથીના કાનની પાસેનો ભાગ, ઓચી,કુભ સ્થળ ૨ ખુધનો ભાગ
ગડુ, વિ૦ ગાડુ, ઘેલું
ગંડેરી,સ્રી૦નાના નાના કડકા (શેરડી,લાકડાના)
ગત, સ્રી૦ (સ૦ ગતિ) સ્થિતિ,અવસ્થા,હાલત ૨ યુક્તિ કળા,ચતુરાઇ,ખુબી ૩ શક્તિ, બળ. ૪ રાગ,ઢાળ, ચાલ ૫ જાતિનો જે સ્વભાવ–ગુણ –ખાસિયત તે 'વાણિયા ગત' ૬ પરિપાક,મુઆ પછીની જીવની સ્થિતિ તે **ગતે** ઘાલવુ–શ્રાદ્ધ કરી સદ્‌ગતિ પહોચાડવુ ૨ ઠેકાણે કરવુ
ગત, વિ૦ (સ૦) ગયેલુ ૨ મરી ગયેલુ ૩ અ૦ સુધી, લગી, "પૈસા પેઢીઓ ગત કોઇના પહોચતા નથી "–હ૦ ૬૦ [ટિંખળ
ગતકડુ,ન૦ મસ્કરી, ટોળ ૨ હસવા લાયક ખેલ,
ગતાગત, વિ૦ આવ્યુ ગયુ
ગતાગમ, સ્રી૦(સ૦) સમજણ, જ્ઞાન,સમજ
ગતાનુગતિક, વિ૦ (સ૦) પુઠે ચાલનાર, ચીલે ચીલે ચાલનાર
ગતિ, સ્રી૦ (સ૦)હાલત,અવસ્થા,દશા ૨ શક્તિ બળ ૩ બુદ્ધિ, સમજ,મતિ ૪ ચાલ,ગમન, વેગ ૫ જીવની મુઆ પછીની હાલત તે,મુક્તિ,મોક્ષ 'જો વિચારી, જીવ, તારી શી ગતિ થશે'
ગતિભંગ, વિ૦ (સ૦)શક્તિહીણુ, કામ કરવાને અશક્ત હોય તે, લગડુ [હોય તેવુ
ગતિમંત–માન, વિ૦ (સ૦) ગતિવાળુ ગતિમા
ગતિયું,વિ૦ ગતે ગયેલું,સદ્‌ગત ૨ ગત રમનારુ, યુક્તિ પ્રયુક્તિથી સ્વાર્થ કાઢી લે તેવુ
ગતેગતુ, ન૦ ચરની મૂડી,ઘરઘરનુ "આ વેપારમા ગતેગતુ થાય એટલે બસ " [દેવુ
ગતે ઘાલવુ,ક્રિ૦ અ૦ ઠેકાણે કરવુ,દાટી–માળી
ગદ, સ્રી૦ રમતમા હાર થવી તે, હાર ૨ રોગ, દુખ ૩ છાની વાત, ગુહ્ય વાર્તા
ગદકુ, ન૦ બહારનુ, મિષ, નિમિત્ત
ગદગદ અ૦ કઠ ભરાઈ ગયો હોય તેમ, ગળામાથી અચકાતો ગગળતો શબ્દ નીકળે તેમ
ગદગદુ, વિ૦ અદરથી કાચુ અને પોચુ,પાણી પોચુ, ઢીલુ ૨ કહોયેલુ
ગદડવુ, ક્રિ૦ સ૦ ચોળવુ, ખુદવુ, ક્ચરવુ ૨ પગવતી દબાવવુ, ખુદવુ ૩ હેરાન કરવુ
ગદબદ,વિ૦પુષ્કળ જીવ પડયા હોય તેવુ,ખદબદ
ગદબદિયાં, ન૦ નાણાની રેલછેલ પૈસાની પુરતી
ગદલુ, વિ૦ મેલુ,ગદુ,વટાયેલુ
ગદવુ, ક્રિ૦ અ૦ ટટાર ઉભુ રહેવુ ૨.ખુદવુ ૩ ઉતાવળુ ચાલવુ, દોડવુ
ગદા, સ્રી૦ (સ૦)એક જાતનું લોઢાનુ આયુધ, એને ઉપરથી નાળિયેર જેવુ કમરખના જેવા કાગરા વાળુ માથુ હોય છે ૨ ચોસલુ,શિલા
ગદારવુ, ક્રિ૦ સ૦ ઉભુ રાખવુ, ટેકો દેવો,
ગદાવવું, ક્રિ૦ સ૦ થકવવુ, રેતમા દોડાવવુ.
ગદિયાણી,સ્રી૦ પીળા ફૂલનો એક છોડ,કાસકી
ગદિયાણો, પુ૦અડધા તોલાનુ વજન,સોળ વાલ.
ગદેલુ,ન૦ખૂબ રૂવાળુ એકલીઉ ગોદડુ,જાડી ગાદી
ગદ્‌ગદ, વિ૦ (સ૦) ગદગદ, ઢીલું, પોચું
ગદ્ધામસ્તી,સ્રી૦ લાતો મારી તોફાન કરવુ તે,

ધાધલવાળી મસ્તી
ગદ્ધાપચીસી, સ્ત્રી૦ મુખાઇ ને ઉદ્ધતાઈવાળા કામ થાય છે તે સમય, પુખ્ત વિચાર હોતો નથી
ગદ્ધાવૈતરુ, ન૦ અણુસમજનુ ખોટુ વૈતરુ [તિ કાળ
ગદ્ધૈયુ, ન૦ ધણામા થતો એક જીવ ૨ જાડુને બેડોળ તે.
ગદ્ધો, પુ૦ ખર, ગધેડો **ગદ્ધી**–ગધેડી
ગદ્ય, ન૦ (સં૦) સાદુ લખાણુ,ગાથા,નસ્ર
ગદ્યપદ્યાત્મક, વિ૦ જેમા ગદ્ય પદ્ય બને હોય તેવુ
ગધાડિયુ, ન૦ જે ચપટા અને મોટા લાકડામા ગાડીના પૈડાના લઠ્ઠા ઘાલે છે તે
ગધેડી, સ્ત્રી૦ ગધેડાની માદા,ગર્દભી,
ગધેડુ, ન૦ ગધેડો અથવા ગધેડી,ખર,રાસભ
ગધેડા, પુ૦ ખર,રાસભ,ગદ્ધો ૨. સુસ્ત, હઠીલો ને અક્કલ વિનાનો માણુસ ૩ મૂર્ખ, ઠોઠ ગધેડા બનવુ–મૂર્ખ ગણાવુ
ગધેવાન, પુ૦ ગધેડા હાકનાર,કુંભાર.૨ ગમાર
ગનીમત, સ્ત્રી૦ (ફા૦) ઇશ્વરી કૃપા, સુભાગ્ય, સંતોષસૂચક ઉદ્ગાર, બસ, ઘણુએ [શત્રુ.
ગનીમ, પુ૦ (આ૦)મોગલ મુસલમાન ૨ દુશ્મન,
ગનેસને, અ૦ ગણુસારે, કાનોકાન, ચેચે પેચે
ગંદકી, સ્ત્રી૦ કાદવ કીચડવાળી જગા ૨ ગંદવાડ, વાસ મારતો કચરો [પડેલો જે કચરો તે
ગંદવાડ, પુ૦ ગંદકી, અસ્ચ્છ જગા, જ્યા ત્યા
ગંદુ, વિ૦ ગંદકીવાળુ, અસ્વચ્છ મેલુ ગોબરૂ
ગંધ, સ્ત્રી૦(સં૦)વાસ,બો,સોડમ ૨ ચંદન,ચાલ્લો
ગંધક, પુ૦(સં૦)પીળા રંગની બરડ અને ગરમીથી રસ થઇ જાય તેવી એક ધાતુ બળતા જવાળા આસમાની રંગની અને વાસ આકરી હોય છે
ગંધઘાણુ, સ્ત્રી૦ નઠારા વાસનુ ચોપાસ ફેલાવુ તે
ગંધપુષ્પ, ન૦ (સં૦) ચંદન અને ફૂલ
ગંધરપ પુ૦ (સં૦ ગંધર્વ) ગવૈયાની એક જાત –એને જનોઇ હોય છે, કિન્નર ૨ ગંધક
ગંધર્વ પુ૦ (સં૦) સ્વર્ગનો ગવૈયો, કિન્નર
ગંધર્વનગર, ન૦ (સં૦)ગંધર્વનુ નગર ૨ આકાશમા ઘડીમા દેખાય ને ઘડીમા જતુ રહે વળી બીજી જગાએ દેખાય એવુ જે માયાવી નગર તે ૩ જાડી પાતળી હવાને લીધે સૂર્યના કિરણોના આડાતેડા પ્રસરણોને લીધે પૃથ્વીપરના ચિતારો હવામા દેખાય છે તે
ગંધર્વવિવાહ, પુ૦ (સં૦) સ્નેહ લગ્ન,વરકન્યા અન્યોન્યમા સમજી પરણે છે તે
ગંધર્વવેદ, પુ૦ (સં૦) ગાયન શાસ્ત્ર
ગંધવા, પુ૦ મહવાસ,બોબત,સગ. [અત્તર
ગંધસાર, ન૦ સુખડ,ચંદન ૨ સુગંધીવાળી વસ્તુ
ગંધાક્ષત, પુ૦ (સં૦) ચંદન અને ચોખા
ગંધાતુ–ચલુ, વિ૦ નઠારા વાસવાળુ, ગંધ મારતુ, બદબોવાળુ
ગંધાર, પુ૦(સં૦)ગાયનના સાત સૂરમાનો એકસૂર
ગંધાવુ, ક્રિ૦ અ૦ વાસ મારવી,બદબો નીકળવી ૨ કહોવુ ૩ મનમાનુ મનમા ન રહેતા કઇક વાત બહાર આવવી. [વાસમારતુ
ગંધીલુ, વિ૦ ચીકણુ, લડકણુ. ૨ અદેખુ,દ્વેષી.૩
ગપ, સ્ત્રી૦ (હિં૦) ઉડતી–પાયાવિનાની લોકમા ચાલતી વાત–ખબર,લોકવાયકા,ગુમાટો ૨ જુઠાણુ, વાતના ખોટા તડાકા
ગપગપ, અ૦ ટપટપ,એક પછી એક,ઉપરાઉપરી
ગપતાલિયુ, ન૦ ચોરી ૨ ડગળુ, ગચિયુ
ગપસપ, સ્ત્રી૦ ગપ,નવિન સમાચાર, ટાઢા પહોરના તડાકા
ગપાશ, સ્ત્રી૦ ખોટી ગપ ૨ વખત ગુજારવા કે મનરંજન કરવા જે વાત ચલાવવી તે
ગપાગપ, અ૦ એક પછી એક,વગર અટકે,સપાટાબંધ,ગબાગબ, ઉપરાઉપરી. [પડવો તે.
ગપાગપી, સ્ત્રી૦ ઉપરાઉપરી મુક્કીનો માર
ગપાટો, પુ૦ ગુમ,ગપ, અફવા [તડાકા, ગપ
ગપાષ્ટક, ન૦ (સં૦ ગપ+અષ્ટક) જુઠાને ખોટા
ગપોડુ, ન૦ ગપ્પુ,અફવા
ગપોલિયુ, ન૦ વ્યભિચાર ૨ કઇ ભરાઇ બેસવુ તે ૩ ધીમે ધીમે કાણુમા ઘાલવુ તે
ગપ્પા, ન૦ ગપ,સાધારણુ વાતો,પાયાવિનાના તડાકા
ગપ્પાંગોષ્ઠી, સ્ત્રી૦ વાતચીત,સાચાજુઠા કિસ્સાઓ–કહાણીઓના દાખલાઓ સાથે વાત કરવી તે
ગપ્પી–ગપ્પીદાસ, વિ૦ જુઠા તડાકા મારનાર, ગપ

મારનાર,વાતોડિયો

ગપ્પુ, **ન૦** ગપ, જુઓ

ગફલત, **સ્ત્રી૦**(આ૦) બેપરવાઈ કે વિસ્મૃતિથી, બરાબર ધ્યાન ન અપાવું તે,બેદરકારી ૨ ભૂલ, ચૂક

ગફલતી, **વિ૦** ગાફેલ, બેદરકાર ગફલત કરે તેવું ૨ **સ્ત્રી૦** ભૂલ, સરત ચૂક

ગફલું, **વિ૦** સુંદર અને હૃષ્ટપુષ્ટ, ગબરૂ

ગફા, **સ્ત્રી૦** ગુફા, ગુહા

ગફ્ફો, **પુ૦** બુક્કો,મોમા માય તેટલું,મોટો કોળિયો

ગબ, **અ૦** ચટ, ઝટ, ઓચિંતું

ગબગબ, **અ૦** ઉપરાઉપરી, ગપાગપ ૨ **સ્ત્રી૦** કોઇ વાત કરતું હોય ત્યા વચમા બોલવું તે

ગબડગંડ,**વિ૦** કાન હોય તેવું, ભોળિયું, સાહસિક,

ગબડગંદુ, **વિ૦** મલિન, સાબડભોથું [ઉદ્ધત

ગબડવું,**ક્રિ૦ અ૦** ગોથું ખાવું,નથડવું ૨ લોટવું, આળોટવું ૩ પેટમા અમળાવું,તળે ઉપર થવું ૪ ચાલ્યા કરવું,ગુજરવું 'એમને કેટલાએ દિવસ ગબડ્યા "

ગબડાવવું,**ક્રિ૦ અ૦** ગોથું ખવરાવવું ૨ ફેરવવું,

ગબડ્ડી, **સ્ત્રી૦** એકદમ દોડી જવું તે, નાશી જવું, તે સટ્ટી જવું તે ૨ **વિ૦** માસથી ભરેલું અને દેખાવડું ૨ ભરેલું (પૈસા વગેરેથી) ૩ **પુ૦** માસથી ભરેલો ગોરો ને ફુટડો જુવાન

ગબાગબ, **અ૦** ટપોટપ. ૨ ધોળાધોળ

ગબાગબી, **સ્ત્રી૦**મુક્કામુક્કી, મારામાર,ધોળાધોળ

ગબાર, **સ્ત્રી૦** ખાડો ૨ કપરોટવાળો ખાડો

ગબારો,**પુ૦**નાનું વિમાન,હવાઇ, કાગળની કોથળી

ગબી, **સ્ત્રી૦** અગલ, બદી

ગબોગબ,**અ૦**ઉપરાઉપરી મુક્કાનો માર પડે તેમ

ગબોળો **પુ૦** ગપગોળો,ખોટા બુમાટો ૨ ફજેતો,

ગભ્ભ, **અ૦** જોરથી, ધબ્બ લઇને [ભવાડો

ગભ્ભર, **વિ૦** ભરેલું, ભરપુર,પૂર્ણ ૨ તર,જબ્બર, સંગીન [વિહીન,મૂર્ખ ૪ મુક્કો,ગોદો

ગભ્ભો, **પુ૦** મોટી ગબી ૨ શેરડીની ગાંઠ ૩ બુદ્ધિ

ગભરાટ, **પુ૦** અકળામણ,મનની ગુંચવણ સૂઝ ન પડે તેવી સ્થિતિ.૨ દુઃખ,વેદના ૩ ધ્રાસકો,દહેશત.

ગભરામણ, **સ્ત્રી૦** અકળામણ,મુઝવણ,ગભરાટ

ગભરાવું, **ક્રિ૦ અ૦** ગુંચવાવું, બાવરા થવું. અકળાવું ૨ દુઃખી થવું

ગભા, **પુ૦** બળખા, ગળફા

ગભાણ, **સ્ત્રી૦** ઢોરના ખીલા આગળ આડું લાકડું મૂકી ચાર નાખવાની જગા, ગમાણ ૨ **ન૦** ગામને પાદરે આવેલી ગોચર જમીન, ચરો

ગભારો,**પુ૦**મંદીરની અંદરનો ભાગ,જેમા મૂર્તિઓ હોય તે ભાગ

ગમ,**સ્ત્રી૦**બાજુ,પાસું,તરફ ૨ વલણ,પસંદ પડવું તે ૩ ભાન,સૂઝ,સમજણ ૪ સાખી રહેવું તે ખામોશ ૫ શક્તિ, બળ,૬ (આ૦) શોક,દીલગીરી,હાય, અફસોસ ૭ **અ૦**તરફ,ભણી,દિશામા [દુઃખી

ગમગીન, **વિ૦** (આ૦)દીલગીર,શોકાતુર,ઉદાસ,

ગમગીની, **સ્ત્રી૦** દીલગીરી,ખેદ,શોક,ગમ

ગણુચાં, **ન૦**(આ૦) બોલતા બોલતા અચકાવું, આનાકાની કરવી,વિચારી વિચારીને ના મરજીથી બોલવું. [રમુજ, વિનોદ, રમત, ખેલ

ગમત, **સ્ત્રી૦** (ફા૦) ખુશીમા વખત કાઢવો તે

ગમતિયાળ-તી **વિ૦** ખુશી કરે તેવું રમુજી

ગમતું **વિ૦** પસંદ પડતું,ગમે તેવું, રૂચિકર

ગમન,**ન૦** (સં૦) ચાલવું તે, ચાલ, ગતિ

ગમનાગમ, **ન૦** (સં૦) જવું આવવું તે,આવજા

ગમવું,**ક્રિ૦અ૦**પસંદ પડવું,ભાવવું,મન માનવું,

ગમા, **પુ૦** હાજા,ગાત્ર, શક્તિ [ગોઠવું

ગમાણ,**સ્ત્રી૦**ઢોરને ધાસ નાખવાની જગા ગભાણ.

ગમાણિયું, **ન૦** ખીલા આગળ ચાર અને બેસ એ બેની વચ્ચે જે આડું લાકડું નાખે છે તે

ગમાનક, **ન૦** ગવાનિક, ગોગ્રાસ [રોચું.

ગમાર,**વિ૦**અવિવેકી,અસભ્ય,જંગલી ૨ ગામડિયું,

ગમાવવું, **ક્રિ૦ સ૦** ગુમાવવું,જુઓ

ગમી, **સ્ત્રી૦** દીલગીરી,શોક.૨ **અ૦** તરફ,ભણી

ગમે તેમ,**અ૦** કોઇ પણ રીતે,ઇચ્છા પ્રમાણે મરજી મુજબ [મપણું ૨ ઉંડો વિચાર ૩ ધીર.

ગંભીરતા, **સ્ત્રી૦**અગત્યતા,ગૌરવ,મહિમા,ભારેખ

ગંભીરતાઈ, **સ્ત્રી૦** ભારેખમપણું મહિમા, અગત્યતા, ગૌરવ. ૨ ધીર ૩ ઉંડો વિચાર.

ગંભીર, **વિ૦** (સં૦) ભય ને આશ્ચર્ય ઉપજાવે

તેવુ મોટુ,પ્રૌઢ.૨ પુખ્ત,ઠરેલ,ભારેખમ, (માણસ–વિચાર).૩ ધીર,સહનશીલ (સ્વભાવ)
ગમ્ય, વિ૦ (સ૦ ગમ્)જવાય–સમજાય તેવુ
ગયઢેરો,પુ૦ગામનો વૃદ્ધ અને દાબવાળો આગેવાન
ગયંદ, પુ૦ હાથી 'ગતિ ગયંદ ઓપિત અધિક'
ગયવર, પુ૦ મોટો હાથી [–શામળ
ગર, પુ૦ (સં૦ ગર્ભ) ફળની અંદરનો વચલો પોચો–રસ ભર્યો ભાગ, અંદરનો માવો, મગજ, ૨ મનનો ભેદ, મર્મ, ભરમ, ૩ ઝેરી અધાર, ગલ ૪ વિ૦ (ફા૦) કરનાર
ગરક–ર્ક, વિ૦ (આ૦) ડૂબી ગયેલુ, ડૂબેલુ, ૨ લીન, મગ્ન
ગરકવુ, ક્રિ૦ અ૦ કાદવ વગેરેની અંદર પેસી જવુ ૨ ડૂબી જવુ ૩ લીન થઈ જવુ
ગરકાવ, વિ૦ ભરપૂર, ભરેલુ તલ્લીન, મશગુલ
ગરગટ, પુ૦ ઠીંગણો પુરૂષ, વામનજી.
ગરગડવુ,ક્રિ૦અ૦પેટમા અવાજ થવો ૨ ગાજવુ
ગરગડી, સ્રી૦ ગરેડી, નાનુ પૈડુ
ગરચવુ,ક્રિ૦ સ૦ અકરાંતિયાની પેઠે ખાવુ,ઘચવુ.
ગરજ, સ્રી૦ (આ૦) ખપ, અગત્ય, દરકાર ૨ અડીવેળા, ભીડ.૩.મતલબ, સ્વાર્થ
ગરજણ, સ્રી૦(સ૦)એક જાતનું પક્ષી, ગડઘણ
ગરજના, સ્રી૦ ધ્વનિ,ગગડાટ ૨ હોકારો,બરાડો
ગરજવંત–વાન, વિ૦(આ૦)સ્વાર્થનિષ્ટ,સ્વાર્થી
ગરજવુ, ક્રિ૦ અ૦ (સ૦ ગર્જ્) ગાજવુ ૨ ગર્જના કરવી, બરાડવુ તડુકવુ
ગરજાઉ–જુ, વિ૦ ગરજવાન, જેને ગરજ હોય તે ૨ આપમતલબી, સ્વાર્થી
ગરજો, પુ૦પરોહ,અંકુર ૨ ખીલો ૩ કાંટો
ગરડગપ–ફ, અ૦ ઝટ દઈને,અચાનક, અલોપ થયેલુ હોય તેમ,
ગરડવું, ક્રિ૦ અ૦(અક્ષર) ઘુંટવુ ૨ ખેંચવુ, તાણવુ ૩ ઘુરકવુ,લહેકાવવુ,લંબાવવુ. 'ગાયે ગીત ગરડી, અંગ મરડી, અંગે અનંગ જગાડતી'–પ્રે૦
ગરડો, પુ૦ ખરડો
ગરઢ, પુ૦ ઘરડ, જુઓ
ગરણી, સ્રી૦ઝીણાં કાણાંવાળી વાડકી, ગળણી.
ગરણીજી, સ્રી૦ જૈન સ્રી સાધુ,જૈન આરજા.
ગરણુ, ન૦ગળણુ, પાણી, ઈ૦ ગાળવાનુ સાધન
ગરણુ, ન૦એક જાતની ધર્મ ક્રિયા
ગરથ, પુ૦ નાણુ, પુંજી ગર્થ
ગરદ, વિ૦ (ફા૦) સાકડે આવી ગયેલુ, ભીડવાળુ ૨ ખૂબ મચેલુ, મસ્ત બનેલુ
ગરદ, સ્રી૦ ધૂળ, રજ
ગરદન, સ્રી૦ (ફા૦) ગળાનો પાછલો ભાગ, બોચી,ડોકી ગળચી ગરદન મારવુ—જીવ લેવો મારી નાખવુ,૨ ઘણુજ નુકસાન કરવુ
ગરદી, સ્રી૦ ભીડ,ઠઠ,ગીરદી
ગરદો, પુ૦ તમાકુના પાદડાનો ભુકો, જરદો
ગરનાળ, સ્રી૦ છરાના ગોળા ભરવાની ખાયણી જેવી તોપ
ગરનાળુ, ન૦ પાણી આવવા જવાને માટે કરેલો માર્ગ તે, પાણી જવાનો સાંકડો બાધેલો માર્ગ
ગરબડ, સ્રી૦ ગડબડ, જુઓ
ગરબડગોટો, પુ૦ઘોટાળો,અવ્યવસ્થા,
ગરબડવુ, ક્રિ૦ અ૦ ગબડવું, જુઓ
ગરબડસરબડ, સ્રી૦ ઉંધુચતુ, ગડબડગોટો
ગરબડાટ,પુ૦ ગડબડાટ, જુઓ
ગરબી, સ્રી૦ સ્રીઓમા લહેકાવીને ગવાતી એક જાતની દેશી કવિતા
ગરબો, પુ૦ મોટી ગરબી,રાસડો ૨ ગાતા અને સાથે તાળીઓ પાડતા દીવા અથવા માંડવીની આસપાસ ફરવુ તે 'ગરબો ખુંદવો.' ૩ નોરતામા અથવા માતા વાવે છે તે પ્રસંગે જે કાણાવાળી માટલીમા દીવો રાખી રાતે ગવરાવવુ તે.
ગરભ, પુ૦ (સં૦ ગર્ભ.)નર માદાના સંયોગથી માદાના ઉદરમા જે જીવરૂપે પિંડ બંધાય છે તે, હમેલ, દહાડા ૨ બર, મગજ, માવો, અંદરનો કુમળો ભાગ તે.૩ ક્ષેત્રફળ ૪ મધ્ય,વચ.
ગરભછાંટ, સ્રી૦ છરા ભરેલો દારૂનો ગોળો.એ પોલો હોય છે એમા ખીલા, પત્થરા, છરા અને સળગી ઉઠે તેવા પદાર્થો ઘાલેલા હોય છે તે.એ ગોળો જ્યા પડે છે ત્યા ઘણા જોરમાં ફાટે છે અને ઘણુ નુકસાન કરે છે.

ગરભસૂતર, વિ૦ તાણામા રેશમ ને વાણામા સુતર હોય તેવા વણાટવાળુ
ગરમ, વિ૦ (સ૦ ઘર્મ)ઉનુ, ઉષ્ણ,તપેલુ ૨ જોસમા આવેલુ,આતુર ૩ જલદ,તીખુ **ગરમ** કપડા—ઊનના લુગડા **ગરમ** થવુ—મીજાજ ખોવો ૨ તપી જવુ, ગુસ્સે થવુ **ગરમ** આગ—ઘણુ જ ગરમ ૨ બહુ તીખુ
ગરમર, ન૦એક જાતના મૂળીયા
ગરમમસાલો, પુ૦ તજ લવિંગ વગેરે તેજાનાનો ભૂકો જે રસોઇના પદાર્થમા નાખવામા આવેછેતે
ગરમાઈ, સ્ત્રી૦ ઉષ્ણતા, ગરમી [તાજુ
ગરમાગરમ, વિ૦ ઉનુઉનુ, તરતનુ ઉનુ કરેલુ,
ગરમાવો, પુ૦ ઉષ્ણતા, ગરમી
ગરમાળો, પુ૦ એક જાતની શિંગ (ઔષધિ.)
ગરમી, સ્ત્રી૦ (ફા૦) દાહ, ઉષ્ણતા, ધામ ૨ તાપ,ગરમાવો, ઉતાપ ૪ તોર, જોસ,જુસ્સો મદ, આવેશ ૫ ટાકી પરમિયાનો રોગ
ગરમુ, ન૦તપેલી જેવુ છાછરૂ વાસણ.
ગરમેલ, સ્ત્રી૦ રૂવાટીવાળો એક જાતનો નાનો છોડ, એના મૂળના ભાગનુ અથાણુ કરે છે,ગરમર
ગરલ, ન૦ વિષ, ઝેર
ગરવ, પુ૦ ગર્વ, જુઓ
ગરવુ, વિ૦ (સ૦ ગુરૂ)મોટુ,ગારવવાળુ, 'ગરવી ગુજરાત' ૨ ભારે, ભપકાવાળુ 'બચકે બાખ્યા વસ્ત્રને વાગા, વણુ વરેણુ ગરવુ રે'
ગરવું, ક્રિ૦ અ૦ખરી પડવુ, ખરવુ પડવુ ૨ અંદર પેસવુ
ગરાડ, વિ૦ મોટુ ૨.પુ૦ખાડો,ચીલો,ઢાળ
ગરાડી, વિ૦ વણોજ વ્યસની, વ્યસનમા ચકચૂર
ગરાડો, પુ૦ ઈમારતનો પાયો નાખવા માટે ખોદેલો લાંબો ખાડો
ગરાસ, પુ૦ (સં૦ ગ્રાસ)ગામનુ રક્ષણ કરવાના બદલામા કાઢી આપેલી જમીન અથવા ઉચક રકમ ૨ ગુજરાન માટે આપેલી જમીન (રાજ્યકર્તાના કુટુંબીઓને)
ગરાસણ—ણી સ્ત્રી૦ ગરાસિયાની સ્ત્રી ૨ ગરાસિયા જાતની સ્ત્રી
ગરાસિયો, પુ૦ રાજવંશી ભાયાત, ગરાસવાળો રજપુત,હિસ્સે આવેલી જમીનોની ઉપજ ખાનાર
ગરિમા, સ્ત્રી૦ સં૦)મોટાઇ, પ્રૌઢતા ૨ આઠ સિદ્ધિઓ પૈકી એક
ગરીબ, વિ૦ (આ૦) નિર્ધન, પૈસા વગરનુ ૨ કંગાલ, દરિદ્ર, બાપડુ,દુ ખી ૩ ભલુ, સાલસ, સહનશીલ, ઠંડા મિજાજનુ [ભિખારીઓ
ગરીબગરબા—ગુરબાં, ન૦ કંગાલ માણસો ૨
ગરીબનિવાજ, વિ૦ (+ ફા૦નવાખ્તન્—આપવુ) ગરીબ ઉપર દયા કરનાર, દયાળુ
ગરીબપરવર, વિ૦ (ફા૦ પરવર—રક્ષણહાર) ગરીબની સભાળ લેનાર (મોટા દરજ્જા વાળાઓને માનાર્થે એ વિશેષણ જોડવામા આવે છે)
ગરીબી(ગરીબાઇ), સ્ત્રી૦નિર્ધનપણુ, કંગાલિયત, દળદર ૨ ભલાઈ, સાલસાઇ
ગરીષ્ઠ, વિ૦ મોટુ 'આતે ગરીષ્ઠ ગિરિ કે ગજગજ એ છે'૨ ભારે, સગીન
ગરુડ, પુ૦ (સ૦) એક મોટુ માસાહારી પક્ષી એ બહુ મોટો ને જોરાવર હોવાથી રાજા કહેવાયછે
ગરુડગામી, વિ૦વિષ્ણુ, ગરુડની સ્વારી કરનાર
ગરૂડધ્વજ, વિ૦જેની ધ્વજા ઉપરગરુડનુ ચિહ્ન છે તે
ગરુડો, પુ૦ ઢેડનો ગુરુ, અત્યજ ગોર
ગરુર, વિ૦ (ફા૦) મગરૂર, અહકારી, મિજાજી
ગરુરી, સ્ત્રી૦ (અ૦) ગર્વ,મગરૂરી પતરાજ
ગરુવુ, ન૦ ગરવુ મોટુ, સમય
ગરો—ડો, પુ૦ગુરડો,ઢેડનો ગોર
ગરોદર, વિ૦ ભારેવાઈ, દહાડાવાળી, ગર્ભવતી
ગરોળી, સ્ત્રી૦વરોડી, ચિચી, અધીલુ
ગર્જના, સ્ત્રી૦ (સ૦ ગર્જ્) ગાજવુ તે ૨ તડુકવુ તે, તાડુકો (સિંહ)
ગર્ત, પુ૦ ખાડો.
ગર્થ, પુ૦ (સ૦) પસો,નાણુ, પુજી
ગર્દ, સ્ત્રી૦ ઝીણી ધળ રજ છિયાડી
ગર્દભ, પુ૦ (સં૦) ગધેડો **ગર્દભી**-ગધેડી.
ગર્ભ, (સ૦) ગરભ ગાભ ઉદરમા રહેલો જીવ બાળક ૨ ગભ માત્રો. ૩ ભેદ
ગર્ભપાત, પુ૦ગર્ભ પાડવો તે ૨ ગભસ્રાવ,કસુવાવડ.

ગર્ભયાતના, સ્ત્રી૦ (સ૦) ગર્ભને જે દુઃખ સહન કરવુ પડે છે તે
ગર્ભવતી, સ્ત્રી૦ (સ૦)ભારેવાઇ દહાડાવાળી.
ગર્ભવાસ, પુ૦ (સ૦)ઉદરમા ગર્ભનુ રહેવુ તે
ગર્ભશ્રીમત, વિ૦ (સ૦) જન્મથી શ્રીમન્ત, ધનવાનને ઘેર જન્મેલુ ગભ્ભર
ગર્ભસ્થાન, ન૦ (સ૦) ગર્ભ જ્યા રહે છે તે ઠેકાણુ, કૂખની અંદરનો ભાગ
ગર્ભસ્રાવ, પુ૦ (સ૦) ગર્ભનુ ગળવુ તે,અધુરે જવુ, ગર્ભપાત [એ નામનો એક સસ્કાર
ગર્ભાધાન, ન૦ (સ૦) ગર્ભનુ બી રોપાવુ તે ૨
ગર્ભાશય, ન૦ (સ૦) ગર્ભસ્થાન, ગર્ભકોશ
ગર્ભિણી (સ૦) ગર્ભવતી
ગર્ભિત,વિ૦(સ૦)જેમા કઈ બીજી વસ્તુ ઉડાણમા રહી હોય તેવુ ૨ જેમા અર્થ–ભાવ રહ્યો હોયતે
ગર્વ, પુ૦ (સ૦) અભિમાન,અહંકાર,મગરૂરી
ગર્વિષ્ઠ–ર્વી, વિ૦ (સ૦)અહંકારી, મગરૂર
ગલ, પુ૦ માછલા પકડવાનો આકડો ૨ કુવામા પડેલી ચીજ કાઢવાને આકડીઓનો જથો તે બિલાડી. ૩ સાપ, ગરોળી વગેરેની ઝેરી અવાર–લાળ ૪ લાચ, લાલચ ૫ ગુલબાસ ૬ મન, ૭ બાતમી, ખબર ૮ બળેલી બત્તી, મોગરો ૯ હુકાની ચલમમા બળી ગયેલી તમાકુ ૧૦ ગર, માવો ૧૧. સત્વ, તત્વ
ગલકી, સ્ત્રી૦ એક જાતનો શાકનો વેલો
ગલકુ, ન૦ ગલકીનુ ફળ
ગલખોડ, સ્ત્રી૦ ઢોરના ગાળીએ, ઘાલેલો લાકડાનો કડકો ૨ નિવેડો, છેવટ
ગલગલિયા, ન૦ ગલીપચી
ગલગોટા, પુ૦ (ફા૦)એક જાતનો છોડવો
ગલજીભી, સ્ત્રી૦એક જાતનો વેલો
ગલત, વિ૦ (આ૦) પાયાવનાનુ, ઠામ ઠેકાણા વગરનુ ખોટુ, જુઠુ
ગલધાણી, સ્ત્રી૦ ધાણી અને ગોળની સુખડી
ગલથુથી, સ્ત્રી૦ ગલહુતી, જુઓ [ગળેબંધ-
ગલપટો, પુ૦ ગળે રાખવાનો ઊનનો પટો,
ગલપાપડી, સ્ત્રી૦ગોળની બનાવેલી એક મીઠાઇ

ગલબલ, સ્ત્રી૦ ડલબલ,ગળામા બોલે તે
ગલબા, પુ૦ (આ૦વલબા)ફટાકા,પલીતા, ટેટા
ગલબુ, ન૦ અફવા,ગપ, બૂમ
ગલબો, પુ૦ ગપ ૨ એક જાતનો ફૂલછોડ
ગલમેંદી, સ્ત્રી૦ એક જાતનો સુગધી છોડવો.
ગલહુતી, સ્ત્રી૦ (ગોળ+સ૦ ચ્યુતિ(ચ્યુ–ટપકવુ) ટપકુ, અથવા, ગોળ+સ૦ હુતિ (હુ–અર્પવુ) ભોગ) ગોળ,ઘી, તથા પાણીનુ તર્ત જન્મેલા બાળકના મોમા મૂકવાનુ મિશ્રણ
ગલાલ, ન૦ એક જાતનો રાતો ભૂકો
ગલાસ, ન૦ (અ૦) બિલોરી કાચનો પ્યાલો
ગલિત, વિ૦પડેલુ,ટપકેલુ
ગલી, સ્ત્રી૦સ્પર્શથી ચામડીને થતી અસર, ચમક
ગલી, સ્ત્રી૦ ધોરી રસ્તાપરથી આડી નીકળતી સાકડી વાટ,સાકડી શેરી–પોળ, ખીણુ
ગલીકુચી, સ્ત્રી૦ આડાઅવળા ને સાકડા રસ્તા
ગલીચ, વિ૦ (આ૦) ગદુ, મેલુ, કચરાવાળુ
ગલીચી, સ્ત્રી૦ મળ, ગદવાડ, ગદકી
ગલીચો, પુ૦ ગાલીચો, જુઓ
ગલેફ, પુ૦ (ફા૦) કપડાનુ ઢાકણુ,ખોલ,પડ.
ગલેફી, સ્ત્રી૦ એક તરેહના ભજિયા
ગલેફુ, ન૦ ગાલની માહેનો ભાગ
ગલેલી, સ્ત્રી તાડના ફળની અદરનો કુમળો ભાગ
ગલોલ, સ્ત્રી૦ કાકરા અથવા ગોળા ફેકવાનું દોરી–ચામડાનુ ગુથણુ
ગલોલો, પુ૦ ગોળો, ૨ ગોળમટોળ
ગલ્લ, પુ૦ (સ૦) ગાલ
ગલ્લાતલ્લાં, ન૦ ગાગાતલ્લા
ગલ્લો, પુ૦ (ફા૦) પૈસો–નાણુ રાખવાનુ ઠામ, ખજાનો ૨ દુકાનદારની વકરાના પૈસા નાખવાની પેટી–વાસણ [પેલુ લુગડુ, છાયલ
ગવન, ન૦ (અ૦ ગાઉન) સુતરાઉ બારીક છા-
ગવરનર, પુ૦ (અ૦)ઈલાકાનો વડો હાકેમ.
ગવરનરજનરલ પુ૦(અ૦)આખા દેશનો હાકેમ,
ગવડાવવુ, ક્રિ૦સ૦ ગાય તેમ કરવુ, ગાવા લાગવુ. ૨ નિંદા–ચર્ચા કરાવવી [ગોરી ૨. ગૌરી, જુઓ.
ગવરી, વિ૦ ધોળી અને સહેજ લાલ ધાબાવાળી;

ગવલી, પુ૰ ગોવાળિયો
ગવાક્ષ, ન૰ (સ૰) બાકું, જાળિયું,વાતાયન
ગવાનિક, ન૰ (સ૰ ગવાન) જમતા પહેલા ગાયને માટે જુદું કાઢેલું રાંધેલું અન્ન
ગવાર, સ્ત્રી૰ પુ૰ એક જાતનો છોડ તેની શિંગ ને ખી ઢોરને ખવરાવે છે
ગવારફળી–શીંગ, સ્ત્રી૰ ગવારની શિંગ
ગવાવું, ક્રિ૰ અ૰ ચરચાવું,વગોણું થવું,નિંદાવું ૨ ગવાય તેમ કરવું
ગવાહી, સ્ત્રી૰ (આ૰) સાક્ષી, પુરાવા.
ગવાળો, પુ૰ સારો ખોટો તેમ કામનો ને નકામનો સેળભેળ થઇ ગયેલો સામાન રાખવાનો કોથળો ૨ ઢાંકણું, આચ્છાદન
ગવેહ, સ્ત્રી૰કીનો,વેર, ખાર (હાલાર)
ગવૈયો, પુ૰ (સ૰ ગાયક) ગાયન કરનારો, ગાનારો, ગંધર્વ [છાણ,મૂત્ર.
ગવ્ય, ન૰ (સ૰) ગાયનું દુધ, દહીં, માખણ,
ગસીયો, પુ૰ લોટ સાથે ઘી ગોળ મેળવી કરેલો ફાકવાનો ખોરાક
ગસ્ત, સ્ત્રી૰ (ફા૰) રોન, ચોકી, રખવાળી.
ગહન, વિ૰ (સ૰) જવા, પહોંચવા,સમજવાને અઘરું, ગંભીર 'ગહન તાહરી છે, પ્રભુ ગતિ '
ગહ્વર,ન૰ (સ૰)પહાડની અંદરની બખોલ,ગુફા.
ગળ, ન૰ ગલ, જુઓ
ગળકેરી, સ્ત્રી૰ગોળકેરી ગોળમાં આથેલી કેરી
ગળકો,પુ૰ જીભના સ્વાદ,લળકો, ૨ રૂચિ, ભાવ
ગળગળવું, ક્રિ૰ અ૰ ગળગળું થવું, ગગળી જવું
ગળગળું, વિ૰ પાણી જેવું, ઢીલું, નરમ ૨ દીન, ગરીબ ૩ રડતું " ગળગળો સ્વર "
ગળગોટિયો, વિ૰ ગોળ, ગોળ મટોળ
ગળચકું, ન૰ ગચકડું, જુઓ
ગળચટું, વિ૰ જરાક ગળ્યું–મીઠું હોય તેવું
ગળચવાં, ન૰ ગળચા, ગમચા
ગળચવું, ક્રિ૰ અ૰ ખાવું, જમવું, (તુચ્છકારમાં)
ગળચવો, પુ૰ પુરૂષને ગળે પહેરવાનો સોનાના તારનો ગુંથેલો બેમેરાનો દોરો
ગળચિયું ન૰ ગળચી ડોકી ૨ ડુબતા માણસનું ઉપર નીચે આવવું જવું તે, ડૂબકા ખાવા તે
ગળચી,સ્ત્રી૰ગળાનો પાછલો ભાગ, ડોકી ગરદન
ગળણી, સ્ત્રી૰ ઝીણાં કાણાંવાળો વાડકો, જેથી ઘી, દૂધ, વગેરે પ્રવાહી પદાર્થો ગાળે છે તે ગાળવાનું સાધન, ગળણું
ગળણું, ન૰ પાણી, ઇ૰, ગાળવા માટેનો કકડો
ગળત, વિ૰ ગલત, જુઓ
ગળતકોડ, પુ૰ [સ૰ ગલિત+કુષ્ટ–કોડ] એક જાતનો ભયંકર ચેપી રોગ જેમાં શરીરની ચામડી સડી જઇ આંગળા વગેરે ગરી જાય છે પત
ગળતી, સ્ત્રી૰ જેમાંથી ટીપે ટીપે પાણી ગળ્યા કરે તેવું વાસણ **ગળતી** ગોદડીએ–લીલે મોઢે લીલે તોરણે, અધવચ
ગળથુથી, સ્ત્રી૰ ગલથુતી જુઓ
ગળવરી, સ્ત્રી૰ પિત્ત વિકારથી ગળામાં થતી તિખાશની અસર [સ્વાદ, મિઠાશ
ગળગણ, ન૰ મિઠાશવાળી ચીજ ૨ ગળ્યો
ગળફો, પુ૰ ઉધરસ ખાતા મોમાંથી જે જાડો ચિકણો પદાર્થ બહાર નીકળે છે તે, બળખો, બલખમ
ગળમાણું–વાણું, ન૰ ઘઉના લોટને શેકીને તેમાં ગોળ ખાંડનું પાણી રેડી ખૂબ ઉકાળી કરેલું પેય.
ગળવું, ક્રિ૰ અ૰ [સ૰ ગલ–ગળવું] વાસણમાંના પ્રવાહી પદાર્થનું કાણાંમાથી ધીમે ધીમે બહાર નીકળવું ઝમવું, નીતરવું ૨ ચૂવું ૩. ઢીલું થવું, પાકવું (ફળનું) ૪ ઓગળવું, પીગળવું ૫ ચઢીજવું બફાવું, એક રસ થવું 'દાળ હજુ ગળી નથી ' ૬ સુકાવું, તવાઇ જવું ૭ ઠળવું ઉતરી જવું ' કાદવમાં ગળી ગયો ' ૮ શુદ્ધ કરવું, મળ રહિત કરવું ૯ પીગળવું, દયા આવવી ૧૦ ક્રિ સ. ગળામાં ઉતારી જવું 'ગોળી'
ગળામણ, સ્ત્રી૰ ગાળવાની રીત ૨ ગાળવાની મજુરી ૩ ગાળતા નીકળેલો મેલ
ગળાવું, ક્રિ૰ અ૰ ધાતુનું અગ્નિથી રસરૂપ થવું ૨ સુકાઇ જવું, ઘસાવું ૩ ગાળ્યું હોય, ગાળી શકાય તેવું થવું
ગળિયારો, પુ૰ ગળીથી કપડાં વગેરે રંગનારો

ગળિયુ, **વિ૦** ઢીલુ, નિર્માલ્ય બેદિલ, વિમુખ
ગળિયેલ, **વિ૦** ગળીના ર ગનુ, ભુરૂ, નીલુ
ગળિયો, **પુ૦** કાટાનો જથો-ઉપાડો ર કાદવ કચરાનો પિંડો
ગળી, **સ્ત્રી૦**[સ૦ નીલી] એક જાતની વનસ્પતિ એના પાદડાના રસમાથી નીકળતો રગ તે ૨ અવાજ, કઠ, હલક, ગળુ
ગળુ **ન૦** (સ૦ ગલ્) બે ખભાની વચમાનો ભાગ જેની ઉપર મો છે અને જેમા હવા જવાની અને ખોરાક ઉતરવાની નળિયો છે તે, કઠ, કોટ ગરદન ૨ સૂર, સાદ, અવાજ ગળા લગી-ઘણુ, પુષ્કળ, પૂરેપૂર, સપૂર્ણ 'તારો ગળા લગી ભરોસો છે' ગળામા જીભ ઘાલવી-બધ રહેવુ, બોલતા અટકવુ, બહુ બોલ બોલ કરી કટાળો આપતુ હોય ત્યારે તેને કહેછે કે, 'ગળામા જીભ ઘાલ હવે' ગળામા જોતરૂ ઘાલવુ-કોઇ નવા કામમા કે જજાળમા પહેલ વહેલુ નાખવુ, પીડા વળગાડવી, પોતાના કામમા કે જજાળમા પહેલવહેલુ નાખવુ, પીડા વળગાડવી, પોતાના કામમા નડે એવુ બીજુ કોઈ કામ કરાવવુ ગળામા ટાટીઆ-ગળે ટાટીઆ ભરાયા હોય એવી સાકડમા આવી પડવુ તે, ઘણીજ મુસીબત, જીવ જોખમાય એવી સ્થિતિમા આવી પડવુ તે, માથે જોખમ 'ગઢવી તમે તો ઉલટા મારે ગળેજ ટાટીયા ભરાવ્યા ને, હુ તમને કહુ છુ, ત્યારે ઉલટા તમે મનેજ લઇ પડો છો "—મુદ્રારાક્ષસ ગળુ પડવુ-ત્રણ રડવાથી, પડવાથી કે ગરમીથી બાળકને થતો એક રોગ ગળેપડવુ-તહોમત મૂકવુ, આળ ચઢાવવુ ૨ કોઇ કામ કરાવી લેવાને બાઝી પડવુ ૩ બથાવી પડવુ, પારકુ તે પોતાનુ છે એમ દાવો કરવો ગળે ઘાલવુ બીજાને સોપવુ, ઓરાઢી દેવુ જવાબદારી બીજાને માથે નાખવી ૨ ઘોચવુ ગળું કરવુ-વિશ્વાસઘાત કરવો ગળુ રહેંસવુ —ગળુ કાપવુ, ગળુ કરવુ ગળે ઉતરવુ—મનમા વાત ઠસવી, સમજવું. ગળે છરી મૂકવી—નુકસાન કરવુ ૨ વિશ્વાસઘાત કરવો ગળે ફાંસી આવવી—જોખમમા આવી પડવુ, ફસાવુ, સપડાવુ ગળે હાથ મૂકવો—ગળાના સોગન ખાવા
ગળેપડુ, **વિ૦** પારકુ પોતાનુ કહી દાવો કરનાર, બથાવી પડનાર [૩ પાકેલુ, ઢીલુ.
ગળેલુ, **વિ૦** સ્વચ્છ, ચોકખુ ૨ એક રસ થએલુ.
ગળો, **સ્ત્રી૦**(મ૦ગુળવેલ)એક જાતની કડવી વેલ. દેશી વૈદ્યકમા બહુ ઉપયોગી હોઇ એના અર્ક, હિમ, સત્વ અને ઘન કાઢે છે
ગળ્યુ, **વિ૦** મીઠુ, ગળપણવાળુ, મિઠાશવાળુ
ગાગડી, **સ્ત્રી૦** નાનો ગાગડો, કાકરી, કણુ
ગાગડુ,**વિ૦** કઠણુ, ન બફાય, ન ચઢે તેવુ ૨ **પુ૦** ડોળ, ન પલળે કે નરમ ન થાય તેવો દાણો.
ગાંગડો, **પુ૦** નક્કર વસ્તુનો કકડો ૨ ન ફુટેલુ રૂનુ જીડવુ
ગાંગરવુ **ક્રિ૦ અ૦** બરાડવુ, ધાધડવુ
ગાગલુ **વિ૦** નબળુ, કાગલુ, માલ વગરનુ, મો પરથી માખે ન ઉડે તેવુ
ગાંગાતલ્લા, **ન૦** હા ના કર્યા કરવી તે, આનાકાની.
ગાગેડવુ, **ક્રિ૦ અ૦** બરાડવુ ધાધડવુ
ગાગુ, **વિ૦** રાક, નમળુ, ગરીબ [નારો.
ગાગો, **પુ૦** ગરીબ, ટોપલામા મૂકી તેલ દિવેલ વેચ-
ગાંજવુ, **ક્રિ૦ સ૦** [સ૦ ગજ] છેતરવુ ફેરા લાવવુ, ઠગવુ ૨ હાથ મારી જવો, હરાવવુ ૩ તોડવુ, ખડિત કરવુ 'જેણે શરાસન શભુનુ ભાગ્યુ, અલ અખડિત ગાજ્યુ.'
ગાજાખોર, **પુ૦** ગાજો પીનાર, ગજેરી
ગાજો, **પુ૦** [હિ૦] એક જાતનો ભાગના જેવો છોડ અને તેની કળી
ગાંઠ, **સ્ત્રી૦** (સ૦ ગ્રથિ] આટીવાળો બધ ૨ ઝાડને જ્યાથી ડાળા ફુટે છે તે ભાગ ૩ લાકડાના થડનો ભમરાવાળો ભાગ. ૪. અંટસ, આંટી, દુશ્મનાઇ, વેર, કીનો ૫ શરીરમા લોહી ગઠાઇ જઇ ગોળી બાઝવી તે, ગડબ ૬ સપ, ઐક્ય 'એની એક ગાઠ છે' ગાંઠનુ-જાતનુ મડા ગાંઠ-મડદાના જેવી સખ્ત ગાઠ, પડેલી ગાઠ ન છુટે તેવુ ગાઠનુ ગોપીચદન-ખાનગી ખરચ; જેરફાયદો. ગાઠ કરવી-પૈસો એકઠો કરવો ગાંઠ પડવી-વેર બધાવુ, અટસ પડવો ગાંઠ બાધવી-સ્મર-

ણુમા રાખવુ ૨. નિશ્ચય કરવો, નક્કી કરવુ

ગાઠગળફો, પુ૦ સશય વહેમ ખટકો

ગાઠડી, **સ્ત્રી**૦ ગાસડી, બચકી ૨ ધન પેમો

ગાંઠડો, **પુ**૦ ગાસડો, બચકો

ગાંઠણુ,**ન**૦સાધો.૨ બે તાર જોડાયલા હોય તે ૩ ગાઠવાના દોરા–તાર તે ૪ ગાઠવાની રીત–ઢબ

ગાંઠવુ, **ક્રિ**૦ **સ**૦ દોરી તાર વગેરેને એક બીજા સાથે સાધવા, એક બીજા સાથે ગઠાઠ રહે તેમ કરવુ, ગુથવુ ૨ તાબે રહીને હુકમ માનવો, બદલુ, પત કરવુ, લેખવવુ ૩ મેળવવુ, પ્રાપ્ત કરવુ

ગાંઠાળુ, વિ૦ ગાઠાવાળુ,

ગાંઠિયો, **પુ**૦ સુકવેલી હળદરનો લાબો કકડો ૨ ચણાના લોટની તળેલી સેવ ૩ ગાઠ ૪ ગઠિયો,ધૂર્ત્ત

ગાઠિયોતાવ, **પુ**૦ ગાઠ નીકળીને આવતો તાવ

ગાઠો, **પુ**૦ ગાઠ, વેઢો, પેરાઈ આગળનો ભાગ

ગાડ, **સ્ત્રી**, [સ ૦ ગુદા] જ્યાથી શરીરનો મળ–નર્ક બહાર નીકળે છે તે,અપદ્વાર ૨ ચપટુ તળિયુ, બેસણી ગાડપર હાથ મકવો–બેફિકર–નચિત રહેવુ ગાંડમા ભરાવુ–ખુશામત કરી વહાલા થવુ ગાડ આગળી કરવી–છેડયા કરવુ ચિઢવવુ ગાડતળે રેલો ને પાગફી વાત મેલો–પોતાનો દોષ હોય તો પારકો દોષ ન કાઢવો ગાડના વેઠ લગી ડહાયુ–દોઢ ડહાયુ, ઝીણુ

ગાંડગમચાં, **ન**૦ મરડાટ, ચામોદિયા, આનાકાની

ગાડછા–પણુ **સ્ત્રી**૦ ઘેલછા ગાડાઇ

ગાડાઇ, **સ્ત્રી**૦ ઘેલાઇ, ગાડપણુ

ગાડિયુ, **વિ**૦ ગાડુ,ઘેલુ,નાદાન

ગાડીવ, **ન**૦ અર્જુનનુ ધનુષ્ય

ગાડુ, **વિ**૦ ભેજાનુ ખસેલુ,ડાગળી ચસકેલ,ચળેલુ, ઘેલુ,દિવાનુ,સાડીત્રણુ પાસળીનુ ૨ બેવકુફી ભરેલુ ગેરફાયદો થાય તેવુ (કામ)

ગાડુઘેલુ,**વિ**૦ ગાડુ ૨ સાદુ,પદ્ધત વગરનુ જેમ આવડે તેમ. ૩ અતિ આનદવાળુ

ગાડુતુર, વિ૦ પ્રેમઘેલુ, મોહાધ, બહુજ ગાડુ

ગાદરુ, **ન**૦ ગામનો ઝાપો, ભાગોળ,પરવાડ

ગાધિયાટુ,**ન**૦ ગાધીવટું ૨. ભેળસેળ,ગુચવાડો, ગોલ.

ગાધિયાણુ, **ન**૦ કરીયાણું વેચવાનો ધધો ૨ ગુચવાડો

ગાધી **પુ**૦ કરિયાણુ–વસાણુ–ઓસડ વગેરે વેચનારો વેપારી **ગાંધીનો** ગાધી ને પેઢીનો પેઢી–શેઠનો શેઠ ને નોકરનો નોકર

ગાધીવટુ, **ન**૦ ગાધીનો ધધો તે ૨ થોડુ થોડુ પણ બધી જાતનુ જ્ઞાન હોવુ તે

ગાયજો, **પુ**૦ હજામ,વાળદ,નાપિત **ગાંયજા** જેવો –બેશરમ,અવિનીત **ગાયજણુ**, **સ્ત્રી**૦ગાયજાની સ્ત્રી

ગાંસડી,**સ્ત્રી**૦કોઇ ચીજોનો બાધેલો જથો,પોટલી, બચકો ૨ વૃષણુ ૩ દરનો, પુજી "તેનો બાપ ગાસડી મૂકી ગયો છે"

ગાસડી પોટલો,**સ્ત્રી**૦લૂગડા લત્તાની બચકી

ગાસડો,**પુ**૦મોટી ગાસડી **ગાંસડાં** પોટલા બાધવા –ઉચાળો ભરવો, સ્થાન બદલવુ

ગા, **સ્ત્રી**૦ ગાય, ગૌ

ગાઉ, **પુ**૦ (સ૦ ગવ્યૂતિ) અતર,છેટુ, લબાઇનુ માપ, કોસ, દોઢ માઇલ

ગાગર (ગાગેર),**સ્ત્રી**૦ (સ૦ગર્ગરી)સાકડા મોનુ માટી કે તાબા પિત્તળનુ પાણીનુ વાસણુ ગાગર–બેડિયુ–બે ત્રણુ ગાગરોની ઉતરડ, બેડુ,શિકી

ગાગરડી, **સ્ત્રી**૦ નાની ગાગર

ગાજ, **પુ**૦ એક જાતનુ ઝીણુ સુતરાઉ રેશમી કપડુ ૨ બટન–બોરિયુ ઘાલવાનુ બોટેલુ નાકુ

ગાજર, **પુ**૦ (ફા૦ગાઝર) એક જાતનો છોડ તથા તેનો કાદો, રાતડીઉં ગાજરની પીપી વાગી તો વાગી નહિ તો કરડી ખાધી–નુકશાન જાય કે નફો થાય એ બનેમા જેને સરખુ છે એવા માટે વપરાય છે ગાજર તાણુવુ–મોટુ ટીલુ કરવુ

ગાજરિયો, **પુ**૦ ઉભુ મોટુ ટીલુ

ગાજવીજ, **સ્ત્રી**૦ ગગડાટ અને વીજળીઓ થવી તે ૨ ખૂબ ધામધુમ કરવી તે

ગાજવુ, **ક્રિ**૦ **અ**૦ (સ૦ ગર્જ) ગરજના કરવી, આકાશમા ગડગડ અવાજ થવો ૨ મોટી બુમ પાડવી, તડુકવુ ૩ વાગવુ, અવાજ થવો ૪ મોટુ નામ કરવુ ૫. ધાટા પાડી ઠપકો દેવો ૬ ધામધુમ કરવી, ફુલાવુ ૭ તુમાખીમા રહેવુ.

ગાજતું વાજતુ માડવે આવશે એની મેળે જાહેર થશે–જણાશે. ગાજતા મેઘ વરસે નહિ–બોલે તે કઇ ન કરે ગાજે તેનુ વાજે–બોલે તેના બોર વેચાય
ગાજીમરદ, પુ૦ (આ૦) બહાદૂર લડવૈયો, પહેલવાન
ગાઠવુ, ક્રિ૦ અ૦ ઠગાવવુ, છેતરાવુ ૨ ઘસાવુ
ગાઠુ વિ૦ ઘસાયેલુ,નબળુ પડી ગયેલુ ૨ આછુ ૩ હારેલુ.
ગાડદી, પુ૦ (અ૦ ગાર્ડ,) સિપાઇ, પહેરેગીર
ગાડર, ન૦ (સ૦ ગડ્ડર)ઘેટુ, મેઢુ
ગાડરિયુ, વિ૦ ગાડરા જેવુ, બીકણુ
ગાડરિયો પ્રવાહ,પુ૦ ગાડરની પેઠે વિચાર કર્યા વિના એકની પાછળ બીજાએ દોરાવુ–ઘસડાવુ તે
ગાડરુ ન૦ ઘેટુ, મેઢુ
ગાડલી, સ્રી૦ આકાશમા જે છ તારા ગાડીના આકારે દેખાય છે તે,રોહીણી નક્ષત્ર ૨ ગાડલુ ,ગાડુ
ગાડવુ, ક્રિ૦ દાટવુ,ખાડો કરીને મૂકવુ
ગાડવો, પુ૦ માટીનુ ઘડા જેવુ વાસણ.
ગાડી,સ્રી૦ (દે૦ ગડ્ડી,સ૦ ગન્ત્રી) જેમા બેસીને દૂર જવાય છે તે વાહન, બે અથવા ચાર પૈડાનુ યાન, રેકળો, દમણી, ચારઠ, બગી, ઇ૦ ૨ રેલવે, આગગાડી
ગાડીત, પુ૦ ગાડી હાકનાર, ગાડીવાન
ગાડીવાન, પુ૦ ગાડી હાકનાર
ગાડુ, ન૦ માલ ભરવાની જે મોટી બળદની ગાડી તે ગાડુગરીડુ–ગાડુ અને એવુ બીજુ ગાડુ હાકવુ–વાહન ચલાવવુ ૨ જેમ તેમ કામ ચલાવવુ ૩ વ્યવહાર ચાલુ રાખવો ગાડે ગાડા–પુષ્કળ,ઢગલાબધ ગાડાવાટ–ધોરી રસ્તો, રાજમાર્ગ ગાડે ચઢીને આવવુ–ખુલ્લી રીતે, ઉઘાડે છોગે ગાડાના હડા જેવડુ (નાક)–ઘણુજ મોટુ
ગાઢ, વિ૦ (સ૦) ભારી,ઘોર, (ઉંઘ) ૨ અત્યત, ઘણુજ (અધારૂં)૩ અતિશય, છેકજ (અજ્ઞાન)
ગાઢું, વિ૦ ઘાડુ, બહુજ
ગાણું, ન૦ ગાયન, ગીત
ગાત, ન૦ ગાત્ર, શરીર, અંગ
ગાતડી, સ્રી૦ઓઢણુ ઓઢી છાતીપર ગાઠ વાળવી તે, ઘાટડી [જુદાજુદા અવયવ.
ગાતર, ન૦ (સ૦ ગાત્ર)અગ,શરીર ૨ શરીરના
ગાત્ર, ન૦ (સ૦) શરીરના સ્નાયુ 'તેના ગાત્ર શિથિલ થઈ ગયા છે' ૨ અગ,અવયવ.
ગાથા, સ્રી૦(સ૦ગૈ–ગાવુ)એક તરેહની કવિતા ૨ કવિતામા લખેલી વાર્તા તે કથા, વાર્તા
ગાદલુ,ન૦ ભારે મોટુ ગોદડુ
ગાદી,સ્રી૦ઉચી બેઠક,ગળદાર બિછાનુ ૨ આસન, તખ્ત, સિહાસન [૩ વારસ
ગાદીપતિ,પુ૦ગાદીનો ધણી,રાજા.૨ મહત,ઉપરી
ગાન, ન૦ (સ૦ ગૈ) ગાયન. [ખુશાલી
ગાનતાન, ન૦ ગાવુ બજાવવુ તે ૨ ચેનબાજી,
ગાન્ધર્વ, વિ૦ ગધર્વને લગતુ,ગધર્વ પ્રમાણેનુ
ગાન્ધર્વ વિવાહ, પુ૦ વર કન્યા પોતાની મેળે લગ્ન કરે તે [કૌરવોની માતા.
ગાન્ધારી, સ્રી૦ગન્ધારદેશના રાજાની પુત્રી અને
ગાફેલ, વિ૦ (આ૦)અસાવધ, બેખબર,બેભાન
ગાબડી,સ્રી૦ નાનુ કાણુ, નાનુ ગાબડુ ૨ કપતરુ ઉખેડી ગયેથી પડેલો આછો ખાડો.૩ એકાએક ગેરહાજર રહેવુ તે, બહાનુ કાઢીને જતુ રહેવુ તે
ગાબડુ,ન૦ગાબડી,કાણુ બાકોરુ ૨ સટકી જવુ તે
ગાભ,પુ૦ગરભ,જુઓ 'આભ,ગાભ ને વર્ષા તારા'
ગાભણી સ્રી૦ (સ૦ ગર્ભિણી) ગર્ભવાળી
ગાભરુ, વિ૦ અકળાયેલુ,ગુચવાયેલું, ચિત્ત શાત ન હોય તેવુ ,બહેબાકળુ
ગાભલુ, ન૦ પિંજેલા રૂનો ગોટો ૨ વાદળ જેવુ તે ૩ નાજુક ને પોચુ એવુ જે તે,કડકો,ગાભો
ગાભાચુથા, પુ૦ ફાટેલા તુટેલા કપડા–કાગળના ટુકડા, મેલાકુચા
ગાભો,પુ૦ પાઘડીમા ઘાલવાનુ બોતાનું;ચુથરુ ૨ મઢેલા ઘરેણામા તાબા પિતળની જે સળી મૂકવામા આવે છે તે ૩ લુગડાનો નકામો કુચો, રદ્દી કપડુ ૪ ગર ગાભા કાઢી નાખવા–મહાત કરવુ, આટો કાઢી નાખવો
ગામ, ન૦(સં૦ગ્રામ)કેટલાક ઘરો અને થોડીક વસ્તીવાળુ ગામડુ, ખેડુ [આજીવિકા તે
ગામગરાસ,પુ૦ માલમિલકત,ગામની આવકરૂપી

ગામગોર, પુ૦ પરોત ગામોટ
ગામઠી, વિ૦ (સ૦ ગ્રામસ્થ) ગામડા સબધી, ગામડાની રીતભાતનુ, દેશી
ગામડિયુ, વિ૦ ગામડાની રીતભાતનુ, જગલી, સફાઇ વગરનુ ર અનાડી,અણુંકસબી ૩ અસભ્ય, તોછડુ.
ગામડિયો, પુ૦ ગામડાનો રહેનાર, રાચો, રાબો
ગામડુ, ન૦ નાનુ ગામ [ગ્રામદેવતા.
ગામદેવી સ્રી૦ ગામનુ રક્ષણ કરનારી દેવી તે,
ગામપચ,ન૦ ગામના આગેવાનોનુ મડળ [દુ ખ
ગામવખો,પુ૦ ગામથી જુદા પડવુ તે,ગ્રામત્યાગનુ
ગામસારણી,સ્રી૦ આખુ ગામ જમવા નોતરવુ તે, શમુમેળો
ગામી, પુ૦ ગામનો માલીક,મુખી ર.માળી
ગામી, વિ૦ જનાર 'ક્ષેત્રગામી'
ગામેતી, પુ૦ ગામનો કોટવાળ,ગામ ધણી
ગામોટ,પુ૦ ગામડાના લોકને શુભાશુભ કર્મ કરાવનાર, ગામગોર.
ગામોટુ, ન૦ ગામોટનો જે ધધો તે
ગામોતર, પુ૦ ગામનો બહારવટિયો
ગામોતરું, ન૦ (સ૦ ગ્રામાન્તર) પરદેશ ફર્યા કરવુ તે, દેશત્યાગ, વિવાસન
ગામ્ભીર્ય ન૦(સ૦) ગભીરપણુ, ગભીરતા
ગાય, સ્રી૦(સ૦ ગૌ) જેને ગળે જાડી ચામડી લબડતી હોય તેવી પશુની માદા, ધેનુ, ગૌ ર સાલસ ગાયના ભાઇ જેવુ-મૂર્ખ, બુડથલ, બેલ જેવુ ગાયનુ ભેસ તળે અને ભેસનુ ગાય તળે સમજ્યા વગરનો ફેરફાર તે, ગરબડ સરબડ
ગાયક, પુ૦ (સ૦) ગાનારો,ગવૈયો
ગાયકવાડ,પુ૦ એક રાજવશી અટક વડોદરાના રાજાઓ ગાયકવાડ કહેવાય છે
ગાયકવાડી, વિ૦ અધેરવાળુ,સોસણુ
ગાયકા, સ્રી૦ ગાનારી
ગાયત્રી, સ્રી૦ (સ૦) એક વદનો મત્ર ॐ तत्सवितुर्वरेण्य । भर्गोदेवस्य धीमहि । धियो यो न प्रचोदयात् ।એ મત્રનો ઉપવીત દેવાયા પછી બ્રાહ્મણ,ક્ષત્રિય અને વૈશ્યને રોજ જપ કરવાનો હોય છે એને શક્તિ (દેવી) રૂપે કલ્પી સ્તુતિ કરે છે ર ચોવીસ અક્ષરનો એક વૈદિક છદ એમા છ છના ચાર ને આઠ અક્ષરના ત્રણ ચરણ હોય છે
ગાયન, ન૦ ગાવુ તે, ગીત ગાવાની વિદ્યા-કળા
ગાર, સ્રી૦ છાણ માટીનો લીપવાનો ગારો
ગાર, વિ૦ ગાર જેવુ ર. ઘણુજ ઠડુ ૩ પુ૦ (ફા૦) કરનાર, અર્થ સૂચક પ્રત્યય 'મદદગાર'
ગારદી, પુ૦ (અ૦ ગાર્ડ) પહેરેગીર, ચોકીદાર
ગારવો,પુ૦ગર્વ,અહકાર.'માનવતી મા કર ગારવો'
ગારિયુ,ન૦ ગાર ર રાધેલા અન્ન ઉપર ઢાકવાનુ ટોપલા જેવુ માટીનુ ઠામ ૩ ગારો વહેનાર મજુર
ગારુડી, પુ૦ (સ૦ ગારુડિક) બાજીગર,મદારી, વાદી,જાદુગર ર મેલી વિદ્યા જાણનારો ૩ ચિકિત્સક ભિષક [ચાલાકી
ગારુડીવિદ્યા, સ્રી૦ નજરબધી, ઇદ્રજાળ, હાથ
ગારો, પુ૦ ગાર કાદવ કચરો ર પલાળી કસણેલુ મટોડુ ૩ કોલ,કહોવડાવેલો ચુનો [ગૃહસ્થપણું.
ગાર્હસ્થ,ન૦ (સ૦) પરણેલી જીદગીની સ્થિતિ,
ગાલ, સ્રી૦ જમવા બેઠેલી પગત,હાર,ધાલ
ગાલ, પુ૦(સ૦ ગલ્લ) ચેહેરાની બાજુનો આખની નીચેનો જે ભાગ તે
ગાલમશુરિયુ,ન૦ (આ૦ મશરૂ) ગાલ નીચે મૂકવાનુ મશરૂનુ ગોળ નાનુ ઓસીકુ
ગાલમારૂ,વિ૦ બડાઈખોર,ગપાટા હાકનાર.
ગાલાવેલુ, ન૦ દાધારેગુ, અડધુ ગાડા જેવુ
ગાલી,સ્રી૦મે ડુગરો વચ્ચેની જગા,ખીણુ ર ગાળ
ગાલીચો, પુ૦(ફા૦)ફૂલ વેલબુટ્ટાવાળુ પાથરવાનું બિછાનુ, ઉંચી જાતની સેતરજી
ગાલ્લી,સ્રી૦ગાડી,ડમણી ર.ત્રીસ મણનુ એક માપ
ગાલ્લુ, ન૦ મોટુ ગાડુ, ખિજગાલ્લુ
ગાવડી, સ્રી૦ ગાય, ગૌ, ધેનુ [મૂર્ખ
ગાવદી,વિ૦ ગોબુ,ગદુ ર જગલી, અણસમજુ,
ગાવલી, સ્રી૦ (ગામડી) દલાલી,આડત
ગાવુ, ક્રિ૦ સ૦ (ગૈ-ગાવુ) કાનને પ્રિય લાગે તેવા રાગ કાઢવો, અલાપવુ ર કવિતા બોલવી ૩ કોઈના વખાણ કરવા,બણુગા ફુકવા, ઉપકાર કર્યો હોય તે કહી બતાવવુ.

ગાસ-ઉ,પુ૦ધાણીની આસપાસનો વટાયલો કચરો, ૨ તુવેરો ઈ૦ ના ઝીણા છોડા

ગાળ, સ્રી૦ (સ૦ ગાલિ)રીસ ચઢે તેવુ ભાષણ, અપશબ્દ,ભુડુ ભાષણ ૨ પુ૦ કુવામાનો ગાળતા નીકળેલો કચરો

ગાળવુ,ક્રિ૦ સ૦ કુવા વગેરેમાથી કચરો કાઢવા ૨ ધાતુનો આચ દઇ રસ કરવો,ઓગાળવુ ૩ પાણી વગેરેને ગળી શુદ્ધ કરવુ, છણવુ ૫ ચાળવુ, નિતારવુ ૬ ઘટાડવુ,પાતળુ કરી નાખવુ,સુકવવુ ૭ વખત કાઢવો ગુજારવુ

ગાળાગાળી,સ્રી૦અરસપરસ અપશબ્દ કહેવા તે

ગાળિયુ, ન૦ છાશના કુચા ૨ કામનુ બધન ૩ ગળણી ૪ ઢોરની ડોકમા ઘાલવાનો દોરડાનો ગાળો ગાળિયુ કાઢી નાખવુ–વચમાથી છટકી જવુ, કામમાથી ખસી જવુ,બહાનુ કાઢી ન કરવુ

ગાળી,સ્રી૦ ગાળ

ગાળુ, ન૦ વચમાનો વખત, છેડુ

ગાળો, પુ૦ બૈરાને પહેરવાનુ એક જાતનુ કપડુ ૨ પિજેલુ રૂ ૩ અવધિ, વેળા, અવકાશ ૪ ફેર, વટાવ,વચ્ચેનો તફાવત ૫ છેડુ,અતર ૬ આખા ઘરના લબાણ ભાગમાતો દરેક ખડ,વિભાગ.૭ મોસમ, રત "લગન ગાળો" ૮ ફાસો,દોરડાની સરકાવાય તેવી આટી ૯ ઘડીનુ મો ૧૦ સાધા, શરીરસધ ૧૧ ઓસાર, પહોળાઇ, પનો

ગિદુ, પુ૦ ગેદ, ફૂલનો દડો. [સજડ, ઘટ

ગિચ્ચ,વિ૦ભીડાયલુ, સકડાઈ રહેલુ ભરપુર ૨ અ૦

ગિદ્દડ, વિ૦ આળસુ,સુસ્ત,પડી રહેનાર ૨ ન૦

ગિન્ન, પુ૦ ઘા, ચોટ ૨ હડસેલો,ધક્કો [શિયાળ

ગિબ્બો, પુ૦ મુક્કોનો માર તે, ઠોસો,ગડદો

ગિરજા, સ્રી૦ પાર્વતી, ગિરિજા

ગિરદ, સ્રી૦(ફા૦) ધૂળ, રજ ૨ હવામા ધૂળની જે કણો ઉડે છે તે [બોલી, જબાન.

ગિરા, સ્રી૦ (સ૦ ઉદ્+ગિર્)વાણી, સરસ્વતિ,

ગિરાસ, પુ૦ ગરાસ, જુઓ

ગિરિ,પુ૦ (સં૦) પહાડ, ડુગર, પર્વત.

ગિરિવર, વિ૦ પર્વતને ઉંચકનાર,શ્રીકૃષ્ણ

ગિરિધારી, પુ૦ શ્રીકૃષ્ણ.

ગિરિરાજ પુ૦ મોટો પર્વત, પર્વતોનો રાજા.

ગિરિશૃગ, ન૦ (સ૦) પર્વતની ટોચ,શિખર

ગિરીશ,પુ૦ (સ૦) મોટો પર્વત,હિમાલય પર્વત

ગિરેબાજ,ન૦(હિ૦ગિરના)એક જાતનુ ગુલાટ ખાનારુ કબુતર [ઢાકે તે ભાગ, ગળુબધ

ગિરેબાન, પુ૦ (ફા૦) પોશાકનો ડોક ગરદનને

ગિલાખોર, વિ૦ (ફા૦)નિંદાખોર, બદબોઈ કરનાર ૨ ચાડિયો [મોજે થાય છે તે,વળ.

ગિલ્લી, સ્રી૦ ગીલી,મોઇ ૨ દરદને લીધે કકણ

ગિલ્લીદડો, પુ૦ મોઈદડાની રમત.

ગિલ્લો, પુ૦ (ફા૦) કોઇની આબરૂ જાય તેવી વાત ઉરાડવી તે, ગીબત, નિંદા,

ગિસોડા, ન૦ તુરિયા [ગયો.'—**શામળ૦**

ગિસ્ત વિ૦ નકામુ,ફોગટ 'તે ગિસ્ત બોલ માર્યો

ગીગલાવુ, ક્રિ૦ અ૦ મકળાવુ,ગભરાવુ ૨ ખુશી થવુ, કીલકારીઓ કરવી

ગીગી, સ્રી૦ કીકી, નાની છોકરી,બાળકી

ગીગો, પુ૦ કીકો, નાનો છોકરો

ગીચ, વિ૦ સકડાયેલુ, ભિડાયેલુ,ભરચક,ભરપુર

ગીત,ન૦(સ૦) રાગમા ગવાય તેવા પદ, ગાયન ૨ ઘોળ, ગરબી ૩ માણા

ગીતા, સ્રી૦ (સં૦)ઉપદેશાત્મક કથા, જેમા જ્ઞાન બોધ હોય તેવો ગ્રથ

ગીતાર્થ, પુ૦જૈન સિદ્ધાતના અર્થ જાણનાર

ગીતિ,સ્રી૦(સ૦) આર્યા છદનો એક ભેદ. એમા પહેલા ને ત્રીજા ચરણમા ૧૨, અને બીજાને ચોથા ચરણમા ૧૮ માત્રા હોય છે

ગીદ,ન૦ગીધ, જુઓ. [મોટુ એક પક્ષી, ગડધન

ગીધ, ન૦ (સ૦ ગૃધ્ર) માસ ખાનારુ સમડીથી

ગીની, સ્રી૦ (પો૦,અં૦) સોનાનો એક બ્રિટિશ સિક્કો, ૧૫ રૂપિયાનો સિક્કો

ગીબત, સ્રી૦ (આ૦)બદબોઇ, નિંદા ૨ તહોમત; આળ. ૩ ચાડી.

ગીબતખોર, વિ૦નિંદાખોર, ચાડીઓ.

ગીબવુ, ક્રિ૦ સ૦પીટવુ,ધીબવુ,ગડદા મારવા.

ગમોગીમ, અ૦ ઉપરાઉપરી, ધમોધમ.

ગીર, અ૦ ગોસાઇઓની જાત બતાવનાર પ્રત્યય,

૨ (ફા૦) લેનાર, વાળુ, જોનાર, એવો અર્થ સૂચક પ્રત્યય ' દસ્તગીર,તમાસગીર'૩ ન૦ ગીરનારનુ જગલ
ગીરદેશી, સ્ત્રી૦ બલિહારી ખુબી
ગીરદો, પુ૦પ્રવાહીનો ઠરેલો કચરો,ગાળ,બગદો
ગીરનાર, પુ૦ એ નામનો એક પર્વત, રૈવતાચળ
ગરનારો, પુ૦ ગીરનાર પાસે રહેતા બ્રાહ્મણો
ગીરફતાર, વિ૦ (ફા૦)તલ્લીન ગર્ક થયેલુ એકતાર
ગીરફતારી, સ્ત્રી૦ તલ્લીનતા, એકતારપણુ.
ગીરવી,વિ૦(ફા૦)ઘરેણે આપેલુ–લીધેલુ હોય તેવુ
ગીરો, વિ૦ ઘરેણે પાસે રાખેલુ હોય તેવુ
ગીરોખત,ન૦(ફા૦)ઘરેણિયાત દસ્તાવેજ,સાનખત
ગીરોનું, વિ૦ પોતીકુ,પોતાનુ,ગાડનુ,૨ ઘરેણિયાત
ગીર્વાણ,વિ૦(સ૦)દેવ સબધી,દેવતાઇ ૨ સસ્કૃત
ગીલતાન,પુ૦(ફા૦)ચીતરેલો ચીકલવટ, વેલડિયાટ
ગીલી, સ્ત્રી૦ગલી,કોઇનો હાથ અડતા થતી શરીરની ચમક તે ૨ મોઇ
ગીસલુ, ન૦ધુસરુ, જેસલુ (કાઠિ૦)
ગુગણુ,વિ૦નાકમાથી બોલતુ, ગુગુ [ગભરામણ
ગુગળાટ, પુ૦ શ્વાસારોધ, શ્વાસના રોકાણની
ગુગળાવુ, ક્રિ૦ અ૦ અકળાવુ ગભરાવુ, શ્વાસના અટકવાથી અમુઝાવુ
ગુગુ, ન૦નાકનો જાડામળ,ગુગો,લિંટનો લોચો
ગુગુ, વિ૦ ગુગણુ.૨ મુગુ
ગુંગો, પુ૦નાકના મળનો લોચો,પોપડો,૨ એક જાતનો જીવડો ૩ વિ૦નાકમા બોલનારો ગુગણો ૪ [ફા૦] બોબડો.
ગુચ, સ્ત્રી૦ આટી,પેચ 'દોરાની ગુચ' ૨ બારીકી, પેચ, આટીઘુટી [તેવુ જે તે
ગુચવણ,સ્ત્રી૦ બારીકી, આટી,પેચ,ઉકેલ ન થાય
ગુચવણી, સ્ત્રી૦ગુચવાડા,ગુચવણ
ગુચવવુ, ક્રિ૦ સ૦ અકળાવવુ, ગુચાય તેમ કરવુ, પેચમા આણવુ
ગુચવાડો–રો, પુ૦ ગુચવણ, જુઓ
ગુચવાવુ, ક્રિ૦ અ૦ ગભરાવુ અકળાવુ, ચિત્તની વિકળતા કરવી ૨ સેળભેળ થવુ,ગુચાઇ જવુ.
ગુછળી, સ્ત્રી૦ (સ૦ ગુચ્છ) દોરીની આટી ૨ પતગની કાચ પાયેલી દોરી,માજો
ગુછળુ, ન૦ગોળ આકારમા વિટેલુ હોય તે
ગુજ, સ્ત્રી૦ છાનીવાત, છાની અને ધીમી વાતો, રહસ્ય ૨ ચણોઠી ૩ ગાઠ, આટી. ૪ ગુજારવ
ગુજવુ, ક્રિ૦ સ૦ ગણગણવુ અવ્યક્ત મધુર અવાજ કરવો તે ૨ ગોટાવુ
ગુજા, સ્ત્રી૦ચનોઠી ૨ રતિ [૨ ગણગણાટ, ઝકાર
ગુજાર પુ૦ભમરા–મધમાખની પાખોનો અવાજ
ગુજારવ, પુ૦ ગુજાર
ગુજાશ, ન૦ (ફા૦) શક્તિ,સામર્થ્ય,બળ,ગજુ
ગુંજીયુ, ન૦ ગજવુ,ખીસુ ૨ ધુમાતો દેવતા
ગુજુ, ન૦ ગજવુ, ખીસુ
ગુઠન ન૦ ગુથણ, ગાઠણ
ગુંઠો, પુ૦ જમીનનુ એક માપ
ગુણસુ, વિ૦જાડુ ને ઠીંગણુ,ગદાલુ
ગુતાવુ, ક્રિ૦અ૦કામકાજમા રોકાવુ–હોવુ
ગુતો પુ૦ અટસ, ગાઠ ૨ ગુચ, આટી ૩ ડપકો, મમરો શક
ગુથણ, ન૦ ગુથવાની કળા–કામ તે, ગુથાવુ તે
ગુથણી, સ્ત્રી૦ ગુથવાની મજુરી ૨ ગુથવાની આવડત, ગુથણનુ જે કામ તે
ગુથવુ, ક્રિ૦સ૦ (સ૦ ગ્રથ્–વણવુ)દોરા અથવા તારને એક બીજા સાથે જોડી સાકળી–જાળી કરવી
ગુથાવુ, ક્રિ૦અ૦ ગુથેલુ થવુ,જોડાવુ, ગઠાવુ ૨ ગુચવણમા પડવુ,રોકાવુ,ગુચવાવુ, ભરાવુ
ગુદ, પુ૦ મ૦ગોંદ)ગુદર.
ગુદડો,પુ૦એક જાતનુ ઘાસ [રસ, નિર્યાસ, ગાળ
ગુદર, પુ૦ ઝાડની છાલમાથી નીકળતો ચીકણો
ગુદરપાક, પુ૦ ગુદરની સાથે મસાલો મેળવી તૈયાર કરેલો પુષ્ટિકારક પાક તે ૨ ટાઢો માર
ગુદરિયુ, ન૦ ગુદર પલાળવાનુ પાત્ર [જાણુ
ગુદવડુ,ન એક જાતની ખાવાની ચીજ, ગુલાબ
ગુદવુ, ક્રિ૦ સ૦ દાબી મસળીને નરમ કરવુ,કેળવવુ ૨ મારવુ ઠોકવુ,૩ ખુદવુ, કચરવુ
ગુદાવવું, ક્રિ૦ સ૦ગદડાવવુ, ખુદાવવુ
ગુદાવુ, ક્રિ૦ અ૦ખુદાવુ,કચરાવુ, ચગદાઈ જવુ ૨ હેરાન થવુ, રગડાવુ.

ગુદિયું, વિ૦ ચીકણું, ગુંદરવાળું ૨. ગુંદરિયું
ગુદી, સ્ત્રી૦એક જાતનું ઝાડ
ગુદીપાક, પુ૦ માર ૨ ગુંદરપાક
ગુદું, ન૦ગુદીનું ફળ [જાતનો ગુંદર
ગુગળ, પુ૦ (સં૦) બળતા સુગંધ આપતો એક
ગુગળી, પુ૦બ્રાહ્મણની એક જાત ૨ વિ૦બખીલ, કંજુસ ૩ ગંદું, મેલું ૪ ન૦ ગુગળનું ઝાડ
ગુચપુચ, વિ૦ ગુપ્ત, છાનુંમાનું, ધીરુંધીરું ૨ અ૦ ચૂપચાપ, છૂપી રીતે
ગુચ્છ, પુ૦ (સં૦) ગુચ્છો.ગુચ્છેદાર–ગુચ્છાવાળું
ગુચ્છો, પુ૦ ગોટો, કલગી, વસ્તુનો સમુદાય ૨ વાળનો જથો, જુલ્ફા [અણીદાર ખીલો
ગુજ, સ્ત્રી૦બે પાટીઆ સાંધવાનો ખીલો, બે બાજુ
ગુજર, પુ૦ ગુજ્જર, જુઓ
ગુજરડા ગોરમટી, સ્ત્રી૦ ગ્રહશાંતિ કરવા સારૂ ચોરી કરવા માટે માટી લાવે છે તે
ગુજરડું, ન૦ ગણપતિની પાસે મૂકવાનું માટીનું વાસણ,માટીની ગાજર જેવી આકૃતિ
ગુજરવું, ક્રિ૦ અ૦(ફા૦ ગુઝશ્તન્)જવું, વહી જવું,વીતવું,ક્ષય થવો, વટવું ૨ નાશ પામવું, મરી જવું ૩ બનવું, માથે આવી પડવું
ગુજરાત, સ્ત્રી૦ (ગુર્જર+રાષ્ટ્ર) હિંદની પશ્ચિમે આવેલો ગુર્જરોનો દેશ
ગુજરાતી, વિ૦ ગુજરાત સંબંધી,ગુજરાતમાં રહેનાર ૨ ગુજરાતની ભાષા–લોક સંબંધી
ગુજરાન, ન૦ (ફા૦) નિર્વાહ, જે ઉપર જીવન નિભે તે,૨ જેથી જીંદગી સલામત રહે તેવી ખોરાકી પોશાકીની તજવીજ, આજીવિકા
ગુજરી, સ્ત્રી૦(સં૦)સ્ત્રીને હાથે પહેરવાનું કંકણ. ૨ શહેર–કસ્બામાં સાંજ સવાર ભરાતો બજાર ૩ ગુજરાત દેશની સ્ત્રી
ગુજરી જવું, ક્રિ૦ અ૦મરી જવું,નાશ થવો ૨ બનવું વહી જવું, વિતવું, વટવું.
ગુજાર ટોલ્લો,પુ૦મોઇ દંડાની એક રમત
ગુજારત, સ્ત્રી૦ (ફા૦)સાક્ષી,રૂબરૂ.
ગુજારવું, ક્રિ૦ સ૦(ફા૦)રજુ કરવું દાદ માગવી. ૨.વિતાડવું, ગાળવું,નિર્ગમન કરવું, બરબાદ કરવું. ૩ સતાવવું, પીડવું, પજવવું. **જુલમ ગુજારવો**— દુઃખ દેવું પજવવું **દિવસ ગુજારવા**–દિવસ વ્યતિત કરવા–ગુમાવવા **અરજ ગુજારવી**–રોદણાં રોવા, દાદ માગવી
ગુજારો, પુ૦ (ફા૦) નિભાવ, નિર્વાહ.
ગુજ્જર, પુ૦ (સં૦) એક જાતનો ગુંદર ૨ બાવળની એક જાત [ઓની બાંધેલી ચોપડી.
ગુટકો, પુ૦ આડા લખેલા નાના કદના પાનાં-
ગુટિકા, સ્ત્રી૦ (સં૦)ગોળી,ગરગોલી.
ગુડ, પુ૦ (હિં૦) ગોળ
ગુડવું, ક્રિ૦ સ૦ કાપવું, વાઢવું,૨ દાટી ઘાલવું.
ગુડાકેશ, પુ૦ શિવ ૨ અર્જુન
ગુડી, સ્ત્રી૦(મ૦ગુઢ) ખુશીનો ઝુંડો,માણેકસ્તંભ.
ગુડી પડવો, પુ૦ ચૈતર શુદ ૧,બેસતું વર્ષ
ગુડો, પુ૦ મરનારને રોવા જવું તે, કાણ.૨.પગનો નળો. ૩. બળ,શક્તિ, હાડ.૪.વિ૦લુચ્ચું ,શઠ.
ગુણ, પુ૦(સં૦) ખાસિયત તે,ધર્મ ૨ લક્ષણ,શક્તિ, કાબેલિયત,ડહાપણ,આચરણ. ૩. ફાયદો,લાભ.૪. તબિયત ઉપર થતી સારી અસર, અનુકુળ આવવું ૫.ખાસિયત,પ્રકૃતિ,સ્વભાવ ૬ માણસની પ્રકૃતિના પ્રકાર (સત્વ, રજ ને તમ) ૭ દોરી,પણછ (ધનુષની) ૮ ગણેલું, ગુણીને વધારેલુ "શતગુણ,અષ્ટગુણ"૯. (ભૂમિતિમાં) કૌંસની જમા. ૧૦ ત્રણ સંખ્યાની સંજ્ઞા ૧૧. દોર, દોરડુ, રસો. ૧૨ સ્ત્રી૦ છાલકુ, લગડુ ૧૩ કોથળો, થેલો ૧૪ ચાર મણનું માપ, ગુણી [કારી, આભારી
ગુણઓશિંગણ, વિ૦ ગુણથી દબાએલું, ઉપ
ગુણક, વિ૦જેથી ગુણવું તે,ગુણનાર,આવર્તક.
ગુણકથન, ન૦ગુણ કહેવા તે;વખાણ, ગુણાનુવાદ.
ગુણકા, સ્ત્રી૦ ગણિકા
ગુણકાંક, પુ૦ જે આકડાથી ગુણવાનું હોય તે.
ગુણકારક, વિ૦ફાયદો કરનાર,હિતકર, ઉપયોગી, ફળદાયક
ગુણગાન, ન૦ ગુણકથન,કથા, આખ્યાન
ગુણગુણ, અ૦ ગણગણ ૨ બડબડ.
ગુણગુંજ, વિ૦ (સં૦) ગુણ જાણનાર, ગુણજ્ઞ; ૨ સ્ત્રી૦ ખ્યાતિ

ગુણગ્રાહક, વિ૰ (સ૰)ગુણ જાણનાર,ગુણલેનાર

ગુણગ્રાહી, વિ૰ ગુણજ્ઞ, ગુણલેનાર

ગુણજ્ઞ, વિ૰ (સ૰) ગુણ જાણનાર કદરદાન.

ગુણનિધિ, પુ૰(સ૰) ગુણનો ભંડાર, ગુણસાગર.

ગુણપાટ,ન૰(સ૰)તાટ,શણ સુતળીનો વણાટ—તાપડું

ગુણપાડ, પુ૰ સપાડું, આભાર, ઉપકાર

ગુણવંત-વાન, વિ૰ (સ૰) સારા લક્ષણવાળું, ગુણી, ગુણવાળું

ગુણવાચક,વિ૰ (સ૰) જે ગુણ બતાવે છે તે

ગુણવિશેષણ, ન૰ (સં૰)ગુણ દેખાડનાર શબ્દ, કોઈ વસ્તુ—નામનો સારો ખોટો ધર્મ બતાવનાર વિશેષણનો એક ભેદ 'રાતો ઘોડો'

ગુણવું, ક્રિ૰ સ૰એક સંખ્યાને,બીજી સંખ્યાના પ્રમાણે વધારવી, એક એકથી વધારવું

ગુણસાગર, પુ૰ ગુણનો ભંડાર, ગુણનિધિ

ગુણહીન,વિ૰યોગ્યતા વગરનું,ગુણ વગરનું,નાલાયક

ગુણાકાર, પુ૰ (સ૰ ગુણ+આ+કૃ—કરવું) એક સંખ્યાને બીજી સંખ્યાએ ગુણવાથી જે રકમ ઉપજે તે ૨ એક સંખ્યાને બીજીએ ગુણવાની,ટુંકી રીતે સરવાળો કરવાની જે રીત તે, ઘાત, ગુણતા

ગુણાતીત, વિ૰(સં૰અતિ+ઈ—જવું)ત્રણે ગુણોની કલ્પના રહિત—નિરાકાર ઈશ્વર તે

ગુણાન્વિત, વિ૰ (સ૰)ગુણયુક્ત, ગુણવાળું

ગુણિયલ, વિ૰ ગુણવંત, જુઓ

ગુણિયો પુ૰મોટો ઘડો ૨ ગુણ,થેલો

ગુણી, વિ૰ ગુણવાળું, સદ્‌ગુણી,સદાચારી

ગુણી, પુ૰ભૂતપ્રેતકાઢનારો, ભુવો ૨ થેલો, કોથળો

ગુણીજન, પુ૰ સજ્જન,ગુણવાળું માણસ વિદ્વાન

ગુણોત્તર, ન૰ એક જાતની બે સંખ્યાને પરસ્પર ભાગ્યાથી ભાગાકારની જે સંખ્યા આવે તે ભાગે આવતું

ગુણ્ણું, ન૰પાપડનો લુવો, ગુલ્લું

ગુણ્ય, વિ૰ ગુણવાને યોગ્ય

ગુણ્યાંક, પુ૰ (સ૰) જે આંકડાને બીજા કોઇ સાથે ગુણીને વધારવા હોય તે

ગુત્તો, પુ૰ ફા૰ ઈજારો, એક હત્થુ વપાર મક્તો

ગુદરત, ન૰ (ફા૰) ગત પામવું

ગુદા, સ્ત્રી૰ (સ૰ ગુદ)ગાંડ, મળદ્વાર

ગુનેહગાર,વિ૰(ફા૰)અપરાધી,તકસીરવાન ૨ પાપી

ગુનેહગારી, સ્ત્રી૰ તકસીર, વાંક, અપરાધ, દોષ સજા, દંડ.

ગુનો, પુ૰ તકસીર, વાંક, અપરાધ, દોષ

ગુપચૂપ, અ૰છાનામાના, કોઇ ન જાણે તેમ

ગુપ્ત, વિ૰ (સં૰) છાનું, કોઇ જુવે—જાણે નહિ તેવું, છુપાવેલું

ગુણો, પુ૰ કોથળો, ગુણ ૨ સરસામાન ગુણા ભરવા—સરસામાન લઈ જવું રહેવું, નાશી જવું, પોબારા ગણવા,ઘર વાખરો ઉપાડી જવો,ખડીયા ભરવા 'અધિકારીની બદલીની સાથેજ જડભરત આશ્રિતોને ગુણા ભરવા પડેછે'—ગર્દ્ધવસેન

ગુપ્તી, સ્ત્રી૰(સં૰ગુપ્તિ—બચાવ) લાકડીની અંદર રહે તેવી બેધારી લોઢાની ચીપ

ગુફતેગુ, સ્ત્રી૰ (ફા૰) છાની વાત, મસલત,ગુંજ

ગુફા સ્ત્રી૰ [સ૰] પહાડમાનું પોલાણ ઉંડો—અંધારો ખાડો તે. [હોય તેવું ૩ ચકચુર એકતાર

ગુમ, અ૰ (ફા૰] ચૂપ, સ્તબ્ધ,સજડ ૨ ખોવાયું

ગુમજ, પુ૰ (ફા૰, અ૰ઘુમટ) કળસના આકારની કમાનદાર બાંધણી તે,ઘુમટ,ઘટાટોપ.

ગુમડું, ન૰ લોહીના બગાડથી થતો કઠણ ફોલ્લો, ગોડ ગુમડે ઘસી ચોપડવાનું—નકામું ૨ કિમ્મત વગરનું ગુમડું ફાટયું ને વૈદ વેરી—ગરજ સરી કે થયા સર્વ વેરી

ગુમાન, ન૰ (ફા૰) અહંકાર, ગર્વ ૨ તોર, પતરાજ, ફાંકો [રાખનાર, ડોળી.

ગુમાની, વિ૰ અહંકારી,ગર્વિષ્ટ ૨ તોરી, ફાંકો

ગુમાર, વિ૰ (ફા૰)જંગલી,ઉદ્ધત,. અણસમજુ, સભ્યતા રહિત.૨ ડાચું,અણઘડ ૩ સુસ્ત

ગુમાવવું, ક્રિ૰ સ૰ ખોવું,પાસેથી જવું રહે તેમ કરવું, પાડી નાખવું ૨ નકામું કાઢવું, વ્યર્થ જવા દેવું ૩ ધૂળધાણી કરવું,ઉડાડી દેવું, ખરચી નાખવું

ગુમાસ્તી, સ્ત્રી૰ (ફા૰) મહેતાગીરી ગુમસ્તાનું કામ તે ૨ પગાર, વેતન

ગુમાસ્તો પુ૰ (ફા૰) વેપારીનો મહેતો,કારકુન આડતિયો, મુનીમ, સોદો લાવનાર તથા હિસાબ

ગુમ્મો,પુ૰ મુચી, ગઠ્ઠો,મુક્કી [રાખનાર

ગુમ્ફિત, વિ૦ (સં૦ ગુમ્ફ્) ગુંથેલું, સાંકળેલું
ગુર, સ્ત્રી૦ ગર, માવો
ગુરગુરવું, ક્રિ૦ અ૦ ઘુરકવુ, ગુરકાયુ કરવુ
ગુરજ, સ્ત્રી૦ (ફા૦) મુદ્ગર, મુદ્ગળ, સાગ
ગુરજી, વિ૦ પુષ્કળ વાળવાળા ઠિંગણા કુતરાની એક જાત
ગુરથમાની, વિ૦ મૃત, મહૂમ, સ્વર્ગવાસી
ગુરદો, પુ૦ લોઢાનો મુગદળ ર મૂત્રપિંડ, મૂત્રાશય
ગુરવુ, ક્રિ અ૦ ઘુરકવુ, ઘુઘુ કરવુ
ગુરા, પુ૦ પગ. (બહુવચન)
ગુરાબ, ન૦ એક જાતનુ વહાણુ
ગુરુ, પુ૦ (સ૦) વિદ્યા ભણાવનાર, ઉસ્તાદ, શિક્ષક,મહેતાજી,આચાર્ય,પુરોહિત ર એ નામનો ગ્રહ. એને ચાર ચંદ્ર અથવા ઉપગ્રહ છે ૩ (કવિતામા) બે માત્રાનો અક્ષર ૪ ઈંદ્રાદિ દેવતાઓનો પંડિત, બૃહસ્પતિ.(દાનવોનો ગુરૂ શુક્ર છે) ૫ વિ૦ મોટુ, ભારે, અઘરુ ૬ દીર્ઘ
ગુરુગમ, સ્ત્રી૦ ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન ર વિ૦ ગુરૂ દ્વારા પ્રાપ્ત થાય તેવુ
ગુરુતલ્પગ, વિ૦ (સ૦ ગુરુ + તલ્પ–બિછાનુ+ ગમ્–જવુ)ગુરુની સ્ત્રી સાથે સંગ કરનાર 'ચોર, ગુરૂતલ્પગ, મધુપાની'—દયા૦ [પ્રભાવ
ગુરુતા, સ્ત્રી૦ભારેપણું. ર મહતા,મહત્વ, ગૌરવ,
ગુરુતાઇ, સ્ત્રી૦ ગુરુતા. ર શિક્ષકપણું
ગુરુત્વ, ન૦ (સ૦)ગુરુતા, મોટાપણું ર વજન, ભાર,બોજ ર ગૌરવ,પ્રતિષ્ઠા.
ગુરુત્વમધ્યબિંદુ, ન૦ [સ૦]હરકોઈ ભારનુ વચલુ બિંદુ,જ્યા સઘળો ભાર ઝીલાઈ રહેતો હોયતે
ગુરુત્વાકર્ષણ, ન૦ (સ૦)સઘળા પદાર્થના વજનનુ તેના મધ્યબિંદુ તરફ ખેચાવુ તે, નાના વજનનું મોટા તરફ ખેચાવુ તે,આકર્ષણ શક્તિ
ગુરુત્વરેખા–ત્રા, સ્ત્રી૦ (સ૦) આકર્ષણ બિંદુની લીટી
ગુરુદક્ષિણા, સ્ત્રી૦ (સ૦)આચાર્ય દક્ષિણા.
ગુરુદ્રોહ, પુ૦[સ૦]શિક્ષકનોઅનાદર,ગુરૂનો અસત્કાર
ગુરુપત્ની, સ્ત્રી૦ (સં૦) ગુરુની સ્ત્રી.
ગુરુમંત્ર, પુ૦ (સ૦) છાનુમાનુ સમજાવવુ તે છુપી સલાહ આપવી તે, કાન ફુંકવા તે.
ગુરુભાઈ, પુ૦ (સ૦) એકજ ગુરુના શિષ્યોમાંનો દરેક, શાળાનો ગોઠિયો, સહાધ્યાયી
ગુરુમાન, ન૦વડીલ પ્રત્યેની અદબ ર અહંકાર, માન ૩ પ્રિય પ્રિયાનુ લાડમા એક બીજા ઉપર રીસાવુ થાય, અને તે રૂશણુ ઘણીવાર ટકી વાંકા વેણ નીકળે છે તે (કાવ્યશાસ્ત્ર)૪ વિ૦મોટુ
ગુરુવાર, પુ૦ (સ૦) બૃહસ્પતિવાર [ગ્રહીશ
ગુર્જર, પુ૦ (સ૦) ગુજરાત દેશ ર ગુજરાતનો
ગુર્જરી, સ્ત્રી (સ૦) ગુજરાતણ ર. ગોવાલણી ૩ એક રાગ
ગુલ, ન૦ (ફા૦) ફૂલ, પુષ્પ ર દીવાનો મોગરો, બત્તીની ઉપરનો બળેલો ભાગ. ગુલ થવુ–બુઝાવુ, હોલાવુ ગુલ કરવુ–હોલવી નાખવુ,વકુ કરવુ.
ગુલકંદ, પુ૦ (ફા૦) ગુલાબના ફૂલ ને સાકરની એક બનાવટ
ગુલખાર, પુ૦આસમાની લાલ રંગ
ગુલખેરી,વિ૦ આસમાની લાલ પીળા રંગનું.
ગુલ ગુલાટિયો, પુ૦ કસરતની એક રમત
ગુલછડી,સ્ત્રી૦(ફા)એક જાતનુ ફૂલ, ગુલાબનો ગોટો
ગુલજાર, વિ૦(ફા૦)સુંદર,મનોહર,શોભિતું ર પુ૦ વાડી, બાગ, ગુલસ્તાન
ગુલ તરાશ, સ્ત્રી૦ (ફા૦ ગુલ+ તરાશ) દીવાનો મોગરો કાતરવાની કાતર
ગુલતાન, વિ૦ (ફા૦)લીન,મસ્ત, રસમગ્ન
ગુલતોરો, પુ૦ એક જાતનુ ફૂલવાળું ઝાડ.
ગુલદાન, ન૦ (ફા૦)ફૂલ મુકવાનુ શોભીતું પાત્ર
ગુલદાવરી, સ્ત્રી૦(ફા૦)એક જાતનો ફૂલનો છોડ.
ગુલબાન,ન૦ (ફા૦ગલબા] ધોંધાટ,શોરબકોર ર ગામગપાટા,તડાકા ૩ થેકડીની વાતો
ગુલબાસ, ન૦ (ફા૦)એક જાતનો ફૂલનો છોડ.
ગુલબુ, ન૦ ગપાટો, ગપગોળો
ગુલમેહેરી, સ્ત્રી૦ એક જાતનુ જળચર પક્ષી. 'અજબ ગુલમેહેરી જળ વસે, પ ખણી રટે હરિ નામ '–દયા૦
ગુલર, ન૦ (ફા૦)ઉમરડુ ર. એક કાનનું ઘરેણું
ગુલરું, ન૦ પાપડનો લુવો.ર ઉમરડુ ૩ પોઠિયે લટકાવેલુ રમકડુ

ગુલસ્તાન, સ્ત્રી૦ [ફા૦]ફૂલવાડી,બાગ, ચમન

ગુલાંટ, સ્ત્રી૦ જમીન ઉપર માથુ ટેકવી પગ ઉંચા કરી ઉલટાઇ જવુ તે, ગોટીમડુ, ઉલટુ ફરી પડવુ તે ગુલાટ મારવી-ફરી જવુ [તેનુ ફૂલ

ગુલાબ, ન૦ (ફા૦) એક જાતનુ ફૂલઝાડ અને

ગુલાબજળ, ન૦ગુલાબની વાસવાળુ પાણી

ગુલાબદાન-ની, સ્ત્રી૦ (ફા૦)ગુલાબજળ છાંટવાની સીસીના આકારની કાણા વાળી ઝારી ૨ ગુલાબ રાખવાની છાબ.

ગુલાબી, વિ૦ ગુલાબના જેવા રગનુ (એ રગ બે જાતનો છે ઘેરો ગુલાબી ને આછો ખુલતો ગુલાબી.)૨ મીઠુ ,ખુશનુમા 'ગુલાબી ઉંઘ."

ગુલામ,પુ૦(આ૦)લખતથી બધાયેલો વગર પગારનો નોકર ૨ અધમ-નીચ પુરૂષ ૩ વેસ્યા પુત્ર

ગુલામગીરી, સ્ત્રી૦(આ૦) દાસપણુ, લુડાપણુ ગુલામી, ગુલામની જે હાલત તે ૨ છેકજ હલકી તાબેદારી. ૩ ખુશામત,

ગુલામડી, સ્ત્રી૦ દાસી, લુડી.

ગુલામડો,પુ૦ગુલામ ૨ નીચ માણુસ. [૩ ખુશામત

ગુલામી,સ્ત્રી૦દાસપણુ,ગુલામગીરી ૨ પરાધીનતા

ગુલાલ, ન૦ (ફા૦) ગલાલ [ખીલ છે

ગુલાલા,પુ૦ એક જાતનુ ફૂલ એ માહા-ફાગણમા

ગુલી, સ્ત્રી૦ ગળી ૨ જીવડાનુ સફેદ યા કામરુ નાનુ ઘર, ગુલીગાય

ગુલ્ફ, સ્ત્રી૦ ઘુટી, ઘુટણુ ૨ ઢિચણુ

ગુલ્મ, ન૦ (સ૦) પેટમા ગોળો, ગાઠ ૨ ઢીમણુ

ગુલ્લર, ન૦ ઉમરડો, ધુલેર

ગુલ્લાલા, પુ૦ એક જાતનુ ફૂલ, ગલાલા [લુવો.

ગુલ્લુ , ન૦ પાપડ વણુવાનો કરેલો લોટનો નાનો

ગુવાર, સ્ત્રી૦ એક જાતની શિંગ, ગવાર

ગુસ્સો, પુ૦કોઈની મામા થવા અથવા વર લેવાનો મનમા આવનો ઉભરો,ક્રોધ રોષ,રીસ.

ગુહા, સ્ત્રી૦ (સ૦) પહાડનુ પોલાણુ, ગુફા ૨ ઝાડની બખોલ

ગુહ્ય, ન૦ (સ૦ગુહ્-સતાડવુ)છાના રાખવા જેવી વાત,રહસ્ય,મર્મ,ભેદ.૨ વિ૦ છુપુ, ગુપ્ત,છાનુ , ગૂઢ.

ગૂ, ન૦ (સ૦) વિષ્ટા,નર્ક

ગૂઇ, સ્ત્રી૦ગળી, બદી [ન સમજાય તેવુ,ઉંડુ

ગૂઢ, વિ૦ (સ૦) છુપુ છાનુ ૨ અઘરુ કઠણુ

ગૂણ, સ્ત્રી૦ અનાજ, વગેરે ભરવાનો થેલો,કોથળો, ઊંટ, ઘોડા, ગધેડા ઉપર માન ભરવાનો બે પાસ ઝુલતો કોથળો

ગૂસણુ, ન૦ નર્ક ઉસરડવાનુ ઠીકરુ

ગૃહ, ન૦(સં૦)ઘર,રહેઠાણુ,મુકામ,રહેવાનુ સ્થાન

ગૃહપ્રવેશ, પુ૦ ઘરમા દાખલ થવુ તે

ગૃહસ્થ, પુ૦ (સ૦) ઘર સંસાર માડીને રહેલો પુરુષ, સંસારી ૨ સારાકુળનો પ્રતિષ્ઠીત પુરુષ ૩. સજ્જન,નાગરિક ૪ વિ૦ ધનવાન [સધનતા

ગૃહસ્થાઇ, સ્ત્રી૦ ગૃહસ્થપણુ, કુલીનતા, સભ્યતા,

ગૃહસ્થાવટ, પુ૦ ગૃહસ્થાઈ, કુલીનતા

ગૃહસ્થાશ્રમ, પુ૦ (સ૦)સસારીના ધર્મ.૨ ચાર આશ્રમમાનો બીજો આશ્રમ

ગૃહસ્થી, વિ૦બૈરી છોકરાવાળુ, સસારી

ગૃહિણી, સ્ત્રી૦(સ૦) ગૃહસ્થની સ્ત્રી, ઘર ચલાવનાર સ્ત્રી, ઘરધણીયાણી

ગૃહી, વિ૦ ગૃહસ્થાશ્રમી, સસારી

ગેગટ, વિ૦ મસ્ત, ચકચુર, તલ્લીન

ગેગાટ, વિ૦શોરબકોરિયુ, કોલાહલવાળુ

ગેડી, સ્ત્રી૦ ગેંડાની માદા

ગેંડો,પુ૦(ધ૦દે૦ ગેડ)પગે ખરી છતા વાગોળે નહિ તેવુ, જાડી ચામડીનુ , નાક ઉપર એક શિગડુ હોય તેવુ જનાવર એના ચામડાની ઢાલ બને છે

ગેંણા-ણિયા, ન૦ નાના શિગણા બળદ

ગેદ,સ્ત્રી૦(હિ૦)દડી (ફૂલ-રેશમની) [વતુ લાકડુ

ગે, સ્ત્રી૦ નગ, ઘરના છાપરામા અને છતમા આ-

ગેગડુ, ન૦એક જાતનુ ગોળ કડણુ ફળ (ઝાલા)

ગેડ, સ્ત્રી૦ પડ, થર, ગડી ૨ સળ,આંકો ૩ બધન 'ગોવિદા ગજરાજ ગુણુવત ગડ છોડાવી -ઓજો

ગેડી, સ્ત્રી૦ એક પાસેથી વાકી વાળેલી દડાને મારવાની લાકડી.

ગેડીદડો, પુ૦એક રમત ૨ દડો અને ગેડી

ગેણી-ની,સ્ત્રી૦(અ૦)સોનાનો એક સિક્કો, ગીની.

ગેહળ, ન૦ હાથીનુ સૈન્ય [જાતનુ ઘરેણુ

ગેન, ન૦પગની આગળીએ પહેરવાનુ રૂપાનુ એક

ગેબ,વિ૦(આ૦) ન દેખાય તેવુ, અણુછતુ, ગુપ્ત
ગેબી, વિ૦ (આ૦) છુપુ, ન સમજાય તેવુ ગેબી અવાજ—આકાશ વાણી ગેબી માર—છુપો માર, જણાય નહિ પણ અંદર સાલે તેવો માર ગેબા ગોળો—ગપ
ગેબર,ન૦(સ૦ ઘૃતવર)પરસુદીના લોટને કેળવી ચાસણી પાઇ કરેલુ પકવાન
ગેય, વિ૦ ગાવા લાયક, ગવાય તેવુ
ગેર, (ફા૦)નહિ,નિષેધ,અભાવ,સૂચક ઉપસર્ગ.
ગેરઆબરૂ, સ્ત્રી૦ (ફા૦) અપમાન, બદનામી, ફજેતી, નામોસી.
ગેરઇનસાફ, પુ૦ વાજબી ન્યાય નહિ તે અન્યાય
ગેરકાયદે, અ૦ અન્યાયે, કાયદા વિરૂદ્ધ
ગેરખુશી, સ્ત્રી૦ અરાજીપો,નાખુશી
ગેરત, સ્ત્રી૦આબરૂ રાખવાની સમજ લાજ,શરમ
ગેરફાયદો, પુ૦ ખોટ, તોટો,નુકસાન, બગાડ
ગેરબંદોબસ્ત, પુ૦ અંધેર,અવ્યવસ્થા,ગોટાળો ગરબડ સરબડ [રાજી,ગેરમહેરબાની
ગેરમરજી, સ્ત્રી૦(ફા૦)નાખુશી,અપ્રસન્નતા ૨ ઇત-
ગેરમહેરબાની, સ્ત્રી૦ અકૃપા,ઇતરાજી
ગેરમાહીત, વિ૦અજાણ, બીનવાકેફગાર
ગેરમાહુતી, સ્ત્રી૦ અજાણતા, બેખબર
ગેરરસ્તે, અ૦ આડે માર્ગે, ખોટી રીતે, બે કાયદે, રીતથી ઉલટુ
ગેરરીતે, અ૦ગેરકાયદે,નિયમ વિરૂદ્ધ
ગેરવલ્લે, અ૦ ચોકસ ઠેકાણે નહિ પણ ગમે ત્યા હોય તેમ, ખોવાયેલુ હોય તેમ
ગેરવવું, ક્રિ૦ સ૦પાડવુ,ખ ખેરવુ,ગરે તેમ કરવુ
ગેરવહીવટ, પુ૦ અવ્યવસ્થા,ગેરબંદોબસ્ત, અંધેર કારભાર, અરાજકતા
ગેરવાજબી, વિ૦અઘાટત,અયોગ્ય, અણઘટતુ.
ગેરવાટે,અ૦આડ રસ્તે,ખોટે—અનીતિને માર્ગે
ગેરવો, પુ૦શિયાળુ પાકને થતો એક રોગ
ગેરસમજુત, સ્ત્રી૦ સમજફેર,ભૂલ, ભ્રમ
ગેરસાવધ, વિ૦ગાફેલ,બેફામ, અસાવધ
ગેરસોઇ, સ્ત્રી૦અડચણ ભરેલુ,સોઇ વિનાનુ
ગેરશિરસ્તે, અ૦કાયદા વિરૂદ્ધ, રસમથી—ચાલતી રીતથી ઉલટી રીતે;બેકાયદે [અસાવધ ગાફેલ.
ગેરહાજર, વિ૦હાજર નહિ તે, અવિદ્યમાન.૨
ગેરહાજરી, સ્ત્રી૦ હાજર ન થવુ હોવુ,અપ્રત્યક્ષતા.
ગેરુ, ન૦ ઘઉંને લાગતો એક રોગ, ગેરવો
ગેરુ, પુ૦ (સ૦ ગૈરિક)એક જાતની ગોરમટી, લાલ મટોડી
ગેલ, સ્ત્રી૦ લાડવુ તે, લાડ,રમત, ગમત.
ગેલ અ૦ પાછળ. 'આવીશ હુ અલબેલડા, વારી ગિરધર તારી ગેલ.'—પ્રહ્લા૦
ગેસુ-ડી સ્ત્રી૦ ધળ,રજ (કાઠિ૦)
ગેહિની, સ્ત્રી૦ ઘરધણીઆણી, ગૃહિણી,ભાર્યા
ગૈર, વિ૦ પહાડમા રહેનાર,પહાડી,ગીરનુ
ગેહ, ન૦ ઘર, મુકામ, સ્થાન.
ગેહપતિ,પુ૦ ઘરનો ધણી
ગો, સ્ત્રી૦ (સં૦) ગૌ, ગાય.૨ ઇંદ્રિય,
ગોકર્ણ, ન૦ (સ૦)ગાયના કાન જેવા કાળા ફૂલ થાય છે તે ૨ ગાયના કાન. ૩ સપ,સાપ. ૪ એક જાતનો મૃગ
ગોકર્ણી, સ્ત્રી૦ એક જાતનો વેલો, દૂર્વા
ગોકળગાય, સ્ત્રી૦ ચોમાસામા થતુ લાલ જીવડુ ૨ ગાયના જેવા શિંગડાવાળો જીવ, પરમેશ્વરની ગાય [જન્મ દિવસ.
ગોકળ આઠમ, સ્ત્રી૦ શ્રાવણ વદ ૮ કૃષ્ણનો
ગોકળિયુ, ન૦ ગોકુળી
ગોકીલ,પુ૦ હળ, ખેતરમા ઢેફા ભાગવાનુ મુશળ
ગોકીરો, પુ૦ સોરબકોર, ઘોઘાટ
ગોકુળ,ન૦ ગાયોનુ વૃંદ—ટોળુ ૨ જમના નદીના કાંઠા ઉપરનો એક પ્રદેશ
ગોકળપુરી, સ્ત્રી૦ અત્યાનંદ
ગોખ, પુ૦(સ૦ગવાક્ષ)છજુ,ઝરૂખો ૨ ગોખલો
ગોખણપટ્ટી,સ્ત્રી૦ ગોખી મોઢે કરવુ તે ગોખણિયું—ગોખનાર
ગોખર, પુ૦ ગાયોમા ઉછરેલો ગધેડો
ગોખરુ, ન૦ (સ૦ ગોક્ષુર) ગાયની ખરી જેવો એક જાતનો કાંટાવાળો છોડ.૨ એક તરેહની ચીલ
ગોખલી, સ્ત્રી૦ નાનો ગોખલો
ગોખલો, પુ૦ કઇ ચીજ મૂકવાને, અથવા દેવદેવી

વગેરેને બેસાડવાને ભિતમા જે પોલાણ રાખેલુ હોય તે,બારણા વગરનુ નાનુ તાકુ
ગોખવુ, ક્રિ૦ સ૦ સ્મરણ રાખવા સારૂ પાઠે કરવુ,વારેવાર યાદ કરવુ,મોઢે કરવુ ૨ માગવુ,ધીબવુ
ગોખો, પુ૦ પક્ષીનુ ઘર—માળો,ગોઠો
ગોગ્રાસ, પુ૦(સ૦) ગવાનેક [માતેલુ
ગોઘર,પુ૦ મોટો વકરેલો બિલાડો ૨ વિ૦ જાડુ
ગોચર, ન૦ ગાય ઢોરને ચરવાને માટે રાખેલો જમીનનો કિત્તો, ગૌચર. ૨ વિ૦ ઇદ્રિયગમ્ય, ઇદ્રિયોથી સમજાય તેવુ
ગોચરી, સ્ત્રી૦ ભિક્ષા,મધુકરી (જૈન)
ગોચલુ, ન૦ ટોળુ, ધધોલીઉ ગોચલા ગણવા—વામાટામા કરવા
ગોચવું, ક્રિ૦ સ૦ બેસવુ, ભોકવુ,વિંધવુ
ગોજુ, વિ૦ ગદુ,ચુથાએલુ
ગોઝાર, સ્ત્રી૦ ઓરડા પાસેની નાની ઓરડી.
ગોઝારૂ, વિ૦ પાપી,ઘાતકી,ખુની ૨ હત્યા થઈ હોય તેવુ, અપવિત્ર
ગોઝારો, પુ૦ ગાયને હણનારો હત્યારો
ગોટ,પુ૦ ધુટડો, એક વખતે—એકજ દમે જેટલુ પીવામા આવે તેટલુ તે ૨ ગોટો (ધુમાડાનો)૩ નાના છોકરાને હાથે પહેરવાનુ એક ઘરેણુ ૪ પાણીની છાલકનો જથો ૫ વર (કચ્છ)
ગોટપોટ, અ૦ ટુટિયા વાળીને માથે મોઢે ઓઢી સુતેલુ હોય તેમ [બીજ
ગોટલી,સ્ત્રી૦ફળની અદરનો કઠણ ભાગ,બીજની
ગોટલો, પુ૦ મોટી ગોટલી ૨ માસનો સખત થયલો લોચો ગોટલા બાઝવા—પગની ફેચમા કળતર થવુ
ગોટાકોર,સ્ત્રી૦ ગોટા ગોટા કાઢેલી હોય તેવી કોર
ગોટાવુ ક્રિ૦અ૦ ગુચાવુ ૨ ગુછળા વળવા,ધુમાવુ, ૩ ગુગળાવુ
ગોટાળો, પુ૦ ગુચવણ,ગરબડ,ભૂલ,ગરબડસરબડ
ગોટિમડુ—ડુ, ન૦ ગોટિમડુ,ગુલાટ
ગોટિયુ, ન૦ પાઘડીની અદર વાલવાનો કકડો બોતાનુ ૨ બોયણુ, ધુમાડો નીકળતો હોય તેવુ ઉમાડિયુ
ગોટીલો, પુ૦ રૂ પિજવાનુ લાકડાનુ ઓજાર, મોગરી. ૨. નક્કર ગોળો દડો ૩ ફાકલો ૪ કપડાનો વણેલો સાટકો
ગોટી, સ્ત્રી૦ કસબ બળ્યા પછી રહેલી ગોળી તે ૨. નાની સરખી ગાઠ ૩ નાનો ગોટો. [તેવુ
ગોટેગોટ,અ૦ ઉપરા ઉપરી ધુમાડાના ગોટા થાય
ગોટો,પુ૦ સળી સાથે બાધેલા ફૂલનો ગુચ્છ,તોરો, કલગી ૨ ગલગોટો ૩ ધુમાડાનુ ઉપરા ઉપરી ઉંચુ ચઢવુ તે ૪ નાળિયેરમા સુકાઇને દડા જેવુ થએલુ કોપરૂ ૫ ઉધુચતુ કરી નાખવુ તે ૬ બોલવામા લથડવુ તે ગોટો ઘાલવો—ભૂલ કરવી ૨ ઉચાપત કરવુ ૩ દેવતા મૂકવો ૪ પાયમાલ કરવુ ૫ વચ્ચે ફાસ મારવી,કુસપ કરાવવો ગોટો વાળવો—ઉધુચતુ કરી નાખવુ ,ગોટ બો કરી મૂકવો. ૨ બોલવામા લથડવુ
ગોટોપોટો, પુ૦ ગોળોપિડાળો,લોચો, ગોટપોટ
ગોઠ, સ્ત્રી૦ (સ૦ ગોષ્ઠી) છાની વાત, અતરની વાતચિત.૨ ઓચ્છવ ૩ મિજબાની, ઉજાણી ૪ મિત્રતા, યારી ૫ ભેટ,ખાનગી મુલાકાત
ગોઠ, ન૦ ગામ (કચ્છ) "ગામડા ગોઠડા"
ગોઠડી, સ્ત્રી૦ ગોઠ,છાનીવાત ગુહ્ય,ગુજ
ગોઠણી,સ્ત્રી૦હાલ્લાની નીચે મૂકવાનુ ઉઢણુ,સુથિયુ ૨ ગોઠવણ,ભાજગડ [પસંદ પડવુ
ગોઠતુ, વિ૦ માફક, અનુકુળ આવતુ ૨. ગમતુ,
ગોઠવણ—વણી, સ્ત્રી૦ ગોઠવવાની રીત તે, રચના, વ્યવસ્થા ૨ સોઈ, સગવડ, તજવીજ, જુક્તિ, ૩ બદોબસ્ત
ગોઠવવુ,ક્રિ૦ સ૦ વસ્તુઓ પડી ન જાય તેમ મૂકની,બરોબર મૂકવુ ૨ યુક્તિ શોધી કાઢવી,તજવીજ કરવી ૪ બધ બેસતુ કરવુ , ટાળો મળે તેમ કરી મેલવુ ૫ કોઇ બાબતની વ્યવસ્થા—રચના કરવી
ગોઠવુ, ક્રિ૦ અ૦ અનુકૂળ—માફક આવવુ,બધ બેસવુ ૨ ચેન પડવુ,ગમવુ, કરાર વળવો
ગોઠાઇ, સ્ત્રી૦ અનાદર, લોકાઇ 'પ્રભુ રઘુનાથ ન ન કીજે મળતાસુ ગોઠાઇ'—ભાલણ
ગોઠીમડુ,ન૦ માથુ નીચુ રાખી પગને ઉચા કરી

ફરી જવુ તે, ગુલાટ
ગોઠિયણ, સ્ત્રી૦ સહીપણી,સાહેલી, સખી
ગોઠિયો,પુ૦સાથે ફરનારો, દોસ્ત,સોબતી અતરની વાતચીત સાભળનારો
ગોઠી, પુ૦ જૈન દહેરાસરનો પૂજારી-નોકર
ગોઠીમડી, સ્ત્રી૦ એક જાતની વેલ એના ફળ તે ગોઠીમડા [૨.જપ, નિરાત ૩ પક્ષીનો માળો
ગોઠો, પુ૦(સં૦ ગોષ્ઠ)ગાય ઢોર બાધવાનું સ્થળ
ગોડ, ન૦ શરીર ઉપર રસ વિકારથી થતી ગાઠ, ગુમડુ ૨ ઢીમણુ
ગોડવુ,ક્રિ૦ સ૦ તમાકુ, વતાક મરચા વગેરેના કયારાની જમીન ખોદી પોચીકરવી,ખોદવુ,ખણુવુ
ગોડસારગ,પુ૦સારગ રાગનો એક ભેદ [ગુદામ
ગોડાઉન, સ્ત્રી૦ (અ૦)માલ ભરવાની વખાર,
ગોડિયો, પુ૦ જાદુગર,મદારી. 'ગોડિયો વશ કરે માકડો, રામાથી રાજવી રાકડો.'–શા૦
ગોડી, સ્ત્રી૦ પાછલે પહોરે ગાવાનો એક રાગ ૨ (મ૦) મિઠાશ, મધુરતા
ગોડીપડવો,પુ૦ચૈત્ર માસનો પહેલો દિવસ, શાલીવાહન શકનો પહેલો દિવસ
ગોડે, અ૦ પેઠે માફક, તેમ, મિસાલે, જેવું
ગોત, સ્ત્રી૦ ખોળ,શોધ ૨ ગોત્ર,કુળ
ગોતડી, સ્ત્રી૦ કઠ,વટી, ગળુ [જુઓ
ગોતર, ન૦ કઠોળની શિગો અને પાન વગેરેનો
ગોતરજ,સ્ત્રી૦કુળદેવી,રનાદેવ ૨ કુળમા જન્મેલુતે
ગોતરી, વિ૦ એકજ ગોત્રનુ,કુટુબી.
ગોતવણ, સ્ત્રી૦ શોધ,ખોળ
ગોતરડાં,ન૦ગોત્રજની પૂજા માટે કરવામા આવતો માટીનો એક આકાર ૨ ગોત્ર દેવતાની પૂજાવિધિ
ગોતવું, ક્રિ૦ સ૦ શોધવુ, ખોળવુ ઢુઢવુ
ગોતીત,વિ૦સમજ બહાર,ગૂઢ 'મન વાણી ગોતીત અગોચર '–ગિરધર
ગોતુ,ન૦ ઢોરને માટે બાફેલુ ખાવાનુ; ખાણુ ૨ વિ૦ ટાઢુને સ્વાદ વગરનુ ૩ છાડેલુ,ગદુ
ગોત્ર,ન૦ (સ૦) ગોત્રમા ઉત્પન્ન થયેલા જે મનુષ્ય સમુદાય તે,કુટુબ,ઓધવાડો. ૨ કુટુબની ઓળખ કૌટુંબિક નામ [૨ ગોત્ર દેવતા
ગોત્રજ, વિ૦ એકજ–તેજ ગોત્રમા જન્મેલુ,ગોત્રી
ગોત્રબધુ,પુ૦(સ૦) એક ગોત્રમા ઉત્પન્ન થયેલો,
ગોત્રી, વિ૦ એક ગોત્રજ, કુટુબી [પિતરાઈ
ગોથ, સ્ત્રી૦ (આ૦ ગોતા–ડૂબકી મારવી) કનકવાનુ ઉંધે માથે નીચુ વળી જવુ–ફરી જવુ તે, ગુલાટ ૨ ચૂક, ભૂલ, થાપ ૩ ચારની સખ્યાનો સકેત
ગોથણો, પુ૦ ધુસરી નાડવાનો ખીલો.
ગોથપડા, વિ૦ ચૌ-ની સખ્યાનો સંકેત
ગોથુ, ન૦ અથડાવુ તે, ફાફા મારવા તે ૨. છેતરાવુ,ભૂલ કરવી તે ૩ ઉંધે માથે પડી રહેવુ તે ૪ ઢોર માથુ મારે છે તે
ગોદ, સ્ત્રી૦ (હિ૦) ખોળો, અક 'સતી થઇ લઇ પિયૂ ગોદમા,મળે લાભ બળિ મરવાનો '–હું૦દ૦
ગોદડ,વિ.(મ૦)ખડબચડુ ૨ કથાવાળુ,ગોદડીવાળુ
ગોદડિયું, ન૦ શીતળાની એક જાત [પાથરણુ.
ગોદડી,સ્ત્રી૦નાનુ અને પાતળુ ચિથરાનુ બનાવેલુ
ગોદડુ, ન૦ પાથરવા ઓઢવાનુ, કપડાના ખોળિયામા રૂ ભરી કરેલુ તે,પાથરણુ
ગોદાટવુ, ક્રિ૦ સ૦ વારંવાર ગોદા મારવા તે, ટોકવુ
ગોદાન, ન૦ ગૌદાન, જુઓ
ગોદાવરી,સ્ત્રી૦એકનદીનુ નામ છે, જે નાસિક પાસે વહે છે. ૨ બારની સખ્યાનો સંકેત
ગોદાવવુ, ક્રિ૦સ૦ધક્કા ખવરાવવા, અથડાવવુ ૨ ખોદાવવુ,પોચુ કરાવવુ ૩ સગ કરાવવો
ઘોદાવુ,ક્રિ૦ અ૦ ખોદાવુ,ખોદાય તેવી સ્થિતિમા હોવુ, ખોદાઈ ઉડુ જવુ
ગોદી, સ્ત્રી૦કામ પડે ત્યારે ખાડીનુ પાણી અદર આવે એવી ગોઠવણવાળુ વહાણો બાધવા-સમારવાનુ બદર
ગોદો, પુ૦ ડાસો, મુક્કો ૨ આચકો,ધક્કો ૨ બળદને જોરથી પરોણો મારવો તે ૩ નુકસાન
ગોંધવુ,ક્રિ૦સ૦ કેદ કરવુ, રોકવુ ૨. બધનમા –બંધ જગામા રાખવુ
ગોધણ, ન૦ ગાયનુ ચરવા જતુ ટોળુ,ગોવાડે
ગોધન, ન૦(સ૦) ગાય, બળદ રૂપી ધન.૨.ગાયોનુ

ગોધરિયુ, વિ૦ગોધરાથી આવેલુ ગોધરિયુ વાજુ–નર્મદનુ ટોળુ
ગોધલિયુ, ન૦ નાનો બળદ,વાછરડો
ગોધુલગન, ન૦(ગો+ધૂલિ+લગ્ન) ગાયો ચરીને ઘેર આવે તે વખતનુ લગ્ન, મમી સાજનુ જે લગ્ન તે
ગોધ્રમ, પુ૦ (સ૦) ઘઉ
ગોધે આવવુ,ક્રિ૦અ૦ ગાયનુ આધાને આવવુ
ગોધો, પુ૦ ગાયનો નર સાઢ,આખલો,ખાસી ન કરેલો બળદ. [એક ઘરેણુ,દોરો,ગોફ
ગોપ, પુ૦ (સ૦) ગોવાળિયો ૨ પુરુષની કોટનુ
ગોપકન્યા, સ્ત્રી૦ ગોપી, ગોપિકા [ખાડો.
ગોપદ, ન૦ (સ૦)ગાયનુ પગલુ ખરીથી પડેલો
ગોપન, ન૦ (સ૦) સરક્ષણ ૨ ગુપ્ત રાખવુ તે
ગોપવવુ, ક્રિ૦ સ૦ સતાડવુ ,છુપાવવુ
ગોપહાર, પુ૦ સ્ત્રીના કોટનુ એક ઘરેણુ
ગોપાલ, પુ૦(સ૦ ગો+પા પાળવુ) ગાય ઢોર પાળનારો, ગોવાળિયો ૨ શ્રીકૃષ્ણ ૩ રાજા
ગોપાલિકા,સ્ત્રી૦ગોવાલણ ૨ ઉપલસરી(વનસ્પતિ)
ગોપાષ્ટમી, સ્ત્રી૦ કાર્તિક શુદિ આઠમ એ દિવસે કૃષ્ણે ગોવાળનો વેષ લીધો હતો
ગોપિકા સ્ત્રી૦ ગોવાળણી, ગોપી
ગોપી, સ્ત્રી૦ ગોવાળણી, ગોપિકા
ગોપીચદન,ન૦ (સ૦) દ્વારકાની ગોમતી નદિની પીળાશ પડતી સફેદ અને ચિકણી ટીલુ કરવાની માટી ૨ વિત્ત પૈસો 'ગાઠનુ ગોપીચદન'
ગોપુર,ન૦(સ૦)શહેરનો દરવાજો ૨ છજુ,જાળિયુ
ગોપ્ય, વિ૦ (સ૦) ગુપ્ત રાખવા જોગ (મત્ર, વિચાર, ઈ૦)
ગોફણ, સ્ત્રી૦(સ૦ ગુમ્ફ–વણવુ)વચમા ગોળો ને બે પાસ છેડા એવી સુતર–ચામડાના ગુથેલી ગોળા ફેકવાની જે દોરી તે
ગોફણી, સ્ત્રી૦ (સ૦) સ્ત્રીઓને અબોડે લટકતુ રહે તેવુ ઘુઘરીવાળુ ઘરેણુ, ગોફણો
ગોફણો, પુ૦ ગોફણી ૨ તુગાની ઉપર જડલા લાકડાનો એક ભાગ
ગોબર, ન૦ (ગાયનુ) છાણ કચરો, પુજો
ગોબરુ, પુ૦ છેક ઝીણા ખિચોખિચ શીતળા
ગોબરુ વિ૦ ગદુ, મેલુ,અસ્વચ્છ
ગોબરો, પુ૦ ધુસરી બાધવાની હળની દાડી
ગોબાવુ, ક્રિ૦ અ૦ ગોબો પડવો, ખાડો પડવો
ગોબો–બો,પુ૦આછોખાડો,ખાચ ૨. વ્રણ ચિહ્ન
ગોમ, સ્ત્રી૦ ખોડ, (ઘોડાના)આગલા બે પગ નીચે તગ તળે ભમરી દખાય તે "ગોમ તજાવે ભોમ" ૨ આનાકાની
ગોમટો, પુ૦ વણવાના તાર જુદા જુદા રહે તે માટે દોરાને ગુથી બનાવેલી જાળી, રાચ
ગોમડળ, ન૦ પૃથ્વી ચક્ર
ગોમળ, ન૦ (સ૦) ગાયનુ છાણ
ગોમાસ, ન૦ (સ૦) ગાય–બળદનુ માસ
ગોમાયુ, ન૦ (સ૦) શિયાળ, કોલુ
ગોમુખ, ન૦ ગાયનુ મુખ ૨ એક જાતનુ નગારુ ૩ એક જાતનુ વાજુ [આકારની કોથળી
ગોમુખી, સ્ત્રી૦માળા જપવાની ગાયના મુખ જેવા
ગોમૂત્ર, ન૦ (સ૦) ગાયનુ મૂતર
ગોમૂત્રિકા, સ્ત્રી૦ [સ૦] ગાયના મુતરવાથી જે આકાર થાય છે તે, લહેર ૨ લહેરના આકારમા રચેલી જે કવિતા તે,એક પ્રકારનુ ચિત્રકાવ્ય
ગોમેદ, પુ૦ (સ૦)પીળા રગનો હીરો,પોખરાજ
ગોમેધ, પુ૦(સ૦)જેમા ગાયનો ભોગ આપવામા આવતો હોય તે યજ્ઞ
ગોયણી સ્ત્રી૦ ગુરુની સ્ત્રી, બ્રાહ્મણી ૨ સૌભાગ્યવતી, સોવાશણ સ્ત્રી, વ્રતનિમિત્ત જમનારી સોવાસણ સ્ત્રી
ગોર, પુ૦ છાણાનો ભુકો ૨ કોઈ વસ્તુનો ભુકો "રોટલાનો ગોર" ૩ ઢોરનો સમૂહ
ગોર, પુ૦ (સ૦ ગુરૂ) ક્રિયા કર્મ કરાવનારો બ્રાહ્મણ, કુળગોર, પુરોહિત ૨ તીર્થક્ષેત્રનો ગોરપદુ કરનારો બ્રાહ્મણ
ગોર, સ્ત્રી૦(સ૦ ગૌરી)પાવતી દેવીનુ એક વ્રત
ગોરક્ષ, વિ૦ ગાયનુ રક્ષણ, રખવાળુ ૨ ઇદ્રિયોને વશ રાખની તે ૩ ગાયોથી રક્ષાયેલુ
ગોરખઆમલા, સ્ત્રી૦ એક જાતનુ ઝાડ
ગોરખપથ,પુ૦શિવમાર્ગી સાધુઓનો એક સંપ્રદાય
ગોરજ, સ્ત્રી૦ગાયોના ચાલવાથી ઉડતી ધુળ

ગોરજ, વિ૦ (સ૦) સમીસાજના મુહૂર્તવાળુ (લગ્ન.) ૨ ગાયના પગે ઉડેલી જવાળુ
ગોરજી, પુ૦ (સ૦)જૈન સાધુ,જૈન ધર્મોપદેશક
ગોરટિયું, વિ૦ ગોરુ ગોરટી-ગોરી,ધઉ વરણી 'ચિત્ત ચોરટી, કો ગોરટી,કો શામળી સોહામણી'
ગોરટુ, વિ૦ ગોરુ
ગોરડી, સ્ત્રી૦ ગોરી, ગૌરવર્ણની. 'ફૂટફટ રે ઘેલી ગોરડી,વિપ્ર ગરીબને કેમ વરે'—શામળ.
ગોરતો,પુ૦સાભાગ્યવતીઓને જમાડવાનું એકવ્રત
ગોરધન પર્વત, પુ૦પર્વત આકારે કરેલો અન્નનો મોટો જથો (કાર્તિક શુદ ૧ ને દિવસે ગોવર્ધન પર્વતને નિમિત્તે અન્નના સમુદાયનો ગોવર્ધન કરી **શ્રી કૃષ્ણ પ્રીત્યર્થે ગોવર્ધન પૂજન ગોપાલ-પૂજનાત્મક મહોત્સવ કરિષ્યે।** એવો સંકલ્પ કરી ગોવાળોની પૂજા કરવાની તે
ગોરપદુ, ન૦(સ૦ગુરૂ+પદ)યજમાનને કર્મ ક્રિયા કરાવવાનો જે ધધો તે, ગોરનુ કામ તે
ગોરમટી, સ્ત્રી૦લાલ-પીળી મટોડી
ગોરંભાવું, ક્રિ૦અ૦ રસ્તો ન નીકળે-કામમા સૂઝ ન પડે તેવી હાલતમા આવવુ ૨ ધુમરાવુ,ધુધવાવુ ૩ વાદળા થવા, વરસાદનું ચઢી આવવુ ૪ ધુમાવુ. (ધુણીનુ) [સુથારો
ગોરભો, પુ૦ નીકાલ ન થાય ને ખોટી થવુ તે,
ગોરમા, સ્ત્રી૦ છોકરીઓનું એકવ્રત, જવારા વાવી જે ગોરી પૂજન કરે છે તે [આપે છે તે
ગોરવ, પુ૦ વર અને કન્યાવાળાઓ જે જમણ
ગોરસ, ન૦ (સ૦ ગો+રસ) ગાયના દૂધનુ દહીં ૨ દૂધ આખરવાનુ પાત્ર,ગોરસુ ૩.ઇદ્રિયનો રસ
ગોરસિયુ, ન૦ ગોરસુ. ૨ વિ૦ ગોરસવાળુ
ગોરસી-સુ, સ્ત્રી૦ દહોણી, દહિ દૂધ રાખવનુ સાધન
ગોરાડ-ડુ,વિ૦પોચી રેતાળ લાલાશવાળી જમીન.
ગોરાણી, સ્ત્રી૦ ગોરની સ્ત્રી. [વાળી સ્ત્રી
ગોરાંદે, સ્ત્રી૦ (સ૦ગૌર દેહા) ગોરી, ગૌરદેહ-
ગોરાશ, સ્ત્રી૦ ગોરાપણુ. [સુદર રૂપાળી સ્ત્રી
ગોરી, સ્ત્રી૦ સ્ત્રી, ત્રિયા,ઐરી ૨ ગોરી સ્ત્રી,

ગોરીલો, પુ૦ વાદરાની એક જાત
ગોરુ, વિ૦ (સ૦ ગૌર) ધોળુ,ઉજળુ;ધઉવર્ણુ
ગોરુચંદન, ન૦ (સ૦ ગોરોચના) ગાયના પેટમાથી મળી આવતો પીળા રગનો એક પદાર્થ. એ ઔષધમા વપરાય છે
ગોલ, પુ૦ (સ૦) ગોળ. ૨ વર્તુલાકાર
ગોલક, પુ૦ (સ૦) લોઢા-લાકડાનો જે ગોળો તે ૨ કન્યા-વિધવાને જારકર્મથી પેદા થયેલો છોકરો તે,ગોલા ૩ ખજાનો,ગલ્લો
ગોલણ, સ્ત્રી૦ ગોલાની સ્ત્રી, ગોલો
ગોલ દાજ, પુ૦(ફા૦)તોપ ભરી ફોડનાર, તોપચી
ગોલવાડ, સ્ત્રી૦ગોલાઓનો મહોલ્લો.
ગોલવુ, ક્રિ૦ સ૦ પગથી છુદવુ-દબાવવુ.
ગોલાં, ન૦ જનાનામા નોકરી કરનારા માણસ. ૨ ધિલોડા [અડધો ગોળ
ગોલાર્દ્ધ, પુ૦ (સ૦) ગોળનો જે અર્ધ તે;
ગોલી, પુ૦ ગોલણ. ૨ જનાન ખાનાની ચાકરડી, દાસી [હરાયુ, પડતું મૂકીને ખાનારુ
ગોલૈયો, પુ૦ વગર નોતરે જમતો ફરનાર ૨
ગોલોક, પુ૦ (સ૦) સ્વર્ગનો એક વિભાગ, વિષ્ણુનુ નિવાસસ્થાન
ગોલો સ્ત્રી૦ગોલણ ૨.જનાનાનો નોકર, કંચુકી. ૨ ડાગર ખાડીને ચોખા કરવાનો ધધો કરનારી એક જાત ૩ પાનાની રમતમાનુ એક ચિત્ર, હલકો માણસ ગોલો ગોલી વઢે ને ગધેડાના કાન ચિબોળે-પાડાની લઢાઈમા ઝાડનો ખોડો, મોટાની લડાઇમા નાનાનો મરો
ગોવધ, પુ૦ (સ૦)ગાયનો ઘાત કરવો તે
ગોલ્લો, પુ૦ વાછડો, રેલ્લો
ગોવરુ, ન૦ ગોઅરું, જુઓ
ગોવર્દ્ધન, પુ૦વૃદાવન માહેનો એક પર્વત
ગોવાગરી,વિ૦(મ૦ગોવેકરી)ગોવા તરફનુ,ગોવાનુ
ગોવાવુ, ક્રિ૦ અ૦ વગોવાવુ, નિદાવુ ૨ સોધુ ને સફરૂ વેચાવું.
ગોવાંદરુ, ન૦ ગો દરુ, પાદર, ભાગોળ
ગોવારું, ન૦ ગાય-ઢોરનુ ટોળું, ઠાઠ.
ગોવાળ, પુ૦ગાય-ઢોર ચરાવનારો.

ગોવાળણી, સ્ત્રી૦ ગાય-ઢોર ચરાવનારી સ્ત્રી, ગોવાળની સ્ત્રી [રાની ઝાઝર.
ગોવાળબકરી, સ્ત્રી૦ છોકરાની એક રમત,બક
ગોવાળિયો, પુ૦ ગોવાળ, ગાય-ઢોર ચરાવનાર ૨ મૂર્ખ, અજ્ઞ માણસ.
ગોવિંદ, પુ૦ કૃષ્ણ ૨ વિષ્ણુ
ગોવૃંદ, ન૦ ગાયોનુ ટોળુ, ગોવારુ
ગોષ્ઠી, સ્ત્રી૦ (સં૦) વાતચીત, ભભાષણ, ગોઠ, મસલત ૩ મૈત્રી.
ગોસ, ન૦ માસ ૨ અ૦ જમણી તરફ
ગોસાઇ, પુ૦ (સં૦ ગો+સ્વામી)બાવો, ત્યાગી, વૈરાગી ૨ વલ્લભાચાર્યના વંશનો પુરૂષ ૩ સસારી માયાથી વિરક્ત તે
ગોહ, સ્ત્રી૦ (સં૦ ગુહા) ખાડો,ગુફા,બખોલ
ગોહત્યા, સ્ત્રી૦ (સં૦) ગાયને મારવી તે એ મોટા પાચ પાપમાનુ એક ગણાય છે
ગૌહત્યારુ, વિ૦ (સં૦)હત્યા લાગેલી હોય તેવુ
ગોહાવુ, ક્રિ૦ અ૦અંધારે અથડાવુ, ગુચાવુ
ગોહોર,પુ૦(આ૦ગેવર)ઉંડો વિચાર, નીધ્યા,મનન
ગોળ, પુ૦ મંડળ, ટોળુ, ૨ કુંડાળુ, ચક્કર
ગોળ, વિ૦ચક્રાકાર, વર્તુલાકાર ગોળગોળ-મતલબ ન સમજાય તેવુ, અડધુ પડધુ
ગોળ, પુ૦ (સં૦ ગુડ) શેરડીનો રસ ઉકાળી ઘાડો-કઠણ કરેલો પદાર્થ ગોળ ખાધા સાથે કામ—અર્થની સિદ્ધિ સાથે કામ, ફાયદો જેવી થતો હોય તેવુ કામ "આપણે ગોળ ખાધા સાથે કામ રાખવુ"
ગોળકેરી, સ્ત્રી૦ ગોળની કેરીનુ કરેલુ અથાણુ.
ગોળાગોળ, વિ૦ નરમ પોચુ ૨ અનુકૂલ ગોળ ગાળ કરી નાખવુ—મીઠુ મીઠુ બોલી સામાનુ મન પીગળાવી દેવુ, મન પલાળવુ, ૨ લલચાવવાને મીઠુ નીઠુ લાગે તેવુ બોલવુ
ગોળધાણા પુ૦ ગોળ અને ધાણાનુ મિશ્રણ (વધામણીમા કે મારા કાર્યના આરંભમા ગોળધાણા વહેચવામા આવે છે) ગોળ ધાણા વહેચવા-ગળ્યા મોઢા કરવા, આનદ દર્શાવવો
ગોળપાપડી, સ્ત્રી૦ ગોળ ઘીની લોટ ભેગી કરેલી મિઠાઈ તે [અણસમજુ
ગોળભમરડો, પુ૦ મોટુ મીઠુ,બાતલ,૨ મૂર્ખ,
ગોળવો, પુ૦ ગોફણે ફેકવાનો ગોળો ૨ ટુકો ગોળ મોભિયાનો કડકો ૩ ગોળો, ગોળ આકૃતિ
ગોળવા, પુ૦સ્ત્રીઓને હાથે પહેરવાનુ ઘરેણુ.
ગોળાઇ,સ્ત્રી૦ગોળાકૃતિ, ગોળપણુ [વર્તુલ જેવુ
ગોળાકાર, પુ૦ ગોળ આકાર ૨. વિ૦ ગોળ,
ગોળાર્ધ, પુ૦ અડધો ગોળ
ગોળિયાકેરી, સ્ત્રી૦ કેરીની ચાર ફાડ કરી તેમા મસાલો ભરી બનાવેલુ અથાણુ
ગોળિયો, પુ૦ ગોળનુ માટલુ (ખાલી)
ગોળી, સ્ત્રી૦ (સં૦ ગુટિકા) ગોળ નાની વસ્તુ, ગરગોલી, દડી ૨ પિસ્તોલમા ભરવાની સીસાનો ગરગોલી ૩ પાણી ભરી રાખવાનુ ગોળ વાસણ ૩ દહિ વલોવવાનુ પાત્ર ૫ વૃષણ, બાડ
ગોળો, પુ૦ તોપમા ઘાલી મારવાનો સીસાનો ગોળ આકાર ૨ પાણી-અનાજ ભરવાનુ માટીનું મોટુ વાસણ ૩ પેટમા પવનનુ ભરાવુ તે, પેટમા કરમનુ ભેગુ થવુ તે ૪ પૃથ્વીનો કૃત્રિમ ગોલ ૫ ગપ, જૂઠો ગપાટો "ગોળો ગબડાવવો" ૬ ઉંધુચતુ કરી નાખવુ તે ૭ કોઇપણ ગોળ ચીજ
ગોળો પિંડાળો, પુ૦ ઉંધુચતુ-સથરવથર કરી નાખવુ તે [ગરીબ.રક્ષણ કરવા જેવુ
ગૌ, સ્ત્રી૦ (સં૦) ગાય ૨ વિ૦ ગાય જેવુ,દીન,
ગૌચર, ન૦ ગામને સીમાડે ઢોરને ચરવા સારૂ રાખેલી જમીન, ગોચર
ગૌડ, વિ૦ બંગાલાનો એક પ્રાન્ત છે તેના રહેવાસી સંબંધીનુ. ગૌડ બંગાળી —(ગૌડ અને બંગાળાના લોકો જાદુઇ કળાને માટે પ્રખ્યાત છે તે ઉપરથી) જાદુગર, ૨ ઝટ ન સમજાય અને અચંબો લાગે એવી કૃતિઓ જાણનાર
ગૌડસારંગ, પુ૦ સારંગ રાગનો એક ભેદ
ગૌડિયો, પુ૦ ગારૂડી "ગૌડિયાને વશ વરતે કાષ્ટની યમ પુતળી"
ગૌણ, વિ૦(સં૦)મુખ્ય-પ્રધાન નહિ તેવુ, ઉતરતુ
ગૌતમ, પુ૦(સં૦) નામનો ઋષિ ૨ બૌદ્ધ ધર્મનો મૂળ પુ.૫

ગૌતમી, સ્ત્રી૦ પાર્વતી દેવી ૨ ગોદાવરી નદી
ગૌતરાટ-ત્રાટ, ન૦ (સ૦ ગા+ત્રિ+રાત્રિ) ત્રણ રાત પાળવાનુ ગાય પૂજવાનુ એક વ્રત
ગૌદાન, ન૦ (સ૦ +દા-આપવુ) ગાયનુ દાન
ગૌધન, ન૦ (સ૦) ગાયોરૂપી જે મીલકત તે
ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, પુ૦ (સ૦) ગૌ બ્રાહ્મણનુ રક્ષણ કરનાર ૨ હિંદુ રાજાનો એક ઈલકાબ
ગૌમુખ, ન૦ (સ૦) ગાયનુ મો
ગૌમુખી, સ્ત્રી૦ (સ૦) ગાયના મોંના આકારની માળા ફેરવવાની કોથળી ગૌમુખો વાઘ-ઉપરથી દેખાતું ગરીબ પણ અંદરથી વાઘ જેવુ ક્રુર
ગૌમૂત્ર, ન૦ (સ૦) ગાયનુ મુતર તે
ગૌર, વિ૦ (સં૦) ગેરુ, ફીકુ રાતુ
ગૌરવ, ન૦ (સ૦) ભારબોજ, મોટાઈ,પ્રતિષ્ઠા, ૨. વજન, ભાર ૩ શોભા,આબરૂ,માન
ગૌરવર્ણ, વિ૦ સફેત-ઉજળો રંગ હોય તેવુ
ગૌરીપુત્ર, પુ૦ ગણપતિ, ગણેશ
ગૌરી, સ્ત્રી૦ (સ૦) પાર્વતીદેવી ૨ આઠ વર્ષની બાળા ૨ સ્ત્રીઓના નામ સાથે માનાર્થે વપરાતો શબ્દ 'મોતીગૌરી' ૩ પૃથ્વી, ભૂમિ [અબરખ
ગૌરીજ, પુ૦ (સં૦) ગણેશ, કાર્તિક સ્વામી ૨
ગૌરીશિખર, ન૦ હિમાલય પર્વતનું ઉંચુ શિખર
ગૌશાળા, સ્ત્રી૦(સં૦) ગાયો બાંધવાની જગા
ગ્યાલન, ન૦ (અ૦ ગેલન.) પ્રવાહીનુ એક માપ
ગ્યાસ, પુ૦ (અ૦) સ્થિતિસ્થાપક ગુણનો વાયુ
ગ્રથલ, વિ૦ દિઙ્મૂઢ [રૂપી એક પદાર્થ
ગ્રથિત, વિ૦ ગુંથેલુ, પ્રણીત, રચેલુ
ગ્રંથ, પુ૦ (સ૦ ગ્રથ્-ગુંથવુ) એક બીજાની સાથે સંબધવાળા વાકયો અને વિચારોનો જે સમુદાય તે, પુસ્તક ૨ પુસ્તકનો એક ભાગ,ખંડ. ૩ શ્લોક, જેમ 'ભાગવતમા ૧૮૦૦૦ ગ્રંથ છે.'
ગ્રંથકર્ત્તા-કાર, પુ૦ (સં૦) પુસ્તક બનાવનાર
ગ્રંથી, સ્ત્રી૦ (સં૦ ગ્રંથ્-ગુંથવુ) ગાંઠ ૨ સાંધો
ગ્રસવુ, ક્રિ૦ અ૦ ભક્ષ કરી જવુ,ગળવુ,પકડવુ ૨ ઢાંકવુ,આવરવુ.
ગ્રસ્ત, વિ૦ (સ૦ ગ્રસ્-ખાવુ) ખાધેલુ-ગળેલુ, ગ્રહાયેલુ, સપડાયેલું

ગ્રહ, પુ૦ (સ૦ ગ્રહ્-પકડવુ) રવિ, ચંદ્ર, મંગળ, બુધ ગુરૂ,શુક્ર શનિ,રાહુ,ને કેતુ એ મુખ્ય નવમાંનો એકેકો ૨ આકાશમા સૂર્યની આસપાસ ફરતા તારા ૩ ગ્રહથી માણસની હાલતઉપર થતી જે અસર તે ગ્રહ કઠણ થવા-પ્રતિકૂળ થવુ ગ્રહ વાંકા હોવા-સિતારો પાધરો ન હોવો, નસીબ અનુકૂળ ન હોવુ
ગ્રહણ, ન૦ (સ૦) લેવું તે,સ્વીકાર, અંગીકાર ૨ ધરવુ તે,પકડવુ તે ૩ પૃથ્વીની છાયા સૂર્ય ચંદ્ર-પર પડવાથી બિંબનો જેટલો ભાગ પ્રકાશ આપતો બંધ પડેછે તે ૪ સમજવુ તે,ધ્યાનમાં લેવુ તે ગ્રહણ વખતે સાપ કાઢવો-એક કામ કરતા વચમા નવુ કામ ઉભુ કરવુ તે
ગ્રહણી, સ્ત્રી૦ (સ૦) મરડો, આમ, અતિસાર
ગ્રહદશા, સ્ત્રી૦(સં૦)ગ્રહની અસરથી થતી પ્રાણીની જે સ્થિતિ તે
ગ્રહભાવ, પુ૦(સ૦)ગ્રહથી થતી અસર,ગ્રહનું ફળ.
ગ્રહશાંતિ, સ્ત્રી૦ (સ૦) ગ્રહોની ખરાબ અસર દૂર કરવા જે ધર્મ ક્રિયા કરવામા આવે છે તે
ગ્રહસંગમ, પુ૦ (સ૦) ગ્રહોનુ મળવુ તે.
ગ્રહવુ, ક્રિ૦ સ૦ ઝાલવુ, ધરવુ પકડવુ.
ગ્રામ, ન૦ સ૦) ગામ, ગામડુ ૨ ગાયનમા સરનુ એક માપ,સપ્ત સ્વરમા જે ત્રણ મુખ્ય અવધિ તેમાનો એકેક ૪. (પ્રત્યય રૂપે સમુદાય વાચક અર્થ થાય છે) સમૂહ,જેમ "ગુણગ્રામ,પુણ્યગ્રામ"
ગ્રામકંટક, પુ૦ (સ૦) આખા ગામને દુઃખ દેનાર માણસ, ગામનું પાપ-ઉતાર.
ગ્રામણી, વિ૦ પ્રધાન,મુખ્ય ૨ ગોરપદુ કરનાર
ગ્રામદેવતા, પુ૦(સ૦) ગ્રામનુ રક્ષણ કરનાર(દેવ
ગ્રામસિંહ પુ૦ કુતરો [-દેવી)
ગ્રામાચાર, પુ૦ ગામના રીતરિવાજ.
ગ્રામાધ્યક્ષ, પુ૦ ગામનો વડો, મુખી
ગ્રામાન્તર, ન૦ ગામોતરુ
ગ્રામ્ય, વિ૦(સ૦)ગામ સંબંધી,ગામનુ ૨ જંગલી, સુધરેલુ નહિં તે ૩ ગામઠી, અણઘડ.
ગ્રાસ, પુ૦ (સ૦) જેટલો ખોરાક એક સપાટે મોમા ઘાલી શકાય તેટલો,કોળિયો.૨.ગ્રહણને લીધે

સૂર્ય ચદ્રના બિંબનો જે ભાગ ઘેરાયેલો હોય તે
ગ્રાહ, પુ૦ (સ૦) મગર, સુસવાટ ૨ પકડ.
ગ્રાહક-હી, વિ૦ (સ૦) લેનાર,ગ્રહણ કરનાર, સ્વીકારનાર ઘરાક,ખરીદ કરનાર ૨ કદર કરનાર, જાણનાર,સમજનાર "ગુણ ગ્રાહક"
ગ્રાહી, વિ૦ (સ૦ ગ્રહ)પકડી રાખનાર,ઝાડાને સરતો બધ કરે તેવુ
ગ્રાહ્ય, વિ૦ (સ૦) ગ્રહણ કરવાને યોગ્ય
ગ્રીવ-વા, સ્ત્રી૦ (સં૦) ગરદન,ગળાનો પાછલો ભાગ, ડોક
ગ્રીષ્મ, પુ૦ (સ૦) વૃષભ અને મિથુન રાશિમા સૂર્ય હોય તેટલો સમય,ઉનાળો
ગ્લાનિ, સ્ત્રી૦(સ૦) દુખ, રોગ, મહેનત, શોક, લાજ વગેરે કારણથી મોની કાન્તિમા ફેરફાર થવો તે, નિસ્તેજપણુ, ફિકાસ,ચહેરો ઉતરી જવો તે,
ગ્વાલ, પુ૦ (હિ૦) ગોવાળિયો
ગ્વાલન, સ્ત્રી૦ (હિ૦) ગોવાળણ

ઘ.

ઘ, પુ૦(સ૦)ગુજરાતી ભાષાનો પદરમો મૂળાક્ષર, ચોથો કઠસ્થાની વ્યજન વર્ણ
ઘઈ, સ્ત્રી૦.ધાઈ, ઉતાવળ
ઘઉં, પુ૦(સ૦ ગોધૂમ) શિયાળામા પાકતુ એક અનાજ એની માળવી, કાઠા, પોપટિયા,વાજિયા, વણજાર, હાસિયા વગેરે જાતો છે ઘઉં-ભરવા જવુ-માળવે જવુ, મરી જવુ ઘઉંપુર-ઘઉંના એક દાણાના વજન જેટલું ઘઉ ખેતમા ને બેટા પેટમા-શેખશલ્લીના વિચાર
ઘઉલો, પુ૦ એક જાતનો સુગધી પદાર્થ એનો ચદનમા ઉપયોગ કરે છે ૨ ઘાસમા ઉગતો એક જાતનો છોડ ૩ એક જાતનો ઘઉંના રગનો સાપ
ઘઉંવરણ-ર્ણુ, વિ૦ ઘઉંના રગ જેવુ, ગોરુ
ઘખવુ, ક્રિ૦ સ૦ (સ૦ ઘુષ-ઘુમ પાડવી)દપકો દેવો, ભાડવુ, ભઠવુ ૨ ધબેડવુ, મારવુ
ઘગ્ઘો, પુ૦ ઘ અક્ષર ૨ ઠોઠ, બેવકુફ, મૂર્ખ ૩ ઝબ્બો, જામો [માડવુ તે
ઘઘરણું, ન૦ નાતરુ, પુનર્લગ્ન, વિધવાએ ફરી ઘર
ઘઘરવુ, ક્રિ૦ અ૦બીજુ ઘર કરવુ, નાતરે જવુ ૨ ગળામા ઘરઘર થવુ
ઘઘોલિયુ, ન૦ ખરાબ સ્થિતિ-ધૂળધાણી થઇ જવુ તે ૨ રમતમા નાના છોકરા લુગડાનું ઘર બનાવી તેમા સતાઈ રહે છે તે ૨ ઘોઘો, ગંદુ સ્થળ, નાનુ માલ વગરનુ જેવુ તેવુ ઘર અવ્યવસ્થિત, ૩ મોઢે માથે ઓઢવુ તે
ઘચ, અ૦ ભોકાતા અવાજ થાય તેમ.
ઘચઘચ, અ૦ ઉપરાઉપરી, વારા ફરતી
ઘચડવુ, ક્રિ૦ સ૦ કચડવુ,ઘચરડવુ
ઘચડાઘચડી, સ્ત્રી૦ ભીડાભીડ ગીરદી
ઘચડાવુ, ક્રિ૦ સ૦ પિલાવુ,ભિડાવુ ૨ જોરથી હિંદોળાવુ [નીકળતો રોગ
ઘચરકાવિકાર, પુ૦ અપચાના ઓડકારથી ફૂટી
ઘચરકુ, ન૦ અપચાનો ખાટો તીખો ઓડકાર તે.
ઘચરડવુ, ક્રિ૦ અ૦ ઘચડઘચડ હિંદોળવુ,બાળકને રોતુ ને રોતુ હિદોળવુ તે
ઘચુમલ, વિ૦ ગુચવાડો હોય તેવુ, ભરાવદાર
ઘચુમલો, પુ૦ જમાવ, ભેગુ થઈ જવુ તે, ટોળે વળવુ તે
ઘટ, પુ૦(સ૦)ઘડો, દોરિયો,કુભ (ધાતુનું અથવા મટોડીનુ વાસણુ) ૨ (ઈશ્વર)ઘડેલા કોઇ પણ ઘાટ ૩ હૃદય,કોશ,૪.પાણી ભરીને પૂજેલો ઘડો તે,કુભ
ઘટ, સ્ત્રી૦ નુકશાન,ટોટો ૨ ખોટ,કસર
ઘટ-ઘટ્ટ,વિ૦ પાસે પાસે દોરા હોય તેવુ જાડુ, ઠાસીને વણેલુ (લુગડુ . ૨ જાડુ, રગડા જેવુ,ઘન
ઘટક, વિ૦ મધ્યસ્થ રહેનાર, બેને મેળવનાર,સયોજક, ઘડનાર,રચનાર ૨ પુ૦ યોજક, વિભાગ, અવયવ, અશ
ઘટકા, પુ૦ (મ૦) ૨૪ મિનિટ,ઘડી ૨ ઘટા. ૩ ઘડી,વખત માપવાનો વાડકો
ઘટકી, સ્ત્રી૦ પાણીનો કોગળો,ઘુટડો "કરી ચરણામૃત પી ગઈ મીરા, અમૃતકી જેસી ઘટકી"
ઘટકો, પુ૦ સજીને પાકતા કાટા ભોકાતા હોય તેવુ જે રહીરહીને દરદ થાય છે તે, સણકો,ચટકો
ઘટતુ, વિ૦ (સ૦ ઘટિત) લાયક,જોઇયે તેટલું ને તેવુ,ઘટારથ, યોગ્ય,માફક.૨ અપૂર્ણ,ખૂટતું, કમી,

ન્યૂન. ઘટતું કરવુ–જેટલુ જરૂરનું હોય તે કરવુ
ઘટના, સ્ત્રી૦ (સ૦) યોજના, એકઠુ મેળવવુ તે, બનાવટ, કારીગરી, બનાવ, પ્રસગ ૩ વ્યવસ્થા, ગોઠવણ. ૪ ગણના, ગણતરી 'દૈવ જેની અયોગ્યમા ઘટના કરે, તેણે યોગ્ય થવુ કયા ઘટારત છે'—પ્રેમા૦
ઘટપાટ, ન૦ (સ૦) દઢાસન
ઘટમાન, વિ૦ (સ૦) ક્રિયા ચાલતી હોય તેવુ, બનતુ, થતું ૨ બને તેવુ,સભવિત ૩ યોગ્ય,ઘટતુ ૪ ઓછુ,કમી,ખૂટતુ
ઘટમાળ, સ્ત્રી૦(સ૦)માટીના ઘડા અથવા 'ઢોચકાની કુવામા ચક્કરની માફક ગોળ ફરતી જે રચના તે,રેંટ ૨ ક્રમ, પ્રમાલિકા, પ્રણાલિ
ઘટવત, સ્ત્રી૦ વધઘટ,વધતુ ઓછુ
ઘટવવું,ક્રિ૦સ૦ બેસતુ કરવુ, ઠીક લાગે ને શોભે તેમ કરવુ ૨ ઘટાડવુ
ઘટવુ,ક્રિ૦ અ૦ યોગ્ય લાગવુ,લાયક થવુ ૨.ઓછુ પડવુ,કમી થવુ,ખૂટવુ
ઘટસ્થાપન, ન૦ વાસ પૂર્તા અથવા શુભ કામના આરભ પહેલા પહેલવહેલો ઘડો મૂકવો તે. ૨ નવરાત્રિમા જે કળશ સ્થાપન થાય છે તે
ઘટસ્ફોટ, પુ૦(સ૦) મડદાને બાળી ચિતા છાંટયા પછી છેલ્લીવારે તે ઠેકાણે મો ફેરવી ઘડો ફોડવો તે ૨ તોડ લાવી દેવો તે, છેડાછુટકા કરવા તે ૩, છુપીવાત ફોડી દેવી,ભેદ ભાગવો તે
ઘટા, પુ૦ (સં૦) વાદળાઓનુ છેક પાસેપાસે આવી ઝુમી રહેવુ તે, વરસાદ ચઢી આવ્યાથી જે કાળો રમણીય દેખાવ થાય છે તે, ઘટાટોપ, મેઘાડબર. ૨ ઝાડના ડાળાનો ભરાવો ૩. ઘણા ઝાડનો સમુદાય–ભરાવો. ૪ છાયા
ઘટાટોપ, પુ૦ (સ૦) આડબર,ઘેરભો; ઘનઘટા, ડાળા પાદડાનો ભરાવો તે
ઘટાડવુ, ક્રિ૦ સ૦ ઓછુ–કમી કરવુ ૨ ઉતારી, તોડી પાડવુ (માન) [ઘટ,ખુટકો,ન્યૂનતા
ઘટાડો, પુ૦ ઓછુ–થોડુ હોવુ તે, ખોટ, કસર,
ઘટારત,વિ૦યોગ્ય,ઘટતુ ;લાયક;વાજબી, શોભે તેવું
ઘટિકા, સ્ત્રી૦ (સં૦ઘટ–ઘડો,) ૬૦ પળ અથવા ૨૪ મિનિટનો જે કાળ તે,ઘડી ૨ ઘડિયાળ
ઘટિત,વિ૦ (સ૦) યોગ્ય,લાયક,ઉચિત,ઘટતુ
ઘટી, સ્ત્રી૦ ઘડી,ઘટિકા 'ઘટીમા ઘડી જાય આયુષ્ય અલ્પ' ૨ પાણીમા વખતના પ્રમાણ માટે મૂકવાનો વાડકો.
ઘટીયત્ર,ન૦ ઘટમાળ,રેંટ,ઉદઘાટન ૨ ઘડિયાળ
ઘટોત્કચ, પુ૦ ભીમસેન અને હિડબા રાક્ષસીનો પુત્ર [અગસ્ત્યઋષિ.
ઘટોદ્ભવ, પુ૦ ઘડામાથી ઉત્પન્ન થએલુ તે,
ઘટ્ટ, વિ૦ ઘન, ત્રિગુ ૩ ઘટ,જાડુ (પોતમા) ૩. અ૦ ખીચોખીચ, પાસેપાસે.
ઘટ્ટપણુ,ન૦ જાડાઈ,જાડપણુ.૨ ગાઢ સ્નેહ,ઘરવટ ૨ કજુસાઇ, કૃપણતા
ઘડ, પુ૦ ગઢ, જુઓ [થવો
ઘડઘડવુ,ક્રિ૦સ૦ ઘડઘડ વાગવુ,ઘડઘડ અવાજ
ઘડતર, ન૦ જે કઇ ઘડેલુ તે;બનાવટ,રચના ૨ ઘડવાની જે રીત તે ૩ ઘડવાની મજુરી,ઘડામણી
ઘડનાળુ, ન૦ ગરનાળુ, જુઓ
ઘડપણ, ન૦ વૃદ્ધાવસ્થા, જરા.
ઘડભાંગ, સ્ત્રી૦ ગડભાગ,જુઓ
ઘડમાચી, સ્ત્રી૦ પાણીની ગોળી મૂકવાની ઘોડી.
ઘડવી, સ્ત્રી૦ ૨૦–૨૫ બેડાની પાણીની ટાકલી, નાની કોઠી ૨ પુ૦ ગઢવી,ચારણ
ઘડવુ, ક્રિ૦ સ૦ આકાર લાવવો,ઘાટ બનાવવો, રૂપ આણવુ,ડોળ લાવવો,બનાવવુ,રચવુ ૨ ઉત્પન્ન કરવુ,સરજવુ ઇશ્વિરે નાના પ્રકારના ઘાટ ઘડયા છે'૩ ગોઠવવુ સકલના કરવી 'તેણે ખરડો ઘડી કાઢયો' ૫ ટીપવુ, મારવુ
ઘડવો, પુ૦ સાકડા મોના ઘડાના ઘાટનો લોટો
ઘડાબૂડ, વિ૦ ઘડો બૂડે તેટલુ
ઘડામણ–ણી, સ્ત્રી૦ ઘડાઈ, ઘડવાની મજુરી
ઘડાઈ,સ્ત્રી૦ઘડવાની મહેનત,ઘડામણ ૨ ૨ બનાવટ
ઘડાયેલુ,વિ૦ઠોકરો ખાઇ પાકુ થયેલુ,કસાએલુ ૨ અનુભવી, માહિતગાર
ઘડાવવું,ક્રિ૦ સ૦ બનાવરાવવુ, તૈયાર કરાવવુ.
ઘડાવુ,ક્રિ૦ કોઇએ ઘડેલુ હોય તેવુ હોવું, બનવુ ૨ ઠોકર ખાઇ ખાઇને ઠેકાણે આવવુ, સુધરવુ

અનુભવી બનવુ પાકા થવુ ૩ મારખાવો પિટાવુ

ઘડિયા લગ્ન, ન૦ ગમે તે વખતે થતા લગ્ન ૨ એકદમ લગ્ન લેઇ લેવા તે વિવાહ અને લગ્ન એ બને સાથે થાય તેવુ લગ્ન [૨ ઘડી ૩ ઝાલર

ઘડિયાળ, સ્ત્રી૦ન૦ વખત જણાવનારુ એક યત્ર

ઘડિયાળી, પુ૦ ઘડિયાળ વેચનાર–દુરસ્ત કરનાર ૨ પાણી ભરવાની છોબધ કોઠી–ઘડી

ઘડિયાળા, ન૦ અમુક વખત થયો તેમ જણાવવાને વગાડવાની ધાતુની તખતી, ગજરાં બ.વ મા વપરાય છે) 'ઘડિયાળા વાગ્યા'

ઘડિયુ, ન૦ નાળિયેરી–ખજુરીની તાડી કાઢવા સારૂ તેમા છેદ પાડી નીચે લાબી ડોકનુ દોચકુ બાધી રાખે છે તે. ૨ નાની કોઠી, નાનુ ઘડુ

ઘડિયો, પુ૦ આકનો પાડો.

ઘડી, સ્ત્રી૦(સ૦ ઘટિકા)દિવસનો ૬૦ મો ભાગ તે, ૨૪ મિનિટનો કાળ,ઘટિકા ૨ ધાતુની જાડી તખતી,ઝાલર ૩ તળે ઝીણા છિદ્રવાળો વખત માપવાનો વાડકો ૪ કાચની રેતી ભરેલી શીશી, ઘડિઆળ ૫ નાનુ ઘડુ કોઠલી ૬ સમય,વખત, તક, કાળ **ઘડીઓ** ગણવી–ઘણીજ આતુરતાથી વાટ જોવી ૨ વખત જોવો ૩ મરવાની તૈયારી પર આવવુ' ઘડીએ ઘ્રુટ ભરાય–વિલબ ન ખમાવો તે **ઘડીના** છઠ્ઠા ભાગમા–સહજ વારમા,જોતજોતામા, પલકવારમા

ઘડીએક–ક, અ૦ આસરે ૧ ઘડી જેટલો વખત, સહેજવાર [હરઘડી, રોજ

ઘડીઘડી, અ૦ વારેવારે, ઘણી વખત નિરતર,

ઘડીતાળી વિ૦ મરવાની અણીપર

ઘડીભર, અ૦ એક ઘડી સુધી થોડીવાર

ઘડુ, ન૦મોટીકોઠી, દાણા ભરવાની માટીની કોઠી ૨ દોચકુ, જાડો બેડોળ ઘડો

ઘડુડાટ, અ૦ ઘડુડુડુ,એવોથતોઅવાજ, ઘડઘડથવુ તે.

ઘડુલી, સ્ત્રી૦ છેક નાનો ઘડો.

ઘડુલો, પુ૦ નાનો ઘડો

ઘડો, પુ૦ [સ૦ ઘટ્–બનાવવુ] સાકડા મોનુ પાણી ભરવાનુ ધાતુનુ અથવા માટીનુ વાસણ, કુભ,ઘટ અધુરો ઘડો છલકાય–થોડુ ભણેલો બહુ અભિમાન રાખે **ઘડો** ગાગર થવી-સારો નરતો નિકાલ થવો; આખરનુ પરિણામ આવવુ **ઘડો** ફૂટવો–ઘટસ્ફોટ થવો ૨ ખોટુ ઉઘાડુ પડવુ, જાહેર થવુ 'પાપનો ઘડો ફૂટયો ' ૩ ખરાબખસ્ત થવુ પડી ભાગવુ, ધબાયનમ થઈ જવુ "ડકો વાગ્યો આજ ખુબ સુધારા તણો જો, ઘડો ફૂટી ગયો ટપ વલ્લભ મતનો જો " **ઘડા** જેવડુ માથુ જજો પણ ચણા જેટલુ નાક ન જશો–આબરૂ જાય તે કરતા મોત આવે તે સારૂ **ઘડોલાડવો**-પ્રેત શ્રાદ્ધ કર્યા પછી ઘડા ઉપર લાડવો મૂકીને બ્રાહ્મણને આપવામા આવે છે તે, છેવટનુ પતાવી દેવુ તે **ઘડો** લાડવો થવો–મોત થવુ, ૨ ખરાબ થવુ,મોટી નુકશાનીમા આવી પડવુ, ૩ પાર પડવુ–થવુ

ઘડોઘાટ, પુ૦ નિકાલ, ફેસલો **ઘડોઘાટ** કરવો–મારી નાખવુ, ઠેકાણે કરી દેવુ, નિકાલ આણવો 'એ દુષ્ટરાયને માલમ પડવાથી એનો ઘડોઘાટ કરવાનો વિચાર થયો ' ૨ આયતુ, તૈયાર માલ.

ઘઢાણુ, ન૦ ઉભુ ઘાસ ગઢાણુ

ઘણ, પુ૦ કાષ્ટમા પેદા થતો કીડો ૨ ગ્રહણ ૩ મોટો ભારે હથોડો. ૪ લક્કડ ખોદ

ઘણઘણ, અ૦ગાડી,ઘટડી વગેરેનો અવાજ,ઠણઠણ

ઘણઘણાટ, પુ૦ ખણખણાટ

ઘણાક, વિ૦ અનેક, કેટલાક

ઘણાખરા અ૦ બહુધા મુખ્યત્વે કરીને

ઘણાંવાના, ન૦ ઘણી ઘણીચીજો,બહુ વાના ૨ ઘણી રીતે સમજાવવુ તે, ઘણુ કહેવુ તે

ઘણાક, વિ૦ કેટલાક, બહુ [અને સંબધ

ઘણાઘણી, સ્ત્રી૦ ઘણો સ્નેહ હોવાપણુ, ગાઢ મૈત્રી

ઘણુ, વિ૦ [સ૦ ઘન–જાડુ] બહુ, પુષ્કળ, બસ માપ વજનનુ ઝાઝુ પરિમાણુ બતાવે છે. (થોડાથી ઉલટુ) ૨ બસ, પુરતુ 'ઘણુ થયુ ' ૩ પુષ્કળ, મોટા જથામા.

ઘણુક, વિ૦ ઘણાથી જરાક ઓછુ.

ઘણુકરીને, અ૦ વિશેષ કરીને ઘણે ભાગે, બનતા સુધી, ખસુસ જરૂર,સોવસા

ઘણુંખરું, અ૦ ઘણુ કરીને, સાધારણ રીતે જોતા, બહુધા, મોટે ભાગે. ૨. અવર નવર, કોઈવાર.

૩ સોવસા [તિથી ઝાઝુ

ઘણુંજ, અ૦ અતિગે, વધારે, બહુજ, જોઇએ

ઘણેરુ, વિ૦ (કવિતામા) ઘણુ, બહુ

ઘટ, પુ૦ [સ૦ ઘટ,] દેવમદિરોમા ઉચે લટકતો મિશ્ર ધાતુનો જે ઘાટ વગાડવામા આવે છે તે, ચગ ઘટ જેવો–પાકુ, શઠ, ધૂર્ત ૨ બોલકણો ઘરમા ઘટ ફરે છે–ઘરમા કઇ પણ નથી. ઘટ વાગવો—ખાલી થઈ જવુ, ખપી જવુ શખ વાગવો. ‘ તેના ઘરમા વટ વાગે છે ’

ઘંટડી, સ્રી૦ ઘણોજ નાનો ઘટ, ટોકરી, ઘટા

ઘટરવાળ ન૦ એક જાતનુ શિકારી વાજુ

ઘટા, સ્રી૦ [સ૦] ઘટડી, ટોકરી ‘કાષ્ટ ઘટા વિટ બણા ’૨ કઇજ નહિ તે,ધક્કા, ડૈયો [ખણિયા

ઘટારવ, પુ૦ [સ૦] ઘટનો અવાજ–રણકો,ખણુ-

ઘટિયો, પુ૦ થાળા વગરની છૂટી ઘટી

ઘટી, સ્રી૦ અનાજ દળવાનો પત્થરના બે પડવાળો યત્ર ૨ કોઇ પણ ફરતો યત્ર, ચક્કી ઘરના છોકરા ઘટી ચાટે ને ઉપાધ્યાયને આટો–ઘરના બાળક ભૂખે મરે ને પારકાને પકવાન. ઘટીના સો ને ઘટાનો એક–સો સાસુના તો એક વહુનો ઘટી પ્રમાણે ઓયણુ ને ચુલા પ્રમાણે ખોયણુ–જેવી જેની શક્તિ તેવુ તેને શોભે ઘટી ટકારો કરવા–વારવાર ટોક ટોક કરવુ.

ઘટીચોર, પુ૦ [સં૦ ગ્રથિચ્છેદક] ગજવા કાતરુ ૨ ચાલાક, ચબરાક

ઘટુ, ન૦ હાથીનો ઘટ

ઘડ, પુ૦ [સ૦] ભમરો, ભ્રમર.

ઘન, પુ૦ [સ] વરસાદ, મેઘ ૨ એક સખ્યાને ત્રણવાર ગુણવાથી જે સખ્યા થાય તે (૮ નો ઘન ૮ × ૮ × ૮=૫૧૨) ૩ છ સરખી ચોરસ બાજુઓની આકૃતિ

ઘન,વિ૦[સ ૦]ભરેલુ નક્કર, ૨ નિબિડ, ઘાડુ, ઘણી ઝાડીવાળુ ‘વસ ને વાસતી કુસુમ ઘન વને–ગીત ગો૦ ૩ ઘણુ, પુષ્કળ, ‘ અતરનો ઉરૂ રાગ પ્રકાશે ઘેને ઘન ઘેરાતા—ગીત ગો૦ ૪ લંબાઇ પહોળાઇ અને ઉચાઈવાળુ [ઘોર ભો.

ઘનઘટા, સ્રી૦ વાદળાનો ઘેરાવો, મેઘાડબર,

ઘનઘોર, વિ૦ [સં૦] વરસાદ ચઢી આવેથી અધકાર થઇ રહ્યો હોય તેવુ, અંધગયેલુ

ઘનચક્કર, વિ૦ ઉઘાનપાયાનુ, વલવલતુ ચસ્કેલુ.

ઘનફળ ન૦ લબાઇ × પહોળાઇ × ઉચાઇ અથવા ઉડાઇનુ પરિમાણ તે [ઘનનુ મૂળ.

ઘનમૂલ–ળ, ન૦ ત્રિઘાતવડે કાઢેલુ સખ્યાનુ મૂળ,

ઘનરવ, પુ૦ [સ૦] મોર, મૂર ૨ મેઘગર્જના

ઘનરસ પુ૦ [સ૦] જળ પાણી ૨ કપુર ૩ સત્વ, સાર, કાઢો.

ઘનવલ્લિકા, સ્રી૦ [સ૦] વીજળી, વિદ્યુત

ઘનવાત, ન૦ [સં૦] પાતાળ માહેનું એક નર્ક

ઘનશ્યામ, પુ૦ [સ ૦] વિષ્ણુ,રામ, કૃષ્ણ ૨ વિ૦ પાણી ભર્યા વાદળાના રગ જેવુ, કાળા રગનુ

ઘનસાર પુ૦ [સ ૦] કપુર ૨ જળ,પાણી ૩ પારો

ઘમકવુ, ક્રિ૦ અ૦ ઘમઘમ થવુ, ઘુઘરાનુ વાગવુ

ઘમકાર–રો, પુ૦ ઘમકો [ઠોક તે

ઘમકો, પુ૦ ઘમકાર ઘુઘરાના અવાજનો દરેક

ઘમકારીઉ, ન૦ ખેતરમા જનાવર ઉરાડવા માટે હાલ્લામા પીંછી પરોવી કરેલુ વાજુ,ખોખરુ નગારુ

ઘમકાવવુ, ક્રિ૦ અ૦ ઘમઘમ થાય તેમ કરવુ, ૨ મારવુ, ઠોકવુ ૩ દબડાવવુ

ઘમઘમ, અ૦ ઘમકારાનો પ્રતિઘોષ.

ઘમઘમવુ, ક્રિ૦ અ૦ ખણખણવુ,

ઘમઘમાવવુ, ક્રિ૦ સ૦ જોરથી મારવું, ધબોવવુ ૨ ધમકી આપવી

ઘમંડ, પુ૦ દભ, આડબર, શેખી, પતરાજી

ઘમડી, વિ૦ અહકારી, ગર્વી, દભી,આડબરી

ઘમરડીચકરડી, સ્રી૦ છોકરાઓની એક રમત, ૨ ચક્કર ખવડાવવા તે

ઘમરઘમર, અ૦ ફેર–ફુદડી ફરવી, તે.

ઘમ્મસઘમા, સ્રી૦ભીડાભીડ,ધાધલ, હોસાતુસ

ઘમશાણ, ન૦ ઉધુચતુ-ભેળસેળ કરી કામને બગાઢી નાખવુ તે, ધૂળધાણી કરી મૂકવુ તે, રમણ ભમણ કરી નાખવુ તે ૨ કાપાકાપી,કતલ,નાશ.

ઘમાઘમ અ૦ ઉપરા ઉપરી મુક્કાનો માર મારવો તે ૨ ધમાલ, ધાધલ, ધમ્માચકડી

ઘર, ન૦ [સ૦ ગૃહ] માણુસ રહેવાને માટે જે

મકાન બાધે છે તે, ઝુપડુ, હવેલી, બગલો, મહેલ ૨ ઘરના માણુસ, કુટુબ ૩ કુળ,વશ, ખાનદાન ‘ઘર સારૂ છે ’ ૪ દર, બોડ, માળો ૫ ભુવન સ્થાન (જન્મ કુડળીમા) ૬ સસારે વ્યવહાર ચલાવવો તે ૭ મનની હાલત, “ તે ઉદાસીના ઘરમા છે ” ૮ સ્થાન, ખાનુ (સોગટાનુ ઘર) ૯ મૂળ, કારણુ, ઉત્પત્તિસ્થાન, ‘આળસ દરિદ્રનુ ઘર છે ’ ૧૦ માલીકી, કબજો, ‘ મારે નડીયાદમા ઘરનું ઘર છે ’ ૧૧ સૂર–રાગની જાત “તે ઘણા રાગના ઘર ઓળખે છે ’ ૧૨ શક્તિ,બળ,સ્થિતિ, “ ઘર જોઈ પગલા ભરવા ” ૧૩ બચાવ, નીકળી જવાનુ બારૂ “ પોતાનુ ઘર રાખી વાત કરવી ” ૧૪ વાજાના સૂરનુ ખાનુ ૧૫ કોઇ ચીજ મૂકવાને જે પોલી વસ્તુ તે,માન “ચશ્માનુ ઘર ” **ઘર ભરવુ**–બીજાની માલમતા, પૈસો, સામાન વગેરે પોતાના ઘરમા લાવવુ **ઘર આગણુ કરવુ**–ઘરમા જવુ ને બારણે આવવુ,કોઇની વાટ ઘણીજ અધીરાઇથી રાહ જોવી **ઘર ઉખડી જવુ**–નખોદ જવુ, નમતાન થવુ, **ઘર ઉખેડી નાખવુ**–પાયમાલ કરવુ **ઘર ઉઘડવુ**–પરણુવુ અથવા છોકરૂં થવુ ૨ દ્વાર ખુલવુ **ઘર ઉજળુ કરવુ**–ઘર શોભાવવુ, **ઘર ઉજાડવુ**–ઘરનો નાશ કરવો, ઘરનુ ઘધોલિયુ કરવુ **ઘર ઉપાડી લેવુ**–ઘર ચલાવવુ,સસાર વહેવાર ચલાવી રૂડી રીતે દહાડા કાઢવા **ઘર ઉભુ રહેવુ**–ઘરનો મોભો જળવાવો ૨ ધણીનુ નામ રહેવુ **ઘર કરવુ**–રહેઠાણુ કરવુ, નિવાસ કરવો રોગે શરીરમા ઘર કર્યું ’૨ નાતરુ કરવુ **ઘર કાણુ હોવુ** ઘરની વાત ઘરનાજ કોઇ માણુસે જાહેર કરવી, ઘરની ફૂટ, **ઘરકુકડો**–ઘરમા ભરાઈ રહેનાર **ઘર ઘાલવુ**–નુકસાન કરવુ ૨. ગોત્રગમન કરવુ,વિશ્વાસઘાત કરવો **ઘર જમાઇ થઈ પડવુ**–ઘરમા પડયા રહેવુ, માથે પડવુ **ઘર તપાસવુ**–ઓરડો તપાસવો સ્થિતિ જોવી **ઘર ફોડવુ**–ખાતર પાડવુ, ચોરી કરવી ૨ છાનીવાત કાઢી લેવી ૩ ચોરી કરવા પેસવુ **ઘર બેસવુ**–ખોટ નુકશાન આવવુ ૨ પાયમાલી થવી ૩ નિરઘમી થવુ નોકરી ચાકરી જવી ૪ સ્ત્રીનુ મૃત્યુ થવુ **ઘર ભરવુ**–તાલેવન થવુ ૨ કોઈનુ લાવીને પોતાના ઘરમા એકઠુ કરવુ ૩ છૈયા છોકરાથી વસ્તાર વધારવો **ભર્યું પુર્યું ઘર**–સરસામાનથી ભરપુર ઘર ૨ આબાદ કુટુબ, સુખી **ઘરનું માણુસ**–ખાનગી, વિશ્વાસુ **ઘરનો સુખી**–ગૃહસ્થ. **ઘરમાં આડો વાસ ફરવો**–ખાવાપીવાનુ કાંઈ ન હોવુ, માલમત્તા ન હોવી **ઘરના બળ્યા વનમા ગયા તો વનમા લાગી લાય**– કર્મ બે ડગલા આગળનુ આગળ **ઘર કહે તોડી જો, ને વિવાહ કહે માડી જો**–એ બનેમા ધાર્યા કરતા ઘણુ ખર્ચ થાય છે **ઘર ઘરનો ઉદર**–ઘરનો ભોમિયો,ઘેર ઘેર રખડનાર **ઘરનુ**–ઘરમા રહેનારૂ, પોતીકુ **ઘરવાળો**—ઘરનો ધણી ૨ વર **પાણી પીને ઘર પૂછવુ**–વગર વિચારે કામ કરીને પછી પસ્તાવુ **ઘર તો બૈરાનુજ**–ઘર ચલાવવાની માથાકુટ બૈરાજ કરે **ઘરના જડીયા ને ઘરના ઘડીયા**–ઘરના ભુવાને ઘરના જતી **ઘરની ગત પરને કહેવી નહિ**–ઘરનુ દુખ બીજાને કહેવુ નહિ, કહેવાથી ઉલટી ફજેતી થાય **ઘર ફૂટયુ તેનુ કરમ ફૂટયુ**–ઘર ફૂટે ઘર જાય **ઘરમા અધારૂ ને બહાર દીવો કરવો**–ઘરના છોકરા ઘટી ચાટે ને ઉપાધ્યાયને આટો. **ઘરમા બોલે ડોકરા તો બહાર બોલે છોકરા**–આપણુ દેખી આપણા છોકરા શીખે [દૂર નહિ તેવુ,નજીક પાસે.

ઘરઆગણુ, ન૦ ઘર અને આગણું તે ૨ અ૦

ઘર કરવુ, ક્રિ૦ અ૦ નાતરે કરવુ,બીજીવાર લગ્ન કરવુ (સ્ત્રી પુરૂષે) ૨ કાયમના રહેવુ, વાસ કરવો (રોગે) ૩ અનુકૂળ થવુ

ઘરકવુ, ક્રિ૦સ૦ ઘુરકવુ,મોટા સાદે ઠપકો આપવો

ઘરકિયુ, ન૦ ઘુરકિયુ, તાડુકો

ઘરકામ, ન૦ કુટુબનુ કામકાજ, ઘર સબધી કાઇ કામકાજ, ખાનગી કામ

ઘરખટલો, પુ૦ ઘરને લગતો સરસામાન ૨ સંસાર ભાર, સંસાર વ્યવહારનુ કામકાજ ૩ છોકરા છૈયા વગેરે સમુદાય

ઘરખરચ, પુ૦ ઘર ચલાવવામા થતો ખર્ચ

ઘરખુણિયુ, વિ૦ ઘરમા બેશી રહેનારુ, ૨. ઘર કુકડુ, શરમાળ

ઘરખુણે, અ૦ અંદર અંદર, ખાનગી, માહોમાહે
ઘરગતુ-થુ, વિ૦ ઘરમા વપરાતુ સાધારણ ૨ ઘરાવરાઉ, ખાનગી અકૃત્રિમ [વસ્ત્ર, પીતાંબર
ઘરગોટી, સ્ત્રી૦ ઘરમા જમતી વખત પહેરવાનુ
ઘરઘરથવુ, ક્રિ૦ અ૦ શ્વાસ લેતા મૂકતા અવાજ થવો ૨ અંતકાળનો શ્વાસ બોલવો
ઘરઘરાઉ, વિ૦ ખાનગી, અંદર અંદરનુ, ઘરનુ
ઘરઘાલુ, વિ૦ પોતેજ પોતાની આબરૂ બગાડનાર, ઘરમાને ઘરમા દુષ્ટ કામ કરનાર
ઘરચોળુ, ન૦ સ્ત્રી ઉપયાગી રેશમી કપડુ, કલગર
ઘરજમાઈ, પુ૦ સાસરામાજ સંસાર માડી રહેલો તે
ઘરડ, સ્ત્રી૦ ગાડા ગાડીના અવર જવરથી પડેલી ઉંડી વાટ, ચીલો, ગરીડો ૨ ધારો, રાહ ૩ આમલીની સુકી છાલ, ખગ્વટ
ઘરડપણ, ન૦ જરા, વૃદ્ધાવસ્થા ૨ ઘરડાપો મોટાઇ
ઘરડવુ, ક્રિ૦ સ૦ તાણવુ, ખેચવુ ૨ જોરથી વલુરવુ ૩ ઘરેડો બોલવો
ઘરડાપો, પુ૦ દોઢ ડહાપણ, ઘરડાના જેવુ ડહાપણ બતાવવુ તે ૨ ઘરડપણ, વૃદ્ધાવસ્થા.
ઘરડુ, વિ૦ ઉમ્મરે પહોચેલુ, વૃદ્ધ ૨ જુનુ, પુરાણુ. ૩. વડીલ, મોટુ ૪ પાકી ગયેલુ, કઠણુ ૫ મોટુ, મુખ્ય, 'ઘરડે ઘેર'
ઘરડેરુ, વિ૦ વડીલ, ઘરડુ, ગુરુજન
ઘરણ, ન૦ [સ૦ ગ્રહણ] પૃથ્વીની છાયાથી સૂર્ય-ચંદ્રનો પ્રકાશ ઝાખો થવો તે ૨ અડચણ, હરકત
ઘરણુ ગેલુ—દાધારેંગુ, ત્રણ પાયાનુ, અદકપાસળુ
ઘરણી સ્ત્રી૦ સ્ત્રી, પત્ની, ગૃહિણી
ઘરધણી, પુ૦ ઘરનો માલિક, ઘરવાળો ૨ ઘર ચલાવનારો મુખ્ય પુરૂષ ૩ ધણી, સ્વામી ૪ શેઠ
ઘરધણિયાણી—ઘરની મુખ્ય સ્ત્રી ૨ વહુ, પત્ની ૩ શેઠાણી
ઘરધંધો, પુ૦ ઘરનુ કામકાજ
છુટુ, વિ૦ બધનમુકત, કેદમા ન હોય તેવુ. ૨. સાધામાથી જુદુ પડી ગયુ હોય તેવુ, ન જોડાયલુ. 'પાટિયુ છુટુ પડી ગયુ' ૩ ઝુલતુ, લટકતુ, પસરતુ "ખેસ ખભાપર છુટો રાખ.' ૪. વચમા વચમા અતર હોય તેવુ, ખુલ્લુ. "છોકરાઓ છુટાછુટા બેસજો." ૪ જુદુ થઇને પડેલુ હોય તેવુ, અલગ રહેલુ. 'એક છુટો કાગળ હોય તો આપો" ૬. કરજ–પાપથી મુક્ત થયલુ ૭. સખી, ઉદાર, ખરચાળ "તે હાથનો છુટો છે" ૮ કાબુમા ન રહેનાર હદની બહાર બોલનાર, 'તે મોઢાનો છુટો છે,' **છુટુ મેલવુ**–બધનથી દૂર રાખવુ ૨ નજરમા આવે તેમ કરવા દેવુ, વહી જવા દેવુ ૩ વિખરાતુ–ઉડતુ રાખવુ **છુટા છેડા થવા**–માદાએ ગર્ભના ભારથી છુટા થવુ, ૨ અરસ્પરસ સ્ત્રી પુરૂષનો લગ્નનો સબધ તુટવો **છુટે મોઢે**–પોક પોક મૂકીને, ખુલ્લે ઘાટે. **છુટો હાથ**–ઉદારતા, સખીભાવ, ખરચાળપણુ. -**છુટી પડવુ**–વ્યર્થ જવુ, રદ થવુ, નિરર્થક થઇ પડવુ; બરબાદ જવુ "વિલાયતી માલ તકલાદી છે, તે એક વાર વાપર્યો કે ધોયો એટલે પૈસા છુટી પડે છે"–દે૦ કા૦ ઉ૦

છુપછુપામણ, સ્ત્રી૦ છોકરાની એક રમત, સતાકુકડી, એણુગેણુ દીવાગેણુ (સુરત.) [છુપુ, છાનુ

છુપાછુપ, અ૦ છુપી રીતે, છાનુ માનુ. ૨ છુપુ

છુપાયુ, વિ૦ છાનુ, ખાનગી, ગુપ્ત, ઢાંકેલુ

છુપાવવુ, ક્રિ૦ સ૦ સતાડવુ, છાનુ રાખવુ, બેમાલમ રાખવુ

છુપાવુ, ક્રિ૦ અ૦ સતાવુ, ભરાઈ રહેવું. [રહેલુ.

છુપુ, વિ૦ છાનુ, ગુપ્ત, ખાનગી ૨ સંતાડેલુ, સતાઈ

છુમછુમ, અ૦ એવો થતો ઘુઘરીનો અવાજ–ઝ કાર.

છુમંતર, પુ૦ છાની તાંત્રિક વિદ્યા, મ ત્રપ્રયોગ;

છુરી, સ્ત્રી૦ પાળી, છરી. [જાદુમ તર.

છુવાવુ, ક્રિ૦ અ૦ અપવિત્ર થવુ, અભડાવુ
છૂટ, સ્ત્રી૦ બધી-અટકાવ-દાબ દૂર હોવુ તે, સ્વતંત્રતા ૨ સત્તા, હક ૩ રજા, પરવાનગી ૪ ઘટાડો, ઓછુ કરેલી રકમ, 'તેણે દશ રૂપિયા છૂટ મૂકયા' ૫ મોકળાશ, મગતાશ, છુટી જગા
છૂટવુ, ક્રિ૦ અ૦ કોઈપણ બંધનથી દૂર-મોકળુ થવુ, છુટા થવુ, બંધન મૂક્ત થવુ ૨ કાણા-છિદ્રમાથી ઝરપી બહાર આવવુ "પરસેવો છૂટવો' ૩ જુદા પડવુ, અળગા થવુ ૪ જોરથી ઉડવુ, ફૂટવુ, બહાર નીકળવુ ૫ જાનવરે દોડી-નાસી જવુ ૬ જોરમા ઉડવુ, ભડાકો થવો ફૂટવુ ૭ મળવી, ઘેર જવુ
છૂટકારો, પુ૦ કોઈપણ બંધન-ફાસામાથી છુટી જવુ તે, મુક્તિ ૨ પતી જવાથી મોકળુ થવુ-છુટ્ટુ પડવુ તે, નિકાલ, તોડ. ૩. છેડો, અંત
છૂપવુ, ક્રિ૦ અ૦ બેમાલમ-ગુપ્ત રહેવુ ૨ નતાઈ રહેવુ [૨ અભડાવુ, સ્પર્શ થવો
છૂવુ, ક્રિ૦ સ૦ છોવુ, અડકવુ, અપવિત્ર કરવુ
છેટલો, પુ૦ જેસલો, કાટાનો ભારો ઉપાડવાની બે પાખિયાની લાકડી [કરતા અડકીને છેડવુ
છેટાવવુ, ક્રિ૦ સ૦ છેડવુ, ઉશ્કેરવુ, કોઇને કામ
છેતાલીસ, વિ૦ ચાળીસને છ ૪૬
છે, ક્રિ૦ હો ધાતુનુ બીજા અને ત્રીજા પુરૂષના એકવચનનુ રૂપ 'તે છે, તુ છે" ['છે! છે!"
છે!, અ૦ ધિક્કાર-તિરસ્કાર બતાવનાર અવ્યય
છેક, અ૦ છેડાલગી, અંત સુધી, ૨ તદ્દન તમામ, બીલકુલ, નરાતાળ, નરદમ, ૩ ઘણુજ, પુષ્કળ હદથી જ્યાદે
છેકણી, સ્ત્રી૦ જેથી લખેલુ છેકાય-રદ થાય તે, ૨ છેંદો, ખસરકો, લીટો કરવાનુ ઓજાર ૩. છેકછાક કરવી તે ૪. ચહેરવાની રીત
છેકવુ, ક્રિ૦ સ૦ રદ છે એમ જણાવવાને લીટો ખેચવો, છેંકો મારવા ચહેરવુ, ભુસવુ ૨ રદ કરવુ
છેકાછેક, અ૦ તદ્દન, સાવ, ઠેઠ સુધી, છેડા-લગી
છેકાછેકી, સ્ત્રી૦ જ્યા ત્યા છેકા-લીટા પાડયા હોય તેવુ, ચહેરાચહેર, ચહેરચુંથ
છેકો, પુ૦ છેકવુ તે, લીટો, ખસરો, રદ કરવાનુ ચિહ્ન કરવુ તે, ૨ લાછન, ડાઘ ૩ રદ કરવુ તે.
છેટી, સ્ત્રી૦ છીટી, નાની પોતડી-મુગટી
છેટુ, ન૦ બે જગાની વચ્ચેનુ અંતર, ટપ્પો, પલ્લો, ગાળો, "નડીયાદથી બોરીઆવી ચાર ગાઉનુ છેટુ છે" ૨ અશકયતા "પૃથ્વીમા આના જેવી અન્ય જોવી, તેના તો છેટાજ!—પ્રેમા૦
છેટે, અ૦ દૂર, આઘે, લાબે, વચમા અંતર હોય તેટલે. છેટે બેસવુ-ઋતુ આવવો, અભડાવવુ, અળગુ બેસવુ [વચમા બોસેલી હોય છે તે
છેડ, સ્ત્રી૦ લાબી ચપટી લાકડાની પાટલી તુગાની
છેડણી, સ્ત્રી૦ છેડવુ તે ૨ ચાદવુ, અડપલુ, અટકચાળુ ૩ વચમા હાથ ઘાલવો તે
છેડતી સ્ત્રી૦ છીડા, દોષ, છિદ્ર છેડતી શોધવી-છિદ્ર ખોળવા, ભૂલો કાઢવી ૨ અડપલુ, અટકચાળુ
છેડવુ, ક્રિ૦ સ૦ અડકવુ, હલાવવુ ૨ વગર કારણે અડકી ખરાબ કરવુ, વચમા હાથ ઘાલવો ૩ કોઈની કેડે પડી તે ચિઢાય તેમ કરવુ, ચિઢવવુ, વતાવવુ. છેડી જોવુ-પૂછી સામાનુ મન જોવુ. છેડયા કરવુ-અટકચાળુ કરવુ, રગડવુ મતાપવુ
છેડાગાઠણુ-ણુ, ન૦ જે લુગડાવતી વરકન્યાના લુગડાને ગાઠ વાળે છે તે
છેડાછૂટકો, પુ૦ છૂટા છેડા, તલ્લાક. [કરવા તે
છેડાછેડ, સ્ત્રી૦ સતાવણી, પજવણી, અડપલા કર્યા
છેડાછેડી, સ્ત્રી૦ વરના જામા સાથે વહુની ગાટ-ડીની ગાઠ બાવે છે તે ૨ સતાવણી
છેડો, પુ૦ હરકોઈ વસ્તુ-વાત-બનાવનો જે છેલ્લો ભાગ તે, સમાપ્તિ, અવધી, હદ, અંત ૨ હદ, સીમા ૩ મોત, મૃત્યુ, અંત. ૪ ટોચ, શિખર ૫ છેલ્લો ઠરાવ, ચુકાદો, નિકાલ ૬ નિદાન, પરિણામ, ફળ ૭ લુગડાનો પલ્લો, પાલવ ૭ મો ઉપર લુગડુ ઢાકવુ તે, મો ઢકાય તેમ ઓઢવુ તે, પડદો છેડો તાણવો-લાજ કાઢવી, ઘુઘટો તાણવો છેડો છોડવવો-પતાવીને દૂર કરવુ, ફરીથી નામ ન લે તેવુ કરવુ ૨ નિકાલ કરવો છેડો ફાડવો—રાજી ખુશીથી લગનનો સબંધ તોડવો; ફારગતી આપવી, તલાક આપવો. છેડા ઝોડી નાખવા-હિંમત હારી જવી, આશા મૂકવી. ૨,

તોડી નાખવુ,મુક્ત થઇ જવુ છેડે ગાઠવાળવી-સ્મરણમા રાખવુ નિશ્ચય કરવો, છેડે બાધવુ-વહોરી લેવુ,ભેગુ કરવુ, સચય કરવો "છેડે બાધ્યુ છે તે પાપ છોડયુ કેમ છૂટશે ?"-દલ૦ ૨ (ઉચ્ચાર) બોલ પાછો ખેચી લેવો ૩ (વ્યસન) વળગવુ કોઇ ખરાબ બાબતની આદત પડવી છેડો છુટકો કરવો-તલાક આપવો છેડો ઝાલવો-પછવાડે લાગવુ, આગ્રહ કરી માગવુ,૨,આશ્રય લેવો, જોડાવુ ૩ મુદામાલ સાથે પકડવુ છેડો પાથરવો-કાલાવાલા કરવા,આજીજી કરવી છેડો વાળવો-મોઢુ ઢાકી મોટે ઘાંટે રડવુ, ઘુઘટામા રડવુ છેડો માથે નાખવો-ભય-લજ્જા દૂર કરવી. છેડો લાવવો-અત લાવવો

છેતરપિંડી, સ્ત્રી૦ ઠગાઇ;લુચ્ચાઈ,કપટ

છેતરવુ, ક્રિ૦સ૦ આડુ અવળુ સમજાવવુ; ભુલાવામા નાખવુ, ગફલત થાય તેમ કરવુ, છળવુ ૨ ઠગવુ, ફસાવવુ [વચના

છેતરામણ, ન૦ ઠગામણ,ફસામણ, છેતરાવાપણુ;

છેતરાવુ, ક્રિ૦ અ૦ ઠગાવુ,ધુતાવુ, ધાપ ખાવી, [ગફલત ખાવી

છેતાલીસ, વિ૦ચાલીસ ને છ, ૪૬

છેદ,પુ૦ કાણુ,નાકુ,છિદ્ર ૨ કાપ;ચીરો,ઘા.૩ ભાજક, જે સંખ્યાએ ભાગવુ હોય તે,એક આખી વસ્તુના અમુક ભાગ કરવા એવુ દેખાડનારો અક તે ૪ નાશ,ક્ષય છેદ ઉડાડવો-સક્ષિપ્ત કરવુ

છેદક, વિ૦ (સ૦) છેદનાર કાપનાર ૨ ભાજક, છેદરૂપે રહેનાર ૩. દ્રોહી, ઘાતક

છેદન, ન૦ (સં૦) છેદવુ-કાપવુ તે ૨ ખંડન, સામાનુ ખરાબ થાય તેમ બોલવુ તે,કાપવુ તે

છેદનબિંદુ, ન૦ જ્યા બે અથવા વધારે લીટીઓ એક બીજીને કાપતી-મળતી હોય તે બિંદુ

છેદવું, ક્રિ૦ સ૦(સ૦ છિદ્)કાપવુ,ચીરવુ,ભાગ-કકડા કરવા ૨ કાણું-છિદ્ર પાડવુ ૩. એક બીજાને કાપવુ-મળવુ."એ લીટી એક બીજાને છેદે છે "૪ છેદ રૂપે થઇને ભાગવુ સંક્ષિપ્ત કરવુ, ઘટાડવુ ૫ નિકંદન કરવુ,નાશ કરવો ૬ અટકાવવુ."મારો લખોટો છેદીશ નહિ."

છેણાં, ન૦ છિદ્ર; કાણા (બહુવચનમા)

છેર, સ્ત્રી૦ નરમ ઝાડો,પાણી જેવુ અધાણુ,ચરકેલું તે ૨ કચરો, જેર

છેરટો,પુ૦ અઘામણુ,પાતળો ઝાડો.૨ ચૂળ,કચરો.

છેરવુ, ક્રિ૦ અ૦ પાતળો ઝાડો થવો,પાણી જેવુ અગવુ, ચરકવુ છેરી ભરવુ-(કામ)અધુરૂં-રઝળતું [મૂકવુ.

છેરાટો-રો, પુ૦ છેરટો, કચરો પુંજો

છેલ,પુ૦ અકડબાજ ફાકડો, વરણાગિયો

છેલ,વિ૦ કોડીલુ,રૂપાળા થઇ ફરવાની હોશવાળું

છેલકડી,સ્ત્રી૦મોતીની લોલકવાળી કડી,ભીખવાળી

છેલછબિલુ,વિ૦વરણાગિયુ,ફાકડુ ૨.ફુટડુ,શોભીતુ, રૂપાળુ, સુદર [છેલડો રે"

છેલડો, પુ૦ છેલ, ફક્કડ 'મને ભૂલી ગયો છે મારો

છેલપડી, સ્ત્રી૦ (વેપારીઓમા)૧૬ નો સંકેત.

છેલબટાઉ, પુ૦ છેલ અને લુચ્ચાઈ સોદાઈ કરી જાણનારો ફાકડો ફક્કડ માટીડો, ખુબસુરત,શરીરે ભરેલો એવો જુવાન,શોખી જીવડો

છેલાઇ, સ્ત્રી૦ છેલપણુ;વરણાગી,ઠશ્કી; ભપકો

છેલાણી, વિ૦ મોજી,લહેરી,સહેલાણી;સહેલસપાટા મારવાને ફરવુ એજ સમજવાળુ

છેલવહેલું,વિ૦ છેલ્લું,આખરનુ પહેલુ અને છેલ્લું

છેલારવુ, ક્રિ૦ સ૦ ચોરવુ (સોનીની મજ્ઞા)

છેલી, સ્ત્રી૦ છેલાઇ, વરણાગી

છેલો, પુ૦ છોકરો કૈયો ૨ છેલ જુવાનિયો

છેલ્લીવારે, અ૦ આખર વખતે, અન્તે

છેલ્લુ વિ૦ છેક પછવાડેનુ,છેડાનું,છેવટનુ, અન્તનુ છેલ્લા દહાડા-પ્રસવકાળને થોડી મુદત બાકી હોય તે ૨ જીદગીનો પાછલો ભાગ છેલ્લી ઘડી -મરવાની અણી, અંતકાળ, આખર છેલ્લી-લાબી ઉંઘ-મોત છેલ્લી સનદ-છેલ્લો જન્મ, મનુષ્યાવતાર છેલ્લુ ઓસડ છાશ-હવે બીજુ કોઇ ઓસડ કામ નહિ આવે છેલ્લી સલામ-છેલ્લા રામરામ, છેલ્લા નમસ્કાર. છેલ્લે પગથીએ-છેક નીચી પાયરીમા 'હુ જન્મ્યો ત્યારે જનમડળમા હુ છેક છેલ્લે પગથીએ પડયો હતો" ૨ અતે,છેવટે પરિણામે છેલ્લે પાટલે બેસવુ-જાત કે સ્વભાવપર જવુ, હાડજવુ "વસ્યા,તેમા તે આટલી બધી છેલ્લે પાટલે જઈ શુ બેસો છો?"

–પ્રેમા૦ **છેલ્લો** અક્ષર–સો વાતની એક વાત, સારભૂત વચન,છેવટની શિખામણ ૨ રામનામ "તેમા શુ તુ મોહી રહ્યો,છેલ્લો અક્ષર ભૂલી ગયો" —ભોજો **છેલ્લો** પરોણો–મરવાની તૈયારીપર આવી ગયેલો માણસ **છેલ્લો** શ્વાસ મૂકવો–છેવટ નો શ્વાસ મૂકી મરણ પામવુ

છેલ્લે સરવાળે, અ૦ આખરે, છેવટે

છેવટ, સ્ત્રી૦ આખર, છેડો, અત, છેવટ પરિણામ

છેવાડુ, વિ૦ છેલ્લુ,આખરનુ ૨ છેક છેડા ઉપરનુ, પરવાડનુ [આવેથી શરમાવુ–ઝ ખવાવુ

છેવાવુ, ક્રિ૦ અ૦ છેલ્લુ આવી પહોચવુ ૨ છેલ્લુ

દેહ, પુ૦ (હિં૦દે૦ છેહો)દગો,વિશ્વાસઘાત,દ્રોહ.૨ છોડીદેવુ–રઝળતુ મૂકવુ–ત્યાગ કરવો તે ૩ અત, છેડો, છેવટ. ૪ પુઠનો ઘા, કાપ, છેદ

છૈયુ, ન૦ છોકરૂ, બાળક, સતાન છૈયો–છોકરો

છો, ક્રિ૦ અ૦ દ્વિતીયપુરૂષ અનેકવચનનુ હો ધાતુનુ વર્તમાનકાળનુ રૂપ "તમે છો."

છો, સ્ત્રી૦ મરડિયા પત્થર વગેરેને પકવી ચુના જેવો પણ ઝાખો જે સફેત પદાર્થ બનાવે છે તે ચુનો,કેલ.૨ એનુ કરેલુ બાધ કામ, 'છોનો કુવો' **છો કરવી**–કોલ કરવો ૨ છોલાણ કરવુ ૩ સખ્યા ૬ છો ફેરવવી–છો ફેરવી ઢાકી દેવુ,બગાડી નાખવુ, ધૂળ મેળવવુ,પાણી ફેરવવુ, વ્યર્થ કરવુ, બરબાદ કરવુ, નકામુ કરી મૂકવુ "રે,દી વાળે તે દીકરો એ કહેવત ખોટી નથી જેટલા આપેલી જીવિકા ઉપર જીવશે તેમના સતાન બાપ દાદાઓના નામ ઉપર છો વાળે એવાજ થશે"–**પ્રતાપ**

છો–છોને, અ૦ ભલે, ભલેને, જે હાલતમા હોય તે હાલતમા હોવા દેવુ 'છોને રહે, મારૂ શુ જવાનુ છે' છો કરતો–કરે છે તેને કરવા દે

છોઈ, સ્ત્રી૦ પતરાવળી કરવાની સળી. ૨ છો ૩ ચીપ, છાલ

છોએલુ, વિ૦ છો દીધી હોય તેવુ

છોકરમત-વાદ, વિ૦ બાળક છોકરાના જેવા આચરણ હોય તે, નાદાન ૨ બાળકબુદ્ધિ, બાળક જેવી હઠ–આગ્રહ

છોકરવાદી, સ્ત્રી૦ બચ્ચા જેવુ આચરણ નાદાની, "પ્રિય કુમાર ! ખરેખર તે છોકરવાદી ચેષ્ટા હતી'

છોકરી, સ્ત્રી૦ બાળક,બાળકી, (બાર વરસ સુધી) ૨ કન્યા, દીકરી, દુહિતા ૩. બીકણ, નામર્દ

છોકરૂ, ન૦ બચ્ચું,સતાન, છૈયુ, બાળ, ફરજદ. છોકરો અથવા છોકરી

છોકરો, પુ૦ પુરૂષ બાળક (૧૬ વર્ષ સુધી) ૨ પુત્ર, દીકરો ૩ પુક્ત નહિ પણ કાચા–ફરી જાય તેવા વિચારનો નાદાન જુવાન

છોગલો, પુ૦ લુગડાનો કડકો, અગુચો ૨ માથે છોગા તરીકે ઘાલવાનો કડકો

છોગાળો, પુ૦ છોગા રાખનારો, છેલ જુવાનીઓ છેલછબીલો, ફક્કડ તરુણ 'નદના છોગળા'

છોગુ, ન૦ ફૂલનો લટકતો નાનો ગુચ્છો ૨ જરા કુદતો ઉડતો રાખેલો મોળ–ફાળિયુ કે પાઘડીનો કસબી તોરો–છેડો ૩ કપાળ ઉપર ઉડતાવાળનો ગુચ્છો

છોગલુ, ન૦ છોગુ (કવિતામા.) 'મૂકી છોગલુ વાસે બાધિશ,પથારીએ રોળીશ સદા'–**પાણીપત**

છોછ, સ્ત્રી૦ ચોકખાઈ કે આચારની ચટ, શકા, વેહેમ, સકોચ

છોછત, સ્ત્રી૦ ખણખોદ, ખાખત, કાળજી

છોછુ, વિ૦ બહાર પડતુ ન હોય તેવુ ઉતળુ, છાછરુ ૨. આછુ,ઉઘાડુ 'ઉપમા દીજે તે ઓછી રે, થાયે વાણી છોછી રે'–દ્વારકા ૩ અસહાય, એકલુ 'કહે દુર્યોધન ખટ રથીને, ભાઇઓ શુ વિચારો,આવો છોછો નહિ મળે માટે,સર્વ મળીને મારો'—પ્રેમા૦

છોજ, સ્ત્રી૦ છોછ [(ભિડીનુ).

છોડુ, ન૦ છોડુ, છોડિયુ ૨ રેસાદાર ફેલુ, લટિયુ.

છોટુ, વિ૦ (હિં૦) નાનુ, લઘુ, કનિષ્ઠ

છોડ, પુ૦ રોપો,પીલો પ્રરોહ ૨ છોડવો,કરસણ ૩ ગર્ભનુ સુકાઈ જવુ તે ૪ **ન૦** નાકનુ સુકાઇ ચોટી ગએલુ લીંટ ૫. છોડુ, છોલ

છોડણહાર, પુ૦ મુક્ત કરનાર, બચાવનાર.

છોડબાધ, સ્ત્રી૦ વારેવારે છોડવુ ને બાધવુ તે.

છોડવવુ, ક્રિ૦ સ૦ છોડે તેમ કરવુ,છુટે તેમ કરવુ, મુકાવવુ, રજા અપાવવી.

છોડવુ, ક્રિ૦ સ૦ વળગેલુ હોય તેને છુટુ કરવુ,

કાઢી નાખવુ ૨ અડચણ-કબજામાથી છુટું કરવુ ૩ હાથમાથી મુકી દેવુ ૪ પાસેથી દૂર કરવુ ત્યાગ કરવુ ૫ (છોડવુ)સસારના પાસથી મૂકાવવુ, મુક્ત કરવુ ૬ ફોડવુ બહાર કરવો ૭.હવામા ઉરાડવુ,મારવુ ૮ રહેવા દેવુ, જવા દેવુ

છોડવો, પુ૦ છોડ, રોપો,પીલો

છોડાવવુ, ક્રિ૦ સ૦ છોડવવુ, મુકાવવુ

છોડિયુ, ન૦ છાલ, છોડુ ફોતરુ ૨ અથાણાની ચીરી ૩ બળતણનો કડકો છોડિયા પાડવા—લાકડાની છાલના કડકા પાડવા ૨ દોષ બતાવવા, સખત ટીકા કરવી

છોડી, સ્ત્રી૦ છોકરી

છોડુ, ન૦ છાલ, છોતરુ, ઉપરનુ આચ્છાદન ૨ ઝાડની સુકી છાલનો કકડો, છોલ

છોત, સ્ત્રી૦ છોડ

છોતરૂં, ન૦ છોડુ, છાલ,ફોતરુ

છોતેર-ત્તેર, વિ૦ સિત્તેર ને છ ૭૬

છોતો, પુ૦ કુચડો

છોબંધ, વિ૦ છો અને ઇટથી ચણેલુ, છોવાળુ

છોભવુ, ક્રિ૦ અ૦ જ ખવાવુ,ખસિયાણા પડવુ, ઓસરવુ, શેહ પડવી [શરમિંદુ

છોભીલુ,વિ૦છોભુ પડેલુ, ખસિયાણુ,ઝ ખવાણુ

છોભો, વિ૦ જ ખવાણુ,ખસિયાણુ "છોભો પડયો ને પાછો ફર્યો રે, રાણો આવ્યો પોતાને ઘેર'

છોયલુ, ન૦ ચુનાવાળી ઇંટ, ગચિયું

છોર, પુ૦ છોરુ, અઓ [છોડી

છોરૂ,ન૦ બચ્ચુ,બાળક,નાનુ છોકરૂ છોરી-છોકરી,

છોલ,સ્ત્રી૦ફળની ઉપરનો જે કઠણ ભાગ તે ૨ છેક જ પાતળુ ને બારીક છોડુ તે ૩ ઉપરની ચામડી.

છોલવુ, ક્રિ૦ સ૦ છોલ કાઢવી ૨ ઘસવુ,તાછવુ ૩. નિંદા કરવી,પાછળ ખોટુ બોલવુ ૪ ઉપરના છોડા કાઢવા

છોલાં, ન૦ છાલા, છોડા

છોલાવુ, ક્રિ૦ અ૦ ઠપકો દેવો ૨ ગુસ્સે થવુ

છોલાણુ,ન૦છોલવુ કામ ૨ વિ૦છોલેલ, છોલાયેલુ

છોલાવુ,ક્રિ૦ અ૦છોલેલુ થવુ ૨ સોરાવુ ચામડી ઉખડવી; ઘસાવુ

છોવરાવવુ,ક્રિ૦ સ૦ છો દેવડાવવી,ચુનો કરાવવો,

છોવાવુ, ક્રિ૦ અ૦ અડકાયાથી અપવિત્ર થવુ, અભડાવુ [છો દેવી

છોવુ, ક્રિ૦ સ૦ અપવિત્ર કરવુ, અભડાવવુ ૨

છોહ,પુ૦વિયોગ,ત્યાગ. "રાજા ગૃહના સુખ તજ્યા, પડયો સ્વજનનો છોહ."૨ છેહ.

છોળ, સ્ત્રી૦ પાણીની મોટી છાલક. ૨ હોડો, મોજો, તુરંગ ૩ પુષ્કળપણુ [કરવી

છોળવુ,ક્રિ૦ અ૦ બાળકે ધાવેલુ દૂધ કાઢવુ,ઉલટી

છૌં, ક્રિ૦ છઉં. (નાગરો વાપરે છે)

—o—

જ.

જ, પુ૦ (સં૦) ઓગણીસમો મૂળાક્ષર, આઠમો વ્યંજનવર્ણ [વપરાય છે 'વ શજ'

જ, વિ૦ જન્મેલુ, ઉત્પન્ન થએલુ પ્રત્યય તરીકે

જ, અ૦ નિશ્ચય, આગ્રહ, ઇ૦ બતાવે છે "તમેજ આવજો" ૨ પોતે, એકલુ, માત્ર.૩ તેજ એવો અર્થ રાખે છે "ચાકર તે ચાકરજ" ૪ પુષ્કળ અતિશય "તેને ત્યા બહુજ પૈસા છે" ૫ કામમા ન આવે એવો અર્થ રાખે છે "જોડો મારે પગે ઘણોજ મોટો પડે છે" ૬ ખુટતી માત્રા પૂરવાને વપરાય છે (કવિતામા)

જઇં, પુ૦ (સ૦ જયિન્) પૈસો, જનાવાદી.

જઇફ, વિ૦(ફા૦)વૃદ્ધ,ઘરડુ ૨ નાતવાન, અશક્ત

જઇફી, સ્ત્રી૦ (આ૦) વૃધાવસ્થા, ઘડપણુ ૨ અશક્તિ [પચાત, માથાફોડ

જક, સ્ત્રી૦ જીદ,હઠ; ઓસ ૨ તકરાર, ભાંજગડ,

જકડવુ, ક્રિ૦ સ૦ ખેંચીને પકડવુ ખૂબ દાબવુ, ખૂબ કસીને બાધવુ ૨ નિચોવવુ,કચરી નાખવુ, હાલે ચાલે નહિ તેમ ચપટ કરી નાખવુ

જકર, સ્ત્રી૦ જીદ, હઠ, જીકર

જકાત સ્ત્રી૦ (આ૦) દેશમા આવતા જતા માલ ઉપર સરકાર જે હકસાઇ લે છે તે, મહેસુલ, નાકાવેરો, દાણ, ટોલ ૨ કમાણી ઉપરનો ધર્મ વેરો

જકાતદાર પુ૦જકાત લેનારો અમલદાર; નાકાદાર

જકાતી વિ૦ જેના ઉપર જકાત લેવાતી હોય તેવુ.

જકાર, પુ૦ જ અક્ષર અને તેવો ઉચ્ચાર

જફૂખડ, વિ૦ ચીકણુ, ચીવટ, ખડતલ, ફાટીતૂટી

ન જાય તેવુ ૨ જડસુ, વછુટે નહિ તેવુ
જકી,વિ૦હઠ કરનાર,હઠીલુ, તકરારી, માથાકુટિયુ
જક્ષ,પુ૦(સ૦ યક્ષ) એક અર્દ્દેવ કહેવાતી જાતિ ગણુદેવ ૨ વિચિત્ર પ્રચડ પુરૂષ **જક્ષિણી–જક્ષની** સ્ત્રી ૨ વિચિત્ર ભયકર દેખાવની સ્ત્રી ભૂતડી
જખ, સ્ત્રી૦[સ૦ઝષ] જખ માછલુ **જખમારવો**–હારી થાકીને કામ કરવુ, ન છૂટકે કરવુ **ખાઇને જખ મારવી**–એઠવાડો કાઢવા
જખમ, ન૦ [ફા૦ જખ્મ]કઇ વાગવાથી ચામડી તથા માસમા જે કાપ–ચીરો પડે તે, ઘા, ઝટકો ૨ ધોકો,બદનામી, બટ્ટો ૩. ન ખવાય તેવુ લાગવુ તે,મન દુખાવુ તે 'એકના એક જુવાનજોધ છોકરાના મરણથી તેને મોટુ જખમ લાગ્યુ છે' ૪ નુકસાની, ખોટ, હાનિ, એકદમ ટોટામા આવી પડવુ તે "તેને શેરના સટ્ટાથી મોટુ જખમ લાગ્યુ" ૫ સળેખમ **જખમ** કરવુ–ઘાયલ કરવુ, લાગણી દુખવવી **જખમ થવુ**–સળેખમ થવુ ૨ ઘા
જખમાયલુ, વિ૦ જખમી થયેલુ, ઘાયલ [વાગવો
જખમી, ત્રિ૦ જખમાયલુ ઘાયલ ૨ સખત લાગણી થયેલી હોય તેવુ
જખવુ, ક્રિ૦ અ૦ ખાઈ જવુ, ભરખવુ
જખ્ખડ, વિ૦ કઠણને મજબૂત શરીરનો પણ થોડી અક્કલનો, જડસો
જગ,ન૦જગત,વિશ્વ,દુનિયા ૨ જગા (કવિતામા)
જગકર્ત્તા, પુ૦ [સ૦] પરમેશ્વર,જગતનો કરનાર
જગજીવન, ન૦ જગતનુ જીવન અથવા જગતને જીવાડનાર, ઇશ્વર
જગણ, પુ૦ [સ૦] (કવિતામા) આઠ ગણમાનો એક (વચમા ગુરૂ ને આસપાસ લઘુ) "ગણેશ"
જગત, ન૦ (સ૦) ઈશ્વરે જે આ સઘળુ ઉત્પન્ન કર્યુ છે તે વિશ્વ, બ્રહ્માડ ૨ પૃથ્વી, મૃત્યુલોક, સસાર **જગત પાણી**—રગપાણી, ગાજે **જગતની** ગાળ—બટ્ટો, બદનામ, કલક, કહેવત **જગતનો** વા વાવો—સુખ દુખનો અનુભવ થવો, વ્યવહારિક બાબતના ભોમિયા થવુ, ચઢતી પડતી વીતવી ૨ અહકાર–મમત્વ હોવુ
જગતજેતા, પુ૦ વિશ્વવિજેતા, ચક્રવર્તી રાજા.
જગતજનેતા, સ્ત્રી (સ૦) જગત્‌ને ઉત્પન્ન કરનારી જગદબા [જાહેર, નામાકિત
જગતપ્રસિદ્ધ, વિ૦ (સ૦) જગપ્રસિદ્ધ, જગ
જગતી, સ્ત્રી૦ પૃથ્વી, દુનીઆ 'જગતી પર જળધર કગો, સાહિત તરણી તૃર્ણરે'—પ્રેમા૦
જગત્રય, ન૦ (સ૦) ત્રણ જગત–સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ, ત્રિભુવન, ત્રણેલોક
જગત્પતિ, પુ૦ (સ૦) જગતનો સ્વામી, પરમેશ્વર 'શ્રી જગત્પતિ, પ્રભુ આપ સન્મતિ, દેશદાઝ કાર્ય કરવા દે સબળ ગતિ' [ઈશ્વરી.
જગદબા, સ્ત્રી૦ (સ૦) જગતની માતા, દુર્ગા,
જગદીશ-શ્વર, પુ૦(સ૦)જગતનો ધણી, ઈશ્વર
જગદ્‌ગુરૂ, પુ૦ પ્રાણીઓના મનને જ્ઞાનથી પ્રકાશિત કરનારો, જગતનુ કલ્યાણ કરનારો ગુરૂ
જગદાત્મા, પુ૦ (સ૦) જગતનો આત્મા, ઈશ્વર
જગદુદ્ધાર, પુ૦ (સ૦)જગતનોછુટકારો, તારણ, મુક્તિ મોક્ષ ૨ તારનારો
જગદ્વન્દ્ય, વિ૦ જગતમા સૌએ પૂજવા યોગ્ય
જગન, પુ૦ (સ૦ યજ્ઞ) વૈદિક ધર્માનુસાર દેવોને સતુષ્ટ કરવા હોમ કરવાની ક્રિયા તે, યજ્ઞ હવન **જગન** ભડાકો કરવો—યજ્ઞ કરી નામના મેળવવી, મોટુ યશસ્વી કામ કરવુ
જગન્નાથ, પુ૦(સ૦) વિષ્ણુનો નવમો બુદ્ધાવતાર ૨ જગત્પતિ, પરમેશ્વર ૩ પૂર્વ તરફ ઓરીસા પ્રાતમા મહા નદીના મુખ આગળનુ જાત્રાનુ સ્થળ
જગન્નાથી, સ્ત્રી૦ એક જાતનુ ઝીણુ ધોળુ સુતરાઉ કપડુ, વગર ધોએલી મજલીન એના ધોતિયા, સાળુ, પહેરણ વગેરે બને છે [એવુ.
જગન્નિંદ્ય,વિ૦ સર્વેએ નિંદવા જોગ, સૌથી નિંદાતુ
જગન્નિવાસ, પુ૦ (સ૦) જગતમા રહેલા છે એવા પ્રભુ ૨ જગતનો નિવાસ છે જેમા (જગત જેવડે ચાલ્યુ–નિભ્યુ જાય છે) તે ઇશ્વર
જગન્નિયતા, પુ૦ (સ૦) જગતની વ્યવસ્થા રાખનારો, સૌને જે જોઇયે તે પુરૂ પાડનારો.
જગન્મિત્ર, પુ૦ (સ૦) જગતબધુ, સૌનો મિત્ર.
જગપતિ, પુ૦ (સ૦) પરમેશ્વર
જગબી, ન૦ અણખેડ જમીન, ઘાસ ઉગતુ હોય તે ખેતર, બીડ, ચરો

જગા (ગ્યા), સ્ત્રી૦(ફા૦) ઠેકાણુ,ઠામ,સ્થાન,સ્થળ. ૨. એકાદુ કામ, ચાકરી, પદ્દી, હોદ્દો ૩. કારણ, પ્રયોજન ૪ બારૂ રસ્તો, છિદ્ર, માર્ગ ૫ આસન, બેસણુ. ઉભુ રહેવાની જગા—આશરો, આધાર જગે જગે—ઠેકાણે ઠેકાણે

જગાડવુ, ક્રિ૦ સ૦ જાગે તેમ કરવુ ઉંઘમાંથી ઉઠાડવુ ૨ ચેતવવુ, જાણ કરવી, સાવધાન કરવુ ૩ ઉશ્કેરવુ, મચાવવુ

જગાત, સ્ત્રી૦ જકાત, જુઓ

જગાવવુ, ક્રિ૦ સ૦ હોકારા પાડી જાગ્રત કરવુ, ગજાવવુ "તે ધણી ધણીઆણીએ મહોલ્લો જગાવી મૂક્યો" ૨ ઉભુ કરવુ, મચાવવુ, ઉશ્કેરી સામે કરવુ "બંડ જગાવવુ"

જગુ (ક્રુ), પુ૦ ગિલ્લીદંડાની રમતમા એક દાવ

જગો, સ્ત્રી૦ જગા, સ્થાન, સ્થળ

જગ્ધુ, ન૦ નાનુ છોકરૂ બાળક.

જઘન, સ્ત્રી૦ (સ૦) જાંઘ, સાથળ

જઘન્ય, વિ૦ (સ૦) હલકુ,ખરાબ, ૨ પાછળનુ

જઘાત, સ્ત્રી૦ મરી ગયેલા બાળક તથા કુંવારા પુરૂષના શ્રાદ્ધ નિમિત્ત ઠરાવેલો ભાદવા વદ તેરસનો જે દિવસ તે જઘાતિયો—કુંવારો, વાંઢો

જંખના, સ્ત્રી૦ ઝાંખુ જોવુ તે, કંઇ કંઈ યાદ-આવવુ-વિચાર થવો તે સ્વમા જેવો ભાસ ૨ કલ્પના ૩ સ્વપ્નુ, સાણુ, ૪ ધ્યાન, રટન ૫. કાળજી, ખંત.

જંખવાઈજવુ-વુ, ક્રિ૦ અ૦ ચહેરો ફીકો પડવો, ઝાંખુ પડવુ, લજવાવુ, શરમ આવવી

જંખવું, ક્રિ૦ જંખના કરવી, યાદ કરવુ, રટવુ

જંખાણા પડવુ, ક્રિ૦ અ૦ છોભા પડવુ, ભુંઠા પડવુ, ઝંખવાવુ

જંખાણું, વિ૦ છોભુ, શરમિંદુ, ઝંખાણુ

જંખવાણુ, વિ૦ શરમિંદુ, લજવાતુ, છોભુ

જંગ, સ્ત્રી૦ (ફા૦) મોટી લડાઇ, યુદ્ધ, સંગ્રામ ૨. મોટુ ધિંગાણુ. જંગ મચાવવો—લડાઇ ઉભી કરવી, યુદ્ધ કરવુ ૨ કંકાસ કરવો (ઘરમા) "તેણીએ ઘરમાં જંગ મચાવવા માંડ્યો" જંગબહાદુર—લડાઇમા બહાદુર. ૨ નેપાળના રાજાઓનો એક ઇલ્કાબ.

જંગડિયા, પુ૦ એક ઠેકાણેથી બીજે ઠેકાણે તિજોરી સાચવી લઈ જનારા સિપાઇઓ

જંગમ, વિ૦ (સ૦) એક સ્થળેથી બીજે સ્થળે ખસેડાય-લઇ જવાય તેવુ (ઉલટુ સ્થાવર)

જંગમ, પુ૦ એક પંથના જોગી એ શિવલિંગને પૂજે છે અને બ્રાહ્મણોને માનતા નથી

જંગલ, ન૦ (સ૦) માણસની વસ્તી કે ખેતી ન હોય તેવો પ્રદેશ, વન, અરણ્ય, વગડો જંગલજવુ— ઝાડે ફરવા-દિશાએ જવુ, હગવા જવુ જંગલમાંનુ રોઝ—(રોઝ મૂળે તો અક્કલ હીન અને તેમા પાછુ જંગલનુ) કંઇ ન સમજે તેવુ, બુદ્ધિ ને વિવેક વિનાનુ જંગલ વસાવવુ-વનવાસ કરવો

જંગલી, વિ૦ જંગલનુ, અણખેડ ઉગેલુ ૨ જેને કંઇ સમજ ન હોય તે, બેસમજ, મૂર્ખ વિવેક રહિત, રીત-ભાતથી અણવાકેફ

જંગલીજટ, પુ૦ વિવેકમા કંઇજ સમજે નહિ તેવુ, સાવ જંગલી ગામડિયુ,રોચુ,જડ, અણઘડ

જંગલો, પુ૦ એક રાગ, સૂરનો ઢાળ

જંગાલ, પુ૦ તાંબાનો ખારરૂપ લીલો ને ભૂરો કાટ શુદ્ધ કરેલો જંગાલ ઓસડમા વપરાય છે, તેમ રંગમા ઉપયોગ કરે છે 'જંગાલથી સરસ ચોસર ચિત્રિ જાણે'-બુલાખી.

જંગી, વિ૦ (ફા૦) લડાઇમા ઘુમનાર' બહાદુર ૨ મોટુ, જબરૂ,ભારે 'જંગી ઢોલ' [બાંકોરુ

જંગી, સ્ત્રી૦ નાની બારી,કોટની સરીલમા પાડેલુ

જંગોટો, પુ૦ તંગીઓ 'જઘોટા કછોટા કંથા ગોદડી, શંખ ને શિંગી ફૂંકારે.'—નર

જંગોડી, સ્ત્રી૦ ઈતરડી, નાનો જંગોડો. [જીવ.

જંગોડો, પુ૦ ઢોર કુતરાને કાને બાઝે છે તે એક

જંઘ-ઘા, સ્ત્રી૦ (સ૦) જાંઘ, સાથળ [છે તે

જંઘડિયા, ન૦ ચોવડીયાવાળા જે ઢોલડુમકા વગાડે

જજમાન, પુ૦ (સં૦ યજમાન) યજ્ઞ-હોમ, અનુષ્ઠાન આદિ કર્મનુ ફળ પામનારો.

જજમાનવૃત્તિ, સ્ત્રી૦ જજમ નો ઉપર ગુજરાનો જે આધાર હોવો તે, ગોરપદું, ક્રિયાકર્મ કરાવવાનો જે ધંધો તે.

જજમાનિયુ, વિ૦જજમાનવૃત્તિવાળુ,જજમાનો પર આધારવાળુ ૨ ભાડુતી
જજિયો, પુ૦ (ફા૦ જિજયા) શિર ગણુતીનો કર, માથા દીઠ લેવાનો જે વેરો તે,હરડિયા વેરો
જજાર, સ્ત્રી૦ ખાયણીના આકારની નાની તોપ
જજાળ, પુ૦ (જન + જાળ) ઘર સસાર ધધારોજગાર સબધી જે ગુચવાડો-ખટપટ-લફરુ તે, ઉપાધિ, જળોજથા, પ્રપચ
જજાળી, વિ૦ જેને જજાળ હોય તે, સસાર ઉપાધિવાળુ ૨ ખટપટી,બહુ કામના રોકાણવાળુ
જજીર, ન૦ સ્ત્રી૦ (ફા૦) સાકળ, ઝાઝરિયા, બેડી 'જોર કરીને તોડવા જનાનાની જજીર' ૨ ઘડીયાળની કમાન ૩ લઘર, ઝાઝર ૪ નાની તોપ, મોટી બદુક
જજીરો, પુ૦ (ફા૦) પાણીમા બાધેલો કિલ્લો ૨ ટાપુ, બેટ ૩ પૈડાવાળી નાની તોપ, જખુરો ૪ હનુમાનની સાધનાનો મત્ર, જતર ૫ નક સીદાર કસબી વણેલી કીનાર
જટ-ટલ, વિ૦સમજે નહિને હઠ કરે તેવુ, હઠીલુ, અનાડી, માથુ ફોડાવે તેવુ. 'જગલીજટ.'
જટા, સ્ત્રી૦ (સ૦) માથા ઉપર ગુથેલી લાબી લટોનો ચુડીઉતાર જે ઉભો આકાર તે, લાબો ચોટલો 'જટામા ઘાલીને કોઇ નથી લાવ્યુ નારી'— **નરસિહ,** ૨ મરસટ થઇ એક બીજા સાથે બાઝી ગયેલા વાળનો જથો તે ૩ વડ પિંપરના ઝાડના લાબા લટકતા મૂળિયા ૪ વેદના મત્ર ભણવાનો એક પ્રકાર (પદ, ક્રમ, ઘન) [મુગટરૂપ આકાર તે
જટાજુટ, પુ૦ (સ૦) જટાનો બનાવેલો જે
જટાધર-ધારી, પુ૦ જેને માથે જટાભાર હોય તે, તપસ્વી ૨ શિવ ૩ વડવૃક્ષ
જટામાસી, સ્ત્રી૦ (સ૦) એક જાતની ઔષધિ, વજ, વલદ. [નાના છુટા વાળ, લટ
જટિયુ, ન૦ બરસટ વાળ, અબોડો વાળ્યા, ર-
જટિલ, વિ૦ (સ૦)જટાવાળો,જટાધારી,તપસ્વી, બ્રહ્મચારી "જટિલ જોગી ને ભસ્મ ભોગી, દીસતો અવધૂત"—**પ્રેમા૦**

જઠર, ન૦ પેટ, હોજરી, ઉદર
જઠરાગ્નિ, પુ૦ (સ૦) જે ગરમીથી ખાધેલુ પચી જાય તે, પાચન કરનારી શક્તિ
જડ, વિ૦ (સ૦) ભારે વજનવાળુ નક્કર,સગીન ૨ હાલે ચાલે નહિ તેવુ, જીવ-ચૈતન્ય વગરનું ૩ પચે નહિ તેવુ,ભારે અપચો કરે તેવુ ૪ સુસ્ત, આળસુ, ધીમુ, ઠડુ ૫ કમ અક્કલ, અજ્ઞાન,જાડી બુદ્ધિનુ ૬ ઉદાસી, ગમગીન, ૭ મૂક, મુગુ ૮ સ્તબ્ધ,ચકિત ૯ ઇંદ્રિયો તેજ ન હોય તેવુ,બહેરુ
જડ, સ્ત્રી૦ મૂળ, મૂળિયુ ૨ ખીલી, મેખ ૩ નાનો કાટો, ચુની ૪ જડતા "હૃદયા તણી જડ [મોડ"
જડજ, પુ૦ (અ૦) ન્યાયાધીશ
જડતર, ન૦ મળતર, પ્રાપ્તિ ૨ જડવા-બેસાડવા-મઢવાની રીત ૩ જડાવ કામ
જડતા, સ્ત્રી૦ જડપણુ ૨ અજ્ઞાનતા
જડતુ, વિ૦ બધબેસ્તુ લાયક
જડત્વ, ન૦ (સ૦) જડતા ૨ પદાર્થના પાચ સામાન્ય ધર્મ કહ્યા છે તેમાનો એક (**નિર્ભેદ્યતા,** પરિમેયતા, આકાર, વિભાજ્યત્વ અને જડત્વ) હોય તે સ્થિતિ ન બદલવાનો પદાર્થ માત્રનો જે ધર્મ તે, જે હાલતમા હોય તેજ હાલતમા રહેવુ તે
જડત્વાકર્ષણ, ન૦ ગુરૂત્વાકર્ષણ
જડનાર-રો, પુ૦ પચ્ચીગર, નગ બેસાડનાર
જડપણુ, ન૦ જડત્વ
જડબુદ્ધિ, વિ૦ મદબુદ્ધિનુ
જડબુ, ન૦ મોના હાડકા જેમા દાત હોય છે તે ડાચુ **જડબુ ફાટવુ—મો પહોળુ થવુ ૨** બોલાવુ, જીભ વધવી, હદ ઉપરાત **બોલવુ. જડબુ ભાગી નાખવુ—ધોલ મારવી ૨ બો-** લતા બધ કરવુ
જડબેસુલાખ, અ૦ (આ૦ જર્બ-મારવુ+તુ૦ સલાક-તમાચા) એકદમ,વગરવિલબે,તાબડતોબ ૨ (જડ + બેસુલાખ-કાણુ ન દેખાય તેમ) મજબ, ચપટ, બધબેસતુ
જડભરત, વિ૦ અણુસમજુ, જેને કઇ જ્ઞાનબુદ્ધિ ન હોય તેવુ (પુરૂષ), મૂઢ (એ નામનો

ઋષભદેવ રાજાનો પુત્ર ભરત એક જ્ઞાની હતો તેની વૃત્તિ ઉપરથી)

જડમૂળ, ન૦ રોપાના મૂળિના તતુ, જમીનમા ચોટેલો મૂળનો પાતળો છેડો તે જડમૂળથી–આરભથી માડીને તે બધુજ, તળિયાઝાટક "તેણે તેને જડમૂળથી ઉખેડી નાખ્યો" જડમૂળ જવુ —સમૂળ નાશ થવો. ૨ ઉખડી જવુ, વશ જવો 'જુલમી રાજાની જડમૂળ ઉખડી, નાદિર સરખા પામ્યા નાશ'–દલ૦ જડમૂળ કાઢવુ–નિર્મૂળ કરવુ,ક્ષય કરવો

જડવુ, ક્રિ૦ સ૦ સજડ બેસાડવુ–જોડી દેવુ, મઢવુ, લગાડવુ "વીંટીમા નગ જડવુ"

જડવુ, ક્રિ૦ અ૦ પ્રાપ્ત થવુ ,મળવુ ,હાથ લાગવુ

જડસો, વિ૦ જડ જેવો ૨ મજબુત પણ મૂર્ખ ૩ ગામડીઓ, વિચાર વિવેક આચાર વગરનો

જડાઈ, સ્ત્રી૦ જડામણી ૨ જડવાની રીત–આવડ.

જડાઉ, વિ૦ જડાવેલુ, જડિત્ર. ૨ જડવા જેવુ જડવાના કામનુ–ઉપયોગી

જડામણ,સ્ત્રી૦જડાઈ;જડવાની મજુરી ૨ જડતર

જડામૂળ, ન૦ જડ અને મૂળ બને ૨. નખોદ, નમતાન. ૨ અ૦ તળિયાઝાટક. ૩ વિ૦ જડિત

જડાવ, પુ૦ રત્નજડિત તે, જડવાનું કામ ૨

જડાવવુ, ક્રિ૦ સ૦ જડે તેમ કરવુ, બેસડાવવુ, ગોઠવાવવુ ૨. મારવુ, ચોઢવુ, ઠોકવુ

જડિત, વિ૦ જડેલુ,મઢેલુ,ખચિત,કુદન કરાવેલુ

જડિત્ર, વિ૦ જડિત, મઢેલુ.

જડિમા, સ્ત્રી૦ (સ૦) જડતા

જડિયુ, ન૦ કુમળુ મૂળ, જડ

જડિયો,પુ૦હીરા માણક વગેરે જડનારો,પચ્ચીગર

જડી, સ્ત્રી૦ છોડ, ઝાડ વગેરેના મળિયા, ઔષધિ જડીબુટ્ટિ–મૂળિયુ

જણ, ન૦ (સ૦ જન) સખસ, આસામી, માણસ એ શબ્દની સાથે સખ્યાવાચક વિશેષણો જોડાય છે. "એક જણ" જણદીઠ—એકેક જણને. (જણ શબ્દ મનુષ્યને માટે વપરાય છે) [પ્રસવ

જણતર,ન૦ઓલાદ;પરિવાર,છોકરા ૨ જણવુ'તે;

જણતી, સ્ત્રી૦ જન્મ આપનારી, મા

જણવવુ, ક્રિ૦ સ૦ જણાવવું, જુઓ.

જણવુ, ક્રિ૦ સ૦ સ્ત્રીએ બાળકને જન્મ આપવો, પ્રસવવુ ૨ બહાર કાઢવુ,પેદા કરવુ

જણશ, સ્ત્રી૦ (આ૦ જિન્સ્) જનસ, જુઓ

જણશભાવ, સ્ત્રી૦ દરદાગીના, કિંમતી વસ્તુઓ, સરસામાન

જણાવવુ, ક્રિ૦ સ૦ જાણ કરવી, જાણીતુ કરવુ, ખબર આપવી, કહેવુ ૨. ઇશારત કરવી; ચેતવવુ, સૂચવવુ ૩ સ્ત્રીને જણવામા મદદ કરવી

જણાવુ, ક્રિ૦ અ૦ જાણ પડવી, માલમ પડવુ, ખબર થવી, સમજવામા આવવુ ૨ ઝાખુ દેખાવુ, ભાસ થવુ, લાગવુ ,કઇક કઇક સમજાવુ

જત, અ૦ (સ૦ યત્) જેને લખવુ હોય અને જે કઈ લખવુ હોય તે બેનો સબધ દેખાડનાર શબ્દ, જે, કારણ કે, આથી જાણવુ કે, અપરચ ૨ હવે, બીજુ

જતન, ન૦ (સ૦ યત્ન) પાળવા, રાખવા, સાચવવા, બગડે કે ખરાબ ન થાય તે માટે તજવીજ રાખવી તે, સભાળ, રક્ષણ સાચવણી

જતરડુ–ડો, ન૦ સોના રૂપા વગેરેના તારને મોટા કાણા વાળી લોખડની ચીપમાથી ખેચી લાબો કરવામા–વધારવામા આવે છે તે

જતી, પુ૦ [સ૦ યતિ.] જૈન સાધુ, જૈન ત્યાગી ધર્મોપદેશક, ગોરજી, આત્મજ્ઞાન લેનારો, મુમુક્ષુ પારકા છોકરાને જતી કરવા ખોટી સલાહ આપવી

જતી, સ્ત્રી૦ કવિતા વાચતા વચ્ચે વચ્ચે અટકવાનુ ઠેકાણુ, વિરામ, વિશ્રામ

જતીમતી,સ્ત્રી૦દરેકની જુદી અથવા સામટી જે જવાબદારી તે એકાજતી એકામતી–સર્વાનુમતે

જતુ, સ્ત્રી૦ (સ૦) લાખ. જતુગૃહ–લાક્ષાભવન. જતુરસ–અળતો, લાખમાથી બનાવેલો એક રગ

જત્રુ, સ્ત્રી૦ (સ'૦) ગળાની હાસડી,કાઠલો.

જથરવથર, અ૦ ઠિકઠાક નહિ પણ જેમ તેમ કહિનુ કહિ, અવ્યવસ્થિત. ' તેનુ લુગડુ જથરવથર, તથા ચોટલો × × હતો. "—કરણઘેલો.

જથા, અ૦ (સ૦ યથા) જેમ; જે રીતે,જેપ્રમાણે જથા રાજા તથા પ્રજા–જેવો રાજા તેવી પ્રજા.

જથાબંધ, અ૦ એકેએકે નહિ તેમ, છુટક નહિ તેવુ, જથામા, થોકવાર, સામટી રીતે, ટોળાબંધ
જથારથ, વિ૦ (સ૦ યથાર્થ) વાજબી, ઘટતુ, જોઇયે તેવુ
જથો, પુ૦ [સ૦ યૂથ] એકઠુ હોવુ તે, ઢગ, સમુદાય, સમૂહ, ૨. થોક, ગજ, સટ ૩ ટોળુ, મંડળ, ૪ વર્ગ, પક્ષ [અગરજો
જદપી-દ્યપિ, અ૦ [સ૦ યદિ+અપિ] જોકે,
જદા, અ૦ [સ૦ યદા] જ્યારે
જદાતદા, અ૦ કોઈ વખત
જદુનાથ, પુ૦ યાદવપતિ, શ્રીકૃષ્ણ 'સદા શેન સેવો જદુનાથ મોટો' [ફાવે તેમ
જદ્દાતદ્દા, અ૦ ગમે તેમ, વિપરીત એલફેલ,
જન, ન૦ (સ૦ જન) માણસ, મનુષ્ય. (સ્ત્રી અથવા પુરૂષ) માનવી ૨ રૈયત, પ્રજા ૩ લોક, જગત, દુનિયા [જાવનાર 'હાસ્યજનક'
જનક, વિ૦ (સ૦) પેદા—ઉત્પન્ન કરનાર, ઉપ
જનક, પુ૦ બાપ પિતા, તાત ૨ પરમેશ્વર ૩ સીતાજીના પિતા, મિથિલા નગરીનો રાજા
જનકથા, સ્ત્રી૦ લોકમા પરપરાથી ચાલતી આવેલી દંતકથા, લોકમા ચાલતી વાત [નસીબ કરે
જનત, ન૦ (ફા૦) સ્વર્ગ 'ખુદા મરહુમને જનત
જનતા, સ્ત્રી૦ રૈયત સાથેનો એકભાવ ૨ લોકપણુ
જનન, ન૦ (સ૦) જન્મવુ તે, જણવુ તે, વેતર ૨ જન્મ ૩ દેખાવ, જીવન **જનનમરણ**—જન્મવુ ને મરવુ તે [જણતી
જનની સ્ત્રી૦ (સ૦) મા, માતા, જનમ આપનારી,
જનપદધર્મ, પુ૦ (સ૦) દેશાચાર, દેશ રૂઢિ
જનપદ, પુ૦ દેશ, મુલક "જનપદ હિતકર્ત્તા નૃપ તેને તજે છે"
જનપ્રવાદ, પુ૦ (સ૦) લોકાપવાદ, વચનીયતા
જનપ્રવાહ, પુ૦ (સ૦) લોકાચાર, રૂઢી ૨ માણસોનુ ટોળુ
જનમ, પુ૦ (સ૦ જન્મ) જનમવુ—અવતરવુ તે ૨ ઉત્પત્તિ, ઉદય, સંભવ, પ્રભવ ૩ જનમારો, જીદગી, ભવ ૪ જન્મથી મરણ સુધીનો વખત, હયાતીનો કાળ **જનમ થવો**—અવતરવુ, સભવવુ **જનમ આપવો**-જણવુ, ઉત્પન્ન કરવુ, ઉપજાવવુ, પેદા કરવુ **જનમની** રોટલી-પેદાશ. જીવાઈ (મરતા લગી મળ્યા કરે તેવી) **નવો જનમ** થવો—મરતા બચવુ, ઘાત જવી **પેલે જનમ**—બીજે અવતારે **પુનર્જન્મ**—બીજો અવતાર, ફરીને જન્મ થવો તે ચોર્યાશીનો ફેરો
જનમત, ન૦ પ્રજામત, લોકમા બધાયેલુ મત
જનમવુ, ક્રિ૦ અ૦ અવતરવુ, પેદા થવુ ૨ પ્રગટ થવુ જાહેરમા આવવુ, હયાતિમા આવવુ.
જનમગાંઠ, સ્ત્રી૦ જન્મનો વાર્ષિક દિવસ તે, વરસગાઠ, સાલગીરી [જિંદગી (આખો) ભવ
જનમારો, પુ૦ જનમથી મરણ લગીનો કાળ તે,
જનમોતરી, સ્ત્રી૦ (સ૦ જન્મ+ઔતરી) જે તિથિ, વાર, ઘડી, નક્ષત્રમા જન્મ થયો હોય તે ઉપરથી કાઢેલા ગ્રહોના યોગથી આખી જીદગીમા જે લાભ હાનિ થવાની તે બતાવનારી પત્રિકા તે ૨ આગળથી જાણી લખી કે કહી રાખેલી વાત, ભવિષ્ય ભાખવુ તે
જનરલ, પુ૦ (અં૦) સેનાનો નાયક, અનીકપતિ
જનરંજન, વિ૦ (સ૦) માણસો ખુશી થાય તેવુ
જનરીત, સ્ત્રી૦ લોકમા ચાલતી જે રીત તે લોકરૂઢી
જનલોક, પુ૦ (સ૦) સપ્તલોકમાનો પાચમો, સ્વર્ગ
જનવાદ, પુ૦ (સ૦) અફવા, ગપ ૨ લોકમા થતી અપકીર્તિ [દંતકથા
જનવાર્ત્તા, સ્ત્રી૦ (સ૦) લોકમા ચાલતી વાર્તા,
જનસ, સ્ત્રી૦ (આ૦ જિનસ) ચીજ, વસ્તુ, ૨ સામાન, માલ, સોદો ૩ દાગીનો, નગ ૪ જમેમાથી ઉધાર બાદ કરતા બાકી રહેલુ તે, સિલક, અવેજ, રકમ ૫ ઉપયોગી મહત્ત્વવાન ચીજ ૬ અર્પણ
જનસપડી, સ્ત્રી૦ વેપારીઓમા ૧૯નોસંકેત.
જનસમુદાય, પુ૦ લોકસમૂહ
જનસમૂહ, પુ૦ લોકોનુ ટોળુ [ઘરેણાઉ.
જનસાઉ, વિ૦ સાનમા જણશ રાખીને આપેલુ,
જનહિત, ન૦ મનુષ્ય કલ્યાણ, લોકહિત
જનહિતકારી, વિ૦ પરગજુ, જનહિતેચ્છુ
જનાકારી, સ્ત્રી૦ (ફા૦ ઝન—સ્ત્રી) છિનાળુ, જાર

કર્મ, વ્યભિચાર [વાથી લાગતો થાક તે

જનાખ, સ્ત્રી૦ સત્વ, બળ, દુ ખ ને મહેનત વેઠ-

જનાજો, પુ૦ (ફા૦ જનઝા)મુસલમાનમા મડદાને દાટવા લઇ જવાની ઠાઠડી, ખાટલી, કર્ફ઼ી ૨ ડાઘુ

જનાદી, પુ૦ પૈસો, દોઢિયુ

જનાનખાનું, ન૦ (ફા૦) સ્ત્રીઓને બેસવા ઉઠવા નો ખ ડ, ઓઝલ, અ ત પુર ૨ સ્ત્રી વર્ગ, કુટુબ કબીલો [રાંડવુ ૨ કાયર, હિંમત વગરનુ

જનાની, વિ૦ બૈરાના જેવી રીતભાતનુ, બાયલુ,

જનાનો, પુ૦(ફા૦) ઓઝલમા રહેનાર સ્ત્રી વર્ગ ૨ ઓઝલ, પડદો ૩ કુટુબકબીલો

જનાબ, વિ૦ (ફા૦) ઉંચા દરજ્જાવાળાને સબો-ધીને વપરાતો માનનો શબ્દ, માનવ ત, મહેરબાન જનાબઆલી એ ઘણા માનમા બોલાય છે જ**નાબમાં**-ખિજમતમા, સેવામા, હજુરમા

જનાવર, ન૦ (ફા૦ જાનવર) માણસ સિવાય બીજુ જે પ્રાણી તે પશુ, પક્ષી, જીવજન્ત, બુદ્ધિ વગરનુ પ્રાણી [કાવડિયો

જનાવાદી, પુ૦ હલકી કિમ્મતનો સિક્કો, જંઈ,

જનિત, વિ૦ (સ ૦) જન્મેલુ, ઉત્પન્ન-પેદા થ-યેલુ, ઉપજેલુ, લીધે થયેલુ [લાગણીનો જોસ

જનુન, સ્ત્રી૦ ગાડો જુસ્સો, ક્રોધનો ઉભરો,

જનુની, વિ૦ ઝનુન હોય તેવું, ક્રોધી, આકળુ

જનુની-નેતા, સ્ત્રી૦ (સં૦ જનની)જણતી મા

જનોઇ, ન૦ બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્ય એ ત્રણ જાતિના પુરૂષના ડાબા ખભાની ઉપર અને જ-મણાની નીચે લટકતો ત્રણ તારનો સુતરનો તાતણો, ઉપવિત ૨.દ્વિજપણુ પામવાનો સસ્કાર

જન્ત, પુ૦ ક્ષુદ્ર જીવ, જીવડો "જીવજન્ત"

જંતર, પુ૦ (સં૦ ય ત્ર) ધાતુ કે ભોજપત્ર ઉપર ખાના અક્ષર વગેરે પાડી લખેલુ અમુક સાધના માટેનુ પત્ર

જંતુ, પુ૦ નાનો જીવ, ક્ષુદ્ર જીવ, જીવડો

જંત્ર, ન૦ (સ ૦) ય ત્ર, સાચો ૨. ઓજાર, હથિ-યાર ૩ રચના, ગોઠવણ, યોજના ૪. કોઠો, કોષ્ટકની તખતી ૫ એક જાતનું ત તુ વાદ્ય. 'જ ત્રની જુક્તિ જ ત્રીજ જાણે' ૬ પ્રખર; તીવ્ર

જંત્રી, સ્ત્રી૦ જ ત્ર વગાડનાર, ' જેવો જ ત્ર વગાડે જ ત્રી, તેવો સ્વર નીસરે'-દયા૦ ૨ જા-દુગર, ખેલાડી ૩ તૈયાર ગણી ગખેલા હિસાબની ચોપડી ૪ તારીજ, ૫ સાકળીઉ, અનુક્રમણિકા.

જંદ, સ્ત્રી૦ સસ્કૃતને મળતી અસલ ઇરાની ભાષા, અવસ્તાની ભાષા [સીઓનુ ધર્મ પુસ્તક

જંદઅવસ્તા, ન૦ જંદ ભાષામા લખાયેલુ પાર-

જંદો, પુ૦ ફક્કડ પુરૂષ, વિદુષક

જન્મ, પુ૦ (સ ૦ જન્-જન્મવુ)જનમ, જુઓ.

જન્મકુડળી, સ્ત્રી૦ (સં૦) લગ્ન સમયના ગ્રહો દેખાડનારૂ બાર રાશિઓનુ પત્ર તે, જન્માક્ષર

જન્મચરિત્ર, ન૦ (સં૦) જીદગીનો હેવાલ, જીવન, વૃત્ત, વર્ણન

જન્મદિવસ, પુ૦ જે દિવસે જન્મ થયો તે તિથિ, જન્મનો વાર્ષિક દિવસ

જન્મનામ, ન૦ (સ ૦)જન્મ નક્ષત્રના ઉપરથી રાખેલુ-પાડેલુ નામ તે

જન્મપત્રિકા-ત્રી, સ્ત્રી૦(સ ૦)જનમોતરી, જુઓ

જન્મપ્રભતિ, અ૦(સં૦)જન્મથી માડીને

જન્મભાષા, સ્ત્રી૦ (સ ૦) જન્મથી જે ભાષા બોલતા હોય તે, માતૃભાષા

જન્મભૂમિ, સ્ત્રી૦ (સ ૦) જે ભૂમિમા જન્મ થયો હોય તે, સ્વદેશ, વતન

જન્મસ્થાન, ન૦ (સ ૦) જ્યા જન્મ થયો હોય તે સ્થાન ૨ જન્મ કુડળી, લગ્નભુવન

જન્માક્ષર, પુ૦ જન્મ સમયે મ ડેલા ગ્રહોનુટિપણ, જન્મપત્રિકા [જન્મ લેવો તે, પુનર્જન્મ

જન્માન્તર, ન૦ (સ ૦)એક જન્મ છોડી બીજો

જન્માંધ, વિ૦ (સ ૦) જન્મથીજ આધળુ

જન્માષ્ટમી, સ્ત્રી૦(સ ૦) જન્મ સમયની અષ્ટમી ૨ કૃષ્ણજયતી, ગોકુળઆઠમ

જન્મોજન્મ, અ૦ (સં૦) એક પછી બીજો, બીજા પછી ત્રીજો એમ જે અવતાર લેવા પડે છે તે, ભવોભવ

જન્મોતરી, સ્ત્રી૦ (સ ૦) જનમોતરી, જુઓ

જન્ય, સ્ત્રી૦ જાન, (કચ્છ) ૨ વિ૦ જન્મેલુ; ઉપજેલુ

જપ, પુ૦ (સં૦ જપ્) નામ, મંત્ર, ઇ૦ નુ રટન

તે એકનુ એક જપવુ તે, જાપ **જપ** કરવો—આળસમા વખત ગુમાવવો ૨ વારવાર એકનો એક વિચાર કરવો,રટન કરવુ ૩ ઇચ્છીત વસ્તુની આશામા રાહ જોવી

જપત, વિ૦ (આ૦ જપ્ત) માલીકની સત્તા છીનવી લઈ સરકારે પોતાના કબજામા રાખેલુ હોય તેવુ **જપત** કરવુ—સરકારે પોતાની સત્તામા રાખવુ (થોડીવાર સુધી અથવા હમેશને માટે)

જપતી,સ્ત્રી૦જપત-કબજ કરવુ તે ટાચ,કલમબધી

જપમાળા, સ્ત્રી૦ (સ૦) જપ કરવાનો બેરખો, માળા, તસબી

જપવુ, ક્રિ૦ સ૦ જપ કરવો, વારે વારે ઈષ્ટનુ નામ લેવુ, રટન કરવુ, ૨ સ્મરવુ, યાદ કર્યા કરવુ, ધ્યાન ધરવુ ૩ ધખવુ ન વિસરવુ

જફા,સ્ત્રી૦(ફા૦)જુલમ,સખતી,જબરજસ્તી

જબર-બ્બર,વિ૦ (આ **જબ્ર-સખતી**)જોરાવર, બળવાન (પ્રાણી) ૨ ઘણુ, મોટુ, ભારે ૩ અઘરૂ, મુસ્કેલ (કામ) ૪ ઘણુજ દુ ખ દે તેવુ, રિબાવે તેવુ ૫ કઠણુ,સખત,મજબુત

જબરજસ્ત, વિ૦ જોરાવર, મજબુત, અજરાલ ૨ જુલમગાર, જુનમી, ક્રુર

જબરજસ્તી, સ્ત્રી૦ જબરાઇ,જોર-બળ વાપરવુ તે ૨ જુલમ ગેરઈન્સાફની વાપરેલુ જોર

જબરી-રાઈ, સ્ત્રી૦ જબરજસ્તી, જુઓ

જબરૂ, વિ૦ જબર, જુઓ **જબરૂ** લાકડુ—મોટોપક્ષ, જબરો આધાર, ટેકો સબળ આશ્રય 'બદરૂદીનને ન્યાયાધીશમા જબરૂ લાકડુ હતુ, તેથી તે જેમ કરતો તેમ ફાવતો"

જબલગ, અ૦ જ્યા સુધી "જબલગ સામ તબલગ આસ" [બોલી ભાષા

જબા,-જબાન, સ્ત્રી૦ (ફા૦ **ઝબાન**) જીભ ૨

જબાની, સ્ત્રી૦બોલીને આપેલી સાક્ષી ઇકરાર સોગન ઉપર કહેલુ-લખાવવુ તે

જબાબ, પુ૦ જવાબ, જુઓ

જબે-હ કરવુ, **ક્રિ૦ સ૦** (**આ૦ ઝબાહ્**) ઝટકો મારીને કાપી નાખવુ, કાપીને મારી નાખવુ ઠાર કરવુ, કતલ કરવુ

જબ્બર, વિ૦ જબર, જુઓ

જબ્બો, પુ૦ (**ફા૦ જુબ્બા**) ઢીલો લાબો ઝુલતો સુદર ડગલો. વિદ્વતા અને પદવીના ચિહ્ન તરીકે સરકાર તરફથી અપાતો ડગલો ૨ ખુલતુ ને બધબેસ્તુ ન હોય તેવુ પહેરણુ

જભકવુ-કી ઉઠવુ, **ક્રિ૦ અ૦** (ઝડપ ઉઠવુ.) બીક લાગેથી ચમકવુ,ઝમકવુ, ચમકીને જાગી ઉઠવુ.

જભકોળવુ, ક્રિ૦ સ૦ ઝબકોળવુ, પાણીની અદર બોળી કાઢવુ

જમ, પુ૦ (**સ૦ યમ**) મરણ પછી જીવનો ન્યાય કરી શિક્ષા કરનારો દેવ, મોતનો દેવ ૨ મોત,મરણ, કાળ, અત ૩ બિયામણો-વિકાળ પુરૂષ ૪ દુ ખ દેનારો, ત્રાસ આપનારો **જમ** જેવો—મજબુત,જોરાવર, ભયકર **જમનું** તેડુ સાડ પણ કોરટનુ તેડુ ખોટુ—સરકારમા વારવાર ધક્કા ખાવા પડે તે ખોટુ **જમનો** દૂત—નિર્દય અને કઠોર હૈયાનો

જમ, અ૦ જેમ (કવિતામા) [માણસ

જમડો, પુ૦ જમ, યમનો દૂત ૨ ક્રૂર બિયામણો

જમણ, ન૦ જમવાના પદાર્થો ૨ જમાડવુ તે, નાત, વરો ૩ એક વારનુ જમવાનુ તે "દશ જમણ થયા'

જમણવાર, સ્ત્રી૦ ઘણા લોકને સાથે બેસાડી જમાડવા તે, ન્યાત, વરો, ભોજન સમારભ ૨ નાતનો દિવસ

જમણુ, વિ૦ (**હિ૦ દે૦ જેમણય**) પૂર્વ દિશા સામુ મુખ કરી ઉભા રહીએ તો દક્ષિણ દિશા તરફનુ, વામેતર, અપસવ્ય **જમણો હાથ**—જે હાથે કામ કરવુ વધારે ફાવે છે તે, મુખ્ય માણસ મદદગાર, સહાયક, ખરો મદદનીશ, જેના વિના કઇ કામ થાય નહિ તે **જમણો** હાથ તે મો તરફ-જેનુ જે તરફ વલણ હોય

જમદૂત પુ૦ યમદૂત, કાળ [તે તરફ

જમરૂખ, ન૦ એક જાતનુ ફળ, પેર, જામફળ

જમરૂખડી-ખી,સ્ત્રી૦ જમરૂખનુ ઝાડ, જામફળી

જમલો, પુ૦ જુમલો,એકઠો થયેલો જથો,મરાવો 'જમલો છે જોજે જગદીશ,તુ પડછો ને તે પક્ષ'

જમવુ, ક્રિ૦ સ૦(સ૦ જમ્-જમવુ) રાધેલુ ખાવુ, ભોજન કરવુ, ખોરાક લેવો ૨ ગળવુ, ઉચાપત કરવુ, સારી રીતે હાથ મારવો 'ફરિયાદી અને દાદી મને પાસેથી ખૂબ જમે છે"

જમવુ, ક્રિ૦ અ૦ જામવુ, ઘનીકરણ થવુ ૨ ઠરવુ, બધાવુ

જમા, સ્ત્રી૦ (આ૦) આવક, પેદાશ, વસુલ,નીપજ ૨ આવકનુ ભરણુ જેમા એકઠુ થતુ હોય તે, ભડાર, ખજાનો, તિજોરી ૩ ચોપડામા આવક લખવાની બાજુ તે, એવી જે આવેલી રકમ તે ૪ એકઠુ થવુ તે ૫ ભેગુ, એકઠુ ૬ સરવાળો, જુમલો, એરીજ **જમા** કરવુ— આવકના ખાતામા લખવુ ૨ એકઠુ કરવુ ૩ વ્યાજે રાખવુ ૪ અનામત રાખવુ

જમાઇ, પુ૦ (સ૦ જામાતૃ) દિકરીનો વર

જમાઉધાર, ન૦ આવક જાવકનો રીતસર લખાતો હિસાબ તે ૨ મેળવવુ ને ગુમાવવુ, ભેગુ કરવુ ને તેનો વ્યય કરવો

જમાખરચ, પુ૦ આવક ને ખરચ,જમા ખરચ પાડવુ—હિસાબમા ન ગણેલી રકમોની વ્યવસ્થા કરવી

જમાડવું, ક્રિ૦ સ૦ જમે તેમ કરવુ, ભોજન કરાવવુ, ખવડાવવુ ૨ લાભ કરાવી આપવો ૩ લાચ આપવી, બક્ષીસ આપવી

જમાત, સ્ત્રી૦ (આ૦) જથો, સમુદાય,સમવાય ૨ મંડળ,નાત ૩ નાતના મડળનુ પચ

જમાદાર, પુ૦ (ફા૦)થોડા સિપાઇઓનો ઉપરી, એક ટોળીનો નાયક [રીપણુ,હુકમ બજવણી.

જમાદારી, સ્ત્રી૦ જમાદારનું જે કામ તે ૨ ઉપ-

જમાન, પુ૦ જામીન, જુઓ

જમાની, સ્ત્રી૦ જામીનગીરી

જમાનો, પુ૦(ફા૦ જમાન.) લાબો વખત, જુગ, એક પેઢી જેટલો સમય, કાળ, વખત

જમાબંદી-ધી, સ્ત્રી૦ સરકારી કરોની ઠરાવણી; કરનો ઉચ્ચક ઠરાવવો તે. ૨ મહેસુલ વસુલ. ૩.લશ્કર માટે રૈયતમાથી ભરતી કરવાની ગોઠવણ

જમાલગોટો, પુ૦ (આ૦) નેપાળો. એ, જુલાબ આપવા દવામા વપરાય છે

જમાવ, પુ૦ એકઠુ-એક જથ્થે થવું તે, ભીડ ૨ મેળાવડો, મેળો ૩ ઠઠ, ટોળુ, સમુદાય.૨ એક ઠેકાણે હોવુ તે સગ્રહ, ઢગ "વસ્તુઓનો જમાવ." ૩ એક બીજા સાથે મળતુ રહેવુ તે, અથવા મળીને રગ ઉપજાવવો તે ૪ એકમત, મેળાપ, સમતિ.

જમાવટ, સ્ત્રી૦ મેળવણી, બનાવટ, શોભતે શોભતુ આવી રહેવુ તે (રગ,અવાજ, ઇ૦ નો)

જમાવસૂલ, સ્ત્રી૦ (આ૦) દેશ—ગામોની ઉપજ માથી જે રકમ સરકારમા ભરાતી હોય તે

જમાવવુ, ક્રિ૦ સ૦ એકઠુ-ભેગુ કરવુ ૨ જુદી જુદી જાતની સામગ્રી એકઠી મેળવી સારૂ લાગે ને મઝા પડે તેમ કરવુ ૩ દહિ કરવા સારૂ દૂધમા ખટાશ નાખવી, મેળવવુ, અંધરવુ;આખરવુ ૪ પૈસા ભેગા કરવા. ૫ (કામ ધધો) ખીલવવુ, વધારી દેવુ, સ્થાપવુ ૬ મજબુત બેસાડવુ, દઢીકરણ કરવુ.

જમી જવુ, ક્રિ૦સ૦ ખાઈ જવુ.૨ બધાઈજવુ દહિ થવુ ૩ એક બીજા સાથે મળી રગ ઉપજાવવો ૪ અનુકૂળ આવવુ, ચોકઠું બેસી જવુ, બધબેસ્તુ આવવુ

જમીન, સ્ત્રી૦ (ફા૦) ધરતિ, ધરા, ભૂમિ ૨. પચતત્વમાનુ એક, પૃથ્વી ૩. નક્કર પૃથ્વીનો હરકોઇ કોરો સપાટ ભાગ, ધરાતલ ૪ ભોય (પથારી ન હોય તે) ૫ પાકને માટે સાફ કરેલી ભોય-ભૂમિ તે, ખેતર ૬ વિશ્વ,દુનિયા જગત 'જમીનપર જન્મેલુ તે જવાનું જ' ૭ માસ,અંકુર.'જમીન આવશે તેમ તેમ ઘા પુરાશે '૮ તલ, ભોય, સપાટી ' જમીન ધોળી ને ઉપર ફૂલવેલ લાલ રગના કરજો ' ૯. જગા, આધારભૂત સ્થળ. આ દુનિયામા હવે મારે પગ મૂકવા જેટલી જમીન રહી નથી ' જમીન આવવી—રૂઝ આવવી,માસના અંકુર આવવા,ઘા પુરાવો જમીન મરવી—ઘા ઊંડો જવો.૨.પાણીના વહેણથી આસપાસની જમીન કપાવી. જમીન ખણવી—શરમાવું,પસ્તાવા

પની અસર થવી જમીન માપવી–લપસી પડવુ ૨ નાસી–ખસી જવુ જમીનમા પેસવુ–ભોયમા ઉતરવુ ૨ ઠિંગણા રહેવુ ૩ છોભા–શરમિંદા પડવુ જમીન કરવી–મિલ્કતમા જમીન રાખવી.૨ જમીન–ભોય દુરસ્ત કરાવવી ૩ થાપ દેવરાવવી ૪ ઘણી મુદતે દરિયાઈ મુસાફરી કરી બદર કરવુ કાઠે આવવુ **જમીન આસ્માન એક થવુ**–પ્રલય થવો, ગજબ થઇ જવો, મોટો અનર્થ થવો, "જમીન આસ્માન એક થાય તોયે શુ, હવે તે એકનો બે થવાનો છે?" ૨ મોટી આફત આવી પડવી "આ કામ કરતા તો જમીન આસ્માન એક થશે." જમીન આસ્માનનો તફાવત–ઘણોજ મોટો તફાવત

જમીનદાર, પુ૦ (ફા૦) જમીનની પેદાશ ઉપર ગુજરાન ચાલતુ હોય તે, જેની મિલકત જમીન–ખેતર રૂપે હોય તે, જાગીરદાર ૨ ખેડુત,પાટીદાર

જમીનદારી, સ્રી૦(ફા૦)જમીનદારની જે સ્થિતિને

જમીનદોસ્ત, વિ૦ ભાગી તોડી ભોય બરાબર કરી નાખેલુ, ફનાફાતિયા કરેલુ, જડમૂળમાથી ઉખેડી નાખેલુ, પાયમાલ, હતા ન હતા જેવુ

જમે, અ૦ જમા, જુઓ

જમેઉધાર, વિ૦ જમા ને ઉધાર કરવુ તે ૨ નફો-તોટો જમે ઉધાર કરવુ–ચોકખુ કરવુ,પતાવી દેવુ

જમેમર્દ, વિ૦ બહાદુર, પહેલવાન [વાકો છરો

જમૈયો, પુ૦ (આ૦) એક તરેહનુ હથિયાર,

જપ, સ્રી૦ (સ૦ યમ) નિરાત, નિવૃત્તિ, આરામ, શાતિ

જપલાવવુ, ક્રિ૦ અ૦ એકદમ યાહોમ કરી કૂદી પડવુ, વગર વિચારે કરવુ, ઝપલાવવુ

જપવુ, ક્રિ૦ અ૦ શાન્ત થવુ, નિરાત વાળવી, વિરમવુ ૨ ઉઘવુ.

જપાપાત, પુ૦ કૂદકો, ભુસકો, પડતુ મૂકવુ તે

જબીર, ન૦ કર્પટીનુ ઝાડ, કર્પટા (ફળ) 'નારિકેલ ફણુસ જબીર ને ફોફળી રે'–રામાયણ

જબુદ્વીપ, પુ૦ પૃથ્વીના સાતદ્વીપમાનો એકદ્વીપ

જબુરો, પુ૦ (ફા૦) એક જાતની તોપ ૨ બાજીગરનો મદદગાર છોકરો

જબુક પુ૦ (સ૦) શિયાળ, કોલુ

જબૂર, પુ૦ ખીલા ખેચી કાઢવાનુ એક ઓજાર

જબે, અ૦ જે અબે, જય જય અબે જબે જબે કરવુ–નાચી કૂદીને આનદ મેળવવો ૨ છુટે હાથે વાપરવુ ૩ કાખલીઓ કૂટવી, જાવસોઇ કૂટવી ને ધમાલ મચાવવી.

જભા, ન૦ (સ૦) આળસ આવવાથી મો ઉઘાડી જોરથી શ્વાસ મૂકવો તે, બગાસુ

જમોર, પુ૦ (ફા૦ જહુમર) જમ્મર, ચિતામા પડી આપઘાત કરવો તે, કમકમાટી વછુટે તેવુ મરણ

જમ્મર, પુ૦મોટુ દુખ,કાળોકહેર, કમકમી છૂટે તેવુ મરણ, જમોર " કુટનારી કહેતી જમ્મર થયો, તમે રહો હવે રોઇ રે " —બાપુસાહેબ

જય, પુ૦ (સ૦ જિ–જીતવુ)જીત, ફતેહ, બીજાને હરાવી નમાવી ચઢિયાતા થવુ તે ૨ બઢતી, સૌભાગ્ય, કલ્યાણ, શ્રેય જય જયકાર–જીતની ખુશાલીનો પોકાર, આનદનાદ

જયકામી, વિ૦જયની સ્પૃહાવાળા ૨ કીર્તિલોભી

જયન્તિ, સ્રી૦ મહાન્ પુરુષના મસ્મરણ નિમિત્તે ઉત્સવાદિ કરવા તે ૨ દિગ્વિજય પત્રિકા. ૩ પતાકા, ધ્વજા.

જયમગળ, પુ૦રાજાને બેસવાનો હાથી, ઉત્તમહાથી

જયશાલી, વિ૦ જયવત, ફત્તેહમદ, જયી

જયાનદ, પુ૦ (સ૦) જયથી ઉપજેલો જે આનદ તે [વિજયી ૨ જીતેલુ

જયી, વિ૦ (સ૦) જય મેળવનાર, ફતેહમદ,

જર, પુ૦ (સ૦) રેશમ સાથે વણેલા સોના રૂપાના પાતળા તાર, કસબ ૨ કસબનુ વણતર ૩ એવા વણતરનો પાલવ, તોરો,ઈ૦ ૪ (ફા૦)પૈસો,નાણુ, દોલત, સોનુ 'જર ચાહે સો કર'

જર, સ્રી૦ ઓર, મેલી ૨. જળો (કચ્છ)

જરકસી, વિ૦ કસબી,જેમા કસબી ભરત હોય તેવુ, જરીનુ " જરકસી સાડી રેશમી, લખો કોડી બાર વહુ જી'–આમેર

જરકોસ, પુ૦ ખોટા કસબની બનાવટ

જરખ, પુ૦ ગધેડા જેવુ પણ અત્યત આળસુ

ગંદુ એક હિંસક પ્રાણી, ઘોરખોદિયો, તરસ (મ૦); લક્કડવાઘ, જીરાક (હિં૦)

જરજર-રિયું, વિ૦ જીર્ણ, છેકજ ઘસાઈ ગયેલુ, ખખળી ગયેલુ. ૨ ગરગરિયુ, આછા પોતનુ, કાકા પુરી, ઘસાઇને નીકળી પડે તેવુ થયેલુ.

જરજરિયાન, ન૦ રોકડ, ધન, અને ઘરેણા ૨ કસબી ભરત. [જે તે

જરજોખમ, ન૦ જર અને જોખમ, સાચવવા યોગ્ય

જરઠ, વિ૦ વૃદ્ધ, વરડુ ૨ મજબુત; કઠણ. ૩ રીઢું, પાકુ

જરતોસ્તી, વિ૦ (ફા૦ જતાસ્ત) જરતોસ્ત પેગબરના ધર્મને માનનાર (પારસી લોક)

જરદ, વિ૦ (ફા૦ જર્દ) પીળુ, ઝાખુ પીળુ

જરદાળુ, ન૦ એક જાતનુ ફળ [તમાકુનો ભુકો

જરદો, પુ૦ (ફા૦) તમાકુની પતરી; પીળાસ પડતો

જરદોજ, પુ૦ (ફા૦ ઝરદુજ) કસબી ભરત કામ કરનારો, જરીવાળો

જરબ, પુ૦ (ફા૦ જર્બ–મારવુ) ભય, ધાક, દહેસત (મોટપણનો)૨ માર ૩ દાબ, હાક, ત્રાસ.

જરવજર, (અ૦) જરા, અણુ, લેશ. [(સત્તાથી)

જરવું, ક્રિ૦ અ૦ (સં૦ જૄ–જુનુ થવુ) પચવુ, હજમ થવુ (ખોરાક) ૨ જીર્ણ થવુ, ઓગળી ગળી જવુ. ૩. ચઢવુ, નરમ થવું ૩ તણાઇને છુટુ–તારેતાર જુદુ પડી જવું

જરાયુ, ન૦(સં૦જરા–ઓર)ગર્ભને રક્ષણ કરનાર પાતળી ચામડીનું પડ.

જરાયુજ, વિ૦ (સં૦ જરા + જન્)ઓરમાથી જેનો જન્મ થાય છે તે, જન્મતાજ ચેતનવાળુ

જરા, સ્રી૦ (સ૦) ઘડપણ, બુઢાપો, વૃદ્ધાવસ્થા વૃદ્ધપણામા થતી કમતાકાત. " જેમ દેવને જરા જાય, તેમ સતી કૃપાએ થાય. "૨ જીર્ણતા, જુના પણું. ૩ સાપની કાંચળી, જીર્ણ ત્વચા

જરા, અ૦ (ફા૦) થોડુ, લગાર 'એક કોરે જરા ધાર જેવુ ' ૨ થોડીવાર, જરાવાર " 'જરા ઉભરહો'. ૩. સહેજ, કિંચિત્, લગાર [પણ

જરાએક, અ૦ લગાર પણ, થોડુએ ૨ થોડીવાર

જરાજરા, અ૦ અમથું અમથુ; લગારેક

જરાતરા, અ૦ કંઇક, લગારેક, સહેજસાજ

જરાયત, વિ૦(ફા૦ જરાઅત્) વરસાદના પાણીથી જેમા પાક થાય છે ને જેને કુવા વગેરેના પાણીની મદદ નથી તેવી (જમીન), કોરાટ, આકાશિયા (જરાયત ને બાગાયત.)

જરિયન, વિ૦ કસબી "કોઇ ધરે જરિયન હીરાગળ, કોઇક કથાધારી ' [કસબી વસ્રો વગેરે

જરિયાન, ન૦ સોના રૂપાના જડાવ ઘરેણા વગેરે,

જરી, વિ૦ કસબથી વણેલુ તે, કસબ.

જરી–ક, અ૦ જરા, લગાર

જરી જરી, અ૦ જરાતરા

જરીપટકો, પુ૦ પેશ્વાના સૈન્યનો જરીનો વાવટો કસબી પતાકા ૨ મોટા લશ્કરી સરદારને કમરે બાધવાનો જરીનો પટકો (પેશ્વાઇમા)

જરીપુરાણુ, વિ૦ જુનુ–ફાટીતૂટી ગયેલુ કાઢી નાખવા જેવુ [કામ. ૨, માપણી કરનાર.

જરીફ, સ્રી૦(અ૦ જરીવ) જમીનની માપણીનુ

જરીફખરડો, પુ૦ માપણી લખેલી હોય તે નોધ, માપણી પત્રક

જરીમરી, સ્રી૦ કોગળીઉ, માતાનુ, કોલેરા

જરુખો, પુ૦ ઝરુખો, છજુ, ડાખલી ૨ બાકુ

જરૂર, સ્રી૦ (આ૦) જેના વિના નજ ચાલે તે, ઘણીજ અગત્ય, ગરજ મતલબ [ખા, અચૂક

જરૂર, અ૦ ગમે તેમ કરીને, ખચીત, નક્કી, ખાસુ-

જરૂરિયાત, સ્રી૦ જરૂર, અગત્ય, આવશ્યકતા

જરૂરી, વિ૦ જરૂરનું અગત્યનુ.

જરોઇયું, ન૦ જળોયુ, જુઓ

જર્જર, વિ૦ જરજર ખખળી ગયેલુ, જીર્ણ

જર્જરિત, વિ૦ બહુ જુનું ને જીર્ણ થયેલુ, સખળડખળ થઇ ગયેલુ

જલ, ન૦ જળ, પાણી ૨ ઝલ, વાંદો, વંદો

જલજ, ન૦ (સં૦) જલમા ઉત્પન્ન થયેલુ તે કમળ, શંખ ૨ વાદળુ, મેઘ.

જલજા, સ્રી૦ (સ૦) લક્ષ્મી

જલદ, વિ૦ (ફા૦ જલદ) ઉતાવળુ, ચાલાક. ૨. તીખુ, તેજ, ગરમ, આકરૂં.

જલદ, પુ૦ વરસાદ, મેઘ વાદળ [તે, જળસમાધ

જલદાહ, પુ૦ (સ૦) શબને પાણીમાં નાખવુ

જલંદર, ન૦ (સ૦જળોદર) પેટમા પાણી ભરાયુ હોય તે રોગ

જલદી સ્રી૦(ફા૦) ઉતાવળ, ઝટપટ, તાકીદ

જલદી,અ૦ઝટપટથી, ત્વરાથી, તાબડતોબ,સત્વર

જલધી, પુ૦ (સ૦) સમુદ્ર, દરિયો, સાગર

જલાદ, પુ૦ (ફા૦) મારો, ગળકટ્ટો, ફાંસિયો ૨ કસાઇ, જાનવર કાપનારો

જલાલ, વિ૦ ઉજ્વળ ઝગઝગતુ 'જાહોજલાલ'

જલાલી સ્રી૦ (ફા૦જલાલ–ભપકો) ભભકો, આજી નાખે તેવી ટાપટીપ ને રોફ

જલેબી,સ્રી૦ ચાર મોટા પકવાન પૈકીનુ એક. (ખાજા ,ઘેબર લાડુ (કણીના) ને જલેબી) ચાસણી પાયેલી એક મિઠાઈ

જલાશય, ન૦ (સ૦)નવાણ, જળ રહેવાનુ સ્થાન.

જલ્પ, પુ૦ (સ૦ જલ્પ્–બડબડવુ) ગણગણવુ તે, લવારો, બડબડાટ, અર્થ રહિત બોલ્યા કરવુ તે ૨ ચાલુ ધીમો અવાજ ૩ ભાષણ

જલ્પક, વિ૦ બટકબોલુ , વાચાળ, મોઢછુટ્ટુ

જલ્પવુ, ક્રિ૦ અ૦ બડબડવુ , લવારો કરવો, ગણગણવુ 'જગા ખગ જલ્પે ઘણુ, લેતા વરવર વાસ'–ગિરધર

જવ, પુ૦ (સ૦ યવ) એક જાતનુ શિયાળાનુ ધાન્ય,યવ, સાતુ ૨ એક જવની લબાઈ જેટલુ માપ તે, આગળીની પહોળાઈ જેટલુ માપ.૩ ત્વરા, ઉતાવળ " ચોમાસુ તરતનુ ગયેલુ હોવાથી ચાલુ કચ ધારેલા જવે પ્રયાણ કરી શકયો નહિ " ૪ અગુઠા ઉપર કુદરતી દોરાયેલો લીટો ૫ જવના આકારનો સોનાનો મણકો, જવલો

જવ, અ૦ (હિ) જ્યારે, જે વખતે (કવિતામા.)

જવઈ, સ્રી૦ જવૈ ૨ જીવાઈ

જવખાર, પુ૦ જવનુ ઘાસ બાળી તે રાખને ગાળવાથી જે ખાર પેદા થાય છે તે

જવન, પુ૦ (યવન) વેદધર્મથી ઉલટા ચાલનાર, અનાર્ય, યવન, જગલી ૨ ખાટકી

જવનિકા, પુ૦ પડદો, અતરપટ,ચક ૨ નેપથ્ય

જવરઅવર, પુ૦આવજા,વાર વાર જવુ આવવું તે ૨ પરિચય, એઠકઉઠક

જવલો પુ૦ જવના આકારનો સોનાનો દાણો, મણકો, નાનો પોટલિયો ૨ જવના જેવા બી.

જવલ્લે, અ૦(ફા૦) કોઇક વખત;કદાચ; ક્વચિત, ભાગ્યેજ, રડ્યુખડ્યુ.

જવવુ , ક્રિ૦ અ૦ (સ૦ જીવ્–જીવવુ) જીવતુ થવુ , રોગ વિકારથી ખરી ન પડતા ખીલી રહેવું, અને ફૂળી રહેવુ ઉછરવુ,બાઝવુ "આબે કેરીઓ જવી" ૨ ઉત્પન્ન થવુ [બળવાળો પુરૂષ,બહાદુર

જવાંમર્દ, પુ૦ (ફા૦) જુવાન મરદ, હિંમત ને

જવાંમર્દી, સ્રી૦ બહાદુરી, પરાક્રમ ૨ હિમ્મત

જવાદેવુ, ક્રિ૦ સ૦ જાય તેમ થવા દેવુ, જતા ન ખાળવુ, ન અટકાવવુ ૨ છોડી દેવુ, મૂકી દેવુ, જતુ કરવુ ૩ માફ કરવુ, ક્ષમા આપવી ૪ રજા આપવી ૫. આખ આડા કાન કરવા,ઉપેક્ષા કરવી ૬ ન મતાપવુ, ન છેડવુ ૭. ન ચર્ચવુ.

જવાન, વિ૦ જુવાન. **જવાન** પટ્ટો–જુવાન શરીરે ભરેલો–કદાવર અને છાતીવાળો પુરૂષ, મજબુત બાધાનો.

જવાની, સ્રી૦ જુવાની,તારૂણ્ય, જોબન **જવાની** આવવી–જુવાનના ચેનચાળા કરવા (વૃદ્ધે) ૨ નવો ઉત્સાહ ઉત્પન્ન થવો **જવાનીનુ** જોર–તોર, ઉદ્ધતાઇ,અહકારની મસ્તાની **જવાની** તે જવાની -યુવાનપણુ જઈ વૃદ્ધાવસ્થા આવવાની છે

જવાબ, પુ૦ (ફા૦) કોઇ કઇ પુછે તો તે બાબત જે કહેવુ–જણાવવુ તે, ઉત્તર ' સવાલ ને જવાબ " ૨ આડતિયાના ઉપર લખેલા જે કાગળથી નાણા મળે તે ૩ પડઘો,પ્રતિધ્વનિ જવાબ દેવો–ઉપયોગી થઈ પડવુ , કામ આવવુ , ખપમા આવવુ ,, દુ ખમા કામ પડે તો જવાબ દે એવો આ હાર તમને આપુ છુ " ૨ ઉત્તર આપવો ૩ જોખમ ભરી આપવુ આપ લેનો હિસાબ આપવો ૪ સામે ટક્કર ઝીલવી,સામે ઉત્તર દેવો, બરોબર ઉતરવુ તેનુ શરીર જોયુ હોય તો જમને પણ જવાબ દે એવુ હતુ. " "માગશે જમરાજા જવાબ, અગ્નિમા ઉભાડશે." - ભોજોભક્ત ૪ સાક્ષી આપવી–પૂરવી જવાબ આપવા જવુ–ઇશ્વરને ત્યા જવુ , મરી જવુ . જ-

વાબ લેવો—ઉત્તર માગવો ૨ જુબાની લેવી, તપાસ કરવી, નુકશાની ભરી લેવી
જવાબદાર, વિ૦ (ફા૦) જવાબ દેનાર, જોખમદાર, જુમ્મેદાર ૨ જોખમ ભરેલુ જવાબદારીવાળુ
જવાબદારી, સ્ત્રી૦ (ફા૦) જવાબ દેવાનુ જે જોખમ તે, ફરજ, જોખમ, જુમ્મો.
જવાબી, વિ૦ જવાબ લખ્યો હોય તેવી (હુંડી). ૨ જવાબદારી ૩. હાજર જવાબી
જવારઅવાર, સ્ત્રી૦ પરિચય, એકકઉઠકનો સંબધ
જવારા, પુ૦ જવ વગેરેના નાના તાજા ઉગેલા અંકુર, જવારા વાવવા-દેવીનુ આવાહન કરી શુભ કામ કરવુ તે, માતા વાવવા
જવાસો, પુ૦ રેતાળ ને સુકી જમીનમા થતા કાટાવાળા એક જાતના છોડવા એ ચોમાસામા સુકાઈ જાય છે, ને ઉનાળામા પાલોવે છે, જ્યારે તમામ વનસ્પતિ સુકાઇ જાય છે જવાસાને તેથી અદેખાની ઉપમા આપે છે
જવાહીર, ન૦ [અા૦] હીરા માણેક વગેરે કિંમતી નગ ૨ જડાવ, દાગીના, જેવર ૩ કિંમતી—એ મુલ ચીજ
જવાળી, સ્ત્રી૦ અગુઠા ઉપરની એક રેખા લીટી. ૨ જવના જેવા સોનાના દાણાની માળા તે.
જવુ, ક્રિ૦ અ૦ [સ૰ યાન.] એક સ્થળેથી બીજે સ્થળે કોઈ રીતે પહોચાય તેમ થવુ, (જવાનુ ઉલટુ આવવુ એક ઠેકાણેથી જવુ. એટલે જયા જઇ પહોચવુ ત્યા આવવુ કહેવાય) ૨ પાસેથી જતુ રહેવુ, ખોવાવુ, ગુમાવવુ " કાલે પાચ નોટમાથી એક ગઈ," ૩ ગુજરવુ, વટવુ, વીતવુ 'બોલવુ હોય તો બોલી દે, મારો વખત થઇ જશે " ૪ સમાવુ, માવુ. ૫. આડે રસ્તે ઉતરી પડવુ, ખરાબ થવુ, પાયમાલ થવુ 'છોકરો હાથથી જશે ' ૬ વાત બનવી; અઘટિત કામ થવુ (ઘણુ કરીને નજર ચૂકથી) 'મારાથી બોલાઇ તો ગયુ' ૭. ઘટવુ, બાદ થવુ, ઓછુ થવુ 'ચારમાથી અઢી જાય તો દોઢ રહે " ૮. ગુણ અસર—શક્તિ ખોવી "ઓસડનો ગુણુ જતો રહ્યો છે " ૯. એકપરથી બીજા પર બેસવુ—કોઇની પછવાડે લાગવુ. "હવે તેનુ દીલ પૈસા તરફ ગયુ છે " ૧૦ વચન તોડાવુ—મૂકાવુ 'દેશીઓ ! સ્વદેશી કપડા પહેરવા એ લીધેલુ શુ તમારૂ પણુ જશે ? ' ૧૧ ગુલ થવુ, ગુમ થવુ, ઓલાવુ; ન દેખાવું "દીવો ગયો ' ૧૨ સગ કરવો, સોબત કરવી. ૧૩. નાસી જવુ, નીકળી જવુ ' પેલી વાણિયેણુ મુસલમાન સાથે નીકળી ગઇ ' જુદા જુદા ક્રિયાપદ સાથે જુદા જુદા અર્થ બતાવે છે જવાનું—નુકસાન થવાનુ.'મારૂ શુ જવાનુ છે ? ' ૨ મરવાનુ 'જવાનું તો છેલ્લો, જીવ્યા તે ખરુ 'ગયુ તે ગયુ—ગઈ ગુજરી તે પાછી બનતી નથી. જવા બેસવુ—જવાનીતૈયારી થવી-જતુ રહેવુ " તેનું હવે સરવસ જવા બેઠુ છે. " જવુ, જ્યારે સહાયકારી ક્રિયા બતાવે છે ત્યારે તેમા ઉતાવળનો અર્થ હોય છે. જતુ કરવુ—જાય તેમ કરવુ, દીસતુ રહે તેમ કરવુ જતુ રહેવુ—પાસેથી ચાલી જવું ૨ ખોવાવુ જતું—જનાર "જતાના જાનૈયા ને વળતાના માંડવિયા.
જવેર, ન૦ જવાહિર, ઝવેર, રત્ન.
જવેરાત, ન૦ જવાહિર, જડાવ દાગીના.
જવેરી, પુ૦ઝવેરી, જવાહિર વેચવાનો ધધો કરનાર
જવૈ, સ્ત્રી૦ એક જાતનો છોડ—એના બર, સરિયા ભાલા થાય છે
જશ, પુ૦ [સ૰ યશ] મોટુ—અઘરૂ કામ કરવાથી જનસમુહમા જે કીર્તિ—આબરૂ મળે છે તે;વખાણુ માન, શાબાશી, લોકમા સારૂ બોલાવુ તે. ૨ ફતેહ, વિજય, જય.
જશન, પુ૦[ફા૦] ખુશીનો દિવસ. [એક ધાતુ
જસત, ન૦ સહેજ ધોળા આસમાની રગની
જસતા, પુ૦ ડાઘા.
જસું, અ૦ (સ૰ યાદશ) જેવુ (કવિતામા)
જહદાજહદ, વિ૦ જડ ચૈતન્ય.
જહા, અ૦ જે ઠેકાણે, જ્યા, જહિ.
જહાંગીર, પુ૦ [ફા૦ જહાન્—દુનિયા + ગીર્—જીતનાર] દુનિયાનો જીતનાર, જગતજેતા. ૨. એ નામનો મોગલ પાદશાહ.
જહાંગીરી, વિ૦ દુનિયાના જીતનારને લાયક. ૨. સત્તાએ ભરેલુ, અહંકારી, કડક. ૩ ખરી સત્તાથી

હુકમ ચલાવતુ ૪ ઉછૃંખલ, નિરંકુશ, અપ્રતિબંધ
જહાંગીરી, સ્ત્રી૦ જુલમ, નિર્દયતા, જબરદસ્તી, કડક અમલ બજવણી, જોહુકમી, સખ્તાઈ **જહાંગીરી** ચલાવવી–અવળો સવળો, ખરો ખોટો જેમ આવ્યો તેમ સોટો બજાવવો, નિરંકુશપણે સત્તા ચલાવવી, જોહુકમી ચલાવવી (જહાંગીર બાદશાહ ઘણોજ જૂલમી હતો અને હુકમ તત્કાળ ન માનનારાઓને ઘાતકી સજા કરતો હતો તે ઉપરથી) **જહાંગીરી** ફકીરી-દોરી લોટો કે ગાદીતકિયો, જાહોજલાલીથી રહેવુ કે ફકીર માફક રહેવુ.
જહાંપન્નાહ, વિ૦ [ફા૦] દુનિયાનુ રક્ષણ કરનાર (રાજા અમીરને બોલાવતા સંબોધતા વપરાયછે)
જહાલ, વિ૦ ઉચ્છૃંખલ, ઉદ્ધત, ઉદ્દામ, આકળુ, તીવ્ર તરવરિયુ.
જહાન, સ્ત્રી૦ [ફા૦] દુનિયા, વિશ્વ, જગત
જહાન્નમ, ન૦ [આ૦] નર્કકુંડ, દોજખ, **જહાન્નમમા** જવુ–દીસતુ રહ્યુ, બળ્યુ, મુઉં.
જહાજ, ન૦ [અ૦] મોટુ વહાણ.
જહીં, અ૦ જે ઠેકાણે, જ્યા.
જહુ, સ્ત્રી૦ ધૂળ, રેત, જેહુ ૨. રાખ, ભસ્મ
જહેજ, ન૦ કન્યાદાન દેવું તે
જળ, ન૦ [સ૦ જલ] પાણી, ઉદક, નીર ૨ પણ, નિયમ ૩ પાણી, હીર, બળ ૪, આસુ. **જળ** જંપવુ –(રાત્રીને સમયે નદી, તળાવ, કુવાના પાણી સ્થિર થાય છે તે ઉપરથી) રાત્રે કોઈ જાગતુ ન હોય અને સઘળે શાતિનુ સામ્રાજ્ય હોય એવો સમય, ઉંધી જવુ **જળપોતીઆ** કરવા– નાગા નહાવુ **જળ** મૂકવુ –અમુક કામ ન કરવાનો સંકલ્પ કરવો, પ્રતિજ્ઞા લેવી, નિયમ લેવો
જળકમળ, ન૦ પાણીમા થતુ સુદર લાલ ધોળી પાખડીઓવાળુ એક પુષ્પ
જળકમળવત્, અ૦ જળમા ઉગતુ કમળ જળથી જુદુ રહે છે તેમ, જળના સ્પર્શથી કમળ ભિંજાતુ નથી તેમ
જળકુંડ, ન૦ આછા પાણી ભર્યા વાદળથી ઢંકાયેલા ચંદ્ર અથવા સૂર્યના બિંબની આસપાસ ફરતુ જે કુંડાળુ થાય છે તે ૨ પાણી રેડી કરેલુ વર્તુલ તે ૩ પાણીમા પત્થર નાખવાથી થતી ગોળ લહરીઓ તે
જળકુકુડી, સ્ત્રી૦ પાણીમાના જીવડા ખાઇને જીવતુ એક પક્ષી, એક જળચર પક્ષી, બતક
જળકેલિ સ્ત્રી૦ (સ૦) જળમા ઉતરી નહાતા નહાતા સ્ત્રી પુરૂષે રમતગમત કરવી તે
જળક્રીડા, સ્ત્રી૦ પાણીમા ક્રીડા રમત કરવી તે નાના પ્રકારે તરવુ–નહાવુ–હોડી ચલાવવાની સરત કરવી વગેરે રમત કરવી તે [ફરતી ઘટી
જળચક્રી, સ્ત્રી૦ પાણીના જોરથી ચક્કર ફરતા
જળચર, ન૦ (સ૦) પાણીમા રહેનારૂ પ્રાણી, પાણીમા વસનાર
જળજંતુ, પુ૦ પાણીના જીવ ૨ માછલી
જળજંત્ર, પુ૦ જળચક્રી ૨ ફુવારો "જળજંત્ર ઉરાડે તોય, અબળાના ઉચ્છવ સહુ જોય"
જળજળવુ, ક્રિ૦ અ૦ ભડકે બળવુ, લાલ થવી, ચરચરવુ, ઝળઝળાટ દેખાવો
જળજળુ, વિ૦ આસુથી ભરાયલુ (આંખો) "જળજળા લોચન જુએ અરૂપર, માથે બાધ્યુ ફાટયુ ચીથરૂ"—પ્રેમાનંદ [છોડવો
જળજાબુવો, પુ૦ નદી કિનારાપર થતો એક
જળઝળિયુ, ન૦ આખમા પાણી ભરાઇ–ઝરી આવવુ તે, આસુ પડવાની તૈયારી થવી તે ૨ દિનાત્મ, ઝળઝળુ
જળણ, ન૦ લાકડા, ઇંધન, ૨ બળવુ તે
જળતરંગ પુ૦ [સ૦] પાણીનો ઘોડો–મોજો, લોઢ, લહેરી ૨ પાણી ભરેલા પાત્રને થરકાવી તેમાથી રાગ–સૂર નીકળે તેમ કરવુ તે [તે, જળસમાધ
જળદાહ, પુ૦ (સ૦) મડદાને પાણીમા નાખી દેવુ
જળધર, પુ૦ મેઘ, વાદળુ ૨ સમુદ્ર. ૩. નાગરમોથ.
જળધિ, ન૦ દરિયો, સાગર
જળદર, ન૦ [જલોદર] પાણી ભરાયાથી પેટ મોટુ થયુ હોય તે રોગ
જળનિધિ, પુ૦ દરિયો, સાગર, સમુદ્ર.
જળનિધિ, વિ૦ ચારની સખ્યા
જળનીલિકા, સ્ત્રી૦ (સં૦) શેવાળ
જળપટલ, પુ૦ મેઘ, વાદળાનો ઘેરબો, વાદળાં.

જળપતિ, પું૦ વરૂણ. ૨ સમુદ્ર ૩ પૂર્વષાઢા નક્ષત્ર
જળપર્યટન, ન દરિયાની મુસાફરી,સફર,સમુદ્રયાત્રા
જળપાત્ર, ન૦ પાણીનુ વાસણ
જળપાન, ન૦ પાણી પીવુ તે
જળપ્રલય, પું૦ મોટીરેલ-પુર [હોય તેવુ
જળમય, વિ૦ પાણીથી વિંટલાયલુ પાણી ફરી વળ્યુ
જળમાણુસ, ન૦ પાણીમા રહેતુ વે તિયુ માણુસ (પાતાળમા વેત વેત જેટલા પણુ શુદ્ધ માણુસના આકારના પ્રાણીઓ વસે છે એવુ લોકો માને છે)
જળમાર્ગ, પું૦ પાણીનો રસ્તો, વહાણુમા બેસી જવાય એવો જે દરિયાનો રસ્તો તે (એનુ ઉલટુ પગ રસ્તો અથવા ખુશકી) ૨ જળને નીકળવાનો રસ્તો, નળ
જળયાન, ન૦ વહાણુ, મછવો.
જળવુ, ક્રિ૦ અ૦ (સ ૦ જ્વલ્-બળવુ)બળવુ સળગવુ, લાગવુ ૨ લાગણી થવી. ૩ દાહ ઉઠવો, બળવા જેવી પીડા થવી, દાઝવુ (ધિક્કારમા જળો બળો એમ વપરાય છે) **બળ્યુ** જળ્યુ—બળેલુ ને ઝલાઇ ગયેલુ
જળશાયી, વિ૦ પાણીમા ડુબાડેલુ હોય તેવુ ૨ પાણીમા શયન કરનાર. (વિષ્ણુ ભગવાન) ૩ **સ્ત્રી૦** પાણીમાની શેવાળ
જળસ ન૦ મરડો થવાથી ઝાડામા જે ધોળો ચીકણો, પાચ જેવો પદાર્થ પરે છે તે ન પચેલો પરૂ જેવો ચીકણો મળ
જળસમાવ-ધિ, **સ્ત્રી૦** જળમા બુડી મરી જવુ તે, સદાને માટે પાણીમા વાસ કરવો તે
જળસોઈ સ્ત્રી૦ [સ ૦ જળશાયિન્] જળવાસ કરવો તે, જળમા છેલ્લુ સઇ જવુ તે જળસોઇ કરાવવી-અ તની ઘડીવાળા સાધુ સન્યાસીને ગળે પથરો ને ચોખા બાધી પાણીમા પધરાવી દેવો તે, પાણીમા પધરાવી અ ત આણવો તે [ચક થતુ
જળહળ, અ૦ જ્વાળા નીકળતી હોય તેમ, ચક-
જળહળવુ, ક્રિ૦ અ૦ પ્રકાશવુ,ઝળાઝળા થઈ રહેવુ,તકતકવુ "તેના વસ્ત્ર રત્ન જળહળી,દેખી આભ મા પેસે વીજળી "—નળાખ્યાન
જળહળાટ, પું૦ ઝગાઝળા.
જળાઉ, વિ૦ બાળવાના ઉપયોગી (લાકડા),બાળવા લાયક, બળતણુ તરીકે વપરાતુ
જળાધારી, સ્ત્રી૦ પત્થર -ધાતુ વગેરેનો ઘાટ,જેમા શિવલિ ગ બેસાડવામા આવે છે તે
જળાપો, પું૦ બળાપો, કઢાપો, સંતાપ, દુ ખ ૨ અદેખાઇ, ચીકર, ચિ તા. [મૃગજળ.
જળાભાસ, પું૦ પાણી છે એવુ ખોટુ દેખાવુ તે,
જળાશય, પું૦ (સ ૦) પાણી રહેવાનુ ઠેકાણુ.(કુવો, વાવ, તળાવ, સરોવર, કુ ડ, નદિ ઈ૦)
જળો, **સ્ત્રી૦** (સ ૦ જલૂકા) એક જાતનો કાદવમા રહેતો જીવડો (નઠાર લોહી ચુસાડી લેવાસારૂ વૈદ એ જ તુને દરદ ઉપર મૂકે છે) ૨. એક જાતના વેલા
જળોઇયુ ન૦ ગુમડુ મટી ગયા પછી જે ચાઠુ રહે છે તે ૨ બે પીઢપર પાટિયા જડે છે ત્યારે તેની તડ પુરવા સારૂ જડવાનુ પાતળુ ચિપાટિયુ
જળોજથા, **સ્ત્રી૦** સ સારની ધુ'ચવણુ-ખટપટ, જ જાળ ૨ ફાફડફોદા, વીખેરી નાખવુ તે.
જાખવુ, ક્રિ૦ સ૦ ઝાખા દર્શન કરવા; થોડું ઘણુ જોઈ લેવું ૨ ઝાખુ જોવુ, જોવુ ન જોવું કરવુ ૩ ઝીણી નજરે જોવુ, ધ્યાનથી જોવુ. ૩. નજર કરવી, સામુ જોવુ, દર્શન કરવા
જાખાશ, **સ્ત્રી૦** ઝાખાપણુ, તેજનુ કમીપણું. ૨ મેલાપણુ
જાખી, **સ્ત્રી૦** દર્શન, નજર કરી લેવી તે, દષ્ટિપાત **જાખી** જોવુ-કૃપા દષ્ટિએ જોવુ,સંભાળલેવી.
જાંખુ, વિ૦ બરોબર-સાફ-ખુલ્લુ ન દેખાતુ હોય તેવુ " મારી આખે જાખુ દેખાય છે." ૨ ઉડી ગયુ હોય તેવુ; તેજહીન,ફીકુ ૩. શરમિંદુ; છોભુ ઉતરી ગયેલા મોનુ " સભામા તે જાંખો પડી ગયો."
જાંગ, **સ્ત્રી૦** જાઘ, જુઓ
જાગડ, વિ૦ મૂલ્ય આપેલુ નહોય, સોદો કરેલો નહિ પણુ જોવા દેખાડવા આપેલુ હોય તેવુ, અદબદ રાખેલુ તે
જાગડ, અ૦ ખૂબ અવાજથી "ધજા પતાકા કળશ બિરાજે, જાગડ, જાગડ દુ દુભિ વાજે —પ્રેમા૦
જાંગલો, પુ૦ ગોરી ચામડીનો ટોપીવાળો, યુરોપિયન ૨, જ ગલી.

જાંગિયો, પુ૦ તગડી, જાંઘ લગી રહે તેવો સુરવાળ
જાંગી, પુ૦ [જંગી] મોટુ ઢોલ
જાંઘ, સ્ત્રી૦ (સં૦ જંઘા) કમ્મરનુ હાડુ અને પગનો નળો એ બેની વચમાનો જાડો માસવાળો ભાગ તે, સાથળ
જાંઘિયો, પુ૦ જાંઘો ઢંકાય તેવુ અને તંગબેસતો તગિયો, લંગોટ [વેલી સ્ત્રી.
જાંદરણી, સ્ત્રી૦ જાનરડી, વરને પરણાવવા આ-
જાંબુ, ન૦ (સં૦ જમ્બુ) કાળુ પણ અંદરથી લાલ સુરખી મારતુ એક જાતનુ ફળ ૨ કાળો રતુબડો રંગ
જાંબુડી, સ્ત્રી૦ બાળક છોકરાને હાથમા આપવાનુ એક રમકડુ ૨ જાંબુનુ ઝાડ [જાંબુના રંગનુ
જાંબુડો, પુ૦ જાંબુનુ ઝાડ ૨ જાંબુડી. ૩ વિ૦
જ્યાં, અ૦ જે ઠેકાણે, જે જગોએ
જ્યાલગી–સુધી,અ૦જગા વખતની હદ બતાવેછે
જા હે જવુ ક્રિ૦ નાશ પામવુ
જાઆવ, સ્ત્રી૦ જવુ ને આવવુ તે, આવજા ફેરો આંટો, ધક્કા ખાવા તે ૨ નકામી મુસાફરી ૩ ઘાલમેલ, પરિચય, સહવાસ
જાઈ, સ્ત્રી૦ (સં૦ જાતિ) એક જાતની ફૂલવેલ એનેજ મળતી એક બીજી જાત છે તે જુઈ કહેવાય છે [જણી ' મા જાઈ બહેન '
જાઇ, સ્ત્રી૦ મા,માતુશ્રી ૨ દેવી, માતા, ૩ વિ૦
જાકડસીકલુ,વિ૦તકલદી–નમળા બાંધાનુ,દુર્બળ ઘડીમા સાજુ ઘડીમા માદુ, જાવળુ
જાગ, પુ૦ (સં૦ યાગ) યજ્ઞ, જગન, હોમહવન ૨ માતા, રન્નાદેવ જાગ વાવવા–માતા વાવવા
જાગતુ, વિ૦ ઉંઘમા ન હોય તેવુ, જાગ્રત, ૨ હોશિયાર, ખબરદાર, સાવધ ૩. તરત પારખુ બતાવીદે તેવુ, હજુરા હજુર 'જાગતી દેવી ' ૪ ચાલાક ઉત્સાહી, તેજદાર જાગતો દહાડો–ઉદયનો દિવસ, ભાગ્યોદય ૨ ખરાબ લડવાડિયો દિવસ
જાગડિયો, પુ૦ જાગરિયા ડાખલુ વગાડનારા, સાગરીદ, પાવળીઆ "વરના ભૂવા અને ધગના જાગરિયા, '
જાગતીજોત, વિ૦ જેની જ્યોતિ–આખ બંધ ન થાય એવી દેવી, તરત પારખુ બતાવે તેવી માતા. ૨ તરત ફળ આપનાર–ગુણ કરનાર. ૩ ઉંઘતુ ન હોય તે ૪ હોશિયાર, સાવધ
જાગરણ, ન૦ (સં૦ જાગૃ) જાગવુ તે ૨ જાગતા રહેવુ, અને પ્રભુ ભજન કરવુ તે
જાગરણિયો–રિયો, પુ૦ જાગડિયો, ૨ જાગનાર.
જાગરૂત–ગૃત, વિ૦ જાગતુ, ઉંઘતુ ન હોય તેવુ ચાક; હોશિયાર, સાવધાન
જાગરૂતી, સ્ત્રી૦ (સં૦ જાગર્તિ) જાગતાપણુ ૨ સાવધપણુ. ૩, ખંત, ધ્યાન
જાગર્તિ, સ્ત્રી૦ સાવધાની, જાગતાપણુ
જાગવુ, ક્રિ૦ અ૦ ન ઉંઘવુ, ન સૂવુ. ૨ ઉંઘમાથી ઉઠવુ ૩ હોશિયાર–સાવધ થવુ, ચાક થવુ, પોતાના કામપર તત્પર થવુ ૪ અજ્ઞાન ટળી જ્ઞાન પામવુ ૫ દબાઈ–ભુલાઈ ગયેલુ તાજુ થવુ.
જાગા, સ્ત્રી૦ સ્થાન, જગા
ટાણુ પુ૦ વખત, સમય, ૨ વાર તહેવાર, અવ-સર, સારો યા માઠો પ્રસગ ૩ સધિ, લાગ.

ટાણુટચકુ, ન૦ નાનુ ટાણુ.૨ વાર તહેવારનો પ્રસંગ

ટાપટીપ, સ્ત્રી૦ ભાગ્યુ તૂટયુ ઠીકઠાક કરવુ—સમારવુ તે, સારૂ દેખાય તેમ કરવુ તે. ૨. તાલમેલથી શણગારવુ તે ૩ ડોળ, દભ,ખાલી ભપકો ૪ ચાપચીપ, ટીલા ટપકા કરવા ને રૂપાળુ દેખાવુ તે ૪ ટપાટપી, બોલચાલ, લઢાલઢી " મતભેદને લીધે + + + ઘરમા ટાપટીપ થતી "

ટાપટીપિયુ, વિ૦ ખાલી દેખાવ કરનારૂ, ડોળી,

ટાપલી, સ્ત્રી૦ ટપલી [દભી ૨ તકલાદી

ટાપસી, સ્ત્રી૦ ચાલતી વાતમા વચમા ઉમેરો કરવો તે, પુરતી, હાજીયો, હુંકારો, અનુમોદન

ટાપી, સ્ત્રી૦ ટપલી, આગળાની હલકી થાપ. ૨.

ઠો બેસાડવા ટીપવાનુ ઓજાર

ટાપુ, પુ૦ ચારે પાસ સમુદ્રથી વિંટળાયલી જમીન; બેટ

ટાપુવા, પુ૦ રોટલા

ટાબોટો, પુ૦ બને હથેલીઓ અફાળી કરેલો અવાજ, ભારે અવાજની તાળી [થાય છે

ટામેટા, ન૦ એક જાતનું શાક ફળ એના વેલા

ટાયડું, ન૦ નાનુ ઘોડુ, તવાઈ ગયેલું ઘોડુ ૨ થોડા ઘોડેસ્વારવાળો ગરાસિયો, મનસબદાર

ટાયલુ, ન૦ વગર જરૂરનુ બોલબોલ કરવુ તે, કુથલી ૨ હુ ડાહ્યાપણુ, પોતાની વડાઇનુ બોલ્યા કરવુ તે. ૩ વિ૦ માલ વગરનું, ખાલી બકવાદ જેવુ ટાયલુકુટવુ — લ બાવીને આપ વડાઇ કરવી, વગર જરૂરનુ બોલબોલ કરવુ

ટાલ, સ્ત્રી૦ દાભડો અથવા ખાવો ઉગી જડ બાઝયાથી જેટલી જમીન ખેડવામા આવતી નથી તે ભાગ ૨ તાલ, માથાના જેટલા ભાગ પરથી વાળ જતા રહ્યા હોય તેટલો ભાગ.

ટાલકી, સ્ત્રી૦ નાની તાલ, માથાની વચલી ખોપરી

ટાલકું, ન૦ તાલકું.

ટાલી, સ્ત્રી૦ અર્ધા રૂપીયાનો સંકેત, ૨ ચદરવામા સાંધેલા જુદાજુદા રંગના કડકા, ગોળ ચોરસ કાપલી.

ટાહુકો, પુ૦ પુરતી, ઉમેરો ટાહુકો પૂરવો—પુરતી કરવી, ઉમેરવુ ૨ ટુહુકાર, સાદ, ઘાટો ૩ હુકારો

ટાળણ, ન૦ ચાળી—ઘોળી કાઢી નાખેલુ તે, ચળામણ, થોથ, છોડા. ૨ ટાળી મૂકેલુ તે, અવશેષ

ટાળણટોળણ, ન૦ વિણીને લેતા તોલતા રહેલુ તે, છાડેલુ

ટાળવું, ક્રિ૦ સ૦ દૂર કરવુ, આવતુ બધ થાય તેમ કરવુ, રદ્દ કરવુ, બાતલ કરવુ. ૨ મટાડવુ; સારૂ કરવુ ૩. સારૂ વિણી લેઇ ખરાબ રહેવા દેવુ.

ટાળેલું, વિ૦ છાડેલુ, પડયુ રહેવા દીધેલુ.

ટાળો, સ્ત્રી૦ મજાક મશ્કરી; ટોળ, થેકડી કરવી તે

ટાળો, પુ૦ વહાવુ તે, વાયદા કર્યા કરવા, ઉડાવ્યા કરવુ તે. ૨. ટાળવુ, અતર ગણવો તે. ૩ ખેલ, તમાસો, ચમત્કાર 'ભાષા ભેદના ઘણા' ૪ તાલ, સજોગ, તાકડો, અવસર

ટિંખળ, ન૦ હસવુ આવે અને ગમ્મત થાય તેવુ બોલવુ ચાલવુ તે, હાથમોના ચાળા અથવા શબ્દો, મજાક, મશ્કરી, ૨ ગતકડુ, ઢોંગ સોંગ.

ટિંખળી, વિ૦ ગમતી, ગતકડાખોર, ઠઠ્ઠાબાજ, [મશ્કરો

ટિંગાટોળી, સ્ત્રી૦ ટાંગાટોળી.

ટિંગાવુ, ક્રિ૦ અ૦ કોઇ આધારને ટેકી લબડવુ, લટકવુ ઝુલવુ, ટકવુ.

ટિંટિં, અ૦ દુખ—કાયરતાનો ઉદ્દગાર

ટિંટોડી, સ્ત્રી૦ એક જાતનુ કાબર જેવડુ જળાશય નજીક રહેનારૂ પક્ષી ટિંટોડો-ટિટોડીનો નર કહે છે કે એ પક્ષીને ભવિષ્યની અગમચેતી થાય છે

ટિંડોરુ, ન૦ ઘિલોડુ, મીઠા ઘોલા (શાક ફળ)

ટિંપુ, ન૦ બિંદુ, ટપકુ, બુંદ, ફોરુ

ટિંબરવાં, ન૦ ટિંબરુનુ ફળ

ટિંબરુ, ન૦ એક જાતનુ ઝાડ એના પાનની બીડીઓ વળે છે

ટિંબો, પુ૦ ઢગલો, માટીનો ઢગ ટેકરો. ૨ રાફડો, દર ૩ ખડકલો, વસ્તુઓનો જમાવ

ટિહુક, અ૦ મોરનો અવાજ તે ૨ કોઇને ચીઢવવાને ડૈયો દેખાડી ઓઠથી અવાજ કરવો તે.

ટિકાયત, વિ૦ મુખ્ય, વડો, પાટવી

ટિકિટ, સ્ત્રી૦ (અં૦) કાગળની કકડી ૨ દાખલ થવાની ચિઠ્ઠી પરવાનગીની કાપલી. ૩ સરકારી મહોરવાળી છાપ ૪ નામઠામ વાળી કાપલી

ટિકી, સ્ત્રી૦ ટિલડી, ટપકી ૨ બિંદી, નાનુ છુંદણુ

ટિકો, પુ૦ ચાદલો (કચ્છ)

ટિક્કડ, પુ૦ જાડો રોટલો, તિક્કડ

ટિક્કી, સ્ત્રી૦ ઠેકાણે—ઠામ પડવુ તે, ધારેલુ પાર પડવુ તે, જે વસ્તુને માટે ઉદ્યમ કર્યો હોય તે પ્રાપ્ત થવી તે ૨ ગુણ—અસર થવી, ટેકી ૩ વગ, સિફારસ ૪ બિંદી, ટીલડી, નાનો ચાદલો

ટિક્કો, પુ૦ ટિકો, ચાલ્લો, મોટુ ટીલુ, ગાજરિયુ ૨ ડામ

ટિચાવુ, ક્રિ૦ અ૦ અફળાવુ, કુટાવુ, ગોભાવુ ૨. આમતેમ રખડવુ અથડાવું, ફેરા આંટા

ખાવા પડવા, ઘણી મહેનતે પ્રાપ્ત થવુ

ટિપ્પણ, ન૦ (સ૦) ટુકામા નોંધી રાખેલુ તે, ટાચણ, યાદી, ટુકી નોધ, સમજુતી માટે લખેલી નાની ટીકા

ટિપ્પણી, સ્ત્રી૦ ટિપ્પણ ૨ અછત, તગી તાણ ૩ સારી પેઠે ટીપવુ તે ટીપી બેસાડવુ તે ૪ ઈંટોના સાંધામા છો ભરવી તે ૫ થાપી, ટાપી

ટિમ્બ, ન૦ (સં૦) અનુસ્વાર ૨ ચિહ્‌ન, નિશાની ( ) વાચતા થોભવાની નિશાની

ટિલાયત, વિ૦ પાટવી કુવર, વડો રાજપુત્ર યુવરાજ

ટીકવું ક્રિ૦ સ૦ ધારીધારીને જોવુ, ઝીણી આખે ધ્યાનથી જોવુ

ટીકા, સ્ત્રી૦ એકાદા અઘરા વિષયપદ ઉપર વિસ્તારથી સમજણ આપવી તે, ખુલાસો, વિવરણ "મૂળ ગ્રન્થને ટીકા" ૨ અવગુણ–દોષ દેખાડવા તે, ઊહાપોહ, વિવેચન ૩ મજાક, મશ્કરી વ્યગમા બોલવુ તે, થેકડી ૪ વગોણુ, નિંદા

ટીકાકાર—ટીકા કરનાર ભાષ્ય કરનાર, વિવેચક

ટીકી, સ્ત્રી૦ સોનેરી—રૂપેરી ટપકી ૨ ઝીણો ચાંલ્લો, બિંદી ૩ ટિલડી, છુદણુ

ટીકો, પુ૦ ટિકો, ટીલુ

ટીચકારી, સ્ત્રી૦ મશ્કરી, મજાક ૨ અડાઇ

ટીચકારો, પુ૦ મસ્તાઇ મકરકુદીઓ ૨ ડચકારો

ટીચકુ, ન ટેરવુ, પાતળો નાજુક છેડો–શિખર ૨ વિ૦ નાનુ, ઠિંગણુ, વામનજી.

ટીચવુ, ક્રિ૦ સ૦ ગળચવુ, ખાવુ (તિરસ્કારમા) ૨ બે વસ્તુ સામસામે અથડાય એમ કરવુ, અફાળવુ ૩ છુદવુ ઘા મારવા, ગોબા પાડવા ૪ મારવુ, ઠોકવુ

ટીચો, પુ૦ ગોબો ટીચા–રૂપિયા (સંકેતાર્થ)

ટીટિયારો, પુ૦ કકળાટ, કકાસ, કજીઓ ૨ ગરબડ સાધારણ તકરાર, બોલચાલ, ખડખડ ભરભડ

ટીટિયાણ, ન૦ કકળાણ, ક્લેસકકાસ, રોકટ

ટીપ, સ્ત્રી૦ નોધ પત્રક, યાદી, સામાનની ટીપ ૨ સ્મરણ ચોપડી, નોધ, ટાચણ ૩ નામ અને રકમ, જે કાગળમા લખ્યા હોય તે, ઉઘરાણાનો કાગળ–ખરડો, લખણી ૩ ગ્રન્થના પૃષ્ઠમા ટુકી ટીકા, સક્ષિપ્ત વિવેચન; સૂચના. ૪. ગુનેગારને થયેલી સજા, શિક્ષા ૫ તગ, તાણ ૬ ઘણોજ ઉચો સૂર (ગાવામાં). ૭ ચુનો પુરવાનુ કામ, થાબડી, ટીપણી ૮ નાની ગોળ ચાલદી. ૯ અનુક્રમણિકા [પુરનારો, ટિપ ભરનારો

ટીપણિયો, પુ૦ જોશી ટીપણુ રાખનારો ૨ સાધ

ટીપણી સ્ત્રી૦ ટિપ્પણી

ટીપણુ, ન૦ પચાગ, પચાગવાળો કાગળ, ૨ મોટી જન્મોતરી, ભુગળભટિયુ, લબાણ હકીકતનો કાગળ ૩ ઘણી બાબતોનુ ટુકુ ટાચણ ૪ વશાવળી, પેઢીનામુ

ટીપરી, સ્ત્રી૦ અરધા શેરનુ (ભરવાનું) માપ.

ટીપવું, ક્રિ૦ સ૦ ઘડવુ, ઉપર ઠોકવુ, 'સોનુ ટીપવુ' ૨. ઠોકી બેસાડવુ ચોટી જાય તેમ મારીને બેસાડવુ. ૩ મારવુ, ઠોકવુ. ૪ ભુકો કરવો, વાટવુ

ટીપી નાખવુ–ખૂબ મારવુ, ઠોકવુ ૨ ચપટ, કરી નાખવુ

ટીપુ, ન૦ ટિપુ, જુઓ **ટીપે ટીપે** સરોવર ભરાય ને કાકરે કાકરે પાળ બધાય–થોડું થોડુ કરતા

ટીબ, સ્ત્રી૦ ઝ ઝેગી, એક જાતનું ભરત [ઘણુ થાય

ટીમણુ, ન૦ લગ્નને આગલે દહાડે સગા સંબધીઓને જમાડવા તે, ખાટુવડુ ૨ ખાવાનું ભાથુ, ખાવુ ૩ થોડું ખાઈ લેવુ તે

ટીમર, સ્ત્રી૦ ટેકરી, ડુગરી, ટિંબો. [આખ

ટીલડી, સ્ત્રી૦ નાનો ચાદલો, બિંદી ૨ ચદ્રક,

ટીલી, સ્ત્રી૦ મોતી, નગ, ઇ૦ નો નાનો મિનાકારી ચાદલો, નખલો, આડ ૨ ચોંટેલુ આળ, કલક

ટીલિયો, પુ૦ બ્રાહ્મણ ટીલીયા ભગત—ટીલાં ટપકા કરી ભક્તિનો ખોટો આડબર કરનાર.

ટીલુ, ન૦ [સ૦ તિલક] ચદન–કકુથી જે ચિહ્‌ન કરેલું તે, ચાંદલો, ત્રિપુંડ્ર **ટીલુ ચાટી જવુ**–છેતરવુ, ઠગવુ, સામાનુ ખાઈ જવુ. [આંકો.

ટીલો, પુ૦ ઉભુ ટીલુ, તિલક ૨ ડામ ૩. તસિયો,

ટીશી, સ્ત્રી૦ ટોચ, શિખર ૨ ડાળીમાથી નવે ફૂટેલો ફણગો, કુપળ, કળી ૩ પતરાજ, શેખી, મગરૂરી, લાયરી

ટીસીખોર, વિ૦ પતરાજ, શેખીખોર
ટીસો-હો, પુ૦ ગેડીદડાની એક રમત ૨ કોઈને ખિજવવા ટૈયો બતાવી ડચકારો કરવો તે
ટુંક, સ્ત્રી૦ ટોચ, છેડો. ૨ લાજ, શરમ. ૩ હુંપદ ટેક ૪ કડી (કવિતામા)
ટુક, વિ૦ સંક્ષિપ્ત, ટુકુ ૨ નાનુ
ટુંકડુ, વિ૦ નાનુ, છોટુ ૨ ટુકુ
ટુંકારો, પુ૦ (તમે ને બદલે તુ કહી બોલાવવુ તે. ૨. ધિક્કાર યુકત ભાષા, હલકી બોલી
ટુકી નજર, સ્ત્રી૦ બુદ્ધિ ન દોડવી તે, લાબી પહોચ નહિ તે ૨ ઉદારવૃતિ નહિ તે, કજુસાઈ કૃપણતા.
ટુકુ, વિ૦ લાબુ-મોટુ ન હોય તેવુ. ૨ થોડુ,ઓછુ નાનુ ૩ ઠીંગણુ ' ટુકુ માણુસ. ' ૪ સરભર થઈ રહે તેવુ નહિ પૂરતુ, ' ટુકો પગાર ' ૫ નજીકનો, પાસેનો ' ટુંકો રસ્તો. ' ૬ સાકડુ, બેસતુ ન આવતુ ૭ ઓછુ, કમ. 'ટુકુ' જીવવુ.
ટુંટમુડ, વિ૦ ભાગેલુ તૂટેલુ. ૨ ટુટિયા વાળીને વગર હાલેચાલે પડી રહેલુ. [ભુંડા હાથવાળુ
ટુટણુ, વિ૦ હાથની ખોડવાળુ, ટુઠિયુ, ટુકા
ટુટિયાં, ન૦ ઢીચણુમાથી પગ વાળી રાખવા તે, ટાઢ, રોગથી પગને ટુકા કરી રાખવા તે ૨. સકોચ કરવો તે. [રોગ
ટુટિયું, ન૦ સાધા રહી જાય ને તાવ આવે તેવો
ટુડી, સ્ત્રી૦ કૂવામા લાકડાનું ચક્ર બેસાડી તેના ઉપર પાચ છ હાથ ચણી જમીનમા જે ચક્ર ઉતારે છે તે એ કૂવાના પાયા રૂપે હોઇ કૂવાનુ બીજુ ચણતર એની ઉપર આવે છે, કઠવો
ટુડું, વિ૦વાકા હાથવાળુ ,લુલું,વળી ગયેલાહાથનુ
ટુંપ રહિ જવુ, ક્રિ૦ અ૦ વાયુથી શરીરસાધે સાંધામાથી રહી જવુ, અકડાઇ જવુ.
ટુપવુ, ક્રિ૦ સ૦ ચિપિયાથી અથવા ચપટીથી વાળ ખેંચી કાઢવા. ૨. રૂને ચુટી ચુટી છુટુ કરવુ, ૩. મહેણા મારી શરમિન્દુ કરવુ, નીચુ જોવરાવવુ, ઠોક મારવા, પીખી નાખવુ. ૪ મસાળાને ડુમા વડે ગદડવુ. [ગળચવો, ગોપ
ટુંપિયો, પુ૦ કોટે પહેરવાનું સોનાનુ એક ઘરેણું,
ટુંપો પુ૦ ગળાનો હડિયો દાબી સજ્જડ કરવુ તે, ફાસો,દાબ,પકડ ૨ કોઇને લાભ થતો હોય તેમા આડુ આવવુ, વચ્ચે હરકત કરવી.
ટુંબો, પુ૦ મહેણુ, ટોણુ, આક્ષેપ
ટુમ્બા, પુ૦ ટપકા;બિંદુ,બાળકની આખમા તેલનુ ટપકુ મૂકે છે તે [ટોચ.
ટુક (ટૂક),સ્ત્રી૦ કડી, શ્લોક; કકડુ,બેત.૨.શિખર,
ટુકડાખાઉ, વિ૦ ઘેર ઘેર રખડી કકડો કકડો રોટલો માગી ખાનાર, ભિખારી. ૨.તુચ્છ, હલકુ
ટુકડી, સ્ત્રી૦ સમુદાયરૂપ જે એક આખુ તેમાંનો એક ભાગ,સૈન્યદલ 'લશ્કરની ટુકડી '૨ જથો;વર્ગ
ટુકડો, પુ૦ કડકો ૨. ગ્રાસ, બચકુ, ભુક ટુકડા માગી ખાવા-ઘરેઘર ભટકી રોટલાના કકડા ખાવા, ભીખવુ. ટુકડે ટુકડે બિસમિલ્લા-થોડે થોડે બધુ હજમ કરી જવુ તે [કમાનનો પતગ.
ટુક્કલ, સ્ત્રી૦ મોટો પતગ, એક જાતનો ગોળ
ટુચકો, પુ૦ રસ ઉપજે તેવી ટુકી વાતો, ફકરા "૨ગના તે ટુચકા '૨. ધતરમતર સંબધી ભણવાના નાના વાક્ય તે અથવા કરવાના નાના નાના પ્રયોગ તે, જાદુ ૩. સૂચના, અણુસારો;ઈસારો, સકેત ૪ નાનો કડકો, આખાનો નાનો ભાગ.
ટુચકી, સ્ત્રી૦ ચપટી, અગુઠો ને મોટી આગળી એ બેથી થતો અવાજ ૨. એ અવાજ થતા લાગે તેટલો વખત, ક્ષણ ૩ ચીમટી,ચુટી,ચપટી.
ટુટક, વિ૦બરાબર મળતુ ન હોય તેવુ; સબંધ-અનુસધાન ન હોય તેવુ છુટુ છુટુ; આખુ ન હોય તેવુ ૨ ખડિત, તૂટેલુ
ટુટફાટ, સ્ત્રી૦ ફાટી જુદુ થઇ જવુ તે. ૨. કુસંપ, ફૂટ, મતભેદ, અણુબનાવ વિગ્રહ, ૨ ભાગી તરડાઇ જવુ તે ૪ નુકસાન.
ટુટવું, ક્રિ૦ અ૦ આખી વસ્તુના કકડા થઈ જવા, ભાગવુ; તુટી જવુ, ભાગોનુ છુટુ પડી જવુ ૨ તરડાવુ ચિરાવુ ૩ શક્તિ ઘટવી, બધનુ નરમ પડવુ ૪ અણુબનાવ થવો, કુસંપ થવો, કજિયો થવો ફૂટ થવી. ૫. એકદમ જોરથી કોઇના ઉપર પડવુ, ધસી જવુ.
ટુટીઆર, પુ૦ એક પાસાપર ત્રણને બીજાપર એક

એવી રીતનો જે દાવ તે ૨ મૈત્રિમા વાધો પડવે તે, ફુટફાટ, અણુબનાવ ૩ કમજોર, જીર્ણ શરીરવાળુ માણસ.
ઢુટીચાર, વિ૦ છેકજ કમજોર થઈ ગયલુ
ઢુમઢુમી, સ્ત્રી૦ ઢોલની જોડે વગાડવાની નાની નગારી, ડુગડુગી [ણુઢુમણુ"
ઢુમણુ, ન૦ ૫ તર મ તરનો જે ટુચકો તે "કામ
ઢુવા, પુ૦ ખાડા, ગોબા. ૨ નારા, ઉંડા દર ૩ ઢુઆ, ટપકા, બિંદુ
ઢુવાલ, પુ૦ (અ ૦ ટોવેલ) ભીના હાથ, અંગ લુછવાનો જે જાડો મોટો પહોળો રૂમાલ તે
ટૂટ, સ્ત્રી૦ ફાટ, તરડ, ચિરો ૨. અણુબનાવ વિગ્રહ, કુસંપ, ઉંચુ મન, બગાડ, ખટપટ ૩ અંતર, જૂદાપણું, ભેદ ટૂટ પડવી–દોસ્તી ટૂટવી ૪ તંગી, અછત, ખોડ, કસર
ટે, અ૦ ધાક–બીકનો અવાજ ૨. વિ૦ થાકીને લોથ થઇ ગએલુ, ઠે, સાવ બેહાલ
ટેઢુ, વિ૦ ઠે, થાકી ગયેલું ૨ બેહાલ, ફેફથી ચકચૂર, ઘેધટ ૩ કામ થઇ શકતુ નહોય તેવુ, દરિદ્રી.૪ વ્યસન–ખરચોમા પોલા ઢઢ થઇ ગયેલુ.
ટેંઢુ, ન૦ અફીણીઓ ૨ એક જાતની ઔષધિ
ટેંટેં, સ્ત્રી૦ પતરાજ, તોરનુ બોલવુ તે ૨ અણુગમાનો બડબડાટ, ચેંપે ૩ દુ ખની કાયરતાને લીધે બાળકનુ રો રો કરવુ તે, રેકવુ, આરડવુ
ટેબો, પુ૦ ટેકરો, ટિંબો, મોટો ઢગ,
ટેક, પુ૦ પણ, વટ, બોલેલુ પાળવાનો આગ્રહ તે ૨ આબરૂ, શાખ, ભારબોજ ૩ દઢતા, નિશ્ચલતા ૪ કવિતાનો રાગ બતાવનારી ટૂક, આસ્તાઈ, ધ્રુવપદ ટેકનુ પુતળુ–અડગ નિશ્ચયવાળુ, મૂર્તિમાન ટેક જેવુ
ટેકણુ, ન૦ ટેકો આપવો તે ૨. ટેકવવાની વસ્તુ, અટકણુ, ઠેસી ૩ આધાર, આશ્રય, અઠિંગણુ
ટેકરી, સ્ત્રી૦ સપાટી કરતા વધારે ઉંચી જગા, નાનો ઢગલો. ૨ કુદરતી ઉંચી જગો, ડુંગરી,
ટેકરો, પુ૦ મોટી ટેકરી કુદરતી અથવા માણસે કરેલી ઉંચી જગ્યો, ડુંગરો ૨ નિભાવવુ
ટેકવવુ, ક્રિ૦ સ૦ ટેકો આપવો, આધાર આપવો.
ટેકવું, ક્રિ૦ અ૦ અઠિંગવુ. ૨ શોભવુ ૩. કોઈના આધારે રહેવુ [આપવો, નિભાવવુ; ચલાવવુ
ટેકાવવુ, ક્રિ૦ સ૦ ટેકો આપવો, આધાર–આશરો
ટેકી, સ્ત્રી૦ આધાર, આશરો. ૨ ટીકી; ગુણુ.
ટેકી, વિ૦ ટેકીલુ, આગ્રહી, એક નિશ્ચયવાળુ.
ટેકીલુ, વિ૦ ટેકવાળુ, પણુવાળું, ટેક રાખનાર
ટેકો, પુ૦ ટેકણુ, અઠિંગણુ, સ્તંભ, ૨ આશરો, મદદ આધાર ૩ એકમત થવુ તે, કોઇના બોલવાને સમતી આપવી તે, પુરતી, અનુમોદન
ટેચ, સ્ત્રી૦ કચકચ, તકરાર ૨ ગર્વ; મગરૂરી
ટેટી સ્ત્રી૦ એક જાતનું મીઠુ ફળ, શકરટેટી.
ટેટું, ન૦ બરૂનુ મૂળ ૨ નળાનો માસલ ભાગ
ટેટો, પુ૦ વડનુ ફળ ૨ ફટાકો ૩ એક જાતનુ વનસ્પતી ફળ જે શુકવાળું કરી તડકે રાખવાથી ફૂટે છે તે ૪ ફૂલેલો પોકળ આકાર.
ટેડુ, વિ૦ મદવાળુ, મિજાજી, ગર્વી. ૨ વળેલુ, વાંકુ, મરોડદાર, આડુ
ટેડાઈ સ્ત્રી૦ વાંક, વક્રતા ૨ હઠીલાપણુ, અભિમાન ને મમત, બેપરવાઇ, ગુમાન, શેખી
ટેપ, સ્ત્રી૦[અ ૦]માપવાની પટી. ૨ સળ,ટીપ.
ટેબલ, ન૦ [અ ૦] મેજ, ઉંચી પાટ
ટેભો, પુ૦ ટાંકો, બખિયો, ગોટણુ.
ટેરવવું, ક્રિ૦ સ૦ ટેકો આપવો, સહાય કરવી (મુશ્કેલ કામમા) ૨. અનુમોદન આપવુ, ભલામણ કરવી, બેસતુ કરવુ, ઠેરવવુ ૩ ખાટલો ભરતા પાયાને વારવાર ઉંચો નીચો કરવો.
ટેરવું, ન૦ નાક, જીભનો પાતળો છેડો, અણી
ટેરો, પુ૦ પડદો, અંતરપટ
ટેલ (ટહેલ), સ્ત્રી૦જોઇતુ મળે તોજ બોલતાં બંધ રહે એવા આગ્રહથી જાચક નગરમા ફરી ફરી જે એકજ એકવચન બોલે છે તે
ટેલભટ, પુ૦ ટેલિયો, ટેલ નાખનારો.
ટેલટકોરો, પુ૦ઉપર ચોટિયુ કામકાજ; ફેરો આંટો.
ટેલવુ, ક્રિ૦ અ૦ ફેરા ખાવા, ટાંપા ખાવા, ગાતાં ગાતા ફરવુ, ટહેલવુ
ટેલિયો, પુ૦ ટેલ નાખનારો જાચક, ટેલભટ.
ટેલિગ્રાફ, પુ૦ (અ ૦) બિજળીક તારનો સંદેશો,

તાર મારફતે સંદેશા મોકલવાનુ યંત્ર
ટેલિફોન, ન૦ (અ૦) એક છેડેથી બોલેલુ બીજે છેડે સભળાય તેવુ યંત્ર.
ટેવ, સ્ત્રી૦ એકજ રીત પ્રમાણે ચાલ્યા કરવાથી અથવા તેનું તેજ કામ વારવાર કર્યાથી મનની જે હાલત ઘડાઈ જાય છે તે મહાવરો, આદત, ઓ, વહીવટ, હેવા ૨ ચાલ, વ્યસન, ૩ લત ખાસિયત, વૃત્તિ, ગુણ
ટેવવું, ક્રિ૦ સ૦ જોયા કરવુ ૨. ધારવુ, અટકળ કરવી ૩ સહવાસ કરાવવો પરિચયમા લાવવુ ૪ ટેવ પાડવી [થવુ, હળવુ.
ટેવાવુ, ક્રિ૦ અ૦ ટેવ પડવી, લત પડવી, પરિચિત
ટેવાળી જવું, ક્રિ૦ એકદમ મોઢે માંડી પી જવુ
ટેસી૦ સ્ત્રી૦ પતરાજી, ટીસી, શેખી
ટેઠકો, પુ૦ રીસ, ક્રોધ, ગુસ્સો (તિરસ્કાર રૂપે)
ટેડપડ, સ્ત્રી૦ ઝમઝમાટ, ઉતાવળ; તાકીદ
ટૈડો, પુ૦ ઘરડો (તિરસ્કાર રૂપે) ૨ વાંકો, વક્ર
ટોંચ, સ્ત્રી૦ ટાણો, મહેણુ ૨ ફાચર, ફાંસ ૩ ટકોર, ઠોકર, અકુશ ૪ પડપૂછ; તકેદારી, જાપતો ૫ ખાડો, ભોક. આઘાત
ટોંચણું, ન૦ ટોંચવાનુ ઓજાર, ટાકણુ.
ટોંચવુ, ક્રિ૦ સ૦ ટોકવુ, વારેઘડીયે કહ્યા કરવુ ૨. ઠપકો આપવો ૩ કાગળમાંઝીણુ કાણુ પાડવુ.
ટોક, સ્ત્રી૦ નજર; દૃષ્ટિ ૨ ઠોક; વારવાર કહેવુ તે.
ટોકણી, સ્ત્રી૦ ઠોક, ટોક. ૨ ટોકાવુ; તે.
ટોકર, સ્ત્રી૦ ઠોકર, હડફેટ; ઠેસ; ઓચિંતો આઘાત.
ટોકરી, સ્ત્રી૦ ઘટડીની જીભ. ૨ ઘટડી; ઘુઘરી.
ટોકવું, ક્રિ૦ સ૦ ચીઢવવુ ૨ ઉશ્કેરવુ, પ્રદર્શ કરવુ ૩ ખેચતાણ કરવી, આગ્રહ કરવો. ૪ દૃષ્ટિ લગાડવી. ૫. વારવાર કહેવું; પૂછવુ, પચારવુ, પડપૂછ કરવી ૬. ઉઘરાણી કરતા રહેવું
ટોકણુ, ન૦ ટોક, ટોકણી.
ટોકલો, પુ૦ મોટી જૂ
ટોચ, સ્ત્રી૦ છેક ઉપરનો ભાગ, મથાળું, શિખર.૨ ટુંઓ; ઠોક; મહેણુ. ૩. કાણુ, ભોક-
ટોચકી, સ્ત્રી૦ નાનું ટોચકુ
ટોચકુ, ન૦ કોઈ પદાર્થનું ઉપલું નાનું ગોળ માથું, મોગરો ૨ માથુ, મસ્તક ૩. બુઠુ અણિયું, ટીચકુ
ટોચવુ, ક્રિ૦ ટોચવુ, જુઓ [ધા, ચીરો
ટોચો, પુ૦ મહેણું, ટુબો. ૨ ઠોકર ૨. કાપો,
ટોટી, સ્ત્રી૦ બદુક-પિસ્તોલમા મૂકી ફોડવાની તાબાની ખોળી ૨ હુક્કાની નેહની રૂપાની ખોળી ૩ કાનનુ ઘરેણુ, ત્રોટી.૪ રબ્બરની ડિટડી.
ટોટો, પુ૦ ધધામા થયેલુ જે નુકસાન તે, ખોટ ૨ ગળાનો હર્ડિયો.૩ એક જાતની આતસબાજી, હવાઇ ટોટો પીસવો-ગળેથી પકડી દબાવવું ૨ ગુગળાવી મારી નાખવું. ૩ ગુનામા પકડવુ. ટોટો આવવો-નુકસાન જવુ ટોટો પડવો-અછત થવી, તગી જણાવી [દાણુ, ઘુઘરી
ટોઠા, પુ૦ ઘઉં, બાજરી, જુવારના આખા બાફેલા
ટોડર, પુ૦ ડમરો, ડમરાની માજર
ટોડલો, પુ૦ ટોડ્લો.
ટોડા ગરાસ, પુ૦ કોથળી સાથ. [રાગણી.
ટોડી, સ્ત્રી૦ સવારના સાત વાગે ગાવાની એક
ટોડો, પુ૦ સ્ત્રીઓને પગે પહેરવાનુ રૂપાનુ એક ઘરેણુ, કલ્લા. ૨ રજપૂત, બ૦ જે સોના રૂપાનુ જમણે પગે સાકળા ઘાટનું પહેરે છે તે. ૩ બદુક સળગાવવાની જાડી લાંબી જામગીરી ૪ એક હજાર રૂપિયા, કોથળી. ૫. ટોડાગરાસ. ૬ ટોડ્લો. ૭ મિનારો, ઉંચી શિખરબંધી, ઝરુખાદાર સ્તભ ૮ મોખરો, આગોળ. 'આમને તોડે તોરણ બાધ્યા.'
ટોણો, પુ૦ મહેણુ, ઠોક, ટાણો.
ટોપ, પુ૦ (તોપ) લશ્કરમા ઘોડેસ્વારને માથે ઘાલવાની ધાતુની એક તરેહની ટોપી સજ્યા કવચ આયુધને ટોપ'-ગિરધર ૨ વરસાદમા ઘાલવાની બનાતની ટોપી ૩ રાધવાનું પહોળા મોંનુ વાસણ-તપેલું અથવા ઓગલું ૪ મોટી છત્રી, ખુપડો. ૫ કુતરાની છત્રી, શિલીન્ધ્ર. ૬ તોપ
ટોપચી, વિ૦ કોટીનું, દમવગરનુ, હલકું, તુચ્છ
ટોપરૂ, ન૦ કોપરું; નાળિયેરના અંદરનો ભાગ.
ટોપલી, સ્ત્રી૦ નાનો ટોપલો; સુડલી, ઓચિયું.
ટોપલો, પુ૦ વાંસની ચીપ-નેતરનું બનાવેલું પાત્ર, સુડલો. ૨. ભાર, બોજ, જોખમ, જોખમદારી.

ટોપી, સ્ત્રી૦ માથે ઘાલવાનુ સીવેલુ કપડુ, ગોળ યા લાબા ઘાટનુ એ ઘણી જાતની હોય છે, ૨ ટોપીજ ઘાલનારી પ્રજા. ટોપીવાળો–યુરોપિયન ૩ હુકાની ચલમ (કચ્છ) ટોપી ઘાલવી–દેવાણુ કાઢવુ. ૨ નિર્લજ્જ થવુ ૩. ખાખી થવુ, સંસારમાથી નીકળી જવુ

ટોપુ, ન૦ ભમર ૨ ખગાબ દેખાવની ટોપી

ટોયલી, સ્ત્રી૦ કથલી, લોટી [વાસણ

ટોયલુ, ન૦ પહોળા મોનુ ઘી તેલ ભરવાનુ

ટોયુ, ન૦ ટીપરી, દાણાનું માપિયુ [સાચવનારો

ટોયો, પુ૦ બૂમ પાડી પક્ષીઓને ઉરાડી ખેતર

ટોરપિડો, સ્ત્રી૦(અ૦) વિજળીના બળે પાણીની અદર ચાલનારુ ગિલ્લીના આકારનુ નાશ કરનારુ યત્ર [ઘરેણુ (કચ્છ)

ટોલ, પુ૦ (અ૦ ટોલ) કર, દાણ, વેરો ૨

ટોલ્લો, પુ૦ બારણાની શાખની બહાર નીકળતા જે એ ભાગ તે ૨ ઘડિયાળનો ટકોરો. ૩ ગિલ્લિપર દડો માર્યાથી થતો જે અવાજ તે ૪. વાયદો, ઉડાવવુ તે, ધોખો. ૫ ઘેર, આગણે, ‘ એને ટોલ્લે કોઈ સુખી થયુ નથી ’ ૨ કોરે મૂકવુ, વિસારી મેલવી, ઉંચે મેલવુ ટોલ્લો મારવો, લબાવવુ, મુલતવી રાખવુ, વાયદો કરવો, ઉડાવવુ

ટોવાવુ, ક્રિ૦ અ૦ વગોવવુ, નિદાવુ “ખાય બધા જનાવરને ટોવાય સૂડો”

ટોવુ૦ ક્રિ૦ સ૦ બૂમ પાડી પક્ષી ઉરાડવા, ખેતર સાચવવુ ૨ બાળક–માદા માણસના મોમા પાણીનુ પુમડુ નીચોવવુ, ટીપે ટીપે પાણી પાડવુ, છીપવુ, સિચવુ

ટોળ, સ્ત્રી૦ મશ્કરી, મજાક, ઠઠેરો. ૨ અડપલુ. ઠેડ. ૩ બનાવટ નકલ ૪ ટોળુ, જથ્થો, સમૂહ ૫ ગમ્મત, હસવાનુ તે

ટોળકી, સ્ત્રી૦ ટોળી, મડળ, ચોકડી

ટોળકિયા, પુ૦ અવદીચ બ્રાહ્મણની એક જાત

ટોળિયો, પુ૦ મશ્કરો, નકલી, બટકબોલો, ટિખળી.

ટોળી, સ્ત્રી૦ નઠારૂં કામ કરનારો એવો જે વર્ગ તે, જમાવ; સમુદાય “જુગારીની ટોળી.”

ટોળુ, ન ઘણા જણનુ એકઠુ થવુ તે, સમુદાય જથો, જમાવ, સઘ, સમૂહ “લોકનું ટોળુ” ૨ ધચુબલો [જે ટોળા તે.

ટોળેટોળા, ન૦ ઘણા ટોળા, ઉપરાઉપરી આવતા

ટૌકાર, પુ૦ ટૌકો, ટૌ એવો ઉચ્ચાર

ટૌકારવ, પુ૦ ટૌકા, ટહુકાર.

ટૌકો, પુ૦ કોયલ–મોરનો પોકાર. ૨ લાબો સાદ, બૂમ ૩ ચાલતી વાતમા હાજિયો ભણવો–રગ પુરવો તે ૪ ઘાટો, સાદ. બરકો

ટૌટૌ, અ૦ બોલબોલ કરવુ તે, કુતરાના ભસવાનો અવાજ

ઠ.

ઠ, પુ૦ તેવીસમો મૂળાક્ષર, બારમો વ્યજન વર્ણ, મૂર્ધસ્થાની મહાપ્રાણ [રહી જવુ

ઠગરાવુ, ક્રિ૦ અ૦ ઠરી જવુ અકડાઈ જવુ,

ઠઠેરવું, ક્રિ૦ અ૦ ઢીલુ કરી નાખવુ, ઝાલી ખૂબ હલાવવુ, ખખેરવુ, જઝેડવુ ૨ ઠોકવુ, ઠાઠા ભાગી નાખવા, ઝાપટી નાખવુ, ખૂબ ભાડવુ ઠઠેરી કાઢવુ–હડસેલી મૂકવુ, કાઢી મૂકવુ

ઠઠોરવુ, ક્રિ૦ સ૦ ઠાઠા ભાગે એમ કરવુ, ખોખરુ કરવુ ૨ છેતરવુ ૩ મારીને કાઢી મૂકવુ. ૪ શોધી વળવુ

ઠઠોળી, સ્ત્રી૦ મજાક, હાસ્ય, હસવા જેવી મશ્કરી

ઠંડ, સ્ત્રી૦ ટાઢ ૨ શીતળતા, ટાઢક ૩ હીકળ, શરદી.

ઠડક, વિ૦ ઘણુજ ઠડુ થવુ તે, ટાઢક, શીતળતા ૨ શાતિ, શાંતતા ઠડક કરવી–ધીમુ–ટાઢુ પાડી યુક્તિથી સમજાવવુ મધુર શબ્દોથી શાત કરવુ ૨ ટાઢક કરવી, સામોપચાર કરવા

ઠડકિયું, ન૦ ઠડક આપે તેવુ લુગડુ [શાતતા

ઠડાઇ–શ, સ્ત્રી૦ ધીમાપણુ, ટાઢક ૨ સુસ્તાઈ,

ઠડિલ ન૦ (સ૦ સ્થંડિલ) યજ્ઞ માટે કરેલી ઓટલી, વેદિ, ચોતરો ઠડિલ જવુ–લોટો લઇ જવુ, ઝાડે ફરવા જવુ (જૈન.)

ઠડી, સ્ત્રી૦ શિયાળાની અથવા હવાના ફેરફારથી પડેલી ટાઢ, ગૈલ. ૨. શરદી. ૩. ઠડક કરે તેવી ચીજ. ૪ ભાંગ.

ઠંડું, વિ૦ ટાઢું, શીતળ ૨ ધીમું, મંદ,મોળું, શાંત સ્વભાવનું. ૩ સુસ્ત, આળસુ. ઠંડા લોહી-નું—નિરાંતનું, ઉચાટ વગરનું, સુખચેનનું ઠંડી મશ્કરી—ઠાવકું મો રાખી કરેલી મજાક ઠંડું-ગાર-ઘણુંજ ઠંડુ (ગાર ઘણી ઠંડી હોય છે તે ઉપરથી) ઠંડું પાણી રેડવું-શાંત પાડવું ૨ નિરાશ કરવું અસર ઓછી કરવી ઠંડુ પડવું —ટાઢું પડવું ૨ રોગને આંખ લાગવી "માલ ઠંડો પડ્યો છે." ૩ શાંત થવું, ધીમું પડવું ઠંડે પેટે—નિરાંતે,ટાઢા લોહીએ,સંતોષ રાખીને.૨ મોઢું ઠાવકું રાખીને

ઠંસાવું, ક્રિ૦ અ૦ દબાઈને છેક પાસે પાસે જો-ડાઈ રહેવું; સજ્જડ થવું ૨ એકદમ પીવાઈ જવું, ગળામાં ઉતરી પડવું

ઠકઠક, અ૦ ઠોકવાથી થતો અવાજ

ઠકરાઈ, સ્ત્રી૦ ઠાકોરપણું. ૨. શેઠાઈ; મોટાઈ ૩ જોહુકમી, અમલ બજવણી

ઠકરાણો, પું૦ ઠાકોર જુઓ

ઠકરાણાં, ન૦ ઠાકોરની સ્ત્રી, ગરાસણી, ઠકરાળાં, ઠાકોરનો જનાનખાનાનો સ્ત્રીવર્ગ.

ઠકરાણી, સ્ત્રી૦ ઠાકોરની સ્ત્રી, ગરાસણી, નાની રાણી ૨ શેઠાણી, અમલ ચલાવનારી જાજર-માન સ્ત્રી

ઠકરાત, સ્ત્રી૦ ઠકરાઈ, ઠાકોરની સત્તા ૨ જાગીર

ઠકરાળાં, ન૦ ઠકરાણાં ૨ નાની નાની જાગીરો

ઠકરાળું, ન૦ જાગીરના વહીવટવાળું નાનું રાજ્ય

ઠક્કર, વિ૦ ભાટિયા લુવાણાની અટક.

ઠગ, પું૦ આડું અવળું સમજાવી-ભૂલથાપ આપી ધનમાલ લુંટી લેનાર છળ કરનારો, ધુતારો, ઠગારો ૨. વિ૦ લુચ્ચું, ખધું, શઠ, ધુતારૂં

ઠગણું, વિ૦ ઠગારું,લુચ્ચું,ઢોંગી,કુતવાખોર

ઠગબાજી, સ્ત્રી૦ ઠગાઈનો ધંધો, પ્રપંચ, કપટ, દગો.૨.ઠગવાની કળા—આવડત

ઠગવિદ્યા, સ્ત્રી૦ ઠગવાની કળા,ઠગબાજી

ઠગવું, ક્રિ૦ સ૦ આડું અવળું સમજાવી કોઈનું કંઈ હરી લેવું, કપટથી લેવું, છેતરવું, ભોળવવું. ફોસલાવવું,મુડવું.

ઠગવેડા, પું૦ ઠગના ચાળા,ઠગપણું-ઠગવૃત્તિ.

ઠગાઈ, સ્ત્રી૦ ઠગવું તે,ઠગવિદ્યા,ધૂર્તતા.

ઠગારૂં,વિ૦ ઠગનાર,ઠગાઈથીભરેલું,પ્રપંચી,લુચ્ચું.

ઠગાવું, ક્રિ૦અ૦ છેતરાવું,ધુતાવું, ફસાવું

ઠઠ, સ્ત્રી૦ જમાવ,ભીડ,ગીરદી,ટોળું,જથો

ઠઠકારવું,ક્રિ૦સ૦ ઠોકદેવા;ધધડાવવું,ઠપકો દેવો.

ઠઠણવું,ક્રિ૦અ૦ઠણઠણવું,ખડખડવું.૨ રીસનું રોવું

ઠઠમઠ, સ્ત્રી૦ ખટપટ, સરભરા, કામકાજ," નાની વહુ એના હૈયા છોકરાની અને ભાવડાની ઠઠ-મઠમાં ને ઠમઠમાં રહે છે' ૨. મહેમાનગીરી, ચાકરી, બરદાસ. [થરથરવું મુજવું.

ઠઠરવું, ક્રિ૦ અ૦ ઠઠારો કરવો, શણગારાવું. ૨.

ઠઠવું, ક્રિ૦ અ૦ રચવું ઠાઠ કરવો.

ઠઠળવું, ક્રિ૦ અ૦ ન બફાતા અફળાયા કરવું. ૨ ખખળી જવું,વૃદ્ધાવસ્થા આવવી, જીર્ણ થવું. ૩ નકામું રઝળવું રખડવું

ઠઠવેઠ, સ્ત્રી૦ સરભરા,ખટપટ બરદાસ;ચાકરી.

ઠઠાડવું, ક્રિ૦ સ૦ અડાડી દેવું,ઘુસાડી દેવું.

ઠઠારવું, ક્રિ૦ અ૦ ખૂબ શણગારવું,લુગડાં ઘરે-ણાંથી દેખાવડું કરવું,ઠાઠ કરાવવો તે

ઠઠારો,પું૦ ઠઠારવું તે,શણગારવું તે ૨ ઠાઠમાઠ.

ઠઠ્ઠાખોર, વિ૦ મશ્કરો,ટોળી,વિનોદી

ઠઠ્ઠો, પું૦ મજાક,મશ્કરી,ઠેકડી.

ઠણક, સ્ત્રી૦ ઠણકારવું તે ધબકારો,સ્ફુરણ, ફરક ૨ પગના જોટવા ઠણકે તેવી ચાલવાની છટા.

ઠણકવું, ક્રિ૦ અ૦ રણકો થવો ઠેકાથી ખડ-ખડવું ૨ પીડા થવી,દુખવું ૩ રહી રહીને ગાવું.

ઠઠોરી-ળી, સ્ત્રી૦ ઠઠ્ઠો મજાક મશ્કરી "કરે ઠઠોરી સહુ માહેમાહે, નાગરી નાત મોઝારજી."

ઠણકારવું, ક્રિ૦ અ૦ પગે પહેરેલા ઘરેણાંનો અવાજ થાય તેમ જોરમાં પગ મૂકી ચાલવું.૨. ઠપકો દેવો ૨ મારવું

ઠણકો, પું૦ અવાજ,રણકો ૨.રોવાનો અવાજ; ઠણકલો. ૨ ટાઢની ધ્રુજારી, કંપ ૩ ધબકારો, સ્ફુરણ,ખટકો,સણકો.

ઠણઠણ, ન૦ ખાલી વાસણનો અવાજ ૨.ખાલી-પણું, ખાલીખમ ઠણઠણ પાળને મદનગોપાળ—

ખીરસા ખાલી દમભારી

ઠણઠણ, અ૦ ખાલી વાસણના અવાજ જેવુ

ઠણઠણપાક, પુ૦ માર ૨ વગાડવુ–ઠોકવુ તે [કરવા

ઠણઠણવુ, ક્રિ૦ અ૦ રહી રહીને રડવુ,ઠણકલા

ઠણઠણાટ, પુ૦ ઠણઠણવુ તે

ઠણતકાર, પુ૦ ઠમકો, ઠમકારો

ઠપ, અ૦ ટપ, ધબ [અથડાવુ (વાસણ

ઠપકવુ ઠપકાવુ, ક્રિ૦ અ૦ ઠોકાવુ, અફળાવુ,

ઠપકારવુ, ક્રિ૦ સ૦ ઠોકવુ, અફાળવુ ૨ સારી પેઠે ઠપકો દેવો,ખીજવુ ૩ મારવુ,ટીપવુ

ઠપકો, પુ૦ વાક ગુના માટે જે કડવા શબ્દ કહેવા –સંભળાવવા તે,ધમકી,ઠોક દેવો તે ૨ ખીજવુ તે, શિખામણ દેવી તે ૩ કલક, બટ્ટો, આળ, આક્ષેપ ૪ ખોડ, દોષ [આથડવુ

ઠબકવુ-કાવુ, ક્રિ૦ અ૦ ઠપકવુ ૨ રખડવુ,

ઠબકારવુ, ક્રિ૦ સ૦ ઠપકારવુ

ઠબલાવું, ક્રિ૦ કુટાવુ, પિટાવુ,ધક્કા ખાવા

ઠમક, સ્રી૦ લટકામા ઘુઘરા વગાડતા કઈક કુદતુ ચાલવુ તે, લહેકો, વરણાગી, મરોડ

ઠમકઠમક, અ૦ લટકો કરતા ચાલવુ તે-

ઠમકવું, ક્રિ૦ અ૦ ઠમક ઠમક ચાલવુ રહી રહીને

ઠમકારો, પુ૦ ઠમકો, લટકો [ખડખડવુ

ઠમકો, પુ૦ પગના ઘરેણાનો ચાલતા જે અવાજ થાય તે ૨ લટકો

ઠમઠમ, અ૦એવો થતો અવાજ તે [ઠમઠમ થવુ

ઠમઠમવુ, ક્રિ૦ અ૦ ઠોક ખાઈ ખાઇને વાગવુ,

ઠમઠમાટ, પુ૦ એવો અવાજ ૨ આડબર,ખાલી ભભકો ૩ ફુલાસ, પતગાજ,ખાલીદમ ૪ છનછનાટ, થનથનાટ

ઠમણી, સ્રી૦ વાચતા નીચુ નમવુ પડે નહિ માટે બે પાટલીઓ ભેગી કરી કરલી ઘોડી x આકારની ત્રિપાઈ [વિગતવાર કરાર

ઠરઠરાવ, પુ૦ છેલ્લો ઠરાવ નક્કી આંકડો–દર

ઠરઠામ, ન૦છેલ્લે ઠરવાનુ–ઠરીને રહેવાનુ ઠેકાણુ,જગા

ઠરઠેકાણુ, ન૦નક્કી ઠેકાણુ ૨ ગોઠવણ,બદોબસ્ત, વ્યવસ્થા ૩ તજવીજ, પત્તો, ઠામઘધે લાગવુ તે

ઠરડ, સ્રી૦ ઠુરા,ઠડ, ઠુસ,ઢીલા થઈ જવુ તે ૨ થાકી જવુ તે ૩ ઠરડાઇ જવુ તે,મરડાઈ જવુ તે ૩ થાકી જવુ તે,પાણી પાણી થઈ જવુ,૪. પુ૦ વાક મરડાટ

ઠરડાવુ, ક્રિ૦અ૦ વકાવુ મરડાવુ,વાકુ વળી જવુ ૨ રિસાવુ, વાગવાથી વાકુ ચાલવુ

ઠરવુ, (ક્રિ૦ અ૦ હિ૦) ધીરૂ પડવુ,સબુરી રાખવી ૨ ઉભા રહેવુ,ખોટી રહેવુ,ટકવુ “જરા ઠર, હુ આવ્યો ’ ૩ મુકરર–નક્કી થવુ, લગન માગશરમા ઠરશે ’૪ તળિયે બેસવુ,જામવુ,એકઠુ થવુ,ઉતરવુ. તળે કચરા ઠર્યા છે ’ ૫ થિજવુ જામવુ,ઘટ થવુ ‘ઘી ઠરવુ.’૬ સીઝવુ ટાઢુ થવુ ૭ બધાઇજવુ, કઠણ થવુ ૮ મૂલ–કિમત નક્કી થવી “તેના સો રૂપિયા ઠરે છે ” ૯ બદોબસ્ત થવો, ગોઠવણ થવી, ૧૦ પ્રસન્ન થવુ, સતોષ પામવો, ખુશી થવુ, છાતી ઠરી ૧૧ મિચાવુ લીન થઇ જવુ ૧૨ ઘર માડીને–ઠાર પડને રહેવુ, દૃઢ થવુ, કાયમ થવુ ૧૩ ઘરસ્રસાર માડવો ૧૪ ધધે રસ્તે પડવુ–વળગવુ ઠરી ઠામ બેસવુ—નિરાત વાળીને બેસવુ, નિવૃત્ત સ્થિતિમા રહેવુ, હારી થાકી નિરાત વાળીને રહેવુ “ પચાસે જઇ પહોચ્યોરે ઠેકાણે ન બેઠો ઠરી ”—દયા૦ પેટ ઠરવુ–સતોષ પામવુ, ખુશી થવુ ૨ ભુખ મટવી,પેટમા ટાઢુ થવુ આખ ઠરવી–ખુશી થવુ, રાજી થવુ

ઠરાવ, પુ૦ નક્કી–મુકરર થવુ તે, ઠરાવવુ તે,નિર્ણય, સિદ્ધાત ૨ કરાર સરત,સાટુ બોલી ૩ ફડચો, તોડ, નિકાલ, બદોબસ્ત

ઠરાવપત્ર, પુ૦ કરારપત્ર, સાટુ

ઠરાવવુ, ક્રિ૦ સ૦ નક્કી કરવુ ૨ જમાવવુ ૩ ઠરવા દેવુ ૪ સમાધાન કરવુ

ઠરીઠામ, અ૦ નક્કી અસલ ઠેકાણે ૨ નિવૃત્ત સ્થિતિમા, સ્થિર એમ

ઠરેલ, વિ૦ ડગે નહિ તે,પુખ્ત,ડાહ્યુ,ગંભીર.

ઠલવાવુ, ક્રિ૦ અ૦ ખાલી થવુ,એકમાથી બીજા પાત્રમા પડવુ,નીકળી જવુ

ઠસ, અ૦ છેક પાસે આવી રહેલુ સંકડાયેલુ,ઠસા થવુ ૨ ડબ,જડ, મક્કસ ‘ઘણુ ખાધેથી પેટ ઠસ થઇ ગયુ છે ’૨ નરમ, લોથ, શિથિલ.

ઠસકબાજ, વિ૦ અભિમાની,રોફદાર ૨ દીપતું પ્રકાશિત,શોભતુ,ભભકાવાળુ ,ઠસ્સાદાર
ઠસકદાર, વિ૦ અવાજ આવે તેવુ ૨ ઠસકબાજ, દીપતું; ભભકાદાર ૩ રૂપ વૈભવના તોરવાળુ, જાજરમાન.
ઠસકો, પુ૦ ઠમકો,ઠસ્સો ૨ છર, તોર ૩ ભભક
ઠસવુ, ક્રિ૦ અ૦ સારી પેઠે મનમા ઉતરવુ,ધ્યાનમા આવવુ,વિસરી ન જવાય તેવુ સમજમા આવવુ, સજડ ચોટવુ
ઠસાઠસ, અ૦ સજ્જડ,ઠાસીને ભરેલુ હોય તેમ, ઠસોઠસ [આવે તેમ કરવુ,છાપ પાડવી
ઠસાવવુ, ક્રિ૦ સ૦ મનમા ઉતારવુ, ધ્યાનમા
ઠસોઠસ, અ૦ ઠાસીને ભરેલુ હોય તેમ,ઠસાઠસ
ઠસ્સાદાર, વિ૦ મન ઉપર અસર કરે તેવુ ૨ ભભકાદાર,છટાદાર ૩ ઝલેહદાર, જાજરમાન રૂપ વૈભવના ગર્વવાળુ [દમભેર, તોરમા, મરોડમા
ઠસ્સાબંધ, વિ૦ રોફભેર, ભપકાબંધ ૨ અ૦
ઠસ્સો, પુ૦ બોલવા ચાલવામા મદ અભિમાનથી જે ભારે લટકો દેખાડવો તે ૨ ડોળ,શિકલ, લટકો ૩ તોર,છર
ઠળિયો, પુ૦ ફળની અંદરનો જે કઠણ ભાગ તે, બી ૨. સ્ત્રી૦ સ્ત્રી અંડ. [થાળી, ભાણુ
ઠાંગુ (ઠાગુ), ન૦ છળ, કપટ. ૨ પીરસેલી
ઠાંઠું, ન૦ હાડપિંજળ, ખોખુ, ચોકઠુ ૨ હાડકુ
ઠાડુ, ન૦ ખીટી, ખુટો
ઠાંસ, સ્ત્રી૦ ઠાસવુ તે ૨ દમ, અભિમાન, દંભ ૩ અકડાઇ ૪ લુખી ઉધરસ
ઠાસવુ, ક્રિ૦ સંદાબીને ભરવુ ગડબવુ ૨ મનમા ઉતારવુ, ઠસાવવુ ૩ બંધ કરવુ, બેસાડવુ ૪ ઢિચવુ, ગળચવુ ૫ પીવુ,ગટ્ટ કરવુ ૬ ઉધરસ ખાવી, ખે ખે કરવુ
ઠાંસો, પુ૦ કફ; ઉધરસ ૨ ગુમ્મો મુક્કો [ઠેકાણુ
ઠા, પુ૦ ઠરઠેકાણું,રહેઠાણુ ૨ બંધ ૩ સ્થિરતા,
ઠાઉકું વિ૦ ઠાવકુ, ગંભીર,શાણુ
ઠાકઠીક, વિ૦ વ્યવસ્થિત, સફાઇ-સુઘડવાળુ.
ઠાકર-ઠાકરો, ન૦ રજપૂત, ગરાસિયા,ભિલ્લ વગેરે, ઠાકોર. ૨. ઠાકોરના વંશજ. ૩. ઠકરાણુ.
ઠાકરડા, પુ૦ થોડી ઘણી રાજસત્તા ભોગવનારા અને જમીનદાર અસલ ભિલ્લ લોકોના વંશજો, નાના નાના ગામના ભિલ્લ રાજાઓ ઠાકરડી–ઠાકરડાની સ્ત્રી
ઠાકરિયા, પુ૦ એક જાતનો વિંછી. ૨ ઠાકોર ૩ છેલ છબીલો, રૂપાળો, વરણાગિયો. "સુંદરપાક સુંદર રે, જમજો ઠાકરિયા"–પ્રેમા.
ઠાકોર, પુ૦ (સં૦ઠક્કુર) કેટલાક રજપૂત-કોળીને એ શબ્દ જોડવામા આવે છે. ૨. નાનો રાજા, ગરાસિયો ૩ દેવની મૂર્તિ. ઠાકોર ગયા ને ઠગ રહ્યા–અસલ ગયુ ને નકલ રહી, સારા ગયા ને નઠારા રહ્યા
ઠાકોરજી, પુ૦ દેવ, વિષ્ણુ-કૃષ્ણની મૂર્તિ
ઠાગલી, સ્ત્રી૦ મોઇનો દારો ઉડયા પછી તેને ડંડો મારવો તે, અદ્ધરને અદ્ધર મારેલી ઠોકર
ઠાગુ, ન૦ ઠેકુ કરનાર લુટારો, ઠાગો,
ઠાગો, પુ૦ ઠરાવ, સંતલસ,સંકેત, એકઠા મળવાની છુપી ગોઠવણ ૨ ઠાગલી.
ઠાઠ, પુ૦ દમદબો; દિમાક, ભભકો. ૨ શોભા, ઠઠારો, ટાપટીપ ૩ ખૂબ ભભકાવાળી તૈયારી, ધામધમ ૪ ધાંધલ,ડોળ ધિંગાણુ.
ઠાઠડી, સ્ત્રી૦ શબને ઉચકી લઈ જવાની વાસ કામડાની કરકટી,ખાટલી,નનામી જનાજો.
ઠાઠમાઠ, પુ૦ઠાઠ,ધામધુમ,આડંબર,દબદબો,શોભા
ઠાઠીયુ ન૦ ભાગીતૂટી ગયેલુ;જર્જર,સાલપોલિયુ.
ઠાઠી-લુ, વિ૦ દાંભિક, ડોળી ૨ ઠાઠવાળુ. ૩ ભભકાદાર, શણગારેલુ
ઠાઠુ, ન૦શરીર ૨. કલેવર, કમ્મર—છાતીના મોટા હાડકાનું ખોખુ, હાડપિંજર ૩. હીકળ,વરસાદના દહાડામા ઘણી ઠંડી લાગવી તે. "ઠાઠુ વાય છે" ૪ જુની ભાગીતૂટી હાલ. ૫. ખળખળી ગયેલી વસ્તુ,જીર્ણ ચોકઠું'-ખોખુ ૬ બાજરિયાને બેઉ છેડેથી નીકળેલા ફણગા તે. ઠાઠા બેસવા–દુર્દશામા આવી પડવુ, આશાભંગ થવુ, હિંમત હારી જવી.ઠાઠાં ભાગવા–રગવા–એકદમ ઉંચેથી પડવાથી કે મારથી હાડકા ભાગવા ઠાઠિયું બેસી જવુ –પડી ભાગવુ; દુર્દશામા આવી પડવુ, જે આધારે

કામ નભ્યુ જતુ હોય તે આધાર પડી ભાગવો

ઠાણુ, ન૦ (સ૦ સ્થાન) તબેલામા ઘોડો બ- ધાઇ રોકાતી હોય તેટલી જગો, સ્થાન ૨ ઘોડાનુ ઘોડી ઉપર ચેકવુ તે, આસગ,આધાન

ઠાણુ, સ્ત્રી૦ મિજાજ, ટાપટીપ, નખરા,લટકા " ઉતાવળ હાય પણુ તુ તો ઠાણુમાની ઠાણુમા '

ઠાણુ,ન૦સ્થળ, જગા. 'જેટલા સાધુ તેટલા ઠાણુા '

ઠામ, વિ૦ જાણીતુ,માલમ હોય તેવુ

ઠામ, ન૦ વાસણુ, પાત્ર, ભાડ ૨ રહેવાનુ ઠેકાણુ મુકામ ૩ પતરાળી, ભાણુ, થાળી ' અમે નાહી લઇએ એટલામા ઠામ માડી તૈયારી કરો ' ૪ બેસવાની જગા આસન, ૫ વિ૦ સ્થિર, ચોક્સ ઠેકાણે. **ઠામ**—માડવુ આસન રાખવુ ૨ ભાણુ માડવુ **ઠામ** બેસવુ—૨ ડાયલી સ્ત્રીએ નાતરે જવુ ૨. હારી થાકી નિરાત વાળીને રહેવુ 'હવે ઠરીને ઠામ બેઠો ' **ઠામ** ઠેકાણા વગરનુ— પાયા વિનાનુ, વાયેલ ૨ ગોટાળા ભરેલુ, અવ્યવ સ્થિત,ડામાડોળ 'આ કામ ઠામ ઠેકાણા વગરનુ છે '

ઠામપાલટો, પુ૦ રહેવા સુવાની જગામા થયેલો ફેરફાર, ઠામ બદલો

ઠામુકુ, વિ૦ મુકરર ૨ તદ્દન, સાવ, તમામ

ઠામેઠામ, અ૦ ઠેરઠેર, ઠેકાણે ઠેકાણે

ઠાર, પુ૦ ન૦ ઓસ, ઝાકળ ૨ ટાઢી હવા, હીમ- ફળ ૩. ઠામ, ઠેકાણુ (કવિતામા) ૪ સુતાર ૫ અ૦ જીવથી, તદ્દન ૬ સજડ નિસત્વ થયુ હોય તેમ **ઠાર** કરવુ—તરતજ જીવ જાય તેમ કરવુ, મારી નાખવુ [નાર, આભરામ

ઠારક, વિ૦ ઠડક કરે તેવુ, હ્રદયને સતોષ આપ-

ઠારકો, પુ૦ સતોષ,નિરાત, જોઇને ઠરવાપણુ તે

ઠારવુ ક્રિ૦ સ૦ બધાઇ જાય ઘટ્ટ થાય તેવુ કરવુ ૨ ઠડુ પાડવુ ૩ કચરો નીચે બેસે તેવુ થવા દેવુ ૪ ટાઢુ પાડવુ, હોલવવુ બુઝાવવુ, સતોષવુ, પ્રસન્ન કરવુ, કાળજુ ઠડુ કરવુ જેવાં કાર્યો તેવા ઠરો—ઠરો તેવુ ભોગવો

ઠારોઠાર, અ૦ ઠામેઠામ

ઠાલવવુ, ક્રિ૦ સ૦ ખાલી કરવુ, ઓછુ કરવુ

ઠાલિયુ, ન૦ ૨ ઘડી લીપેલુ કાલુ

ઠાલુ, વિ૦ અમથુ, નકામુ, ફોગટ " ઠાલી મન- રાજ કેમ કરે છે " ૨, ખાલી,ભરેલુ નહિ તે, ૩ બધ ન કરેલુ વાસ્યા વગરનુ. [નકામુ

ઠાલુમાલુ વિ૦ તદ્દન ખાલી ૨ ઠાલુ, ખાલી,

ઠાવકાઈ, સ્ત્રી૦ ઠાવકાપણુ, ડહાપણુ, ગભીરાઇ,

ઠાવકુ વિ૦મર્યાદા—અદબથી બોલતુ—વર્તતુ,વિવેકી, ગભીર, ડાહ્યુ, મલાજાદાર

ઠિકરુ, ન૦ ઠીકરૂ, જુઓ

ઠિગણુ, વિ૦ પ્રમાણસર ઉચાઇ ન હોય તેવુ, નીચુ ને જાડુ, ઠુકુ, વામન સ્વરુપ ૨ ઠરીને ગઠાઇ ગયેલુ

ઠિગરાવુ, ક્રિ૦ અ૦ ઠડીથી સકાચાવુ, બ ધાઇ જવુ, ચઢી જવુ ૨ ઠરી જવુ ખૂબ ટાઢ લા- ગવી ૩ તેજી ઉડી જવી, ટાઢુ પડવુ ૪ ગાગડુ થઈ જવુ [બીજાની મશ્કરી કરવી.

ઠિગાઠોળી, સ્ત્રી૦ ઠઠ્ઠાબાજી, અડપલા કરી એક

ઠિઠિયુ,વિ૦ ભાગ્યુતૂટ્યુ,ઠીકુ, ખડેર

ઠિઠુ, ન૦ ઠીકુ, જુઓ

ઠિઠાળી, સ્ત્રી૦ મશ્કરી,ઠેકડી

ઠીક, વિ૦ ઘણુ સારૂ નહિ તેમ નઠારુ એ નહિ તેવુ, સાધારણ જોઇએ તેવુ અ૦ વારૂ ભલે. (હોકારો દેવામા વપરાય છે) ૨ શાબાશીનો કઇક અર્થ રાખે છે **ઠીક** છે—ખબર લઈશ— જોઇ લઇશ એવા અર્થમા વેર લેવાના સબધ- મા વપરાય છે ' ઠીક છે, યાદ રાખજો.' ૨ જોઈશ—વિચાર કરીશ ૩ સારૂ છે 'ઠીક છે'

ઠીકઠાક, ન૦ બરાબર; જેવુ જોઇએ તેવા તેવુ, વ્યવસ્થિત ૨ તાલમેલથી જેમ તેમ કરી મૂ- કેલુ **ઠીકઠાક** કરવુ—સુધારવુ, સમારવુ, વ્ય વસ્થિત ગોઠવવુ

ઠીકરનાથ, પુ૦ ગોસાઈની એક જાત.

ઠીકરી સ્ત્રી૦ઘણુજ નાનુ ઠીકરૂ,ઠીમનો નાનો કકડો

ઠીકરૂ, ન૦ માટીના વાસણનો ભાગેલો કકડો, કપાળ, ઠીમ ૨ નસીબ, ભાગ્ય. ઠીકરુ ફુટી ગયુ ' ૩ ભાણુ, થાળી ભિક્ષાપાત્ર. **ઠીકરુ** ફોડવુ—થોડો થોડો પણ ઘણો અનુભવ લેવો, માથુ મારવુ, ૨ કોઇની આજીવિકાનુ સાધન તોડવુ ૩ મોપાળુ

ખુલ્લું કરવું ઠીકરામાં ધૂળ પડવી—ખાધા પીધાપર ધિક્કાર પડવો, બળ્યુ એનું ખાધુ પીધુ અને બળી એની અક્કલ. ૨ ચાલતું ગુજરાન અટકી પડવુ ઠીકરું મોકલવુ—કાળોતરી મોકલવી ઠીકરૂં ફૂટવુ —ખાણુ ખરાબ થવુ ૨ રોજી તૂટવી.

ઠીકાઠીક, વિ૦ જેવુ તેવુ, કામચલાઉ, વાહવાહ

ઠીગડું, ન૦ થીગડુ, જુઓ

ઠીઠિયુ, વિ૦ ઠિઠિયુ, જુઓ

ઠીઠી, અ૦ દાત કાઢીને હસવુ તે, અટ્ટહાસ્યનો અવાજ 'ઠીઠી હસે છે શુ ' " [તેવી ચીજ

ઠીઠુ, ન૦ ભાગી તૂટી વાપરવામાં ન આવે

ઠીબ, સ્ત્રી૦ ભાગેલા હાલ્લાનો તળિયાનો ભાગ ૨ કલેડુ;કટાહ, મોટુ ઠિકરૂં

ઠીલો, પુ૦ ઠળિ । કળિયો [૨ ઠીઠુ

ઠીસરૂં, ન૦ મશ્કરી, હસીને અડપલું કરવુ તે

ઠીંસિયારી, સ્ત્રી૦ મશ્કરી, ચેષ્ટા

ઠુંગણુ, ન૦ અફીણ ખાધાઉપર સારૂ ખાવાનું તે

ઠુંગવું, ક્રિ૦ અ૦ અમલ ઉપર થોડુક કાચુ કોરૂ ખાવુ. ૨ ઠાંસીને ખાવું, એકલુ એકલુ ખાવુ

ઠુંગો, પુ૦ ઠુંગણુ, અફીણી અમલ કરી તે ઉપર જે કંઈ કાચુ કોરૂ ખાય છે તે ઠુંગાપાણી કરવાં—નાસ્તો કરવો, થોડુંક ખાઈ લેવુ

ઠુંઠવાવુ, ક્રિ૦ અ૦ ટાઢથી ઠરી જવુ—સંકોચાઇ જવુ; ટૂંકુ વળી જવુ, ધ્રુજવુ.

ઠુંઠું વિ૦ આગળા વનાના—થોડા ઘણા કપાઈ ગયલા હાથવાળુ, ધાર વગરનુ, બુઠ્ઠું ૨ ડાળિયો કાપી નાખેલુ બોડુ ઝાડ, થડ ઠુંઠામા ઠેલવુ—ન ગણકારવુ, ઉડાવવુ, ન લેખવવુ

ઠુંડી, સ્ત્રી૦ હડપચી.

ઠુંબરો, પુ૦ બાકળા, જારના ટોઠા ૨ ધોળો મણકો

ઠુંશ, સ્ત્રી૦ બડાઇ, ડાશ, ખાલી મમત, ગર્વ. 'મારી બાબીને બહુ ઠાશ છે '

ઠુંસલો સો, પુ૦ (બહુવચનમા વપરાય ') ઠોસા; ગડદો; હડસેલો ૨ મહેણા; ગોદા 'આ પણે કાંઈ ભાઇ ભાભીના ઠુંસા ખાઇ રહેવાના નથી.'

ઠુંઠવો, પુ૦ એકદમ મોટેથી રોવુ, પોક. ઠુંઠવો મૂકવો—મોઢુ ફાડી મોટેથી રડવુ

ઠુમકો, પુ૦ પતગને ગોઠ મારવી તે, ઝોલો દેવો તે, આચકો દોરી ખેચવી (કનકવાની) અને ઢીલી મૂકવી તે

ઠુમરી, સ્ત્રી૦ એક તરેહનુ ગાયન "દાદરો ઠુમરી"

ઠુમરો, પુ૦ જારનુ ભરડકુ, છડેલી જારના ટોઠા. ૨ જારના દાણા જેવો પત્થરનો મણકો

ઠૂશ, સ્ત્રી૦ હાડકા પાસળા નરમ થવા તે;ઘાણ. અડદાળો, ઠુશ ઠૈડ [તરેહનો અવાજ

ઠુસકી, સ્ત્રી૦ વાયુ સ્રાવથી—પાદતા થતો એક

ઠુસકુ, ન૦ ડુસકુ, ઠુઠવો મૂકીને રોવુ તે

ઠે, વિ૦ આણુ છક્ક, દિડમૂઢ ૨ થાકીને લોથ થયેલુ.

ઠેકડી, સ્ત્રી૦ મશ્કરી મજાક, ૨ કુદકો, ફલગ

ઠેકડો, પુ૦ કુદકો, છલગ, ઠેકડી ૨ કલ્લા નીચેના નાના પાયા, નાના મોગરા

ઠેકવુ, ક્રિ૦ સ૦ કૂદવુ, પાછલા પગ ઉપર જોર રાખી આગલા પગ લબાવી ફાળ મારવી "ઉડે ન તોય ઠેકવા, શીખે વસી વિહગમા " ૨ ઠોકવુ, મારવુ ૩ બીજાથી છાપવુ

ઠેકાણુ, ન૦ રહેવાની જગા, મુકામ, ઘર ૨ સ્થાન, સ્થળ, જગા ૩ આસન, મુકર્ર જગા બેઠક ૪ પગરણુ, પત્તો પ્રારભ, 'હજુ રસોઈનુ ઠેકાણુ નથી' ૫. ધ્યાન, દરકાર, કામ કરવાનું મન 'હુતો તૈયાર છુ પણ તારૂ ઠેકાણુ ક્યા છે?" ૬ પાયો, સાબેતી, મૂળ. ' ગપનુ કઇ ઠેકાણુ નથી " ૭. સ્થિરતા દૃઢતા. ૮. વિશ્વાસ; ખાતરી નિશ્ચય. "તેના આવવાનુ ઠેકાણુ નહિ.' ૯ બોલવા કરવામા ધડ માથુ નહિ તે ૧૦. હદ, સીમા, આંકો 'પીવામા ઠેકાણુ રહેતુ નથી.' ઠેકાણે કરવુ—જ્યાનુ ત્યા મૂકવુ ૨, ઝતાડવુ, દાટવુ ૩ ઉડાવી દેવુ (પૈસા) ૪. ઠાર કરવુ, મારી નાખવુ, ૫. વગે પાડવુ, યોગ્ય સાથે જોડવી દેવુ. ઠેકાણે જવુ—પોત પોતાની જગાએ જતા રહેવુ. ૨ ગુમ થઇ જવુ, મરી જવુ ઠેકાણે પડવુ—મુકામે પહોચવુ રોજગારે લાગવુ; વગે લગાવવું ૩ પાધરૂ થવુ, રાગે પડવુ ૪ ખોવાયેલી વસ્તુ જડવી—હાથ લાગવી. ઠેકાણે રહેવુ—છકી ન જવું, વિવેકથી—મર્યાદામા રહેવુ ઠેકાણે રાખવુ—ચોક્કસ

ગખવુ સાવધ રાખવુ ઠેકાણે લાવવુ મર્યાદામા આણવુ, સમજાવીને રીતમા આણવુ

ઠેકો, પુ૦ ગાતી વેળા જોરથી તાલ દેવો તે,ઠોક ૨. થેકડો ૨ આચકો,ઝોક

ઠેઠ, અ૦ છેડાલગી, ઠેરવેલે ઠેકાણે ૨ સળગ, આરપાર ૩ સીધુ, નાકસામી વાટે ઠેઠ પહો-ચાડવુ—ધારેલે ઠેકાણે લઇ જવુ,ખરેખરૂ, વિતા-ડવુ, પાશરુ કરવુ

ઠેઠનુ, વિ૦ ચાલાક,પહોચેલુ,કાવાદાવાબાજ

ઠેઠુ, પુ૦ વટેમાર્ગુની સાથે ચાલી વખત આવે લૂટી લેનારો,ચારખુ,જાણકાર ભોમિયો ચોર

ઠેપલી, સ્ત્રી૦ ગળી જાડી રોટલી ૨ થેપલી

ઠેપાડુ, ન૦ ખાદીનુ જાડુ કપડુ ૨ ધોતિઉ

ઠેબુ, ન૦અડબાડિયુ લથડિયુ [ઠેર" ૨ ઠાર

ઠેર, અ૦ ખરી જગાએ, અસલ સ્થળે "ઠેરના

ઠેરઠેર, અ૦ ઠેકાણે ઠેકાણે,દરેક જગાએ ઠેર ઠેર કુતરા ભસાવવા—ઠેકાણે ઠેકાણે લઢાઇના મૂળ રોપવા, ઠેરઠેર નિદા કરાવવી ૨ જયા ત્યા ભટકયા કરવુ ઠેરના ઠેર—હતા તેમને તેમ

ઠેરવવુ, ક્રિ૦ સ૦ નક્કી–મુકરર કરવુ ઠરાવવુ ૨ દસક્ત વાળવા, સ્થિર કરવુ, ચાપીને માડવુ ૩ અટકાવવુ,રોકવુ

ઠેરવુ, ક્રિ૦ અ૦ બનવુ, થવુ, ઝગડો થવો ૨ જામવુ, બાઝી જવુ

ઠેરાવ, પુ૦ મુકરર કરેલુ તે, નિશ્ચય, નિર્ણય, સિદ્ધાત ૨ બદોબસ્ત,ઠરાવ ૩ કરાર,કબાલો સાટુ

ઠેલમઠેલ, સ્ત્રી૦ સામાસામી ઠેલવુ તે,ધકાધકી, હડસેલા, ગીરદી ૨ હોસાતુસી

ઠેલવુ, ક્રિ૦ સ૦ ધક્કેલવુ,ધક્કો મારવો હડસેલવુ

ઠેલાઠેલ, સ્ત્રી૦ ઠેલવુ તે ધક્કા મારવા તે

ઠેસ, સ્ત્રી૦ ચાલતા ચાલતા પગે કોઇ સાથે અ-થડાવુ તે, ઠોકર ૨ હલકી લાત ૩ ખત્તા, છક્કડ, નુકસાની ઠેસવે ચઢાવવુ—ધક્કે ચઢા-વવુ, વાયદા કરવા ૨ ન લેખવવુ, ન ગણકારવુ ૩ ખત્તા–છક્કડ ખવરાવવી

ઠેસણિયુ, ન૦ ધરમા કામ કરતા પહેરવાનો જાડો સાલ્લો ૨ અટકણિયુ,ઠેસી ફાચર ૩ વિ૦ કામચલાઉ

ઠેસલુ, ન૦ ઠેસ પગનો ગોદો ૨ ઠોકર, ચાલતા કોઇ વસ્તુ સાથે પગ અથડાવો તે ધક્કો

ઠેસી, સ્ત્રી૦ અટકણ ફાચર, ઠેસણિયુ, ઉધડી–છટકી ન જાય માટે ગખેલુ ટેકણ ઉલાળી.

ઠૈડ, સ્ત્રી૦ ઠૂસ, અડદાળો

ઠોસવુ, ક્રિ૦ અ૦ ઉધરસ ખાવી,ઠાસવુ ૨. થ ગદીને ભરવુ [ધક્કો, ગોદો

ઠોસો, પુ૦ ઉધરસ,ઠાસો,ખોખલો ૩ હડસેલો,

ઠોક, પુ૦ અફાળઝીક,૨ સપાટો, ઝપાટો, પ્રહાર ૨ ટપલો,ટાણો, મહેણા ૩ ડપકો,બોલના ફટકા ૪ રણકો,ઘટનો અવાજ [ખડખડાટ

ઠોકઠાક, સ્ત્રી૦ ઠોકવુ–અફાળવુ તે, ભાગફોડ.૨

ઠોકર, સ્ત્રી૦ ઠેસ, હડસેલો ૨ નુકસાન, ખોટ, હાનિ. ૩ ખત્તા, શિક્ષા,નસિયત મળે તેવી થા પટ ઠોકર વાગવી—અડચણ ખમવી ખત્તા ખાવા ૨ અથડાવુ ઠોકર ખાવી—ખત્તા ખાવા નુકસાન ખમવુ ૨ અથડાઈ પડવુ

ઠોકરાવું, ક્રિ૦ અ૦ ઠોકર ખાવી, ઠેસ વાગવી, ઠેસે ચઢવુ ચાલતા એકાએક પગે વાગવુ

ઠોકવુ, ક્રિ૦ સ૦ એક વસ્તુને બીજી સાથે જો-રમા પછાડવી, અફાળવુ ૨ મારવુ, માર મા રવો ૩ વગાડવુ બમ–મજાવવુ ૪ નસિયત કરવી ૫ ગપ ચલાવવી, ખોટુ ઉડાવવુ ૬ બેસાડવુ, અદર જાય તેમ કરવુ ૭ સગ કરવો ઠોકી બેસાડવુ–યુક્તિસર ગોઠવી દેવુ, બધ બેસતુ આણવુ 'તે જગોએ તેમણે કોઈ નીચ જાતના કુવરને ઠોકી બેસાડયો –ગર્વવસેન

ઠોકાઠોક, સ્ત્રી૦ ઉપરા ઉપરી ઠોકયા કરવુ તે, ઠોકમઠોકા

ઠોકારવુ, ક્રિ૦ અ૦ ઠોકવુ, બેસાડવુ

ઠોકો પુ૦ એકવાર જે ઠોકવુ–ઠોકાવુ તે ૨ ઠોક-વાથી થતો અવાજ, રણકો. ૩ જાર પુરૂષ

ઠોઠ, વિ૦ જેનામા અક્કલ ન હોય તે, જડ, જડસો, જડભરત મૂર્ખ, બેવકુફ ૨ અભણ.

ઠોઠિયુ, ન૦ કુલ્લાનુ ફડશિયુ

ઠોબરૂ, ન૦ સાધારણ ઉપયોગનુ વાસણ, હાલ્લુ

ઠોબલુ, ન૦ ઠોબરૂ ૨ વિ૦ બેડોળ, ઘાટ વ-

ગરનુ, શાબડભોથુ ૩ ભોળુ, અચતુર
ઠોબારી, પુ૦ મૂર્ખ, ઠોઠ
ઠોયો, પુ૦ ગરજો બહાર નીકળી આવેલો ખુટો, કરચો, ખગચો, બુઠ્ઠો ખીલો, ખીલડો
ઠોર, ન૦ ઠેકાણુ, સ્થળ, જગા 'અકર્મી એક અભાગિયો, બીજુ લે તે ઠોર' ૨ પુ૦ પૈસો તળીને ખાડ પાયલો જાડો રોટલો
ઠોર, અ૦ ઠાર, તરતજ ૨ જમીનદોસ્ત હોય તેમ ઠોર કરવુ-જીવથી મારી નાખવુ
ઠોરમુઠી, સ્રી૦ એક જાતની છોકરાની એકી બેકી જેવી રમત [પડાવી લેવુ,૨ જીતી લેવુ
ઠોગી લેવુ, ક્રિ૦ અ૦ ડઠોરવુ, ખુચી લેવુ,
ઠોલવુ, ક્રિ૦ અ૦ ચુટી ખાવુ તોડી ખાવુ.
ઠોલિગો, પુ૦ મજાક ઠઠ્ઠા કરનારો ૨ ઉડેલ, ડાડગો, દોડિયો ૩ ધધા રોજગાર વગરનો રખડતો માણુસ ૪ વાદો ૫ આબરૂ વિના નો માણુસ ઠોલયાત્ર જુ-મશ્કરી ઠઠ્ઠા કરનાર ઢગ વગરના માણસોની ટોળી.
ઠોવાવુ, ક્રિ૦ અ૦ અટકવુ, થોભવુ
ઠોવુ, ક્રિ૦ સ૦ રોકવુ. અટકાવવુ
ઠોળિયાં, ન૦ લોળિયા
ઠોળિયુ, વિ૦ અટોળકાટલુ, મૂર્ખ ને રખડાઉ ૨ મજાકી, ઠઠ્ઠા કરનારૂ ૩. ઢગધડા વગરનું, ઉડેલ તબિયતનુ

ડ.

ડ, પુ૦ (સ૦) ચોવીસમો મૂળાક્ષર, તેરમો મૂર્ધસ્થાની વ્યજનવર્ણ
ડશ-સ, પુ૦ દશ, દખ ૨ કીનો, ઉંડુવર
ડસવુ, ક્રિ૦ સ૦ દશદેવા, ડખવુ,કરડવુ
ડઇયા, ન૦ ડૈયા ટીકા મુઠીવાળી અગુઠો ઉચો કરી કઇ નથી મળવાનું એમ સૂચક ચિહ્ન
ડકડક, અ૦ સાપ, ધરોળીના મોમાથી નીકળતો અવાજ
ડકાર, પુ૦ ડ અક્ષર અને તેવો ઉચ્ચાર
ડકાળ, પુ૦ દુકાળ, તગી, ખોટ
ડક્કો, પુ૦ [અં૦ ડૉક] વહાણમા માલ ચઢાવવા ઉતારવા બાધેલો ઘાટ તે, ફુરજો, ગોદી.
ડખલ, સ્રી૦હરકત,નડતર, ૨ ફાસ, આડખીલી ૩ પચાત, વાલમેલ
ડખળિયુ, વિ૦ હરકત કરનાર, આડખીલીરૂપ તે
ડખળિયું, ન૦ શાકના કડકા નાખી ઉકાળેલી કઢી, દાળ, ડખુ
ડખુ, ન૦ શાક વગેરે નાખી કરેલી તુવેરની દાળ.
ડખો, પુ૦ડખુ ૨ વાધો ઝઘડો, આડખીલી ૩ ગોટાળો, અવ્યવસ્થા, ગરબડ, ખીચડો
ડખોળવુ, ક્રિ૦ સ૦ હલાવીને મેળવવુ, એકઠુ કરવુ, ડહોળી નાખવુ, હાથ ઘાલી એકમેક કરવુ તે, ૨ ચુથી નાખવુ, ઘુમરડવુ, વલોવવુ
ડગ, ન૦ ડગલુ પગલુ
ડગડગ, અ૦ બરાબર ન ગોઠવાયાથી હાલ્યા કરવુ તેમ, ડગમગતુ એવુ [ઢચુપચુ થવુ
ડગડગવુ, ક્રિ૦ અ૦ આમતેમ હાલવુ ૨
ડગડગો, પુ૦ મનમા ખતરો હોવો તે, ઢચુપચુ પણુ, વહેમ ૨ દગદગો, અવિશ્વાસ
ડગમગ, અ૦ ડગડગ, હાલતી સ્થિતિ, ડોલમડોલા, અસ્થિર
ડગમગવું, ક્રિ૦ અ૦ ડોલવુ, વાકુચુકુ થવુ, ૨ ઢચુપચુ થવુ, એક નિશ્ચય ન હોવો
ડગર, સ્રી૦ વાટ રાહ, ૨ ધરડ, ચીલો
ડગરું, ન૦ વૃદ્ધ. ડોસાડગરા-વૃદ્ધ સ્રી પુરૂષો ડગરો-ડોકરો, ડોસો.
ડગલી, સ્રી૦ અગરખી ૨. છીટ વગેરેની અસ્તરવાળી બડી, જાકુ બદન.
ડગલુ, ન૦ [પગલુ.] ચાલતા બે પગની વચમા જે અતર તે ૨ કદમ, પગલુ ડગ ડગલે ડગલે-પગલે પગલે ૨ ધીમે ધીમે થોડે થોડે ક્રમે ક્રમે ડગલું ઓળખવુ-લક્ષણ જોવુ, સ્વભાવ ઓળખવો ડગલું ભરવુ-કઇ કામ કરવા તત્પર થવુ, આગળ ચાલવુ [અગરખો, કોટ.
ડગલો, પુ૦ અસ્તરવાળો સાદો અથવા ગરમ
ડગવુ, ક્રિ૦ અ૦ હાલવુ, ચસકવુ, ધ્રુજવુ ૨. ખસવુ દૂર જવુ ૩ પાછુ ફરવુ, હઠવુ ૪. તાબે થવુ, હારવુ

ડગળી, સ્ત્રી૦ લાકડા લુગડાની નાની થીગડી, ચકતી, કોરી કાઢેલી પટી, ગાબડી ૨ ડાગળી, મગજની શક્તિ [મચકુ, મોટો કકડો
ડગળુ, ન૦ લાકડાનો જાડો કકડો, ચીગે ‹
ડગુમગુ, અ૦ ટગુમગુ
ડંકો, પુ૦[સ૦ ઢક્કા] નગારા વગેરેથી કરેલો યશ-જયનો શબ્દ, ફતેહનો અવાજ. ૨ મોટુ નામ થવુ તે, નામના, જયજયકાર, પ્રખ્યાત ૩ ડમકો, નગારૂ, ઢોલ ૪ ટકોરો પ્રહાર ૫ દાડિયો, એક ગાઠાથી બીજા ગાઠા સુધીનો કકડો, પેરાઈ ૫ એક જાતનુ ડંકાથી વગાડવાનુ વાજુ ૬ ધાક, હાક ૭ ઢઢેરો, જાહેરાત. ડંકો વગાડવો—છાપ બેસાડવી, નામના મેળવવી, કીર્તિ ફેલાવવી, હાક વગાડવી, વિજય થવો.
ડંખ પુ૦ ચટકો, દશ ૨ કીનો, વેર ૩ આકડા, ઝેરવાળી અણી
ડંખવુ, ક્રિ૦ અ૦ દશ દેવો, કરડવુ, આકડા મારવો "વિછી માણસને ડખે છે " ૨ ચપટી ભરાવી લાગવુ (જોડો) ૩ સાલવુ, મન દુખાવુ, ખટકવુ
ડંગ, અ૦ આશ્ચર્યથી દિઙમૂઢ બનવુ તે સ્તબ્ધ
ડંગો, પુ૦ દગો; બડ, તોફાન [ડાગ ધોકો
ડંગોરૂ, ન૦ જાડી મજબુત ટુકી લાકડી, નાની
ડંગોરો, પુ૦ જાડી મજબુત ટુકી લાકડી, ડાગ, ધોકો
ડંડ, પુ૦ દડ.
ડંડાઈ, સ્ત્રી૦ ડાડાઈ, લુચ્ચાઇ, દોગાઈ
ડંડાબજી, સ્ત્રી૦ તોફાન, લાકડીથી મારામારી કરવી તે ૨ દાડાઈ [શિક્ષા થવી
ડંડાવુ, ક્રિ૦ અ૦ દડ થવો, નુકસાન આવવુ,
ડંડિયો, પુ૦ સફેદ લીટીઓ અને રાતી સોયવાળુ સ્ત્રીઓનુ લુગડુ ૨ બે કડકે જોડીને કરેલો સાલ્લો.
ડંડિયુ, વિ૦ દડ-થાભલા ઉપરનુ
ડંડુકો, પુ૦ જાડીને નાની લાકડી, સોટો, લઠ્ઠ ૨ દાડિયો (નગારુ ઢોલ વગાડવાનો) ૩ બે ગાંઠા વચ્ચેનો કકડો [નાગો, ફૂગદડ, બેશરમો
ડંડો, પુ૦ નાની-ટુકી લાકડી ડાડિયો ૨ લાઠ,
ડંબુ, ન૦ ડહેરા, તોફાની ઢોરને તેના આગલા બે પગ વચ્ચે રહે તેમ ગળે બાધેલુ લાકડુ.
ડચ, અ૦ નકાર, પેરક, આશ્વાસક ઉદ્ગાર. ડચકારો [૨ ઉશ્કેરવુ, પ્રેરવુ,]
ડચકારવુ, ક્રિ૦ અ૦ હાકોટવુ, ડચકારી વગાડી હાકવુ. ૩ ઉશ્કેરવુ [તે, ડાખલી.
ડચકારી, સ્ત્રી૦ મોઢેથી ડચ એવો શબ્દ કરવો
ડચકારો, પુ૦ જીભને તાળવે અડાડવાથી 'ડચ' એવો થતો અવાજ ૨ સનો, ઉશ્કેરણી.
ડચકિયુ ન૦ ડચકુ
ડચકુ, ન૦ પાણીમા ડુબતા, ગુગળાતા મોમાથી નીકળતો શબ્દ ૨ રડવાથી ગળામાથી જે ગગળતો શબ્દ થાય છે તે. ૨ અવાચી, શ્વાસ લેતા મૂકતા હરડિયો ને ગળુ ખેચવા તે
ડચકો, પુ૦ થોડો પોચો પણ કઠણ એવો ૨ધાતા રહેલો પદાર્થ, લોદા ૨ ગાઠ દડણુ, ગડબ.
ડચુરો, પુ૦ ગળુ ભરાઈ જઇ શ્વાસ શુકની આવજામા મુશ્કેલી પડે તે, રૂધામણ.
ડચ્ચો, પુ૦ ડટ્ટો, ડૂચા, ડણુચો.
ડજન, વિ૦ [અ૦ ડઝન] બાર, બારનો જથો.
ડટ્ટો, પુ૦ શીશી કે સાકડામોના વાસણનુ મો જે વસ્તુથી બધ કરવામા આવે છે તે, ડાટો.
ડટણ, ન૦ જમીનમા પાણી જવાને કરેલો ખાડા ૨ વિ૦ જમીનની અદરનુ, દટાયેલુ.
ડટતર, ન૦ દુનિયા ડટાઈ જાય એવો ઇશ્વરી કોપ, દાટી દે તેવો આપત્તિનો અવસર, કહેર
ડડ્ડો, પુ૦ ડકાર, ડ અક્ષર
ડણુ, ન૦ જાડુ ડફણુ નાના ધોકા જેવુ ટુકુ બેડોળ લાકડુ ૨ ડણુ, ડહેરો ૩ જાડુ ઢોકળુ
ડપકાણુ—મણુ, ન૦ દબડાવવુ તે, બીક, ડર બતાવવો તે, ધાક, " તુ તો તારા ધણીનુ ડપકામણુ બતાવતી હોઇશ ' [બતાવવો.
ડપકાવવું, ક્રિ૦ સ૦ ધમકાવવુ, બીવડાવવુ, ભય
ડપકી, સ્ત્રી૦ ડુપકી, ડુબકી, બુડકી ૨. ખસી જવુ તે.
ડપકુ, ન૦ ડુપકી, બુડકી, ઝબકોળિયુ
ડપકો, પુ૦ કોઇ પ્રવાહીનો મોટો છાંટો, લચકો ૨. ધાબુ, ડાઘો ૩ ફાળ, ધ્રાસકો, ચરેરો. ૪. દહેશત, ડાકા, ભય. ૫. એકલા લોટનાજ કરેલા ભજિયા.

ડપટવું, ક્રિ૦ સ૦ લુચ્ચાઇથી હાથ કરી લેવુ, સંતાડી દેવુ, દબાવી બેસવુ, ગાડતળે ઘાલવું

ડપોટો, પુ૦ [ડુપટ્ટો] ખાડ વગેરે ભરવાનો બે પડનો કોથળો,

ડફ, પુ૦ [ફા૦ દફ] એક ઘુઘરીઓવાળુ વાજુ. એમા ગોળ કાઠાએ ચામડુ મડેલુ હોય છે

ડફ, અ૦ પટ ગફ,ત્વરાથી "માથુ રે' ધડ પર ચોટયુ પણ,પડે પાઘડુ ડફ હેઠળ !'–પાણીપત.

ડફડાવવુ, ક્રિ૦ સ૦ઠ ડારવુ (હોડીવાળા બોલે છે) ૨ દમ ભરાવવો, બીવરાવવું ૩ સંભોગ કરવો ૪ દફડાવવુ; કોઇના લખાણુની ચોરી કરવી

ડફણાવવુ, ક્રિ૦ સ૦ (આ૦ દફન્) દાટવુ, ભૂમિદાહ દેવો ૨ સગ કરાવવો. ૩ ડફણે મરાવવુ

ડફણું, ન૦ નાનો જાડો લાકડીનો કકડો. ગધેડા હાકવાની લાકડી ૨ વગર ઉપયોગનો લાકડાનો કડકો, હમેશ હાથમા રાખવાનું હથિયાર

ડફલાવવું, ક્રિ૦ સ૦ ડફડફ કરવુ, વિતાડવુ, હેરાન કરવુ ૨ ભોદાટવુ, સોબત કરવી.

ડફાસ, સ્ત્રી૦ જુઠી ગપ, જુઠી વાતનો તડાકો ૨ બડાઈ ફૂલ.

ડફોળ, વિ૦ જડભરત, જડસો, બેવકુફ ૨ ન ફરતો (ભમરડો)

ડફ્ફુલ, વિ૦ વાથી ફૂલી ગયેલુ

ડબકાણું–મણુ ન૦બીક બતાવવી તે, રોફ, ધાક

ડબકી, સ્ત્રી૦ ડુપકી, ડુબકી

ડબકીઆળ, વિ૦ [ડબકી+વાળુ] કુવા વગેરે-માથી ડુબકી મારી રેત વગેરે કાઢવામા કુશળ.

ડબકું ન૦ ડુપકી. ડબકાં ખાવાં–(પાણીમા) ડુબવુ વળી જરા ઉપર આવવુ

ડબકો, પુ૦ ડપકો, ડાઘો.

ડબગર, પુ૦ નગારાપર ચામડા મઢનાર, ૨ ગ રોગાનનુ કામ કરનાર.

ડબડબ અ૦ ડુબતા ઝટઝટ પાણી પીવાય તેમ. ૨. એકદમ મોટે કોળિયે ખાઇ જવાય તેમ, ડબાડબ. ૩. એકપછી એક ટપકે

ડબડી, સ્ત્રી૦ નાનું ડબડું; ડેપલી, કુલ્લી.૩ દાબડી.

ડબડું, ન૦ કુલેલા પેટનું ને સાંકડા મોંનું ચામડાનુ વાસણુ, કુલ્લું. ૨ દબડુ, ઢેપું.

ડબડો, વિ૦ ડબડાં જેવો ફુલેલો; પોદળા જેવો

ડબરુ, ન૦ પાતળા ચામડાનું કુલ્લું. ૨ વિ૦ ફીકુ, ડેફરાયલું, ભોથરવાળુ ૩ મદ; અચંચળ.

ડબરો, પુ૦ તાંબા પિત્તળનો ડબો.

ડબલુ, ન૦ કુલ્લુ ૨ વગર પકવેલું હાંલ્લુ,લોટું.

ડબાડબ, અ૦ એક પછી એક એમ ઝપોઝપ, ઝટ લઇને

ડબાવવુ, ક્રિ૦ સ૦ ચપાવવુ; દબાય તેમ કરવું ૨ ચગદવુ ૩ ધમકાવવુ, ભય દેખાડવો ૪ દાબીને ખાવુ ૫ પચાવી જવુ, હોઈયા કરવુ

ડબી સ્ત્રી૦ દાબડી, જુઓ

ડબુચો પુ૦ ડુચો, ફાટેલો મેલો કકડો–લોચો.

ડબુસો, પુ૦ વહાણનો પાછળનો ભાગ

ડબેલ, વિ૦ ઉપકાર–સત્તામાં દબાણમા હોય તેવુ, ઓશિયાળુ, તાબેદાર

ડબો, પુ૦ ડબ્બો, જુઓ ૨ હરાયાં ઢોર પુરવાનુ સ્થળ ૩ કોળિયો, ગ્રાસ ૪ નાનું ઘડિયાળ.

ડબોળવુ, ક્રિ૦ સ૦ બોળવુ, ઝબકોળવુ ૨ અપવિત્ર કરવુ

ડબ્બી, સ્ત્રી૦ નાનો ડબો નાની દાબડી.

ડબ્બો,પુ૦દાબડો, ડબો. ૨. તકિયા જેવુ કાગળનું ફાનસ ૩.ગોળ આકારનું ખડિયાઘાટુ તેલ ભરી દીવો બળે તેવુ ઠામ ૪ કોળિયો, ગુક.૫.ડબા ઘાટુ ઘડિયાળ ૬. આગગાડીનું ગાડુ. ડબ્બો મારવો –એકદમ મોટે કોળિયે ખાઈ જવુ ૨ નાસી જવુ

ડભાયણું, ન૦ જેનાથી ડામ પડે તે, ખોયણુ. ૨ મહેણુટોણાનુ કામણુ થઇ પડે તેવો ઉપકાર

ડમકો, પુ૦ ઉપર ડાંડિયો મારી વગાડવાનું બાડા ચામડાનુ વાજીત્ર, નાનો ઢોલ, સવારીમા મોખરે ઘોડા ઊટપર ઢોલ રાખવામાં આવે છે તે.

ડમખળ, ન૦ તોરસ્તાન, ભભકો અને સગવડ માટે સ્વારીમા રખાતો સરસામાન, પશુ વગેરે નો સમુદાય તે ૨ ધમાલ, ધાંધલ; ધોધાટ અને મોટાળો થઈ રહે તેવુ જે કઇ તે.

ડમડમ, અ૦ડમકો વગાડેથી થતો અવાજ,ડમડમ– ૨. ન૦ સૂર ઉત્પન્ન કરે તેવુ લાકડી ઠોલું.

ડમણિયું, ન૦ બે બળદની નાની ગાડી, ડમણી
ડમણી, સ્ત્રી૦ એક્કો, કઠેરાવાળી નાની ખુલ્લી ગાડી ૨ નાની લાકડી
ડમણુ, ન૦ જાડી નાની લાકડી ડફણુ ૨ ડેમચુ
ડમરવુ, ક્રિ૦અ૦વનસ્પતિનુ પ્રફુલિત થવુ,ફાલવુ
ડમરું, ન૦ ડુગડુગી, ડાખલુ
ડમરો, પુ૦ એક જાતનો સુગંધીવાળો છોડ
ડમાકદાર વિ૦ ભપકાદાર, ઠાઠમાઠવાળો
ડમાક,પુ૦ પોશાક,અધિકાર–મોટાપણાનો ભભકો, ઠાઠમાઠ, ખોટો ભપકો, આડબર, રોફ.
ડફાણ, સ્ત્રી૦ ડફાસ, બડાઈ મારવી તે, નિરૂપયોગી વિસ્તાર [ખોટી ડફાસ ન માર"
ડફાસ, સ્ત્રી૦ બડાઇની વાત " ચુપ, મુગી રહે,
ડભાવવુ, ક્રિ૦ સ૦ ડામ દેવરાવવો, ચપકા દેવરાવવા, લાછા લેવા.
ડબર, ન૦ (સ૦ આડબર.) ખોટુ ડોળ, આડબર, ફુલાવો, દભ, ૨ ઘટા ઘેરાવો
ડશ, પુ૦ દશ, કીનો.
ડર, પુ૦ બીક, ભય, ભો, ધાસ્તી,
ડરકણ વિ૦ બિકણુ, ડરપી ભીરુ
ડરપવુ, ક્રિ૦ અ૦ બીવુ, ડરવુ
ડરપી, વિ૦ ડરકણુ, બિકણુ, ભીરુ
ડરવુ, ક્રિ૦ અ૦ (સ૦દર્પ્) બીવુ, ભય પામવુ, ભો લાગલો, ડરપવુ
ડરામણુ વિ૦ભયકર, બિયામણુ [શેહ રાખવી
ડરાવવુ, ક્રિ૦ સ૦ બીવડાવવુ, ધાસ્તી આપવી,
ડરૂ, વિ૦ સ્તબ્ધ, અવયવ હાલતા બધ થઈ જાય તેવી હાલતનુ. ૨ ડરપી ભીરુ
ડલી–ળી, સ્ત્રી૦ ઘોડા ઉપર ઊનની જે ગોદડી નાખવામા આવે છે તે
ડલ્લો, પુ૦ દલ્લો, પુજી ૨ ઢગલો, ઢગ
ડસડસવુ, ક્રિ૦ અ૦ મનમા ને મનમા ફેંદાવુ, પિલાવુ ૨ ગદ્ગદ થઇ રહેવુ, અકડાઈ રહેવુ ૩. ડસકા રોકવા
ડસકડસક, અ૦ ડચકા ખાઇને. ૨ રહી રહીને, અટકી અટકીને. ૩ ડબકડબક, ઉપરા ઉપરી
ડસકલાં, ન૦ રડતા ડચકા ખાવા તે ૨. હેડકી કડી "બેડી, ડસકલા ધાલ્યા ચર્ણુ, પ્રાણ તજીને નાખ્યા ધર્ણુ "–શામળ
ડસકુ, ન૦ રડતા ગળામાથી આચકો આવી નાકમાથી જે શ્વાસ નીકળવો તે.
ડસવુ ક્રિ૦ સ૦ બચકુ ભરવુ, કરડવુ,દશ દેવો. ડશ્યે વિખ ના વળે એવુ'–ઘણુજ ખારીલુ, ઉડા દ્વેષવાળુ, ડસીલુ
ડહાપણ, ન૦ ડાહ્યાપણુ, વકુફ, વિવેક વિનય વાળી ચાલ ચલગત, શાણપણુ. ૨. અક્કલ, સમજ ચતુરાઈ ડહાપણ ડહોળવુ–પતરાજી કરવી, સમજ વિના માથુ મારવુ, ડહાપણ ચલાવવુ
ડહાયું, વિ૦ શાણુ, પ્રમગ વિચારી કામ કરનાર, દુનિયાદારી જાણનાર ૨ વિવેકી મર્યાદશીલ. ૩ આવડવાળુ, હોશિયાર, ભણેલુ ગણેલુ દોઢ ડહાયુ–પોતાનુ ડહાપણ બતાવવા આગળ પડનાર, વચમા માથુ મારનાર [ઉપરા ઉપરી
ડળકડળક, અ૦ ટપટપ ટીપેટીપે ગળે તેમ,
ડળકવુ ક્રિ સ૦ સળકવુ, લાલચ થવી. " દામે ડળકી દાઢ, મન માને તેમ મહાલે "૨ પ્રેમમા લીન થવુ
ડળવુ, ક્રિ૦ અ૦ સળી જવુ, ખોખા થઈ જવુ અદર ધસી પડવુ 'કુવો ડળ્યો'૩ લાલચમા ગદ્ગદ્ થવુ એકતાર થવુ. ૪ ડગવુ અધીન થઇ જવુ ' મોટા મુનિઓના મન ડળી જાય એવી પ્રાણપ્યારી રે' ૫. ફસકાઈ જવુ,અદરના બળથી ફાટી પડવુ 'કોઠી ડળી'
ડળી, સ્ત્રી૦ ડલી
ડાંક, પુ૦ લીલી મોટી માખી ૨ વીટીની નીચે નગને વધારે પ્રકાશ આપવા જે પતરૂ મૂકવામા આવે છે તે ૩ ધાતુના બે કકડા જોડી દેવાને જે ભુકી મૂકવામા આવે છે તે, રેણુ,રાળ.
ડાખલી–ળી, સ્ત્રી૦ ઝાડછોડની નાજુક ડાળી, કિસલય. ફણગો, શણગો ૨. જેને ફૂલ–ફળ લાગે છે તે ૩ ડાળીના કડકા, ગૅાતર.
ડાખલુ–ળુ, ન૦ ડાંખલી.
ડાગ, સ્ત્રી૦ લાબી જાડી, અથવા બે છેડે લોઢાની કડિયો ઘાલેલી લાકડી.

ડાંગર, સ્ત્રી૦(સ૦ કડંગર)ફોતરાંસુદ્ધા ચોખા, શાળી.
ડાંડ-ગો, પુ૦ છડો, વૈરી છોકરા વનાનો પુરૂષ, વાંઢો. ૨ નફ્ફટ, લુચ્ચો, બે દરકાર, જુઠો
ડાંડગાઈ, સ્ત્રી૦ લુચ્ચાઈ, ઠગવિદ્યા; નાગાઈ; દોંગાઈ
ડાંડલી, સ્ત્રી૦ ડાળી, ડાળખી, કુમળી કુંપળ ૩
૨. ડાંડી; નાનો હાથો. [રિસો ૩. હાથો ડંડો; પકડ
ડાંડલો, પુ૦ ડાંડો, ડાળખી ૨ અંકુર, ફણગો;
ડાંડી, પુ૦ લીલા સાંઠાના કકડા, પેરાઈઓ
ડાંડાઈ, સ્ત્રી૦ લુચ્ચાઈ, ઠગવિદ્યા; દોંગાઈ ૨. નાગાઈ ૩ ડાંડાઈ, ડાંડપણ.
ડાંડિયાટોળું, ન૦ લુચ્ચા લફંગા ઠગલબાજોની ટોળી, ડાંડ માણસોનું ટોળું [ગમે છે તે
ડાંડિયારાસ, પુ૦ રાસ, સ્ત્રીપુરૂષો મળી ડાંડિયા
ડાંડિયું વિ૦ ઠગારૂં, ધૂર્ત્ત, લફંગું
ડાંડિયું, ન૦ લુગડાનો ફાટેલો ભાગ કાઢી નાખી બે આખા કકડા સાંધી લઈ પહેરવા જેવું કરેલું જે લુગડું તે.
ડાંડિયો, પુ૦ લાકડીનો કકડો, ડંડૂકો. ૨. ડાંડી વગાડી લોકની ચોકી કરનારો, ચેન કરનારો. ૩ વાંઢો, છડો ૪ લુચ્ચો, ઠગ ફક્કડ.
ડાંડી, સ્ત્રી૦ તાજવાની બે બાજુએ પલ્લાં ટાંગવાની જે લાકડી તે ૨ વિંજણાની લાકડી. ૩ વહાણને નિશાની બતાવવા સારૂ ઉંચી ટેકરી ઉપર રોપી રાખેલું લાકડું, વાવટાકાઠી ૪ દીવાદાંડી. ૫ ડાંડિયાથી વગાડવાનું એક વાજીત્ર ૬ નાની લાકડી, ડંડુકી ૭. સીધી કિનારી
ડાંડો, પુ૦ લોઢા લાકડાનો લાંબો ને જાડો કકડો, પકડ, હાથો, ૨ જાડો ને ટુંકો ડંડૂકો, ડંડો ૩ લાટ, ધરી, લઠ્ઠો ૪ પગાઈ, મુસળ ૫ ફણગો, અંકુર; પ્રરોહ.
ડાંભવું ક્રિ૦ સ૦ ડામવું દઝાડવું ૨ વધવા કે ખરાબ થવા ન પામે માટે બાળવું (ફરદ)
ડાંભો, પુ૦ એક જાતની ભાજી અને તેનું શાક
ડાંસ, પુ૦ [સં૦ દંશ] મચ્છર, દ ખદેતા જીવડાં
ડાહ, સ્ત્રી૦ સલાહ, સંધિ; સુલેહ
ડાહ્યો ઘોડો, પુ૦ બાળકની એક રમત
ડાક, પુ૦ ટપાલ.૨. ડુગડુગિયું; ડાકલું. ૩ ટપ્પાઓની બેઠક.

ડાકચોકી, સ્ત્રી૦ રસ્તામાં રાખેલી સરકારી ચોકી
ડાકટર, પુ૦ (અં૦) વૈદ, ચિકિત્સક; હકીમ ૨ પંડિત, વિદ્વાન, શાસ્ત્રી, ભટ્ટ.
ડાકડમાક, પુ૦ મોટો ઠાઠ, ભપકો.
ડાકડમાળ, પુ૦ ઘરનો પરચુરણ સામાન
ડાકણ, સ્ત્રી૦(સં ડાકિની) ભૂતની એક જાત, વિચિત્ર, ભયંકર ને હઠીલું સ્ત્રી ભૂત ૨. મેલી વિદ્યા જાણનારી કુવડ સ્ત્રી ૨ ગાજરનું ડીંટું ને તેનો કઠણ રેસો
ડાકણી, સ્ત્રી૦ ડાકણ ૨ વિ૦ ડાકણ જેવી, ખાઉધરી
ડાકલી, સ્ત્રી૦ ડાખલી, છાજું.
ડાકલું, ન૦ એક જાતનું વાજીંત્ર, ડુગડુગીયું.
ડાકિયું, વિ૦ દૃષ્ટિ વિકાર ઉત્પન્ન કરનારૂં, વળગે એવું ૨ ખાઉધરું
ડાકુ, પુ૦ લુટારો ૨ ન૦ લુટ, ધાડ પાડવી તે
ડાકો, પુ૦ લુટારો ૨ લુંટ [વાજું, ડુગડુગીયું
ડાખલું, ન૦ ડાકલું, ભુવા વાઘરીને વગાડવાનું
ડાગ સ્ત્રી૦ ડાક, ટપાલ. ૨ ડાઘ, ધાબું
ડાગડુક, સ્ત્રી૦ ડાકડમાક ૨. વસ્તુને ઠેકાણે મૂકવું તે
ડાગવું, ક્રિ૦ અ૦ નોંધવું, લખવું (કોર્ટ માં વપરાય છે)
ડાગળી, સ્ત્રી૦ મગજ; ભેજું, અક્કલ, સમજશક્તિ ૨ પટી, થીગડી, બાબડી ડાગળી ચસકવી–ગાંડુ બનવું, મગજ ભમી જવું [ગાડાનો વાંસો
ડાગળો, પુ૦ વિદૂષક; જુઠણું ૨ ગલો ૨ દાંટો. ૨
ડાઘ, પુ૦ (સ૦ દાગ) રંગ—મેલનો છાંટો. ડાઘો; ડપકો ૨ કલંક, બટ્ટો, લાંછન, આળ. ૩ કીનો, વેર, ખાર
ડાઘાડુઘી, સ્ત્રી૦ છેકછાક, મલિનતા ચહેરાયેલું. "ડાઘાડુઘી ન દેખીએ, ખરેખરી શુદ્ધ ખાપ."
ડાઘિયું-ઘી, વિ૦ ખારીલું, વેરીલું.
ડાઘિયો, પુ૦ મોટો જબરો ફાડી ખાય તેવો દેખાતો મસ્તાન કુતરો.
ડાઘુ, પુ૦ મડદાંને ઉંચકનારો, ખાંધિયો
ડાઘો, પુ૦ ડાઘ ૨ ડાઘિયો
ડાચું, ન૦ મુખ, મોં ૨ ગાલમાં ખાડા પડેલા એવું કદરૂપું બહાર નીકળેલું દેખાતું મોં; મોઢું.
ડાચાબળિયું, વિ૦ બોલતાં આવડે નહિ તેવું, ભૂંડું

બોલકણુ ડાચાકુટ—માથાઝીક

ડાટ, પુ૦ ઉંધુ વળી જવુ તે, સત્યાનાશ વળવુ તે, મોટુ નુકશાન થવુ તે.૨ દટ તર ડાટ વાળવા —ખરાબ કરવુ, ધૂળ ધાણી કરી નાખવુ. 'ડોશીએ ડાટ વાળ્યો રે.'

ડાટણુ, ન૦ બારસાખની ઉપરનુ લાકડુ ૨ ડાટવુ તે

ડાટવુ, ક્રિ૦ સ૦ જમીનમા ખોદી તેમા કંઈ મેલવુ,છુપાવવુ,જમીનમા સંતાડવુ ૨ ન ચર્ચવુ ૩. ભૂમિદાહ કરવુ, દાબી રાખવુ "હવે તે વાત અહીંજ ડાટી મૂકો "

ડાટી, સ્ત્રી૦ ભરાવો, ભીડ, ઠઠ્ઠી, ગીરદી

ડાટો, પુ૦ બરણી શીશી વગેરેનુ મો બંધ કરવા સારૂ તેમા જે ઘાલેલુ હોય તે, ડુચો, ડટ્ટો ડાટો દેવો—બંધ કરવુ ડાટા કરવા—ઉપવાસને આગલે દિવસે સારી પેઠે ખાઈ લેવુ

ડાઢ, સ્ત્રી૦ દાઢ,ખોરાક ચાવવાના દાત ૨ પકડ

ડાઢારખી, સ્ત્રી૦ અવાળુ ૨ ડાઢી આગળ થતુ એક ગુમડુ.

ડાઢિયાળો, પુ૦ પુખ્ત ઉમરનો મરદ, દાઢીવાળો

ડાઢિયુ, પુ૦ રોજદાર, દનૈયુ મજુર

ડાઢી, સ્ત્રી૦ દાઢી ૨ હડપચી

ડાઢુ, ન૦ પુખ્ત વયના પુરૂષને ગાલ ગળા ઉપર ઉગતો વાળનો જથો.

ડાફરિયા, ન૦ ફાફા, કોઈ વસ્તુને માટે શોખ્યા કરવુ તે, રામાટામા કરવા

ડાફુ, ન૦ ડાચુ ફાડી એકદમ કરડવા જવુ તે, પહોળુ કરેલુ મો ૨ લોતિયુ, બચકુ

ડાફોડિયાં, ન૦ ડાફરિયા, ફાફા

ડાબ, પુ૦ દાબવુ તે, દાબ, દબાણુ. ૨ અંકુશ,ધાક

ડાબડિયુ, વિ૦ દાબડી ઘાટનુ

ડાબડી, સ્ત્રી૦ ડબી, ઢાકણાવાળુ નાનુ પાત્ર

ડાબડો, પુ૦ ડબ્બો ૨ ગોળ પડઘી ઘાટનો નખ

ડાબણ, સ્ત્રી૦ દાબવુ તે ૨ દાબવાનુ યંત્ર ૩ દબાણુ,બોજો. [૨ બારસાખ ઉપરનું પાટિયુ

ડાબણિયુ, ન૦ દાબનાર, જેવી દબાય તે યંત્ર

ડાબરિયુ ન૦ પહોળા મોંનુ વાસણ. ૨ ડાબણિયુ

ડાબવું, ક્રિ૦ સ૦ સચાથી દાબવુ, ચાપવુ, ચગદવુ, પીલવુ ૨. લાચ આપવી ૩ ઇસારત કરવી. ૪ નરમ પાડવુ ૫ ઘાલવુ, મૂકવુ. ૬. ઠેલવુ, જોરથી આગળ કરવુ ૭. છુપાવવુ, સતાડવુ. ૮ અટકાવવુ, થતુ બંધ પાડવુ.

ડાબલિયાળુ, વિ૦ દબાણુ માટે સ્પ્રિંગ હોય તેવુ, કમાનવાળુ "ડાબલિયાળી સુડી. ' ૨ ડાબોડિયુ.

ડાબિયલ, વિ૦ ડાબી બાજુથી કામ કરે તેવુ

ડાબાજમણી, અ૦ ડાબી તરફ ને જમણી તરફ, વારાફરતી બને બાજુએ ૨. ડાબાને જમણી તરફ ને જમણાને ડાબી તરફ " મળદને ડાબા જમણી કરો ' ડાબા જમણી કરવુ—વહાલુ અળખામણુ કરવુ ૨ આખ આડા કાન કરવા

ડાબુ વિ૦ પૂર્વ દિશા તરફ ઉભા રહેતા ઉત્તર દિશા તરફનો જે ભાગ તે ડાબાનું ઉલટુ જમણુ. ૨ અળખામણુ, અણમાનીતુ,અળગુ 'મને તેણે ડાબો કરી મૂક્યો છે " ડાબી આખ ફરકવી— ડાબી આખ ફરકે ત્યારે પુરૂષો અપશુકન અને સ્ત્રીઓ શુભ શુકન માને છે

ડાબોડી, વિ૦ ડાબે હાથે કામ કરનાર, ડાબોડિયુ, ડાબી બાજુ રહી હિંડનાર

ડાભ-ડો, પુ૦ (સ૦ દર્ભ) ઢોરથી ન ખવાય એવુ બે ધારવાળુ એક જાતનુ ઘાસ, કુશ

ડાભોડિયુ, વિ૦ ડાબોડી

ડામ, પુ૦ (સ૦ દાહ) ચામડી ઉપર તપાવેલી વસ્તુ લાગવાથી જે નિશાની–ડાઘ પડે છે તે, ચપકો ૨ કલંક, બટ્ટો, લાછન, ડાઘ ૩ ચાઠુ, ચકામુ ૪ કંઈ નહિ,ટીકો, ચપકો.(ધિક્કારમા) ટાડો ડામ—ઘણીજ ઠંડી વસ્તુ અડકયાથી થતી અસર તે ૨ ઠાવકે મોએ મહેણા મારી જીવ બાળવા તે [ક્વાની ઘોડી ૨ ડાસ,મચ્છર

ડામચિયો, પુ૦ લાબી ને ઉંચી ગોદડા વગેરે મૂ-

ડામણુ, ન૦ ઘોડા ગધેડા નાસી ન જાય તેને માટે લાકડાનો ઘડેલો બે છેડે કાણાવાળો જે કકડો તે જે બે પગની વચ્ચે બાધે છે ૨ રેટિયાના આરાએ બાધવાની દોરી તે. ૩. સુકાનને ડાબી તરફ ફેરવી વહાણને જમણું વાળવુ તે. "ગોસને ડામણુ " ૪ અંગરખાના છેડાનું ઓટણુ.

ડામર, પુ૦ રાળની જાતની વસ્તુ. એને ચોપડ-વાથી સાંધા પુરાઇ રહે ને પાણીથી લાકડુ સડે નહિ ૨. સાટો અને ધરી એ બેનુ અંતર રા-ખનારૂં જાડું પાટિયુ.

ડામવું, ક્રિ૦ સ૦ ઘોડા ગધેડાને પગે ડામણુ બાંધવુ.૨.ડામ દેવા, ચપકા દેવા, દઝાડવુ

ડામાડોળ, વિ૦ આમ તેમ ડોલ્યા કરતુ હોય તેવુ, અસ્થિર, ચંચળ, ડોલાયમાન, ડોલતું

ડામીસ, વિ૦ (અ') જેને કોઇ કામથી બદ નામી મળી હોય તેવુ ૨ નઠારુ ૩ નીચ, નાપાક

ડામેલ, વિ૦ ડામ દીધેલુ. [ગવણુ

ડાયરો, પુ૦ નાત, જમણુ ૨ ડાહ્યાઓનો સમુદાય,

ડારો, પુ૦ ધમકી, દહેશત, બીક, ધાક

ડાલુ, ન૦ ખાણુનો ટોપલો.૨ વાસ કે ઘાસનો

ડાહપણ, ન૦ શાણપણ, ચતુરાઇ [ઉભો કગ ડિયો

ડાહ્યુ, વિ૦ વિચાર કરી બોલનાર, પ્રસંગ વિચારી કામ કરનાર, વિવેકી, સમજુ, શાણુ. ૨ ભણેલુ ગણેલું, હોશયાર, "ડાહ્યો દીકરો દેશાવર વેઠે." ૩ ચિબાવલુ, દોઢ ચતુર

ડાળ, સ્રી૦ ઝાડનો અવયવ, આડો ઉભો ગયેલો જે ફાંટો તે, શાખા. ડાળે વળગાડવુ—ધંધે રોજગારે વળગાડવુ [ફાંટાઓ.

ડાળખુ, ન૦ ડાળ અને તેના નાના પાદડા વાળા

ડાળાંપાંખડા, ન૦ નાનુ ડાળુ, ડાળ

ડાળી, સ્રી૦ પાતળી ડાળ; શાખા, કિસલય.

ડાળાં, ન૦ ડાળનો એકાદો ભાગ, શાખા.

ડિંગ, સ્રી૦ ગપ, છાંક, જુઠી વાત. ૨ બડાઇની વાત ડિંગ મારવી—જુઠી ગપ ચલાવવી ડિંગ મારુ—ગપ ઉડાવનાર

ડિંગરી, સ્રી૦ એક જાતનુ શાક

ડિંગલુ, ન૦ માથુ, મથાળુ, ટોચ. 'લડાઇમા હજારોના ડિંગલા ઉડી ગયા!' ૨ થોરીઆનો કડકો, નવો દૂધ ભરેલો અંકુર.

ડિંગળ, ન૦ જૂઠો તડાકો, બનાવટી વાત ૨. ગાણુ જોડકણુ.

ડિંટુ, ન૦ મૂળ, બીજ. ૨. જડ, ડિંટુ ડિંટે જાણુ— જડમૂળથી ખાસ ખબર; નખોદ વાળવુ

ડિંટડી ટી સ્રી૦ સ્તનનું ટોચકુ, ચુચુક, થાન—થા-ઇનો અગ્ર ભાગ. [કરવુ.

ડિંટવુ, ક્રિ૦ સ૦ ડિંટામાંથી તોડવુ, તોડી જુદુ

ડિંટુ, ન૦ મૂળ, જેમાથી નવો ફણગો નીકળે છે તે ભાગ ૨ શાખાનો—ફલનો અગ્ર ભાગ, ડિચકુ.

ડિંડવાણુ, ન૦ અવ્યવસ્થા, ગડબડિયુ, ગોટાળિયુ ગેર વહીવટ, ગોલમાલ, ગોટાળો. ૩ ખાલી લપ-કાવાળુ જે કઇ કામકાજ તે, દમેદમ—જુદે જુદુ ચાલતુ હોય તે

ડિંડવું, ન૦ માવાવાળુ ફળ, ડોડવુ જિંડવુ. ૨. વનસ્પતિની કમળી શાખા 'થોરના ડિંડવા'.

ડીચકું, ન૦ ફળ—પાદડાને ડાખળી સાથે જોડી રાખનારો જે ભાગ તે; ડિંટુ ૨ ઉપસી આવેલી ગાંઠ જેવો લોચો ૩ ટોચકુ ટેરવું

ડીચો, પુ૦ એક જાતનુ પક્ષી, કિલકિલા

ડીફવું, ક્રિ૦ સ૦ મહા મહેનતે પુરૂ કરવુ; મુશ્કે-લીથી પુરૂં કરવુ ડીફી નાખવુ—જેમ તેમ કરી પાર મૂકવુ કરી નાખવુ

ડીકું ન૦ નાની જાડી લાકડી; પરોણી; કફણી. ૨ લાકડાનો ટુંકો કડકો ૩ ડિચકુ, ડિંડવુ

ડીબુ, ન૦ બહાર નીકળેલો અવયવ—ભાગ તે (શરીર વસ્તુનો); ઢેકા ૨ બીણુ

ડીબો, પુ૦ શોકના આચકાથી રડાય—બોલાય નહિ તેમ છાતી ભરાઇ આવવી તે, ડચુરો, ડુમો ૨, મોટો લખોટો

ડીમચુ, ન૦ ઢીમચુ, લાકડાનો બેડોળ કડકો.

ડીલ, ન૦ (ફા૦) મન, કાળજુ, ૨ દીલ, શરીર

ડુંખ સ્રી૦ વનસ્પતિનો છેક ટોચનો ભાગ

ડુંખરાવવુ, ક્રિ૦ સ૦ ભય દેખડાવવો, બીવરાવવુ

ડુંગર, પુ૦ ડુંગરો, જુઓ.

ડુંગરાળ, વિ૦ પહાડી ૨ ડુંગરનું

દોડાધામ સ્ત્રી૦ દોડાદોડ, ધમાચકડી, આમતેમ ઉતાવળા જવુ તે, ઉતાવળ, ધાઇ
દોડમદોડા, સ્ત્રી૦ ગાભરાગાભરા આમતેમ દોડવુ ને ઉતાવળ કરવી તે, દોડાદોડી
દોડવુ, ક્રિ૦ અ૦ લાબા પગલા ભરી વણુજ ઉતાવળુ ચાલવુ, જોરભેર આગળ ધસવુ—નધવુ ૨ નાસવુ ધાવુ [દોડમદોડા
દોડાદોડ—ડી, સ્ત્રી૦ આમતેમ દોડવુ તે ૨
દોડાવુ, ક્રિ૦અ૦ દોડા આવવા, કણસલા ફુટવા
દોડિયું,ન૦ત્રણ પઈ પા આનો [૨ દોડી શકવુ
દોડી, સ્ત્રી૦ એક જાતની વેલ ને તેના ફળ ૨ ઝુમખે થતા ફળ, આકાદોડી ૩ પોટલિયો
દોડુ, ન૦ ડોડીનુ ફળ
દોઢુ (ઢુ), વિ૦ એક ને અડધુ તે
દોડો, પુ૦ કેળફૂલ, ડોડો, જેની પાતરી ઉઘડવાથી કેળા દેખાય છે તે

દોઢ, વિ૦ દોડ ૨ વધારે, હદ ઉપરાત દોઢડહાપુ—ચિબાવલુ દોઢપાયો—દાધારગુ, વૈકલ, ઓલિયુ દોઢ મણથી ચોપડની—ભુંડી ગાળ દેવી
દોઢવવુ, ક્રિ૦ સ૦ દોઢ ગણુ કરવુ વધારીને વાત કરવી [૨ સીવવુ, દોરવવુ
દોઢવુ, ક્રિ૦ સ૦ જોઇએ તેથી વધારે સીવવુ
દોઢસો, વિ૦ સો ને પચાસ ૧૫૦
દોઢી, સ્ત્રી૦ દેહુલી, દેવડી, માડવી
દોણી, સ્ત્રી૦ દોહણી, છાશ ભરી રાખવાનુ માટીનુ વાસણ, પાટિયો, પાહુડી
દોત, સ્ત્રી૦ (આ૦ દૌત) ખડિયો, દુવાત
દોતીઓ, પુ૦ અરજીઓ રાખનારો
દોથો, પુ૦ ખોબો, મુઠો
દોદશા,અ૦ બધી બાજુએ, આમતેમ, ચારે દિશાએ
દોદરૂ—ણુ, વિ૦ જીર્ણ ખળખળી ગયેલુ ૨ કકડા થયલા હોય તેવુ ઝીણુ ખડાયલુ નહિ તેવુ
દોધક, પુ૦ (સ૦) ૧૧ અક્ષરનો એક છદ, તેમા ત્રણ ભગણ ને છેલ્લા બે ગુરૂ આવે છે 'તે ધનના ધણિ ધર્મ તમારો '
દોપિસ્તા, ન૦ (ફા૦) કાગળને એક સાથે એક એમ ચોટાડીને બનાવેલુ જાડુ પુઠુ તે
દોમડુ, ન૦ એક જાતનુ વાજિત્ર
દોય, વિ૦ (ફા૦) બે
દોયમ, વિ૦ બીજી પ્રતની (જમીન)
દોરંગુ, વિ૦ જુદાજુદા રગનુ, બહુ રગુ
દોયલુ, વિ૦ મુશકેલ, અઘરૂ, દુખે કરીને મેળનાય તેવુ
દોર,પુ૦જાડુ દોરડુ, રસો ૨ કરપ, અમલ, રોફ
દોરડી, સ્ત્રી૦ દોરી, પાતળુ દોરડુ, રજ્જુ
દોરડુ, ન૦ નાળિએરી, ભીડી, સણ વગેરના બારીક તાતણાઓને વણીને બનાવેલો જાડો લાબો આકાર તે ૨ વરેડુ, રાઢવુ, રાશ
દોરડો, પુ૦ હાથે, કોટે બાધવાનો ઉન—નાડાની વણેલી દોરીનો કકડો ૨ લગ્નમા મીંઢળ પરોવી જે નાડુ બાધવામા આવે છે તે ૩ પાતળો દોરડો, તાર
દોરવુ, ક્રિ૦ સ૦ અશક્તને રસ્તો દેખાડવા માટે

તેનો હાથ ઝાલી પોતે આગળ ચાલવુ, ધીમે ધીમે આવ્યા કરે તેવુ કરવુ ૨ સિવવુ ૩ આકવુ 'લીટી દોરવી' ૪ ચિહ્ન કરવુ, ડામ દેવો, રેખાટવુ
દોરવવુ, ક્રિ૦ સ૦ રસ્તો બતાવવો, હાથ પકડીને લઇ જવુ ૨ સિવવુ ૩ સ્વમતે ચલાવવુ
દોરાટવુ, ક્રિ૦ અ૦ સિવવુ, દોરા ભરવા
દોરિયો, પુ૦ પાણી ભરવાનુ વાસણુ ૨ એક જાતનુ સુતરાઉ કપડુ ૩ સોગૈયાથી જાડુ પણ તેનાથી ટુકુ જે લાકડુ તે ૪ ગળે પહેરવાનો ગળચવો
દોરી, સ્ત્રી૦ સુતર–રેશમને વણીને બનાવેલો લાબો આકાર તે, રસી, પાણી કાઢવાની સુતરની વણેલી ઝીણી દોરડી ૨ સત્તા, ચલણુ, સુકાન ૩ આધારભૂત વસ્તુ, આયુષ
દોરીછટ, અ૦ સીધી લીટીમા
દોરો, પુ૦ સુતર–રેશમનો તાર, તતુ ૨ તતુઓને વણી કરેલો વાટ, રસી ૩ ગુથેલી સેરોનુ સોનાનુ ઘરેણુ ૪ મત્રેલો તાર ૫ કદોરો, કટિસૂત્ર.
દોલ, સ્ત્રી૦ તગી, કમીના ૨ ઝુલો, હિચકો
દોલત, સ્ત્રી૦ (ફા૦) પૈસો, પુજી, ગર્થ ૨ માલમિલકત, એકદર સપત્તિ તે **દોલતજ્યાદા**–દોલત વધો [ધનવાન
દોલતમદ–વાન, વિ૦ દોલતવાળો પૈસાદાર,
દોલસોલ, સ્ત્રી૦ ગરીબાઇ, નિર્ધનપણુ
દોલાબ, પુ૦ ભિતમાનુ ભડારિયુ, તાકુ
દોલો, વિ૦ ઉદાર, સખી ૨ ભોળો
દોલા, સ્ત્રી૦ (સ૦) હિચકો, ઝુલો
દોલાયત્ર, ન૦ (સ૦) હિચકા જેવી બનાવટ ૨ ઔષધિ બનાવવાની એક ક્રિયા
દોલાયમન, વિ૦ (સ૦) હાલતુ, ઝુલતુ ૨ ચચળ મનનુ, ભ્રમિત [૨ ફેરીઓ
દોશીવાણીયો, પુ૦ કાપડનો વેપારી, કાપડીઓ
દોષ, પુ૦ (સ૦ દુશ) ભૂલ, ચૂક દૂષણુ ૨ ખોડખાપણુ, કસુર, ખામી ૩ લાછન, કાળાટીલી ૪ વાક, તકસીર ૫ પાપ "પછે બોલ્યા મુનિવર ત્યારે, વક્તા દોષ અષ્ટાદશ નિવારે"–પ્રેમા૦ (બોલવામા અઢાર પ્રકારના દોષ થાય છે એમ પાતજલ મહાભાષ્યમા કહ્યુ છે)
દોષપાત્ર, વિ૦ દુષણીય ખોડવાળુ
દોષવાન, વિ૦ દોષિત, દોષવાળુ ૨ ગુનેગાર, અપરાધી ૩ પાપી, ૩ ખામીવાળુ, અપૂર્ણ
દોષા, સ્ત્રી૦ (સ૦) રાત્રિ, રજની
દોષિત, વિ૦ દોષવાન, જુઓ [તિ, ગુનેગાર
દોષી, વિ૦ (સ૦) દોષવાળુ, જેનામા દોષ હોય
દોસ્ત, પુ૦ (ફા૦) ભાઇબધ, સ્નેહી, ૨ સાથી,
દોસ્તદાર પુ૦ દોસ્ત, જુઓ [સોબતી, ૩ યાર
દોસ્તદારી, સ્ત્રી૦ ભાઇબધી, દોસ્તી, સ્નેહ. ૨
દોસ્તી, સ્ત્રી૦ દોસ્તદારી [ઘરોબો, ઘરવટ.
દોહણી, સ્ત્રી૦ (સ૦ દ્રોણી) છાશ ભરી આણવાનુ માટીનુ વાસણુ ૨ મડદાને બાળવાની આગ જેમા લઇ જાય છે તે વાસણુ ૩ પાટુડુ, ગોરસિયુ
દોહણુ, ન૦ દૂધ દહિ જમાવવાનુ વાસણુ, ગોરસિયુ
દોહદ, પુ૦ (સ૦) ગર્ભિણી સ્ત્રીએ ને થતા અભાવા તે, લાલસા
દોહન, ન૦ (સ૦) દોહવુ તે ૨ સત્વ, સાર, ચુટી કાઢેલા ફકરા. 'કાવ્ય દોહન'
દોહરો, પુ૦ એક જાતનુ માત્રાવૃત, દુહો
દોહલ, ન૦ દુખ, હરકત, માથાકુટ
દોહવુ, ક્રિ૦ સ૦ ગાય ભેસવગેરેના આચળમાથી દૂધ કાઢવુ ૨ થોડે થોડે સાર રૂપ સત્વ ખેચાવુ
દોહિત્ર, પુ૦ (સ૦) દિકરીનો દીકરો, દૌહિત્ર
દોહેલુ, વિ૦ અઘરૂ મુસ્કેલ દુખે પાર પડે તેવુ
દૌત, સ્ત્રી૦ (આ૦) ખડિયો
દૌત્ય, ન૦ (સ૦) દૂતનુ કામ તે, દૂતપણુ
દૌર્બલ્ય, ન૦ (સ૦) દુર્બળતા, કમજોરી
દૌર્ભાગ્ય, ન૦ કમનસીબ, દુર્દૈવ
દૌહિત્ર, પુ૦ દોહિત્ર **દૌહિત્રી**–દીકરીની દીકરી
દ્યુતિ, સ્ત્રી૦ (સ૦) તેજ, પ્રભા, કાન્તિ
દ્યૂત, ન૦ (સ૦) જુગાર, જુવુ, જુગટુ.
દ્યોત, સ્ત્રી૦ જોતિ, તેજ, ઝાળ, જોત
દ્યૌ, સ્ત્રી૦ (સ૦) ગગન, આકાશ ૨ સ્વર્ગ.
દ્રઢિમા, પુ૦ (સ૦) મજબુતાઇ, મક્કમપણુ.
દ્રઢીભૂત, વિ૦ મજબુત, સ્થીર

દ્રવ, પુ૦ (સં૦) રસ, ઝરણું, નિગાળ
દ્રવવું, ક્રિ૦ સ૦ પીગળવું, ગળવું, ઓગળવું ૨ ગદ્‌ગદ્‌ થવું, ઢીલું થવું, લાગણીઓથી હૈડું ભેદાવું ૩ ઝરવું, સ્રવવું, ગળી પડવું
દ્રવિત, વિ૦ ઓગળેલું,ગળેલું ૨ નરમ,પોચું ,ઢીલું
દ્રવ્ય, ન૦ (સ૦) પૈસો, ધન, નાણું, ૨ નવ-તત્વ–પદાર્થમાંનો પ્રત્યેક (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, કાળ, દેશ (સ્થળ), આત્મા, અને અને બુદ્ધિ) ૩ સત્વ, અર્ક ૪ પદાર્થ, ચીજ
દ્રવ્યવાન, વિ૦ (સ૦) પૈસાદાર, ધનવાન
દ્રાક્ષ, સ્ત્રી૦(સ૦)એક જાતનો વેલો અને તેનું ફળ
દ્રાવક, વિ૦ ઓગાળી નાખે તેવું ૨ ઢીલું કરે તેવું, ગદ્‌ગદ્‌ કરે તેવું ' હૃદય દ્રાવક '
દ્રાવણ, ન૦ રસમય તત્વ તે, પ્રવાહી કરેલું તે, બેજાતની રજકણોનું મિશ્રણ
દ્રાવિડ, વિ૦ દ્રવિડ દેશનું
દ્રુ, ક્રિ૦ અ૦ ગળવું, ટપકવું, ઝરવું [ગણમેળ છંદ
દ્રુતવિલંબિત, ન૦ (સ૦) બાર અક્ષરનો એક
દ્રુમ, પુ૦ (સ૦) વૃક્ષ, ઝાડ, તરૂ " પૂછ્યું-ઉંચા દ્રુમને તારી ગગને ડાઈ ડાળ "
દ્રોણ,પુ૦(સ૦) દડિયો, પડિયો. ૨ કૌરવ પાંડવનો શિક્ષક–ગુરૂ ૩ મુડો, એક માપ
દ્રોહ, પુ૦ (સ૦) પેટમાં પેસીને દગો દેવો તે ૨ પાણી ભરાયલો ઉંડો ખાડો,ધરો, ૩ અરિષ્યા, ઈર્ષા, 'કોઇ પ્રાણી ઉપર મિથ્યા દ્રોહ ન કરવો'
દ્રોહી, વિ૦ (સ૦) કપટી લુચ્ચું , દ્રોહ દેનાર
દ્વંદ્વ, ન૦ (સ૦) બેનું જોડું, જોડકું, જુગલ ૨ એ નામનો સમાસ (વ્યાકરણમાં) ૩ બીરૂબી-રૂની એકલાની લડાઇ તે
દ્વંદ્વયુદ્ધ, ન૦ (સં૦) સરખેસરખા બેનુંજ યુદ્ધતે.
દ્વાદશ, વિ૦ (સ૦) બારની સંખ્યા, ૧૨
દ્વાદશા, સ્ત્રી૦ બારમું, મરનારની બારમે દિવસે કરાતી ક્રિયા તે [દિવસ, બારશ
દ્વાદશી, સ્ત્રી૦ (સ૦) પખવાડિયાનો બારમો
દ્વાપર, પુ૦ (સં૦) ચાર પૈકી ત્રિજો યુગ
દ્વાર, ન૦ (સં૦) બારણું, બાર, દરવાજો ૨. આગળું. ૩ માર્ગ, રસ્તો
દ્વારકાં, ન૦ એ નામનું પવિત્ર સ્થળ. **દ્વારકાંની** છાપ–સર્વ માન્ય કીર્તિ, સારી પ્રસિદ્ધિ
દ્વારપાળ, પુ૦ (સ૦) પોળિયો, દરવાન, પ્રતીહાર
દ્વારા, અ૦ મારફતથી
દ્વિ, વિ૦ (સ૦) બે [ર્થ, અસ્પષ્ટ
દ્વિઅર્થી, વિ૦ જેના બે અર્થ થાય તેવું, સદિ-
દ્વિજ, પુ૦ (સ૦) બેવાર જન્મેલું. ૨. બ્રાહ્મણ, વિપ્ર ૩ અંડજ
દ્વિતિય, વિ૦ (સ૦) બીજું, બીજા નંબરનું
દ્વિતિયા, સ્ત્રી૦ બીજ, બીજી તિથિ ૨ બીજી,
દ્વિદળ, વિ૦ બે ફાડવાળું [વિભક્તિ
દ્વિધા, અ૦ બે પ્રકારે, બે રીતે
દ્વીપ, પુ૦ (સ૦) બેટ, ટાપુ, જેની ચારે પાસ પાણી હોય તે ૩ જમીનના સાતદ્વીપ પુરાણમાં વર્ણવેલા છે તે પૈકીનો જંબુદ્વીપ, જેમાં આપણે વસીએ છીએ તે ૪ હાથી, ગજ
દ્વીપકલ્પ, પુ૦ (સ૦) જેની ત્રણ બાજુએ પાણી હોય તે જમીનનો ભાગ
દ્વીપી, પુ૦ બરફનો વાઘ–ચિત્તો
દ્વેષ, પુ૦ (સ૦) વેર, ખાર, કીનો, ઇર્ષ્યા
દ્વેષભાવ, પુ૦ વેરભાવ, અદાવત
દ્વેષી, વિ૦ (સ૦) ખારીલું, કીનાખોર, વેરી
દ્વૈત, ન૦ (સ૦) ભિન્નતા, બેપણું ૨ ભેદભાવ જુદાપણું. ૩ કજિયો અણબનાવ
દ્વૈતમત, ન૦ (સ૦) ઇશ્વર અને સૃષ્ટિ એ બે જુદા છે એવું જે મત તે ૨ એકથી વધારે દેવને માનવાનું મત.
દ્વૈધીભાવ, પુ૦ (સ૦) દ્વૈત ૨ શંકા, સંશય

ધ.

ધ, પુ૦ (સ૦) વ્યંજન પૈકી ૧૯ મો અક્ષર ૨ કુબેર [દાબીને કામ લેવું તે, ત્વરા
ધક, સ્ત્રી૦ તરસ, સોસ ૨ ધ્યાન, મન ૩
ધકધકતું, વિ૦ ધગધગતું, જુઓ
ધકાવવું, ક્રિ૦ સ૦ ઝડપથી કામ ચલાવવું, ત્વરાએ કામ લેવું, ધકેલવું ૪. ખુબ ગરમ કરવું
ધકેલવું, ક્રિ૦ સ૦ ધક્કો મારી ખસેડવું, હડસે-

લવુ, આગળ જાય તેમ કરવુ, મોકલવુ
ધકોરો, પુ૦ બુઠ્ઠુ તીર, તીરને બદલે ઈંગોરો કે ગોળ કઠણુ ગોળો હોય તેવુ તીર
ધક્કધક્કા, સ્ત્રી૦ ધક્કાધક્કી, હડસેલા હડસેલી
ધક્કામુક્કી સ્ત્રી૦ ઘણી ગરદી હોવાથી મારામારી થાય તે, ધાધલ, હાથોહાથની મારામારી
ધક્કાધક્કી, સ્ત્રી૦ સામા સામી ધક્કા મારવા તે
ધક્કો પુ૦ પીઠ કે ખભાથી ખસેડવુ તે, હડસેલો, ઠેબલો ૨ આફત, નુકસાન, તોટો ૩ ફેરો, ચક્કર, આંટો, જઈ આવવુ તે ૪ ડકો, ઘાટ, ઓવારો ૫ રેલવેમા માલ ચઢાવવા ઉતારવાનુ સ્થળ ૬ વિકાર, "શરીરને ધક્કો પહોચ્યો છે"
ધખ, સ્ત્રી૦ તરસ, સોસ ૨ ગરમી તપારો ૩
ધખમખ, સ્ત્રી૦ ત્વરા, વેગ,ઉતાવળ [ધખના
ધખારો, પુ૦ બાફ, ગરમી, તપારો ૨ શોચના,
ધખવુ, ક્રિ૦ અ૦ ખિજાવુ, ભ'વુ. ૨ ધીકવુ, ખૂબ ઉનુ થવુ ૩ ગુસ્સે થવુ [ઝખના.
ધખાવવુ, ક્રિ૦ સ૦ ખૂબ લગાડવુ, સળગાવવુ ૨ ખૂબ ઉનુ કરવુ, ભડભડાવવુ
ધગડો, પુ૦ કુલો, થાપો ૨ બાવો, સાધુ
ધગડુ, ન૦ સિપાઇને માટે તુચ્છકારમા વપરાય છે ૨. ગાડનુ એક પાસુ, કુલુ
ધગધગતુ, વિ૦ બળતુ, સળગતુ, ગરમાગરમ
ધગધગવુ, ક્રિ૦ અ૦ જોરથી બળવુ ૨ ઘણુ
ધગા, સ્ત્રી૦ તાપ, ગરમી [જ ગરમ થવુ
ધગારી, સ્ત્રી૦ થોડુ થોડુ ગરમ રહેવુ તે, ધીકડી
ધચુપચુ, અ૦ કરવુ કે ન કરવુ એવો અનિશ્ચય તે, સકલ્પ વિકલ્પ, ગડભાગ [ખબડદાર
ધજ, વિ૦ શીકાર, તોફા, સરસ ૨ ટટાર,સશક્ત
ધજા, સ્ત્રી૦ (સ૦ ધ્વજા) લાકડી ઉપર લુગડાનો ત્રિકોણ આકૃતિનો ૨ ગેલો કકડો જે હવામા ઉડે છે તે નેજો, વાવટો ઝુડો, પતાકા, ધજા બાધવી–જાહેર કરવુ, કબજે કરવુ,ધજા ચઢાવવી
ધજાગરો, પુ૦વાવટો પકડનાર ૨ ધજાનો ડાડો
ધટ્ટી, સ્ત્રી૦ નગોટી, કૌપીન ૨ ગર્ભાધાન પછી સ્ત્રીને એક જાતનુ આપવાનુ વસ્ત્ર
ધડ, ન૦ માથા વગરનુ શરીર, કબધ ૨ પાયો, મૂળ ૭ અ૦ સ્પષ્ટ રીતે, એકદમ, એક સપાટે; તરત ૨ મૂળથી, પ્રથમ, શરૂઆતથી
ધડક, સ્ત્રી૦ થડક,કપ, હૃદયની ધ્રુજ તે ૨ ફટકારો, સોક, બીક
ધડકણુ, વિ૦ કાયર, બીકણુ ભડકણુ
ધડકધડક, અ૦ ફટકફટક, ધમધબ
ધડકવુ, ક્રિ૦ અ૦ જોસમાને ઝડપમા ઉચુનીચુ થવુ ૨ બીવુ ધાસ્તી હોવી [ધડ થઇને તરત
ધડધડીમ, અ૦ ઓચિતુ તૂટી પડે તેમ, ધડ-
ધડાધડ, અ૦ ધડકધડક ૨ એકદમ, જોસભેર, ધારાબધ, ૩ ઉપરાઉપરી
ધડવડવુ, ક્રિ૦ અ૦ એકદમ જોસમા તુટી પડવુ
ધડધડાટ, પુ૦ ઉપરાઉપરી પડતી વસ્તુઓનો અવાજ ૨ રોફ, સપાટો ૩ અ૦ એકદમ જોસમા કામ ચાલતુ હોય તેમ, ઝપાટા બધ, સપાટામા
ધડધડીત, અ૦ ધડધડાટ, ઝપટાબધ [અવાજ
ધડબડધડબડ, અ૦ ધબધમ, જોરમા ચાલવાનો
ધડમધડમ, અ૦ ધડોધડ, ધડધડ
ધડમધડા, સ્ત્રી૦ લડાઇ મારામાર ૨ અ૦ ઉપરાઉપરી, એક પછી એક [૨ એકદમ
ધડાકાબધ, અ૦ સાપાટાબધ, ગરગડાટ સાથે
ધડાકો, પુ૦ જોરથી થતો મોટો અવાજ ભડાકો, મોટો ધ્વનિ ૨ બડાશ ૩ કામનો ઝપાટો
ધડાધડ, અ૦ ઉપરાઉપરી અવાજ થતો હોય તેમ, તડાતડ
ધડાધડી, સ્ત્રી૦ જોરમા ચાલેલી મારામારી–ઓલામોલી ૨ ઉતાવળ, ધમાલ ૩ અગત્ય, જરૂર
ધડી, સ્ત્રી૦ કાયમનુ વજન, અમુક બાધેલુ તોલ સતોલો 'બે મણની ધડી બાધી છે' અડસટ્ટો, આશરો [તેમ, ઉપરાઉપરી.
ધડીમધડીમ, અ૦ તડાતડ, ધમ અવાજ થાય
ધડીમલો, પુ૦ જોરથી છાતી કુટવી તે ધડીમલો લેવો–ધડધડ કુટવુ તે
ધડુકવુ, ક્રિ૦ અ૦ રહી રહીને ગાજવુ 'મેઘ ધડુક્યો' ૨ ધાટા કાઢી બીવરાવવુ, દમ ભરાવવો, ગર્જના કરવી
ધડુસવુ, ક્રિ૦ સ૦ મારવુ, પીટવું

ધડો, પુ૦ (સ૦ ઘટ) તાજવાની દાડી અથવા તેનો કાંટો એક સરખો રાખવા સારૂ પલ્લામા જે કાંઇ ભાર મૂકેલો તે ૨ જે વાસણમા ચીજ આપવાની હોય તે વાસણની બરોબરનો ભાર બીજા પલ્લામા મૂકી તાજવુ બરોબર કરવુ તે ૩ નિત્ય એકજ સરખી જે સ્થિતિ તે ૪ ટેક, સમતા, નિયમ. ૫ રોજ રોજ નિયમિત શીખવુ તે, પાઠ, લેસન ૬ નિશ્ચયપણું, દૃઢતા "એના બોલવાનો ધડોજ કયા છે?" ૭ નશિયત, શીખામણ, "આ ઉપરથી આપ ધડો લેશો" ધડે બેસવુ–ઠેકાણે–હદમા રહેવુ ધડો લેવો–શીખામણ લેવી ધડે બેસવુ–પડી ભાગવુ, પાયમાલ થવુ, ખરાખરત થવુ [પોલો અવાજ

ધણ, ન૦ ટોળુ, સમૂહ ૨ અધરણિયાત ૩

ધણધણવુ, ક્રિ૦ સ૦ જોશમા બળવુ, જોશમા બળવાથી અવાજનો ઘોર થવો ૨ અવાજ સાથે ધ્રુજવુ અને ગાજવુ

ધણધણાવવું, ક્રિ૦ સ૦ ધણધણે તેમ કરવુ ૨ જોશમા કામ કરવુ. ૩ ધધડાવવુ, ધમકાવવુ

ધણિયાણી, સ્ત્રી૦ પરણેતર બૈરી, વહુ, સ્ત્રી ૨ જેની માલીકી–સત્તા હોય તે સ્ત્રી, શેઠાણી

ધણિયાતુ, વિ૦ જેનુ ધણીપણ–સ્વામિત્વ હોય તે, ધણીપણાવાળુ, માલીક હોય તેવુ ૨ ખાનગી

ધણિયાપુ, ન૦ ધણીપણુ, સ્વામિત્વ

ધણી, પુ૦ (સ૦ ધની) માલીક, જેની સત્તા હોય તે ૨ ઉપરી, મુખી ૩ પતિ, વર, સ્વામી ૪ ઈશ્વર "ધણીનુ ધાર્યું થાય" [(હુડી).

ધણીજોગ, વિ૦ વેચાણુ લેનારનેજ પૈસા મળે તેવી

ધણીધોરી, પુ૦ રક્ષક, સભાળનાર, વાલી ૨ માલિક

ધણીરણી, પુ૦ કુલ માલિક

ધત, અ૦ તુચ્છકારનો શબ્દ ૨ પુરૂષની ગુહ્યેંદ્રિય ધતપર મારવુ ન લેખવવુ, ન ગણકારવુ

ધતવું, ક્રિ૦ અ૦ ધુતવુ, ધુતી લેવુ

ધતિંગ, ન૦ તોફાન, મસ્તી ૨ જુઠો ઢોગ, ફેલફતવો, ખાલી ધામધુમ. [જોરથી ધમકાવવુ, ઠપકો દેવો.

ધધડાવવું, ક્રિ૦ સ૦ જોશમા કામ ચલાવવુ. ૨.

ધધણાવવુ, ક્રિ૦ સ૦ ધણધણાવવુ, જુઓ.

ધઢો, પુ૦ પતગની વચમા જે ઉભી વાસની સળી ચોટાડેલી હોય છે તે. [લકત, દ્રવ્ય.

ધન, ન૦ (સ૦) દોલત પૈસો, નાણુ, માલમિ-

ધન, વિ૦ સારૂ, રૂડુ, સુભાગી, ધન્ય.

ધન, અ૦ ધન્ય, શાબાશ

ધન, સ્ત્રી૦ (સ૦) નવમી રાશિ. એ રાશિમા સૂર્ય હોય ત્યારે ધન સક્રાન્તિ કહેવાય છે

ધનંજય, પુ૦ અગ્નિ ૨ ચિત્રાનુ ઝાડ. ૩ અર્જુન

ધનતેરશ, સ્ત્રી૦ આસો વદિ તેરસ એ દહાડે ધનની પૂજા કરવામા આવે છે

ધનતર, વિ૦ ધનેતર, ઘણા પૈસાવાળુ ૨ બળવાન, મોટો ધનુર્ધર હોય તેવો ૩ સર્વોપરી

ધનદ, પુ૦ કુબેર, ધનદાતા ઈશ્વર

ધનધન, અ૦ ધન્ય, અહોભાગ્ય, ભલે ભલે

ધનપાળ, પુ૦ ખજાનચી, ધનાધ્યક્ષ, કોશાધિપતિ

ધનરેખા, સ્ત્રી૦ નસીબમા ધન બતાવનારી હથેળીમાની રેખા તે

ધનવત-વાન, વિ૦ પૈસાદાર, શ્રીમન્ત, માતબર.

ધનાઢ્ય, વિ૦ (સ૦) માતબર, ધનવાન, ધનવત

ધનાધ્યક્ષ–ધિપતિ, પુ૦ ખજાનચી

ધનારખ ન૦ ધન રાશિમા સૂર્યનુ પસાર થવુ તે.

ધનાશ્રી સ્ત્રી૦ એક જાતની રાગણી, જે પાછલી રાત્રે ત્રણેક વાગે ગવાય છે

ધનિક વિ૦ ધનવાળુ, પૈસાદાર ૨ ગૃહસ્થ

ધનિક, ન૦ ધાણા, કોથમીર

ધનિષ્ઠા, ન૦ (સ૦) ચોવીસમુ નક્ષત્ર

ધની, વિ૦ (સ૦) ધનવાન, પૈસાદાર

ધનુ, ન૦ (સ૦) કમાન, ધનુષ્ય, કામઠુ ૨ ચાર હાથનુ પ્રમાણ [ધાયુ'

ધનુર, ન૦ એક જાતનો વાતરોગ, સનેપાત. 'ધનુર

ધનુર્ધર, વિ૦ ધનુષ્યથી લડનાર, ધનુર્ધારી ૨ શૂરવીર

ધનુર્ધારી વિ૦ (સ૦) ધનુર્ધર, ધન્વી

ધનુર્માસ, પુ૦ (સ૦) ધન સક્રાન્તિનો મહિનો ૨ એમા પરોઢીઆમા જમવુ તે. [વાની વિદ્યા.

ધનુર્વિદ્યા, સ્ત્રી૦ (સ૦) કામઠુ ખેચી તીર માર

ધનુર્વેદ, પુ૦ યજુર્વેદનો ઉપવેદ.

ધનુષ્ય, નo (સo) કામઠું, ચાપ, કમાન ૨ આકાશમાં જે અર્ધગોળાકાર કામઠું તણાય છે તે
ધનેત્તર, વિ૦ (સ૦) સૌથી સારૂ, સરસ
ધનેરૂ, નo દાણામા સળો કરનારો જીવડો, કિલ્લુ
ધનેશ, પુ૦ ધનપાળ, કુબેર
ધતર, નo જાદુટોણું, ૨ ધુતી લેવાની કળા-પેચ
ધતરમતર-જાદુ ચમત્કાર ઉપજાવે તેવું જે તે
ધતુરો, પુo એક જાતનો ઝેરી છોડવો
ધવ, પુo (દ્વન્દ્વ) ધમસાણ, યુદ્ધ ૨ ઉપાધિ ૩ ચકચૂર-મસ્ત એવું [કારીગર, કસબી
ધધાદાર, પુo ધધો કરનારો, ધધાવાળો ૨
ધધાદારી, સ્ત્રી૦ ધધો ચલાવવાનું જે કામ તે
ધવાવારો, વિ૦ કામકાજવાળું [૨ ઉદ્યમ
ધધાર્થી, વિ૦ ઉદ્યોગી, વ્યવસાયી, કામગરુ
ધધો, પુ૦ (હિ૦) પ્રવૃત્તિ, રોજગાર, ઉદ્યમ ૨ કામ, મહાવરો
ધન્ય, વિ૦ (સ૦) પુણ્યવાન, ભાગ્યશાળી, કૃતાર્થ શુભ મગળ ૨ વખાણવા યોગ્ય, શ્લાઘ્ય
ધન્ય, અo સાબાશ, વાહવાહ
ધન્યભાગ્ય, નo (સo) આહોભાગ્ય, સુભાગ્ય ૨ સુદૈવ, મગળ પ્રસગ
ધન્યવાદ, પુo સાબાશી, વહવાહ
ધન્યા, વિ૦ સ્ત્રી૦ સુખી, સુભગા
ધન્વતરી, પુo (સ૦) દેવતાઓનો વૈદ્ય, અતિ કપરો રોગ મટાડે તે વૈદ
ધન્વી, પુ૦ (સ૦) ધનુર્ધર ૨ શિકારી, પારધી
ધપકારો, પુo ધબકારો [વધવુ
ધપવું, ક્રિ૦ અ૦ જોરથી આગળ ધસવું, આગળ
ધપ્પાબાજી, સ્ત્રી૦ સામાસામી ધપ્પા મારવા તે
ધપ્પો, પુ૦ ધબ્બો થબડાક ૨ ખત્તા, ઠોકર,
ધફો, પુo ઢગલો 'ધૂળનો ધફો' [નુકસાન
ધબ, અo પોલી થાપટનો અવાજ, અવાજ થઇ બધ પડવું તે સમાઇ જવું, શાત થઇ જવું તે
ધબકવું, ક્રિo અo ધબધબ થવું, ધડકવું
ધબડકો, પુo ગોટાળો ઉંધુ કરી નાખવું તે ૨ શૂન્યકાર, અધારૂ
ધબધબ, અ૦ એક પછી એક ધબાકારા થાય તેમ
ધબકારો, પુo ભારે વસ્તુ ઉચેથી પડતા થતો અવાજ ૨ ઉછાળો, ધબધબ થવું તે
ધબવું, ક્રિo અo પડવું, દેવાળુ કાઢવું ૨ ઢબવું, જીવ જવો ને ખોળિયું ભોય ઉપર પડવું, મરી જવું ૪ ધીબવું, મારવું
ધબાકો, પુo ધબકારો
ધબાધબી, સ્ત્રી૦ મારામારી (હાથથી)
ધબાયનમ, અo અટકી પડયું-પડી ભાગ્યું હોય તેમ, શૂન્યકાર [ઓળવવું-વાલવુ
ધબોડવું, ક્રિo સo હાથથી મારવું ૨ ગળે
ધબોધબ, અ૦ ઉપરા ઉપરી ધબધબ થાય તેમ
ધબ્બાબાજી, સ્ત્રી૦ સામસામા ધબ્બા મારવા તે
ધબ્બો, પુo ધપ્પો, થાપડ
ધમ, નo નગારૂ, વાજું
ધમ, અo નરઘાના બાયાનો અવાજ ૨ ઢોલ પડઘમના અવાજ જેવું ૩ જોશમાં, ઉતાવળથી "નાડી ધમધમ ચાલે છે" ૪ ધબ
ધમક, સ્ત્રી૦ જોશ, આવેશ, શૌર્ય ૨ તેજી, ઝળકી, પ્રભા ૩ ભપકો, દબદબો, ભવ્ય દેખાવ.
ધમક, વિ૦ તેજદાર "પીળું ધમક" ૨ અ૦ ધમ-
ધમક, પુo લુહાર, ૨ ધમનાર [કારાબધ
ધમકવું, ક્રિo અo ધમકવું, ગાજવું, ઢમકવું ૨ ઝળકી મારવી, તેજ મારવું ૩ કપવું, ધ્રુજવું
ધમકાવવું, ક્રિo સo શિક્ષા કરવાનો ભય બતાવવો, ઠપકો દેવો બીવરાવવું ૨ જોશથી કામ
ધમકી, સ્ત્રી૦ બીક, ધાસ્તી, સોક. [ચલાવવુ
ધમકારો, પુo ધબકારો
ધમચકડ, સ્ત્રી૦ ગરબડ, મસ્તી, તોફાન ૨ અ૦ ખૂબ ઉતાવળે, ઝપાટાબધ
ધમણ, સ્ત્રી૦ (સ૦ ધમની) પવન ભરાઇને તે પાછો ફુકાય એવું ચામડાનું યત્ર (સોની લુહારના કામનું) ૨ બગીની ઉપરનો ચામડાનો જે પડદો તે ૩ નાડીઓ, શ્વાસોશ્વાસ
ધમણવું, ક્રિ૦ સo ધમણથી પવન ફુકી અગ્નિ સળગાવવો ૨ ફુગગાવવું ચઢાવવું
ધમધમ, અo વેગથી, ખૂબ જોરથી
ધમધમવું, ક્રિ૦ અ૦ ધમણ હલાવવી. ૨ ગર-

મીનો જોશ વધી જવો, ધુવાપુવા થઇ જવુ ૩ કપવુ, ધજવુ
ધમધમાટ, પુ૦ ભપકો,દોર દબદબો ૨ તેજી,દમ પાણી ૩ તિખાશ ૪ ગરમડ, ધાટાબાટ
ધમધમાવવુ, ક્રિ૦ સ૦ અગ્નિ વધારવો ૨ જોર થી કમ ચલાવવુ ૩ ધમકાવવુ,ઠપકો દેવો
ધમધોકાર, અ૦ જોશથી ને ઝડપથી,સપાટાબધ ઉતાવળુ [નાની નળી
ધમની, સ્ત્રી૦ ઝીણી નાડી, નસ ૨ ભુગળી ૩
ધમપછાડા, પુ૦ નકામુ વૈતરૂ,૨ સખત મજુરી ૩ બૂમ બરાડા ને પછાડા ખાવા તે
ધમપાચ્છેરી, સ્ત્રી૦ છાતી કૂટવી ને રડવુ તે, કૂટીને કઢાપો કરવો તે [થઇ જવો તે
ધમરોળ, પુ૦ ભારે ગભરાટ, રો કકળ, ગજબ
ધમલો, પુ૦ ધમપાચશેરી
ધમવુ, ક્રિ૦ સ૦ અગ્નિ વધારવાને ધમણ ચાપવી,વિજણેવતી વા નાખવો ૨ ચોરવુ,સટોરવુ
ધમાચકડી, સ્ત્રી૦ ટટો ફિસાદ, બોલચાલ,મારામારીનુ કલકલાણુ, ટટો મચવો તે ૨ ઉધમાત, ગરમડ,ધાધલ
ધમાધમી સ્ત્રી૦ મારામારી, લડાલડ
ધમાર, પુ૦ એક તાલે ગવાતુ ગાયન
ધમારવુ, ક્રિ૦ સ૦ પશુને નવરાવવુ
ધમાલ, સ્ત્રી૦ બીડ,ધાધલ
ધમાલુ, ન૦ મોટી ને બેડોળ બાધલી પઘડી
ધમાસા, પુ૦ એક જાતનિ ઐાષધિ,ખડસલિયો
ધમ્મિલ, પુ૦ (સ૦)જુડો બાધેલો ચોટલો–કેશ
ધમેલા, ન૦ સળગ વગર સાધાના તગારા અખડ લોખડની ટોપલીઓ
ધર, વિ૦ (સ૦) ધરનાર-રાખનાર એવો અર્થ સૂચક પ્રત્યય ‘મણિધર–ધરણીધર’
ધર, સ્ત્રી૦ (સ૦ ધુર) હળ ગાડા વગેરેનો જે ભાગ બળદની ખાધપર રહે છે તે ૨ જ્યારથી બળદ જોડાતો થાય ત્યારથી ગણાતુ વર્ષ ‘બે ધરનો બળદ’ ૩ એનો સકેત ૪ ધોરણ, નિશ્ચય, ભરોસો ૫ મૂળ, શરૂઆત ૬ અ૦ પહેલેથી, મૂળથી,શરૂઆતથી

ધરખવુ, ક્રિ૦ અ૦ હારી જવુ હિમત હારવી, ૨ ધડકવુ ‘રખે ધડ તારૂ જાય ધરખી’–ધીરો.
ધરણ, સ્ત્રી૦ ઢાળ, ઢબ, ગાવાની રીત ૨ ન૦ આડવાળીનુ વજન ૩ સહાય,આશ્રય ૪ પાગ,પૂલ
ધરણી, સ્ત્રી ધરા,પૃથ્વી ૨ જમીન,ભોય
ધરણીધર, પુ૦ પૃથ્વીને ધારણ કરનાર, કચ્છપ, શેષનાગ ૨ પર્વત
ધરણુ, ન૦ ત્રાગુ, જબરદસ્તી ૨ બાયધરી;ધીર
ધરદહાડો, પુ૦ પ્રથમનો દિવસ, શરૂઆત, જેવો ને તેવો વખત
ધરતી, સ્ત્રી૦ પૃથ્વી ૨ જમીન, ભોય **ધરતીપર પગય ન મૂકવા**—અદ્ધર ચાલવુ,ન લેખવવુ **ધરતીનો છેડો**—આડો આક, હદ **ધરતીમા પેસી જવુ**—અદ્રશ્ય થવુ, ૨ શરમાઇ જવુ
ધરતીકપ,પુ૦ ધરતી ડોલવી તે,પૃથ્વીનુ કાપવુ તે
ધરપકડ, સ્ત્રી૦ પકડાપકડી, ઝાલાઝાલ, કાયદાથી ઘણા માણસોને પકડવા તે
ધરપચ, સ્ત્રી૦ ખોટી ધાસ્તી ૨ ખોટી ધામધુમ, પતરાજ ૩ ઉતાવળ કરવી તે ૪ ધરાવાપણુ ‘ધાન્ય ધરપત અને ઘી સપત [મારવુ તે
ધરમોળ, ન૦ ધરાબોળ, સત્યાનાશ, સાવ ઉંધુ
ધરમખાતુ, ન૦ પરમાર્થ-દાનમા આવેલા નાણા સબધી પ્રકરણ–ખાતુ [ફોગટ ફેરો
ધરમધક્કો, પુ૦ વગર ફાયદાનો આટો નકામો–
ધરમૂળ, ન૦ શરૂઆત,પ્રારભ
ધરવવું,ક્રિ૦ સ૦ સતોષ પમાડવો,શાન્તિ પમાડવી.
ધરવુ, ક્રિ૦ સ૦ પકડવુ, ઝાલવુ ૨ પહેરવુ, વેષ લેવો, ધારણ કરવુ ૩ પાસે મૂકવુ,નૈવેદ કરવુ ૪ રૂપ લેવુ,જન્મ લેવો “ધરિયો ભમરા કેરો વેષ’ ૫ યાદ રાખવુ, લક્ષ પર રાખવુ ‘ધરી યાદ અમદાવાદથી એકાદ વસ્તુ લાવજો’
ધરા, સ્ત્રી૦ (સ૦) પૃથ્વી,ધરણી ભૂમિ
ધરાધર, પુ૦ (સ૦) શેષનાગ ૨ પર્વત ૩ કચ્છપ
ધરાધરી, અ૦ સાથે,જોડે ૨ ધરાર,બેશક,અનબત. ૩ તમામ,અમુક સુદ્ધા
ધરાબોળ, ન૦ સત્યાનાશ ૨ પ્રલય **ધરાબોળ જવુ**—પ્રલય થવો, પૃથ્વી રસાતાળ જવી,ગજબ થવો ૨ ઉછેદિયુ થવુ

ધરાર, અ૦ અલબત,બેશક,સાત ફેગ

ધરાર—ળ, વિ૦ આગળથી ભારે થતુ તે,નમતુ "ધરાર ને ઉલાળ"

ધરાવવુ, ક્રિ૦ સ૦ ઓશિયાળા થયા જેવુ કો ઇનુ કઇ પોતાની પાસે રાખવુ દરકાર રાખવી ૨ પકડાવવુ, ઝલાવવુ, ૩ પાસે મૂકવુ, નૈવેદ કરવુ ૪ સતોષ પમાડવો, તૃપ્ત કરવુ ૫ ધરવુ

ધરાવુ, ક્રિ૦ અ૦ તૃપ્ત થવુ,સતોષ પામવો

ધરી, સ્ત્રી૦ લોઢાની જે પેચવાળી દાડીમા પૈડા ઘલાય છે તે, નાડી, આસ ૨ ધોરિયો ને ઝુસરી જયા એકઠા નાડેલા હોય છે તે જગા ૩ આધાર, જેની ઉપર અથવા જે મધ્યબિંદુની આસપાસ ચાક ફરે છે તે

ધરૂ, ન૦ ડાગેર, તમાકુ ઇ૦ ને રોપવા માટે પહેલા જે નાજુક છોડ ઉગાડવામા આવે છે તે. ૨ અ૦ અચળ, નક્કી, ધ્રુવ

ધરૂવાડિયુ, ન૦ ધરૂ છાટવાની જમીન,જેમા ધરૂ ક્રવામા આવે છે તે જગા

ધરો, પુ૦ ગાડા ગાડીની વચલી આડી, નાડી ૨ નદીના જે મોટા ઉડા ખાડામા હમેશ પાણી રહેતુ હોય તે, ઝદોહ ૩ ઇચ્છા, મનનો ભાવ **ધરામા** નાખવુ–ઉશેટી દેવુ, નાશ કરવુ, દૂરકરવુ **ધરામા** પડવુ–ઉડા ખાડામા પડવુ

ધરો, સ્ત્રી૦(ધ્રો) દરો ગધેડા પાસે ધરો ભેલાવવી–સારી ચીજ અયોગ્ય અપાત્રને આપવી

ધર્મ, પુ૦ (સ૦) ઈશ્વરને ઓળખવાનો અને તેનુ ભજન ઇ૦ કરવાનો માર્ગ, પુણ્યમાર્ગ ૨ સસારમા વર્ત્તવાનો જે માર્ગ તે ૩ જુદા જુદા સપ્રદાયમાનો એક, પથ ૪ નીતિ, ફરજ 'પૂત્રનો ધર્મ માતપિતાની સેવા કરવી તે છે' ૪ પદાર્થમા રહેલો તેનો ખાસ ગુણ તે, સ્વભાવ ૬ ગરીબ, અનાથ, વિદ્વાનને જે દાન કરવુ તે, ૭ ન્યાય ઇન્સાફ ૮ શાસ્ત્ર પ્રમાણેનુ આચરણ સદાચરણ ૯ પ્રાણીઓને કરેલા પાપ પુણ્યના ફળ આપનારો દેવ, યમ, ૧૦ પાડવાનો મોટા ભાઇ યુધિષ્ઠિર ૧૧ (જૈન) પદરમો તીર્થકર **ધર્મનો** કાટો—જેની ઉપજપુણ્ય દાનમા જતી હોય તેવો કાંટો–જોખ તે

ધર્મકર્મ, ન૦ પુણ્યનુ કૃત્ય તે, સુકૃત

ધર્મક્રિયા, સ્ત્રી૦ ધર્મનુ કામ, શાસ્ત્રને અનુસરતી કરેલી વિધિ

ધર્મક્ષેત્ર, ન૦ પવિત્ર ધામ, કુરૂક્ષેત્ર, પાણીપત

ધર્મગુરૂ, પુ૦ (સ૦) ધર્મ સબધી ઉપદેશ કરનાર, આચાર્ય

ધર્મજ્ઞ,વિ૦ ધર્મશાસ્ત્ર જાણનાર

ધર્મદાન, ન૦ (સ૦) પુણ્યદાન ૨ ધર્મ અર્થે [દાન આપવુ તે

ધર્મધુરધર, વિ૦ મોટો ધર્મ કરનાર, દાનશીળ,

ધર્મપરાયણ, વિ૦ ધર્મ પ્રમાણે, ધર્મનિષ્ટ

ધર્મપુત્ર, ન૦ (સ૦) દયા–ધર્મથી પાળેલો છોકરો, ઔરસપુત્ર

ધર્મપુસ્તક ન૦ ઈશ્વર સબધી ને મનુષ્ય કર્તવ્ય સબધી શિક્ષાનુ જે પુસ્તક તે, ધર્મને લગતો ગ્રથ

ધર્મભગિની, સ્ત્રી૦ ધર્મની બહેન, ગુરૂ કન્યા

ધર્મયુદ્ધ, ન૦ ધર્મને અર્થે જે યુદ્ધ તે ૨ સાચવટથી–સત્યને માર્ગે જે યુદ્ધ કરવુ તે, મનુષ્યજાતિને શોભે તેવી લડાઇ

ધર્મરાજ, પુ૦ યમ ૨ યુધિષ્ટિર

ધર્મશાળા, સ્ત્રી૦ મુસાફરખાનુ, સરા

ધર્મશાસ્ત્ર, ન૦ ધર્મ પુસ્તક, માણસે કેમ રીતે વર્તવુ તેની જેમા આજ્ઞા કરેલી છે તે, વ્યવહાર શાસ્ત્ર ૨ વેદ

ધર્મસકટ, ન૦ ધર્મને ધોક્કો લાગે તેવો પ્રસગ, કર્તવ્ય ભગ થવુ પડે તેવી મુશ્કેલી

ધર્માઉ, વિ૦ ધર્માદા, ધર્મવાળુ

ધર્માધ્યક્ષ, પુ૦ (સ૦) ધર્માચાર્ય

ધર્માત્મા, વિ૦ (સ૦) દાનશીળ, ધર્મ ઉપર શ્રદ્ધાવાળો

ધર્માદા, વિ૦ દાનમા અથવા દેવનિમિત્ત અર્પણ [કરેલુ

ધર્માધિકારી પુ૦ ન્યાયાધીશ ઇન્સાફદાર ૨ આચાર્ય,

ધર્મારણ્ય,ન૦ ઋષિઓનો આશ્રમ,પુણ્યભૂમિ

ધર્માંધ, વિ૦ ધર્મઘેલુ, ધર્મચુસ્ત [ગુરુ

ધર્માંધતા, સ્ત્રી૦ ધર્મચુસ્તપણુ

ધર્માર્થ, વિ૦ લોક કલ્યાણ અર્થે, પુણ્યદાન માટે.

ધર્માસન, ન૦ ન્યાયાસન, ઇનસાફની ગાદી

ધર્મિષ્ઠ-ધર્મી, વિ૦ દાન કરનાર, ધર્મબુદ્ધિવાળું ૨. આચાર વિચારવાન ૩ સદ્‌ગુણી, નીતિમાન
ધર્મોપદેશ, પુ૦ ધર્મનો ઉપદેશ, ધર્મબોધ
ધર્વ, પુ૦ સંતોષ, તૃપ્તિ
ધવ, સ્રી૦ પુષ્ટિ, તેજ ૨ સંતોષ ૩ અ૦ધબધબ
ધવ, પુ૦ (સ૦) ધણી, સ્વામિ, " વૈકુંઠપતિ શાનુ વિશ્વનો, ધવ થઇ ધવ ધાયો "
ધવત, સ્રી૦ ધવ, તેજ, કાન્તિ ધવત વળવી-તેજ આવવુ, તબીયત સુધરવી ૨ સ્થિતિ સુધરવી(ધનની)
ધવડાવવુ, ક્રિ૦ સ૦ ધવાડવુ, માતાએ સ્તનમાથી દૂધ ચુસાવવુ
ધવલ, વિ૦ (સ૦) ધોળુ, સફેત ૨ સ્વચ્છ, નિર્મળ.
ધવળ, ન૦ ધોળ, " ધવળ મંગળ ' ૨ બગલો, શંખ [બાળક પાસે ચુસાવવુ
ધવાડવું, ક્રિ૦ સ૦ સ્રીએ પોતાની છાતીનુ દૂધ
ધવા, સ્રી૦ શાંતિ, ચેન, આરામ ધવા વળવી-આરામ થવો, સ્થિતિ સુધરવી
ધસકો, પુ૦ ધાસકો, ઉચાટ, ચીવટ
ધસમસતુ, વિ૦ ગાભરૂ, શ્વાસ ભર્યું, ધસીને આવતું
ધસવુ, ક્રિ૦ અ૦ જોસથી આગળ ચાલવુ, સામે થવુ ૨ નમવુ, ખસીને નીચે પડવુ 'કરો ધસ્યો'
ધસારો, પુ૦ એકદમ જોરમા ધસવુ તે, આગળ
ધસાવડો, પુ૦ ધસારો, [વધવુ તે, હુમલો
ધાંખડી, સ્રી૦(ધાખવુ) ઝંખના " સખી મોહન મળવાની એક અંતર મારે ધાંખડી "
ધાખના, સ્રી૦ ઝંખના, કાળજી, ધ્યાન
ધાખવુ, ક્રિ૦ સ૦ ઝંખવુ, ધારી ધારીને જોવુ, નિહાળવુ, ટગરટગર જોવુ " જસોદા થઇ મન માહી ઝાંખી, જોતી હરિનુ વદન ધાખી ધાખી "
ધાખો, પુ૦ કાળજી, ફિકર ૨ શક, વહેમ
ધાંગવું, ન૦ બારણાના ચોકઠાની વચલા આડા લાકડા તે, ભુસો.
ધાંગો, પુ૦ છાટો, નાનો લોદો. ૨ રેખા, રેસો
ધાધલ, સ્રી૦ ગડબડ, તોફાન
ધા, અ૦ રીતે, પ્રમાણે, ' બહુધા ' ૨ ગણુ.
ધાઇ, સ્રી૦ સ્તન, થાન. [શેહ. ૩ બહેરાશ
ધાક, સ્રી૦ બીક, દહેસત, ડર, ૨. અંકુશ, દાબ,
ધાગડી, સ્રી૦ ગોદડી
ધાગડિઓ, પુ૦ તોફાન
ધાગવુ, ક્રિ૦અ૦ધાકમા હોવુ. [ફાટેલુ લુગડુ
ધાગો, પુ૦ દોરો, દોરડો, જુની રસી ૨ જુનું
ધાટી, સ્રી૦ લઢણુ, ચાલ, રીત.
ધાડ, સ્રી૦ લુટારાની ટોળી. ૨ એકદમ કરેલો ધસારો-હુમલો તે. ૩ દરોડો, ઘણાનુ સામટુ ધસવુ તે ૪ ઉતાવળ, તડામાર, ઝપટ ૫ હાર, સમૂહ.
ધાડપાડુ, પુ૦ લુટારો, ધાડ પાડનાર
ધાડાધાડ, સ્રી૦ ઉતાવળ, દોડાદોડી, ઝડપ.
ધાંડું, ન૦ ટોળુ, જથો ૨ લુટારાનુ ટોળુ
ધાણા, પુ૦ (સ૦ ધાના) એક જાતનો રસોઇનો મસાલો ધાણાની ભાજી તે કોથમીર
ધાણિયાઘઉં, પુ૦ થોડા કસ વાળા ઘઉં, [શુદર
ધાણિયોગુદર, પુ૦ ચિકાશ રહિત-વાક વગરનો
ધાણી, સ્રી૦ સેકયાથી ફૂટેલા-ફુલેલા અનાજના કણ, જુવાર, ડાંગર, મકૈ, વગેરેની ધાણી. ધાણી ફૂટવી-ફૂલીને ફાટતા ફડફડ થવુ ૨. ઉપરાઉપરી શબ્દો નીકળવા ધાણી શેકવી-જુલમ કરવો, સંતપવુ, થકવવુ
ધાત, સ્રી૦ (ધાતુ) માણસના શરીરમાનુ એક ચિકણુ બળવૃદ્ધિ કરનારૂ સત્વ, વીર્ય. ૨ અનુક્રમે આપેલી વિગત, યાદી, કોષ્ટક
ધાતકાર, વિ૦ઝાતકાર " જોયુ કામ ધામ ધાતકાર, દીઠો મેડીએ કામ કુમાર —પ્રેમા
ધાતવું, ક્રિ૦ અ૦ ફાવવુ, અનુકૂળ આવવુ, સવડ પડવુ ૨ છાજવુ,
ધાતા, પુ૦ ઈશ્વર, બ્રહ્મા [૨ હરડે
ધાત્રી, સ્રી૦ દાઈ, ધાવ, છોકરા સંભાળનાર
ધાતુ, પુ૦(સ૦) ક્રિયાપદનુ જે મૂળભૂત ટુકુ રૂપ તે ૨ વીર્ય ૩ જમીનમાથી મળતુ દ્રવ્ય તે સોનુ રૂપુ લોઢુ વગેરે ધાતુસાધિત-ધાતુ ઉપરથી થયલુ.
ધાતુક્ષય, (સ૦) ધાત-વીર્યનું ઘટી જવુ તે.
ધાતુપાત્ર, ન૦ ધાતુનું બનાવેલુ વાસણુ તે.
ધાતુપુષ્ટ, વિ૦ (સ૦) વીર્યને પુષ્ટ કરે તેવુ પુષ્ટીકારક, પૌષ્ટિક, (ઓસડ, ખાનપાન વગેરે.)

ધાન, ન૦ (ધાન્ય) રાધેલુ અન્ન ૨ અનાજ
ધાનમુઊ વિ૦ ધાનને સારૂ ટળવળતુ, ભુખેમરતુ ૨ કોઇને ખવડાવવુ પડે ત્યારે જીવ જાય તેવુ ૩ કંજુસ, કૃપણ [તગી ન હોય તે
ધાના, પુ૦ ખાવાનુ પુષ્કળ હોય તે, ખાવા પીવાની
ધાનિયુ, વિ૦ અન્ન ખાનારૂ (બાળક) ૨ પોચુ અન્ન ખાઇ જીવનાર ૩ ગરમુ,ડબા ધાતુ ઢાકણુ
ધાન્ય, ન૦ (શ૰) અનાજ [વગરનુ વાસણ
ધાન્યાભ્રખ,સ્ત્રી૦ એક જાતની મારેલી અમરખ
ધાપ, સ્ત્રી૦ ઉતાવળમા ચૂક થવી તે,ભૂલી જવાવુ તે ૨ લપટ ઝપટમા છળભેદ કરી પોતાનો લાભ લઈ લેવો તે ૩ ફરેબ, ખોટો વિશ્વાસ
ધાપલા ન૦ થાબડી મલાવડા કરવા તે, ૨ સમજાવટ,અલાવડુ [જોરાવર
ધાબડવિણુ, વિ૰ લઠ્ઠ, પુષ્ટ, શરીરે ભરેલુ ને
ધાબડવુ, ક્રિ૦ સ૦ કોઇની પાસેથી લુચ્ચાઈથી લઇ લેવુ,છેતરવુ ૨ માથે મારવુ,પહેરાવી દેવુ
ધાબળી,સ્ત્રી૦પાતળો ધાબળો,કાબળી [૩ ઢાંકવુ
ધાબળો, પુ૦ જાડા ઊનનુ કપડુ,બનુસ
ધાબુ–ભુ, ન૰ મોટી અગાસી ૨ ૨ગ–દિવેલ વગેરેના ડાઘ તે.૩ છટકુ,ફાંદો ૪ દૂધનુ બેઢુ–હેલ
ધામ, ન૦ (સ૦) જગો, સ્થાન, રહેઠાણુ, ઘર, મદિર, મકાન ૨ પવિત્ર ભૂમિ, તીર્થસ્થાન
ધામણ, સ્ત્રી૦ (હિ૦) એક જાતનો જાડો સાપ,
ધામણી, સ્ત્રી૦ જાડી જબરી ભેસ [ધામરોળુ
ધામધુમ, સ્ત્રી૦ ઉતાવળે ને ધોધાટ સાથે ચાલતુ કામ તે,ગરબડ ૨ ૨ગ રાગ ને ઉત્સાહવાળો
ધામધુમિયુ, વિ૰ધામધુમવાળુ,દમામી [દિખાવ
ધામરોળુ, ન૰ એક જાતનો જાડો આળસુ સાપ
ધામા, પુ૦ કાયમનો પડાવ,સ્થિતિ કરવી તે
ધામેણુ, ન૦ પહેલા આણા વખતે કન્યાને આપેલો સામાન, કરકરિયાવર, દાયજો
ધામો, પુ૦ ધામા,પડાવ,કાયમનો વસવાટ.
ધાર, સ્ત્રી૦ (સ૰ ધારા) કોઇપણ હથિયારની પાતળી તીણી કોર ૨ પાણીની દદુડી.૩ વસ્તુનો છેડો, કોરણુ, હદ, સીમા.
ધાર–ક, વિ૦ ધારણુ કરનાર, ધરનાર
ધારણ, ન૰ ધરવુ–રાખવુ તે સજવુ પહેરવુ સ્ત્રી૦ તોળવાનો બાધેલો સતોલો,ઘડી ૩ થાભલો ૪ ભારોટિયો, પાટડો ૫ ધૈર્ય,હિમ્મત,આશ્વાસન
ધારણા, સ્ત્રી૰ (સ૦) ભાવ,ઇચ્છા ૨ માન્યતા, મતવ્ય, ૩ સકલ્પ, હેતુ, ૪ તર્ક, કલ્પના ૫ ખ્યાલ, વિચાર, મનસુબો [વ્રત, એકાતરા
ધારણાપારણા,ન૦એકાતરે ઉપવાસ કરવાનુ એક
ધારણાગત સ્ત્રી૦ ઢોર વગેરે વેચાતુ આપી તેની કિંમતમાથી માલ ધણી કાંઇ ઓછુ લે તે, છુટ
ધારણિયો, પુ૦ ધારણ થાભલો ૨ પાટડો
ધારવુ,ક્રિ૦સ૰(સ૰ ધૃ)મનમા આણવુ,વિચારવુ, સુમાર બાધવો, જોવુ ૨ કલ્પના કરવી,અટકળ કરવી ૩ પછવાડેથી ખરૂ જાણવાને પ્રથમ ખોટાને માનવુ ૩ ઇચ્છવુ,ભાવના રાખવી ૫ માનવુ 'મારો ધારો તારો ત્રિકમ, જેમ તેમ પાર ઉતારો'–પ્રેમાનદ
ધારવવુ ક્રિ૦ અ૦ ફરીથી ઉપણવુ,ઝાટકવુ
ધારા સ્ત્રી૦ (સ૦) દદુડી,ધાર,શેઢ ૨ હાર,ઓળ
ધારાળુ, વિ૰ ધારવાળુ [તેવો માણસ
ધારાળા, પુ૦ કોળીની એક જાત ૨ ઉશ્કેરાય
ધારાડી સ્ત્રી૰ ગામ અથવા કોઈ સ્થળની આસપાસ પવિત્ર જગ રેડી ભૂત પિશાચાદિને અદર આવતુ બધ કરવા કરેલી જે પાણીની ધાર તે
ધારાશાસ્ત્રી૰ પુ૰ કાયદાનો ખા, કાયદાકાનુન જાણનારો બાહોશ સનદી વકીલ
ધારિયુ, ન૰ દાતરડા જેવુ પણ વગર કાકરનુ ટુંકા હાથાનુ કાપવાનુ હથિયાર નાની વાસી, દાતી ૨ કસબી આડી ઉભી લીટીઓવાળુ કપડુ
ધારાસભા, સ્ત્રી૰ કાયદા બાધનારી મડળી તે પ્રજાકીય અને સરકારી સભાસદોની પરિષદ
ધારિષ્ટ,ન૰(સ૰)સહન કરવાની શક્તિ કરેલ વૃતિ, દુખ આફતમા ન ગભરાતા ધીરજ રાખવી તે
ધારી, વિ૰ ધારનાર 'વેશધારી'
ધારો,પુ૰(સ૰ધારા) કામકાજ માટે કરી રાખેલા જે નિયમોની રચના તે, કાનુન, કાયદો ૨ રીત, રિવાજ, પ્રથા.
ધાર્મિક, વિ૰ ધર્મશીળ,ધર્મનુ આચરણ કરનાર.

ધાવ, સ્ત્રી૰ બાળકને ધવડાવવા સારૂ રાખેલી સ્ત્રી
ધાવણ, ન૰ સ્ત્રીની છાતીમાંથી નીકળતુ જે દૂધ તે
ધાવણી, સ્ત્રી૰ ધાવતા બાળકને ધાવવાનુ લાકડાનુ જે રમકડુ તે, ચુસણી [રહેતુ, નાનુ
ધાવણુ, વિ૰ ધાવતુ હોય તેવુ ૨ ધાવણ ઉપર
ધાવણું, ન૰ નાનુ બાળક છોકરૂ
ધાવરી સ્ત્રી૰ એક જાતની વનસ્પતિ
ધાવરૂ, ન૰ લોહી વિકારથી હાથ મો સુજી આવવુ તે ૨ રણસિંગુ, તુરાઇ (ભયમા વગાડવાનુ)
ધાવવું, ક્રિ૰ સ૰ બાળકે છાતીનુ દૂધ ચુસવુ
ધાવુ, ક્રિ૰ અ૰ દોડવુ, ઉતાવળથી ચાલવુ ૨ ભજવુ, ધ્યાન ધરવુ ૩ ધાઈ આવવુ, દોડતા આવવુ, ૪ થવુ, ઉત્પન્ન થવુ "એવી દુષ્ટને દુર્મતિ ધાઇ, મુઓ વિસરી ગયો નિજ ભાઇ"
ધાવું, વિ૰ સરખુ, દામીનું, બરોબરીનુ
ધાસકો, પુ૰ એકદમ બીક લાગવી તે, ફાળ, ચીચરવટો
ધાસતી-સ્તી, સ્ત્રી૰ બીક, દહેસત. ૨ કાળજી, ફિકર
ધિંગડમલ, વિ૰ ધિંગુ અને મલ જેવુ, ખડતલ, થાકે કટાળે નહિ તેવુ [તોફાન, ઉદમાત
ધિંગાઇ, સ્ત્રી૰ ધટ્ટ કુમાશ, ચીવટપણુ ૨ મસ્તી-
ધિંગાણું, ન૰ ધાડુ મચેલુ યુદ્ધ ૨ લડાઇ, કજીયો ૩ તોફાન, મસ્તી ૪ કુદાકુદ, વળગાવળગી
ધિંગામસ્તી, સ્ત્રી૰ તોફાન, મસ્તી
ધિંગું, વિ૰ જબરદસ્ત, સમર્થ, સત્તા-ઐશ્વર્યથી ભરેલુ "ધિંગો ધણી માથે રે તારાથી હુ કેમ ડરૂ?" ૨ ખડતલ, મજબુત બાધાનું ૩. જાડા વણાટનુ, ચીકણુ, ચીવટ [શરમ
ધિક્, અ૰(સ૰)તુચ્છકારના અર્થમા-ફટ, લાજમ,
ધિકાવવુ, ક્રિ૰સ૰ ખૂબ સળગાવવુ, ભડભડ બાળવુ
ધિક્કાર, પુ૰ (સ૰) તિરસ્કાર, ફિટકાર [ગણવુ
ધિક્કારવું, ક્રિ૰ સ૰ ધિક્કાર કરવો, તુચ્છ-હલકુ
ધિણોજો, પુ૰ ધુધવાયલો, અદેખો ૨ લુચ્ચો, ઠગ.
ધિબોવવું, ક્રિ૰ સ૰ મારવુ, પીટવુ, કુટવુ
ધિમાશ, સ્ત્રી૰ મંદતા, ઠંડાશ
ધી, સ્ત્રી૰ (સ૰) બુદ્ધિ, અક્કલ, મતિ.
ધીકડી, સ્ત્રી૰ ઉનાશ, બશગળ, ઝીણો તાવ.
ધીકધીકતુ, વિ૰ ધગધગતુ, ગરમાગરમ
ધીકવુ, ક્રિ૰ સ૰ ધગધગ થઇ રહેવુ, ભડભડાટ બળવુ ૨ પૂર્ણ આબાદીમા હોવુ, બઢતીમા હોવુ.
ધીગુણ, પુ૰ શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહ, અપોહ, અર્થ વિજ્ઞાન તથા તત્વ વિજ્ઞાન એવા બુદ્ધિના આઠ ધર્મ પૈકીનો એક
ધીજ, સ્ત્રી૰ માણસ અપરાધી કે નિરપરાધી છે એ જાણવાની એક રીતની પરીક્ષા, અઘરી પ્રતિજ્ઞા, દિવ્ય, અવરા સોગન આપવા-લેવા તે
ધીટ, વિ૰ (ધૃષ્)સંકટ-દુઃખ વખતે કઠણ છાતીનુ; સહનશીલ ૨ બહાદુર, હિમ્મતવાન, ડગે, ડરે કે ન શરમાય તેવુ
ધીબકારો, પુ૰ ધમકારો, જુઓ
ધીબકો, પુ૰ મુક્કો, ગડદો [મુક્કીથી મારવુ
ધીબવુ, ક્રિ૰ સ૰ ધીબ ધીબ મારવુ, ઠોકવુ,
ધીમંત, વિ૰ (સં૰)બુદ્ધિમાન, અકલમંદ પંડિત
ધીમર, પુ૰(સ૰ ધીવર)માછી, મચ્છીમાર, ઢીમર.
ધીમુ, વિ૰ સુસ્ત, ઠંડુ, મંદ, ટાઢું ૨ શાન્ત સ્વભાવનુ.
ધીમે, અ૰ આસ્તે, હળવે, રફતે રફતે
ધીર, સ્ત્રી૰ ભરોસો, સાખ, પતીજ ૨ ધીરધાર. ૩ ધીરજ ધૈર્ય [૨ શાણુ, હોશિઆર, સાવધ.
ધીર, વિ૰ (સ૰) ધૈર્ય રાખનાર, ઠરેલ વૃત્તિનુ.
ધીરગડુ, વિ૰ ભીરૂ, ડરકુ ૨. વેત વગરનુ
ધીરજ, સ્ત્રી૰ ઠરેલ વૃત્તિ, ધૈર્ય, સબુરી. ૨ હિમ્મત.
ધીરતા, સ્ત્રી૰ ધૈર્ય, શાન્તતા, સબુરી ૨. ડહાપણ
ધીરધાર, સ્ત્રી૰ લેવડદેવડ, આપલેનો સબંધ
ધીરપ, સ્ત્રી૰ વેપારમા સાખ, પતીજ
ધીરવુ, ક્રિ૰ સ૰ પાછુ આપશે, એવે ભરોસે ઉછીનુ-વ્યાજે આપવુ તે. ૨ ભરોસા ઉપર સોપવુ, વિશ્વાસે રહેવુ
ધીરૂ, વિ૰ ધીમુ, શાન્ત, ઠંડુ ૨ ધીરા સ્વભાવનુ.
ધીરે, અ૰ ધીમે, આસ્તે, હળવે
ધીરો, પુ૰ ટેકો, થાભલો
ધીવર, પુ૰ ઢીમર, માછી
ધીશ, પુ૰ મોટો વિદ્વાન માણસ, અધિપ
ધુંખાળવુ, ક્રિ૰ સ૰ ખૂબ ધોવુ, સ્વચ્છ કરવુ.
ધુંવ, સ્ત્રી૰ ઝાખ [ધુંમાવુ તે.
ધુંધવાટ, પુ૰ દબાઇ રહેલો ગુસ્સો, બળાપો. ૨.

ધુંધવાવુ, ક્રિ૦ અ૦ દેવતામાંથી ધૃણી નીકળવી, ધુમાડો થવો, ગોટાવુ ૨ ગુસ્સો દબાવી મૂકવો. ૩ અકળાયા કરવુ

ધુંવળકુ—ધુંવળુ,ન૦ ઝાંખુ અસ્વચ્છ ૨ અધરા થયુ, કંઇક ઉજાસ ને ઘણુ અધારૂ એવો દેખાવ

ધુંવાપુંવા,વિ૦ગુસ્સે થયલુ, અતિ ઉતાવળા થવુ તે

ધુંવો, પુ૦ ધુમાડો, ધુણી ૨ ચુઓ.

ધુંશ, સ્રી૦ રમઝટ પડે રે નગારાની ધુશ,'૨ તાપ

ધુંશળ, ન૦ ધુસરી

ધુંસરી-રૂ, સ્રી૦ જુસરૂ, ધુર

ધુંસો, પુ૦ જાડા વણાટનુ ગરમ કપડુ કાબળો

ધુજવુ, ક્રિ૦ અ૦ થરથરવુ, કપવુ, ટાઢ, રોગ, ઇ૦ ની અસરથી હાલના કરવુ ૨ કાપવુ, થરકવુ

ધુજારી, સ્રી૦ (સં૦ધુન્) એકાએક ધુજવુ તે ધુજારો, કપારો, ગાત્રભગ. ૨ શરીર ધુજ્યા કરે તેવો રોગ ૩ ધૃણા, ચીતળી, થરથરી

ધુજારો, પુ૦ ધુજારી, કપારો ૨ ભય,ત્રાસ

ધુજાવવુ,ક્રિ૦ સ૦ ધુજે તેમ કરવુ ૨ ગભગાવવુ, થરથરાવવુ ૩ ધાટા કાઢી બીવરાવવુ

ધુડકાવવુ, ક્રિ૦ અ૦ ધુતકારવુ, ઠપકો દેવો

ધુણવુ, ક્રિ૦ અ૦ આવેશથી શરીર ને માથુ હલાવવુ ૨ ભૂત આવવુ ૩ વાકુ બોલવુ,નાપાડવી

ધુણાવવુ, ક્રિ૦ સ૦ ધુજાવવુ, ધુણે તેમ કરવુ ૨ કોઈ તદબીરથી નાણુ કઢાવવુ ૩ ઉશ્કેરવુ,ચઢાવવુ

ધુણાવુ, ક્રિ૦ અ૦ ધુણીના ગોટા થઇ ફેલાવુ

ધુણી, સ્રી૦ ધુમાડો ૨ ગોસાઈ પોતાની પાસે જે ધુમાતો દેવતા રાખે છે તે

ધુત, અ૦છટ, એશુ, છિ ૨ કુતરાને હાકતા વપરાય છે ધુત એ કરવુ—તિરસ્કાર કરવો, કાઢી મૂકવુ

ધુતકારવુ, ક્રિ૦સ૦ તરછોડી નાખવુ, ધિક્કારવુ, [તુચ્છકારવુ

ધુતારણ, સ્રી૦ ઠગણી સ્રી

ધુતવુ', ક્રિ૦ સ૦ છળ કરી લેઇ લેવુ ,ઠગવુ

ધુતારૂ, વિ૦ ઠગ, ધૂર્ત્ત ઠગારૂ

ધુતારો,પુ૦ કપટ—ખંધાઇથી હરી લેનારો,ઠગનારો

ધુતાવુ, ક્રિ૦ અ૦ છેતરાવુ , ઠગાવુ

ધુધુ, અ૦એવો થતો જોરમા અવાજ (નગારાનો)

ધુધુ, ન૦ નગારૂ, ઢોલ

ધુન, સ્રી૦ નિમગ્નતા, રઢ, ગરકાવ, લેહ, લગની. ૨ તરગી ભાવના ૩ ચાલુ ગાનની પરપરા

ધુની, સ્રી૦ નદી, સરિતા ૨ ધુન, ધ્વનિ

ધુપડુ, ન૦ ધુપેલ

ધુપવુ, ક્રિ૦ સ૦ ધુપ દેવો, ધુમાડો કરવો

ધુપિયુ, ન૦ ધુપ કરવાનુ પાત્ર, નિરજન

ધુપેલ, ન૦ સ્રીઓને માથે વાલવાનુ સુગધીવાળુ તેલ, પાકુ તેલ, ધુપેલિયુ=કચોળુ, પ્યાલુ

ધુપેલિયો, પુ૦ ધુપેલ બન વવારો—વેચનારો

ધુમ,અ૦ઝડપ ને જોસમા ૨ બેસુમાર,પુષ્કળ,બહુ

ધુમધામ સ્રી૦ ઝડપ ને જોસ ભરી હિલચાલ, ગડબડ ૨ ભભકો,ઠાઠ, ધમધુમ [ધાડી હવા

ધુમર, ન૦ ઝાકળવાળી ધુમાડા જેવી દેખાતી

ધુમસ પુ૦ ઓસ, ઝાકળ, ઠાર.

ધુમાડિયુ, ન૦ ધુમાડો આજુબાજુએ ન ફેલાતા સીધો ઉચો જાય એવુ ભિતમા રાખેલુ પોલાણુ, ધુમાડી જવાનો રસ્તો, ચીમની

ધુમાડી, સ્રી૦ (સં૦ ધુમ્ર) બળતી વસ્તુમાથી નીકળતી કાળી ને હલકી હવા, ધુણી

ધુમાડો, પુ૦ ધુણી, ધુમાડી ૨ બગડેલા ફળો વગેરેમાથી નીકળતી રજોટીવાળી હવા તે ધુમાડાના બાચકા—વ્યર્થ પ્રયાસ, મિથ્યા યત્ન, ફાફા ધુમાડો કાઢી નાખવો—મારવુ, ઝાપટવુ ૨ ખખેરવુ, ધમકાવી નરમ પાડવુ

ધુમાતુ, વિ૦ ધુમાડો થતો હોય તેવુ, ધુધવાતુ ૨ બળિયલ, કણકણતુ, ચીઢિયુ

ધુમાવુ,ક્રિ૦અ૦ બળતા ધુમાડો થવો ૨ ધુધવાવુ

ધુમો,પુ૦ સરકારીઆ જમીનનુ મહેસુલ ૨ ધુમાડો.

ધુર, ન૦ (સં૦) જુસરૂ, ધુસરૂ

ધુરંધર, વિ૦ (સં૦) મુખી, આગેવાન,અગ્રેસર, ૨ ભવ્ય, ભભકાવાળુ, મોટુ ૩ સર્વોપરી, શ્રેષ્ઠ

ધુરપત, સ્રી૦ ધરપત તૃપ્તિ, સતોષ

ધુશળ,ન૦ધુસરૂ [(ધુશળ,મુશળ,ત્રાક, રવૈયો વગેરે)

ધુશળમુશળ, ન૦ પાખનાની ઉપયોગી વસ્તુઓ

ધુસકો, પુ૦ એકાએક જોસમા રડવુ તે, ભેકડો

ધૂગકટ, પુ૦ ધૂળકોટ, કોરણુ.

ધૂખગ,પુ૦ધૂળકોટ,ધૂળકટ ૨ ધૂળ ઉડી ઝાખુ થયેલુ.

ધૂન, સ્ત્રી૦ (સ૦ ધ્વનિ) શબ્દ-સ્વર, અવાજનો ઘોર, ધ્વનિ ૨ સાંભળેલા અવાજનું કાનમાં ઘુમી રહેવું તે ૩ ધ્યાન, ચિન્તન ૪ શૂર, લત, લેહ
ધૂપ, પુ૦ (સ૦) બળતાં સુગંધિવાળો ધુમાડો નીકળે છે તે દ્રવ્ય ૨ તડકો, તાપ
ધૂપછતરી, સ્ત્રી૦ તડકાની છતરી [તિ, અગરબત્તી
ધૂપસળી, સ્ત્રી૦ જે સળી બળ્યાથી સુગંધિ આવે છે
ધૂપદાની, સ્ત્રી૦ ધુપિયું, ધૂપ કરવાનું પાત્ર
ધૂમ, વિ૦ ખૂબ, પુષ્કળ, પારવિનાનું ૨ પુ૦ ધુમાડો, ધુણી [એક તારો
ધૂમકેતુ, પુ૦ પુછડિયો તારો ૨ ધૂમાડાની કાંતિવાળો
ધૂમ્ર, પુ૦ શીલારસ ૨ કાળો રતાશ પડતો રંગ. ૩ તે નામનો એક યોગ
ધૂમ્રપાન, પુ૦ ધુમાડો પીવો તે, બીડી,હુ૦ પીવા તે
ધૂમ્રલોચન, ન૦ કબુતર, હોલો ૨ વિ૦ લાલ આંખવાળું
ધૂર્ત્ત, વિ૦ (સં૦) આડું અવળું સમજાવી પોતાનું કાર્ય સાધનાર, લુચ્ચો, ઠગ ૨ વિચક્ષણ,કાબેલ
ધૂર્ત્તતા, સ્ત્રી૦ ઠગાઇ, લુચ્ચાઇ, કપટ [ચતુર
ધૂસર, વિ૦ તપખીરિયું, બદામી; કપિલ ૨ ધુધળું
ધૂસમૂસ, અ૦ દોડતું
ધૂળ, સ્ત્રી૦ (સ૦ ધૂલિ) રસ્તામાંનો ઝીણો ભૂકો (મટોડું, છાણું, તણખલાં વગેરેનો) જેહું 'ઘરમાંનો કચરો ને રસ્તામાંની ધૂળ" આડી વાટની ધૂળ-કંઇનહિ ધૂળ નાખી-બળ્યું, હશે, દીસતું રહ્યું ધૂળ વળવું-બગડવું, ખરાબ થઇ જવું ધૂળ ઉડવી-ઉજડ થવું 'જ્યાં પ્રથમ હવેલીઓ હતી તે જગાએ હાલ ધૂળ ઉડે છે "ધૂળ કરવું-બગાડી દેવું, ધૂળ જેવું નકામું કરવું, જવા દેવું ધૂળ કાઢી નાખવી-ખૂબ ધમકાવવું, ગભરાવવું પત્તર રગડી નાખવી ૨ માર મારી હલકું કરવું ૩ (માથાની) માથેથી જોખમ ઉતારી નાખવું ધૂળ ખાવી-અઘટતું આચરણ કરવું, જખ મારવી ધૂળ ઘાલવી-ઝાંખ લગાડવી, વણસાડવું. ૨ ફજેત થવું, કજિયો કરવો ધૂળ ચાટતું કરવું-પરાભૂત કરવું; મરણતોલ કરી નાખવું ધૂળ જવું-વ્યર્થ જવું; બગડવું. ધૂળધાણી કરવું-ધૂળ મેળવવું, ખરાબ કરવું ધૂળધાણી થઇ જવું-બગડી જવું; ખરાબ થવું ધૂળ નાખવી-બળ્યું કરવું, દીસતું કરવું, જતું કરવું ૨ (પાટી) ભણતાં આવડવું. ૩ (ભાણામાં) ખાણું ખરાબ કરવું.૪. (ઘોડામાં) ઘડપણને લાંછન લગાડવું ધૂળને પાડે-નજીવી કિંમતે, ધૂળ જેવા મૂલે,ધૂળની કિમ્મતે ધૂળને પેટે ઘાલવું-મહેણાં દઇ ધમકાવી હલકું પાડવું, ઉડતાવી નાખવું ઉતારી પાડવું, ધૂળ ફાકતું થઇ જવું-ખરાબખસ્ત કરવું,બેહાલ કરવું,ખાવાના સાંસા પડે એવી દશાએ પહોંચવું ધૂળ ફાકવી -ટેક ખોવો કે જતો રહેવો
ધૂળકોટ, પુ૦ ખૂબ ધૂળ ઉડીને આકાશ ભરાઇ જવું તે, કારણ [જમીનદોસ્ત, બરબાદ થઇ જવું તે.
ધૂળધમાસ, અ૦ નજીવું,માલવગરનું
ધૂળધાણી, સ્ત્રી૦ ખરાબી, પાયમાલી, ૨ ખંડેર,
ધૂળધોયો, પુ૦ કંઇક જડવાની આશામાં ધૂળને ધોનાર.
ધૂળીપડવો, પુ૦ ફાગણ વદિ પડવો
ધૂળાડો, પુ૦ ઘણી ધૂળ ઉડવી તે, ધૂળકોટ
ધૂળેટી, સ્ત્રી૦ ધૂળીપડવો
ધૃતિ, સ્ત્રી૦ સંતોષ, તૃપ્તિ ૨ ધૈર્ય, ધીરજ ૩ દમ,જોર.
ધૃષ્ટ, વિ૦ (ધૃષ્) બહાદુર, નિડર, હિંમતવાન, છાતીચલું ૨ નિર્લજ્જ, અવિચારી
ધેગું, વિ૦ મજબુત, ધિંગું [સાસરીએ"
ધેડી, સ્ત્રી૦ કન્યા. "ચાલો ધેડીને વળાવો હવે
ધેણ, સ્ત્રી૦ પહેલીજ વારની ગર્ભવંતી ને શણગારેલી
ધેન-નુ, સ્ત્રી૦ (સં૦) ગાય [સ્ત્રી, અધરણિયાત.
ધેરવાવું, ક્રિ૦ સ૦ ઘોડાને પાણી ચઢવું
ધૈર્ય, ન૦ (સ૦) ધીરજ, સબુરી, હિંમત, ધૃતિ
ધૈવત, પુ૦ (સ૦) ગાયનના સપ્ત સ્વરમાંનો છઠ્ઠો સ્વર
ધોંડો, પુ૦ (મ૦) પત્થર, પહાણ ૨ ઉમરમાં વધેલો પણ અક્કલનો બારદાન. ૩ પત્થરફોડો.
ધોંસરી, સ્ત્રી૦ ધુસરી, ઝુસરી
ધોંસો, પુ૦ ધુંસો, કાબળો ૨ ઝાંસો, તસકો
ધો, પુ૦ એક કપડું જેટલો વખત ધોવાય તે, ધોણ "બેજ ધોમાં કોટ ફાટ્યો" ૨ દોડ
ધોઇલો, પુ૦ અડદિઓ લાડુ ૨ અડદાલો;ઢુંસ. ધોઇલો આપવો-ખૂબ ટીપવું, મારવું [પીચકણું

ધોકડું, ન૦ રૂની મોટી ગાસડી ૨ દેહ, કાયા ૩
ધોકરણુ,ન૦ ધોવાનો જાડો દડીકો,પાયો, ધોયકણુ
ધોકારે, અ૦ સપાટાબંધ, ઝપાટાબંધ ઉતાવળે
ધોકારાબંધ, અ૦ ઝડપ ને જોસમાં, સપાટાબંધ
ધોકાવવું,ક્રિ૦ સ૦જલદી કરવું,ઉતાવળે ચલાવવું
ધોકો,પુ૦જાડી લાકડી, સોટો,લઠ ૨ નુકસાન,ધક્કો ૩ આપદ, અડચણ "ધન હરે પણ ધોકો ન હરે, એ ગુરૂ કલ્યાણ શું કરે?" ૪ માર, ગડદો, આઘાત
ધોખ, પુ૦ (થોક) ઢગલો
ધોખવું,ક્રિ૦અ૦ભુખ્યા તરસ્યા બેસી રહેવું,ઝુરવું
ધોખો, પુ૦ નુકસાન, ધક્કો ૨ અડચણ,નડતર ૩ ખોટું લગાડવું તે, દુ:ખ "ધરશો નહિ મન ધોખો" ૪ ધાસકો,ફિકર,ચિંતા ૫ દગો, દ્રોહ
ધોગવું, ન૦ કમાડના પાટીઆ ઉપર આડો જડવાનો લાકડાનો કડકો, ભુંહો
ધોડવું, ક્રિ૦ સ૦ દોડવું, ધાવું, નાસવું
ધોણ, ન૦ધો ૨ ધોવાની આવડ ૩ ધોવાનાં લુગડાં
ધોત, વિ૦ સ્વચ્છ ૨ ઉજ્વું, ધોળું
ધોતપનોત,અ૦રફેદફે થઇ જવું તે ૨ વિ૦ઉદાર, મનોતા ગણાવાને ધોવાઇ જાય તેવા સ્વભાવનું
ધોતર, ન૦ ધોતિયું, પોતિયું [૩ કોરડું.
ધોતલી, સ્ત્રી૦ બાળકનું નાનું ટુંકું ધોતિયું
ધોતાળ, વિ૦ ઉદાર, સખી, ખરચાળ, ઉડાઉ
ધોતાળપણું, ન૦ ઉડાઉપણું, ઉફાંદ, ઉદારતા
ધોતિયું,ન૦પુરૂષને કમ્મરે પહેરવાનું વસ્ત્ર, પોતિયું થેપાડું ધોતિઆં ઢીલાં થઇ જવાં–ડરી જવું થરથરી જવું ગભરાઇ જવું
ધોતી, સ્ત્રી૦ ધોતલી, નાનું પોતિયું ધોતીપોતી-લુગડાંલત્તાની ટાપટીપ
ધોતીજોડો,પુ૦રેશમી–કસબી કિનારવાળું ધોતિયું
ધોધ–ધોધવો, પુ૦ એકી વખતે ઘણે ઉંચેથી પડતું ઘણું પાણી, દદુડો
ધોધો અ૦ પાણીના પડવાનો અવાજ,ધોધમાર
ધોન, સ્ત્રી૦(ધેનુ) પૃથ્વી, ધરતી "ધોન ધખે ને લા, જેવી લૂ વાયજો"—દલ૦
ધોનારવું, ક્રિ૦ સ૦ મારવું, ટીપવું, ઝાપટવું
ધોપો, પુ૦ દમ "ધોપો કસવો"
ધોબણ, સ્ત્રી૦ધોબીની સ્ત્રી,લુગડાં ધોનારી સ્ત્રી.
ધોબાં ન૦ ઇંટ, રોડું
ધોબી પુ૦ મેલા કપડાં ધોવાનો ધંધો કરનારો, રજક ૨ મૂર્ખ, અક્કલ વિનાનો પુરૂષ. [છે તે
ધોબીગટ્ટો–ઘાટ,પુ૦ જે ઠેકાણે ધોબી કપડાં ધુવે
ધોબુ, વિ૦કંઈજ ન આવડે–સમજે તેવું માણસ, બેવકુફ, ૯, ભોળું, અણકિસમી
ધોબો પુ૦ હથેલીમાં પાડેલો કમુબો ભરવાનો ખાડો, અંજલી. ૨ હથેળીના ખાડા જેવું પાત્ર તે ૩ વિ૦ ઠોઠ મૂર્ખ
ધોમ, પુ૦ મારમારનો તડકો, બપોરનો તાપ ૨ ક્રોધથી રાતા પીળા થવું તે "દિલ્લીથી કોપ્યો દિલ્લીનોપાદશાહ,ધોમ ધખિયો અપાર રે"–ભોજો
ધોયલો, પુ૦ ધોઇલો, જુઓ
ધોરણ, ન૦ નિયમિત જે રીત તે, વહિવટ,પદ્ધતિ. ૨ નિશ્ચય, ખાતરી ૩ માપ, પરિમાણ, ધડો, શિખામણ ૫ કાળજી,ધ્યાન,૬ પ્રમાણ, આધાર ૭ વલણ ૮ વર્ગ ૯ અંદાજ
ધોરિંધર, વિ૦ ધુરંધર, જુઓ
ધોરિયો,પુ૦(સં૦ધુર) ગાડીને જોડેલા બે બળદની વચમાનું જે લાબું લાકડું તે, પોલ, ઉધ ૨ પાણી જવાની નીક ૩ ધોરી, બળદ ૪ કઠેરો, ધોરો.
ધોરી વિ૦ મોટું, સરિયામ, સીધું "ધોરી રસ્તો" ૨ મોટો,જબરો ૩ મોટી, મુખ્ય "ધોરી નસ."
ધોરી, પુ૦ છોકરો,પુત્ર, દીકરો ૨ આખલો
ધોરો,પુ૦અગાસી–ધાબાની કોરાણે જે થોડી ઉંચી ભિંત તે, હૈયારખી ૨ ઓટલાને છેડે અઢિંગવા માટે બનાવેલું જે ઉંચું ચણતર તે, તકિયો
ધોલ, સ્ત્રી૦ ટપલો, થાપટ, તમાચો [તેમ કરવું
ધોવડાવવું, ક્રિ૦ સ૦ ધોયલું કરવું ૨ કોઇ ધુવે
ધોવણ, ન૦ નિગાળ, ધોએલું પાણી, ધોવરામણ ૨ ધો, ધોવું તે [જવું તે ૨ ધોવરામણ
ધોવણ,ન૦ધોવાઈ જવું તે,પાણીથી ધોવાઇ તણાઇ
ધોવરામણ,ન૦ધોવણ,નિગાળ ૨ ધોવાની મજુરી.
ધોવું, ક્રિ૦ સ૦ મેલ કાઢવો, સાફ કરવું, નિખારવું ૨ પવિત્ર કરવું, નાતમાં લેવું ૩. કુંદીપાક આપવો, ઠોકવું, ધોઇ નાખવું—માર મારવો,

૨ પાણી ફેરવવુ;વ્યર્થ જાય એમ કરવુ,નકામુ પડવુ, રાખી મૂકવુ ૨ ન લેખવવુ, ન ગણુ-કારવુ,ધોઇ વાળવુ–માડી વાળવુ, ભૂસી વાળવુ, વેરી સારવુ, પતાવવુ

ધોળ,પુ૦સ્ત્રીઓને ગાવાનુ ગીત.૨ ગીતનો ઢાળ

ધોળવુ, ન૦ ચુ આયલો રગડો, મઠો 'પાણી વિના જેમ દહિં ડોળવુ, તે ભાગે ખરૂ પણ થાય ધોળવુ.'—અખો ૨ ઢોળવુ,ગોરસ,માલવુ.

ધોળવું, ક્રિ૦ સ૦ ભિતને ચુનો લગાડી ધોળી કરવી ૨.બજાવવુ ધોળકુ ધોળવુ–અજવાળું કરવુ.

ધોળાશ, સ્ત્રી૦ જરાક ધોળાપણુ, સફેતી.

ધોળિયો, પુ૦ ધોળો બળદ

ધોળીમુસળી, સ્ત્રી૦ એક જાતના ઔષધિ મૂળ

ધોળુ, વિ૦ દૂધના રગનુ, સફેત, ઉજળુ ૨ ફીકુ, નિસ્તેજ સ્વચ્છ

ધોળુફગ, વિ૦તદ્દન ધોળુ, સાવ ધોળુ

ધોળેદહાડે, અ૦ ખુલ્લી રીતે, ઉઘાડુ ૨ દિવસના

ધોળેશરી સ્ત્રી૦ રૂની અધિદેવતા. [પ્રકાશમા.

ધોતી, સ્ત્રી૦ હઠ યોગનુ એક અગ. ૨ ધોતિયુ.

ધૌત, વિ૦ (સ૦) ધોયલુ, ઉજળુ, સ્વચ્છ

ધ્યાતા, (સ૦) ધ્યાન ધરનારો

ધ્યાન, ન૦(સ૦) ઉડો વિચાર, મગ્ન હોવુ તે ૨ મન,લક્ષ,ચિત્ત ૩ ખત,કાળજી ૪ સ્મૃતિ, સ્મરણ ૫ પસંદ પડવુ તે, પસદગી.૬ ભજન.૭ સમાધિ

ધ્યાની, વિ૦ઉડો વિચાર કરનાર, ધ્યાન પરાયણ.

ધ્યાવું, ક્રિ૦ અ૦ ધ્યાન ધરવુ, ચિંતવુ,વિચારવુ

ધ્યેય, વિ૦ (સ૦)વિચાર કરવા જોગ, ચિંતનીય.

ધ્રાંગલું, ન૦ કમાડને જડેલો આડો કકડો,ભુહો.

ધ્રાગો, પુ૦ તસિયો, છાંટો [પહેરે છે

ધ્રાંઠ,ન૦એક જાતનુ ઘાસ જેની વૈષ્ણવો કઠીઓ

ધ્રાગો, પુ૦ દોરો, દોરડો ૨ ધાગો [સંતોખાવુ

ધ્રાવુ, ક્રિ૦ સ૦ અઘરકવુ, આખરવુ ૨ ધરાવુ,

ધ્રાશકો, પુ૦ ફાળ, ઓચિંતો ત્રાસ લાગવો તે.

ધ્રુજવું, ક્રિ૦ અ૦ હાલવુ ડોલવુ, ૨ કાપવુ ધ્રુજવુ.

ધ્રુજારો, પુ૦ કપારો, થરથરાટ, કપ.

ધ્રુપદ, વિ૦ (સ૦) એક જાતનું ગાયન.

ધ્રુવ, પુ૦ (સ૦)પૃથ્વી જે (કલ્પેલા) આસ ઉપર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે તે ૨. એ નામનો તારો ૩ એ નામનો એક ભક્ત. ૪. ૧૨ મો યોગ ૫ વિ૦ અચળ, દૃઢ. [ટેક, મોરો.

ધ્રુવપદ, ન૦અચળપદ–ધામ ૨.(ગાવાના પદમા)

ધ્રુવવૃત્ત, ન૦ (સ૦) ઉત્તરધ્રુવ ને દક્ષિણધ્રુવથી સાડીતેવીસ અક્ષાસમા આવી રહેલો જે અકો પ્રદેશ તે એ પ્રદેશની સીમા દેખાડનારી જે રેખા તે.

ધ્રુશકો, પુ૦ પોક, મોટે ઘાંટે રડવુ તે.

ધ્રોલિયુ, ન૦ જાશ ભરવાનુ મોટુ ઢોહણું.

ધ્વસ, પુ૦ (સ૦) નાશ, વિનાશ, અધ પતન.

ધ્વજ, પુ, (સ૦) ધજા, પતાકા ૨ ગર્વ,અહં-કાર ૩ અગ્ર, ટોચ, શિખર ૪ ગુહ્યસ્થાન.

ધ્વનિ, સ્ત્રી૦(સ૦)સ્પષ્ટ ન સમજાય તેવો સ્વર તે, શબ્દ, નાદ. ૨ આઘેના સ્વરનો ગણગણાટ –ઘોર તે ૩ વાક્યનો હેતુ–ભાવાર્થ તે, રહસ્ય. ૪ (કવિતામા) રસની સૂચના કરનારી જે વાક્યાર્થ શક્તિ તે

ધ્વનિત, વિ૦ અવાજના ઘોરવાળુ, ગર્જિત.

ન.

ન, પુ૦(સ૦) એકત્રીસમો મૂળાક્ષર, વ્યજનમાનો ૨૦ મો દતસ્થની અક્ષર, ત વર્ગીય પાચમો વર્ણ

ન, અ૦ નકાર સ્વરૂપ વર્ણ, નકાર–નિષેધમા વપરાય છે, નહિ. " ન જા ".

નઇ, સ્ત્રી૦ દુધી [પાકે, મોટે

નઇડે, અ૦ પાસે, નજીક, આખ આગળ ૨

નઇડો, પુ૦ બીલ્લની એક જાત

નઇયુ ન૦ ટેરવુ ને નખની ચામડીનો ભાગ,નૈયુ.

નકટુ, વિ૦ નાક વગરનુ, નિર્લજ્જ, બેશરમ નકટાની નાત–ખોટુ ખોટુ સમજાવી પોતાના જેવા બીજાને કરવાનો પ્રયત્ન કરનારૂ મડળ. નકટાનું નાક કાપે એવુ–બુઠુ, ધાર વિનાનુ.

નકતો, પુ૦ચમત્કારી તર્ક,મુદ્દો,તમાસો ૨ નુકતો.

નકરામણ, ન૦ હુંડી ન સ્વીકારવાથી જે નુક-સાની આપવી પડે તે

નકરૂં, વિ૦ નર્યું, માત્ર તેજ,કેવળ, સાવ. ૨.વિ૦ ધારો આપવો ન પડે તેવુ; ચોકખુ, કાંઇ પણ ભાર

ખરાજાત વગરનુ નકરી જમીન—જેની ઉપર કઈ ઋણુ કે મહેસુલ આપવાનુ ન હોય તેવી જમીન

નકલ, સ્ત્રી૦ (આ૦) એક ઉપરથી જે બીજુ ઉતારેલુ લખાણુ તે ૨ આબેહુબ ઉતારો ૨ એકનું જોઇ તેવુ બીજુ (કઇ વધઘટ સાથે) જે આચરણ તે, ચાળા, મશ્કરી ૩ જોડી કાઢેલી વાર્તા, હેકાયત

નકલખોર, વિ૦ (આ૦) મશ્કરો, નકલી

નકલંક, વિ૦ લાછન—કલંક વગરનુ, શુદ્ધ, સચ્ચરિત

નકલી, વિ૦ નકલ કરનાર, વેષધારી ૨ મશ્કરો ૩ બનાવટી ૪ કસબી, કારીગર

નકવેસર, સ્ત્રી૦ નાકની વાળી, નથ

નકશી, સ્ત્રી૦ કોતરેલુ ચિત્રામણ, કોતરણી, તક્ષણ, મુદ્રા **નકશીદાર**—નકશીવાળુ

નકશીગર, પુ૦ નકશી કોતરનાર, તક્ષણ,સલાટ

નકશો-સો પુ૦ (આ૦ **નકશ**) કાગળ કપડા વગેરે ઉપર કોઇ પણ પદાર્થનો જે આકાર—દેખાવ ચિતરી બતાવેલો તે. "પૃથ્વીનો નકશો" ૨ છબી તસવીર, ચિત્ર, આલેખ્ય ૩ પ્રતિમા, વર્ણવેલુ સ્વરૂપ

નકસ, સ્ત્રી૦ પાણી, નોખ, નાક, ટેક; માન

નકામુ, વિ૦ અમથુ, નિષ્પ્રયોજન, વ્યર્થ. ૨ બીનરોજગારી, નવરૂ, નિરૂદ્યમી ૩ ફળ—લાભ ન થાય તેવુ, નિરર્થક, નિષ્ફળ, ૪. નિર્જીવ, નિ સત્વ ૬ બીન ફાયદાનુ

નકામુ, અ૦ અમથુ, વિના કારણે, ફોગટ

નકાર, પુ૦ ના કહેવી તે, નકારો, નનો

નકારવુ, ક્રિ૦ સ૦ ના કહેવી, નહિ કરૂ એમ બોલવુ, ના પાડવી ૨ ન સ્વીકારવુ [હુડી]

નકારૂ, વિ૦ નરસુ, ખરાબ, નઠારૂ, ૨ મમતી

નકાસ, પુ૦ કસાઇવાડો, ઢોરનુ માસ વેચવાનુ બજાર ૨ ફાસી દેવાનુ ઠેકાણુ

નકીબ, પુ૦ (અ૦) છડીદાર, ચોપદાર

નકોર, સ્ત્રી૦ લીટી [વાળેલો આકડો. ૨ કાંટો

નકુચો, પુ૦ જેમા સાકળ ભરવવામા આવે છે તે

નકુલ, પુ૦ (સ૦) નોળવો

નકો, પુ૦ નાક **નકો** ઘાલવો-ઢોર નાસી ન જાય માટે તેને મોઢે મહોરી ઘાલી તેને આગલે પગે દોરીથી બાધે છે તે [ખરેખરો અપવાસ

નકોડા-રડો, વિ૦ કઇ પણ ખાધુ ન હોય તેવો

નક્કર, વિ૦ જડ, ઘન ભારે, વજનદાર ૨ સગીન, પોલુ નહિ તેવુ ૩ કઠણુ

નક્કારૂ, વિ૦ નકારૂ, ખરાબ, નઠારૂ

નક્કી, વિ૦ ખરૂ, ખાતરી કરેલી હોય તેવુ "નક્કી તોલ" ૨ ચોખ્ખુ, પાકુ ૩ અ૦ ખચીત, જરૂર ખાતરીવાળુ ખરેખર, નિશ્ચય

નક્ર, પુ૦ મગ્ગર, ૨ મકરરાશી

નક્ષત્ર, ન૦ તારાઓનુ ઝુમખુ, એવા સત્તાવીશ છે તે પૈકી પ્રત્યેક ૨ ૨૭ સખ્યાની સજ્ઞા ૩ તારો

નક્ષત્રી, વિ૦ ક્ષત્રિય ન હોય તેવી 'પરશુરામે પૃથ્વી નક્ષત્રી કરી"

નખ, પુ૦ (સ૦) આગળાના છેડા પરનુ તીણુ ને વાકુ હાડકુ, જે કાપ્યા છતાં પણ ફરી થાય છે ને જે કપાતા દુ ખ થતું નથી તે 'મનુષ્ય, પશુ અને પક્ષીને નખ હોય છે' ૨ પજો ૩ ૨૦ની સખ્યાની સજ્ઞા ૪ ખડ, ભાગ, અશ **નખ, ખુ પવો**—કાણુ બેસવો, પ્રવેશ થવો **નખ જેટલુ**—ઘણુ નાનું, હલકુ, વિસાત વિનાનુ (વસ્તુ, કામ, ઇ) **નખથી** તે શિખા સુધી—આખે શરીરે, સર્વાગે, રૂવે રૂવે **નખમા** રોગ નથી—તદુરસ્ત

નખનેલ, ન૦ (આ૦ **નફત**) પીળો ઉગ્ર વાસનો હવામા ઉડી જાય તેવો, પારદર્શક, તેલના જેવો પ્રવાહી પદાર્થ, ટરપનટાઇન [ચાળાચસકા, અદા

નખરાં, ન૦ (ફા૦) લટકા,હાવભાવ, શૃંગારચેષ્ટા,

નખરાબાજ, વિ૦ લટકાળી, લહેકાળી લીલાવતી.

નખલો, પુ૦ (નખ+લો) નખના આકારનો—ચદ્રાકાર જડાવ ચાલ્લો ૨ ચહેરો મુરત ૩ નખથી કાતેલુ રેશમ ૪ સુતારનુ એક હથિયાર ૫ નખનો ઘા, વલુરો ૬ કાનનુ ઘરેણુ તે

નખશિખ, અ૦ પગના નખથી શિખા સુધી,સર્વાગે

નખિયા, ન૦ નખનો આકાર ૨ શાક કરવા સારૂ પાપડીની નસ ઉતારી એક બાજુથી ફાડી જોઈ હોય તે ૩ નખથી પડેલા ક્ષત—ઉજરડા.

નખી, વિ૦ મોટા નખ—પઝાવાળુ (જનાવર).

નખી, સ્રી૦ સોના રૂપામા મઢેલો વાઘ, રીછનો
જે નખ બાળકની કોટના હાલરામા ઘાલે છે તે
૨. વાજીત્ર વગાડનારની લોઢાની વીંટી
નખેતર, ન૦ નક્ષત્ર ✓ વિ૦ અશુભ, નખેદ
નખોદ, ન૦ વશમા કોઇ ન રહેવુ તે, વંશનો
ઉચ્છેદ ૨ સત્યાનાશ, નાશ
નખોદપાટી, સ્રી૦ સત્યાનાશ, ઉજડપાટી
નખોદિયુ, વિ૦ નાશકારક ૨ વાંજિયુ, અપુત્ર
નખોરિયુ, ન૦ નખથી પાડેલો લીટો તે, ઉઝરડો
નગ, પુ૦ (સ૦) પર્વત, પહાડ. ૨ સાતની સંજ્ઞા
નગણુ, વિ૦ અવગુણીઉં, નગુણુ.
નગદ, વિ૦(આ૦નકદ) રોકડ (ધન) ૨ કિમતી,
મૂલ્યવાન ૩ લફંગુ, 'નગદ ઘરાક' ૪ વજનવાળુ,
સંગિન ૫. સરસ શ્રેષ્ઠ. ૬ રોકડુ 'નગદ જવાબ'
નગદી, સ્રી૦ કિમતી માલ ૨ રોકડ, અવેજ
નગર, ન૦ (સ૦) શેહેર, પુર
નગરચર્ચા, સ્રી૦ લોકવાર્તા ૨ ગપ, અફવા
નગરચો, પુ૦ એક જાતની છોકરાની રમત
નગરપડો, પુ૦ નગરમા ડાંડી પિટાવવી તે,
લોકને ખબર આપવી તે [જનનો મુખી
નગરશેઠ, પુ૦ નગરમા સૌથી મોટો શેઠ, મહા-
નગરી, સ્રી૦ પુરી, નાનુ શહેર [૩ નગણુ
નગરૂ, વિ૦ બેશરમ, નવરોળ ૨ ગુરૂ વનાનુ,
નગારખાનુ, ન૦ નગારા વાગતા હોય તે ઠેકાણુ. ૨
નગારચી, પુ૦(ફા૦)નગારા વગાડનારો [ટકોરખાનુ
નગારૂ, ન૦ પટહ, દડો ઠોકતા અવાજ કરે તેવુ વાદ્ય.
૨ ડમકો ૩ જાડું ને માસથી ભરપુર એવુ તે
નગીનો, પુ૦ (ફા૦) જડાવ દાગીનો ૨ કિમતી
નગ, હીરો. ૩ દેખાવડો માણસ. ૪ ચતુર,
હોશિયાર. ૫ ઠોડ, શંખ
નગુણુ, વિ૦ કરેલા ઉપકારને ગણે નહિ તેવુ,કૃતઘ્ની
નગોડ, ન૦(સ૦ નિર્ગુણ્ડ)એક જાતની વનસ્પતિ
નગ્ન, વિ૦ (સ૦) નાગુ, વસ્ત્ર રહિત ૨ ખુલ્લુ.
ઉઘાડુ, ૩ નિર્લજ્જ, બેશરમ. [જડભરત
નઘરોળ, વિ૦ કાળજી વગરનુ બેફિકરૂ નઠોર,
નંકાવું, ક્રિ૦અ૦ કાચનુ ભાગવુ, ફૂટી જવુ, નંદાવુ
નખાવું, ક્રિ૦ અ૦ દુર્બળ થઇ જવુ, નખાઇ
જવુ ૨ ઉલટી થવી, ઓકવુ
નગ, ન૦ પહેલ પાડેલો હીરો ૨ ચીજ, દા-
ગીનો ૩ એકેક વસ્તુ, રકમ ૪ વિદ્યાકલાથી
શોભતો માણસ ૫ લુચ્ચુ, હોશિયાર
નચાવવુ, ક્રિ૦ સ૦ નાચે તેમ કરવુ ૨. રમા-
ડવુ, ખિલાવવુ ૩ કુદાવવુ, ઉછાળવુ ૪ જેમ
કહે તેમ કરવુ
નચિંત, વિ૦ ચિંતા રહિત બેફિકર, બેપરવા
નચુકો, પુ૦ નકુચો [૨ નાદાન
નછોરવું, વિ૦ જેને કંઇ છોકરૂ નથી તે, વાંજિયું.
નજદીક, અ૦ (ફા૦) પાસે, પડોસમા;નજીક;કને
નજર, સ્રી૦ (આ૦) જોવુ તે, દૃષ્ટિ ૨ ઝાંખી,
દર્શન ૩ ધ્યાન, લક્ષ ૪ દેખાવ ૫ મહેરબાની,
કૃપા ૬ ભેટ, બક્ષીસ ૭ અભિપ્રાય, વિચાર,
"તમારી નજરમા કેમ બેસે છે" ૮ ભાવ, મન
નજર ઉતારવી—નઠારી દૃષ્ટિ પડી હોય તે
ટુચકાથી મટાડવી. **નજર ઉતારી નાંખવી** મહેર-
બાની કમી કરવી, કૃપાદૃષ્ટિ ઓછી કરવી **નજર**
ટુંકી છે—નાખી પહોચ નથી ૨ ઉદાર વૃત્તિ નથી
નજર ઘાલવી—ચિત્ત પરોવવુ, દાનત બગાડવી
નજર ચૂકાવવી—ભૂલથાપ દેવી **નજર ન**
પહોચવી—દૃષ્ટિમર્યાદાની બહાર હોવુ ૨. બુદ્ધિ
ન ચાલવી, તર્ક ન પહોચવો. **નજરમાં ઘાલવું**
—કોઇને નુકસાન કરવાની તજવીજમા રહેવુ
નજરકેદ, વિ૦ (આ૦) મુકરર કરેલી જગાએથી
ખસાય નહિ તેવી કેદ, દૃષ્ટિબંધન [દૃષ્ટિદોષ
નજરચુક, સ્રી૦ ધ્યાન ન હોવાથી થયેલી ચુક,
નજરચોર, પુ૦ નજર ચોરાવનાર
નજરબંધી, સ્રી૦ તંત્રખેલથી—જાદુથી લોકોની
નજર બાંધવી તે, લોકની આંખને ભુલાવામા
નાખવી તે, હાથ ચાલાકી
નજરબાજ, વિ૦ ચારેપાસ નજર રાખનાર,
સાવધાન સાવચેત ૨ તર્કશક્તિવાળુ ૩ ઝટ
સમજી જાય તેવુ
નજરબાગ, પુ૦ ઘરની પાસે આવેલો બાગ.[ઉપહાર
નજરાણુ, ન૦ નજર આગળ મુકેલી ભેટ, બક્ષીસ;
નજરિયુ, ન૦ નજર ન લાગે માટે ગાલ ઉપર

કાળુ મેશનુ ટપકુ કરે છે તે
નજરેનજર, અ० સમક્ષ, નજર સામે, દેખતા
નજળો, પુ० (આ०) મસ્તકની ગરમીથી થતો એક રોગ. એથી આખે ઝાખ વળે છે, નિમાળા સફેત થાય છે, અને દાત પડે છે
નજીક, અ० (ફા०) પાસે, નજદીક સમીપ
નજીવુ, વિ० દમવિનાનુ માલ વગરનુ, નકામુ ૨ સામાન્ય, સહેજ
નજીસ, વિ० (આ०) ખરાબ, ગદુ ૨ નીચ દુષ્ટ, નઠારા સ્વભાવનુ, અઠકલુ [કહેવુ તે
નજુમ, પુ० (આ०) જ્યોતિષ, ગ્રહ જોઇ ફળ
નજુમી, વિ० જ્યોતિષી, જોશી
નટ. પુ० (સં०) વેષ ભજવનારો, નર્તક, ખેલ કરનારો ૨ એ નામનો રાગ ૩ દોરડા ઉપર ખેલ કરનાર બજાણિયો.
નટડી, સ્ત્રી० નટનુ કામ કરનારી સ્ત્રી.
નટખટ, વિ० બાહોશ,કોઇથી ગાજ્યુ ન જાય તેવુ
નટવર, પુ० (સ०) છેલબટાઉ, ફક્કડ
નટવુ, ક્રિ० સ० નાચવુ, નૃત્ય કરવુ
નટવો, પુ० નટ, જુઓ [સુત્રધારની સ્ત્રી
નટી, સ્ત્રી० (સ०) નટની સ્ત્રી, નટડી ૨ નાટકમા
નટેશ્વર, પુ० મહાદેવ, શિવ.
નઠારૂ, વિ० ખરાબ, નરસુ ૨ ગાળ જેવુ, અસભ્ય
નઠોર, વિ० (નિષ્ઠુર) જેને શિખામણ–ચાનક ન લાગે તે, નિર્લજ, નફટ
નડ, સ્ત્રી० હરકત, અડચણ, વિઘ્ન
નડતર, સ્ત્રી० હરકત, અતરાય, વિઘ્ન
નડવુ, ક્રિ० સ० વચમા આવી હરકત કરવી, વિઘ્ન કરવુ, અટકાવવુ ૨ પીડા કરવી, સતાવવુ
નણદલ, સ્ત્રી० નણદી, નણદ.
નણદી, સ્ત્રી० વરની બહેન, નણદલ
નણદોઈ, પુ० નણદનો વર
નણદ, સ્ત્રી० વરની બહેન, નણદી
નતવાળિયો, પુ० મુએલાની પછવાડે વરસ દિવસ સુધી દરરોજ એક બ્રાહ્મણ જમાડવો તે
નથ, સ્ત્રી० નાકનુ ઘરેણું, વેસર, વાળી
નથ, ક્રિ० અ० નથી, છે નહિ (કાઠિ०)
નથડી–ની સ્ત્રી० વાળી, નકવેસર, વિટલી
નથાવુ, ક્રિ० અ० નાથવાળુ થવુ, અકુશ–લ-
નથી, ક્રિ० અ० છે નહિ [ગામમા આવવુ
નદ, પુ० (સ०) મોટી નદી–શોણ, સિધુ, બ્રહ્મપુત્રા ઈ० માથી પ્રત્યેક ૨ સમુદ્ર
નદાત–નદાતીઉ, વિ० નાદાર લઇ પાછુ ન આપે
નદારત–દ, અ० પાસે નથી–કઇ નથી [તેવુ.
નદાવા, અ० હવે પછી માગ્યુ નહિ મળે એમ, હક–દાવો નથી એમ
નદી, સ્ત્રી० (સ०) પાણીનો જે પ્રવાહ પર્વતમાથી નીકળી સાગર, કે સરોવરને મળે છે તે નદીનાવ સજોગ–એક બીજાને મળવાનો થયેલો યોગ
નધણિયાતુ, વિ० ધણી–માલીક વગરનું ૨ નવારસુ
નધાર, વિ० અદ્ધર, કોઈપણુ આધાર–ટેકા વગર
નનડવુ, ક્રિ० અ० કનડવુ પજવવુ, દુખ દેવુ
નનામુ, વિ० લખનારનુ નામ–સહી વગરનુ
નનામી, સ્ત્રી० ઠાઠડી, શબ વાહિકા, ખાટલી
નનૈયો, પુ० નકાર, ના, નન્નો
નન્દ, (નદ) વિ० નવ ૨ પુ० મગધનો એક મોટો રાજા ૨ વાણીઓ "નદના ફદ ગોવિંદ જાણે" ૩ દેડકો ૪ આનદ
નદન, પુ० (સં०) દીકરો, છોકરો, પુત્ર ૨. ઈદ્રનો બાગ ૩ એ નામનો ૧૮ અક્ષરનો છદ.
નદવવુ, ક્રિ० સ० ખડિત કરવુ, કકડા કરવો.
નદવુ, ક્રિ० અ० નદવવુ, ૨ નિદા કરવી
નદવાવુ, ક્રિ० અ० ખડિત થવુ, કકડા થવા.
નદા, સ્ત્રી० દુર્ગા ૨ નણદ ૩. પડવો, અગીયારશને છઠ એ દરેક તિથિ. ૪ આનંદ, મઝા.
નદિની, સ્ત્રી० છોકરી, દુહિતા, પુત્રી.
નદી, પુ० (સ०) શિવનો પોઠિયો, આખલો.
નન્નો, પુ० નકાર, ન એ અક્ષર [વગરનું, ઉટાગ
નપગુ વિ० પગ વગરનુ, લગડુ ૨ ખોડુ, મૂળાઅડ
નપાટ, વિ० નબળુ, નઠારૂ નકારૂ
નપુસક, વિ० (સ०) પુરૂષ અથવા સ્ત્રી જાતિનું ચિહ્ન જેને નથી તે ૨ જેનામા વશવૃદ્ધિ કરવાની શક્તિ નથી તે, હિજડો, ખોજો. ૩ પાણી વગરનુ, કાયર, નમર્દ

નફકરૂ, વિ૰ દરકાર વગરનુ,કાળજી-ચિતા વિનાનુ
નફટ, વિ૰ બેશરમ, બેઅદબ, નિર્લજ
નફટાઈ, સ્ત્રી૰ બેશરમપણુ, નઠોરપણુ.
નફરાન, પુ૰ (આ૰) ચાકર, લોડો, ગુલામ 'ક્યા કહેતા હે બે નફરાન ?''-અ ૦ગ૦
નફેરી, સ્ત્રી૰ (ફા૰) એક જાતનુ વાદ્ય.
નફો, પુ૰ (આ૰) ખરચ બાદ કરતા રહેલી જે કમાણી તે; ફાયદો, લાભ [લોડો, ગુલામ
નફ્ફેર, પુ૰ (આ૰) હલકુ કામ કરનારો ચાકર,
નબદવુ, ક્રિ૰ અ૰ ન ગાઠવુ, પત ન કરવુ
નબદુ, વિ૰ ઉચ્છૃખળ, બેપરવા
નબળાઇ, સ્ત્રી૰ નબળી હાલત,અશક્તિ,કમજોરી
નબળુ વિ૰ દુર્બળ ૨ અશક્ત, કમજોર ૩ નરમ, માઠુ ૪ નામર્દ, બાયલુ
નબાપુ, પુ૰ (આ૰) અનાથ ૨ બાપ વગરનુ
નબાબ, પુ૰ (આ૰) સુબો, નવાબ
નભ, ન૰ (સ૰) આકાશ.
નભરસુ, વિ૰ ખરાબ, બેસ્વાદ ૨ બેડોળ,વરવુ
નભવુ ,ક્રિ૰ અ૰ટકવુ,જારી રહેવુ,ઘણા કાળ રહેવુ
નભાવ, પુ૰ ટકાવ ૨ ગુજરાન, ગુજારો
નભાવવુ, ક્રિ૰ સ૰ ગુજારો કરી લેવો, ચલાવવુ
નમણ, ન૰ દેવ પૂજાનુ પાણી. ૨ તોલમા વ-ધારો, નમવુ તે
નમણી, સ્ત્રી૰ બળદ ચાલતા નીચુ જોઇ રહે માટે આગલા પગે અને શિગડે જે દોરી બાધે છે તે
નમણુ, વિ૰ નમેલુ, ઢળતુ ૨ વાકુ, આડુ
નમતુ, વિ૰ ઢાળ પડતુ,ઢોળાવમા ૨ વિવેકી, સભ્ય,નમી પડતુ ૩ તોલમા વધારે હોવાથી નીચે આવતુ (પલ્લુ) ૪ ઢીલુ, નરમ
નમન, ન૰ (સ૰) નમવુ તે, નમીને માન આ-પવુ તે,નમસ્કાર ૨ ગ્રથને આરભે જે ઇશ્વરસ્તુતિ તે
નમતાઈ, સ્ત્રી૰ નમ્રતા, નરમાશ ૨ ગરીબાઈ, સાલસાઇ નમનતાઇ=નમ્રતા
નામર્દાઇ, સ્ત્રી૰ નપુસકતા, હીચકારાપણુ
નમવુ, ક્રિ૰ સ૰ નીચુ વળવુ,મરડાવુ. ૨ નમ-સ્કાર કરવા, વદન કરવુ ૩ તાબે થવુ, નીચુ થવુ, હલકુ પડવુ

નમસ્કાર, પુ૰ વદન, નમન, નમવુ તે
નમાજ, સ્ત્રી૰ ખુદાની બદગી. **નમાજી**-ભક્ત.
નમાયલુ, વિ૰ રાક, સત્વહીન, નિરૂત્સાહી.
નમાયુ, વિ૰ મા વગરનુ
નમાર, પુ૰નીવાર,એની મેળે ઉગેલી ડાંગરના ચોખા
નમારમુકુ, વિ૰ કામ ધધા વગરનુ, નવરૂ ૨. સ્વચ્છદી, નિરકુશ ૩ કુટુબ પરિવાર વગ-રનુ, એકલવાયુ
નમાલુ, વિ૰ વિત્ત વગરનુ કોડીનુ, નજીવુ.
નમાવવુ, ક્રિ૰ સ૰ વાકુ-નીચુ વાળવુ ૨. તાબે કરવુ, હલકુ પાડવુ, હફાવવુ
નમુનો, પુ૰(ફા૰) વાનગી, ખાવાપીવાના પદાર્થનો જુજ ભાગ ૨ માસલો, અનુકરણીય વસ્તુ ૩. ઉત્તમ પ્રકારની વસ્તુ ૪ તરેહ, જાત, પ્રકાર ૫ બોકુ, ફરમો, બિસુ ૬ દાખલો, દષ્ટાત, ઉદાહરણ.
નમુનેદાર-નેદાર,વિ૰સરસ,ઉત્તમ. ૨ વાનગી લાયક.
નમેરૂ, વિ૰ મહેર વનાનુ, અપકારી, નિર્દય, ક્રુર
નમ્યુ, ન૰ નમવુ,નતિ, નમન 'એ નમ્યુ ન આપે'
નમ્ર, વિ૰ (સ૰) નમી પડેલુ, વળેલુ ૨. આ-જ્ઞાકિત, તાબેદાર, હુકમસર ૩ રાક,ગરીબ,સાલસ.
નમ્રતા, સ્ત્રી૰ (સ૰) નરમાશ, તાબેદારી, આજ્ઞા-કિતપણુ ૨ સાલસાઇ, વિવેક
નયણુ, વિ૰ ખાધ' વગર, અપવાસી. ૨ એકલુ.
નયન, ન૰ (સ૰) આખ, નેત્ર
નર, પુ૰ (સ૰) મનુષ્ય ૨ પુરૂષ, મરદ,ભાયડો ૩ મિજાગરૂ, ખીલાવાળુ બરડવુ નરમાદા.૪. પાણીવાળો-પરાક્રમી-શૂરવીર પુરૂષ, મર્દ
નરક, ન૰ (સ૰) પાપીને તેના મરણ પછી શિક્ષા પામવાને રહેવાનુ ઠેકાણુ, દોઝખ, જહા-ન્નમ, દુખ પડે તેવુ, ખરાબ સ્થળ ૩ માણસ અથવા જનાવરના મળમૂત્ર, વિષ્ટા, દુર્ગન્ધવાળો પદાર્થ નરકનો ટોપલો=અપજશનો ટોપલો
નરખ, સ્ત્રી૰ (ફા૰) તપાસ, પરીક્ષા, કસ ૨. દર ૩ ભાવનો ઠેરવેલો આક.
નરખવુ, ક્રિ૰ સ૰ નિરખવુ જોવુ, તપાસવુ.
નરવા ન૰ ગાવાની સાથે તાલ રાખવાનું એક વાદ્ય, જેને સાહી લગાડેલી હોય છે તે.

નરજાતિ, સ્ત્રી૰ પુલ્લિંગ ૨ પુરૂષના ગુણવાળુ
નરડી-ડો, પુ૰ગળુ, ગળાની નળી ૨ શ્વાસ નલિકા
નરણું૰ વિ૰ ભુખ્યા, અભુક્ત ૨ નર્યું, એકલુ ૩ નકોરડુ 'ઓકી દાતણુ જે કરે, નરણે હરડે ખાય, દૂધે વાળુ જે કરે, તે ઘેર વૈદ્ય ન જાય"
નરતુ, વિ૰ નઠાર, ખોટુ ખરાબ
નરદમ, અ૰ (ફા૰) નર્યું, તેજમાત્ર ૨ વિ૰ ચોખ્ખુ, ભેળસેળ વગરનુ, શુદ્ધ ૩ કિમતી,ભારે, તત્વવાળુ
નરપત-તિ, પુ૰ નૃપતિ, રાજા,લોકોને પાળનાર
નરપલુ, વિ૰ પાતળુ, દુબળુ ૨ અટકચાળુ
નરભે, વિ૰ નિર્ભય, નચિંત
નરમ, (ફા૰) કઠણુ-ખરબચડુ ન હોય તેવુ, સુવાળુ, મુલાયમ ૨ ધીરૂ, આકળુ ન હોય તેવુ ૩ રાંક, સાલસ ૪ સહેજ વાતમા ગભરાઇ જાય-પિગળી જાય તેવુ, પોચુ ૫ વાંકુ વળે-મરડાય તેવુ ૬ ધાડુ નહિ, પણ રગડા જેવુ, ઢીલુ ૭ ઓછુ, કમજોશવાળુ 'તાવ નરમ છે"
નૈવેદ, ન૦ દેવને ધરાવવાનુ જે ખાવાનુ તે,પ્રસાદ
નૈષ્ટિક, વિ૦ (સં૦) કર્મક્રિયા કરવામા તત્પર, આસ્થાવાળો ૨ મરણ સુધી બ્રહ્મચર્યવ્રત પાળી ગુરૂકુલમા રહેનાર (બ્રહ્મચારી)
નૈસર્ગિક, વિ૦ કુદરતી, સ્વાભાવિક, સહજ
ના, અ૦ નહિ, મા ૨. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય ૩ રૂપ-રૂપી
નૅાક, સ્ત્રી૦ (ફા૦) અણી, ટોચ ૨ ટેક,પણ,વટ
નૅાક, વિ૦ સુંદર, શોભાયમાન 'ભ્રમર દિસે છે શોભીતા, નોક દિસે છે નેન'—શામળ
નોકર, પુ૦ (ફા૦) મહેતો, ચાકર ૨ દાસ,સેવક, ખિદમદગાર [પરસ્વાધીન
નોકરીયાટ, વિ૦નોકરી કરનાર, નોકરીવાળુ ૨
નોકરી સ્ત્રી૦ ચાકરી ૨ સેવા, ખિદમદગારી
નોકાર, પુ૦ એક દીક્ષા મંત્ર (જૈનમા)
નોકારવાળી, સ્ત્રી૦ નોકાર કરવાની માળા
નોકારશી, સ્ત્રી૦ જૈન મત વાળાની ચોરાશી જૈનોનુ મોટુ જમણુ
નોખ સ્ત્રી૦પુ૦ ધાટ, ડોળ ૨ ટેક, વટ ૩ છટા, ખુબી ૪ મોખરો, મુખવટો, આગળની શોભા
નોખદાર, વિ૦ છટાદાર, ખુબીવાળુ, મોખરાનું
નોખુ, વિ૦ જુદુ, ઇલાયદુ, અળગુ
નોઝણુ, ન૦ ગાયને દોહતીવેળા પાછલા બે પગે જે દોરડુ બાધવામા આવે છે તે, સેલો
નોઝળાસાંકળ, સ્ત્રી૦ કમાડને બારસાખ સાથે જોડનારી સાકળ, સરડિયા સાકળ
નોટ, સ્ત્રી૦(અં૦) જે ચલણી કાગળ સિક્કાને બદલે વપરાય છે તે ૨ ચિઠ્ઠી ૩ પાનાના લખાણમા આવેલા શબ્દની સમજ આપવાને પાનાની નીચે આપેલી ટીપ, ટિપ્પણ, નોધ, ઉતારો
નોતર, સ્ત્રી૦નોતરેલાં—આમંત્રણ કરેલા માણસો.
નોતરવું,ક્રિ૦ સ૦ જમવા તેડવુ, બોલાવવુ;ઇજન દેવુ, આમંત્રણ કરવુ. [નારો ગોર
નોતરિયો, પુ૦ નોતરૂ કરનારો, ઇજન દેવા જ-
નોતરૂ, ન૦ઇજન ૨ બોલાવવુ તે,આમંત્રણ,નિમંત્રણ
નોધ—નોંધ,સ્ત્રી૦ યાદદાસ્તને સારૂ જે લખી રાખેલુ તે, ટાચણ, ટિપ્પણ ૨ જે ચોપડીમા માલ આપેલો વિગત સાથે નોધાય છે તે. ૩. જેમા યાદીને વાસ્તે હુંડી વગેરેની રકમો લખાય છે તે ૫.મોટા થાભલાને ટેકો આપવા સારૂ જે સાકટાઓ સાથે ખીલાથી જડે છે તે
નોધડિયો, પુ૦ છોકરો, છોરો
નોધડી, સ્ત્રી૦ છોકરી, છોડી.
નોધવુ—નોંધવુ, ક્રિ૦ સ૦ ટુંકામા લખવુ, દાખલ કરવુ, ટપકાવવુ ૨ નોધ જડવી
નોધલુ, વિ૦ નાનકડુ [લવાયુ. ૩ અદ્ધર.
નોધારૂ, વિ૦આધાર વિનાનું ૨ નિરાશ્રિત, એક-
નોબત, સ્ત્રી૦ (અ૦) મોટુ નગારૂ (ગાડામા કે ઊંટ ઉપર રાખી વગાડે છે તે)
નોમ, સ્ત્રી૦ પખવાડિયાનો નવમો દહાડો
નોય, ક્રિ૦ અ૦ નહોય, નથી
નોર, ન૦ ભાડુ, નુર ૨ ઉઝરડો, નહોર
નોરતુ, ન૦ નવરાત્રિમાનો અકેકો દિવસ.
નોરપડવુ, ક્રિ૦ અ૦ હારપડવુ, ચાલતુ થવુ.
નોરા, પુ૦ કાલાવાલા, આજીજી, નહોરા
નોહોર, પુ૦ નખથી પડેલા ઉઝરડા તે,નખક્ષત
નોળ, પુ૦ નોળિયો ૨ ભાડુ, નૂર,
નોળવુ ક્રિ૦સ૦ ગોરસાને કાથાની દોરડી પરાળ વગેરેના કુચાથી ઘસી સાફ કરવુ
નોળિયો, પુ૦ (નકુલ) એક જાતનુ ચોપગુ નાનુ પ્રાણી, જે ઉંદર સાપને મારે છે
નોળીકરમ, ન૦ યોગમાર્ગની એક ક્રિયા (નાકે પાણી પીવુ વગેરે) ૨ લુચ્ચાઈ, કાવતરૂ
નોળીનોમ, સ્ત્રી૦ શ્રાવણ સુદિ નોમ
નોળુ, ન૦ નાનુ સાપોલિયુ, જેને સીતાજીનું ઉઢણુ કહે છે ૨ ગોરસિયા ધોવાનો કુચો.
નૌકા, સ્ત્રી૦ (સં૦ નૌ)વહાણ, મછવો, હોડી
નૌકાગમન, ન૦સમુદ્રયાત્રા, સફર [નાવિક વિદ્યા
નૌકાશાસ્ત્ર, પુ૦ વહાણો હંકારી જવાનો હુન્નર,

નૌકાસૈન્ય, ન૦ દરિયાઇ લશ્કર
નૌતમ, વિ૦ નવુ, નૂતન, તાજુ ૨ નવુ શોભીતુ
ન્યાત-તિ, સ્ત્રી૦ નાત, જ્ઞાતિ
ન્યાતિલુ, વિ૦ નાતિલુ, નાતનુ
ન્યાય, પુ૦ (સ૦) ઇનસાફ,ખરાખોટાની તુલના, ફેસલો, ૨ સાચવટ, રાસ્તી, વાજબીપણુ ૩ કારણ ઉપરથી કાર્ય, પ્રતિજ્ઞા ઉપરથી અનુમાન શોધવાની વિદ્યા ૪ ધારો,નિયમ,કાયદો, રિવાજ, રવૈયો ૫ અમુકની પેઠે છે એવી જે કહેતી તે 'કીડીને ન્યાયે'
ન્યાયાગાર, ન૦ કોર્ટ, અદાલત, કચેરી
ન્યાયાધિકારી, પુ૦ ન્યાય કરનાર, ઇનસાફદાર, જડજ [ઇનસાફદાર
ન્યાયાધીશ, પુ૦ (સ૦)ન્યાય કરનાર અધિકારી,
ન્યાયાસન, ન૦ ઇનસાફદારની બેઠક-સ્થાન
ન્યાયી, વિ૦ (સ૦) ન્યાયવાળુ, વાજબી,રાસ્ત
ન્યારૂ, વિ૦ (હિ૦) જુદુ, નિરાળુ, અલગ ૨ અજાએબ જેવુ [પડી હોય તેવુ, કૃતાર્થ
ન્યાલ, વિ૦ દ્રવ્યથી ભરપૂર,પૂર્ણ ૨ ઇચ્છા પાર
ન્યાસ, પુ૦(સ૦) મૂકેલુ એવુ જે તે, સ્થાપન,
ન્યાસી, પુ૦ વૈરાગી, ત્યાગી [મૂકવુ તે
ન્યાળવું, ક્રિ૦ સ૦ ધારી ધારીને જોવુ,નિહાળવુ
ન્યુસ, ન૦ (અ૦) સમાચાર, બાતમી ૨ અખબાર, વર્તમાન [બાર, વર્ત્તમાન પત્ર
ન્યુસપેપર, ન૦ (અ૦) ખબરનો કાગળ,અખ-
ન્યૂન, વિ૦ (સ૦) ઓછુ, ઉણું,કમ **ન્યૂનાધિક**-
ન્યૂનતા, સ્ત્રી૦ ઓછાપણુ,કમીના [ઓછુવત્તુ

પ.

પ, પુ૦ (સ૦) એકવીસમો ઓષ્ઠસ્થાની વ્યંજન વર્ણ, ૨ વિ૦(સ૦પા-પાળવુ)પાળનાર 'ભૂપ' પીનાર 'મધુપ' [ખીચડો.' ટાઇપની પઇ'
પઇ, સ્ત્રી૦ પઇસાનો ત્રીજો ભાગ,પૈ ૨ ભગાર,
પઇડુ, ન૦ ચાક, પૈડુ
પઇડો, પુ૦ બાવળની શિંગ
પઇતુ, ન૦ગોળ નાનો પાતળો કડકો,કાતળી,પીતો
પઇસો, પુ૦ પા આનો, ત્રણ પાઇની કિંમતનો સિક્કો, જનાદી
પકડ, સ્ત્રી૦પકડવા-ઝાલવાનો એક દાવ (કુસ્તીમા). ૨ કબજો,પંજો,ચુંગલ,દાબ.૩ ભૂલ શોધી કાઢવાની ચાલાકી તે (તકરારમા) ૩ કોઇ વસ્તુ સજડ ઝાલવાનુ હથિયાર, સાણસી,ચાપ ૪ કાડાબળ.
પકડવુ, ક્રિ૦ સ૦ બાઝવુ ઝાલવુ, વળગવુ કોઇ વસ્તુ પડી કે સરી ન જાય તેમ ઘણા જોરથી ઝાલવુ તે ૨ સરકાર હુકમથી કોઇ માણસને કબજ કરવુ કેદ કરવુ ૩ શોધવુ, ખોળવુ,પેદા કરવુ 'ચોર પકડાતો નથી" ૪ રોકવુ,અટકાવવુ. કાન પકડવો=ભૂલ કબુલ કરવી ૨ બળજોરી કરવી ૩ ઠપકો દેવો
પકડાવવુ, ક્રિ૦ સ૦ કબજે કરાવવુ,ઝલાવવુ.
પકડાવુ, ક્રિ૦ અ૦ ઝલાવુ, પોતાની મેળે તાબે થવુ, ઝલાઇ જવુ ૨ ઉઘાડા પડવુ ૩ જડવુ, મળી આપવુ
પકતુ, વિ૦ મોકળુ,પહોળુ,વિશાળ, પોકતુ
પકવવુ,ક્રિ૦ સ૦ પાકે તેમ કરવુ ૨ રાધવુ,ચઢવવુ ૩ તપવવુ,ખોટી કરવુ
પકવાન, ન૦ [સ૦] તળીને બનાવેલો ભોજનમા ઉંચો પદાર્થ ૨ મીઠાઇ ૩ રાધેલું અન્ન
પકવાસા,પુ૦છાપરાના સાકટા સાથે જડેલી ચીપ,
પકવાસી,સ્ત્રી૦સધાડો,ચરખ [ખપરડા
પકાર, પુ૦ પ અક્ષર ને ઉચ્ચાર, પપ્પો
પક્કાઈ,સ્ત્રી૦ ખધાઇ, ભેદ-પ્રપંચ સમજવો તે, કાબેલિયત, પક્કાપણું
પક્કુ,વિ૦ કાબેલ,પાકુ,છેતરાય નહિ તેવુ ૨ પુખ્ત ૩ ખરેખરૂ, નક્કી ૪ પાકુ, જર્જરિત, વરડુ, જીર્ણ ૫ મજબુત, તૂટે ભાગે નહિ તેવુ
પક્વ, વિ૦ [સ૦] પાકેલુ ૨ રધાયેલું ૩ તૈયાર,
પક્વાશય, ન૦ ઓજરી, પેટ [જીર્ણ
પક્ષ, પુ૦ (સ૦) પાખ ૨ પખવાડિયુ ૩ બાજુ, પાનુ, પડખુ ૪ બેની તકરારમા એકની તરફના થવુ તે, તરફેણ, ઉપરાણું, બાજુ ૫ મત,વિચાર, અભિપ્રાય ૬ તડ, વર્ગ, સમૂહ. ૭ તકરારી બાબત, વાદવિષય ૮ બળ

પક્ષકાર, પુ૦ તરફદાર, એકાદા-પક્ષનું માણસ. ૨ સામાવાળિયુ

પક્ષઘાત-પક્ષાઘાત, પુ૦ (સ૦) શરીરનુ એક પાસુ મરી ગયુ હોય-નિરૂપયોગી થયુ હોય તે રોગ,એક જાતનો વાત રોગ.

પક્ષપાત, સ્ત્રી૦ એકાદા પક્ષ તરફ ઢળી પડવુ તે, તરફેણુ ખેચવી તે, તરફદારી, ઉપરાણું

પક્ષપાતી, વિ૦પક્ષપાત કરનાર,એકતરફી, ૦ગિયુ

પક્ષવાદી, પુ૦ (સ૦) વકીલ, એલચી

પક્ષા, સ્ત્રી૦ પક્ષ, તરફેણુ

પક્ષાતર, ન૦ પક્ષભેદ, તરફદારી

પક્ષાપક્ષી, સ્ત્રી૦ રાખરખાવટ,તરફદારી,લાગવગથી કામ કરવુ તે

પક્ષિણી, સ્ત્રી૦ [સ૦] પખીની માદા

પક્ષી, ન૦(સ૦)પાખવાળુ ઉડતુ પ્રાણી,પખી

પક્ષી, વિ૦ [સ૦] પક્ષ કરનારો, મળતિયો

પક્ષે-ખે, અ૦પડખે,બાજુએ ૨ એકાદ બાજુએ

પખ, પુ૦ પક્ષ, જુઓ.

પખવાજ, સ્ત્રી૦ [સ૦ પક્ષ+વાદ્ય] બે પાસ વગાડવાનુ હોય તેવુ એક વાદ્ય, મૃદગ,પખાજ

પખવાડિયું-ડુ, ન૦ પદર દિવસનો કાળ તે, પક્ષ

પખવાની, સ્ત્રી૦ કાનનો વેહ વધારવા વપરાતી [સળીઓ-ભુગળી.

પખાજ, સ્ત્રી૦ પખવાજ

પખાજી, પુ૦ પખાજ વગાડનારો

પખાલ, સ્ત્રી૦ [પય+ખલ-ચામડુ] પાણી ભરી લાવવાનુ ચામડાનુ ઠામ, મસક ૨ પ્રક્ષાલન, શિવના નિર્માળ ઉતારી દેવસ્થાનને પાણીથી ધોવુ તે ૩ મોટુ, ભારે અને માંસલ પેટ

પખાલચી-લી, પુ૦ જે પોતાની ખાધ ઉપર અથવા બળદ પાડા ઉપર પખાલ નાખી પાણી ભરવા છાટવાનો ધધો કરે છે તે

પખાળવું, ક્રિ૦ સ૦ ખૂબ પાણીથી ધોવુ-સાફ કરવુ, ખખાળવુ 'શ્રી હરિચરણુ પખાળતાં,મારો જન્મ સાર્થક થાય'

પખિયારું, ન૦ સાધો, પસિયારૂં મેંડવુ,ચાખિયારૂં

પખું, ન૦ પક્ષ, બાજુ "પ્રીતિ ઘણી મોસાળ, પ્રીત ઘણી શ્વશુર પખાની"-શામળ

પખે, અ૦ વિના, સિવાય.

પખોડવું, ક્રિ૦ અ૦ પછાડવુ

પગ, પુ૦ [પાદ] ઉભા રહેવામા અથવા ચાલવામા પ્રણીનો જે અવયવ કામમાં આવે છે તે; ચરણુ, પાદ ટાટિયો ૨ કોઈ વસ્તુ જેના આધારે ઉભી રહે છે તે, પાયો 'મેજનો પગ"૨ મુદ્દાની વાત,આધાર **પગ આવવા**=ચાલવા-હિંડવા માડવુ, ૨ પોતાના ઉપર આધાર રાખવાનું બળ આવવુ ૩ ખસી જવુ **પેટમા પગ છે**-કાવતરુ-મેલ છે. **પગ ઉઠાવવા**-ચાલવામા ઉતાવળ કરવી,જલદી ચાલવુ **પગ કાઢવો**-અમુક કામમાથી મુક્ત થવુ-ખસી જવુ ૨ ખસેડવુ, દૂર કરવુ, જતુ આવતુ બધ કરવુ ૩. ચલણુ બધ કરવુ,જોર ટાળવુ **પગ છુટા કરવા**-સાકડમાંથી મુક્ત થવુ ૨ ચાલીને પગને કસરત આપવી. **પગ ઘાલવો**=પેસવુ,માથુ મારવુ,ધસી જવુ **પગ ટકવે-ઠરવો**=એક જગાએ ઠરી નિરાત વાળી બેસી ન રહેવુ ૨ જારી રહેવુ **પગ ટાળવો**=જતુ આવતું બધ કરવુ દૂર કરવુ ૨ ચલણુ બધ કરવુ, સત્તા જાય એમ કરવુ **પગ થવા**=શક્તિ-સમજ આવવા માડવી ૨ ઉપડી જવુ ૩ અવરજવર થવો **પગ ધોઇને પીવા**=પૂજ્યબુદ્ધિ-ભાવ રાખવો ઘણો આભાર માનવો **પગ નીકળી જવો**-જતુ આવવુ બધ થવુ, દૂર થવુ, ચલણુ બધ થવુ **પગપર પગ ચઢાવી બેસવું**-નિષ્કાળજીથી ગપ્પાં મારતા બેસી રહેવું;નવરૂ બેસી રહેવુ **પગ પાછા પડવા**-શરમાવુ, જવાનો ભાવ ન થવો,આચકો ખાવો, **પગ વેસવો-થવો**=આવતુ જતુ થવુ, દાખલ થવુ, ઘુસવુ ૨ ચલણુ થવુ **પગ બાધીને રહેવુ**-લાબા વખત સુધી ટકી રહેવુ; નિશ્ચ્યા કરવુ **પગ ભાગવા**-અશક્તિ આવવી ૨ હરાવવુ, આગળ વધતા અટકાવવુ ૩. લગડુ કરવુ. ૪ નિરાશ થવુ, આશાભગ થવુ **પગ ભારે થવો**-વસગાળે મહાવરો મૂકી દીધાથી આચકો ખાવો, શરમાવુ,**પગ પાછો હઠવો**;સંકોચાવુ. **પગ માંડવો**-સ્થિર ઉભા રહેવુ (બાળકે) ૨. નિરાત ધરવી ૩. શરૂઆત કરવી. ૪ દાખલ થવું. **પગમાં**

માથુ નાખવુ–પગે પડવુ **પગ વધારવા**–ધીમે ધીમે આગળ ધસવુ ૨ લાગવગ વધારવી **પગ વાળવો**–થાક ખાવો, વચમા અટકી શરીરને સુખ આપવુ, વિરામ લેવો **પગથી તે માથા સુધી**–નખથી શીખા સુધી, આખે શરીરે,સર્વાગે **પગે કમાડ ઠેલવા**=એ માલુમ રીતે કામ કરવુ, પલીતો મૂકવો **પગે ટરવુ**-બાળકને અધાડવુ **પગે કીડીઓ ચઢવી**-કામ કરતા કટાળો આવવો **પગે પડવુ**–નમવુ ૨ આજીજી કરવી ૩ નમીને પ્રણામ કરવા **પગે મેદી ચોપડવી**=હિંડવાનુ આ-આળસ. **પગે લાગવુ**–નમવુ, કગરવુ

પગચ પી, સ્ત્રી૦ પગ ચાપવા તે, ચપી

પગતુ, વિ૦ મોકળુ ,મકતુ,વિશાળ [ધક્કા

પગતોડ, સ્ત્રી૦ નકામા ફેરા આટા ખાવા તે,

પગથાર,સ્ત્રી૦ થોડા પગથિયા પછીનુ એક પહોળુ

પગથારિયુ ,ન૦મોટુ પહોળુ પગથિયુ [પગથિયુ

પગથિયુ , ન૦ ચઢવા ઉતરવા સારૂ પગ મુકવાનુ પત્થર અથવા ઇટનુ જે ચણુતર અથવા લાકડાનુ જડેલુ જે પાટિયુ તે

પગથી,સ્ત્રી૦મોટા રસ્તાની બાજુનો નાનો રસ્તો, શેરડી ખેતરમા પડેલો રસ્તો, એક જણુથી જવાય તેટલો રસ્તો, પગલા પડીને થયેલી વાટ

પગદ ડો, પુ૦ થોડુ પણુ ઉભુ ઉભુ ફરાય તે, ૨ થોડુ ઘણુ મદદગાર [દાખલ થવાનુ તે

પગપેસારો, પુ૦ લાગવગ ૨ આવજાનો પરિચય,

પગપાળો, પુ૦પગે ચાલનાર,પાળો,પેદલ સિપાઇ

પગર, પુ૦અનાજનો પાર,પગોર [૨ કાસદ

પગરખુ ,ન૦ (સ૦ પાદ રક્ષણ)પગના રક્ષણુ અર્થે જે પહેરવામા આવે છે તે,જોડો,મોજડી, ખાસડા **પગરખામા પગ વાલવો**—બરોબરી કરવી, હરિફાઇ કરવી

પગરણુ,ન૦જનોઇ, લગન,વગેરેનો જે રુડો દિવસ તે,સારૂ ટાણું, અવસર, રૂડુ કારજ ૨ શરૂઆત **પગરણુ માડવુ**–શરૂઆત કરવી [હિલચાલ

પગરવ,પુ૦ચાલતા થતો અવાજ ૨ જવર અવર,

પગરવટ, સ્ત્રી૦ પગના ઘસારાથી પડેલી વાટ-માર્ગ, પગનો ધમારો તે [૩. શેરડી, પગથી

પગરવટો, પુ૦ જવર અવર ૨ પગનો ઘસારો

પગરસ્તો, પુ૦ખુશકીનો રસ્તો ૨ પગથી નાનો, રસ્તો [પાદપક્તિ ૨ પગથી

પગલી, સ્ત્રી૦ ચોરના પગલા ૨ પગલાનીહાર,

પગલુ ,ન૦ ચાલવાથી જમીન ઉપર પડેલો પગનો આકાર, ડગલુ ૨ પગના તળિયાના ચિહ્નવાળી તખતી ૩. ચોરના ચાલવાથી પડેલુ ચિહ્ન ૪ બે ડગલા વચ્ચેનુ અતર તે **પગલુ ભરવુ**–આગળ વધવુ **પગલાં કરવા**–પધારવુ, આવવુ (માનાર્થે) **પગલે ચાલવુ**–અનુકરણુ કરવુ,અનુસરવુ આગળ પ્રમાણે વર્તવુ **પગલાં લેવા** ઉપાય લેવો–ફરિયાદ કરવી

પગલે પગલે, અ૦ વારવાર, ઘણુ ખરૂ,હરદમ

પગવાટ, સ્ત્રી૦પગલાએ પડેલી પગથી, ગાડી ન ચાલે તેવો રસ્તો ૨ ખુશકી

પગાર,પુ૦(પોર્ટુ૦)નોકરીના બદલામા આપવાનો બદલો ૨ **વિ૦** મોકળુ , વિશાળ "ત્રીશ યોજન નગરી વિસ્તાર, ચૌટા ચોવટા પોળ પગાર"

પગારદાર,વિ૦પગાર લઇને કામ કરનારો,પગાર ખાનારો, નોકર ભાડુતી

પગી, પુ૦ પગલા પારખી ચોર શોધી કાઢનારો, પગલુ કાઢનારો, "કુટી મુવા પગીઓ સહુ,પગલુ ઘેરનુ ઘેર"–શામળ ૨ **વિ૦**જન્મતા જેના પગ પહેલા બહાર આવ્યા હોય તે

પગેપડવુ, ક્રિ૦ અ૦ પ્રણુામ કરવુ, નમવુ ૨ નમી પડવુ,આજીજી કરવી,પગે લાગી માફ માગવી

પગેપરણુ ,ન૦પગે લાગતા મુકવાની ભેટ,નજરાણું

પગેરૂ , ન૦ પગલુ,પગલુ કાઢવુ તે ૨ પગખાડુ

પગેલાગણુ , ન૦ પગે પડવુ તે,પ્રણુામ,પ્રણિપત ૨ પગે લાગી ભેટ મૂકવી તે.

પગો, પુ૦સ્ત્રીઓને પહેરવાનુ પુતળી ભાતનુ કપડુ.

પગોર, પુ૦ ડુડા તથા ઉબીનો હાલરૂ ફેરવવાને

પઘડબધ, પુ૦પાઘડી બાધનરો [કરેલો ઢગલો

પક, પુ૦ કાદવ, કીચડ ૨ પાપ, દોષ

પકજ,ન૦(સ૦)કમળફૂલ ૨ કાદવમા પેદા થનાર.

પકાવુ, ક્રિ૦ અ૦ ઠામ ઠામ ઓળખાવુ, પ્રખ્યાત થવુ, જાણીતા થવુ, વખણાવુ

પંકાયેલું, વિ૦ નામીચું, પ્રખ્યાત; વખણાયેલું
પંક્તિ, (સં૦) હાર, ઓળ, ૨ પંગત ૩ વર્ગ,
પંખ, સ્ત્રી૦ પાંખ, ૨ પક્ષી. [ટુકડી, ટોળી
પંખઘાત, પું૦ પક્ષાઘાત
પંખાળિયું-ળી, ન૦ એક જાતની ડાગર
પંખિયું, વિ૦ પાંખવાળું ૨ એક બાજુનું ૩
પંખીડું, ન૦ પક્ષી, વિહંગમ [ન૦ પાંખિયું
પંખેરૂ, ન૦ (ફા૦) પક્ષી, નાનું નાજુક પંખી
પંખો, પું૦ હવાને હિલવી પવન લેવાનું સાધન વિંઝણો ૨ પૈડા ઉપરનું ઢાકણું
પંગત-તી, સ્ત્રી૦ પંક્તિ, હાર, ઓળ, ધાલ.
પંગુ, વિ૦ (સં૦) લંગડું, ૨. પાંગળું
પચાક, પું૦ રસોઇયો, ૨ ધવારો
પચકડી, સ્ત્રી૦ પિચકારી
પચકલું, સ્ત્રી૦ વિ૦ બીકણું, પોચું, ઢીલું
પચકાણું, ન૦ જૈનોમા અપવાસ કરવાનુ એક વ્રત
પચકારી, સ્ત્રી૦ પિચકારી
પચન, ન૦ પાચન થવું તે, ખાધેલું હઝમ થવું તે
પચપચ-ચું, અ. છેક જ પોચું; ગદગદું; ઢીલું, કુચાપાણી.
પચરંગ-ગી, વિ૦ પાંચ રંગવાળું ૨ રંગબેરંગી
પચવવું, ક્રિ૦ સ૦ પચે તેમ કરવું
પચારવું, ક્રિ૦ સ૦ વારે વારે કહેવું, ટંકાર કરવી, ઇસારો કરવો ૨. ફેલાવવું; પસારવું.
પચાવવું, ક્રિ૦ સ૦ જઠરાગ્નિમાં પચે તેમ કરવું. ૨. દબાવી બેસવું "તેણે તે માલ પચાવ્યો"
પચવું, ક્રિ૦ અ૦ (સં૦ પચ્) ખાધેલું હઝમ થવું ૨. ઘણીવાર ટકવું; નિરાતે ભોગવાવું ૩. રસબસ થવું, એકતાર થવું, લીન થવું. 'આ જીવ અવિદ્યા પ્રપંચમાં પચેલો છે' ૪ વ્યાપી રહેવું
પચાશ-સ, વિ૦ બે પચ્ચીસ, ૫૦.
પચીસી, સ્ત્રી૦ પચીસ વર્ષની ઉંમરનો સમય.
પચુલાં, ન૦ આપલાંધાપલાં, ફુલવણાં
પચુસણ, ન૦ (સં૦ પર્યુષણ) જૈનોના ઉપવાસના [દિવસ.
પચ્ચીસ, વિ૦ વીસ ને પાંચ, ૨૫.
પચ્ચીસી, સ્ત્રી૦ જેમાં પચ્ચીસ વાના હોય તે. ૨ પચ્ચીસ વર્ષની આસપાસનો જુવાનીનો સમય.
પચ્છમ, સ્ત્રી૦ પશ્ચિમ. ૨ વિ૦ આથમણું. ૩. પાછળનું, પચ્છમ બુધિયું=કર્યા પછી ખરી બુદ્ધિ સુઝે તેવું, અગમચેતી વિનાનું "અગમ બુદ્ધિ વાણિયો, પચ્છમ બુદ્ધિ બ્રહ્મ.' [રોગથી સપડાવું.
પછડાવું, ક્રિ૦ અ૦ અફળાવું; કુટાવું ૨. માંદા પડવું;
પછવાડી, સ્ત્રી૦ પાછળ લાગવું તે; પુઠ; કેડો. ૨ પછાડી, પાછળ.
પછવાડી-ડે, અ૦ પુઠે, પાછળ પછવાડે લાગવું= પાછળ પડવું ૨ ચીઢવવું, કાયર કરવું; ૩ ખતે પડવું.
પછવાડુ, ન૦ પાછળનો ભાગ, પૃષ્ઠ ભાગ; પુઠ; કેડો.
પછાડવું, ક્રિ૦ (સ૦) જોરથી પટકવું, નીચે નાંખવું, અફાળવું ૨ રોગે સપડાવું. ૩. હરાવવું.
પછાડી, સ્ત્રી૦ ઘોડાના પાછલા પગે બાંધવાનુ [દોરડું.
પછાડી, અ૦ પછવાડે.
પછાડું, ન૦ પાછળનો ભાગ; પુઠ.
પછાડો, પું૦ ઉથલો, ફરીથી પછડાવું તે (રોગથી). ૨ ગોથ, ગુલાટ, જોરથી આમતેમ અફળાવું તે. ૩ કુટવાના ફાંફાં મારવા તે
પછાત, અ૦ (સં૦ પશ્ચાત્) પાછળ, પુઠે.
પછાત, વિ૦ પાછળ રહી ગયેલું
પછી, અ૦ કેડે; પાછળથી, થોડીવાર રહીને
પછીત, સ્ત્રી૦ ઘરની પછવાડેની ભિંત. [પાટિયું.
પછીતિયું, ન૦ ગાડાના માચડા પછવાડે બાંધવાનું
પછેડી, સ્ત્રી૦ પિછોડી. જુઓ "સોટીમાં શું, એવું કહીને પછેડી પણ લીધી વાળા."
પછેડીવા, અ૦ પછેડીની જાડાઇ જેટલું; આશરવા.
પછેડો, પું૦ જાડો ચોફાળ, મોટો ઓછાડ, પિછોડો ઢાંક પછેડો=છાવરવું તે; ઢાંકઢીબડ કરવું તે.
પજવવું, ક્રિ૦ સ૦ ગભરાવવું; અકળાવવું; ચીઢવવું, દુ:ખ દેવું, વિતાડવું.
પજાવો, પું૦ ઇંટ નળિયાની ભઠ્ઠી, નીભા.
પંચ, વિ૦ (સં૦) પાંચ ૨. ન૦ પાંચ ડાહ્યા માણસોની મંડળી. ૩ એ પંચમાંનો એક. ૪. જેને કોઇનો પક્ષ નથી એવો ત્રાહિત પુરુષ. ૫. ફાળો પાડવાનું ઓજાર. પંચ ઇંટાળી=સમસ્ત લોક તરફથી ઇંટોનો માર મારવો તે.
પંચક, પું૦ (સં૦) ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી-તે રેવતીના અંત સુધીના જે પાંચ નક્ષત્ર તે; પાંચ

દિવસનો કાળ તે. ૨ પાચનો સમુદાય
પંચકડુ, ન૦ પાચનો સમહ, પચક.
પચકલ્યાણ–ણી, વિ૦પાચ શુભચિહ્ન હોય તેવુ.
પચકાર, પુ૦ વણકરનુ એક ઓજાર
પંચકેશ, પુ૦ મનુષ્યને પાચ જગાએ ઉગતા વાળ (માથુ મુછ, બે બગલ,દાઢી અને ગુહ્યેન્દ્રિય)
પચગુણ, પુ૦ શબ્દ, સ્પર્શ રૂપ, રસ, ને ગધ એ પાચ ગુણ [પચની કસોટી
પંચકયાસ, સ્ત્રી૦ પચાતનામુ, જાહેર પરીક્ષણ,
પચકોણ, વિ૦ પાચ ખુણાવાળુ
પચકોશ, પુ૦ (સ૦) દેહના જે પાચ પડદામા આત્મા રહ્યો છે તે, અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, ને આનદમય એવા પાચ કોષ
પચગવ્ય, ન૦ (સ૦ પચ+ગવ્ય–ગાયનુ) ગાય થી ઉત્પન્ન થયેલા પાચવાના દુધ, દહિ, ઘી, મૂતર ને છાણ એ પાચ દેહશુદ્ધિ માટે વપરાય છે
પચતત્વ, ન૦ (સ૦) પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ એ પાચ મહાભૂત, જગતની ઉત્પત્તિના કારણરૂપ પાચ મુખ્ય બીજ તે [શાસ્ત્ર.
પચતત્ર, ન૦ વિષ્ણુશર્મા રચિત એ નામનું નીતિ
પચતિર્થ, ન૦ પ્રયાગ, પુષ્કર, નૈમિષ, વિશ્રાતિ સૌકર એ પાચ તીર્થનો સમુદાય
પચત્વ, ન૦પાચપણુ.૨ મરણ,મૃત્યુ **પચત્વ** પામવુ –પાચ તતવપણાને પામવુ ,મરી જવુ , ગુજરી જવુ
પચપાત્ર, ન૦ સન્ધ્યાદિક કર્મમા કામ લાગતુ પાણી ભરવાનુ ઉભા ઘાટનુ પવાલુ, એમા બો ળવાની વસ્તુને આચમની કહે છે
પચપ્રાણ, પુ૦ (સ૦) જે પાચ વાયુ પ્રાણીની જીદગીને જરૂરના છે તે પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન
પચબાણ, ન૦ (સ૦) પાચપ્રકારના જેના બાણ છે તે દેવ, કામદેવ, મદન (કમળ, અશોક, આબાનો મોર, નવમલિકા, ધેરા આસમાની ૨ ગતુ કમળ) [કેડ ઉપર ભમરો હોય તેવો ઘોડો
પચભદ્ર, પુ૦ કાળજુ, મો, પીઠ, પડખુ અને
પચભાગ, પુ૦ ભૂતયજ્ઞ ભાગ ઘરમાં રોજ થતા નાના દોષોના નિવારણાર્થે અપાતું દાન, રસોઇ કરતા ચપટી ચપટી અન્ન કઢી લઈ દાન તરીકે આપે છે તે [આકાશ, પચતત્વ
પચભૂત, પુ૦ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને
પચમ, પુ૦ (સ૦) સપ્ત સ્વરમાનો પાચમો સ્વર તે ૨ વિ૦ પાચમુ [ને મૈથુન)નો સમુદાય
પચમકાર, પુ૦પાચ મકાર (મદ્ય માસ, મત્સ, મુદ્રા
પચમાસી, સ્ત્રી૦ગર્ભવતી સ્ત્રીના પહેલા ગર્ભના સબધી પાચમે માસે કરવામા આવતો સસ્કાર.
પચલવણ, ન૦ સૈધવ, બિડ લવણ, સચળ, ટકણ અને સમુદ્રનું મીઠુ
પચસુગધક, પુ૦ કપુર, લવિંગ, કકોલ,જાયફળ, અને અગર એ પાચ ખુશબોદાર પદાર્થ
પંચમી, સ્ત્રી૦ (સ૦) પાચેમ ૨ પાંચમી વિભક્તિ (વ્યાકરણમા)
પચમુખી, વિ૦ પાચ મો વાળુ, પચાનન.
પચરગી, વિ૦પાચ ૨ગનુ, પચરગી,૨ગ બેરગી ૨ મિશ્ર જાતિનુ સેળભેળિયુ, સકર ૩. આડુઅવળુ
પચરત્ન, ન૦ (સ૦) પાચરત્ન સોનુ, મોતી, હીરો માણેક ને પાનુ
પચરસિયુ,વિ૦પાચ અથવા વધારે રસનુ મિશ્રિત
પચરાઉ, વિ૦ મિશ્ર, બેચાર જાતનુ, સેળભેળિયુ ૨ છુટક વેચાતુ
પચવટી, સ્ત્રી૦ જ્યા પાચ રસ્તા મળતા હોય તેવુ ચકલુ ૨ ગોદાવરી નદી ઉપરનો એક પ્રદેશ.
પચવાયકા, સ્ત્રી૦ લોક મત, ગામગપાટો,અફવા
પચરાશિ, સ્ત્રી૦ પાચ પદ ઉપરથી છઠ્ઠુ પદ કાઢ વાની રીત, બેવડી ત્રિરાશીની રીત
પચવક્ત્ર, વિ૦ પાચ મોનું 'શિવ, હનુમાન,ઈ૦'
પચાગ્નિ, (સ૦)ચારપાસ ધુણી ને ઉપર સુર્યનો તાપ એવુ એક કઠિન વ્રત.
પચાંગ, ન૦ (સ૦) તિથિ, વાર, નક્ષત્ર, યોગ ને કરણ એ પાચ વાના જણાવનાર જે ગ્રથ– ટિપણ તે.
પચાજીરી, સ્ત્રી૦ ખસખસ, ટોપરુ, આરોળી, અજમો ને ખાડ એ પાચનુ ચૂર્ણ.
પચાણુ, વિ૦ તેવુ ને પાચ, ૯૫
પચાત, સ્ત્રી૦ પાચ અથવા વધારે સભ્ય પુરુષો

પાસે નિર્ણય—ફેસલો કરાવવો તે,ભાંજગડ,ઊહાપોહ ૩ તકરાર,ખટપટ ૪ ફિકર,ચિંતા ૫ મુશ્કેલી; ગુંચવાડો

પંચાતખોર, વિ૦ ભાજગડ કરનાર, ભાજગડિયું. ૨. ચર્ચામાં માથુ મારનાર—રસિયો

પંચાતનામુ, ન૦ પંચાતનો ઠરાવ ૨ પંચાત કરવાની સત્તાનો લેખ

પંચાતિયુ, વિ૦ તકરારી, ગુંચવણિયુ, પંચાત થવી જોઇએ તેવુ ૨ પંચાત કરનારૂ

પંચાતી,સ્ત્રી૦ તકરાર, ભાજગડ ૨ પીડા; દુ:ખ ૩ મુશ્કેલી. ૪ ભાજગડિયો.

પંચાનન,પું૦સિંહ ૨ પાંચ મુખવાળો દેવ, શિવ

પંચામૃત, ન૦ (સં૦) દહિં દુધ, ઘી, મધ ને ખાંડ, એ પાંચ અમૃતનું મિશ્રણ તે. એ પાંચેથી દેવને સ્નાન કરાવ્યા પછી એ નવાણનું આચમન તે

પંચામૃતયોગ, પું૦ ગળો, ગોખરૂ, મુશળી,મુંડિકા અને શતાવળ એ પાંચ ઔષધીનો યોગ

પંચાયત, સ્ત્રી૦ મંડળી,સભા,૨.પંચાત,ભાંજગડ

પંચાયતન, ન૦ (સં૦) પાંચ દેવોનો સમુહ તે

પંચાવન, વિ૦ પચાસ ને પાંચ, ૫૫.

પંચાશી—ચ્યાશી, વિ૦ એંશી ને પાંચ, ૮૫

પંચાળ પું૦ ઠગ, લુચ્ચો

પંચિયું, ન૦ નાનું ધોતિયુ(ઘરમા પહેરવાનું)

પંચી,સ્ત્રી૦ મશ્કરી, મજાક. ૨ કાંટાની ચુની.

પંચીકરણ, ન૦(સં૦) આકાશાદિ પાંચ તત્વોનુ દેહ આદિમા જે પરસ્પર અનુકૂળ સંમિશ્રણ તે. ૨. પાંચ તત્વને એકઠા કરવા તે.

પંચીગર, પું વિંટી,કાંટા વગેરેમા ચુની—નગ બેસાડનાર, જડિયો.

પંચેંદ્રિય, સ્ત્રી૦ કાન, ચામડી, આંખ, જીભ અને નાક એ પાંચ ઇંદ્રિયો તે

પંચોતેર, વિ૦ સિતેરને પાંચ. ૭૫

પંજર,ન૦(સં૦) પિંજર, પાંજરૂં.

પંજાબી, વિ૦ પંજાબ દેશનું. ૨. કદાવર, મજબુત; ઉંચુ અને કદાવર, પહેલવાન.

પંજીરી, સ્ત્રી૦ પંચાજીરી.

પંજેગો, પું૦ બનાવો;ફજેતો.૨. જાહેર તોફાન.

પંજો—જો, પું૦(ફા૦)પાસા અથવા પાનામા પાંચીઓ જે સમુદાય તે ૨ આંગળાં ને હથેળી એટલો કાંડાનો ભાગ ૩ સહીને ઠેકાણે હાથનો જે છાપો તે ૪ પશુઓના પગનો અવયવ.૫.પકડ; કબજો. પંજામાં આવવુ=સપડાવુ, ફસાવું. પંજામા લેવુ=કબજે લેવુ, સપડાવવુ;દાવમાં લેવુ;

પંઝેટવુ, ક્રિ૦ સ૦ નિભાવવુ,સહન કરવુ; વેઠવુ.

પંઝેટી,સ્ત્રી૦વાડમાથી સુકા કચરો તાણી લેવાનું ખેડુતનું ઓજાર, દાતાળો; કળાપવ, પંજેટી.

પટ, પું૦ ઘણા રંગના ખાના ચિત્રેલુ પાટિયું અથવા કપડું ૨ નકશો. "ચિત્રપટ" ૩ યાદી; નોંધ ૪. વસ્ત્ર, લુગડુ ૫. પડદો. ૬ થર, પડ; ૭. નદીની પહોળાઇ ૮ (જમીનનો) ચીચરડો; લાકડાને લાબો ચીરો. ૯ અસર રંગ; પાસ. ૧૦ છાપ, ચિહ્ન

પટ, વિ૦ઘણુ, વધારે, પડવાળુ "દુપટ;ત્રિપટ"

પટ, અ૦ તરત, ઝટ ૨ નક્કી, ખચીત,જરૂર.

પટક, સ્ત્રી૦ પટકવુ તે, ઝીક;ઝાપટ; પતન.

પટકવું, ક્રિ૦ સ૦ ઉંચુ કરી જોરથી નીચે નાખવુ ૨. ધુતવુ, ચીરવુ; ફોસલાવવુ,પટાવવુ

પટકાવવું, ક્રિ૦ સ૦ પછડાય એમ કરાવવુ,અફળાવવુ ૨ હરી લેવુ; ધૂતવુ [અફળાવું

પટકાવું, ક્રિ૦ અ૦ ધૂતાવુ,ઠગાવુ ૨ પછડાવું,

પટકૂળ, ન૦ સુંદર કપડા, પટોળુ [કચ્છો.

પટકો, પું૦લુગડાનો ટુકો કકડો;છોગલો ૨. કાછો;

પટંતર, પું૦ લુગડાનો પડદો, આંતરો; અંતરપટ ૨ અંતર, જુદાઇ પટંતરે=પરોક્ષે, આડકતરી રીતે.

પટંતરો, પું૦ આંતરો,પડદો.૨ ભેદભાવ, ભેદદષ્ટિ.

પટપટ, અ૦એક પછી એક પડતી ચીજનો ચાલુ અવાજ ૨ ચટપટ, ટપોટપ; ઝટપટ, ટપટપ.

પટપટ, સ્ત્રી૦ બડબડાટ; લવારો.

પટપટવું, ક્રિ૦ અ૦બડબડ કર્યા કરવું;કણકણવું.

પટપટારો, પું૦ નિર્થક વાક્ચાતુરી ૨. લવારો, બડબડાટ, કણકણ. ૩ પલકારો.[કરવું.(આંખ.)

પટપટાવવું, ક્રિ૦ સ૦ મચમચાવવુ; ઉઘાડમીંચ

પટપટિયુ, ન૦ લાકડાનું રમકડું. ૨.ટપટપિયું.૩. વિ૦ લવરીખોર.

પટપીત, ન૰પીળુ વસ્ત્ર, પીળો વાગો, પીતાંબર
પટરાણી,સ્ત્રી૰જેની સાથે રાજા પ્રથમ પરણ્યો હોય તે રાણી, મુખ્ય રાણી,માનીતી રાજપત્ની
પટલ, પુ૰ (સ૰) ટોળુ,જથો ૨ પડળ,આંખમાં વળતી છાયા ૩ પટેલ. ૪ ઢાંકણુ,આચ્છાદન
પટલાઇ,સ્ત્રી૰ પટેલાઇ, પટલની કામગીરી તે
પટલાણી, સ્ત્રી૰ પટેલની સ્ત્રી.
પટવારી, પુ૰ તલાટી ૨ મહેસુલ ઉઘરાવી આપનાર,જમીનની પાટ રાખી તેની મહેસુલ ભરનાર
પટવાસ,પુ૰ (સ૰) તણુ, રાવટી
પટવો, પુ૰ રેશમ ગુંથવાનો ધંધો કરનારો
પટહ, ન૰ (સ૰) ઢોલ, નગારૂ [લેનાર,
પટાઉ, વિ૰ પટાવનાર, ધૂર્ત, પટાવી કામ કાઢી
પટાકડી, સ્ત્રી૰ ચપટી ૨ પિસ્તોલ, તમંચો.
પટાકો, પુ૰ પટ, એવો થતો અવાજ ૨ ફટાકો. ૩ તમાચો, ધોલ, લપડાક
પટાર, પુ૰ ઘોડાનો તંગ
પટાટા, પુ૰ (અં૰ પોટેટો) ગાંગડી બટાટા
પટાદાર, વિ૰ પટા હોય તેવુ અટાપટાદાર,
પટાદાર,પુ૰ જેણે અમુક વર્ષની બાંધણીથી કોઈ ચીજ રાખી હોય તે ૨ પટાવાળો સિપાઈ ૩ જમીનદાર, પાટોપાટ જમીન રાખી હોય તે, પાટીદાર [ટપટપ
પટાપટ, અ૰ ઝટઝટ, પટપટ, ઉપારા ઉપરી ૨
પટાપટી,સ્ત્રી૰ આમ તેમ મોટા નાના લિસોટા પાડેલા હોય તે ૨ બોલ બોલા,ઝઘડો.
પટાબાજ, વિ૰ પટો ખેલનાર ૨ ઠગ, ખેલાડી, દાવપેચ જાણનાર
પટામણી, સ્ત્રી૰ ફોસલામણી, પટામણુ
પટામણુ, વિ૰ પટાવનાર, પટાવે તેવુ
પટારો, પુ૰ મોટી પેટી, પેટારો
પટાવત, સ્ત્રી૰ નાના નાના જમીનદાર, લશ્કરી મદદ આપવાની સરતે જમીન ભોગવનારા, રાજ્યમાં ભાગ ને લાભ ધરાવનારાઓ
પટાવવુ, ક્રિ૰સ૰ સામાને મીઠુ લાગે તેવુ તજવીજથી સમજાવવુ, ભરમાવવુ, ફોસલાવવુ ૨ વહાવુ, છેતવુ, ઠગવુ
પટાવાળો,પુ૰સરકારી કે અમુક સંસ્થાનો નોકર, ચપરાસી. [હોળેલા વાળ.
પટિયા ન૰ સારા દેખાવાને કપાળની બે બાજુએ
પટી, સ્ત્રી૰ લાકડા કાગળ વ૰ નો થોડો લાંબો પહોળો કકડો તે, ચિંદરડી, ચીપ ૨ ખપોટી ૩ મલમવાળી કકડી, થીગડી.
પટુ,વિ૰(સ૰)પ્રવીણ, ચતુર, કસબી, ૨ ચંચળ, ચાલાક ૩ ડાહ્યુ, શાણુ. ૪ સ્ફુટ
પટુકાણી, સ્ત્રી૰ ડાહપણની વાત ૨ પટપટારો
પટુડાવેડા, ન૰ ડહાપણવેડા, શાણપણ
પટુત્વ, ન૰ ચતુરાઇ, ડહાપણ, ચાલાકી
પટેલ, પુ૰ તલાટીની સાથે રહી ગામનો વહીવટ કરનારો, મુખી ૨ કોઇ પણ વર્ગનો અગ્રેસર, ૩ પાટીદાર મોટો જમીનદાર ખેડુત—કણબી.
પટો, પુ૰ લાંબો પહોળો રંગનો લીટો ૨ કમ્મરે બાંધવાનો પટો, કમરબંધ ૩ ખભે રાખવાની ચપરાસની પાટી ૩ કોઈ વહીવટ કરવાનો જે લેખ કરાર તે, સનદ, દસ્તાવેજ ૫ બચાવ માટે લાકડી અથવા તરવારને આમતેમ ફેરવવી તે, સામાને મારી પોતાનો બચાવ કરવો તે, એનો જે અભ્યાસ કરવો તે “ પટો રમવો ” ૬ મોટી પટી, થીગડી ૭ લુગડાનો ચિંદરડો, લાંબો પણ સાંકડો કકડો ૮ બે ધારી તરવાર,ગુપ્તી
પટોધર, વિ૰ પટો ધરનારી,પટરાણી, ‘યા રાવણની પટોધર નાર’ [વારાફરતી, તરતને તરત.
પટોપટ, અ૰ ઝટપટ, પટપટ, સપાટાબંધ. ૨
પટોળ, ન૰ એક જાતનો છોડવો અને તેના ફળ.
પટોળુ ન૰ એક તરેહનુ રેશમી કપડુ
પટ્ટ, અ૰ ઝટ, તરતજ, પટ ૨ વિ૰મોટુ, વડુ;
પટ્ટણ-ન, ન૰ (સ૰) શહેર, નગર ૨ પાટણ.
પટ્ટાભિષેક,પુ૰(સ૰) રાજા—અધિકારીને પોતાનો અધિકાર લેતી વેળા થતો સંસ્કાર—ક્રિયા તે.
પટ્ટિકા, સ્ત્રી૰ (સ૰) ચિંદરડી ચીપ, પટી
પટ્ટો, પુ૰ ખાઇ પીને અલમસ્ત બનેલો તે. ૨ વિ૰ કદાવર, મસ્ત, મજબુત. [રિવાજ;ચાલ.
પટ્ઠગ, પુ૰ સહવાસ, પરિચય. ૨ વગસગ ૩.
પટ્ટી, સ્ત્રી૰ પટી, પડવાળી પટી ‘પાન પટી’ ૨.

લાંબો કકડો—ચીરો. 'ફાકણુપટ્ટી'
પટ્ટુ, પુ૦ ઓઢવા પહેરવાનુ ઊનનુ કપડુ, ધાબળો
પઠન, ન૦ પાઠ કરવુ તે ૨ વાચન
પઠનીય, વિ૦ પાઠ્ય, ભણવા યોગ્ય
પઠણ, સ્ત્રી૦ પરઠવુ તે, સાટુ, બોલી, શરત; કરાર
પઠવું, ક્રિ૦ સ૦ શરત કરવી, પરઠવુ, બોલી કરવી
પઠાણ, પુ૦ (સં૦ પુષ્ટ) એક જાતના મુસલમાન ૨. મુસલમાનોમા એક અટક ૩ કાબુલનો વતની ૪ વહાણની પીઠ
પુઠે, અ૦ પેઠે, માફક
પડ, ન૦ (સં૦ પટ) આખી વસ્તુના બે ભાગમાનો એક ભાગ. 'ઘટીનું પડ' ૨ ગડી, કલી ૩ અસ્તર, ૪ થર, વણુ 'પૃથ્વીના પડ.' ૫ પડદો, આતરો ૬ દળ, પાતળુ આચ્છાદન, ફોતરૂ
પડખુ, ન૦ પાસુ બાજુ ૨ કોઈ પણ ચીજનો બાજુનો ભાગ.૩ પક્ષ તરફેણુ, તડ ૪ સહાય, મદદ
પડખે, ન૦ પાસે, પડોશમા.
પડઘમ, સ્ત્રી૦ ડાડિયાથી વગાડવાનુ એક વાદ્ય
પડઘી, સ્ત્રી૦ કળશિયા વાડકા ઇ૦ વાસણના તળિવાની બેસણી ૨ લાકુની તળેનો પછડાવાથી દબાયેલો ભાગ.૩ ઘોડાનો જોરમા પગલા પડવાથી જે અવાજ નીકળે તે, ઘોડાના પગની તબડકી
પડઘો, પુ૦ પ્રતિ ઘોષ, પડછંદો, શબ્દનો ઘોર તે. પડઘો પડવો=ડંકો વગાડવો
પડછંગ, પુ૦ આકાર, ઓળો ૨ ભયકર, કદાવર
પડછંદ–દો, પુ૦ પડઘો, પ્રતિધ્વનિ ૨ પડછાયો, ઓળો. [પ્રતિરૂપ.
પડછાયો, પુ૦ પડેલો છાયડો, ઓળો, પ્રતિબિંબ,
પડછો, પુ૦ દષ્ટાત, દાખલો. ૨ મુકાબલો, સગ ખામણી. ૨ ઉંચો ને સીધો માણુસ
પડતર, વિ૦ વાવ્યા વગરની પડી રહેલી જમીન ૨ ન ખેડાય તેવી જમીન, ખરાબો. ૩ પડેલી કિંમત, મૂળ કિંમતનું, ૪ પડી રહેલુ, વગર વેચાયેલુ [કોથળી, પદડી.
પડતલી, સ્ત્રી૦ ગડાકુ ભરવાની ચામડાની લાંબી
પડતાળવું, ક્રિ૦ સ૦ ખોદી નાખવુ, ફેરવી તળે ઉપર કરવુ; ૨ ચીપવુ (પાના) ૩ અફાળવું, ઝીકવું ૪. સરખાવવુ મેળવવુ

પડતી, સ્ત્રી૦ નઠારી હાલત, ઉતરતી સ્થિતિ કે; નમતી, અપકર્ષ, નબળી દશા, અસ્ત; ઉત્તરાવસ્થા
પડતીદશા, સ્ત્રી૦ નબળી હાલત, અવદશા, આપત્કાળ.
પડતીરાત, સ્ત્રી૦ મોડી રાત; ભાગીગત
પડતુ, વિ૦ નમતુ, ઢળતું, ૨ ખરતું ૩ ન૦ પડવુ ૨ ઝપલાવુ તે, આધળિયા કરી ઘુસી જવુ
પડતો, પુ૦ પરતો, પડછો, બળ, શક્તિ.
પડથાર, પુ૦ ચોક–ઓટલો, પરથાર [અંતરપટ
પડદી, સ્ત્રી૦ ઇંટથી ચણેલી ભિંત. ૨. આતરો;
પડદુ, ન૦ લુગડે બાધેલુ ઘાસ
પડદેનશીન, વિ૦ પડદાનુ, ઓઝલવાળુ, પડદે રહેનાર
પડદેપોશ, વિ૦ (ફા૦) પડદાવાળુ, પડદે નશીન.
પડદો, પુ૦ (ફા૦ પર્દહ) આડ, આતરો. ૨ સૂર્યનો તાપ, પાણી, અટકાવવાને ગાડી ઉપરનુ જે કપડું તે છત્ર, ઢાકણુ ૩ કોઈની નજર ન પડે માટે જે વચમા રાખેલુ કપડુ તે, ચક, ટટ્ટી ૪ જે જે આડા વળગાડેલા તારને દાબવાથી જુદા જુદા અવાજ નીકળે તેમાનો એકેક 'સતારના પડદા' ૫ કાનની ચામડીના જે પડની મારફતે અવાજ સભળાય છે તે " કાનનો પડદો " ૬ ઓઝલ, જનાનો ૭ ઢાકણુ, આવરણુ, આચ્છાદન ૮ બુરખો, અવગુઠન ૯ આખડી, છાલનુ પડ ૧૦ લાજ, મલાજો. ૧૧. વિવેક, અદબ ૧૨ રહસ્ય, ગુહ્ય ૧૩ અતરપડ પડદા પાછળ હોવુ–ખબર ન પડે એવુ હોવુ, ગુપ્ત હોવુ. પડદામાં રાખવુ=છાનુ–છુપુ રાખવુ, બેમાલુમ રાખવુ પડદો ખોલવો –ફોડવો=ખુલાસાથી અતરની વાત કહેવી, મન ઠાલવવુ નિખાલસપણે વિચાર જણાવવા 'પ્રિયા વિના કયા પડદો હું ફોડુ' ૨ છાની વાત ઉઘાડી કરવી પડદો ફૂટી જવો–કપટ ખુલ્લુ થઈ જવુ પડદો રાખવો–છુપાવવુ ૨ શરમાવુ પડદો પડવો–ખેલ બધ થવો, પડદો ઉઘડવો–ગુહ્ય વાત જણાઈ આવવી ૨ (નાટકમા) ખેલ શરૂ થવો પડદો ઉઘાડો કરવો–પડદો ફોડવો; ગુહ્ય વાત કહી દેવી [વહીવટની પરવશ.
પડનાળ, સ્ત્રી૦ પાણી ઝીલી તે કાઢવાની નીક. ૨.
પડપ, સ્ત્રી૦ શરમ.

પડપડવુ, ક્રિ૦ અ૦ ફડફડવુ, પડપડ એવો અવાજ થવો
પડપડાટ, પુ૦ તડતડાટ ૨ ઝટપટ,સડસડાટ
પડપડિયા, ન૦ પડપડ અવાજ સાથે ઝાડો થવો તે, ઝાડાના રોગથી દુખી થવુ તે
પડપુ, વિ૦ દુબળુ અશક્ત
પડપૂછ, સ્રી૦ ફરીફરી પૂછવુ તે, પૂછપાછ, તપાસ
પડબીડિયુ, ન૦ લખેલો કાગળ બીડવાની કાગળની
પડબીડા, પુ૦ બીડેલા કાગળનો લખોટો [ક્રાથળી
પડભિતિયુ, ન૦ભિતનો અંદરનો સચ, બે ભિતોની વચ્ચે રાખેલી જગા ૨ પુસ્તો, માદર
પડવરસી, સ્રી૦ બરદાસ, ચાકરી, પરોણાગત
પડવાયો, પુ૦ખાટલાના પાયા તળે મૂકવાનો લાકડાનો ગોળ ઘાટ ૨ જમવા બેસતી વખત પગને ટેકણુ આપવાનો લાકડાનો ઘાટ તે
પડવાસ, પુ પિછોડીથી પવન નાખવો તે,ખળામાના ફોતરા-ફુણસાને ઉપણવાને પવન નાખવો તે
પડવુ, ક્રિ૦અ૦(સ૦ પત્)કોઇ ચીજનુ ઉચેથી જોરમા નીચે આવવુ, ખરવુ, ગરવુ ૨ ઉભુ હોય તે આડુ થવુ, વાકુ વળવુ ૩ ખપવુ, માર્યા જવુ "તે લડાઇમા પડયો" ૪ નરમ-ઓછુ થવુ, બધ થવુ "પવન પડી ગયો" ૫ ખસિયાણા પડવુ, લેવાવુ 'તેનો ચહેરો પડી ગયો' ૬ ઘટી જવુ,'શેરનો ભાવ પડયો છે' ૭ દુર્દશામા આવવુ-અપમાન થવુ, દ્રવ્ય જવુ,શોભા રહિત થવુ 'પડયા ન ઉઠયા ભાઇ, રાજ મોટા મોટાઓ'। ૮ વચમા નડવુ, હરકત થવી " ૯ હોવુ, બનવુ " તમે શેઠ પડયા ને હું ચાકર " ૧૦. આળસુ રહેવુ, નકામુ બેસી રહેવુ ૧૧ કામમા ગુથાવુ, માથે લેવુ ૧૨ કયા વગર ન ચાલવુ, તાબે થવુ ૧૩ વરાડે-ફાળે આવવુ "એક શાલ તેને સો રૂપિયે પડી " ૧૪ છાયા રૂપ બનવુ, સ્વરૂપે દેખાવુ " ગમે તે કરો પણ ઢાળાસ તો પડશેજ " ૧૫ દૈવજોગે બનવુ આવી પડવુ, પ્રાપ્ત થવુ 'માથે પડી ભોગવવી' ૧૬ ઝપલાવુ,નિર્ભયપણે વૂમવુ " તે મેદાન પડયો " ૧૭ ઉઠવુ, પ્રકટવી 'ફોટોગ્રાફ આબેહૂબ પડે છે "૧૮ પૂઠે લાગવુ ૧૯ દુર્દશામા આવવુ **સમજ પડવી**-સમજાવુ **ઉજડ પડવુ**-વેરાન થઈ જવુ. **ધાડ પડવી**-એકદમ એક સાથે ધસારો કરવો, ઉધટવુ **ખાતર પડવુ**-ચોરી થવી **રસ્તો પડવો**-નવો રસ્તો થવો. **ગળે પડવુ**-વગર હકે બાઝવુ, વળગવુ, આળ મૂકવુ **નામ પડવુ**-અમુક મલ એવુ નક્કી થવુ ૨ જેથી ચિઢાય તેવુ બીજુ નામ ચાલવુ, **ગળુ પડવુ**-ગળામાહેનો કાકડો ઢીલો થવો, તાળવુ બેસવુ **પડુ પડુ થઇ રહેવુ** પડવાની તૈયારી પર આવવુ, **હમણા પડશે એવી** ધાસ્તી થવી **ફીકુ પડવુ**-શરમ લાગવી **પડી ભાગવુ**-અત આવવો, ધબાયનમ થઈ જવુ **પડયા ઉપર પાટુ**-ખાતર ઉપર દિવેલ. **ખાસડા પડવા**-ઠપકો મળવો
પડવૈયો, પુ૦ પડવાયો, પાયાનો ટેકો
પડવો, પુ૦ પખવાડિયાનો પહેલો દહાડો
પડસુદી, સ્રી૦ મેદો
પડળ, ન૦ આખમા આવેલી છારી, ઝાખ ૨ અતરપટ, અધારી **પડળ ઉતરવાં**=ભાન આવવુ
પડા, પુ૦ હથેળી અને આગળાનુ નિશાન છાપો 'આજ આનદનો ઓઘ, કકુ કેરા પડા પડયારે'
પડાઇ, સ્રી૦ પતગ (ઝાલાવાડ) [મછવો
પડાઉ, પુ૦ કિનારે ચાલતો માલ લઈ જવાનો
પડાઉ, વિ૦પડાવી લીધેલુ,હરામનુ ૨ ઠડુ,પડી રહેલુ
પડાક, અ૦ ઝટ, એકદમ, ચટ લઇને
પડાપડ-ડી, સ્રી૦ ઉપરા ઉપરી પડવુ તે ૨. સરસાઈ, હોસાતુસી ૩ આપવા લેવાનો મસારો
પડાવ, પુ૦ મુકામ ૨ છાવણી
પડાવવુ, ક્રિ૦ સ૦ પડાવી લેવુ, ખુચવી લેવુ
પડાળ, ન૦ મોભની દરેક બાજુનો છાપરાનો ઢાળ
પડાળી, સ્રી૦ એક પડાળની છાપરી, અડાળી.
પડિવુ, ન૦ પડ (ઘટીનુ) ૨ સાપ, પૈડવુ
પડિયો, પુ૦ દડિયો, પાદડાની વાડકી
પડિયાણ, વિ૦ પડતર, નહિ વાવેલુ તે
પડી, સ્રી૦ જેમા વસ્તુ બાધેલી હોય તે.
પડીકુ, ન૦ અંદર વસ્તુ મૂકી ઉપર કાગળ-પાદડુ વિટાળેલો હોય એવી નાની મોટી પડીકી, પુડી

પડીકે બંધાવું–તાણું હોવી, આવી રહેવું
પડીક્રમણું, ન૰ શ્રાવકો, સાંજ સવાર પાપ માફ થવા ઈશ્વર પાસે જે માફી માગે છે તે
પડીકાર, પુ૦ દાડી પીટનાર
પડો, પુ૦ ઉપલે છેડે અણી ને તળિયેથી ચપટું–ગોળ લાંબું પડીકું તે ૨ જુડો, ૩.(પટહ) ઢોલ, નગારૂં ૪ ઢંઢેરો 'નગર પડો વજડાવિયો'
પડોપાંદડી, સ્ત્રી૰ એક જાતનો સુગંધીદાર છોડવો અને તેના પાન. [રહેનાર ૩ નજીક, પાસે
પડોસ, પુ૰નજીકનો વસવાટ, પાસેનો વાસ ૨ નજીક
પડોસણ, સ્ત્રી૦ પાસે રહેનારી સ્ત્રી
પડોસી, વિ૦ ઘરની પડખે–પાસે રહેનાર ૨ એક મહેલ્લાનું, નજીક રહેનાર
પઠ, પુ૰ વડો ભીરૂ, આગેવાન
પઠવું, ક્રિ૰ સ૰ ભણવું, અભ્યાસ કરવો ૨ બોલવું, ઉચ્ચાર કરવો ૩. ગોખવું, પાઠે કરવું
પઢેલું, વિ૰ ભણેલું. **પઢેલ** પણ કઢેલ નહિ–ભણેલો પણ ગણેલો નહિ
પણ, ન૰ (સ૰) વચન, સોગન, પ્રતિજ્ઞા ૨ નીમ, ટેક, મમત્વ "પરમેશ્વર કયા પેઠા પણ, પણ રખાવજો રે' ૩ પ્રતિજ્ઞા, હોડ, સરત ૪ અ૰ વધ, ઘટ, વિરોધ બતાવનાર શબ્દ ૫ પરંતુ લેકીન, તોપણ, છતાં ૬ પણું અર્થ સૂચક પ્રત્યય 'બાળપણ'
પણઘટ, ન૰ પાણીનો ઘાટ, જ્યાં બૈરાં પાણી ભરવાને જાય છે તે. [ચીપ તે, મૌર્વી, ચાપ.
પણછ, સ્ત્રી૰ કામડીના બે છેડા જોડનારી દોરી–
પણતર, ન૰ પરિણય, પરણેતર
પણવ, ન૰ તુરાઇ "મૃદંગ તાલ પ્રણવને વીણા, પટહ વેણુસ્વર તાનજી"
પણી, સ્ત્રી૰ (ભાજીની) ભારી, જુડી ['બાળપણું.'
પણું, અ૰ ગુણ, સ્થિતિ, દેખાડનાર પ્રત્યય
પણે, અ૰ ત્યાં, પેલે ઠેકાણે, તહિં [૨ પનો.
પણો, પુ૰ રેતી ને ધૂળ એ બેનો ભેગ તે, દડ,
પંડ, પુ૦ (સં૰ પિંડ) શરીર, જાત દેહ. 'પટ પહેરે નહીં પંડપર' ૨. પાંડુરોગ, લોહીનું ફીકું [illegible] તે. ૩. માટી–કણકનો ઢીલો ગોળો, પેંડો. ૪ કણક ભાતના નાના નાના ગોળા. 'પંડ મૂકવો' પંડ સુધીની પથારી=મરતા સુધીની પથારી, આગળ પાછળની ચિંતા વગરની સ્થિતિ.
પંડાણી, સ્ત્રી૰ પંડયા–પંડિતની સ્ત્રી, ગોરાણી
પંડિત, પુ૰ (સ૰) શાસ્ત્રનું જ્ઞાન ધરાવનારો. ૨ વિદ્વાન, બુદ્ધિશાળી પુરૂષ [કુશળતા, ચતુરાઇ
પંડિતતા, સ્ત્રી૦ (સ૰) પંડિતાઇ, આવડત,
પંડિતા, સ્ત્રી૰ ભણેલી ગણેલી ચતુર સ્ત્રી, વિદુષી,
પંડિતાઈ, સ્ત્રી૦ પંડિતપણું, વિદ્વતા [વિદ્વાન સ્ત્રી.
પંડુ, વિ૰ ફીકું, પાંડુ ૨ ન૰ પંડરોગ
પંડે, અ૦ જાતે, પોતેજ, ખુદ
પંડેપંડ, અ૰ જાતોજાત, પોતેજ ૨ આપોઆપ.
પંડોળું, ન૰ (સ૰ પટોલ) એક જાતનું ભુરૂ સાપ જેવું લાંબું ફળ એનું શાક થાય છે
પંડયો, પુ૰ પંડિત, પુરોહિત, ગોર ૨ ગામઠી નિશાળનો મહેતાજી
પણ્ય, વિ૰ વેચાઉ, બજારૂ **પણ્ય** સ્ત્રી–વેશ્યા.
પત, સ્ત્રી૰ (સ૰ પ્રતીતિ) આબરૂ, પણ, ટેક ૨ સાખ, ધીર ૩ પતીજ, વિશ્વાસ, ૪ પંડરોગ, ગળત, કોઢ [માનવું, ગાંઠવું
પત કરવું, ક્રિ૰ સ૰ માન રાખવું, ગણકારવું
પતંગ, પુ૰ (સ૰) એક જાતનું સુંદર મોટી પાંખવાળું જીવડું પતંગિયું ૨ કનકવો ૩ એક જાતનું લાકડું, જેનું ગલાલ થાય છે તે અથવા તેનો રંગ ૪ સૂરજ ૫. પંખી ૬ તીતીઘોડો, તીડ
પતંગિયું, ન૰ સુંદર પાંખોવાળું એક જીવડું, ફુંદું
પતંજલિ, પુ૦ યોગશાસ્ત્ર કરનાર તે નામનો એક ઋષિ ૨ પાણિનિ વિરચિત અષ્ટાધ્યાયી સૂત્ર ઉપર મહાભાષ્ય કરનાર મુનિ.
પતજડી, સ્ત્રી૰ પાનખર ૠતુ
પતન, ન૦ (સ૰) પડવું તે, પાત, ગ્રહના અક્ષાંસ
પતરડી, સ્ત્રી૰ પત, આબરૂ, પત્તર [પાનના ભજિયાં
પતરવેલિયાં, ન૰ અળવીના પાન ૨. પાતરાં,
પતરાજ, સ્ત્રી૦ શેખી, ફુલ, બડાઇ
પતરાજી, સ્ત્રી૰ ખોટી બડાઈ ડુંપદ, ગર્વ, શેખી, ફુશ.
પતરાજખોર. વિ૦ બડાઇખોર, ફુલણજી, ડોળી;
પતરાવળી, સ્ત્રી૦ પતરાળાની હાર, પતરાળું
પતરાવળી, સ્ત્રી૰ પતરાળી [ભાણું; પીરસણું.

પતરાળી, સ્રી૦ પતરાળાની હાર ૨ પતરાળુ,
પતરી, સ્રી૦પાતળી ફાતરી-છોલ ૨ નાનુ પતરૂ
પતરૂ, ન૦ (પત્ર) ધાતુને ટીપી બનાવેલો પાતળો ઘાટ ૨ મોટી કથરોટ, છાછર, તાસ
પતવવુ, ક્રિ૦ અ૦ માગતુ આપવુ, ચુકવવુ,સમજુતી કરવી [આવવો, ભરપાઇ થવુ
પતવુ, ક્રિ૦અ૦ સમાધાન થવુ,તોડ આવવો,અત
પતળવુ,ક્રિ૦અ૦ ગુસ્સે થવુ ૨ ફરી જવુ, પલટાવુ, વચન તોડવુ ૩.પલળવુ,નરમ થવુ,ગળવુ, પિગળવુ
પતાકા, સ્રી૦ (સ ૦) નિશાન, ધજા, વાવટો,નેજો
પતાકડુ,ન૦પત્તુ,કાગળનો કકડો ૨ કાગળ, ચીઠ્ઠી
પતાવવુ,ક્રિ૦સ૦સમાધાન કરવુ,માડીવાળવુ,ટુકાવવુ, સતોખવુ
પતાસા-સુ, ન૦ ગોળ ચપટા ઘાટની મિઠાઇ
પતાળ, ન૦ પાતાળ, જુઓ [શેઠ, રાજા
પતિ, પુ૦ (સ ૦ ધણી, વર, કથ ૨ માલીક,
પતિત,વિ૦(સ ૦)પડેલુ ૨ નીકળી ગયેલુ ૩ નીતિભ્રષ્ટ,વ ઠેલ ૪ પાપી, દુષ્ટ [નાર, ઉદ્ધારનાર
પતિતપાવન, વિ૦ પતિતને પવિત્ર કરનાર,તાર
પતિપરાયણ, વિ૦ ધણી ઉપરજ પ્રેમ ધરાવનાર
પતિયાર, પુ૦વિશ્વાસ, પતીજ ૨ શ્રદ્ધા દઢ ભાવ
પતિરા, ન૦ ઘોળાં નાના બકરા, ઘોળા લવારા
પતિવ્રત, ન૦ પતિભક્તિ તે, શિયળ,સતીપણુ.
પતિવ્રતા, સ્રી૦ (સ૦) સાધવી સ્ત્રી, સતી
પતીજ, સ્રી૦ (સ ૦) પ્રતીતિ, ખાતરી, ભરોસો ૨ શ્રદ્ધા ૩ સાખ, આબરૂ
પતુણો, વિ૦ પોણુ,પૂણુ (સકેતાર્થ)
પતેલી-લુ, સ્રી૦ ન૦ તપેલી,તપેલુ,ટોપ
પત્તન,ન૦ શહેર,નગર
પત્તર, સ્રી૦પત, આબરૂ ૨ વાસણ,પાત્ર ૩ તોનડી, શકોરૂ, ભિક્ષા પાત્ર. **પત્તર** રગડી નાખવી=ધમધમાવવુ, ધૂળ કાઢી નાખવી ૨ થકવવુ,કાયર કરવુ
પત્તરવડિયા, ન૦ અળવીના ભજિયા
પત્તુ, ન૦ પાદડુ ૨ રમવાનુ પાનુ ૩ લખેલો કાગળ, કાર્ડ [ખબર, ભાળ, શોધ
પત્તો, પુ૦ ઠામઠેકાણુ નામનિશાન, સરનામુ ૨
પત્થર, પુ૦ (સં૦પ્રસ્તર)પથરો,પહાણો, ૪ ટાળો
પત્ની, સ્રી૦ (સ ૦) વહુ સ્ત્રી, ભાર્યા.
પત્ર, પુ૦ (સ ૦) કોઈને લખેલો કાગળ, પત્રિકા. ચીઠી ૨ લેખ 'માનપત્ર.'
પત્ર, ન૦ પાદડુ, પાન ૨ ધાતુનુ પાતળુ પતરૂ, પાનુ. ૩ પાતરી છાલ 'ભોજપત્ર' ૪ છાપુ.
પત્રક, પુ૦ (સ૦) પાનુ ૨ એક આખો કાગળ ૩. હિસાબનો કાગળ, ટીપ-યાદીનો કાગળ
પત્રકાર, પુ૦ વર્તમાન પત્રનો માલિક
પત્રાધિપતિ, પુ૦અખબારનો માલિક,ન્યુસ કાઢનાર
પત્રાળી, સ્રી૦ બાજ,પતરાવળી,ભાણુ.
પત્રિકા, સ્રી૦ (સ ૦) ચીઠ્ઠી,રૂક્કો.૨ જન્મપત્રિકા
પત્રી,સ્રી૦ પતરી, ખપોટી ૨ પત્રિકા
પથ, ન૦ માર્ગ, રસ્તો
પથરણુ, ન૦ પાથરણુ, જાજમ, સેતરજી,પાથરવાનુ તે ૨ મરણ પામેલાનો શોક દર્શાવવા આવનાર માટે બેસવાનુ પાથરણુ તે,શોક સમય
પથરાવુ, ક્રિ૦અ૦કોઈ વસ્તુનુ વિસ્તારથી ફેલાવુ, પ્રસરવુ (પાણી વગેરેનુ) ૨ વિખેરાવુ, છુટુ છુટુ પડી જવુ, વ્યાપવુ ફરી વળવુ
પથરી સ્રી૦ નાનો પત્થર, કાકરી ૨ જે કાચા પત્થરના કકડા ઉપર હજામ અસ્રો ઘસે છે તે, સલાડી ૩ મૂત્રપિ ડમા બધાતો ક્ષાર વગેરેનો ગઠ્ઠો તે ૪ ચકમકનો કકડો ૫ રમવાનો ગોળ લખોટો
પથરો,ન૦ પાષાણ,પહાણો, મટોડી-ધાતુનો બાઝી ગયેલો કઠણ કકડો ૨ ચચળતા વગરનો પુરૂષ, ટાઢો, ધીમો ૩ જડ વસ્તુ ૪ અડચણ,હરકત,વાંધો "તેણે વચમા પથરો નાખ્યો" ૫ કાઇ નહિ,ધૂળ (એવા અર્થમા) **પથરો** નાખવો-વાંધો નાખવો, ફડચો થઇ શકે નહિ એવી આડ નાખવી,આડખીલી નાખવી.
પથાણુ, ન૦ પથરણુ, જુઓ [ખીલી નાખવી.
પથાર, ન૦ પથારો, જુઓ
પથારી, સ્રી૦બિછાનુ બિસ્તરો, સાથરો, સેજ ૨ મુકામ,પડાવ,ધામા ૩ માદગી, મ દવાડ **પથારી** સેવવી-માદગીને લીધે ન ઉઠાવુ, ખાટલે પડવુ. **પથારીએ** પડવુ =પથારીવશ થવુ,નઠાગ કાર્યના ફળ ભોગવવા
પથારો, ન૦ કોઇ પણ વસ્તુનો મોટો વિસ્તાર, પ્રસાર, ફેલાવો ૨ મોટી પથારી, સાથરો.
પથિક-થી ન૦ (સ ૦) વટેમાર્ગુ,પ્રવાસી,મુસાફર.

પથિરો,પુ૰ફેલાવો, ઢગ ૨ વિષય, બાબત,પદાર્થ
પત્થર, ન૰ પથરો, પાષાણ પત્થર એટલા દેવ કરવા–શ્રદ્ધાથી જ્યા ત્યા દેવને પ્રસન્ન કરવા ફરવુ, ભૂલા ભમવુ, સઘળા યત્ન અજમાવી જોવા,બને તેટલુ કરવુ પત્થર ખેચવો–મહા મુશીબતે ઘર ચલાવવુ, ઘંટી તાણવી પત્થરની છાતી–કઠણ છાતી પત્થરનો ભમરડો–મૂઢ,જડસો, ૯, કંઇજ ભણેલુ નહિ તેવુ બોલે નહિ પણ ટકટક જોયા કરે તેવુ આવ પત્થરા પગ પર–હાથે કરી દુઃખ વહોરી લેવુ પત્થર કરતા ઇટ કુણી–ન મામા કરતા કહાણા મામા સારા, કંઇક સારૂં
પત્થરિયો, ન૰ પત્થરનો વાડકો [પહરેણી, કચરી
પથ્ય, ન૰(સં૰) ખાવા પીવાની ઘટતી તજવીજ,
પદ, ન૰ (સં૰)પગ,ચરણ, પાય ૨ પગનુ ચિહ્ન, પગલુ ૩. પદ્દી, દરજ્જો ૪ જગા, સ્થળ,ઠેકાણુ ૫ વ્યંજનમા સ્વરો ભળવાથી જે અક્ષરો થાય છે તે, બારાખડી "કકા કિકી કુકૂ"૬ શબ્દના અવયવમાનો એકાદો ભાગ તે ૮ મરનારની પાછળ થાળી વાડકો, પચ ભાગ વગેરેનુ જે દાન આપે છે તે. ૯ કવિતાનો એક ભેદ, ભજન. પદ ઘણી તરેહના હોય છે ૧૦ શ્લોક અથવા વૃત્તનો ચોથો ભાગ, ચરણ,પાદ,ટુક,કડી ૧૧ (ગણિતમા)શ્રેઢીના સંખ્યા અંકો અથવા એમાનુ એક. ૧૨ વર્ગ અથવા ઘનનુ જે મૂળ તે
પદક, ન૰ (સં૰) પગલુ, લોલક, ચોકી ૨ ચાદ
પદચ્છેદ, પુ૰ (સં૰)વાક્યમાં કર્ત્તા, કર્મ, ક્રિયાપદ, અવ્યય, વિશેષણ વગેરેને જુદા પાડી બતાવવુ તે, વ્યાકરણ કરવુ તે [કાઢેલુ, પદભ્રષ્ટ.
પદચ્યુત, વિ૰ (સં૰) અધિકાર–પદ્દી ઉપરથી
પદડી,સ્ત્રી૰ ગડાકુ રાખવાની ચામડાની કોથળી
પદપંકજ, ન૰ (સં૰)ચરણકમળ,પગરૂપી કમળ
પદબંધ, પુ૰ ન૰ (સં૰) પદ્યરચના, કાવ્ય
પદભ્રષ્ટ, વિ૰ (સં૰)પદચ્યુત, અધિકાર ઉપરથી
પદમ, ન૰ પદ્મ, જુઓ. [ઉતરેલુ તે
પદમણી, સ્ત્રી૰ પદ્મિની, જુઓ.
પદર, ન૰ (સં૰ પલ્લવ) લુગડાનો છેડો,પાલવ ૨ સ્ત્રી૰ગાંઠ પદરનું=ગાંઠનુ,પોતાનું ૩. આશરો, શરણ: આશ્રય.

પદરખાનું, ન૰ ભઠિયારખાનુ,રસોડુ,વીશી.
પદરજ, સ્ત્રી૰ (સં૰) ચરણરજ; પદરેણું
પદરેણુ, ન૰ પદરજ
પદલાલિત્ય, ન૰ (સં૰) કાનને મધુર લાગે તેવી સુંદર શબ્દ રચના, મધુર લાગે તેવો સ્વરાનુક્રમ.
પદવી–વ્હી,સ્ત્રી૰ (સં૰)માનવાળી જગા,દરજ્જો, પાયરી હોદ્દો. ૨ મર્તબો, પ્રતિષ્ઠા. ૩ ઈલકાબ.
પદાતી, પુ૰ પાળો,પગવાળો સૈનિક ૨ પાયદળ સૈન્ય ૩ પેદળ, પગે ચાલનાર.
પદારથ–ર્થ, પુ૰ દુનિયાની કોઇ પણ વસ્તુ, ચીજ. (જડ અથવા ચેતન)૨ સાર,વાક્યાર્થ.૩ ખાવાની ચીજ વાની ૪ સોનુ રૂપુ હીરો વગેરે જે ધાતુ તે.
પદાર્થવિજ્ઞાન, ન૰ (સં૰) પદાર્થના ગુણ ધર્મની શિક્ષા આપતુ જે શાસ્ત્ર તે
પદાવવુ, ક્રિ૰ સ૰ પાદે તેમ કરવુ ૨ ધાસ્તી–ધમકીથી ગભરાવી નાખવુ, દમ દઇ બીવરાવવુ.
પદી, વિ૰ (સં૰) જેમા પદ હોય તેવુ
પદુ,ન૰કામ–ધંધો (પણુના અર્થમા)"ગોરપદુ."
પદેડવુ, ક્રિ૰સ૰ તગેડવુ, દોડાવવુ. [રગદોળવુ.
પદોડવુ, ક્રિ૰ સ૰ બગડી જાય તેમ વાપરવુ,
પદ્ધતિ, સ્ત્રી૰ (સં૰) કામ કરવાની રીત, ધાટી, ઢબ. ૨ વિધિ, તરેહ ૩ શ્રેણિ, ધોરણ,ગોઠવણ, રસ્તો–માર્ગ ૪ પંક્તિ,ક્રમ, ઓળ, હાર
પદ્મ, ન૰ (સં૰) રાતુ કમળ ફૂલ. ૨. સો કરોડ અબજ જેટલી જે સંખ્યા તે ૨ અંગુઠો–આગળીઓના ટેરવા ઉપર જે રેષા ચિહ્ન તે ૪ એક જાતનો સેનાવ્યૂહ.૫ શરીરમા રહેલુ નાડી ચક્ર ૬.સ્થાન, જગા "પદ્માસન" ७. એ નામનો રતિબંધ. ૮. કુબેરના નવભંડારમાંનો એક.
પદ્મરાગ, ન૰ (સં૰) માણેક [(ધન સૂચક.)
પદ્મરેખા, સ્ત્રી૰ હથેળીમા કમળના જેવી રેખા તે.
પદ્માસન,ન૰(સં૰)૮૪ આસનમાનું એક આસન, ૨ બેસવાની એક રીત ૩ જોગનુ એક આસન.૪ ભોગનુ એક આસન
પદ્મિની, સ્ત્રી૰ (સં૰) શૃંગાર શાસ્ત્રમા ચિત્રિણી *ઇ૰ ચાર પ્રકારની સ્ત્રી વર્ણવી છે તેમાની એક. રૂપ, રંગ નાજુકાઇ સુઘડતા વિવેક ચાતુરી વગે-

રેથી પહેલા વર્ગમા મૂકવા જેવી જે સ્ત્રી તે ૨ ઘણી સુદર સ્ત્રી ૩ રાતા કમળની વેલ

પદ્મ, ન૦ (સ૦) કવિતા રચના, કાવ્ય, ગાયન

પધરામણી, સ્ત્રી૦ પધરાવવુ તે ૨ મહાન્ પુરૂષોને આમત્રણ કરવુ તે ૩ વદાયગીરી

પધરાવવુ, ક્રિ૦ સ૦ માનભેર તેડી લાવી બેસાડવુ, ભક્તિભાવથી તેડી લાવી માન આપવુ ૨ પ્રતિષ્ઠા કરવી ૩ માનથી વદાય કરવુ. વળાવવુ ૩ ન ખપતો માલ માથે મારવો, ઓરાડવુ

પધારવું, ક્રિ૦ અ૦ માન સાથે આવવુ-આવી બેસવુ ૨ માન માથે વિદાય થવુ

પનઘટ, ન૦ પણઘટ, જળાશયનો કિનારો

પનડો, ન૦ સ્ત્રીઓના કાનનુ ઘરેણુ

પનાદાર, વિ૦ (ફા૦) પહોળાઈવાળુ

પનારો, ન૦ મૈત્રી, ભાઈબધી, પિછાન, પરિચય

પનાહ, સ્ત્રી૦ (ફા૦) સરક્ષણ, આશ્રરો, ઓથ ૨ દેખરેખ, સભાળ

પનિયાં, ન૦ ખાસડા, જોડા જુતિયા, પીંજાર

પનિહાર-ણ, સ્ત્રી૦ પાણિયારી, પાણી ભરનારી સ્ત્રી

પનીર, ન૦ દૂધમા સરકો કે તેજાબ નાખી આખરી બનાવેલું દહિ

પનું, ન૦ ગોળ ને આમલી, અથવા કાચી કેરીનો મસાલા સાથે ઉકાળેલો ખિચડી સાથે ખાવામા આવતો પદાર્થ, કેરીનુ બાફણુ

પનો, ન૦ (ફા૦) લુગડાની પહોળાઇ, પહોળાપણુ

પનોતી, સ્ત્રી૦ શનિ કે રાહુની દશા ૨ પડતી દશા. ૩ ભાગ્યશાળી, સુભાગી ૪ જેનુ એક પણ છોકરૂ ગરી ગયુ નથી તેવી સ્ત્રી 'પનોતીએ પહેર્યા સોળ શણગાર' **પિયર પનોતી**-બહોળા કુટુબવાળા પિયેરની અને પિયેરવખુ

પનોતુ, વિ૦ સુભાગી, ભાગ્યશાળી, બહોળા કુટુબનુ

પનોળી, સ્ત્રી૦ મગની દાળને પલાળી, વાટી વરાળથી કરેલો પદાર્થ, ઢોકળા

પંતિયાળુ, ન૦ ઘણા જણનુ સહિયારૂ, જેમા ઘણાની પાતી-ભાગ હોય તેવુ ધધાનુ ચાલતુ કામ તે, ભાગિયા ભાગનું કામ તે [ભાગિયો

પંતિયાળો, ન૦ ભાગીદારીનુ જે તે, પાતી હોય તે,

પથ, ન૦ [સ૦] રસ્તો, માર્ગ, વાટ. ૨. ધર્મ, માર્ગ, સપ્રદાય ૩ અભિપ્રાય, વલણ, માર્ગ, વર્ત્તવાની રીત 'તેનો પથ વળી ન્યારોજ છે'

પથ, વિ૦ પ્રથમ, પહેલુ, શરૂઆતનુ 'પથવર'

પથી, ન૦ પથનુ, મતનુ "નાનક પથી" ૨ [પ્રવાસી, વટેમાર્ગુ

પદર, વિ૦ પાચ ને દશ, ૧૫

પન્નગ, ન૦ સાપ, અહિ ભૂજગ વ્યાલ, ભોગી

પન્નાળિકા, સ્ત્રી૦ પરનાલિકા ૨ સિરસ્તો

પપનસ-પાઉ, ન૦ લિંબુની જાતનુ એક ફળ

પપેટી, સ્ત્રી૦ પારસી નવા વષનો પહેલો દહાડો

પપૈયો, ન૦ બપૈયો, ચાતક ૨ પાણીનો ફોલ્લો, ફફોલો ૩ સીતારના મધ્યનો પાતળો તાર તે, ખીટી ૪ પપૈયુ

પપ્પો, પુ૦ પકાર ૨ પાટીદાર, કણબી

પબેડો, પુ૦ પવાડો, રાસડો

પબ્લિક, વિ૦ (અ૦) જાહેર ૨ સ્ત્રી૦ વેસ્યા.

પમરવુ, ક્રિ૦ અ૦ પ્રસરવુ, ફેલાવુ ૨ સોઢવુ ગધાવુ

પમાડવુ, ક્રિ૦ સ૦ કાઇ કઇ પામે તેમ કરવુ, પહોચાડવુ

પપોયો, ન૦ ઇટનો કકડો, ઇટાળો

પપાળવુ, ક્રિ૦ સ૦ શરીર ઉપર ધીમે હાથે સુવાળુ લાગે તેમ ઘસવુ, હાથ ફેરવવો ૨ હેત કરવુ, લાડ લડાવવુ ૩ છાવરવુ, ઢાકવુ, ખોટુ લાગવા ન દેવુ

પપોળવુ, ક્રિ૦ અ૦ ફાફા મારવા, ફ ફોસવુ.

પય, ન૦ (સં૦) પાણી ૨ દૂધ

પયુ, ન૦ બળદને કોશ ખેચી ચાલવાની જગા, ઓલાણુ, ઉરૂ

પયોધર, ન૦ (સ૦) દરિયો, સાગર ૨ મેઘ, વરસાદ ૩ સ્તન, થાન, આગળ.

પયોધિ-નિધિ, ન૦ (સ૦) દરિયો, સમુદ્ર

પર, વિ૦ (સ૦) બીજુ, અન્ય, અવર, ભિન્ન ૨ પારકુ. પરાયુ ૩ ઉત્તમ, શ્રેષ્ઠ

પર, અ૦ આઘે, દૂર, ઉપરાત ૨ કેવળ ૩ અવળુ, ઉલટુ ૪ ઉપર 'પાટપર બેસો'

પર, ન૦ (ફા૦) પીછ, પીછુ **પર મૂકવાં**-પિછા ફૂટવા ૨ હદ વગરનુ પરાક્રમ કરવુ ૩ શક્તિ, હોસ, ગરૂરી.

પરઈ, સ્ત્રી૦ ખાયણીનો દસ્તો, પરાઇ

પરઇ, વિ૦ (પરાયુ) પારકી, બીજાની.

પરકમણા-મા, સ્ત્રી૦ (સ૦) ચક્કર, પ્રદક્ષિણા.

પરકમ્મણુ, ન૦ પ્રદક્ષિણા પરકમા

પરકર, ન૦ (પરિકર) સ્ત્રીનો કદોરો કમરપટો

પરકાયપ્રવેશ, ન૦ જીવે બીજા ખોળિયામા પ્રવેશ કરવો તે

પરક્રિય, વિ૦ પારકુ, પરાયુ, બીજાનુ

પરકીયા, સ્ત્રી૦ (સ૦) પરસ્ત્રી, પારકાની સ્ત્રી રસશાસ્ત્રમા સ્વકીયા, પરકીયા, સામાન્યા એમ ત્રણ નાયિકા ભેદ છે

પરખ, સ્ત્રી૦ પરીક્ષા પારખ

પરખવુ, ક્રિ૰ પારખવુ, પરીક્ષા કરવી

પરખાણુ, ન૦ વહાણના કુવા ઉપરનુ સઢ બાધવાનુ આડુ લાકડુ

પરખાવવું, ક્રિ૦ સ૦ તપાસરાવવુ, પરીક્ષા કરાવવી ૨ દતવુ, આપવુ

પરખાવું, ક્રિ૦ અ૦ જાહેર થવુ, ઓળખાવુ ૨ સમજાવુ, પરીક્ષા થવી

પરખિયો, ન૦ પારખનાર, પારેખ

પરગજુ, વિ૦ પારકાની ગરજ સારનાર, પરોપકારી, ઉદાર, પોતાનો લાભ ન જોતા બીજાનુ ભલુ કરનાર

પરગણુ, ન૦ (ફા૦) એક રાજ્યનો નાનો વિભાગ.

પરગમન, ન૦ (સ૦) જારકર્મ, છીનાળુ, વ્યભિચાર

પરગામ, ન૦ બીજે ગામ, વિદેશ, બહારગામ

પરઘર, ન૦ બીજે ઘેર, પરગૃહ

પરચુટણ–રણ, વિ૦ (સં૦ પ્રચૂર્ણ) જુદુ જુદુ, છુટક ૨ ખુરદો સિક્કાનુ હલકુ ચલણી નાણુ તે

પરચો–છો, પુ૦ ચમત્કાર, પરતો. ૨ શક્તિનો દેખાડો

પરછદ–દો, પુ૦ પડઘો, પ્રતિધ્વનિ

પરજ, પુ૦ એક રાગ, રાજિયો, પગજિયો

પરજ, સ્ત્રી૦ પહાડી લોકની એક જાત, 'કાળી પરજ'

પરજ, પુ૦ હાથના રક્ષણ માટે તરવારની મુઠ આગળનો ટોપલી જેવો જે ભાગ તે, ઢાલની મુઠ–પકડ

પરજક, પુ૦ (સ૦) પર્યંક, સુવાનો ખાટલો, પલગ.

પરજળવુ, ક્રિ૦ અ૦ બળવુ, સળગવુ ૨ દુ ખ થવુ, લાગણી થવી, ચરચરવુ ૩ પ્રસરવુ 'દવા પરજળવી'

પરજાન, સ્ત્રી૦ વરઘોડો, જાન "જોજન એક પરજાન વળાવી, મદન મહેતો આવ્યા જી"

પરજાપત, પુ૦ પ્રજાપતિ ૨ ઓઝો, કુભાર

પરજાળવું, ક્રિ૦ અ૦ ભડકો કરવો, બાળવુ, સળગાવવુ

પરજિયો, પુ૦ પરજ, રાજિયો

પરઠણ, સ્ત્રી૦ કરાર, સાટુ, બોલી

પરઠવુ, ક્રિ૦ સ૦ પઠવુ, નક્કી કરવુ, ઠરાવવુ. ૨. હોડ વદવી, સરત બકવી ૩ સાટુ કરવુ, કરાર કરવો. ૪ જવુ, વદાય થવુ, પ્રયાણ કરવુ 'તરૂણી તારે આશરે, પરઠુ હુ પરદેશ.'

પરઠો, પુ૦ કરાર, સરત, ઠરાવ

પરડ, અ૦ એવો થતો અવાજ (પેટનો વા છુટતા)

પરડ, સ્ત્રી૦ મુશ્કેલી, પંચાત, પીડા; લમણાઝીક, માથાફોડ.

પરડુ, ન૦ પૈડુ, ચાક

પરડો, પુ૦ બાવળની શિગ.

પરણ, ન૦ પરણવુ તે, લગ્ન ૨ પાદડુ, પાન

પરણવું, ક્રિ૦ સ૦ (સ૦ પરિણય) સસારનો લાવો લેવાને સ્ત્રી પુરૂષે શાસ્ત્ર વિધિ પ્રમાણે પરસ્પર સબધ કરવો, લગ્ન કરવુ, લગ્નથી જોડાવુ ૨ સરતથી બધાવુ પરણ્યા પહેલી અધરણી=મુવા પહેલા પોક. પરણે તેના ગીત=વખત પ્રમાણે વર્તવુ

પરણીયુ, ન૦ ચપણિયુ, મોટુ શકોરૂ

પરણાવવુ, ક્રિ૦ સ૦ છોકરી-છોકરો પરણે તેમ કરવુ, વિવાહ કરવો. ૨ વધારવાને પાણી રેડવુ 'દાળને પરણાવી' ૩ છેતરીને આપી દેવુ, ગળે ઘાલવુ

પરણિયત, વિ૦ પરણેલુ, લગ્નથી જોડાયલુ ૨.પતિ.

પરણેત, ન૦ લગ્ન "સાસરો પહેલા પરણેતનો, જાણે સઘળો મર્મ"–શામળ.

પરણેતર, ન૦ પરણત ૨ લગ્નવિધિ

પરતત્ર, વિ૦ (સ૦) બીજાના તાબામા હોય તેવુ, પરાધીન, પરવશ, તાબેદાર

પરત, અ૦ (સ૦) પાછુ.

પરતક્ષ, વિ૦ પ્રત્યક્ષ, હાજરાહજુર

પરતવુ, ક્રિ૦ સ૦ ખૂબ ઝીણુ વાટવુ, ઘુટવુ; લસોટવુ, ખરલ કરવુ

પરતી, સ્ત્રી૦ નાની ફાળકી, ફીરકી

પરતીત, સ્ત્રી૦ પ્રતીતિ, પતીજ, ખાતરી ૨ ભરોસો, વિશ્વાસ.

પરતો, પુ૦ (પ્રતાપ) હજુરા હજુર હોવુ તે, તરત પારખુ દેખાડવુ તે, ચમત્કાર ૨ છાયા, પડછો. ૩. મનુષ્યથી નજ બને તેવી લીલા

પરત્વે, અ૦ (સ૦) લીધે, યોગે, થી.

પરદાદો, પુ૦ દાદાનો બાપ

પરદાર, **સ્ત્રી૦** (પરદારા) પારકાની સ્ત્રી
પરદુ ખભ જન, પુ૦ પારકાના દુ ખ માટે શ્રમ લેનાર, પરોપકારી, ઉદાર
પરદેશ, પુ૦ (સ ૦) પારકો દેશ, વિદેશ
પરદેશી, વિ૦ પારકા દેશનુ ૨ વિદેશી, અજાણ્યુ
પરધર્મ, પુ૦ પોતાના કુળ–દેશના ધર્મથી બીજો [ધર્મ તે
પરધામ, ન૦ઉત્કૃષ્ટ ધામ, મોક્ષપદ, વૈકુઠ
પરનાતી, વિ૦ બીજી નાતનુ,પરનાતનુ
પરનાળ, સ્ત્રી૦નેવનુ પાણી ઝીલવા અને તેજવા બનાવેલી લાકડા–લોઢાની નીક તે
પરનાળિકા, સ્ત્રી૦ વ શપરપરાથી ચાલતી આવેલી જે રૂઢિ–રીત, પદ્ધતિ, તે ૨ પરનાળ.
પરતુ, અ૦ (સ ૦)પણ,તો પણ ૨ અને, તથા
પરથાર, પુ૦ સરખી કરેલી ઓટલી જેવી જગા ૨ રથડ,તળ ૩ પથારી,શય્યા
પરનિ દા, સ્ત્રી૦ જુઠી બદબોઈ, પારકી નાલેશી
પરદુ, ન૦ (ફા૦ પર) પખી, પક્ષી
પરપ ચ, પુ૦ પ્રપ ચ, કાવાદાવા [અન્ય મનુષ્ય
પરપુરૂષ, પુ૦ ધણી નહિ તેવો બીજો મરદ ૨
પરપેઠ, સ્ત્રી૦ ત્રીજીવારની લખેલી હુડી તે
પરપોટો, પુ૦ પાણીપર થતો હવાથી ભરેલો કુક્કો, બુદબુદ ૨ ફોલ્લો,ફફોલો ૩ ભરમ, ફટાટોપ
પરબ, ન૦રસ્તામા મુસાફરને મફત પાણીપાવાની જગા તે ૨ પર્વ, તહેવાર, રૂડો દિવસ
પરબડી, સ્ત્રી૦ ઉચા થાભલા ઉપર ચકલા કબુતરને માટે દાણા પાણી રાખવાનુ કરેલુ તે
પરબીડિયુ, ન૦ લખેલો કાગળ ઘાલવાની કાગળની કોથળી, કવર
પરબિયો, પુ૦ પરબમાથી પાણીપાનાર
પરબુદ્ધિ, સ્ત્રી૦ પારકાની બુદ્ધિ ૨ બીજાની બુદ્ધિ પ્રમાણે વર્તનાર
પરબ્રહ્મ, ન૦ (સ૦) જ્ઞાનબ્રહ્મથી પણ પર તે, પરમાત્મા [જન્મ ૨ પ્રભવ
પરભવ, પુ૦ આગલો કે પાછલો અવતાર,બીજો
પરભવવું, ક્રિ૦ સ૦ (સ૦) કાયર કરવુ, થકવવુ ૨ ઉપજવુ, ઉત્પન્ન થવુ ૩ ન લેખવવુ,અનાદર–તિરસ્કાર કરવો.

પરભા, સ્ત્રી૦ પરવા, દરકાર, સ્પૃહા ૨ પ્રભા
પરભાતિયું, ન૦કીર્ત્તન,પ્રભાતિયુ, ૨ મળસકામા ગાવાનો એક રાગ
પરભાર્યું, વિ૦ પારકુ, અજાણ્યુ ૨ ત્રાહિત, સબ ધ પિછાન વગરનુ ૩ અ૦ બારોબાર, ઘેર [આવ્યા વિના
પરભુ, પુ૦ પ્રભુ, ઇશ્વર
પરભોગી, વિ૦ બીજાની વસ્તુનો ભોગ લેનાર
પરમ, વિ૦ (સ ૦) શ્રેષ્ટ, ઉત્તમ, મુખ્ય ૨ ત્રીજુ.
પરમ, અ૦ ઘણુજ,અતિશય, પુષ્કળ, પરિપૂર્ણ
પરમપદ, વિ૦ (સ ૦) શ્રેષ્ઠપદ ઉત્તમસ્થિતિ, મોક્ષપદ, મુક્તિ
પરમપ્રિય, વિ૦(સ ૦) ઘણુ જ વહાલુ, અતિપ્રિય
પરમહ સ, પુ૦ (સ ૦) પરમાત્મા, બ્રહ્મ ૨ ભિન્નભાવ કે વ્યવહારાદિકની સ્પૃહા વગરનો એક [જાતનો સાધુ
પરમાટી, સ્ત્રી૦ માસ
પરમાણ, ન૦ પ્રમાણ,પુરાવો ૨ વિ૦ ખરૂ, ધન્ય, લાયક ૩ અ૦ નિશ્ચે, નક્કી
પરમાણવુ, ક્રિ૦ સ ૦સાચુ માનવુ [માણપત્ર
પરમાણા, ન૦ ખાત્રીપત્ર, દાખલો, પુરાવો, પ્ર
પરમાણુ, પુ૦ (સ ૦) અતિ સૂક્ષ્મ–ઝીણામા ઝીણો અશ તે, સૂર્ય કિરણમા ઉડતી દેખાતી રજકણના ત્રીસમા ભાગ જેટલુ તે
પરમાણે, અ૦ પ્રમાણે, માફક, રીતે
પરમાત્મા, પુ૦ (સ૦) બ્રહ્મ, સર્વ સૃષ્ટિના આત્મારૂપ જે જગદીશ તે
પરમાન દ, પુ૦(સ ૦) પૂર્ણ આનદ ૨ બ્રહ્માનદ
પરમાર્થ, પુ૦ (સ ૦) મોક્ષ પ્રાપ્તિ–નુ સાધન ૨ પ્રાણી માત્રનુ હિત કરવુ તે,પરોપકાર બુદ્ધિ–કર્મ, ધર્મ, પુણ્ય [હિતાવહ
પરમાર્થી, વિ૦ પરમાર્થ કરનારો ૨ ઉપકારી,
પરમિયો, પુ૦ (સ૦ પ્રમેહ) પિશાબની વાટે બગડેલી ધાતનુ જવુ તે, મધુમેહ
પરમેશ–શ્વર, પુ૦ (સ ૦) જગદીશ, બ્રહ્મ, પ્રભુ, ભગવાન, ઈશ્વર, જગત્–સૃષ્ટિ વિગેરે કરનાર **પરમેશ્વર માથે રાખીને**—પ્રતિજ્ઞા પૂર્વક, પરમેશ્વરનો ડર રાખીને **પરમેશ્વરના ચોર ઠરવુ**–ઈશ્વરના ગુનેગાર થવુ **પરમેશ્વરને ઓળે બે.**

સવુ—પરમેશ્વરનુ માનીતુ થવુ **પરમેશ્વર** વ્હાલા હોય તો-ઈશ્વરપર આફીન હોય તો
પરમેશ્વરી, સ્ત્રી૦ દેવી આદ્યશક્તિ
પરમોદવું, ક્રિ૦ સ૦ બહુ સમજાવી કહેવુ
પરમેષ્ઠિ, પુ૦ બ્રહ્મદેવ.૨ વિષ્ણુ શાલગ્રામ
પરંપરા, સ્ત્રી૦ (સં૦) ઘણા કાળથી ચાલતી રીત, ધારો, નિયમ, પરીપાટી
પરંપરા, અ૦ ચાલતુ આવેલુ હોય તેમ
પરંપરાગત, વિ૦ (સં૦) પરંપરાથી ચાલતુ આવેલુ, રિવાજ પ્રમાણે
પરરાજ્ય,ન૦ (સં૦)જે રાજ્યમા પોતે હોય તેથી બીજુ રાજ્ય. ૨ પરદેશીનુ રાજ્ય
પરલી, સ્ત્રી૦ (સં૦ **પલ્લી**) ધિલોડી, ધરોળી
પરલોક, પુ૦ (સં૦) મુવા પછી જીવની સ્થિતિ તે ૨ મુઆ પછી જે લોકમા જઈ વસવુ થાય તે, સ્વર્ગ, દેવલોક,બ્રહ્મલોક ૩ બીજા પારકા લોક 'પરલોક તણે બહુ વાત કહે, સુધરે નહિ કાજ જરા અહિયાનુ' **પરલોક** જવુ—ગુજરી જવુ, મૃત્યુ પામવુ
પરવ, ન૦ પર્વ ૨ પરબ
પરવડવું,ક્રિ૦અ૦પાલવવુ, ઓજવુ, પોષાવુ, રૂચવુ
પરવડતુ, વિ૦ પાલવતું, ઓજતુ, પોષાતુ
પરવણી, સ્ત્રી૦ દાન ધર્મનો અવસર, તહેવાર
પરવરતાવવુ, ક્રિ૦ અ૦ ચાલુ કરવુ, ફેલાવવુ
પરવરદેગાર, પુ૦ (ફા૦) પ્રાણી માત્રનુ પાલન કરનાર, દુનિયાનો સાહેબ, ઇશ્વર
પરવરવુ, ક્રિ૦ અ૦ જવુ, સિધારવુ
પરવરશી, સ્ત્રી૦ (ફા૦) પાલણ પોષણ, બરદાશ
પરવશ, વિ૦ (સં૦) પરાધીન, પરતંત્ર
પરવશતા-પણુ, ન૦ પરાધિનતા
પરવસી, સ્ત્રી૦ બરદાશ, સેવા ચાકરી સારવાર ૨ પપાળવુ તે
પરવળ, ન૦એક જાતનુ શાક, પંડોળુ—ધીલોડા
પરવા, સ્ત્રી૦ (સં૦) તમા, દરકાર, કાળજી
પરવાડ, સ્ત્રી૦ (સં૦) ગામની છેવટનો ભાગ, ગામની નજીકનો ભાગ.
પરવાનગી, સ્ત્રી૦ (ફા૦)રજા,છુટ ૨,હુકમ,આજ્ઞા
પરવાનો, પુ૦ (ફા૦) રજા ચિઠ્ઠીર લેખી હુકમ
પરવાર, પુ૦ નવરાસ,ફુરસદ ૩ પરિવાર, વસ્તાર.
પરવારતુ, વિ૦ બેરોજગારી, નમાગ્મુદ્દુ, નિરુદ્યોગી, નવરૂ
પરવારવુ, ક્રિ૦ અ૦ કામ કરી રહેવુ, કામ કાજ કરી નવરા થવુ
પરવારી, વિ૦ (સં૦) ભરવાડ જેવી એક જાત.
પરવાળુ, ન૦ (પ્રવાલ) લાલરંગનો એક પથ્થર. હોઠની રતાશ માટે એની ઉપમા આપે છે
પરવિંટો, પુ૦ રેંટિયાપરનુ સુતર ઓવાળવા (ઉતારવા)નો ફાળકો
પરસાળ,સ્ત્રી૦ઘરના ચોકની પાસેનો પહેલો ખંડ તે
પરશી, સ્ત્રી૦ (સં૦) પરશુ ફરસી
પરશુ, પુ૦ (સં૦) કુહાડીના ઘાટને મળતુ એક હથિયાર ફરસી, કુહાર
પરશુદી-સુદી, સ્ત્રી૦ધોયલા ઘઉંનો લોટ,મેંદો.
પરશુરામ, પુ૦ રેણુકાને પેટે પેદા થયેલો જમદગ્નિનો પુત્ર ૨ વિષ્ણુનો છઠ્ઠો અવતાર
પરસ, સ્ત્રી૦ ઝાકળ, ઓસ. ૨ મોટુ મળસકુ **પરસ** ચરાવવા-મળસકે બળદ ચરાવવા તે.
પરસન, વિ૦ પ્રસન્ન
પરસવુ, ક્રિ૦ અ૦ ઓળખવુ,પરખવુ,જાણવુ 'પાસે છે પિયુ અલ્યા તેને નવ પરસિયો, હાથથી બાજી ગઈ થયો રે ખોટી" **ન૦ મહેતો.** ૨ અડકવુ, સ્પર્શ કરવો."દરશનથી દુકરિત ટળે રે, પરસતા પાવન થાય"-**અખો૦** ૩ ભજવુ
પરસંગ, પુ૦ (સં૦ **પર્યંક**) ખાટલો, પલંગ ૨ દોરીને ત્રણ સેરી કરવી તે ૩ પ્રસંગ, લાગ.
પરસાદ, પુ૦ દેવ દેવીને ધરાવેલુ નૈવેદ ૨ ભોજન, જમવુ તે. ૩ કૃપા, મહેરબાની ૪ દેવતા ઇ૦ એ પ્રસન્ન થઈ આપેલુ ફળ ૫.(વક્રોક્તિમા) માર, ઠોક, કુટીપાક જેવા ફળ થાય છે તે.
પરસેવ, સ્ત્રી૦ બીજાની સેવા, નોકરી, ચાકરી.
પરસેવો, પુ૦ (સં૦ **પ્રસ્વેદ**) શરીરની ચામડીના છિદ્રમાથી ઝરતુ પાણી **પરસેવો** ઉતારવો—મહેનત કરવી.
પરસ્ત, વિ૦ પરાયણ ૨ પૂજક
પરસ્તશ, સ્ત્રી૦ પૂજા, આરાધના ૨ અધીનતા
પરસ્તી, સ્ત્રી૦ સ્તુતિ, પ્રાર્થના ૨. ખુશામત, પરાયણતા.
પરસ્ત્રી, સ્ત્રી૦ પરદારા, પરનાર

પરસાકડે, અ૦ [મ૦ પરસ-વાડો] બાજરૂ
પરસ્મૈપદ, ન૦ (સ૦)કર્મકભેદ [વ્યાકરણમાં]
પરસ્પર, અ૦ માહોમાહે,એકમેકમા,અન્યોઅન્ય, આપસઆપસમા [પરતત્ર, પરાધીન
પરસ્વાધીન, વિ૦ બીજાને તાબે હોય તેવુ,
પરહરવુ, ક્રિ૦ સ૦ તજવુ, દૂર કરવુ
પરહસ્તગત, વિ૦ બીજાના હાથમા ગયેલુ
પરહેજ, વિ૦ (ફા૦) કેદ, બધી, પરવશ કેદી ૨ કચરી, ખાવાપીવા સબધની બધી તે
પરહેજ-જી, સ્ત્રી૦ (ફા૦) કચરી, પથ્ય ૨ અટકાવ, પ્રતિબધ [કચરી પાળનાર
પરહેજગાર, વિ૦ (ફા૦) બધી પાળનાર,
પરાં, અ૦ આઘે, દૂર, આમતેમ.
પરાગના, સ્ત્રી૦ [સ૦ પર+અગના] પરસ્ત્રી
પરાગમુખ, વિ૦ અવળી બાજુ મો હોય તેમ, વિમુખ ૨ ઉલટ, વિરૂદ્ધ
પરાત, વિ૦ શેષ, બાકી રહેલુ [ફરંગગત થવુ
પરાતવુ, ક્રિ૦ અ૦ પરવાગ્વુ, કામથી નચિંત થવુ,
પરા, સ્ત્રી૦ (સ૦) શબ્દનુ આદિરૂપ, નાદનુ મૂળ સ્વરૂપ ૨ ઉચ્ચ ગતિ ૩ ગાયત્રી
પરા, અ૦ પાછુ, તરફ, ભણી ૨ દૂર
પરાઇ, સ્ત્રી૦ ખાડણીનો દાડો-દસ્તો ૨ વિ પારકી
પરાકાષ્ઠા, સ્ત્રી૦ (સ૦) છેલ્લી મર્યાદા-હદ ૨ અતિશ્રમ, મોટી મુસીબત, મુશ્કેલી
પરાક્રમ, ન૦ (સ૦) લોકમા જશ મળે એવુ કામ, શૌર્યથી નામના કરવી તે,સામર્થ્ય,બળજોર
પરાક્રમી, વિ૦ (સ૦) જશ ગવાય એવા સામર્થ્યવાળુ ૨ બળવાન, જોરાવર [વામ, સુગન્ધ
પરાગ, પુ૦ (સ૦)ફૂલોમાની કુસુમરેણુ ૨ સોડમ,
પરાજ-ત, સ્ત્રી૦ કથરોટના જેવી ઉભી કોરણની
પરાજય,પુ૦(સ૦) હાર, પરાભવ [મોટી થાળી
પરાજુ, ન૦ ત્રીસ વીઘાનુ માપ (કાઠિ૦)
પરાટ, સ્ત્રી૦ ગધેડા ઉપર નાખેલી ગોદડી ખસી ન જાય માટે મકરાના વાળની નવસેરી જે દોરી બાધે છે તે [નાની લાકડી
પરાણી-રૂણી, સ્ત્રી૦ બળદ હાકવાની આરવાળી
પરાણે, અ૦ બળાત્કારે,મરજી ઉપરાત,જોરાવરીએ

પરાણો, પુ૦ આરવાળી લાકડી (બળદને હાકવાની) ૨ પરોણો [પાણી, પરાશ.
પરાત, સ્ત્રી૦ લોખડની કથરોટ ૨ છાશનુ
પરાત્પર, વિ૦ (સ૦) સૌથી ઉચો,શ્રેષ્ટ ૨ માયાથી જુદુ હોય તેવુ ૨ બ્રહ્મ
પરાધીન, વિ૦(સ૦) પરસ્વાધીન,પરતત્ર,પરવશ
પરાન્ન, ન૦ પારકુ અન્ન, મફતનુ ખાવુ તે
પરાપૂર્વ, વિ૦ અસલ, જુનુ, ચાલતુ, આવેલુ ૨ આગલુ પાછલુ [સ્કાર, પરિભવ
પરાભવ, પુ૦ (સ૦) પરાજય, હાર ૨ તિર-
પરાભૂત, વિ૦ (સ૦) હારેલુ, પરાજિત
પરાય, સ્ત્રી૦ ખાયણીનો દસ્તો, પરાઇ
પરાયણ, વિ૦ (સ૦) વળગી રહેલુ,સબધી,અનુરક્ત, લગતુ, વિષે 'તેની વૃત્તિ ઇશ્વિર પરાયણ થઇ " ૨ આશ્રિત, તાબેદાર, અર્પું
પરાયુ, વિ૦ પારકુ બીજાનુ,
પરાર, અ૦(સ૦ પરારિ) ત્રીજે વર્ષે, ગયે કે આવતે
પરાર્ધ, વિ૦ (સ૦) એકના ઉપર સત્તર મીંડા વાળી સખ્યા ૨ વિ૦બ્રહ્માના અર્ધા આયુષ્યજેટલુ
પરાવર્તન, ન૦ (સ૦) પાછુ ફરવુ તે, પ્રતિક્ષેપ ૨ પડછાયો, પ્રતિબિબ
પરાવૃત્ત, વિ૦ ઉલટાવેલુ, પાછુ વળેલું ૨ પાછુ આપેલુ, પ્રતિબિબ પડેલુ ૩ કટાળેલુ
પરાશ, સ્ત્રી૦ છાસનુ પાણી
પરાળ, ન૦ ડાગરનુ ખસલુ પેડા
પરિ, અ૦ (સ૦) ચારેમેર ૨ વિશેષ, ઘણુજ
પરિક્રમ, પુ૦ (સ૦) પગથી ચાલીને જવુ પગ વતે ચાલવુ પ્રદક્ષિણા, વિહાર
પરિક્રમણ, ન૦ ગોળ ફરવુ તે, પ્રદક્ષિણા
પરિક્રમા, સ્ત્રી૦ પ્રદક્ષિણા
પરિખા, સ્ત્રી૦ શહેરની આસપાસ કરેલી ખાઇ
પરિચર્યા, સ્ત્રી૦ નોકરી સેવા,ચાકરી, તહેનાત ૩ શુશ્રૂષા, ખુશામત [આદાન ૩ સ્ત્રી, પત્ની
પરિગ્રહ, પુ૦(સ૦) દાન લેવુ તે ૨ સ્વીકારવુ તે,
પરિઘ, પુ૦ [સ૦] ગોળ આકૃતિને ફરતી કોર ઘેરાવો ફરતો ઘેર ૨ ૧૯ મો યોગ ૩ ગદા
પરિચય, પુ૦(સ૦) ઓળખાણ, પિછાન,સહવાસ, અભ્યાસ, મહાવરો

પરિચારિકા, સ્રી૦ (સં૦) દાસી
પરિચિત, વિ૦ જાણીતુ,ઓળખીતુ,પરિચયવાળુ
પરિચ્છિન્ન, વિ૦ (સં૦) નિરૂપણ કરેલુ, જુદુ પાડેલુ, છુટુ કરેલુ
પરિણય, પુ૦ લગ્ન, વિવાહ
પરિચ્છેદ, પુ૦ અવધિ, સીમા, ૨ ભાગ, પ્રકરણ
પરિજન, પુ૦ (સં૦) ચાકર લોક, પોષ્યવર્ગ ૨ પરિવાર, ખટલો
પરિણામ, પુ૦ (સં૦)તોડ, નિકાલ, ફેસલો, છેવટ, ઠેડો, અતફળ ૨ નતિજો
પરિતાપ, પુ૦ (સં૦) અતિશય તાપ–બાફ ૨ બળતરા,અકળામણ, પીડા ૩ પ્રતાપ,ભય ઉપજાવે તેવો દોર–હાક. ૪ દુખ, શોક, મનની અવ્યવસ્થા
પરિતોષ, પુ૦ (સં૦) સતોષ, આનદ, તુષ્ટિ.
પરિત્યાગ, પુ૦ (સં૦) તજીદેવુ, છોડીદેવુ તે
પરિત્રાણ, ન૦ કવચ ૨ વારણ, નિવારણ,રક્ષણ
પરિધાન, ન૦ (સં૦)પહેરવુ તે ૨ વસ્ત્ર, લુગડુ
પરિધિ, પુ૦ (સં૦) ઘેરાવો ૨ પરિવેશ, સૂર્યચદ્રની આસપાસ થતુ તેજનુ કુડાળુ તે
પરિપકવ, વિ૦ (સં૦) પાકેલુ–સિઝેલુ ૨ પુખ્ત
પરિપાટી, સ્રી૦ પદ્ધતિ, ધાટી, કામ કરવાની રીત ૨ અનુક્રમ
પરિપાલન, ન૦ (સં૦) પાળવુ તે,સાચવી જાળવી રાખવુ તે ૨ ચાલતુ હોય તેમ ચલાવવુ તે
પરિપૂર્ણ, વિ૦ (સં૦) ભરપુર, સંપૂર્ણ, પુરેપુરુ, સારી પેઠે, પૂરતી રીતે
પરિબ્રહ્મ, પુ૦ (સં૦) જ્ઞાન બ્રહ્મથી પણ પર તે, જગદીશ્વર, પરમેશ્વર
પરિભાવ, પુ૦ (સં૦) અપમાન, અવગણના
પરિભાષા, સ્રી૦ શાસ્રીય વિષયમા જે સંક્ષિપ્ત શબ્દ કે વાક્યથી અમુક અર્થ ઘટાવ્યો હોય તે શબ્દ અથવા સૂત્ર તે ૨ શૈલી ૩ પ્રસ્તાવના, શરૂઆતનુ પ્રકરણ
પરિભ્રમણ, ન૦ (સં૦) પ્રદક્ષિણા કરવી તે, ગોળ ફરવુ તે, ભટકવુ તે
પરિમળ, પુ૦ (સં૦) સુગધ, સૌરભ, પીમળ
પરિમાણ, ન૦ (સં૦) માપ, જથો, વજન, કદ ૨ સંખ્યા ગણન ૩ વર્તુલનો ઘેરાવો, ૪ આશરો, અંદાજ ૫ ખાતરી પ્રમાણ
પરિમિત, વિ૦ માપવાળુ, ઘટિત, માફકસર,હદમા
પરિમિતિ, સ્રી૦માપ, પ્રમાણ ૨ હદ, મર્યાદા ૩ ઘેર, ફેરાવો
પરિયંક, પુ૦ પર્યંક, પલગ, ખાટલો.
પરિયટ, પુ૦ ધોબી, લુગડા ધોનાર
પરિયાણ, ન૦ પ્રયાણ, ગમન, પ્રસ્થાન
પરિયો, પુ૦ પૂર્વજ,પેઢીનામુ વશાવળિ. ૨ વશજો.
પરિરભણ, ન૦ (સં૦) ભેટવુ તે, ક્રોટિ, આલિગન. 'પછે પુત્રને પરિરભણ કરી,વદે ભૂપ વચન.'
પરિવર્તન ન૦ (સં૦) ભ્રમણ, આવૃત્તિ, આવર્તન ૨ ફેરફાર, ફરી જવુ તે ૩ વિનિયમન.
પરિવાદ, પુ૦ (સં૦) ઠપકો, તિરસ્કાર ૨ નિદા, આરોપ, અપવાદ, કહેતી
પરિવાર, પુ૦ (સં૦)છોકરા છૈયાને કુટુ બકબીલો તે, વસ્તાર, નોકર ચાકર, આશ્રિત વગેરે પોષ્ય વર્ગ, પરિજન
પરિવેષ, પુ૦ ચદ્ર સૂર્યની આસપાસ ઉડતો ગોળ પ્રકાશ, તેજનું મડળ, પરિધિ
પરિવેષ્ટન ન૦ (સં૦) આચ્છાદન, ઢાકણ, બારદાન, બાધણ, ૩. કોટલુ, પરબીડિયુ
પરિવ્રાજક, પુ૦ (સં૦) સસાર અને માયાનો જેણે ત્યાગ કર્યો છે તે, સન્યાસી.
પરિશિષ્ટ વિ૦ (સં૦) બાકી–વધારાનુ લખાણ, ઉમેરણ, પુરવણી
પરિશેષ, પુ૦ વધેલુ તે, બાકી, સિલક, અવશેષ.
પરિશ્રમ, પુ૦ (સં૦) ઘણો શ્રમ લેવો તે, તસ્દી.
પરિષદ, સ્રી૦પાઠશાળા ૨ સભા, બેઠક, મેળાવડો; ૩ મડળી ૪ સેવક, અનુચર,
પરિસખ્યા, સ્રી૦ (સં૦) ગણના, ગણતરી ૨ સરવાળો
પરિસરણ, ન૦ (સં૦) વહેવુ તે
પરિસીમા, સ્રી૦ (સં૦) હદ, અવધી, છેડો અંત. ૨ સરહદ
પરિહાર, પુ૦ (સં૦) દૂર કરવુ તે,તજવુ તે,ત્યાગ.
પરિહાસ, પુ૦ (સં૦) મશ્કરી, ઠઠ્ઠો, મજાક
પરી, સ્રી૦ (ફા૦) મો માણસનુ શરીર ઘોડાનુ ને પાખવાળી એવી એક કલ્પિત સુદર સ્રી, કિન્નરી, અપ્સરા
પરીક્ષક, વિ૦ (સં૦) પરીક્ષા કરનાર–લેનાર, પારેખ, તપાસનાર, નિરૂપક
પરીક્ષા, સ્રી૦ [સં૦] સામાના જ્ઞાનની તપાસ કરવી તે, તપાસ, તજવીજ.૨ શોધ,પ્રયોગ. ૩. જ્ઞાન. સમજશક્તિ 'વૈદને રોગની પરીક્ષા નથી.". ૩ પારખ, પરખ
પરીક્ષાપત્ર, ન૦(સં૦) પરિક્ષાના સવાલોનુ પત્રક.

પરીઘ, પુ૦ ઘેરાવો, ઘેર [સાખ ૨ પરીક્ષક
પરીખ, વિ૦ નાણા પારખનાર, શરાફી ધધાની
પરીઘરો, પુ૦ માલમતા, મિલકત ૨ પાયમુ
પરીસવુ, ક્રિ૦સ૦ પીરસવુ [પાપ (જૈન)
પરીસો, પુ૦(પરિશ્રમ)દરદ, દુખ ૨ અડચણ
પરૂ, વિ૦ દૂર, આઘુ ૨ જુદુ, અળગુ ૩ આડુ, અવળુ
પરૂ, ન૦આઘે પડેલુ એવુ કામ ૨ શહેર–કસબાની બહાર લગોલગ જે વસ્તી પ્રદેશ તે, પુર
પરુ, ન૦ગોડ ગુમડા પાકેથી જે સફેદ ઘટ પ્રવાહી નીકળે છે તે [સત્ય છે' (શ્રાવકોમા)
પરૂપવુ, ક્રિ૦ સ૦ કહેવુ,બોલવુ, 'આપનુ પરૂપવુ
પરૂષ, વિ૦ કઠોર, નિષ્ઠુર (વચન) ૨ ક્રુર,નિર્દય
પરે, સ્ત્રી૦ પરોઢ, મળસકુ, પ્રભાત, સુર્યના કિરણ ફૂટવા તે "પરે ફુટવી" ૨ અ૦ પેરે, પેઠે, રીતે
પરેજ, વિ૦ પરહેજ, જુઓ
પરેજી, સ્ત્રી૦ કરી, પથ્ય,
પરેશાન, પુ૦ પરીઓનો મુલક "એટલી જેને મળતી હોય, પરેશાનની રાણી સોય"
પરેશાન, ન૦ (ફા૦) ધૂર્ત,ચાલાક, ચતુર
પરેસ્તાન, ન૦ (ફા૦) પરીઓનો દેશ, સ્વર્ગ
પરોક્ષ, અ૦ (સ૦) નજર ન પડે તેમ, પુઠ પાછળ, પછવાડે ૨ ગુપ્તપણે, છાનીરીતે, ગેર હાજરીમા, પડદા પાછળ, બીજાની દ્વારા
પરોગ, ન૦ છેડો, અત
પરોઢ, ન૦ પુ૦ પ્રભાત, મળસકુ, વહાણુ
પરોણાગત, સ્ત્રી૦ આગતા સ્વાગતા, આતિથ્ય, અતિથિ સત્કાર, બરદાશ
પરોણાચાકરી, સ્ત્રી૦ પરોણાગત
પરોણાચાર, પુ૦આગતા સ્વાગતા, બરદાશ
પરોણી, સ્ત્રી૦ આર ખોસેલી લાકડી ૨ સ્ત્રી મહેમાન ૩ સોયમાનો દોરો
પરોણો, પુ૦ (સ૦) અજાણ્યુ અથવા ઓળખીતુ માણસ થોડા દિવસ રહેવા આવ્યુ હોય તે,મહેમાન, અતિથિ ૨ આર ખોસેલી મોટી લાકડી, અકુશ
પરોત, પુ૦ પુરોહિત, ક્ષત્રિઓનો ગોર, પ્રોત
પરોપકાર, પુ૦ (સ૦) ઉપકાર કરવો તે, પારકાનુ ભલુ કરવુ તે, પરહિત કરવુ તે [હિતૈષી
પરોપકારી, વિ૦ બીજાને ઉપકાર કરનાર,પરગજુ,
પરોવવુ, ક્રિ૦ સ૦ સોયના નાકામા દોરો ઘાલવો ૨ ઘાલવુ, અદર નાખવુ ૩. મનપર લેવુ, ચિત્ત ચોટાડવુ, લગાડવુ, મનથી કરવુ ૪ ભરવવુ ખોસવુ, ટાગવુ
પર્જન્ય, પુ૦ વરસાદ મેઘ ૨ ઈદ્ર વિષ્ણુ
પર્ણ, ન૦ (સ૦)પાદડુ, પાનુ ૨ કાગળ, પત્ર.
પર્ણકુટી, સ્ત્રી૦ પાદડાથી છાયેલી ઝુપડી,મઢી
પર્યંક, પુ૦ (સ૦) પલગ, ખાટલો ૨ વીરાસન
પર્યટન, ન૦ (સ૦)પ્રવાસ કરવો તે, મુસાફરી,
પર્યન્ત, અ૦ સુધી, લગી [પ્રવાસ, ભ્રમણ
પર્યવસાન, પુ૦ અન્ત, આખર, છેવટ, છેડો
પર્યાણ, ન૦ પલાણ ૨ પ્રયાણ, નીકળી પડવુ તે
પર્યાપ્તિ, સ્ત્રી૦ (સ૦) પૂર્ણતા ભરપૂરપણુ ૨ તૃપ્તિ,સતોષ, ૩ સીમા, અત
પર્યાય,પુ૦(સ૦) રીત, રસ્તો ૨ યુક્તિ, બહાનુ, ઉપાય ૩ એક અર્થના બે ત્રણ શબ્દોમાનો એકાદ
પર્યાલોચન,ન૦(સ૦)ફરીને બરોબર વિચારવુ તે
પર્યુષણ, ન૦ પચુસણ
પર્યેષણ, ન૦ (સ૦) તજવીજ, તપાસ
પર્વ, ન૦ (સ૦ પર્વ–સાધો.) દાન ધ૦ પુણ્ય કર્મ કરવાના શાસ્ત્રોક્ત દિવસ ૨ તહેવાર, શુભ દિવસ ૩ સાઠાનો એક ગાઠાથી બીજા ગાઠા સુધીનો જે ભાગ તે, પેરિયુ પેર ૪ ભાગ, પ્રકરણ" ૫ આગળાના સાધા વચ્ચેનો ભાગ, ટેરવુ
પર્વણી, સ્ત્રી૦ પર્વનો દિવસ,તહેવાર
પર્વત, પુ૦ (સ૦) પૃથ્વીની સપાટીથી ઉપસેલો ટેકરો, ડુગર,પહાડ, ગિરિ ૨ સાતની સજ્ઞા
પલ, સ્ત્રી૦ પળ, પક્ષ ૨ માસ
પલક, સ્ત્રી૦ (ફા૦) આખ બધ થઈ ઉઘડે એટલો જે જરાક વખત તે,પળ, ક્ષણ
પલકદરિઆવ, પુ૦ એકદમ વરસાદ તૂટી પડી રેલમ રેલા થઈ રહેવુ તે, હેલી ૨ ઈશ્વર, પ્રભુ
પલકવુ–કાવુ, ક્રિ૦ અ૦હસવુ, ખુશી થવુ ૨ ઝબુકવુ, ચમકવુ, રહીરહીને પ્રકાશવુ
પલકારો, પુ૦ પલક, ક્ષણ, પળ ૨ ચમકારો, ઝબ-

કારો ૩ અણસારો નેત્રપલ્લવી

પલકાવવુ, ક્રિ૦ સ૦ પટપટાવવુ, આખ ઉઘાડ મીચ કરવી તે, ઝબકાવવુ

પલકો, પુ૦ સ્પદ, મીચકારો ૨ તેજનો ભભુકો

પલગ, પુ૦ [પર્યંક] ઢોલિયો, છતરીવાળો ખાટલો

પલગડી, સ્ત્રી૦ નાનો ઢોલિયો–ખાટલો

પલગપોષ,પુ૦ઓઢાડના જેવુ એક જાતનુ કપડુ

પલટણ-ન, સ્ત્રી૦ [પોર્ટું૦] પાયદળ લશ્કરનો એક સમૂહ એમા ૫૦૦ થી તે ૮૦૦ માણસ હોય છે એ ત્રણ પલટન મળીને એક રીજમીટ થાય છે ૨ પાયદળ–ઘોડેસ્વાર લશ્કરનો એક વિભાગ ૩ હારનીહાર એક પછી એક આવતુ ટોળુ

પલટવુ, ક્રિ૦ સ૦ ઉટલવુ, ફેરબદલ કરવુ ઉધુચતુ કરવુ ૨ પાછુ વાળવુ ૩ (વચન) ભગ કરવુ

પલટાવુ, ક્રિ૦ અ૦ બદલાવુ,ફરી જવુ,૨ બદલી નાખવુ ફરવી નાખવુ

પલટો, પુ૦ ઉથલો સ્વરને ઉતારવો ને ચઢાવવો તે ૨ આડા અવળા સવળા પટા ખેલવાની રીત

પલવટ, સ્ત્રી૦ વાટડી, લબડતુ વસ્ત્ર કેડે કે છાતીએ કસીને બાધવુ તે,પાલવ કમ્મરે બાધવો તે

પલવવુ, ક્રિ૦ સ૦રીઝવવુ, વિનવવુ

પલવાડ, સ્ત્રી૦ વાડ, પરવાડ

પલળવુ, ક્રિ૦ અ૦ ભિજાવુ,પાણીવાળુ થવુ

પલાખા,ન૦દરેક આકના પાડાના ગુણાકાર પૂછવા તે

પલાખી,સ્ત્રી૦આકના પાડામાની દરેક હાર,આકના જે અનુક્રમે ગુણાકાર હોય છે તેમાનો અંકેકો

પલાઠી, સ્ત્રી૦ પગ ઉપર પગ ચઢાવીને બેસવાની જે રીત તે [નિરાતે નિડરતાથી બેસવુ

પલાંઠો, પુ૦ મોટી પલાઠી પલાઠો મારીને બેસવુ=

પલાણ,ન૦સ્વારીના ઘોડા ઉપર નાખવાનું ગાદલુ આસન ખોગીર,જીન **પલાણ** કરવુ–સ્વારી કરવી

પલાણવુ, ક્રિ૦સ૦ ઘોડા ઉપર સ્વારી કરવી ૨ પલોટવુ કામમા લેવા માડવુ

પલાણો,પુ૦ છાપતી વખતે ટાઇપ બરાબર બેસાડવા જે જાડો લાકડાનો ચપટો ઠોકો ઠેકે છે તે

પલાંડુ, પુ૦ (સ૦) કાદો, ડુગળી, પ્યાજ

પલાયન,ન૦સ૦ નાસીજવુ તે,પોબારા ગણવા તે,

પલાવ, પુ૦ ચોખા મશાલો અને માસનો મિશ્રિત રાધેલો પદાર્થ, નાનપલાવ

પલાવટ, સ્ત્રી૦ ભિલની એક જાત

પલાશ, પુ૦ (સ૦)ખાખરો,ખાખરાનુ ફૂલ

પલાશપાપડો, પુ૦ ખાખરાનુ ફળ, પીતપાપડો

પલાળવુ, ક્રિ૦સ૦ પાણીવાળુ કરવુ, ભીનુ કરવુ ૨ સમજાવવુ, ગળે ઉતારવુ

પલિત,વિ૦(સ૦) પળિયાવાળો,ધોળા વાળવાળો

પલીત, ન૦ [ફા૦] પ્રેત ભૂત ૨ મેલુ, ગદુ,બિહામણુ ૩. વૃદ્ધ, ઘરડુ

પલિતો, પુ૦ (ફા૦) તેલ–દિવેલમા બોળેલો ચીથરાનો કકડો ૨ પુ૦ બળતો કાકડો, જામગરી, ટેટા ફટાકાનો સળગાવવાનો દોરો ૩ સળી, ફદફુ, સળેખડુ,પલીતો મુકવો=જગાડવુ,સાસણી આપવી, પ્રેરણા કરી દૂર રહેવુ, ૨ જક મૂકવો

પલેવણ, ન૦ જીવ જતુના રક્ષણાર્થે લુગડા, રજોહરણા વગેરેને પહોળા કરી તપાસવા તે [જૈન]

પલોટવુ, ક્રિ૦ સ૦ કેળવવુ, શીખવી તૈયાર કરવુ પાવરધુ કરવુ ૨ ચાપવુ 'શ્રમિત છો, આવો લગારેક પોઢોપલોટુ પાયે, શ્રમ મટે થોડો "–પ્રેમા૦

પલ્લવ,પુ૦(સ૦) ઝાડના નવા પાનવાળી ડાળી કિસલય, કુપળિયા ૨ લાખનો રગ, અળતો

પલ્લી, સ્ત્રી૦(સ૦) ઘીલોડી ઢેડી ૨ નવરાત્રિમા આસપાસ ગાવાની દીવડી ૩ નાનુ ગામડુ ૫૨

પલ્લુ, ન૦ તાજવાનુ દરેક છાબડુ, તાજુડુ ૨ વર તરફથી કન્યાને અપાતી જણસ–રોકડ, સ્ત્રીધન

પલ્લો,પુ૦ (**પલ્લવ**) છેડો,પદર,પાલવ ૨ છેડુ,ટપ્પો

પવઇ, પુ૦ પાવૈ, હીઝડો, નામર્દ ૨ બાયલો

પવન, પુ૦ (સ૦) આપણી ત્વચાને જે સ્પર્શ થાય છે તે તત્વ,વાયુ **પવનપર** ચઢવુ–વાદડી બનવુ, હવાઈ વિચાર કરવા **પવન** ભગવો—મિજાજ વધી જવો, ખીલવુ **પવન** લાગવો–વાયરો વાવો, પ્રસરી જવુ ૨ મગતિદોષ લાગવો ૩ સુખ દુખ અનુભવવા **પવનમાં** ઉડી જવુ –વ્યર્થ જવુ પાર ન પડવુ, તણાઈ જવુ

પવનચક્કી, સ્ત્રી૦ પવનના જોરથી ફરતુ ચક્કર તે

પવનપાવડી, સ્ત્રી૦ એક જાતનુ અદ્ધર ઉડવુ યાન.

પવનવેગી, વિ૦ પવન જેવી ગતિવાળુ, વાયુવેગી
પવાડવુ, ક્રિ૦ અ૦ પાવુ
પવાડી, સ્ત્રી૦ અભરાઇ [૩ નિંદાત્મક કવિતા
પવાડો,પુ૦ (મ૦) વીરરસ કાવ્ય ૨ નિંદા,આક્ષેપ
પવાલુ, ન૦ ૨ પાણી પીવાનુ પ્યાલુ, જામ ૨ એક જાતનુ મોટુ ઉભા ઘાટનુ વાસણ
પવિ, સ્ત્રી૦ ઇંદ્રનુ વજ્ર
પવિત્ર, વિ૦ (સ૦) દોષ રહિત, શુદ્ધ નિર્મળ ૨ સસ્કાર પામેલુ, પાવન ૩ જેની સેવા કરવાથી પુણ્ય થાય તેવુ ૪ પાક
પવિત્રતા, સ્ત્રી૦ ચોક્ખાઈ ૨ પાકપણુ શુદ્ધપણુ
પવિત્રાબારસ, સ્ત્રી૦ ઠાકોરજીને પવિત્રા ધરાવવાનો દહાડો, શ્રાવણ સુદિ બારસ
પવિત્રી સ્ત્રી૦ (સ૦) દર્ભની વીટી ૨ 'શ્રીનાથજી' એવા શબ્દોવાળી હીરની પાટી
પવિત્રુ , ન૦ ઠાકોરજીને ધરાવેલી હીરની ગુથેલી દોરી તે ૨ કોટે ઘાલવાની મોતીની સેર
પશમ,ન૦ (ફા૦ પશ્મ) ઝીણાવાળ, ઝાટ ૨ ઊન
પશમી, વિ૦ ઉનવાળુ, ગરમ
પશમીના, પુ૦ ઊનનો પોશાક, ગરમ લુગડા
પશલી, સ્ત્રી૦ પોશ, પસલી ૨ શ્રાવણ માસમા ભાઇ, બેનને બક્ષીશ આપે છે તે
પશુ, પુ૦ (સ૦) ચાર પગનુ પ્રાણી, ઢોર હેવાન
પશુતુલ્ય, વિ૦ હેવાન જેવુ, પશુ સરખુ
પશુપતાકા, ન૦ (સ૦) પશુના ચિહ્નવાળી ધજા
પશુપતિ, પુ૦ (સ૦) મહાદેવ, શિવ ૨ ગોવાળ
પશુપખી, ના૦ પશુ અને પખી ચાલતા અને ઉડતા પ્રાણીઓ
પશ્ચાત્, અ૦ (સ૦) પછી પાછળથી, છેલ્લે
પશ્ચાતાપ, પુ૦ (સ૦) પસ્તાવો, અનુતાપ,શોક
પશ્ચિમ, સ્ત્રી૦ (સ૦) જે તરફ સૂર્ય અસ્ત પામે છે તે દિશા ૨ વિ૦ પાછલુ, છેવટનુ, પૃષ્ઠભાગનુ
પશ્ચિમબુદ્ધિ, સ્ત્રી૦ પાછળથી સ્ફુરેલો વિચાર
પશ્યતી, સ્ત્રી૦ (સ૦) શબ્દ સ્વરૂપની ચાર સ્થિતિમાની બીજી પરા, પશ્યતી, મધ્યમા, વૈખરી
પસ્તા, ન૦ (ફા૦ પિસ્ત) એક જાતનોસુકો મેવો
પસ્તાગિયો, પુ૦ શાકભાજી વેચનારે, કાછિયો

પસંદ, વિ૦ (ફા૦) ખુશ, રાજી પ્રસન્ન ૨.ચુટી વીણી કાઢેલુ ૩ રૂચતુ, ગમતુ, ભાવતુ
પસંદગી, સ્ત્રી૦ સમ્મતિ મજુરી, કબુલાત ૨ રાજીખુશી ૩ ચુટણી, વરણી
પસર, સ્ત્રી૦ મસળકામા ઢોરને ચરના લઇ જવા તે, વહાણામા ચરવુ તે
પસરવુ, ક્રિ૦ અ૦ (પ્રસર) ફલાવુ, વિસ્તાર પામવા, પથરાવુ ૨ ખીલવુ, ફૂલવુ
પસલી, સ્ત્રી૦ પોશ, અજલી ૨ પોશમા સમાય તેટલુ ૩ વીટી ૪ ભાઇ, બેનને જે બક્ષીસ
પસલો, પુ૦ ખોબો [આપે છે તે
પસવારવુ, ક્રિ૦ સ૦ પપાળવુ, ધીમે ધીમે હાથ ફેરવવો, શાતપાડવુ ૨ ચાપવુ
પસાય, પુ૦ (સ૦) બક્ષીસ, પસાયતુ
પસાયતુ, ન૦ ચાકરીના બદલામા અથવા ધર્માદા આપેલી જે જમીન–ગામ તે, વસવાયાને કામ કાજ કરવાના બદલામા આપેલી જમીન
પસાર, પુ૦ પ્રવેશ પેસારો ૨ ફેલાવો, પ્રચાર
પસાર, વિ૦ પાર ઉતરેલુ, પાસ (પરીક્ષામા) ૨ પ્રવેશ થયેલો હોય તેવુ, દાખલ (કોઇ કામમા) **પસાર** થવુ—પાસ થવુ, પરીક્ષામાથી પાર ઉતરવુ ૨ દાખલ થવુ ૩ નાસી જવુ, જતા રહેવુ ૪ અલપાઇ જવુ, મરી જવુ ૫ મજુર થવુ બહાલ થવુ **પસાર** કરવુ–એકાદા મુકામ વટાવી આગળ વધવુ ૨ પાસે થઇ કાઢવુ–મોકલવુ ૩ વ્યતિત કરવુ નિર્ગમન કરવુ ૪ ન ગણકારવુ, પત ન કરવુ
પસારવુ,ક્રિ૦સ૦ફેલાવવુ,વિસ્તારવુ ૨ લબાવવુ, આગળ ધરવુ વધારવુ ૩ અદર થઇને જવા દેવુ–
પસારો, પુ૦ફેલાવ, વિસ્તાર, લબાઇ [કાઢવુ
પસારો, પુ૦ ફેલાવ ૨ ધીમે ધીમે પેસવુ તે
પસિયાઉ, ન૦ ખીલી વાલવવાનુ નાકુ, ગૈડવુ,પખિયુ
પસીનો, પુ૦ પરસેવો, સ્વેદસ્રાવ, ઘામ
પસ્તાનુ, ન૦ (સ૦ પ્રસ્થાન) ગામ જવા ઉપડવાનુ મહુરત સાચવવુ તે, બહાર ગામ જવા ઉપડવુ ત, જવુ તે [ઉપરી ઠોક પડવા તે
પસ્તાળ, સ્ત્રી૦ગાળોનો વરસાદ ૨.પીટણી,ઉપરા-

પસ્તાવુ, ક્રિ૰ અ૰ પશ્ચાત્તાપ કરવો, ખેદ પામવો, દિલગીર થવુ [શોક, પશ્ચાતાપ
પસ્તાવો, પુ૰ (સ૰) ખેદ, અફસોસ, દિલગીરી,
પસ્તી, સ્ત્રી૰ બીજા તરફથી લઢનાર ૨ ઉપરાણુ
પસ્તુ, ન૰ (પૃષ્ઠી) પક્ષી, ઉપરાણુ ૨ પસ્તા
પહર, ન૰ મળસકામા ઢોર ચારવુ તે, પસર
પહાડ, પુ૰ ડુગર, પર્વત, ગિરી **પહાડ જેવુ**–મોટુ અને સગીન, દુર્ગમ્ય, દુસ્તર ૨ જુવાન જોધ, જબરો પુરૂષ "જુવાન પહાડ જેવો ફાટી પડ્યો" ૩ આધારણ પ્રમાણ કરતા મોટુ 'પહાડ જેવડુ ગુમડુ,' [પહાડી લોહી–ઉગ્ર જોસ્મા
પહાડી, વિ૰ ડુગરી, પર્વતવાસી ૨ વિશાળ, કદાવર
પહાણ, પુ૰ પત્થર, દગડ ૨ જડ, મદ 'ટાઢો પહાણ' ૩ ભારે ને સગીન તે [નિખારવુ
પહાણવુ, ક્રિ૰ સ૰ કોરૂ લુગડુ રગવા માટે ધોવુ,
પહુઆ, પુ૰ પૌઆ, જુઓ
પહેડી, સ્ત્રી૰ પેઢી દુકાન
પહેરણ, ન૰ ગળાથી ઝાંઘ સુધી આવતુ પહેરવાનુ ઢીલુ વસ્ત્ર ૨ પહેરવાની રીત, પહેરવાનુ તે
પહેરણુ, ન૰ પહેરવાનુ તે ૨ પહેરવાની રીત
પહેરવુ, ક્રિ૰ સ૰ સજવુ ધારણ કરવુ ૨ ઘાલવુ, અદર દાખલ કરવુ, ઘોચવુ, પેસાડી દેવુ
પહેરવેશ, પુ૰ વસ્ત્ર પહેરવાની રીત–તરેહ ૨ વસ્ત્ર પહેર્યા પછીનો દેખાવ, લિબાસ ૩ વસ્ત્ર, કપડા
પહેરામણી, સ્ત્રી૰ સ્ત્રી ધન પલ્લુ ૨ પરણ્યા પછી કન્યાને ઘેરથી તેના સસરા, સાસુ ઇ૰ ને જે ભેટ આપવામા આવે છે તે
પહેરાવવુ, ક્રિ૰ સ૰ સજાવવુ, ધારણ કરાવવુ, પહેરે તેમ કરવુ, ૨ ઘાલવુ, શણગારવુ, ૩ ગળે ઘાલવુ, બઝાડવુ, ઓરાઢવુ ૪ ઘાલી દેવુ
પહેરેગીર, પુ૰ ચોકીઆટ, ચોકીદાર, ગારદી, રખવાળ, [બાની ૩ હવાલો
પહેરો, પુ૰ જાપતો, ચોકી, રક્ષણ ૨ સભાળ, નિઘે-
પહેલ, સ્ત્રી૰ પ્રારભ, મડાણ, શરૂઆત ૨ જે કઇ પ્રથમજ–નવુ કરેલુ તે ૩ પેલ, રૂની પોચીગાદી
પહેલવહેલુ, વિ૰ પ્રથમનું, આરભનુ, પહેલપ્રથમ
પહેલવાન, પુ૰ (ફા૰) લઢાઇમા સૌથી આગળ ધસનાર બહાદુર, શૂરવીર ૨ મલ્લ, કુસ્તીબાજીમા જે જબરો તે, તાલીમખાનાનો ઉસ્તાદ
પહેલવી, સ્ત્રી૰ (ફા૰) જુની ફારસી ભાષા
પહેલા, અ૰ અસલ, જુના વખતમા, અગાઉ, અગાડી ૨ આરભે, શરૂઆતમા
પહેલુ વિ૰ પ્રથમ આરભનુ ૨ જરૂરનું, મુખ્ય **પહેલા** ખોળાનુ–અત્તરણીનુ સતાન **પહેલા** નબરનુ=સૌથી સરસ, ઉત્તમ **પહેલે** ઘરથી–ઘર દહાડેથી, શરૂઆતથી
પહોચ, સ્ત્રી૰ પહોચવુ તે,–સુધી અડકવુ તે ૨ સમજ શક્તિ, ચતુરાઈ, પ્રપચ સમજી જવાની હોશિયારી ૩ નાણુ–માલ મળ્યા બાબતની ચિઠ્ઠી તે, પાવતી, રસીદ ૪ શક્તિ, તાકાત, બળ
પહોચવુ, ક્રિ૰ અ૰ ધારેલે ઠેકાણે જવુ, પુગવુ ૨ અમુક જગાએ અડકી શકવુ ૩ હાથમા આવવુ, મળવુ પ્રાપ્ત થવુ ૪ બુદ્ધિ દોડાવવી, સમજવુ ૫ પકડી પાડવુ, પાસે જઇ લાગવુ, ૬ પુરા પડવુ, ટક્કર લેઇ શકાવી
પહોચી, સ્ત્રી૰ કાડે ઘાલવાનુ જડાવવાળુ ઘરેણુ
પહોચેલુ, વિ૰ છેતરાય નહિ તેવુ, ખદુ પકકુ, કારસ્થાની ૨ કુશળ, શાણુ **પહોચેલી** બુટ્ટી–પાતાળ જત્રી, જેની મસલત–યુક્તિ જાણવામા ન આવે તે, પહોચેલી માયા ૨ પ્રસન્ન કરે એવુ ૩ ગાજ્યુ–છેતરાયુ ન જાય એવુ, બહુ ચતુરાઇવાળુ
પહોચુ, ન૰ હાથનુ કાડુ, પહોચો,
પહોચો, પુ૰ હાથનુ કાડુ, મણીબધ **પહોચા** કરડવા–ઘણો પસ્તાવો કરવો
પહોર, પુ૰ (સ૰ પ્રહર) ત્રણ કલાકનો કાળ- ૨. અ૰ ગયે–આવતે વર્ષે
પહોરો, પુ૰ જાપતો, ચોકી ૨ પહોર પહોરને અતરે તપાસ લેવાય ને નવા માણસ રોકાય એવો જાપતો તે
પહોળાઇ, સ્ત્રી૰ પહોળપણુ, પનો, વિસ્તાર
પહોળાશ, સ્ત્રી૰ પહોળાઇ, પનો [રૂપિયો
પહોળિયુ, ન૰ પહોળો રૂપિયો, કલદાર, મુબઇગરો
પહોળુ, વિ૰ પનાદાર, મગતુ, ચોડુ ૨ ખુલ્લુ, મોકળુ ૩ છુટુ, ઢીલુ, રમતુ ૪. નહિ બિડેલુ ખીલેલુ

પળ, ન૦ (સ૦પલ) ઘડીનો સાઠમો ભાગ ૨ ક્ષણ
પળકવુ, ક્રિ૦ અ૦ ખાવાની આશાએ વારવાર આવવુ, પેધવુ 'ડોસી મરવાનો ભો નથી પણ જમ પળકવાનો ભો છે'
પળવુ, ક્રિ૦ અજ્જવુ, નાસવુ ૨ પળાવુ, ખારવુ બરદાશ થવી, પોષણુ થવુ 'તેને ઢોર પળતા નથી" ૩ અમલમા આવવુ ખરૂ થવુ-કબુલ કરવુ 'વચન પળવુ' ૪ કેશ પાકી જવા, ધોળુ થવુ 'માથુ પળ્યુ' ૫ પ્રગટ થવુ ૬ મટી જવુ 'વિના કારણે હુ પિડાઉં બધાથી! બળે ના કળેરે પળે કાઇ કશાથી"—કુજવિહાર [ધાપલાં
પળસી, સ્ત્રી૦ ખુશામત, છેક્જ હલકી તાબેદારી,
પળાસવુ, ક્રિ૦સ૦ પગ ચાપવા ૨ ચાકરી કરવી સેવા બજાવવી ૩ હદ ઉપરાત પળસી કરવી
પળા, સ્ત્રી૦ચાકરી, સેવા,ખીદમતગારી,૨ કટાળો ઉપજાવે તેવુ કામ,પાલન પીડા ૩ પાલવવુ પડે એવુ જે તે
પળિયાં, ન૦(પલિત) પાકી ગયલા-ધોળા વાળ
પળી, સ્ત્રી૦ બરણી ઇ૦ માથી ઘી તેલ દિવલ કાઢવાનુ લોઢાનુ સાહિત્ય **પળો**=મોટી પળી
પળોટવુ, ક્રિ૦ સ૦ કેળવવા માડવુ, થોડે થોડે માહિતગાર કરતા માડવુ પાવરધુ કરવુ, કામ શીખવાડવા પહેલવહેલા કામમા જોડવુ [લુખુ
પાકડ, વિ૦ વાઝિયુ ૨ ઉજડ, વેરાન અફળદ્રુપ
પાક, પુ૦ તાજા શેકેલા દાણા [ધાન્યુ
પાકવુ, ક્રિ૦ સ૦ પહોચવુ ૨ ધરવુ લેવુ ૩ ઇચ્છવુ,
પાકે, અ૦ વિના, વગર, પાખિ
પાંક્યુ, વિ૦ ધારેલુ ઇચ્છેલુ
પાખ, સ્ત્રી૦ (પક્ષ)શરીરને લગતા જે અવયવથી પખી, ઇ૦ ઉડે છે તે ૨ કાઇ પણ ઉડવાનુ સાધન ૩ બાજુ, આજુબાજુનો જે વિસ્તાર-ભાગ તે ૪ છાપરાની બહાર નીકળેલી બાજુઓ તે છાપરાનો બે તરફનો ઝુલતો ભાગ ૫ છાયા આમરો ઓથ, સોડ **પાખમા** ઘાલવુ-ઓથમા રાખવુ, હુફ આપવી, સોડમા લેવુ **પાખમા** ભરાવુ-આશ્રરે જવુ. **પાખો** આવવી-સ્વાશ્રયી થવુ, પુખ્ત ઉમરનુ થવુ **પાખો** કાપી નાખવી-જોર ઓછુ કરવુ, આધાર તોડી નાખવો**'પાંખો** વીઝવી-મહાનવુ ૨ ધમાલ મચાવવી ફાફા મારવા
પાખડી, સ્ત્રી૦ નાજુક પાનવાળી ફુલની ડાળી ૨ પાદડી, પુષ્પદલ ૩ પાગોડુ,પાખ ૪ વ્રશની શાખા ૫ નજીવી દક્ષણા-મેટ "લ નહિ તો ફૂલની પાખડી"
પાખડુ, ન૦ શાખા, ડાળી ૨ કુટુબની શાખા ૩ પાખ ૪ એક બાજુનો વિસ્તાર
પાખલડી, સ્ત્રી૦ પાખ ૨ પાખડી
પાખવુ, ક્રિ૦ સ૦ અક્ષત વગેરે ઉછાળી વધાવી લેવુ, સત્કાર કરવો
પાંખાવુ,ક્રિ૦ અ૦માન પામવુ,વધાવુ ૨ કણુ સલાનુ દાણાથી ભરાવુ [૩ ડાળીવાળુ
પાખાળુ, વિ૦ પાખવાળુ ૨ દાતાળુ ફળાવાળુ
પાખિયુ, ન૦ શાખા ડાળી ૨ કુટુમની શાખા ૩ પાખ ૪ એક બાજુનો વિસ્તાર
પાખી, અ૦ પાખી, જુઓ
પાખુ, ન૦ દાતો પાનુ, અકુર ૨ છોગુ, શિખર ૩ **વિ૦** આછુ છુટુ 'ફુટ વિરલ [ભાગ
પાખોટુ, ન૦ ખભાથી તે કોણી સુધીનો હાથનો
પાગત-થ, સ્ત્રી૦ ખાટલા-પથારીનો પગ તરફનો ભાગ ૨ ખાટલાને તગ કરવાની દોરી
પાગરણ,ન૦ (સ૦ પ્રાવરણ)નાનુ ટુકુ ધોતિયુ, પોતડી 'પાગરણ નાનુ પહેરીને, ભુવન બેઠો ભર થાર' ૨ પગ આગળ નાખવાનું લુગડુ તે
પાગરવુ, ક્રિ૦ અ૦ ખીનવુ નવા અકુર આવવા ફાલવુ ડોડાવુ ખીલી નીકળવુ
પાગરો, પુ૦ ગોફણની બે બાજુની ઝુલતી દોરી ૨ જે દોરીવડે ધોડિયુ, ઝાડે અથવા કોઈ પણ ઠેકાણે બાળકને સુવાની ઝોળી બાધે છે તે ૩. ત્રાજવાના પલ્લાની સેરો એકઠી કરી નાથણે વળગાડવામા આવે છે તે
પાગળાગાડી, સ્ત્રી૦ બાળક છોકરાને ચાલતા શિખવવાની એક સાદી ગાડી ઠેલણગાડી
પાગળુ, વિ૦ [સ૦ પગુ] પગે ખોડવાળુ, પગુ, લુલુ, લુગડુ ૨ આધાર રહિત,ટેકા વગરનુ ૩ અપૂર્ણ, તુટક, ન્યન

પાંગુ, **ન૦** ઢોર (સંકેતાર્થે) ૨ **વિ૦** પાંગળુ,
પાગોઠુ, **ન૦** ખભાથી કોણી સુધીનો ભાગ તે, પાખોટુ ૨ હાલવા ચાલવાના અવયવોના સાધા
પાચ, **વિ૦** **(પચ)** ચાર ને એક ૫ ✓ કેટલાક, થોડાક **પાચ** ગેરની-જીભાળી **પાચ** વરસનો-જુવાન **પાચશેરી** કુટવી-નકામી માથાફોડ કરવી **પાચશેરી** બાધવી-ગળે જોતરૂ વળગાડવુ,જ જાળમા પડવુ **પાચે** આગળીએ પૂજવુ-ઘણી ભકિત કરી ઈશ્વરની મહેરબાની મેળવવી **પચ** કહે તે પરમેશ્વર-ઘણા કહે તે ખરૂ
પાચડો, પુ૦ પાચનો આકડો
પાચદસ, **અ૦** થોડાક [જાતના પટાવાળુ લુગડુ
પાચપટો, **પુ૦** રેશમી પટાવાળુ સુતરાઉ લુગડુ પાચ
પાચમ, **સ્ત્રી૦** પખવાડિયાનો પાચમો દિવસ
પાચુ, **ન૦** પાચનો પાડો-પડિયો
પાચાળી, **સ્ત્રી૦** દ્રૌપદી,પાચાળ દેશની સ્ત્રી
પાજણ-ણી, **સ્ત્રી૦** નિયમીત ટેવ તે, હેવા ૨ તાણાને પાવાની ખેળ ૩ ખેળ પાવાનો મચો
પાજર, **સ્ત્રી૦** પાંજર, જુઓ
પાજરાપોળ, **સ્ત્રી૦** અશકત થયેલા જનાવરોને રાખવાનુ ધર્મનુ ઠેકાણુ, અનાથાશ્રમ [ગાડુ
પાજરિયુ, **વિ૦** પાજરીવાળુ પાજરી હોય તેવુ
પાજરી, **સ્ત્રી૦** ગાડામા ભરેલો માલ પડી ન જાય માટે રાખવાની કામડાની ટટ્ટી
પાજરૂ, **ન૦** [પિંજર] પાળવાના પક્ષિઓને જેમા રાખવામા આવે છે તે, પિજર ૨ જગલી જનાવરોને ગોંવી રાખવાનુ ઘર, હેડ, ડમો ૩ અદાલતમા સાક્ષીને અને ગુનેગારને ઉભા રાખવામા આવે છે તે કઠેરો. ૪ ખોખુ, કલેવર
પાજી, **સ્ત્રી૦** પાજણી, ટેવ, હેવા [કમળાવાળુ
પાડુ, **વિ૦** **(સ૦)** ફીકુ, તેજી રહિત ૨ ધોળુ ૩
પાત, **સ્ત્રી૦** પાગત ૨ પગત પકિત, હાર
પાતરી, **સ્ત્રી૦** મગ, મઠ, જુવાર બાજરીના છોડના પાનનો કડકો ૨ નાના પાદડા
પાંતરા-સ, **વિ૦** ત્રીસને પાચ, ૩૫
પાતી, **સ્ત્રી૦** ભાગે આવતો હિસ્સો,ભાગ,વાટણી ૨ પતિયાળુ, ભાગીદારી ૩ બાજુ, પક્ષ ૪ ગણિતમા એક જાતના હિસાબ ૫ રીત, દસ્તુર "રાજા રાજ કરે જુગ જીતી, ન્યાયની પાતીએ નર નાનારે"-ભોજો૦
પાથ, **પુ૦** **(સ૦)** મટેમાર્ગુ, મુસાફર
પાથી, **સ્ત્રી૦** માથાની વચ્ચે હોળતા પડતો જે મારગ તે, સેથી, સીમત
પાદડી, **સ્ત્રી૦** પાન ફૂલની પાખડી ૨ જુવાર બાજરીની પાતરી, ચીટી ૩ સ્ત્રીઓને પહેરવાનુ કાનનુ એક ઘરેણુ,મોતીનુ ઝુમણુ ૪ સોળ, દબાયાથી પડેલી ભાત
પાદડુ, **ન૦** પાન, પત્ર **પાદડુ** ફરવુ-ભાગ્યોદય થવો, નસીબ જાગવુ, **પાદડે** પાણી પાવુ= ઘણુ દુખ દેવુ, સતાપવુ, હેરાન કરવુ
પાપણ, **સ્ત્રી૦** આખના પોપચાની કિનારી ઉપરના વાળ તે
પાપલુ, **વિ૦** શીળુ, બાયલુ, બહુ ગરીબ.
પાસરૂ, **વિ૦** પાધરૂ, સીધુ ૨ ડાહ્યુ, સદાચારી ઠાવકુ, સરળ ૩ ચાદવા ન કરે તેવુ, શાત ૪ દોષરહિત ઠીક,સારૂ ૫ સીધુ, વાકુ ટુકુ નહિ તેવુ ૬ લાયક, બધ બેસતુ ૭ કાયદાસર, નિયમ પૂર્વક
પાસળી, **સ્ત્રી૦** છાતીના ઠાડાની આજુબાજુની જે દરેક હાડકી તે ૨ અક્કલ, સમજ **સાડીત્રણ પાસળી**—ઘેલછાવાળુ ,વાયેલ,છિદરા પેટનુ
પાસળુ, **ન૦** છાતીનુ ચપટુ ગોળ વળેલુ હાડકુ,
પાસુ, **સ્ત્રી૦** **(સ૦)** ધૂળ, રજ [હાડકા
પાસેઠ, **વિ૦** સાઠને પાચ ૬૫ [ઘડિયો, પાયા
પા, **પુ૦** **(પાદ)** ચોથો ભાગ, ચતુર્થાંશ. ૨ પાનો
પાઈ, **સ્ત્રી૦** **(પા)** પૈસાનો ત્રીજો ભાગ, અડધી
પાઠકા, **પુ૦** છાપવાના બીબાની એક જાત
પાઠન, **ન** **(અ૦)** એક જાતનુ ઝાડ, જેમાથી ટરપનટાઇન નીકળે છે તે, શરૂ
પાઈયો, **પુ૦** પાયો પગ ૨ મૂળ, તળ, તળિયુ
પાઉ, **ન૦** **(ફ્રે૦ પેન)** એક જાતનો પોચો રોટલો
પાઉડ, **પુ૦** **(અ૦)** એક સોનાનો સિક્કો,ગીની, [મહોર ૨ રતલ
પાઉડર, **પુ૦** ભુક્કો, જેર, ચૂર્ણ
પાક, **પુ૦** **(સ૦ પચ્)** રાધેલી રસોઇ-મિઠાઈ ૨ પેદાશ, નીપજ ૩ સુકાઇ-ચઢી જે તૈયાર થયેલુ

તે ૪ દૂધ, ઘી, ચાસણી વગેરેમા રાધી પકવી તૈયાર કરેલો પદાર્થ તે 'દૂધપાક' ઇ૦ ૫ પાદડા, ઘાસ, અનાજની ગરમીથી ફળ પકવવા તે ૬ ગોડ ગુમડ ઇ૦ પાકવુ તે, સડવુ

પાક, વિ૦(ફા૦) પવિત્ર, શુદ્ધ ૨ પ્રમાણિક, ચોકખુ

પાકચટ, વિ૦ થોડુ પાકેલુ

પાકટ, વિ૦ પાકેલુ

પાકડુ–ગડુ, પુ૦ વગ, પક્ષ, તરફેણ

પાકણુ, વિ૦ મહેજ મહેજમા પાકી ઉઠે તેવુ પાકવાની ખાસિયતવાળુ

પાકદોસ્તી, સ્ત્રી૦ નિસ્વાર્થ દોસ્તી ખરીદોસ્તી

પાકમહોબત, સ્ત્રી૦ પવિત્ર પ્રેમ, સ્વાર્થ વગરની પ્રીતિ

પાકવુ, ક્રિ૦ અ૦ (સ૦ પચ્–રાધવુ) ઉગીને ફળવુ, પેદા થવુ, નિપજવુ ૨ ઝાડે ફળ આવવા ૩ પોચુ થઇ મીઠુ થવુ, પરિપકવ થવુ ૪ સડવુ, વિકાર થવો ૫ કામ પાર પડવુ લાભ થવો, વળવુ 'તેમા તારૂ શુ પાકયુ?' ૬ કાયર થવુ અકળામણ થવી, થાકવુ "હવે તો મારૂ માથુ પાકી ગયુ" ૭ મુદત થવી, ઠરાવેલો વખત આવી પહોચવો 'હુડી આજે પાકે છે' ૮ ઉત્પન્ન થવુ નીકળવુ ૯ હારીને તાબે થવુ 'થાકશે ત્યારે પાકશે' ૧૦ ઘડપણ કે રોગથી કેશનુ ધોળુ થવુ

પાકશાળા, સ્ત્રી૦ રાધવાની જગા રસોડુ

પાકશાસ્ત્ર, ન૦ રસોઈ સબધી શાસ્ત્ર તે

પાકી, સ્ત્રી૦ તહેવારનો દિવસ ૨ જે દિવસે બજારમા વેચવા સાટવાનુ બધ હોય તે અણોજો, બધી અકતો, પ્રતિબધ [પક્ષનુ

પાક્ષિક, વિ૦ પખવાડિયાનુ, પખવાડિક ૨ એક

પાકુ, વિ૦ તગીને પોચુ ને મિઠાશવાળુ થયલુ પરિપકવ ૨ જેનુ ઘાટુ છેવટ આવ્યા વિના રહે નહિ તેવુ પુરૂ પૂર્ણ, સિદ્ધ (કામ–બદોબસ્ત). ઠરેલા વળેના 'પાકા અક્ષર' ૪ તૈયાર, સિદ્ધ, હમણા ચાનુ થાય એવુ ૫ સમજણ આવી હોય તેવુ, આધેડ, પુખ્ત, 'પાકી ઉમ્મર' ૬ કાયમનુ, વણો વખત ટકે તેવુ મજબૂત ૭ છેતરાય નહિ તેવુ હોશિયાર, કાબેલ, ખધુ 'પાકુ માણસ' ૮ વાયદામરનુ, મુદત આવી રહી હોય તેવુ 'પાકી મુદત' ૯ ઉડી ન જાય તેવુ, ઘણીવાર રહે–ટકે તેવુ 'પાકો રગ' ૧૦ વૃદ્ધ, ઘરડુ 'પાકુ પાન' ૧૧ ઠગણુ, લુચ્ચુ ધૂર્ત્ત

પાખ, સ્ત્રી (સ૦) પક્ષ, તરફેણ

પાખડ, ન૦ (સ૦) બનાવટ, ઢોગ, કૃત્રિમ ધાધન, ખોટુ રોવુ ફનવો

પાખડી, વિ૦, ઢોગી ફતવાખોર ૨ ડોળી નાસ્તિક

પાખર, સ્ત્રી૦ સોના રૂપાના ફૂલોવાળી બનાવેલી ઘોડા ઉપર નાખવાની ઝૂલ ૨ ઘોડા હાથીની ઉપર નાખવાનુ લોઢાનુ બખતર ૩ સાજ, સામાન

પાખરિયા, વિ૦ ઘોડાની એક જાત "પાણી પથાને પાખરિયા, ઉજ્વળ જેની કાય રે"–**લજ્જા૦**

પાખાડો, પુ૦ ગસડો નિદાયક કવિતા "ભૂડો જે પાખાડા પઢે, ભૂડો જે વણુ વાકે વઢે"–**શામળ**

પાખલ, અ૦ પાસે, પૂઠે–પાછળ પણ નજીક 'તમ પાખલ ભમે માહરૂ મનરે"

પાખી, અ૦ સિવાય, વગર

પાખરવુ, ક્રિ૦ સ૦ હાથી ઘોડાને લશ્કરમા લઇ જવા તૈયાર કરવા બખ્તર ચઢાવવુ ૨ સ્વારી માટે ઘોડો તૈયાર કરવો–શણગારવો

પાખુ, અ૦ પાસે ૨ **વિ૦** આછુ છુટુ છુટુ

પાખે, અ૦ વિના, વગર, સિવાય

પાખો, પુ૦ કટેવાળો

પાગ, પુ૦ પગ, પાય, ૫ (કવિતામા)

પાગડુ, ન૦ પક્ષ, વગ, ઓળખાણ 'તેના પાગડા મોટા હતા' ૨ પાગડુ રકાબ, પેગડુ ૩ પગ મુકવાનુ

પાગડુ, ન૦ રકાબ, પાવડુ પેગડુ [સ્થાન

પાગર, સ્ત્રી૦ હોડીને ધમરડીને લઇ જવાનુ દોરડુ દોરડુ બાધવાનો ખીનો–અકોડો તે

પાગરણ, પુ૦ પથારીનો સામાન, બિસ્તરો ૨ શોભા અલકાર, શણગાર "પાગરણુ સર્વે પ્રીતે પરહરો દહાડો કરો છો તેવુ કરો"–**શામળ**

પાગલ, વિ૦ પોલુ, પોકળ ૨ ગાડુ, ઘેલુ

પાગલદાણા, ન૦ પગનુ ઘરેણુ (રૂપાનુ)

પાગલાગણુ, ન૦ પગે પડવુ તે, નમન ૨ પગે પડતા જે બક્ષીસ વડીલને નાની વહુએ આપવી તે

પાગા, સ્ત્રી૦ (ફા૦) પાયગા, અશ્વસેનાની ટુકડી

૨ લશ્કરી ઘોડાઓને રાખવાનો તબેલો
પાગિયો, પુ૦ મલાહકાર મન્દ કરનાર, પડખે રહેનાર ૨ ચીપ મઢવાની રેખો તારણીઆ
પાઘ, સ્ત્રી૦ પાઘડી (કવિતામા)
પાઘડી, સ્ત્રી૦ કસબી છેડાવાળુ માથે બાધવાનુ કુણા પનાનુ ને લાબુ વણેલુ વસ્ત્ર ૨ બાધેલો ઘાટ, શિરોભૂષણ **પાઘડી** ઉતારવી—કાલાવાલા કરવા, આજીજી કરવી, કરગરવુ **પાઘડી** ફેરવવી—દેવાળુ કાઢવુ ૨ બોલેલુ ફેરવુ, ફેરવી બોલવુ **પાઘડી** બધાવવી—સરપાવ આપવો, ઇનામ આપવુ ૨ ગોક મુકાવવો
પાઘડુ, ન૦ જેવી તેવી વિટાળેલી પાઘડી [પરૂ
પાચ, ન૦ ગડગુમડમાથી નીકળતી જાડી એરગી રમી
પાચક, વિ૦ (સ૦) પચાવનારૂ ૨ રમોઇયો
પાચન, ન૦ હજમ કરવુ,પચવુ–પચાવવુ તે,જઠરાગ્નિ
પાચનશક્તિ, સ્ત્રી૦ ખાધેલુ હજમ કરવાની શક્તિ
પાછટવુ, ક્રિ૦ સ૦ પછાડવુ
પાછલુ, વિ૦ પાછળનુ, પછવાડનુ ૨ ગુદસ્ત, ગયેલુ ૩ છેવટનુ, છેવટનુ **પાછલી ચાર ઘડી**—છેલ્લી અવસ્થા, પાછલો પહોર દહાડા
પાછળ, અ૦ પુઠે, પછવાડે
પાછુ, અ૦ ફરીથી, બીજીવાર, વળી ૨ જ્યાથી આવ્યુ ગયુ હોય તે તરફ ૩ પુઠે, પછવાડે **પાછા** થવુ–મરી જવુ, ગત થવુ **પાછી ધરતી**—કાઠિયાવાડ **પાછી પાની** કરવી–કાઢવી=પાછા હઠવુ, નબળુ પડવુ, હારવુ **પાછુ નાખવુ**–ઉલટી કરવી **પાછુ** વળવુ=મગડી જવુ, ઉતરી જવુ ૨ મરણ પામવુ **પાછુ** વાળીને જોવુ—ભવિષ્યનો વિચાર કરવો, દીર્ઘદ્રષ્ટિ પહોચાડવી ૨ આચકો ખાવો,સંકોચપામવો
પાછોટિયુ, ન૦ કપડાની અદરનુ ગજવુ તે ૨ ગાડાની પાજરીને છેડે જે પાટિયુ રાખવામા આવે છે તે
પાછોતરૂ, વિ૦ પાછળથી થયેલુ "પાછોતરો વરસાદ."
પાજ, સ્ત્રી૦ પાળ, પૂલ, સેતુ ૨ એક જાતનુ ઝીણા પોતનુ રેશમી કપડુ [કાજી, ખેળ
પાજણી, સ્ત્રી૦ આદત, ટેવ ૨ સુતરને પાવાની
પાજી, વિ૦ (ફા૦) બેશરમ, બદમાસ ૨ કજુસ, બખીલ ૩ નીચ વૃત્તિનુ, હલકુ, નજીસ
પાટ, સ્ત્રી૦ ભોયથી ઉચે બેસવાનો લાકડાનો એક તરેહનો પાટ, બાક, પાટલી ૨ સિહાસન ગાદી, આસન 'રાજપાટ' ૩ જમણવાર કરનારને માન આપવા આવનારાઓ માટેની બેઠક **પાટ** બેસવુ–રૂતુ આવવું, અભડાવુ **પાટે** બેસવુ—ગાદીએ બેસવુ, ઉચ્ચાસને બેસવુ
પાટ, પુ૦ આખુ થાન,તાકો, અમુક પહોળાઈનુ આખુ વસ્ત્ર ૨ અવરણીરાતને પહેરવાનુ ૧૬ હાથનુ મલમલનુ લુગડુ ૩ ચણીયાનુ લુગડુ 'ચણિયાપાટ' ૪ ચાદરનુ લુગડુ 'ચાદરપાટ' ૫ જેટલા કકડા જોડીને ચાદર, ઇ૦ બનાવ્યુ હોય તે દરેક, ફાળ ૬ હારબધ કપડાના ફાળ પાથરવા તે.
પાટડી, સ્ત્રી૦ ચોખડો ઘડેલો લાકડાનો લાબો કકડો, ભારવટિયો [નાખવાનો ભારવટિયો
પાટડો, પુ૦ મોટી પાટડી,મેડાના ટેકા માટે આડો
પાટનગર, ન૦ મુખ્ય શહેર,રાજધાનીનુ શહેર
પાટલ, વિ૦ ગુલાબી, લાલ ૨ પુ૦ ગુલાબ
પાટલાઘો, સ્ત્રી૦ પાટલા જેવી ચપટી એક જાતની ઘો
પાટલાસાસુ, સ્ત્રી૦ મોટી સાળી
પાટલી, સ્ત્રી૦ બેસવાનુ પાટિયુ, લાબી સાકડી પાટ, બાક ૨ નાનો પાટલો ૩ ગાડીવાનને બેસવાનુ પાટિયુ તે ૪ ઘુટીથી આગળી સુધીનો પગનો ચપટો ભાગ તે, પગનો પજો ૫ સ્ત્રીઓને હાથે પહેરવાની ચપટી બગડીઓ ૬ પહેરેલા વસ્ત્રની ગેડના પડ ૭ નાની ગેડ, ૮ કટભી વૃક્ષ
પાટલો, પુ૦ ભોયથી ત્રણેક આગળ ઉચુ રહે એવુ લાકડાનુ આસન તે **પાટલે** બેસાડી પૂજા કરવી=હુલાવી ફુલાવી નવરૂ બેસાડી રાખવુ **પાટલો** ગોઠવો=નિરાત વળવી,ગમવુ, કરાર વળવો **પાટલો** પડવો=ફાવવુ નભવુ, ૨ રોફ પડવી, વગ ચાલવી, પૂજાવુ **પાટલો** ફરવો–ન ચાલવુ, જરૂર પડવી
પાટવ, ન૦ (સ૦)ચાલાકી, ચચળાઈ ૨ ચતુરાઇ,
પાટવણ, સ્ત્રી૦ પાટવીપુત્રની વહુ, મોટી વહુ [તિજી
પાટવીકુવર, પુ૦ રાજાનો વડો છોકરો,જે રાજગાદીપર બેસવાનો હોય તે, યુવરાજ
પાટિયા, ન૦ બૈરાની કોટનુ ઘરેણુ, તુસી

પાટિયુ, ન૦ લાકડાને વહેરવાથી જે ચપટા ને લાબા પાટા ઉતરે તેમાનુ એકેકુ ૨ એમાનો જે એકાદો કડકા તે ૩ ઘોડો કરી બેસીને જે ઉપર સેવો વણાય છે તે ૪ નિશાળમા છોકરાને શીખવવાનુ કાળુ પાટિયુ ૫ પાસળી, છાતીની પેટીના હાડકા તે **પાટિયા** ગોઠવવા=મધ બેસતુ કરવુ **પાટિયા** દેવાવા=હબકી જવુ, છાતી બેસી જવી, દેવલી બેસવી, ભારે નુકસાન થવુ, ૨ દેવાળુ કાઢવુ ૩ ચાલતુ કામ વચ્ચેથી અટકી પડવુ, **પાટીયાં** માજવા=ખાઇપી એઠવાડો કાઢી પરવારવુ પાટીયા વાળી દેવા=કામ બધ કરવુ, ભાગી પડવુ

પાટિયો, પુ૦ તપેલી જેવા પહોળા મોઢાનુ માટીનુ વાસણ જેમા શાક કઢી વગેરે થાય છે ૨ દહિ આધ્રકવાનુ પહોળા મોનુ માટીનુ વાસણ, ગોરસુ ૩ એક જાતનો ખાર

પાટી, સ્ત્રી૦ સુતરનો વણેલો એકથી ત્રણ આગળ પહોળો ને લાબો જે વાટ તે 'ખાટલો ભરવાની પાટી' ૨ ચણિયાની પાટી, નાડુ, ૩ છોકરા પાટિયા ઉપર, અથવા સપાટ લીસા પત્થરની તખતી ઉપર, લખે છે તે, સ્લેટ ૪ ટોપલો, સુડલો ૫ ટોળી, નાની ટુકડી "પોલીસની પાટી" **પાટી** વાળવી=ધૂળધાણી કરવુ, બગાડવુ **પાટીપર** ધૂળ નાખવી—ભણવુ,

પાટિગણિત, ન૦ અકગણિત, આકડાથી ગણતરી કરવાની રીત તે [ખેડુત ૨ ખાતેદાર

પાટીદાર, પુ૦ [પટાદાર] જમીનદાર વતનદાર

પાટીર, ન૦ (સ૦) સુખડ, ચદનવૃક્ષ ૨ ખેતર

પાટુ, સ્ત્રી૦ લાત પગ મારવો ને પગની હડફટ

પાટુડી, સ્ત્રી૦ ઘી તેલ ભરવાનુ નાનુ વાસણ,

પાટુડુ, ન૦ મલકુડુ, પાટુડી [નાનુ મટકુ

પાટો, પુ૦ બે ત્રણ આગળ પહોળાઇનો અને વધારે લાબો લોઢાનો–ચામડાનો કડકો ૨ પૈડા ઉપરનો લોઢાનો ગોળ વિટલો ૩ દરદ ઉપર બાધવાનો લુગડાનો સાકડા લાબો કકડા ૪ લાબો સાકડો લોઢાનો પટો 'રેલનો પાટો' ૫ નજર બધ કરવાને આખે બાધેલુ લુગડુ ૬ ગાઢ, અનુકૂળતા **પાટો** ગોઠવો–બનવુ, ફાવવુ, મેળ મળવો **પાટો** જામવો–ચલણ થવુ ૨ સ્નેહ થવો

પાટોડી, સ્ત્રી૦ ચણાના લોટને છાસમા ઉકાળી કરેલા ઢોકળા ૨ પાટુડી [સબધમા ચાલેલુ

પાટોપાટ, અ૦ ઓળાઓળ, હારોહાર, એકબીજાના

પાઠ, પુ૦ (સ૦) નક્કી કરેલુ મોઢેથી ભણવાનુ તે ૨ દેવ દેવીનુ સ્તવન ૩ દરરોજનુ વાચવા ભણવાનુ હોય તેટલુ, લેસન ૪ પાઠાતર ૫ શિક્ષા, નસિયત, બોધ ૬ વાચી–ભણીને તૈયાર કરેલુ **મુખપાઠ**–મોઢે હોય તેવુ

પાઠશક્તિ, સ્ત્રી૦ મોઢે રાખવાની શક્તિ, સ્મરણશક્તિ

પાઠક, પુ૦ વેદનો પાઠ કરનારો, વેદિયો ૨ પૌરાણિક

પાઠવવુ, ક્રિ૦ સ૦ મોકલવુ, રવાના કરવુ

પાઠશાળા સ્ત્રી૦ (સ૦) ભાષા, શાસ્ત્ર ભણાવવામા આવતા હોય તે શાળા, કૉલેજ

પાઠાન્તર, પુ૦ (સ૦) અસલ પાઠ–પદથી જુદુ લખ્યુ હોય તે, ભળતુ જ પદ–લખાણ તે

પાઠાફેર, વિ૦ અસલથી ફેર–જુદુ હોય તેવુ, થોડાક ફેરફારવાળુ [કરનાર અભ્યાસી

પાઠી, વિ૦ જેને પાઠ મોઢે હોય તે, ૨ પાઠ

પાઠુ, ન૦ (પૃષ્ઠ) પીઠ ઉપરનુ ગુમડુ ૨ કુવામાથી મટોડુ કાઢવાની દોરડા બાધેલી જે ટોપલી તે "પાઠુ ખેચવુ" ૩ ગેલડીનો કોલમા ઘાલી પીલેલો કુચો ૪ પાતળુ લાબુ પાદડુ

પાડ, પુ૦ આભાર, ઉપકાર, એહસાન **પાડ ચઢવો**=ઉપકાર થવો **પાડ** માનવો=આભાર માનવો

પાડપરોશ–પાડાપડોસ, પુ૦ ઘરની જોડાજોડ અથવા જરાક દૂર પણ સબધવાળા રહેવાસીઓ તે ઘરની આપાસપાસેનો વાસ તે

પાડવુ, ક્રિ૦ સ૦ પડે તેમ કરવુ ૨ ગેરવવુ, ખરાવવુ ભોયપર નાખવુ ૩ ઉગાવવુ ૪ આકૃતિ બનાવવી, કોતરવુ, વાટ બનાવવો **રસ્તો** પાડવો=નવો રસ્તો કાઢવો **નામ** પાડવુ=નામ આપવુ **ભાવ** પાડવા=ભાવ ઓછો કરવો ૨ દર ઠગાવવો **ના** પાડવી=ના કહેવી

પાડસી, સ્ત્રી૦ ફડાકી, પતરાજ

પાડાખાર, પુ૦ પાકુ વેર, અદસ

પાડાપડાસી, વિ૦જેના પાસપાસે ઘર હોય તે
પાડી, સ્ત્રી૦ ભેંશનુ માદા બચ્ચુ ૨ નાની ભેંશ
પાડીલુ, વિ૦ પાડ ઉપકાર થયો એમ સમજે તેવુ, આભારી, કૃતજ્ઞ, ગુણગ્રાહી,
પાડુ, ન૦ ભેંશનુ બચ્ચુ
પાડુવા, વિ૦નબળા,કમજોર,અશક્ત ૨ નઠારા,દુષ્ટ
પાડો, પુ૦ ભેંશનો નર, મહિષ ૨ પાઠ, લેસન ૩ ઘડિયો, ઘડો કોઠો ૪ રૂઢિ, રીત ૫ વાસ,પોળ, મહોલ્લો શેરી પાડા મુડ એવુ=આવડત વિનાનુ
પાડોવાડિયુ, વિ૦ નજીકનુ પસેનુ [અણુવડ
પાડોશણ, સ્ત્રી૦ પાસેના ઘરમા રહેનારી સ્ત્રી
પાડોશ, પુ૦ પાડોશ
પાડોશી, પુ૦ અડખે પડખે રહેનાર
પાઢીહારૂ, ન૦ અન મત (શ્રાવકોમા)
પાણ, ન૦ ખેતરમા પાણી પાવુ તે, પાન 'કેટલા પાણ થયા=કેટલી વખત પાણી પાયુ' ૨ **સ્ત્રી૦** ચતુર્થાંશ, ચોથિયુ ૩ પા દેખાડનારી ઉભી લીટી ૪ પુ૦ પાણિ, હાથ, હસ્ત ૫ પત્થર, પાષાણ
પાણકો, પુ૦ પાણી પાનાર
પાણકોરૂ, ન૦ ગજીઆ જેવુ કપડુ ૨ પાણી પડે ને ખરી જાય તેવુ લુગડુ
પાણતી, પુ૦ પાણીને ખેતરમા વાળનાર
પાણિ, પુ૦ (સ૦) હાથ કર [ઝાલવા તે
પાણિગ્રહણ, ન૦ (સ૦) પરણવુ તે લગ્ન, હાથ
પાણિયુ,વિ૦પાણી હોય તેવુ (નાળિયેર) પાણિયુ આપવુ=રજા આપવી, વિદાય કરવુ પાણિયુ મળવુ=રજા મળવી વેર બેસવુ [મુનિ
પાણિનિ, પુ૦ વ્યાકરણ શાસ્ત્રના સુત્રપાઠ રચનાર
પાણિયારી સ્ત્રી૦ પાણી ભરનારી સ્ત્રી,પનીહારી ૨ નાનુ પાણિયારૂ
પાણિયારૂ, ન૦ પાણીના વાસણ મૂકવાનુ ખાટને લગતુ જે ઉચુ ઠેકાણુ તે **પાણિયારાનો** મુનશી=ઘરમા બેઠા મોટી મોટી વાતો કરનાર બહાર બોલી શકે નહિ તેવો જે તે, ઘરકુકડો
પાણી, ન૦ (**પાનીય**) પ્રાણી માત્ર તેમજ ઝાડ પાલાને જીવવા માટે જરૂરનુ, જે પચ તત્વમાનુ એક તે,જળ,ઉદક, એક જાતનો રંગ, સ્વાદ,ગધ વગરનો એક કુદરતી પદાર્થ ૨ તેજ,નૂર,લાવણ્ય "મોતીનુ પાણી" ૩ આબરૂ, યશ,માન ૪ શૌર્ય, જોસ્સો દમ ૫ ટેક,વટ, સાખ ૬ ઢોળ, સોના રૂપા ઈ૦ નો રસ ૭ ધાર,વાઢ "તરવારનુ પાણી" ૭ વીર્ય રેત, ધાતુ **પાણી** કરવુ–ગમાડી નાખવુ, ગુમાવવુ, ખાલી કરવુ **પાણી ચઢાવવુ**–ઉશ્કેરવુ ઉત્તેજન આપવુ ૨ ધાર આણવી **પાણી ચઢવુ**–ઉશ્કેરાવુ, જોસ્સો વધવો **પાણી** છાટવુ–ઠડુ પાડવુ શાત કરવુ **પાણી** છૂટવુ–ખાવાની ભાવના થવી, મન થવુ **પાણી** જવુ–ટેક જવો, આબરૂ જવી **પાણી** કરવુ–થકવવુ, નરમ પાડવુ ૨ પરસેવો આણવે (ઘોડાને) ૩ **પાણીને માટે** ઝખવુ **પાણી પાણી** થઇ જવુ–તામે થઈ જવુ, નરમ થઇ જવુ ૨ ઓગળી જવુ (ખાર વગેરેનુ) **પાણી** પાય એટલુ પીવુ-(કોઇ)કહે તેટલુ ને તેમ કરવુ **પાણી** પાવા જવુ-મરી જવુ **પાણી** પાવુ–ઢોળ દેવા ૨ ધાર આણવાને હથિયાર ગરમ કરી પાણીમા બોળવુ ૩ ઉશ્કેરવુ,પાણી ચઢાવવુ ૪ ઝાડના મૂળમા પાણી રેડવુ **પાણી** ફરી વળવુ–ફોકટ જવુ ધળ મેળવવુ **પાણી** ભરવુ–ગણતીમા નહિ હોવુ,૨ શરમીદુ પડવુ,ઝાખુ થવુ અજાઈ જવુ **પાણી** મરવુ–એટાદ ઠેકાણે પચવુ ૨ પ્રેમ લાગવો ૩ લાગવગ લાગવી ૪ નરમ પડવુ, શાત પડવુ **પાણી** મૂકવુ–પ્રતિજ્ઞા લેવી,સંકલ્પ કરવો, પણ લેવુ ૨ પાણી ઉનુ કરવુ **પાણી** લાગવુ–પાણી વિકાર થઇ રોગ થવો **પાણી** લેવુ–આબરૂ લેવી ૨ નીમ લેવો **પાણી** વલોવવુ–પાણી વલોવવા જેવો મિથ્યા યત્ન કરવો, મિથ્યા ફાંફા મારવા **પાણીને** મૂલે–જુજ કિંમતે, ઘણેજ સસ્તે ભાવે **પાણીથી** પાતળુ કરી નાખવુ-છેકજ ઉતારી પાડવુ ,માનભંગ કરવુ **પાણીથી** પાતળુ થવુ બહુ કરકસર કરવી ૨ શરમાઇ જવુ **પાણીના** રેલાની પેઠે–ઉતાવળે, તરત થોડી વારમા **પાણીમાં** જવુ–બરબાદ જવુ છૂટી પડવુ ,નિષ્ફળ જવુ **પાણીમાં** બોળવુ રદ કરવુ,ડુબાવવુ ,વ્યર્થ જવા દેવુ ,વણસાડવુ, ધળ મેળવવુ
પાણીછલ્લુ, ન૦ નાળિયેર **પાણી** છલ્લુ આપવુ -

(છલ્લોછલ પાણીથી ભરેલુ) શ્રીફળ આપવુ, રજા આપવી **પાણીછલ્લુ** કરી નાખવુ–ઉતારી પાડવુ, માનભગ કરવુ, ઉડતાવી નાખવુ

પાણીદાર, વિ૦ પાણીવાળુ, તેજદાર ૨ કડક

પાણીપત્રક, ન૦ ખેતરપર જઇ તુલ–કરમણુ–ઝાડ જોઈ તેની વિગત જે પત્રકમા લખી રાખી હોય તે (તલાટીનુ પત્રક) [ચાલનાર

પાણીપથુ, વિ૦ પાણીના રેલાની પેઠે ઝડપથી

પાણીપોચુ, વિ૦ પાણીનો અ શ હોય તેવુ ગદ ગદુ, પચપચુ

પાણીફેર, પુ૦ પાણી બદલો ૨ સ્થલાતર

પાણો, પુ૦ પથરો, પાષાણ ૨ ઠાઠ વિદ્યાથા

પાણ્ડવ, પુ૦ (સ૦) પાડુ રાજાના પુત્રો ૨ પાચ

પાણ્ડિત્ય, ન૦ પડિતાઇ, વિદ્વતા

પાણ્ડુ, વિ૦ ફીકુ, તેજી રહિત ૨ ધોળુ, કમળાવાળુ

પાણ્ડુ, પુ૦ કમળો ૨ એ નામનો રાજા

પાત, પુ૦ (સ૦) પડવુ તે, પતન [૨ અન્યાય

પાતક–તિક, ન૦ (સ૦) પાપ, અનુતાપ, દોષ

પાતકી, વિ૦ પાપી, દોષી અન્યાયી

પાતજલ, ન૦ પાણિની મૂનિના સૂત્ર તથા કાત્યાયનના વાર્તિક ઉપર પતજલિ મુનિએ રચેલુ નવાહ્નિક મહાભાષ્ય ૨ પતજલિ પ્રણિત યોગશાસ્ત્ર

પાતર, સ્ત્રી૦ છીનળ, વેશ્યા ૨ ખાટલામા ચાર ચાર શેરની પાતી તે

પાતરવડિયા, ન૦ અળવીના પાનને તેના ભજિયા

પાતરા, સ્ત્રી૦ (સ૦ પત્ર) પાતરવડિયા ૨ અળુના પાન **પાતરા** પાડવા–જાત મહેનત કરવી

પાતરી, સ્ત્રી૦ પાત્રી, જુઓ

પાતરૂ, ન૦ પાદડુ ૨ સાધુનુ લાકડાનુ ઉતારેલુ ને રગેલુ ખાવાનુ વાસણ (જૈન)

પાતળ, સ્ત્રી૦ પત્રાવળી, ખાજ, ભાણુ ૨ ન૦ ઝીણુ અને હલકુ સ્ત્રીઓને પહેરવાનુ લુગડુ ગવન

પાતળપેટુ, વિ૦ નાના પેટવાળુ ૨ થોડુ ખાનાર

પાતળિયો, પુ૦ પાતળોને ઉચો દેખાવડો પુરૂષ

પાતળુ, વિ૦ દળ–જાડાશ ન હોય તેવુ (જાડાથી ઉલટુ) ૨ ઝીણુ, સૂક્ષ્મ ૩ સુકાઇ ગયેલુ, ક્ષીણ દુર્બળ ૪ પ્રવાહી ૫ કટ પોતાનુ નહિ તેવુ ગારીક ૬ આછુ વિખરાતુ, છુટછુટુ

પાતાળ, ન૦ [સ૦] પૃથ્વીની નીચનો જે પ્રદેશ તે અધો લોક, નાગ લોક [આકાશ, પૃથ્વી ને પાતાળ] ૨ ઉડા ખાડા **પાતાળ પાણી**–પૃથ્વીના ઘણા ઉડા ભાગમા રહેલુ પાણી તે, જીવતુ પ્રાણી **પાતાળ ફોડવુ**–જમીનના ઉડા ભાગમાથી ન ખુટે એવુ પાણી કાઢવુ **પાતાળના** પુતળા હલાવવા–ગજબ કરવા, ઉડાને કાબેલ મનનુ **પાતાળમા** પગ છે–બહાર છે તેટલો અદર છે **પાતાળમા** પેસી જવુ–ધરતીમા ઉતરી જવુ, અદૃશ્ય થવુ ૨ નીચુ જોઇ જવુ

પાતાળજત્રી, વિ૦ ગમે તેમ કરીને કામ પાર પાડી આપ તે ૨ પહોચેલી બુટ્ટી **પાતાળદેડકી**=બહુ ખટપટીને ઉડા હૃદયની સ્ત્રી

પાતિક ન૦ પાપ, અનુતાપ

પાતિવ્રત્ય, ન૦ (સ૦) પતિ એજ સર્વસ્વ માની તેનામાજ અનુરાગ રાખી તેની સેવા કરવાનો જે સ્ત્રી ધર્મ તે, પતિ સેવાનુ વ્રત તે

પાતી, પુ૦ કાગળ "દયાના પ્રીતમને આપી પાતી, દુતી નુતિમા જેની ખ્યાતિ"

પાતેલી, સ્ત્રી૦ (સ૦ પાતિલી) તપેલી

પાતેલુ, ન૦ તપેલુ

પાત્ર, ન (સ૦) ઠામ, ભાડ, ૨ નદી, સમુદ્ર વગેરેના તળિયાની જમીન, તળુ તળ ૩ નાટકમા વેશ [લેનાર જન

પાત્ર, વિ૦ (સ૦) યોગ્ય, લાયક

પાત્રતા, સ્ત્રી૦ લાયકાત, યોગ્યતા, લાયકી [પડીકી

પાત્રી, સ્ત્રી૦ લીલા પાદડામા દેવસવા માટેના ફૂલની

પાથરણ, ન૦ પાથરવાનુ લુગડુ, પાથરણુ

પાથરણુ, ન૦ સતરજી, જાજમ વગેરે ૨ શોક કરવા આવલાઓ માટે જે પાથરેલુ તે

પાથરવુ, ક્રિ૦ (સ૦) લાબુ પહોળુ વિખેરી મૂકવુ, ફેલાવવુ બિછાવવુ ૨ વરવુ, નાખવુ

પાથરો, પુ૦ વાઢેલી ફડબ, કાપણી કરેલો પાક

પાથેય, પુ૦ ભાથુ રસ્તામા ખાવાનુ તે

પાદ પુ૦ (સ૦) ચરણ ટાટીઓ, પગ ૨ ચોથો ભાગ પા ભાગ ૩ કવિતાની એક કડી, ચરણ

પાદ, ન૦ ગુ થી છુટેલો વા વાયુસ્ત્રાવ

પાદપ, ન૦ (સં૦) ઝાડ વૃક્ષ
પાદપૂર્તિ, સ્ત્રી૦ ખુટતું ચરણ પુરૂં કરવું તે
પાદર, ન૦ (સં પદ્ર-ગામડું) ગામની બહારની ખુલ્લી જમીન ૨ ચરો
પાદરી, પુ૦(પો૦પાદ્રી) ખ્રિસ્તી ધર્મનો ઉપદેશક
પાદવું ક્રિ૦ અ૦ (પર્દ્) ગુદાથી વા છુટવો
પાદશાહ, પુ૦ (ફા૦ મોટો મુસલમાન રાજા, બાદશાહ **પાદશાહજાદો**-રાજકુંવર
પાદશાહી, સ્ત્રી૦ (ફા૦) પાદશાહની હાકમી-સત્તા
પાદશાહી, વિ૦ પાદશાહનું સંબંધી (મહોર,સિક્કા)
પાદુકા, સ્ત્રી૦ (સં૦) પાવડી લાકડાના ખડાં ૨ પગલાં, દેવ-ગુરૂના પગલાંની તખતીઓ
પાદોદક, ન૦(સં૦) પગ ધોયેલું પાણી ચરણોદક
પાદ્ય ન૦ (સં૦) પગ ધોવાનું પાણી
પાધર, વિ૦ સપાટ મેદાન ઉજડ, ઝાડ બીડ ન હોય તેવું **પાધર થવું**=ખેદાનમેદાન થવું
પાધરૂં, વિ૦ આડું અવળું નહિ પણ સીધું,પાંસરૂં ૨ સરળ,સીધે રસ્તે જનારૂં ૩ બારોબર, કંઇ પણ અટકયા વગર ૪ તાબડતોબ, એકદમ ૫ સીધું સનમુખ ૬ કોઇની મારફત વગર પરભાર્યું
પાધરૂંદાર, વિ૦ ડાહ્યું, ડાવકું ૨ પાંસરૂં, સરળ, વાંકું ચુકું નહિ એવું
પાન, ન૦(સં૦) પાંદડું પત્ર 'પીપળ પાન ખરંત, હસંતી કુંપળિયાં' ૨ નાગરવેલનું પાન ૩ સ્ત્રીના માથાની અંદર ગુંથેલા વાળ ૪ પાનના આકારનું કાંઇ પણ ગુંથણું ૫ પીવું તે 'અમૃતપાન, મધુપાન' ૬ પીણું,પીવાની વસ્તુ ૭ પીવાનું પાત્ર ૮ ઉપભોગ, ભોગવટો [ઋતુ, વસંત
પાનખર, વિ૦ ઝાડનાં પાંદડાં ખરી જાય છે તે
પાનચાળચણી, સ્ત્રી૦ ઉધુંચતું રમતાં આવડવું તે, પ્રપંચ ખેલી જાણવો તે, દાવ, ચતુરાઇ ૨ વસ્તુને આઘી પાછી કરી ફેરવવી તે ૩ હોશિયારી,ચતુરાઇ
પાનડ, સ્ત્રી૦ પાનોઠ, જુવાર બાજરીના છોડનું લાંબું પાંદડું [કાનનું ઘરેણું ૦ કુમળાં નાનાં પાંદડાં
પાનડી, સ્ત્રી૦ નાનું ને પાતળું પાનડું ૨ સ્ત્રીના
પાનડું, ન૦ પાંદડું,પત્ર,પાનું [પાનનો દાબડો
પાનદાન, ન૦[ફા૦]ખાવાના પાન રાખવાનું પાત્ર,
પાનફૂલિયું, વિ૦ લાડકોડમાં ઉછરેલું, સુકુમાર, કાલુંઘેલું જેણે ઉનો વા પણ અનુભવેલો નથી તેવું.
પાનબાજરિયું, ન૦ વા બાજરિયું
પાનબીડાં, સ્ત્રી૦ પાનપટી, પાનને કાથો ચુનો લગાડી કરેલી પટી
પાનસોપારી, સ્ત્રી૦ પાન અને સોપારીની ચુરી આપવા તે, મુખવાસ,તાંબુલ ૨ ચેરીમેરી,બક્ષીસ
પાના ન૦ રમવાના પત્તા,ગંજીફો ૨ પુસ્તકના પૃષ્ટ ૩ સોના રૂપાના વરખ
પાની, સ્ત્રી૦પગના તળિયાનો એડીને લગતો ભાગ 'ઇંદુ બિંબને આકારે એડી પાનિયો રે લોલ' **સ્ત્રીની** બુદ્ધિ પાનિયે—જેને આગળ પાછળનો વિચાર સૂઝે નહિ તેવું
પાનું, ન૦(સં૦ પર્ણ)ચોપડી-પુસ્તકનો અક્કેકો જે છુટો કાગળ તે ૨ કાગળની અક્કેકી બાજુ,પૃષ્ટ, અંકુ ૩ ગંજીફાનું એક પત્તું ૪ સોના રૂપાના વરખનું એક પત્ર ૫ હાથામાં બેસાડેલું ધારવાળું પાતળું પતરૂં તે "ચપ્પુ-સુડીનું પાનું" ૬ લીલા રંગનું મણિ નવ રત્નમાનું એક ૭ નસીબ, જીવન સંબંધ **પાનું પડવું**—સંબંધ થવો, માથા સરસા જડવા **પાનું શોધવું**—મોત મોકલવું, મૃત્યુ પમાડવું ૨ પાછલી વાત ખોળવી
પાનેતર, ન૦ કન્યાને પરણતી વખતે પહેરવાનું મોસાળ તરફથી આવેલું ધોળું રેશમી વસ્ત્ર
પાનો પુ૦ (સં૦)બાળકને જોઇ માતાના થાનમાં દૂધ ભરાઇ આવવું તે ૨ પોરસ ૩ જુસ્સો, પાણી, શૌર્ય **પાનો ચઢાવવો**-ઉશ્કેરવું
પાનોઠ સ્ત્રી૦ જુવાર બાજરીની પાતરી, પાનડ
પાન્થ, પુ (સં૦) મુસાફર, વટેમાર્ગુ
પાન્ય, સ્ત્રી૦ રહેંટમાં થતી એક પેચ.૨ જેમ જેમ વળ આવે તેમ ભિંડીના ફેલા મુકવા તે,લહેણા આપીને વણેલી દોરી તે ૩ પલીતો, ફેલું, ફદકું
પાપ, ન૦ (સં૦) ઇશ્વરી નિયમ તોડવો તે ૨ ધર્મશાસ્ત્રની આજ્ઞા ઓળંગવી તે, અધર્મ કરવો તે ૩ અનીતિ બદ કામ ૪ દોષ, ગુનો, અપરાધ; પાતક ૫ દુષ્ટ વાસના, કુડો ભાવ, પ્રપંચ,કપટ ૬, હત્યા, હિંસા **પાપ ગયું**—કંટક ટળ્યું ,કાશ ગઇ,

પાપ ફરી વળવુ–કરેલા પાપ આવી નડવા,પાપનુ ફળ મળવુ પાપનો ઘડો ફુટવો છુપુ રહેલુ પાપ જાહેર થવુ–ઉઘાડુ પડવુ [નારા ગ્રહ

પાપગ્રહ, પુ૦ (સ૦)દુખ દેનાર–નુકશાન કર-

પાપઘ્ન, વિ૦ પાપ હણનાર,પાપ નાશ કરનાર

પાપડ, પુ૦ અડદના લોટ વગેરેનો બનવેલો પદાર્થ

પાપડખાર,પુ૦પાપડમા નાખવાનો ખારો,સચોરો

પાપડ પાછુ, વિ૦ નિર્બળ, કૌવત વિનાનુ

પાપડી, ન૦વાલની શિગ ૨ ચોખાના લોટનો એક પદાર્થ ૩ પર્પટી 'ગોળપાપડી=સુખડી

પાપણી, સ્ત્રી૦ પાપી સ્ત્રી, પપિણી [લવુ તે

પાપા, પુ૦ રોટલો, તાતો ૨ નાના બાળકનુ ચા

પાપિષ્ટ–પાપી, વિ૦ (સ૦) પાપથી ભરેલુ દુષ્ટ દુરાચારી, અધર્મી, દુરાત્મા [૩ અશકત, નીર્બળ

પામર, વિ૦(સ૦)કગાલ, રાક ૨ અજ્ઞાન, મૂર્ખ

પામરી, સ્ત્રી૦ (પામીર, અફઘાનીસ્થાનમા એક શહેર છે જે રેશમ માટે પ્રખ્યાત છે તેનુ)ઉન–રેશમનુ વણેલુ ખભે ઓઢવાનુ કપડુ

પામવું, ક્રિ૦ સ૦ પ્રાપ્ત કરવુ, મેળવવુ ૨ સહન કરવુ, ખમવુ "તે બહુ દુખ પામે છે" ૩ તાબે થવુ ૪ જાણવુ,સમજવુ "વાતડી ગઇ છુ હુ પામી'

પાય, પુ૦ (સ૦ પાદ) પગ, ચરણ

પાયકિસ્ત, વિ૦ ઉજડ વેરાન, ખેદાનમેદાન

પાયખાનુ, ન૦ (ફા૦) સડાસ,જાજરૂ, કાટિયો

પાયગા, સ્ત્રી૦ (ફા૦)ઘોડેસ્વારની ટુકડી,લશ્કરી ઘોડાઓનો તબેલો

પાયજામો, પુ૦ (ફા૦) સુરવાલ, બને પગેથી પહેરવાનુ કમર લગી આવતુ સીવેલુ કપડુ,ચોરણો

પાયતખ્ત,ન૦(ફા૦) રાજધાનીનુ સ્થાન ૨ સિંહાસન, રાજપાટ, રાજગાદી

પાયદળ, ન૦ પગે ચાલનારૂ લશ્કર, પેદળ

પાયમાલ, વિ૦નાશ પામેલુ, ખરાબેહાલ, તારાજ ૨ નાદાર, ગરીબ

પાયમાલી, સ્ત્રી૦ ખરાબી,દુર્દશા,વિનાશ

પાયરી,સ્ત્રી૦ સીડી,પગથિયાની હાર. ૨ પગથિયુ ૩ ઓદ્દો,પદ્દી ૪ દરજ્જો પ્રતિષ્ઠા (પો૦પાએરી) એક જાતની કેરી ૫. વર્ગ પકિત ૬ હાર, ઓળ

પાયલ, પુ૦ પગના ઘુઘરા

પાયલી, સ્ત્રી૦ પાવલી ૨ પાલી, ચારશેરનુ માપ

પાયલુ, ન૦ પાવલુ

પાયસ, ન૦ દૂધની એક બનાવટ [પાયસાન્ન'

પાયસાન્ન, સ્ત્રી૦ ખીર, દુધપાક બાસુદી પુરી

પાયુ, પુ૦ (સ૦) ગુદા ગાડ ૨ અપાન

પાયો, પુ૦ ખાટલા, ખુરશી, ઈ૦ નો જે આધાર રૂપ પગ તે ૨ ઘોયકણુ ૩ જે મૂળ ચણતર ઉપર કામ થાય છે તે 'ઇમારતનો પાયો' ૩ આધાર, આશ્રય ૪, તળિયુ ૫ નીચેની બાજુ (ત્રિકોણની) ૬ મૂળ, આધાર ૭ ચોથો ભાગ ૮ ઘી ગોળને કકડાવવા તે પાયો ટેરવો–ઉત્તેજન આપવુ, ટેકો આપવો પાયો રોપવો-મડાણ કરવુ ૨ મૂળ ઘાલવુ

પાર, પુ૦ છેડો,અત ૨ હદ, સીમા ૩ ચાલીને જવાય તેવો નદી–ખાડીનો જે પાણીવાળો ભાગ તે ૩ કાંઠો, તીર, કિનારો ૪ જુવાર બાજરીના કણુસલામાથી દાણા છુટા પાડવા તેને છુદાવના તે. ૫ અદરનો ભેદ,મર્મ,ગુપ્ત ભાવ ૬ આશ્રય, ઉમરો, આગણુ 'જેને ઇચ્છા હોય તે આવે તેને પારેરે' ૭ કાપેલુ કરસણ સુકાવા કરેલો ઢગલો પાર પમાડવુ–છેડા ઉપર લઇ જવુ ૨ છુટકો કરવો વારના પાર થયા–ઘણીજ વાર થઈ ૮ અ૦પુરૂ, તમામ ૨. વચમાનુ ઓળગીને મુકામે સલામત પહોચેલુ હોય તેવુ "પાર ઉતારવુ"

પાર, સ્ત્રી૦ બરણી,લાખેલુ માટલુ

પારકુ, વિ૦ પોતાનુ નહિ પણ બીજાનુ, પરાયુ, પરકીય પારકુ ધન–દિકરી,પારકુ ઘર ચલાવનાર.

પારખ,સ્ત્રી૦પરીક્ષા, ખરૂ ખોટુ જાણવાની શકિત, કદર, બૂજ [કરવી ૨ ઓળખવુ.

પારખવુ, ક્રિ૦ સ૦ પરીક્ષા કરવી તપાસવુ,કદર

પારખુ, ન૦ પરીક્ષાથી જાણવુ તે 'ખરા ખોટાનુ પારખુ" ૨ પરીક્ષા,બુજ,કદર ૩ વિ૦ પરીક્ષક.

પારગત,વિ૦ સપૂર્ણ માહિતગાર,પુરેપુરૂ જાણકાર, પાર પામેલુ તે, કુશળ, કાબેલ.

પારણા, ન૦ (સ૦) અપવાસ મુકવો તે, વ્રતને અતે ભોજન કરવુ તે, અપવાસને બીજે દહાડે

જમવુ તે "એકાદશીના ઉપવાસ ને દ્વાદશીના પારણા" ૨ સમાપ્તિ ૩ તૃપ્તિ ૪ પાલણુ
પારણું, ન૦ નાના બ ળકને માટે લાકડાનુ ઝૂલા વાય તેવુ બનાવેલું ઘોડિયુ
પારદ, પુ૦ (સ૦) પારો,રસરાજ
પારદર્શક, વિ૦ (સ૦)આરપાર દેખાય તેવુ
પારધ, પુ૦ શિકાર ૨ મૃગયા ૩ પારધી.
પારધી, પુ૦ (સ૦) શિકારી
પારમાર્થિક, વિ૦ પરહિતનુ, પરમાર્થ સબધી
પારલૌકિક, વિ૦ સ્વર્ગીય,દિવ્ય,પરલોક સબધી
પારપાર-રા, અ૦ પૂરૂં,સપૂર્ણ, આ પારથી પેલે પાર
પારવતું, અ૦ પુષ્કળ
પારવુ, ક્રિ૦ સ૦ નીંદવુ,મૂળથી ઉખાડી નાખવુ
પારસ, વિ૦ મોટુ 'પારસ જાણું' ૨ ઉત્તમ પારસ બેસવુ=મોટા થઇ બેસવુ,પાટ ચઢી બેસવુ
પારસણ, સ્ત્રી૦ પારસી સ્ત્રી
પારસનાથ, પુ૦ મોટા જૈન તીર્થંકર
પારસપિપળો, પુ૦ (સં૦પારસ-ઇરાન દેશનુ+ પિપ્પલ) એક જાતનો પિપળો ૨ કોઇની પણ સ્પૃહા વિનાનો ૩ મિત્ર વિનાનો
પારસમણિ, પુ૦ (સ૦) એક જાતનો મણિ, જેના સ્પર્શથી લોઢુ સોનું થઈ જાય છે એમ કહેવાય છે, અયસ્કાન્ત
પારસાત, અ૦ (પાર્શ્વાત) પાસેથી, થી (લેખમા લખાય છે "પા મુળચદ ત્રિકમલાલ પારસાત"
પારસાલ, ન૦ ગયુ સાલ-વરસ,પોર
પારસી, પુ૦ જરતોસ્તી ધર્મ માનનારા ૨ સ્ત્રી૦ ઇરાનીઓની ભાષા 'મદ ભર્યો બકતો બહુ પારસી'
પારસે આવવુ, ક્રિ૦ સવાણે આવવુ (ઢોરે)
પારસો મૂકવો, ક્રિ૦ પાનો મૂકવો (ઢોરે)
પારસોવુ, ક્રિ૦ અ૦ પાનો મૂકવો દૂધે ભરાવુ
પારા, પુ૦ દાતના મૂળ આગળનુ-પેઢાનુ માસ ૨ એક જાતનુ ઘરેણુ (બાળકના હાથનુ)
પારાપાર, અ૦ સંપૂર્ણ,આ પારથી પેલેપાર
પારાયણ, ન૦ (સ૦) વેદ-પુરાણ કે કોઈ ધર્મ ગ્રથનુ અથેતિ વાચન તે, શ્રીમદ્ ભાગવતનો પાઠ
પારાવત, ન૦ (સં૦) કબુતર, પારેવો
પારાવાર, પુ૦(સ૦) સમુદ્ર,દરિયો ૨ વિ૦ અગાધ, પુષ્કળ
પારિજાત-ક, ન૦ (સ૦) એ નામનુ ઝાડ, અને તેનુ ફૂલ,હારસગો, એ ફૂલ સુદર નાજુક રાતી દાડીનુ સફેત હોય છે એ શ્રાવણ ભાદરવામા થાય છે
પારિતોષિક, અ૦(સ૦) ઇનામ,સંતોષ થાય તેવી બક્ષીસ
પારિપત્ય, ન૦ (સ૦) શિક્ષા,સજા ૨ હાર.
પારિપાર્શ્વક, પુ૦(સ૦) સુત્રધારનો સહાયક,નટ
પરિભાષિક, વિ૦અર્થ બોધક; સાંકેતિક વાકય-શબ્દ તે
પારી, સ્ત્રી૦નરાજ(પથ્થર ખોદવાની) ૨ રેલ,પૂર.
પારે, પુ૦ શુકન 'તારા પારે સારા છે'
પારેખ,પુ૦પરીક્ષા કરનારો,સિક્કા જોનારો શરાફ
પારેડ,વિ૦ ઘણા દિવસની વિયાયેલી ભેસ,બાખડી.
પારેવુ-વો,ન૦(સ૦પારાવત)આકાશમાની કબુતર 'પારેવો કાણે રે ઉગડિયો રે'
પારો,પુ૦ બદુકમા ભરવાની સીસાની ગોળી,છરો
પારો, પુ૦(પારદ)એક જાતની પ્રવાહીરૂપ ભારી ધાતુ ૨ સ્ત્રીઓને કોટે ઘાલવાનુ ઘરેણુ ૩ શરીરમાની ધાતુ ૪ દાતની આસપાસનુ માસ
પારોઠ, વિ૦ઘણા દિવસ અવાવરૂ પડી રહેવાથી બરડ થયેલુ ૨ બોદાઇ ગયેલુ, પોચુ પડી ગએલુ
પારોપાર, અ૦પારાપાર ૨, કાંઠોકાંઠ
પાર્ચમેન્ટ, ન૦(અ૦)ચામડા જેવો ચીવટ કાગળ, ચર્મપત્ર.
પાર્થિવ, પુ૦ રાજા, ભૂપતિ ૨ મટોડીના બનાવેલા શિવલિંગ ૩ વિ૦ પૃથ્વીને લગતુ, માટીનુ ૨ જડ.
પાર્લામેન્ટ, સ્ત્રી૦ (અ૦)રાજ ચલાવવા લોકોએ ચુટી કાઢેલા પ્રતિનિધિઓની સભા.
પાર્વતિ,સ્ત્રી૦ દુર્ગા, ઉમા ૨ ગજપીપર
પાર્શ્વ, ન૦ (સ૦) પાસુ,બાજુ,પડખુ
પાર્શ્વનાથ, પુ૦ (સ૦) જૈનોના આદિ તીર્થંકર.
પાર્ષદ, પુ૦ (સ૦) સેવક, હજુરિયો ૨ પોળિયો.
પાલ, (સ૦પલ્લવ) કેટલાક ઠેકણાના પાણી ઉપર જે ચીકણો પદાર્થ તરતો હોય છે તે (વનસ્પતીના કોવાણથી થાય છે, જે પાલિયા પાણી કહેવાય છે તે). ૨ રક્ષણ કરનાર. 'ગોપાલ, ધનપાલ' ૩,

તણુની દીવાલ–કનાત ૪ પાલખ
પાલક, વિ૦ રક્ષણ કરનાર પાળનાર
પાલક, સ્ત્રી૦ એક જાતની ભાજી
પાલખ, સ્ત્રી૦ કડિયા, મજુર, સુતારને ઉંચી જગાએ કામ કરવા માટે ઉભાઆડા વળાનો કરેલો ઘાટ
પાલખી, સ્ત્રી૦ ઉપર કમાન જેવા દાંડાવાળુ માણસો ઉચકી ચાલે તેવુ એક તરેહનુ બેસવાનુ યાન તે, નરવાહન, સુખપાલ, મેનો
પાલટ, સ્ત્રી૦ ફેર, ઉલટુ 'ઉલટપાલટ તપાસ'
પાલટવુ ક્રિ૦ **અ**૦ પાસુ બદલવુ ફેરવવુ, ઉલટાવવુ, ફેરવી લેવુ
પાલણ, **ન**૦ પાળવુ તે
પાલટો **પુ**૦ બદલો, પ્રત્યાઘાત સામોઉથલો, ગોથ
પાલણપોષણ, **ન**૦ પાળવુ તે, બરદાસ
પાલવ, **પુ**૦(સ૦પલ્લવ)સ્ત્રીના સાલ્લાનો ભાતવાળો છેડો ૨ દુપટા પાઘડીનો કસબી છેડો ૩ આશરો, શરણુ ૪ ફાટ, પલ્લો
પાલવડો, **પુ**૦ પાલવ, છેડો ફાટ
પાલવવુ, **અ**૦ અનુકૂળ આવવુ ૨ પરવડવુ પોષાવુ, બોજવુ ૩ પાળવુ, સંભાળવુ ઉછેરવુ
પાલિયા, **વિ**૦ પાલનુ ભેજવાળી જમીન અને તે ઉપર લીલવાળુ
પાલી, સ્ત્રી૦ ચારશેરનુ માપ તે (મુબઈમા) ૨ લતાગ્ર, ઝાડની નાની પાતરી અને શિંગો વગેરેનો ભુકો ૩ પવાલી, નાનો પ્યાલો ૪ ઓળ, હાર
પાલીશ, **ન**૦ (**અ**૦ પૉલીશ) સાફ, લીસુ
પાલુ, **ન**૦ ઝરાની વગેરેની ટટ્ટી ૨ પવાલુ
પાલો, **પુ**૦ (પલ્લવ)ઝાડ–વેલાના પાદડા ૨ બરફ
પાલોરિયુ, **ન**૦ થોરિયા–કાંટાનુ ઝુમખુ
પાલોવવુ, **ક્રિ**૦ **અ**૦ નવા પાન આવવા, ફાલવુ, પ્રફુલ્લ થવુ.
[પાવડો, પેગડુ
પાવટકુ, **ન**૦ પગ મૂકવાનુ ઠેકાણુ, પગથિયુ
પાવડિયુ, **ન**૦ લાંબા હાથાનો લાકડાનો પાવડો
પાવ, **પુ**૦ પગ ૨ પા, ચોથો ભાગ
પાવક, **પુ**૦ (**સ**૦)અગ્નિ વન્હિ, દેવતા ૨ સૂર્ય ૩ ભિલામુ, પાવકિંગ વિ૦ શુદ્ધ કરનાર પવિત્ર કરનાર
પાવડિયો, **પુ**૦ ભવાયાના ટોળામા ઝાડુ, પાણી વગેરેનુ કામ કરનારો ૨ એ નામનો એક ધર્મ-પથ
પાવડી, સ્ત્રી૦ (પાદુકા) ખડા, જે વાટ ઉપર પગ મૂકી ચલાય છે તે, પવનપાવડી
પાવડુ, **વિ**૦ પાવડો પેગડુ
પાવડો, **પુ**૦ પેગડુ ૨ કચરો ઇ૦ ખેંચી કાઢવાનુ ઓજાર ૩ કાચો બાંધેલો લાકડાનો પૂલ ૪ વહાણ હોદારવાની બે પાખાની હોદારણી
પાવન, **વિ**૦ (**સ**૦) શુદ્ધ, પવિત્ર નિર્મળ
પાવરધુ, **વિ**૦ જાણીતુ હોશિયાર કાબેલ
પાવરો, ૫૦ તોબરો (ઘોડાનો)
પાવલા, **ન**૦ પગે પહેરવાના ટપુસિયા, હલકા ખાસડા.
પાવલિયો, **પુ**૦ પગ, ચરણુ
પાવલી–લુ, સ્ત્રી૦ **ન**૦ પા રૂપિયો, ચાર આના
પાવલોપા, **પુ**૦ પગ ઉપર બાળકને ઉભુ રાખી હીંચકો ખવડાવવો તે
પાવસ, **ન**૦ ચોમાસુ 'રૂતુ પાવસમા પરદેશ પતિ, શુભ વેશથી ચીત્ત મળે ભડકે'૨ (**અ**૦) વરસાદ
પાવળિયો, **પુ**૦ ડાખલુ વગાડનાર
પાવુ, ક્રિ૦ **સ**૦ પીએ તેમ કરવુ ૨ સિંચવુ
પાવુ, **ક્રિ**૦ **અ**૦ જડવુ મળવુ પ્રાપ્ત થવુ
પાવૈ, સ્ત્રી૦ પુરૂષ અથવા સ્ત્રીમા ન ખપે તેવુ માણસ હિજડો, નપુસક
પાવૈ, **પુ**૦ હિજડો, નપુશક ષંઢ, ફાતડો
પાવો, **પુ**૦ વાસની ભુંગળીનુ એક વાજુ વેણુ વાસળી
પાશ, **પુ**૦ (**સ**૦) ફાસો, આંટો ૨ ફાંદો, જાળ, બંધન ૩ લાલચ ૪ રંગ, અસર ૫ સાંકડ ૬ કળપી કળબ વગેરેમા લોઢાનુ હોય છે તે ૭ દોરી, રજજુ
પાશલી, સ્ત્રી૦ નાની પાશ, ટુકી દોરડી
પાશિયુ, **ન**૦ રાપડી, નાનો પાશ ૨ નાનુ દોરડુ
પાશેર, **વિ**૦ શેરનો ચોથો ભાગ
પાશેરો (રી), **પુ**૦ પાશેરનુ વજન-કાટલુ
પાશો, **પુ**૦ રૂપાનો ઢાળકો પાસલો
પાષાણ, **પુ**૦(**સ**૦)પત્થર, પહાણો [ઉપરનો ખાર
પાષાણભેદ, **પુ**૦ એક વનસ્પતિ ઔષધિ ૨ પત્થર
પાષો કરવો, **ક્રિ**૦ **અ**૦ અનાજમાની કાકરી ભૂકો નીચે રહી જાય તેમ સોવુ
પાસ, **પુ**૦ (**અ**૦) રજાચિઠ્ઠી ૨ રંગ, સોબતની

અસર ૩ પગાર, ફતેહમદ નીવડવુ તે, પસાર થવુ તે ૪ અ૦ નજીક, પાસે, સાડે

પાસલો, પુ૦ ધાતુનો લબચોરસ કડકો, પાસો

પાસવાન, પુ૦ પાસે-સાથે રહેનારો નોકર હજુરીઓ ૨ સોબતી [નરમ કરવુ

પાસવુ, ક્રિ૦ સ૦ ખટવવુ અસરવાળુ કરવુ,

પાસાતાણિયો, પુ૦ ચાદી ઉપર સોનાનુ પતરૂ ચઢાવી તાર ખચનાર, તાર તાણનાર

પાસુ, ન૦ કરોડ, બાજુ, પડખુ ૨ પક્ષ,તરફેણ **પાસુ વાળીને સુવુ**=નિરાત વાળીને સુવુ, ઠરીને સુવુ **પાસુ સેવવુ**=સેવના કરી મહેરબાની મેળવવી,તાબેદારી ઉઠાવવી 'ભાઇ,મોટા પુરૂષના પાસા સેવ્યા કઈ મિથ્યા જાય છે' ૨ અનુભવ મેળવવો

પાસે, અ૦ સોડે, નજીક ૨ હાથમા સત્તામા ૩ આગળ **પાસેનુ**-નજીકનુ, જગા-સગપણનુ છેટુ થોડુ હોય તેવુ ૨ ગાઢનુ

પાસો, પુ૦ જુગાર કે સાગટાની રમતમા મીડાની નિશાનીવાળો હાથીદાત કે ધાતુનો વાટ તે ૨ ચોરસ કડકો ૩ ભાગ્ય, કિસ્મત ૪ અવસર, પ્રસગ **પાસો ચઢતો હોવો**-દહાડો સિકદર હોવો, ભાગ્યોદય હોવો **પાસો નાખવો**-સાહસ કરી જોવુ, નસીબ અજમાવવુ સવળો પાસો=સુભાગ્ય ઉલટો પાસો=દુર્ભાગ્ય

પાહડી, સ્ત્રી૦ નાની બકરી, છાગી

પાહન, વિ૦ મોડુ, પછવાડે

પાળ, સ્ત્રી૦ પાણી ફેલાય નહિ માટે બાધેલી તટબધી, નીક, ખાળની કોરણ, આડ, બાજુ ૨ હદ, સીમા ૩ કાઠો, કિનારો ૪ 'કરનાર' 'વાળુ' ઇ૦ સુચક પ્રત્યય

પાળક, વિ૦ પાલન કરનાર, પાળનાર

પાળવુ, ક્રિ૦ સ૦ ભરણપોષણ કરવુ ઉછેરવુ મોટુ કરવુ ૨ બરદાસ લેવી ૩ વિધિ પ્રમાણે આચરવુ-કરવુ (વ્રત) ૪ સસારી રીત પ્રમાણે વર્તવુ (શોક) ૫. વળગી રહેવુ, બજાવવુ (વચન) ૬ હેળવવુ, પોષવુ ને કેળવવુ

પાળિયો, પુ૦ શુરવીરની મરણભૂમિ ઉપર તેની યાદગીરી માટે મૂકેલો લેખ-પથરો ૨ બાવ, આતરો ૩ નિશાન,હદ બતાવનારો ટેકરો, ખૂટ

પાળી, સ્ત્રી૦ શાક સમારવાનુ કાતુ છરી ૨ મુકરર કરેલો દિવસ, વારી. ૩ કીનો, વેર

પાળુ, ન૦ પગે ચાલવુ, ચાલીને જવુ

પાળો, પુ૦ આખની નિમાળાવાળી જે બાજુ-કોરણ તે ૨ પગે ચાલી લઢનારો સિપાઇ, પદાતિ ૩ ગોળ ફરતી ચીજ-લીટી ૪ ઝાકળ. ૫ ટોળુ

પિખવુ, ક્રિ૦ સ૦ ચુટવુ, વેરવુ, વેરમછેરા કરવુ ૨ ફેદવુ ચુથવુ ૩ ગભરાવી દેવુ

પિગળ ન૦ કવિતા રચવા સબધી શાસ્ત્ર, છદશાસ્ત્ર ૨ છદશાસ્ત્રનો ગ્રથ રચનાર એક ઋષિ. ૩ એ નામનો એક સવત્સર ૪ લાબુલચ, લબાણ ટાયલુ **પિગળ કરવુ**-લાબુ લાબુ વર્ણવી ટાયલુ કરવુ, અતિશયોક્તિથી વધારવુ

પિગળા, સ્ત્રી૦ (સ૦) એ નામની એક નાડી ૨ માલકાકણી, ગોરોચન.

પિગાણી, સ્ત્રી૦ ધુપેલના વાડકી, કચોલુ

પિંછ-છુ, ન૦ (સ૦) પિચ્છ, પક્ષીઓના ઉડવાના અવયવોના દરેક પિચ્છ તે ૨ પુછડી

પિછી, સ્ત્રી૦ વાળની જુડી, ચામર ૨ ચિતારાની કલમ ઝીણા રૂવા-વાળની જુડી તે ૩ નાનો કુચો ૪ ચિત્રકામની આવડ

પિજણ, સ્ત્રી૦ રૂ પિજવાનુ ઓજાર ૨ કટાળા ભરેલી વાત, ટાયલુ ૩ પગનુ ઘુઘરીઓવાળુ ઝાઝર ' પાગે પિજણ રણઝણે"-ભાલણ.

પિજણિયો પુ૦ રથના પૈડા બહાર નીકળી ન જાય માટે જે લાકડુ પૈડા સાથે બાધે છે તે ૨ પિજનારો ૩ પિજણને થરકાવવાનો મોથવો

પિજણી, સ્ત્રી૦ પિજવુ તે, પિજવાની ચતુરાઈ

પિજણુ, ન૦ પિજવુ તે, ચર્ચા, કુથલી, ટાયલુ.

પિજર-રુ, ન૦ (સ૦) પાજરૂ ૨ દેહ, શરીર

પિજવુ, ક્રિ૦ સ૦ (સ૦ પિજ) રૂને પિજણથી છુટુ પાડવુ-સાફ કરવુ ૨ ચર્ચવુ, ચુથવુ ૩ ડોળવુ

પિજાર, સ્ત્રી૦ પિજણ

પિજારી, સ્ત્રી૦ પિજારાની સ્ત્રી ૨ એક જાતનુ પક્ષી

પિજારો, પુ૦ (સ૦ પિજા-કપાસ) રૂ પિજવાનો ધધો કરનારો.

પિંડ, પુ૦ (સ૦)રાંધેલા ચોખા કે લોટનો ગોળો તે (શ્રાદ્ધમાં) ૨ દેહ શરીર ૩ ધાતુ માટીનો ગોળો ૪ ગ્રાસ, કોળિયો [દાન આપવું તે

પિંડદાન, ન૦ શ્રાદ્ધ કરવું તે, શ્રાદ્ધ કરી અન્ન-

પિંડરોગી, વિ૦પાડુ રોગવાળું ,ફિક્કુ ,કમળાવાળું

પિંડારો, પુ૦(સ૦) આહીર 'મૂકયા પિંડારિયા પ્રેરી,તેણે રાધાને લીધી ઘેરી ' ૨ લુટારો,પિંઢારા

પિંડી સ્ત્રી૦ ગોળાકાર થેપલી ૨ ઘુંટી ને ઢિંચણના સાંધાની નાની ગોળ હાડકી ૩ લબ-ગોળ ઘાટ, શિવલિંગ ૪ દડી, નાનું પિલ્લું

પિંડું, ન૦ દોરા–સુતળીનું પિલ્લું, નાની દડી

પિંડો, પુ૦ પિંડ, ગોળો,લાડવો (માટી, ઇં નો)

પિંઢેરી, વિ૦ માટીની ભિંતોનું (ઘર)

પિંઢોરિયું , વિ૦ પિંઢેરી માટીનું

પિક, પુ૦ (સ૦)એક જાતનું પક્ષી,કોયલ,કોકિલા

પિક, સ્ત્રી૦પાન સોપારી તંબાકુ ૨ પાનના થુંકની પીચકારી તાંબૂલનો રસ

પિકદાની, સ્ત્રી૦ પિચદાની થુંકવા માટેનું વાસણ

પિખવું, ક્રિ૦ સ૦ પિંખવું

પિગળવું, ક્રિ૦ અ૦ રસરૂપ થવું, ઓગળવું ૨ પોચું–નરમ થવું " મન પિગળવું "

પિચકારી, સ્ત્રી૦ પાણી ખેંચી ઉરાડવાનું યંત્ર

પિચદાની, સ્ત્રી૦ પિકદાની, જુઓ

પિચોડી, સ્ત્રી૦ અડ અને આતરડાં

પિચ્છ, ન૦ (સ૦) પિંછું ૨ પૂંછડું

પિછો, પુ૦ કેડો, પાછળ પડવું તે પિછો લેવો= ખણખોજ કર્યા કરવી, કેડો લેવા, ખંતે પડવું

પિછાન, ન૦ ઓળખાણ, પરિચય માહિતી

પિછોડા, સ્ત્રી૦ ખેસ ૨ ઓઢવાનું સફેદ પહોળું કપડું ચાદર **પિછોડી** ઓઢની=દેવાળું કાઢવું સર્વસ્વ ગુમાવી રોવા બેસવું

પિછોડો, પુ૦ મોટી પિછોડી, ચાદર

પિજન, ન૦ પિંજણ [મારવું, ધબોનવું

પિટવું , ક્રિ૦ સ૦ (સ૦ પિટ્) છાતી કુટવી ૨

પિટાપિટ, સ્ત્રી૦ કુટાકુટ, કુટી કુટીને રોવું તે

પિટાવવું , ક્રિ૦ સ૦ મરાવવું ,ઠોકાવવું ૨ કુટાવવું ૩ લોકોને જણાવવું, ગગડાવવું 'થાળી પિટાવવી '

પિતર, પુ૦ (સ૦ પિતૃ) જેના શ્રાદ્ધ કરવામાં આવે છે તે, પૂર્વજ ૨ બાપ, પિતા

પિતરાઈ, પુ૦ કાકાના છોકરા,સાત પેઢી સુધીના વંશજો [રાઈની સ્ત્રી, પિત્રાણી

પિતરાણ, સ્ત્રી૦ પિતરાઇ કાકાની પુત્રી ૨ પિત-

પિતા,પુ૦(સ૦)બાપ,જનક **પિતાપુત્ર**=બાપ દીકરો

પિતામરી, સ્ત્રી૦ બાળકનું નાનું પીતાંમર તે

પિતામહ, પુ૦ (સ૦)બાપનો બાપ, દાદો ૨

પિતૃ, ન૦ માબાપ ૨ પૂર્વજ [પૂર્વજ ૩ બ્રહ્મા

પિતૃઋણ, ન૦ (સ૦) પિતા પ્રતિ છોકરાની જે ફરજ તે ૨ બાપે કરેલું કરજ છોકરાને આપવું પડે તે ૩ બાપદાદાને શ્રાદ્ધથી સંતોખવા દીકરાએ આપવાનું દેણ

પિતામહી, સ્ત્રી૦ (સ૦) દાદી બાપની મા

પિતુ, પુ૦ બાપ, તાત જનક

પિતૃતર્પણ, ન૦ પિતૃઓની જલદાનની તૃપ્તિ તે ૨, તર્જની અને અંગુઠા વચ્ચેનો મધ્ય પ્રદેશ

પિતૃપક્ષ, ન૦ (સ૦) ભાદરવા વદ જે પખવા-ડિયામાં પિતૃઓના શ્રાદ્ધ થાય છે તે ૨ બાપ તરફના સગા વહાલા તે

પિતૃભક્તિ, સ્ત્રી૦ (સ૦) બાપ ઉપર પુત્રની જે ભક્તિ તે,બાપની સેવા ચાકરી [પૂર્વજોનું વાસસ્થાન

પિતૃલોક, પુ૦ (સ૦) પિતરને રહેવાનું ધામ

પિત્ત, ન૦ (સ૦) કાળજામાં લોહીથી જુદો પાડેલો એક પીળો પ્રવાહી, વાત, પિત્ત અને કફ એ ત્રણ પૈકી એક સત્વ

પિત્તજ્વર, પુ૦ પિત્તવિકારથી આવતો તાવ

પિત્તપ્રકૃતિ, સ્ત્રી૦ (સ૦)ગરમ મિજાજ,આકળો સ્વભાવ [થી બનેલી પીળી ધાતુ

પિત્તળ, ન૦ (સ૦) તાંબુ ને જસતની મેળવણી-

પિત્તળ, વિ૦ માલ વગરનું, અસલ નહિ તેવું ૨

પિતળિયું , ન૦ છાલિયું, વાડકો [ઓછું પાત્ર

પિત્તાશય, ન૦ કાળજું, પિત્ત રહે છે તે અવયવ

પિત્તો, પુ૦ મિજાજ, સ્વભાવનું આકળાપણું **પિત્તો** ઉછળવો–મિજાજ તપી જવો

પિધેલ, વિ૦ પિધેલું હોય તે, છાકટું, મત્ત.

પિનાક, પુ૦ (સ૦)શિવજીનું ધનુષ્ય ૨ ત્રિશૂળ.

પિનાકી, પુ૦ (સ૦) શિવ, મહાદેવ.
પિપર, સ્ત્રી૦(સ૦ પિપ્પલી)પિપર, એક જાતના છોડની માજર-ફળ ઓસડ અથાણામા વપરાય છે
પિપરમિંટ, પુ૦ (અ૦) પિપરોનુ તેલ-અર્ક.
પિપરીમૂળ, ન૦ પીપરના છોડના મૂળ
પિપળો, પુ૦ (સ૦ પિપ્પલ)એક જાતનુપવિત્ર મનાતુ મોટુ ઝાડ, અશ્વત્થ ભૂતનો વાસ પિપળે=જેનુ જ્યા બેસવાનુ વધારે થતુ હોય તે સ્થળ પિપળે દીવો કરવો=જાહેર કરવુ પિપળો ઉગવો-ઉછેદિયુ થવુ, ન મતાન જવુ પિપળો ફાટવો-ઘણા જણનુ ઉભરાવુ, દરોડો પડી એકઠા થવુ
પિપાસા, સ્ત્રી૦ (સ૦) તૃષા, તરસ, પીવાની ઇચ્છા.
પિપીલિકા, સ્ત્રી૦ કીડી. પિપીલિકા માર્ગ=કોઇ કામ ધીમે ધીમે પૂરૂ કરવાની જે રીત તે ૨ સગ્રહ કરવાનુ વલણ
પિમળ, સ્ત્રી૦ (પરિમલ) સુવાસ, ખુશબો, ફોરમ
પિમળવુ, ક્રિ૦ અ૦ સુવાસ આવવો,ફોરવુ,સોડવુ
પિયર, ન૦ (સ૦ પિતૃગૃહ) સ્ત્રીને માબાપનુ ઘર મહિયેર પિયર પનોતી=મહોળા પિયરવાળી, સુખી પિયરની ૨ પિયરવણુ હોય તે
પિયળ, સ્ત્રી૦ કપાળમા કકુ ચદનનો લેપ તે,આડ,
પિયાજ, ન૦ ડુગળી, કાદો [પત્રલેખા
પિયારૂ, વિ૦પ્યારૂ,વહાલુ ૨ પારકુ, પરાયુ [નારો
પિયાવો, પુ૦ખેતરમા પાણીપાવાનો કર ૨ પાણીવાળ
પિયુ, પુ૦ (સ૦) ધણી, સ્વામી. ૨ પ્યારો, પ્રિય
પિયુખ-ષ, ન૦ અમૃત, પીયૂષ, સુધા
પિયુડો, પુ૦ પિયુ (કવિતામા)
પિયેર, ન૦ પિયર, મહિયર
પિયેરિયાં, ન૦ સ્ત્રીને માબાપ તરફના સગા તે
પિયો, પુ૦ આખનો પીયો તે
પિરસવુ, ક્રિ૦ સ૦ (સ૦ પરિ+વિષ્-ખાવુ) ભાણામા ભોજન મૂકવુ થાળીપુરવી,ખાવાઆપવુ
પિરોજ-જો, પુ૦ (ફા૦) આસમાની રગનો કિમતી પથરો, વૈડૂર્યમણિ
પિરોજી, વિ૦ આસમાની, નીલુ
પિલવણ, સ્ત્રી૦ એક જાતનું ઝાડ; પિલુડી.
પિલવુ, ક્રિ૦ સ૦ દબાવવુ,નીચોવવુ ૨ રિબવુ, કનડવુ [૩ એક રાગ.
પિલુ, ન૦ પિલવણનુ ફળ ૨ મરઘીનુ બચ્ચુ
પિલોડિયુ, ન૦ થડમાથી ફૂટેલો ફણગો
પિલ્લુ ન૦ દોરીની ગોટી; દડો પિડો
પિશવી, સ્ત્રી૦ (ફા૦ પેશ-અંદર) કોથળી. ૨ મુસલમાન સ્ત્રીઓ પહેરે છે તે ખુલતો સુરવાળ
પિશાચ, પુ૦ (સ૦) અસન્તોષથી મરેલો જીવ જે રૂપ ધરે છે તે.ભૂત,પ્રેત ૨ નઠારો-દુખદાયક માણસ
પિશાચી, સ્ત્રી૦ ભૂતડી.૨ જ ગલી લોકોની ભાષા
પિશાબ, પુ૦ (ફા૦) મૂત્ર, મૂતર
પિશુન, વિ૦ (સ૦) ચાડિયુ દ્રોહી.૨ ઘાતકી, ક્રૂર
પિષ્ટ, વિ૦ દળેલું, પિસેલુ, લોટ કરેલુ ૨ પુ૦ લોટ, આટો. [વાત વારવાર કહેવી, પુનરૂક્તિ
પિષ્ટ, પેશણ, ન૦ દળેલાને દળવુ તે, એકની એક
પિંટુ, ન૦ ખાંખડુ, છીટુ
પિસવી, સ્ત્રી૦ કોથળી, થેલી.
પિસવુ, ક્રિ૦ સ૦ દળવુ, વાટવુ, ભૂકો કરવો. ૨ જોરથી દાબવુ ભીડવુ ૩ લસોટવુ, ઘુટવુ
પિસવો, પુ૦ સિસોટો ૨ પાવો
પિસ્તાળીસ, વિ૦ ચાળીસ ને પાચ
પિસ્તોલ, સ્ત્રી૦ (અ૦) નાની બદુક, તમચો.
પિહેર, ન૦ વહુના માબાપનુ ઘર
પિળ-પીળ, સ્ત્રી૦ આડ, પિયળ.
પિળચટુ, વિ૦ પિળાશ પડતુ
પિળવુ, ક્રિ૦સ૦ કુના રગડાથી રંગવુ. ૨ ખરડવુ
પિળાટ-શ, સ્ત્રી૦ કઇક પીળો રગ, પિળપણ.
પિળિયુ, ન૦ હળદરથી રગેલુ લગડુ, જે લગ્ન પ્રસંગે કન્યા પહેરે છે તે ૨ પીળી ઈંટ [છે; ફટ, ધિક
પી, અ૦ એ શબ્દ ફજેતી તુચ્છકાર કરતા વપરાય
પીઆજ, સ્ત્રી૦ ડુગળી, કાદો, રાજગરી, કસ્તુરી
પીક, ન૦ અનાજ વગેરેનો પાક, મોલ, પેદાશ. ૨ તબોળનો રસ, એ રસની પીચકારી
પીછ, ન૦ (સ૦ પિચ્છ) પીછુ, પુછડી.
પીછી, સ્ત્રી૦ પિછી, જુઓ
પીછું, ન૦ (પિચ્છ) પિછુ, પુછડુ. પીછાંનું પારેવુ કરવુ=નજીવી વાતને મોટી કરી આપવી, અતિશયોક્તિથી વધારવી, રજનું ગજ કરવુ. પીછુ

ખેચવુ-મારવુ=સહીનુ બિલાડુ ખેચવુ
પીછા, પુ૦ પછવાડે લાગવુ તે કેડો
પીટણી, સ્ત્રી૦ પિટવુ તે, કુટણુ ૨ માર, ઠોક
પીટયું, વિ૦ જેનુ નામ દઇ કુટયુ તે, રડવુ ૨ જીવતા મુઆ સમાન, એક ગાળ
પીઠ, સ્ત્રી૦ (સ૦ પૃષ્ઠ) ચૌટુ,બજાર ૨ બજાર-ભાવ, રૂખ ૩ બરડો, કરોડનો ભાગ, વાંસો ૪ પડથી, બેસણી ૫ બેઠક, જગા, આસન **પીઠ** ઉઘાડી પડવી=સહાયકારક ન હોવુ, ભેદ ઉઘડી જવો **પીઠ** ચોરવી=બીવુ પાછુ પડવુ **પીઠ** ઠોકવી=શાબાશી આપવી ૨ મદદે રહેવુ **પીઠ** ઢાકવી=ઉઘાડુ ન પડવા દેવુ,આશરો આપવો **પીઠ** થાબડવી=ઉત્તેજન આપવુ **પીઠ** દેખાડવી=નાસવુ **પીઠ** પાછળ મૂકવુ=ઓળવવુ મતાડવુ **પીઠ** પુરવી=મદદ કરવી **પીઠ** ફેરવવી=તજી દેવુ તરછોડવુ, ના પાડવી, ફરી જવુ **પીઠ** બતાવવી=પુઠ ફેરવવી, હાર ખાઇ નાસી જવુ, પાછા પગલા કરવા **પીઠ** લેવી=પાછળ પડવુ, પુઠ પકડવી **પીઠનું** જોર=મદદનીશ બળ, પાછળ રહેલાનુ જોર
પીઠ, પુ૦ (સ૦ પિષ્ટ) લોટ [ટિંગલ, સ્ટુલ
પીઠ, ન૦ સ્થળ, મંદિર 'શારદાપીઠ' ૨ નાનુ
પીઠિકા, સ્ત્રી૦(સ૦) વંશાવળી ૨ મૂળથી વિગતવાર હેવાલ તે ૩ બાજઠ ૪ વર્ગ, ધોરણ, ભૂમિકા
પીઠી, સ્ત્રી૦ (સ૦ પિષ્ટ) સુગંધી યુક્ત હળદર વર કન્યાને શરીરે પરણતા પહેલા ચોપડે છે તે
પીઠું, ન૦ દારૂ તાડીની દુકાન,કલાલખાનુ ૨ બજાર
પીડ, સ્ત્રી૦ પીડા, દુખ ૨ ચુક, આકડી ૩ આપદા, મુશ્કેલી. ૪ દાને મુકવાની રંગની લુગડી
પીડવુ, ક્રિ૦ સ૦ પીડા કરવી, દુખ દેવુ, કષ્ટ દેવુ
પીડા, સ્ત્રી૦ (સ૦) દુખ, વેદના ૨ કલેશ, વ્યથા ૩ કાળજી, ચિન્તા ૪ પંચાત, માથાફોડ ૫ ગ્રહ-ભૂત વગેરેથી થતુ દુખ
પીડાકારી-કારક, વિ૦ દુખ દેનાર,અડચણ કરનાર
પીડાવું, ક્રિ૦ અ૦ પીડા પામવી, રિબાવુ
પીડિત, વિ૦ પીડા પામતુ દુખી, હેરાન
પીઠ-ઢિયા, સ્ત્રી૦ જેની ઉપર મેડાના પાટિયા જડી લેવામા આવે છે તે.

પીટીયા, ન૦ દાઢના પેઢા ૨ પીઢો [શાક વગેરે
પીત, ન૦ પિત્ત ૨ પાણીથી થતુ જે કરસણ
પીત, વિ૦ (સ૦) પીળુ, પીળા રંગનુ
પીતકોડી, સ્ત્રી૦ ચકલીથી નાનુ ને કાળુ એક પક્ષી એની ગુદા રાતી હોય છે
પીતપાપડો, પુ૦ ખડસલિયો
પીતવાડો, વિ૦ દર વર્ષે શિયાળુ ઉનાળુ વાવેતર થયુ હોય એવુ, કુવાનુ પાણી પાવામા આવ્યુ હોય
પીતળ, ન૦ (સ૦) પિત્તળ [તેવુ (ખેતર)
પીતળિયુ, ન૦ પીતળની વાડકી
પીતાંબર, ન૦ (સ૦) પીળુ રેશમી પહેરવાનુ વસ્ત્ર
પીતુ, ન૦ લખોટીઓ રમનારને ઉભા રહેવાની નિશાનીવાળી જગા
પીન, વિ૦ (સ૦) ભરેલુ, પુષ્ટ, જાડુ
પીનસ, પુ૦ (સ૦) સળેખમ જખમ
પીપ, ન૦ (પોર્ટુ૦) પ્રવાહી ભરવાની લંબગોળ
પીપર, સ્ત્રી૦ પિંપર [લાકડાની કોઠી, ગોળ નળો
પીપળ, સ્ત્રી૦ (સ૦ પિપ્પલ) એક જાતનુ ઝાડ.
પીપિયો, પુ૦ રાઢ,બૂમ, ચીસ ૨ લેવાલીની ધમાલ
પીપી, સ્ત્રી૦ એવો અવાજ કરતુ વાજુ (ઢોલીનુ)
પીમળાટ, પુ૦ પરિમલ, ગંધ, સોડ, ફોર
પીયળ, સ્ત્રી૦ શુભ કારજમા સ્ત્રીઓને કપાળે હિંગળોક કંકુથી જે ચિતરવામા આવે છે તે
પીયષ, ન૦ (સ૦) અમૃત, સુધા
પીયો, પુ૦ આખનો મળ, ચિપડા ૨ ગુમડા ખીલ વગેરમાથી નીકળતી કણિ ૩ કોદરા ભરડવાને ઘટીના પડ ઉપર કરેલો રાખનો થર
પીર, પુ૦ (ફા૦) દેવત્વને પામેલો મુસલમાન સંત વલી, ઓલીઆ ૨ અમીર, ઉમરાવ.
પીલવુ, ક્રિ૦ સ૦ પિલવુ, જુઓ
પીલુડા, ન૦ પીલુડીના ફળ
પીલુડી, સ્ત્રી૦ એક જાતનુ ઝાડ ૨ એક જાતનો રાગ.
પીલો, પુ૦ છોડનો અંકુર, ફણગો ૨ થડમાથી ફૂટેલુ કુમળુ ડાળુ
પીવર, વિ૦ (સ૦) જાડુ પુષ્ટ ૨ ઘટ્ટ, ગાઢુ.
પીવુ, ક્રિ૦ સ૦ (સ૦ પા-પીવુ) ગળવુ, પ્રવાહી પદાર્થ ગળામા ઉતારવો, પ્રાસન કરવુ ૨ ચૂસવુ,

ધાવવું. ૪. દારૂ પીવા ૫ સમાવું, અંદર પચવું, શોષવું ૬ મોમા ધૂમાડો લેવો, દમ લેવો ૭ સહન કરવું. ગમ ખાવી ૮ ન ગણવું પી જવું=સહન કરવું. ૨ ન ગણકારવું, ન લેખવવું ૩ ગળી જવું
પીસવું, ક્રિ૦ સ૦ દળવું ૨ કચરવું
પીલતન, વિ૦ હાથીના જેવું
પીસુ, ન૦ ઝીણું પ્રાણી
પીળક, સ્ત્રી૦ પીળું ફીકું
પીળવું, ક્રિ૦ સ૦ પીળું કરવું, ૨ ગવું, ખરડવું
પીળું, વિ૦ (સ૦ પીત) હળદરના રંગ જેવું **પીળો** દેડકો=લોહી ઉડી ગયું હોય અને શરીર ફીકું જણાતું હોય તેવું
પીળુંધમક, વિ૦ ઘણુંજ પીળું
પુંખ, પુ૦ પોખ ૨ સ્ત્રી૦ ઘરના કરાના ઉપરનો છાપરાનો ઢળતો ભાગ, ઘરની પાખ ૩ પુંખડું, તીરની પણછનો પિંછાવાળો ભાગ [૨ પાખડું
પુંખડું,ન૦તરંગ, લેરખું 'વાનું પુંખડું પણનથી'
પુંખવું, ક્રિ૦ સ૦ (સ૦ પ્ર + ઉક્ષ) ખેતરમા અનાજ વગેરેના બી હાથે વતી છુટાછુટા વેરવા તે 'વઉ પુંખવા' ૨ વધારી લેવું 'વરકન્યા પુંખવા
પુંગવ, પુ૦ (સ૦) આખલો,ગોધો ૨ શ્રેષ્ટ,ઉત્તમ
પુંગીફળ, ન૦ (સ૦) સોપારી, ફોફળ
પુંછડિયું, વિ૦ પુંછડાવાળું ૨ ચાદતું,વાદરા જેવું
પુંછડું, ન૦ (સ૦ પુચ્છ) પ્રાણીઓની પુઠનો અવયવ, પુચ્છ ૨ લફરૂ,પાછળને પાછળ વળગ્યુ રહે તેવુ માણસ, પીડારૂપ તે, પાપ ૩ છેડો અંત ૪. ગુદા, અપદ્વાર ૫ પદવી, ઇલકાબ પુંછડું છુટી જવું=ગભરાઈ જવું ૨ ઝાડા થવા પુંછડું પકડવું=હઠ ધરવી પુંછડું પછાડવું=ગુસ્સામા બખાળા કરવા પુંછડામા પેસવું=ઘુસવું, ખુશામત કરી વળગતા જવું પુંછડું બળવું=ખોટું લાગવું
પુંછ-છડી, સ્ત્રી૦ પુંછડું, દુમ.
પુંછવું, ક્રિ૦ સ૦ લોવું, લૂછવું
પુંજ, પુ૦ (સ૦) રાશિ, ઢગલો
પુંજવું, ક્રિ૦ અ૦ પૂજવું, જુઓ ૨ જીવજતુના રક્ષણાર્થે પુંજે વાળવો તે (જૈન)
પુંજણી, સ્ત્રી૦સુતરની મુલાયમ સાવરણી (જૈન)
પુંજી, સ્ત્રી૦ દોલત, અર્થ, ધન
પુંજો, પુ૦ વાસીદું ,ઝાડું
પુંઠ, સ્ત્રી૦ પીઠ, વાંસો ૨ કેડો, પીછો.
પુંઠળ, અ૦ પાછળ, પરોક્ષે, પછવાડે. [ઢાંકણું.
પુંઠા, ન૦ દાળમા રહેલા છોડા ૨.પુઠું , ચોપડીનું
પુંઠિયું, ન૦(પૃષ્ઠ) પાછલો ભાગ, પુઠ ૨ પીઠ. ૩. ગાડાની પાજરીનું કમાડ ૪ જેમા આરા ઘાલે છે તે પૈડાનો ભાગ
પુંઠું, ન૦ છોતરૂ,છોડું ૨ ચોપડીનું ઢાકણું.
પુંઠે, અ૦ પાછળ, પરોક્ષે [છિવટનું.
પુંઠેવાળ, વિ૦ પાછલી વયમા થયેલું બાળક;
પુંડરીક, ન૦ (સં૦) ધોળું કમળ.
પુંડ્ર, ન૦ (સ૦) ટીલું, તિલક
પુંઢયું ન૦ દાઢિયું ધોતર ૨. કોસ હાકનારની બેસણીએ બાધવાનું ચામડું.
પુંનાગ,પુ૦(સ૦) નાગકેસરનું ઝાડ.૨ મોટો હાથી.
પુંપરો, પુ૦ છોકરો, દીકરો
પુંબડું, ન૦ પુમડું ૨ નાજુક ગાભલું
પુંભડી, સ્ત્રી૦ છોડે વળગી રહેલું રૂ.
પુંલિંગ, વિ૦ નર જાતિનું
પુંવા, પુ૦ પૌંઆ, ચપટા મમરા
પુંશ્ચલી, સ્ત્રી૦ વેશ્યા, ગુણકા, પાતર.
પું કરવું,ક્રિ૦અ૦ હિહિ કરી નાખવું;હસી કાઢવું
પુકાર, પુ૦ પોકાર, બૂમ, ધાટો
પુખરાજ, પુ૦ પોખરાજ,
પુકારવું, ક્રિ૦ અ૦ પોકારવું, બોલાવવું, બરકવું
પુખ્ત, વિ૦(ફા૦) પાકી બુદ્ધિનું,સમજુ, અનુભવી.
પુગતું, વિ૦ પહોચે-ચાલે તેટલું ૨ પુરતું.
પુગવું, ક્રિ૦ સ૦ પહોચવું,પુરતું થવું ૨ ચાલવું; નભવું ૩ મળવું [૨ સ્વાધીન કરવું.
પુગાડવું, ક્રિ૦ અ૦ પહોચે તેમ કરવું,પહોચાડવું.
પુચકારી, સ્ત્રી૦ બાળકને શાંત કરવા હોઠ વતી પુઉ એવો અવાજ કરવો તે
પુચ્છ, ન૦ (સ૦) પુંછડી, દુમ
પુછગાછ, સ્ત્રી૦ પુછપરછ, તપાસ
પુછપરછ, સ્ત્રી૦ પુછવું તે, ખોળ; તપાસ.
પુછવું,ક્રિ૦સ૦ કોઇ વાત જાણવા માગવી, સવાલ

કરવો ૨ તપાસ કરવી.૩ માગવુ.૪ ગણવુ,લેખવુ

પુછાપુછ,સ્ત્રી૦વારેવારે પૂછવુ તે,તપાસ, તજવીજ

પુછાવવુ, ક્રિ૦ સ૦ કોઇ પૂછે તેમ કરવુ ૨ પૂછાવી જવાબ મ ગાવવો, તપાસ કરાવવી.

પુટ, પુ૦ (સ૦ પટ) ઔષધ પકાવવા માટે બે કોડિયા ઉપર નીચે મૂકી તેને કપડછાણુ કરી બનાવેલુ પાત્ર,સપુટ ૨ પાસ,અસર ૩ પડિયો, દડિયો ૪ ખાડો, ગબી ૫ કાચલુ [પાણી

પુટોદક, ન૦ નાળિએર ૨ કાચલાની અદરનુ

પુડલો, પુ૦ પુડો, ખારો માલપુવો

પુડી, સ્ત્રી૦ પડીકુ, પડી

પુડો, પુ૦ મધમાખીનુ કાણા કાણા વાળુ મીણનુ ઘર ૨ લોટનુ ખીરૂ કરી લોઢી ઉપર તેલ ઘીથી તળેલો પદાર્થ તે ['હુ કાઇ પુર્ણચૌદુ કહુ છુ ?'

પુણચૌદુ ,વિ૦ વાકુ, અયોગ્ય, જુઠુ ,ગેર વાજબી

પુણવુ, ક્રિ૦અ૦ કાતવુ ૨ દુ ખદેવુ, પજવવુ ૩ નઠારૂ ફળ આવવુ,પરિણામે પીડારૂપ થઇ આવવુ.

પુણિયુ , વિ૦ પોણુ ૨ ન૦ મોટાથી સહેજ નાનુ (સુડી,જુડી વગેરે) ૩ લહેચી

પુણી, સ્ત્રી૦ રૂનો વેતકનો લાબો ને આગળી જેવો જાડો જે આકાર કાતવાને માટે તૈયાર કરેલો હોય છે તે **પુણીનો** વાઘ–રજનુ ગજ

પુણ્ય, ન૦ (સ૦) ઇશ્વર પ્રાપ્તિની શુભાશા, ધર્મબુદ્ધિ,સવાબ, નેકી ૨ દાન, ધર્મ ૩ સુકૃત, ફળ, સુફળ ૪ મસ્તી વેળા કરેલુ દાન ૫ પવિત્ર સ્થાન ૬ વિ૦શુદ્ધ, પવિત્ર,પાવન **પુણ્યક્ષેત્ર**–જ્યા વાસ કર્યાથી સત્કર્મનો લાભ થાય તે સ્થળ. [થાય એવુ

પુણ્યશ્લોક, વિ૦(સ૦)જેના નામ સ્મરણથી પુણ્ય

પુણ્યાત્મા, વિ૦ (સ૦) ઉત્તમ આચરણ કરનાર, ધર્મી, પરમાર્થી [એક કર્મ

પુણ્યાહવાચન,ન૦ વિવાહાદિ શુભ કર્મના અ ગનુ

પુતળ,ન૦ શબ ન જડવાથી તેનુ બનાવેલુ પુતળુ.

પુત્તળવિધાન,ન૦ (સ૦) મરનારનુ શબ હાથ ન લાગવાથી તેના પ્રતિનિધિરૂપ જે પુતળુ બનાવી બાળવામા આવે છે તે કર્મ

પુતળિયુ, ન૦ જેમા પુતળુ–ચહેરો હોય તેવો સિક્કો ૨ જેમા પુતળિયા પરોવેલા હોય તેવુ ઘરેણુ ૩ ૧૫ રૂપિઆની કિમતનો સિક્કો, મોહોર.

પુતળી,સ્ત્રી૦(સ૦પુત્તલી)સ્ત્રીના આકારનો ઘાટ, મૂર્ત્તિ, બાવલી ૨ આખમા જે પ્રતિબિમ્બાકૃતિ દેખાય છે તે, કીકી ૩ ઉચી ને ખુબસુરત સ્ત્રી

પુતળુ, ન૦ માટી–ધાતુ–લાકડા ઇ૦નો બનાવેલો જન જનાવરનો આકાર, મૂર્તિ ૨.ભોટ, અણસમજુ–જડ તે

પુત્ર, પુ૦ (સ૦) દીકરો,બેટો,તન પુત્રના લક્ષણ પારણામાથી=લક્ષણ શરૂઆતથીજ જણાય

પુત્રવતી, વિ૦ પુત્રવાળી ૨ છોકરાવાળી

પુત્રદા, વિ૦ પુત્ર આપનાર, દીકરો દેનાર

પુત્રપૌત્ર, પુ૦ દીકરા અને દીકરાના દીકરા

પુત્રી, સ્ત્રી૦ (સ૦) દીકરી, બેટી, કન્યા

પુત્રીજ, પુ૦ દીકરીનો દીકરો, ભાણેજ [ઇષ્ટિ

પુત્રેષ્ટિ,સ્ત્રી૦ પુત્રની ઇચ્છા માટે કરવા યોગ્ય એક

પુત્રૈષણા,સ્ત્રી૦ (સ૦) પુત્રની ઇચ્છા,પુત્રકામના

પુદ્ગળ, ન૦ શરીર ૨ જીવ, મનુષ્ય

પુદ્ગળ, વિ૦(સ૦)સુદર આકાર વાળુ, શોભિતુ

પુનમ, સ્ત્રી૦ પૂર્ણિમા, પુનેમ

પુનમિયુ, વિ૦ પુનેમને લગતુ,દર પુનમે અમુક કરવાનો જેને નિયમ હોય તેવુ

પુનમિયા,પુ૦ પોપટા જેવા છોડામા થતા ઘઉ

પુનર્–ન , અ૦ ફરીથી, બીજીવાર, વળી

પુન પુન , અ૦ વાર નાર, ઘડીઘડી, ફરીફરીને

પુનરપિ, અ૦(સ૦) ફરીથી, બીજીવાર, ફેર

પુનરાગમન, ન૦ ફરીથી આવવુ તે

પુનરાવર્ત્તન, ન૦ બીજીવાર આવવુ તે

પુનરૂક્તિ, સ્ત્રી૦ વારવાર તેનો તે શબ્દ અથવા વાકય બોલવુ તે

પુનર્જન્મ, પુ૦ (સ૦) મુવા પછી ફરી જન્મ લેવો તે, બીજો અવતાર ૨ સખત મંદવાડમાથી ઉઠવુ તે [બીજો અવતાર ૨ ફરી પેદા થનાર.

પુનર્ભવ, પુ૦ (સ૦) બીજીવાર પેદા થવુ તે,

પુનર્ભૂ, સ્ત્રી૦ (સ૦) જેણે પુનર્વિવાહ કરેલો છે તે સ્ત્રી, નાતરાની સ્ત્રી.

પુનર્વસુ,ન૦(સ૦)સાતમુ નક્ષત્ર. [પુનર્લગ્ન, નાતરૂ.

પુનર્વિવાહ, પુ૦ (સં૦) બીજીવાર પરણવુ તે;

પુનિત, વિ૦ સુંદર ૨ પવિત્ર, શુદ્ધ
પુનેમ, સ્ત્રી૦ પૂર્ણિમા;પુનમ
પુપલી,સ્ત્રી૦ નાના છોકરાની ઇંદ્રિય,વઉલી,પપુલી
પુમ, સ્ત્રી૦ઉડતી ઝીણી રજ ૨ રૂવાટી
પુમડું, ન૦ચપટીમા રહે તેટલુ રૂ ૨ અત્તર, ઘ૦મા ભિંજવેલા રૂનો લોચો ૩ પૂજનમા દીપને સારૂ રૂની કરેલી ડુમસી વાટ તે ૪ વિ૦ લગાર
પુમાન, પુ૦ પુરૂષ, માણુસ ૨ નરજાતિ
પુંસવન, પુ૦ગર્ભને સંસ્કાર કરવાનો એક વિધિ
પુર, ન૦ (સં૦) શહેર, નગર પુરપતિ=રાજા ૨ વિ૦ ભરેલું ૩ અ૦ આગળ, અગ્રે
પુરજો, પુ૦ (ફા૦) કકડો, ટુકડો "તેણે કાગળના પુરજે પુરજા કરી દીધા "૨.ડક્કો, કુરચો
પુરણ, ન૦ અંદર ભરવાનો માવો ૨ પુરણી ૩. વિ૦ પૂર્ણ, ભરેલુ [વેડમી ગળી રોટલી
પુરણપોળી, સ્ત્રી૦ અંદર પુરણ હોય તેવી પોળી,
પુરણી,સ્ત્રી૦ પુરવાનુ તે ૨ વધારો, ઉમેરણ ૩. ઉશ્કેરણી, ચઢાવો [અ૦ આગળ
પુરત, સ્ત્રી૦ પહેરામણી,રીત,દેણગી ૨ પુરાત ૩
પુરતલ, વિ૦ ઇચ્છા પૂર્ણ કરનાર,સંતોષનાર
પુરતુ, વિ૦ જોઇયે તેટલુ, પૂર્ણ
પુરંદર, પુ૦ (સં૦) ઇન્દ્ર, દેવનો રાજા
પુરપાટ,અ૦ સપાટાબંધ,પ્રવાહ પ્રમાણે
પુરબિયો,પુ૦ઉત્તર હિંદુસ્તાનનો માણુસ, ચોબો
પુરવણી, સ્ત્રી૦ વધારો, પરિશિષ્ટ, સાધણ ૨ પુરણી, ઉશ્કેરણી [સાબીત
પુરવાર,વિ૦પ્રમાણ આપીને સિદ્ધ કરેલુ ૨ સિદ્ધ,
પુરવારી, સ્ત્રી૦ સાબીતી,પુરાવો આપવો તે
પુરવી, સ્ત્રી૦ એક જાતની સાંજે ગવાતી રાગણી
પુરવીદાણા, પુ૦ ઇલાયચી જેવા સુગંધિવાળા તેજાનાના દાણા
પુરવું,ક્રિ૦સ૦ (સં૦પૃ-ભરવુ) ખાડામા મટોડુ, પત્થર વગેરે નાખવા, બીજી કોઇ વસ્તુથી પુરી સપાટીએ સરખુ કરવુ ૨ કોઇ પાત્રમા પ્રવાહી રેડવો ૩ ભોંય લીંપી તે ઉપર ચિત્રામણ કાઢવા "ચોક પુરવા." ૮. પવન ભરી વગાડવુ, વાવુ, ૫ વધારવુ ઉમેરવુ ૬, ઉત્તેજન આપવુ, ઉશ્કેરવુ. 'તેણે વાતમા રંગ પુર્યો '૭ દાટવુ,મટોડાથી ઢાકવુ ૮ કેદ કરવુ,બંધ કરવુ ૯ જોડે બોલવા લાગવુ 'તેણે સાદ પુર્યો " ૧૦ અધુરૂં પુરૂં કરવુ "ખામી પુરવી" ૧૧ આપવુ,રજુ કરવુ."સાહેદી પુરવી "
પુરવું, ક્રિ૦ અ૦ પાર પામેલુ થવુ, પહોચાવુ, પુરૂ પડાવુ
પુરશ્ચરણ, ન૦ (સં૦) મન્ત્રસિદ્ધિને માટે અમુક સંખ્યાનો જપ કરવો એવુ જે અનુષ્ઠાન તે ૨ આગળથી આચરણ કરવુ તે [પુછપરછ, તલાસ.
પુરસીસ, સ્ત્રી૦ (ફા૦) શાહેદોને સવાલ પૂછવા તે;
પુરઃસર, અ૦ (સં૦) આદિલઇને, પૂર્વક, સાથે.
પુરા, અ૦ (સં૦) પૂર્વે, અગાઉ, પહેલા
પુરાણ, ન૦ (સં૦)ઇશ્વર લીલાનો અને રાજાઓના ઇતિહાસનો ગ્રન્થ ૨ લાણુ ને કંટાળો ઉત્પન્ન કરે
પુરાણુ, વિ૦ જુનુ, અગાઉનુ, પ્રાચીન. [તેવુ ટાયલુ.
પુરાણિક, વિ૦ પુરાણને લગતુ ૨ પુરાણી.
પુરાણી, પુ૦ (પૌરાણિક)પુરાણ વાચનારો
પુરાણુ, વિ૦છેક જુનુ-અસલનુ, આગલુ
પુરાત, સ્ત્રી૦ સીલક,વધારો,બાકી
પુરાતન વિ૦ જુનું, અસલનુ
પુરાવુ, ક્રિ૦ અ૦સરખુ થવુ, ભરાવુ. [જુબાની
પુરાવો, પુ૦દાખલો,૨ પ્રમાણ, સાબીતી, ૩ સાક્ષી,
પુરી, સ્ત્રી૦ (સં૦)નગરી,મુખ્ય શહેર ૨ પૂરી
પુરીષ, ન૦ (સં૦)વિષ્ટા,નરક,મળ.
પુરૂં, વિ૦ પૂર્ણ, ભરપુર
પુરૂષ, પુ૦(સં૦) મરદ, ભાયડો,નર ૨ ધણી,વર
પુરૂષત્વ, ન૦ (સં૦) પુરૂષપણુ,મર્દાઇ,શૌર્ય ૨ બળ, પરાક્રમ
પુરૂષાતન, ન૦ પુરૂષત્વ, મર્દાઇ, શૌર્ય. ૨. પ્રજા ઉત્પન્ન કરવાની શક્તિ ૩ બળ, પરાક્રમ.
પુરૂષાર્થ, પુ૦ (સં૦) પુરૂષે જન્મ ધરીને સાધ્ય કરવા જોગ જે ઉદ્દેસ તે એ ચાર છે ધર્મ અર્થ કામ,ને મોક્ષ. ૨ ન૦ પુરૂષપણુ ૩ પરાક્રમ, બળ
પુરૂષાર્થી, વિ૦ પુરૂષાર્થવાળો. ૨ બહાદુર, વીર.
પુરૂષોત્તમ, પુ૦ (સં૦) વિષ્ણુ, ઉત્તમ પુરૂષ
પુરૂષોત્તમ માસ, પુ૦અધિકમહિનો,મળમાસ.
પુરેપુરૂં,વિ૦સંપૂર્ણ,કંઇજ બાકી નહિ તેવું;તમામ,

પુરોડાસ, પુ૦ (સં૦) હવિષ. યજ્ઞમાંનો બાકી રહેલું હુતદ્રવ્ય, યજ્ઞનો પ્રસાદ

પુરોહિત, પુ૦ (સં૦) કુળગોર

પુલક, ન૦ રૂવાડુ, રૂવુ, રોમાચ [તિવુ, રોમાચિત

પુલકિત, વિ૦ (સં૦) શરીરના રૂવાટા ઉભા કરે

પુલાક, પુ૦ (સં૦) ચોખાનુ ઓસામણુ

પુલિન ન૦ (સં૦) દ્વીપ, બેટ, ભાઠુ

પુલિંગ, વિ૦ (સં૦) નરજાતિનુ, પુરૂષ વાચક

પુલ્લી, સ્ત્રી૦ (સં૦) ગરગડી

પુષ્કર, ન૦ (સં૦) ભુરૂ કમળ ૨ સપ્તદ્વીપમાંનો એક દ્વીપ. ૩ આકાશ ૪ તળાવ

પુષ્કળ, અ૦ (સં૦) ઘણુ, બહુ, અતિશય

પુષ્ટ, વિ૦ (સં૦) જાડુ, શરીરે ભરેલુ, ખાધેલ-પીધેલ ૨ રસકસથી ભરેલ

પુષ્ટિ, સ્ત્રી૦(સં૦) શરીર વળવુ-ભરાવુ તે,ભરાવો, વધારો. ૨ ઉત્તેજન,મદદ ૩ બળ

પુષ્ટિકારક, વિ૦પુષ્ટિકરનાર, પૌષ્ટિક, કૌવતદાર.

પુષ્ટિમાર્ગ, પુ૦વલ્લભાચાર્યના પથનો એક માર્ગ

પુષ્ઠુ, ન૦ (સં૦) જાડુ

પુષ્પ, ન૦ (સં૦)ફૂલ,કુસુમ,સુમન ૨ સ્ત્રીની ગુહ્યેન્દ્રિય, જ્યાથી અટકાવ નિકળે છે તે અવયવ ૩ ફળની ઉત્પત્તિ પહેલા થતા વિકાસ ૪ અટકાવ, સ્ત્રીરજ પુષ્પવતી—અટકાવવાળી સ્ત્રી

પુષ્પધન્વા, પુ૦ કામદેવ, મદન

પુષ્પાંજલિ, સ્ત્રી૦(સં૦) ખોબામા પુષ્પ લઇ હરખથી ઉછાળી નાખવા તે, ફૂલે વધાવવુ તે ૨ માર પુષ્પાંજલિ આપવી-મારવુ, ઠોકવુ

પુષ્પિત, વિ૦ પુષ્પથી આચ્છાદિત, ફુલેલુ

પુષ્પિતાગ્રા, ન૦ એક જાતનુ વૃત્ત (પિંગળ)

પુષ્ય, ન૦ (સં૦) આઠમુ નક્ષત્ર

પુસ્તક, ન૦ (સં૦)ગ્રથ,ચોપડી,પોથી, કિતાબ

પુસ્તકશાળા-કાલય, સ્ત્રી૦ ન૦ જ્યા અનેક પુસ્તકોનો સગ્રહ હોય તે ઠેકાણુ,કિતાબખાનુ

પુસ્તો, પુ૦ (ફા૦)પાણીનો ધક્કો ઝીલે તેવુ બાંધેલુ-ચણેલુ કામ તે, ડકકો, ઘાટ હાથણી

પુસ્તી, સ્ત્રી૦ કાગળની કાપલીઓ-કરચો ૨ હાથણી,ભિંતની કમ્મરની મજબુતીનુ બાધ કામ

પુળી, સ્ત્રી૦ ઘાસની જુડી-ભારી.

પુળો, પુ૦ઘાસનો જુડો પુળો મૂકવો=ખરાબ કરવુ. ૨ દૂર કરવુ (નજર આગળથી). ૩ સળગાવવુ પુળો ઉડવો=સળગવુ ૨ લાગી જવુ, નામ દેવાનુ બધ થવુ [એવો અવાજ કાઢવો.

પૂ કરવું, ક્રિ૦ અ૦ મુતરવુ, ભૂ કરવુ ૨.પૂઉઉ

પૂછવુ, ક્રિ૦ સ૦ પુછવુ, જુઓ

પૂજ, ન૦ મીંડુ,શૂન્ય,૨ વિરામ ચિહ્ન. ૩ અનુસ્વાર

પૂજ, પુ૦ જૈન સાધુ

પૂજક, વિ૦ (સં૦)પૂજનાર, પુજારી, અર્ચક

પૂજન, ન૦ (સં૦)પૂજવુ તે,સેવા,બરદાસ અર્ચન.

પૂજનીય, વિ૦ પૂજ્ય, પૂજવા લાયક

પૂજવુ, ક્રિ૦સ૦પૂજા કરવી,સેવા કરવી ૨ ભજવુ

પૂજા, સ્ત્રી૦ (સં૦) દેવ ગુરૂનો પ્રસાદ પામવા ચદન પુષ્પ વગેરે અર્પવા તે, સેવા, અર્ચન ૨. માર, કુદીપાક પૂજા લેવી=આતિથ્ય સ્વીકારવુ

પૂજાપો, પુ૦ દેવની પૂજાના દ્રવ્યો તે

પૂજારી, વિ૦ પૂજક, સેવા કરનાર, સેવક

પૂઠે, અ૦ પાછળ, પછવાડે.

પૂજિત, વિ૦ (સં૦) પૂજેલુ [૨ મોટુ, વડીલ.

પૂજ્ય, વિ૦ (સં૦) પૂજવા યોગ્ય,માનનીય,માન્ય

પૂઠ, સ્ત્રી૦ શરીરનો પાછલો ભાગ ૨ પરોક્ષ.

પૂત, પુ૦ પુત્ર,છોકરો ૨ વિ૦ શુદ્ધ, પવિત્ર.

પૂપ, ન૦ પરૂ, પાચ

પૂર, વિ૦ પૂર્ણ, જોઇયે તેટલુ ને કઇક વધારે. 'આજ પેટપૂર ખાવાનુ મળ્યુ" ૨ ભરેલુ,તર

પૂર, ન૦ (સં૦) નદીમા પાણી વધી વિસ્તાર પામે તે, રેલ ૨ મોટાઇ, કદ "ગ્રથનુ પૂર ૩ જથો, અમુક પ્રમાણુ જેટલુ 'રતિપૂર' ૪ પુરૂ, ભરેલુ, ટાકોટાક [દાળનો માવો.

પૂરણ, વિ૦ પૂર્ણ,બસ,થયુ ૨ ન૦ ગોળ મેળવેલી

પૂરત, સ્ત્રી૦ પલ્લુ, પહેરામણી

પૂરવુ, ક્રિ૦ અ૦ વધારવુ, ઉમેરવુ. સૂર પૂરવો.' ૨ બદલે આપવુ,ભરી આપવુ ૩ પોષવુ,ભરવુ.

પૂરિત, વિ૦ (સં૦) ભરેલું, પુરૂં ૨ સંતુષ્ટ.

પૂરી, સ્ત્રી૦ઘઉં વગેરેનો વણેલો નાનો ગોળ આકાર.

પૂરૂં, વિ૦ (પૂર્ણ)આખુ, સઘુ,તમામ,૨. થાકેલ,

પ્રવીણ, "તે બધી વાતે પૂરો છે '
પૂરું, અ૦ સમાપ્ત, અંત, સંપૂર્ણ
પૂર્ણ, અ૦ (સ ૦) પૂરૂ, સપૂર્ણ, આખુ, તમામ પૂર્ણકળાએ=પૂર્ણ આબાદીએ
પૂર્ણચંદ્ર પુ૦ (સં૦)પૂનેમનો સર્વકળા સપૂર્ણ ચદ્ર
પૂર્ણાંક, પુ૦ (સ૦)ભાગ–કકડો નહિ પણ આખો, પૂર્ણ અક
પૂર્ણાહુતિ, સ્રી૦ (સ૦) યજ્ઞ–હોમદિકમા છેલ્લા બલિદાનનો દિવસ ને સમય તે, હોમની સમાપ્તિ
પૂર્ણિમા, સ્રી૦ (સ ૦)શુકલપક્ષની ૫દરમી તિથિ, પૂનમ
પૂર્ણોપમા, સ્રી૦(સ૦) એ નામનો અર્થાલકાર જેમા ઉપમેય, ઉપમાન, વાચ્ય ને સામાન્ય ધર્મ, હોય છે તે. 'પૂનેમના ચદ્ર સરખુ ગોભિતુ મુખ '
પૂર્તિ, સ્રી૦ (સ ૦) વધારો, ઉમેરણ, ખુટતુ પુરૂ કરવુ તે [ઉગમણ. ૨ વિ૦ આગલું, અસલનુ.
પૂર્વ, સ્રી૦ (સ ૦)જે દિશા તરફ સુર્ય ઉગે છે તે,
પૂર્વક, અ૦ (સ ૦) સાથે. "આગ્રહ પૂર્વક"
પૂર્વજ,પુ૦(સ ૦પૂર્વ+જન્–જન્મેલુ) બાપ દાદા, વડવા ૨ વિ૦ પ્રથમ જન્મેલુ અગ્રજ, મોટુ
પૂર્વજન્મ,પુ૦(સં૦)આ જન્મની પહેલાનો જન્મ
પૂર્વજિયુ, ન૦ પૂર્વજના ઉદ્ધાર માટે જે ધાર્મિક ક્રિયા કરવામા આવે છે તે.
પૂર્વદત્ત,વિ૦(સ ૦)પૂર્વજન્મમા–આગળ આપેલુ
પૂર્વદિશા, સ્રી૦ જે દિશામા સૂર્ય ઉગે છે તે ૨ ઉગતા સુર્યના જેવુ ફળદાતા, સવાવીસ, જોઇએ તેવુ, ઉત્તમ [૨ આગલુ બારણુ
પૂર્વદ્વાર, પુ૦ (સ ૦) પૂર્વ દિશા ભણીનુ બારણુ.
પૂર્વપશ્ચિમ, વિ૦ પૂર્વથી પશ્ચિમ લગીનુ
પૂર્વપક્ષ, પુ૦ (સ ૦) પહેલુ પખવાડિયુ, સુદિ ૨. કોઇ વાતને સિદ્ધ કરવા સારૂ વાદનો પ્રથમ પાયો તે, ઉત્તર આપવાની જરૂર પડે તેવો બુદ્ધિથી કલ્પેલો પ્રશ્ન, સિદ્ધાત વિરૂદ્ધ કોટિ તે
પૂર્વરંગ, પુ૦ મગળાચરણ, નાદી વગેરેનો પાઠ
પૂર્વરાગ, પુ૦ નાયક નાયિકાનો પ્રીતિયુક્ત ભાવ તે
પૂર્વરાત્ર, સ્રી૦ (સં૦) આગલી રાત,પહેલી રાત
પૂર્વવત્, અ૦ (સ ૦) પ્રથમની માફક.
પૂર્વાપર, વિ૦ યથાનુક્રમ, ક્રમાનુસાર
પૂર્વાફાલ્ગુની, સ્રી૦ (સં૦) ૧૧ મુ નક્ષત્ર.
પૂર્વાભાદ્રપદા, સ્રી૦ (સ ૦) ૨૫ મુ નક્ષત્ર
પૂર્વાર્દ્ધ, વિ૦ (સ ૦)આગળનું,પહેલાનુ અરધુ
પૂર્વાવલોકન, ન૦ (સ ૦) દીર્ઘદૃષ્ટિ, અગમચેતી.
પૂર્વાષાઢા, ન૦ (સ ૦)એ નામનુ ૨૦ મુ નક્ષત્ર.
પૂર્વી, સ્રી૦ એક રાગિણી. [વખતમા, પહેલા.
પૂર્વે, અ૦ પ્રથમ, આગળ કહ્યુ તેમ. ૨ અસલના
પૂર્વોક્ત, વિ૦ પૂર્વે કહેલુ, અગાઉ કહેવાયલુ.
પૂર્વોત્તર, વિ૦ (સ૦) પૂર્વથી ઉત્તર લગીનુ, આગલું ને પાછલુ ૨ ઇશાન તરફ
પૂલ પુ૦ (ફા૦) નદી–ખાડી–તળાવ ઓળગીને જવા સારૂ તેના ઉપર પાટિયા, લોઢાના પાટા, પત્થર, ઈંટનો જે રસ્તો બાધ્યો હોય તે
પૃચ્છક, વિ૦ (સ ૦) પ્રશ્ન કરનાર, પૂછનાર ૨ શોધક જિજ્ઞાસુ; ખણખોદિયુ
પૃચ્છા, સ્રી૦ (સ૦) પ્રશ્ન,પુછપાછ, જિજ્ઞાસા.
પૃથક, અ૦ (સ ૦) જુદુ, નોખુ, અલગ.
પૃથક્કરણ, ન૦ (સ ૦) જુદુ પાડવુ તે, જુદુ જુદુ કરી બતાવવુ તે (એનું ઉલટુ સયોગીકરણ).
પૃથા, સ્રી૦ રિવાજ, રવૈયો, નિયમ
પૃથુ, વિ૦ (સ ૦) પહોળુ, મોટું, વિસ્તીર્ણ
પૃથ્વી, સ્રી૦ (સં૦) જમીનનો મોટો ગોળો, ભૂ ધરા, મહી ૨ જમીન, ભોય ૩ પચતત્વ પૈકી એક તત્વ ૪ અકુર ૫ ખેતર
પૃથ્વીનાથ, પુ૦ રાજા, ભૂપતિ.
પૃષ્ઠ, ન૦ (સ ૦) પત્રની એક બાજુ પાનુ,સફો. ૨ પીઠ, વાસો ૩. ઉપલી સપાટી. ૪ વિ૦ પાછલુ પછવાડેનુ [સાકરપે ગળી. '—પ્રેમા
પે, અ૦ થી કરતા " કહે વાણી છાની વાત,
પેંગડુ, ન૦ ઘોડાના જીનનો પાવડો
પેંગું, વિ૦ અશક્ત, માઈ કાગલું
પેચેપેચે, અ૦ ગુસપુસ, ચે ચે પે ચે, છાનુ માનુ,
પેંજાર, સ્રી૦ (ફા૦) જુતુ, પગરખુ, મોજડી.
પેંઠ, સ્રી૦ હુડી ગેરવલ્લે પડેથી બીજીવાર લખેલી જે હુડી તે
પેંડો, પુ૦ ખાડ ને માવાની બનાવેલી મીઠાઈ. ૨,

ડાંગરનું પરાળ ૩ માટીનો લોચો, જે ચાક ઉપર હોય છે તે ' શું ઘડો કે ઘેડ ઉતરશે, ચાક ઉપર હજી પેડો છે ૪ મુક્કીનો માર

પેથી સ્ત્રી૦ સેથી

પેદાગરૂ, વિ૦ કમાતુ, ગળતુ

પેધવુ, ક્રિ૦ અ૦ પળકવુ, ટેવાવુ, ફાવવુ 'તમે પેધવ્યા વિદેશિઓને, પછી ઉલટયો ઘણો યુરોપ'

પેધુ ન૦ ટેવ, આદત, ખો, લત, હવસ

પેપી, સ્ત્રી૦ પતરાજ, મગરૂબી

પેખવુ, ક્રિ૦ સ૦ જોવુ, નિહાળવુ

પેખામાખોર, ન૦ ફતવાખોર ફિતુરી

પેગમ્બર, પુ૦ (ફા૦) ઇશ્વરપ્રેરિત જ્ઞાનવાન પુરૂષ જે ઇશ્વરની આજ્ઞાનો લોકોને બોધ કરે છે ૨ [અવતારી પુરૂષ

પેગામ, પુ૦ (ફા૦) સદેશો, ખબર

પેચ, પુ૦ (ફા૦) આંટો, આમળો, 'પાછડીનો પેચ' ૨ ફેર, આમળાવાળી ખીલી ૩. મનમા જે આમળો–આટો તે ૪ છુપી યુક્તિ, કરામત, કળા, પ્રપચ પ છળ, ફાંદો, જાળ, કાવત્રુ 'પેચમા આવવુ'૬ એકમેકમા ભરવાવુ તે 'કનકવાના પેચ'

પેચદાર, વિ૦ આટાવાળુ ૨ પેચી

પેચી, વિ૦ ખટપટીયુ,પોકેલ્લુ,લુચ્ચુ

પેચોટી, સ્ત્રી૦ આબોઈ

પેજ, સ્ત્રી૦ ચોખાની કાજી–રાબ

પેટ, ન૦ (સ૦) શરીરનો છાતી અને પેઢુની વચમાનો ભાગ, જેમા ખાધેલુ પીધેલુ પાચન થાય છે તે, ઉદર ૨ જઠર, કોઠો, અન્નાશય, ઓજરી ૩ દુટીની ને પેઢુની વચમાનો ભાગ, જેમા સ્ત્રીને ગર્ભ રહે છે, ગર્ભસ્થાન ૪ સતાન, બાળક ૫. આજીવિકા, ગુજરાન. ૬ ઝાડો, દસ્ત ૭ એકાદા ધાટનો બહાર નીકળેલો પોલાણુ ભાગ તે, પેટુ ૮ અતર, મન. "એના પેટની ખબર પડે નહિ" ૯ એક કુટુબ, ગોત્ર, ઘર **પેટ** અવતાર લઈએ એવુ=બહુ ભલુ, સારા સ્વભાવનુ **પેટ** આવવુ–જનમવુ ૨ ઝાડો થવો **પેટ** ચઢવુ=ન જીરવાવુ **પેટ** ખોલવુ–પેટની વાત કહેવી, મર્મભેદ કહેવો. **પેટ** ફૂટી જવા—વણો ઝાડો થવો **પેટ** ટાઢુ થવુ—ધરાવુ, મતોષ પામવુ **પેટ** પર છરી મૂકવી–ચાલતા ગુજરાનમા અટકાવ–હરકત નાખવી, જીવ જોખમમા નાખવો, **પેટ** પર પાટુ મૂકવુ **પેટ** પાણી પડવા ન દેવુ–જપીને બેસવા–ઠરવા ન દેવુ, હેરાન કરવુ, મતાપવુ, કાયર કરવુ **પેટ** કુલવુ–જલધર થવુ ૨ ગર્ભ રહેવો **પેટ** ફોડવુ=ગુપ્ત વાત ઉઘાડી કરવી ૨ મનની વાત કહેવી **પેટ** બળવુ=અદેખાઇ થવી, ઇર્ષા થવી **પેટનો** બળ્યો =નિરાશ થયેલો, ગુસ્સાથી અકળાયલો **પેટ** બાળવુ=પેટ પુરતુ ન ખાવુ, પૂરૂ ન ખાવુ **પેટની** પુજા કરવી=ખાવુ પેટ ભરવુ ૨ લાચ આપવી **પેટનો** પડદો=મનની વાત,છાનો–ગુપ્ત વિચાર, ભેદ **પેટનો** મેન=ભેદ, મર્મ, મનનો પાર **પેટમાં** આમળો=વળ, આટી, કીનો, વેર ૨ ટેક **પેટમા** તેલ રેડાવુ=ફાળ પડવી, ધ્રાસકો પડવો, પેટમા ચરેડો પડવો ૨ ધાસ્તીથી ચોકી ઉઠવુ ૩ અદેખાઇ થવી. **પેટમાં** દુખવુ=કામ કરવાની આનાકાની કરવી ૨ નજીક,પાસે એમ દર્શાવવામા વપરાય છે 'શનિવાર આ આવ્યો, કઈ પેટમા દુખે છે'' ૩ કોઈનુ સારૂ જોઇ ન ખમાવુ **પેટમા** પગ–ટાટિયા=દેખીતી નરમાશ પણ અદરથી હરામી, મીઢા અને ઉડા ડાવતરા કરના તે. **પેટમા** પાળી=કપટ, વૈર બુદ્ધિ, છુપુ તર્કટ **પેટમાં** પેસવુ=મળી જવુ ૨ કોઇનો વિચાર જાણી લેવો. **પેટમા** પેસી નીકળવુ=મન–અતરની વાત જાણવી પાર પામવો **પેટમાં** બિલાડા આળોટવા =ઘણી ભૂખ લાગવી **પેટમા** રાખવુ=ગુપ્ત રાખવુ, ૨ સહન કરવુ, ખમી ખાવુ ૩ સમજવુ, જે કહે તે સાભળ્યા કરવુ "પેટમા રાખવી વાત પડદા તણી." **પેટમા** ઉતારવુ=મહન કરવુ,ખમવુ ૨ ગળે ઉતારવુ **પેટે** પાટા બાધવા=ભૂખ્યા રહેવુ, ભૂખે પીડાવુ **પેટે** પોટલુ બાધવુ =પોટલુ બાધ્યુ હોય એમ પેટ તણાતા સુધી ખાવુ **પેટનું** છોકરૂ=પોતાનું બાળક **પેટ ભરીને** =ધરાઇને, ઠ ડે પેટે–નીરાતે, સંતોષથી

પેટપુર, વિ૦ પેટ ભરાય તેટલુ,જોઈએ તેટલું.

પેટબેસણું, ન૦ અગ્રામણુ, ઝાડો.

પેટભરૂ, વિ૦ પોતાના પેટનીજ જેને દરકાર છે તે, સ્વાર્થી,એકલપેટું
પેટવવુ, ક્રિ૦ સ૦ સળગાવવુ, ચેતવવુ
પેટવુ, ક્રિ૦ અ૦ સળગવુ,લાગવુ,ભડકો થવો
પેટારો, પુ૦ મોટી પેટી
પેટિયુ વિ૦ ખાવાનાજ બદલામા કામ કરનાર 'ધાસિયો ઘોડો ને પેટિયો ચાકર' ૨ રોજ, રોજનુ ખાવાનુ, પેટનુ ખરચ.
પેટી, સ્ત્રી૦ (સ૦ પેટિકા) જેમા વસ્તુઓનો ઢગલો માય એવો માલ સામાન મૂકવાનો લાકડા-ધાતુનો ઢાકણુ ઉઘાડ દે કરાય તેવો આકાર ૨ અમુક જથો 'અફીણની ૧૫૦ પેટી વહાણમા ચઢી' ૩ ફટાકાની લુમની ચોમેર કાગળ લપેટી જે આકાર બનાવવામા આવે છે તે ૪ પહેરવાનો બાય વિનાનો કબજો ૫ કાચળીનો ચોત્રલાની નીચનો ભાગ તે પેટી જેવુ=ચારે તરફથી બધ
પેટુ, ન૦ મોટી રકમની વિગતમા લખેલી નાની રકમ ૨ જમા રકમો અદ્દરથી દબાતી લખી હોય તે ઠકાણુ "પેટુ પાડવુ" ૨ મોટાના સંબધમા હોય તે 'તે તેના પેટામા આવી ગયો' ૩ સાટુ, બદલો ૪ ઉપસી આવેલો ભાગ
પેટે, અ૦ પેટામા, બદલે, અવેજમા, વતી
પેઠે-પેઠમ, અ૦ રીતે જેવુ માફક, ગોડે
પેઢુ,ન૦ ગુહ્યેન્દ્રિયની ઉપરનો ભાગ ૨ દાંતના પારા
પેઢી, સ્ત્રી૦ શરાફની દુકાન ૨ વશના પુરૂષોનો ચડતો અનુક્રમ તે, વેલો
પેઢીઓગત, વિ૦ વશપરપરા, પેઢી દર પેઢી
પેઢીનામુ, ન૦ વશાવળી
પેઢીપચક,ન૦વશ નિકદન 'મલ્લ સહારી આઘેરા ચાલ્યા, પેઢીપચક પર કસરે'
પેણી, સ્ત્રી૦ જે વાસણમા પૂરી ભજીયા વગેરે તળાય છે તે લોઢીયુ, તાવડી, કઢાહ
પેણો, પુ૦ મોટી પેણી, તાવડો, કટાહ
પેત, વિ૦ સાતનો સકેત ૨ પહેલો (રમતમા)
પેંતાન, ન૦ પાખડ, ઢોંગ, ચાળા, ફતવા
પેદ, સ્ત્રી૦ શરીરનુ બળ, પગની શક્તિ ૨ કુમ, કામ કરાવી થકવી નાખવુ તે.

પેદળ, ન૦ પાયદળ ૨.અ૦ ચાલીને, પગપાળુ
પેદા, વિ૦ (ફા૦) ઉત્પન્ન થયેલુ, બનાવેલુ, તૈયાર કરેલુ,મેળવેલુ પેદા કરવુ=ઉત્પન્ન કરવુ, ઉપજાવવુ. ૨. કમાવુ, રળવુ [૩ ફળ, વસ્તાર ૪ લાભ, નફો.
પેદાશ,સ્ત્રી૦જન્મ,ઉત્પત્તિ ૨ પ્રાપ્તિ,ઉત્પન્ન,આવક
પેધુ, ન૦ આદત, ટેવ, લગો.
પેન, સ્ત્રી૦ (અ૦) પત્થરની સળી,લેખણ,કલમ.
પેનસીલ, સ્ત્રી૦ (અ૦) સીસાપેન [મતનો સિક્કો
પેની, સ્ત્રી૦ (અ૦) પેન્સ, એક આનાની કિ-
પેય, વિ૦ પીવા જેવુ તે ૨ કાજી, રાબડી.
પેર, સ્ત્રી૦ પ્રકાર, રીત ૨ તજવીજ, ગોઠવણ, જુગતી ૩ સ્થિતિ,હાલત, ખબર "કહો ઋષિ પૃથ્વીની પેર' ૪ હદ ૫. ન૦ જમરૂખ,જામફળ.
પેરણ, ન૦ પહેરવાનુ તે, વસ્ત્ર, લુગડુ 'પેરણ છાલો પાદડા, ખાવા વનફળ ફૂલ' ૨ પહેરવુ તે ૩ ગળેથી પહેરવાનુ ખુલતુ બદન-
પેરણુ, ન૦ કમ્મરેથી પહેરવાનુ વસ્ત્ર,લગોટ
પેરવી, સ્ત્રી૦ (ફા૦) સોઇ તજવીજ, ગોઠવણ
પેરવુ, ન૦ પેરિયુ, જુઓ [૨. યત્ન, યુક્તિ.
પેરવુ, ક્રિ૦ અ૦ વાવવુ (દાણા) ૨ પ્રેરણા કરવી. ૩ મોકલવુ [શેલડીના કકડા, પેરાઈઓ.
પેરા, ન૦ (સ૦ પર્વ-સાંધો) બે ગાઠાની વચમાના
પેરાઈ, સ્ત્રી૦ કાતરી,બે ગાઠાઓ વચ્ચેનો ભાગ.
પેરિયુ, ન૦ સાઠાનો બે ગાઠાની વચ્ચેનો ભાગ.
પેરે, અ૦ પેઠે,માફક, રીતે [૨ ગુહ્યેન્દ્રિય પેળ
પેરો, પુ૦ પહેરો ૨ ફકરો [-થપોલી.
પેલ, સ્ત્રી૦ પહેલ, મડાણ,૨ ન૦ રૂનો લોચો,
પેલીગમ-મેર-તરફ, અ૦ તે તરફ, ત્યા
પેલુ, સ૦ અમુક, ફલાણુ આગલુ, ઓલ્યુ, તે.
પેલે દહાડે, અ૦ ચોથે દહાડે.૨ તે દિવસે
પેશ, વિ૦ (ફા૦) આગળ.૨ પ્રતિષ્ઠિત,વજનદાર, મુખ્ય. ૩ પાર પડેલુ,બર પેશજવુ=બર આવવુ પેશ પહોચાડવુ=ઠેકાણે લાવવુ,ભાન કરાવવુ
પેશ, પુ૦ પેશો,ધધો,ઉદ્યોગ
પેશકશ,સ્ત્રી૦(ફા૦) ખડણી, મહેસુલ, આગળથી નક્કી કરેલો કર ૨. કર વસુલ કરનાર [કામ લે.
પેશકશી,સ્ત્રી૦પેશકશ,ખડણી ૨ ખડણી કરાવવાનુ

પેશકાર, પુ૦ (ફા૦) ખવાસ,હજુરિયો ૨ મહેસુલ ઠરાવનાર અધિકારી [અપાતુ લવાજમ
પેશગી, સ્ત્રી૦ (ફા૦) કોઈકામ ચાલતુ કરવાને
પેશવા, પુ૦ (ફા૦)મુખ્ય પ્રધાન ૨ સતારાના રાજાના જે બ્રાહ્મણ પ્રધાનો પુનામા સત્તાધારી થયા હતા તે [ઠાઠ, પ્રભાવ.
પેશવાઇ,સ્ત્રી૦ પેશવાની જે રાજ સત્તા તે ૨ વૈભવ,
પેશવાજ,પુ૦(ફા૦) રામજનીઓ જે લાબો ઝુલતો જભ્ભો પહેરીને નાચે છે તે
પેશાબ, ન૦ (ફા૦)મૂતર, લઘુશ કા
પેશી, સ્ત્રી૦ કળી,ગડી.૨ અડદની દાળ ૩ ગર્ભને વિંટાઇ રહેનારી ચામડી,બીજની આસપાસ વિ ટા ચેલુ પડ ૪ પીતો, ફોડવુ ૫ લુગદી
પેશો, પુ૦(ફા૦)ધધો,ઉદ્યોગ,કામ [નિશાનરો
પેષણ,ન૦ (સ ૦) દળવુ તે,ચૂર્ણ કરવુ તે ૨ વટી,
પેસવુ, ક્રિ૦ અ૦ અદર જવુ,દાખલ થવુ, ઘૂસવુ
પેસનીકળ, ન૦ જવુ આવવુ તે વારવાર જવુ આવવુ તે ૨ ઘાલમેલ, ઘરવટ, સહવાસ
પેસાર, પુ૦ પરિચય સહવાસ,પેસવાપણુ.
પેસારવુ, ક્રિ૦ અ૦ દાખલ કરવુ,પેસાડવુ
પેસ્તર, વિ૦(ફા૦)આવતુ "પેસ્તર સાલ"
પેળ-વો, પુ૦ વૃષણ,પેરિયુ,અ ડ [ભ ગાર
પૈ, સ્ત્રી૦ આનાનો ૧૨ મો ભાગ, પાઇ ૨ પઇ,
પૈકી, વિ૦ માહેલુ,-માનુ,અદરનું
પૈઠણ, સ્ત્રી૦ કરાર, બોલી,સાટુ
પૈઠવુ, ક્રિ૦ અ૦ પરઠવુ,કરાર કરવો,ઠરાવવુ
પૈતુ, ન૦ ફળનો ગોળ પાતળો કકડો ૨ છોકરા રમતમા લોઢાનુ કે માટીનુ ગોળ પૈડુ રમે છે તે [ઓઢુ
પૈઠો, પુ૦ ચૂલ ઉપર ઉભા લાકડા વાલી ઢગેલુ
પૈડુ, ન૦ નાભિથી તે પરીત્ર સુધી આરા જડી બનાવેલો ગોળ ઘાટ, ચાક, ચક્ર ૨ ચક્કર (યત્રનુ) ૩ સાપોલિયુ.૪ ચાક (કુભારનો) પેડુ ફરવુ=કામ થવુ,નભવુ,પાર પડવુ ૨ ફાવવુ,સહેલુ પડવુ
પૈડો, પુ૦ બાવળની શિગ,કાતરો
પૈશાચ, વિ૦ પિશાચ સબધી-વાળુ ૨ પુ૦ધર્મશાસ્ત્રમા વર્ણવેલા આઠ વિવાહ પૈકી એક, કન્યાને છળકપટથી ઉપાડી જઈ પરણવુ તે

પૈશુન,ન૦(સ ૦)ચાડીઓ,પિશુન ૨ ચાડી ચુગલી ૩ શ્રાવકોનુ ૧૪ મુ પાપસ્થાનક
પૈસો, પુ૦ તાબાનો ચલણી સિક્કો,જ'ઇ પા આનો ત્રણ પાઇ,(સુરતમા)સવાકો ૨ લક્ષ્મી, ધન, દોલત **પૈસા** ખાવા=માલમિલકત ભોગવવી ૨ લાચ લેવી **પૈસા** ખાવા લેવા=કન્યાના પિતાએ કન્યા સાટે પૈસા લેવા **પૈસા** ખોટા થવા=પૈસા ડુલવા **પૈસાના** કાકરા કરવા=ઉડાઉપણે ખર્ચવુ **પૈસાનું** પાણી કરવુ=ઉડાઉપણે ખર્ચવુ ૨ ખરીદ કરતા છેતરાવુ ૩ પૈસા છીનવી લેવા **પૈસાને** બચીઓ કરવી= પૈસાને સાચવી રાખવા, કજુસપણુ કરવુ **પૈસાનું** પુતળુ=પૈસાનોજ સગ્રહ કરી જાણનાર
પોક-ખ,પુ૦ જુવાર બાજરીના લીલા તાજા ડુડાના સેકાયલા દાણા તે
પોકવુ-ખવુ, ક્રિ૦ સ૦ ચોરીના માડવા આગળ વરને વધાવવો તે ૨ ઘરમા દાખલ થતા વરવહુને
પોકિયુ, ન૦ લીલુ કણસલુ [વધાવવા તે
પોખણા, ન૦ પોખવાના સાધનો [તીરનુ મૂળ
પોખલુ,ન૦ડુડુ,તાજુ કણસલુ ૨ પણછ પર માડવાનુ
પોખિયુ,ન૦ફાટો,અગ,વસ્તુના અવયવો 'તાળાનુ પાખિયુ' ૨ શાખા,ડાળુ. [પોકાર.
પોક, સ્ત્રી૦ મોટે ઘાટે રડવુ તે,ધ્રસકો મૂકવો તે ૨
પોકરાણ, ન૦ કકલાણ, બુમાબુમ ૨ ઘણા જણે સાથે મોટેથી રડવુ તે
પોચ, સ્ત્રી૦પહોચ,રસીદ ૨ અક્કલ,ઉ ડી સમજ
પોચી, સ્ત્રી૦ કાડે પહેરવાનુ ઘરેણુ,પહોચી
પોચો, પુ૦ કાડુ ૨ કાડાથી આગળા સુધીનો ભાગ **પોચા** કરડવા=દીલગીર થવુ ૨ હારવુ ૩ ત્રાસ
પોદવુ, ક્રિ૦ સ૦ કચરવુ,છુદવુ [બતાવવો
પોદો, પુ૦ છુદાયલી ચીજ
પો, પુ૦ એક (પાસા દાવમા) ૨ બાજીમા ૧૦,૨૫, ૩૦ ઉપર એક વધારે ગણાય છે તે,વધાઇનો અંક
પોઇ, સ્ત્રી૦ એક જાતનો વેલો ૨ ગાડરાની લીંડી.
પોઇસ, સ્ત્રી૦(ફા૦) ગાડીના રસ્તામાથી દૂર ખસો, એવો ગાડીવાનનો પોકાર
પોકળ, વિ૦ અદર પોલાણ હોય તેવુ,ખાલી,પોચુ. ૨ અર્થ વગર,અમથુ ૩ ખોટુ,જુઠ્ઠુ **પોકળ શ્રાદ્ધ**

કરવુ–મોટેથી પોક મકવી
પોકળી, સ્ત્રી૦(મ૦) અવકાશ,આકાશ ખાલી તે
પોકાર, પુ૦ બૂમ,મોટો સાદ, રાડ, ચીસ, ધાટો ૨ મોટેથી નામ દઇ બોલવુ તે
પોકારવુ, ક્રિ૦ સ૦ મોટો ધાટો પાડી બોલાવવુ, બૂમ પાડવી, આરડવુ, બરાડવુ બરકવુ ૨ શરણુ [માગવુ
પોકેપોક, સ્ત્રી૦ રડારડ, બુમેબુમ
પોખરાજ, પુ૦ પીળા રગનો હીરો
પોખવુ, ક્રિ૦સ૦ પોષવુ,પાળવુ ૨ ઉત્તેજન આપી વધારી તૃપ્ત કરવુ સતોષવુ
પોગળ, ન૦ ખોટાપણુ જુઠાણુ.૨ પોકળ,ભોપાળુ
પોગળી, સ્ત્રી૦ ગામડી
પોચ, સ્ત્રી૦ દાણા વગરની ડાગર ૨ ઢીલાપણુ. ૩ પહોચ, હોશિયારી ૪ પાવતી, પહોચ [૨ ઢીલુ
પોચકણુ, વિ૦ પોચુ,બીકણુ,દમ વગરનુ, બાયલુ
પોચકુ, ન૦ છાણનો લચકો, થોડુ પડેલું છાણુ પોચકા નાખવા-બીવુ ડરવુ,ડરથી પાછા હઠવુ
પોચુ, વિ૦ ઢીલુ, દાબવાથી દબાય તેવુ,નરમ ૨ કુમળી છાતીનુ ૩ બીકણુ ધીરજ–હિમત વગરનુ. ૪ ગરીબ,સાલસ ૫ નબળુ કોમળ,મૃદુ
પોટકી–લી, સ્ત્રી૦ નાની ગાસડી,પોટલી
પોટકુ–લું, ન૦ ગાસડી,ગચકો [જવુ
પોટલિયેજવુ, ક્રિ૦ અ૦ જગલ જવુ,ઝાડે ફરવા
પોટલિયો, પુ૦ ઘોડે સ્વારની નાની ચામડાની મસક ૨ કુલ્લુ ૩ પોલો સોનાનો મણકો
પોટલો, પુ૦ મોટો બચકો,ગાસડો
પોટીસ, સ્ત્રી૦ (અ૦પોલ્ટિસ)વગેરે,અળસી ઇ૦ ની ખદખદાવી કરેલી લુગદી [કાફલો,સાથ, સંઘ.
પોઠ, સ્ત્રી૦ વણજાર,ટાડુ ૨,ગુણુ બેવડો કોથળો ૩
પોઠિયો,પુ૦મહાદેવનો બળદ,નદી [પોઠ લાવનાર.
પોઠી, પુ૦વણજારાનો બળદ ૨ સાઢ ૩ વણજારો,
પોડવુ–ઢવુ, ક્રિ૦ અ૦ સુવુ, ઉઘવુ
પોડુ, ન૦ પોપડો,લીંપણનુ પડ.૨ છોડુ, ફોતરૂ
પોઢણુ, ન૦ પોઢવુ,સુવુ તે ૨ પોઢવાનુ જે કઇ
પોઢાડવું, ક્રિ૦ સ૦ સુવાડવુ [તે, ખાટલો.
પોણ, ન૦ પાણ,પાણીનુ સિચન,પાણી પાવુ તે
પોણિયુ, ન૦ પોણું એવુ જે કઇ તે. ૨ પોણું.
પોણિસો, વિ૦ નવાણુ ને પોણો, ૯૯ાા
પોણુ, વિ૦ એકમા પા કમ,ત્રણ ચતુર્થાશ પોણા આઠ=રાડવો, બાયલો પોણુ ચૌદુ=વાકુ ગેરવા-
પોણોસો, વિ૦ પચોતેર ૭૫. [જબી, બોકુ
પોત, ન૦ (સ૦પ્રોત–વણેલુ.) વણાટનુ ઘટપણુ, કુમાસ ૨ કાપડ, સ્વચ્છ નરમ કપડુ. ‘સાળુનું પોત ”૩ ફ્રરદ ૪ વિધવા થનાર સ્ત્રીને તેના પિયેર તરફથી જે લુગડા આવે છે તે ૫ શરીરમાથી લોહી કાઢી ન ખાવવુ તે,ફ્સ ખોલાવવી તે ૬ પાણી, શક્તિ ૭ જાત જાતિસ્વભાવ,રૂપ. ‘પોત પ્રકાસ્યુ ’ ૮ બાળક,બચ્ચુ ૯ મછવો, બતેલો ૧૦ કાચના મણકા ૧૧ ૭ (સકેતાર્થ.)
પોતડી, સ્ત્રી૦ નાનુ પોતિયુ
પોતપોતાનુ, વિ૦ સાૈ સાૈનુ
પોતાનીમેળે, અ૦ ખુદ, પોતે, જાતે સ્વસત્તાથી.
પોતાનું, (સ૦) પોતીકુ,ખાસગત,સ્વકીય પોતાનું કરી રાખવુ=માનીતુ કરી રાખવુ,અંતરનુ બનાવવુ
પોતાપણું, ન૦ સ્વત્વ, વ્યક્તિત્વ, હુપણું.
પોતપોતામા, અ૦ માહોમાહે, આપસઆપસમા.
પોતિયુ, ન૦ પુરૂષને કેડે પહેરવાનુ વસ્ત્ર, ધોતિયુ. ૨ પોતડી, ૫ચિયુ. પોતિયા કાઢવા–ગભરાવુ, ડરી જવુ પોતિઆં છુટી જવા–હિંમત જતી રહેવી,લે મેલ થવી પોતિયા લેવાવા–ગભરામણ થવી,લે મેલ થવી.
પોતી, સ્ત્રી૦ પોતિયુ “ધોતીપોતી ”
પોતીકુ, વિ૦ પોતાનુ,પારકુ નહિ તે,અંગત
પોતુ, ન૦ (ફા૦) વસુલ થએલી મહેસુલનો સરકારી તિજોરીમા ભરવાનો અવેજ તે.૨,પાણીમા બોળેલો લુગડાનો કકડો ૩ મસોતું, નાનુ ચિથરૂ. ૪ હદ,પિતું,પોયુ. ૫ પુડા કરતા તેલમા બોળી લોઢી ઉપર ફેરવવાનું ચિથરૂ ૬ ધોળવાનો કુચડો. પોતુ ફેરવવુ -ભૂસી નાખવુ ,ધૂળ મેળવવુ
પોતે, સ૦ જાતે, ખુદ, આપ
પોથી, સ્ત્રી૦ લુગડાના કકડામા બાધેલુ પુસ્તક –પાના ૨ પુસ્તક બાધવાનો કકડો. ‘ પોથી ફાટી ગઈ છે ’ ૩ બળતામા બોળેલુ રૂનું પોલ તે.
પોથુ, ન૦ મોટી પોથી, પુસ્તક ‘ પોથા તે થોથા

ને ડાચા તે સાચા ' ૨ કાઈપણ લખેલુ તે
પોદળો પુ૦ (સ૦ પુદ્ગલ) ગાય ભેસ ઇ૦ એ કરેલુ ઢગલા રૂપ છાણુ ૨ પોચો ઢગલો ૩ ટાઢુ, ધીમુ, બેસે ત્યાથી ઉઠી શકે નહિ તેવુ
પોપચુ, ન૦ આખની ઉપરની ચામડીનુ ઢાકણુ ૨ ધુવરીની ફાડ તે ૩ ભાખરા-મુઠિયાના ચાળ્યા પછીના કાકરા 'લાડુના પોપચા' ૪ ખાલી દાણા વગરની જે શિગ તે
પોપટ, પુ૦ લીલા ૨ ગનુ, રાતી વાકી ચાચનુ એક પક્ષી, શુક, તોતા **પોપટ** કરી નાખવુ-ભણાવીને હોશિયાર કરવુ, **પોપટજી** કરી રાખવુ= કબ્જામા રાખવુ, આધીન કરવુ, વશ કરવુ **પોપટ** પાળવો= ૫ પાળીને મોટુ કરવુ
પોપટા-ટો, પુ૦ ચણાની શીગ પોપટો
પોપટિયુ, વિ૦ પોપટના ૨ ગનુ ૨ ગોખણિયુ
પોપટી, સ્ત્રી૦ પોપટની માદા ૨ એક જાતની વેલ જેને પોપટા થાય છે ૩ એરડાને થતો એક રોગ
પોપટો, પુ૦ ચણાની શિંગ [૪ વિ૦ લીલુ
પોપડી, સ્ત્રી૦ નાનો પાતળો પોપડો, ઢપોટી, પડ ૨ નાનો સુડો ૩ ઘાસનુ ખેતર, પોપડુ
પોપડો, પુ૦ કોઇ ચીજ ઉપરનુ પાનળુ પડ ૨ તપેલીમા ચોટેલુ ભાતનુ પડ
પોપનસ, ન૦ એક જાતનુ ફળ, પપનસ
પોપલા, ન૦ફાફા,ખાલીમાથાકુટ ૨ લાડના કાલા
પોપળગાળુ, વિ૦ કાચુ માઇ કાગલુ
પોપલુ, ન૦ વનસ્પતિનો ટોચવાળો ભાગ,નાજુક ફણગો ૨ વિ૦ પોચુ, નરમ ૩ લડાવેલુ, કાલુઘેલુ ૪ કઇ બને નહિ અને ખાલી ફાફા મારતુ
પોપા, પુ૦ છોકરાને કાજળ આજ્યા પછી હથેળીમા જે કાજળના ટપકા કરે છે તે, નજરિયુ ૨ એક અજાણ વ્યક્તિ **પોપા** લઈ ગયા કોઈ વસ્તુ બાળકને ભુલાવવા વપરાતો શબ્દ
પોપાબાઈનુ રાજ, ન૦ પોચા-નબળા હાકેમની સત્તા 'ખરે બપોરે બણગુ ને પોપાબાઇનુ રાજ'
પોપાગાળુ, વિ૦ પોચુ, કાચુ, માઈ કાગલુ
પોપૈયો, પુ૦ એક જાતનુ ઝાડ-ફળ ૨ ફેટલો ૩ ઇટનો કડકો
પોબાર, પુ૦ પો ને બાર એવો ત્રણ પાસાનો જે દાવ તે ૨ વિજય, ફતેહ **પોબારા** ગણવા-છાનામાના નાસીજવુ સટકી જવુ પલાયનકરી જવુ
પોમલો, પુ૦ દક્ષણી હિંદુઓમા એક જાત છે
પોમલુ, વિ૦ પોચુ ૨ પોમાઇ જાય તેવુ હર્ષઘેલુ
પોમાવુ, ક્રિ૦અ૦હર્ષીત થવુ,પલટૈ જવુ મલકાઈજવુ
પોયણ-ણી, સ્ત્રી૦ પાણીમા થતો એકવેલો, કુમુદિની
પોયણુ, ન૦ પોયણનુ ફૂલ, કુમુદ ફૂલ એ રાતે ખીલે છે તે સુરજ ઉગતા કરમાય છે
પોયુ, ન૦ પૈતુ, પિતુ, હદ (રમતમા)
પોર, અ૦ (સ૦ પુરા) ગયે વર્ષે આવતે વર્ષે
પોર, પુ૦ પ્રહર ત્રણ કલાકનો કાળ ૨ બાળક
પોરસ, પુ૦ ઘણા હર્ષની વાત સાભળી પ્રફુલ્લિત થવુ
પોરવવુ, ક્રિ૦ સ૦ પરોવવુ [તિ, તૃપ્તિનો આનદ
પોરિયો, પુ૦ છોકરો **પોરી**-છોકરી
પોરૂકુ, વિ૦ ગયા વર્ષનુ, ગુદસ્તનુ
પોરેગીર, પુ૦ પહેરેગીર, ચોકીદાર
પોરો, પુ૦ પાણીમા થતો બારીક જીવ ૨ પહેરો ૩ કુવામાથી પાણી કાઢવાની ડોલ ૪ કાળ, સમય "સાચુ બોલવાનો પોરો નથી"
પોર્ટુગીઝ, વિ૦ પોર્ટુગાલનુ ૨ ફિરગી
પોર્યો, પુ૦ છોકરો **પોર્યુ**-છોકરૂ
પોલ, સ્ત્રી૦ પોલુ તે, પોલાણ, બખુ, દર ૨ ગપ
પોલ, ન૦ નરમ બીછાનુ, પોચુ ગોદડુ 'પોલ રૂડેરા પાથર્યા, આવળમા ભારી એહ'-**શામળ.** ૨ ફના ડરેલા થપોલા
પોલકાર-રૂ, ન૦ પોલુ, પોલાણ, બકુ
પોલકારવુ, ક્રિ૦ અ૦ પોલુકરવુ,કોચવુ,પોલારવુ
પોલકારિયુ, ન૦બોડ, પોલુ કરવુ તે, પાડેલુ બાકુ
પોલકુ, ન૦ કુડતુ, ફૂલેલુ બદન
પોલ પોલા, ન૦ નરદમ ખાલી, અધેર, પોલેપોલ
પોલરૂ, વિ૦પોલુ અમાર ૨ કાચુ, ખરૂ નહિ તે ૩ ગેલડીના સાઠાની આખો, બિચારૂં
પોલાણ, ન૦ પોલુ તે, ૨ અદરથી ખવાયેલું કે ખોદાયેલું હોય તે
પોલાદ, ન૦(ફા૦)તીખુ લોઢુ
પોલારવુ, ક્રિ૦અ૦પોલકારવુ, ખાતર પાડવુ, કોચવુ
પોલારૂ, વિ૦ પોલુ ૨ ન૦ બખારૂં, પોલ

પાલાળ, સ્ત્રી૦ પોલાણ
પોલેપોલ, ન૦ તદ્દન ખાલીપણું, અંધેર,
પોલીસ, સ્ત્રી૦(અં૦) શેહેર—ગામનું રક્ષણ કરવા તથા વ્યવસ્થા રાખવાને સરકારે રાખેલા માણસો, તે સંબંધી જે ખાતું તે ૨ ગુનેહગારોને પરેજ રાખવાની ચોકી [૨ બહારનાજ ભભકાનું
પોલુ, વિ૦પોકળ અંદર કંઇ ન હોય તેવું, ખાલી
પોલુવાં,ન૦પોચી ગાદી
પોવુ, ક્રિ૦ સ૦ પરોવવું ૨ ઇચવું, ગબીમાં નાખવું (રમતમાં) [ત્રીજો મહિનો
પોશ, સ્ત્રી૦ ખોબો, પશલી ૨ શેષ ૩ કારતકથી
પોશા, પુ૦ પોષણ ૨ જૈનોનું એક વ્રત
પોશાક, પુ૦ (ફા૦) પહેરવાના કપડા, વસ્ત્ર ૨ વેષ, પહેરવેશ. ૩ લેબાસ, ખીલત
પોશાકી, સ્ત્રી૦ પહેરવાના લુગડા વગેરે આપવાને
પોશાગીર, પુ૦ (ફા૦) તાલીમબાજ, પહેલવાન ૨ ફાકડો થઈ ફરનારો ઠગ, ઉજળો ચોર
પોશાળ—ળા,સ્ત્રી૦જૈનોનું સેવા પૂજા કરવાનું સ્થળ, અપાશરો [મુરબ્બી ૨ કદર બુજનાર, ગ્રાહક
પોશિન્દુ, વિ૦ (ફા૦) આશરો—મદદ આપનાર,
પોશી, વિ૦ પોષ મહિનાની (પુનેમ) [પાલનકર્તા
પોષક,વિ૦મદદ કરનાર, ટેકો આપનાર ૨ પાળનાર,
પોષણ,ન૦(સં૦)ગુજરાન,ખોરાકી ૨ ટેકો મદદ
પોષણીય, વિ૦(સં૦) પોષવા લાયક,પાળવાજેવું
પોષત્રશાળા, સ્ત્રી૦ અપાસરો, ઉપાશ્રય
પોષવુ, ક્રિ૦સ૦ પોષણ કરવું, ખવરાવી પિવરાવી જતન કરવું, પ્રતિપાલન કરવું, પાળવું
પોષાવુ,ક્રિ૦અ૦પોષણ થવું ૨ પરવડવું,પાલવવું ૨ કદર થવી, કિંમત જણાવી ૪ વધવું પુષ્ટ થવું ૫ મદદ મળવી, ખાનપાનને માન મળવા
પોષ્યવર્ગ, પુ૦(સં૦) જેનું પોષણ અવશ્ય કરવું જોઇએ તે, કુટુંબના માણસો, આશ્રિતજન
પોસ, પુ૦ (ફા૦) અફીણનું જીડવું ૨ વધાઈની બક્ષીસ ૩ પોશ માસ [રેલું ૪ યોગ્ય ઘટિત
પોસાતુ, વિ૦ પરવડતું, પાલવતું ૨ શરીરે ભ
પોસાવુ,ક્રિ૦અ૦ પોષાવું ૨ ઘટવું, યોગ્ય હોવું
પોસ્ટ, સ્ત્રી૦(અં૦)ડાગ,ટપાલ પોસ્ટમેન=ટપાલી
પોસ્તી, વિ૦ પોચું, ઢીલું, નરમ
પોહ, સ્ત્રી૦ પરોઢ, બામદાદ 'પાહ ફાટવી'
પોહ, અ૦ ઢોરને પાણી પાતા બોલતો શબ્દ
પોહરો, પુ૦ પહેરો
પોહાલય, સ્ત્રી૦ નવી ખેડાયલી જમીન
પોહોર, પુ૦ (સં૦ પ્રહર) ત્રણ કલાકનો કાળ
પોહોર, અ૦ ગયે વરસે, આવતે વરસે
પોળ, સ્ત્રી૦ (સં૦ **પ્રતોલી**)ખડકી બારણાં હોય તેવો મહેલ્લો, શેરી [૨ મોકળાશ
પોળાઈ, સ્ત્રી૦ પહોળાપણું, પનાનો વિસ્તાર
પોળિયુ,ન૦પહોળો રૂપિયો,કલદાર રૂપિયો [રહેનારો
પોળિયો,પુ૦ પ્રતિહાર,દરવાન ૨ પોળની ખડકીએ
પોળી, સ્ત્રી૦ પાતળા પડવાળી રોટલી,ગળીપૂરી
પોળુ, વિ૦ પહોળું, જુઓ
પૌંઆ—વા, પુ૦ડાંગેરને પલાળી સેકી ખાંડી તૈયાર કરેલા જે ચપટા ચોખા તે [દિકરીની દિકરી.
પૌત્ર, પુ૦ (સં૦) દીકરાનો દીકરો **પૌત્રી=**
પૌનર્ભવ,પુ૦વિધવાએ પુનર્લગ્ન કર્યા પછી થયેલો
પૌર, વિ૦(સં૦) શહેરમાં રહેનાર,શહેરી [પુત્ર તે.
પૌરક, પુ૦(સં૦)ઘરની પાસેનો બાગ,નજરબાગ
પૌરાણ, વિ૦ (સં૦) પુરાણ સંબંધી
પૌરાણિક, પુ૦ (સં૦)પુરાણી,૨ વિ૦ પુરાણનું
પૌરૂષ, ન૦ (સં૦) પુરૂષપણું મર્દાઈ ૨ પરાક્રમ, બળ ૩ વિ૦ પુરૂષ સંબંધી
પૌર્ણમાસ, પુ૦ પુનમના દિવસે કરવાનો યજ્ઞ તે
પૌર્ણમાસી, સ્ત્રી૦ (સં૦)પુનમ પૂર્ણિમા
પૌષ, પુ૦ પોશ મહિનો
પૌષ્ટિક,વિ૦(સં૦)શરીરને પુષ્ટ કરે તેવું પુષ્ટિકારક.
પ્યાજ,ન૦એક જાતનું કપડું ૨ (ફા૦)કાંદો ડુંગળી
પ્યાજી, વિ૦સહેજ વાતમાં ઉતરી પડે તેવું,મિજાજીને હલકા સ્વભાવનું [પ્યાદાથી મહાત થવો તે
પ્યાદીમહાત,સ્ત્રી૦સેતરંજની રમતમાં બાદશાહ
પ્યાદુ, ન૦ (ફા૦) સેતરંજનું મહોરૂં ૨ પગે ચાલી લડનારો સિપાઇ
પ્યાર, પુ૦ પ્રીતિ, પ્રેમ, વહાલ, સ્નેહ.
પ્યારી, સ્ત્રી૦ પ્રિયા વહાલી ૨ માશુક
પ્યારૂ, વિ૦ વહાલું, પ્રિય

પ્યાલી-લુ, સ્ત્રી૦ નાનો પ્યાલો, પવાલી.
પ્યાલો, પુ૦ (ફા૦)પવાલુ, કટોરો **પ્યાલો પીવો**= અગતિમા જોડાવુ, મતમા મળી જવુ
પ્યાસ, સ્ત્રી૦ તરસ, તૃષા [ઇ૦ સૂચક ઉપસર્ગ
પ્ર, ઉ૦(સ૦)આગળ, બહાર, દૂર,વિશેષ,અતિશય,
પ્રકટ, વિ૦ (સ૦) સ્પષ્ટ ખુલ્લુ, ઉઘાડુ ૨ જાહેર,
પ્રકપ, પુ૦ (સ૦) ધ્રુજારો, કપારો [પ્રસિદ્ધ
પ્રકર, પુ૦(સ૦) ઢગલો, સમૂહ ૨ અગરૂ ચદન
પ્રકરણ, ન૦ (સ૦)વિષય, બાબત 'રાજ્ય પ્રકરણ' ૨ ગ્રથનો ભાગ સર્ગ, અધ્યાય ૩ કામ, વાત,પ્રસગ ૪ પ્રસ્તાવના, ઉપોદ્ઘાત
પ્રકાણ્ડ, વિ૦ (સ૦) પહોળુ, વિસ્તીર્ણ ૨ ઉત્તમ, પ્રશસ્ત ૩ **ન૦** થડ
પ્રકામ, વિ૦ અત્યત ૨ મનગમતુ, કામનાવાળુ
પ્રકાર, પુ૦ (સ૦) જાત, ભેદ ૨ રીત, તરેહ ૩ બાબત ૪. નમુનાનો ઘાટ, ફરમો
પ્રકાશ, અ૦ખુલ્લી રીતે, ચાહન
પ્રકાશ, પુ૦ (સ૦) રોશની,તેજ, ઉજેશ, અજવાળુ ૨ ચળકાટ, ભભક. ૩ પ્રસિદ્ધિ, જાહેરાત ૪ (ફૂલનો) વિકાસ ૫ આતાપ, તડકો
પ્રકાશક, વિ૦ (સ૦)પ્રકાશ કરનાર, પ્રસિદ્ધ કરનાર ૨ અજવાળુ કરે તેવુ
પ્રકાશવુ, ક્રિ૦ અ૦ ઉજેશ આપવો, ચકચકવુ, દીપવુ ૨ તેજ જણાવુ ૩ મળવુ,ઝગઝગવુ ૪ તપવુ ૫ બહાર પાડવુ, જાહેરમા આણવુ, દીપવુ
પ્રકાશિત, વિ૦ (સ૦) પ્રકાશેલુ ખુલ્લુ, ઉઘાડુ,૨ તેજદાર, ચળકતુ ૩ જાહેરમા આવેલુ
પ્રકાશી, વિ૦ પ્રકાશ કરનારૂ પ્રકાશવાળુ
પ્રકીર્ણ, વિ૦ વિસ્તૃત, ખુલ્લુ ૨ પરચૂરણ
પ્રકૃતિ, સ્ત્રી૦ (સ૦પ્ર+કૃ) સ્થિતિ,હાલત ૨ મૂળ સ્વભાવ,જન્મ સ્વભાવ, પદાર્થ માત્રનો સ્વાભાવિક ગુણ ધર્મ ૩ અનાદિ માયા,૪ આધાર શક્તિ. ૫ શરીર,તબીયત,જીવ "તેની પ્રકૃતી સારી નથી" ૬ પ્રજાજન, રૈયત [ઇ૦ રાજ્યાગ
પ્રકૃતિમડળ, ન૦ (સ૦) રાજા, પ્રધાન, પ્રજા
પ્રકૃતિજન્ય, વિ૦ (સ૦) સ્વભાવ જન્ય
પ્રકોપ પુ૦ (સ૦) વાત, કફ અને પિત્તનો અસત બગાડો ૨ ગુસ્સો
પ્રકોપિત,વિ૦ગુસ્સે થયેલુ, કોપાયલુ, ખીજવાયલુ
પ્રક્રમણ, ન૦ ગમન, ફેરો, આટો આવો તે.
પ્રક્રમા, સ્ત્રી૦ (સ૦) પ્રદક્ષિણા
પ્રક્રિયા, સ્ત્રી૦ (સ૦) વ્યવસ્થા, ગોઠવણ ૨ કર્મ, ક્રિયા ૩. ચાલ, રીતિ, રૂઢિ
પ્રક્ષાલન, ન૦ (સ૦) ધોવુ-પખાળવુ તે,માર્જન
પ્રખદા, સ્ત્રી૦ (સ૦) સભા, મડળી
પ્રખર, વિ૦ (સ૦) ઘણુજ ગરમ, આકરૂ ૨ તીખુ, સખત કઠોર ૩ બખતર
પ્રખ્યાત, વિ૦ (સ૦)પ્રસિદ્ધ,નામાકિત જાહેર
પ્રખ્યાતિ, સ્ત્રી૦ નામના, પ્રસિદ્ધિ, વિખ્યાતી
પ્રગટ,વિ૦ (સ૦) જાહેર, ખુલ્લુ,ચાહન ૨ પ્રત્યક્ષ
પ્રગટવુ, ક્રિ૦ અ૦ ખુલ્લુ પડવુ, જાહેરમા આવવુ ૨ સળગવુ, લાગવુ ૩ પેદા થવુ, ઉત્પન્ન થવુ, નિપજવુ
પ્રગતિ, સ્ત્રી૦વધારો,ઉત્કર્ષ, અભિવૃદ્ધિ
પ્રગમવુ, ક્રિ૦ ગોઠવુ, રૂચવુ ગમવુ "ભુડાને શી બામણ અવળી પ્રગમે" ૨ પ્રસરવુ, ફેલાવુ, પ્રજળવુ 'ઓસડ પેટમા હજુ પ્રગમ્યુ નથી'
પ્રગલ્ભ, વિ૦(સ૦) ઉદ્ધત ઉછાછળુ ૨ બેશરમ, ભકભોલુ, વાચાળ ૩ છાતીવાળુ,શૂર બાહોશ
પ્રગલ્ભતા સ્ત્રી૦ ઉછાછળાઇ, નફટપણુ ૨ ચીબાવલાપણુ, અલેતાઇ [ઉત્સાહી સ્ત્રી
પ્રગલ્ભા, સ્ત્રી૦ અલેતી નાયિકા વાચાળ પણ
પ્રઘળ, વિ૦ પ્રફુલ્લિત થયલુ પરિપક્વ, પૂર્ણ, નિશ્ચયાત્મક (બુદ્ધિ) ૨ ખુલ્લુ, નિર્વિકાર, પ્રસન્ન, ઉદાર (ચિત્ત)
પ્રઘાત, પુ૦ (સ૦) ચીલો, રીત, રિવાજ
પ્રઘૂર્ણ, પુ૦ (સ૦) પરોણો, અતિથિ
પ્રચડ, વિ૦ (સ૦) તીખુ, આકરૂ, ગરમ ૨ ઉગ્ર, તીવ્ર ૩ અતિશય, વધારે "પ્રચડ વાયુ" ૪ મોટુ ને જાજરમાન
પ્રચ્છન્ન, વિ૦ (સ૦) ઢાકલુ, ગુપ્ત, છાનુ
પ્રચલિત, વિ૦ લોક રૂઢિનુ ચાલુ,ચાલતું આવેલુ
પ્રચાર, પુ૦ (સ૦) રિવાજ, રૂઢિ, રીત ૨ ફેલાવ, પ્રસાર

પ્રચારવું, ક્રિ૦ સ૦ કહી દેખાડવું (ટાણારૂપે), નાણી જોવું, ટાણો મારવો. ૨ સિંચવું છાંટવું, રેડવું ૩. પ્રસારવું, ફેલાવવું
પ્રચાલક, વિ૦ ચલાવનાર, પ્રવર્તાવનાર
પ્રચુર, વિ૦ બહુ, પુષ્કળ, મસ
પ્રચ્છતા, સ્ત્રી૦ પૂછાપૂછ, પડપૂછ
પ્રચ્છાદક, વિ૦ ઢાંકેલું, સતાયલું
પ્રજળવું, ક્રિ૦ અ૦ બળવું, લાગવું, સળગવું
પ્રજા, પુ૦ રાજ્યના લોક, રૈયત "પ્રજા તે પ્રજા" ૨ છોકરાં, સંતતિ ૩ ભાવ, વિચાર 'એના મનના પ્રજા બગડયા છે" (જૈનમાં)
પ્રજાગર, વિ૦(સ૦)ઉજાગરો, જાગરણ ૨ જાગતું
પ્રજાપતિ, પુ૦ (સ૦) બ્રહ્મા ૨ રાજા, નૃપ ૩ પરજાપતિ, કુંભાર ૪ દેવનો સુતાર ૫ સંવત્સર એક
પ્રજાવતી, સ્ત્રી૦ છોકરાવાળી ૨ ભોજાઇ
પ્રજાસત્તાક, વિ૦ પ્રજાની સત્તા હોય તેવું, પ્રજાનો બહુમત એજ સત્તા તેવું **પ્રજાસત્તાકરાજ્ય**= દેશના સર્વ લોક પોતાના એકત્ર વિચારથી ધારા બાંધી, એ ધારાનીજ સત્તાને માનનાર રાજ્ય
પ્રજાપાલ, પુ૦ રાજા, નૃપ ૨ વિષ્ણુ
પ્રજાળવું, ક્રિ૦ સ૦ બાળવું, સળગાવવું
પ્રજ્ઞ, વિ૦ જ્ઞાની બુદ્ધિશાળી ૨ સમજુ, ડાહ્યું ૩ ન૦ પંડિત, વિદ્વાન
પ્રજ્ઞા, સ્ત્રી૦ (સ૦) સમજ શક્તિ અક્કલ
પ્રજ્વલિત, વિ૦ (સ૦)બળતું, લાગી ગયેલું
પ્રણત, વિ૦ (સ૦ પ્ર+નમ્) નમેલું નત ૨ વાંકું વળેલું ૩ વિનયવાળું, વિનયી
પ્રણમવું, ક્રિ૦ અ૦ પ્રણામ કરવા, પગે લાગવું
પ્રણય, પુ૦ પ્રેમ, પ્રીતિ, સ્નેહ ૨ પ્રેમયાચના
પ્રણયિની, સ્ત્રી૦ પ્રિયા, ભાર્યા
પ્રણયી, વિ૦ પ્રીતિવાળું, સ્નેહાળ ૨ પુ૦ વહાલો સ્વામી, પ્રિયવર
પ્રણવ, પુ૦ (સ૦) બ્રહ્મની ઉત્પત્તિ, સ્થિતિ, લય એ ત્રણ શક્તિનું જ્ઞાન પમાડનારો સંકેત શબ્દ ૐકાર
પ્રણામ, પુ૦ (સ૦) નીચા નમી પગે લાગવું તે નમસ્કાર પ્રણિપાત [પરા, રૂઢિ, પદ્ધત
પ્રણાલિકા, સ્ત્રી૦ પરનાળિકા, પગનાળ ૨ પર
પ્રણિધિ, પુ૦ (સ૦)છુપો દૂત, જાસુસ, ચાર
પ્રણિપાત, ન૦ કાલાવાલા આજીજી, પ્રણામ
પ્રણીત, વિ૦ કરેલું, બનાવેલું,
પ્રત, સ્ત્રી૦ નકલ, ફરદ ૨ જાત
પ્રતવારી, સ્ત્રી૦ જાતવારી
પ્રતાપ, પુ૦ (સ૦) પદ્વિ સત્તાનું તેજ, કાંતિ ૨ યશ, કીર્તિ, મોટાઇ ૩ પરાક્રમ, હૈવત, શૌર્ય ૪ (ઓસડનો) ગુણ ૫ વગવસીલો, લાગવગ
પ્રતાપી, વિ૦ પ્રતાપવાળું, પરાક્રમી ૨ તેજોમય કાંતિવાળું, શેહ પડે તેવું
પ્રતિ, અ૦ પાછું, સામું, તરફ, ભણી, ઉલટું, વિરૂદ્ધ વગેરે અર્થસૂચક ઉપસર્ગ ૨ દરેક, પ્રતિદિન
પ્રતિઉત્તર, પુ૦ સામો ઉત્તર, સામો જવાબ
પ્રતિકૂળ, વિ૦(સ૦)માફક ન આવે તેવું ઉલટું, વિપરિત, વિરૂદ્ધ
પ્રતિગ્રહ, પુ૦ (સ૦) દાન લેવું તે ૨ સ્વીકાર
પ્રતિજ્ઞા, સ્ત્રી૦ (સ૦) નિયમ, પણ ૨ પૂર્વપક્ષ ૩ સોગન, કસમ ૪ સિદ્ધાંત–પ્રમેય
પ્રતિદિન, અ૦ (સ૦) દરરોજ, નિત્ય, હમેશ
પ્રતિધ્વનિ, પુ૦ (સ૦) પડઘો, પડછંદો
પ્રતિનાયક, પુ૦ મુખ્ય આગેવાનનો સાથી ૨ ૨ પ્રતિપક્ષી સામાવાળિયો
પ્રતિનિધિ, પુ૦ વકીલ, મુખત્યાર ૨ અવેજી
પ્રતિપક્ષ, પુ૦ (સ૦) શત્રુ દુશ્મન ૨ વિરૂદ્ધ પક્ષ
પ્રતિપક્ષી, પુ૦ સામાવાળિયો ભીરૂ, પ્રતિવાદી
પ્રતિપદા, સ્ત્રી૦ (સ૦) પખવાડિયાની પહેલી તિથિ, પડવો
પ્રતિપાદન, ન૦ (સં૦) પ્રમાણ આપી પુરવાર કરવું તે, સાબીત કરી આપવું તે, સિદ્ધ કરવું તે.
પ્રતિપાળપુ૦(સ૦)પાલનપોષણ કરનાર, પાળનારો.
પ્રતિબંધ,પુ૦(સ૦) અટકાવ, મના, બંધી, બાધ
પ્રતિબિંબ, ન૦ (સ૦) આરસી–પાણી વગેરેમાં જે સામે આબેહૂબ ચિત્ર દેખાય તે, છાયાકૃતિ
પ્રતિબોધવું, ક્રિ૦સ૦સામોબોધ કરવો, સમજાવવું, શિખામણ આપવી [૨ કાંતિ. દીપ્તિ
પ્રતિભા, સ્ત્રી૦ (સ૦) બુદ્ધિ, અક્કલ સમજણ
પ્રતિભાગ, પુ૦ પેટા ભાગ ફાળો પાતી

પ્રતિભાન, ન૦ તાત્કાળિક બુદ્ધિ, સમયસૂચકતા, એકદમ ભાન થવુ તે
પ્રતિભાવ, પુ૦ સમભાવ, તુલ્યભાવ તે
પ્રતિભાસ,પુ૦(સ૦) પ્રકાશ,તેજ ૨ પ્રતિચ્છાયા, પ્રતિબિબ ૨ મન ઉપર જે એકદમ અસર થવી તે
પ્રતિમ,વિ૦સમાન, સરખુ, તેજ [સરખાપણુ
પ્રતિમા, સ્ત્રી૦ (સ૦) મૂર્તિ, ચિત્ર ૨ નકલ ૩
પ્રતિયોગી, પુ૦ (સ૦) શત્રુ, સામાવાળિયો ૨ અવેજી ૩ ભાગિયો, સમોવડિયો ૪ ધુરી,જોડિયો
પ્રતિરૂપ,ન૦પ્રતિમા,સરખુ રૂપ,પ્રતિકૃતિ,સરખાપણુ
પ્રતિરોધ, પુ૦(સ૦) અટકાવ,રોકાણુ ૨ તિરસ્કાર
પ્રતિલોમ, વિ૦ (સ૦) હલકુ, કનિષ્ઠ, ઉતરતુ
પ્રતિવચન, ન૦ ઉત્તર,જવાબ [પ્રતિપક્ષી
પ્રતિવાદી, વિ૦ (સ૦)સામો ઉત્તર દેનાર,દાદી
પ્રતિવાર્ષિક, વિ૦ દર વર્ષે,વાર્ષિક
પ્રતિવારણ, ન૦ નિવારણ [વૃત્તાત તે
પ્રતિવાર્ત્તા, સ્ત્રી૦ પ્રત્યુત્તરમા જણાવેલી હકીકત
પ્રતિવાસર, અ૦ દરરોજ,હમેશ,રોજ
પ્રતિવિધાન,પુ૦પ્રતિકાર,ઈલાજ ૨ રચના,ઠાઠમાઠ
પ્રતિશબ્દ, પુ૦ પડઘો,પડછદો
પ્રતિષ્ઠા, સ્ત્રી૦ (સ૦)માન,આબરૂ ઇજ્જત, કીર્તિ, ૨ વિધિપૂર્વક મૂર્તિ ઉપર કરવામા આવતો સસ્કાર ૩ ગૌરવ [કીર્તિવાળુ,વિખ્યાત,જાણીતુ
પ્રતિષ્ઠિત, વિ૦ (સ૦) માનવ ત, આબરૂદાર,
પ્રતિસ્પર્ધા, સ્ત્રી૦ (સ૦) હરીફાઈ, સરસાઈ, ચડસાચડસી [વાળો,દુશ્મન, હરીફ
પ્રતિસ્પર્ધી, વિ૦ (સ૦)સરસાઇ કરનાર ૨ સામા
પ્રતિમ, વિ૦ સમાન,સરખુ,તેજ
પ્રતીત, સ્ત્રી૦ ખાત્રી,ભરોસા,પતીજ,પ્રતીતિ
પ્રતીતિ, સ્ત્રી૦ (સ૦) પતીજ ખાતરી, વિશ્વાસ ૨ સપૂર્ણ જ્ઞાન સમજણ તે
પ્રતીપ, પુ૦ (સ૦) એ નામનો અલકાર જેમા ઉલટી ઉપમા અપાય છે "તેની કાતિ જોઇ ચદ્ર લજવાઇ ગયો તેથી આજ ઉગ્યો નથી"
પ્રતિકાર, પુ૦ (સ૦) ઉપાય,ઈલાજ,ચિકિત્સા
પ્રતિક્ષા, સ્ત્રી૦ (સ૦)આજ્ઞા ૨ રાહ,વાટ
પ્રતીહાર, પુ૦ (સ૦)દ્વારપાળ,પોળિયો, દરવાન
પ્રતિહારી,સ્ત્રી૦(સ૦)દ્વારપાલિકા,અત પુરની દાસી
પ્રતોદ, પુ૦ (સ૦) પરોણો ૨ ચાબુક
પ્રત્યક્ષ, અ૦(સ૦)નજર આગળ,હાજરીમા,પ્રગટ
પ્રત્યક્ષપ્રમાણ, ન૦ જેની ખાતરીને માટે બીજુ પ્રમાણ જોઇતુ નથી એવુ ઇદ્રિય ગ્રાહ્ય પુરાવો તે, ખુલ્લુ પ્રમાણ
પ્રત્યક્ષસિદ્ધિ, સ્ત્રી૦(સ૦) તરત નજરે પડે તેવી સિદ્ધિ, હાજરા હજુર જે ફળ તે
પ્રત્યચા, સ્ત્રી૦ (સ૦) પણછ,કામઠાની દોરી
પ્રત્યય, પુ૦ (સ૦) અત્યાક્ષર, અત્યવર્ણ ૨ ખાત્રી,વિશ્વાસ,ભરોસો ૩ પ્રતિજ્ઞા ૪ હેતુ,સબબ
પ્રત્યાખાન, ન૦ પચ્ચખાણુ,સકલ્પ,નિયમ (જૈન)
પ્રત્યવાય, સ્ત્રી૦ હરકત,બાધ,અડચણ
પ્રત્યાખ્યાન,ન૦ (સ૦)ઠપકો,મહેણુ ૨ નિરાકરણ
પ્રત્યાઘાત, પુ૦ સામો ધક્કો–માર,સામુ જોર
પ્રત્યાહાર, પુ૦ સયમ, ઇદ્રિયોને કબજે રાખવી તે ૨ પાછુ ખેચી લેવુ તે સક્ષેપ શબ્દ
પ્રત્યુત્તર, પુ૦ જવાબ,વળતો ઉત્તર તે [ઉપકાર
પ્રત્યુપકાર, પુ૦ ઉપકારના બદલામા સામો–પાછો
પ્રત્યે, અ૦ પ્રતિ, ને, તરફ, સાથેના અર્થમા
પ્રત્યેક, વિ૦ (સ૦) દરેક એકેકેક
પ્રથમ, વિ૦ (સ૦) પહેલુ ૨ સારૂ, શ્રેષ્ઠ
પ્રથમ, અ૦ પહેલે, આરભમા, આદિ, પ્રધાન
પ્રથમા, સ્ત્રી૦ (સ૦) પહેલી વિભક્તિ
પ્રથા, સ્ત્રી૦(સ૦) રૂઢિ રીત,વહીવટ,માર્ગ, ધારો
પ્રદક્ષિણા, સ્ત્રી૦ આસપાસ ફરવુ તે, આગળ પાછળ ગોળ ફરવુ તે, ફરા ફરવા તે
પ્રદર,પુ૦(સ૦)સ્ત્રીને થતો એક જાતનો યોનિરોગ, અસુગ્દર ૨ પાલવ [દેખાવ, દશ્ય
પ્રદર્શન, ન૦ (સ૦) જુદીજુદી કારીગરીનો
પ્રદાન, ન૦ (સ૦) દાન ૨ બક્ષીસ આપવુ તે
પ્રદીપ, પુ૦ (સ૦) દીવો,બત્તી
પ્રદીપન, ન૦ દીપાવનાર, તેજ કરનાર ૨ ઉધાડનાર, ચેતવનાર, રૂચી કરાવનાર
પ્રદીપ્ત, વિ૦ (સ૦) સળગેલુ, ભડભડાટ બળતુ હોય તેવુ, પ્રકાશિત ૨ તેજ, જાગ્રત, ઉત્સાહિત
પ્રદેશ, પુ૦ (સ૦) વિસ્તીર્ણ જગા, દેશ–મુલક,

પ્રાત ૨ પરદેશ, વિદેશ ૩ અગુઠો અને તર્જની એ બે પહોળા કર્યાથી થતું પ્રમાણ ૪ હદ, સીમા ૫ સ્થાન, જગા

પ્રદોષ, પુ૦ (સ૦) દર તેરસે સાજે કરવાનુ શિવનુ વ્રત ૨ સધ્યાકાળ ૩ દોષ, ગુનો

પ્રદ્યુમ્ન,પુ૦(સ૦) કામદેવ ૨ શ્રીકૃષ્ણનો પુત્ર

પ્રધાનવટુ,ન૦વજીરાઇ,કારભારીપણુ દિવાનગીરી

પ્રધાન, પુ૦ (સ૦) વજીર, દિવાન, મત્રી

પ્રધાન, વિ૦ મુખ્ય, વડુ, ઉત્તમ, શ્રેષ્ટ

પ્રપચ,પુ૦(સ૦)સસાર દુનિયા ૨ કપટ,દગો,છળ, કારતરૂ, ફ્રમાત્રટ ૩ માયા, ભ્રમ ૪ વિસ્તાર

પ્રપચી, વિ૦(સ૦)લુચ્ચો, કપટી, ઠગ, ખટપટી, [દગલબાજ,ધૂર્ત

પ્રપિતા,પુ૦ સ૦)દાદાનો બાપ

પ્રપૌત્ર, પુ૦ (સ૦) પૌત્રનો છોકરો

પ્રફુલ્લ-લ્લિત, વિ૦ (સ૦) ફુલેલુ, ખીલેલુ, પ્રકાશેલુ ૨ પ્રસન્ન, આનદી, ખુશાલ

પ્રબધ, પુ૦ (સ૦) એક તરેહનુ પદ્ય ૨ નિબધ ૩ ગ્રથ રચના ૪ બધ, બાધેલો આટો તે

પ્રબળ, વિ૦ (સ૦) જોરાવર, બળવાન, સશક્ત

પ્રબધ, વિ૦ પડિત ૨ ભણેલુ

પ્રબુદ્ધ, વિ૦ (સ૦) જાગેલુ જાગ્રત ૨ જાણીતુ

પ્રબોધ, પુ૦ (સ૦) જાગૃતિ, હોશિયારી ૨ સાવચેતી ૩ નસિયત,શિક્ષા, શિખામણ ૪ જ્ઞાન, ખરેખરી સમજ [દેવદિવાળી, કાર્તિક શુદ ૧૧

પ્રબોધિની, વિ૦ જાગવાની, ઉઠવાની

પ્રભા, સ્ત્રી૦(સ૦)પ્રકાશ, દ્યુતિ, તેજ ૨ કાન્તિ, ઓજ ૩ દરકાર, તમા, સ્પૃહા, ગરજ ૪ વડાઈ, પ્રભુતા, મોટાઈ ૫ ઝગઝગાટ, લખલખાટ

પ્રભાકર, પુ૦(સ૦) સૂર્ય ૨ ચદ્ર અગ્નિ, વગેરે

પ્રભાત,ન૦(સ૦)પ્રાત કાળ,મળસ્કુ,ઉષા પરોઢ ૨ પુ૦ એ નામનો એક રાગ ૩ સવારનો વખત

પ્રભાતિયુ, ન૦ પ્રભાત રાગમા ગવાતુ પદ

પ્રભાવ, પુ૦ (સ૦) પદનો દોર, હાક, તેજ, શેહ. ૨ ગુણ, અસર ૩ રૂવાબ, દમામ ૪ સામર્થ્ય, પ્રતાપ, શક્તિ, દૈવત

પ્રભુ, પુ૦ (સં૦) જગતનો નાથ, ઈશ્વર, પરમેશ્વર ૨. રાજા. ૩ ધણી, સ્વામી. ૪ શેઠ, માલીક

પ્રભુનું માણસ-ભોળુ માણસ

પ્રભુતા, સ્રી૦ (સ૦) પ્રભુપણુ, ઈશ્વરતા ૨. શેઠાઇ, મોટાઇ, વડાઇ ૩ વૈભવ, જાહોજલાલી ૪ સત્તા દાબ, દોર [૨. ઈશ્વરને ભજનાર

પ્રભુભક્ત, વિ૦ ધણીનો વિશ્વાસપાત્ર, સ્વામિભક્ત

પ્રભૃતિ, અ૦ (સ૦) આદિ લેઇને, આરભીને

પ્રમત્ત, વિ૦ ઘેલુ, ગાડુ ૨ ઉન્મત્ત.૩ છાકટુ નિશા વાળુ ૪ પ્રમાદી,ધ્યાનરહિત [અભિમાનની ગરૂરી

પ્રમત્તતા, સ્ત્રી૦ ગાડાઇ, ઘેલછા ૨ છાક, તુડાઈ,

પ્રમદા, સ્ત્રી૦ (સ૦) મદવાલી સુદર સ્ત્રી

પ્રમાણ, ન૦ સ૦) સાબીતી, પુરાવો ૨ દાખલો, ઉદાહરણ, પડછો ૩ નક્કી-ખાતરીથી કહેવાતુ તે, ભરોસો, વિશ્વાસ, ખાતરી ૪ અદાજ, આધાર ૫ સખ્યા ૬ માપ ૭ વિસ્તાર, જથો

પ્રમાણ, વિ૦ સત્તાવાળુ, માન્ય, કબુલ, ખરૂ,સિદ્ધ

પ્રમાણપત્ર, ન૦ ખાત્રીપત્ર, સર્ટીફીકેટ દાખલો

પ્રમાણવુ, ક્રિ૦ અ૦આધાર રાખવો ૨ ગણવુ ૩ જાણવુ ૪ માપવુ [દાનતદારીવાળુ

પ્રમાણિક, વિ૦ સાચુ ઇમાનદાર, વચની,અદલ,

પ્રમાણિકા, પુ૦ એક અક્ષરમેળ છદ

પ્રમાણિકપણુ, પુ૦ નેકી,ઇમાનદારી,નિષ્ઠા,સત્યતા

પ્રમાણે, અ૦ રીતે, સરખી રીતે, પેઠે, ગોઠે

પ્રમાતામહ, પુ૦ (સ૦) માના દાદાનો બાપ

પ્રમાદ, પુ૦ (સ૦) બેદરકારી, બેપરવાઇ ૨ મગરૂબી ૩ અસાવધપણુ, ગાફલપણુ

પ્રમાદી, વિ૦ પ્રમાદવાળુ, મગરૂર ૨ બેદરકાર, અસાવધ, એદી ૩ એ નામનો એક સવત્સર

પ્રમિતિ, સ્રી૦ (સ૦) પ્રમાણ

પ્રમુખ, વિ૦ (સ૦)મુખી,મુખ્ય, વડુ ૨ સરનશીન, પ્રધાન, અધ્યક્ષ

પ્રમુદિત, વિ૦ (સ૦)પ્રસન્ન, થયેલુ હર્ષપામેલુ

પ્રમેય, વિ૦ (સ૦)માપવા યોગ્ય ૨ અનુમાન કરવા લાયક ૩. સિદ્ધ-પુરવાર કરવા લાયક

પ્રમેહ, પુ૦ (સં૦) પરમિયો

પ્રમેથી, પુ૦(સ૦) મહાદેવના અનુચર ; ગણ

પ્રમોદ, પુ૦ (સ૦) આનદ, હર્ષ.

પ્રમોહ, પુ૦ (સં૦)મૂર્ચ્છા-મોહ, ભ્રમ

પ્રયત્ન, પુ૦(સ૦)પ્રયાસ, પરિશ્રમ ૨ મોટી તજવીજ
પ્રયાણ, ન૦ (સ૦)જવું તે, ગમન, પ્રસ્થાન, કુચ
પ્રયાસ, પુ૦ (સ૦)શ્રમ, મહેનત, યત્ન
પ્રયુક્તિ, સ્ત્રી૦ (સ૦) વિશેષ જે યુક્તિ તે ૨ [પ્રયોગ, પ્રયોજન
પ્રયુત, વિ૦ (સ૦) દશ લાખ
પ્રયોગ, પુ૦ [સ૦] અજમાયેશ, અખતરો ૨ કાયદો, ધારો નિયમ ૩ યુક્તિ, તજવીજ ૪ વા ક્યમાં કર્તા ક્રિયાનો અથવા કર્મ ક્રિયાનો સબંધ દર્શાવનારી જે રચના તે "કર્તરિ-કર્મણિ પ્રયોગ ૫. ફળસિદ્ધિ માટે અમુક રીતે મંત્ર જપવો તે, અનુષ્ઠાન વિધિ, સાધના
પ્રયોજક, વિ૦(સ૦)યોજનાર, પ્રયોગ કરનાર, પ્રેરક,
પ્રયોજન, ન૦ [સ૦] સબબ, કારણ ૨ મતલબ, અર્થ હેતુ ઉદ્દેશ ૩ જરૂર આવશ્યકતા
પ્રરોહ, પુ૦ [સ૦] કણગો, અંકુર
પ્રલય, પુ૦ (સ૦)સૃષ્ટિનો અંત-નાશ ૨ મોટી આફત, મોટો કહેર
પ્રલાપ, પુ૦ [સ૦] શોક-મદ-નિદ્રા ઇ૦ થી જે વિન્હળ ભાષણ તે બડબડાટ. ૨ વિલાપ
પ્રલેહ, પુ૦ ચાટણ, ચાટવા યોગ્ય પદાર્થ
પ્રલે પુ૦ [સ૦] **પ્રલય**, જુઓ
પ્રવચન, ન૦ [સ૦] વિવેચન, વ્યાખ્યાન
પ્રવર, પુ૦ગોત્ર કુટુંબ 'જોવા ભિન્ન ગોત્ર પ્રવર રે'
પ્રવર, વિ૦ મુખ્ય, આગેવાન
પ્રવર્તક, વિ૦ પ્રવર્તાવનાર
પ્રવર્તમાન, વિ૦ ચાલુ, ચાલતુ ૨ ફેલાયલુ
પ્રવર્તવુ, ક્રિ૦ અ૦ ચાલુ થવુ પ્રસરવુ જામવુ
પ્રવર્તાવવુ, ક્રિ૦સ૦ચલાવવુ, ફેલાવવુ ૨ આપી દેવુ
પ્રવાસ, પુ૦ (સ૦) મુસાફરી
પ્રવાસી, વિ૦ (સ૦) મુસાફર, વટેમાર્ગુ, પાંથ
પ્રવાહ, પુ૦(સ૦) પાણી ઇ૦ નુ જે વહેવુ તે રેલો, ધારા, સ્રોત્ર ૨ હમેશ ચાલ્યો જતો એવો સંસા રનો વહેવાર વગર આયકે ધસારો ૪ ક્રમ, મકલના
પ્રવાહી વિ૦ વહે તેવુ, ફેલાય એવુ
પ્રવાળ, ન૦ પરવાળુ ૨ કોમળ પાદડુ
પ્રવિષ્ટ, વિ૦ (સ૦) દાખલ થયેલું, ઘુસેલુ
પ્રવીણ, વિ૦ (સ૦) નિપુણ, પૂરો, માહિતગાર, હોશિયાર, કાબેલ, ચતુર
પ્રવૃત્ત, વિ૦ (સ૦) ચાલુ, ચાલતુ
પ્રવૃત્તિ, સ્ત્રી૦ (સ૦) વ્યાપાર, વ્યવસાય ૨ ઉદ્યોગ (એથી ઉલટુ નિવૃત્તિ) [(નાટકના)
પ્રવેશ, પુ૦(સ૦) દાખલ થવુ-તે ૨ વેશ, દેખાવ
પ્રવેશક, પુ૦ (સ૦) સૂચના રૂપ પ્રકરણ તે, ઉપો દ્ઘાત ૨ નાટકને આરંભે તેના ઉદ્દેશ અર્થે જે ભાષણ-ક્રિયા તે
પ્રવ્રજિત, વિ૦ (સ૦)ત્યાગી, સંન્યાસી, વૈરાગી
પ્રશંસનીય, વિ૦ વખાણવા લાયક.૨ ઉત્તમ
પ્રશંસક, વિ૦ વખાણનાર, સ્તુતિ કરનાર
પ્રશંસા, સ્ત્રી૦ (સ૦) સ્તુતિ, વખાણ, તારીફ
પ્રશસ્ત, વિ૦ (સ૦) સ્તુતિપાત્ર, વખાણવા લા યક ૨ શ્રેષ્ઠ, ઉત્તમ ૩ વિશાળ, મોકળુ
પ્રશસ્તિ, સ્ત્રી૦ પ્રશંસા, સ્તુતિ, વખાણ
પ્રશ્ન, પુ૦ (સ૦ પૃચ્છ-પૂછવુ) સવાલ, પૂછેલુ તે, પૃચ્છા ૨ શંકા, સંદેહ
પ્રશ્નોત્તરી, સ્ત્રી૦ (સ૦) પ્રશ્ન ને ઉત્તર હોય તેવા ગ્રંથ, સવાલ જવાબની રચના
પ્રસંગ, પુ૦ (સ૦) અનુકૂળ સમય, વટતો વખત સંધિ, જોગવાઈ, લાગ ૨ સહવાસ મેળાપ, સબંધ, પરિચય ૩ પ્રકરણ, બાબત વિષય, વાત
પ્રસંગવશાત્, અ૦ પ્રસંગને અનુસરીને
પ્રસંગોપાત, અ૦ (સ૦) પ્રસંગે
પ્રસન્નતા, સ્ત્રી૦ (સ૦) રાજીપો, ખુશી, મરજી ૨ રૂચી, અભિરૂચી, ભાવ
પ્રસન્ન, વિ૦ (સ૦) ખુશ રાજી, આનંદિત, ખુશનુમા, હસતુ ખુશીમાં હોય તેવુ (વદન)
પ્રસર, પુ૦ (સ૦ પ્ર+સૃ) ફેલાવો, વિસ્તાર
પ્રસરવુ, ક્રિ૦ અ૦ પથરાવુ ફેલાવુ, રેલાવુ.
પ્રસવ, પુ૦ (સ૦) જનન ૨ જન્મ, ઉત્પત્તિ ૩ અવતરવુ-જન્મવુ તે (બાળકનુ)
પ્રસાદ-દી, પુ૦ સ૦) આશીર્વાદ, કૃપા, મેહેરબાની, અનુગ્રહ ૨ દેવતા ગુરુ ઇ૦એ ખુશી થઈ આપેલુ જે કંઇ તે ૩ દેવતાની આગળ ધરાવેલુ નૈવેદ ૪ ભોજન, જમવુ તે "પ્રસાદ લીધો" ૫ ઠોક, માર ૬ મંદિર 'આના અબા તથા પ્રસાદ."

પ્રસાર, પુ૦ ફેલાવો, વિસ્તાર
પ્રસારક, વિ૦ પ્રસાર કરનાર, ફેલાવનાર
પ્રસારવું, ક્રિ૦ સ૦ ફેલાવો કરવો, ઘણુંમાં પથરાવવું ૨ પહોળું કરવું [૨ ઉઘાડું, ખુલ્લું.
પ્રસિદ્ધ, વિ૦ (સ૦) જાહેર, વિખ્યાત, જાણીતું
પ્રસિદ્ધિ, સ્ત્રી૦(સ૦) જાહેરપણું ૨ પ્રસાર, ફેલાવો ૩ વિખ્યાતિ, કીર્તિ, પ્રતિષ્ટા, નામના
પ્રસૂત, વિ૦ (સ૦) જણેલું, પેદા થયલું
પ્રસૂતા, સ્ત્રી૦ જેણે જણ્યું હોય તે, જણનારી "પ્રસૂતાની પીડા રે, વંધ્યા તે શું જાણે ?"
પ્રસૂતિકા, સ્ત્રી૦ સ૦)સુવાવડી, જણનારી, પ્રસૂતા
પ્રસૂતિ, સ્ત્રી૦ (સ૦) સુવાવડ, પ્રસવ, ગર્ભમોચન ૨ પ્રસવ, જનન ૩ છોકરા, સંતતિ
પ્રસ્તાર, પુ૦ (સ૦) પ્રસાર, ફેલાવો ૨ સાથરો, ઘાસની પથારી
પ્રસ્તાનું, ન૦ પરદેશ જવા માટે સારા મુહૂર્તમાં સામાન સાથે અન્ય સ્થળે જઇ ઉતરવું તે, પ્રયાણે નીકળવું તે, પ્રયાણ
પ્રસ્તાવ, પુ૦ પ્રસંગ, વખત, અવસર ૨ કારણ હેતુ ૩ પ્રકરણ બનાવ
પ્રસ્તાવના, સ્ત્રી૦(સ૦) ગ્રંથનો હેતુ, ઇ૦ સંબંધી વર્ણન, ઉપોદ્ઘાત, દિબાચો, આરંભ, શરૂઆત
પ્રસ્તાવિક, વિ૦ (સ૦)પ્રસંગને લગતું, પ્રસંગે ઉપયોગમાં આવે તેવું, પરચૂરણ
પ્રસ્તુત, વિ૦ (સ૦) ચાલતું, વર્તમાન, પ્રાસંગિક ૨ ન૦ અવસર, ટાણું ૩ અ૦ હાલમાં અત્યારે
પ્રસ્થાન, ન૦(સ૦)પ્રદેશ જવા નીકળવું તે, ગમન, કુચ, પ્રયાણ
પ્રસ્રવ, પુ૦ (સ૦) ઝરણું, વહેણું, ગળવું તે
પ્રસ્વેદ, પુ૦ પરસેવો, પસીનો, ઘામ
પ્રહર, પુ૦ (સ૦) ત્રણ કલાક, પહોર, યામ
પ્રહર્ષણ, ન૦ ખુશી આનંદ, હરખ
પ્રહસન, ન૦ હાસ્ય, ૨ ઠઠ્ઠો; હાસ્ય રસનું નાનું નાટક, ઉપહાસ, ટોળ [ઝટકો, ફટકો
પ્રહાર, પુ૦ (સ૦) માર, ઘા ૨ આઘાત
પ્રાકામ્ય, ન૦ જક, મમત ૨ આઠસિદ્ધિ પૈકી એક
પ્રાકાર, પુ૦ કોટ, કિલ્લાની દિવાલ,
પ્રાકૃત, વિ૦ (સ૦) લોકવ્યવહારમાં ચાલતી બોલીભાષા ૨ વિ૦ નીચું હલકું, ૩ સામાન્ય લોકમાં વપરાતું તે ૪ પ્રકૃતિ સંબંધી
પ્રાકૃતિક, વિ૦ કુદરતી, સામાન્ય લોક સંબંધી
પ્રાગડ, સ્ત્રી૦ (સ૦) મળસકું પ્રાગડવાસી=મળસકું થયું, પ્રભાત થયું [નિર્લજપણું, બેઅદબી
પ્રાગલ્ભ્ય, ન૦ (સ૦ પ્રગલ્ભતા, ઉદ્ધતાઇ ૨ નિ-
પ્રાઘુણ, પુ૦ (સ૦)પરોણો, અતિથિ
પ્રાચી, સ્ત્રી૦ (સ૦) પૂર્વ દિશા, ઉગમણું.
પ્રાચીન, વિ૦ પૂર્વનું, અસલનું, જુના કાળનું
પ્રાજે, પુ૦ પરાજય, હાર ૨ પ્રલય
પ્રાજ્ઞ, વિ૦ શાણું, ચતુર હોશિયાર કુશળ
પ્રાણ, પુ૦ (સ૦) જીંદગીને આધારરૂપ એવો શરીરમાં વાયુ તે (એ પાંચ છે હૃદયમાં રહેલો વાયુ મુખ્ય હોવાથી તેને પ્રાણવાયુ કહે છે બીજા અપાન, વ્યાન, ઉદાન ને સમાનવાયુ છે) ૨ જીવ ચૈતન્યાત્મા ૩ જીવનના આધારરૂપ તે
પ્રાણજીવન, ન૦ સ૦)જેથી જીંદગીનો ટકાવ રહે છે તે, પ્રાણની પેઠે જીવનને ટકાવનાર
પ્રાણનાથ-પતિ, પુ૦ પ્રાણ રાખનારો, પ્રીતમ, ધણી
પ્રાણપ્યારી, સ્ત્રી૦ પ્રાણસમાન પ્રિય એવી જે સ્ત્રી તે, પ્રિયા
પ્રાણાધાર, પુ૦(સ૦) પ્રાણનો આધાર ૨ ધણી વર.
પ્રાણાન્ત, પુ૦ (સ૦) પ્રાણનો અંત, મૃત્યુ ૨ અ૦ પ્રાણ જાય તોપણ
પ્રાણાયામ, પુ૦ (સ૦) શ્વાસને શરીરમાં લઈ રોકવા અને તેને છુટવા સંબંધી જે ક્રિયા તે, પ્રાણવાયુને કબજે રાખવો તે તેના ત્રણ ભેદ છે કુમ્ભક, પૂરક ને રેચક [પ્રાણાર્પણ તે
પ્રાણાહુતિ, સ્ત્રી૦ પ્રાણને આહુતી આપવી તે,
પ્રાણિયા, પુ૦ પ્રાણી, પ્રાણ-જીવવાળું
પ્રાણી, ન૦ (સ૦) જેનામાં પ્રાણ હોય તે, જીવ-ચેતનવાળું જે તે
પ્રાણીવિદ્યા, સ્ત્રી૦ પ્રાણીઓ સંબંધી જ્ઞાન તે
પ્રાણેશ, પુ૦ પ્રિયપતિ **પ્રાણેશ્વરી**=પ્રિયા
પ્રાત કાળ, પુ૦ (સ૦) મળસકું, પ્રભાત; વહાણું
પ્રાત સંધ્યા, સ્ત્રી૦(સ૦)પ્રાત કાળે કરવાનું સંધ્યા

કર્મ (બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્યને) ૨ ઉદય થતા સૂર્ય પહેલા એક મુહૂર્તનો કાળ
પ્રાતીભ, સ્ત્રી॰ બુદ્ધિનો પ્રકાશ
પ્રાથમિક, વિ॰ આરંભનું, શરૂઆતનું, પહેલું
પ્રાદુર્ભાવ, પુ॰ (સ॰) બહાર નીકળી દેખાવું તે, ઉદય, આવિર્ભાવ [ગિવાની, પ્રધાનતા
પ્રાધાન્ય, ન॰ (સ॰) મુખીપણું, મુખ્યત્વ, આ-
પ્રાન્ત, પુ॰ (સ॰) મોટા દેશનો એક ભાગ (નદી પર્વતથી થયેલો અથવા સત્તાથી ગણેલો) ૨ દેશ, મુલક, જિલ્લો ૩ ખુણો, છેડો, કોર, અણી
પ્રાન્તિક, વિ॰ પ્રાન્તને લગતું, અમુક દેશવિભાગનું
પ્રાપ્ત, વિ॰ (સ॰) મેળવેલું, પેદા કરેલું, સંપાદન કરેલું, ૨ પહોંચેલું, મળેલું
પ્રાપ્તિ, સ્ત્રી॰(સ॰) પેદાશ, ઉત્પન્ન, આવક, લાભ ૨ ધર્મની વૃદ્ધિ ૩ આઠ સિદ્ધિ પૈકી એક સિદ્ધિ
બદલાવવુ,ક્રિ૦સ૦ ફેરવાવવુ, સુધરાવવુ ૨ એક

બદલાવુ, ક્રિ૦અ૦ એકને ઠેકાણે બીજુ આવવુ, ફેરફાર થવો ૨ ફરી જવુ, ખસી જવુ ૩ ઉલટ સુલટ થવુ [બીજે ઠેકાણે જવુ તે ૩ અવેજી.

બદલી, સ્ત્રી૦ ફેરફા સ્થાનાતર ૨ એક ઠેકાણેથી

બદલે, અ૦અવેજમા, સાટે, એકને અભાવે બીજુ ઠેકાણે

બદલો,પુ૦ અવેજ, સાટુ ૨ અવેજમા આપેલુ તે ૩ ઉપકાર,આભાર ૪ વેર,ખાર ૫ બદલાવવા જોગ

બદવુ, ક્રિ૦અ૦ મોટાની મરજી પ્રમાણે ચાલવુ મર્યાદામા વર્તવુ, ગાઠવુ, હુકમ માનવો [કદરૂપુ

બદશિકલ, વિ૦ ખરાબ ચહેરાનુ, વરવુ, બેડોળ,

બદસુરત, વિ૦ વરવુ, કદરૂપુ.

બદહજમી, સ્ત્રી૦ અજીરણ,અપચો

બદામ, સ્ત્રી૦ (ફા૦) એક સુકો મેવો ૨ એક હલકુ ચલણ (હિસાબમા)

બદામડી, સ્ત્રી૦ બદામનુ ઝાડ

બદામી, વિ૦ બદામના રગનુ, ભુખરૂ લાલ

બદિયાન, ન૦ કુડતુ બદન

બદી,સ્ત્રી૦ (ફા૦)દુરાચણ,અનીતિ,અધર્મ "નેકી ને બદી" ૨ નિન્દા, ચુગલી ૩ કુટેવ, કુછદ ૪,

ગિલ્લી દંડાની અને મંજાની રમત રમતા જે જરાક ખાડો કરે છે તે, ગબી

બદુ, વિ૦ માલ વનાનો, ગંદુ [પરવશ

બદ્ધ, વિ૦ (સ૦) બાંધેલુ, સજ્જડ ૨ પરતંત્ર,

બધિર, વિ૦ (સ૦) બહેરૂ સાભળે નહિ તેવુ

બધુ, વિ૦ સઘળુ, આખુ, તમામ, સધુ

બધે, અ૦ સઘળે ઠેકાણે સર્વત્ર

બનડી, સ્ત્રી૦ નવી પરણેલી કન્યા, નવવધુ

બનડો, પુ૦ પરણવા જતો છોકરો વર ૨ વિવાહમા ગાવાનુ ગીત

બનવુ, ક્રિ૦ અ૦ એકદમ આવી પડવુ થવુ, નિપજવુ ૨ ૨ વાટમા આવવુ, જેવુ જોઇએ તેવુ થવુ "ઘર ઠીક બન્યુ છે" ૩ અનુકૂળ આવવુ, તાકડો મળવો ૪ થવુ નિકળવુ, નિવડવુ ૫ સ્નેહ-મેળાપ હોવો, એક સંપ રહેવો-હોવો, ૬ હળીમળીને રહેવુ ૭ નિશાના રંગમા આવવુ ૮ સાફસુફ થઈ સણગરાવુ ૯ થઇ શકવુ, કરી શકાવુ ૧૦ મશ્કરી થવી **બનવાજોગ**=સંભવિત **બનવાકાળ**=ભવી

બના, સ્ત્રી૦ લાજ, આબરૂ, ઈજત [કપડુ

બનાત, સ્ત્રી૦ (ફા૦) પહોળા પનાનુ જાડુ ઉનનુ

બનાવ, પુ૦ (હિં૦) હોનારત, પ્રસંગ, ઘટના, એકા એક-ઓચિંતુ બનવુ તે, પ્રસંગ ૨ મેળાપ, સ્નેહ,

બનાવટ, સ્ત્રી૦ બનાવવાની રીત-તરેહ, રચના ૨ પોત, કુમાશ ૩ અસલ નહિ પણ જુદુ જ, નવુ બનાવેલુ તે, તરકટ, કાવતરૂ ૩ ફજેતી મશ્કરી

બનાવટી, વિ૦ ખોટુ, જુઠુ ૨ તકલેદી, પોકળ ૩ બનાવેલુ, કૃત્રિમ, ઢોંગી

બનાવવુ, ક્રિ૦ સ૦ કરવુ, ઘડવુ, રચવુ, જોડવુ ૨ ઉત્પન્ન કરવુ, પેદા કરવુ ૩ બનાવટ કરવી, જોડી કાઢવુ ૪ કહેવુ, ચિતરવુ ૫ ઘાટ ઘડવા ૬ મજાક કરવી, બેવકુફ બનાવવુ ૭ શણગારવુ, ફક્કડ દેખાય તેમ કરવુ ૮ દોરવુ, કાઢવુ

બન્નુસ, ન૦ (અ૦) કામળો, ધામળો, બોરો

બનેવી, પુ૦ બેનનો વર

બન્ને-ન્નો, અ૦ બે, બેઉજણ

બંદ(બન્દ) પુ૦ (ફા૦) જેથી કોઇ ચીજ બંધ થાય તે, આડ ૨ બંધાણુ, બંધ ૩, બેડી, હેડ ૪ હદમા રાખવુ તે, કેદ કરવુ તે ૫ પાણી અટકાવવાનો પુસ્તો, બાધ ૬ પટો [૨ હુકમ, આજ્ઞા

બંદગી, સ્ત્રી૦ (ફા૦) ઇશ્વર પ્રાર્થના, ભક્તિ નિમાજ

બંદર, ન૦ (ફા૦) જ્યા વહાણો તરતા રહે તેવો દરિયાનો-નદીનો કિનારો, બારૂ ૨ એને લગતુ જે શહેર-ગામ તે ૩ ફુરજો, માડવી, ડક્કો. **બંદર** કરવુ-વહાણો નાગર ૨. ઝાડે જવુ

બંદરી, વિ૦ એક જાતનું ઝાખી બુટ્ટીવાળુ કપડુ છીંટ (પાત્રડી માટે) ૨ બંદરને લગતુ

બંદી, પુ૦ સ્તુતિ પાઠકો, ચારણો ૨ કેદી, બંદીવાન

બંદી, સ્ત્રી૦ (ફા૦) અટકાવ, મના, મંધી ૨ જોડવુ તે, દોસ્તી. "ભાઇબંદી" ૩ ગુલામડી, હઠથી પકડી આણેલી સ્ત્રી 'વિષયાસક્ત પુરૂષની પ્રમાણે તેણે બહુ બંદીઓનો પરિગ્રહ કર્યો હતો"-કાદંબરી.

બંદીખાનુ, ન૦ (ફા૦) કેદખાનુ, તુરંગ, જેલ

બંદીજન, પુ૦ વખાણ કરનારા, ભાટ, ચારણ

બંદુક, સ્ત્રી૦ (આ૦) દારૂ ભરી ગોળી મારવાનુ નળીવાળુ એક હથિયાર, અગ્ન્યસ્ત્ર

બંદો, પુ૦ (ફા૦) સેવક, ગુલામ, દાસ, ફિદવી. ૨ ફુલાસમા પોતાને વિષે બોલતા વપરાય છે, હુ પોતે. બંદાના બહાર જોઇ લેવા=પરાક્રમ જોજો બંદા ખાય કે તાપે જ્યાં પડયા ત્યા ખેમ ને કુશળ

બંદોબસ્ત, પુ૦ (ફા૦) ગોઠવણ, સગવડ, તજવીજ ૨ કરાર, ઠરાવ, કબુલાત ૩ વ્યવસ્થા, સુલેહ શાંતિ જાળવવી તે, જાપતો

બંધ, પુ૦ (સ૦) બાધવુ-બાધેલુ તે ૨ નિયમ, ધારો ૩ અટકાવ, રોકાણ ૪ રચના, ગુંથણી "પદબંધ" ૫ જે વતી કાઇ બાધેલુ તે, પટો, પાટો, ગાઠ, બેડી. દેહ ૬ દોરડુ, દોર ૭ પાળ, પુસ્તો. ૮ શરીર, દેહનુ બંધારણ તે.

બંધકરવુ, ક્રિ૦ સ૦ અટકાવવુ, વાસવુ (બારણુ) ૨ મીચવુ, બીડવું, સંકોચવું (આખ). ૩. પ્રતિબંધ કરવો, મના કરવી. ૪ બીડવુ, વાળવું, અંદર ઘાલવુ "કવર બંધ કર્યું." ૫. આટોપવું, પુરૂ કરવું, સમાપ્ત કરવુ "લખવનુ બંધ કરો."

બંધકી, સ્ત્રી૦ (સ૦) વેશ્યા, છિનાળ ૨ વાંઝણી,

બંધકોશ, પુ૦ ઝાડો ન આવે તેવી પેટની જે સ્થિતિ

તે, કબજીયાત
બંધન, ન૦ (સં૦) બાંધવું તે, બાંધણી ૨ પાશ, જાળ ૩ અટકાવ પ્રતિબન્ધ ૪ નિયમ, ધારો ૫ કેદ કરવું તે, કેદ, ૬ પટો દોર ૭ મના, બંધી
બંધબેસતું, વિ૦ અનુકૂળ, ગોઠતું, માફક આવતું
બંધવ, પુ૦ભાઇ, સહોદર, બાંધવ [૨ બેસતું, યોગ્ય
બંધાણુ, ન૦ ગાંઠ, પાશ, જાળ ૨ અટકાવ, પ્રતિબન્ધ, બંધન. ૩ બાંધણી ૪ ટેવ, આદત ૫ બાંધવાનું તે, દોરડું [વાની રીત
બંધામણ-ણી, સ્ત્રી૦ બાંધવાનો કિમ્મત, બાંધ-
બંધારણ, સ્ત્રી૦ બંધારાની સ્ત્રી
બંધારણ, ન૦ બાંધણી, રચના, બનાવટ ૨ બે વસ્તુનું સાથે જોડાવું તે ૩ ગ્રંથના વિષયની ગોઠવણ ૪ જેથી બાધો પડે તેવી વસ્તુ ૫ ખાધા વિના નજ ચાલે તે, વ્યસન ૬ બાધો, શરીરની બાંધણી. ૭ ઘાટ, યોજના
બંધાણી, વિ૦ વ્યસની, હેળ-ટેવવાળું
બંધારો, પુ૦ રંગવાનો ભાગ જુદો બાંધી જુદા જુદા રંગ કરનારો ૨ રેશમી કપડા ધોઇ કુંદી કરી આપનાર
બંધાવવું, ક્રિ૦ સ૦ બંધન કરાવવું, સાથે જોડાવવું ૨ ઘાટસર વિંટળાવવું ૩ શાબાશી આપવી, સરપાવ આપવો
બંધાવું, ક્રિ૦ અ૦બંધન થવું, કબુલ થવું ૨ નક્કી થવું, ઠરવું ૩ અકડાઇ જવું, રહી જવું ૪ મળી જવું, ઘટ થવું [તેવું (પાણી)
બંધિયાર, વિ૦ બંધાયલું (હવા) ૨ વહેતું નહિ
બંધી, સ્ત્રી૦ મના, અટકાવ ૨ પરેજી, કરી ૩ કરાર, બોલી, સરત. ૪ પાકી, અણોજો. **બંધી** કરવી=કરાર કરવો ૨ મના કરવી, વારવું ૩ કરી
બંધીખાનું, ન૦ કેદખાનું, તુરંગ, જેલ. [પાળવી
બંધીવાન, વિ૦ કેદી, બંધાયેલું, અટકાવેલું
બંધુ, પુ૦(સં૦)બાન્ધવ, ભાઇ ૨ સોબતી, સાથી ૩ મિત્ર, ભાઇબંધ, દોસ્ત. ૪ સગપણ કે જાતનો કોઇ એક બંધુજન=ભાઇભાંડુ, આપ્તજન
બંધુતા, સ્ત્રી૦ ભાઇચારો, મિત્રભાવ, દોસ્તી
બંધુર, વિ૦સુંદર, પ્રીતિ ઉપજાવે તેવું, રમણીય

બન્ને-ન્નો, અ૦ બેઉ, બેજણ [પડથાળું
બપડું, ન૦ લાકડાનું ગોળ રમકડું ૨ વિ૦ બે
બપૈયો, પુ૦ એક જાતનો પક્ષી, ચાતક, દેવતરસ્યો.
બપોર, અ૦ દિવસના બીજા પહોરનો સમય, દહાડાનો મધ્ય ભાગ, મધ્યાહ્ન
બપોરિયું, ન૦ આતસબાજીની એક બનાવટ ૨ બપોર સુધી કામ કરનારું ૩ બપોરે કરવાનું તે ૪ એક જાતનું ફૂલ, જે બપોરે ખીલે છે
બફો, પુ૦ ઘામ, બફારો, બાફ
બફાકરવું, ક્રિ૦સ૦(અ૦) ફાયદો-ગુણ કરવો
બફાણું, ન૦ બાફેલો, તરત ખાવા માટે બાફીને રાઇ ચઢાવેલી કેરીનું અથાણું.
બફારો, પુ૦ ઉમારો, ઘામ, બાફ
બફાવું, ક્રિ૦ અ૦ બાફથી-ગરમીથી પોચું ને મીઠું થવું, ૨ ઘાવું, સીઝવું ૨ ઘામથી અકળાવું [કરવો
બબડવું, ક્રિ૦ અ૦ ચીડમાં બોલ્યા કરવું-લવારો
બબડાટ, પુ૦ બબડવું તે, લવારો
બબરચી, પુ૦(ફા૦)રસોઇયો, ૨ ધવારો. [ભંજવાડ
બબરચીખાનું, ન૦ રસોડું, રાંધણી ૨ ગંદકી,
બબુચક, પુ૦ મૂર્ખ, કમ અક્કલ. ૨ ખાઉબરો
બબ્બે, વિ૦ બેબેના જોડકા, બેને જથે.
બમ, અ૦ (બમ્બ) એવો થતો ભારે અવાજ ૨ મહાદેવને પ્રસન્ન કરવા કરાતો અવાજ "બમ બમ મહાદેવ" ૨ જંગી, કદાવર
બમ્હસ, વિ૦ સારી પેઠે ભરેલું ૨ ખોખરૂં
બમણવું, ક્રિ૦ અ૦ પાંખનો અવાજ થવો. ૨ આશામાં વારવાર ભટકવું [ગંદકી.
બમણાટ, પુ૦બમણવું તે, ગણગણાટ ૨ ભંજવાડ,
બમણું, વિ૦ દુપ્પટ, બેવડું, બેગણું. **બમણી મારસ**=બેવડી પીડા, બેવડી માથાફોડ
બમ્બ, પુ૦ નરવામાંનું બાયું, મૃદંગના જે પાસામાં ખરજના સૂર વાગે છે તે ૨ ડંકો ૩. બાવળ. 'આબે અમૃતફળ નિપજ્યા, ને બબે આવી શૂળ' વિ૦ કદાવર, વિશાળ, મોટું **બંબ** બજાવવું=ઠોકવું, માર મારવો **બંબે** બંબ-કંઈ ન હોય તેવું, પોલું, અંધેર તૂત, ખોટે ખોટું
બમ્બો, પુ૦(અ૦ પમ્પ)પાણીની ધાર ઉરાડવાનો

યત્ર આગ હોલવવાનો-પાણી કાઢવાનો સંચો ૨ પાણીનો નળ ૩ ઉનામણો [વિવેચન.
બયાન, ન૦ (ફા૦) વર્ણન, વિગતવાર હકીકત,
બર,અ૦પુરૂ પડ્યુ હોય તેવુ,અમલમા આવ્યુ હોય તેવુ ૨ પ્રમાણે, મુજબ 'બર હુકમ "૩ બરાબર -સરખુ-સમોવડિયુ થવુ તે ૪ વિ૦ માફક,ઘટતુ,
બર,પુ૦ પનો, પહોળાઇ ૨ જાત ૩ માલ [લાયક
બ ક,પુ૦(ફા૦) ઉંટના વાળ
બરકત, સ્ત્રી૦ (અ૦) ફાયદો, લાભ, હાસલ ૨ ફતેહ,શુભ, કલ્યાણ,સિદ્ધિ ૩ અધિકતા,ભરપુરતા
બરકદાજ પુ૦ બંદુકવાળો, બંદુકચી [પાડવી
બરકવુ,ક્રિ૦સ૦ સાદ કાઢી બોલાવવુ, બકારવુ,બૂમ
બરકી,સ્ત્રી૦ રૂડીની ગાસડી
બરકો, પુ૦ મોટો સાદ,ઘાટો, બૂમ, બરાડો
બરખાસ્ત, વિ૦ (ફા૦) વિખરાયેલુ, વિસર્જન મિજલસ બરખાસ્ત થઇ=સભા ઉઠી ગઇ
બરછટ,વિ૦ કઠ્ઠણુ ને ખરબચડુ ૨ કઠણુ, સખત
બરછી, સ્ત્રી૦ નાનો ભાલો [હાડનુ-માણસ
બરછો,પુ૦ ભાલો ૨ કડંને સીધો ઉભો સાડો
બરજાત, વિ૦ નીચ તુકમનુ, હીણુ, બીજનુ
બરજોરી,સ્ત્રી૦(ફા૦) જોરાવરી,જુલમ,જબરજસ્તી, બળાત્કાર, સખતી
બરડ,અ૦ ચાવતા દાંતથી અવાજ થાય તેમ
બરડ,વિ૦ ઝટ ભાગી જાય તેવુ, કડક, કઠણુ
બરડવુ, ન૦ મિજાજગરૂ, ઐંડવુ
બરડકબોલુ, વિ૦ સખત, કડક ૨ ભડભડિયુ "એટલે એક જણુ બોલિયો, બરડકબોનો બોલ"
બરડો,પુ૦ વાંસો, પીઠ ૨ સોપારીની એક જાત ૩ કરોડ બરડો થાબડવો=હિંમત આપવી,ઉશ્કેરવુ બરડો ભારે થવો-માર ખાવાના ચિન્હ જણાવા [વાસણ (અથાણા ભરવાનુ)
બરણી, સ્ત્રી૦ ચિનાઇ અથવા લાખોટેલુ માટીનુ
બરતરફ, વિ૦ (ફા૦) કાઢી મૂકેલુ રજા આપેલી, દૂર કરેલુ (નોકરીમાથી)
બરતરફી, સ્ત્રી૦(ફા૦) બરતરફ કરવુ થવુ તે [પણુ.
બરદ,ન૦ ભક્તને વરદાન આપવુ તે, બિરૂદ, વચન,
બરદાશ-સ્ત, સ્ત્રી૦ (ફા૦) સંભાળ, તજવીજથી પાળવુ તે, ખાતર
બરદિયો,પુ૦ બંદિજન, ભાટ
બરફ, ન૦ (ફા૦) હિમ, કરા ૨ હવામા ઠંડીથી અથવા કૃત્રિમ રીતે બંધાયેલુ પાણી, વાચ,પાલો
બરફી, સ્ત્રી (ફા૦) દૂધનો માવો,ખાંડ અને મસાલાની બનાવેલી એક મીઠાઇ [ચુરમુ
બરફીચુરમુ, ન૦ ઠારેલો લાડુ, ચોસલા પાડેલુ
બરબડ,સ્ત્રી૦ લવલવ,બડબડાટ, લવારી
બરબાદ,અ૦(ફા૦) રદ,નકામુ 'વેપારને આબાદને બહાને બરબાદ કર્યો " ૨ મિથ્યા, ખાલી
બરબાદી,સ્ત્રી૦ખરાબી, પાયમાલી, સર્વ જવુ તે
બરમર,સ્ત્રી૦ દયા,દાઝ. ૨ કાળજી
બરલવુ, ક્રિ૦સ્ત્રી૦ ઉંઘમા બલવુ-બકવુ
બરસટ,વિ૦બરડ,ઝટ ભાગી જાય તેવુ ૨ બરછટ
બરાગળ,સ્ત્રી૦ ઝીણો તાવ,ધીકડી
બરાડ,સ્ત્રી૦ બૂમ, બરકો, રાડ
બરાડવુ,ક્રિ૦સ૦ બૂમ પાડવી આરડવુ,ગરજવુ
બરાડો,પુ૦ બરાડવુ તે, મોટો ઘાંટો, ગર્જના
બરાત,સ્ત્રી૦ (ફા૦) વરની જાન ૨ વરઘોડો ૩ ગંજીફાનો એક રંગ
બરાબર-રોબર, વિ૦(ફા૦) સમાન, સરખુ ૨ ખરૂ, વાજબી,અદલ, યથાર્થ ૩ ઉચિત, લાજીમ, લાયક, ઘટતુ ૪ અનુકૂળ, માફક ૫ સમતોલ, સરખા જેવુ ૬ સપાટ, સરખુ, વાંકુ ચૂંકુ નહિ તેવુ ૭ એકાકાર, એકરૂપ, એકતારૂ ૮ ઠીક ઠીક ગોઠવેલુ ૯ દુરસ્ત, ભૂલચૂક વગરનુ ૧૦ પુરૂ, સંપૂર્ણ બરાબર થવુ=પતી રહેવુ, થઇ રહેવુ
બરાબરિયુ-રોબરિયું, વિ૦ સરખેસરખુ, સમોવડિયુ [૨ સરસાઇ, સ્પર્ધા
બરાબરી, સ્ત્રી૦ (ફા૦) સમાનતા, સરખાપણુ
બરાસ,ન૦ કપુરમા મસાલો નાખી બનાવલો એક સુગંધીદાર પદાર્થ [૩ પત્થર માપવાનુ માપ
બરાસ,પુ૦ (અ૦) કુચો, કુચડો ૨ કલમ પિંછી
બરી, સ્ત્રી૦ (ફા૦) અંગરખાનો એક ભાગ ૨ બળી
બરૂ, ન૦ એક જાતનુ ચમરીવાળુ ઘાસ એની સોટીની કલમ થાય છે
બરો, પુ૦ ઘણા તાપથી હોઠના ખુણા આગળ જે ઝીણી ફોલ્લીઓ થઇ આવે છે તે ૨ ચામોદી,પત-

રાજી ૩ ગર્વ,તોર,અભિમાન,મગરૂરી ૩ ચસકો, તનમનાટ હોશ
બરોડુ, ન૰ જુવાર બાજરીનુ સરોડુ ૨ બરૂ
બરોળ, સ્ત્રી૰ શરીરના ડાબા પાસામા આવેલો એક અવયવ
બર્બર, વિ૰ અનાર્ય, જંગલી લોક ૨ મૂર્ખ
બલકે,અ૰(આ૰,એટલુજ નહિ પણ વધારે,વિશેષ
બલખમ-ગમ, પુ૰(આ૰) બળખો કફ,ગળફો
બલગરી,સ્ત્રી૰ સ્ત્રીની કોટનુ એક તરેહનુ ઘરેણુ
બલજાવુ, ક્રિ૰ અ૰ વારી જવુ
બલમ, સ્ત્રી૰ બાફેલી ડાંગેર
બલવણ, ન૰ એક જાતનો ખાર, આમળાના પાણીમા ઉકાળેલુ મીઠુ મીઠાની બાધાવાળા એ ખાર વાપરે છે
બલવો, પુ૰ (આ૰) બંડ, ફિસાદ, તોફાન
બલા, સ્ત્રી૰ (આ૰) પીડા કરતુ, મેલુ, ભૂત પ્રેત, ચટક ૨ દુખ આવી પડે તેવો બનાવ, આફત ૩ પીડા, માથાફોડ, માથુ ફોડાવવુ ૪ દૈવ્ય
બલાક, પુ૰ (સ૰) બગલો **બલાકા**-બગલી
બલાડી, સ્ત્રી૰ બિલાડી
બલાલ, વિ૰ હરામ નીચ કર્મ કરનાર
બલિ, પુ૰ (સ૰) ભોગ ૨ પૂજા ૩ ભેટ
બલિદાન, ન૰ (સ૰) દેવ દેવતાને જે ભક્ષ અર્પણ [થાય છે તે, ભોગ
બલિષ્ટ,વિ૰ બળવાન,જોરાવર
બલિવર્દ, પુ૰ (સ૰) બળદ
બલિહારી,સ્ત્રી૰ જશની વાહવાહ, સાબાશી,ધન્ય, રૂપ પ્રતાપ જોતા જે સ્તુતિ-આસક્તિનો ભાવ થવા તે, ફિદા થવુ તે, વારી જવુ તે [વહન
બલુન, ન૰ (અ૰) વિમાન, હવામા ઉડતુ યાન
બલૈ, સ્ત્રી૰ કાખમા જે ગાઠ થઇ આવે છે
બલૈયા, ન૰ ઓવારણા, હર્ષમા આશિર્વાદ દેતા બે હાથ લમણે અરકાડી ટાચકા ફોડવા તે દુખડા ૨ ચુડીઓ **બલૈયા** પહેરવા=નાતરૂ કરવુ
બલૈયાખે ચવા, ક્રિ૰ સ૰ હીસાબ માંડી વાળવો, [ખાતા બંધ કરવા
બલૈયુ, ન૰ ચુડી, બલોયુ
બલોયુ, ન૰પહોળી ચીપની ચુડી [કે બટલો છો."
બલ્લવુ,ક્રિ૰ અ૰ ઉત્તમા બોલવુ 'તમે બકો છો.
બવાડુ, ન૰ નવી ખેડાયલી જમીનનુ બીજુ વર્ષ
બવાસીર, પુ૰ હરસ મસાનો રોગ
બશેર, પુ૰ બે શેર
બશેરી, સ્ત્રી૰ બશેર વજનનુ કાટલુ
બસ, અ૰ (ફા૰) પૂરૂ, થયુ, પૂર્ણ ૨ ઘણુ, પુષ્કળ.
બસી, સ્ત્રી૰ રકાબી, છાછર
બસે-સો, વિ૰ ૨૦૦ [તે, પિચકારી
બસ્તી, સ્ત્રી૰ (સ૰) ગુદા વાટે પિચકારી આપવી
બસ્તો, પુ૰ (ફા૰ **બસ્ત**) ગાસડી, પોટલી
બહલાવવું, ક્રિ૰સ૰ ફુંગરાવવુ, ખીલવવુ ૨ ફેલા[વવુ, વધારવુ
બહવવુ, ક્રિ૰સ૰ બોલવુ ૨ વહેવુ
બહાદુર, વિ૰ (ફા૰)હિંમતવાન, સાહસિક,છાતી ચલુ, મર્દ, શૂરવીર [મર્દાઇ
બહાદુરી,સ્ત્રી૰(ફા૰) સાહસ, હિંમત ૨ પરાક્રમ,
બહાનુ, ન૰ નિમિત, મિષ,મસ,ઢોંગ, જુઠુ કારણ
બહાર, પુ૰ (ફા૰) ખુબસુરતીનુ ખીલી રહેવુ તે, શોભા, ખુબી, રંગ 'શા હતા આપણા બહાર' ૨ આનંદ, મઝા, ખુશી ૩ બંદુકનો અવાજ
બહાર,અ૰(સ૰**બહિર**) અંદર નહિ તેવુ,બારણે બહાર જવુ=ઝાડે ફરવા જવુ,જંગલ જવુ ૨.ફરવા કે કામને અર્થે ઘરની બહાર જવુ
બહારવટિયો, પુ૰ બારવટિયો, જુઓ
બહારવટુ, ન૰ બારવટુ, જુઓ
બહારવુ,ક્રિ૰સ૰ ઝાડુ કાઢવુ,સાફ કરવુ, વાળવુ
બહાલ, વિ૰ (ફા૰) કાયમ, જાયુનુ રાખેલુ હોય તેવુ, સ્થાયી ૨ કબુલ, મંજુર
બહાલી, સ્ત્રી૰ કાયમી ૨ મંજુરી [આપવી તે
બહાલીબરતરફી, સ્ત્રી૰ નીમણુક કરવી ને રજા
બહાવુ, ક્રિ૰ સ૰ પથરાવુ ૨ ગભરાવુ
બહાવરૂ, વિ૰ વિહ્વળ, ગાભરૂ [પેલીપાર
બહિર, અ૰ (સ૰) બહાર (અંદર નહિ) ૨
બહિર્લાપિકા, સ્ત્રી૰ (સ૰) પદની બહારના અક્ષર બમણી જે રચના-ચાતુરી તે (ઉલટુ અંતર્લાપિકા)
બહિષ્કાર,પુ૰(સ૰)દેશવટો,ત્યાગ,બહાર કાઢવુ તે
બહિષ્કૃત, વિ૰ (સ૰)બહાર કાઢી મૂકેલુ, તજેલુ, તરછોડી નાખેલુ
બહુ, વિ૰ ઘણુ, પુષ્કળ, બમ જાસ્તી, વિપુલ.

૨ મોટુ, ખૂબ **બહુજ થઇ**=બહુ વીત્યુ, ઘણુ દુ ખ પડ્યુ, અવધિ થઇ

બહુગંધા, વિ૰ (સ૰) પીળી જુઇ ૨ શાહજીરૂ ૩ ચપાની કળી

બહુધા,અ૰(સ૰) બહુ પ્રકારે જોતા, વિશેષે, ઘણુ કરીને, અનેક રીતે

બહુબોલુ, વિ૰ બોલકણુ, દોડડાહ્યુ, વાચાળ

બહુરૂપી,વિ૰નાના રૂપ વેશ ધારણ કરનાર,નાટકી

બહુવચન, ન૰ (સ૰) (વ્યાકરણમા) વસ્તુનુ જે અનેકપણુ તે

બહુવાર,અ૰(સ૰) ઘણી વખત, વારવાર

બહુવિધ,અ૰ (સ૰) બહુ પ્રકારે, અનેક રીતે

બહુવ્રીહિ, પુ૰(સ૰) (વ્યાકરણમા) બે અથવા વધારે શબ્દોનો બનતો સમાસ

બહુશ્રુત, વિ૰(સ૰) જેણે સાભળી સાભળી ઘણુ જ્ઞાન મેળવ્યુ હોય તે

બહુસારૂ, અ૰ ઠીક, વારૂ, હા એમજ

બહેન, સ્ત્રી૰ બેન,ભગિની, માજાયી

બહેરૂ,વિ૰ જેનાથી કશુ સંભળાય નહી તે,બધિર

બહોળુ, વિ૰ મોટુ,વિશાળ, ખુલ્લુ ૨ ઉદાર **બહોળે હાથે**–ઉડાઉપણે, છૂટે હાથે,ઉદારતાથી

બળ, ન૰ (સ૰)શક્તિ, સામર્થ્ય, જોર, ૨ તાકાત, તાકાદ ૩ પ્રભાવ, પ્રતાપ, ગૌરવ ૪ જુલમ બળાત્કાર ૫ સૈન્ય, દળ,ફોજ, લશ્કર, ૫ દમ, જીવ, જીગર

બળકટ, વિ૰ બળવાન

બળખો, પુ૰ ગળામાથી જે જાડો ચિકણો કફ બહાર પડે છે તે

બળજોરી, સ્ત્રી૰ (ફા૰) બરજોરી, જોરજુલમ, બળાત્કાર ૨ જોરો, બહોશ, બહુ આગ્રહ

બળતણ, ન૰બાવળાના પદાર્થ, ઇધણા, સરપણ ૨ (હિ૰) રાધવાના વાસણ

બળતરા, સ્ત્રી૰ લાય ચરચરાટી ૨ મનમા ઈ ઝરાવુ તે, બળાપો ૩ ફિકર, ચિંતા ૪ ઇર્ષ્યા, અદેખાઈ, દાઝ

બળતુ, ન૰ ભડકુ, તાપ ૨ વિ૰ સળગતુ,લાગતુ. ૨ અદેખુ, ઝેરીલુ ૩. મનમા દુ ખ પામતુ.

બળદ, પુ૰ (સ૰ **બલીવર્દ**) કામમા લીધેલો ખાસી કરેલો વાછરડો તે,ઢાઢો, બેલ ૨ અક્કલ વગર મહેનત કરી જાણનારો, વૈતરો

બળદાર, વિ૰ બળવાન, બળવત મજબુત

બળધારી, વિ૰ બળવાન

બળબળ, સ્ત્રી૰ બળતરા, મનસ્તાપ ૨ ફિકર,કાળજી, ચિંતા ૩ દાઝ, ઇર્ષ્યા

બળબિમ્બ, ન૰ એક જાતનુ ફળ

બળબીજ, સ્ત્રી૰ એક જાતની ઓષધિ,

બળવત્તર, વિ૰ વધારે બળવાન, બળિયુ

બળવન્ત, વિ૰ જોરાવર, સમર્થ, બળવાળુ

બળવુ, ક્રિ૰ સ૰ અગ્નિથી ગરમીથી ખાખ થવુ, દાઝવુ, સળગવુ ૨ જોસ્સાથી અકળાવુ,ગભરાવુ ૩ અદેખાઇ કરવી, સારૂ જોઇને દાઝવુ ૪ સુકઇ જવુ (પાણી વગર)

બળવો, પુ૰ બખેડો, ફિસાદ,તોફાન, બડ

બળાત્કાર, પુ૰(સ૰)જોર જુલમ, બળજોરી મરજી ઉપરાત–પરાણે કરવુ તે **બળાત્કાર કરવો**–જોર જુલમથી મરજી ઉપરાત સ્ત્રી સભોગ કરવો, ૨ જુલમ કરવો

બળાપો, પુ૰ કઢાપો, શોક, સતાપ ૨ અદેખાઇ

બળિયા–બળિયાકાકા, પુ૰ સૈયડ

બળિયુ, વિ૰ બળવાન, બળવત, જોરાવર

બળિયેલ, વિ૰ બળેલુ, અદેખુ, કઢાપો કરનારૂ, કકાસિયુ

બળિષ્ઠ, (સ૰) **બળિયુ**, જુઓ

બળી, પુ૰ (સ) દેવપિતૃ ભૂત ઇ૰ને અર્પણ કરવાનુ ભક્ષ તે,ભોગ

બળીદાન, ન૰બળી, ભોગ

બળેવ,સ્ત્રી૰ શ્રાવણ સુદિ પુનેમ, નાળિયેરી પુનમ યજુર્વેદી બ્રાહ્મણોને જનોઇ બદલવાનો દિવસ

બળી, સ્ત્રી૰ગાય ભેસના વિયાયા પછી તરત કાઢેલા દૂધની એક બનાવટ

બળોતિયુ, ન૰ નાના બાળકની ગાડતળે રાખવાનો પાથરવાનો (જેમા મળમૂત્ર પડે તે) કકડો.

બાક, પુ૰(પોર્ટુ૰બેન્કો) બેસવાની પાટલી,બેન્ચ

બાકવુ, ક્રિ૰ અ૰ બકવુ,બોલવુ 'પ્રતિજ્ઞા પાકતો, બળ બહુ બાકતો, નાર તે લકમા કાલ લાવુ.'

બાકાઇ, સ્ત્રી૰ ટેઢાઈ, છેલાઈ, ફાકડાઈ ૨ કુલાશ, ફુપદ

બાકુ, વિ૰ (હિ૰) કુટક્કુ, છેલ,ફાકડુ ૨ વિચિત્ર

મિજાજનું, ટેઢું ૩ નાજુક (કામ) બાંકા કુ કવા—ખુશામતના ગીત ગાવા, વખાણ-પ્રસંશા [કરવી

બાકુ, ન૦ રણશિંગુ

બાકેરાવ, પુ૦ બાંકો ફક્કડ, છેલબટાઉ

બાગ, સ્ત્રી૦ (ફા૦) નિમાજ પઢવાની ચેતવણીતે

બાગડ, વિ૦ લુચ્ચો, ખધો ૨ બહાદુર, કાબેલ

બાગરો, વિ૦ મોઢે ચઢાવેલો, બહેકાવેલો

બાઘેડવુ, ક્રિ૦ સ૦ મોટેથી રડવુ, આરડવુ

બાટ, ન૦ એક જાતનુ બાંધીને ભાત પાડેલુ રેશમી સ્ત્રીને પહેરવાનુ વસ્ત્ર ૨ કાટા, ખુપરા ૩. કાટલાનો સટ

બાટવું, ન૦ ન૦ નાનુ ઠુમસુ ઝાડ

બાંટવુ ક્રિ૦અ૦ વહેચી આપવુ ભાગ પડતુ આપવુ

બાડુ, ન૦ થોડા વરસાદને લીધે દોડાયના નહિ તેવા જુવાર બાજરીના છોડ

બાડાબીજ, સ્ત્રી૦ વૈશાખ સુદિ બીજ (મારવાડી)

બાંડિયો, પુ૦ મુસલમાનને માટે તિરસ્કારમા વપરાતો શબ્દ

બાડું, ન૦ પુછડા વિનાનુ ૨ અશોભતુ ૩ છોગા વગરનુ, ઝાલર રહિત ૪ ઉઘાડુ નાગુ 'હાથમા ખાડા કરતી બાડા, ચોફેર ફરતી ગણગણે

બાદડી, સ્ત્રી૦ લુંડી, ગુલામડી, ચાકરડી

બાંધ, પુ૦ પાણીનુ જોર અટકાવવાને બાંધેલી પાળ પુસ્તો ૨ બધ

બાંધકામ, ન૦ ચણતર, બાધ, ૨ ઇમારતી બાધકામ

બાંધછોડ, સ્ત્રી૦ બાધવુ ને છોડવુ તે ૨ છુટછાટ બાંધછોડની વાત=એક એકના પેચમા રમવાની વાત

બાંધણ, ન૦ પોથી-ગાસડી બાધવાનુ કપડુ ૨ બધન, ગાઠ ૩ દોરડુ, રમી, ઈ૦ ૪ આચ્છાદન, ઢાકણ ૫ બાધવાનુ કમ

બાંધણી, સ્ત્રી૦ બાધવાની તરેહ-રચના ૨ બાધીને રગેલુ કપડુ, ચુદડી ૩ બધામણી ૪ ઇમારત, [રચના

બાંધલુ, ન૦ મસાણ, શ્મશાન.

બાંધવ, પુ૦ ભાઇ, બન્ધવ, સહોદર

બાંધવુ, ક્રિ૦ સ૦(સ૦ બન્ધ્) જકડી લેવુ કસવુ ૨ ગાઠવુ, સાધવુ, ગુથવુ, ૩ દૃઢ જોડવુ, જકડવુ, ન છુટે એમ કરવુ ૪ બનાવવુ રચવુ 'વર બાધવુ" ૫ વિંટાળવુ, આટા દઈ ઘાટ બનાવવો "પાઘડી બાધવી" ૬ હ મા ગ ખવુ, અકુશમા આણવુ ૭ કોઈ આધાર ઉપરથી કલ્પના ઉઠાવવી' આશા બાધવી, તર્ક બાધવો "૮ બધનમા લાવવુ, કબુનાત-ઠરાવને વળગી રહે તેમ કરવુ ૯ જમાવવુ, એકઠુ કરવુ, જુમલે કરવુ

બાંધો, પુ૦ બધારણ, રચના ૨ કાઠુ ડોળ, ઘાટ, વાન ૩ સઘટ્ટન, ઠરવુ-બધાવુ તે ૪ બધન,

બાબલી, સ્ત્રી૦ બગલમા થતો માસપાક [બાંધણુ

બાબુ, પુ૦ (અ૦) એક જાતનો પોલો વાસ

બાંભોરો, પુ૦ પોચો પત્થર (પોરબદર તરફનો)

બાયડુ, ન૦ કોણી ઉપરનો હાથનો ભાગ

બાય, સ્ત્રી૦ હાથ, કર બાય ગ્રહ્યાની લાજ' ૨ બાવડુ ૩ હાથને ઢાકતો અગરખા ચોળી વગેરેનો ભાગ ૩ કન્યાના હાથની ચૂડી અકેકી અથવા જોડકુ ૪ સહાય, મદદ, ઓથ 'બાન્ધવ હોય અબોલડા તોય પોતાની બાય'

બાયધર-રો, પુ૦ બાયધરી કરનારો, જામીન, હામીદાર, જમાન

બાયધરી, સ્ત્રી૦ જામીનગીરી, જમાની [મમ

બાયુ, ન૦ કમાડનો ખુણો, આડબધ ૨ નરઘામાનો

બાહુ, સ્ત્રી૦ કર, હાથ ૨. સહાય

બા, સ્ત્રી૦ બહેન "કાશીબા"૨ મા, આઇ, માતા

બા, અ૦ બાળકને લાડમા બોલાવતા વપરાતો શબ્દ

બાઈ, સ્ત્રી૦ મોટી ઉમરની ઘરડી સ્ત્રીને વિવેકથી બોલાવતા વપરાય છે ૨ સાસુ

બાઇ કલાણી, સ્ત્રી૦ ગરીબાઇ, ભિખારીવેડા કરવા તે ૨ આજીજી, યાચના ૩ સાલાઈ, નામર્દાઇ બાઇ કલ્યાણી કરવુ=ભીખી ખાવુ, ગરીબી દેખાડી માગી ખાવુ ૪ બાયલો, કન્યારાશિ ભોળો ચરિત્ર વિનાની સ્ત્રી

બાઇજી, સ્ત્રી૦ સાસુજી, માનવતા સાસુ

બાઇડી, સ્ત્રી૦ બાઇ, અબળા ૨ ભાર્યા, પત્ની

બાઇમાણસ, ન૦ સ્ત્રીજન, ત્રૈરૂ, અબળા જાત

બાઉ-ઉવો, પુ૦ લાડુ, મિઠાઇ (બાળક બોલે છે) ૨ હાઉ, બીવરાવવા માટે કલ્પેલી બીહામણી આકૃતિ હુક

બાઉલુ, ન૦ ઓ, આચળનો થોનો
બાકરી, સ્ત્રી૦(આ૦બાકર્-દયાળુ) મમતા,મમતની લડાઈ, અટસની તકરાર, બાથ **બાકરી** બાધવી=મમત કરવો, વેર ઉભુ કરવુ
બાકળા, પુ૦ આખુ બાફેલુ કઠોળ, તોઠા **ભૂતને** બાકળા નાખવા-કઠોળનો બલિ આપી ભૂત શાત કરવુ ૨ લાચ આપવી ૨ કડક રહેલુ બાફેલુઅનાજ
બાકી,સ્ત્રી૦ (આ૦)શેષ,શીલક,વાપરતા રહેલુ તે
બાકી, વિ૦ અધુરૂ,અપૂર્ણ, કાચુ
બાકી, અ૦ નહિ તો નહિતર [વધુ ઘટયુ
બાકીતાકી, વિ૦ લહેણુ, માગતુ ૨ રહ્યુ કર્યુ,
બાકુ-કોરૂ, ન૦ મોટુ છિદ્ર-કાણુ
બાખડવુ, ક્રિ૦ અ૦ લઢવુ,કજિયો કરવો
બાખડુ, વિ૦ વિયાવાને ઘણો વખત થઈ ગયો હોય તેવુ ઢોર ૨ ધટ્ટ,મતવાળુ 'બાખડી ભેંસકા દૂધ સક્કરમે ઘોલનાજી'
બાખાબોલુ,વિ૦ ભક્કાબોલુ,નિષ્કપટી,નિખાલસ
બાખુ, વિ૦ બાકુ, ૨ગીલુ, ચેની
બાગ, પુ૦ (ફા૦) ફૂલ ફળોના ઝાડને રોપીને સુદર કરેલી જગા તે,વાડી, બગીચો,વાટિકા,ઉપવન
બાગડોર, સ્ત્રી૦લગામ, રેન (ઘોડાની)
બાગનેટ, ન૦(અ૦) સગીન,બદુકની નળી ઉપર ભાલા જેવુ હોય છે તે
બાગબાન, પુ૦ (ફા૦) માળી
બાગાયત-તી, સ્ત્રી૦ બાગકામ, બાગ બનાવવાનો હુન્નર [જમીન
બાગાયતી, વિ૦ (ફા૦) ફળના પાકને લાયકની
બાગડ, ત્રિ૦ જાડો જબરો પણ ઉદ્ધત, ગમે તેને ગમે તે કહે તેવુ ૨ બાહોશ, નિડર [હાક
બાઘડો, પુ૦ વિચિત્ર બિહામણા સ્વરૂપનો માણસ,
બાઘોડ, વિ૦ મૂઢ
બાચકો,પુ૦ ઉઘે પજે જેટલુ લેવાય તેટલુ,પોલી મુઠી ૨ ઉઘો પજો કરી ચામડી પકડી ખેચવી તે, ચીમટો
બાજ, સ્ત્રી૦ પત્રાવળી, પાતળ, બાજઠુ, પતરાળુ
બાજ,પુ૦ (ફા૦) એક જાતનો પક્ષી, શકરો,મોટી સમળી [લાય "૨ડીબાજ"
બાજ, અ૦(ફા૦) વાળુ, રાખનાર, પ્ર૦ સૂચક પ્ર-
બાજ, પુ૦ ઘોડો, તૂરી [તુ ચોરસ સુંદર **આસન**
બાજટ-ઠ,પુ૦ચાર પાયાનુ લાકડાનુ થોડી ઉચાઈ-
બાજઠુ, ન૦ પતરાળુ
બાજદુ, વિ૦ ખબડદાર, ચચળ,ધૂર્ત્ત, પહોચેલું બબ્બા વિના બાજ દો—રોલો,ચચળ નહિ તે.
બાજદાવેડા, પુ૦ ચચળાઇ, ખબડદારી ૨. લુચ્ચાઇ, ખધાઇ
બાજરિયુ, ન૦ બાજરીનુ ડુડુ-ક્ણુસલુ ૨ એક જાતનું ઘરેણુ **બાજરિયુ** વધવુ-હજામત વધવી (મજાકમા).
બાજરિયો, પુ૦ બાજરીને ખાડી છાસમા રાધી કરેલો ખોરાક તે ૨ બાજરીના લોટનો કસાર-બાટ
બાજરી, સ્ત્રી૦ (હિ૦) એક જાતનો છોડ, અને તેના ડુડામાથી નીકળતું ધાન્ય
બાજરો, પુ૦ મોટા દાણાની બાજરી
બાજી, સ્ત્રી૦ (ફા૦)જે પાટિયા-કપડા ઉપર કોઇ રમત મડાય તે ૨ દાવ, દા ૩. હારજીત—હોડની રમત, ખેલ, ચોસર ૪ દાવપેચની રચના, પ્રપચ છટકુ **બાજી** માડવી=રમવાનુ શરૂ કરવુ **બાજી** જવી-ખેલ બગડી જવો **બાજી** જીતવી=જીત કરવી,ફાવી જવુ, **બાજી** ધૂળ થવી=ખેલ બગડવો, અવળા પાસા પડવા **બાજી** હારવી=નિષ્ફળ થવુ, હાર ખાવી, ધારણા સિદ્ધ ન થવી
બાજીગર, પુ૦ (ફા૦) હાથ ચાલાકીનો ખેલ કરનાર, ગારુડી, મદારી, જાદુગર
બાજીયાકાર, ભવાડો, ફજેતો
બાજુ, સ્ત્રી૦ (ફા૦) કોઇ ચીજનો પહોળાઇ તરફનો ભાગ, કોર,કોરણ, ૨ તરફ પક્ષ,૩ તરફેણ કુમક, મદદ ૪ મેર, તરફ, દિશા ૫ આધે, છેટે 'બાજુએ બેસો.' ૬ જગા, સ્થળ, ઠેકાણુ
બાજુબધ, (ફા૦)હાથે કોણી ઉપર ઘાલવાનુ એક ઘરેણુ, બેરખી.
બાજે,વિ૦(ફા૦)કોઇક, ગમે તે એક, એકાદુ
બાઝડુ, વિ૦[ફા૦] લુચ્ચુ, હરામી,ખધુ.
બાઝવુ, ક્રિ૦ સ૦ ધરવુ, પકડવુ,ઝાલવુ, વળગવુ ૨ લડવુ ૩ અડકવુ ૪ ચોટી રહેવુ,વળગવુ **બાઝી** પડવુ=વળગી પડવુ ૨ લઢી પડવુ

બાઝવુ, ક્રિ૦ અ૦લાગવુ,આવવુ,ઉત્પન્ન થવુ ૨ બધાવુ, થવુ (દોસ્તી)
બાટ, પુ૦ કસાર
બાટલી, સ્ત્રી૦ (અા૦ બૉટલ) લાબા આકારનુ ને સાંકડા મોનુ કાચનુ ઠામ **બાટલી** ભગત—દારૂનો વ્યસની
બાટલો, પુ૦ મોટો શીશો, બટ્ટો
બાટી, સ્ત્રી૦ છાણાની આચથી શેકેલી જાડી ભાખરી અથવા કણકના ગોળા
બાટુ, ન૦ નીધરયા વગરના જાર બાજરીના સાઠા
બાડુ, વિ૦ ડોળો ખુણા તરફ જરા ખેચાયલો હોય તેવી આખવાળુ, ત્રાસુ, તિર્યક ૨ જોતા ડોળો જરા ખેચાતો હોય તેવુ **બાડુ** જોવુ=આખ આડા કાન કરવા ૨ છાનુ માનુ જોવુ ૩ ડોળો તાણીને જોવુ
બાડુવાં-ડુવા, વિ૦ બાપુડા,લાડકા, રાકડા, નિર્દોષ, કાલુ બોલનાગ 'બોલવુ જુઓરે બાડુવા રામનુ'
બાઢુઉં, વિ૦ બાળક જેવુ અણુસમજુ ને કાલુ
બાઢમ, અ૦ અસ્તુ, ભલે, મહુ સારૂ,કબુલ ૨ સારૂ, ઠીક, હા ૩ અટકાવવુ તે બધ 'કહેવુ નથી કાંઇ હાવા, બોલવુ બાઢમ કર્યુ"—વલ્લભ
બાણ, ન૦(સ૦) તીર,શર 'ધનુષ્ય બાણ' ૨ એક જાતની આતસબાજી,પછડાઇને સળગે તેવો ગોળો, હવાઈ ૩ શકરની મૂર્તિ જેવી લબગોળ આકૃતિ, લિગ ૪ દરિયા—ખાડીને લગતી વિશાળ જગો જ્યા મોટા જુવાળનુ પાણી આવે તે ૫ કામદેવનુ તીર ૬ ખેતરની હદ બતાવનારા માટીના ટેકરા, ખુટ,પાળિયા ૭ બાધ,પુસ્તો ૮ પગલુ ૯ હાથમા આવેલો શિકાર વાગ્બાણ=આકરા વચન, તીક્ષ્ણ ભાષણ ૨ મહેણુ
બાણવુ, ક્રિ૦અ૦સાટુ કરવુ, કબાલો કરવો
બાણસુતા, સ્ત્રી૦ ઉષા,ઓખા, અનિરૂદ્ધની પત્ની
બાણાવળી, પુ૦ બાણ મારવામા હોશિયાર, પાકો નિશાનબાજ ૨ અર્જુનનુ બીજુ નામ
બાણી, સ્ત્રી૦ મુદત, ઠેરવેલો વખત ૨ સરત, કબુલાત ૩ શકુનમા અપાતી ભેટ,બક્ષીસ
બાણુ, વિ૦ નેવુ ને બે, ૯૨
બાતમી, સ્ત્રી૦ સમાચાર, પત્તો, છુપી ખબર ૨ ભેદ,રહસ્ય
બાતમીદાર, પુ૦ ખબર લાવનાર, જાસુસ,ભેદુ ૨ ખબરપત્રી,
બાતલ, વિ૦(અા૦) રદ, નકામુ ૨ નિરૂપયોગી
બાતેન, વિ૦(અા૦)ગુપ્ત,છાનુ,ખાનગી, પડદામા—અધારામા હોય તેવુ
બાથ, સ્ત્રી૦ બેહાથની ચૂડ, બે હાથ લાબા કરી તેમા કોઇને રાખવુ તે ૨ સામુ થવુ તે, ટક્કર લેવી તે ૩ સ્પર્દ્ધા, હરિફાઈ, બાકરી ૪ કોટી **બાથ** લેવી=કોટી કરવી **બાથ** ભરવી=ભેટવુ ૨ ટક્કર લેવી
બાથોડિયુ, ન૦ ફાફા વલખા ૨ પ્રયત્ન કોશીશ
બાદ, વિ૦(અા૦) સખ્યા—જથામાથી ઓછુ કરેલુ બાતલ, કમ, ઓછુ **બાદ** કરવુ—ઓછુ કરવુ ૨ રદ્ કરવુ, કાઢી નાખવુ
બાદ, અ૦ પછી, વળતી, કેડે, ઉપરાત, વધારામા
બાદબાકી, સ્ત્રી૦ બાકી રહેલુ તે ૨ બાદ કરવાની ગણિત રીતિ
બાદર, વિ૦ (ફા૦બહાદુર) સૂક્ષ્મથી ઉલટુ જાડુ, દેખાય તેવુ,મોટુ "સુક્ષ્મ બાદર જીવને અભય દાન જ દીજે"—જૈન
બાદલુ, વિ૦ બાદલુ નકલી, બનાવટી ૨ સોના રૂપાનો ઢોળ ચઢાવેલુ ૩ નાજુક ૪ કસબનુ ગુચ્છળુ
બાદશાહ, પુ૦(ફા૦)મોટો મુસલમાન રાજા,પાદશાહ
બાદશાહી, સ્ત્રી૦ (ફા૦)બાદશાહની હાકમી રાજ, સહેનશાહત, સામ્રાજ્ય
બાદશાહી, વિ૦ બાદશાહ સબધી—નુ ૨ રાજસી
બાદિયાન, ન૦એક જાતનુ વસાણુ
બાદી, સ્ત્રી૦(ફા૦)અજીરણ, બદહજમી ૨ પેટમા વાયુ થાય તે
બાદીબવાસીર, પુ૦ આધળા હરસ
બાદી હરસ, પુ૦ આધળા હરસ
બાધ, પુ૦ ન૦ (સ૦) અડચણ, વાંધો ૨ હરકત, ઉપદ્રવ, નડતર ૩ દોષ,પાપ ૪ પ્રતિબધ,પ્રતિરોધ
બાધક, ત્રિ૦(સ૦)બાધ કરનાર,પીડનાર,અટકાવનાર
બાધા, સ્ત્રી૦ કેટલીક વસ્તુનો ઉપભોગ ન કરવા સબધી જે નિયમ પાળવો તે,અટકાવ ૨ માનતા, આખડી ૩ પીડા,દુખ
બાધા, સ્ત્રી૦ દોષ,પાપ 'રાધા બાધા હારક, યુવતિ યૌવનવતી શચી જેવી'
બાધુ, વિ૦ આખુ, સપૂર્ણ, બધુ, તમામ
બાધેભારે, અ૦ સકેતમા, મોઘમ, એમને એમ.
બાન, ન૦ બોગી સાટુ, બહાનુ

બાનક,સ્ત્રી૦ બાંધણી, રચના [લુડી, બાનડી

બાની, સ્ત્રી૦વાણી,ભાષા ૨ છટા,શૈલી ૩ દાસી,

બાનુ,સ્ત્રી૦(ફા૦)આબરૂદાર સ્ત્રી,બાઈ ૨ શેઠાણી

બાનુ, ન૦ બહાનુ, મિષ,૨ સાટુ, સોદા પેટે અપાયેલુ નાણુ, એટી

બાપ,પુ૦પિતા,જનક ૨ જીવ જતુ,ઝેરી જનાવર દુશ્મન (વ્ય ગમા) **બાપ જન્મારે**=બાપ જન્મથી તે આજ સુધીમા **બાપના કુવામા ડુબી મરવુ**–બાપદાદાથી ચાલતી આવેલી ખરાબ રસમને વળગી રહેવાય નહિ **બાપનોબુધવાર**–(જ્યોતિષમા બુધ વાર નપુસક ગણાય છે તે ઉપરથી) કઇજ નહિ

બાપડુ, વિ૦ ગરીબ, રાક, ભલુ ૨ દયામણુ મા બાપની ઉફ વનાનુ ૩ કમજોર, અશક્ત

બાપદાદા, પુ૦ પૂર્વજ, ઘરડાવરા, વડીલ

બાપભાઈ કરવુ, ક્રિ૦ અ૦ કાલાવાલા કરવા,ઘણુ સમજાવવુ [ઉદ્ગાર

બાપ રે,અ૦ અરે બાપ ૨ ભય અને વિસ્મય દર્શક

બાપ સમાન,વિ૦ બાપ પ્રમાણે, પિતા તુલ્ય

બાપલા-લિયા, અ૦ બાપ રે ૨ સકટ–અકળામણુમા થતો ઉદ્ગાર

બાપા, પુ૦ બાપ ૨ બાપ, વડીલને અને લાડમાં છોકરાને સબોધવાનો તેમ સમજાવતા કરતા, ભક્તિ ભાવમા વપરાય છે

બાપીકુ, વિ૦ બાપનુ પોતાનુ, પોતાના હકનુ

બાપુ, પુ૦ બાપ, પિતા ૨ મોટેરાને માનાર્થે વપરાતો શબ્દ ૩ શિખામણ દેવામા વપરાતો શબ્દ 'બાપુ જરાક સમજ.'૪ છોકરાને બોલાવતી વખત વપરાતો શબ્દ [લાડકી

બાપુડી,સ્ત્રી૦શીળા સ્વભાવની છોડી,ગરીબ, દીન,

બાફ, સ્ત્રી૦ વરાળ ૨ ગરમીથી થતો ઉકળાટ, ઉબારો, ધામ, બફારો ૩ પસીનો **બાફ લેવો**–વરાળનો શેક કરવો (પરસેવો થવા સારૂ)

બાફણુ,ન૦ બાફવાનુ–રાંધવાનુ તે ૨ સ્વાદ વગરનુ ૨ ધાયલુ તે ૩ ઢોરને માટે બાફેલો ખોરાક, ગોતુ ૪ કાચી કેરીનુ કરેલુ શાક, **બાફણુ બાફવુ**=જેવુ તેવુ રાંધવુ

બાફવું,ક્રિ૦સ૦ રાંધવુ ,ચઢાવવુ ૨ ઉકાળવુ

બાબ પુ૦ (અ૦) પ્રકરણ, વિભાગ ૨ કામ ૩ વિષય, બાબત

બાબત, સ્ત્રી૦ (ફા૦) વિષય, પ્રકરણ ૨ મુદ્દો, મતલબ ૩ બીના હકીકત,બનાવ ૩ તપસીલ,વિગત

બાબત, અ૦ લીધે, માટે, વાસ્તે ૨ વિષે, સબધી, કારણસર [જે કઇ આપે છે તે ૨ દલાલી, વટાવ

બાબતી, સ્ત્રી૦ ખળીમા વસવાયાને લાગા તરીકે

બાબરાં, ન૦ માથાના ઉપરના નાના નાના વાળ

બાબરિયો, વિ૦વિખરાયલા નિમાળા વાળો,જટિલ

બાબરી,સ્ત્રી૦ નાના નિમાળાનો ગુચ્છો ૨ ટોપીની કોરની ઝુલ [૩ **માલમતા.**

બાબસ્તા,વિ૦સબધી,સગા ૨ લાગતુ વળગતું તે

બાબા,પુ૦એક જાતના બીલ. ૨ અગ્રેજના છોકરાઓ ૩ રોટલા, તાતા

બાબુ, પુ૦ (હિ૦) બાવો ૨ બગાળાનો રહીશ

બાબે, અ૦ બાબત, તે કારણ સર, માટે ૨ લીધે

બાબો, પુ૦ તાતા, રોટલો [વિષે, સબધે.

બામ, પુ૦ એક જાતનો વેલો ૨ બે હાથ ને છાતી એટલી લબાઈનુ જે માપ તે, વામ

બામણિયુ,વિ૦બ્રાહ્મણને ખપે તેવુ, ચોકખુ,શુદ્ધ ૨ જે શેરડીના બીના કડકાની આખો મોટી હોય તે

બામણી,સ્ત્રી૦ લાલ ચળકતી ચામડીનો એક જીવ ૨ ચાડળ ૩ બ્રાહ્મણી

બામદાદ, ન૦ (ફા૦) ભોર, વહાણુ, મળસકુ

બામલી,સ્ત્રી૦ બગલમા થતી ગાંઠ,કાખ બિલાડી.

બામશી, સ્ત્રી૦ ડાકણુ

બાયડી,સ્ત્રી૦ સ્ત્રી,ઓરત ૨ વહુ,પત્ની,

બાયલુ,વિ૦બૈરા જેવુ , બૈરક સ્વભાવનુ,કન્યારાશિ. ૨ જેનુ પોતાની બૈરી આગળ ચાલતુ ન હોય તે,સ્ત્રી વશ ૩ નમાલુ,બીકણુ હીચકારો ૪ નામર્દ,વિર્યહીન, નપુસક

બાયુ, ન૦ નરઘા–તબલામાનુ એક ઢોલકુ

બાર,પુ૦ (ફા૦) ભડાકો, મોટો અવાજ, બહાર ૨ મજા,આનદ ૩ તડાકો, ધાર્યું થવુ તે,જાહોજલાલી ૪ તારુણ્ય, જુવાની

બાર, ન૦ બારણુ, દરવાજો, દ્વાર ૨. આગણુ

બાર, વિ૦ (સ૦ દ્વાદશ) ૧૨. દશ ને બે, ૨. જુદુ

જુદુ ઘણુ,બહુ,સઘળુ 'બારે ભાગોળો મોકળી છે'
બાર પાદશાહી=બાર પાદશાહી જેવુ સુખ, ચેન
બાજી **બાર વરસનો**=નાનો, જુવાન **બાર વાગી જવા**=આફત આવી પડવી, પડતી થવી, **બારમો ચ દ્રમા**=વિરૂદ્ધતા,અણબનાવ **બારે દરવાજા ખુલ્લા છે**=કોઈ જાતનો પ્રતિમ ધ નથી **બારે દહાડા ને બત્રીસે ઘડી**-હરહમેશ,નિર તર [ગાડી
બારકસ,ન૦(ફા૦)મોટુ વહાણ, ઝાઝ ૨ ચારઠ,મોટી
બારખલી ગી,વિ૦માઠી જમીન,ઓછી આકણીનુ
બારગીર,પુ૦(ફા૦)ઘોડેસ્વાર પાયગામાનો સિપાઇ (બારગીરને ઘોડો તથા તેનો સામાન તેને નોકરી રાખનાર પૂરૂ પાડે છે શિલેદારને પોતાના ઘોડા વગેરેનો ખરચ પોતે ભોગવવો પડે છે ૨ જાસુસ, બાતમીદાર ૩ બાહોશ ને ચાલાક માણુસ
બારડ, પુ૦ નાતમાંથી જુદુ પડેલુ, બાયડ
બારડી ન૦ નેતરૂ [ધૂળધોયો
બારણિયો,પુ૦સોનીના હાટનો કચરો લેઇ જનારો,
બારણુ,ન૦જવા આવવાનો માર્ગ તે,બાર ૨ દર વાજો,ફાટક ૩ આગણુ **બારણા તોડી પાડવા**= ચાંપીને ઉઘરાણી કરવી,તગાદો કરવો **બા ણે તાળા દેવાવા**=સત્યાનાશ જવુ ,નિર્વંશ જવો **બારણે બેસવુ**=તગાદા કરવા,લાંઘવુ
બારદાન, ન૦ (ફા૦) જેમા માલ ભર્યો હોય તે, બાધણુ,ખોખુ ૨ બાધણનુ તોલ ૩ અડ,વૃષભ
બારનીસી, સ્ત્રી૦ હુડી પત્રી,કાગળ વગેરે નોધવા-ની ચોપડી, આવક ફાઇલ
બારનીસ પુ૦ હુડી પત્રી, કાગળ, હુકમ વગેરે નોધ્યા પછી નિશાની કરે છે તે સરકારી માણુસ
બારમાસી, સ્ત્રી૦ બારે મહિના ફૂલ આપતો એક છોડ.૨. બારે માસનુ,વાર્ષિક ૩, જાથુનુ,
બારમુ , ન૦ મરનારને બારમે દિવસે, જે ક્રિયા કર વામા આવે છે તે, દ્વાદશા
બારવટિયો, પુ૦ ન્યાય મેસવવા માટે રાજા પ્રજાને હેરાન કરવાને-વેર વાળવા સારૂ બહાર પડેલો તે, લુટારો [વાસવા સારૂ બહાર નીકળવુ તે
બારવટુ, ન૦ બારવટિયાનુ જે કામ તે ૨ વેર
બારવાસિયો, પુ૦ ઢેડો, ભ ગિયો, ગામ બહાર વસનારો તે [રવુ, એકઠુ કરવુ
બારવુ, ક્રિ૦સ૦ ઝાડુ કાઢવુ વાળવુ ૨ સાભ-
બારસ,સ્ત્રી૦ પખવાડિયાની બારમી તિથિ દ્વાદશી ૨ વિનાશ **બારસ નાખવી**=મરી ગયેલાની પાછળ દાનમા લુગડા વગેરે આપવા તે **બારસો બેમવી**-મોકાણ મ ડાવી 'બારસ તો બેસેરે, બાઇ જ્યારે મળે નહિ '—ધીરો [વ શ, કુટુબ
બારસા મ, સ્ત્રી૦ બારણાનુ ચોકઠુ ૨ પેઢી,
બારસે, વિ૦ બાર વખતે સો, ૧૨૦૦
બારાખડી-ક્ષરી, સ્ત્રી૦ અકેકા વ્ય જનમા બાર સ્વર મેળવી બનાવેલા પદ, કક્કાના પદ
બારીક, સ્ત્રી૦ (ફા૦) ઝીણુ સૂક્ષ્મ ૨ નાજુક, કોમળ ૩ પાતળુ ૪ તીક્ષ્ણ, અણીનુ **બારીક સમય**-અણીનો પ્રસગ ૨ ધાસ્તી ભરેલો સમય **બારીક કામ** ઝીણુ કામ **બારીક નજરે**=ઉ ડી નજરે, સપૂર્ણ રીતે **બારીકપણે**=સૂક્ષ્મ રીતે
બારીકાઈ-કી,સ્ત્રી૦નાજુકાઇ, ઝીણાશ ૨ બારીક પણુ, સૂક્ષ્મતા ૩ પેચ, ચાતુરી
બારીસ્ટર,પુ૦ (અ ૦)મોટા દરજાનો ધારાશાસ્ત્રી
બારી, સ્ત્રી૦ પ્રકાશ, હવા, તથા જોવાને માટે ભિ તમા બાકુ રાખેલુ તે ૨ એનુ જે બાગણુ તે ૩ બચવા નાસવાનુ સ્થાન, બહાનુ, મિષ ૫ (હિ ૦) વારી, વખત
બારીકી, સ્ત્રી૦ ઝીણવટ, બારીકાઇ, ઉ ડી તપાસ
બારૂ, ન૦ બારણુ, દરવાજો, દ્વાર, બારી ૨ નીકળી જવાની જુગતી-ગત, મિષ ૩ જ્યા નદી સમદ્રને મળતી હોય તે સ્થળ, ખાડી ૪ કાણુ, બાકોરૂ ૫ વાડમા જવા આવવાનો રાખેલો નાનો રસ્તો 'ખોડીબારૂ' ૬ બદર
બારૂ, વિ૦ બેસરૂ 'ગાવામા તે બારો થાય છે''
બારૂત, પુ૦ દારૂ (ફોડવાનો)
બારૂતદાન, ન૦ દારૂ રાખવાનુ શિગડુ-નળી
બારેમાસ, અ૦ હમેશ, નિર તર, સદા
બારેવાટ, અ૦ અહિ તહિ વેરાતુ પડયુ હોય તેમ, વિખરાયેલુ, સથરપથર ૨ નકામુ, નિષ્ફળ, બારે રસ્તે 'બાપાનુ બારેવાટ જાય'
બારૈયો, પુ૦ બાર હાથનો સાકટો ૨ બહાર-

વગડે પડી રહેનાર, જે લુચ્ચાઈથી બહારનું લાવ્યો હોય તે 'માગ્યાનું બારેવાટ ' ૩ બારવટિયો
બારોટ, પુ૰ ભાટની એક જાત [વ્યાજ તે
બારોત્રા, ન૦ ટકા ઉપરનું વ્યાજ તે, હદ ઉપરાંત
બારોબાર, અ૰લાગલુજ,પરભાર્યું,ઘેર ગયા વગર,
બાલ,પુ૦વાળ,નિમાળા ૨ છોકરૂ,બાળક [અરધેથી
બાલતોડ, પુ૦વાળ તુટવાથી થયેલો ફોલ્લો-ગુમડુ
બાલદી, સ્ત્રી૰ પાણી કાઢવાની બોખ
બાલમ, પુ૰ (હિ) આશક, યાર ૨ ધણી,વર
બાલમપેચ, પુ૰ પાઘડી ઉપરનો વાંકો ઢીલો પેચ.
બાલા,ન૰બહાના,મિષ ૨ ફાંફાં [છોગાવાળો આંટો
બાલાનંગ, પુ૦ એચી માથવાનો પટો
બાલાશ, સ્ત્રી૦ (ફા૰) સંભાળ, ભાળ, સાચવણી
બાલાશી-સી, સ્ત્રી૰ બાલાશ, જુઓ [પ્રમાણે
બાલેબાલ, અ૦ રૂએરૂએ, વાળેવાળ ૨ તદ્દન,
બાલેશરી,ન૰(સ૦ બકુલ) એક જાતનું ફૂલઝાડ,
બાલુડો, પુ૰ બાળક [બોરસળી, બોલવરી
બાલ્દી, સ્ત્રી૦ બાલદી, ડોલ
બાલ્ય, ન૰ (સ૰) નાનપણુ, બચપણ
બાલ્યાવસ્થા, સ્ત્રી૰ (સ૰) બાળપણ બચપણ
બાલ્લુ, વિ૰ ખોટુ, નકલી ૨ ખોટા કસબનુંગુંછળુ
બાવચી, સ્ત્રી૰ એક જાતની ઓષધિ-વનસ્પતિ
બાવટો પુ૰ એક જાતનું ધાન્ય, નાગલી
બાવડુ,ન૰ખભો અને કોણી વચ્ચેનો ભાગ, પાગોઠુ
બાવન, વિ૰ પચાસ ને બે, ૫૨
બાવનવીર, વિ૰ મહાબળિયો, બહાદુર
બાવનાચંદન, ન૰ એક જાતની સુખડ
બાવની, વિ૰ બાવનના સમુદાયવાળુ.
બાવરૂ, વિ૰ ગાભરુ, બેબાકળુ, અકળાયલું
બાવલુ, ન૰ ધાતુ-મટોડીનું પુતળુ
બાવળ-ળિયો પુ૰ એક જાતનું કાંટાળુ ઝાડ ૨ અડવું ને કુરૂપ તે બાવળ બોવે=કજીઆનું બી રોપવું
બાવળી, સ્ત્રી૦ ઘણા નાના બાવળનું વન
બાવા,પુ૰ બાપા, પિતા ૨. બાપુ, ભાઈ,(સમજાવતા વપરાતો શબ્દ) 'હરિપદ ભજ બાવા ! જન્મના દુ:ખ જવા'
બાવી, સ્ત્રી૦બાવાની સ્ત્રી,જોગણ ૨ વિ૰ બાવીસ
બાવીસ, વિ૰ વીસ બે ૨૨
બાવુ, ન૰ કરોળિયાનું જાળુ
બાવો, પુ૰ જોગી, વેરાગી, સાધુ. ૨ બાપ, પિતા
બાશ્કલ, વિ૰ ફરદુ, વંઠેલ, બેમર્યાદ ૨ બાઉધરો
બાષ્પ, પુ૰(સ૰) બાફ, વરાળ. ૨ અશ્રુ ૩ ધુમસ
બાસ, સ્ત્રી૦ વાસ, સોડમ, ગંધ, બો
બાસટી, સ્ત્રી૰ (અં૰એસ્ટીન) બાક, પાટલી
બાસઠ-સેઠ, વિ૰ સાઠ ને બ, ૬૨.
બાસા, પુ૰ સાર, તત્ત્વ [કપડુ
બાસ્તો, પુ૰ સારા મુલાયમ વણાટનું દેશી ઉમદા
બાસુદી, સ્ત્રી૰ઉકાળીને જાડુ કરેલું મસાલાવાળું
બાહુ,પુ૦ (સ૦) ભુજ, કર, હાથ [દૂધ, રબડી
બાહુક, પુ૦ વરવો, વિચિત્ર બિહામણો પુરૂષ ૨ વાદરો ૩ મુઢ, ઉંડી સમજ વગરનુ, મૂર્ખ
બાહુલુ, ન૰ બાવલુ, પુતળુ ૨ બાવલુ,અડણુ
બાહુયુદ્ધ,ન૦બથ્થંબથ્થા,હથિયાર વગરની લઢાઈ
બાહેર, અ૦ બહાર, હદની પેલી પાસ
બાહોશ, વિ૰ હોશિયાર, ચાલાક, કાબેલ ૨ બહાદુર, ખબડદાર.
બાહોશી, સ્ત્રી૰હોશિયારી, બહાદુરી,ખબડદારી
બાહ્ય, અ૦ (સ૰) બહાર, હદની પાર,ઉપરનું
બાહ્યગોળ, ન૰ ઉપસેલો ગોળ ભાગ તે,બિબાકાર (ઉનટુ, અતરગોળ)
બાહ્યોપચાર,પુ૰(સં૰) બહારના ઉપચાર,બહારના ભાગ ઉપર જે જે લગાડવાનુ-કરવાનુ તે.
બાહ્યાન્તર, અ૰ (સ૰) બહાર ને અંદર એમ
બાહ્યાન્તરલાપિકા, સ્ત્રી૰(સ૰)કવિતાની બહાર પડતા અક્ષરોની અને વળી અંદરના અક્ષરોની જે ગુપ્ત શબ્દ રચના તે
બાળ, ન૰ (સ૦બાલ) છોકરૂ, શીશુ, અર્ભક
બાળક, ન૰ નાનુ છોકરૂ બાળકી=નાની છોડી.
બાળક્રીડા, સ્ત્રી૰ બાળકની રમત, બાળ ખેલ
બાળખેલ, પુ૰ બાળકની રમત ૨ બાળકને માટે જે રમતગમત તે
બાળગોપાળ, ન૰ છોકરા છૈયાં; બાળબચ્ચાં.
બાળચરિત્ર, ન૦ નાના છોકરાં જેવુ વર્તન તે.
બાળચેષ્ટા, સ્ત્રી૰ નાનપણની રમત.

બાળપ, સ્ત્રી૦ મહેરબાની, કૃપાદૃષ્ટિ, રહેમિયત
બાળપણ-ણુ, ન૦ બચપણુ, નાનપણુ
બાળબુદ્ધિ, સ્ત્રી૦કાચી સમજ, નાદાનિયત
બાળબોધ, વિ૦ બાળકને બોધ આપવા જોગ, ઝટ સમજાય તેવુ ૨ દેવનાગરી લિપિ
બાળબ્રહ્મચારી, પુ૦ જે પુરૂષ કદી પરણ્યો નથી તે
બાળબચ્ચાં, ન૦ છોકરા હૈયા
બાળભાષા સ્ત્રી૦ બાળકની બોલી, સમજ પડે નહિ તેવી બોલી ૨ માગધી ભાષા ૩ માતૃભાષા
બાળમિત્ર, પુ૦નાનપણનો મિત્ર, ગોઠિયો [થવુ તે
બાળરંડાપો, પુ૦ નાનપણમાથી વિધવાપણુ પ્રાપ્ત
બાળરાંડ, સ્ત્રી૦ નાનપણમા થયેલી વિધવા
બાળલીલા, સ્ત્રી૦ નાનપણની રમત ગમત
બાળવિધવા, સ્ત્રી૦ બાળરાંડ
બાળવુ, ક્રિ૦ સ૦ સળગાવવુ ચેતવવુ, લગાડવુ ૨ ડામવુ, દઝાડવુ ૩ સતાવવુ, ખીજવવુ, દુભવવુ ૪ જાસવુ.
બાળસ્વરૂપ, ન૦ બાળકનુ સ્વરૂપ, નાની નાજુક આકૃતિ [માર્યાનુ પાપ
બાળહત્યા, સ્ત્રી૦બાળકને મારી નાખવુ તે, બાળક
બાળા, સ્ત્રી૦ (સ૦) ઉમ્મરમા આવતી કન્યા
બાળાપણુ, ન૦ બાળકપણુ, નાનપણુ શૈશવ ૨ કૌમાર્ય
બાળાબંધ, પુ૦ બાળકને માથે બાધવાનો ફેટો
બાળારાજા, પુ૦ રાજાની પેઠે કરવાની છુટવાળુ છોકરૂ, ભોળુ
બાળી, સ્ત્રી૦ બાળા, કન્યા (લાડમા) 'ચિત્ર લેહા કહે સુણુ બાળી, કેમ રૂવે છે આસુડાઢાળી'
બાળિશ, વિ૦ મૂર્ખ
બાળુભોળુ, વિ૦ અજ્ઞાન બાળક જેવુ
બાળુવા, ન૦ નાના લાડકા બચ્ચા,નાનેરા,હલેતા
બાળેરૂ, વિ૦ નાની ઉમરનુ, કિશોર વયનુ
બાળોઢા, સ્ત્રી૦ નાનપણમા પરણેલી છોકરી
બિંદગી, સ્ત્રી૦ ટીલી, ચાંદ બિંદી
બિકટ, વિ૦ કઠણુ, વિકટ, વસમુ ૨ ભયંકર
બિગાડ, વિ૦ બગાડ, નુકસાન, ખરાબી
બિગારી પુ૦ મજુર,હેલકરી, વૈતરો.૨ ભિખારી
બિચવો, પુ૦ એક જાતનુ ખંજર [૩ અસહાય
બિચારુ, વિ૦રાંક, બાપડુ,ગરીબ ૨ દુખી,હેરાન
બિછવા, પુ૦ વિછુવા, સ્ત્રીઓને પગને અંગુઠે પહેરવાના છવિટિયા, કચડા, અણુવટ
બિછાનુ, ન૦ બેસવા-સુવાનુ પાથરણુ. ૨ પથારી
બિછાયત, સ્ત્રી૦ પાથરણુ,જાજમ-સેતરંજી વગેરે
બિછાવવુ, ક્રિ૦ સ૦ પાથરવુ, ઢાળવુ
બિજોરૂ, ન૦ એક જાતનુ ફળ.
બિડવુ, ક્રિ૦ સ૦ બંધ કરવુ, વાસવુ, અટકાવવુ ૨ સંકોચવુ, જોડી દેવુ ૩ વાળવુ ગડી પાડવી
બિડાવવુ, ક્રિ૦ સ૦રવાને કરાવવુ ૨ બંધકરાવવુ
બિડ્યુશિડ્યુ, વિ૦ મુગે મોઢે, ચુમાઇને
બિન, અ૦ વગર, વિના
બિન, પુ૦ (આ૦) દિકરો 'ખુશાલદાસ ગોકળદાસ બિન હરજીવનદાસ
બિના, સ્ત્રી૦ (આ૦) વિવેચન, વર્ણન ૨ બાબત, હકીકત, તપસીલ
બિંદડી, સ્ત્રી૦ સીવી લીધેલી નાની પોટલી એંગી
બિંદી, સ્ત્રી૦ ટપકી, ચાંદ, ટપકુ
બિંદુ, ન૦ (સ૦) બુંદ, ટીપુ, ટપકુ ૨ શૂન્ય, મીંડુ ૩ ટાંપ ( ) અનુસ્વાર ૪ કણુ, બીજ બિંદુનો સિંધુ=રજનુ ગજ, વાતનુ વતેડુ, તરણાનો મેરૂ.
બિની, સ્ત્રી૦ લશ્કરનો આગળો ભાગ, હરોળ.
બિભાસ, પુ૦ (સ૦) સવારે ગાવાનો એક રાગ
બિમાર, વિ૦(ફા૦ માંદુ ,આજારી,કાયલી ૨ ખિન્ન
બિમારી, સ્ત્રી૦ (ફા૦)માંદગી, મંદવાડ, વ્યાધિ
બિમ્બ, ન (સ૦) સૂર્ય ચંદ્રનુ જે ગોળાકૃતિમા દેખાતુ તે, તખતી ૨ આરસી-પાણીમા જે રૂપ દેખાય છે તેનુ મૂળરૂપ (બિમ્બ ને પ્રતિબિમ્બ) ૩ ઘીલોડુ ૪ છબી, છાયા.
બિયાન, ન૦ બ્યાન, વર્ણન, વિવેચન.
બિયાબારૂ, ન૦ અણુબનાવ, સામી પ્રીત.
બિયાબાન, ન૦ (ફા૦) ભયંકરને બીક લાગે હો તેવુ, ઉજડ વેરાન
બિયામણુ, વિ૦ બીક લાગે તેવુ, કારમુ, વિકરાળ
બિયુ, ન૦ બી, બીજ

બિચો, પુ૦ બી, ઠળિયો, ગોટલો ૨ પેસી
બિરદ, ન૦ પણ, પ્રતિજ્ઞા, ટેક, વરદાન, વચન.
બિરદાલ, વિ૦ ટેકવાળુ, પણવાળુ એકવચની
બિરદાવળી, સ્ત્રી૦ વખાણ પ્રશસા
બિરમોલા, સ્ત્રી૦ એક જાતની જગલી વનસ્પતિ
બિરાજમાન, વિ૦ સુશોભિત, સુદર લાગે એમ રચાયેલુ ૨ સુખમા બેઠેલુ
બિરાજવુ, ક્રિ૦ અ૦ (સ૦ વિ+રાજ=પ્રકાશવુ) માન સાથે બેસવુ, પધારવુ ૨ શોભવુ સુદર દેખાવુ, બેસતુ આવવુ
બિરાદર, પુ૦ (ફા૦) ભાઇ, સહોદર બધુ ૨ દોસ્ત, મિત્ર [દોસ્તી, દાવો
બિરાદરી, સ્ત્રી૦ (ફા૦) ભાઇચારો, મિત્રતા
બિરાનુ, વિ૦ પારકુ, બીજાનુ, પરનુ [૩ બાંડ
બિલ, ન૦ (સ૦) ગુફા કોતર ૨ દર, રાફડો
બિલ, ન૦ (અ૦) ખરડો, મુસદ્દો ૨ ભરતિયુ માલની કિમ્મત સાથે યાદી ૩ ટીપ, યાદી ૪ હુડી
બિલકુલ, અ૦(આ૦) તમામ; સાવ, તદ્દન, જરાએ
બિલબી, સ્ત્રી૦ એક જાતનુ ફળ [જગા, સમુળગુ
બિલાડી-લ્લી, સ્ત્રી૦ એક જાતનુ ચોપગુ જનાવર, મિની, મજાર ૨ લોઢાના આકડાનો ગુચ્છો, કુવા ટાકામા પડેલી ચીજ કાઢવાની અકાડી ૩. નાગર, લગર; રોહીની. **બિલાડાં** થવા-આખે બહુ મેશ આજવાથી કાળુ કાળુ થવુ **બિલાડીનું** બચોળિયુ=કોઇ વસ્તુને સાથે ને સાથે રાખી સાચવ્યા કરવી તે **બિલાડુ** તાણવુ-ખેચવુ=વગર સમજે કાગળપર સહી કરવી
બિલાડીનો ટોપ, પુ૦ કુતરાના કાન જેવી વનસ્પતિ [નામનુ નિશાન, સહી
બિલાડુ, ન૦ બિલાડી અથવા બિલાડો, મીનડુ ૨
બિલાડો-લ્લો, પુ૦ બિલાડીનો નર ૨ ચાલાક,
બિલાવર, પુ૦ સવારનો એક રાગ [લુચ્ચો પુરૂષ
બિલિયાન, ન૦ પાસા પડેલો હીરો [કાચ
બિલોર, પુ૦ (ફા૦) આરપાર દેખાય તેવો સુદર
બિલ્લસ, પુ૦ (ફા૦ બાલિસ્ત) વેત
બિલ્લી, સ્ત્રી૦ (હિ) મીનડી, બિલાડી.
બિલ્લુ, ન૦ એક ઈટના ઓસારની ભિત ૨

બિલ્લુ, વિ૦ ચાલાક, ઠગ, લુચ્ચુ [ભીરૂ જોડિયુ.
બિલ્વ, પુ૦ (સ૦) એક જાતનુ ઝાડ, બીલી.
બિવડાવવુ-રાવવુ, ક્રિ૦સ૦ ડરાવવુ, ભય દેખાડવો
બિશાત, સ્ત્રી૦ વિશાત, મુડી, દોલત. ૨ માલમ્લ ૩ શક્તિ, બળ, ગુજાશ.
બિસ્તરો, પુ૦ બિછાનુ, પાથરણુ
બિસમિલ્લા, પુ૦ લો ખુદાનુ નામ ને કરોફત્તેહ
બિહામણ, વિ૦ ડરામણુ, ભયકર.
બિહાગ, પુ૦ રાતે ગાવાનો રાગ [ફરદુ, પ્રવાસી
બિહારી પુ૦ ખેલ મોજ કરનાર, વિહારી. ૨
બી, ન૦ બીયુ, બીજ ૨. મૂળ, મંડાણ, પાયો
બી, અ૦ પણ વળી અપિ
બીઆમુ, ન૦ બી 'જારનુ બીઆમુ'
બીઓ, પુ૦ એક જાતનું ઝાડ ૨ ઠળિયો, બી
બીક, સ્ત્રી૦ ધાસ્તી, દહેશત, ભય, ડર ૨ ધાક ૩ ચિતા, ફિકર
બીકણ, વિ૦ ડરકણ ૨ હિચકારૂ, હિમત વિનાનુ
બીચ, અ૦ વચ્ચે, વચમા, અદર, માહે
બીજ, સ્ત્રી૦ (દ્વિતીયા) પખવાડિયાનો બીજો દિવસ
બીજ, ન૦ (સ૦) બી બિયુ ૨ વીર્યનો અશ જે ગર્ભરૂપ ધારણ કરે છે તે ૩ મૂળ કારણ, જડ, પાયો, મડાણ. ૪. ભાવાર્થ, તાત્પર્ય, સાર ૫ જે વર્ણોચ્ચાર રૂપી બીજમાથી મત્ર સિદ્ધિ-ફળ થાય તે સકેત વર્ણ, હરફ 'ઐમ, હ્રીમ, ક્લીમ,' ૬ ઓલાદ, સતતિ. ૭ અક્ષર
બીજક, ન૦ બીલ, ભરતિયુ ૨ ચકતી, લેબલ, ટિકેટ.
બીજગણિત ન૦ (સં૦) અક્ષર તથા ચિહ્નથી જે ગણિત તે (અકગણિત ને બીજગણિત).
બીજમાર્ગ, પુ૦ એક જાતનો માર્ગ-પથ
બીજમાર્ગી, પુ૦ બીજમાર્ગ પ્રમાણે ચાલનાર.
બીજવર, પુ૦ બીજી વાર પરણનારો પુરૂષ તે
બીજીવાર, અ૦ ફરીથી, વળી, બીજી વખત.
બીજુ, વિ૦ (દ્વિતિય) પ્રથમની સાથે આવે તે, એની સંખ્યાનો અનુક્રમ બતાવે છે ૨ જુદી જાતનુ, જુદા વર્ગનુ ૩ અ૦ વળી, વધારામા, 'બીજુ કહેવાનુ કે'
બીટ, ન૦ છાણ, ગોબર.
બીડ, ન૦ જે જમીનમા ઘાસ થતુ હોય તે. ૨.

કાચુ ભરતનુ લોઢુ ૩ (અ૦) સરત
બીડવુ, ક્રિ૦ સ૦ બંધ કરવુ ૨ સીડવુ, પુરવુ, ચણવુ ૩ સીલ માગવી
બીડી, સ્ત્રી૦ ચુનો કાથો ચોપડી સોપારી મૂકી વાળેલુ પાન ૨ તબાકુ મૂકી પાદડાનો વાળેલો શંકુ આકારનો ઘાટ
બીડુ, ન૦ ત્રિકોણ આકારની મોટી બીડી તે ૨ કોઈ મોટુ કામ કરવાની જાહેર માગણી, સરતવાળી માગણી **બીડુ** ઝડપવુ=કોઇ સાહસ માથે લેવુ, સાહસ કામ કરવાની માગણી કરવી "તે નામ સાર્થક મહિપતિ વાહ કીધુ, બીડુ કુવ્હેમ હણવા ઝટ ઝડપી લીધુ"
બીડો,પુ૦કાગળ ઘાલેલુ મોટુ પરબિડિયુ, લખોટો
બીન, સ્ત્રી૦ (વીણા) એક જાતનુ તાર તથા બેપાસ [તુમડાવાળુ વાજુ.
બીનકી, સ્ત્રી૦ ચિંદી.
બીના, સ્ત્રી૦ બનાવ, બનેલુ તે ૨ હકીકત, વાત, હેવાલ,વર્ણન. ૩ વિષય, બાબત
બીબી, સ્ત્રી૦ ગૃહસ્થ મુસલમાન ઓરત,ખાનદાન [કુટુંબની બાનુ
બીબીજાયુ, વિ૦ બીબીને પેટે જન્મેલુ, ખાનદાન મુસલમાનના ઘરનુ બાળક
બીબુ, ન૦ ધાતુનો અક્ષર,ટાઈપ ૨ ઓઠુ,સાચી, ઓડી ૩ ઢાળ, ઘાટ, આકૃતિ, ફરમો ૩ ચિત્રામણ પાડવાનો કોતરેલો કડકો, નમુનો, પ્રતિકૃતિ
બીભત્સ, વિ૦ (સ૦) ચીતરી ચઢે તેવુ, કંટાળો આવે તેવુ ૨ શરમ ભરેલુ ૩ ભુંડુ, ન જોવાય તેવુ, નઠારૂ
બીભત્સ, પુ૦ એ નામનો નવ રસમાનો એક રસ
બીરંજ, પુ૦ ચોખા અને ચણાની દાળની મીઠી [ખીચડી
બીરમંડી, સ્ત્રી૦ ઉટકંટાનુ મૂળ
બીલ, ન૦ દર, બખોલ ૨ સાપનો રાફડો ૩ આંકડો, વેચેલા માલની કિંમત સુદ્ધા યાદી ૪ રસીદ, પહોચ ૫ ખરડો, મુસદ્દો
બીલચન, પુ૦ પાસા પાડેલુ નગ-હીરો
બીલી, સ્ત્રી૦(સ૦ બિલ્વ) એક જાતનુ ત્રણ ઝુમખે પાનવાળુ ઝાડ [થતી ગાંઠ, ગુમડુ ૩ અંડ, વૃષણ
બીલુ, ન૦ બીલીનુ ફળ ૨ શરીરના સાંધા ઉપર
બીવુ ક્રિ૦ અ૦ ડરવુ,ભય લાગવો,ધાસ્તી લાગવી, ચોંકવુ ૨ ગભરાવુ, કાયર થવુ
બુટ, પુ૦ અવાવરૂ-અવ્વડ ઉંડો કુવો
બુઠ, વિ૦ અજ્ઞાન, કમઅક્કલ, જાડી બુદ્ધિનુ,
બુદ, ન૦ ટપકુ, ફોરૂ ૨ છાંટો, ટીપુ, ૩ કોઈનાબી.
બુધી, વિ૦ અક્કલ વનાનુ, મંદબુદ્ધિ, ઇંધણુધોરી ૨ આળસુ ને એદી [તળિયુ
બુધુ, ન૦ બુંધુ, જાડો ડગોરો. ૨ વાસણનુ બળેલુ
બુબિયો, પુ૦ આકસ્મિક ભયનો ઢોલ,બુમિયો
બુબારવ, પુ૦ બુમરાણ સોરબકોર ૨ ઘોઘાટ
બુક, સ્ત્રી૦(અ૦)પુસ્તક, ચોપડી ૨ બુકડો,ગ્રાસ
બુકડી-ગડી, સ્ત્રી૦ સ્ત્રીના કાનનુ મોતીનુ એક [ઝુલતુ ઘરેણુ
બુકડો, પુ૦ ફાકો, બુક્કો
બુકણી, સ્ત્રી૦ ભૂકી, ચૂર્ણ
બુકવું, ક્રિ૦ સ૦ ફાકવુ, મોમા વેગળેથી નાખવુ
બુકાની,સ્ત્રી૦દાઢી ને ગાલ ઉપર આવી રહે તેમ માથે [બ ધાય એવો ફટકો
બુક્કો પુ૦ ઠાસો ૨ ફાકડો ગ્રાસ
બુગણુ, ન૦ ગાડીમા પાથરવાનુ જાડુ કપડુ, મોદ, [આથર
બુઘલી, સ્ત્રી૦ બરણી
બુચ, પુ૦ બૂચ ૨ દાટો, રોધ ૩ પાનાની રમતનો [એક દાવ
બુચટ, વિ૦ બુદ્ધિ વગરનુ મૂર્ખ
બુચી, સ્ત્રી૦ છોડી બુચો=છોકરો, પુત્ર
બુચુ, વિ૦ કાન વિનાનુ, ૨ બેઠેલા નાકવાળુ ૩ ઘરેણા-શોભા વગરનુ ૪ સત્તાહીન
બુજ, સ્ત્રી૦ બૂજ જુઓ
બુજરગ,વિ૦(ફા૦)વૃદ્ધ,ઘરડુ ૨ ઘરડુ ને માનવંતુ
બુજરગી,સ્ત્રી (ફા૦) ઘરડપણ, મોટાઇ, બુઢાપો
બુજવુ, ક્રિ૦ સ૦ સમજવુ, બોધ લેવો ૨. કદર કરવી, પીછાનવુ જાણવુ ૩ હોલાવુ
બુઝવવુ, ક્રિ૦ સ૦ હોલવવુ ટાઢુ પાડવુ (આગ) ૨ શાંત કરવુ, રોળી નાખવુ, બંધ પાડવુ
બુઝાવુ ક્રિ૦ અ૦ હોલાવુ, કમી થવુ, બંધ પડવુ
બુટ, સ્ત્રી૦ કાનની નીચેની ચામડી, લાળી, કાનની બુટ પકડવી=કબુલ કરવુ
બુટાક, અ૦ રંગે કાળુ ને શરીરે લઠ્ઠ
બુટિયુ, ન૦ લાકડાનુ લોળીયુ
બુટ્ટી, સ્ત્રી૦ નાનો બુટ્ટો, ભાત, તરેહ ૨ અજબ ગુણવાળી વનસ્પતિ, જડી ૩ પહોંચેલુ, કાબેલ. ૪. ભાગ, માયા

બુટ્ટેદાર, વિ૦ બુટ્ટાવાળુ, બુટ્ટાદાર
બુટ્ટો, પુ૦ ફૂલના જેવો આકાર, છાપેલુ કે વણતરમા પાડેલુ ચિત્ર ૨ તરગ, કલ્પના, ફૂટો.
બુઠ્ઠુ, વિ૦ ઘસાઈને ચપટુ-જાડુ થયલુ, ધાર રહિત ૨ જાડી બુદ્ધિનુ ૩ લાગણી વગરનુ
બુટ્ટો, પુ૦ મકાઈ દોડો, ભુટ્ટો
બુડકી, સ્ત્રી૦ એકદમ પાણીની અંદર પેસી જવુ તે, ડુબકી ૨ કામની વખતે ખસી જવુ તે
બુડથલ, વિ૦ બેવકૂફ, મૂર્ખ, મદબુદ્ધિનુ,
બુડવુ, ક્રિ૦ અ૦ ડુબવુ, પાણીની તળે બેસવુ ૨ ગરકાવ થવુ, દટાઈ જવુ
બુડાડવુ, ક્રિ૦ સ૦ બુરાડવુ
બુડિયાળ, વિ૦ બેવકુફ, મૂર્ખ, અણસમજુ
બુડિયો, પુ૦ કાળા મોનો લઠ વાદરો ૨ ઘરડો માણસ, બુઢિયો
બુઢાપો, પુ૦ ઘરડપણ, જરા, જઈફી
બુઢિયો, પુ૦ બુડિયો, જુઓ [ડોસુ, વૃદ્ધ
બુઢ્ઢુ, વિ૦ ઘરડુ, જેને જરા આવી હોય તેવુ,
બુણી, સ્ત્રી૦ બોણી ૨ અણી, ભાલાનુ ફળુ
બુતકો, પુ૦ શરીરે લઠ્ઠ ને કાળી સ્ત્રી, સીદણ
બુતપરસ્ત, પુ૦ મૂર્તિપૂજક; મૂર્તિને માનનાર
બુતપરસ્તી, સ્ત્રી૦ મૂર્તિપૂજા [થવાનુ નથી "
બુતે, અ૦ થી, થકી, વતી "એની બુતે કાંઈ
બુતાનુ, ન૦ બુતાનો ૨ મેલી ફાટેલી પાઘડી ૩ તોહમત, આળ, બુટ્ટો. [કકડો
બુતાનો, પુ૦ પાઘડીમા ઘાલવાનો મેલો ફાટો
બુતારો, પુ૦ સાવરણો, ઝાડુ
બુદબુદો, પુ૦ (સ૦ બુદ્બુદ) પરપોટો
બુદ્ધ, પુ૦ (સ૦) બુધવાર ૨ એક ગ્રહ
બુદ્ધ, વિ૦ જ્ઞાતા, સમજુ ૨ પંડિત
બુદ્ધાવતાર, પુ૦ વિષ્ણુનો નવમો અવતાર. (જગન્નાથ સ્વરૂપે) ૨ મૌન ધરીને જોયા-સાભળ્યા કરનાર.
બુદ્ધિ, સ્ત્રી૦ (સ૦) સમજ, જ્ઞાન ૨ સમજશક્તિ, અક્કલ, મતિ ૩ મત, અભિપ્રાય, વિચાર ૪ વિવેક, ડહાપણ ૫ મન, અંત:કરણ, શિખામણ ૬ વૃત્તિ, ઇચ્છા, મન બુદ્ધિનો આગળો=હૈયાશૂન્ય, મૂર્ખ, ૭ બુદ્ધિ ફરી જવી=અક્કલ ઉંધી થઇ જવી, અવળી મતિ થવી
બુદ્ધબળ, ન૦ સમજશક્તિ ૨ સેતરજની રમત.
બુદ્ધિમત-માન, વિ૦ બુદ્ધિવાળુ, અક્કલમદ
બુદ્ધિહીન, વિ૦ અક્કલ વગરનુ, મુર્ખ, ગમાર
બુધ પુ૦ (સં૦) ડાહ્યો, વિદ્વાન. ૨, એક ગ્રહ. એ નામનો વાર [બુધવાર=કઇ નહિ.
બુધવાર, પુ૦ સાત વારમાનો એક. બાપનો
બુધવારિયુ, ન૦ દર બુધવારે પ્રગટ થતુ છાપુ
બુધુ, ન૦ જાડો ડગોરો, ધોકો ૨ છો ચરવાનો જાડો ને ચપટો દડુકો ૩ બળીને કાળુ થઇ ગયેલુ વાસણનુ તળિયુ "બુધાવાળી તપેલી"
બુન, સ્ત્રી૦ બહેન (ગ્રામ્ય) ૨ કારી
બુનિયાત, વિ૦ (ફા૦) જુનુ ને માનવતુ, ખાનદાન, કુલીન, અસલજાત
બુનાસ, ન૦ ઉનનુ જાડુ કપડુ, કામળો, બન્નુસ.
બુબક, વિ૦ કઇજ ન સમજે તે, જડભરત, બુદ્ધિ ને વિવેક વિનાનુ
બુનિયાતી, સ્ત્રી૦ ખાનદાની, કુલીનપણુ.
બુભુક્ષિત, વિ૦ (સ૦) ભુખ્યુ, ભુખાળવુ
બુમાટો, પુ૦ પોકાર, હોકારો, બુમ ૨ ગરબડ, તોફાન ૩ ગપ, ગપાટો, અફવા
બુમાબુમ-બુમેબુમ સ્ત્રી૦ ઉપરા ઉપરી બૂમો પાડવી તે, જ્યા ત્યા બૂમ પડી રહેવી તે, રાડેરાડ
બુમાટો, પુ૦ બુમાબુમ, ધોધાટ, હોકારો
બુમૈયોઢોલ, પુ૦ મોટી નોબત-ઢોલ, લોક ભેગા કરવા વગાડવાનુ મોટુ ઢોલ તે
બુરખો, પુ૦ માથાથી તે પગસુધી આખે શરીરે વિટળાઇ રહે તેવુ સ્ત્રીને ઓઢવાનુ લુગડુ, આખ આગળ જાળીવાળો પડદો, ચહેરો ઢાકવાનુ જાળીવાળુ કપડુ, અવગુંઠન.
બુરજ-રૂજ, પુ૦ (આ૦) તોપ વગેરે મૂકવાને કિલ્લાની બહાર પડતી કાઢેલી રાવઠી ગુબાર ૨ દિવાલને ટેકો આપનારૂ ચણતર, પુસ્તો, હાથિણી
બુરજી, વિ૦ સેતરજની રમતમા એકલા પ્યાદાને બાદશાહજ રહેલા હોય તેવી જીત તે
બુરાઈ, સ્ત્રી૦ બગાડ, અણબનાવ, ક્રુવટ. ૨

અન્યાયી રીતે ચાલવુ તે
બુરાખ, સ્ત્રી૰ બુરાખ ૨ બાખુ, કાણુ, વેહ
બુરાડવુ, ક્રિ૰ અ૰ બુડાવવુ, જુઓ
બુરાવુ, ક્રિ૦ અ૦ પુરાઈ જવુ
બુરાશ, સ્ત્રી૰ બુરાઇ, જુઓ
બુરાહાલ, પુ૰ ખરાબ દશા, માઠી સ્થિતિ [ખાડ.
બુરૂ, વિ૰ ખરાબ,નઠારૂ, ભુડુ ૨ **ન૰** ઝીણી પીસેલી
બુલંદ, વિ૦ (ફા૦)મોટુ,પ્રૌઢ, યોગ્યતાનુ, ભવ્ય
બુલબુલ, ન૦ (ફા૦) એક જાતનુ પક્ષી. એ ગુલાબની ડાળી ઉપર બેસીને મધુર અવાજે ગાય છે
બુલાખ, સ્ત્રી૦ (ટર્કી૰ બુલાક-વાળી) નાકના વચમાના પડદામાં ઘાલેલી મોતીની વાળી. ૨ નાકની વચ્ચેનો પડદો
બુલુ, ન૰ ગાડ, ગાડના ઢગડા-તબુરા બુલુ છટકી જવુ=ડરી જવુ ગાડ ગભરાવી [મારવો તે
બુસટ, સ્ત્રી૰ ધેણુને ગાલે દિયેરે કુકુનો તમાચો
બુસરિયો પુ૦ ધેણુનો દિયેર બુસટ મારનાર
બુસુ, વિ૦ જાડી બુદ્ધિનુ, સુધરેલી રીતભાતથી અજાણ ૨ જડ, જડભરત, બુસો
બુસકુ, ન૰ વરસાદનુ ઝાપટુ, એકદમ પુષ્કળ પાણી પડે તેવુ ઝાપટુ
બુહારવુ, ક્રિ૦ સ૦ ઝાડુ કાઢવુ, ગારવુ
બૂક, પુ૰ કોળિયો, ગ્રાસ, ફાકો ૨ (**અ૦**) ચોપડી, કિતાબ
બૂચ, ન૰ બાટલી-સીસીનુ ઢાકણુ તે ડૂચો, ડાટો
બૂચ, સ્ત્રી૦ પાનાની રમતમા હારનારે જીતેના સખસના માગ્યા પ્રમાણે પાના આપવા પડે તે
બૂજ, સ્ત્રી૰ પરીક્ષા, સમજ ૨ કદર, તુલના
બૂટ, સ્ત્રી૦ કાનની લાળી
બૂટ, પુ૦ (અ૦) અગ્રેજી ઘાટનો જોડો
બૂત, પુ૰ પ્રતિમા [પીવામા આવે છે તે, કાશી
બૂન, ન૦ (આ૦) એક જાતના બી, જેનો ઉકાળો
બૂમ, સ્ત્રી૰ હાક, ધારો, રાડ, મોટો સાદ, બરાડો ૨ એક વાતને સારૂ ઘણા જણનુ મોટે સાદે બોલવુ, પોકાર ૩ ફરિયાદ ૪ બુમાટો, અફવા, કિવદતી
બૃહત, વિ૦ (સ૦) મોટુ, કદાવર, સ્થૂલ
બૃહત્કથા, સ્ત્રી૦ (સ૦) પિશાચી ભાષામા વરરૂચિએ બનાવેલી એક કથા
બૃહસ્પતિ, પુ૦ (સ૦) દેવગુરૂ, મોટો પ્રતિભાશાળી પડિત ૨ એ નામનો એક ગ્રહ
બૃહસ્પતિવાર, પુ૦ (સ૦) ગુરૂવાર
બે-બે બે, અ૰ બકરાનુ બોલવુ
બેંક, સ્ત્રી૰ (અ૰) શરાફી પેઢી, નાણાની આપલે કરનારી દુકાન [બિદડી
બેગી, સ્ત્રી૦ ટપાલ માર્ગે મોકલાતી નાની બચકી,
બે, વિ૰ એક ને એક ૨ બને, ઉભય
બે, અ૰ (ફા૦) નહિ, ગેર, કમ, બદ ઇ૰ અર્થ સૂચક ઉપસર્ગ ૨ રે, ખરે 'માર બે માર'
બે અક્કલ, વિ૦ અક્કલ વિનાનુ, મૂર્ખ,બુદ્ધિહીન
બે અદબ, વિ૦ અમર્યાદ,અસભ્ય [અસભ્યતા
બે અદબી, સ્ત્રી૰અમર્યાદપણુ, અવિવેક ઉદ્ધતાઇ,
બે આની, સ્ત્રી૦ બે આનાનો સિક્કો
બે આબરૂ, વિ૦ આબરૂ વગરનુ,માનભગ [ફજેતી
બે આબરૂ, ન૦ અપમાન, અપ્રતિષ્ઠા,અપકીર્તિ,
બે આરામ, વિ૰ બેચેન, ચિતાતુર, માદુ
બે ઇતબાર, સ્ત્રી૦ અણવિશ્વાસ, ભરોસો નહિ તે
બે ઇતબારી, વિ૰ અણવિશ્વાસુ
બે ઇમાન, વિ૦ વિશ્વાસઘાતી, અપ્રમાણિક ૨ કૃતઘ્ની, નિમકહરામ ૩ આસ્થા વગરનુ
બે ઇલાક, વિ૰ લાગેવળગે નહિ તેવુ
બે ઇલાજ, પુ૦ નિરૂપાય
બેઉ, વિ૰ બન્ને, ઉભય
બેક, વિ૰ બેનો સકેત ૨ થોડુક, જરા
બે કદર, વિ૦ કદર વિનાનુ, બુજ વગરનુ
બે કરાર, વિ૰આરામ ન હોય તેવુ,માદુ ,વ્યગ્ર,બેચેન
બેકવુ, ક્રિ૦ અ૰ સુગધિ ફેલાવી, બેકએક થઇ રહેવુ ૨ અમર્યાદ, થવુ,છકી જવુ,વહી જવુ,ફાટવુ
બેકસ, વિ૦ ફિક્કુ
બેકાટ, પુ૰ છાક, તોર [ગેરવાજબી રીતે.
બેકાયદે, અ૦ નિયમ વિરૂદ્ધ, શિરસ્તાથી ઉલટુ,
બેકાર, વિ૰ (ફા૰) ઉદ્યમ રહિત, નવરૂ
બેકાવવુ, ક્રિ૰ સ૰ વઠાવવુ, ફટાડવુ, છકાવવુ
બેકી, સ્ત્રી૦ બે, ૨ બેની જોડી. "એકી બેકી."

૨ બથી ભાગી શકાય તેવી સખ્યા **બેકી** જવુ =ઝાડેફરવા જવુ

બેકેદ, વિ૦ અમર્યાદ ઉદ્ધત ૨ છુટુ,બધન રહિત

બેકેલુ, વિ૦ વહી ગયલુ, વકી ગયેલુ [અણવાકેફ

બે ખબર, વિ૦ ખબર ન હોય તેવુ, અજાણ્યુ,

બેગડ, વિ૦ કલાઇનુ રગેલુ પત્રુ

બેગમ, **સ્ત્રી૦** મોટા દરજાની મુસલમાન સ્ત્રી, શાહજાદી ૨ અમીર–બાદશાહની ઓરત, રાણી

બે ગરજ, વિ૦ ગરજ વનાનુ, બેદરકાર,બેકાળજી.

બે ગરજાઉ, વિ૦ બેદરકારી, બેતમા

બેગણિયુ,ન૦એક જાતનુ સુતરાઉ કાળુ ઝીણુ લુગડુ

બેગાર, પુ૦ પૈસા આપ્યા વગર મજુરી કરાવવી તે વેઠ ૨ મજુરી,હેલ ૩ ભીખ. [૨ ભિખારી

બેગારી, પુ૦ મજુર, હેલકરી ભાર ઉચકનાર

બે ગુના, વિ૦(ફા૦)નિર્દોષ,બે તકસીર,નિરપરાધી

બેઘાઘટુ, વિ૦ મિશ્ર, ભેળસેળ, ન સમજાય તેવુ, બેસુર, આમ નહિ ને તેમે નહિ તેવુ

બેચારેક, વિ૦ બે અથવા ચાર ૨ થોડુક

બેચેન, વિ૦ નિરાત–આરામ વગરનુ અસ્વસ્થ, અશાત ૨ અનારોગ્ય, માદુ ૩ આનદ રહિત

બેચેની, **સ્ત્રી૦** અસ્વસ્થપણુ, અશાતી, વ્યાકુળતા,

બેજા, વિ૦ બેજાર, હેરાન, વ્યાકુળ [ફિકર.

બેજાજ, વિ૦ ગભરાયેલુ, અકળાયલુ ૨ કાયર

બેજાર, વિ૦, કટાળેલુ, હેરાન, અકળાયેલુ

બેજીવવાળી, વિ૦ ગર્ભવંતી, દહાડાવાળી

બેજીવસોતી, વિ૦ ગર્ભવતી, હમેલવાળી [દ્વીપ

બેટ, પુ૦ ચારેપાસ પાણીથી વિટળાયલી જમીન,

બેટી, **સ્ત્રી૦** દિકરી, છોકરી, છોડી

બેટો, પુ૦ દિકરો, દૈયો, છોકરો

બેટાબેટી, ન૦ છોકરો અને છોડી, છોકરાછૈયા

બેઠક, **સ્ત્રી૦** આમન, બેસવાની જગા ૨ બિછાયત, આસન, પથારી ૩ બેસવાનો હક, બેસવાની ખાસ જગા ૪. બેસવાનો વખત ૫ પાયો, બેસણી, તળુ ૬ નાચ મુજરાની જગા, મિજલસ ૭ તાલીમની એક કસરત

બેઠાંબેઠાં, અ૦ વગર શ્રમે, બેસી રહેનાર.

બેઠાખાઉ, વિ૦ નિરુદ્યમી, બેકાર, આળસુ

બેઠાબેઠ, **સ્ત્રી૦** બેકાર હાલત તે, નિરુદ્યમ સ્થિતિ ૨ નફાનુકસાન વગર, એમનુ એમ

બેઠાગરે વિ૦ બેઠેલ, ઘણુ બેસી રહેનાર.

બેઠીઆંવણીનું, વિ૦ નીચી પણ ઘાટદાર બાધણીનુ ૨ મજબુત, દઢ ઉથલી ન પડે તેવુ

બેઠુ, વિ૦ બેઠેલુ, નીચુ, નીચા ઘાટનુ ૨ પથરાતુ, ધીમુ ને એક સરખી ચાલનુ 'બેઠુ પાણી' ૩ કામ કર્યા વગર, બેઠે બેઠે થાય–મળે તેવુ 'બેઠો પગાર' ૪. બેઠા બેઠા થઇ રહે તેવુ, ઉપાડવુ ન પડે તેવુ (કામ) **બેઠુ** ખાતુ=ઠામ ખાતુ **બેઠા** થવુ=સાજા થવુ (મદવાડમાથી) **બેઠાની** ડાળ કાપવી=પાગડુ તોડી નાખવુ

બેઠુ બેઠુ, અ૦નિગતે,વગર પરિશ્રમે,આરામથી

બેઠેલ વિ૦ બેઠાગરૂ બેસી રહેતુ હોય તેવુ ૨ બેઠેલુ ૩ દમાયેલુ, ગોબા પડેલો હોય તેવુ ૪ પડી રહેવાથી બગડેલુ, સડેલુ

બેઠેપગે, અ૦ પલાઠી મારીને.

બેડ, **સ્ત્રી૦** ચુલાની બે બાજુમાની દરેક, બેલ

બેડકુ, ન૦ આગળીનો સાધો, પેર ૨ આમલીનો ચિચોડાવાળો ભાગ ૩ વરસાદથી રસ્તામા થયેલો કીચડ

બેડશી–સાઇ, **સ્ત્રી૦** હુપદ, પતરાજ, ફુલ, બડાઇ **બેડસી** મારવી-બડાઇ હાકવી, પતરાજી કરવી પોતાના બણુગા ફુકવા [બેઢાના ઘાટનુ

બેડાચડ, વિ૦ હેઠળ મોટુ અને ઉપર નાનુ એવુ,

બેડાફેડ, વિ૦ હેઠળ નાનુ અને ઉપર મોટુ એવુ

બેડિયાતો, પુ૦ ખલાસી

બેડિયુ,ન૦ આબેથી કેરી તોડી–વેડી ઝીલવાની જાળીદાર ઝોળી. ૨ બત્રીસ મણનુ માપ ૩ બે બળદ ખેચી શકે તેટલા ભારનુ ગાડુ ૪ શેરડીના બીનો બે આખવાળો કડકો

બેડી, **સ્ત્રી૦** કેદીને પહેરાવવાની લોઢાની સાકળ, જજીર ૨ શૃખલા, હાથકડી ૩ પાશ, બધન ૪ આડખીલી, અટકાવ ૪ જજાળ, વિટબણા ૫ કાષ્ટવટા, ડેહેરો ૬ બે આગળીએ પહેરાય તેવી જોડેલી વિટી ૭ એક જાતનુ રૂપાનુ પગે પહેરવાનુ ઘરેણુ "ટાઢે ને બેડી ગરાશીયા પહેરે છે"

બેડું, ન૦ ગાગર ને ઘડો એ બે ઉપરાઉપરી મૂકયા હોય તે ૨ ત્રિફળામાંનુ એક (હરડા, બેડા, આમળા) ફળ
બેડો, પુ૦ વહાણ, ઝહાજ "બેડો બાઇ બુડતો તારો રે, અમે આઇ પાર ઉતારો રે" ૨ ટુકડી, ટોળુ ૩ હેતુ, મુદ્દાની વાત, ધારેલો અર્થ ૪ છેડો ખોસવો તે "સભાળી છેડો,વાળી બેડો વળે ગુરૂપાદ"
બેડાપાર, પુ૦ વિજય, ફતેહ, સિદ્ધિ
બેડાલી, સ્ત્રી૦ બેડોલવાળુ, બેકુવાવાળુ (વહાણ)
બેડોળ વિ૦ ડોળ વનાનુ, બદ શિકલ,કદરૂપુ
બેઢગ-ગુ, વિ૦ ઢગ વગરનુ,અવ્યવસ્થિત,બદો બસ્ત વગરનુ ૨ વિલક્ષણ, ઠેકાણા વગરનુ
બેઢબ, વિ૦ ઢબ વિનાનુ,પદ્ધતિ વગરનુ ૨ અમર્યાદ, તરેહવાર ૩ બેફાયદે
બેઢાળિયુ, વિ૦ બે ઢાળ હોય તેવુ (છાપરૂ)
બેઢુ, ન૦ બેડુ, જુઓ
બેત, સ્ત્રી૦ (ફા૦) બે ટુકની ફારસી કવિતા, બે બે સરખા અનુપ્રાસવાળી ટુકો,દુપાઇ ૨ કવિતા
બેત, પુ૦ મનસુબો, વિચાર ૨ યુક્તિ, તજવીજ
બે તકસીર, વિ૦ બે ગુના,નિર્દોષ [ઉપાય ૩ નેતર
બે તમા,વિ૦ બેદરકાર, બેફીકરૂ, બેપરવા,નિસ્પૃહી
બે તરફી, વિ૦ બન્ને તરફનુ ૨ બરતરફ કરવુ તે
બે તાલ, વિ૦તાલ વગરનુ (ગાયનમા) ૨ ગોઠવણ વનાનુ,લાગ વગરનુ ૩ વહી ગયેલુ,હાથથી ગએલુ ૪ પુષ્કળ, ખૂબ [આવે છે તે, અધારા
બેતાળા,ન૦ બેતાળીસ વર્ષની ઉમ્મરે આખે ઝાખ
બેતાળીસ,વિ૦ ચાળિસ ને બે [ધિરણના તોલનુ
બેતાળુ, વિ૦ બેતાળીસ શેરનો એક મણ એ
બેદરકાર, સ્ત્રી૦ બેપરવા, બેકાળજી
બેદરદી, વિ૦ રોગી ન હોય તેવુ ૨ અરસિક
બેદસ્તુર,વિ૦રીત-શિરસ્તાથી ઉલટુ,નિયમ વગરનુ
બેદાણા, પુ૦ (ફા૦) એક જાતની ઔષધી
બેદાલાકડી, સ્ત્રી૦ એક જાતની ઔષધી
બેદાદ વિ૦ ગેરવાજબી ૨ અધેર, અવ્યવસ્થિત
બેદાદી, સ્ત્રી૦ દાદ-ફરિયાદના ઉપર જે બેદરકારી તે દાદ ગભળાય નહિ તેની સ્થિતિ ૨ અધેર અવ્યવસ્થા, અધાધુધી

બેદિલ, વિ૦ દિલ-મન ઉઠી ગયુ હોય તેવુ ૨. ઉચુ મન થયલુ હોય તેવુ, દિલગીર નાખુશ
બેદિલી, સ્ત્રી૦ અણબનાવ, ૨ નાખુશી,દિલગીરી
બેદુ, ન૦ (આ૦ બયૂદ) ઇંડુ
બેધડક, અ૦ કોઇ તરફની ફિકર રાખ્યા વિના, જોસ્સાભેર, હિંમતથી, ધાસ્તી વગર
બેધારૂ, વિ૦ બે તરફ ધારવાળુ ૨ ગોળગોળ, દ્વિઅર્થી, અનિશ્ચિત ૩ બે કડકાવાળુ, બેતારૂ
બેન, સ્ત્રી૦ (ભગિની) બહેન [બેધારી લાપસી
બેનડ-ડી, સ્ત્રી૦ બેન (ગીતમા વપરાય છે)
બેનપણાં, ન૦ એક સ્ત્રીને બીજી સાથે જે મૈત્રી -સ્નેહ તે, સખીપણુ
બેનપણી, સ્ત્રી૦ સખી, સાહેલી, સજની, સૈયર
બેનસીબ, વિ૦ અભાગિયુ,ફૂટેલા કર્મનુ
બેની, સ્ત્રી૦ સજની,સખી ૨ વહાલી બેન,બહેન
બેપગુ, વિ૦ બે પગવાળુ (પ્રાણી
બેપરવા, વિ૦ બે દરકાર,ગાફીલ ૨ સ્વતત્ર
બેપરવાઇ, સ્ત્રી૦ નિસ્પૃહીપણુ,બેદરકારી,ગાફીલપણુ
બેફાક, અ૦ છેકજ ઉઘાડુ, ભુડુ બોલવુ તે
બેફાટ, અ૦ બેફાક, બેશરમપણે, ઉઘાડે છોગે
બેફામ, વિ૦ યાદ-સ્મરણ ન રહેલુ હોય તેવુ, ગાફીલ, અસાવધ, બેભાન, સુનુ
બેફિકર-રૂ, વિ૦ ફિકર વગરનુ, ન ફિકરૂ, નચિત
બેબનાવ,પુ૦ મેળ ન હોવો તે,અણબનાવ [પુરૂ,પૂર્ણ
બેબાક, વિ૦ (ફા૦) કઈ બાકી ન રહ્યુ હોય તેવુ,
બેબાપનુ, વિ૦ છિનાળનુ, વ્યભિચારથી થયેલુ
બેબાકળુ,વિ૦ બાવરૂ,ગાભરૂ,ઉશ્કેરાયલી ને ગભરાયલી હાલતમા "જાગી સૈયર બેબાકળી, કેમ રૂવે છે કન્યા વ્યાકુળી" [નીચુ, હલકી જાતનુ
બેબુનિયાત, વિ૦ નીચ તુખમનુ, હરામજાદુ ૨
બેભત્તુ-થ્થુ, વિ૦ બે જાતનુ, સેળભેળવાળુ, જુદા
બેભાન, વિ બેશુદ્ધ, બેહોશ [જુદા મિશ્રણનું
બેમના, સ્ત્રી૦ સકલ્પવિકલ્પ "જીવને તે ન ટળે
બેમર્જાદ,વિ૦ બેશરમ,નિર્લજ્જ [બેમના"-અખો
બેમાલમ, વિ૦ અપ્રસિદ્ધ, ગુપ્ત, છાનુ, છુપુ. ૨
બેમુનાસબ, વિ૦ અયોગ્ય, અઘટીત [અજાણ્યુતા
બેમુરવત, વિ૦ નિમકહરામ, કૃતઘ્ની, અવગુણિયુ

બેરખ, સ્ત્રી૦ બેહેરખ "વરઘોડો શોભાવવા સહો આરબોની બેરખો બોલાવી હતી"
બેરખ, અ૦ વારવાર, હમેશ હરગીજ [ઘરેણુ
બેરખી, સ્ત્રી૦ સ્ત્રીને ડાબે હાથે કોણી ઉપર ઘાલવાનુ
બેરખો, પુ૦ રુદ્રાક્ષના મોટા મણકાની માળા
બેરગ-ગી વિ૦ વણા રગનુ,તરેહવાર ર નઠારા રગનુ ૩ બેતાલ,બે મિસાલ. ૪ અનિશ્ચિત મનનુ
બેરડાઇ, સ્ત્રી૦ હઠીલાઇ,ખ વાઈ
બેરડુ, વિ૦ હઠીલુ,ખધુ.
બેરજો, પુ૦ એક જાતની દવા
બેરત, વિ૦ લુચ્ચુ, ર ઉદ્ધત, ચઢાઉ
બેરત, સ્ત્રી૦ કવખત,કઋતુ ૩ કવખતનુ,અકાલિક
બેર બેર, અ૦ ફરીફરીને, વારવાર
બેરાગી, પુ૦ બાવો વેરાગી, ત્યાગી, સાધુમત ર વિ૦ અનિશ્ચિત મનનુ, બેરગી
બેરિયુ, ન૦ માથે કલગીવાળુ ચકી જેવુ એક પક્ષી.
બેરીજ, સ્ત્રી૦ સરવાળો,સરવાળાની રકમ
બેરુ, વિ૦ કાને ન સાંભળી શકે તેવુ,બધિર
બેરોજગાર, વિ૦ રોજગાર વગરનુ,નિરુદ્યમી
બેરોજગારી, સ્ત્રી૦ બેકારપણુ રોજગાર વગરની હાલત નવરાઈ
બેલ, સ્ત્રી૦ બે જણની જોડી તે, સાથી, જોડિયો ર મડળીમાના દરેક જણે જે કઇ કઇ આપવુ તે ભેડ, ગોઠ (ગાનારી વગેરેનો).
બેલ, પુ૦ (સ૦ બલીવર્દ) બળદ
બેલડી, સ્ત્રી૦ હાથ,બાહુલતા. "બેલડીએ વળગ્યા વિશ્વાધાર, સુદામે જાતા કર્યો વિચાર." ર બેલ, સાથી,મદદગાર,હાથ પકડનાર.
બેલદાર, પુ૦(ફા૦)કડિયાને મદદ કરનારો મજુર ર ચાચવાથી જમીન ખોદનારો
બેલાશક,અ૦(આ૦)સકોચ રાખ્યા વગર,છુટથી, સુખે, બેધડક, છડેચોક
બેલિયુ, ન૦ નબળાઇને લીધે આગળાનુ અકડાઈ જવુ તે, આકડા ર એક જાતનુ ફૂલ-તેનુ અત્તર
બેલી, વિ૦ ધણી, મુરબ્બી,સહાય કરનાર, જેની કુમક હોય તે ર હિમાયતી.
બેલુ, ન૦ કાતવાની પુણીનું જોડકું ર. ધોળો રેતાળ પત્થર ૩ જોડકુ,બેની જોડ,જોડુ. "પ્રભુએ એના બેલા એનીજ સાથેજ બાધ્યાં હશે"
બેવકુફ, વિ૦ (ફા૦) સમજ વનાનુ,મૂર્ખ,નાદાન. બેવકુફનો સરદાર-ઘણોજ મૂર્ખ,પક્કો
બેવકુફી, સ્ત્રી૦ મૂર્ખાઇ, નાદાની, બેવકુફાઇ
બેવક્કર, વિ૦ ઢગ વગરનું, ભારબોજ વગરનુ,
બેવખત, વિ૦ ઠેરવેલે વખતે નહિ, કવેળા વખત બેવખત=ગમે ત્યારે,ઇચ્છામા આવે ત્યારે.
બેવચની, વિ૦ વચન તોડનાર,અપ્રમાણિક,લબાડ, વિશ્વાસઘાતી, બોલીને ફરી જનારૂ
બેવડ, વિ૦ બેવડેલુ હોય તેવુ,દુપટ
બેવડવુ, ક્રિ૦ સ૦ લાબી વસ્તુને વચમાથી વાળી બે છેડા ભેગા કરવા, બેવડુ કરવુ ર એકનુ એક બીજીવાર થવુ વધારવુ
બેવડિયુ, ન૦ ઢબ્બુ હડીકો
બેવડુ, વિ૦ બેવડેલુ હોય તેવુ ર બમણુ,દુપટ
બેવફા, વિ૦ બેવચની,બેઇમાન, અપકારી,કૃતઘ્ની.
બેવફાઇ, સ્ત્રી૦ બેવફાપણું, બેઇમાની [નવારસી
બેવારસી, વિ૦ જેનો કોઈ વારસ ન હોય તેવુ,
બેવાર, અ૦ બે વખત [આવતુ, ઠીક.
બેશ, વિ૦ (ફા૦)સારૂં,ખાસુ,મજેનુ,સુદર, માફક
બેશક, અ૦ ખાતરીથી,બેલાશક, ખચીત, અલબત.
બેશરમ-મુ, વિ૦ શરમ ન હોય તેવુ, નિર્લજ
બેશુદ્ધ, વિ૦ શુદ્ધિ-ભાન ન હોય તેવુ, મુર્છિત, અચેત,બેહોશ,
બેસઉઠ, સ્ત્રી૦ બેસવુ ને ઉઠવુ તે ર બેસવા ઉઠવાની મહેનત ૩, મળવુ હળવુ તે, મૈત્રી સબધ.
બેસણી, સ્ત્રી૦ જે ઉપર મોટી વસ્તુ સ્થિર-ઉભી રહે તે, વસ્તુનો જે ભાગ જમીન ઉપર ચપટ બેસી રહે તે ર આસન,બેઠક,સ્થાન,જગા.
બેસણુ, ન૦ જે ઉપર બેસવાનુ તે,બેઠક.ર બેસવાની રીત-ઢબ. ૩ મરનારના સગાને ત્યા શોક કરવા એકઠુ મળવુ તે, ઉઠમણુ
બેસતમ, વિ૦ (ફા૦) પુષ્કળ, અત્યત, ઘણુજ "તેને બેસતમ માર માર્યો,"
બેસતુ, વિ૦ માફક આવતું, અનુકૂળ આવતુ, માફકસરતુ. ર નવુ, શરૂ થતુ. (વરસ). ૩.ફેશનેબલ,

ફાવતુ, ગોઠતુ ૪ ભિડાતુ નહિ ઢીલુ તેવુ
બેસતી, સ્ત્રી૦ મેળાપ, દોસ્તી, પ્રીતિ
બેસમજ, વિ૦ સમજ વગરનુ,બુદ્ધિહીન ૨ સમજ ફેર, ખોટુ સમજવુ તે
બેસર જમીન, સ્ત્રી૦ જમીનની એક જાત
બેસરણ,ન૦કડિયાસુતારોને ભેગા થવાની જગા ઠેકાણુ ૨ ખર્ચ, કિમ્મત બદલામા ગાઠનુ કઇ આપવુ પડવુ તે [મહેનતાણુ
બેસરામણ,ન૦ બેસરણ ૨ બેસાડવાની મજુરી–
બેસવુ, ક્રિ૦અ૦આરામ મળે તેમ ઠરી ઠામ રહેવુ આસન કરવુ સ્થિર થવુ ૨ પગને વાળી પેટના પાસા ઉપર આડા પડવુ (પશુએ) ૩ પગ ટેકી પાખ સંકોચી રહેવુ (પક્ષીએ) ૪ તગ પડવુ ભિડાઇ રહેવુ, બધ બેસવુ 'ડગલો બેસતો નથી' ૫ ચોટવુ, વળગી રહેવુ 'ડગલા ઉપર કેટલી ધૂળ બેઠી છે' ૬ ખપાવુ, વાગવુ 'ચપ્પુ બેઠો' ૭ નવુ ચાલુ થવુ, આરભ થવો, શરૂ થવુ 'પેશ્વાનો અમલ ગયો ને અગ્રેજનો બેઠો' ૮ કામમા ગુથાવુ,–ની બઠક થવી, ઉઘડવુ ૯ અર્થ બેસવા, સમજાવુ જુક્તિ લાગુ પડવી 'વાકય બેસતુ નથી, કોયડો બેઠો' ૧૦ બાઝવુ, આવવુ, વળગી રહેવુ 'ઝાડે ફૂલ બેઠા' ૧૧ ભારથી ભાગી જવુ,નીચુ પડવુ ૧૨ મૂલ આપવુ, કિંમત પડવી, ભાવ થવો 'ચોપડીનુ શુ બેઠુ ?' ૧૩ શરૂ થવુ આરભ થવો 'ચોમાસુ બેઠુ' ૧૪ વળવુ ઠરવુ ચિતરવામા તેનો હાથ બેઠો છે' ૧૭ આળસુ પડી રહેવુ, કામમા ન હોવુ, નિરુદ્યમી હોવુ 'ભાઇ હમણા ઘેર બેઠા છે' ૧૬ નીચે પડવુ, જામવુ, ઠરવુ 'પાણીમા ભૂકો બેઠો' ૧૭ જાડુ–ખોખરૂ થવુ 'ગળુ બેસવુ' ૧૮ ખોટી થવુ 'બેસીને હુ તો થાકયો' ૧૯ બળવુ દાઝવુ, નીચે ચોટવુ 'દાળ બેઠી, ભાત બેઠો' ૨૦ સાખ ઘટવી, દેવાળુ આવવુ ૨૧ ઘટી જવુ,ઉતરી જવુ (ભાવ) ૨૨ ગમવુ, ગોઠવુ સ્થિર થવુ (જીવ) ૨૩ રુચવુ, મન મળવુ 'હવે બેને બેસતુ આવે છે' ૨૪ અસર લાગવી, રગ ચઢવો ૨૫ સત્વહીન થવુ, સડવુ, બગડી જવુ, 'કાપડ બેસી ગયુ છે' **શાહુકાર બેઠો**=દેવાળુ કાઢયુ **ઘર બેઠુ**=નસતાન ગયુ **બારણે બેસવુ**=તગાદો કરવો **ઘેર બેસવુ**-નોકરી જવી, રોજગાર વગરના થવુ **અળગાં બેસવુ**=અભડાવુ **બેસતો પાયો**=મેળ, બનાવ, બનતી રાશ **બેસવા જવુ**=પાથરણે જવુ, ઉઠમણે જવુ **બેસી જવુ**=પડતી દશામા આવવુ ૨ દેવાળુ કાઢવુ (વેપારમા) ૩ ચોટી જવુ (પેટ) ૪ નસતાન જવુ, નખોદ જવુ ઘર પડી ભાગવુ ૫ ચઢી જવુ, મળી જવુ, (ડાચા, ગાલ) **બેસીને સુવુ**=જોઇ વિચારીને ચાલવુ
બેસાડવુ–રવુ, ક્રિ૦ સ૦ બેસે તેમ કરવુ ૨ બેસતુ આવે તેમ કરવુ ૩ ગોઠવવુ ૪ જડવુ ૫ સ્થાપવુ, ઠરાવવુ નક્કી કરવુ ૬ રાહ જોતુ રાખવુ, ખોટી કરવુ ૭ તાળો મેળવવો, બરોબર જવાબ લાવવો ૮ રચવુ, બધબેસ્તુ કરવુ [તે, બેસક પડવુ
બેસામણ, ન૦ રોગને લીધે ઢોરથી ઉભુ ન થવાતુ
બેસામણ, ન૦ બેસવાનુ ભાડુ, મહ્ય ૨ બેસણુ,
બેસારૂ, પુ૦ ઉતારૂ, મુસાફર [ઉઠમણુ
બેશુમાર, વિ૦સુમાર વગરનુ, અસખ્ય,અતિશય
બેસુર–રૂ, વિ૦કાનને ન ગમે તેવુ,ખોખરૂ, કર્કશ
બેસ્તી, સ્ત્રી૦ ભાઇબધી, મિત્રાઇ, મેળ, ગાઠ
બેસ્વાદ, વિ૦ સ્વાદ વગરનુ
બેહક, વિ૦ હક ન હોવા તે, હક વગરનુ ૨ અ૦ મિથ્યા, અમસ્તુ, કારણ વગર
બેહક, ન૦ ઢોરથી ઉઠી ન શકાતુ તે ૨ બેસક
બેહજુર, અ૦ બેઉપક્ષ હાજર હોય ત્યારે, બન્નેની હાજરીમા ૨ હાજર ન હોવુ તે ગેરહાજર
બેહદ, વિ૦હદ વગરનુ ,અસીમ, બેશુમાર,અતિશય.
બેહયા, વિ૦ લાજ વગરનુ, નફ્ફટ, નઠોર, બેશરમ, હૈયાસુનુ 'આધળો જાર જે ઘરમા રમે, બેહયા નાર ગમે તે કરે'
બે હાલ,વિ૦ભુડા હાલ ૨ હેરાન ૩ માદુ ,અચેત
બેહાલી, સ્ત્રી૦ હાલહવાલ સ્થિતિ તે
બે કુરમત, વિ૦ (ફા૦) માનભગ થયલુ બેઆબરૂ
બેહેક, સ્ત્રી૦ પરિમળ, વાસ ૨ તોર, ફાટ
બેહેકવુ, ક્રિ૦ અ૦ વાસ આવવી સોહવુ ૨. ફાટવુ, ઉન્મત થઇ જવુ [ગર્વ, તોર
બેહેકાટ પુ૦ પરિમળ, સુગધ, પીમળ ૨ અભિમાન,

બેહેકાવવુ, ક્રિ૦ અ૦ બેકાવવુ, ફટાડવુ
બેહેતર, વિ૦ (ફા૦) બેશ, તોફા, મુનાસબ, ઠીક
બેહેતાલ, વિ૦ અથાગ, પુષ્કળ, પાર વગરનુ
બેહેર, સ્ત્રી૦ બહેરાશ, શુન્યકાર, બહેરાપણુ.
બેહેરબ, સ્ત્રી૦ (આ૦) વાવટો ૨ નગારૂ તાસા અને ડમકાની જોડ ૩ નગારૂ, ડમકો અને ઝુંડાવાળી આરબ ટુકડી
બેહેરૂ, વિ૦ બધિર, લાગણી વગરનુ શૂન્યકાર
બેહેસ્ત, ન૦ (ફા) સ્વર્ગ, કૈલાસ બેહેસ્તનસીન=સ્વર્ગવાસી
બેહેસ્તી, વિ૦ સ્વર્ગવાસી, સ્વર્ગીય, મર્હુમ
બેહોશ, વિ૦ બેભાન, બેશુદ્ધ, અચેતન મૂર્છિત
બેહોશી, સ્ત્રી૦ બેભાનપણુ અચેતના મૂર્છા, પ્રમોહ ૨ ગાફેલપણુ
બૈડકબોલુ, વિ૦ બટકબોલુ,તડને ફડ કરી દેનાર
બૈડવુ, ન૦ ચણિયારૂ, મિજાગરૂ,બરડવુ [કરડાગિયુ,
બૈડુકી સ્ત્રી૦ એક જાતનો વેલો
બૈયર સ્ત્રી૦ વહુ, સ્ત્રી, બાઈડી [ખડાખારટુ
બૈયાબારૂ, ન૦ (ફા૦) સામી પ્રીત, અણુબનાવ
બૈરક, વિ૦ બૈરા જેવુ સ્ત્રી જેવા સ્વભાવનુ
બૈરકશાસ્ત્ર, ન૦ બૈરાઓમા ચાલતો રીતરિવાજ
બૈરી, સ્ત્રી૦ બાઈડી, ઓરત, વહુ, સ્ત્રી બૈયો બેમવી—મોકાણુ મ ડાવી, મોટુ નુકસાન થવુ, ૨ અશક્તિ હોવી 'કામ કરવાની તો બૈયો છે'
બૈરૂ ન૦ સ્ત્રી૦ બૈરી બૈરા છોકરા=કુટુબકબીલો
બો, સ્ત્રી૦ (ફા૦)ગધ, વાસ, ૨ અહકાર, મમત્વ ૩ પતગ ચગાવવાની દોરી
બોઈ, સ્ત્રી૦ એક જાતની સુકી માછલી
બોકડુ-ડો, ન૦ બકરૂ, બકરો, અજ બોકડાને મોતે મરવુ=કપાઇને મરવુ, અસદ્ગતિ થવી
બોકાની, સ્ત્રી૦ બુકાની, જુઓ
બોકીલુ, ન૦ કુતરીનુ બચ્ચુ, ભોટિલુ
બોકી, સ્ત્રી૦ ચુમી, ચુબન, બચ્ચી
બોખ સ્ત્રી૦ પાણી કાઢવાની ડોલ. નાનો કોસ, ૨ ન૦ ભગદાળુ, ગાબડુ ૩ મોટો ખાડો
બોખલુ, વિ૦ બોખુ, દાત પડી ગયા હોય તેવુ
બોખાર, પુ૦ (આ૦) તાવ, તપત, જ્વર
બોખુ, વિ૦ દાત વગરનુ
બોગદુ, ન૦ (ફા૦) મોટુ કાણુ, ભગદાળુ ૨ બોયરૂ
બોઘરણુ, ન૦ પહોળા મોઢાની વટલોઈ
બોઘરો,પુ૦ રસ્તામાથી પુજો કાઢવાની મોટી સાવરણી
બોઘલુ, વિ૦ મો વિકાસીને જોયા કરે તેવુ, બાઘુ, અણુસમજુ, ભોળુ, ઓલિયુ
બોચ, વિ૦ સાદુ ૨ ડાગરના છોડને પાણીની તગાશને લીધે લોળિયુ ન આવે તે ૩ પુ૦ જુવારનો દાણો આવ્યા વગરનો રસદાર સાઠો
બોચલો, પુ૦ લુગડાનો ટોપ, માથુ ને બોચી ઢાકવાની ટોપી ૨ વાળની કિનારી મૂકેલી ટોપી.
બોચિયુ, ન૦ વાસની હલકી ટોપલી
બોચી, સ્ત્રી૦ ગળાનો પાછલો ભાગ, ગરદન
બોચુ, ન૦ ગરદન,બોચી બોચુ પકડવુ=ગરદનથી ઝાલવુ, મારવા લેવુ
બોજ, પુ૦ (હિ૦) ભાર,બોજો ૨ વક્કર,વજન, મોભો ૩ ચલણુ, માન, સાખ ૪ પોત, કુમાશ.
બોજદાર, વિ૦ વજનદાર ભારે ૨ મોભાદાર, સાખ પડે તેવુ ૩ ઘટ્ટ, ભરાઉ
બોજવુ,ક્રિ૦અ૦પાલવવુ,અનુકૂળ આવવુ, પરવડવુ
બોજો,પુ૦(હિ૦)ભાર,બોજ ૨.જવાબદારી,જોખમ
બોટ, સ્ત્રી૦ (અ૦) મછવો, પનાઇ,હોડી ૨ વહાણ.
બોટણુ, ન૦બાળકને પ્રથમજ અન્ન ખવરાવવુ શરૂ કરવુ તે, અન્નપ્રાશન
બોટવું, ક્રિ૦ સ૦અપવિત્ર કરવુ વટાળવુ બીજાને ન ખપે તેવુ કરવુ ૨ પ્રહેલેથી કબજો કરવો, રોકવુ.
બોટિયુ, ન૦ અબોટિયુ [૩ ખાવુ, અભડાવવુ
બોડ, સ્ત્રી૦ જમીનમા ભરાઇ રહેવાની જગા, બો; કોતર, બખોલ, ગુફા.
બોડકી, સ્ત્રી૦ જેના કેશ બોડી નાખવામા આવ્યા હોય તે સ્ત્રી ૨ વિધવા, રાડીરાડ
બોડકુ, વિ૦ બોડુ, વાળવિનાનુ ૨ ખુલ્લુ,ઉઘાડુ
બોડવુ, ક્રિ૦ સ૦અસ્ત્રા વડે નિમાળા કાઢવા, મુડવુ
બોડાવવુ, ક્રિ૦ સ૦ માથેથી વાળ કઢાવવા, હજામત કરાવવી મુડાવવુ
બોડી, વિ૦ માથાના વાળ બોડાવ્યા હોય તેવી ૨ રાડેલી, વિધવા. બોડી બામણી=એક જાતનુ

લાલ ચળકતી ચામડીનુ પ્રાણી
બોડુ, વિ૦ ટોપી-પાઘડી વનાનુ, ઉઘાડુ ૨ વાળ વગરનુ ૩ બાડુ **બોડુ તકોડુ**=તદ્દન વાળ વગરનુ બોડા અક્ષર-કાના માત્ર વગરના અક્ષર
બોણવુ, ક્રિ૦સ૦ બોણી-કમાણી કરાવવી રળાવવુ, આપવુ ૨ ગાળ દેવી ૩ વેચાતુ લેવા કબુલ કરવુ
બોણી, સ્ત્રી૦ દુકાનદારને દુકાન ઉઘાડતા પ્રથમજ જે રોકડ વકરો થાય તે, પહેલો વકરો ૨ બેસતે વરસે આશ્રિતને જે બક્ષીસ આપવી તે, ખુશબખતી ૩ ઠપકો, ગાળ [પાછલી ઘડી
બોત, વિ૦ વણુ પુષ્કળ બોત ગઇ ને થોડી રહી=
બોંત, વિ૦ મૂઢ, મૂર્ખ 'શુ બોત જેવો ઉભો છે ?'
બોતડો, પુ૦ નાનો ઊટ, ચઢાઉ કર્યા વગરનો ઊટ
બોતાનું, ન૦ પાઘડીની અદરનો ગાભો ૨ બુતાનુ, આરોપ,આળ ૩ અપજશ મળે તેવુ ખરાબ કામ
બોતેર, વિ૦ ૭૨
બોથડ, વિ૦ જડ,બૂઘક,ઠોઠ, મૂર્ખ,અભણુ ૨ સુસ્ત
બોદલો, પુ૦ લખોટાની રમત પુરી થવી તે
બોદારસિગ, સ્ત્રી૦ મુડદારસિંગ
બોદાવું, ક્રિ૦ અ૦ પાણી પીને તર થવુ, પાણી થી કોહી કુલી ફાટી-વાકુ વળી જવુ, સડવુ
બોદુ, ન૦ અધકચરૂ વાસણુ, ખોખરૂ, ૨ સડેલુ, બોદાયેલુ
બોધ, પુ૦ (સ૦) સમજ, જ્ઞાન ૨ નસિયત, અનુભવ ૩ શિખામણ, ઉપદેશ ૪ ગાજો
બોધક, વિ૦ (સ૦) બોધ આપનાર, ઉપદેશક ૨ શિક્ષક, ગુરૂ
બોધન, ન૦ (સ૦)બોધ આપવો તે, બોધ, શિક્ષા
બોધલુ, વિ૦ ભોળુ અણુસમજુ, નટખટ વગરનુ સાદુ, પ્રપચમા ન સમજે તેવુ
બોધવચન, ન૦ શિખામણ, શિક્ષા
બોધવુ, ક્રિ૦ અ૦ અર્થ સમજાવવો, ખુલાસો કરવો ૨ સમજૂત આપવી શિખામણ દેવી
બોધિત, વિ૦ (સ૦) જેને બોધ થયેલો હોવુ તેવુ
બોબડી, સ્ત્રી૦ જીભ ૨ વિ૦ તોતડી **બોબડી** વધવી=હદ ઉપરાત બોલવાની છુટ થવી
બોબડુ, વિ૦ બોલતા જીભ ખેચાતી હોય તેવુ
બોબુ, ન૦ બોખુ, ફોકુ [તોતડુ. ૨ મુગુ.
બોય, પુ૦ એક જાતનો ધૂપ
બોયુ, ન૦ ભિડી થાય છે તે લાકડુ ૨ પોચુ ઝટ સળગે તેવુ લાકડુ ઝટ ભાગી જાય તેવુ લાકડુ
બોયુ, ન૦ (અ૦ બોઇ) ખલાસીઓને છછરા પાણી-ખડક વગેરેની ચેતવણી આપવા તરતી રાખેલી વસ્તુ, તર, કુપક
બોર, ન૦ બોરડીનુ ગોળ ફળ ૨ એના જેવડુ સ્ત્રીના સેથે પરોવવાનુ એક ઘરેણુ ૨ ગેન, પગની આગળીએ ઘાલવાનુ ઘરેણુ **બોરનુ** ડિટ=સામાન્ય વસ્તુનુ પણ જ્ઞાન ન હોય તે
બોરકુટો, પુ૦ સહાર, પાયમાલી બોરકુટો વળવો =ખોખરૂ કરવુ, માર મારી નરમ કરવુ
બોરડી, સ્ત્રી૦ (સ૦ બદરી) કાટાવાળુ એક ઝાડ **બોરડી** ખખેરવી-માર મારવો, ઝાપટવુ ૨ ઠપકો દેવો, ધમકાવવુ, ૩ ગરીબને ઝડવુ રગડીને લેવુ બળાત્કારે પડાવી લેવુ
બોરદુ, સ્ત્રી૦ બાજુ કોર કિનાર
બોરવુ, ક્રિ૦ સ૦ સાફ કરવુ, વાળવુ, ઝાડવુ
બોરસળી, સ્ત્રી૦ એક જાતનુ સુગધીદાર ફૂલો વાળુ ઝાડ એને બોર જેવા ફળ થાય છે
બોરિયુ ન૦ એ નામનો એક છોડ ને તેનુ ફૂલ ૨ એક ઘરેણુ ૩ બટન ડોરણુ [ધૂળ
બોરી, સ્ત્રી૦ જુવાર બાજરીની કણુસલાની ઝીણી
બોરૂ ન૦ કણુસલાના જે ભાગમા અકેકો દાણો રહે છે તે ઠુણુસુ
બોરો, પુ૦ પાથરવાનુ જાડુ કપડુ કામળો બનુસ
બોલ, પુ૦ અક્ષર ૨ શબ્દ, વચન વેણુ ૩ વાકય ૪ કડી, ટુક, ચરણ ૫ મહેણુ ૬ શિખામણ **બોલ** મારવો-મહેણુ મારવુ ટાણો મારવો
બોલકણુ, વિ૦ બોલ બોલ કર્યા કરે તેવુ,વાચાળ, વાતોડિયુ બહુબોલુ ૨ તકરારી, લઢકણુ
બોલચાલ, સ્ત્રી૦ વાતચિતનો વહેવાર ૨ મેળાપ દોસ્તી ૩ તકરાર, ચઢાઉતરી ઝઘડો ૪ વેપારમા થતુ સાટુ-કરાર
બોલછા, સ્ત્રી૦ બોલવાની રીતભાત, ભાષા
બોલતુ ચાલતુ, વિ૦ બુદ્ધિવાળુ, સાજુતાજુ;

બોલબંધ, પુ૦ કરાર (મોથી)   [આરોગ્ય

બોલબોલા, સ્ત્રી૦ તકરાર, બોનાબોલી

બોલબોલા, સ્ત્રી૦ ફતેહ, પોબાર ૨ ચઢતી, આબાદી ૨. વાહવાહ, જેજેકાર

બોલવુ, ક્રિ૦ સ૦ મોમાથી ઉચ્ચાર કરવો, અક્ષર કાઢવો ૨ શબ્દ-વાક્ય કાઢવુ ભાષણ કરવુ ૩ કોઇને કઇ કહેવુ, વાત કરવી

બોલાચાલી, સ્ત્રી૦ તકરાર, કુસપ, ચડભડાટ ૨ બોલચાલ, સંબંધ

બોલાવવુ, ક્રિ૦ સ૦ કોઇ બોલે તેમ કરવુ ૨ હાક મારવી, બૂમ પાડવી ૩ તેડવુ, તેડાવવુ, તેડુ કરવુ ૪ સભારવુ, યાદ કરવુ, ખબર પૂછવી "મારી વતી ચદ્રકાન્તને બોલાવજો" ૫ બોલવાની ફરજ પાડવી, તકરાર કરવી ૬ આવકાર આપવો, સત્કાર કરવો

બોલી, સ્ત્રી૦ ભાષા, વાણી, વાચા 'બાર ગાઉએ બોલી બદલાય, તરૂવર બદલે શાખા.' ૨ મહેણુ, કટાક્ષ,ટાણુ ૩ કબુલાત,સરત,કરાર, બોલવાની રીત

બોલુ, વિ૦ બોલનાર 'થોડા બોલુ ને થાભના કોર'

બોવુ, ક્રિ૦ સ૦ બી ઉગે તેમ જમીનમા નાખવુ-ઘાલવુ પ્રેરવુ, વાવવુ ૨ ખોવુ, ગુમાવવુ વરની મૂડી બોઈ બેઠો   [૩ પતરાજી

બોસ, સ્ત્રી૦(અ૦) મમત,હઠ ૨ જોરો,બળાત્કાર

બોસો, પુ૦ (ફા૦ **બોસી**) ચુબન, ગોકી,બચી,ચૂમી

બોસડુ, (બોહડુ),વિ૦ દુર્ગંધ ઉડે એવુ ગધાય એવુ

બોહોત, અ૦ બહુ, બહુત, પુષ્કળ

બોહોતાળ, વિ૦પુષ્કળ વધારે [૨ મગતુ, પુષ્કળ

બોહોળુ, વિ૦ પથારાવાળુ, વિશાળ, મોકળુ

બોળ, પુ૦ એક જાતનો ગુદર ૨ કચરો (દાણાનો) **બોળ** ઘાલવો-બોલી બોલીને થાકી જવુ બોલીને પેટ દુખાડવુ **બોળ** ફેરવવો-નકામુ કરી મેલવુ, કામ બગાડી નાખવુ,રદ કરવુ

બોળ, સ્ત્રી૦ એ નામનો આવચીબાવચી જેવો છોડ જેના ગાપડામા લોકો સાવરણા રે છે તે ૨ વિ૦ મીઠાના પાણીમા આથેલુ તે

બોળંબોળ, અ૦ કિનાર સુધી, ટોકે, છલ્લોછલ

બોળવુ, ક્રિ૦ સ૦ (સ૦ બુલ્) પાણી, તેલ ઇ૦ પ્રવાહીમા ડુબાવવુ ૨ પલાળવુ ઝબકોળવુ. ૩ વણુમાડવુ,ગુમાવવુ (નામ.) ૪ રગવુ, લથપથ કરવુ ૫ સ્પર્શ કરવો, અડકવુ 'અન્નમા ચાચે બોળતો નથી'

બોળાવાડો, પુ૦ ભ્રષ્ટતા, વટાળ, અપવિત્રતા

બોળિયા, વિ૦ મીઠાના પાણીમા રાખેલુ 'બોળિયા

બોળુ, વિ૦ બોળનાર, ડુબાવનાર   [લિબુ'

બોળો, પુ૦ પલાળી રાખેલો લોટ,આથો

બોંબ, પુ૦ (અ૦) અથડાતાજ સળગીને ફાટે

બૌ, પુ૦ બાઉ,હાઉ ૨ વિ૦ બહુ   [એવો દડો

બૌઉ, ન૦ કરોળિયાનુ જાળુ

બૌદ્ધ, વિ૦ બુદ્ધને લગતુ

બયાન, ન૦ હકીકત,હેવાલ,વર્ણન

બ્યાસી, વિ૦ ૮૨   [નિર્ગુણ સચ્ચિત્ સ્વરૂપ તે

બ્રહ્મ, ન૦ (સ૦) ઉત્પતિ, સ્થિતિ, લય કારણ

બ્રહ્મ, પુ૦ જગદીશ્વર,પ્રભુ,વિષ્ણુ ૨ બ્રાહ્મણ ૩ ચાર વેદ **બ્રહ્મ** અક્ષર-હરફ

બ્રહ્મગાઠ, સ્ત્રી૦ (સ૦) જનોઇની જે ગાડ તે

બ્રહ્મચર્ય, ન૦ (સ૦) ચાર આશ્રમમાનો એક, જનોઇ દેવાયા પછી ગુરુને ત્યા રહી પાળવાનુ વ્રત તે ૨ ઇંદ્રિયદમન   [સસારની જાળમા પડ્યો નથી તે

બ્રહ્મચારી, પુ૦ (સ૦) બ્રહ્મચર્યવ્રત પાળનારો,

બ્રહ્મજ્ઞાન, ન૦ (સ૦) તત્વજ્ઞાન, શાસ્ત્રીય જ્ઞાન ૨ 'હુ બ્રહ્મ છુ' એ પ્રમાણે આત્માનો અપરોક્ષાનુભાવ "કથા સાભળી ફુટયા કાન તોય ન આવ્યુ બ્રહ્મજ્ઞાન',

બ્રહ્મજ્ઞાની, વિ૦ આત્મજ્ઞાની,તત્વજ્ઞાની

બ્રહ્મઠગ, પુ૦ મોટો ઠગ બગભગત,દભી માણસ

બ્રહ્મતત્વ, ન૦ આત્મસ્વરૂપ

બ્રહ્મત્વ, ન૦ બ્રહ્મપણુ ૨ બ્રાહ્મણપણુ ૩ ઋત્વિકનો ધર્મ ૪ શુદ્ધ તુરીય બ્રહ્મનો ભાવ

બ્રહ્મદિન, પુ૦ બ્રહ્મનો એક દિવસ ૪૩૨ દશ લાખ સૂર્ય વર્ષ ૨ સારો,બેસતે વર્ષે જે હકીકત વાચવામા આવે છે તે

બ્રહ્મદેવ, પુ૦ (સ૦)બ્રહ્મા ૨ પૂજ્ય બ્રાહ્મણ.

બ્રહ્મનિષ્ઠ, વિ૦(સ૦)નિર્ગુણ બ્રહ્મ ઉપરજ સદા નિષ્ઠા હોય તેવુ

બ્રહ્મભોજન, ન૦ બ્રાહ્મણો જમાડવા તે
બ્રહ્મરંધ્ર, ન૦ મનુષ્યના મસ્તકનુ એક છિદ્ર,જ્યા યોગી ષટચક્રનો વેધ કરી વૃત્તિને સ્થાપે છે અને વિદ્યા તથા અવિદ્યાથી સમેત શ્રી મહેશ્વરનુ દર્શન કરે છે [થયો હોય તે,પિશાચ થયેલો વિદ્વાન
બ્રહ્મરાક્ષસ, પુ૦ સ૦) ભણેલો બ્રાહ્મણ જે ભૂત
બ્રહ્મલોક, પુ૦ દેવલોક,સત્યલોક
બ્રહ્મવાદિન, વિ૦ વેદાન્તી,બ્રહ્મપ્રતિપાદન કરનાર
બ્રહ્મવાદિની,સ્ત્રી૦ ગાયત્રી ૨ બ્રહ્મને માનનારી સ્ત્રી
બ્રહ્મવેત્તા પુ૦ (સ૦) વેદાન્તી,બ્રહ્મને જાણનારો
બ્રહ્મહત્યા, સ્ત્રી૦ બ્રાહ્મણનો વધ કરવો તે ૨ એનું જે પાપ તે ૩ મોટી મુશ્કેલી,આપદા,પીડા
બ્રહ્મસૂત્ર,ન૦ જનોઇ,ઉપવિત **બ્રહ્મસૂત્રની**ગાંઠ= મજબુત ગાંઠ,નસીબ દેનીએ બાંધેલી ગાંઠ
બ્રહ્મસ્વરૂપ, ન૦મુર્તિમદ્ વેદ સ્વરૂપ, બ્રહ્માનુ સ્વરૂપ
બ્રહ્મા, પુ૦ (સ૦) વિશ્વની ઉત્પત્તિ કરવા માટે રજોગુણ પ્રધાન એવુ જે બ્રહ્મ સ્વરૂપ તે, ૨ બ્રાહ્મણોનો મૂળ પુરૂષ
બ્રહ્માણ્ડ, ન૦ (સ૦) અંડ-ગોળાકારે જે મહા વિશ્વ રચના તે (એમા ચોદભુવનનો સમાવેશ છે)
બ્રહ્માક્ષર, પુ૦ ઓંકાર,ૐ,પ્રણવ,વેદારંભ
બ્રહ્માનંદ, પુ૦ બ્રહ્મસ્વરૂપ,આનંદ,આત્માનંદ
બ્રહ્મારણ્ય, ન૦ જ્યા વેદ પાઠ થાય છે તે સ્થાન ૨ એક અરણ્ય
બ્રહ્માર્પણ, ન૦ બ્રહ્મને અર્પણ ૨ જમતા પહેલા જે થોડુ થોડુ અન્ન જીવજંતુને અર્પણ કરે છે તે
બ્રહ્માસન, ન૦ યજ્ઞમા ઋત્વિકનુ આસન ૨ પદ્મ સ્વસ્તિક વગેરે આસન ૩ એક જાતનુ આસન (યોગમા) [શાપરૂપી અસ્ત્ર તે
બ્રહ્માસ્ત્ર, ન૦ (સ૦) બ્રહ્માનુ અસ્ત્ર ૨ બ્રાહ્મણોનુ
બ્રાહ્મ,પુ૦ તે નામનો એક વિવાહ ૨ પારો ૩ નારદ
બ્રાહ્મ, ન૦ અઢાર પુરાણ પૈકીનુ એક પુરાણ ૨ એક મુહુર્ત
બ્રાહ્મણ, વિ૦(સ૦)હિંદુની ચાર વર્ણોમાની એક, દ્વિજ વિપ્ર, વિદ્યા ભણી ધર્મ નીતિનો ઉપદેશ કરનારો, આચાર્ય, ગોર
બ્રાહ્મણિયા, વિ૦ બ્રાહ્મણ સબંધી,બ્રાહ્મણને ખપે તેવુ ૨ માદુ ને સુવડ
બ્રાહ્મણી, સ્ત્રી૦ બ્રાહ્મણ જાતિની સ્ત્રી ભટાણી, ગોરાણી ૨ એક જાતનુ સાપના વર્ગનુ જાનવર
બ્રાહ્મી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ,ભરમી (દવામા વપરાય છે) ૨ વાચા, સરસ્વતિ
બ્રીજ, ન૦ (વ્રજ) વૃન્દાવન અથવા તે સબંધી **બ્રીજભાષા**-મથુરાના લોક જે બોલી બોલે છે તે **બ્રીજવાસી**-ચોબો,વ્રજનો રહેવાસી

ભ.

ભ, પુ૦ ચોવીસમો વ્યંજન વર્ણ ૨ નક્ષત્ર "જાણે ઉગ્યો અનુપમ ચંદ્ર, ભ સૌ સાથે રે"૩ તેજ, કાંતિ
ભગડો, પુ૦ મહાદેવનો પૂજારી,તપોધન [૪ પર્વત
ભડિડો, પુ૦ શુદ્રની એક જાત,ભિલ જેવી ડુંગરમા
ભંભક,વિ૦ભગભગ,જોરથી [રહેનારી એક જાત
ભક્કાબોલુ, વિ૦ ઝટ બોલી દેનાર,મોઢામોઢ જેવુ હોય તેવુ કહેનાર
ભક્ત, વિ૦ (સ૦) પ્રીતિ-આસ્થાથી સેવા કરનાર,ઉપાસક ૨ ઈશ્વરની ભક્તિમા કાળ કાઢનાર, ભક્તિ વિષે બોધ આપનાર,ભગત ૩ વિભાગ કરેલુ ભાગેલુ [એવો, કલ્યાણકારી
ભક્તવત્સલ, વિ૦ (સ૦)ભક્ત છે વહાલો જેને
ભક્તિ, સ્ત્રી૦ (સ૦)પ્રીતિ-આસ્થાથી સેવા કરવી તે,આસક્તિ,અનુરાગ (એ નવ પ્રકારની છે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન,વંદન,દાસ્ય, સખ્ય, અને આત્મનિવેદન, ઈશ્વર પ્રાપ્તિના ત્રણ પ્રકારછે ભક્તિ,જ્ઞાન ને વૈરાગ)૨ ભજન,આરાધના
ભક્તિપૂર્વક, અ૦ ભાવથી,શ્રદ્ધાથી [જે ભાવ તે
ભક્તિભાવ, પુ૦(સ૦ ભક્તિ ઉપર અંત કરણનો
ભક્તિમાન, વિ૦(સ૦)ભક્તિવાળુ, નિષ્ઠાવાળુ
ભક્તિમાર્ગ પુ૦ (સ૦) ભક્તિવડે ઈશ્વર પ્રાપ્ત કરી લેવાનો જે પ્રકાર તે,ઉપાસનામાર્ગ
ભક્ષ, પુ૦ (સ૦) ખાવાનો પદાર્થ ૨ જનાવરનો
ભક્ષક, વિ૦ ખાનાર, ભક્ષણ કરનાર [શિકાર
ભક્ષણ, ન૦ (સ૦) ખાવુ તે ૨ ખાવાનુ તે
ભક્ષી, વિ૦ (સ૦) ખાનાર 'અન્ન ભક્ષી"
ભક્ષણીય,વિ૦(સ૦)ખાવાને યોગ્ય,ખાઇ શકાયતેવુ
ભક્ષ્ય, વિ૦ (સ૦) ભક્ષણીય,ખાવા જોગ

ભખ, પુ૦ ખાવાનો પદાર્થ,શિકાર ૨ ચાર ચાર ગણુતા કાંઇ ન વધે એવી રકમ (એક રમત)

ભખ, અ૦ ઝટ,તરત ૨ એવો અવાજ થાય તેમ

ભખવુ, ક્રિ૦ સ૦ખાવુ,ભરખવુ ૨ બોલવુ ભાખવુ, બકવુ [કાઇ, અક વિના છે નકામુ ભખ્યામા

ભખવુ, ક્રિ૦ અ૦ (ભાખવુ) કહેવુ 'મુલ્ય નવ

ભખળ,વિ૦ આચાર વિચારમાં ભ્રષ્ટ થયેલુ,વટલા યલુ ૨ ખાઉધરૂ ભુખાળવુ ૩ બખીલ કંજુસ ૪ બહુ બોલુ,છુટા મોનુ [વલખા મારવા

ભખળવુ, ક્રિ૦ અ૦ ભ્રષ્ટ થવુ,વટલાવુ ૨ ખાવાને

ભખળેલ, વિ૦ આચાર ભ્રષ્ટ, અપવિત્ર

ભખ્ખડ, વિ૦ નિડર,ધૃષ્ટ ૨ ખરબચડુ ને ધિંગુ ૩ વિવેકરહિત

ભગ, ન૦ છિદ્ર,કાણુ.૨ યોનિ,સ્ત્રીનુ ગુહ્યાગ.૩ સારૂ નશીબ ૪ ઐશ્વર્ય,ઉત્કૃષ્ટપણુ ૫ ગાડ અને અડકોષ વચ્ચેની જગા

ભગણ, પુ૦ આઠ ગણ પૈકી એક (પિંગળ)એમા પહેલો ગુરૂ અને બે લઘુ અક્ષર હોય છે –ᐨ᐀᐀"ભો-જન તે ભણ ભગણ, જકાત જગણ ગણ જાણે"

ભગત, પુ૦ ભક્ત,ઇશ્વર પરાયણ રહેનારો

ભગતડુ, ન૦ ભક્તિમા ઘેલુ, ભજન કીર્તન અને સેવાપૂજા કર્યા કરનારૂ

ભગતુ, નિ૦ અતિશય ખટપટ-ઘેલાઈ તે

ભગદાળુ, ન૦ (મ૦ ભગદડ)બાકુ ,બાકોરૂ, કાણુ

ભગની, સ્ત્રી૦ બેહેન ભગિની

ભગદર, ન૦(સ૦)ગુદા અને વૃષણ એની વચમા રોગથી જે છિદ્ર પડે છે તે ૨ બાકુ, કાણુ

ભગભગ, અ૦ જોરથી વહેતા પાણીથી અવાજ થાય તેમ ૨ વરાળની જોશવાળી ગતિ પ્રમાણે

ભગરૂ, વિ૦ ચિકાસ વિનાનુ ચોળતા–ભાગતા વેરાઇ જાય તેવુ ભભરૂ ૨ ઉપટાઈ ગયેલા ૨ ગનુ

ભગલ, ન૦ ઠગાઇ ઢોંગ

ભગવત, વિ૦ સકળ ઐશ્વર્યવાળો,ઇશ્વર ૨ અશી જન,ભાગ્યશાળી,ભગવત. [વાળી સ્ત્રી

ભગવતી, સ્ત્રી૦ પાર્વતી,દેવી ૨ રાણી ૩ ભાગ્ય

ભગવતી, વિ૦ ભજન–સેવા કરનારી, ભક્તજન, તપસ્વિની.

ભગવત, વિ૦ ભાગ્યશાળી, પ્રભુના અશવાળુ ૨. ઈશ્વર ૩ સાધુમત, શ્રીમત, રાજા વગેરે

ભગવાન, પુ૦(સ૦ સકળ ઐશ્વર્યવાન જગદીશ્વર

ભગવુ,વિ૦ ગેરૂના ૨ ગનુ,ભુખરુ **ભગવા** કરવા–વેરાગી થવુ,સન્યાસી થવુ **ભગવો** ઝુડો–પેશ્વાઇ

ભગળ, ન૦ ભોપાળુ, ઠગાઇ, ઢોંગ [વાવટો

ભગળભાવાર્થી, વિ૦ અંદર કંઇ ને બહાર કંઇ

ભગિની, સ્ત્રી૦ (સ૦) બહેન [એવુ,બગભગત.

ભગીરથ, પુ૦ એ નામનો રાજા ૨ વિ૦ મોટુ, ખૂબ મહેનત પડે તેવુ ૩ મુશ્કેલ, કઠણ

ભગોટુ, ન૦ રેશમનો કીડો [પામેલુ,હતાશ

ભગ્ન, વિ૦ (સ૦) છેદાઇ ગયેલુ, ભાગેલુ, ૨ હાર

ભંગ, પુ૦ (સ૦) વચમાથી તૂટવુ તે,ભાગી પડવુ તે,નાસીપાસી 'મનોભંગ' ૨ કકડા કર્યા હોય તેવુ હોવુ તે,વાંકુ વળેલુ તે 'ત્રિભંગી વ્રત.'૩ નાશ, અત આવવો તે, ફનાફાતિયા થવુ તે ૪ ખતરો આતરો, આડખીલી આવી જવી તે, વિઘ્ન આવવુ તે

ભંગ, સ્ત્રી૦ ભાગ ૨ પાણીની લહર

ભંગડ, વિ૦ ભાગનો વ્યસની,કેફી પીણુ પીનાર

ભંગડખાનુ,ન૦ ભાગ પીનારાઓ જ્યા ભાગ પીવા આવતા હોય તે સ્થળ, ભાગનુ પીઠુ

ભંગડી, સ્ત્રી૦ ચાડાળની સ્ત્રી, ભંગિયણ ૨ કજીયા કંકાસ કરનારી સ્ત્રી

ભંગડો,પુ૦ ચાડાળ,ભંગિયો ૨ નઠારો,દુષ્ટ,લડકણો

ભંગાણુ, ન૦ ભાગી પડવુ તે,તૂટ ૨ બધ પડવુ તે, અટકવુ તે [ભાગતા અદરથી જે નીકળે છે તે.

ભંગાર, પુ૦ ભાગેલા વાસણ ૨ પોગળ,ફળ વગેરે

ભંગારો, પુ૦ ભાગ્યા તુટયા વાસણની ફૂટ લેનાર

ભંગિયેણ. સ્ત્રી૦ ભંગિયાની સ્ત્રી,ચંડાળણી

ભંગિયો, પુ૦ નર્ક વાળનારો ઢેડો, હલાલખોર, જાજરૂ વાળનાર. ૨ ચંડાળ

ભંગી, વિ૦ ભંગડ, વ્યસની **ભંગીજંગી**= ભાગ ગાંજો પીને મસ્ત રહેનાર,૨ ભંગડો

ભંગુર, વિ૦ સહેજમા ભાગી-તૂટી પડે તેવુ, જતુ રહે તેવુ બરડ,નાશવત 'ક્ષણભંગુર" ૨ ભાગી જાય તેવુ [પેસતા થતો અવાજ

ભચ–ચ્છ, અ૦ ભાલો બરછી કટાર શરીરમા

ભચકવુ, ક્રિ૦ અ૦ પછાડવુ, ભાગવુ

ભચકાવવુ, ક્રિ૦ સ૦ ભચ દઇને મારવુ,અફા ળવુ,અથડાવવુ,પછાડવુ,ભાગવુ

ભચક્ર, ન૦ (સ૦) નક્ષત્ર મંડળ

ભચડભચડ, અ૦ કડક વસ્તુ ચાવતા કે કચરાતા થતો અવાજ ૨ ડાગેર ભરડતા થતો અવાજ

ભચડવુ, ક્રિ૦ સ૦ દાબીને કચરવુ, ભરડવુ દબા- વીને ભરડવુ ૨ દાબવુ,ચકડાય–કચરાય એમ કરવુ

ભચડાવુ, ક્રિ૦ અ૦ સંકોચાવુ ભિડાવુ,૨ ભરડાવુ, [૩ દબાવુ

ભચા, અ૦ બસ પૂર્ણ

ભચોભચ, અ૦ ઉપરાઉપરી,ભચભચ થાય તેમ

ભજન, ન૦ (સ૦) ભજવુ તે ૨ પ્રાર્થના, ઈશ્વર સ્મરણ,સ્તુતિ ૩ ભક્તિના કાવ્ય

ભજનિક, વિ૦ ભજન કરનાર,ભગત

ભજનિયા, ન૦ ભજન કરતા વગાડવાના કાસા, કરતાલ ૨ ભજન, કીર્તન ૩ ગાળો

ભજનિયો, પુ૦ ગાઇને ભજન કરનાર [દેખાડવુ

ભજવવુ, ક્રિ૦ સ૦વેષ કાઢી બતાવવો,હોય તેવુ કરી

ભજવુ, ક્રિ૦ સ૦ ઇશ્વરનુ સ્મરણ કરવુ જપવુ ૨ પ્રીતિથી સેવન કરવુ સેવવુ ૨ લાચ આપવી ૩ દીપવુ શોભવુ

ભજાવવુ, ક્રિ૦ સ૦ ભજવવુ,વેષ કાઢી બતાવવો

ભજિયુ, ન૦ કંદ ફળના પાતળા કકડાને મસાલા વાળા ચણાના લોટના ખીરામા બોળી તળવાથી [જે બને છે તે

ભજુ, વિ૦ ભજનાર (કવિતામા)

ભંજક, વિ૦ (સ૦) ભાગનાર,નાશ કરનાર ૨, ટાળનાર, નિવારનાર [ભાગનાર, નિવારનાર

ભંજન, ન૦ (સ૦) ભાગવુ–તોડવુ તે ૨ વિ૦

ભટ, પુ૦ (સ૦) યોદ્ધો,લડવૈયો ૨ પંડિત ૩ વેદ જાણનાર બ્રાહ્મણ ૪ ભિક્ષુક બ્રાહ્મણ ૫ બ્રાહ્મણની [અટક

ભટકણ, વિ૦ રખડવુ, રખડેલ

ભટકબોલો, પુ૦ પ્રલાપી વાચાળ, બટકબોલો

ભટકભવાની, સ્ત્રી૦વગર કામે ઘેર ઘેર ભટકતી સ્ત્રી

ભટકવું, ક્રિ૦ અ૦ વગર કામે અહિ તહિ ફર્યા કરવુ રખડવુ,રઝળવુ ૨ કંઇ તાકયા કરવુ [ભટકવુ તે

ભટકા, ન૦ ભટકિયા, વલખા,ફાફા ૨ ફેરા આટા

ભટકાવવુ ક્રિ૦ સ૦ રખડાવવુ,ભમાવવુ ૨ અથ ડાવવુ ૩ પછાડવુ, અફાળવુ

ભટકિયા, ન૦ રખડવુ તે,ફાફા મારવા તે,વલખા

ભટજી, પુ૦ બ્રાહ્મણને માનાર્થે બોલાવવામા વપ- [રાતો શબ્દ

ભટપડો, પુ૦ દિસ્તુ રહો, બળો

ભટાઇ, સ્ત્રી૦ ભાટાઇ, હદ ઉપરાત વખાણ આપ વડાઇ,અતિશયોક્તિ (ભાટની પેઠે)

ભટાણી, સ્ત્રી૦ બ્રાહ્મણી ભટની વહુ ૨ શેઠાણી,રાણી.

ભટિયો, પુ૦ ગોસાઇજી મહારાજના મંદિરમા રહે- નાર તેમની ન્યાતનો બ્રાહ્મણ તે

ભટુરિયુ, ન૦ ગાય ભેસને દૂધ વધવા ડાગરને પલાળી ખાંડી ખવરાવવા કરેલો પદાર્થ ૨ ઢોરનુ ખાણ ૩ કુરકુરિયુ ભોટીલુ, ઠિંગણુ કુતરૂ ૪ વિ૦ ભાગણુ,ભુંડા જેવુ ૫ નાનુ

ભટ્ટ, પુ૦ (સ૦) પંડિત,વિદ્વાન,બ્રાહ્મણ

ભટ્ટિની, સ્ત્રી૦ (સ૦) સ્વામિની, શેઠાણી,રાણી

ભટ્ટો, પુ૦ બ્રાહ્મણ (તુચ્છકારમા)

ભઠ, અ૦ ધિક્કાર છટ, ધિક "ભઠ પડી તારા જીવતરને" ૨ ઝટ,તરત 'ભીમ ભડ ઉડયો ભઠ, રક્ત ઉત્પલ જેવુ"

ભઠ્ઠી, સ્ત્રી૦ (સ૦ ભૃષ્ટિ) ભોયમા ખાડો ખોદી ઉપરથી ચણી લેઇ બનાવેલો મોટો ચૂલો, ચૂલ 'લુહારની ભઠ્ઠી" ૨ જે પદાર્થને અગ્નિની આચ આપવાની હોય તે પદાર્થની લાકડા છાણા ઇ૦ સાથે કરેલી ગોઠવણ "ઇંટની ભઠ્ઠી' ૩ મોટા ચૂલા તથા તે ઉપર મૂકેલા વાસણ તે "રસાયણ પકવ- વાની ભઠ્ઠી" ૪ ભઠ્ઠીથી તૈયાર થયેલો પદાર્થ તે ૫ ફ્રંડ, દારૂ, અર્ક કાઢવાનુ સ્થળ

ભઠવુ, ક્રિ૦ સ૦ ધમકાવવુ,વઢવુ, તપી જવુ ૨ ચિઢાવુ મનમા ધખવુ–આકળા થવુ [મહેનત

ભઠિયારખાનુ, ન૦ રસોડુ ૨ રસોડાનુ કામકાજ–

ભઠિયારણ, સ્ત્રી૦ સોઇયણ

ભઠિયાળી સ્ત્રી૦ રાધનારી રસોઇયણ

ભઠિયારૂ, ન૦ રાધવાનુ કામ,રસોઇ કરવી તે

ભઠિયારો, પુ૦ સાઇયો,રોટી કરનારો,ર ધવારો

ભડકિયુ, ન૦ ભંડારિયુ,ગાડી ગાડામા કંઇ ચીજ મૂકવા માટે પેટી જેવુ બનાવેલુ તે

ભડ, વિ૦ બળિયુ, પરાક્રમી ૨ સમૃદ્ધિવાન ૩ પુ૦

ચોદ્ધો,૪ શ્રીમ ત ૫ સ્ત્રી૦ કોશના વરતની ખીલી
૨ ભોપાળુ, પોગળ ભડ વેન્ઇ જવી=ભોપાળુ
નીકળવુ,પોગળ વેગઇ જવુ, જે ભારેભાર ચાલતો
હોય તે ઉઘાડો પડી જવો

ભડ, અ૦ એવો થતો અવાજ

ભડક, સ્ત્રી૦ ચમક,સોક,ચોક

ભડકણુ–ણુ, વિ૦ ભડકે તેવુ, બીકણુ,ચમકનાર

ભડકવુ, ક્રિ૦ અ૦ ચમકવુ બીકથી ચોકવુ, ધુવા
પુવા થવુ

ભડકાવવુ,ક્રિ૦ સ૦ ચોકાવવુ,બીવડાવવુ ૨ ડપકો
દેઈ ગભરાવવુ ૩ ઝબકાવવુ, એકદમ ઉઠાવવુ,
આશ્ચર્ય પમાડવુ

ભડકિયુ, ન૦ ગ ધકનો ચુઓ,ઘી અને ગ ધક ચી-
ચરાને ચોપડી બાળવાથી પડતા ટપકા [તેવુ

ભડકિયુ, વિ૦ ભડકે બળે તેવુ, તરત ભડકો થાય

ભડકી,સ્ત્રી૦ બાજરી કે જુવારને દળી તેની અ દર
પાણી નાખી ઉકાળી કરેલો પદાર્થ, રાબડી, ઘે શ.

ભડકુ, ન૦ ભડકી.૨ જોશવાળુ મોટુ બળતુ, ભ-
ડકો ભભુકો

ભડકો, પુ૦ મોટુ ભ-ડુ, ઝાળ, ભભુકો ૨ સખત
તાપ, આચ ૩ ભૂખ, ભારે અસર લાય ૪
દિલગીરીના જુસ્સાથી જે દુ ખ થાય તે,મનસ્તાપ
૫ પ્રકાશ, અજવાળુ

ભડ ગ, અ૦ બિલકુલ, તદ્દન, સાવ ‘નાગોભડ ગ.’

ભડત, ન૦ દેવતાની આચથી બાફેલુ આખુ વેગણ
જેની છોલ કાઢી તેને છુદી દહિ અથવા મસાલા
સાથે ભેળી ખાવામા આવે છે તે ભરત

ભડથવું, ક્રિ૦ અ૦ ભરસાડમા ચઢવુ–બફાવુ,
દેવતા ઉપર સીઝવુ

ભડભડ, અ૦ પુષ્કળ, ખૂબ, ખળખળ, વેગથી

ભડભડવું, ક્રિ૦ સ૦ મન થવુ, ઇચ્છા થવી ૨
વગર વિચાર્યુ બોલવુ, જેમ આવે તેમ બોલવુ
ભડભડી ઉઠવુ=ધુધવાઇને એકદમ જોસમા બળવુ
થવુ ૨ એકદમ જોસમા ગુસ્સો કરવો

ભડભડિયુ, વિ૦ મનનો ઉભરો સપાટાની સાથે
બહાર કાઢી નાખવાની ટેવ હોય તે, વાચાળ,બટ-
કબોલુ, બહુભાષી ૨ નિખાલસ, ભોળુ,નિષ્કપટી.

ભડભાદર, વિ૦ મોટુ,આબરૂદાર ૨ ભર્યુભાદર્યુ

ભડવાઇ, સ્ત્રી૦ ભડવાનુ જે કામ તે.૨ ભડવાની
કમાઇ,વ્યભિચાર કરનારા પાસેથી મળતી દલાલી.

ભડવુ, ક્રિ૦ સ૦ ભરડવુ, જાડુ દળવુ ૨. લડવુ,
કજિયો કરવો

ભડવો, પુ૦ પરપુરૂષ-સ્ત્રી સાથે મેળાપ કરાવી
આપનારો કુટણો ૨ નાયકાનો સાથી.૩ સ્ત્રી વશ
ભર્તાર [ગારીઓ હોય તેવી રાખ

ભડસાળ, સ્ત્રી૦ ઉ ની રાખ;દેવતાની નાની ચિણ-

ભડાક, અ૦ એકદમ અવાજની સાથે ૨;તાબડતો-
બ ૩ અ તરપટ, મો આડે છેડો તાણવો તે

ભડાકો, પુ૦ તોપ બ દુક ફુટવાથી થતો અવાજ
ધડાકો ૨ કોઇ ભારે મોટી વસ્તુ ઉચેથી પડવાથી
થતો અવાજ ૩ તડાકો, ગપગોળો ભડાકો મારવો
—જોરથી (કામ) કરવુ ૨ પહેલીજ વખતે જય
મેળવવો ૩. વગર ધાસ્તીએ બોલવુ

ભડાભડ, અ૦ ભડભડ થાય તેમ, ભડોભડ

ભડાભુટ, અ૦ અહિ તહિ પહેલુ હોય તેમ,અવ્ય-
વસ્થિત [બોલચાલ

ભડાભુટ, સ્ત્રી૦ ધાધલ ગડબડ ૨ ધમ્માચકડી,

ભડુ, ન૦ બારી બારણાના ચોકડાને લગતો ભિંતનો
જે ભાગ તે, આગલી દિવાલ ભડે બેસવુ—પડી ભા
ગવુ, પડતી દશામા આવવુ ૨ નસતાન જવુ

ભડોભડ, અ૦ ભડાભડ એકદમ [થવો

ભણ, પુ૦ સૂરજ ભાણ ભણ ડુબવા=સૂર્યાસ્ત

ભણકાર–રો, પુ૦ ભ્રાન્તિજનક અવાજ,ચેતવણી

ભણકો, પુ૦ ભણકાર [નો અવાજ.

ભણતર, ન૦ભણવાનુ તે,ભણવાનો વિષય ૨ વિદ્યા,
જ્ઞાન. ૩ અભ્યાસ, અધ્યયન, શિક્ષણ

ભણવુ,ક્રિ૦ સ૦ (સં૦ ભણ)શીખવુ, પઢવુ, અ
ભ્યાસ કરવો ૨ જ્ઞાન મેળવવુ " અધ્યન કરવુ "
૩ કહેવુ, બોલવુ, વદવુ.‘ નણ દ જેઠાણી વાકુ ભણે
કુ વરબાઇને દુબળી ગણે "—પ્રેમા૦ ૪ ગોખવુ,મોઢે
કરવુ ૫ વાચવુ ભણવુ ગણવુ—શીખવુ ને તેનો ઉ-
ઉપયોગ કરવો. "ભણ્યા પણ ગણ્યા નહિ " ભ
ણી ગણીને=પાવરધા થઇને,હોશિયાર બનીને. ભ-
ણી જવુ–પોબારા ગણવા, નાસી જવુ ભણતા

પડિત નીપજે, લખતા લહિયો થાય=મહાવરાથી માણસ હોશિયાર બને
ભણામણ, ન૦ ભણાવવાનો લવાજમ-ફી
ભણાવવુ, ક્રિ૦ સ૦ શિખવવુ, શિક્ષણ આપવુ, કેળવણી આપવી ૩ બોધ આપવો, ઉપદેશ કરવો, જ્ઞાન આપવુ ૩ શિખવી મૂકવુ, સમજાવવુ, સલાહ આપવી ૪ ટેવાવવુ, મહાવરો પડાવવો
ભણી, અ૦ તરફ, મેર, બાજુ
ભણેલુ, વિ૦ શિખેલુ, વિદ્વાન, જાણીતુ
ભડાર, પુ૦(સ૦) ધનધાન્ય ભરી મૂકવાની જગા, ભોયરૂ ૨ જામદારખાનુ, ખજાનો, તિજોરી ૩ દોલત, ગર્થ, ધનમાલ નિધિ ૩ વહાણના તુતકની નીચેનો ભાગ [૨ ભડારમા મૂકવુ
ભડારવુ, ક્રિ૦ સ૦ જમીનમા દાટવુ-છુપાવવુ
ભડારિયુ, ન૦ ભિતમા રાખેલો ગોખલો, સચ, તાકુ ૨ ગાડાગાડીમા રાખેલી પેટી જેવી ગોઠવણ
ભડારી, પુ૦ ખજાનાનો રખેવાળ, ખજાનચી, કીલીદાર, તિજોરર ૨ અનાજ વગેરેની સભાળ રાખનારો કોઠારી ૩ (સ૦ભાડીર-તાડ.) તાડી ને દારૂ ગાળવાનો ધધો કરનારી એક જાત
ભડારો, પુ૦ મોટો જમણવાર, આખા ગામના કે નાતના માણસોને જમવા તેડવા તે
ભડોળ, ન૦ વેપાર કરવાને એકથી વધારે જણે પોતપોતાની મુડી આપી જે ઉભુ કરેલુ નાણુ તે, પુજી, થાપણ, મુદ્દલ ૨ પોતાની પાસે જે રોકડ હોય તે, એકઠી કરેલી પુજી
ભડોળિયુ, વિ૦ ભડોળવાળુ, મિશ્ર ૨ સાના વા પરનુ, ગબડગડુ, ભડોળિયો વેપાર=પત્યાળાનો વેપાર ટુક ભડોળિયો-થોડી મુડીવાળો, જેની થાપણ થોડી હોય તેવુ ભડોળિયો-મુડી કાઢનાર, મુડીવાળો
ભતરીજી, સ્ત્રી૦ ભાઇની દીકરી, ભત્રીજી
ભતરીજો, પુ૦ ભાઇનો છોકરો ભત્રીજો
ભત્થુ, ન૦ કાચુ કોરૂ ખાવાનુ તે, ઉપહાર, ભત્યુ ટીમણુ ૨ પગાર ઉપરનુ લવાજમ (વધારાની નોકરી માટે) ૩ કેદીને ખાવા માટે જે પૈસા આપવામા આવે છે તે (માગનાર તરફથી)
ભથવારૂ, ન૦ ભાથુ લઇ જનાર [ડામા)
ભથવુ, ક્રિ૦ અ૦ વધવુ, આગળ જવુ (મોઇદ-
ભથાયણુ, ન૦ ભાથુ લઇ જવાનુ વાસણ
ભદલ ન૦ મુડણ, આખુ માથુ બોડાવવુ તે
ભદ્ર ન૦ (સ૦) કલ્યાણ, શ્રેય, આબાદી ૨ મુડન, ક્ષૌર ૨ વિ૦ મગળ માગળિક ૨ ભલુ, સારૂ ૩ ભાગ્યશાળી, સુખસપન્ન
ભદ્રક, પુ૦ (સ૦) કલ્યાણ, આબાદી. "તારા ભેખમા શો ભદ્રક ભાળુ રે, જીવડા જુઠારે" ૨ એક જાતનુ અક્ષરમેળ વૃત ૩ વિ૦ ભલુ કરનાર
ભદ્રકટ, પુ૦ મોટો ગોખરૂ
ભદ્રકાલી, સ્ત્રી૦ દુર્ગાદેવી, કલ્યાણકારી દેવી
ભદ્રા, સ્ત્રી૦ બીજ સાતમ અને બારસ એ તિથિમાથી દરેક ૨ ગાય ૩ પાર્વતી, દુર્ગા ૪ ગળી ૫ વેખડ ૬ ગોકર્ણી (વનસ્પતિ)
ભદ્રાકરણ, ન૦ મુડન, હજામત
ભદ્રાક્ષ, પુ૦ (સ૦) એક જાતના રૂદ્રાક્ષ જેવા કળિયા.
ભપકાવવુ, ક્રિ૦ સ૦ જોરમા પાણી રેડવુ, ફફળાવવુ ૨ ભડભડાટ બળતુ કરવુ
ભપકી, સ્ત્રી૦ ધમકી, દહેસત [વ, આડબર
ભપકો, પુ ધમકી, ઠપકો ૨ તોર, રોપ ૩ દેખા-
ભપ્પ, અ૦ વગર વિચારેનેવગરવિલબે, ઝપાટાબધ
ભપ્પલ, વિ૦ ફૂલેલુ ને જાડુ, સ્થૂલ, દોગુ, ફેફ્ફુ
ભભક, સ્ત્રી૦ તેજી, ચળકાટ "રગની ભભક" ૨ લાલિત્ય, કાતિ, પાણી [દમદબાવાળુ, છટાદાર.
ભભકાદાર, વિ૦ દેખાવડુ, રોણકદાર ૨ સુશોભિત,
ભભકાબધ, વિ૦ સુદર શોભતુ, ટટ ૨ ૦ અ૦ છટાદાર, નિડરપણે, રોફબધ
ભભકાવવુ, ક્રિ૦ અ૦ ભપકાવવુ [૩ રોફ
ભભકો, પુ૦ ભપકો, ડોળ, ઠાઠમાઠ ૨ દેખાવ
ભભડવુ, ક્રિ૦ અ૦ ખાવા સાઠ મો ચવળવુ, ખાઉં ખાઉ એમ થવુ ૦ મોટો સાદ કાઢવો
ભભરો, પુ૦ મોટુ ભભડવુ તે ૨ મરી મચોરો હીગ વગેરેનો ઉકાળો
ભભરાવવુ, ક્રિ૦ સ૦ કોઇ વસ્તુ ઉપર આછો આછો ભૂકો વેરવો-નાખવો તે ૨ ટપી જવુ, વધવુ.
ભભરૂ, વિ૦ છુટુ લોચાથી ઉલટુ "ભભરી દાળ"

ભભુકો,પુ૦ એકદમ જોશમા બળતુ થઇ આવવુ તે ૨ તેજનો ભડકો, ભભક

ભભૂત–તી, સ્રી૦ (વિભૂતી) ભસ્મ, યજ્ઞ હોમ ની રાખ, રાખોડી. **ભભુતી** ચોળવી=બાવા બનવુ

ભમગરો, પુ૦ કતારી, ખરાદી, સરાણિયો

ભમંડળ, ન૦ કાતિમ ડળ

ભમર, પુ૦ ભમરો.૨ ફેર, ચક્કર

ભમર, સ્રી૦ ભમ્મર, ભૃકુટી,ભવુ ૨ વમળ, ભમરો

ભમરડી, સ્રી૦ નાનો ભમરડો ૨ ચક્કર ફરવુ તે, કુડાળુ ભમરડી ચકરડી=ગુ ચવણ,ગોટાળો, ભ્રમ

ભમરડો, પુ૦ લાકડાનુ આરવાળુ રમકડુ ૨ દોરી વિ ટાળી ફે કવામા આવે છે ત્યારે ઘુ ઘુ કરતુ ગોળ ફરે છે તે, ગેરિયો ૨ એક જાતનુ ફળ ૩ ભમરો ભમરડો=અક્કલ વગરનો, મૂર્ખ

ભમરભોળુ, વિ૦ નિખાલસ ભોળુ ને સ્નેહાળ

ભમરિયુ, ન૦ સ્રીઓને પહેરવાનુ ભમરીઓની ભાતવાળુ વસ્ત્ર ૨ ચકરીનો રોગ

ભમરિયુ, વિ૦ ગોળ ચક્કર ફરતુ, ચક્કર આવે તેવુ ૨ ભમરીએ બનાવેલુ, ભમરીનુ [રઝળનાર

ભમરી, વિ૦ બહુજ અસ્થિર મતનુ, જ્યા ત્યા

ભમરી, સ્રી૦ ભમરાની માદા ૨. ચકરડી, ઘુમરી તમ્મર ૩ ભમરાના આકારનુ રમકડુ

ભમરો, પુ૦ (સ૦ ભ્રમર) પીળા મોનો ને અગે કાળો,ને ગોટા જેવો પાખવાળો વા૦ા લાકડુ કોર- નારો જીવડો, ભમર ૨ એક જાતની મોટી કાળી મધમાખી. એ ફૂલની આસપાસ ભમે છે તે ૩ વહેતા પાણીમા થતા ગોળ કુડાળા, વમળ ૪ ઢોર –માણુસના શરીર–માથાના કોઇ ભાગ ઉપર વા- ળનો કુડાળા જેવો આકાર હોય છે તે ૬. મધનો પુડો બાંધનારો જીવડો,મધુકર;ભ્ર ગ ભમરો ભુસા- ઇ જવો=રડાવુ,વિધવા થવુ ભમરાળુ =હીણભાગી, નઠારા પગલા

ભમવુ, ક્રિ૦ અ૦ ફરવુ, રખડવુ, નકામા આટા ફેરા કરવા ૨ ફાફા મારવા,ખાલી ભટકવુ.૩ મગ જમા દુ ખ થવુ, તમ્મર આવવાં, જીવને ચેન ન પડવુ ૪ દોરાઇ જવુ;બીજાના કહેવા પ્રમાણે ચા- લવુ. ૫.ચક્કરમા ફરવુ **ભમી** જવુ=તમ્મર આવવા ચકરી આવવી ૨ મગજે અસ્થિર થઇ જવુ–દોરાઇ જવાવુ, ફરી બેસવુ,૩ ભાન જવુ

ભમાવવુ, ક્રિ૦ સ૦ ફાફા મરાવવા ૨ ઉધુ ચતુ સમજાવવુ ૨ છેતરવુ ઠગવુ ૩ વહેમમા નાખવુ ૪ ભટકાવવુ, રખડાવવું [ભ્રમિત

ભમેલ, વિ૦ છકેલ,ફાટેલ ૨ રખડેલ ૩.ગાડા જેવુ,

ભપાડો વિ૦ મોટા પાડા જેવુ જાડુ

ભંપોલ, વિ૦ અદરથી પોલુ પણ જાડુ દેખાતું

ભભારવ, પુ૦ બળદનો અવાજ, મોટો ને પોલો લાગતો અવાજ [ભમાવવુ ૨ ઉશ્કેરવુ

ભભેરાવુ, ક્રિ૦ અ૦ સાચુ જુઠું સમજાવવુ,

ભભેરણિ,સ્રી૦ઉશ્કેરણી, ખોટુ કહીને ભમાવવુ તે.

ભભેરાવુ ક્રિ૦ અ૦ ખોટે રસ્તે દોરવુ

ભભો, પુ૦ પાણી રાખવાનુ માટીનુ વાસણ

ભભોળવુ, ક્રિ૦ અ૦ ફાફા મારવા, ખોળવુ, અહિ તહિ શોધવુ

ભમ્ભ, અ૦ ભારે નક્કર વસ્તુ ઉચેથી પડતા થતો અવાજ ૨ ભપ્પ, ઝપાટાબધ, વગર વિલબે.

ભમ્મર, ન૦ (સ૦ભ્રૂ)આખનાં પોપચાની ઉપરનો કમાનદાર વાળવાળો ભાગ ભ્રકુટી, ભવુ, ભ્રૂ.૨ ૨ ફેર, ચકરી [૩ રસશાસ્ત્ર પ્રસિદ્ધ એક રસ.

ભય, ન૦ (સ૦)બીક, ડર, ધાસ્તી ૨ સંકટ,આફત

ભય કર,વિ૦,સ૦)બીક લાગે તેવુ , ભય ઉપજાવ નારૂ, બિહામણુ, વિકાળ.

ભયભીત,વિ૦(સં૦)બિધેલુ ડર ખાઇ ગયેલુ

ભયા,પુ૦ભાઈ

ભયાતુર,વિ૦ભયવાળુ;ભયથી વિહ્વળ.

ભયાન,વિ૦ભય કર,બિહામણું

ભયાનક,વિ૦(સ૦)બિહામણુ ,ભય કર

ભયાવહ,વિ૦ભય કર,બિહામણુ.

ભયો,અ૦પુષ્કળ–બહુ થયુ એમ **ભયો** કરાવવો= માનતા પૂર્ણ કરી પુજારીની આશીષ મેળવવી

ભય્યો, પુ૦ઉત્તર હિદનો રહેનાર

ભર્યુભાદર્યું, વિ૦ પૈસા અને માણુસોથી ભરપૂર, મોટા કુટુબવાળુ

ભર,વિ૦ સ૦) ભરપૂર,પરિપૂર્ણ, પૂરા જોશવાળુ 'ભરઉઘ' ૨ ભરેલુ, માપસર, 'શેરભેર લોટ.'

ભરઉઘ, સ્ત્રી૦ પૂરી-પાકી ઉંઘ
ભરકુસ, સ્ત્રી૦ નકામી-નાની વસ્તુઓનો જથો, [સામાન્ય સમૂહ
ભરખ,પુ૦ભક્ષ,ખાવાનું,ખાદ્ય
ભરખવું,ક્રિ૦અ૦કરડવુ,ડખવુ,ખાઇ જવુ
ભરચક,વિ૦પુષ્કળ,ખીચોખીચ ભરેલુ,ભરપુર ૨ ઠસોઠસ,ભરચક [તિવુ
ભરચટ,વિ૦ ભરચક, પુષ્કળ, જરાએ ઊણુ ન હોય
ભરચદી,સ્ત્રી૦જેટલી જોઇયે તેટલી ચદી
ભરચોમાસુ, ન૦ ખરેખરા ચોમાસાના દહાડા, ખરૂ જામેલુ ચોમાસુ
ભરજુવાની,સ્ત્રી૦ ખરી-પૂરી જુવાની,પુખ્ત વય
ભરડવુ, ક્રિ૦ સ૦ અનાજને મોટુ જાડુ દળવુ ૨ ગમે તેમ (જોશમા)બોલીદેવુ ૩ અસષ્ટ બોલવુ, ગણુ ગણવુ ૪ બહુ બોલવુ, બોલ બોલ કરવુ ૫ ગમેતેમ વસડી-લખી વાગવુ
ભરડો,પુ૦ભરડેલા પદાર્થમાનો પડેલો ભૂકો 'દાળનો ભરડો '૨ મહાદેવનો પૂજારી,તપોધન ૩ વળીઓ સાથે ઉપર નીચે જે બબ્બે વાસ જકડી લેછે તે, બધ ૪ શેરડીમા થતો એક રોગ
ભરણ,ન૦(સ૦ભૃ)ખવડાવવુ પિવડાવવુ તે ગુજરાન ૨ દુખતી આખમા જે ખાપરિયુ-જસત વગેરે ભરવુ તે "ભરણ ભરવુ "૩ જાદુગરનો ટુચકો
ભરણપોષણ,ન૦(સ૦)ખવડાવી પિવડાવી સભાળથી ઉછેરવુ-મોટુ કરવુ તે,પાલણપોષણ ૨ ગુજરાન,નિર્વાહ,આજીવિકા [ભરાવુ તે,ઉમેરો,પુરણી
ભરણી,ન૦(સ૦)સત્તાવીસ નક્ષત્ર પૈકી બીજુ ૨
ભરણી,સ્ત્રી૦ શાક રાધવાનુ વાસણ 'સુદર રીતે શાક વઘાર્યું, ભોગ ન પામે ભરણી "—દયા૦
ભરણુ, ન૦ સરકારમા નાણુ પહોચાડવુ-મોટી તીજોરીમા ભરવુ તે,પોતુ ભરવુ તે ૨ અધુરૂ હોય તે ભરી પુરૂ કરવુ તે ૩ સગ્રહ,જથો ૪ જે લાકડાનો કકડો સરા ઉપર મૂકાય છે તે, થાભલા ને ભાલ વચ્ચેનુ લાકડુ
ભરત,ન૦(સ૦ભૃ) માપ,ભરતર,ક્ષેત્રફળ ૨ માપ, માપી-ભરી આપવુ તે ૩ માપવા-ભરવાનુ વાસણ, ભરતર ૪ બીબામા રસ રેડી બનાવેલુ વાસણ-દાગીનો ૫ નકશી, નકશી કામ ૬ મશાલો ભરી કરેલુ શાક
ભરતખડ, પુ૦ (સ૦) હિદુસ્તાન, આર્યાવર્ત
ભરતર,ન૦ ભરત ૨ માપ,પ્રમાણ ૩ ઢાળેલુ તે, રસ કરી ઢારી બનાવેલુ તે ૪, ઢાળેલી ધાતુ
ભરતાર, પુ૦ ધણી,વર,ખાવિદ,કથ સ્વામી, ભરી-પુરી રાખનાર
ભરતિયુ, ન૦ વહાણ-ગાડીમા માલ મોકલ્યો હોય તેની યાદી, સતમી ૨ મોકલેલા માલની વિગતવાર કિમ્મત સાથેની યાદી ૩ કોઇમાં જેટલુ માઇ શકે તેટલુ ને ૪ વિ૦ ભરનાર,બદલામા નાણા આપનાર
ભરતી,સ્ત્રી૦ એકઠુ કરવુ તે;ભરવુ તે ૨ દરિયાના પાણીનુ ચદ્રના આકર્ષણથી વધવુ તે,વીગ,જુવાળ, ઝાગ (ભરતી ને ઓટ) ૩ પુરૂ ભરાઇ રહેવુ તે, જમાવ થવો તે ૪ (લશ્કરમા) વધારો, ઉમેરણ
ભરથાર,પુ૦ ભરતાર, જુઓ
ભરપટે,અ૦ જોઇએ તેટલુ એમ પુષ્કળ,પુરેપુરૂ
ભરપાઇ,સ્ત્રી૦પુરેપુરૂમળ્યાની પહોચ,સપૂર્ણ પતાવટ
ભરપૂર, વિ૦ સપૂર્ણ ભરેલુ એવુ,કાના સુધી ભરેલુ એવુ,છલોછલ ૨ પુષ્કળ,જોઇયે તેથી વધારે
ભરભરૂ,વિ૦ કોરૂ સુકુ ૨ ભિનાશ વગરનુ, 'ભરભરી રેતી " ૩ ચિકટ વિનાનુ ૪ કરકર, કણદાર
ભરભાખળુ, ન૦ સૂર્યોદય પહેલા ને સૂર્યાસ્ત પછી જે આછો થોડીક વાર ઉજેશ માલમ પડે છે તે, મળસકુ, મોટુ પરોઢિયુ, સધ્યાકાળ,ઝળઝળુ
ભરમ, પુ૦ ભ્રાતિ, શક, વહેમ ૨ પુજી છે એવુ જે લોકમા મનાવુ તે, પ્રતિષ્ઠા ૩ છૂપો ભેદ, ગુહ્ય. ૪ શાખ,આબરૂ [ભિભેરવા,છેતરવુ,ભમાવવુ
ભરમાવવુ,ક્રિ૦સ૦ આડુ અવળુ સમજાવવુ,કાન
ભરમાવુ, ક્રિ૦ અ૦ છેતરાવુ, ઠગાવુ, આડે રસ્તે દોરાવુ, વહેમાવુ, ભ્રાતિમા પડવુ
ભરમી,સ્ત્રી૦એક જાતની વનસ્પતિ-ઔષધિ,બ્રાહ્મી
ભરમિજલસ,સ્ત્રી૦ ઠેઠાઠઠ ભરાયલી સભા ૨ અ૦ ભરાયલી સભાની વચમા
ભરવાડ, પુ૦ બકરા ઘેટા પાળવા-વેચવાનો ધધો કરનાર એક જાતિ,રાયકા, રબારી
ભરવાડણ,સ્ત્રી૦ભરવાડની સ્ત્રી,રાયકણ **ભરવાડી** તાણવી=લાબી સોડ તાણી સૂવુ
ભરવાડો, પુ૦ ભરવાડ ૨ રબારીનાડો ૩ એ નામનુ એક ઝાડ

ભરવું,ક્રિ૦ સ૦ (સ૦ ભૃ-પોષણ કરવું) એકાદ ઠામમાં, કોઇ પદાર્થ નાખવો રેડવો "પાણી ભરવું." ૨ પુરવું,અંદર નાખવું ૩ કુવા નદી તળાવેથી પાણી લાવવું (પાણી)ખેંચવું,તાણવું ૪ પાણી કાઢવા વગેરે કામ કરવાની નોકરી કરવી,'તે તેને ત્યાં પાણી ભરે છે"૫ જમે કરાવવું માગતા પેટે આપવું 'ભાડું ભરવું, દેવું ભરવું ૬ માપ કાઢવું, માપવું ૭ ચિત્રામણ-ભરત કાઢવું ૮ લોકને એકઠા કરવા,બોલાવવું,ભેગા કરવા 'સભા ભરવી'૯ ટીપમાં નામ અને રૂપિઆનો આંક લખી આપવો ' ટીપમાં પાંચ રૂપિયા ભર્યા "૧૦ સંચી રાખવું,સંગ્રહ કરવું, સંઘરવું 'દાણા ભરી રાખવા ૧૧ ડાસવું ગડમવું ૧૨ ખાલી રાખેલા આસનમાં લખવું ૧૩ રંગ પુરવો,અધુરૂં ચિત્ર પુરૂં ક૦૧૪ ટાંકા મારવો,સીવવું ૧૫ અધુરૂં હોય તે પુરૂં કરવું ' પાના ભરવા" **પેટ ભરવું**-ગુજરાન કરવું. **આંખ ભરવી**-આંસુ આણવા ૨ દવા આંજવી **મોં ભરવું**-લાંચ આપવી **ભર્યું ઘર**=સરસામનથી ભરપુર ઘર,ભર્યું ભાદર્યું ઘર **ભરી પીવું**-મળી જવું, ઐકયતા લાવવી

ભરાઇ,સ્ત્રી૦ભરામણ,ભરવાની મજુરી ૨ ભરવાની [રીત.

ભરાઉ,વિ૦ ભરેલું,ભરાવાદાર,માતેલું,પુષ્ટ,

ભરાવ, પું૦ ભરેલું હોય એવું, ભરાવો "મૂછનો ભરાવ" ૨ જથો,જમાવ

ભરાવવું,ક્રિ૦સ૦ઉંધુંચતું સમજાવવું,કાન ભરવા ૨ લટકાવવું,ટાંગવું,વળગાડવું ૩ ભરવા લાગવું, ભરવામાં મદદ કરવી

ભરાવવું,ક્રિ૦અ૦ ભરેલું થવું ૨ વળગી રહેવું, વિંટળાઇ રહેવું ૩ અંદર પેસવું ૪ મતાવું, છુપાઇ ભરાઇ રહેવું ૫ સપડાવું, ફસાવું ૬ થાકી જવું દહાડા ભરાઇ ગયા=આખર આવવી ભરાઇ જવું=સપડાવું ૨ સતાઇ જવું ૩ ઠેઠ સુધી આવવું **ભરાઇ પડવું**-સંકડામણમાં આવવું, ફસાવું

ભરી આપવું, ક્રિ૦અ૦ મજરે આપવું

ભરીપુરી, અ૦પુરે પુરૂં, સઘળું

ભરૂસો, પું૦ વિશ્વાસ, ભરોસો, પતીજ

ભરેડી, સ્ત્રી૦ વાન,કાન્તી

ભરે ભાણે, અ૦ એકવાર ખવાય તેટલું લેવું ને પછી ન લેવું,લીધું હોય તો કંઈ ન છાંડતાં સઘળું જમી જવું "ભરે ભાણે તૃપ્ત ન થયો તો એઠું ચાટે શું થશે?"

ભરોસાદાર,વિ૦વિશ્વાસુ,ખાતરીનું ૨ પ્રમાણિક

ભરોસો,પું૦(હિં)વિશ્વાસ,ખાતરી,પતીજ,ઈતબાર.

ભર્તા,પું૦(સ૦)પતિ,સ્વામી [તીખું અને તેજદાર

ભલકો, પું૦ ભાલો, ભાલાનું તેજદાર ફળ-પાનું ૨.

ભળતાઇ, સ્ત્રી૦ મેળ, ભળતા રહેવાપણું

ભલતું, વિ૦ ગમે તે, કોઈ પણ,અમુક નહિ તે, એકાદું ૨ મળતું, બેસતું, અનુકૂલ પડતું

ભલપણું,ન૦ભલાઈ, ભલમનસાઈ,સારાપણું

ભલમનસાઇ,સ્ત્રી૦સભ્યતા,માયાળુપણું,પ્રમાણિકપણું,નમ્રપણું માલસાઇ,ભલાઈ

ભલાઈ,સ્ત્રી૦ભલમનસાઇ ૨ ભલું કરવું તે ૩ નેકી.

ભલાભલા,વિ૦ સારા સારા,મોટ મોટા

ભલાભલી, વિ૦ મોટા મોટા-યસસ્વી માણસો હોય તેવી,ઘણાએ વીર રત્નો હોય તેવી,બહુ રત્ના

ભલામણ,સ્ત્રી૦ ભાળવણી ભાળવણું, સોંપણું ૨ સિફારસ, વગ પહોચાડવો તે

ભલીવાર, પું૦ સત્વ, હોસ, રામ.૨ આવડત,ગમ. ૩ સાનસોગત. ૪ સુંદરતા, સારાપણું, ૫ સાર

ભલું, વિ૦માયાળું ૨ સભ્ય,ડાહ્યું,નરમ મિજાજનું ૩ પ્રમાણિક, સાચું ૪ રૂડું, શુભ,સારૂં ૫. અ૦ સારૂં, ઠીક

ભલું, ન૦ કલ્યાણ, શુભ. **ભલી ભુંડી ઉકલવી**-સારી કે ખોટી ચરચા કરવી, ટીકા કરવી (નિંદાના રૂપમાં) [૩ સાબાશ, ધન્ય

ભલે, અ૦ અસ્તુ, ૨ ઠીક, બહુ સારૂં, અચ્છું

ભલેરૂં, વિ૦ ભલું, સારૂં [ધનથી)

ભલોરનેત્તર, વિ૦ ગમે તેવો મોટો (તન, મન,

ભલ્લ, પું૦ (શ૦) ભાલો ૨ એક જાતનો રોગ, સંનિપાત ૩ પીળું નસોતર ૪ રિંછ

ભલ્લ, વિ૦ (ભદ્ર) ભલું, સારૂં

ભલ્લુક, ન૦ રિંછ ૨ ભાલું

ભવ, પું૦ (સ૦) સંસાર ૨ શિવ ૩ ઉત્પન્ન થવું તે 'મનોભવ' ૪ જન્મ,અવતાર,જન્માંતર ૫ હયાતિ **ભવની ભાવટ**=જન્મભરની પીડા.

ભવજળ, ન૦ (સ ૦) ભવસાગર [પરમેશ્વર
ભવતારણ, ન૦ (સં૦) સંસારમાંથી તારનાર ૨
ભવસિંધુ, પું૦ (સ૦) ભવસાગર, ભવાબ્ધિ
ભવન, ન૦ (સ ૦) ઘર, રહેઠાણ, મુકામ
ભવસાગર, પું૦(સ૦)સંસારરૂપી સમુદ્ર,ભવાબ્ધિ
ભવાં, ન૦ ભમ્મર [૨ ભવાડો ફજેતી,વગોણું
ભવાઈ, સ્ત્રી૦ ભવૈ, હલકા પ્રકારનું નાટક-ખેલન
ભવાડો, પું૦ લોકમાં ફજેતી થવી તે, ફજેતો, આસારિઙ ઝગડો
ભવાટવી, પું૦ સંસારરૂપી વન-વગડો
ભવાર્ણવ, પું૦ (સ૦) ભવાબ્ધિ
ભવાની, સ્ત્રી૦પાર્વતી, દુર્ગાદેવી **આહો** ભવાની=હિજડો, બાયલો, ફાતડો
ભવાબ્ધિ, પું૦ (સ૦) ભવસાગર
ભવાયો, પું૦ ભવાઇ કરનારો, નાટકી ૨ નફ્ફટ, બેશરમ, ફજેતખોર ૩ તરગાળો ૪ પુરૂષ જેવા હાવભાવ ને ચાલની ઉંચી સ્ત્રી
ભવિતવ્ય, વિ૦ (સ ૦) ભવિષ્યમાં થનાર-બનાવું તે, હોનાર, બનનાર તે
ભવિતવ્યતા, સ્ત્રી૦(સ૦)પ્રારબ્ધ, દૈવ, થવાકાળ
ભવિષ્ય, ન૦ (સ ૦ **ભૂ-થવું**)આવતા કાળમાં જે બનવાનું તે, દૈવ, નસીબ, ભાવી ૨ પ્રારબ્ધ, કર્મ ભાગ્ય ૩ બનવાની વાત આગળથી કરવી તે ૪ વિધાતાના લેખ, બ્રહ્મલેખ, નિર્માણ, ૫ પૈસો, દોલત, ધન ૬ **વિ૦** આવવાનો વખત ૭ ભવિષ્યકાળનું, થનાર, હોનાર **ભવિષ્ય થવું**-મરી જવું, ગુજરી જવું (કાઠિ૦)
ભવિષ્યવક્તા-વાદી, પું૦ (સ૦) દૈવજ્ઞ, જોશી, હવે પછી બનવાનું કહેનાર, પૂર્વ વાદિ, આદેષ્ટા
ભવિષ્યવેત્તા, પું૦ ભવિષ્યવક્તા, ભવિષ્ય જાણનાર
ભવિષ્યોત્તર, ન૦ (સ૦) ભાવી કથન, ફલાદેશ, વર્તેલું ભવિષ્ય [કરવો, ગુસ્સે થવું
ભવું, ન૦ ભમ્મર, ભ્રકુટી **ભવાં** ચઢાવવા-ક્રોધ
ભવેડો, પું૦ ફજેતી, કોઇ પણ વાતની ચુંથાચુંથ તે, ધાધલ " રોજને રોજ એ શો ભવેડો ? "
ભવૈ, સ્ત્રી૦ વેશ કાઢી કરેલો ખેલ, એક પ્રકારનું નાટક ૨ ફજેતીનો ખેલ ૩ ભવાડો, ફજેતી

ભવોભવ, અ૦ એક પછી એક ઉત્તરોત્તર, જન્મ આવતા જાય તેમ, જન્માંતર, જન્મોજન્મ
ભવ્ય, વિ૦ (સ૦) ખુબસુરત સુશોભિત, પ્રૌઢ, સુંદર ૨ હોવા લાયક, ભાવી
ભશકો, પું૦ મન, ભાવ, ઇચ્છા, મરજી **ભશકા** થવા-ખાવાનું મન થવું
ભસ, ન૦ રાખ, ભસ્મ " ધૂળભસ "
ભસકું, ન૦ વરસાદનું નાનું ઝાપટું.
ભસભસીત, વિ૦ ઘણું સૂકું, જલદીથી ભાંગી જાય તેવું ૨ ખાખ, માત્રા [ગઇ "
ભસમ, સ્ત્રી૦ ભસ્મ, રાખ "બળીને ભસમ થઇ
ભસવું, ક્રિ૦ અ૦ (સ૦ **ભષ્**) કુતરાનું બોલવું ૨ નિંદા કરવી, ખાલી બકબક કરવી ૩ બોલવું **ભસતા** કુત્તા કાટે નહિ=બહુ બોલનારો કંઇ કરી ન શકે **ભસતા** કુતરાને રોટલીનો કડકો નાખવો =ગમે તેમ કરી વાધલિયાને શાંતિ કરવું
ભસ્તો, પું૦ જઠર, પેટ ૨ પારસીઓ જ્યાં પોતાના મુડદાંને મૂકીઆવેછે તેઠેકાણું દખમું ૩ ચામડાનીથેલી
ભસ્મ, સ્ત્રી૦ (સ૦) રાખ, રાખોડી, ૨ યજ્ઞની રાખ ૩ રસાયણની ખાખ, માત્રા
ભસ્મક, ન૦(સ૦) જેટલું ખાય તેટલું ભસ્મ થઈ જાય તેવો જઠર રોગ ૨ **વિ૦**ભસ્મ કરે-બાળી દે તેવું
ભસ્મગંધા, પું૦ (સ ૦) ખડસલીઓ પીતપાપડો.
ભસ્માંગ, પું૦ (સ ૦) હોલો, કપોતપક્ષી ૨ એક જાતનો મણિ
ભસ્મીભૂત, વિ૦ બળીને રાખ કરી નાખેલું એવું
ભળ, સ્ત્રી૦ભળતા હળીમળી જવાની પહેલાં અજાણ્યુંપણાં ને લીધે જે સંકોચ-શરમ આવે છે તે,ભળતા ડરવું તે ૨ ભળવું તે, હળીમળી જવું તે **ભળ** ભાગવી=શરમ તૂટવી, મનનો ડર-સંકોચ મટવો.
ભળકુંકું, ન૦ ઝળઝળું, મળશુંગળું અજવાળું, મો સૂઝે ન સૂઝે તેવો પ્રકાશ, ૨ **વિ૦** નિખાલસ, ભોળું, ખુલ્લા હૃદયનું
ભળકું, ન૦ ભલકું,ભાલો 'આંખ અણિયારી તારી ઉર સળકે, કાળજડું કોરાયે વચનને ભળકે '-**દયા૦** ૨ **વિ૦** ભળળવું, ઝટ મળી જાય તેવા સ્વભાવનું
ભળભાંખળું, ન૦ ભળકુંકું [છોળવું
ભળવું, ક્રિ૦અ૦ ધાવતા છોકરાએ ધાવણ ઓકવું,

ભળભળિયુ,વિ૦ભડભડિયુ,બોલકણુ 'આપણે તો ભોળા ને ભળભળિયા ! જે આવ્યુ તે કહી નાખીએ '

ભળાવવું, ક્રિ૦ સ૦ ભલામણ કરવી, સોપવુ ૨ ગોવારામા હળવુ કરવુ (ઢોરને) [અવાજ

ભા,અ૦બળદ ગાયનુ બોલવુ બરાડવુ તે ૨ ભુગળાનો

ભાગ, સ્ત્રી૦ (સ૦ ભડગા) એક જાતનો છોડ અને બી સાથે તેના પાન, વિજીઆ એમા કેફ હોય છે ૨ બી સાથેના પાતરા વાટી છણી કાઢેલુ જે પાણી તે ૩ તમાકુ, નપખીર ૪ (અ૦) પાથી ભાંગ પીવી–કેફ કરવી, ગમે તેમ બોલવુ તે, વગર વિચારે બોલવુ તે [પડે તેવુ

ભાગણુ, વિ૦ ખાડતા વધારે ભાગી ચૂરો–ભૂકો

ભાગરો, પુ૦એક જાતનો ઔપધિ છોડ ભાગરો વાટવો–છુપો ભેદ ખુલ્લો કરવો ઔળનુ ચૌળ કરવુ

ભાગવુ, ક્રિ૦ સ૦ (સ૦ ભજ્–ભાગવુ) કકડા કરવા, તોડવુ, ફાડવુ , ભાગવુ ૨ વહેચી નાખવુ ભાગ કરવા ૩ ઓછુ આપવુ, ન આપવુ "તેણે મારા રૂપિયા ભાગ્યા " ૪ ગુથવુ, વણવુ ૫ નાશ કરવુ, ભરી પુરીને આપવુ [૨ ભાગણુ

ભાગુ, વિ૦ કકડા થયેલા તેવુ, ફુટેલુ, તૂટેલુ

ભાજગડ, સ્ત્રી૦ (સ૦ ભજ્–ભાગવુ+ઘડવુ) તકરાર, વાદવિવાદ, ઝઘડો, વાધો ૨ પચાત વાધાના નિકાલનો ઉહાપોહ, પતવણીની પચાતી ૩ ખટપટ, વાલમેલ ૪ નિકાલ, તોડ, સમજુત

ભાંજગડિયુ, વિ૦ ગુચવણ ભરેલુ, ઘોટાળિયુ ૨ ભાજગડ કરનાર

ભાજગડિયો, પુ૦ લવાદ, પચ, ભાજગડ કરનાર ૨ દલાલ **ભાંજગડિયાના** છોકરા ભૂખે મરે= પારકી પચાતમા પોતાનુ કામ બગડે

ભાજણી, સ્ત્રી૦ (ભજ્) સખ્યાના ભાગ કરવા તે ૨ ઓછા મૂલની સખ્યાને ભારે, અને ભારે મૂલની સખ્યાને ઓછા મૂલના આણવી એ જે ગણિત તે ' ચઢતી ભાજણી, ઉતરતી ભાજણી ' ૩ દોરડુ વણવાની ક્રિયા ૪ વાટણી, વહેચણી ૫ ભાગ, હિસ્સો, ફાળો

ભાંજવુ, ક્રિ૦સ૦ ભાગવુ'

ભાડ, વિ૦ (સ૦)ઉઘાડુ , નાગુ ,અસભ્ય (ભાષણુ) ૨ નિર્લજ બેશરમુ પુ૦ખેલ કરનારાની એક જાત. જે નાગુ બોલે છે, ચાળા કરે છે, મજાક કરે છે ને પશુ પક્ષીના અવાજ કાઢે છે તે. ૪ મશ્કરો ૫ ન૦ વાસણુ, પાત્ર, ઠામ

ભાડણુ, ન૦ ભાડવુ તે, ગાળાગાળ

ભાડરવુ–માડરૂ, વિ૦ ભાઇ બહેન એક મા બાપના છોકરા, કુટુબી જન

ભાડવુ, ક્રિ૦ સ૦ નાગુ–ભુડાળુ' બોલવુ, ગાળ દેવી ૨ વગોવવુ, નિન્દા કરવી અશુભ બોલી

ભાંડુ, ન૦ (અ૦) ભાડરવુ [શાપ દેવો

ભાભેર,સ્ત્રી૦માથુ બોડાવતા જે ખુટી કઢાવવી તે

ભાંભરૂ–ળુ,વિ૦ખારાશવાળુ , સહેજખારૂ,મોળુ

ભાય, સ્ત્રી૦ ભોય, જમીન, પૃથ્વી ૨ સપાટી, તળ ૩ અકુર, રૂમ **ભોય** નાખવુ=ચોકે નાખવુ ૨ નીચે પાડી દેવુ **ભાંય** આવવી=રૂઝાવા માડવુ **ભાય** ભાગવી=ધામા બગાડ થવો **ભાય** ભારે પડવી=હિમ્મત હારવી, ડર લાગવો

ભાયચપો, પુ૦ એક જાતનુ ફૂલઝાડ.

ભાયતળિયુ, ન૦ ઘરનો નિચેનો ભાગ, તળ

ભાયપાતરી, સ્ત્રી૦ એક વનસ્પતિ–ભાજી.

ભાયરસો,પુ૦લિ પણુના પોપડાનો ઉનો કરેલો રસ

ભાંયરિગણી, સ્ત્રી૦ એક ઔષધિ–વનસ્પતિ.

ભાયરૂ, ન૦ ઘરના નિચેના ભાગની નીચ કરેલો

ભાયરિગ, સ્ત્રી૦ મગફળી [નાનો ઓરડો, ગુફા

ભા, પુ૦ વડીલ–બાપ ૨ દાદા, માના બાપ ૩ ભાઇ **જા** મારા ભા પાસે–મારા બાપ–દાદા ગયા છે ત્યા જા, મરી જા

ભાઇ, પુ૦ (સ૦ ભ્રાતા) એક માના છોકરામા જે છોકરો તે, બધુ, સહોદર **સાવકો** ભાઈ= જનેતાનો નહિ પણ બાપની બીજી બૈરીનો છોકરો, ઓરમાન ભાઇ **મસિયાઇ** ભાઇ=માસીનો છોકરો **મોળાઈ** ભાઇ=મામાનો છોકરો **પિત્રાઇ** ભાઇ=કાકાનો છોકરો **ફોઇયાઇ**=ફોઇનો છોકરો ૨ સ્નેહી, મિત્ર, દોસ્ત ૩ જાતિસ્વભાવ. દરજ્જો, મિજાજ વગેરે બતાવવાને બીજા શબ્દ સાથે જોડાય છે "ભટભાઈ વાણિયાભાઇ, સિપાઇભાઇ " ૪ લાડમા, માનાર્થે વપરાય છે " ભાઈ

ઘરમા છે કે ?" ૫ કેટલાક વિશેષ નામની પાછળ પણ વપરાય છે ડાહ્યાભાઈ ઝવેરભાઈ વગેરે ભાઈ બાપા કરવા=કરગરવુ, આજીજી કરવી, ભાઈ સલામો કરવી

ભાઈચારો, પુ૦ વહાલમા સગા ભાઈ પ્રમાણે એક બીજાને ગણવુ તે ૨ સ્નેહીપણુ ભ્રાતૃભાવ

ભાઈજી, પુ૦ વરનો મોટો ભાઈ તે, જેઠ

ભાઈબંધ, પુ૦ દોસ્તદાર, સ્નેહી ૨ જોડિયો,સાથી ૩ મડળ-સમાજનો મેમ્બર બંધુ

ભાઈબંધી, સ્ત્રી૦ દોસ્તી મિત્રતા

ભાઈબીજ, સ્ત્રી૦ કાર્તિક સુદિ ૨, ભાવનબીજ એ દિવસે ભાઈ બહેનને ત્યા જમવા જાય છે,યમદ્વિતિયા

ભાઈભાંડુ, ન૦ એક માબાપના છોકરા,સગા ભાઈબેન

ભાઈતાળી, સ્ત્રી૦ ખાસ દોસ્તી, મિત્રાચારી,યારી

ભાઈચાબીજ, સ્ત્રી૦ ભાઈબીજ, યમદ્વિતિયા

ભાકડ, વિ૦ ઉગી ગએલુ દૂધ ન દેતુ ૨ વાઝિયુ

ભાકડકથા, સ્ત્રી૦ ન મને તેવી જુઠી ને લાબી વાતો

ભાખરી,-ર, સ્ત્રી૦ નાની જાડી કઠણ રોટલી ૨ ખોરાક, ખાવાનુ [ભાખરી, મોટુ તિક્કડ

ભાખરો પુ૦ મોટો જાડો કઠણ રોટલો, જાડી

ભાખરો, વિ૦ મેવડા માથાનુ જાડુ માણસ

ભાખવુ, ક્રિ૦ સ૦ (સ૦ ભાષ-કહેવુ) બોલવુ ભાખણ કરવુ ૨ ભવિષ્ય કહેવુ

ભાખા, સ્ત્રી૦ ભાષા ૨ બ્રીજ-હિન્દી ભાષા

ભાંખોડીએ, અ૦ ઢીચણે, ટીંચણભેર

ભાગ પુ (સ૦) હિસ્સો, અશ ફાળો, પાતી ૨ ભાગવુ તે, વહેચણ ૩ ભાગવાથી જે સખ્યા ઉત્પન્ન થયલી તે, અપૂર્ણાક ૪ પક્ષ બાજુ, ટોળી ૫ પ્રકરણ, વિભાગ

ભાગલુ, વિ૦ ભાગેલુ ખડિત, તૂટેલુ ૨ ખોખરૂ, ફાટ પડલુ, તરડાયેલુ ટાટિયાનુ ભાગેલુ-ચાલવાને કટાળતુ હાથ પગનુ ભાગલુ-આળસુ,સુસ્ત ભાગલા પગ-નાઉમેદી, નિરાશ નિરૂત્સાહ

ભાગલો, પુ૦ માતાના નેવેદ્ય નિમિત્ત પિરસેલી થાળ ૨ ભાગ, કડકો

ભાગવત, ન૦ એ નામનુ એક પુસ્તક

ભાગવુ, ક્રિ૦ સ૦ કકડા કરવા, તોડવુ ફોડવુ, ૨ હિસ્સા પાડવા ભાગ કરવા ૩ અદા ન કરવુ પાછુ ન આપવુ

ભાગવુ, ક્રિ૦અ૦ કકડા થવા, ચીરો પડવો. ૨ નાસી જવુ દોડી જવુ ૩ દેવાળુ કાઢવુ,તુટવુ 'શાહુકાર, ભાગ્યો' ૫ તોડવુ ઉતારવુ 'બારણુ ભાગી અદર પેઠો'

ભાગળ, સ્ત્રી૦ ભાગોળ, જુઓ

ભાગળિયો, પુ૦ ભાગોળ અથવા બજારમા દુકાન માડી બેસનારો ફૂટકળિયો વેપારી. ૨ દ્વારપાળ

ભાગાકાર, પુ૦ (સ૦) સખ્યા ભાગવાનું ગણિત, ભાગવુ તે ૨ સખ્યાને ભાગેથી જે ભાગ આવે તે

ભાગાભાગ, સ્ત્રી૦ નાસાનાસ, દોડાદોડ

ભાગિયુ, ભાગીદાર ૨ સૈયારૂ, પસાળુ,ભાગવાળુ

ભાગિયણ, સ્ત્રી૦ ભાગ લેનારી સ્ત્રી, ભાગ પડાવ-[નારી,સગી

ભાગિયો, પુ૦ ભાગીદાર હિસ્સેદાર

ભાગી, વિ૦ હિસ્સેદાર, ભાગવાળુ ૨ નસીબદાર

ભાગીદાર, વિ૦ જેનો ભાગ-હિસ્સો હોય તે હિસ્સેદાર ૨ પસાળુ ૩ સામેલ, સગી

ભાગીદારી, સ્ત્રી૦ પાતીદારી હિસ્સો,ભાગ હોવો તે

ભાગુ, વિ૦ ભાગેલુ, કકડા થયલા-હોય તેવુ,ફૂટેલુ (વાસણ) ૨ જેનાથી મહેનત ન થાય,જે મહેનતથી કટાળે તે, આળસુ, બેઠાખાઉ ૩ બહુ મહેનત વાળુ ૪ લઈને નાસનાર લેભાગુ=લઈ પડનાર

ભાગુ બોખરૂ, વિ૦ જેવુ તેવુ, ઉપર ચોટિયુ

ભાગો, વિ૦ ભૂખરો

ભાગોળ, વિ૦ શહેરના દરવાજા પાસનુ છુટુ ચોગાન ૨ દરવાજે ભાગોળે જવુ =ઝાડે ફરવા-અઘવા જવુ

ભાગોવડ, વિ૦ વચલા વાધાનુ, વચલા વર્ગનુ

ભાગ્ય, ન૦ (સ૦) કિસ્મત, નસીબ, દૈવ,તકદીર ૨ આબાદી, ઉદય ઉત્કર્ષ, ચઢતી દશા ૩ ભાવી, ભવિષ્યમા બનનાર તે

ભાગ્યવત-વાન-શાળી, વિ૦(સ૦) નસીબદાર, દૈવવાન, સુભાગી, સુખી [કવચિત

ભાગ્યે, અ૦ સયોગે નસીબને જોરે ૨ કદાચ

ભાગ્યહીન, વિ૦ (સ૦) અક્કરમી, અભાગિયુ, કમનસીબ, દુભાગી [થવા માડવુ તે

ભાગ્યોદય, પુ૦ (સ૦) નસીબ ઉઘડવુ તે; સારૂ

ભાચરો, પુ૦ પહોળા મોનુ બેડોળ માટીનુ વાસણ.

ભાજક, વિ૰ (સ૰) જે અંક એકાદિ સંખ્યાને ભાગવી તે, ભાગનાર
ભાજન, ન૦ (સં૰) વાસણ, પાત્ર, ભાડ
ભાજવું, ક્રિ૰ અ૰ ભાગવું [છોડ-પાંદડા
ભાજી, સ્ત્રી૦ (સ૰) શાક કરવા લાયક કુમળાં
ભાજીખાઉ વિ૦પોચું અને નબળું,શૌર્ય વિનાનું, કમતાકાતવાળું ૨ વનસ્પતિ ખોરાક લેનાર, અન્નભોજી [છોડવા ૨ કાષ્ઠૌષધિ
ભાજીપાલો, પુ૦ કુમળાં અથવા ઢઠણું પાદડાંવાળાં
ભાજીમૂળા, વિ૦ કંઇ માલ નહિ તેવું, તુચ્છ, ગણત્રી-લેખામાં લેવા જેવું નહિ તે, ધ્યાન ન આપવા જેવું [તેવું
ભાજ્ય, વિ૦ (સ૦) ભાગવાને યોગ્ય, ભાગ થાય
ભાટ, પુ૰ બંદીનું કામ કરનાર બ્રાહ્મણની એક જાત, ચારણ, બારોટ ૨ ખુશામતમાં તારીફ કરનારો સ્તુતિપાઠક
ભાટડી-ણ, સ્ત્રી૦ ભાટની સ્ત્રી, બારોટણ ૨ બોપાગાળી, ફજેતાથી નહિ ડરનારી, જરા વાતને લંબાવી મોટી કરનારી સ્ત્રી
ભાટવાડો,પુ૰ભાટ રહેતા હોય તે મહેલો,ભાટશેરી
ભાટવેડા, પુ૦ અતિશયોક્તિથી કોઇના વખાણ કરવાં તે, ભાટાઇ
ભાટાઇ, સ્ત્રી૰ ભાટવેડા ૨ કહેવત
ભાટિયણ, સ્ત્રી૰ ભાટિયાની સ્ત્રી
ભાટિયો, પુ૰ દૂધવાળો ૨ કાછિયો (ગામડામાં) ૩ જાદવ કુળના ક્ષત્રિયો જે વેપાર કરે છે તે
ભાઠી, સ્ત્રી૦ ભઠ્ઠી, જુઓ
ભાઠું, ન૰ નદિકાંઠાની ખેડાણની જગા, છાછરા પાણીવાળી જગા ૨ રેતી,પણો ૩ સેરડીનો મુળિયા વાળો કકડો ૪ ચાઠું, વ્રણ, ચાંદી,ક્ષત. [અનાવલો
ભાઠેલો, પુ૰ એ નામની બ્રાહ્મણની એક જાત,
ભાડ, સ્ત્રી૰ અનાજ શેકવાની ભઠ્ઠી ૨ ભાડભુંજાનું કલેડું, પેણો ૩ મોટો કુવો. ૪ વેશ્યાઓની દલાલી, ભડવાઇ [કરનાર
ભાડભુંજો,પુ૰ભઠ્ઠીથી ધાણી પૌઆ શેકવાનો ધંધો
ભાડવાત, પુ૰ ભાડુત, ભાડે રહેનાર
ભાડાચીઠ્ઠી, ન૦ ભાડાનો જે લેખ તે [હાલ્લું
ભાડિયો, પુ૦ અનાજ શેકવાનું કાણાંવાળું માટીનું
ભાડુ, ન૦ મકાન-વાહન વાપર્યાના બદલામાં જે નાણું આપવાનું ઠરાવેલું તે 'ઘરનું ભાડું' ૨ ધારો, મહેસુલ 'જમીન ભાડું' ૩ કિરાયું, નૂર 'ગાડીનું ભાડું
ભાડુત, વિ૰ ભાડું આપવું કરી વાપરનાર, ભાડે રાખનાર
ભાડુતી, વિ૰ ભાડે ફરતું હોય તે, ભાડાનું (વાહન) ૨ પૈસા લઇ કામ કરનાર, મજુરિયું, ૩.ઉપલકિયું.
ભાણ, ન૦ (સ૰) નાટકના દશ રૂપક પૈકી એક ૨ સૂરજ, રવિ, ભાસ્કર
ભાણકી, સ્ત્રી૦ ભાણી ભાણકો=ભાણેજ
ભાણજી,સ્ત્રી૦બેનની દીકરી ભાણજો-બેનનોદીકરો.
ભાણિયો, પુ૦ ભાણો, ભાણજો **ભાણી-ભાણજી**
ભાણું, ન૰ (સ૦ ભાજન) પીરસેલી થાળી ૨ ભોજન ખાવાનું
ભાણેજ-ભાણો,પુ૦(સ૰)બેનનોછોકરો,ભાણિયો
ભાણેજા, ન૰ ફૈઇ ને બહેનના છોકરા
ભાંડ, વિ૰ નાગું, ભુંડાળું ૨ ન૰ વાસણ,પાત્ર ૩ પુ૦લોકોને ભુંડાળું બોલી અસભ્ય ચાળા કરી ખુશ કરી આજીવિકા કરનાર ભવાયાથી ઉતરતી જાતના લોક ૪ મશ્કરો ૫ નિર્લજ, બેશરમો
ભાંડવું, ક્રિ૰ સ૰ ભુંડું બોલવું, ગાળ દેવી
ભાંડુ,વિ૦ભાઇબેનના સગપણવાળું ૨ સગા વહાલા
ભાત, પુ૰ ડાંગેર, સાળ ૨ રાંધેલા ચોખા, કૂર ૩ પ્રકાર, ઘાટી, ઢબ, ૪ છાપ, તરેહ, નમુનો ભાત પાડવી=છોડા પાડવા, બેઆબરૂ કરવી
ભાતભાતનું, વિ૰ તરેહતરેહવાર, વિવિધ પ્રકારનું
ભાતિયું,ન૦ભાત ઓસાવવાનો કાણાંવાળો ટોપલો ૨ રાંધેલો ભાત કાઢવાનો તબેથો
ભાતીગલ-ભાતીલું, વિ૰ વેલબુટ્ટીવાળું, ૨ ગમે-રંગી, તરેહવાર
ભાતું-ભાથું, ન૦મુસાફરીનો ખોરાક, વાટ ખર્ચી, પ્રવાસમાં ખાવાનો પદાર્થ, ટીમણ ૨ પગાર
ભાતો, પુ૦ ભાથો [ઉપરાંત અપાતું લવાજમ
ભાથી, પુ૰ વીર, ભટ, યોદ્ધો
ભાથો,પુ૰ તીરનો કોથળો ૨ ધમણ ૩ રાખવાનો સામાન રાખવાની થેલી.

ભાદરવો, પુ૦ વિક્રમ વર્ષનો ૧૧ મો મહિનો
ભાદરવાની ભેસ, સ્ત્રી૦ ચોમાસામા થતો એક જીવડો ૨ વિ૦ હૃષ્ટપુષ્ટ, તાજુમાજુ, શરીરે ભરેલુ
ભાદરવાનો ભિંડા=નવલોહિયો તેર
ભાદ્રપદ, પુ૦ ભાદરવો મહિનો
ભાદ્રપદા, સ્ત્રી૦ એ નામનુ એક નક્ષત્ર
ભાન, ન૦ (સ૦) શુદ્ધિ, હોશ, સત્તા ૨ સ્મરણ યાદ, ફામ. ૩ સમજણ, જ્ઞાન, અક્કલ ૪ છાયા, ભાસ, ભણકારો ૫ દરકાર કાળજી લક્ષ, સાવચેતી "ભાન રાખીને લખો"
ભાનુ, પુ૦ (સ૦) સૂર્ય, રવિ.
ભાનુવાર, પુ૦ રવિવાર, આદિત્યવાર
ભાભા, વિ૦ જાડી અક્કલવાળુ, અબૂજ ૨ મોટા, વડિલ-જેઠ, દિયેર વગેરે 'ભાભા ભારમા તો વહુ લાજમા
ભાભી, સ્ત્રી૦ ભાઇની વહુ, ભોજાઇ [રાંડ, સખી
ભાભીજી, સ્ત્રી૦ જેઠાણી ૨ વિ૦ બાયલો, કન્યા
ભાભુ, સ્ત્રી૦(અનાવલામા) બાપની મા ૨ ભાભીજી
ભામ, સ્ત્રી૦ ભામા, સ્ત્રી ૨ ઢોરના ચામડા ઉપરનો વેરો [ચોર, લબાડ
ભામટો, પુ૦ નજર ચુકવી લેઇ જનારો, ભમતો
ભામણા, ન૦વારીજાઉ-બલિહારી છે એમ જણાવવાને હાથના એક તરેહના ચાળા, દુખડા, ઓવારણા (અખંડ સુખી રહો એ ભાવમા)
ભામની. સ્ત્રી૦ ભામિની
ભામણુ, વિ૦ સ્વાદ વગરનુ, મોળુ, ફિક્કુ, બેસ્વાદ
ભામા, ન૦ ખોટો ભાન ૨ ગાઢુ લાગવુ તે, ભ્રમણા "એ તેને શા ભામા લાગ્યા છે"
ભામા, સ્ત્રી૦ (સ૦) કામાતુર સ્ત્રી, જુવાન રૂપાળી સ્ત્રી ૨ દેખાડો, અનાવડા, દેખાડવાનો ઉમળકો
ભામિની, સ્ત્રી૦ (સ૦) જુવાન સુંદરી
ભામો, પુ૦ ભાવ, ભ્રમણા
ભાયડો, પુ૦ માટીડો, પુરુષ, મરદ ૨ ધણી, વર, પતિ ઉભે ભાયડે-ધણી હયાત છતા છતે ધણીએ
ભાયાત, પુ૦ પિત્રાઈ ૨ રાજાનો સગો
ભાયાતી, વિ૦ પિત્રાઇ ભાઇ તરીકે હકવાળુ
ભાયો, પુ૦ ભાઈ

ભાર, પુ૦ (સ૦ ભૃ-ભરવુ) બોજો, બોજ વજન, ૨ ચોવિસ માણસનુ વજન ૩ ૨૦૨૧૭૪૦૦૦ ની સખ્યા 'અઢારભાર વનસ્પતિ' (એમા ૪ ભાર ફળતા વૃક્ષ, ૪ ભાર ન ફળતા અને ૪ ભાર કાંટાવાળા ઝાડ તથા ૬ ભાર વેલી) ૪ ૨૦ તોલાનુ જે વજન તે ૫ કાગળ વગેરે દબાવવાનુ વજન ૬ તોલો, એક રૂપિઆ જેટલુ વજન ૭ અપચો, અજીર્ણ 'પેટમા ભાર છે' ૮ મોભો, મોટપણુ, માન, વક્કર ૯ જોખમ ૧૦ ઉપકાર, પાડ, એહસાન, આભાર 'તેનો મારા ઉપર બહુ ભાર છે' ૧૧ અમુક જેટલુ જે કઇ તે બરોબર 'રતિભાર' ૧૨ સમૂહ, જથ્થો ૧૩ શક્તિ, વિસાત, દમ, બળ 'એના શા ભાર છે' ૧૪ મહત્વ, ગૌરવ, અગત્ય વજન 'હસી બોલ્યો વિહગમ વાણીજી, એ શુ માન્યુ ભાર બહુ આણીજી"—પ્રેમા૦ ૧૫ કોઇપણ ચીજની જરૂરિયાત બતાવવા તેના ઉપર બોલતા ભાર દેવો તે "કાના તારી કીકી કામણગારીરે" કાના તારી કીકી કામણગારીરે"
ભારખમુ, વિ૦ બોજો વહી શકે તેવુ, ભાર ખમી શકે તેવુ
ભારખાનુ, ન૦ ભાર ભરવાનુ વાહન-ગાડા, ડમા
ભારજા, સ્ત્રી૦ (ભાર્યા) પરણેલી સ્ત્રી, પત્નિ
ભારટિયો, પુ૦ મોભ પાટડો, ભાલ ૨ તોર, તુરી (સાળની) ૩ વળય ત્રમા લોઢાનો ભારે ટેકો
ભારણુ, ન૦ ભારવુ તે રાખમા દબાવવુ ૨ પુટપાક ૩ દામણુ વજન, બોજો
ભારત, ન૦ હિંદુસ્તાન ૨ વેદવ્યાસે રચેલો ગ્રથ, મહાભારત ૩ વિ૦ ભારતનુ, ભારત સબધી
ભારત ચલાવવુ=વાણુ લાબુ ટાયલુ કરવુ
ભારતી, સ્ત્રી૦ (સ૦) વાણી, સરસ્વતી ૨ ગોસાઇઓની એક અટક-ભેદ
ભારતીય, વિ૦ (સ૦) ભારત સબધી, હિંદને લગતુ
ભારથી, વિ૦ બહાદુર, ધીટ, વીર, બળવાન
ભારંદોરી, સ્ત્રી૦ અડુરે ન જાય માટે મત્રેલી માદળિયાવાળી જે સુતરની દોરી દહાડાવાળી સ્ત્રીની કમ્મરે બાધવામા આવે છે તે [એક ઋષિ
ભારદ્વાજ, પુ૦ એક જાતનુ પક્ષી ૨ એ નામના

ભારબરદારી, સ્ત્રી૦ (ફા૦) ભાર ખેચનાર (ગાડુ, ગધેડા, ઉટ, પોઠી, વગેરે) ૨ હેલકરી, મજુર
ભારબોજ-વક્કર, પુ૦ મોટપણુ ૨ માન, વક્કર, મોભો ૩ ભાર, બોજો
ભારવટિયો, પુ૦ ભારટિયો, પાટડો [ભડારવુ
ભારવુ, ક્રિ૦ સ૦ દેવત ને ગભમા દાબી રાખવો,
ભારી, વિ૦ બોજ-ભારવાળુ, વજનદાર ૨ મોઘુ વધારે, મોઘુ ૩ અઘરૂ, મુશ્કેલ ૪ ઘણુ, ખૂબ ૫ સુસ્ત, જડ (શરીર)[મોટી જુડી, સમૂહ, બોજ
ભારી, સ્ત્રી૦ બેચાર લાબી ચીજને એક ઠીબાંધેલી
ભારે, વિ૦ વધારે ભારવાળુ, વજનદાર, સગીન ૨ સુસ્તીવાળુ, ચચળતા વિનાનુ, સુસ્ત, જડ શરીર ભારે લાગે છે ' ૩ વધારે ઘણુ (કિંમત, ભાવમા) ૪ અઘરૂ, મુશ્કેલ (કામ) ૫ ના-ઉમેદ, દીલગીર, ઉદાસી " ઘણા ભારે, અત-કરણે તે તેને મળ્યો " ૬ દુર્જર, પચે નહિ તેવુ ' ભારે ખોરાક " ૭ તોલમા વધારે ' ભારે કપડુ પહેરવાથી મને પચ્યુ નહો " ૮ કડક, સખત, ઘણુજ 'ભારે મિજાજવાળા ભાઇનો દેખાય છે ' **ભારે** થવુ-માન ધરવુ વજનમા વધવુ, મોઘુ થવુ **ભારે** પડવુ—મોઘુ પડવુ (કિંમતમા) ૨ બોજા જેવુ લાગવુ-જણાવુ 'હુ મારા ભાઇભોજાઇને ભારે પડી તેને તમે પાલવી "—સર૦
ભારેખમ, વિ૦ આબરૂદાર, પ્રતિષ્ઠિત મોભાદાર (માણસ) ૨ મોટાઇના ડોળવાળુ ૩ ગભીર, ભારેખેમપણુ, ગાભીર્ય, મોટપણુ, પ્રતિષ્ઠા
ભારેવાઇ, વિ૦ દહાડાવાળી, ગર્ભવતી સગર્ભા, બેજીવ
ભારેશલ્ય, વિ૦ ઘણુજ ભારે, જડ, ખૂબ ભારે ૨ પચે નહિ તેવુ
ભારો, વિ૦ મોટી ભારી (લાકડા ઘાસ વગેરેનો) ૨ ખુલ્લા સઢનો છેડો, જેને આધારે પવન ઓછો વત્તો લેવાય છે તે ૩ ભારે બોજો, ચિતાકારક દુ ખનો સમુદાય.'રાડેલી છોકરી એ તેના માબાપને સાપનો ભારો છે '
ભારોટિયો, પુ૦ જેના ઉપર પીઢો જડવામા આવે છે તે, પાટડો ૨ મોભ
ભારોટી, સ્ત્રી૦ ભારી, સરપણનો નાનો ભારો, જુડી
ભારોભાર, અ૦ સરખે વજને, સાટે, એક પલ્લામાં એક ને બીજા પલ્લામા બીજુ તેમ, સમતોલ, બરોબર.
ભાર્ગવ, પુ૦ (સ૦) એ નામની બ્રાહ્મણની એક નાત ૨ પરશુરામ ૩ ભરૂચનો વતની બ્રાહ્મણ
ભાર્યા, સ્ત્રી૦ (સ૦) સ્ત્રી, વહુ, ધણિયાણી
ભાલ, ન૦ કાદવવાળી જમીન, છાછરા પાણી-વાળી જગા, ભાઠુ ૨ રેતાળ ને રસાળ જમીન ૩ કપાળ ૪ પુ૦ પાટડો, ભારવટિયો
ભાલ, સ્ત્રી૦ કુચી, પત્તો. " મારે તો નામ થકી તરવુ એવુ વેદ માહે ભાલ છે. "
ભાલદાર, પુ૦ છડીદાર, નેકી પોકારનાર, ચોપદાર.
ભાલિયો, પુ૦ ગાગેર, મોટો વડો
ભાલુ, ન૦ બરછી, ભાલો. ૨ રિછ ૩ ફાઉડી.
ભાલો, પુ૦ બેધારૂ ને અણીદાર પાનુ જડેલી લાબી લાકડી, બરછી
ભાલોડુ, ન૦ તીરનુ પાનુ, કાપલો, ભાલાના પાટનુ નાનુ પાનુ તે
ભાવ, પુ૦ (સ૦ ભૂ-થવુ) હૃદયમા જેવુ લાગવુ-થઇ આવવુ તે, વૃત્તિ, જોરસો, લાગણી. ૨ પ્ર-કૃતિ, સ્વભાવ ૩ (રસશાસ્ત્રમા) રસ ઉત્પન્ન-પ્રગટ થવામા જે વૃત્તિ તે ૪ અભિનય, ચાળા, ચેષ્ટા ૫ મર્મ, ગુપ્ત રહેલો અર્થ, છુપો ભેદ મલ, નિરખ, દર, કિમત " બાજરીનો શો ભાવ છે ? " ૭ ઇરાદો, ધારણા, મતલબ, ઇચ્છા ૮ હેત, માયા, પ્રેમ ' ભાવે કભાવે આ કામ કર્યા વિના છૂટકો નથી. " ૯ આસ્થા, વિશ્વાસ " એક મને એક ચિત્તે તુ ખણજે આણી ભાવ " -પ્રેમા૦ ૧૦ હૃદયનો પ્રેમ 'હરિ તો ભાવના ભૂખ્યા છે " ૧૧ સ્થિતિ, હાલત, પણુ ત્વ, તા ' પુરુષ ભાવ, શિષ્યભાવ " ૧૨ સત્તા, કાર્ય. ફળ " ગ્રહભાવ " ૧૩ હોવુ, હાજરી જ્યા પૈસાનો ભાવ ત્યા વિદ્યાનો અભાવ ઘણુખરૂ હોય છેજ " અભાવે-ગેરહાજરીમા ૧૪ સુજ્ઞજન! વિદ્વાન ! આર્ય ! પૂજ્ય ! નાટકમા સબોધનાર્થે વપરાતો શબ્દ ૧૫ વખાણરૂપી કવિતા. **ભાવ** ખાવો=માન લેવુ, ખુશામત માગવી, જાણીજોઇને આગ્રહ કરાવવો. ૨. નફો કમાવો 'એ ઘણો ભાવ

ખાઇને વેચે છે " **ભાવ** પૂછવો=દરકાર કરવી, પત કરવુ, લેખવવુ, ગણતરીમા ગણવુ **ભાવ** ભજવવો=અસલ ખવાસ બતાવવો,સ્વભાવ પ્રમાણે વર્તવુ **ભાવ** લેવો=ઇચ્છા-મન જાણુવા યત્ન કરવો

ભાવટ-ઠ, સ્ત્રી૦ ઉપાધિ,જ જાળ, આપદા, કલેશ, મુશ્કેલી, વિડબના ૨ વિચાર, મનોવ્યાપાર **ભાવટ** ભાગવી=ઉપાધિ આપદા ટાળવી પીડા દૂર કરવી, 'જઇને જાચો જાદવરાય, ભાવઠ ભાગશે રે ' ૨ સસારની જ જાળમાથી મુક્ત થવુ

ભાવડુ, ન૦ બાઉડુ, ભૌડુ [ભાઇબીજ

ભાવતબીજ-નબીજ, સ્ત્રી૦ કારતક સુદિ બીજ,

ભાવતુ, વિ૦ પસદ પડતુ, મન ગમતુ, રૂચતુ

ભાવન, ન૦ રીસ ચઢે તેવુ કહેવુ તે મેહેણુ, ટોણો ૨ ભાવના

ભાવના, સ્ત્રી૦ કલ્પના, ધારણા ૨ વિશ્વાસ, આસ્થા, શ્રદ્ધા, આકીન, ભરૂસો ૩ પ્રેમ,વહાલ, માયા ૪ ઇચ્છા, વૃત્તિ, રૂચિ ૫ પટ 'એને લીંબુના રસની ભાવના દો ' ૬ પસદગી, અભિરૂચી ૭ મનમા મુર્ત્તિ ધારવી તે, ધ્યાન ધરવુ તે

મમતામમતી, સ્ત્રી૦ ચડસાચડસી સ્પર્ધા
મમત્વ, ન૦ (સ૦) હુપણાનુ અભિમાન,મારાપણુ ૨ હઠ, આગ્રહ, જીદ
મમરો, પુ૦ ચોખાની ધાણી
મમરો પુ૦ મર્મનુ વચન, કડવુ **મમરો** મકવો– ઉશ્કેરવુ, ચઢાવવુ ૨ જક મકવો
મમળાવવુ, ક્રિ૦ સ૦ રમ કરવાને અથવા પોચુ

કરવાને આમ તેમ મોમા હલાવવુ વાગોળવુ,
મમાવો, પુ૦ માનો બાપ, દાદો
મમોલો, પુ૦ એક જાતનો જીવડો
મમ્મોચમ્ચો, પુ૦ ગાળ, અપશબ્દ
મય વિ૦ (સ૦) વાળુ, ભરપુર, સમાન, ઈ૦ સૂચક પ્રત્યય "જળમય, આનદમય"
મયણ, પુ૦ (સ૦) મીનધ્વજ, કામદેવ "ભાનુને ભવન સુકુમારી સન્મુખ થતા નયન જેમ મયણના બાણ છૂટયા "-રત્નો૦
મયા, સ્ત્રી૦ વહાન, માયા ૨ દયા, કૃપા
મયાળ, પુ૦ એક જાતનો વનસ્પતિનો વેલો,
મયુર, (સ૦) કલાપિ, કેકી **મયૂરી**=ઢેલ
મય્યત, સ્ત્રી૦ મરણ, મરણુ, મૈયત
મર, ક્રિ૦ મરી જા, જતો રહે ૨ અ૦ છોને હશે, કઇ દરકાર નથી (એ અર્થમા) [પાનુ
મરકત,પુ૦(સ૦)એક જાતનો લીલો મણિ,નીલમ,
મરકલડુ, વિ૦ મદ હાસ્યવાળો લટકો, મલકાનો મોનો ચાળો, 'મરકલડે મુખ મધુરે વચને, મર્યાદા મન આણીજી "-પ્રેમા૦
મરકી, સ્ત્રી૦ (સ૦ મૃ-મરવુ) ઘણા મરણ થવા તે, રોળ, મહામારી ૨ જેથી ઘણા લોક મરે તેવો રોગ; અધોક ડાગળિયુ, માતાનુ ૩ ગાડીઓ તાવ
મરકી, સ્ત્રી૦ એક જાતની મિઠાઈ, મરઘી
મરગ, પુ૦ (સ૦ મૃગ)હરણ,કુરગ,મૃગ-છિકાર
મરઘી, સ્ત્રી૦ (ફા૦ મુરગ)મરઘાની માદા,કુકડી
મરઘો, પુ૦ કુકડો, તામ્રચૂડ. [૩ મરકી
મરચી,સ્ત્રી૦મરચાનો છોડ ૨ કાને પહેરવાની વાળી
મરચુ, ન૦ મરચીનુ ફળ એ તીખુ હોય છે **મરચાં** લાગવા=માઠુ લાગવુ, રીસ ચઢવી
મરચુ, વિ૦ તીખા-આકળા સ્વભાવનુ **મરચુ** મીઠું ભભરાવવુ=વધારીને વાત કરવી [વાવર
મરજ, પુ૦ [આ૦]વ્યાધિ,રોગ, દર્દ. ૨ આજાર,
મરજાદ, સ્ત્રી૦ [સ૦] મર્યાદા સભ્યતા, વિવેક ૨. અદબ લાજ ૩ હદ
મરજાદા, સ્ત્રી૦વિવેક, લાજ અદબ ૨ હદ,સીમા.
મરજાદ વેલ, સ્ત્રી૦ દરિયા કાઠે થતી એક વેલ
મરજાદી, વિ૦ પુષ્ટિમાર્ગના આચાર નિયમે વર્તનાર વૈષ્ણવ [ખાયેશ ૨ મિજાજ, તબિયત
મરજી, સ્ત્રી૦ [આ૦ મર્જિ] ઇચ્છા, ખુશી,
મરજીવો, પુ૦ દરિયામાથી મોતી કાઢનાર ૨ જીવ સટોસટનુ કામ કરનાર.
મરડ, પુ૦ આમળો, વળ, દ્વેશ. ૩ ટકોર, ટાણો, મહેણુ ૪ શેખી, ગર્વ ૫ ચુનો પાડવાનો કાકરો.
મરડવુ, ક્રિ૦ સ૦ વાકુ વાળવુ, આમળો દેવો ૨ આડુ પડવુ, હરકત કરવી ૩ ઉથલાવવુ, ઉલટાવવુ, ફેરવવુ, દોરી ખેચવી
મરડાટ, પુ૦ લાડમા રીસાવુ તે ૨ રીસમા બોલવુ કરવુ તે, વળ, કસતુ બોલવુ તે, મરડાતા ચાલી લટકો કરવો તે ૪ આમળો, વિરૂદ્ધતા, વળ
મરડાવુ, ક્રિ૦ અ૦ વાકુ વળવુ ૨ આડુ થવુ, વકાવુ (માન કે ક્રોધમા) ૩ નખરા કરવા
મરડાશિગ,સ્ત્રી૦એક જાતની આમળાવાળી શિંગો ઐાષધમા વપરાય છે [કકર.
મરડિયો,પુ૦એક જાતનો ચુનો પકવવાનો કાકરો,
મરડો, પુ૦ વારે વારે ચુક આવી ઝાડે ફરવા જવું તે, અતિસાર, આમ.
મરણ, ન૦ [સ૦ મૃ-મરવુ] ચૈતન્ય બધ થવુ તે, મોત, જીવ જવો તે, મૃત્યુ ૨ મોટુ સકટ, પીડા
મરણકાળ,પુ૦ મોતનો સમય, જીવ જવાની વેળા આખર સમય [હાનિનો પ્રસગ.
મરણઘાત, સ્ત્રી૦ મૃત્યુ થાય તેવી ઘાત, પ્રાણ-
મરણતોલ, વિ૦મરણ થાય તેવુ મરી જાય તેટલુ-તેવુ "મરણ તોલ માર પડયો"
મરણપોક, સ્ત્રી૦ મૃત્યુ સમયે જે પોક મૂકવી તે
મરણલાકડાં,ન૦ મરનારને બાળવાના લાકડા
મરણાગત, અ૦ મૃત્યુ થાય તોપણ, જીવ ગયે
મરણાન્ત,વિ૦[સ૦]મરણ થતા સુધી,મૃત્યુ પછી
મરણિયુ, વિ૦મરવાને તૈયાર,મરવાથી ન બીનાર,
મરણુ, ન૦ મરણ, મૃત્યુ [જીવપર આવેલુ.
મરતબો, પુ૦ [આ૦] પદવી, દરજ્જો, મોભો, અધિકાર ૨ ભારબોજ, અદબ, મરજાદ.
મરદ, પુ૦[ફા૦ મર્દ] પુરૂષ, નર ૨ પુરૂષાતનવાળો માણસ, બહાદુર નર ૩ વીર પહેલવાન.
મરદવુ, ક્રિ૦ સ૦મસળવુ, ચોળવુ, ઘસવુ.

મરદાઇ, સ્ત્રી૦ પુરૂષાર્થ, વીરતા, બહાદુરી ૨
મરદાનગી, સ્ત્રી૦બહાદુરી,મરદપણુ [પુરૂપાતન
મર્દાની વિ૦ મરદને શોભે તેવુ ૨ નિડર
મરદામી, સ્ત્રી૦ મરદાઇ, જુઓ [મરદાઇ
મરદી, સ્ત્રી૦[ફા૦]પુરૂષત્વ, વીરપણુ ૨ બહાદુરી
મરદુમી, સ્ત્રી૦ [ફા૦] મરદાઇ
મરદેઆદમી, પુ૦ કુલીન, ખાનદાન, ગૃહસ્થ, સજ્જન ૨ બહાદુર માણસ, વીર નર
મરનાર, વિ૦ મુવેલુ, ગત થએલુ, મૃત ૨ જીવપર આદરનાર, મરવાને તૈયાર
મરની, અ૦ ખસ, દૂર ખસ ૨ ભલે છોને
મરને, અ૦ ભલે છો, જેમ 'મરને મણિલાલને સુરજ જુદો પાડવા મથે '
મરવત, સ્ત્રી૦ લાજ, સભ્યતા ૨ પ્રીતિ, સ્નેહ
મરવુ, ક્રિ૦અ૦ ચતન ન હોય તેવુ થવુ,મરણ પામવુ દેહ ત્યાગ કરવો, પ્રાણ છોડવો, ગુજરી જવુ ૨ સુકાવુ, કરમાવુ 'ઝાડ મરી ગયુ ' ૩ ગભરાવુ,દુ ખ પામવુ ૪ લાગણી બધ પડવી, મરદાલ થવુ "રોજના મારથી લોહી મરી ગયુ ' ૫ કમી થવુ, જતુ રહેવુ "ભુખ મરી ગઇ" ૬ ભગાવુ,પચવુ "જમીનમા પાણી મરી રહે છે " ૮ નુકસાન ખમવુ ૯ મહેનત કરવી ' તમે બેસી રહો ને હુ એકનોજ મરી જાઉ કે ?" ૧૦ ઠેકાણેથી ઉડી જવુ, ચાલવુ મદ થવુ 'સોકટી મરી ' ૧૧ રાખ–ખાખ થવી "તાબુ મરવુ" ૧૨ અધિરા થવુ 'તે પોતાના પ્યારને માટે મરે છે " **મરી** જવુ–છેક જ અશક્ત થવુ મરી જવુ દુ ખ થવુ ૨ બધ પડવુ, નરમ પડવુ (જુસ્સો) ૩ કરમાવુ, (ઝાડ) **મરી** પડવુ–ખરા અત કરણથી પોતાનુ સઘળુ જોર વાપરવુ
મરવો,પુ૦નાની કાચી કેરી ૨ એક ઓષધી છોડ
મરસીયા, પુ૦ [આ૦] રાજીઆ, શોકના ગીત
મરિયુ, ન૦ મરી ૨ મરી જેવુ તીખુ કણુ કે
મરાઠા–ઠો, પુ૦ મહારાષ્ટ્રમા રહેનાર [અકુર
મરાઠી, વિ૦ મહારાષ્ટ્ર દેશના લોકની ભાષા–રીત
મરાઠણ, સ્ત્રી૦ મરાઠાની સ્ત્રી
મરહુમ, વિ૦ મરણ પામેલુ, સ્વર્ગસ્થ.
મરામત, સ્ત્રી૦ [આ૦ મરમ્મત] સમરાવવુ તે, જીર્ણોદ્ધાર [કરાવવો, હણાવવુ
મરાવવુ, ક્રિ૦ સ૦ મારે એમ કરવુ,ઠોકાવવુ, ઘાત
મરાસ, ન૦ વારસા [રાતી ચાચનો હસ
મરાળ, પુ૦ [સ૦]એક જાતનો રાતા પગ અને
મરી, (સ૦ મરીચ) એક જાતના ઝાડના ઝીણા ફળ,તીખા,મરિચ **મરી** ફાકવા–ચઢવુ ચઢયુ બોલવુ
મરીમસાલો, પુ૦ ગરમ મસાલો ૨ વધારીને કરેલી વાત ભભેરણી
મરિચિ, ન૦ [સ૦] કિરણ
મરીચિકા, સ્ત્રી૦ [સ૦] ઝાઝવા મૃગજળ
મરૂ, અ૦ વારી જાઉ ૨ ભલા, અરેરે.
મરૂ,વિ૦ ઉજડ, જળ રહિત 'મરૂભૂમિ ૨ મારવાડ
મરડિયો, પુ૦ ચુડગર, મનિયાર, સરાણીઓ કુઠી ચુડો પહેરવા ગઇ ત્યારે મરડિયે માદો પડયો–નસીબ બે ડગલા આગળનુ આગળ
મરૂડી–ઢી, સ્ત્રી૦ સાધુની નાની ઝુપડી, પર્ણકુટી
મરૂત, પુ૦ (સ૦) પવન વાયુ
મરેઠી, સ્ત્રી૦એક જાતનો છોડ ૨ મરેઠાની ભાષા
મરેલુ, વિ૦ મૃત, ગત થયેલુ ૨ નામર્દ
મરો,પુ૦ મોતાના જેવુ દુ ખ,માઠી દશા, હેરાનગત ૨ મોત, મરણ
મરોડ, પુ૦ વલણ, આકાર, મોડ, ઝોક ૨ રાટ, વિરૂદ્ધતા ૩ છેનાઇ, લાલાઇ, વરણાગી, અગ મરડીને ચાલવુ તે [ર ફેરવવુ
મરોડવુ, ક્રિ૦સ૦ મરડવુ વાકુ વાળવુ, મરડવુ
મરોડી, સ્ત્રી૦ બુચ–દાટો ઉઘાડવાની પેચવાળી આકડી–સ્ક્રુ [વડા શરીરનુ, સુકલકડી.
મર્કટ, પુ૦ (સ૦) માકડુ વાદરો ૨ વિ૦એક-
મર્ત્ય, વિ૦ (સ૦) નાશવત, 'હે મર્ત્ય લોકના માનવી !' ૨ ન૦જેને મરણ આવે છે તેવુ માણસ
મર્ત્યલોક, પુ૦ મૃત્યુ લોક, માનવ સૃષ્ટિ.
મર્દ, વિ૦બહાદુર, શૂરવીર ૨ પુ૦ નર,આદમી.
મર્દન, ન૦ (મ૦મૃદ્–ધુટવુ) ચોળવુ–રગડવુ તે
મર્દવુ, ક્રિ૦ અ૦ ચોળવુ, મસળવુ, રગડવુ ૨ ગુદવુ, ખુદવુ ૩ પીડવુ, કમજોર કરવુ ૪ હલકુ પાડવુ, માનભગ કરવુ

મર્મ પુ (સ૦ મૃ-મરવું] હૃદયની છુપી વાત, રહસ્ય, હેતુ, છુપો ભેદ ૨ હૃદય, ભેજુ, કાળજુ ૩ ગુહ્યાર્થ-ભાવ, તાત્પર્ય ૩ મતલબ, મતલબ, અભિપ્રાય ૫ દાવ, પેચ ૬ મર્મવચન, મહેણુ ૭ શરીરનો નાજુક ભાગ, મધિસ્થાન

મર્મજ્ઞ, વિ૦ (સ૦મર્મ+જ્ઞા) મર્મ જાણનાર ૨ રસીક, ચતુર [કરડાગી, ટાણુ

મર્મવચન, ન૦ ગુહ્યાર્થવાળો શબ્દ ૨ મહેણુ,

મર્મસ્થળ-સ્થાન, ન૦ કાળજુ, અંત:કરણ ૨ જ્યા વાગવાથી પ્રાણી મરી જાય તેવી શરીરની કુમળી જગા [પેટ લમણુ, ઇ૦]

મર્માળ-ળુ, વિ૦ જેમા મર્મ રહેલો હોય તેવુ

મર્યાદશીલ, વિ૦ વિવેકવાળુ, વિનયી, વિવેકી, અદબવાળુ

મર્યાદા સ્ત્રી૦ (સ૦) અદબ, વિવેક, વિનય ૨ પદ્વી-મોટપણુ જોઇ માન રાખી વર્તવુ તે ૩ હદ, સીમા ૪ અટકાવ, પ્રતિબંધ ૫ અવધ, અવધિ

મલ-મલ્લ, પુ૦ કુસ્તીબાજ, પહેલવાન, કસરતી

મલઇ, સ્ત્રી૦ મલાઇ, દૂધ ઉપરની તર [જવાન

મલકટ, પુ૦ કાચળીનો છાતી ઉપરનો ભાગ, તાનુ

મલકવુ, ક્રિ૦ અ૦ મલાવવુ ૨ મંદમંદ હસવુ ૩

મલકાવવુ, ક્રિ૦ સ૦ હસાવવુ, ખીલવવુ [ખીલવુ

મલકાવુ, ક્રિ૦સ૦ હસવુ ખુશ થવુ ૨ મંદહાસ્ય

મલકુડ, ન૦ [છાશની] દોણી, માલવુ [કરવુ

મલકુડુ, વિ૦ મનગમતુ, મિશ્ર સ્વાદવાળુ ૨ હરખાઇ જનારુ, સહેજમા મલકાઇ જાય તેવુ

મલકુસ્તી, સ્ત્રી૦ મલ્લયુદ્ધ, કસરતીઓની દાવપેચ વાળી લડાઈ [હરખાતુ ને ઝુલતુ હિંડતુ

મલપતુ, વિ૦ આનંદના ડોળથી ડોલતુ ચાલતુ,

મલબારી, વિ૦ મલબારનુ

મલમપટો, પુ૦ લેપ-ઔષધ ચોપડી ઉપર બાંધેલો પટો મલમપટો કરવો=થાગડથીગડ કરવુ, સમજાવી મનાવી લેવુ [વાળી દવા

મલમ, પુ૦ ગડગુમડ ઉપર ચોપડવાની મીણતેલ

મલમપટી, સ્ત્રી૦ મલમ ચોપડેલી લુગડાની પટી-આગળી [સુતરાઉ કપડુ

મલમલ, ન૦ મજલિન, એક જાતનુ બારીક નરમ

મલયાગુરુ, ન૦ (સ૦) સારામા સારી સુખડ, મલય પર્વત ઉપર થતું સીમમ, રક્તચંદન

મલાઈ, સ્ત્રી૦ દૂધ ઉકાળતા તરી આવતો ચીકણો પદાર્થ, તર ૨ સત્વ, સાર [આમકો, પડદો

મલાજો, પુ૦ લાજ, સભ્યતા, પડદો રાખવો તે

મલાર, પુ૦ (સ૦ મલ્લારી) ચોમાસામા ગવાતો એક રાગ 'મલ્હાર અલાપે રાગ મલાર'

મલાવડા, ન૦ મીઠુ મીઠુ બોલવુ તે, પસંદ પડે તેવી હસતા મુખની વાતચીત, કામ કરવુ નહિ પણ મીઠુ બોલી કામની લાલચ બતાવવી તે રીઝવણી

મલાવવુ, ક્રિ૦સ૦ પુરતી કરવી, પ્રફુલ્લ કરી દીપાવવુ, લહેકાવવુ [વાત, રાગ, ઇ૦] ૨ લંબાવવુ અતિશયોક્તિ કરવી ૩ વધારીને રંગ પુરવા, બહલાવવુ [વધારો, ચઢાવો

મલાવો-વડો. પુ૦ મલાવવુ તે, પુરતી, અતિશયોક્તિ

મલ્લિકા-લ્લિકા, પુ૦ (સ૦) મોગરો

મલકા, સ્ત્રી૦ રાણી રાજકર્ત્રી

મલીદો, પુ૦ (ફા૦] ઘી, ખાંડ, ઘઉ નો બનાવેલો પદાર્થ, નરમ માલ ૨ સત્વ, સાર

મલિન, વિ૦ (સ૦) મેલુ, ગંદુ ૨ ઝાંખુ ૩ ડહોળુ, કચરાવાળુ ૪ કપટી, દુષ્ટ

મલિનતા, સ્ત્રી૦ (સ૦) મેલાપણુ, ગંદવાડ ૨ અસ્વચ્છતા ૩ ઝાંખ

મલુક, વિ૦ [આ૦] સાર, શીકાર ૨ મુલક

મલેક, પુ૦ મુસલમાનોમા એક ઇલકાબ છે ૨ અમીર, ઉમરાવ

મલેરિયા, ન૦ [અં મેલેરિયા] મચ્છરના ડંશથી થતો ટાઢિયો એકાતરિયો તાવ

મલૈ, સ્ત્રી૦ મલાઈ દૂધની તર ૨ સાર, તત્વ

મલોખુ, ન૦ સરોકુ ધોડો [રેંટીઆનુ]

મલ્લ, પુ૦ મલ, જુઓ

મવડાવવુ, ક્રિ૦ સ૦ માય તેમ કરવુ, સમાવવું

મવરાવવુ, ક્રિ૦ સ૦ સમાવવુ, દાબી ઠાંસીને ઘાલવુ

મવાડવુ, ક્રિ૦ સ૦ સમાવવુ, માય તેમ કરવુ

મશ, ન૦ (મિષ) બહાનુ નિમિત્ત, જુઠો સબબ

મશક, સ્ત્રી૦ (સ૦) પાણી ભરવાનો ચામડાનો [કોથળો.

મશક, પુ૦ (સ૦) મચ્છર, ડાસ

મશગુલ,(ફા૦) કામમા રોકાયેલુ ગુથાયેલુ
મશરૂ, પુ૦ (આ૦) રેશમ સુતરનુ ઘણા ર ગના પટાવાળુ લુગડુ [જાણીતુ
મશહુર, વિ૦ (ફા૦)નામીચુ, પ્રખ્યાત ૨ જાહેર,
મશાગત, સ્ત્રી૦મહેનત, શ્રમ. ૨ મજુરી,રોજ
મશાણ, સ્ત્રી૦ મસાણુ, જુઓ
મશાણિયુ, વિ૦ મડદુ લઈ મશાણમા જનારૂ, મશાણનુ ૨ અશુભ, ભુડુ **મશાણિયો**=ડાઘુ
મશાણી, પુ૦ મડદાને લગતો સામાન વેચનારો
મશાલ, સ્ત્રી૦(આ૦) ચિથરા વિટાળી બનાવેલો મોટો કાકડો ૨ મેગ્મેરાયુ
મશાલચી, પુ૦ (આ૦ મશઅલ+તુર્કી૦ ચી–રાખનાર] મશાલ રાખનાર, મશાલ ધરનાર, હજામ **મશાલી**=મશાલચી
મશાલો, પુ૦ મસાલો, જુઓ
મશિયાઇ, વિ૦ માશીના છોકરા
મશ્કરી, સ્ત્રી૦ (આ૦) ઠઠ્ઠો, ટોળ [ચેષ્ટા કરનાર
મશ્કરો,પુ૦(આ૦)ટોળિયો, નકલી, બટક બોલો,
મસ, વિ૦ બહુ, ઘણુ, વિશેષ
મસ, પુ૦ મમો. ૨ ન૦ મિષ, બહાનુ
મસકો, પુ૦(આ૦) માખણ, નવનીત ૨ સાર, સત્વ ૩ ખુશામત
મસરકુ, ન૦ માર્મિક વચન, કરડાકીનો બોલ
મસજીદ, સ્ત્રી૦ (આ૦) મસીદ, દરધા, રોજો
મસનદ, સ્ત્રી૦ (આ૦) ગાદી, તખ્ત, સિહાસન
મસમસતુ,વિ૦ખુબ ખુશબો પ્રસરે તેવુ,મઘમઘતુ
મસમસવુ, ક્રિ૦અ૦ ખુશબોનુ ઉડવુ, ફોરવુ
મસલત,સ્ત્રી૦(આ૦) સલાહ, મનસુબો, મસલત
મસલતીઓ, પુ૦ (આ૦) સલાહકાર
મસવણી, સ્ત્રી૦ ગૌરી પૂજન, ગોરો
મસવાડા પુ૦ ગર્ભ રહેવો તે, દહાડા રહેવા તે ૨ મહિના, માસ
મસવાડી, સ્ત્રી૦ પારકા હદના લોકોને–રબારી ભરવાડોને ઢોર ચરાવવા ગોચર આપી લેવાતો કર તે [ડાનો ભાગ.
મસવાડુ, ન૦ પછવાડુ, ઘરની પાછળનો–વા
મસવાડો, પુ૦ ગામનુ પછવાડુ, ભાગોળ.
મસળવુ, ક્રિ૦ સ૦ ચોળવુ, રગડવુ ૨ ડુપવુ ગુદવુ ૩ મારી અધમુઉં કરવુ ૪ દાબવુ, ચાપવુ.
મસળાવવુ,ક્રિ૦સ૦રગડાવવુ,ચોળાવવુ,ચપાવવુ
મસાણ, ન૦ (સ૦ સ્મશાન) મડદા દાટવા–બાળવાનુ સ્થળ, કબરસ્તાન, દખમુ
મસાત, સ્ત્રી૦ ખેડવા લાયકની જમીન
મસાલો, પુ૦ (આ૦) ખાવાના પદાર્થમા ભળવાથી જે વિશેષ સ્વાદ આપે તે ૨ તેજાનો ૩ કોઈ ચીજ બનાવવામા ભેળવાના પદાર્થો-સામગ્રી, મભાર **મસાલો** ભભરાવવો-રસિક કરવુ,વધારીને
મસિયેણ, વિ૦ માસીનુ [કહેવુ, ચઢાવવુ
મસી, સ્ત્રી૦ (સ૦) ઝાડ–વેલા ઉપર થતો એક જાતનો જીવ ૨ શેરડીમા થતો એક રોગ, ૩ [સ૦મષી] શાઇ, રૂશનાઇ ૪ કાજળ, મેશ, દાતે ઘસવાની દવા, દત મજન [લી જગા
મસીદ,સ્ત્રી૦ મુસલમાનને નિમાજ પઢવાની બાંધે-
મસૂર, સ્ત્રી૦ (સ૦) એક જાતની દાળ
મસૂરિકા, સ્ત્રી૦ શરીર ઉપર તુવેરના દાણા જેવા ફોલ્લા ફૂટી નીકળે છે તે, અછબડા
મસો, પુ૦ શરીરની ચામડી ફુલી બાઝેલી કઠણ ગોળ ગાઠ તે, ગાડમાના મસાને હરસ કહે છે ૨ ઝાડના પાદડા ઉપર થતી ગાઠ
મસોતુ, ન૦ગરમ ચીજ પકડવા રાખેલા લુગડાના કકડા ૨ કપડાનો કડકો ૩ ફાટોતુટો મેલો કડકો.
મસ્કતી, વિ૦ મસ્કત બદરનુ–સબધી
મસ્ત, વિ૦ (ફા૦] મદમાતુ ઉન્મત્ત, ચકચૂર ૨ જોરાવર, હૃષ્ટપુષ્ટ ૪ ગાડુ [શિખર
મસ્તક, ન૦(સ૦) માથુ ૨ ખોપરી ૩ ટોચ,
મસ્તાઇ, સ્ત્રી૦ મસ્તી, ધિંગાણુ, ધાધલ,ઉદમાત
મસ્તાન, વિ૦ (મસ્ત) મદમાતુ, હલમસ્ત ૨ તોફાની, ટીખળી, ઉદમાતિયુ ૪ મસ્ત, ઉન્માદી ૫ પીધેલ, છાકટુ [ધાધલ
મસ્તી,સ્ત્રી૦(ફા૦)તોફાન, ઉછાછળાવેડા, ઉદમાત,
મસ્તીખોર, વિ૦ (ફા૦) તોફાનિયુ, ઉદમાતિયુ
મસ્તુલ,સ્ત્રી૦ સાળમા વપરાતી રેશમની ગુચ્છી–
મસ્નદ, સ્ત્રી૦ બેઠક, તખ્ત [કોકડી
મુહકુબ, (આ૦)થોડા દિવસ બન્ધ રાખેલું, મુલતવી, ઢીલમા નાખેલુ.

મહુત, વિ૦[સ૦]મોટું, ભારે, વિશાળ [ચંદ્રમા
મહતાબ,સ્ત્રી૦(સ૦)એક જાતનું દારૂખાનું ૨
મહત્તા, સ્ત્રી૦ મોટપણ, મોટાઇ ૨ ગૌરવ ઐશ્વર્ય, ગૌરવ, પ્રતિષ્ઠા
મહત્ત્વ, ન૦(સ૦)મોટાપણું, મહિમા ૨ વૈભવ શોભા, પ્રતિષ્ઠા ૩ વિસ્તાર, વિશાળપણું
મહંત, પુ૦ [સ૦] મોટો સાધુ, મઠાધિકારી
મહમહવું,ક્રિ૦અ૦મહેકવું, ફોરવું,સોઢવું [દયા
મહેર,ન૦ મર્મમાં કહેવું તે, મર્મ વચન ૨ કૃપા,
મહેરકું, ન૦મહેણું, ટોણું, માર્મિક વચન
મહશુર, વિ૦[આ૦]પ્રખ્યાત નામાંકિત,મશહુર
મહર્લોક, પુ૦ સપ્ત લોકમાંનો ચોથો લોક
મહર્ષિ, પુ૦ [સ૦] મોટો ઋષિ
મહા, વિ૦ [સ૦]મોટું, શ્રેષ્ઠ ૨ વિશાળ,મોટું પુ૦ વિક્રમ વર્ષનો ચોથો મહિનો
મહાકાળી, સ્ત્રી૦ એ નામની એક દેવી, ઈશ્વરી.
મહાજન, ન૦ મહાપુરૂષોનું મંડળ ૨ જુદાજુદા ધંધાધારીઓના જુદાજુદા મંડળો
મહાજનિયું, વિ૦ ધણી વગરનું, રખડાઉ ,હરાયું ૨ મહાજનને લગતું
મહાજમ, વિ૦ ઘોર અંધારી, અંધારાવાળી
મહાડ,પુ૦એક જાતનો રાગ ૨ માઢ, રાજમંદિર ૩ વાસ, મહોલ્લો [કલું, (બાજીમાં)
મહાત, વિ૦ [સ૦] હારેલું કેદ પડેલું, અટ
મહાતળ, ન૦ સાત પાતાળ પૈકી ચોથું, પાતાળ
મહાત્મ-ત્મ્ય, [સ૦] મોટપણ, પ્રતાપ ૨ યશ, કીર્તિ ૩ ઐશ્વર્ય [મહાનપુરૂષ
મહાત્મા પુ૦ [સ૦] ઉન્નત ભાવવાળો આત્મા,
મહાત્મા,વિ૦[સ૦] ઉદાર દીલનું,કુલીનતાવાળું
મહાદશા, સ્ત્રી૦(સ૦) મુખ્ય ગ્રહની પ્રાણી ઉપર ચાલતી લાંબી અસર બીજા ગ્રહોની જે અસર તે અંતરદશા. [ક્તિનું સ્વરૂપ ૩.૧૧ ની મતા
મહાદેવ, પુ૦ (સ૦) શિવ, શંકર ૨ સહારશ-
મહાનસ. પુ૦ [સ૦] રસોડું, રાંધણી
મહાનુભાવ,વિ(સ૦) મોટા મનનું, ઉદાર દિલનું,
મહાન, વિ૦ (સ૦) મોટું, મહત
મહાપદ્મ, ન૦ [સં૦] દશ કરોડ હજાર જેટલી સંખ્યા ૨ ધોળું કમળ
મહાપાતક, ન૦ [સ૦] મોટા પાપ-ગુના
મહાપ્રલય, પુ૦ સૃષ્ટિનો સમૂળગો નાશ ૪૩૨ કરોડ વર્ષનો અંતે થનારો પૃથ્વીનો નાશ તે
મહાપ્રાણ, પુ૦ વધારે જોરથી બોલાતા અક્ષરો
મહાબલા, સ્ત્રી૦ [સ૦] એ નામની ઔષધિ-
મહાબો, પુ૦ ભાર, વક્કર, બોજ [વનસ્પતિ
મહાભાગ, વિ૦ ભાગ્યશાળી, સારા નશીબવાળું, ૨ સદાચાર સંપન્ન [નામનું મોટું વીરરસ કાવ્ય
મહાભારત, વિ૦ બહુ મોટું ને અઘરૂં ૨ ન૦ એ
મહાભૂત, ન૦ (સં૦) જગતની ઉત્તપતિરૂપ મુખ્ય તત્ત્વો, પૃથિવ, પ્રાણી, તેજ, વાયુ ને આકાશ એ પાંચ મહાભૂતોમાંથી પ્રત્યેક
મહામાટલું, ન૦ પાપડ વડિયો ૯૦ ભરી કન્યાને પિયેરથી જે ભેટનું માટલું આપે છે તે.
મહામાયા, સ્ત્રી૦ અધિષ્ઠાત્રી દેવી, દુર્ગા,અંબા ૨. આદિમાયા
મહામારી, સ્ત્રી૦ (સ૦) કોગળિયું,મરકીનોરોગ.
મહાર, પુ૦ (મ૦) ભંગી,ચંડાળ
મહારથી, પુ૦ મોટો યોદ્ધો, પરાક્રમી લડવૈયો.
મહારાજ, પુ૦ મોટો રાજા, સાર્વભૌમ રાજા ૨ એ શબ્દ બ્રાહ્મણ, સાધુ મોટા પુરૂષ ને આચાર્યને માટે વપરાય છે [ઓલિયું, ૨ આનંદી ઉદાર
મહારાજા, પુ૦મોટો રાજા, સામ્રાટ ૨ વિ૦ભોળું,
મહારાણી, સ્ત્રી૦ માનિતી રાણી, વડી રાણી
મહારાત્રી, સ્ત્રી૦ (સ૦) મહાવદિ ૧૪,શિવરાત્રી, કાળીચૌદશ
મહારાષ્ટ્ર,પુ૦(સ૦)મરાઠાઓનોદેશ ૨મોટુંરાજ્ય.
મહાલ, પુ૦(આ૦)પરગણા-તાલુકાનો એક ભાગ
મહાલકરી, પુ૦ (આ૦) મહાલનો અધિકારી, મામલતદાર.
મહાલક્ષ્મી, સ્ત્રી૦ દુર્ગાની એક શક્તિ ૨. મોટી લક્ષ્મી,ઘણો પૈસો 'રાજદ્વારે મહાલક્ષ્મી, વ્યાપારે વસતી તથા '
મહાલય, ન૦ (સ૦) મહેલ મંદિર ૨ પવિત્રધામ. ૩ ભાદરવા વદમાં કરવાનું મોટું શ્રાદ્ધ ૪.મોટોનાશ.
મહાલવું, ક્રિ૦ અ૦ માલવું, જુઓ.

મહાવત, પુ૦ હાથીને હાંકનાર [ટેવ, આદત

મહાવરો,પુ૦ (આ૦)પરિચય,વહિવટ ૨ અભ્યાસ,

મહાવીર, પુ૦ મોટા વીર ૨ હનુમાન ૩ એ નામના એક જૈન આચાર્ય

મહાશય, વિ૦ (સ૦) મોટા મનવાળુ,ઉદાર

મહાસાગર, પુ૦ (સ૦) મોટા સમુદ્ર,મોટે દરિયો

મહિમા, પુ૦ (સ૦) પ્રતાપ, યશ, મોટાપણુ ૨. ઉપમા કીર્તિ

મહિમાવાન, વિ૦ યશસ્વી, પ્રતાપી

મહિયર, ન (સ૦માતૃગ્રહ)પિયેર,સ્ત્રીના બાપનુ ઘર ૨ લાકડામા પડતો એક જાતનો જીવડો, મેઢ

મહિયારી,સ્ત્રી૦દહિં વેચનારી ૨ ગોપી,ભરવાડણ

મહિલા, સ્ત્રી૦ (સ૦) રાણી ૨ સ્ત્રી, બાઇડી

મહિષ, પુ૦ (સ૦) પાડો

મહિષી, સ્ત્રી૦ ભેસ,ડોબુ ૨ પટરાણી,મુખ્યરાણી

મહિષાસુર, પુ૦ પાડાના સ્વરૂપે રાક્ષસ, જેને અંબાએ માર્યો હતો તે

મહી, સ્ત્રી૦ (સ૦)પૃથ્વી, ભૂમિ ૨ ગાય ૩ એ નામની એક નદી ૪ દહિ ૫ અ૦ માહે,અંદર

મહીધર, પુ૦ (સ૦) નાગ,સર્પ ૨ પર્વત

મહીના, પુ૦ (ફા૦) હમેલ,દહાડા **મહીના** રહેવા—દહાડા રહેવા, ગર્ભ રહેવો [કરનાર, ચાકર

મહીનાદાર, પુ૦ (ફા૦) મહીને પગાર લઇ નોકરી

મહીનો, પુ૦ (ફા૦) ત્રીસ દિવસનો સમય,માસ ૨ દરમાયો, પગાર ૩ અટકાવ આવવાની મુદત

મહીપતિ–પાળ, પુ૦ રાજા, નૃપ

મહીમથનિયા, ન૦ (સ૦) વલોણાનો વાસ

મહુડી, સ્ત્રી૦ નાનો મહુડો ૨ દારૂ

મહુડુ, ન૦(સ૦) મહુડાનુ ફૂલ એનો દારૂ થાય છે

મહુડો, પુ૦ (સ૦ મધુ) એ નામનુ એક ઝાડ

મહુવર, સ્ત્રી૦ વાદી લોકની વાંસળી,એક જાતનુ વાજુ, મોહર

મહેક, સ્ત્રી૦ વાસ, ફોર, સોઢમ, ખુશબો

મહેકવુ, ક્રિ૦ અ૦ ફોરવુ, સોઢવુ, વાસ ઉડવી

મહેકાટ, પુ૦ ગંધ, ફોર, બહેકાટ

મહેણુ, ન૦ ટાણો, ઠોંસ, બોલ મર્મ વચન,ઉપકાર કહી બતાવવો તે, ટપલો

મહેતર, પુ૦ ઢેડાઓનો મુખી, વડો ઢેડ

મહેતરાણી, સ્ત્રી ઢેઢડી

મહેતલ, સ્ત્રી૦ મુદત, નક્કી કરેલો વખત

મહેતાજી, પુ૦ ઉપાધ્યાય ૨ ગુરૂ,શિક્ષક ૩ મહેતો

મહેતાબ, પુ૦ [ફા૦] ચંદ્ર ચાંદ ૨ બપોરિયાની

મહેતી, સ્ત્રી૦ શિક્ષિકા, સ્ત્રી શિક્ષક [રોશની

મહેતો, પુ૦ શિક્ષક ગુરૂ ૨ હિસાબ રાખનારો ગુમાસ્તો–કારકુન.

મહેનત, સ્ત્રી૦ આયાસ શ્રમ, ૨ જોર, બળ ૩ મજુરી, ચાકરી ૪ દુખ,આપદા ‘નમાયુ છોકરૂ ઉછેરવામા બહુ મહેનત પડે છે ’

મહેનતાણુ, ન૦ મજુરી,મહેનતનો બદલો,પગાર દરમાયો [વ્યવસાયી

મહેનતુ, વિ૦ કામગરૂ તનમનથી કામ કરનાર,

મહેન્દ્ર, પુ૦ (સ૦)ઇંદ્ર ૨ એ નામનોએકપર્વત

મહેમાન, પુ૦ [ફા૦] અતિથિ, પરોણો

મહેમાનગીરી, સ્ત્રી૦ મહેમાની,પરોણા ચાકરી

મહેર, સ્ત્રી૦ (ફા૦) કૃપા,માયા,લક્ષ આપવુ તે

મહેરબાન, વિ૦ કૃપાવંત દયાળુ માયાળુ સદ્‌ભાવવાળુ

મહેરબાની,સ્ત્રી૦માયા કૃપાભાવ,દયાભાવ [વાળુ

મહેરમ, વિ૦ [ફા૦] મનથી માનેલુ મનનો મેર અંતઃકરણથી વહાલુ તે [કટાક્ષ,અનુવર્તુંલાકાર

મહેરાબ,સ્ત્રી૦[આ૦]કમાનદાર ચણતર તે ઘુમટ

મહેરામણ, પુ૦ સમુદ્ર દરિયો

મહેરો, પુ૦ ભોઇ, પાલખી ઉચકનાર

મહેલ, પુ૦ (આ૦)રાજાને રહેવાનુ મોટુ મકાન તે, દરબાર હવલી રાજમંદિર

મહેલ્લો, પુ૦ મહોલ્લો વાસ, પોળ, પાડો શેરી

મહેશ, પુ૦ શિવ મહાદેવ

મહેશ્વર, પુ૦ શિવ મહાદેવ, પરમેશ્વર

મહેસુલ, ન૦ [આ૦] વજે સરકાર તરફથીલેવાતો કર, વેરો ૨ દાણુ, જકાત

મહોત્સવ, પુ૦ [સ૦] મોટો ઓચ્છવ, આનંદ

મહોત્સાહ, પુ૦ [સ૦] ઉમળકો, ઉત્સાહ

મહોદધિ,પુ૦[સ૦]મહાસાગર [૨ આંબાના ફૂલ

મહોર, સ્ત્રી૦ ૧૫ રૂપિયાનો સોનાનો સિક્કો,ગીની

મળ, પુ૦ [સ૦]મેલ, કચરો, ગદવાડ ૨ કબજ રહેલો ઝાડો, પેટમાનો કચરો, ગૂ વિષ્ઠા નર્ક ૩ મનની ઇચ્છા, વલણ

મળકું, વિ૦ જરા મેળુ
મળગુગળુ, વિ૦ મેલવાળુ, ૨ જરા મેળુ
મળણ, ન૦ મેળાપ, મુલાકાત ૨ સ્નેહ, પ્રિતી 'મળણ તેટલુ બળણ' ૩ મેળ, સપ
મળતર, ન૦ પેદાશ, રળતર કમાઇ [માયાળુ
મળતાવડુ, વિ૦ હળી મળી જાય તેવુ, મેળાપી,
મળતિયો, પુ૦ સોબતી, સાથી, ગોઠિયો, જોડીઓ
મળતાવશેક, પુ૦ [જ્યોતિષ] એક બીજાના મળતા આવતા ગ્રહ, લહેણાદેણી
મળદ્વાર, ન૦ ગાડ, શફરો, ગુદા.
મળમાસ, પુ૦ અધિક મહિનો, પુરૂષોત્તમ માસ
મળવિકાર, પુ૦ ઝાડો ન ઉતરવાથી થએલા રોગ
મળવુ, ક્રિ૦ અ૦ [સં૦ મિલ-મળવુ] પ્રાપ્ત થવુ, કમાણી થવી, પેદાશ થવી ૨ સાથે થવુ, એકઠુ થવુ, જોડાવુ, ૩ એક મતના થવુ, વિચારમા એક થવુ ૪ દોસ્તીમા જોડાવુ, સબધ થવો ૫ જામી જવુ 'દૂધ મળવુ ૬ તદ્દ-જાડુ થવુ, 'ધોવાથી પોત મળશે.' ૭ બેસતુ આવવુ, અનુકૂળ આવવુ ૮ સામસામા આવવુ, ભેટવુ (લડાઇમા) ૯ જડવુ, હાથ લાગવુ 'તે પુસ્તક મળ્યુ' ૧૦ ગુદાઇ-કચરાઇ એકતાર થવુ, એક રસ થવુ
મળ્યા ભાઇની પ્રીત-માત્ર નામની **મળતી** પાતી= બનતી રાશ, મેળાપ, ઐક્યતા
મળસકુ, ન૦ પ્રભાત, પ્રાત કાળ, પરોઢિયુ
મળી, સ્ત્રી૦ ગાડી-ગાડાના પૈડામા ઉજેલા દિવેલ અને ચિથરાનો થતો મેલ ૨ હનૂમાનની મૂરતિ ઉપરનો તેલ સિંદુરનો રગડો-મેલ તે
મા, અ૦ માંહે, અદ૦, મધ્યે, મોઝાર ૨ સપ્તમી વિભક્તિનો પ્રત્યય ૩ નહિ, ના, મા
માકડ, પુ૦ **માકણ**, ૨ વિ૦ વાકુ
માકડી, સ્ત્રી૦ ધટીના ગાળામાનો ગોળ કાણાવાળો કકડો જેમા ખીલની અણી રાખે છે તે ૨ માકડની માદા ૩ એક જાતનુ તીતીધોડા જેવુ ઉડતુ જીવડુ ૩ વાદરી [રાતામોની], ભોજલી. ૫ ભૂરી ભેસ ૬ એક જાતનો ચામડીનો રોગ ૭ ઢોરના ગાળિયામાનુ લાકડુ
માંકડીકુકડી, સ્ત્રી૦ એક જાતનો જીવ. જેનુ મૂત્ર શરીરે અડવાથી ધોળા ફોલ્લા થાય છે
માકડું, ન૦ [સ૦ મર્કટ] રાતામોનુવાદરૂ, ભોજલુ
માકણ, પુ૦ [સ૦ મત્કુણ] પરસેવાથી થતો એક જીવ, ખટમલ [તે, માકણવાળુ
માકણિયુ, ન૦ જે લાકડામા માકણ ભરાય છે
માગ, વિ૦ આઠનો સકેત (વેપારીમા)
માગ, પુ૦ વડનગરા નાગરોમા રૂડે અવસરે કાસાની થાળીમા મેશથી ઢેયડી તથા તેના બે છોકરા ચિતરે છે તે ૨ એક નીચ જાત, જે ગળામા કોડીઉ બાધી માગે છે તે
માગ, સ્ત્રી૦ માથાના લમણા પરના વાળના પટિયા, ચોટલાની બે બાજુ ૨ માગણી
માંગપડી, સ્ત્રી૦ ૧૮ નો સકેત
માંગલ્ય, ન૦ શુભકાર્ય, મગળ, શુભ ૨ કલ્યાણ
માગળિક, વિ૦ શુભ-મગળકારક, રૂડો અવસર
માંધેરી, પુ૦ માછલી મારવાનો મછવો
માચ, પુ૦ [સ૦ મચ] માચો, ખાટલો
માચડો, પુ૦ **માચો**, ૨ પાટ
માચી, સ્ત્રી૦ નાનો ખાટલો, ખાટલી
માચો, પુ૦ માચ, ખાટલો ૨ ચાર પાયાનો લાકડાનો ઉચો ઘાટ. ૩ સોકટાની બાજીમાનુ ફૂલ ૪ ગાડાની ધરી ઉપરનો પાટલો
માજર, સ્ત્રી૦ [સ૦ મજરી] તુળસી ડમરો વગેરે વનસ્પતિની ફૂલ બી વાળી ડાખળી, લટર, મજરી ૨ સુખતળી [જોડાની] ૩ મરધાના માથા
માજરુ, વિ૦ ભુરી ટીકીવાળુ [પરની કલગી
માજવું, ક્રિ૦ સ૦ ઉટકવુ, ઘસીને સાફ કરવુ
માજાર, સ્ત્રી૦ બિલાડી, મીની
માંટી પુ૦ ધણી, વર, સ્વામી
માટીડો, પુ૦ પુરૂષ, ભાયડો ૨ પતિ, વર
માડ, પુ૦ શોભા સારૂ ગોઠવેલાં વાસણની ઉતરડ ૨ મોઢ, મુગટ ૨ વિ૦ મિથ્યા, ખોટુ 'અલ્યા માડ માયા વિષે કા વગૂત્યો' ૩ અ૦ ઘણી મુશ્કેલીથી, માડમાડ 'માડ મળ્યુ છે આ તન તમને, ચેતો ચતુર સુજાણ' [ડણ જુઓ.
માડણ, ન૦ ખાબોચિયુ, નાનુ તલાવડુ ૨ મા
માડણી, સ્ત્રી૦ માળની ઉભણી ૨ ગોઠવણ

માંડમાંડ, અ૰ ઘણી મુશ્કેલીએ જેમ તેમ માણુ માણુ, ઉપર ચોટિયુ 'માંડમાંડ રહેવુ'

માંડલિક, વિ૰ તાબાનુ, ખંડિયુ ૨ સામંત

માંડવી, સ્ત્રી૰ [માંડવો] જકાત લેવાની જગો, ફુરજો ૨ ઘરની અગાડી કરેલી ઉંચી બેઠક ૩ રવેશી ૪ નવરાત્રિમા ગરબા ગાવા માટે દીવા મૂકવા કરેલો લાકડાનો ઘાટ ૫ ભોયશિંગ ૬ ચંડલુ બજાર

માંડવુ, ક્રિ૰ સ૰આરંભ કરવો, શરૂ કરવુ,પરગણુ કરવુ ૨ ગોઠવવુ,જુક્તિથી મેલવુ ૩ આંકડા લખવા મૂકવા ૪ નામુ લખવુ,નોંધવુ ૫ સ્થાપવુ,નવુ કાઢવુ **માંડી** વાળવુ–જતુ કરવુ, છોડી દેવુ ૨ પુરૂ કરવુ, પતાવવુ ૩ મુલતવી રાખવુ પતાવવુ **મો** માંડવુ–ધ્યાન પૂર્વક સાંભળવુ ૨ ખાવુ **પગ** માંડવા–ઉભા થઈ ચાલવુ (બાળકે) ગાંડ માંડવી–નિરાતે બેસવુ

માંડવો, પુ૰ [સં૰ મંડપ] લગ્ન ઇ૰ પ્રસંગે, ચંદરવો બાંધી બેસવાની કરેલી બેઠક મંડપ ૨ ફૂલવેલથી છવાયેલી જગા–મકાન ૩ ઓડો

માંડા, પુ૰ કણુક કોરમાનો એક ખાવાનો પદાર્થ

માંણુ, ન૰ આટાને બાંધતા પહેલા તેમા નરમાશ આણવા માટે ઘી અથવા તેલ નાખવામા આવે છે તે, મોવણુ ૨ શેરડીનો ઉપલો પાતરી તરફનો ભાગ ૪ ગાગર

માંદગી, સ્ત્રી૰ [ફા૰] મંદવાડ,બિમારી,રોગ,પીડા

માંદુ, વિ૰ [ફા૰] આજારી,બિમાર,રોગી કાયલી

માંય, અ૰ અંદર મધ્યે ૨ તગતજ વાત

માંસ, ન૰ (સં૰) ગોસ, માસ

માંસાહારી, વિ૰ માંસ ખાનાર, માંસ ભક્ષક

માંહિ–હે, અ૰ માં, અંદર મધ્યે

માંહોમાંહે, અ૰ વર મેળે અંદર અંદર

માંહ્ય, અ૰ માં, અંદર

મા, સ્ત્રી૰(સં૰માતા) જન્મદાતા,આઇ,જનની, જનેતા ૨ વૃદ્ધ સ્ત્રીને વિવેકમા વપરાતો શબ્દ ૩ વડિયાઈ ૪ અ૰ મા ના, નહિ

માઆઝમા, વિ૰ (ફા૰) મોટુ, મહાન

માએનો, પુ૰ અર્થ, અન્વય ૨ મતલબ, સાર

માઇ, સ્ત્રી૰ મા, જનની ૨ દેવી અંબા

માઇલ, પુ૰ (અં૰) પોણો ગાઉ, ૫૨૮૦ફૂટનુમાપ

માઇકાંગલુ, વિ૰ બાયલુ,જનાની,રોતુ ૨ નાજુક, તકલેદી

માંકડમુખો, વિ૰ લાલ મોંનુ

માંકડમુછો, વિ૰ વાંકડી મુછોવાળો

માંકડી, સ્ત્રી૰ લાલમોની વાંદરી ૨ ઘંટીનો ખીલડો જેમા રહે છે તે લાકડુ ૩ ઢોરના ગાળિયાનુ ઓરિયુ ૪ કળ છટકાવાય એવી કડી, આંકડી

માંકડુ, ન૰ માંકડુ ભોજલુ ૨ વિ૰આછુ રાતુ

માંકડો, પુ૰ રાતામોનો વાંદરો, ખૂઢ

માંકણુ, પુ૰ માંકણ, ખટમલ

માંકો, પુ૰ ભાંગરો

માક્ષિક, ન૰ કુટિયુ મધ ૨ એક હલકીજાતની ધાતુ

માખ–ખી, સ્ત્રી૰[સં૰ મક્ષિકા]પારદર્શક પાંખવાળો છ પગનો એક જીવ **માખ** છોકવી=નુકસાન કે ગેરલાભનુ સૂચન થવુ **માખ** બેસણુ=માખ બેસે તેવુ ચાંદુ, લાંછન **માખો** મારવી=નવરા બેસી રહેવુ

માખણુ, ન૰ મસ્કો, નવનીત, દહિં વલોવવાથી નીકળતું સત્વ

માખણિયુ, વિ૰ ખુશામતખોર ૨ માખણ જેવુ મુલાયમ–નરમ **માખણ** લગાડવુ–ખુશામતકરવી

માખળ, પુ૰ પાકેલો માલ ખળીમા આણી સરકારનો હિસ્સો નક્કી કરવો તે

માખીધોયુ, ન૰ એક જાતની ભમરડાની રમત

માખીનોવાઘ, પુ૰ માખો પકડનારો જીવડો

માખો, પુ૰ મોટી લીલી માખી

માગ, પુ૰ [સં૰ માર્ગ] રસ્તો, વાટ ૨ મોકળાશ જગા, ઠામ ૩ વિસ્તાર મોકળાશ,પહોળાણુ ૪ અંતર છેટુ ૫ આમન, જગા ૬ પગલુ ૭ માગણી, ખપ, જરૂર ૮ ઉઘરાણી

માગણ, વિ૰ માગનાર ભિક્ષુક, યાચક

માગણિયાટ, વિ૰માગીખાનાર,માગણ ૨ લેણુદાર

માગણી, સ્ત્રી૰ માગુ, માગવુ તે ૨ ખપ, જરૂર ૩ ગંજીફાની રમતમા પાના ઉઘરાવવા તે ૪ ભાવમા વધવુ તે

માગણુ, ન૰ લહેણુ ૨ આપેલુ પાછુ માગવુ તે

માગધ, પુ૰ [સં૰ મગધ–ભાટ] વંશના જશ ગાનાર, વહીવંચો

માગધી, વિ૰ મગધ દેશસંબંધી ૨ સ્ત્રી૰મગધદેશની ભાષા–બોલી

માગરણાં, ન૦ બૈરાઓ વરને વાનો કરે છે તે
માગનાર, પુ૦ લેણદાર ૨ હકદાર ૩ ભિખારૂ
માગવુ, ક્રિ૦સ૦ આવેલુ પાછુ આપવા-દેવુ,લહેણુ આપવાનુ પૂછવુ, માગી લેવુ ૨ ભીખ માગવી **માગ્યા મેહ વરસવા**=જોઇતી વસ્તુની પ્રાપ્તિ થવી, મનોરથ સિદ્ધ થવા [બીજો મહિનો
માગશર, પુ૦ (સ૦ **માગશીર્ષ**) સવત વર્ષનો
માગુ, ન૦**માગણી** ૨ લગ્ન કરવા સારૂ પૂછવુ તે
માઘ પુ૦ [સ૦ **મઘા**] માહ, સવત વર્ષનો ચોથો મહિનો [સ્નાન
માઘવટો પુ૦માહમહિનામા કરવાનુ વ્રત ૨ માવ
માચડો, પુ૦ચાર પાયાવાળી પાટ ૨ માચો,મોટો ખાટલો ૩ માળો [જેની બેઠક
માચી, સ્ત્રી૦ નાનો માચો, ઢોલડી ૩ ખુરસી
માચો, પુ૦ ખાટલો, ઢોલિયો પલગ ૨ માળો ૩ બાજીમા સાથિયા પાડેલા ખાના
માછણ, સ્ત્રી૦ માછીની સ્ત્રી ૨ ખલાસણ
માછલી–લુ,સ્ત્રી૦(સ૦**મત્સ**) પાણીમા થતુ એક પ્રાણી, મત્સ્ય [ઢીમર, ખલાસી
માછી, પુ૦માછલા પકડવાનો ધધો કરનાર,ધીવર,
માજમ, સ્ત્રી૦ માઝમ [સુતરાઉ કપડુ
માજરપાટ, પુ૦ માદરપાટ, એક જાતનુ મુલાયમ
માજરવેલ, પુ૦ એક જાતની ડાંગર
માજરૂ, વિ૦ ભુરૂ, માજરૂ
માજીસ્ટ્રેટ, પુ૦ (અ૦) ફોજદારી ગુનાઓની તપાસ કરનાર અમલદાર, ન્યાયાધીશ
માજી, સ્ત્રી૦ મા, વડિયાઇ, દાદી ૨ અબાદેવી ૩ વૃદ્ધ સ્ત્રીને માનાર્થે બોલાવવાનો શબ્દ
માજી, વિ૦ [આ૦] અગાઉ થઇ ગયેલુ ૨ ભૂતકાળનુ ૩ મરનાર, મર્હુમ
માજુફળ, ન૦ એક જાતનુ ફળ, માયુ
માજુમી, વિ૦ માજમ ખાવાની ટેવવાળુ
માજો, પુ૦ લાકડી અને કાચના ભૂકામા ઘસેલી દોરી
માઝમ, સ્ત્રી૦ (આ૦ **મઆજૂન**) ભાગના ઘીમા મસાલો નાખી કરેલો કેફી પદાર્થ
માઝમરાત, સ્ત્રી૦ ઘોર અધારી રાત, મધરાત
માઝો, પુ૦ મલાજો,અદબ,મર્યાદા, ૨ સીમા, હદ

માટ, ન૦ [**માટી**] માટલુ, ગોરસ ૨ એકજાતની ભાજી, માડ ૩ ખોરાકમા વપરાયેલુ માસ
માટ, અ૦ માટે, સારૂ
માટરિયો, પુ૦ થાળુ ન બાધ્યુ હોય તેવો કુવો
માટલી, સ્ત્રી૦ નાનુ માટલુ
માટલુ, ન૦ [માટ] મોટી માટલી, પહોળા મોનુ ગોળ કુખનુ માટીનુ વાસણ ૨ અખાત્રીજ ઉપર માટલાનુ દાન આપે છે તે
માટી, સ્ત્રી૦ (સ૦ **મૃતિકા**) મટોડી, મૃતિકા ૨ માસ ૩ ધણી, પતિ **માટી થવી**–બગડી જવુ, નાશ થઇ જવુ ૨ માસ બગડી જવુ,ખરાબ થવુ ૩ ફના થવુ, પાયમાલ થવુ **માટી વાળવી**–ઢાકવુ, છુપાવવુ [દૂર ૩ ધણી, વર
માટીડો, પુ૦ પુરૂષ, મરદ ૨ પુરૂષાર્થી, બહા-
માટે, અ૦ કાજે, વાસ્તે, અર્થે ૨ તેથી, તે
માઠ, સ્ત્રી૦ એક જાતની ભાજી, માટ [કારણથી
માઠુ, વિ૦ ખરાબ, ભુડુ, નઠારૂ [કામ] ૨ કઇક ઓછુ, કસતુ, કમ ૩ અશુભ, અમગળ ૪ દુષ્ટ, ઘાતકી
માઠેરૂ, વિ૦ થોડુ, લગાર, સહેજસાજ
માડ, ન૦ નાળિયેરનુ ઝાડ ૨ કેળનો મડપ, માઢ રન્નાદેવનુ સ્થાન ૩. ફળીઉ, શેરી ૪ એક રાગ
માડણ, ન૦ (**મડન**) કપાળે પિયળ ઉપર જે તરા ટપકી ચોઢે છે તે, પત્રરચના ૨. માડણુ શણગાર ૩ કાદવનો ખરડ
માડવ, પુ૦ વહેવાઇને પહેરામણી આપવાની રીત
માડવિયો, પુ૦ કન્યાની તરફનો પુરૂષ
માડા, પુ૦ જુવાર–ઘઉની પાતળી રોટલી
માડી, સ્ત્રી૦ મા, માતા, માજી
માડો, પુ૦ રોટલાની પોપડી, રોટલીનુ પડ ૨ પુડો [કાઠી૦] ૩ ઘણી મોટી ને પાતળી રોટલી.
માડુઆ, ન૦ લાડકા, બાળુડા
માડમાડ, અ૦ માણમાણ [મહેલ્લો, લત્તો
માઢ, પુ૦ મહેલ, મેડીવાળુ સુદર મકાન ૨ વાસ,
માણ, સ્ત્રી૦ ગોળ ધાતુનુ વાસણ, માણુ, ગાગર ૨ ખમીર ખટાશ ૩ મોયણ, મોણ
માણ, સ્ત્રી૦ હદ, સીમા. "શેષ નાગ જમી તોળી

રહ્યા, જેમ સાગર ન મેલે માણ"ર કેફ મીણો ૩ ઉતરેડ ૪ પાણી ભરવાની કોડલી

માણકમાઉ, વિ૰બેકાર, નિરુદ્યમી, હિણુ કમાઉ ૨ આળસુ, સુસ્ત

માણકી, **સ્ત્રી૰** એક જાતની ઘોડી [વ્યાસ

માણભટ, **પુ૰** માણ ખખડાવી ગાઇ કથા કહેનાર

માણમાણ, **અ૰**જેમ તેમ કરીને, પરાણે ૨ ધીરે ધીરે ૩ અમથુ નામનુ જેવુ તેવુ

માણવુ, ક્રિ૰સ૰ અનુભવવુ, ભોગવવુ, જાતે કરી જોવુ ૨ ખમવુ, સહેવુ

માણસ, **ન૰ (સ૰ મનુષ્ય)** નર, પુરૂષ, આદમી ૨ મનુષ્ય, આદમજાત **માણસની** ઓળમા હોવુ–માણસાઇમા ખપવુ **માણસની** વર્ણમાથી નીકળી જવુ-વિચિત્ર જીદગી ભોગવવી ૨ છેક જ અશક્ત થવુ, નામર્દ થવુ

માણસાઈ,**સ્ત્રી૰**માણસપણુ ૨ ભનમનસાઈ, વિવેક ૩ જનદયા ૪ મદાઇ [પત્થર

માણિક્ય,**ન૰**(સ૰) માણેક, લાલ ૨ ગનો કિમતી

માણિયો, પુ૰ ગાડવા, ઘડો ૨ મણ માય તેવો કુપો ૩ મણનુ કાટલુ–વજન

માણી, **સ્ત્રી૰** ૧૬ મણનુ માપ

માણીગર, પુ૰(**આ૰**)વિલાસી, ભોગી, રસીક નર 'મહેલે પધારો મહારાજ, માણીગર મહેલે પધારો'

માણીતલ, ન૰સુખસ્થળ, વિશ્રાંતિ સ્થાન

માણેક,**ન૰**(સ૰માણિક્ય)રાતુ મણી,લાલ **માણેક** જમાની=ધણી આપે તો આપુ એવી સરતે કરેલી જમાની **માણેક** નોતરૂ=માનની ખાતર નોતરૂ

માણેકઠારી, **સ્ત્રી૰** શરદ પુનમ, આસો સુદિ ૧૫

માણો, **સ્ત્રી૰** મોજ, આનદ, ભોગ [મહાન, હાર

માત, **સ્ત્રી૰** (સ૰ **માતૃ**)મા, જનુની ૨ દેવી ૩

માતગ, પુ૰ (સ૰) હાથી, ગજ

માતગ, વિ૰જગલી,રાની 'એક અસુદ્ધ માતગ ગજ,ઘટા સયુત બળવાન'–**રત્નો૰** [૨ હાથિણી

માતગી, **સ્ત્રી૰** (સ૰) હાથીના વાહનવાળી દેવી

માતબર, વિ૰ (**આ૰**) તાલેવન, પૈસાદાર, શ્રીમાન ધનાઢ્ય ગબ્બર ૨ તાજુ, ભરપુર

માતબરી, **સ્ત્રી૰** શ્રિમાનતા, ધનાઢ્યતા ૨ આબરૂ, ઇજ્જત, ગૌરવ

માતમ, **ન૰** મોટાઇ, માહાત્મ્ય ૨ શોક, રડારોટ

માતર ન૰ પેશાબ, લઘુશકા [જૈન]

માતા, **સ્ત્રી૰** (સ૰) મા ૨ દેવી ૩ અૈયડ,શીતળા

માતાજી, **સ્ત્રી૰** માતા, જનની ૨ દેવી

માતામહ, **પુ૰** માનો બાપ

માતામહી, **સ્ત્રી૰** માની મા વડિયાઈ

માતુ, **વિ૰** માતેલુ, હષ્ટપુષ્ટ ૨ અભિમાની, અહકારી ૩ મા

માતુતાતુ, **વિ૰** જાડુ, હષ્ટપુષ્ટ ૨ તુડમિજાજી

માતુલ, **પુ૰** (**સ૰** મામો, માનો ભાઈ.

માતુશ્રી **સ્ત્રી૰** મા, જનની, માતાજી

માતેલુ, **વિ૰** ખાનપાનથી પુષ્ટ ૩ માતુ,ગર્વિષ્ટ ૩ રસથી ભરેલુ, તર ૪ વકરેલુ, ગર્વથી છકેલુ

માતૃ,**સ્ત્રી૰**મા,જનની **માતૃપક્ષ**=માના પિયેર ભણનુ

માત્ર, **વિ૰** વર્ગમા હોય તેટલાજ, સઘળા "માણસ માત્ર પાપી છે " [" માત્ર એક ગાય "

માત્ર **અ૰** તેજ, એકલુ એજ, કેવળ, ફક્ત

માત્રા, **સ્ત્રી૰** (**સ૰**, વ્યજનપર મૂકેલુ સ્વરનુ ચિન્હ ૨ ધાતુની ખાખ તે,રસાયન ૩ માપ,વજન

માત્રામેળ, **વિ૰** ઓછી વધારે માત્રા ઉપર પદ બધનો આધાર હોય તેવુ

માત્સર્ય, **પુ૰** [**સ૰**] મચ્છર, તૉર ૨ અદેખાઇ

માથાઓળ, **સ્ત્રી૰** સયુક્ત કુટુબમા જેઠ દિયેર પાસેથી ભરણપોષણ માગવાનો વિધવાનો હક્ક તે

માથાકુટ, **સ્ત્રી૰** ભાજગડ, પચાત ૨ નકામી

માથાઝીક, **સ્ત્રી૰** માથાકુટ [મહેનત, પીડા

માથાદીઠ, **અ૰** દરેક માણસે, પ્રત્યેક જનને

માથાફોડ, **સ્ત્રી૰** માથાકુટ, પચાતી, ભાજગડ

માથાફોડિયુ, **વિ૰** ઉભા થતા માથુ અડકે તેવુ [છાપરૂ,મેડો ઇ૰]૨.માથુ દુખવે તેવુ,માથાકુટિયુ.

માથાબોળ, **અ૰** માથુ અને શરીર પલાળીને

માથાબાંધણુ, **ન૰** માથે બાંધવાનો ટુકો લુગડાનો કકડો

માથામેલી,**વિ૰**અટકાવવાળી,અભડાયલી,અળગી

માથાવટી, **સ્ત્રી૰** સાડી–સાલ્લો ન બગડે **માટે** માથા ઉપરજ આવી રહે તેમ સાડીની **અંદર** ચોઢેલો કકડો ૨. આબરૂ, સાખ

માથુ, ન૦ (સ૦ મસ્તક) ધડ ઉપરનો ભાગ જેમા મગજ હોય છે ને જે ઉપર વાળ ઉગે છે તે, મસ્તક, શિર ૨ ડોકુ, ગરદનની ઉપરનો ભાગ ૩ કપાળ " માથુ કુટવુ " ૪ પ્રત્યેક માણસ " માથા દીઠ "૫ ભાન, મગજ, સમજ **માથા** ઉતાર=માથેથી ભાર ઉતારવાના સરખુ, ભલીવાર વિનાનુ [કામ] **માથા** વગરનુ=સાહસિક, નિડર, નિર્ભય **માથાનું** છત્ર=આશ્રયદાતા, વડીલ, માથે જે મોટુ તે **માથાનો** ઘા=માથામા ઘા લાગવા જેવુ **માથામાં** ટપલા વાગવા=ઠોકરો ખાવી,ઘડાઇ ઘડાઇને ઠેકાણે આવવુ **માથામાં** ધૂમાડો રાખવો=મિજાજ કરવો, મગરૂર બનવુ **માથુ** આપવુ-જીવ જતા લગી કોઇને માટે મહેનત કરવી, જીવ આપવો **માથુ** ઉંચકવુ-સામુ થવુ **માથુ** ઉતરવુ-દુ ખવુ મટવુ **માથુ** ઉચુ કરવુ-સામે થવુ, શિરજોરી કરવી, ૨ કામમાથી ફરાગત થવુ મોકળા થવુ **માથુ** કાપવુ-વિશ્વાસઘાત કરવો, દગો કરવો **માથુ** કુટવુ-માથાફોડ કરવી **માથુ** ખણવુ-શરમાઇને નીચુ ઘાલવુ **માથુ** ખાઈ જવુ-કાયર કરવુ **માથુ** નીચુ કરવુ-નમાવવુ, તાબે થવુ, શરણે જવુ ૨ સલામ કરવી **માથુ** નીકળી પડવુ-માથુ દુ ખવુ, માથામા કળતર થવી **માથુ** પકાવવુ—અકળાવવુ **માથુ** પાકવુ-પાકી જવુ-કોઈની મહેનત કે તકરારથી અકળાવુ, ઘણીજ અકળામણથી દુ ખ થવુ 'પ્રતિહારી ' આ ખાલી કટાકટથી મારૂ માથુ પાકી ગયુ છે' **માથું** ફરવુ-ચક્કર આવવા, તમ્મર આવવા ૨ મિજાજ જવો, ગુસ્સો ચઢવો **માથુ** ફાટી જવુ-માથુ દુ ખવુ [તાપથી] ૨ [દરદથી] માથુ ચઢવુ ૩ માથુ ગરમ થવુ [બદબોથી.] ૪ મિજાજ હાથમા ન રહેવો, ગુસ્સો ચઢવો **માથે** આવવું-અટકાવ આવવો (સ્ત્રીને) ૨ જવાબદારી તળે આવવુ ૩ ઉચે જવુ, (સૂર્ય) બપોર થવા, મધ્યાહ્ન થવા. **માથે** ચઢાવવું=કબૂલ કરવુ-સ્વિકારવુ, પાળવું ૨ બહેકાવવુ, **માથે** છાણા થાપવા-માથે ચઢી વાગવુ, બહેકી જઇ દુઃખ દેવુ, લાડમાં વઠી જવુ. **માથે** છેડો નાખવો=અદબ-મર્યાદા ન રાખવી, **માઝા** તોડવી **માથે** પાણી ફેરવવુ=ધૂળ મેળવવુ બગાડવું. ૨ ચઢવુ, તપી જવુ

માદ, પુ૦ કેફ, નિશા ૨ મદ, અહંકાર

માદક, વિ૦ (સં૦) કેફી, નિશાવાળુ

માદરપાટ, પુ૦ (ફા૦) એક જાતનુ સુતરાઉ કપડુ

માદરબખત, વિ૦ (ફા૦ માદર બખતા-જેની મા છિનાળ છે તે)છિનાળનું, એક જાતની ગાળ

માદળિયુ, ન૦ ધાતુનો પોલો કે લાખ ભરેલો ગોળ નળીના જેવો ઘાટ "હૈયાનો હાર ને કોટનું માદળિયુ " [જેમા ખિલાનુ છિદ્ર હોય તે બૈડવુ.

માદા, સ્ત્રી૦પશુ પક્ષી ઇ૦ મા જે સ્ત્રી જાત તે ૨.

માધવ, પુ૦ (સ૦) વિષ્ણુ, કૃષ્ણ ૨ વૈશાખ.

માધવી, સ્ત્રી૦(સં૦)એક જાતની ખુશબોદાર વેલ.

માધુરી, સ્ત્રી૦ જમીનનો આકાર ભરાઇ શકતો ન હોવાથી જમીન સરકારને સોપી દેવી તે ૨ **માધુર્ય**, મિઠાશ, મધુરતા ૩ ભલાઇ

માધુર્ય, ન૦ (સ૦) મધુરતા, મિઠાશ. ૨ નરમાશ ૨. જેથી હ્રદય પિગળે તેવો કાવ્યદિકનો રસ ૪ ભલાઇ [તિ ૨ ભિક્ષા લાવવી તે.

માધુકરી, સ્ત્રી૦ બ્રાહ્મણને રાંધેલી રસોઇ આપવી

માધ્યમિક, પુ૦ એક જાતના બૌધ

માધ્યમિક,વિ૦વચલુ,મધ્યમા આવેલું. [આપવુ તે.

માધ્યસ્થ, ન૦ લવાદી, વચમા પડી કામ કરી

માન, ન૦ (સ૦મન્-વિચારવુ) પ્રતિષ્ઠા, આબરૂ, કીર્તિ ૨ અભિમાન, ઉચુ મત,સદ્ભાવ ૩ પ્રિય-પ્રિયાનુ રીસાવુ તે ૪ મોટાઇ,ભારબોજ, ટેક ૫.તોલ માપ, પરિણામ ૬ (ગાયનમા)જે તાલ ઉપર થાપ પડે છે અથવા ડોકુ ધુણે છે તે **માન માગવુ**-કાલાવાલા કરાવવા ૭ વિ૦ વાળુ.

માન અકરામ, ન૦ આબરૂ, ખિતાબ, ગૌરવ

માનકરી,પુ૦જેને માન આપવામા આવે તે પુરૂષ

માનતા, સ્ત્રી૦ સંકટ નિવારણાર્થે કે કોઈ ઇચ્છા પૂર્ણ કરવા દેવ દેવીને અર્પણ કરવાનો જે નિયમ-વ્રત લેવો તે ૨ માન્યતા, માનવુ તે

માનની, સ્ત્રી૦ માનિની, માનવતી સ્ત્રી.

માનનીય, વિ૦(સ૦) માન આપવાને યોગ્ય, પ્ર

તિષ્ઠિત ૨ કબુલ કરેલુ મમત
માનપત્ર, ન૦ (સ૦) જેમા વખાણ લખ્યા હોય તે કાગળ સ્તુતિપત્ર, ધન્યવાદ પત્ર
માનપાન, ન૦ ઇજ્જત, આબરૂ, પ્રતિષ્ઠા
માનભંગ, ન૦ (સ૦)અપમાન, હીણપત,અવજ્ઞા, માનભંગ કરવુ-હલકુ પાડવુ, નમાનવુ, પદ્દી
માનવ, પુ૦ માનવી, મનુષ્ય જાત [ઉતારવી
માનવતી, સ્ત્રી૦ [સ૦]પતિ ઉપર રીસે ભરાયલી સ્ત્રી [રસ શાસ્ત્રમા] ૨ ભારેખમ સ્ત્રી ૩ માનવાળી
માનવી, ન૦ માનવ, માણસ જાત, આદમ
માનવુ, ક્રિ૦ સ૦કબુલ કરવુ ૨ તાબે થવુ,હુકમ માનવો ૩ માન આપવુ, લેખવવુ, ગણવુ ૪ ખરૂ છે, એમ જાણવુ, સમજવુ ૫ રાજી થવુ અનુકૂળ આવવુ, કબુલ કરવુ માનમા ઉતરવુ ૬ પૂજવુ ૭ ભરોસો રાખવો
માનશુકન, પુ૦ અપશુકન, ખરાબ ચિહ્ન
માનસિક, વિ૦(સ૦) મનને લગતુ, બુદ્ધિ સબધી ૨ કલ્પિત, તાર્કિક
માનહાનિ, સ્ત્રી૦અપમાન, માનભંગ ૨ તિરસ્કાર
માનિતુ, વિ૦ પોતાનુ માનેલુ, વહાલુ ૨ ભારેખમ, પ્રૌઢ [વપરાય છે)
માનિની, સ્ત્રી૦ માનવતી (**માની,** પુરૂષ માટે
માની, વિ૦મગરૂર,અભિમાની ૨ હુ પદી અહંકારી
માનીપાન, વિ૦માનવા-કબુલ કરવા જેવા જવાબ
માનુની. સ્ત્રી૦ સ્ત્રી ૨ માનિની, માનવતી
માનુષી, સ્ત્રી૦માણસી,સ્ત્રી ૨ વિ૦માણસસબધી
માન્ય વિ૦ (સ૦) માન આપવા યોગ્ય, માનનીય ૨ સભાવિત, પૂજ્ય ૩ કબુલ, મંજુર ૪ લાયક યોગ્ય
માન્યતા, સ્ત્રી૦ માનવુ તે માનવાપણુ ૨ આબરૂ
માપ, ન૦ (સ૦) લબાઇ પહોળાઈ ભરી નક્કી કરવુ તે, ભરતર ૨ તોલ, વજન ૩ વખતને ગણવો તે ૪ પ્રતિષ્ઠા, ભાર, ગૌરવ ૫ હદ,સીમા ૬ ગજુ, શક્તિ
માપકરણ, ન૦ માપવાનુ જે ગણિત તે
માપણી, સ્ત્રી૦ માપવુ તે, માપ કાઢવાનુ કામ તે
માપણી કામદાર, પુ૦ જમીનની સર્વે કરનાર, મોજણીદાર, ભૂમાપક, ખુંટ-સીમા નક્કી કરનાર
માપણીખાતુ, ન૦જમીનની માપણી કરનાર ખાતુ, સર્વે ખાતુ [વાનુ જાય છે તે, ભાતુ
માપલુ, ન૦ધઉં ઓરનાર ખેડૂતને માટે ઘેરથી ખા
માપવુ, ક્રિ૦સ૦ભરવુ, માપ-તોલ કરવુ, ૨ નાસી જવુ, સટકી જવુ ૩ સરકી જવુ, લપસી જવુ
માપુ, ન૦ માપ, માપવાનુ પાત્ર ૨ ભરતર
માફ, વિ૦ (આ૦ મુઆફ) ક્ષમા કરેલુ, છોડી દીધેલુ, માડી વાળેલુ ૨ સ્ત્રી૦ ક્ષમા, દોષ મુક્તિ, તિતિક્ષા
માફક, વિ૦ (આ૦ મુઆફિક) અનુકૂળ બેસતુ, લાયક, જેવુ જોઇએ તેવુ ૨ અ૦ મુજબ,પ્રમાણે, પેઠે, રીતે
માફકસર, અ૦ પ્રમાણસર, મધ્યમસર, યથાસ્થિત
માફી, સ્ત્રી૦ (આ૦) અટકાવ-પ્રતિબંધ ન હોવો તે ૨ ગુનેગારને શીક્ષા ન કરતા મહેરબાનીથી છોડી દેવો તે મુક્તિ, ક્ષમા, મોચન
માફી, વિ૦ આપવા લેવામાથી બાતલ કરેલુ
માફીજમીન, સ્ત્રી૦ જે જમીન ઉપર સરકાર કર ન હોય તે, પસાયતુ
માફો, પુ૦ (આ૦) દેરા જેવી છત્રીવાળી ગાડી
માબાપ, ન૦ માતાપિતા, મા અને બાપ
મામ, ન૦ ખાવાનુ, મમ [બાળક] ૨ મમતા, માયા, વહાલ ૩ નવાઈ, તાજુબી ૪ ધનમાલ, મપત ૫ ટેક, મમતા,અહંતા **મામના વાધા** -ખાવાનુ ન મળવુ તે, પુષ્કળ ગરીબાઇ
મામલત, સ્ત્રી૦ (આ૦) વિસાત, દમ, જીવ ૨. મતા કિમતી ચીજ, ધનમાલ ૩ સાહસ, નવુ કામ-ધધો ૪ પરગણાના ગામોની વસુલાત ઉઘરાવવાનુ ને લોક રક્ષણ તથા વ્યવસ્થા કરવાનુ જે કામ તે
મામલતદાર, પુ૦ પ્રગણાની વસુલાત તથા વ્યવસ્થા સબધી કામ કરનાર સરકારી અમલદાર [કામ તે.
મામલતદારી, સ્ત્રી૦ મામલતદારનો જે દરજ્જો.
મામલો, પુ૦ (આ૦) ખટલો, ભારે કામકાજ ૨ બારીક પ્રસંગ ૩ ફોજદારી ધામધુમ.
મામી, સ્ત્રી૦ (સ૦ માતુલી) મામાની વહુ.

મામીસાસુ, સ્ત્રી૦ વર અથવા વહુની મામી, મામીજી. [રવૈયો, રિવાજ
મામુલ, પુ૦ (આ૦) ચાલુ વ્યવહાર, શિરસ્તો,
મામેરૂ, ન૦ (મહિયર) મોસાળું, અધરણીમા વહુને પિયેરથી જે રીત કરવામા આવે છે તે
મામો, પુ૦ (સ૦ માતુલ) માનો ભાઈ એ શબ્દ ઉદર,ચાદો ઇ૦ ને પણ લગાડમા આવે છે
મામા મળવા=ચોર–લૂટારા મળવા **મામા માસીના**=મોસાળના સગા ૨ વગવાળા
મામોસસરો,પુ૦વર અથવા વહુનો મામો,મામોજી
માય, સ્ત્રી૦ મા, માતા, ૨ અ૦ માહે, અદર
માયનો, પુ૦ (આ૦) અર્થ, ભાવ, મતલબ,સાર
માયરૂ, ન૦ સ્ત્રીની માનુ ઘર, પિયેર, માતૃગૃહ
માયરૂ, ન૦ માહેરૂ, ૨ મૈયર, પિયેર
માયા, સ્ત્રી૦ (સ૦) જે આદિ શક્તિથી બ્રહ્માડ રચાયુ છે તે ૨ પ્રીતિ, વહાલ, સ્નેહ ૩ દયા, દાઝ, અનુકપા, કરૂણા, કૃપા. ૪ દગો, કપટ, ઠગાઈ, છળભેદ ૫ મિથ્યા, નાશવન્તપણુ. ૬ લક્ષ્મી ૭ ભાગ, સબજી ૮ ઈંદ્રજાલ, છળ, જાદુ ૯ મમતાનો વિષય ૧૦. ધનદોલત, પુજી મસારનો મોહ ૧૧ તમાકુ, ગડાકુ
માયામમતા, સ્ત્રી૦ વહાલ અને મારાપણુ.
માયામોસો, પુ૦ કપટથી જુઠુ બોલવુ તે (જૈન)
માયાવી, વિ૦ (સ૦) નાશવત, કૃત્રિમ, મિથ્યાભાસ ૨ મોહરૂપ, ઠગાઇ ભરેલુ, પ્રપચવાળુ ૩ ભ્રમમા નાખી દે, તેવા ખેલ કરનાર
માયાળુ, વિ૦ કૃપાળુ, સ્નેહાળ પ્રીતિ રાખનાર, પ્રેમાળ, મમતાળુ
માયિક,વિ૦માયાવી,મિથ્યા ૨ માયાથી નીપજેલુ
માયુ, ન૦ માજુફળ
માયો, પુ૦ પુજી, સરથ સગ્રહ
માર, પુ૦ મારવુ તે, ઝપાટો, પ્રહાર, તાડન. ૨ મારો, સંહાર ૩ અતિશય,ઘણો બોજો [કામનો]-ધમાલ. ૪. વિપત્તિ, અંતરની પીડા, દુ ખ ૫ કામદેવ ૬. નુકશાન, ફટકો
મારક, વિ૦ મારનાર, ૨ પુ૦ (અ૦) દોકડા
મારકણું, વિ૦ મારવાની ટેવ હોય તેવુ, મારે-વગાડે તેવુ [ઢોર]
મારકૂટ, સ્ત્રી૦ મારવુ ને કૂટવુ તે, મારપીટ ૨ માથાફોડ ૩ અ૦ ધમધોકારે, રમઝટ
મારકો, પુ૦ (અ૦) નિશાન ૨ ઉપરા ઉપરી થતી ધમાલ,ઉપાડ ૩ માર, બોજો [બિશરમુ
મારખાઉ, વિ૦ માર ખાય ત્યારેજ સીધુ રહે તેવુ,
મારગ, પુ૦ માર્ગ, રસ્તો, પથ ૨ બેસવાનો ઠામ, માગ ૩ તોડ, નિકાલ, ફેંસલો
મારગડો, પુ૦ માર્ગ, રસ્તો, વાટ [કવિતામા]
મારગી, વિ૦ અમુક ધર્મ–મતનુ ૨ મુસાફર,પથી.
મારણુ,વિ૦ પથી મુસાફર,પથીક [૨ મારઝુડ.
મારઝપટ, અ૦ એકદમ ઉપરાઉપરી ને ઝડપથી.
મારઝુડ, સ્ત્રી૦ માર માર કરવુ તે
મારણ, ન૦ મારવુ તે ૨ મારવાનો મત્રવિધિ.
મારપીટ, સ્ત્રી૦ મારઝુડ, મારફાડ
મારફત, સ્ત્રી૦ (આ૦ મઅરિફત) જેથી કોઈ કાર્ય સિદ્ધિ થાય તે, માધ્યસ્થ ૨ ઉપાય,જેથી કાય સધાય તે ૩ દલાલી, હકસાઈ ૪ અ૦ દ્વારા, વચમા રાખીને [ફતે થયેલુ તે.
મારફતિયુ, ન૦ મારફતથી થયેલુ જેતી માર-
મારફતિયો, પુ૦ (આ૦) વચમાનો દલાલ ૨ આડતિયો, બીજાની વતી કામ કરનાર
મારફાડ, સ્ત્રી૦ મારપીટ, મારઝુડ
મારવાડી, વિ૦ મારવાડ દેશ સબધીનુ
મારવુ, ક્રિ૦ સ૦ કોઇ પ્રાણીના શરીરને દુ ખ કરવા કોઇ પદાથ જોરથી અફાળવુ, ટીપવુ ૨ ઝેર–શસ્ત્ર કે મત્ર પ્રયોગથી મોત આણવુ, જીવ લેવો ૩ રોગ, આફત ઇ૦ થી કોઇનુ મૃત્યુ આણવુ ૪ કોઈ પદાર્થ ઉડાવવો, ઉડે તેમ કરવુ. ૫ ધાતુની ખાખ કરવી ૬ કોઈ પદાર્થને બીજાની અદર [કાણામા]ઘાલવો, ખોસવુ, પહેરાવવુ ૭ સાધવુ, જોડવુ 'ટાંકો મારવો' ૮ હરાવવુ, પાડવુ, પાછુ હઠાવવુ ૯ લુટવુ, ચોરવુ; ૧૦ મનના ગુસ્સાને દાબવો, જીતવુ, દાબી રાખવુ ૧૧ બેસતુ કરવુ; ઠોકી ઘાલવુ, જડવુ; બધ કરવુ 'મેખ મારવી' ૧૨ ઝડપને જોરથી કોઇ ક્રિયા થાય તેમ કરવુ "સપાટો મારવો."

૧૩ કોઇના રૂપ ગુણના ભાસ થવો ૧૪ ઝડપી લેવુ, એકદમ હાથમા લઇ લેવુ ૧૫ ચાળો-ઇસારત કરવી, સાન કરવી ' નેન મારવા " ૧૬ દુ ખ લાગે તેવુ કરવુ "મહેણુ મારવુ" ૧૭ ઉચાપત કરવુ, હાથ મારવો હાથ મારવા –તરવુ ધાડ મારવી-હોશિયારી દેખાડવી, એ-કાદુ મોટુ કામ કરવુ ઠાર [ઠેર] મારવુ-ખૂન કરવુ, મારી નાખવુ ૨ ઘણી નુકસાનીમા આણુવુ

મારીતારી, સ્ત્રી૦ નિંદા વગોણુ ૨ ગાળાગાળી,લઢાઇ

મારમાર, સ્ત્રી૦ મારામાર, લડાઈ ૨ તાણાતાણ, એચાખેચ ૨ **અ૦** અત્યત, પુષ્કળ ૪ પરાણે, મુસ્કેલીએ ૪ હડધુત

મારામારી, સ્ત્રી૦ વઢવાડ,ટટો ૨ ઘટ,ઓછપ,તાણ

મારિષ, પુ૦ (સ ૦) નટ

માર, સ૦ પોતાનુ ૨ વિ૦ મારવાડી, મરૂદેશનુ ૨ એક રાગ. ૩ રાણો ' ઢોલામારૂ '

મારૂત, પુ૦ (સ૦) મરૂત, પવન વાયુ

મારૂતિ, પુ૦ પવન પુત્ર, હનુમાન

મારો, પુ૦ માર, કતલ, સહાર ૨ શસ્ત્રથી મારી નાખનારો, જલ્લાદ, ઘાતક ૩ જે મત્ર પ્રયોગથી મરણ થાય તે ૪ ખૂબ વાપર ખૂબ ખપત, તડી પડવી તે

માર્ક, પુ૦ (અ ૦) મારકો, નિશાન ૨ દોકડા

માર્ગ, પુ૦ (સ૦) રસ્તો, વાટ. ૨ રીત, રૂઢિ, ચાલ ૩ પથ, સપ્રદાય માર્ગેગુરૂ થવુ=રસ્તો પકડવો ચાલવા માડવુ

માર્ગશીર્ષ, પુ૦ (સ ૦) માગશર મહિનો.

માર્ગી-ર્ગુ, વિ૦ મારગી, જુઓ

માર્ચ, પુ૦(અ ૦)અગરેજી વરસનો ત્રીજો મહિનો

માર્જન, ન૦ (સ ૦) શુદ્ધ થવા મત્ર ભણી પાણી છાટવુ તે ૨ સ્વચ્છ કરવુ તે, શોધન

માર્જાર, પુ૦ (સ ૦) બિલાડો, ઘોંઘર

માર્જારી, સ્ત્રી૦ બિલાડી, મીની

માર્તંડ, પુ૦ (સ ૦) સૂરજ, પ્રભાકર, ભાનુ

માર્મિક, વિ૦ (સ ૦) મર્મવાળુ, સાકેતિક ૨ તીક્ષ્ણ, મહેણારૂપ, મર્મભેદક

માલ, પુ૦ [અા૦] મિલકત, ધન ૨ વેપાર ધધાની જણસ-સામાન વગેરે ૩ કિમત,મૂલ્ય, સત્વ ' તમે આ'યા તો દશ પણ તેમા ૪નો માલ છે ' ૪ જીવ, વિસાત, દમ ૫ ગાજો

માલકા, સ્ત્રી૦ રાણી, રાજ્ઞી

માલકાકણી, સ્ત્રી૦ એક જાતના ઔષધિ બીજ

માલકી, સ્ત્રી૦ માલીકપણુ, ધણીપણુ

માલકુ, વિ૦ બાકુ, ત્રાસુ

માલકોશ, પુ૦ (સ ૦) એ નામનો રાગ

માલખુ, ન૦ આવેલા કાગળો એક દોરામા પરોવી રાખેલી ફાઇલ-હારડો ૨ બાવટાનુ ઘાસ

માલજાદી, સ્ત્રી૦ કસબણ,વેશ્યા [જામીન તે

માલજામીન, પુ૦ ખરાખોટા માલને માટે જે

માલણ, સ્ત્રી૦ (માલિની) માળીની વહુ, ફૂલનુ કામ કરનારી સ્ત્રી ૨ નાકમા થતી ફોલ્લી.

માલતી, સ્ત્રી૦ (સ ૦)મોગરાની જાતનુ એક ફૂલ

માલદાર, વિ૦ સત્વવાળુ, પૈસાદાર, તવગર

માલધણિ, પુ૦ માલિક, ધણી

માલપૂડો, પુ૦ ગળ્યો પુડો, કાળી રોટી

માલમ, પુ૦ (આ૦) વહાણના માલનો હિસાબ રાખનાર ૨ ખલાસીઓનો ઉપરી, ટડેલ

માલમતા, સ્ત્રી૦ (આ૦) મિલકત, સરસામાન, સ્થાવર જગમ મિલકત

માલમસ્ત, વિ૦ (ફા૦) ધન દોલતમા છાકી ગયેલુ, ધનના મદવાળુ [મિલકત

માલમિલકત, સ્ત્રી૦ માલમતા, સ્થાવર જગમ

માલવુ, ન૦ છાશ ઘાલવાની દુણી ૨ ઢોચકુ,લોટુ

માલવુ, ક્રિ૦ અ૦ ઠાઠ માઠથી આનદમા અહિ તહિ હરવુ ફરવુ, મોજ માણવી

માલિક પુ૦ ધણી, સ્વામી,શેઠ ૨ પરમેશ્વર,ખુદા.

માલિકી, સ્ત્રી૦ (આ૦) માલિકપણુ ધણીપણુ, સ્વામિત્વ [ગણમેળ છદ

માલિની, ન૦ એક પદર અક્ષરવાળુ વૃત, એક

માલિયાત, ન૦ શેરડી, આદુ, વગેરે ઉંચી જાતનુ

માલુકાર, પુ૦વણકર,ઢેડ [બાગાયતી તૂલ.

માલુમ, વિ૦ વાકેફ, જાણમા આવેલ હોય તેવુ

માલેસ, વિ૦ ફા૦) ચોળેલુ, રગડેલુ

માવ,પુ૦ધણી, વહ્લભ ૨ શ્રી કૃષ્ણનુ લાડકુ સબોધન
માવજત,સ્ત્રી૦(ફા૦મહાફ્જત્)મ ભાળ,બરદાસ
માવઠુ, ન૦ કરતે વરસાદ થવો તે (શિયાળામા)
માવડિયુ, વિ૦ માનાજ કહ્યામા રહેનાર,માવખુ
માવડી, સ્ત્રી૦ મા, માડી ૨ દેવી [કવિતામા]
માવત, પુ૦ હાથીને હાકનારો
માવતર–વિતર, ન૦ માબાપ, માતાપિતા.
માવરો, પુ૦ મહાવરો, અભ્યાસ
માવુ, ક્રિ૦ અ૦ અદર ભરાઈ શકવુ, સમાવુ સમાવ થવો ૨ માપ–હદમા રહેવુ, ન ઉભરાવુ
માવો, પુ૦ દૂધ ઉકાળી બનાવેલો ગાઢો પદાર્થ ૨ સત્વ, તત્વ [રૂપાળુ, સોહામણુ
માશુક, સ્ત્રી૦ [આ૦] પ્રિયા, વહ્લભા ૨ વિ૦
માષાન્ન, ન૦ અડદ
માસ, પુ૦ [ફા૦] મહીનો
માસ, ન૦ ચામડીની નીચે ને હાડકા ઉપરનો લાલ પદાર્થ તે, ગોસ, માટી
માસલો, પુ૦ નમુનો,વાનગી ૨ તરહ,આકાર,રૂપ
માસિક, વિ૦ [સં૦]દર મહીને આવતુ–નીકળતુ, મહીનાનુ **માસિક** માદગી=અટકાવ (સ્ત્રીને)
માસિયો, પુ૦ મુએલાનુ મહિને કરવાનુ શ્રાદ્ધ તે
માસી, સ્ત્રી૦ માની બેન [આવતુ શ્રાદ્ધ
માસીસો, પુ૦ મુએલાનુ દર મહિને કરવામા
માસો, પુ૦ માસીનો વર ૨ એક વજન–તોલ [આઠ રતીનો એક માસો, બાર માસાનો તોલો].
માહ, પુ૦ માઘ મહીનો ૨ મહિનો
માહવારી, સ્ત્રી૦ [ફા૦]મહીના મહીનાનુ,માસિક
માહતમ, ન૦ (સ૦મહાત્મ્ય)પ્રતાપ,મોટપણુ ૨ કીર્ત્તિ, યશ, ખ્યાતિ
માહતમ, ન૦ (ફા૦) શોક, રૂદન, દિલગીરી
માહાડ, પુ૦ મહોલ્લો, વાસ ૨ દોઢી, મહેલનો ભાગ ૩ એક રાગ ૪ નાળિયેરી
માહાત, સ્ત્રી૦ હાર, બાધી લેવુ તે, શિકસ્ત
માહાત્મ્ય, ન૦ (સ૦) મહિમા, પ્રભાવ ૨ વડાઇ, મોટપણુ ૩ કીર્ત્તિ, યશ
માહિત, વિ૦ (આ૦) જાણીતુ, જાણેલુ, વાકેફ
માહિતગાર, સ્ત્રી૦ ભોમિયુ, જાણીતુ. ૨ હોશિયાર, કાબેલ
માહિતગારી, સ્ત્રી૦ માહિતી, અનુભવ,જાણ
માહિતી, સ્ત્રી૦ માહિતપણુ, જાણ, વાકેફગારી
માહુ, વિ૦ દુખી, કંગાલ.
માહે, અ૦ માય, અદર ૨ અમુક મહીનો એમ.
માહેર, વિ૦ (આ૦) જાણીતુ, વાકેફગાર
માહેરૂ, ન૦ માયરૂ, લગ્નવિધિ કરવાનો મડપ
માહોમાહિ–હે, અ૦ અદર, આપસઆપસમા, માયમાય ૨ ખાનગી રીતે,ઘરમેળે. [જે ભાગ તે
માળ, પુ૦ ઘરના ભોય તળિયાની ઉપર રાખેલો
માળ, સ્ત્રી૦ માળા, હાર ૨ ઓળ, ઘટમાળ.૩ પરપરા, રેટિયાના આરા ઉપર જે દોરી હોય છે તે ૪ માળા, શ્રેણી, "જપમાળા"
માળકો–ખુ, પુ૦ દોરામા અથવા તારમા ભેરવેલા કાગળોનો હારડો ફાઇલ
માળણ,ન૦છાપરામા વળીઓ ને તે ઉપર નાખવામા આવતુ સૈડણુ,સાઠીઓ ઇ૦તે ૨.સ્ત્રી૦માલણ.
માળવી,વિ૦માળવા દેશ સબધી [વવુ,છાજવુ
માળવુ,ક્રિ૦સ૦વળીઓ અને સૈડણથી છાપરૂ બના-
માળા, સ્ત્રી૦ (સ૦ **માલા**) રૂદ્રાક્ષ, તુળશીના મણકાઓને દોરી–તારમા પરોવી બનાવેલો જે ઘાટ તે, શ્રેણી, જપમાળા, સ્મરણી, બેરખો ૨ મોતીનો હાર
માળિયુ, પુ૦ સામાન મૂકવાને ઉચે બનાવેલુ મેડા જેવુ તે ૨ છાપરાને લગતો છેક ઉપરનો માળ, કાતરિયુ [રનાર,ફૂલ વેચનારો ૨ માળિયુ
માળી, પુ૦ [સ૦ **માલિન**] ઝાડ ફૂલને ઉછે-
માળુ, ન૦ મારૂ સાળુ [ગાળ]
માળેણ, સ્ત્રી૦ માળીની સ્ત્રી
માળો, પુ૦ [માળ–મેડો] ખેતરમા ટોવાને બેસવાનુ ઉચુ ઠેકાણુ તે ૨ પક્ષીએ પોતાને રહેવાને બાધેલુ ઘર–રહેઠાણુ ૩ મોટુ ઘર [મુબઇમા]
મિઆઉં અ૦ બિલાડીનુ બોલવુ તે
મિચવુ, ક્રિ૦ સ૦ સંકોચવુ બીડવુ, બધ કરવુ
મિજબાન, વિ૦ [ફા૦] પરોણો, મહેમાન
મિજબાની,સ્ત્રી૦ઉજાણી, જીઆફત ૨ મહેમાની
મિજલસ, સ્ત્રી૦[આ૦] મડળી; પરિષદ; સભા

૨ બેઠક રાવણુ ૩ કચેરી ૪ મેળો
મિજાગરા, ન૦ જેને યોગે બારણુ વસાય ઉઘડે તે, બગડવા નરમાદા
મિજાજ, પુ૦ [ફા૦] સ્વભાવ, તબિયત, પ્રકૃતિ, ૨ રંગ, આવેશ ૩ ગુસ્સા, તામસ ૪ મગરૂબી, ગરૂરી **મિજાજ** જવો=ગુસ્સે થવુ **મિજાજ** ઠેકાણે ન હોવો=મિજાજ જવો, રીસ ચઢવી
મિજાજી, વિ૦ ઘડી ઘડીએ તબિયત ફરે તેવુ ૨ ચિઢિયુ, સહેજમા ગુસ્સે ભરાય તેવુ ૩ મગરૂર રજોગુણી સ્વભાવનુ [અટકળ
મિજાન, ન૦ [આ૦] માપ ૨ સુમાર, આશરો,
મિટ, સ્ત્રી૦ દુઃખ સહન કરવુ તે ૨ ધ્યાનથી જોવુ તે, ટસ ૩ નજર, દૃષ્ટિ
મિટ્ટી, સ્ત્રી૦ (સં૦ મૃતિકા) માટી મટોડી, મટોડુ
મિટ્ટી દાણાદાણ થવી=ખરાબખસ્ત થવુ, પાયમાલ થઇ જવુ, હેરાન થવુ મિટ્ટીમા મળી જવુ=પંચ ભૂતમા મળી જવુ, મરણ પામવુ
મિઠડાં, ન૦ હેતમા હૈયા સરસુ ચાપવુ તે, ૨ ઓવારણા લેવા તે [૩ વહાલુ ચુબન
મિઠડુ, વિ૦ મીઠુ, મધુર, પ્રિય ૨ મીઠુ મીઠુ બોલનાર
મિઠાઈ, સ્ત્રી૦ દૂધ ખાડનો બનાવેલો પદાર્થ ૨ કોઇ પણ ગળપણવાળો પદાર્થ
મિઠાઈવાળો પુ૦ સુખડિયો, કંદોઇ હલવાઈ
મિઠાબોલુ, વિ૦ મીઠુ-પસદ પડે તેવુ બોલનારૂ
મિઠાશ, સ્ત્રી૦ થોડુક મીઠુ હોય તે, જગડજે ગળપણ તે ૨ મધુરતા, માધુર્ય
મિડળો, પુ૦ કપાળ ઉપરની ગુથેલી ચોટલાની લટ
મિંઢળ, ન૦ એક જાતનુ ફળ
મિણાવુ, ક્રિ૦ અ૦ ઘેને ચઢવુ, આળસ ભરાવી ૨ પાનો ખેચી લેવો, દૂધ ન મૂકવુ ૩ દુભાવુ
મિંજ, સ્ત્રી૦ મીંજ, બિયામાનુ દળ
મિંડુ, ન૦ શૂન્ય, નાનુ મિંદુ
મિંઢીઆવળ, સ્ત્રી૦ એક વનસ્પતિ છોડ, સોનામુખી
મિંઢુ, વિ૦ ગૂઢ હૃદયનુ, ઉંડા મનનુ, હૈયા મેલુ, ૨ થોડા બોલુ [હોય તેટલુ જ, માફકસર
મિત, વિ૦ (સં૦) માપેલુ ૨ યથા પ્રમાણ ઘટતુ
મિતવ્યય, પુ૦ (સં૦) કરકસર, ઘટતો-નિયમિત ખરચ
મિતાહાર, પુ૦ (સં૦) મિજાનસર ભોજન કરવુ તે
મિતી, સ્ત્રી૦ (સં૦) તિથિ, તારીખ
મિત્ર, વિ૦ (સં૦) સ્નેહી, દોસ્ત, ભાઇબંધ,
મિત્રતા, સ્ત્રી૦ મૈત્રી, સ્નેહ, દોસ્તી, ભાઇબન્ધી
મિત્રમંડળ, ન૦ દોસ્તદારો, સ્નેહીઓ
મિત્રાચારી, સ્ત્રી૦ ઘરવટ ૨ મૈત્રી
મિથુન, ન૦ (સં૦) મૈથુન, સ્ત્રી પુરૂષનો સબંધ ૨. સ્ત્રી પુરૂષનુ જોડુ, દંપતિ ૩ જોડકુ, બેની બેલ ૪ એ નામની એક રાશિ
મિથ્યા, વિ૦ (સં૦) ખોટુ, જુઠુ, અસત્ય, કૃત્રિમ
મિથ્યા, અ૦ નકામુ, ફોગટ, ખાલી
મિથ્યાદૃષ્ટિ, પુ૦ જૈનથી ઇતર મત માનનાર
મિથ્યાભિમાની, વિ૦ બડાઈખોર, ગર્વિષ્ટ, ડોળી
મિનતજારી, સ્ત્રી૦ કાલાવાલા, આજીજી
મિનાકેસો, પુ૦ (આ૦) અણબનાવ, ઉંચુ મન, વિરોધ ૨ વેર, દ્વેશ, ખાર, અટસ, કીનો
મિનાકારી, વિ૦ (ફા૦) મીનાથી શોભીતુ કરેલુ, મીનાની કારીગરીવાળુ
મિનારો (આ૦) મનારો, બુરજ, કગુરો,
મિનિટ, સ્ત્રી૦ [અં૦] કલાકનો સાઠમો ભાગ, અઢીપળ
મિનો, પુ૦ સોના ઉપર કાચના જેવો રંગ પુરવો
મિયાન, ન૦ મ્યાન, મેણુ, ખોલી [તિ, મરકત
મિયાનો, પુ૦ મ્યાનો, પેટી ઘાટની પાલખી
મિરજા, (ફા૦) મુસલમાનમા એક ઉંચો ખિતાબ, ઉમરાવ, અમીર
મિરજાન, ન૦ માળાનો એક ભાગ [મોંઘી ચીજ
મિરાત, સ્ત્રી૦ પુંજી, દોલત, થાપણ ૨ હમિયાણી,
મિરાસી, સ્ત્રી૦ મિલકત, વારસામા મળેલુ ધન
મિલકત, સ્ત્રી૦ (આ૦) દોલત, ધનમાલ, જાગીર, ગરાસ, પુંજી
મિલન, ન૦ મુલાકાત, મળવુ તે [મળતાવડુ
મિલનસાર, વિ૦ મૌરાથે હળી મળી જાય તેવુ,
મિલનસારી, સ્ત્રી૦ મળતાવડાપણુ, સુશીલતા ૨ મળતાવડુ
મિલાપ, પુ૦ (આ૦) વસ્તુઓનુ સાથે ભેળાઇ-જોડાઇ રહેવુ તે ૨ સમજ-વિચારમા મળવુ તે ૩ મુલાકાત, ભેટ ૪ મેળ સંપ ૫ સમાગમ, મેળાપ.

મિલાપી,વિ૦મિલનસારી ૨ ઓળખીતુ, જાણીતુ
મિલાવડો પુ૦ સાથી સ્નેહીઓએ એકઠા મળી જે ગમત કરવી તે, મિજલસ, રાવણુ, મેળાવડો
મિશ્ર-શ્રિત, વિ૦ (સ૦) ભેળસેળ, બીજા સાથે ભળેલુ-એકઠુ થઈ ગયેલુ [કરેલી હોય તે
મિશ્રણ, ન૦ મેળવણી, ઘણી ચીજો જેમા એકઠી
મિષ,ન૦ (સ૦) બહાનુ, નિમિત્ત, ખોટુ કારણ ૨ ઢોંગ, ડોળ [પ્રિય
મિષ્ટ, વિ૦ (સ૦) મીઠુ,ગળ્યુ ૨ સ્વાદિષ્ટ,મધુર,
મિષ્ટાન્ન,ન૦ (સ૦) ગળ્યુ,સ્વાદિષ્ટ ભોજન
મિસકિન,વિ૦ (આ) મુફલસ,પામર,લાચાર,દીન
મિસરી,સ્ત્રી૦ સાકર, દાણાદાર ખાંડ
મિસલ-સાલ, સ્ત્રી૦ [આ૦] રીત, જુગતી,તરેહ ૨ ઉપમા, દૃષ્ટાંત, ઉદાહરણ ૩ અ૦ પેઠે,માફક
મિસ્તરી, પુ૦ મુખ્ય કડિયો, સલાટ ૨ હોશિયાર કારીગર
મિસ્સી, સ્ત્રી૦ દાંતે ઘસવાનો ભૂકો જેથી કાળો રંગ બેસે છે ૨ મેશ ૩ શાહી
મીંચ, સ્ત્રી૦ બિયાની અંદરનો ગર, મીંજ
મીંજ, સ્ત્રી૦ બીયાની અંદરનો ગર્ભ ૨ બી
મીટ, સ્ત્રી૦ એકાગ્ર દૃષ્ટિ, નજર ૨ આંખ, સરત
મીટવુ, ક્રિ૦ અ૦ મટવુ, સારૂ થવુ ૨ નિકાલ થવો પાર આવવુ
મીઠબંદર, ન૦ જ્યા મીઠુ પાકતુ હોય તે,અગર
મીઠી, સ્ત્રી૦ કોટી કરવી તે, હૈયા સરસુ ચાંપવુ તે ૨ ચુમી, ચુંબન ૩ વિ૦ વ્હાલી, પ્યારી "મારી મીઠી તુ રહે છાની, તારી રક્ષા કરો ભવાની" ૪ ગળી, સ્વાદિષ્ટ ૫ કુણી, પ્રેમ ભરી "સાહેબ તમારી મીઠી નજરથી મારૂ ભલુ થશે"
મીઠુ,ન૦ દરિયાનુ પાણી સુકાઇ જે ખારો પદાર્થ બને છે તે, નિમક લૂણ ૨ સત્વ, બળ
મીઠુ,વિ૦ એક જાતનો સ્વાદ ખાટો, ખારો કે કડવો,તીખો નહિ તેવુ ૨ સહેજ ગળ્યુ, કે, ગળપણ નાખેલુ ૩ નાકને પસંદ પડે તેવુ, 'મધુર મીઠી વાસ' ૪ આંખને ગમે તેવુ ૫ વહાલુ, ગમતુ, પસંદ, ખુશ કરે તેવુ (ભાષણ) ૬ ખારૂ મોળુ નહિ તેવુ (પાણી) ૭. કોમળ, રસભર્યું, સૌમ્ય ૮ પ્રસન્ન, અવ્યગ્ર (નજર) **મીઠુ મરચુ ભભરાવવુ**= ખરૂ ખોટુ વધારી રસિક લાગે તેમ કરવુ
મીંઢો,પુ૦ જાસુસ, હલકારો, કાસદ ૨ બેફિકર દોંગી વિધવા ૩ અગ્રેસર, મુખી
મીંઢિયો, પુ૦ જેના શિંગડા નીચે વળી ગયા હોય તે (બળદ, બકરો વગેરે)
મીંડુ, ન૦ બિંદુ, ટપકુ, શૂન્ય ૨ અનુસ્વાર ૩ એમા કંઈ નહિ, રદ, બાતલ ૩ દશક દર્શક ચિહ્ન (ગણિતમા) **એકડા વગરનુ મીંડુ**= આધાર પાયા વગરનુ **મીંડુ મૂકવુ-ટાળી મૂકવુ**, કાઢી નાખવુ,લેખ મા ન લેવુ **મીંડુ વળવુ**=રદ થવુ બાતલ થવુ, ૨ વંશ જવો
મીંઢુ,વિ૦ ગૂઢ હૃદયનુ, ઉંડા મનનુ
મીણ,ન૦ મધમાખીઓ જે ચીકણો પીળો પદાર્થ પોતાના શરીરમાથી કાઢી મધપુડો બનાવે છે તે **મીણ મીણ થઇ જવુ**=ગળીને એક તાર થઈ જવુ, પોચુ ને મુલાયમ થવુ **મીણનો પણ માટી**=નબળો પોચો તોપણ સત્તાવાળો ઉપરી, તે ઉપરી જ, માલ વગરનો ધણી પણ પોતા સાથે પરણેલો
મીણકપડ,ન૦ મીણપાયેલુ-લગાડેલુ કપડુ
મીણબત્તી,સ્ત્રી૦ મીણ લગાડેલી વાટવાળી બત્તી
મીણિયુ,ન૦ મીણવાળુ કપડુ
મીણો,પુ૦ કેફ ચઢે તેવો ઝેરી પદાર્થ તે-કોદરા, સોપારીના બી વગેરે ૨ કેફ, નીશો, ઘેન ૩ મદ
મીન,ન૦(સ૦) માછલુ ૨ સ્ત્રી૦ બારમી રાશિ
મીનકેતન,પુ૦(સ૦) કામદેવ [૩ મીલ, પક્ષ
મીનડી,સ્ત્રી૦ બિલાડી, મની
મીનડુ,ન૦ બિલાડુ **મીનડો**=બિલાડો
મીનમેખ, સ્ત્રી૦ વધારો ઘટાડો, ઓછુ વત્તુ ૨ વાંધોસાંધો, હરકત
મીની,સ્ત્રી૦ બિલાડી [વાંધોસાંધો, હરકત
મીનો,પુ૦ (ફા૦) મરકત, કાચના જેવી વસ્તુ
મીમાંસા,સ્ત્રી૦ (સ૦) વેદના કર્મકાંડ ને જ્ઞાનકાંડ સંબંધી જે શાસ્ત્રીય ગ્રંથ તે "પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસા." ૨ ચોકસી,તલાસ ૩ સમાલોચના.
મીયાં,પુ૦ મુસલમાન, ઈસ્લામ ધર્મી મરદ.
મીર, પુ૦ (ફા૦) અમીર, સરદાર ૨ રમવાના પાનામા જે બાદશાહ તે ૩ ચઢિયાતુ. "વાહ

વાહ વીર ધીર ! તમથી હુ મીર છુ "–વલ્લભ ૪ મીરાશી
મીરાશી, પુ૦ એક જાતના માગણુ લોક, મીર
મીલ,સ્ત્રી૦(અ ૦)કાતવા વણવાનુ કારખાનુ,ગીરની. ૨ બાકરી, પક્ષ, તડ, સામી ઝુબેશ તે
મીસી,સ્ત્રી૦ મસી [બનાવેલી રોટલી
મુગાણી,સ્ત્રી૦રાધેલા ચોખાની મરચુ મીઠુ નાખી
મુગુ, વિ૦(સ ૦મૂક) અવાચક, ગુગુ, મંદ ૨ ચુપચુપ, છાનુમાનુ
મુછ,સ્ત્રી૦ હોઠ ઉપરના વાળ મ૭
મુછાળુ,વિ૦મુછાળો, ૨ જોરાવર, મરદ, પ્રતાપી ૩ ઉમર લાયક
મુજ,ન૦(સ ૦) એક જાતનુ ડાભ જેવુ ઘાસ
મુજી,વિ૦ કજુસ, કૃપણ.૨ મુગુ, બોલે નહિ તેવુ ૩ હોસ–અક્કલ વગરનુ
મુઝડો,વિ૦ મો આગળ કાળા ને શરીરે ધોળા વાળવાળો વાછડો, ઘોલ્લો
મુઝવણ સ્ત્રી૦ અકળામણ, બેચેની,ઉચાટ,ઉદ્વેગ
મુઝાવુ, ક્રિ૦ અ૦ અકળાવુ, ગભરાવુ ૨ રિસાવુ, રહી રહીને શ્વાસ ચાલવો તે ૩ કટાળવુ, મનમા
મુડ,ન૦(સ ૦) માથુ,મસ્તક [ને મનમા મુઝાવુ
મુડન,ન૦ (સ ૦) બોડાવવુ તે
મુડવુ,ક્રિ૦ સ૦ મુડવુ, જુઓ [મણનુ વજન
મુડી, સ્ત્રી૦ થાપણ, પુજી ૨ મુદ્દલ ૩ અઢી
મુડાવુ,ક્રિ૦સ૦ચેલો બનાવુ ૨ હજામત કરાવવી
મુકટો, પુ૦ મુગટો, જુઓ [૩ છેતરાવુ ઠગાવુ
મુકરદમો,પુ૦ (ફા૦) ફરિયાદને લગતુ કાગકાજ,
મુકરર, વિ૦ ઠેરવેલુ, નક્કી કરેલુ [દાવો,કજિયો
મુકરર, અ૦ ખાતરીથી, ખરેખર, નક્કી
મુકરી જવુ,ક્રિ૦સ૦ના કહેવુ,ના પાડવી,ફસકીજવુ
મુકવુ,(મૂકવુ) ક્રિ૦સ૦ એક પદાર્થ ઉપર બીજો રહે તેમ ગોઠવવુ, મેલવુ ૨ કબજ કરવુ,પુરવુ ૩ છોડવુ ૪ રાખવાને આપવુ–સોપવુ 'એકમા રૂપિયા મૂકવા" ૫ કામ શિખવા મોકલવુ ' છોકરાને નિશાળે મૂકયો છે ૬ લક્ષ આપવુ છોડી દેવુ બાકી રાખવુ કમી કરવુ "ઉપલી ચાર લીટી મૂકીને વાચ '

મુકાદમ,પુ૦ (આ૦ મુકદ્દમ) ઉપરી, મુખી, નાયક, અગ્રેસર જમાદાર (મજુર, સિપાઈ વગેરેમા) ૨ દારોગો ૩ મારફતીઓ
મુકાદમી,સ્ત્રી૦ મુકાદમનુ જે કામ તે, મારફત. ૨ ઉપરીપણુ, સરદારી
મુકાબલ,વિ૦મુકાબલો કરેલુ,મેળવેલુ ૨ મુકાબલો, સરખામણી, મેળવણી
મુકાબલો,પુ૦ (ફા૦ મુકાબલ·) અસલ પ્રમાણે નકલ છે કે નહિ, એ જોવુ તે, એને જોડે તપાસવા તે, તુલના, પડછો, સરખામણી ૨ સરસાઇ ૫ દૃષ્ટાત, દાખલો, ઉપમા
મુકામ,ન૦ (આ૦) ઉતરવાનુ ઠેકાણુ, વિશ્રામ ૨ ઠેઠાણુ, રહેવાની જગા ૩ પડાવ, છાવણી,ઉતારો
મુકાવવુ,ક્રિ૦સ૦ મૂકે તેમ કરવુ, છોડાવવુ, છુટુ
મુકાવુ,ક્રિ૦સ૦ છોડાવુ, છુટવુ [પાડવુ.
મુકુટ, પુ૦ શિરોમણી, મુગટ,સુદર કલગીદાર ટોપ
મુકુન્દ,પુ૦ (સ ૦) વિષ્ણુ ભગવાન
મુકુલ,પુ૦ (સ ૦) દેહ ૨ ખીલતી ફૂલની કળીઓ
મુક્કર–કરર, અ૦ નક્કી, જરૂર, ઠેરવેલુ
મુક્કી, સ્ત્રી૦ ઠોસો ૨ મુઠીનો માર
મુક્કો,પુ૦ જબરી મુક્કી, ગડદો, ઠોસો
મુકત, વિ૦ (સ ૦,છુટેલુ, છુટુ, બધન રહિત ૨ સસારની માયાથી મોકળુ
મુકતા, ન૦ (સ૦) મોતી ૨ મણકો
મુકતાફળ, ન૦ મોતી
મુકિત, સ્ત્રી૦ (સ ૦) છુટકારો સ્વતત્રપણુ ૨ જન્મમરણના ફરામાથી છુટકારો થવો તે, મોક્ષ નિર્વાણ, કૈવલ્ય (એ ચાર છે સલોકતા,સમીપતા, સરૂપતા ને સાયુજ્યતા) મુકિતપદ=બ્રહ્મપદ, કૈવલ્યપદ **મુકિત માર્ગ–જે સાધનથી જન્મમરણ** છુટે તે જ્ઞાનમાર્ગ
મુખ,ન૦ (સ ૦) મો, મોઢુ ૨ ચહેરો, વદન ૩ જ્યા નદી સમુદ્રને મળે છે તે, બારૂ ૪ બારણુ, રસ્તો, નાકુ, દરવાજો, **મુખનાં મલોખા કરવા**–મોઢે મીઠુ મીઠુ સારૂ લગાડવુ, સવાસલા કરવા મુખમે રામ બગલમે છુરી, ભગત ભયા પણ દાનત બુરી=હાથમા માળા, પેટમા લાળા

મુખકમળ, ન૦ મુખારવિંદ
મુખકળા, સ્ત્રી૦ (સ૦) ચહેરાનો દેખાવ-વાટ
મુખચદ્ર, પુ૦ (સ૦) મુખરૂપી ચદ્ર તે
મુખજુબાની, સ્ત્રી૦ મોઢાની સાક્ષી (લેખીત નહિ)
મુખડુ, ન૦ ચહેરો, મો, વદન
મુખતાદ, ન૦ વર્ષિ. ૨ મરનારની વાર્ષિક ધર્મ સબધી ક્રિયા (પારસીઓમા) [જરૂર જોગુ
મુખતેસર, વિ૦ (ફા૦) ટુકુ, થોડામા, સંક્ષિપ્ત
મુખત્યાર, વિ૦ (ફા૦) સર્વ હકવાળુ, કોઇ તરફથી કામ કરવાને સત્તા મળી હોય તે, પ્રતિનિધિ, વકીલ, આપ અખત્યાર, સ્વતત્ર
મુખત્યારનામુ, ન૦ (ફા૦) મુખત્યારી આપવા સબધી લેખ સત્તા આપવી તે, વકીલાત નામુ
મુખત્યારી, સ્ત્રી૦ (ફા૦) સદર પરવાનગી, કુલ અખત્યાર ૨ મુખત્યારનુ જે કામ તે, વકીલાત ૩ સ્વતત્રતા, આપ અધિકાર
મુખપાક, પુ૦ (સ૦) બાળકોનો એક જીવલેણ રોગ એમા મોમા ફોલ્લીઓ પડી ચાંદીઓ [પડે છે
મુખપાઠ, વિ૦ મોઢે ભણી જવાય તેવુ
મુખમુદ્રા, સ્ત્રી૦ (સ૦) ચહેરો, મોનો શકો તે ૨ દેખાવ, સુરત
મુખર, વિ૦ ધાધળિયુ, બોલતા શરમાય કે ખમચાય નહિ તેવુ વાચાળ ૨ મશ્કરૂ ૩ ખડખડતુ, વાગતુ મુખરિત=વાચાળ, ગાજતુ
મુખવાદ, ન૦ ભાષણ લવરી
મુખવાસ, પુ૦ જમી ઉઠયા પછી પાનસોપારી એલચી વગેરે ખાઇને સુવાસિત કરવુ તે ૨ તાબુલ, પાનસોપારી વગેરે [દોરં'-સુતળી
મુખિયુ, ન૦ છાલકા કોથળાનુ મો સીવી લેવાની
મુખિયો, પુ૦ ઠાકોરજીની સેવાની સામગ્રી કરી આપનારામા જે મુખી તે
મુખ સામુદ્રિક, પુ૦ (સ૦) મુખ લક્ષણ ચહેરો જોઇ લક્ષણ સ્વભાવ કહેવાની વિદ્યા.
મુખી, પુ૦ એકાદા વર્ગનો મુખ્ય માણસ, નાયક, અગ્રેસર. ૨ પટેલ, ગામનો વડો તે, વસુલાતી અમલદારને મદદ કરનાર અને ગામની વ્યવસ્થા [રાખનાર
મુખ્ય, વિ૦ પહેલુ, મોટુ
મુખ્યત્વે કરીને, અ૦ વિશેષે કરીને, ઘણે ભાગે, ઘણુ કરીને, વિશેષત
મુગટ, પુ૦ માથે પહેરવાનો સુદર કિમતી ટોપ, મોરપિછ, તોરો, કલગી, તાજ ૨ મુરબ્બી, વડીલ. "માથાના મુગટ તમે પરણ્યા કે કુવારા રે"
મુગટી, સ્ત્રી૦ નાનો મુગટો, ધટ્ટી.
મુગટો, પુ૦ અબોટમા નાહીને સ્ત્રી પુરૂષ બન્ને પહેરી શકે તેવુ હીરનુ વસ્ત્ર
મુગડી, સ્ત્રી૦ કાનનુ ઘરેણુ (કાઠિ૦)
મુગલ, વિ૦ (ફા૦) મુસલમાનોની એક જાત
મુગલાઇ, સ્ત્રી૦ મુગલોની કારકિર્દી તે, મુગલોની જોહાકી-દોરતોર ૨ ઐશ્વર્ય, ઠાઠમાઠ, ભપકો
મુગાસાડી, સ્ત્રી૦ અબોટમા પહેરવાનુ રેશમી સ્ત્રીઓનુ વસ્ત્ર, ચોકડિયુ
મુગુ, વિ૦ મુગુ મુગોમાર=દેખાય નહિ તેવો માર
મુગ્ધ, વિ૦ (સ૦) અણુસમજુ, બાલિશ ૨ સાલસ, ભોળુ, નિર્દોષ [થોડી સમજવાળી સ્ત્રી
મુગ્ધા, સ્ત્રી૦ ફુટતી જુવાનીવાળી પણ રતિમા
મુચરકો, પુ૦ (તુર્કી) ફરી કરૂ તો અથવા હાજર ન થાઉ તો આટલી સજા ભોગવુ એવી રીતનો જે લેખ ગુનેગારે કરી આપવો તે, કરાર
રઢિયાર, વિ૦ ધણી વિનાનુ રખડાઉ, રેઢિયાળ, સુનુ (ઢોર)

રઢિયાળુ, વિ૦ સુદર, ફુટડુ, રૂપાળુ 'ચારૂદત્ત એવુ ઘણુ રઢિયળુ નામ છે' ૨ રઢ લાગે તેવુ

રણ, ન૦ (સ૦) યુદ્ધ, સગ્રામ, લડાઈ ૨ લડાઇનુ મેદાન, સગ્રામભૂમિ ૩ મોટુ રેતીનુ મેદાન ૪ [**સ૦ ઋણ**] દેણુ, કરજ, દેવુ

રણકાર-કો, પુ૦ ધાતુના ઠોકવાથી થતો અવાજ

રણકુ, વિ૦ કઠણ સપાટીવાળુ, ધળ કચરા વગરનુ, કોરૂ

રણકો, પુ૦ ધાતુના ઠોકનો અવાજ

રણક્ષેત્ર, પુ૦ [સ૦] રણભૂમિ, લડાઇનુ, મેદાન

રણજગ, ન૦ મોટુ યુદ્ધ, લડાઇ ૨ સખતઝપાઝપી

રણજિત, વિ૦ લઢાઇમા જીતનાર, વિજયી, જયવત

રણઝણ, સ્ત્રી૦ ધાતુના અવાજનો ખણખણાટ ૨ ગુજારવ

રણઝણવુ, ક્રિ૦ અ૦ ઝીણોઝીણો અવાજ થવો, વાગવુ, ઠમકવુ

રણતુર, સ્ત્રી૦ લઢાઇનુ વાજુ, તુરે, તતુડુ

રણથભ, પુ૦ (સ૦ રણસ્તમ્ભ) લડાઈનુ પગરણુ દર્શક વાવટાવાળો થાભલો

રણધીર, વિ૦ રણમા ધીર યુદ્ધમા હિમતવાન.

રણભૂમિ, સ્ત્રી૦ લઢાઇનુ મેદાન, સંગ્રામભૂમિ

રણરણવુ, ક્રિ૦ અ૦ અવાજ થવો, ખડખડવુ, સમસમ થવુ

રણરણાટ, પુ૦ સમસમાટ, ગતિને લીધે પવનમા થતો અવાજ

રણવગડો, પુ૦ ઉજડને ભય ભરેલો પ્રદેશ, વગડો.

રણવટ, સ્ત્રી૦ યુદ્ધમા લઢવાની રીત–નીતિ તે,
રણવાટ, સ્ત્રી૦ બહારવટુ [યુદ્ધ ધર્મ
રણવાસ, પુ૦ રાણીવાસ, જનાનખાનુ, અત પુર
રણશિગુ, ન૦ યુદ્ધમા શૂર ચઢાવવા વગાડવાનુ વાજુ તતુડુ **રણશિગડુ** ફુકવુ–લોકમા જાહેર કરવુ, ઉઘાડુ કરવુ ૨ વખાણ કરવા પ્રશસાના ગીત ગાવા ૩ વિ૦ બેડોળ,કદરૂપુ અને સ્થૂલ
રણસગ્રામ, ન૦ મોટુ જુદ્ધ, જબરી લડાઇ ૨ રણભૂમિ, યુદ્ધક્ષેત્ર
રણસ્તંભ, પુ૦ [સ૦] બે સૈન્યની વચમા ઉભો કરેલો લડાઇના વાવટાનો થાભલો. ૨ જીતની નિશાનીમા બાધેલો મિનારો [હોકારો તે
રણહાક, સ્ત્રી૦ લઢાઇની કોકિયારી, મારામારીનો
રણાનુબંધ, પુ૦ પૂર્વભવનો સબધ, લહેણાદેણી
રણાગણ, ન૦ (સ૦) યુદ્ધક્ષેત્ર, રણભૂમિ
રણિયુ, વિ૦ દેવાદાર, કરજદાર, ઋણી. ૨ ઓશિયાળુ, આભારી [દાણો
રણી, સ્ત્રી૦ લગડી,ગાળીનેધાતુની પાડેલી, કણી,
રડવો,પુ૦બાયલો પુરૂષ,કન્યારાશી,નામરદ ૨ વિધુર
રડા, સ્ત્રી૦ (સ૦)રાડેલી સ્ત્રી, વિધવા ૨ સ્ત્રીની એક ગાળ (ધિક્કારમા વપરાય છે)
રડાપો, પુ૦ વિધવાપણુ, વૈધવ્ય
રડાવુ, ક્રિ૦ અ૦ રાડવુ, રડાપો આવવો
રડી, સ્ત્રી૦ [હિ૦] વેશ્યા, કસબણ, પાતર
રડીબાજ, પુ૦ વેશ્યા–કસબણોના છદમા પડેલો, છિનાળવો, વ્યભિચારી, જારકર્મા
રડીબાજી, સ્ત્રી૦ રડીબાજનો જે છન્દ તે
રત, સ્ત્રી૦ (ઋતુ) મોસમ, ઋતુ, વેળા, સમય 'ફરીની રત ' ૨ વિ૦ પરાયણ, પ્રેમવાળુ
રતન, ન૦ રત્ન. ૨ આખની કીકી ૩ શોભારૂપતે
રતનજોત, પુ૦ એક જાતની વનસ્પતિ આખની ઠડક માટે વપરાય છે
રતનાગર,સ્ત્રી૦પુ૦ દરિયો,સાગર,૨ રત્નોનીખાણ
રતનાળુ, વિ૦ તેજસ્વી, તેજદાર, 'રતનાળી રઢિયાળી, મોટી આખડીરે —દયા૦
રતનાવળિયો પુ૦ એક જાતનુ ઝાડ.
રતલ, પુ૦ એક જાતનુ તોલ, સુરતી એક સેર,

રતવા, પુ૦ એક જાતનો બાળ રોગ,જેમા શરીર ઉપર લાલચકામા થાય છે
રતાંધળુ, વિ૦ રાત્રે સમુળગુ ન દેખે તે
રતાંજલી, સ્ત્રી૦ રાતી સુખડ, રક્તચદન
રતાશ, સ્ત્રી૦ રાતા ર ગનોથોડોજેઅશ,તે લાલાશ
રતાળુ, પુ૦ એક જાતનો કન્દ, શક્કરકદ
રતિ, સ્ત્રી૦ [સ૦] કામદેવની સ્ત્રી ૨ પ્રીતિ,પ્રેમ, સ્નેહ (સ્ત્રી પુરૂષનો) ૩ સભોગ ૪ વિષયેચ્છા
રતિકેલી, સ્ત્રી૦ સભોગ, મૈથુન
રતિપતિ, પુ૦ કામદેવ, મદન, કામ
રતીપુર, વિ૦ રતીના જેટલુ, લગાર, જરાક
રતીભર વિ૦ લગાર, જરાક
રતી, સ્ત્રી૦ કિમતી જણસ તોળવાનુ એક વજન, ચનોડી, ગુજર રતી જેટલુ કદ કે વજન, ૨ ગ્રૈન ૩ નસીબ વલણ,ભાગ્યની ગતિ
રતુ,સ્ત્રી૦ રત, મોસમ ૨ અળગુ, અડકાવ
રતુમડુ,વિ૦ જરા રાતુ હોય તેવુ ૨ લાલ, રાતુ
રતોવાઈ,અ૦ રાતોરાત, રાતે ને રાતે
રત્ન, પુ૦ (સ૦) કિમતી ચળકતો પત્થર નગ, જવાહીર ૨ જાતજાતમા સૌથી સારૂ ને શોભા
રત્નગર્ભા, સ્ત્રી૦ પૃથ્વી, ભૂમિ [રૂપ તે
રત્નજડિત,વિ૦ (સ૦) રત્નો જેમા બેસાડેલા–જડેલા છે તેવુ, નંગવાળુ
રત્નાકર, પુ૦ (સ૦) સમુદ્ર, દરિયો [વહેલ
રથ,પુ૦ (સ૦) ચાર પૈડા ને બે ઘુમટવાળી ગાડી;
રથયાત્રા,સ્ત્રી૦ અસાડ સુદ ૨ ના રોજ પળાતો તહેવાર તે દિવસે રથમા મૂર્તિને બેસાડી રથ શહેરમા ફેરવે છે **રથયાત્રા**–અદક પાસળી, ઘેલછાવાળુ, વાયેલ, 'આતો કેવળ રથયાત્રા દેખાય છે, અરેરે ! આનો અને મારી હીરાલક્ષ્મીનો સબધ કેમ થાય ? "
રથી,પુ૦ રથમા બેસી લઢનાર યોદ્ધો
રથોડ,પુ૦ છાણ માટીનુ જાડુ લિપણ–થર, લેપ
રદ,વિ૦ (અા૦) નકામુ, નિરર્થક, બાતલ, નિષેધ કરેલુ, ૨ નિરૂપયોગી; તુચ્છ
રદકરવુ, ક્રિ૦ સ૦ કાઢી નાખવુ, છેકી નાખવુ, બાતલ કરવુ. ૨ નામજુર કરવુ

રદન,પુ૦ (સ૦) દાત "રદન વદન મોટા ભીંછરા ભૂરા કેશ" ૨ **ન૦** રડવુ રૂદન કરવુ ૩ હ્રદય, અંતઃકરણ **રૂદન** શેકવુ-દુઃખ દેવુ, હ્રદય બાળવુ
રદિયો,પુ૦ એક વાત-તકરારને રદ કરનારી તેની સામે રજુ થયેલી બીજી વાત
રદ્દી,વિ૦ રદ કરેલુ, નકામુ, નિરુપયોગી ૨ નકામી ચીજોનો ભંગાર
રનવન, વિ૦ છુટુ છવાયુ, અહિ તહિ વેરાયલુ **રનવન** થવુ-ખેદાન મેદાન થવુ ખરાબેહાલ થવુ, પાપમાલી થવી
રનોડી, વિ૦ રાની, વનચર, વગડાઉ જંગલી
રન્દો,પુ૦ રંધો
રન્ધવાગે,પુ૦ રસોઇયો, રાધનારો [અકુળામણ
રન્ધામણ-ણી, **સ્ત્રી૦**રાધ્યાની મજુરી ૨ ધામ,
રન્ધાવુ, ક્રિ૦અ૦ રાધેલુ થવુ ચઢવુ, સીઝવુ ૨ ઉકળવુ, ફાયદો થવો, તૈયાર થવુ [ઓજાર
રન્ધો, પુ૦ લાકડુ સાફ-લીસુ કરવાનુ સુતારનુ
રન્ધ્ર,ન૦(સ૦) કાણુ, છિદ્ર ૨ દોષ, ખોડ
રન્નાદે, **સ્ત્રી૦** (સ૦ રન્દલા) માતા, જવારા વાવી દેવાને બેસાડવી તે ૨ સૂર્યની સ્ત્રી
રપાટી,**સ્ત્રી૦**ગભરડી,લાબી દોડ ૨ રપેટી,સખત
રપેટો, પુ૦ ફેરો, આટો [કામ લેવુ તે
રપોટ, પુ૦ (અ૦ રીપોર્ટ) હેવાલ, રીપોર્ટ, હકીકત, કેફિયત [થોડે થોડે
રફતે રફતે,અ૦(ફા૦) ધીમે ધીમે, આસ્તે આસ્તે
રફુ, પુ૦ (ફા૦રફુ) લુગડામા જ્યા ફાટયુ હોય ત્યા બીન દોરા ભરી લેવા તે તૂણવુ તે
રફુગર,વિ૦ રફુ કરનાર, તૂણનાર
રફુચક્કર, ન૦ (સ૦ રિપુ+ચક્ર) હાનિ નુકસાન ૨ શત્રુનો પેચ, વ્યુહ, પ્રપંચ કાવત્રુ **રફુચક્કર** કરી જવુ-છાનુમાનુ નાસી જવુ, છટકી જવુ
રફેદફે,અ૦ ખરાબ ખસ્ત પાયમાલ, ફનાફાતિયા ૨ ઉધુ ચતુ કરેલુ તેમ, વિખેરી નાખેલુ એવુ
રબ, પુ૦ પ્રભુ ઇશ્વર
રબ્બર, ન૦ (અ૦) એક જાતના ઝાડનો રસ એનામા સ્થિતિસ્થાપક ગુણ છે
રબારી, પુ૦ બકરાંપેટા ચરાવનારો, ભરવાડ
રબી, પુ૦ રવિ, શિયાળુ પાક
રબારણ, **સ્ત્રી૦** રબારીની સ્ત્રી, ભરવાડણ
રમકઝમક,અ૦ રૂમઝુમ, ઠમકાભેર
રમકડુ, **ન૦** જેથી રમાય તેવી વસ્તુ, ખેલૌના, પુતળી, બાવલુ ૨ પ્રિય વસ્તુ-ચીજ, મન આનંદ પામે તેવી વસ્તુ ૩ રંગીલુ-ગમતી માણસ **રમકડુ** થઇ રહેવુ=વશ થઇ રહેવુ,જેમ રમાડે-નચાવે તેમ કરવુ
રમખાણ, ન૦ મોટો ઝગડો, જંગ ૩ તોફાન, ધિંગાણુ, ધાધલ ૩ બંડ, ફિતુર ૪ નાસભાગ
રમચિયુ ન૦ રમચી પનાળવાનુ કઠોકુ,૨ ગોળિયુ
રમચી,**સ્ત્રી૦**સોનાગેરૂ એકજાતની લાલ માટી,૨ ગી
રમજાન,પુ૦ (ફા૦) હીઝરી સનનો નવમો મહિનો
રમઝમ, અ૦ અવાજ કરતુ, રૂમઝમ, વાગતુ
રમઝમાટ,પુ૦ઉતાવળી ચાલથી થતો ઝાઝરોનો ઘોર
રમણ, ન૦ (સ૦) રમવુ તે ૨ ગમ્મત, ખેલ. ૩ ધણી પતિ,ભોગી ૪ ક્રીડા,લીલા [સુલટ
રમણભમણ,અ૦ અવ્યવસ્થિત વેરમખેરણ,ઉલટ-
રમણી,સ્ત્રી૦(સ૦)મનોર સ્ત્રી,વિલાસીમોજીલીસ્ત્રી
રમણિક, વિ૦ સ૦) રમણીય, સુંદર, મનોહર
રમણિય, વિ૦,સ૦) જોતા જીવ ખુશ થાય તેવુ, સુંદર,રમ્ય [૨ બારસાખનો એક ભાગ
રમણુ,ન૦ ખુલ્લી જગા મેદાન, ચોગાન, આગણુ
રમત,**સ્ત્રી૦**રમવાની જે ચીજો તે (કસરત, સેતરંજ, ગંજીફા મોકટા ઇ૦) ૨ તમાશો, ખેલ ૩ મઝા,ખેન ક્રીડા લીલા,મોજ. [મોજી,ગમતુ
રમતિયાળ,વિ૦ રમતમાજ ચિત્ત હોય તેવુ ૨
રમતુ, વિ૦ ખેલતુ, ગમત કરતુ ૨ ઢીલુ બેસતું નહિ તેવુ, ફરતુ રહેતુ [મહેનતે
રમતા રમતા,અ૦ સહેલાઈથી, સુખ પૂર્વક,વગર
રમતારામ, પુ૦જ્યા ત્યા ભટકનાર,એક સ્થળે ન રહેનારો ૨ વિતરાગી,રાગદ્વેષ રહિત [ગતિમા
રમરમાટ, અ૦ સપાટાબંધ, સડસડાટ, ઉતાવળી
રમરમાવવુ, ક્રિ૦ અ૦જોરથી ચલાવવુ, ઉતાવળે હાંકવુ ૨ ક્રિ૦ સ૦ મારવુ, ઠોકવુ
રમવુ,ક્રિ૦સ૦ મનને ગમાડો કરવો, ખેલવુ,ગમ્મત કરવી, ક્રિડા કરવી ૨ તમાશો-ખેલ કરવો. ૩

દાવ ખેલવો ૪ લાડ કરવુ ૫ ભટકવુ, રખડવુ, **રમીજવુ**-લીલા કરી જતુ રહેવુ, દેહ છોડવો "તેના રામ રમી ગયા"

રમસ્તાન,ન૦ ધડમધડા, તોફાન, ધિંગાણુ, રમખાણુ **રમસ્તાન** મચાવવુ-ઘણા જોસમા તુટી પડવુ-ત્રાસ આપવા

રમળ,ન૦ (આ૦ રમલ્-રેતી) ૫ચરસ ધાતુનો પાસો, ભવિષ્ય કહેનારા રાખે છે તે

રમા, સ્ત્રી૦ (સ૦) લક્ષ્મી ૨ સુંદર સ્ત્રી

રમાડવુ,ક્રિ૦ સ૦ કોઇને રિઝવવાને સાથે રમવુ, ગમત કરાવવી, મનરંજન કરવુ ૨ ચઢાવવુ, ઉશ્કેરવુ ૩ નકામો વખત ગળાવવો ૪ છેતરવુ ફોસલાવવુ **રમાડી** દેવુ-મારી નાખવુ

રમાડો, પુ૦ રમવુ તે, ગમાડો, ગમત, વિનોદ

રમુજ, સ્ત્રી૦ (આ૦) ગમ્મત, ટિખળ, ખુશ થઇએ તેવો ખેલ, તમાસા, મજાક ૨ ઠઠ્ઠો ટોળ મશ્કરી [વિનોદી, ટિખળી

રમુજી,વિ૦ રમુજ આપે તેવુ, દિલપસંદ ૨ ટોળી,

રમ્ભા,સ્ત્રી૦(સ૦) એક અપ્સરા, પરી, મહતાબ

રમ્ભાફળ, ન૦ (સ૦) કેળુ. [૨ કેળ, કદળી

રમ્ભોરૂ, સ્ત્રી૦ (સ૦) જેની જાંઘ કેળના થડ જેવી છે તે [મનોહર, શોભિતુ, સુંદર

રમ્ય, વિ૦ (સ૦) આનંદ પમાડે તેવુ, રમણીય,

રયણુ, ન૦ જવાહીર, રત્ન, 'વાગે ફરકે પુછડી, ને રયણુ ઝણુકે દંત'

રયણી, સ્ત્રી૦ રજની, રાત, નિશા

રવ, પુ૦ (સ૦) સાદ, અવાજ નાદ

રવઇ, સ્ત્રી૦ રવૈ, દહિ ભાગવાનુ ઓજાર

રવડવુ, ક્રિ૦ અ૦ રખડવુ, આથડવુ

રવદ, સ્ત્રી૦ (રવ+વદવુ) સરત, હોડ

રવરવ, અ૦ અકલગરો ખાધાથી જીભ ઉપર જે લાગણી થાય છે તેમ [વિલવલિયુ

રવલીપચક, વિ૦દાધારંગુ, ઘેલુ ૨ વતીપાતિયુ,

રવા, પુ૦ (ફા૦) ઠરાવ. ૨ સોના રૂપાની ઝીણી ગોળી, કરચ ૩ વિ૦ અનુકૂળ, લાયક ૪ સમધાત, બરાબર

રવાદાર, વિ૦ રવાવાળુ, દાણાદાર, કણુકીદાર

રવાદારગી, સ્ત્રી૦ પક્ષપાત, તરફદારી, પક્ષ લઇ સારૂ બોલવુ તે ૨ દલાલી કાઢવી તે, હાથ મારી લેવો તે

રવાદારી, સ્ત્રી૦ (ફા૦) દલાલી, સોંપેલી ચીજમાથી થોડીક ઉચાપત કરવી તે ૨ પક્ષપાત, તરફદારી

રવાનગી, સ્ત્રી૦ (ફા૦) રવાને થતી વખત જે બક્ષીસ આપવી તે, વદાયગરી ૨ બહારગામ જવુ તે, ગમન ૩ નિકાશ

રવાબ, પુ૦રોફ,રૂઆબ,દમામ ૨ ધારો,રિવાજ

રવાના, અ૦ (ફા૦) વદાય બહાર જવા દેવુ તે **રવાના** ચીઠી=નિકાશ માટેનો પરવાનો

રવાયો, પુ૦ રવૈયો, જુઓ

રવાલ, સ્ત્રી૦ ઘોડા બળદ વગેરેની એક તરેહની ચાલ ૨ કુદરતી ચાલની ઢબે, આસ્તે

રવિ, પુ૦ (સં૦) સૂરજ, સૂર્ય, ભાસ્કર, આદિત્ય, ભાનુ, દિનકર, પ્રભાકર સવિતા

રવિવાર, પુ૦ (સ૦) આદિત્યવાર, આતવાર

રવી, સ્ત્રી૦ (અ૦ રોવ્યુ) લશ્કરી માણસની આવડતની ઉપર ઉપરની તપાસ, કવાયત

રવી, વિ૦ (આ૦ રબીઅ) શિયાળુ, રબી

રવેઉ, પુ૦ રવિવાર

રવેશ, પુ૦ (ફા૦ રવિશ્-છુટી પરસાળ) ઘરના માળનો બહાર પડતો જે ભાગ તે, છજુ,ઝરૂખો ૨ રિવાજ, રસમ, ચાલ, રાબેતો,

રવૈ, સ્ત્રી૦ વલોણાનો વાસ, રવૈયો

રવૈયા, વિ૦ ઘણાજ નાના ને ગોળ એવા વેગણ, ચિભડા, વગેરે ૨ ચીરી મસાલો ભરી કરેલુ શાક

રવૈયો, પુ૦ (ફા૦) ઘણા કાળથી ચાલતી આવેલી રીત, ચાલ, શિરસ્તો, રિવાજ ૨ દહિ વલોવવાનો ફૂલડાવાળો વાસ

રવો, પુ૦ દાણા દાણાદાર લોટ ૨ ધાતુની ગોળ ઝીણી કરચો ૩ ગોળની ચાકી ૪ પાસા, ફૂલ

રશ્મિ, પુ૦ (સ૦) કિરણ કર, મરીચિ તેજ. ૨ દોરી, રાશ

રવાને, અ૦ વદાય, મોકલેલુ એવુ વદાય કરેલું

રસ, પુ૦ (સ૦) કોઇ પણ વનસ્પતિ ફળમાથી

નીકળતો પ્રવાહી સાર, ચીક, સત્વ, દ્રવ "કેરીનો રસ" ૨ એક જાતનો શરીરમાના પ્રવાહીઓનો વિકાર તે જુદા જુદા નામે દેખાય છે સળેખમ, ગોળીનુ વધવુ, વગેરે ૩ ધાતુનુ ગળાવાથી થતો પ્રવાહી ૪ છનો અને નવનો સકેત ૫ પારો, ગન્ધક ૬૦ ખનીજ પદાર્થ ૬ ખાર ઓગળવાથી જેટલો ભાગ પ્રવાહી રૂપ થાય તે ૭ ખાટુ ખારૂ, ૬૦ જે સ્વાદ તેમાનો પ્રત્યેક (ષડ્રસ-મધુર, ખાટુ, ખારૂ,કડવુ, મોળુ,તીખુ) ૮ મિઠાશ, લહેજત ૯ મનુષ્ય પ્રાણીની મનો વૃત્તિ ઉપર વિવિધ પ્રસગોની અસર થવાની જે વિવિધ મનોભાવનુ નિસ્સારણુ તે શૃગાર, હાસ્ય, કરૂણા વીર, રૌદ્ર, ભયાનક, અદ્ભુત, બિભત્સ અને શાત એમ નવ રસ ગણાય છે ૧૦ પ્રીતિ, અનુરાગ,ઉમળકો ૧૧ શરીરના બધારણમાનો જે ઢીલો પ્રવાહી તે ૧૨. લાભ, અર્થ, કમાઇ ૧૩ અર્ક, સત્વ કસ ૧૪. ગમ્મત, મઝા ૧૫. ખૂબી, ગુણ ૧૬ મમત હ૦ રસ ઉતારવો— હાથથી ખૂબ માર મારવો ૨ (પગનો) ફોગટ ધક્કો ખાઇ પાછા આવવુ ૩ ઘણા વખત સુધી ઉભા રહેવુ ૪ (જીભનો) બદ્દુવા દેવી, જેમ આવે તેમ બબડ્યા કરવુ રસ જામવો-ગમત પડવી આનદ થવો ૨ ઠરી જવુ રસ કાઢવો -અર્ક ખેચવો, તત્વ જાણી લેવુ, રસભેર— આનદથી, મઝા પડતી હોય તેમ રસ પડવો- સ્વાદ લાગવો, મઝા પડવી રસે ભરાવુ-ઉશ્કેરાવુ, જોશ વધવો, મમતે ચઢવુ

રસકપૂર, ન૦ પારાની મેળવણીવાળો પદાર્થ જે ઓસડમા વપરાય છે (પારો, ગધક અને મીઠુ એની બનાવટ).

રસકસ, પુ૦ [મૂળ રસ તે અને કસ-શક્તિ] તેજાબ, અર્ક, સત્વ ૨ રસાળતા, ફળદ્રુપતા ૩ આર્દ્રતા, રસ ને રસનુ કારણરૂપ તત્વ

રસજ્ઞ, વિ૦ રસનો જાણનાર (કાવ્ય નાટકના)

રસણિયો, પુ૦ રસનાર, ઢોળ ચઢાવનાર

રસદાર, વિ૦ રસથી ભરપુર રસવાળુ રસાળ ૨ રુચિકર, મિષ્ટ

રસના, સ્રી૦ (સ૦) જીભ, જીહ્વા ૨ મેખળા, કાચી, કદોરો

રસનેન્દ્રિય, સ્રી૦ જીભ સ્વાદેદ્રિય

રસબસ, વિ૦ રસમય, રસથી પૂર્ણ

રસભગ, વિ૦ (સ૦) રસમા ભગ થયો હોય તેવુ

રસભગ,પુ૦ આનદના પ્રવાહમા ખતરો પડવો- ભગ થવો તે

રસમ, સ્રી૦ ઘણા કાળથી ચાલતી આવેલી જે સંસારી રીતભાત તે, ચાલ, રવેશ, રવૈયો

રસમય, વિ૦ (સં૦) રસવાળુ, આનદરૂપ

રસરાજ, પુ૦ એક જાતની પારાની ઔષધિ ૨ પ્યાર, પ્રેમ ૩ પારો ૪ શૃગારરસ

રસવતી, સ્રી૦ એક જાતની ઔષધિ

રસવાદ, પુ૦ રસે ચઢવુ તે, ઈર્ષા, સરસાઈના જુસ્સાથી ઉશ્કેરાયલી હાલત [અડવૃદ્ધિ

રસવિકાર, પુ૦ વાસીવિકાર, શિયળ ધાવુ તે ૨

રસવુ, ક્રિ૦ સ૦ એક ધાતુને બીજી ધાતુનો રસ રગ ચઢાવવો, ઢોળ દેવા, પટ દેવો ૨ રગવુ, સુશોભિત કરવુ

રસસિન્દુર, ન૦ (સ૦) જસત, પારો, મોરથુથુ ને સુરોખાર એ ચારની મેળવણીવાળો જે પદાર્થ તે

રસળવુ, ક્રિ૦ અ૦ નકામો વખત ગુમાવવો, રામાટામા કરવા, ઢીલ કર્યા કરવી, ભટકવુ

રસળાટ, પુ૦ રામાટામા કરી વખત કાઢવો તે,

રસા,સ્રી૦રસવતી, પૃથ્વી ભૂમિ [રસળવુ તે

રસાંજન, ન૦ દારૂ હળદરના અષ્ટમાશ ઉકાળામા બકરીનુ મૂત્ર મેળવી કરેલુ ચૂર્ણ

રસાતળ, ન૦ (સ૦) સાત પાતાળમાનું પાચમું પાતાળ એમા અનત નાગ રહે છે "રસાતલ ઘાલવુ=પાયમાલ કરી નાખવુ. ૨ ગજબ કરી નાખવો રસાતળ જવુ=ધડે બેસવુ, ભાગી પડવુ. ૨ નિર્વંશ જવો ગજબ-હાહાકાર થઈ જવો,

રસાયન, ન૦ (સ૦) જુદા જુદા દ્રવ્યો મળવાથી તેમાથી નવો પદાર્થ બને છે તે, જુદા જુદા રૂપ ગુણના પદાર્થોના મળવાથી થયેલો જુદાજ રૂપ ગુણનો પદાર્થ ૨ પારાની મેળવણી વાળી ઔષધિ. ૩ કીમિયો

રસાયની, વિ૦ રસાયન જાણનારો ૨ કીમિયાગર
રસાલ, વિ૦ (સ૦) રસવાળુ,સ્વાદિષ્ટ ૨ ફળદ્રૂપ ૩ પુ૦ આંબો
રસાલદાર, પુ૦ ઘોડેસ્વાર ટુકડીનો નાયક
રસાલો, પુ૦ [ફા૦] ગૃહસ્થ—અમલદારનો ઘરખટલો, વાહન વગેરે, કામદારના સગા પરિવાર ૨ ઘોડેસ્વાર પલટન
રસાવવુ, ક્રિ૦ સ૦ ઢોળ ચઢાવવો, રસવુ
રસાળ-ળુ, વિ૦ જેમા પુષ્કળ રસ હોય તેવુ ૨ સ્વાદિષ્ટ ૩. રસ—આનદ ઉપજાવે તેવુ ૪ ફળદ્રુપ, સારો પાક થાય તેવી [જમીન]
રસિક, વિ૦ (સ૦) ગાયન, કવિતા ઇ૦ રસ વિષય ઉપર જેની પ્રીતિ હોય તે,રસને સમજનાર, ગુણજ્ઞ,કદરદાન ૨ સામાનુ મન ખુશી કરે તેવુ.
રસિકતા, સ્ત્રી૦ (સં૦) રસિકપણુ.
રસિકા, સ્ત્રી૦ વિલાસી,રસ સમજનારી,રસભોગી,
રસિયણ, વિ૦ રસ લેનારી, રસઘેલી,રસ માણવામા ઉત્સુક ૨ ચડસીલી,ભાવિક [પ્રીતિવાળુ
રસિયુ, વિ૦ રસઘેલુ, હોસીલું; કોડીલુ, રસમા
રસિયો, વિ૦ વિલાસી,મોજી,રસ માણી જાણનાર
રસિલુ, વિ૦ રસ ભર્યું,સ્વાદિષ્ટ. ૨ રસિયુ, રસમા પ્રીતિવાળુ
રસી, ન૦ પરૂ,પાચ,ઝેર ગુ પાણી ૨ દોરડી,દોરી
રસીદ, સ્ત્રી૦(અ૦ રીસીટ) પહોચ, પાવતી
રસેન્દ્રિય, સ્ત્રી૦ જીભ, જિહ્વા
રસેલુ, વિ૦ ઢોળ ચઢાવેલુ
રસો, પુ૦ અથાણા, શાક, મુરબ્બા વગેરેનો મસાલાવાળો જાડો રસ ૨ ઢીલુ શાક ૩ જાડુ દોરડુ, દોર [ખોરાક, ભોજન
રસોઈ, સ્ત્રી૦ રાધવુ તે ૨ રાધેલુ તે.૩ ખાવાનુ,
રસોઇયો, પુ૦ રાધનારો,૨ ધવારો [પાકશાળા.
રસોડુ, ન૦ રસોઇની જગા,રાધણી,ભઠિયારખાનુ,
રસોળી, સ્ત્રી૦ વરસોળી, ગળગડ.
રસ્તો, પુ૦ માર્ગ, વાટ, રાહ. **રસ્તો** કાપવો—ચાલ્યાં જવુ ૨ મજલ કરવી **રસ્તે** પડવુ—શરૂ થવુ; સરાડે ચઢવુ; રાગે પડવુ ૨ જતા થવુ,ખસી જવુ ૩ મરી જવુ

રહસ્ય, ન૦ (સ૦) છુપોભેદ, મર્મ, ગુપ્તભાવ
રહિત, વિ૦ (સ૦) વિનાનું, વગરનુ
રહીશ, પુ૦ રહેવાસી, રહેનાર, વતની
રહેણાક, પુ૦ રહેઠાણુ, મુકામ
રહેણી, સ્ત્રી૦ રહેવાની રીત, આચાર, વ્યવહાર, **કહેણી** તેવી **રહેણી**—જેવુ બોલવુ તેવુ વર્તવુ
રહેમ, સ્ત્રી૦ મહેરબાની, કૃપા,દયા **રહેમ નજર;**
રહેમિયત, સ્ત્રી૦ રહેમ, દિલસોજી, માયા [કૃપા
રહેવાસ, પુ૦ મકાન, રહેઠાણુ, નિવાસ.
રહેવાસી, વિ૦ રહેનાર, વતની, નિવાસી
રહેવુ, ક્રિ૦ અ૦ વસવુ, મુકામ કરવો, નિવાસ કરવો ૨ ટકવુ, ઠરવુ ૩ પોતપોતાને ઠેકાણે હોવુ ૪ માવુ, સમાવુ ૫. થોભવુ, ખોટી થવુ ૬ ગમવુ, ચેન પડવુ ૭ દહાડા કાઢવા, કાળ ગુજારવો 'હવે રોઇને રહેવાનુ' ૮ ટકવુ, કાયમ રહેવુ, નભવુ 'અમલદારોની અવકૃપા છતા હજુ તે નોકરી ઉપર છે' ૯ અટકવુ, થોભવુ 'વરસાદ રહે એટલે આવીશ' ૧૦ અધુરૂ હોવુ,બાકી રહેવુ 'હવે તારા ૭ રૂપિયા રહ્યા' ૧૧ ગુજારો કરવો, ગુજરાન ચલાવવુ ૧૨. ચાલવુ, વર્તવુ **રહી** જવુ—અટકી પડવુ ૨ પાછળ રહેવુ ૩ અકડાઇ જવુ **રહી** રહીને—થોડે થોડે,થોડી થોડીવારે; અટકી અટકીને. **રહ્યુ**—પતી ગયુ,બસ **રહ્યું** સહ્યુ—ખપતા બાકી રહેલુ.
રળતર, ન૦ કમાણી, પેદાશ, રળો. ૨ લાભ
રળવુ, ક્રિ૦ સ૦ પેદા કરવુ, કમાવુ ૨ લાભવુ', [ખાટવુ
રળાઉ, વિ૦ પેદા કરતો, કમાઉ
રળિયાત, વિ૦ ખુશી, પ્રસન્ન, રાજી
રળિયામણુ, વિ૦ સુશોભિત, સુદર,મનોહર.'રળિયામણી ગુજરાત જોવા જોગ જેવી જાણજો,ધરી યાદ અમદાવાદથી એકાદ વસ્તુ લાવજો'
રળી, સ્ત્રી૦ ખુશી, આનદ,હરખ ૨ હોશ,ઉમંગ. 'પટેલ એક પાદરે બોલ્યો,રાવણની નવ પોતીરળી.
રળીરાશે, અ૦ સુખચેનમા,આનંદે ૨ ગજા પ્રમાણે.
રળો, પુ૦ રળતર, પેદાશ ૨ લાભ, નફો
રાંક-કડુ, વિ૦ ગરીબ,નિર્ધન ૨ પામર, બિચારૂ, દીન, બાપડુ ૩ ગરીબ, સાલસ. 'દુર્બળની દીકરી રાકડી,આચાર કરી બાધો રાખડી.' [ગરીબ.
રાંકું, ન૦ ભીખારૂ (કાઠિ) ૨. વિ૦ રાકડુ;નિર્માલ્ય,

રાંગ, સ્ત્રી૦ કોટ–ટેકરી વગેરેની દિવાલને લગતો નીચેનો ભાગ

રાંગડો,વિ૦ધીમે ધીમે ચાલનારો

રાંગોળી સ્ત્રી૦ (સ૦) રંગની જે ઓળ પાડેલી તે [જમવા બેસવાને ઠેકાણે] ર માથિયા

રાંચો, પુ૦ મામડીઓ, ગમાર, ગભો

રાંઝણ,સ્ત્રી૦ પગમા થતો એક જાતનો રક્ત રોગ

રાટ, પુ૦ વાક, વલણ ર વિરૂદ્ધતા, મતભેદ,અણબનાવ

રાઠુ, વિ૦ અમળાઇ ગયેલુ, વાકુ, મરડાતુ ર વાકુ, ખોટુ,અસત્ય, જુઠુ

રાડ, સ્ત્રી૦ રાડેલી સ્ત્રી, વિધવા ર વેશ્યા

રાડબાજ, વિ૦ કાછડી છૂટો, સ્ત્રી લંપટ

રાડબાજી, સ્ત્રી૦ રડીબાજનો જે છદ તે

રાડવુ,ક્રિ૦ અ૦ દપતીમાના એકનુ મરણ થવાથી જે હાલત થવી તે ર મુરબ્બી સરદારના મરણથી રંગ–મઝાનુ જતુ રહેવુ,દયામણ દેખાવુ

રાડવો, વિ૦ જેને બૈરાનીજ પાસે બેસી રહેવુ ગમતુ હોય તે, બાયલો, જનાની ર પુરષાતન વનાનો, નામર્દ

રાડીરાંડ, સ્ત્રી૦ રાડેલી સ્ત્રી, વિધવા ર. નિરાશ્રિત રડીછાડી, સ્ત્રી૦ તજાયેલી ર રડાયેલી [ગાડેલી

રાઢવુ, ન૦ પાણી કાઢવાનુ દોરડુ, રસી

રાંઢો, પુ૦ નાસ્તો, થોડોક ખોરાક લેવો તે

રાણલ,ન૦ જવારા, માતા વાવવા તે, રનાદેવ,જાગ

રાંધણછઠ, સ્ત્રી૦ શ્રાવણ સુદિ અથવા વદિ છઠ, જે દિવસે શીળી સાતમેને સારૂ રાધી મૂકવામા આવે છે તે

રાંધણિયુ, ન૦ રસોડુ, રાધણી

રાધણિયો, પુ૦ રાધનારો, રસોઇયો

રાંધણી, સ્ત્રી૦ રસોડુ ર, રાધવાની ઢબ

રાધણુ, ન૦ જે કઇ રાધવાનુ તે–રાધવુ

રાધવુ, ક્રિ૦ સ૦ ખાવાને સારૂ બાફીને તૈયાર કરવુ,પકવવુ, સીઝવવુ ર અગ્નિની આચથી મેળવણી કરવી 'ગધક રાધવો' ૩ તૈયાર કરવુ

રાપ–ડી, સ્ત્રી૦ કળપી, ડરસણમા ઉગેલુ નકામુ ઘાસ કાઢી નાખવાનુ ઓજાર

રાપવુ, ક્રિ૦ સ૦ રાપડી ફેરવવી, કલપવુ

રાપી, સ્ત્રી૦ચામડા કાપવાનુ મોચીનુ એક ઓજાર, 'ખરપડી કોણ કહે છે કે એ રાપીનો ઘા છે'

રાફડો, પુ૦ ઉધેઇ–કીડી વગેરેએ માટી કાઢી બનાવેલો રાફડો.

રાભો, પુ૦ ખાડો ખોદવાનુ હથિયાર ર રાભો

રા, પુ૦ રાવ, રાજા ર પ્રભુ, ઇશ્વર ૩ સોનુ

રા, સ્ત્રી૦ લક્ષ્મી,પૈસો ર સહાય, વહાર ૩ ફરિયાદ

રાઇ, સ્ત્રી૦ (સ૦ રાજિકા) એક જાતનુ બી એના દાણા ઝીણા ને ઝાખા કાળા રંગના હોય છે એ રસોઇમા, અથાણામા ને ઓસડમા કામ આવે છે રાઇ ચઢાવવી=ઉશ્કેરવુ, તેજ કરવુ રાઇ મરચા પડવા=દેખી ન શકાવુ રાઈ મરચા લાગવા=માઠુ લાગવુ, રીસ ચઢવી

રાઇજગ, સ્ત્રી૦ મોટો સમારભ, વિજયયજ્ઞ.

રાઈતીકેરી, સ્ત્રી૦ રાઇ દીધેની–ચઢાવેલી અથાણાની કેરી

રાઇતુ, ન૦ ચિભડા કાકડી દહિમા નાખી રાઇ ચોળી તૈયાર કરેલો જે પદાર્થ તે ર કોઈની હાની–ખરાબી કરવીતે. રાઇતુ કરવુ –હાનિ અથવા ખરાબી કરવી, કચરી નાખવુ.

રાઇમીઠુ, ન૦ કોઇની નજર દૂર કરવાને રાઇ મીઠુ ઉતારી અગ્નિમા નાખવા તે.ર ઝેર,દ્વેષ,બળાપા

રાઉત, પુ૦ બહાદુર, બાહોશ, હોશિયાર.

રાઉસ, વિ૦ બરાબર, વાજબી, ઠીકઠાક

રાએણ, સ્ત્રી૦ રાયણ, રાણ

રાકા, સ્ત્રી૦ (સ૦) પૂર્ણિમાની રાત, શરદ પુનમ.

રાકેશ, પુ૦ (સ૦) ચદ્ર

રાકાપતિ, પુ૦ (સ૦) પુનમનો ચદ્ર

રાક્ષસ, પુ૦ (સ૦) ભયકર દેખાવનો અને દુષ્ટ વૃત્તિનો મનુષ્ય, દૈત્ય, દાનવ, અસુર. [મનુષ્ય

રાક્ષસગણ, પુ૦ રાક્ષસના સ્વભાવવાળા મનુષ્ય

રાક્ષસણી, સ્ત્રી૦ (સ૦) રાક્ષસની સ્ત્રી. ર. ક્રૂરને ભયકર દેખાવની સ્ત્રી

રાક્ષસી, વિ૦ સખત, જગલી (ઉપાય) ર રાક્ષસે કર્યો હોય તેવી (માયા) ૩ રાક્ષસ જેવુ, અતિ મોટા કદવાળુ, ભવ્ય, જગી ૪ વિકાળ, ભયકર ૪ પાપી, ક્રૂર, ઘોર ૬ નઠાર ૭ કઠોર, કઠણ

રાક્ષી, સ્ત્રી૦ મોની બને બાજુપર જે અણીદાર દાત તે

રાખ, સ્ત્રી૰ કોઇ વસ્તુ બળી ગયાથી તેની જે શેષ રહે તે, ખાખ, ભસ્મ ૨ અ૰ કાંઇ નહિ ધૂળ, ફોગટ ૩ વેશ્યા, રાખેલી સ્ત્રી રાખ ચોળવી=વેરાગી થવુ. ૨ પાયમાલ થવુ રાખ ચોળાવવી–ખરાબખસ્ત કરવુ, નિર્ધન કરવુ રાખ ધૂળ=નકામુ એવુ જે કાંઇ તે રાખ માથે ધાલવી=ખરાબ કામમા આગેવાની લેવી, ખરાબ કૃત્ય કરવુ

રાખડી, સ્ત્રી૰ રક્ષા) સંકટ નિવારણાર્થે હાથે બાંધવાની મંતરેલી દોરી ૨ દહાડાવાળી સ્ત્રીને હાથે ગર્ભના રક્ષણને માટે આશીર્વાદ રૂપ જે દોરો પાંચમે સાતમે મહિને (નણંદ તરફથી) બાંધવામા આવે છે તે ' દુર્બળની દીકરી રાકડી, આચાર કરી બાંધી રાખડી '

રાખ રખાવટ, સ્ત્રી૰ એક બીજાને મદદ કરવાનો વ્યવહાર તે [અણીની વેળા રાખવી તે

રાખપત, સ્ત્રી૰ કોઇની જતી આબરૂ સાચવવી તે,

રાખવુ, ક્રિ૰ સ૰ પાળવુ, રક્ષણ કરવુ. ૨ સંભાળવુ, સાચવવુ; જતન કરવુ ૩ બચાવવુ, ઉગારવુ ૪ પોતાના કબજા–હવાલામા હોવા દેવુ, રોકવુ, ભોગવવુ ૫ ચચરવુ, જાળવવુ, મૂકી છાડવુ, તૈયાર કરી મૂકવુ ૬. બહાર ન કાઢવુ, પાછુ હઠાવવુ, અંદર રહેવા દેવુ ૭ બાકી રાખવુ, છોડી દેવુ, પડવુ રહેવા દેવુ ૮ અટકાવવુ, રોકવુ ૯ જમાવવુ, એકઠુ કરવુ ૧૦ રોકવુ ૧૧ નુકશાન ન થાય તેમ કરવુ

રાખસ, પુ૰ રાક્ષસ રાખસી=રાક્ષસી.

રાખોડી, સ્ત્રી૰ રાખ. રાખોડો=રાખ

રાગ, પુ૰ (સ૰) મધુર લાગે તેવી સૂરની મિલાવટ, ગાવાની તરેહ–ઢબ એ મુખ્ય ૭ છે ' શ્રી, વસન્ત, ભૈરવ, પન્ચમ, મેઘ બૃહનાટ ' અથવા ' ભૈરવ માલકોસ, હિંડોલ, દીપક, શ્રી ને મેઘ મ્હાર, ' તે દરેકને છ છ રાગણી છે, તેથી ૭ રાગ ને છતરીસ રાગણી કહેવાય છે ૨ દેશ દેશમા ગાઇ શકે તેવી જે તરેહ તે; દેશી, ઢાળ, ચાલ. ૩ ધાટી સાદ, અવાજ ૪ રંગવાળો લેપ, સુવાસિત પદાર્થનો લેપ. ૫. કંઠ, અવાજ, સ્વર, રવ, ' રાગ પાગને પારખા, નાડીને બળી ન્યાય, તરવુ તતરવુ ને તગ્કરવુ, એ આઠે આપ કળાય ' ૬ પ્રીતિ, ઇચ્છા, અભિલાષ, મનનો ભાવ. ૭ ગુસ્સો, ક્રોધ, કોપ ' ભાઇતો રાગે ભરાયા છે ' ૮ બેસતુ આવવુ, ગોઠવુ તે રાગે પડવુ=સરાડે ચઢવુ રાગ આવવો–મનવુ રાગ ગાવો–ગાવુ, લલકારવુ રાગ કાઢવો–ગાવુ

રાગડો, પુ૰ લાંબો મોટો સાદ કાઢવો ૨ ભેકડો

રાગણી, સ્ત્રી૰ (સ૰ રાગિણી) રાગની સ્ત્રી

રાગમાળા, સ્ત્રી૰ જેમા ઘણા રાગ સાથે ગાવામા આવે તેવી રચના ૨ કાવ્ય માળા, પિંગળ

રાગી, વિ૰ લાગણીવાળુ, તરત ગુસ્સો થઇ આવે તેવુ ૨ પ્રેમી, અનુરાગી ૩ વિષયી ૪ ગુસ્સે થયેલુ, ક્રોધી. [૨ તેનુ તે ફરી ગાવુ.

રાગોટવુ, ક્રિ૰ અ૰ રાગ કાઢતી વખતે ગણગણવુ

રાગોટો, પુ૰ લહેરમા ગમે તેવી રીતે સાદ કાઢી ગાવુ તે, રાગડો ૨ ભેકડો.

રાઘુ, પુ૰ પોપટ

રાચ, પુ૰ ઘર કામમા વાપરવામા આવતો સામાન ૨ ઓજાર, હથિયાર, રાછ. [થાય છે તે

રાચ, ન૰ વણતા જેના વતી દોરા ઉંચા નીચા

રાચરચીલુ, ન૰ રાચ, ઘર ઉપયોગી સામાન.

રાચવુ, ક્રિ૰ અ૰ ખુશી–રાજી થવુ, પ્રસન્ન થવુ. ૨ સારૂ દેખાવુ, શોભવુ ખીલવુ [હોશિયાર.

રાછ, ન૰ કારીગરનુ વતરણુ, ઓજાર ૨ કાબેલ,

રાજ, પુ૰ રાજા, ભૂપ. ૨ સ્વામી, શેઠ. ૩ વિ૰ રઢિયાળુ, શોભીતુ રાજ આવવુ–રૂતુ આવવો ૨ સત્તા પ્રાપ્ત થવી રાજકરવુ–ઓલવવુ રાજ થવુ =ઓલાઇ જવુ, ગુલ થવુ [માની સુલતાની

રાજક દૈવક, વિ૰ રાજ્યનો કે ઇશ્વરી કોપ, આસ-

રાજકન્યા, સ્ત્રી૰ રાજાની કન્યા, રાજપુત્રી, કુંવરી.

રાજકવિ, પુ૰ રાજાએ આશ્રય આપી પોતાની પાસે રાખેલો કવિ [રાજનીતિ રાજ્ય પ્રકરણ

રાજકાજ–કારભાર, પુ૰ રાજ્ય સંબંધી કામકાજ;

રાજકીય, વિ૰ રાજાનુ ૨ રાજનીતિ, સંબંધી, રાજતંત્રનુ, રાજ પ્રકરણી

રાજકુંવર, પુ૰ રાજકુમાર –કુંવરી=રાજકન્યા.

રાજકુમાર, પુ૰ રાજાનો પુત્ર, રાજકુંવર.

રાજગઢ, પુ૦ રાજાને રહેવાનો કિલ્લેદારી મુકામ.
રાજગરી, સ્ત્રી૦ ડુગળી, કૃષ્ણાવલી, કાંદો, પ્યાજ
રાજગરો, પુ૦ એક જાતનુ ધાન્ય એ ફલાહારમા ખપે છે [રાજ્ય, સરકાર
રાજગાદી, સ્ત્રી૦ રાજાને બેસવાનુ સિંહાસન ૨
રાજગોર,પુ૦ રાજાનો ગોર, રાજ પુરોહિત
રાજચિહ્‌ન,ન૦(સ૦) રાજા છે એમ ઓળખાઈ આવે એવા જે ચિહ્ન–ઠાઠ તે, મુગટ, છત્ર,ચામર, છડી ઈત્યાદિ ૨ રાજ મળવાના જે ચિહ્ન તે ૪ રાજાના સિક્કાની છાપ–નિશાન તે
રાજત, ન૦ રૂપુ, ચાદી
રાજતંત્ર, ન૦ રાજ્યનુ કામકાજ
રાજતિલક, ન૦(સ૦)ગાદી ઉપર બેસતા રાજાના કપાળમા ચાલ્લો કરવામા આવે છે તે [ઘટિત
રાજતુ,વિ૦ શોભતુ, દીપતુ, સુદર ૨ બરાબર,
રાજતેજ, ન૦ રાજ નૂર, રાજાનો ભપકો,
રાજદંડ,પુ૦ રાજાએ કરેલો દંડ અથવા શિક્ષા ૨ રાજાએ હાથમા પકડેલો જે દંડ તે ૨ રાજસત્તા
રાજદરબાર, ન૦ રાજ સભા ૨ ઈનસાફની કચેરી ૩ સરકાર
રાજદરબારી,વિ૦ રાજદારી ૨, સરકારી.
રાજદૂત, પુ૦ રાજાનો એલચી, રાજાનો જાસુસ હજુરિયો [થાય તેવુ વર્તન તે
રાજદ્રોહ,પુ૦ (સ૦) રાજા કે રાજ્યને નુકસાન
રાજદ્રોહી, પુ૦તોફાની, ફિતુરી, હુલ્લડખોર
રાજદ્વાર,ન૦(સ૦) રાજાનુ ન્યાય કરવાનુ સ્થળ ૨ મહેલનો દરવાજો ૩ અદાલત, સરકાર
રાજદ્વારી, વિ૦ રાજા સબંધી, રાજકીય ૨ મોટુ વૈભવી
રાજધાની, સ્ત્રી૦ (સ૦) રાજા રહેતો હોય તે શહેર,સરકારી કામ ચાલતા હોય તે મુખ્ય શહેર,
રાજન, પુ૦ રાજા ૨ હે રાજા ! [પાયતખ્ત
રાજનગર, પુ૦ રાજધાની ૨ મુખ્ય શહેર
રાજનીતિ, સ્ત્રી૦ રાજ્ય ચલાવવા સબધી જે વિદ્યા તે ૨ રાજાએ પ્રજાપ્રતિ ને પ્રજાએ રાજાપ્રતિ આચરવાના જે ધર્મ તે ૩ રાજકાજ
રાજપાટ, ન૦ રાજ્ય, રાજગાદી.
રાજપદ, ન૦ (સ૦) રાજાની જે પદ્દી તે.
રાજપાટિકા, સ્ત્રી૦ સ્વારી. 'જયસિંહ દેવે રાજ્ય પાટિકામાથી પાછા ફરતા શ્રી હેમાચાર્ય જોયા.''
રાજપુત્ર, પુ૦(સ૦) રાજકુવર, રાજકુમાર
રાજપુત્રી સ્ત્રી૦ રાજકન્યા, રાજકુમારી
રાજપુરૂષ,પુ૦ રાજાને રાજ્યકાજમા સલાહ આપનાર ૨ દીવાન, પ્રધાન, વજીર
રાજબીજ, વિ૦ રાજાના વંશમા જન્મેલો;ઉચા કુળમનુ [ભાવ રાખવો તે, વફાદારી
રાજભક્તિ, સ્ત્રી૦ (સ૦)રાજા અને રાજ્ય તરફ
રાજભોગ, પુ૦ મંદિરમા દેવને ધરાવાતો પ્રસાદ, મહાપ્રસાદ. [વાડો
રાજમંદિર–ભવન, ન૦ રાજાનો મહેલ,સરકાર-
રાજમાતા, સ્ત્રી૦ રાજાની મા
રાજમાન્ય, વિ૦ (સ૦)રાજાએ માન્યો હોય તે, રાજાથી પ્રતિષ્ઠા પામ્યો હોય તે, પ્રતિષ્ઠિત
રાજમાર્ગ,પુ૦(સ૦) મોટો રસ્તો ૨ ધોરી રસ્તો
રાજમુદ્રા, સ્ત્રી૦ (સ૦) રાજાની મોહોર,રાજાની છાપ
રાજયોગ, પુ૦(સ૦) ઈશ્વરમા મનને એકાગ્ર કરવાનો માર્ગ તે ૨ રાજા થવાનો જે ગ્રહયોગ તે
રાજરિદ્ધિ, સ્ત્રી૦ રાજ્યની આબાદાની–ચઢતી
રાજરોગ, પુ૦ અસાધ્ય અને લંબાણુ ચાલે તેવો રોગ, ક્ષય [ઋષિ થયેલો ક્ષત્રિય
રાજર્ષિ, પુ૦ [સ૦] ઋષિઓમા શ્રેષ્ઠ તે,તપથી
રાજલક્ષ્મી,સ્ત્રી૦ રાજાની આબાદી,રાજ્યની સમૃદ્ધિ
રાજવણ, સ્ત્રી૦ રાણી, નસીબદાર સ્ત્રી, ઠકરાણુ, સુભાગી અને જાજરમાન સ્ત્રી
રાજવંશી, વિ૦ રાજાના વંશમાનુ, ખાનદાન.
રાજવાણુ, ન૦ દરબાર ૨ હજુરિયા
રાજવી, સ્ત્રી૦ રાજા,મહારાજ 'કુવરબા ! રાજવીને માટે તો ઝંખના કરતા હતા' ૨ વિ૦ રાજાના જેવુ, રાજવૈભવવાળુ
રાજવું, ક્રિ૦ અ૦ શોભવુ, સુંદર દેખાવુ 'તારી ગ્રીવાએ કપોત કણુ રેખા રાજે રે'
રાજવૈદ, પુ૦ (સ૦) રાજાનો અથવા રાજથી પ્રતિષ્ઠા પામેલો વૈદ્ય

રાજવૈભવ, પું૦ રાજ દરબારી ભપકો, રાજ શોભા, રાજાનો ઠાઠ, પ્રભાવ

રાજશ્રિયા વિરાજીત, વિ૦ (સ૦) રાજ લક્ષ્મી વડે શોભિત, મોટી પદ્દીના ભારેખમપણા ને દમ દબાથી શોભિત [રાજા જેવુ

રાજશ્રી (રાજેશ્રી), વિ૦ (સ૦) રાજ્યની લક્ષ્મી,

રાજસ, વિ૦ (સ૦) રજો ગુણવાળુ, આકળુ, ઉગ્રસ્વભાવનુ ૨ વૈભવી, મોજી.

રાજસભા, સ્ત્રી૦ (સં૦) રાજકારભારની મસલત સારૂ જે કચેરી તે. ૨ દરબાર ૩ કચેરી, કોર્ટ

રાજસત્તા, સ્ત્રી૦ રાજાની સત્તા–હકુમત, રાજબળ

રાજસ્તાન, ન૦ રાજાઓનુ રાજ્ય

રાજહંસ, પું૦ (સ૦) ચાચ તથા પગ રાતા ને શરીર સફેત એવો જે હંસ પક્ષી તે

રાજા, પું૦ દેશના લોકનુ સરક્ષણ કરનાર, જેની સત્તાને માન આપી આજ્ઞામા વર્તે છે તે, ભૂપ, નૃપતિ, અધિરાજ ૨ વર્ગ વિષયમા સૌથી જે શ્રેષ્ઠ તે ૩ જેને કોઇ વાતની કાળજી નથી, તેવો ભોળો ઉદાર માણસ 'ભાઇ એ તો રાજા છે' ૪ સ્વામી, માલિક, વડો, મુખત્યાર 'સૌ સૌના ઘરના રાજા' ૫ મુખ્ય, શ્રેષ્ઠ, ખાસ એવુ જે તે **રાજા** જેવુ–નિખાલસ, મોટા મનનુ **યથા રાજા તથા પ્રજા**=જેવો રાજકર્તા તેવીજ તેની પ્રજા **રાજાને ગમતી રાણી ને છાણા વીણતી આણી**–જે જેને પસંદ પડયુ તે ખરૂ [ર્વર્તી રાજા, શહેનશાહ

રાજાધિરાજ, પું૦ રાજાઓનો પણ રાજા તે, ચક્ર

રાજાભોજ, પું૦ (ભોજરાજા ન્યાયી અને ઉદાર હતો તે ઉપરથી) ઉદાર પુરૂષ, પરગજુ માણસ

રાજિ, સ્ત્રી૦ (સં૦) ઓળ, હાર ૨ લેખા, આકો

રાજિત, વિ૦ સુદર લાગતુ, શોભતુ

રાજિયો, પું૦ રાજા, રાજવી ૨ શોકનુ ગીત, મરસિયો

રાજી, વિ૦ (આ૦) ખુશી પ્રસન્ન ૨ કબૂલ, અનુકૂલ [(નોકરી) છોડવા સબધી જે લેખત

રાજીનામુ, ન૦ ખુશીથી કોઇ બાબત છોડી દેવી તે,

રાજીપો, પું૦ રાજીપણુ, પ્રસન્નતા ૨ સમતિ, સુસપ, મનની ઇચ્છા

રાજીવ, ન૦ (સ૦) કમ, પદ્મ [ધિરાજ

રાજેન્દ્ર, પું૦ (સ૦) રાજાઓમા વડો, રાજા

રાજેશ્રી, પું૦ રાજશ્રીવાળુ, વૈભવી ને ઠાઠવાળુ

રાજો, પું૦ નૃપ, ભૂપાળ, મોટો પ્રતાપી માણસ

રાજ્ય, ન૦ રાજાની હકુમતમાંનો પ્રદેશ તે ૨. પ્રજા પાળવા સબધી રાજાની જે સત્તા–ધોરણ તે, પ્રજાના રક્ષણને લગતી ગોઠવણ તે ૩ આપ અખત્યારીનુ જે ચલણ તે "તેના ઘરમા બૈરાનુ રાજ છે"

રાજ્યકૌશલ્ય, ન૦ (સ૦) રાજનીતિ, નીતિજ્ઞતા

રાજ્યતંત્ર, ન૦ રાજકારભાર [પદચ્યુત.

રાજ્યભ્રષ્ટ, વિ૦ ગાદી ઉપરથી ઉઠાડી મૂકેલુ,

રાજ્યમંડળ, ન૦ રાજ્યસબધી વિચારને વ્યવસ્થા કરનારૂ મડળ

રાજ્યાભિષેક, પું૦ રાજ્યપદ ધારણ કરવાનો વિધિ, પટ્ટાભિષેક, ગાદીએ બેસાડવુ તે

રાજ્યાસન, ન૦ રાજગાદી, તખ્ત, સિંહાસન

રાઠોડ, પું૦ રજપુતની એક જાત

રાડ, સ્ત્રી૦ રડ, ગઢ, આસક્તિ "રૂદિયા માહે લાગી છે રાડ, એહ વાતતો કહી દેખાડ–**શામળ.** ૨ લઢાઇ, તકરાર, કજિયો ૩ ચીસ, કીકિયારી, ભયની બૂમ. ૪ ફરિયાદ ૫ ધારો, હોકારો

રાડુ, ન૦ બાજરી જુવારનો સાઠો ૨ તીર, બાણ. ૩ બરૂ ૪ કાંડયાનુ એક ઓજાર

રાઢ, સ્ત્રી૦ રાડ, જુઓ

રાણી, સ્ત્રી૦ (રાજ્ઞી) રાજાની સ્ત્રી ૨ રાજ્ય કરનારી સ્ત્રી. **રાણીનો સાળો**=મિથ્યા ડોળ ઘાલઘાલનાર, શેખાઇ કરનાર **રાણીનો ખટમલ**–રાણીનો સાળો. **રાણીજાઇ**=રાજપુત્રી, રાણીને પેટે જન્મેલી કુવરી **રાણીજાયો**=રાજપુત્ર

રાણીવાસ, પું૦ રાણીઓને રહેવાનો મહેલ, રણ-

રાણીપ, સ્ત્રી૦ રાજીપો [વાસ, જનાનખાનુ

રાણો, પું૦ રજપુત રાજા ૨ મોટો ને પોતાના વર્ગમા શ્રેષ્ઠ તે. ૩ દમામી, ડોળી. ૪ રાજાના ઘરખટલાનો મુખ્ય ખવાસ

રાત, સ્ત્રી (સ૦ રાત્રિ) સૂરજ અસ્ત પામે ને ફરી ઉગે ત્યા સુધીનો જે કાળ તે, નિશા, રાત્રિ, રજની ૨ અ૦ દરકારીથી અથવા તુચ્છકારમા વપરાય છે. "મારી દૈવતરાત જાણે."

રાત આપણા બાપની છે=દિવસે કામ ન થયુ હોય ત્યારે આખી રાત જાગીને કરવાના નિશ્ચય પર આવતા એમ બોલાય છે **રાત દહાડાની** ખબર–શુદ્ધિ સાન, દુનિયાદારીની ખબર, સુખ, દુ ખની ખબર **રાતનો** રાજા=રાતે જાગનાર ૨. ઘુવડ, ચોર **રાતવરત**=રાતને વખતે, કદાપિ રાત્રિએ, ગમે તે વખતે

રાત, પુ૦ વાળ દ નાપિક, હજામ

રાતડ, **સ્ત્રી**૦ લાલાઇ ૨ લાલ જુવાર જે ધાણી ફોડવામા કામમા આવે છે તે ૩ ગાજર ૪

રાતડિયા, ન૦ ગાજર [ખડખડિયા, સુવાળી

રાતડિયો, પુ૦ રાતી જુવાર, રાતડ

રાતડી, **સ્ત્રી**૦ રાત્રિ, રાત, રાતલડી ૨ રાતા ૨ ગનુ

રાતદહાડો, અ૦ રોજ, હમેશ, નિત્ય ૨ ફરી ફરીને, વાર વાર

રાતબ, **સ્ત્રી**૦ (આ૦) વેચનાર તાજેતાજી વસ્તુઓ રોજ મોકલે તેવી કરેલી ગોઠવણ, વારો, નેક રાતબ રાણીને આપવા, આવે તબોળી ઘેર, બીડા બાસઠ પાનના પચાસ પોચાડે ફેર '–**શામળ**૦ ૩

રાતલડી, **સ્ત્રી**૦ રાત [કવિતામા] [સીધુ, ભથ્થુ

રાતવાસો, પુ૦ મુસાફરીમા રાત ગાળવી તે, અન્ય સ્થળે રાત રહેવુ તે [સાથે રહેવુ

રાતવુ, ક્રિ૦ અ૦ સાથે રાતવાસો રહેવુ દપતિનુ

રાતુ, વિ૦ (સ૦ રકત) રક્ત, આતસી ૨ મગ્ન, તલ્લીન, આસક્ત ૩ આકળુ ૪ ઉત્સાહી, ઉમગી (પ્યારમા) **રાતી** રાયણ જેવુ–મજબુત અને તદુરસ્ત (શરીર) **રાતુ** પીળુ થવુ=ક્રોધાયમાન થવુ, 'લાલચોળ થઇ જવુ'

રાતોરાત, અ૦ રાતેજ, રતોવાઈ, રાતમાને રાતમા

રાત્ર–ત્રી, **સ્ત્રી**૦ રાત, નિશા [દાધારગી

રાત્રા–ત્રિકા, **સ્ત્રી**૦ વરઘેલી સ્ત્રી ૨ ત્રણપાયાની,

રાન, ન૦ ઝાડીવાળી મોટી જગા, જગલ, વન ૨ ઝાડવનાનો ઉજડ પ્રદેશ, રણ **રાનરાન** થઈ જવુ–ખરાબખસ્ત થવુ, બેહાલ થઇ જવુ

રાનટી, વિ૦ વનેરૂ, અસભ્ય, જગલી ૨ મૂર્ખ, અવિવેકી [જગલી, તોછડુ, ઉડમગ

રાનવુ, વિ૦ રખડાઉ, વનેરૂ, વગડાઉ ૨ અસભ્ય

રાની, વિ૦ રાનનુ, જગલી. વિવેક વિનાનું, અશિષ્ટ

રાપતો, પુ૦ રિવાજ, રીત 'વલ્લભ કવીશ તોય, રાખુ એક રાપતો.'

રાફ, પુ૦ રાફડો

રાફડો, પુ૦ સાપે પોતાને માટે ભોયમા જે દર પાડયુ હોય તે ૨ ઉધઇનુ ઘર **રાફ ફાટવો**–ખૂબ ઉભરાવુ, ઘણા જણનુ એક સામટુ બહાર [પડવુ

રાબ, **સ્ત્રી**૦ ઘેસ, ભડકુ, કાજી.

રાબ–ડી, **સ્ત્રી**૦ ઓસડિયાની ભુકીને પાણી–દૂધમા ઉકાળી બનાવેલુ પેય, કાજી

રાબડુ, ન૦ રાબડી, રાબડી જેવુ

રાબડિયુ, વિ૦ ઢીલુ રાબ જેવુ

રાબેતો, પુ૦ રિવાજ, ચાલ, નિત્ય નિયમ ૨ હમેશનો જે નેક તે

રાભો, પુ૦ ગામડીઓ, ખેડુત–ગોવાળ

રામ, પુ૦ (સ૦ રમ્–રમવુ) સર્વમા વ્યાપી રહેલો ઈશ્વર ૨ ઈશ્વરના અશ રૂપ જીવ તે ૩ હોશ, ઉમગ, હિમત, દમ "તેનામા કઇ રામ નથી" ૪ આનો 'વ્યાજ રામ ૮ કર્યા છે" ૫ માલ, કિમત 'દુ ખ થાય જાનપર, રામનુ ન રામનુ" **રામરાજ્ય**=સુખને અભયવાળુ રાજ્ય **રામ શરણ** થવુ–મરી જવુ **રામ** રમી જવા–નિર્જીવ થઇ જવુ, ઠડુ પડી જવુ **રામનુ** નામ દો–એ વાત છોડી દો ૨ માયા છોડી દો **રામ** વગરનુ–દમ વગરનુ **રામ** નામે પત્થર તરે–મોટાને નામે બોર વેચાય **રામ** બોલો થવા–મરી જવુ ૨ આવી બનવુ, માયા જવુ છેકજ નુકસાનીમા આવી પડવુ ૩ પડી ભાગવુ, ધમાયનમ થઈ જવુ **રામ** ઠાઠિયુ=સાલપોલિયુ **રામ** ગાડિયુ=વેતા વગરનુ **રામરામ**=જેગોપાલ, છેલ્લી સલામ. **રામ** ચક્કર=મોટુ કુડાળુ, ગોળ ચક્કર

રામકળી, **સ્ત્રી**૦ (સ૦) એ નામની એક સવારની [રાગણી

રામકી, **સ્ત્રી**૦ બાવી, સાધુડી, યોગિની

રામગોવાળિયો, પુ૦ નાગો નાગો ફરતો નાનો છોકરો, નાદાન છોકરો

રામગ્રી, પુ૦ એ નામનો એક રાગ

રામજણી, **સ્ત્રી**૦ નૃત્ય ને ગાન કરનારી સ્ત્રી, તાયફો ૨ ગુણિકા, વેશ્યા [રામચન્દ્રનો જન્મ દિવસ.

રામજયન્તી, **સ્ત્રી**૦ રામનવમી, ચૈત્ર સુદ ૯,

રામડાળી, સ્ત્રી૦ ઠાઠડી, નનામી, કકેંટી, શબવાહિની
રામઢોલ, ન૦ મોટુ નગારૂ પડઘમ, નોબત ર ખૂબ જાડુ બેડોળ દેખાય તે
રામણદીવો, પુ૦ શુભ પ્રસંગે સ્ત્રીઓ માથે મોંડ ઘાલી હાથમા લટકતો દીવો રાખે છે તે, મ ગળ દીવો [આણુ
રામદુવાઈ, સ્ત્રી૦ રામના નામે હુકમ તે, રામની
રામદૂત, પુ૦ હનુમાન ર વાદર
રામદાસિયુ, વિ૦ ગરીબ, ક ગાલ, વિપદ્ ગ્રસ્ત
રામનવમી–નોમ, સ્ત્રી૦ ચૈત્ર શુદ નોમ, રામચ દ્રનો જન્મ દિવસ, રામ જયન્તિ
રામનામ, ન૦ રામનુ ભજન, રામ રામ કરવુ તે "રામ નામ જપના, પરાયા માલ અપના."
રામપગલુ, ન૦ રામના પગલાવાળી ચકતી–મિનાકારી ઘરેણુ
રામપત્રિ, સ્ત્રી૦ એક જાતની ઔષધી.
રામપાત્ર, ન૦ બટેરૂ, ચપણિયુ, કાવલો, શકોરૂ, રામૈયુ ર ઠીકરૂ, તુચ્છ ચીજ તે
રામફળ, ન૦ એક જાતનુ ફળ
રામબાણુ, વિ૦ (સ૦) આબાદ લાગુ પડે તેવુ, ધારી અસર કરે તેવુ, સફળ, અસરકારક 'રામબાણુ ઓસડ.' [ઢાકણું. ર વિ૦ બેડોળ, વરવુ
રામણ બુઝારૂ, ન૦ માટીનું મોટુ જાડુ બેડોળ
રામરસ, પુ૦ મીઠુ, લવણ. ર રામ ઉપરની અત્યત પ્રેમભક્તિ
રામરાજ્ય, ન૦ રામચ દ્રજીનુ રાજ્ય (જેમા સર્વ પ્રજા સુખીને આબાદ હતી) ર જે રાજ્યમા લોકોને ન્યાય છુટ અને સરક્ષણ મળે તે, નિર્ભય રાજ્ય–અમલ
રામરામ, ન૦ સલામ, નમસ્કાર, યથાયોગ્ય, જેગોપાળ, જય ગુરૂ (એક બીજાને મળતી વખને, છુટા પડતી વખતે અથવા કાગળમા લખવાની એક પ્રકારની રીત)
રામરોટી, સ્ત્રી૦ રાધેલા અન્નની ભિક્ષા, તૈયાર રોટલા. ર. માલપુવા [વનિતા, નારી, મહિલા
રામા, સ્ત્રી૦ (સ૦) સુદર મનોહર સ્ત્રી ર
રામાનુજ, પુ૦ (સ૦) વિષ્ણુની ભક્તિવાળો પણ વેદાતના વલણુવાળો એકપથ–સપ્રદાય
રામાયણુ, ન૦ (સ૦) દશરથ પુત્ર રામના ચરિત્રની જે કથા તે ર મોટીને લબાણુ વાર્તા, સસારિક ઝઘડાની કથની [પિછોડી
રામી, પુ૦ માળી, બાગબાન ર રામનામ છાપેલી
રામૈયો, વિ૦ (સ૦ આરામ) સૂઢ વનાનોકોસ રામનુ નામ દઇ ઝીલાતો કોસ
રામૈયુ, ન૦ ચપણિયુ, શકોરૂ, રામપાત્ર
રામોસી વિ૦ એ નામની જગલી લુટારાની એક, જાત ર પગી, ચોકીદાર, પહેરેગીર ૩ પટાવાળો, સિપાઈ
રાય, પુ૦ રાજા. ર ધનવાન પુરૂષ, વૈભવી જન ૩ માનાર્થે વપરાતો શબ્દ
રાયઆબળા, ન૦ મોટા આબળા
રાયકવાળ, પુ૦ બ્રાહ્મણની એક જાત
રાયકો, પુ૦ ભરવાડ, રબારી
રાયજાદુ, વિ૦ સુદર, રૂપાળુ, રાજાને શોભતુ
રાયજાદો, પુ૦ રાજકુવર. –જાદી=રાજપુત્રી.
રાયણુ, સ્ત્રી૦ એ નામનુ ઝાડ ર (તેનું)ફળ, કોકડી
રાયત, સ્ત્રી૦ (આ૦) કિફાયત ર કમી, ઓછુ ૩ આરામ, રાહિયત, વિસામો ૪. ઠડક, ટાઢક.
રાયરક, ન૦ રાજા ને ગરીબ, રક અને તવગર
રાયલુ, વિ૦ આપ નામદારનુ, નામદારને લગતુ 'હુ પણ દાસી રાવલી, બાહ્ય ગહ્યાની લાજ'
રાલ, સ્ત્રી૦ રાળ, એક જાતનો જ્વાળાગ્રાહી ગુદર જે દેવદાર અને એવા બીજા ઝાડોમાથી મળે છે
રાવ, સ્ત્રી૦ ફરિયાદ, અરજ ર સહાય મદદ ૩ ચાડી
રાવ, પુ૦ રાય, રાજા [શબ્દ
રાવજી, વિ૦ ભાટ–બારોટને માનાર્થે બોલાવવાનો
રાવટી–ઠી, સ્ત્રી૦ ડાખલી, ઝરૂખો, ગોખ ર નાનોતબુ
રાવણ, પુ૦ એક રાક્ષસ રાજાનુ નામ ર. વિ૦ મોટુ, કદાવર રાવણ જેવુ=ચઢેલુ–રીસાયલુ ર સૂજેલુ, ફૂલેલુ. ૩ ભારે ને બિયામણુ
રાવણીયો, પુ૦ ગામનો ચોકીદાર
રાવણું, ન૦ રજપુત ઠાકોરની મડળી તે ર નાતનુ પચ, જમાત ૩ એકઠા મળી કસુબા કાઢવા, તડાકા મારવા તે ૪ સિપાઇઓને રહેવાનુ ઠેકાણું.

રાવત, પુ૦ ઘોડેસ્વાર, યોદ્ધો ૨ ચરવાદાર, અશ્વ પાળ, અશ્વરક્ષક, ૩ ચાલાક, બાહોશ
રાવતા, સ્ત્રી૦ (રાય+તા) રાજાની રીત, રાજાને લાયક રીતભાત, રાજાપણુ. ' દ્રોપદી કને જઈ કે' સ્કધ હલાવી હલાવી, ઉત્તર ન આપો, એ શુ ફરેરી રાવતા ' —વલ્લભ
રાવળિયો, પુ૦ એક શુદ્ર જાતિ કેટલાક પાટી વણવાનો અને દાતણ વેચવાનો ને ઢોલીનો ધધો કરે છે
રાવણુ, ન૦ રાવણ્ર્ ૨ જનાનખાનુ
રાશ, સ્ત્રી૦ સરાસરી, મધ્ય પ્રમાણ ૨ રાશિ ૩ ભાગીદારી, મહિયારૂ ૪ ઢગલો, સચય ૫ ભડોળ, મુડી [અનીન, રેન
રાશ, પુ૦ અછોડો, લગામની દોરી–વાધણી,
રાશડી, સ્ત્રી૦ અછોડો, રેન ૨ દોર, જાડીદોરી ૩ રૂપાનો અછોડો [સોળ ફુટનુ માપ
રાશવા, વિ૦ દોરની લબાઈ જેટલુ (છેટુ) ૨
રાશિ, સ્ત્રી૦ (સ૦) નક્ષત્રના જે બાર ઝુમખા તેમાનુ પ્રત્યેક ' મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન મકર, કુભ ને મીન '
રાશિ, પુ૦ ઢગલો, ઢગ ૨ સરખી જાતના અકને પ્રમાણ ગણિતમાં માડવાનો પ્રકાર (ત્રિરાશી, પચરાશી ઇત્યાદિ)
રાશી, વિ૦ ખરાબ, હલકુ, નબળુ
રાષ્ણા, સ્ત્રી૦ એક ઔષધિ, રાષ્ના
રાષ્ટ્ર, પુ૦ (સ૦) દેશ, મુલક ૨ રાજ્ય, સરકાર
રાષ્ટ્રિય, વિ૦ રાજદ્વારી, રાજ્યસબધી. ૨ પ્રજા કીય, પ્રજાનુ
રાસ, સ્ત્રી૦ અછોડો, રેન ૨ (સ૦) ગોળાકારે ફરતા ને ગાતા રમત કરવી તે, ગોળ કુદડી
રાસ, સ્ત્રી૦ સરખાપણુ, મેળ, મળતુ આવવુ તે ૨ સહિયારૂ, પાતયાળુ
રાસ, પુ૦ પ્રાકૃત ભાષામા વીરરસ કાવ્ય
રાસક્રિડા, સ્ત્રી૦ (સ૦) વદ્રાવનમા કૃષ્ણે ગોપી ઓ સાથે રમેલી રમત ૨ કૃષ્ણના જેવી રમત
રાસડો, પુ૦ એક રીતની દેશી, બનેલા બનાવનો ગરબો [બતાવનાર
રાસધારી, પુ૦ ગોપી કૃષ્ણના રાસનો ખેલ કરી
રાસભ, પુ૦ ગધેડો, ખર, ગર્ધભ રાસભી=ગધેડી
રાસમડળ–ળી, ન૦ સ્ત્રી૦ રાસક્રિડા રમનાર
રાસલીલા, સ્ત્રી૦ રાસક્રીડા, જુઓ [માણસો
રાસી, વિ૦ ખરાબ, નરસુ, નઠારૂ
રાસુદો, વિ૦(રાત્રિ+શુન્ય)રાત્રિના પાછલા ભાગમા દેખનાર (રતાધળાથી ઉલટુ) ૨ આધળો
રાસો, પુ૦ વીરરસ કાવ્ય 'પૃથુરાજ રાસો '
રાસ્ત, વિ૦ (ફા૦) ખરૂ, પ્રમાણિક, ન્યાયવાળુ, વાજબી [વટ, વફાદારી
રાસ્તી, સ્ત્રી૦ રાસ્તપણુ, સચ, ઇમાનદારી, સાચ
રાહ, પુ૦ [ફા૦] રસ્તો, માર્ગ
રાહ, સ્ત્રી૦ રીત, તરેહ ૨ ઢાળ, ચાલ ૩ ખોટી થવુ તે, વાટ, ઢીલ ૪ રવાલ, કુદરતી ચાલ 'રાહે રાહે ચાલવા દો'
રાહદારી, સ્ત્રી૦[ફા૦]એક મુકામેથી બીજે મુકામ જવાની, માલ વગેરે લેઇ જવાની રજાચિઠ્ઠી ૨ વટેમાર્ગુ, પ્રવાસી
રાહવટ, સ્ત્રી૦ સ્ત્રી પુરૂષે સસાર માડી રહેવુ તે સહવાસ, લગ્ન હકનો ભોગવટો [કરતુ માણસ
રાહુ, પુ૦ (સ૦) એક ગ્રહ ૨ નડતુ–હરકત
રાળ, સ્ત્રી૦ એક જાતની ઔષધી પદાર્થ, જે અગ્નિના સયોગે જલદીથી બળે છે, રાલ
રાળ, પુ૦ એક જાતનો સિક્કો, ડોલર (સવાબે-અઢી રૂપિયાની કિમત) જાપાન,ચીન ને અમે-રીકામા ચાલે છે
રાળવુ, ક્રિ૦ અ૦ સાફ કરવુ, લીસુ કરવુ ૨ અદર અદર પતાવવુ, માડી વાળવુ, રોળી નાખવુ
રાળો, પુ૦ આડો, આડા થઇ રોઇ ઝઘડો કરી ધાધલ કરવુ તે, રાડો, હઠ, આડાઇ
રિંગણી, સ્ત્રી૦ વેગણનો છોડ, વતાકડી ૨ ડિંગણી, બેઠા ઘાટનુ
રિગણુ, ન૦ વેગણુ, વતાક
રિછ, ન૦ (સ૦ ઋક્ષ)આખા શરીરે જાડા બર સટ લાબા વાળવાળુ ને પાછલા પગ ઉપર ઉભુ રહી શકતુ હિસક પ્રાણી
રિછડી, સ્ત્રી૦ રિછની માદા

રિંછડું, ન૦ રિંછ, જેને શરીરે વળ હોય તે.૨ જંગલી, અસભ્ય [હાના, આનાકાની

રિખવું, ક્રિ૦ અ૦ ઘુંટણીએ હિંડવું, પેટે ચાલવું 'રિખતા આવે રામજી, ચકોર ને જયમ ચંદ'

રિઝાવવું, ક્રિ૦ સ૦ ખુશ કરવું,પ્રસન્ન કરવું

રિણાવટ, પુ૦ (સ૦ અર્ણવ) દરિઓ, સમુદ્ર 'મારા દિલમાં દુ:ખનો આજ રિણાવટ રેળિયોરે' –ભૂમાનંદ [આબાદાની, ઉત્કર્ષ,

રિદ્ધિ, સ્ત્રી૦ (સં૦) લક્ષ્મી, દોલત, વિભૂતિ ૨

રિપુ, પુ૦ (સં૦) શત્રુ, દુશ્મન.૨ ભેદુ;જાસુસ.

રિબાવું,ક્રિ૦અ૦ પીડા પામ્યા કરવું, દુ:ખ ભોગવ્યાં કરવું [મહાવરો

રિવાજ, પુ૦ ચાલ શિરસ્તો. ૨ આચાર ૩ ટેવ,

રિષ્ટ પુ૦ માઠું, ખોટું, નઠારૂં.

રિસામણાં, ન૦ રિસાવવું તે, રીસ, રૂસણું 'રિસામણાં મનામણાં'

રિસામણું, વિ૦ સહેજ વાતે રિસાય તેવું

રિસાવું, ક્રિ૦ અ૦ ગુસ્સે થવું, ક્રોધે ભરાવું,૨ નારાજ થવું ૩ ચિઢાવવું'

રિસામણી, સ્ત્રી૦ એક જાતનો છોડ. લજામણી

રિસાળ, વિ૦ રિસામણું, રિસાળવું

રીખવું, ક્રિ૦ અ૦ દુ:ખી થવું. 'રીખિયો ભક્તિ વિણ જાણું ભાઈ"

રીજ–ઝ, સ્ત્રી૦ ખુશી, આનંદ, પ્રસન્નતા ૨ રીઝયાને બદલે જે આપવું તે, બક્ષીસ, શીખ, ઉપહાર, ભેટ

રીઝવણી, સ્ત્રી૦ ખુશાલી, ખુશ થાય તેમ કરવું તે

રીકઝીક, સ્ત્રી૦ રકઝક, માથાકુટ, તકરાર,કલહ.૨

રીઝવટ, સ્ત્રી૦ રીઝવવાની યુક્તિ–કળા

રીઝવું, ક્રિ૦ અ૦ પ્રસન્ન થવું, ખુશી થવું

રીડ–ઢ, સ્ત્રી બૂમ, ચીસ, સડ, પોકાર.

રીઢું, વિ૦ વપરાઇને મજબુત થયેલું,પાકું.(માટીનું વાસણ.) ૨ દુ:ખ–સખતી વેઠી વેઠી કઠણ થયેલું, ખડતલ, અનુભવી

રીત, સ્ત્રી૦ કામકાજ કરવાનો માર્ગ તે પદ્ધતિ; રૂઢિ, વર્તણુંક ૨. ચાલ, રસમ, શિરસ્તો. ૩ ધારો; નિયમ ૪. પ્રકાર, તરેહ.રીતમાં રહેવું–રૂઢિપ્રમાણે વર્તવું, લોકાચારથી વિરૂદ્ધ ન વર્તવું રીતમાં આવવું–ઠરેલ થવું રીત કરવી–કર કરિયાવર કરવો રીત રાખવી–રિવાજ પ્રમાણે વર્તવું ૨ લેવડ દેવડમાં નિયમિત રહેવું. રીતસર-રિવાજ મુજબ, રૂઢિને અનુસરીને, યથાવિધિ, પદ્ધતિવાર

રીતભાત, સ્ત્રી૦ કરકરિયાવર ૨. ચાલચલણ વર્તણુક. ૩ રૂઢી, રિવાજ. 'બધા દેશની રીતભાત મળતી આવતી નથી.' [રૂઢિ, રસમ.

રીતિ, સ્ત્રી૦ (સં૦) પ્રકાર, આચાર, પદ્ધતિ

રીધ્ધ, સ્ત્રી૦ રિદ્ધિ, જુઓ.

રીપોર્ટ–ટ, પુ૦ (અં૦)હેવાલ, હકીકત ૨.ઢાચણું. ૩ અફવા, લોકવાયકા,

રીમ, ન૦ (અં૦) કાગળના ૨૦ ધા–દસ્તા

રીર, સ્ત્રી૦ રાડ, બૂમ, તીણો દુ:ખનો અવાજ

રીસ, સ્ત્રી૦ ગુસ્સો, ક્રોધ; કોપ ૨. રોષ;ચીઢ,કમન

રુંઆટી, સ્ત્રી૦ કુમળાને છેકજ ઝીણા વાળ.

રુઉં–રુવું, ન૦ કુમળો ને છેક નાનો વાળ

રુંગું, ન૦ રુવાટી ૨ રડવું, રોવું, રૂદન.

રુંછાં, ન૦ નાના તાંતણા, વાળના ગુચ્છ (બ૦ વ૦)

રુંઢમાળ, સ્ત્રી૦ (સં૦) રુંઢવટ.

રુંઢમુંડ, વિ૦ ગોળમટોળ, બેડોળને સ્થૂલ

રુંઢવટ, સ્ત્રી૦ માણસના માથાની ખોપરીનો હાર

રુંઢો, પુ૦ ઉપહાર, ન્યાસ્તો. (કાઠી૦) [ટીકાણું.

રુંધન, ન૦ શ્વાસાવરોધ, ગુંગળાટ. ૨ અટકાવ;

રુંધવું, ક્રિ૦ સ૦ (સં૦ રૂન્ધ્) રૂંધન કરવું, ગુંગળાવવું. ૨ ખાળવું. રોકવું

રુંવાડું, ન૦ રુંઉ;રુંઆટી, રોમ. [રૂંહલું જો.'

રુંહલું, ન૦ રોષ, રીસ. 'પડે કાળાને મનમાં

રુઆબ, પુ૦ (ફા૦) મોટો દેખાવ ૨ ભપકો,ડોળ

રુઇએ, અ૦ રીતે, પેઠે; રૂએ, પ્રમાણે, ચારસ્તે.

રુઇદાર, વિ૦ રૂથી ભરેલું, રૂએલ.

રુઆટી, સ્ત્રી૦ ઝીણા સુંવાળા વાળ, રુવાં

રુકકો, પુ૦ (ફા૦ રૂક્અઃ) ટુકી ચિઠ્ઠી; સંક્ષેપમાં લખેલી કોઈ મતલબ

રુચિ, સ્ત્રી૦ મનનું વલણ, ઇચ્છા, ભાવ. ૨ તાલ; રૂખ, પ્રસંગ,સમયે જે અનુકુળ પડે તેની તજવીજ

રુખડું, ન૦ ઝાડ, વનસ્પતિ. ૨. કાપ, તરી.

રુખસત, સ્રી૦ (આ૦) રજા, છુટી ૨ બરતરફી, ખડખડિયુ [ગમતુ, ફાવવુ
રુચવું, ક્રિ૦ અ૦ ભાવવુ, પસદ પડવુ, ઠીક પડવુ,
રુચી, સ્રી૦ (સ૦) સ્વાદ લાગવો તે, ભાવવુ-ગમવુ તે ૨ ઇચ્છા, મરજી, ભાવ ૨ મન, સ્વાદ ૩ તેજ, પ્રભા, કાંતિ [૨ સ્વાદુ
રુચિકર, વિ૦ (સ૦) સુદર, મનોહર, મનોરજક
રુચિર, વિ૦ મધુર, સ્વાદુ ૨ મનોહર, દિલપસદ, દિવ્ય
રુજુ, વિ૦ (સ૦) સરળ, સીધુ ૨ કોમળ, નરમ
રુજવાત, સ્રી૦ રજુઆત, રજુ કરવુ તે, નિવેદન
રુઝવું-ઝાવુ, ક્રિ૦ અ૦ ઘા પુરાવો, ઘા-ગુમડા ઉપર નવી ચામડી આવવી, દરદ મટવુ
રુઠવુ, ક્રિ૦ અ૦ ગુસ્સે થવુ, કોપ કરવો, નાખુશ થવુ. (એનુ ઉલટુ ત્રુઠવુ)
રુડુ, વિ૦ સારૂ સુદર, મજેનુ ૨ યોગ્ય, લાયક, ૩ સુદર, સુશોભિત ૪ ભલુ, સારૂ સૌ રુડા વાના થશે-સારૂ થશે
રુણ્ડ, ન૦ (સ૦) ધડથી જુદુ પડેલુ માથુ, ડોકુ
રુદન, ન૦ (સ૦) રડવુ તે, વિલપન આક્રદ
રુદય, ન૦ હૃદય, મન, અત કરણ
રુદ્ર પુ૦ (સ૦) શિવ, શિવનુ ભયકર એક સ્વરૂપ
રુદ્ર, વિ૦ અગિયારનો સકેત ૨ ઉગ્ર, ભયકર
રુદ્રતાલ, પુ૦ (સ૦) ગાયનના તાલમાનો એક
રુદ્રાક્ષ, સ્રી૦ (સ૦) એક જાતના વૃક્ષનુ બી
રુદ્રી, સ્રી૦ શિવ-રુદ્રનો સ્તુતિ પાઠ, જે અભિષેક કરતા ભણવામા આવે છે તે
રુધિર, ન૦ (સ૦) લોહી રક્ત
રુબરુ, અ૦ (આ૦) મોઢામોઢ, સમક્ષ સામે
રુમઝુમ, અ૦ ઝીણી ફરફરે થોડો થોડો પણ ઘણીવાર વરસાદ વરસતો હોય તેમ. ૨ ઠમક ઠમક ચાલતા ઘુઘરીઓનો અવાજ ચાલુ હોય તેમ
રુમટુ, ન૦ રૂવાટી ઝીણુવાળ [નળી
રમઠી, સ્રી૦ શરીરમાથી લોહી ખેચી કાઢવાની
રમી મસ્તકી, સ્રી૦ એક જાતનો ગુદર, ઔષધિ
રુવાટી, સ્રી૦ રુઆટી, જુઓ
રૂ, ન૦ કેટલીક વનસ્પતિના ડિડવામાથી નીકળતો કુમળો તતુરૂપ પદાર્થ, તુર (કપાસ, આકડો, શિમળો વ૦)
રૂઆબ, પુ૦ ભભકો, દમામ, તોર, રોફ
રૂઇએ-રૂએ, અ૦ મારફતે, વડે ૨ પેઠે, રીતે.
રૂએલ, વિ૦ રૂવાળુ, રૂ ભરેલુ તેવુ
રૂકાર, પુ૦ હા પાડવી તે, કબુલાત
રૂક્ષ, વિ૦ (સ૦) ખડબચડુ, કર્કશ ૨ કઠોર, કઠણ
રૂક્ષત, સ્રી૦ કઠણાશ, ૨ રુખસત
રૂખ, સ્રી૦ અટકળ, અનુમાન, કયાસ, તર્ક (બજાર ભાવ સબધી) ૨ સારો વખત, પ્રસગ, લાગ, અનુકૂળતા, મોખ, ૩ વલણ, હેતુ "રાણીની જાણી રૂખ, મરજી કીધી રે"
રૂખ, પુ૦(ફા૦ રૂખ-ચહેરો) ચહેરો, સુરત, શિકલ
રૂખી, પુ૦ (સ૦ ઋષિ) ઋષિ, સત
રૂઝ, સ્રી૦ ચામડી આવવી તે, અકુર, ભોય
રૂઝવુ, ક્રિ૦ અ૦ ઘાનુ પુરાવુ, અકુર આવવો. ૨ સાતા વળવી, આરામ થવો [કમી થવુ
રૂઝાવુ, ક્રિ૦ અ૦ રૂઝવા માડવુ, પુરાવુ ૨ દરદ
રૂઢ, વિ૦ (સ૦) વ્યવહારમા ચાલુ, લોકપ્રસિદ્ધ, વપરાઇને સિદ્ધ થયેલુ [રીત તે, રિવાજ, રવૈયો.
રૂઢિ, સ્રી૦ (સ૦) વહેવારમા ચાલતી આવેલી
રૂણ, ન૦ (સ૦) દેવુ, કરજ
રૂતુ, સ્રી૦ (સ૦) મોસમ, તક ૨ પ્રસગ, તાકડો ૩ હવાપાણી, આબોવા, દેશપ્રકૃતિ. રૂતુ આવવો=
રૂતુરાજ, પુ૦ વસત [અળગું ચઢવુ
રૂપ, ન૦ (સ૦) ચહેરો, દેખાવ, આકાર. ૨ શિકલ, રૂપરેખા, મુખવટો ૩ વલણ, ગતિ. "કેસનુ રૂપ કેવુ છે?" ૪ નિયમ, પ્રકાર, રીતિ, વિધી, ક્રમ, મર્યાદા ૫ સૌંદર્ય, શોભા, કાન્તિ ૬ સ્વભાવ, ધર્મ, પ્રકૃતિ
રૂપ, વિ૦ જેવુ, મળતુ, સમાન, સરખુ, મય.
રૂપક, ન૦ (સ૦) એક વાતને એકાદુ નવુ રૂપ આપવુ તે, ઉપમા ૨ એક અર્થાલકાર ૩. ખેલન, નાટક ૪ ગાયનનો એક તાલ
રૂપરગ, ન૦ ઘાટ, આકાર અને રગ
રૂપવંતી, વિ૦ ફુટડી, રૂપાળી, ખુબસુરત.
રૂપાળુ, વિ૦ સુદર રૂપનું, શોભિતુ, સુશોભિત.

રૂપિયો, પુ૦ રૂપાનો ચલણી સિક્કો, ૧૬ આના ૨ લક્ષ્મી, ધન ૩ ચાર પાખડીનુ ડાલુ,ઘોડો

રૂપી, પુ૦ સરખુ, જેવુ ૨ સબધી, લગતુ "સસારરૂપી બહુ પીડા છે"

રૂપુ, ન૦ (સ ૦ રૌપ્યમ્) એક જાતની સફેત ચળકતી ધાતુ, રજત, ચાદી

રૂપેરી, વિ૦ રૂપા જેવુ; રૂપાનુ

રૂબરૂ, અ૦ હજુર, સન્મુખ, સામે, સમક્ષ

રૂમવુ, ક્રિ૦ અ૦ તાનમા ચઢી ફાવે તેમ બોલવુ ચાલવુ ૨ ઘૂમવુ, માલવુ, ૩ લડવુ, ગાડાની માફક માર માર કરવુ [મલકાટ!

રૂમાટ, પુ૦ રૂમવાનો તોર, આનદ અભિમાનનો

રૂમાલ, પુ૦ (ફા૦) હાથ મો લૂછવાનો લુગડાનો કડકો, અગુછો, હજુરિયો

રૂલ, સ્રી૦(અ ૦) સામાન્ય નહિ પણ વિશેષ એવો ઠરાવ ૨ નિયમ, કાયદો, કાનુન ૩ શિરસ્તો.

રૂલ-૨, સ્રી૦ (અ ૦) લીટી દોરવાનો ગોળ ઘાટ,

રૂવાન, ન૦(ફા૦ રવા) શબ, મડદુ. [આકણી.

રૂવુ, ન૦ ઝીણો છેક નાનો વાળ, રૂછ

રૂવો, પુ૦ ચોરસ લોખડનો વચમા ખાડાવાળો કકડો જેમા બારણુ બેસાડવામા આવે છે તે

રૂસવાઇ,ન૦અપમાન, માનભગ, ફજેતી,બદનામી

રૂશ્વત, સ્રી૦ લાચ રૂશ્વતખોર=લાચિયો

રૂહ, પુ૦ (આ૦) જીવાત્મા; પ્રાણ.

રેંકળો-ડો, પુ૦ એક જાતની બળદની ગાડી ૨ મોટો ઘાંટો કાઢીને રડવુ તે, ભેકડો

રેંકવુ, ક્રિ૦ અ૦ ગાય ભેસનુ બરાડવુ,આરડવુ

રેગણુ, ન૦ વતાક

રેજીપેજી, વિ૦ હોશ વગરનુ, નમાલુ, નબળુ, પોચુ, ગરીબ. [જે ચક્કર તે

રેંટ, પુ૦ કુવામાથી પાણી કાઢવાનુ ઢોચકાવાળુ

રેંટમાળ,સ્રી૦રેંટના ઢોચકાઓની જે ફરતી હાર તે ૨ અસ્તોદય, ચઢતી પડતી, તડકો છાયડો,ઘટમાળ

રેંટિયો, પુ૦ કાતવાનુ એક યત્ર

રેંટો, પુ૦ ઉપવસ્ત્ર, પછેડી "માથે બાધી પાઘ સુનેરી, રૂડો રેંટો ઓઢી, મન લલચાવતીરે"-દયા૦ ૨ ફેંટો મોળ.

રેઢવુ, ન૦ રેંઢળુ, ગાડુ, શકટ.

રેડલો, પુ૦ રેલ્લો [મેળવણી.

રેણ, ન૦ દામણ સાધવાની ધાતુ અને ખારની

રેલ્લો, પુ૦ જુવાન વાછરડો, ગોલ્લો રેલ્લી=નાની ગાય, વાછરડી

રેસવુ, ક્રિ૦ મારી નાખવુ, કતલ કરવુ, ફાડી ચીરી નાખવુ, રેસી નાખવુ=ઝબ્બે કરવુ

રે, અ૦ ઓ, હે, અરે. એ શબ્દ કોઇને બોલાવતા, નિસાસાનો ઉદ્‌ગાર તરીકે, તેમ કવિતામા પદને છેડે નિરર્થક લગાડે છે

રેખ, સ્રી૦(રેખા) લીટી, આંકો. ૨ લગાર, જરાકે, કિંચિત્ "ભેખ ધર્યો પણ રેખ ન સમજ્યો, સંત સાધુની રીત" ૩ કરચ, કકડી, રજ ૪ વળ, વળિયુ ૫ જડ, દાતમા જડાવેલી ઝીણી ટપકી.

રેખતો, પુ૦ (ફા૦) ફારસીને ઉર્દૂ કવિતાનો ઢાળ, ગાવાની એક તરેહ.

રેખાશ, પુ૦ (સ ૦) પૃથ્વીના ગોળા ઉપર એક સ્થળેથી બીજા કોઇ પણ સ્થળનુ પૂર્વ પશ્ચિમ રેખાએથી મપાતુ જે અતર તે. (રેખાશ ગણવાને હિદી જોશીઓએ ઉજ્જન રાખ્યુ હતુ. હાલ અગ્રેજોએ ગ્રિનિચ રાખ્યુ છે)

રેખા, સ્રી૦ લીટી, આંકો ૨. હથેળીમાનો કાપો, શુભાશુભદર્શક ચિહ્‌ન ૩.વિષુવવૃત્તને કાપતી એક ધ્રુવથી બીજા ધ્રુવને મળતી જે લીટીઓ તે,દક્ષિણોત્તર સૂત્ર

રેચ, પુ૦ (રેચન) પેટમાનો મળ ઝાડાની વાટે પાતળો થઇ બહાર નીકળવો તે; જુલાબ;વિરેચન ૨ મળ સારક ઔષધ,જુલાપ.૩ (લાક્ષણિક)ધમકી, ડર બતાવવો તે.

રેચક, વિ૦ (સ ૦) રેચ આવે તેવુ, સારક.

રેચકુ, ન૦ મમરો, ફેલુ, ફડકુ; સળી.

રેજ, અ૦ તાબે, હવાલે. ૨ પરાજિત. [દાવ'

રેજી, વિ૦ રેજવાળુ, જોડકાનુ 'છક્કે રેજી સાતનો

રેજુ ન૦ બેલુ, જુગ, સરવાળે બે તે.૨ ખેલવાનો એક દાવ ૩ કુમતુ, ફેંટાનો ઉડતો રહે તેવો છેડો, કલગી ૪ ભાલા ઉપરનો વાવટો. રેજા ઉડાવવા -મોજ મારવી, ગમત કરવી.

રેજો, પુ૦(ફા૦) સુતરાઉ અથવા રેશમી કાપડનો કકડો, ખડ. ૨ ધાતુ ગાળવાની કુલડી.
રેટો, પુ૦ નાની પાઘડી [આશ્રમ
રેઠાણુ, ન૦ રહેવાનુ ઠેકાણુ, મુકામ, વાસ. ૨
રેડ, સ્ત્રી૦ પુઠ,પાછળ પડવુ તે, કેડો, અનુસરણુ
રેડવવું, ક્રિ૦ સ૦ ચલાવી-નિભાવી લેવુ ૨ ગબડાવવુ, રગડાવવુ
રેડવું,ક્રિ૦ સ૦ એકાદા પ્રવાહીને ઉચેથી નીચે પડે તેમ કરવુ, ધધુડો-દદૂડો કરવો પાણી રેડવુ-(દેવતા) હોલવવુ, શાન્ત કરવુ ૨ નહાવાનું પાણી કાઢવુ નામપર પાણી રેડવુ—નામ કલંકિત કરવુ ૨ નામ ન દેવુ
રેઢિયાળ, વિ૦ ૨ખડતુ, ભટકતુ, હરાયુ ૨.નમાલુ રેઢિયાળ ગાડુ-ધીમે ધીમે થતુ કામ
રેઢિયાણુ, વિ૦ કદરૂપુ, નરસુ ૨ ઉપલકિયુ
રેઢિયુ, વિ૦ જાડુ,ધટ 'રેઢિયો કસુઓ' [ધટ
રેઢુ, વિ૦ ૨ખડતુ, છુટું; સંભાળ વગરનુ ૨ જાડું,
રેણ, સ્ત્રી૦ (સ૦ રજની) રાત,રાત્રિ 'ઝાઝી રેણ ગઈ જગજીવન, તેણે નિંદ ખુમારી'-બ્રહ્મા૦ ૨ રેણુ, રેત ૩ પગની ધૂળ, રજ ૪ રેણુ
રેણી, સ્ત્રી૦ સંસારમા રહેવાની રીત, આચાર, વર્તણુક 'કુણી તેની રેણી' ૨ રાત્રિ
રેણુ, સ્ત્રી૦ ધૂળ, રજ
રેણુકબીજ, ન૦ એક જાતની ઔષધી
રેત, ન૦ (સ૦) ધાત, વીર્ય ૨ સ્ત્રી૦ રેતી
રેતડી, સ્ત્રી૦ અતરડી, કાનસ
રેતદાની,સ્ત્રી૦ જેમા રેતી ભરી હોય તે પાત્ર, રેતિયુ
રેતરડી, સ્ત્રી૦ લુહાર સોની ઈ૦ નુ ધાતુ ઘસવાનુ ઓજાર, કાનસ રેતડો=મોટી કાનસ
રેતવી-તાળ, વિ૦ રેતીનો ભેગ હોય તેવુ કણુદાર
રેતિયુ, ન૦ રેતદાની, રજિયુ
રેતી, સ્ત્રી૦ નાની નાની કાકરીઓવાળી ધૂળ, કણુદાર રજ રેતીમા નાવ ચલાવવુ-પોલ પોલ ચલાવવુ, મમજવામા ન આવે એવા કામ કરવા
રેથળ, પુ૦ કુબો ૨થડ, થાપ
રેન, સ્ત્રી૦ રાત, રજની ૨ લગામ, રાશ
રેફ, પુ૦ (સ૦) જે રકાર પાસેના અક્ષર સાથે જોડાતા તેને માથે ( ) લખાય છે તે 'વર્ષ,દર્શન.'
રેકુ, પુ૦ બાતમીદાર, દૂત, જાસૂસ
રેલ, સ્ત્રી૦ ઘણો વરસાદ પડવાથી નદીમા પાણી વધી જવુ તે,પૂર ૨ પુષ્કળપણુ, છોળ ૩ લોઢાની સડક, આગગાડી ૪. લોઢાનો પાટો
રેલછેલ, સ્ત્રી૦ પુષ્કળપણાની છોળ, ભરચક, લેલુટ, સમૃદ્ધિ 'નાણાની રેલછેલ'
રેલવે, પુ૦ (અ૦) લોઢાની સડકનો રસ્તો
રેલવુ, ન૦ (રેલ+વહેવુ')પાણીનો સાપ, પાણીમા તરતો સાપ
રેલવુ,ક્રિ૦સ૦ રેડવુ, રેલો ચાલવો, વહેવુ 'વહાલા તો વેરી થઈ બેઠા દુ ખના ડુગર રેલ્યા'-ગોવિંદ ૨ ફેલાવુ, પથરાવુ ૩ દુર કરવુ, કાઢી નાખવુ, 'આવ્યા વહાલો ફુલી અલબેલી, ગ્રેહ દુ ખ નાખ્યુ છે રેલી'-દયા૦૪.જવુ,પરવરવુ "જોરથી ઝાલિયા ખધપર ઘાલિયા, રોળિયા રોષે ને રેણે રેલ્યો'—શામળ.
રેલાવુ', ક્રિ૦ અ૦ ફેલાવુ પસરી જવુ 'સતીપણુ રેલાયુ એના રૂપમા રે' ૨ દદડવુ રેલા ચાલવા
રેલિયુ, વિ૦ રેલ સંબધી, રેલમા ખેંચાઈ આવેલુ ૨ રેલા નીકળતા હોય તેવુ 'રેલિયો ગોળ'
રેલો, પુ૦ એકાદા ઢીલા પ્રવાહીનુ વહેવુ તે;પ્રવાહ, ધાર, દદુડો
રેવચી,સ્ત્રી૦ એક જાતની વનસ્પતિનો રસ રેવંચીનો સીરો-દૂધમા રાધીને તે રસના બનાવેલા ગાગડા તે
રેવડી,સ્ત્રી૦ ખાડની ચાસણીમા તલ નાખી પાડેલી ચકતીઓ ૨ [લાક્ષણિક] ફજેતી, ફજેતીનો શબ્દ, રેવડી ઉડાવવી=ફજેતી કરવી આબરૂ ધૂળ ધાણી કરવી રેવડી દાણાદાણ થવી=આબરૂના કાકરા થવા, ફજેતી થવી ૨ ખરાબખસ્ત થઈ જવુ, રેવડીના પેચમા લેવુ=ફસાવવુ,સપડાવવુ ,આટીમા લેવુ [દાળ
રેવતી, સ્ત્રી૦ (સ૦) ૨૭ મુ નક્ષત્ર ૨ તુવેરની
રેવન્ત, પુ૦ ઘોડો, હય, અશ્વ [કિસ્ત, વસુલાત
રેવન્યુ, સ્ત્રી૦ (અ૦) જમીનના કરની મહેસુલ,
રેવવુ, ક્રિ૦ સ૦ સાંધો કરવો, ઝાળવુ

રેશ, વિ० (સ०) જરાક, કિંચિત, લગાર 'છિદ્ર જોઇ કળિ ફરતો, માર્ગ મળિયો રેશ'—ભાલણ

રેશમ, ન० [ફા० રશ્મિ—કીરણ] એક જાતના કીડાની લાળના નિકળતા તતુઓ, હીર રેશમની ગાઠ—ન છુટે તેવી ગાઠ—સંબધ

રેશમી, વિ० (ફા०) રેશમનુ, હીરાગળ.

રેષા, સ્રી० (સ०) લીટી, રેખા ૨ ફળની અદરના તતુઓ નસ

રેસ, સ્રી० એક રૂપિયાનો ચારસોમો હિસ્સો

રેસ વિ० રેશ, જરા, લગારેક, કિંચિત [નસ

રેસા, પુ० [રેષા] ફળમા છેક પાતળા તતુઓ, તાર,

રેહણી, સ્રી० રેણી; રહેવાની રીત

રેહેમ, સ્રી० કૃપા, દયા, મહેરબાની

રેળવુ, ક્રિ० સ० સમાધાન કરવુ રેળી નાખવુ

રૈયત, સ્રી० [આ०] લોક પ્રજા; જનસમૂહ, દેશની

રોખણી, સ્રી० સુતારનો રદો [વસ્તી

રોંખણુ, ન० લાકડા—પત્થર ઉપર આકા પાડવાનુ ઓજાર, ટાકણું

રોંખવુ, ક્રિ० સ० રદો મારવો, સાફ કરવુ

રોંચુ, વિ० ગામડિયુ, અસભ્ય [મીઠુ કરવુ તે

રોઢો, પુ० ત્રીજા પહોરનુ જમણુ ૨ વાળુ.૩ મો

રોક, વિ० રોકડુ તરત રજુ થાય તેવુ

રોક, સ્રી० રોકવુ તે, રોકણી, રોકાણ

રોકકળ, સ્રી० રડારડ, વિલાપ, આક્રદ [સંબધી

રોકડ, વિ० રોકડુ ૨ રોકડી આપ લેના હીસાપ

રોકડ, સ્રી० નાણુ, રોકડા પૈસા [ચોપડી.

રોકડમેળ, પુ० રોકડેથી આપ્યા લીધા ના હિસાબની

રોકડિયુ, વિ० ઉધાર નહિ તેવુ, તરત નાણુ લે તેવુ ૨ હાજર જવાબી, તરત જવાબ દે તેવુ, હાજરાહજુર

રોકડી, સ્રી० તરતજ આપી દેવામા આવતી મજુરી.

રોકડુ, વિ० તરત આપેલું એવુ, તરત નાણુ આપવુ પડે તેવુ (કામ) ૨ હાજરાહજુર, તરત જવાબ આપે તેવુ ૩ ચોકખુ, સ્પષ્ટ

રોકણી, સ્રી० અટકાવ, પ્રતિબધ; અવરોધ ૨. રોકી રાખવુ તે, ખોટી.

રોકવુ, ક્રિ० સ० અટકાવવુ; ખોટી કરવુ, થોભાવવુ ૨ અડચણ કરવી, ખાળવુ, ખલેલ કરવી, વિઘ્ન કરવુ. (કામ કરતા) ૩ ઘેરી લેવુ આતરવુ ૪ નોકરીમા રાખવુ, કામે લગાડવુ.પ.પૈસા મૂકવા

રોકાણ, ન० અટકવુ પડવુ તે, ખોટી રહેવુ પડવુ તે ૨ અડચણ, બાધા ૩ દબાણ, ઘેરી—આતરી લેવુ તે [કામમા હોવુ ૩. ઘેરાવુ, ખાળવુ

રોકાવુ, ક્રિ० અ० અટકવુ, ખોટી થવુ ૨ ગુથાવુ,

રોકુ, વિ० અમુકના જેવુ, સરખુ, સમાન

રોકુટ, સ્રી० કલ્પાત; આક્રદ

રોખ, વિ० રોક; રોકડુ [દમામ, રોફ, ભભકો.

રોખ, પુ० [સ० રોષ] ઇચ્છા, આકાક્ષા. ૨

રોખણુ, ન० બખેડો, ફિસાદ, કજિયા ટટામા લોકનું ભેગું થવુ તે ૨ બોધાર

રોખુ, વિ० પ્રમાણે, પેઠે, અમુક જેટલી કિમતનુ

રોખુ, ન० બળતણ, લાકડા

રોગ, પુ० (સ०) શરીરની પ્રકૃતિમાં જે વિકૃતિ થાય છે તે, દરદ, આજાર, વ્યાધિ; વિકાર ૨ રીસ; બળિયેલપણું, ધુધવાતાપણુ.

રોગચાળો, પુ० ફેલાતો રોગ, ચેપી વિકાર

રોગસાઈ, સ્રી० રોગ અને બીજા ભૂત—મેલા વગેરેની પીડા

રોગાન, ન० (ફા०) એક જાતનો તેલ, સીણ, રાળ ૪૦ ના મિશ્રણવાળો ચિકણો ચકચકતો પ્રવાહી, વૉરનીસ, રોગાન ચઢાવવો—ર ગવુ; ૨ ટાપટીપ કરવી, —પર ઢાક પિછોડ કરવો રોગાન ફરવુ— ખરાબ થવુ, નુકશાન થવુ

રોગિયુ—ગીલુ, વિ० રોગી; માદુ, આજારી

રોગિષ્ઠ, વિ० (સં०) રોગી શરીરની પ્રકૃતિવાળુ

રોગી, વિ० રોગવાળુ, દરદી આજારી, માદુ

રોગો, પુ० ચુનો [રુચિકર, પ્રકૃતિને અનુકૂળ.

રોચક, વિ० (સ० રુચિ) સ્વાદિષ્ટ, લહેજતદાર,

રોચડી, સ્રી० જુઠુ, લુચ્ચાઇ, અણુચી

રોજ, પુ० (ફા०) દહાડો, દિવસ ૨ મજુરી, કારીગરની એક દહાડાની મહેનત, મુસારો

રોજ, અ० (ફા०) દરરોજ; હમેશ, નિત્ય, અખ્પટ

રોજઅવવું, ક્રિ० અ० રોવુ આવવુ, રડવુંઆવવુ

રોજગાર, પુ० (ફા०) ગુજરાનને માટે જે ધધો

ચાકરી તે, ઉદ્યમ, કામ ૨, કસબ, વ્યવહાર,વૃત્તિ
રોજગારી, વિ૦ વ્યવસાયી, ધંધાર્થી ૨ સ્ત્રી૦ ધંધો, વેપાર ૨ આજિવિકાનુ સાધન
રોજનામુ, ન૦ (ફા૦ રોઝ+નામેહ) રોજમેળ, રોજના રોજ લખાતો હિસાબ તે
રોજનિશી સ્ત્રી૦ (ફા૦) દરરોજના કામની નોંધ વહી ૨ ડાયરી,નિત્ય નોંધ [હોય તે ચોપડો
રોજમેળ,પુ૦ દરરોજનો જમે ઉધાર જેમા લખાતો
રોજરોજ, અ૦ હમેશ નિત્ય, દરરોજ
રોજિન્દાર, પુ૦ રોજના મુસારે આવતો મજુ, રોકડીએ આવતો મજુર
રોજી, સ્ત્રી૦ જે ધંધા-રોજગાર ઉપર ગુજરાન ચાલતુ હોય તે ૨ ગુજરાન, આજીવિકા ૩ પેદાશ, રોજની આવક
રોજો, પુ૦ (ફા૦) મુસલમાની દીનમા કહેલો દિવસનો ઉપવાસ તે ૨ મોટા ને ધાર્મિક મુસલમાનની સમાધ, કબર
રોઝ, ન૦ પુ૦ એક જાતનું ઘોડાને મળતુ વગડાઉ પશુ ૨. ઉંડી સમજ વગરનુ, જડભરત,જંગલી
રોટલી, સ્ત્રી૦ અનાજના લોટની પાતળી ગોળ વણેલી ચીજ પાતળી ભાખરી, ૨ આજીવિકા, પોષણ, ગુજરાન.
રોટલો, પુ૦ મોટી ને બહુ જાડી રોટલી ૨ ગુજરાન, આજીવિકા **રોટલો** વાળવો=મેવડ વાળવુ, બગાડી નાખવુ, ચુથી નાખવુ **રોટલા** થવા-પેચ થતી વખતે જ્યારે બને કનકવા એકઠા થઇ જાય છે ને બનેનો રોટલા જેવો વાટ થાય છે ત્યારે તેના રોટલા થયા એમ કહેવાય છે **રોટલા** ભેગા થવુ-ખાવાની તક મળવી, આજીવિકામળવી **રોટલે** રડતી-કંગાળ,નાદાર
રોઠુ વિ૦ કોચુ, પાકના પહેલાજ સુકાઇ ગયેલુ, ચીમળાયેલુ ૨ તુરૂ
રોડ, વિ૦ રગડા જેવુ, ગાઢુ ૨ (અ૦) માર્ગ
રોડુ, ન૦ ઇટાળો, ઇંટનો કકડો ૫પોયો
રોડુ, ન૦ મોટુ છાણુ ૨. રોડુ ૩ વિ૦ રખડતુ, હરાયુ
રોઠો, પુ૦ મોટો ને સુકો લોચો, દગડ

રોણ, ન૦ જોશમા ચાલતો કજીઓ, ફિસાદ, બખેડો ૨ રાતની ચોકી [સાજમા રડી પડે તેવુ
રોતડુ, વિ૦ રડકણુ, બહુ રોનારૂ ૨ સહેજ-
રોદણા ન૦ વિતકડા, દુખની વાત
રોદન, ન૦ (સ૦) રડવુ તે, આક્રંદ
રોદો, પુ૦ ખાડો, ગર્ત
રોધ, પુ૦ (સ૦) અટકાવ, ખાળો ૨ વિરોધ.
રોધવુ, ક્રિ૦ સ૦ અટકાવવુ, ખાળવુ, ૨ ગોંધવુ, રૂંધવુ, રોકવુ, ઘેરવુ
રોન, સ્ત્રી૦ (અ૦ રાઉન્ડ) બે ચાર સિપાઈઓએ સાથે રાતે ચોકી માટે ફરવુ તે, રાતની ચોકી
રોનક, સ્ત્રી૦ (ફા૦) ઝલેહ, તેજ ૨ રચનાની શોભા, છટા, ભપકાદાર દેખાવ ૩ નોખ.
રોનકદાર, વિ૦ છટાદાર સુશોભિત, ઝલેદાર
રોપ, પુ૦ છોડવો, નાનુ ઝાડ, રોપો
રોપણી, સ્ત્રી૦ રોપવુ તે ૨ વાવણી, વાવેતર
રોપવુ ક્રિ૦ સ૦ છોડ ઝાડના મૂળીયા જમીનમા દાટવા ૩ કોઇ વાતની શરૂઆત કરવી, પાયો નાખવો,-નુ મૂળ નાખવુ,-નુ બીજ રોપવુ
રોપો, પુ૦ ઉગેલા કરસણનો ફણગો, રોપ,છોડ, નાનું ફૂલઝાડ
રોફ, પુ૦ [ફા૦] ભભકો, ભભકાદાર દેખાવ ૨ ડોળ, આડબર, પતરાજ ૩ કરપ, પ્રતાપ, દાબ, દમામ
રોફી વિ૦ શેખી, પતરાજખોર, આડબરી, દાંભિક ૨ ટાપટીપિયુ ઠાઠમાઠ કરનાર
રોબડ, વિ૦ અક્કલ વગરનુ, બુદ્ધિહીન, મૂઢ ૨ અરસિક, નિરાનંદ ૩. અચતુર
રોબડી, સ્ત્રી૦ એક જાતનુ ઘરેણુ 'અલ્યા લાખ ટકાની મારી રોબડી જો, હીરાજડિત્ર મારો છે હાર જો'-રતનિયો ૨ લોબડી
રોમ, પુ૦ (સ૦) શરીરની ચામડી ઉપરના વાળ, નિમાળા, રૂવાટા, ૨ વાળનું છિદ્ર, ૨ ધ્ર.
રોમેરોમ, અ૦ વાળેવાળે, રગે રગે.
રોમશત્રુ, પુ૦ (સ૦) હજામ, વાળંદ, રાત
રોમાવળી, સ્ત્રી૦(સ૦)રુવાટીની હાર, રોમરાજી
રોમાચ, પુ૦ રુવા ઉભા થવા તે

રોમાંચિત, વિ૦ (સ૦) રુવા ઉભા થયા હોય તેવુ
રોયણુ, ન૦ રૂદન 'રામા રોયણુ રોષથી, નયણે ભરીયા નીર' ૨ રોહિણી નક્ષત્ર [લગર,નાગર
રોયલો, સ્ત્રી૦ મછવો નાગરવાની નાની બિલાડી,
રોયુ, વિ૦ પિટયુ,રડયુ
રોલ, પુ૦ (અ૦) ચક્કર ૨ એક જાતનુ રેશમી કપડુ ૩ ગોળો, વિ ટો ૪ રજીસ્ટર;હાજરી પત્રક ૫ આકણી, વેલણુ [જેવુ
રોલુ, વિ૦ મ દમતિનુ,અરધુ ઘેલુ ૨ બહાવરા
રોવરાવવુ ક્રિ૦ સ૦ કોઇ રડે તેમ કરવુ,રડાવવુ
રોવુ, ક્રિ૦ સ૦ વિલાપ કરવો, આક્રંદ કરવુ,રૂદન કરવુ ૨ ઠગાવુ, છેતરાવુ **રોતી** સૂરત–રડતો ચહેરો
રોશન, વિ૦ (ફા૦) જાહેર, ખુલ્લુ, દેખીતુ ૨ ચળકતું, ચકચકિત ૩ પાયમાલી, નાશ **રોશન** વાળવુ–ઘણુજ નુકસાન કરવું,ધૂળધાણી કરી નાખવુ.
રોશનાઇ, સ્ત્રી૦ તેજનો ભભુકો, પ્રકાશ ૨ સાહી (લખવાની) [ચળકાટ ૨ શાહી
રોશની, સ્ત્રી૦ પ્રકાશ, તેજ ૨ દીપ્તિ; ભભક,
રોષ, પુ૦ રીસ, ગુસ્સો, ક્રોધ
રોહ, ન૦ એક જાતનું ઘાસ.
રોહુડો, પુ૦ એક જાતનુ ઝાડ, રોહીડો
રોહિતાશ્વ, પુ૦ અગ્નિ, દેવતા
રોહિણી, સ્ત્રી૦ (સ૦) ચોથુ નક્ષત્ર
રોળ, પુ૦ નુકસાન, ખરાબી ૨ ઘાણુ, ગજબ ૩ ધોધાટ, શોરબકોર, ગરબડ સડબડ ૪ ઘણુ, મોટો જથો [થવુ
રોળવાવું, ક્રિ૦ અ૦ ચિઢાવુ, ખિજવાવુ, ગુસ્સે
રોળવુ, ક્રિ૦ સ૦ ચોળવુ, મસળવુ ૨ સાફ કરવુ, ઘસવુ ૩ કચરી નાખવુ, રગદોળવુ, મેલુ કરવુ ૪. પાયમાલ કરવુ મારી નાખવુ.
રોળાવુ, ક્રિ૦અ૦ ખરડાવુ, રગદોળાવુ ૨.બગડવુ, પાયમાલ થવુ ૩ ચોળાવુ, મસળાવું ૪ કામમા વપરાવુ
રોળું, વિ૦ અધારાવાળુ; સૂઝે નહિ તેવુ. ૨ અસ્વચ્છ, મેલુ **રોળી** કાળી વેળા–સંધિ પ્રકાશ, ભળગુંગળુ અજવાળુ,આંખે મો સૂઝે તેવો પ્રકાશ
રોંજો, પુ૦ ભાજગડ,પચાત ૨.આફતનો ઘુમાટો ૩ કમાઇ, પેદાશ
રૌદ્રરસ, પુ૦ (સ૦ રૂદ્ર–ભયકર) નવ રસમાનો ક્રોધથી ઉત્પન્ન થયલો રસ [સ્થાનનુ નામ
વિખ્યાતિ, સ્ત્રી૦ [સ૦]નામાંકિતપણું,પ્રખ્યાતિ, પ્રસિદ્ધિ ૨ યશ, કીર્તિ, આબરૂ
વિગત, સ્ત્રી૦ હેવાલ બીના, સંપૂર્ણ વાત તે, હકીકત, તપસીલ, જેમ બન્યું હોય તેમ ક્રમવાર અથેતિ કથન તે **વિગતે**=એ રીતે, અર્થ-મમ જણ અને વિવેચન-મનન વગેરે સાથે 'પણ વિગતેથી જો વંચાય, તો તેમાંથી કાગ્જ થાય' ૨ માહિતી, જાણ
વિગતવાર, અ૦ અથેતિ હકીકત સાથે, તપસીલવાર, જુદા જુદા સ્પષ્ટ ખુલાસાઓ સાથે
વિગેરે, અ૦ વગેરે,આદિ લઇને અમુક અમુક અને બીજા વધારે એમ
વિગ્રહ, પુ૦ [સ૦] તકરાર, ઝગડો ૨ લડાઈ, વઢવાડ ૩ શરીર, દેહ ૪ (વ્યાકરણમાં) સમાસના અવયવો-શબ્દ જુદા પાડવા તે ૫ અંશ, ભાગ, ટુકડો. ૬ આકાર, સ્વરૂપ
વિગ્રહવાન, વિ૦ શરીરી, દેહધારી ૨ પ્રાણી
વિઘરવું ક્રિ૦ અ૦ વેરાઇ જવું ,જુદું પડી જવું, ઉડીજવું ૨ તાપથી ઓગળી જવું, પીગળવું ૩ ઉડી જવું, ના ઉમેદ થવું
વિઘરાવું, ક્રિ૦ અ૦ વિઘરવું, વેરાઇ જવું, નરમ પડવું ૨ ઓગળી જવું
વિઘરો, પુ૦ કજિયો ઝગડો, ટંટો, વધરો
વિઘાત, પુ૦ (સ૦) મારવું તે, ઘા કરવો તે,ઘાત, સંહાર ૨ હાર, નાશ [ઉચ્છેદક
વિઘાતક, વિ૦ તોડી પાડનાર, નાશ કરનાર,
વિઘુ, ન૦ ચાળીસ ગુંઠા જેટલું જમીનનું પ્રમાણ
વિઘો, પુ૦ વિઘુ, ચાળીસ ગુંઠા ૨ સો ચોરસ હાથ જમીનનો કકડો તે
વિઘ્ન, ન૦ (સ૦) હરકત, અડચણ, નડતર ૨ સંકટ, વિપત્તિ, દુઃખ ૩ મુશ્કેલી, વિડંબના.
વિઘ્નહર, વિ૦ વિઘ્નને હરનાર, ગણપતિ,ગણેશ
વિચક્ષણ, વિ૦ (સ૦) ચતુર, તરત સમજી જાય એવું ૨ ચાલાક ૩ ભણેલું, જ્ઞાની, શાણું ૪ ગાંજ્યું ન જાય એવું, કાબેલ
વિચરવું, ક્રિ૦ અ૦(સ૦) દૂર-આગે જવું,પ્રવાસ કરવો ૨ બહાર જવું, નિકળવું ૩ દાખલ થવું, પેસવું 'વિચરી વિલાયત લાયક વિલોકયા લોક'
વિચાર, પુ૦ (સ૦) સારૂં ખોટું-ખરૂં ખોટું અને કર્તવ્યાકર્તવ્ય સંબંધી તુલના-પરીક્ષા કરવાની જે સમજશક્તિ તે, સદસદ્ વિવેક કરવાનું જ્ઞાન તે મનમાંનું ચિંતન, મનન, મનોવ્યાપાર (૨) જ્ઞાનશક્તિથી મળેલો અનુભવ, બંધાયેલો અભિપ્રાય તે, (૩) મત, નિશ્ચય, ઠરાવ, (૪) ઉદેશ, હેતુ, આશય (૫) વિવેક, સભ્યતા, કોઇ કામ કરવા ન કરવાની મર્યાદા (૬) કલ્પના તર્ક મનસુબો (૭) ગુંચવણ, ગડમથલ (૮) બીક, ભય (૯) અટકાવ, અડચણ, થોભવું તે (૧૦) ચિંતા, ફિકર, કાળજી (૧૧) ધ્યાન, લક્ષ (૧૨) પશ્ચાત્તાપ **વિચાર** આવવો=કલ્પના ઉઠવી ૨ કંપકો પડવો, શંકા થવી **વિચાર** કરવા=કાર્યાકાર્યના નિર્ણય માટે મનમાં મથવું ૩ મનસુબો કરવો. ૪. થોભવું, બોલતાં અટકવું ૫. બીજા

સાથે વિવાદ ચલાવવો વિચાર જાણવો=સામાનો શો મત છે તે જાણવાનો યત્ન કરવો વિચાર રાખવો=વિવેક રાખવો વિચાર પૂર્વક=વિચાર કરીને, જાણી બુઝીને વિચારશીલ=ડહાપણ, વિવેકવાળુ, ગભીર, સમજુ [તપાસ

વિચારણા, સ્ત્રી૦ વિચાર કરવો તે (૨) પરીક્ષા,

વિચારવુ, ક્રિ૦ સ૦ વિચાર કરવો, સાર અસાર સમજવા ૨ ધારવુ ૩ પૂછવુ

વિચારી, વિ૦ વિચારવાળુ (૨) ડહાપણ, શાણુ

વિચિ, સ્ત્રી૦ તરગ, લહેર, મોજો

વિચિક્ષણ, વિ૦ વિચક્ષણ ચતુર, ચાલાક

વિચિત્ર, વિ૦ (સ૦) તરેહવાર, ભાતભાતનુ (૨) અજાયબ જેવુ, અદ્ભુત, નવત (૩) બેડોળ (૪) ભલીવાર વગરનુ, ચચળ મનનુ

વિચિત્રતા, સ્ત્રી૦ વિચિત્રપણુ તરેહવારપણુ

વિચેતન, વિ૦ (સ૦) ચેતનરહિત, બેભાન

વિચેષ્ટા, સ્ત્રી૦(સ૦ ચેષ્ટા, મશ્કરી (૨)અડપલુ

વિચ્છિન્ન વિ૦ (સ૦) જુદુ-છુટુ પડેલુ, ફાટી-તૂટી ગયેલુ [(૩) જુદાઈ વિજોગ

વિચ્છેદ, પુ૦ (સ૦) છેદ, કાપ, ઘા (૨) વિભાગ

વિછળવુ, ક્રિ૦ સ૦ પાણીમા ઝબકોળી અથવા પાણી નાખીને ધોવુ, પાણીથી સાફ કરવુ-ધોવુ (૨) ઉછળવુ, ચમકવુ, બીવુ (૩) છેતરવુ, ઠગવુ (૪) ઝાપટી નાખવુ, ખખેરવુ, પીખી નાખવુ

વિછુઆ-વા, પુ૦ (સ્ત્રીઓને) પગને અગુઠે પહેરવાનુ ઘરેણુ

વિછોહ, પુ૦ જુદુ પાડવુ તે, વિજોગ, જુદાઇ

વિજણનારા, પુ૦ વિજણના વાળાના વિજણનો પવન તે

વિજણો, પુ૦ [સ૦ વ્યજન] વિઝણો,પખો, જે હલાવાથી વાની લહરીઓ આવે એવી બનાવટ

વિજન, વિ૦(સ૦) માણસના વસવાટ કે અવરજવર વગરનુ ઉજ્જડ (૨)એકાત, જ્યા કોઇ હોય નહિ એવુ, વરાન

વિજય, પુ૦ (સ૦) જીત, ફતેહ, જય (૨) એ નામનો વિષ્ણુનો પોળિયો 'જય વિજય

વિજયા, સ્ત્રી૦ (સ૦) દુર્ગા, પાર્વતી (૨) ભાગ, ગાજાની માજરો અને પાનનો ભુકો માયા

વિજયાદશમી, સ્ત્રી૦ આસો સુદિ દશમનો તહેવાર તે, દસરા, પ્રયાણ કરવાનો અને સીમાનુ ઉલ્લઘન કરવાનો દિવસ તે [આનદ

વિજયાનદ, પુ૦(સ૦) જીતની ખુશાલી, જયનો

વિજયી, વિ૦ (સ૦) વિજય કરનાર, ફતેહમદ, જયવત, યશસ્વી [ફેરવવુ

વિજવુ ક્રિ૦સ૦ વિઝવુ, હવામા આમતેમ જોરથી

વિજળી, સ્ત્રી૦ (સ૦ વિદ્યુત્) વાદળાના પરસ્પર ઘસારાથી આકાશમા થતો તેજનો પ્રકાશ તે, વિજ, ચપળા, વિદ્યુત્ (૨) એ પ્રકાશનુ કારણ રૂપ જે તત્વ તે (૩) રાસાયનિક પ્રયોગથી ઉત્પન્ન થતી એક શક્તિ

વિજાતિ, સ્ત્રી૦ પર નાત-જાત તે (૨) નવિન

વિજાતીય, વિ૦ (સ૦) બીજી જાતનુ, હલકી

વિજાપરો, પુ૦ છુટકો નિકલ, તોડ [જાતનુ

વિજારી, સ્ત્રી૦ જારીને છુપાવવાની કળા-લુચ્ચાઇ-ચચળાઇ તે 'જારી-વિજારી' (૨) હાથચાલાકી

વિજોગ, પુ૦ (સ૦ વિયોગ) જુદાઈ વિરહ, વિયોગ, અળગુ, વિખુટુ, દૂર રહેવુ તે

વિજોગણ, સ્ત્રી૦ પતિથી દૂર પડેલી સ્ત્રી, વિરહિણી

વિજોગી, વિ૦ વિયોગી, વિરહી, વિજોગવાળુ

વિજ્ઞપ્તિ, સ્ત્રી૦ (સ૦) વિનતિ અરજ, આજીજી

વિજ્ઞાત, વિ૦ (સ૦) સારી રીતે જાણેલુ, વિદિત

વિજ્ઞાન, ન૦ (સ૦) સવિશેષ-ખાસ જે જ્ઞાન તે તત્વજ્ઞાન, કેવળજ્ઞાન (૨) વિદ્યા, શાસ્ત્રીયજ્ઞાન, કોઈપણ પ્રકારનુ અનુભવજ્ઞાન, ભણતર, જ્ઞાન

વિજ્ઞાનમયકોશ, પુ૦ (સ૦) શરીરમા કલ્પેના પાચ કોશમાનો એક કોશ જે જ્ઞાનને હૃદયમા ઉતારે છે,ધારણ કરવાની શક્તિ કેવળ ચૈતન્યજ્ઞાન

વિજ્ઞાનિક, વિ૦ વિજ્ઞાન સબધી-લગતુ, શાસ્ત્રીય

વિજ્ઞાની, વિ૦ વિજ્ઞાન જાણનાર, શાસ્ત્રી, જ્ઞાની

વિજ્ઞાપના, સ્ત્રી૦(સ૦) માનપૂર્વક કરેલી અરજ તે, વિજ્ઞપ્તિ, વિનતિ સાથે નિવેદન કરવુ તે

વિટ, પુ૦ (સ૦) શઠ, ધૂર્ત ૨ ભડવો, જાર ૩ મળ, વિષ્ટા ન ટળે જનની વિટ વામન '

વિટપ, સ્ત્રી૦ (સ૦) ડાળી, પલ્લવ, શાખ, સુદર

'લલિત લતાઓ લટકે વિટપ વિંટલાઇ'–ઋ૦ વ
વિટપી, ન૦ (સં૦) શાખાવાળુ તે, ઝાડ વૃક્ષ
વિટલ, વિ૦ ન ટળે એવુ, દૃઢ ૨ મૂર્ખ, અણસમજુ
વિટલા, પુ૦ કાને પહેરવાના સોનાના વાળા
વિટલાવુ, ક્રિ૦ અ૦ વિટાવુ, લપેટાવુ, ઘેરાવુ
વિટવુ, ક્રિ૦ સ૦ વિંટવુ લપેટવુ ૨ ઘેરીલેવુ કબજામા ઘાલવુ
વિટંગા, સ્ત્રી૦ કુલટા, છિનાળ ૨ કામેન સ્ત્રી
વિટંડ, ન૦ પાખંડ, ફેલ
વિટંબણા, સ્ત્રી૦ (સં૦ વિડંબન) પીડા, દુઃખ ૨ મુશ્કેલી, નડતર ૩ માથાફોડ, પંચાતી
વિટાળવું, ક્રિ૦ સ૦ વિટવુ, લપેટવુ ૨ ગોળાકાર ગડી કરવી
વિટાળો, પુ૦ વિંટો
વિટો, પુ૦ વિંટો, વિટલો, 'ગોદડાનો વિંટો' ૨ આંટી, ગુંછળી
વિઠ્ઠલ, પુ૦ (સં૦) વિષ્ણુનો અવતાર, કૃષ્ણ, પરમેશ્વર
વિડંબન, ન૦ (સં૦) પીડા, આપદા ૨ મુશ્કેલી, અડચણ ૩ પંચાતી, ગુંચવણ, વિટંબના
વિડારવુ, ક્રિ૦ સ૦ મારી નાખવુ ૨ ચીરવુ, ફાડવુ ૩ શમાવવુ, ઓછુ કરવુ
વિણ, અ૦ વિના, વગર, શિવાય
વિણવુ, ક્રિ૦ સ૦ અનાજમાથી કાંકરા, કસ્તર કાઢી નાખવા ૨ સારૂ સારૂ જોઈને ઉપાડી લેવુ ચુંટવુ ૩ ઘણામાથી પસંદ કરી લેવુ, વરણી કરવી તે ૪ સાભરી લેવુ, એકઠુ કરી લેવુ, ભેગુ કરવુ ૫ ચુંટવુ, તોડવુ, વેડવુ **વિણી** લઈએ એવુ =સુંદર, મજેનુ, સ્પષ્ટ, ધ્યાન ખેંચે એવુ 'બોલ તો જાણે વિણી લઈએ એવા'
વિણાચુંટા, પુ૦ વ્યાકુળતા, અકળામણ બેચેની, વ્યગ્રતા
વિણામણ, ન૦ અનાજમાનુ કાંકરા વગેરે કસ્તર તે ૨ ખોડખાપણ, દોષ, કહેવા જેવુ 'એમા કંઈ વિણામણ નથી' ૩. વિણવાની મજુરી ધૂળ વિણામણ કાંકરાન્ન હોય તેમાથી શુ મળવાનુ ?
વિણામણી, સ્ત્રી૦ વિણામણ
વિતક, ન૦ વિતેલુ તે, ગુજરેલુ તે, અનુભવેલુ ૨ સંકટ, દુઃખ.
વિતકડા, ન૦ વિતેલા જે સંકટ-મુશ્કેલીઓ વગેરે તે 'વિતકડા વિત્યા તે કોને કહીએ રે ઓધવજી.'
વિતથ, વિ૦ ખોટુ, અસત્ય, મિથ્યા, ફોકટ
વિતનુ, પુ૦ (સં૦) અનંગ, કામ ૨ વિ૦ ઘણુ ઝીણુ ૩ સુંદર ૪ નાજુક
વિતર્ક, પુ૦ (સં૦) ઉડતા વિચાર ને, ખોટા તર્ક ૨ કલ્પના, તરંગ ૩ ભ્રાન્તિ, વહેમ, શક ૪ અટકળ, અનુમાન
વિતલ, ન૦ (સં૦) સાત પાતાલમાનુ બીજુ
વિતવું, ક્રિ૦ અ૦ ગુજરવુ, પડવુ, અનુભવમા આવવુ. ૨ વહીજવુ, ગુજરવુ
વિતંડા, પુ૦ ખોટો નાદ, મંડવાદ 'વિતથ વિતંડા કરી મરે, લેવો તેણે આ લાવ'–રત્નો૦ વિતંડવાદ =નકામી તકરાર, માથાઝીક
વિતાડવુ, ક્રિ૦ સ૦ દુઃખ દેવુ, પજવવુ, હેરાન કરવુ
વિતાન, ન૦ [સં૦] ચંદરવો, છત
વિતી, સ્ત્રી૦ વિતેલુ જે તે, આપદા, ગુજરી 'મુજ વિતી તુજ વિતશે, ધીરી બાપુડિયા'
વિત્ત, ન૦ [સં૦] શક્તિ, બળ, કૌવત ૨ ધન, દોલત, પૈસોટકો. ૩ માલ મિલકત, પુંજી ૪ સાર, કસ ૫ રસ, પાણી, હીર. ૬ જીવ વિત્તપાળ=ધનપતિ, કુબેર ભંડારી
વિદગ્ધ, વિ૦ [સં૦] બળેલુ, દાઝેલુ ૨ ચતુર, હોશિયાર, કાબેલ, મુસદ્દી. ૩ ધૂર્ત, પહોંચેલુ આવડવાળુ ૪ કાચુ પાકુ
વિદગ્ધતા, સ્ત્રી૦ હોશિયારી, ચતુરાઇ, આવડ.
વિદગ્ધા, વિ૦ ચતુર-કાબેલ સ્ત્રી ૨ ચતુર નાયિકા
વિદળ, વિ૦ બે ભાગે વહેંચાયેલુ, જેમા રેસા ન હોય તેવુ
વિદાય, વિ૦ વદાય, જુઓ
વિદાયગીરી, સ્ત્રી૦ મોકલવુ-વળાવવુ તે, વદાઈ, રજા અને ભેટ-આશિષ આપવા તે
વિદારક, વિ૦ (સં૦) ફાડનાર, ચીરનાર ૨ ટાળનાર, મટાડનાર
વિદારણ, ન૦ (સં૦) વિદારવુ-ફાડવુ તે ૨ વિ૦ ટાળનાર
વિદારવુ, ક્રિ૦ સ૦ ફાડવુ, ચીરવુ ૨ મટાડવુ. ટાળવુ, નાશ કરવુ
વિદિત, વિ૦ (સં૦) માહિત, જાણમા આવેલુ, જણાવેલુ.
વિદુર, વિ૦ (સં૦) ડાહ્યુ, શાણુ, અનુભવી ને બહુશ્રુત હોય એવુ ૨ કંગાલ, ગરીબ, દીન

વિદુરવેડા=કગાલિયત બતાવ્યા કરવી તે

વિદૂષક,પુ૦(સં૦) ભણેલો ગણેલો ટોળી માણસ
૨ મશ્કરો, રંગલો, જાુઠણુ, તરકડિયો

વિદેશ, પુ૦(સ૦) પરદેશ,પારકો-પરાયો દેશ તે

વિદેશી,વિ૦બીજા દેશનુ,સ્વદેશી નહિ તે, પરદેશી

વિદેહી, વિ૦(સ૦) માયા પાશથી જે મુક્ત હોય
તે, છતે દેહે જેણે બ્રહ્મ જાણ્યુ હોય તે, જીવન-
મુક્ત, જ્ઞાની

વિદ્ધ, વિ૦ (સ૦) વિધાયેલુ, વેહ પડેલો હોય
એવુ ૨. વપરાયેલુ, ઉપયોગમા આવેલુ ૩
અનુભવી, જેને વિતેલુ હોય, જેણે દુખ સહેલા
હોય એવુ [સમક્ષ, પ્રત્યક્ષ

વિદ્યમાન, વિ૦ (સ૦) જીવતુ, હયાત. ૨ હાજર

વિદ્યા,સ્ત્રી૦(સ૦)સારી રીતે જાણવાનુ તે,જ્ઞાન,
ઉડી સમજ તે ૨ ભાષા, કળા વિચાર ઇ૦
સબધી જે ઉડુ જાણવા ભણવાનુ તે, જ્ઞાન,
સમજણ. ૩ સુશિક્ષા, કેળવણી ૪ ઇલમ,
હુન્નર, કળા ૫ બરૂમાના રેસા ચૌદ વિદ્યા=
જ્ઞાન સબધી ૧૪ વિભાગ તે (ચાર વેદ, શિક્ષા,
કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છદ,જ્યોતિષ (છ અગ),
ધર્મ, મીમાસા, તર્ક અથવા ન્યાય ને પુરાણ)
ચૌદ વિદ્યા જાણ=વિદ્વાન, ૨ ભણેલો અને અનુ-
ભવી ૩ હોશિયાર, કાબેલ, ૪ છેતરાય નહિ
એવો ઠગ, ધૂર્ત અવિદ્યા=અજ્ઞાન, માયા, અણ
સમજ મેલી વિદ્યા=મતરતતરનુ જ્ઞાન તે વિદ્યા
કોઇના બાપની નથી=ભણે તેની વિદ્યા

વિદ્યાગુરૂ, પુ૦ આચાર્ય, શિક્ષક, મહેતાજી

વિદ્યાધર,પુ૦ કૈલાસ પર્વત ઉપર રહેતા અર્ધ
દેવલોકની એક જાતિ, કુબેરના યક્ષ [ભણવુ તે

વિદ્યાભ્યાસ, પુ૦ અધ્યયન, ભણતર, શિક્ષણ,

વિદ્યાલય, ન૦ (સ૦) શાળા, પાઠશાળા, નિશાળ

વિદ્યાર્થી, પુ૦ ભણનાર, નિશાળિયો,શિષ્ય, શીખ-
નાર તે, અભ્યાસી

વિદ્યાશાળા, સ્ત્રી૦ વિદ્યાલય, પાઠશાળા

વિદ્યુત, સ્ત્રી૦ (સ૦) વિજળી, દામિની, પ્રાણી-
માત્રમા જે ગુપ્ત બળ રહેલુ છે તે, ચપળા

વિદ્રાવણ, ન૦ (સ૦) ગળીને પાણી થયેલુ હોય
તે, ૨ ઓગળવુ તે, પ્રવાહી કરવુ તે

વિદ્રુમ, ન૦ (સ૦) પ્રવાલ, પરવાળુ, પરવાળાનુ
ઝાડ ૨ કિસલય કુપળ [પંડિત

વિદ્વજ્જન,ન૦ (સ૦) વિદ્વાન માણસ, ફિલસુફ,

વિદ્વત્તા, સ્ત્રી૦ (સ૦) વિદ્વાનપણુ તે, પંડિતાઇ
૨ જ્ઞાન [જ્ઞાની, પંડિત, વિબુધ, ભટ્ટ

વિદ્વાન, વિ૦ (સ૦) વિદ્યા ભણેલુ, જ્ઞાનવાન-

વિધ, પુ૦ (સ૦) પ્રકાર, તરેહ, જાત

વિધણુ ન૦ વિઝણુ ફરસી [તિ સ્ત્રી રાડીરાડ

વિધવા, સ્ત્રી૦ (સ૦)જેનો પતિ મરી ગયેલો હોય

વિધવિધ, વિ૦ જુદી જુદી જાતનુ, બહુ પ્રકારનુ,
તરેહવાર [દેવતા, દૈવ

વિધાતા, પુ૦ (સ૦) બ્રહ્મા, પ્રજાપતિ ૨ ભાગ્ય-

વિધાત્રી, સ્ત્રી૦ ભાગ્ય નિર્માણ કરનાર દેવતા,કર્મ
દેવતા, દૈવ લોકમા એવી માન્યતા છે કે, બાળક
જન્મ્યા પછી છઠ્ઠે દિવસે ભાગ્યદેવતા તેનુ નસીબ
આંકી જાય છે છઠ્ઠીના લેખ

વિધાન, ન૦ (સ૦) વિધિ, રીત, પ્રકાર 'દત્ત
વિધાન' ૨ સેવા, ઉપાસના ૩ ઉપાય,ઉપચાર
૪ ક્રિયા, સંસ્કાર ૫ જોડવુ-વળગાડવુ તે ૫.
હાથીને માટે કરેલો લાડુ

વિધિ, પુ૦ [સ૦] બ્રહ્મદેવ, પ્રજાપતિ. ૨ ભાગ્ય
દેવતા, દૈવ ૩ પ્રકાર, ક્રમ, રીતિ, પદ્ધતિ ૪
કરવાનુ તે,આજ્ઞા, આદેશ, શાસ્ત્રપ્રમાણ ૫ સંસ્કાર

વિધિયુક્ત, વિ૦(સ૦)શાસ્ત્રમા બતાવેલા પ્રકારને
અનુસાર, નિયમસર, શાસ્ત્ર પ્રમાણે

વિધુ, પુ૦(સ૦)ચદ્ર,ચદ્રમા, શશી [૨ ડાયેલો

વિધુર, વિ૦ વ્યાકુળ, અકળાયેલુ ૨ વિયોગી ૩

વિધેય,વિ૦ (સ૦) કરવા જોગ ૨ અધીન,તાબાનુ,
૩ આજ્ઞાધારક [પદનુ રૂપ તે 'કર, લખ, ઇ૦'.

વિધ્યર્થ, અ૦ (સ૦) આજ્ઞાનો અર્થ સૂચક ક્રિયા-

વિધ્વસ, પુ૦ [સ૦] નાશ, બરાબી 'યજ્ઞનો
વિધ્વસ કરતા,ગાજતા ગભીર'–ઉદ્ધવ ૨ પ્રતિ-
કૂળતા વિધ્વસી=નાશ કરનાર, ઉચ્છેદક

વિનતા, સ્ત્રી૦ [સ૦] વનિતા, સ્ત્રી

વિનતિ, સ્ત્રી૦ [સ૦] પ્રાર્થના, અરજ, વિનતિ
૨ નમ્રતા ૩ આજીજી [સભ્યતા, સલુકાઇ

વિનય, પુ૦ [સ૦] નમતાઇ, નમ્રતા દેખાડવી તે,

વિનવવુ, ક્રિ૦ અ૦ વિનતિ કરવી, અરજ કરવી. ૨. કરગરવુ,કાલાવાલા કરવા,આજીજી કરીને કહેવુ
વિનતિ, સ્ત્રી૦ વિનતિ, અરજ, આજીજી
વિના, અ૦ વના, વગર, સિવાય
વિનાયક, પુ૦ [સ૦] ગણપતિ,ગણેશ, ગજાનન
વિનાશ,પુ૦ [સ૦] નાશ, પાયમાલી, ખરાબી, બગાડો. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ=જ્યારે ખરાબી થવાની હોય ત્યારે બુદ્ધિએ પલટાઇ જાય
વિનાશક,વિ૦ નાશકારક,સંહાર કરનાર,વિધ્વંસક
વિનાશી, વિ૦ નાશ પામે એવુ, ભંગુર
વિનિપાત, પુ૦ (સ૦) પતન, અવનતિ,પરાજય, મોટી આફત
વિનિમય પુ૦ (સ૦) અદલો બદલો, બોબદલો, એક વસ્તુ આપીને બીજી લેવી તે
વિનિયોગ, પુ૦ (સ૦) વસ્તુ વગેરેનો ઉત્સર્ગ તે ત્યાગ. ૨ જોડી દેવુ તે, યોજના, સધાન
વિનીત, વિ૦ (સ૦) સૌમ્ય, વિવેકી, સભ્ય ૨ સુશિક્ષિત, સુધરેલુ ૩ પળોટાય એવુ ગરીબ,
વિનો,પુ૦સલુકાઈ,વિવેક,વનો [ઠંડા સ્વભાવનુ
વિનોદ, પુ૦ [સ૦] ખુશીમા હસવુ બોલવુ વગેરે તે, મોજ, ગમત ૨ રમુજ,મઝા ૩ ઠઠ્ઠામશ્કરી
વિનોદી, વિ૦ આનંદી, ગમતી, લહેરી [મજાક.
વિન્યાસ, પુ૦ [સ૦] વિચારયુક્ત ગોઠવણ,રચના ૨. સ્થાપના [શત્રુ, દુશ્મન
વિપક્ષ, પુ૦ [સ૦] સામોપક્ષ, સામાવાળિયા ૨
વિપત, સ્ત્રી૦ [સં૦] દુ ખ, આપદા પીડા ૨ આફત, મુશ્કેલી - [વિટંબણા
વિપત્તિ, સ્ત્રી૦ [સ૦] પીડા, દુ ખ ૨ મુશ્કેલી,
વિપરીત, વિ૦ (સ૦) ઉલટુ, અવળુ, વિરૂદ્ધ ૨ પ્રતિકૂલ [ફેર ૩ અડચણ
વિપર્યય, પુ૦ [સં૦] પલટો, વિપરીતતા, ૨ ફેર
વિપર્યાસ, પુ૦ [સ૦] વિપર્યય, વિરૂદ્ધતા ૨ ફેરફાર, વિક્રિયા [સેકંડ જેટલો અલ્પ વખત
વિપળ, સ્ત્રી૦ [સ૦ વિપલ]પળનો સાઠમો ભાગ,
વિપાક, પુ૦ [સ૦] સારી રીતે પાકી તૈયાર થઇ જવુ તે પરિપક્વતા ૨. છેવટ,પરિણામ ૩ રૂચિ, લહેજત, સ્વાદ.
વિપિન, ન૦ [સં૦]વન, અરણ્ય, રાન.
વિપુલ, વિ૦ [સ૦] મોટુ,વિશાળ, વિસ્તીર્ણ ૨. પુષ્કળ, ખૂબ ૩ ઉંડુ
વિપ્ર, પુ૦ [સ૦] બ્રાહ્મણ, ઋષિ
વિપ્રયુક્ત, વિ૦ વિજોગી, વિરહી [પાણું, ફાટફુટ.
વિપ્રયોગ, પુ૦ (સ૦) જુદાઇ, વિજોગ ૨ જુદા-
વિપ્રલબ્ધ, વિ૦ (સ૦)ઠગાયેલુ,વંચિત.૨.નિરાશ, નાસીપાસ થઇ ગયેલુ [શૃંગાર તે
વિપ્રલંભ,પુ૦ (સ૦) વિપ્રયોગ, વિયોગ.૨.વિયોગ
વિપ્લવ, પુ૦ બોળાણ,પૂરમા બોળાઇ નાશ પામવુ તે, જળપ્રલય ૨ બળવો,ઉથલપાથલ અને અધાધુંધી, ૩ અરિષ્ટ, પાયમાલી સહારકાળ
વિફરવુ, ક્રિ૦અ૦મિજાજ ખોવો, ઉશ્કેરાવુ, ફાટવુ.
વિફળ, વિ૦ નિષ્ફળ, ખાલી, મિથ્યા
વિબુધ, પુ૦ [સ૦] પંડિત ૨ દેવ, સુર
વિભક્ત, વિ૦ (સ૦) જુદુ પડેલું,અળગુ થયેલુ. ૨ વહેચાઇ ગયેલુ, ભાગ પડી ગયા હોય એવુ
વિભક્તિ, સ્ત્રી૦[સં૦]વ્યાકરણના કારક પ્રત્યયો તે, નામનો ક્રિયા સાથેનો સંબંધ દેખાડનારા પ્રત્યયો તે [૨ એક સંવત્સર.
વિભવ,પુ૦[સ૦] ઐશ્વર્ય,સાહેબી,વૈભવ,આબાદી.
વિભા, સ્ત્રી૦ [સં૦] પ્રભા, પ્રકાશ ૨ શોભા ૩.
વિભાકર, પુ૦ [સ૦] સૂર્ય, રવિ [કિરણ.
વિભાગ, પુ૦ [સ૦] ભાગ, હિસ્સો, ફાળો
વિભાજ્ય, વિ૦ [સં૦]ભાગી શકાય એવુ, ભાગવા જેવુ [૨ પ્રેમ, માયા.
વિભાવ, પુ૦ [સ૦] રસ ઉત્પન્ન કરે એવો ભાવ.
વિભાવના, સ્ત્રી૦[સ૦]ધારણા,કલ્પના કરવી તે.
વિભાવરી, સ્ત્રી૦ [સ૦] રાત્રિ, રાત, નિશા.
વિભાવુ, ક્રિ૦ અ૦ શોભવુ પ્રકાશવુ
વિભાષા, સ્ત્રી૦ [સ૦]વિકલ્પ,આમે થાય ને તેમે થાય એવી જે છુટ તે [વહેમ.
વિભીષિકા, સ્ત્રી૦ [સ૦] ભય, બીક ૨ ખોટો
વિભુ, વિ૦ [સ૦) સર્વવ્યાપક, નિત્ય ૨.પુ૦ઈશ્વર.
વિભૂતિ, સ્ત્રી૦ (સ૦) સંપત્તિ,ઐશ્વર્ય ૨ આબાદી; કલ્યાણ, શ્રેય ૩ પ્રસાદી ૪ ભભૂતિ યજ્ઞનીભસ્મ.
વિભૂષણ, ન૦ (સં૦) શણગાર, અલંકાર, ઘરેણું. ૨ શ્રી, શોભા

વિભૂષિત, વિ૦ (સ૦) અલંકૃત, શણુગારેલું
વિભ્રમ, પુ૦ (સ૦) વહેમ, શક, ભ્રાન્તિ ૨. મનની મોજ, ઘેલછા
વિભ્રાન્ત, વિ૦ (સં૦) ગુંચવાયેલુ, બેશુદ્ધ, નિમગ્ન
વિમર્ષ, પુ૦ (સ૦) આલોચન, ગમન કરવુ તે ૨ ચીઢ, ક્રોધનો આવેશ [સ્વચ્છ
વિમળ, વિ૦ (સ૦) મળરહિત, નિર્મળ, ચોખ્ખુ,
વિમાચીઠી, સ્રી૦ એક ઠેકાણાનો માલ બીજે ઠેકાળ સહીસલામત પહોચે તે માટે કરાવેલી વિમાની ચીઠી તે [આકાશયાન, બગ્ન
વિમાન, (સ૦) આકાશમા ઉડે એવુ વાહન તે,
વિમાસણ, સ્રી૦ પાછળથી થતી ચિંતા કે વિચાર તે, પશ્ચાત્તાપ, પસ્તાવો, મનસ્તાપ
વિમાસવુ, ક્રિ૦ સ૦ પશ્ચાત્તાપ કરવો, પસ્તાવુ, પાછળથી ચિંતા કરવી
વિમુક્ત, વિ૦ (સ૦) છુટુ બંધનથી મોકળુ, છુટેલુ, સ્વતંત્ર ૨ ત્યક્ત, તજેલુ, મૂકી દીધેલુ
વિમુખ, વિ૦ (સ૦) મો ફેરવી બેઠેલુ તેવુ, વિરૂદ્ધ ૨ અળગુ, જુદુ, ૩ દૂર, આઘુ
વિમુખતા, સ્રી૦ પરાંગ મુખપણુ, જુદાઈ, વિરૂદ્ધતા
વિમુગ્ધ, વિ૦ (સ૦) બેબાકળુ, ગભરાયેલુ, વ્યાકુળ મોહપામેલુ
વિમૂઢ, વિ૦(સ૦)અણસમજુ, મૂર્ખ [જોખમ
વિમો, પુ૦ જીંદગી, માલ, ઇ૦ની સહીસલામતીનુ
વિયત, ન૦ (સ૦)આકાશ, નભ [વિયાવુ તે
વિયાણ, વિ૦ વિયાતુ, વરસ વિયાણ=વરસે વરસે
વિયાવુ, ક્રિ૦અ૦ બાળકને જન્મ આપવો, પ્રસવવુ જણવુ (પશુ પંખી) [રહેવુ તે, વિરહ
વિયોગ, પુ૦ (સ૦) જુદાઇ, વહાલામાથી વેગળા
વિયોગિની, સ્રી૦ વિરહિણી, વિજોગણ [વિરહી
વિયોગી, વિ૦ પ્રિયજનથી જુદુ પડેલુ, વિખુટુ,
વિરક્ત વિ૦ (સ૦) સંસાર ઉપરની પ્રીતિ તજી હોય એવુ નિસ્પૃહ, બેદરકાર, ત્યાગી
વિરક્તિ, સ્રી૦ ત્યાગ, સંસાર ઉપર ભાવ ન હોવો તે.
વિરચિત વિ૦ રચેલુ, બનાવેલુ સરજેલુ
વિરડો, પુ૦ વરીડો, વરડો, પાણી સુકાઇ ગયા પછી નદી કે તળાવની અંદર ખણેલો કુવો

વિરણ, સ્રી૦ એક જાતની વનસ્પતિ, સુગંધિવાળો.
વિરતિ, સ્રી૦ (સ૦) વિરામ, નિવૃત્તિ, શાંતિ.
વિરમવું, ક્રિ૦ અ૦ અટકવુ, થોભવુ, બંધ પડવુ, જંપવુ, આરામ લેવો
વિરલ, વિ૦ (સ૦) આછુ, ગીચ નહિ એવુ ૨ દુર્લભ, કવચિતજ મળતુ ૩ કોમળ, નાજુક.
વિરલુ, વિ૦ કવચિતજ બને—જોવામાઆવતુ એવુ, અસાધારણ, દુર્લભ
વિરવણ, ન૦ એ નામનુ સુગંધિદાર ઘાસ
વિરસ, પુ૦ રસ વગરનુ બેસ્વાદ, રસ રહિત
વિરહ, પુ૦ વિજોગ જુદાઈ
વિરહાતુર, વિ૦ (વિરહ) વિજોગથી અકળાયેલુ
વિરહિણી, સ્રી૦ પતિ વિજોગથી અકળાતી સ્ત્રી, વિજોગણ
વિરહી, વિ૦ વિરહવાળુ, વિજોગી, જુદુ પડેલુ
વિરંચિ, પુ૦ (સ૦) બ્રહ્મા, પ્રજાપતિ
વિરાગ, પુ૦ (સ૦) સંસાર ઉપરનો પ્રેમ ઉડી જવો તે, વૈરાગ્ય, ત્યાગ [ઉપરની માયા વગરનુ
વિરાગી, પુ૦ ત્યાગી, વેરાગી, સાધુ—સંત ૨ સંસાર
વિરાજમાન, વિ૦ શોભાયમાન પ્રકાશિત, સુશોભિત, દેદીપ્યમાન ૨ બેઠેલુ બિરાજેલું
વિરાજવું, ક્રિ૦ અ૦ શોભવુ, સારૂ દેખાવું ૨. પ્રકાશવુ, વિલસવુ [૨ આવિષ્કૃત.
વિરાજિત વિ૦ શોભતુ, સુંદર લાગતુ, સુશોભિત
વિરાટ, વિ૦ મોટુ, વિશાળ, ભવ્ય ૨ બ્રહ્માંડ, વિશ્વ રૂપે ઇશ્વરનો દેહ તે
વિરામ, પુ૦ આરામ, વિશ્રામ, ફુરસદ ૨ જંપ, અટકાવ ૩ અંત, અવસાન, મરણ **વિરામ-**ચિહ્ન=વિશ્રામ લેવાની નિશાની, (વાચનમા)
વિરામવું, ક્રિ૦ અ૦ અટકવુ, થોભવુ, કામ કરતા આરામ લેવો, થાક ખાવો, ૩ નિવૃત થવુ, મરીજવુ
વિરાવ, પુ૦ (સ૦) ધ્વનિ, અવાજ, શબ્દ, નાદ
વિરૂદ્ધ, વિ૦ (સ૦) ઉલટુ, સામુ પ્રતિકૂલ ૨ અયોગ્ય, અવળુ, જુદા વિચારનુ
વિરૂદ્ધતા, સ્રી૦ સામાપણુ, અસંમતપણું, પ્રતિકૂલતા
વિરૂપ, વિ૦ કદરૂપુ, વરવુ, રૂપરહિત, બદસીકલ.
વિરૂપતા, સ્રી૦ બેડોળપણ, બદસીકલ

વિરેચન, ન૦ જુલાપ, રેચ
વિરોધ, પુ૦ (સ૦) વેર, દ્વેષ, અંટસ. ૨ વિરુદ્ધતા, વિપક્ષતા, વિપરીતતા ૩ સંકટ, આફત. ૪ લડાઇ, ટંટો, તકરાર ૫. અટકાવ, અવરોધ, વારણ ૬ અભાવ; દુશ્મનાઇ ૭. એક બીજાથી ઉલટાસુલટી હોવું તે ૮ એ નામનો એક અલંકાર
વિરોધી, વિ૦ વેરી, દ્વેષીલું, ઝેરી ૨ સામાવાળિયો, દુશ્મન. ૩ કજિયો–તકરાર કરે એવું
વિલક્ષણ, વિ૦ (સં૦) ઓર તરેહનું, ઢંગધડાવગરનું, તરેહવાર ૨ અદ્ભુત ૩. અસાધારણ, વિશેષ લક્ષણનું
વિલપન, ન૦ (સં૦) રૂદન, વિલાપ. ૨ બડબડાટ
વિલપવું, ક્રિ૦ સ૦ આક્રંદ કરવું, વિલાપ કરવો
વિલય, પુ૦ (સં૦) ગળીને પ્રવાહી થવું તે, દ્રાવણ ૨ નાશ, પાયમાલી, પ્રલય
વિલસવું, ક્રિ૦ અ૦ (સં૦) મોહક દેખાવું, ઝળકી રહેવું, શોભવું, ૨ ફરકવું, હવામાં ઉડવું ૩ આનંદમાં રમવું, ક્રીડા કરવી. [ચેષ્ટાઓ.
વિલસિત, ન૦ (સં૦) ગતકડાં, નખરા, આનંદી
વિલંબ, સ્રી૦ વાર, ખોટી, ઢીલ
વિલાત, સ્રી૦ વિલાયત, વતન, સ્વદેશ
વિલાપ, પુ૦ (સં૦) રોવું તે, રૂદન બોલીને રડવું તે ૨ ખરેખરા અંતરના દુઃખનો પોકાર તે
વિલાયત, સ્રી૦ ન૦ સ્વદેશ, વતન, જન્મભૂમિ ૨ તુર્ક સલ્તનતનો એક ભાગ, તુર્ક પ્રજાનો અસલ દેશ ૩ ગોરા–યુરોપિયન લોકનો દેશ
વિલાયતી, વિ૦ વિલાયતનું–વિલાયતમાં બનેલું. ૨. તરેહવાર, તોછડું, વિચિત્ર ૩ અંગ્રેજી રીતભાતનું વિલાયતી મીઠું=એક રેચક મીઠું
વિલાવું, ક્રિ૦ અ૦ કરમાવું, ઢીલું પડી જવું, ઉતરી જવું ૨ પીગળવું, ગળવું
વિલાસ, પુ૦ (સં૦) રમતગમત, ક્રીડા ૨ મોહક હિલચાલ, લટકા; લહેરી લહેંકા. ૩ શૃંગાર ક્રિડા, ૨ ગમ્માજી, ગેલ
વિલાસી, વિ૦ આનંદી–મોજીલું, ગમતી, ૨ કામી, ક્રીડાસક્ત. ૨ લહેરી, ગુલાબી, નખરાબાજ, રસિક
વિલિયું, ન૦ અરધો રૂપિયો (સંકેતમાં)
વિલીન, વિ૦ (સં૦) તન્મય, તદાકાર ૨ બીજામાં ભળી ગયેલું, નાશ પામી ગયેલું એકાકાર
વિલુબ્ધ, વિ૦ લોભાયેલું, આકર્ષિત ૨ લંપટ
વિલેપન, ન૦ (સં૦) ચોપડવું તે, લેપ
વિલોકણી, સ્રી૦ જોવાની ઢબ, વિલોકન છટા, નિરીક્ષા, તપાસણી,
વિલોકન, ન૦ (સં૦) નિરખવું તે; અવલોકન
વિલોકનીય, વિ૦ (સં૦) જોવાજોગ, સુંદર
વિલોકવું, ક્રિ૦ સ૦ જોવું, નિહાળવું ૨ તપાસવું
વિલોચન, ન૦ (સં૦) નેત્ર આંખ, ચક્ષુ, તપાસ
વિલોમ, વિ૦ (સં૦) વિપરીત, અસમ, વ્યસ્ત વિલોમજ=ઉચ્ચ જાતિની સ્રીમાં નીચ–હલકી જાતિના પુરૂષથી ઉત્પન્ન થયેલું [ચંચળ
વિલોલ, વિ૦ (સં૦) હાલતું, કંપતું, ૨ તરલ,
વિલોવિલ, અ૦ અર્ધોઅર્ધ (સંકેતાર્થ)
વિલોલતા, સ્રી૦ ચંચળતા, તરલતા, અસ્થિરતા, હાલહાલ થયા કરવું તે [ઇરાદો, પૃચ્છા.
વિવક્ષા, સ્રી૦ (સં૦) બોલવા–કહેવાની ઇચ્છા,
વિવક્ષિત, વિ૦ બોલવાનું મનમાં ધારેલું તે બોલવા ધારેલો અર્થ તે
વિવર, ન૦ (સં૦) પોલાણ, ગુફા, દર, છિદ્ર
વિવરણ, ન૦ (સં૦) લંબાણ ખુલાસો, વ્યાખ્યાન, સ્પષ્ટીકરણ વિવેચન
વિવર્જિત, વિ૦ સં૦ ત્યાગ કરેલું તજેલું
વિવર્ણ, વિ૦ (સં૦) બેરંગું, ફીકું ૨ બેડોળ, કરૂપ.
વિવર્ત, પુ૦ (સં૦) ચક્રાકાર ફરવું તે, પરિભ્રમ ૨ અવિદ્યાભ્યાસ, મિથ્યામતિ ૩ વિકૃતિ, વિકાર ૪ જમાવ, રાશિ. [ફરક, ફેરફાર.
વિવર્તન, ન૦ ફરી જવું તે, ઉલટ ચક્કર, ૨
વિવિર્દ્ધત, વિ૦ (સં૦) વધેલું, વિસ્તાર પામેલું
વિવશ, વિ૦ (સં૦) પરાધીન, પરતંત્ર, ૨ વ્યાકુળ
વિવસ્વત, પુ૦ (સં૦) સૂર્ય, રવિ, આદિત્ય
વિવાદ, પુ૦ (સં૦) કોઈ બાબતની સારાસારતા માટે સામ સામે મુદ્દાસર બોલવું તે, ઊહાપોહ, ટીકા, વાદ ૨ કજીઆ, તકરાર
વિવાદી, વિ૦ વાદ કરનાર, તકરારી, પ્રતિવાદી.
વિવાસન, ન૦ (સં૦) દેશવટો, દેશનિકાલ.

વિવાહ, પુ૦(સં૦) વરકન્યાનો સંબંધ કરવો તે, વેસવાળ, સગાઇ (વિવાહ ફોગ થાય, લગ્ન ફોક થઈ શકે નહિ) ૨ પાણીગ્રહણ, લગ્ન વિવાહ માંડવો=લગ્નની ધામધુમ કરવી વિવાહની વરસી =ઓળનુ ડોળ, અવળચવળ, બગાડી નાખવુ તે, જોઇએ તે કરતાં ઉલટુજ [વગેરેની ધામધુમ તે.
વિવાહવાજન, ન૦ વિવાહ અને તેને લગતી વાજાં
વિવાહહિત, વિ૦ પરણેલુ, લગ્ન કરેલુ હોય તેવુ
વિવિધ,વિ૦ (સ૦) અનેક પ્રકારનુ. ભાતભાતનુ જેમા ઘણી જાતો હોય એવુ
વિવૃત, વિ૦ ઉઘાડુ, ખુલ્લુ ૨ વિસ્તૃત
વિવેક, પુ૦ (સ૦) સારાસાર સમજવાની શક્તિ, સદસદ વિચાર, ડહાપણ, જ્ઞાન ૩ સભ્યાચાર, સભ્યતા, વિનય, મર્યાદા, મલાજો ૪ કરકસર, સંભાળીને વાપરવા ખરવાની રીત તે
વિવેકી,વિ૦સભ્ય, વિનયવાળુ, ૨ સમજુ, ડાહ્યુ
વિવેચન, ન૦ (સ૦) સ્પષ્ટીકરણ, ગુણ દોષ જુદા પાડી બતાવવા તે, ટીકા, ચર્ચા
વિશદ, વિ૦ (સ૦) ચોખ્ખુ, નિર્મળ ૨ સ્પષ્ટ, ખુલ્લુ ૩ શ્વેત, ધવલ
વિશાખા, ન૦ સોળમુ નક્ષત્ર
વિશારદ, વિ૦ (સ૦) નિપુણ, કુશળ, જાણીતુ. ૨ દક્ષ, ચતુર [વિસ્તીર્ણ
વિશાળ, વ૦ (સ૦) મોટુ. ઘણુ લાંબુ પહોળુ,
વિશિષ્ટ,વિ૦(સ૦) ઉત્કૃષ્ટ, ઉત્તમ ૨ અસાધારણ
વિશુદ્ધ,વિ૦ (સ૦) પવિત્ર, દોષરહિત ૨ ચોખ્ખુ, ભેળ વગરનુ વિશુદ્ધતા=પવિત્રતા, ચોખાઇ
વિશુદ્ધિ, સ્ત્રી૦ શુદ્ધિ, પવિત્રતા, દોષ રહિતપણુ
વિશે, અ૦ વિશે, મા, સબધી, બાબત ઉપર
વિશેષ, વિ૦ ઘણુ, બહુ, પ્રમાણ કરતા વધારે તે ૨ અમુક, ખાસ, ખસુસ. ૩ જાત, પ્રકાર,ભાત
વિશેષણ, ન૦ (સ૦) પ્રાણી પદાર્થનો ગુણ કે સખ્યા બતાવનાર શબ્દ [કરીને, ખસુસ
વિશેષત, અ૦ (સ૦) ઘણુ કરીને, મુખ્યત્વે
વિશેષતા, સ્ત્રી૦ વધારેપણુ, ઉત્કૃષ્ટતા, શ્રેષ્ઠાઇ
વિશેષે કરીને,અ૦ ખસુસ કરીને, ઘણુ કરીને
વિશેષ્ય,ન૦ (સ૦) (વ્યાકરણ) જેનુ વિશેષણ હોય તે શબ્દ ૨ વિશેષે કરીને જાણવા જોગ વિષય તે.
વિશ્રામ, પુ૦ વિસામો, આરામ ૨ થાકીને બેસવું તે, વિરામ લેવો તે ૩ આરામ લેવાનુ સ્થળ.
વિશ્રામવું, ક્રિ૦ અ૦ આરામ લેવો,થાક ખાવો, દમ ખાવો ૨ મૂકવુ [ખાવો–દમ ખાવો તે
વિશ્રાંતિ,સ્ત્રી૦ (સ૦) વિસામો, આરામ ૨. થાક
વિશ્રુત,વિ૦(સ૦) જાણીતુ, પ્રખ્યાત, ૨.વિદિત
વિશ્વ, ન૦ (સ૦)બ્રહ્માંડ ૨ જગત, સૃષ્ટિ, દુનિયા
વિશ્વકર્મા, પુ૦ (સ૦)દેવનો શિલ્પી ૨ કારીગર; [સુતાર
વિશ્વસનીય, વિ૦ (સ૦) ખાતરીનુ
વિશ્વભર, વિ૦ (સ૦) વિશ્વનુ ભરણ પોષણ કરનાર, પરમેશ્વર [રાજા ૨ એક ક્ષત્રિય ઋષિ
વિશ્વામિત્ર, પુ૦ ગાધીરાજાનો પુત્ર–એક મોટો
વિશ્વાસ, પુ૦ (સ૦) ભરોસો, ખાતરી, ઇતબાર ૨ શ્રદ્ધા, આકીન, પ્રતીતિ, વિશ્વાસઘાત=વિશ્વાસ આપીને અવળુ કરવુ તે, કપટ વિશ્વાસઘાતી= દ્રોહી, કપટી, દગલબાજી, ગળાફાસુ, નિમકહરામ.
વિશ્વાસી, વિ૦ વિશ્વાસુ, વિશ્વાસ રાખે એવુ વિશ્વાસપાત્ર, પ્રામાણિક ૨ ખ્રિસ્તી, ઇસુના ધર્મને માનનાર [પ્રામાણિક
વિશ્વાસુ, વિ૦ વિશ્વાસ કરવા જોગ, વિશ્વાસી;
વિષ, ન૦(સ૦)ઝેર, જેથી જીવ જાય એવુ દ્રવ્ય તે, હલાહલ ૨ અત્યત કડવુ દ્રવ્ય તે, વખ.
વિષણ્ણ, વિ૦(સ૦)ખિન્ન, ઉદાસ ૨ ફીકુ,નિસ્તેજ
વિષમ,વિ૦ (સ૦) એકીનો અક ૨ કમી જાસ્તી ૩ મુશ્કેલ, કઠણ,કષ્ટસાધ્ય, મહેનતનુ ૪ અસમ, ઉંચુ નીચુ નહિ સરખુ ૫ ઉલટુ, વિરૂદ્ધ ૬ દારૂણ ૭ અદ્વિતીય, અતુલ્ય [અસમતા
વિષમતા, સ્ત્રી૦કઠણાઇ, મુશ્કેલી ૨.ન્યુનાધિકતા,
વિષય,પુ૦(સ૦) ઇંદ્રિય ગ્રાહ્ય બાબત તે, ઇન્દ્રિયોથી જે કર્મ કરી શકાય તે ૨ કામ, ઇશ્કબાજી ૩ હેતુ, ઉદ્દેશ ૪ કામ, વ્યાપાર ૫ મનોવૃત્તિ, વિચારણા તે [બાબતોમા જે રસ પડવો તે.
વિષયાનદ, પુ૦ (સ૦) સભોગેચ્છા ૨ સંસારી
વિષયાત્ર, વિ૦ કામાસક્ત,
વિષયી, વિ૦ વિષયાસક્ત, વિષય લોલુપ, કામી
વિષયે, અ૦ વિષે, મા, અંદર, લગતુ, સંબધે.

વિષાદ, પુ૦ (સ૦) નિરુત્સાહથી થતી જે લાગણી તે, શોક, દિલગીરી. ૨ આપદા, દુખ
વિષુવ, ન૦ (સ૦) પૃથ્વીના ગોળાના ઉત્તર દક્ષિણ એ સરખા ભાગ દેખાડનારી રેખા જ્યા મેષ અને તુલા સક્રાન્તિમા રાત અને દિવસ સરખા થાય છે,
વિષૂચિકા, સ્ત્રી૦ કોલેરા, કોગળિયુ માતાનુ
વિષે, અ૦ મા, અંદર, મહિ, ઉપર, બાબત
વિષ્કુભક,પુ૦ (સ૦) ભજવવામા આવતા નાટકની વસ્તુનો વૃત્તાત, ઉપોદ્ઘાત, આમુખ
વિષ્ટર,પુ૦ (સ૦) દર્ભાસન, ઘાસનુ આસન
વિષ્ટિ, સ્ત્રી૦ (સ૦) સમાધાનીની પચાત, સલાહનું કહેણુ શિષ્ટાઇ, સામોપચાર ૩ સાતમુ કરણુ
વિષ્ઠા, સ્ત્રી૦ (સ૦) પ્રાણીએ ઉત્સર્ગ કરેલો મળ, ગૂ, નરક [સૃષ્ટિનુ પાલન કરનાર દેવ, નારાયણ
વિષ્ણુ, પુ૦ (સ૦) પરમેશ્વર, સત્વગુણનુ સ્વરૂપ,
વિષ્ણુતેજ, ન૦ વિષ્ણુનુ ઐશ્વર્ય તે ૨ ઘી, ઘૃત
વિષ્ણુપદ, ન૦ (સ૦) આકાશ, ગગન, વ્યોમ 'ઉંચે ઉચ્ચ વિશાળ વિષ્ણુપદમા જૈને વસેલો હશે'
વિસમવુ, ક્રિ૦અ૦ ઠડુ થવુ, શાત પડવુ, શમવુ ૨ થોડીવાર આરામ મળે એમ થવુ ૩ ઊભરણુ ઉતરીજવુ 'રેલના પાણી વિસમ્યા છે ૪ ઘેનનો ખોળો ભર્યા પછી તે ખોળામાનુ તેની માતાએ પોતાના ખોળામા લેવુ તે
વિસરભોળુ,વિ૦ સહેજ વારમા ભૂલી જાય એવુ ભૂલકણુ ગાફેલ, નિષ્કપટી
વિસરવુ, ક્રિ૦ સ૦ ભૂલવુ, ચૂકવુ યાદ ન રહેવુ
વિસર્ગ, પુ૦ (સ૦) સ્વર આગળ કંઇક હકારનો ઉચ્ચાર સૂચક ચિહ્ન તે ૨ ત્યાગ, દાન
વિસર્જન, ન૦ છોડી દેવુ તે, જતુ કરવુ તે ૨ ત્યાગ, જળ મૂકવુ તે ૩ કામ બધ કરી છુટુ પડી જવુ તે બરખાસ્ત 'સભા વિસર્જન થઇ'
વસાત, સ્ત્રી૦ માલ, જીવ, દમ ૨ ઉપયોગીપણુ.
વિસામો, પુ૦ (સ૦ વિશ્રામ) થોભવુ-અટકવુ તે, આરામ, નિવૃત્તિ. ૨ થોભવાની જગા ૩ શ્રમ લઇ જતા થોભવાની જગા-ચોતરો
વિસાર, પુ૦ ભુલાવુ તે, વિસ્મરણુ
વિસારવું, ક્રિ૦ સ૦ વિસરવુ, ભૂલીજવુ ૨ મન માથી કાઢી નાંખવુ.
વિસારો, પુ૦ વિસાર, વિસ્મરણ; વિસ્મૃતિ
વિસૃત, વિ૦ (સ૦) વિસ્તૃત [પામવુ
વિસ્તરવુ, ક્રિ૦ અ૦ ફેલાવુ, વધવુ વિસ્તાર
વિસ્તાર, પુ૦ (સ૦) ફેલાવો, પ્રસાર, વધારો, ક્ષેત્રફળ ૨ પરિવાર
વિસ્તારવુ, ક્રિ૦ સ૦ ફેલાવવુ, વધારવુ, લબાવવુ
વિસ્તીર્ણ, વિ૦ (સ૦) વિસ્તારવાળુ, વિશાળ
વિસ્તૃત, વિ૦ (સ૦) પ્રફુલ્લ, વિશાળ, ફેલાયેલુ
વિસ્ફોટક, પુ૦ (સ૦) લોહી વિકારનો એક ત્વચા રોગ એમા શરીર ઉપર ધોળા ફોલ્લા ફુટી નિકળે છે
વિસ્મય, પુ૦ આશ્ચર્ય, અચબો, તાજુબી
વિસ્મરણ, ન૦ (સ૦) વિસ્મૃતિ, ગફલતી
વિસ્મિત, વિ૦ વિસ્મય પામેલુ, ચકિત.
વિસ્મૃતિ, સ્ત્રી૦ વિસ્મરણ, નહિ યાદ રહેવુ તે ૨ ભૂલ [એકાત-પ્રણય
વિસ્રભ, વિ૦ (સ૦) એકાતિક, ખાનગી, ગુહ્ય.
વિહગ, ન૦ (સ૦) પક્ષી પખી ૨ એક રોગ.
વિહગમ, ન૦ (સ૦) પખી, પક્ષી
વિહરવુ, ક્રિ૦ અ૦ રમવુ, ખેલવુ, ક્રીડા કરવી
વિહાણવુ, ક્રિ૦ સ૦ ગુજારવુ, ગાળવુ
વિહાર, પુ૦ (સ૦) રમત, ખેલ, ક્રીડા. ૨ આનંદે હરવુ ફરવુ તે ૩ ઠામઠામ ફરતા રહેવુ તે, ભ્રમણ ૪ મઠ, આશ્રમ
વિહારી, વિ૦ વિહાર કરનાર, ફરનાર
વિહીન, અ૦ (સ૦) વગર, સિવાય
વિહુણુ-હોણુ, વિ૦ વિખુટુ, છુટુ, અળગુ, એકલુ
વિહ્વલ, વિ૦ (સ૦) બાવરૂ પડી ગયેલુ, આતુર, આકળવિકળ, ગાભરૂ
વિહ્વલતા, સ્ત્રી૦ ગભરાટ, અકળામણ, બાવરાપણુ. ૨ ગુચવણુ, અસત આતુરતાવાળી બેચેન મનની સ્થિતિ તે
વિળાલો, પુ૦ બાવરો, વેવલો, બેવકૂફ
વિ૦ વિ૦ વિદ્યમાનનુ ટુકુ રૂપ. 'મણિલાલ વિ૦ લલ્લુભાઇ.'
વીખ, ન૦ ઝેર, વિષ, હલાહલ. ૨ ખાર, દ્વેષ; વીખવાદ=દ્વેષ-ખારની લડાઈ.
વીઘુ, ન૦ ૨૦ ગુઠાનું માપ, સો ચોરસ હાથ.

વીઘોટી, સ્ત્રી૦ વિઘોટી, કિસ્ત, મહેસુલ
વીચિ, સ્ત્રી૦ તરંગ, છોળ.
વીજ, સ્ત્રી૦ વીજળી.
વીજન, પુ૦ (સ૦) વિંઝણો, પંખો
વીણ, અ૦ વગર, સિવાય, વિના
વીણા, સ્ત્રી૦ (સ૦) એક તંતુવાદ્ય, બીન,તંબુરો
વીત, ન૦ વિત્ત, ધન, પૈસો [વીણાપાણિ=નારદ
વીતક, ન૦ જે વીતેલુ તે, વિપત્તિ,સંકટ [તિર્થંકર
વીતરાગ, વિ૦ (સ૦) શાંત, સંયમી ૨ જૈન
વીતવુ, ક્રિ૦ અ૦ વિપત્તિ પડવી, દુઃખ પડવુ ગુજરવુ ૨ પુરૂ થવુ, વહી જવુ 'મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયા' [વહી જવા દેવુ
વીતાડવુ, ક્રિ૦ સ૦ દુઃખ દેવુ, પીડવુ ૨ ગુમાવવુ,
વીથિ, સ્ત્રી૦ કુંજ, લતાઓમાની સાંકડી વાટ
વીમો, પુ૦ જિંદગી કે માલમિલકતનુ જોખમ રાખવુ તે, નુકસાનના બદલાનુ સાટુ
વીર, વિ૦(સ૦) શૂર, પરાક્રમી બળવાન, બહાદુર, જોરાવર, ૨ પુ૦ મરદ માણસ, લડવૈયો, જોદ્ધો, શૂર પુરૂષ ૩ પૌરૂષ મરદાઈ, પરાક્રમ ૪ ઉગ્ર સ્વભાવનુ એક ભૂત, બળવાન પિશાચ વીર મૂકવા=મંત્રથી પિશાચનો પ્રવેશ કરાવવો
વીરતા, સ્ત્રી૦ પરાક્રમ, પૌરૂષ, મરદાઇ
વીરપત્ની, સ્ત્રી૦ શૂરવીર પુરૂષની પત્ની, પુરૂષના જેવાજ શૌર્યવાળી સ્ત્રી તે
વીરરસ, પુ૦ (સ૦) જુસ્સો ઉશ્કેરે એવુ કાવ્ય, લખાણ કે વર્ણન, કાવ્યના નવરસમાંનો એક રસ
વીરવિદ્યા, સ્ત્રી૦ મરદાનગીને લગતુ શિક્ષણ ૨ વીર સાધવાની મંત્રવિદ્યા ૩ લડાયક તાલીમ
વીરશ્રી, સ્ત્રી૦ પરાક્રમની ઝગઝગી, જુસ્સાની તેજી ૨ બળ-પરાક્રમની વાહવાહ તે.
વીરહાક, સ્ત્રી૦ યુદ્ધ પ્રસંગે યોદ્ધાની મોટી અને ભયંકર ચીસ, લડવાના જુસ્સાથી રણ ગર્જવી
વીરૂં, સ્ત્રી૦ એક જાતની વેલ [મૂકવુ તે
વીરો, પુ૦ ભાઇ, બંધુ [કૌવત, મર્દાઈ, શૌર્ય.
વીર્ય, ન૦ (સ૦) શુક્ર, ધાતુ રજ ૨ બળ,
વીર્યહીન, વિ૦ નિર્બળ, શૌર્ય રહિત, પૌરૂષરહિત
વીલ, ન૦ અરધો ફાડિયુ (સંકેતમા) ૨ વારસનામુ, વસિયતનામુ ૩ ભરતી
વીલાં, ન૦ એક જાતના હારમાને હારમા ફીરતા પખી [શરમિંદુ ૩ વિખૂટુ, છુટુ, રઝળતુ.
વીલુ, વિ૦ ફીકુ, ઝાંખુ, નિસ્તેજ ૨ ઓશિયાળુ;
વીસ, વિ૦ (સ૦ વિંશતિ) બે વાર દસ, ૨૦, કોડી. વીસવસા=સંપૂર્ણ, સોળ આની, મોટે ભાગે, ખચીત, જરૂર
વીસી, સ્ત્રી૦ વીસ વરસની ગણત્રી, વીસ વીસનો સમુદાય તે ૨ ભોજનગૃહ, ખાણાવળ.૩ સરાઈ ૩ વિ૦ પ્રમાણિક,વ્યવહાર કુશળ,વિવેકી,સમજુ 'એ તો વીસી માણસ છે'
વુજુ, ન૦ વજુ નિમાજ પડવા પહેલા હાથ મો ધોવા તે પ્રાર્થના પહેલા નહાવુ-શુદ્ધ થવુ તે
વુજુદ, ન૦ હયાતી ૨ તત્ત્વ,અર્ક, સત્ત્વ
વુઠવુ, ક્રિ૦ અ૦ તુટવુ ૨ વરસવુ
વુહવુ, ક્રિ૦ અ૦ જવુ
વૃક, ન૦ (સ૦) વરુ, નાહર [૨ ભીમસેન
વૃકોદર, પુ૦ વરુના જેવા પેટવાળો, ભૂખાળવો.
વૃક્ષ, ન૦ (સ૦) ઝાડ, તરુ, છોડવો
વૃત્ત, ન૦ (સ૦) ગોળ આકૃતિ, વર્તુલની લીટી; કદોરા જેવી રેખા ૨.આચરણ,વર્તણુક,રીતભાત ૩ કવિતા રચવાનો એક પ્રકાર, છંદ ૪ કામ, ધંધો ૫ ખબર, સમાચાર ૬ હકીકત;ઇતિહાસ
વૃત્તાન્ત, ન૦ (સ૦) હકીકત, વિગત, વર્ણન ૨ કથા, ઈતિહાસ, બખર ૩ સંદેશો, ખબર ૪ વર્તણુક, રીતભાત
વૃત્તિ, સ્ત્રી૦ (સ૦) ધંધો, વ્યાપાર, આજીવિકા, ઉદ્યમ ૨ અંતઃકરણનુ વલણ, મનનો ભાવ ૩ પ્રકાર, પદ્ધતિ ૪ ટીકા, વિવરણ ૫. નિષ્ઠા
વૃત્યનુપ્રાસ, પુ૦ (સ૦) ગદ્યપદ્યમા એકને એક અક્ષરોની આવૃત્તિ ઘણીવાર થાય તેવો શબ્દાલંકાર, ઝડઝમક, 'મોટુ એણે કીધુ કામ માટે દેશે મોટુ માન, મોટામોટા મહીપતી મહીપતરામને'
વૃથા, અ૦ (સ૦) મીથ્યા, ફોગટ,નકામુ, નિષ્ફળ
વૃદ્ધ, વિ૦ (સ૦) ઘરડુ, ઉમ્મરે પહોચેલુ, જઈફ. ૨ વડીલ, વડવાઓ
વૃદ્ધત્વ, ન૦ (સ૦) ઘડપણ, જઈફી
વૃદ્ધા, સ્ત્રી૦ ઉમ્મરે પહોચેલી સ્ત્રી, ડોસી.

વૃદ્ધાવસ્થા, સ્ત્રી૰ (સ૦) ઘરડપણુ, બુઢાપો, જૈફી.
વૃદ્ધિ, સ્ત્રી૰ વધારો, ઉમેરો ૨ અભ્યુદય, આબાદી.
વૃદ્ધિગત, વિ૰ વધી ગયેલું, વિસ્તાર પામેલું
વૃશ્ચિક, પુ૦ (સ૦) વિંછી. ૨. આઠમી રાશિ
વૃષણુ, ન૦ અંડ, ગોળીની કોથળી, આડવો
વૃષભ, પુ૦ (સ૦) પોઠિયો, આખલો, નદી, સાંઢ
વૃષભધ્વજ, પુ૦ મહાદેવ, શિવ [૨ બીજી રાશિ.
વૃષલી, સ્ત્રી૰ પતિત સ્ત્રી, શૂદ્રા, ધર્મભ્રષ્ટ સ્ત્રી
વૃષ્ટિ, સ્ત્રી૰ (સ૦) વરસાદ ૨ કોઇ પણ વસ્તુનું ખૂબ આવી પડવુ તે, મોટો પ્રપાત
વૃંદ, ન૦ (સ૦) ટોળુ, જથો, સમુદાય
વૃંદા, સ્ત્રી૰ સ૦) તુળસી ૨ રાધિકા
વૃંદારક, વિ૦ (સ૦) મનોહર, રમણીય ૨ ઉત્તમ
વૃંદાવન, ન૦ (સ૦) તુળસીનુ વન ૨ વ્રજ
વેગણુ, ન૦ વત્તાક, રિંગણું.
વેગણી, સ્ત્રી૰ વત્તાકડી, રિંગણી
વેંચણુ, સ્ત્રી૰ ભાગ, ફાળો, વાટણી
વેચવું, ક્રિ૰ સ૰ ભાગ પાડવો, વાટવુ, નોખુ કરવુ
વેંત, સ્ત્રી૰ બિલ્લસ, અંગુઠાના ટેરવાથી તે ટચલી આંગળી સુધીનુ માપ તે વેંત ભોંય ન સુઝવી= ગુંચવણમા આવી પડવુ, કર્તવ્ય ન સૂઝવું, અક્કલનો ઉપયોગ ન થઇ શકવો.
વેંતિયુ, વિ૰ વેંત જેવડુ, ટુંકુ, ઠિંગણુ
વેકળો, પુ૰ વહેળો, વહેળિયુ, નાળુ
વેખડ, સ્ત્રી૰ એક ઔષધિ, કાકદવા
વેખળ, વિ૦ સ્વમાન રહિત, ખડખડ હસી પડે એવુ, ટુક વગરનુ (૨) અસભ્ય, નિર્લજ્જ
વેગ, પુ૦ ગતિ, ચાલની ઝડપ, ગતિમા રહેલુ જોર, ઝડપ ૨ ગતિનો ઉભરો, જોસ ૩ ગતિ, દોડ ૪ ચચળાઇ, ભાવનો ઉછાળો ૫ હડસેલો, ધક્કો,
વેગ, પુ૦ માથાનો સણકો, ચસકો. [આચકો
વેગણુ, ન૰ વેગણુ, રિંગણું, વતાક [નિભાવવુ
વેગરવું, ક્રિ૦ સ૰ વેઠવુ, સહન કરવુ ૨ પાળવુ,
વેગળાઇ, સ્ત્રી૦ છેટુ, અતર, દૂર હોવુ તે.
વેગળુ, વિ૦ દૂર, છેટે, આઘુ ૨ છુટુ, જુદુ. વેગળુ બેસવુ=અડકાવુ, અભડાવુ
વેગળે, અ૰ આઘે, છેટે, લાંબે અંતરે

વેગુ, વિ૦ વગ, જડસુ, સમજ વનાનું
વેચતુ, વિ૦ કિમ્મત આપતા મળે એવુ, વેચાતુ.
વેચવુ, ક્રિ૰ સ૦ મૂલ લઈને આપવુ, ૨. ગુમાવવુ
વેચાઉ, વિ૦ વેચવા મૂકેલુ, ૨ વેચવાનુ
વેચાણ, ન૦ વેચવુ તે, ૨ જેટલુ વેચેલુ હોય તેટલુ તે, વેચાવુ તે
વેચાણિયુ, વિ૦ વેચાણ લીધેલુ, અઘાટિયુ, ખરીદેલુ
વેચાતુ, વિ૦ વેચાઉ, વેચવા મૂકેલુ [ખરીદાવુ
વેચાવુ, ક્રિ૰ અ૦ કિમ્મતે મળવુ, પ્રાપ્ત થવુ,
વેજા, પુ૦ નિશાન, નેજા ૨ દુ ખ, વિપત
વેજા, ન૦ ફાંફા, વળખા
વેજાળુ, ન૦ પાણી અટકાવવાનો બંધ, આડસર
વેઠ, સ્ત્રી૰ વગર દામનુ વૈતરૂ, જેમા મળતર ન હોય એવી મહેનત ૨ ફરજિયાત વૈતરૂં 'સરકારી વેઠ' ૩ નડતર, ભાર, પીડા ૪ ખાલી મહેનત–માથાકુટ [ભોગવવુ, દુખે નિભાવવુ.
વેઠવુ, ક્રિ૦ સ૦ સહન કરવુ, ખમવુ, માથેપડેલું
વેઠાવું, ક્રિ૰ અ૦ સહન થવુ, સહેવાવું, ખમાવુ, સખાવુ [ટકારે કરેલુ.
વેઠિયાવાડ, વિ૦ ઢગ વગરનુ, કમનનુ, બળા-
વેઠિયો, પુ૦ વેઠ કરનારો, વગર પૈસાનો નોકર, ૨ વૈતરો, મજુર, બોજો ઉંપાડનારો
વેડ, પુ૦ વેઢ, જુઓ.
વેડફવું, ક્રિ૰ સ૦ ઉડાડી દેવુ, નકામુ ખરચી નાખવુ, ગુમાવવુ, અકારણ જતુ કરવું
વેડમી, સ્ત્રી૰ પૂરણપોળી, ગળી રોટલી
વેડવુ, ક્રિ૰ સ૰ વિણવુ, ઉતારવુ, તોડવુ, ચુટવુ, ૨ ફળ મેળવવુ, લણવુ, લાભ કાઢવો.
વેડાવવું, ક્રિ૰ સ૰ ફળ ઉતરાવવા, વિણાવી લેવુ
વેડાંગ, પુ૦ ઘોડો, અશ્વ, હય
વેડી, સ્ત્રી૦ છેડે જાળીદાર ઝોળીવાળી લાબી લાકડી,
વેડુર, વિ૦ ફાંકડુ, સુદર. [(આંબો વેડવાની)
વેડો, પુ૰ કેરી વગેરે ફળ ઉતારનારો, વેડનાર
વેઢ, પુ૰ વેડ, એથી વધારે આંટાની મોટી અંગુઠી ૨ વેઢો, કાપો, આંકો. [મેળવવું.
વેઢવવુ, ક્રિ૦ સ૰ મુકાબલો કરવો, સરખાવવુ,
વેઢો, પુ૦ આંગળાનો કાપો, ૨. ઝટ ફાટે નહિ

એવી લાકડાની ગાઠ, ગડેરી વેઢા ગણવા=આ-ગળીના કાપે હિસાબ ગણવો ૨ આતુરતાથી રાહ જોવી
વેણ, ન૦ વચન, બોલ ૨. વેણુ, વાસળી, મોરલી ૩ ગુથેલો ચોટલો, વેણી ૪ વહેણ, પાણીનો પ્રવાહ, ખેંચાઈ જવાય એવુ પાણીનું જોરભેર વહેવુ તે ૫. નાળુ ૬ જનનનો દુખાવો, કષ્ટાવુ તે ૭ કપાસનો છોડ.
વેણા, સ્ત્રી૦ વીણા, તબુરો, એક તતુવાદ્ય
વેણાચુટા, પુ૦ હાયવાય, મનની ગભરામણ. ૨. ભૂખના વળખા ને થતું દુખ
વેણી, સ્ત્રી૦ (સ૦) સ્ત્રીઓના માથાના વાળની ગુથેલી લટરો તે, ચોટલો ૨ અબોડે બાધવાનો ફૂલનો સુદર ગજરો તે ૩ કમાડમા જડેલી લાંબી ચીપ, ઉભો ભુસો
વેણુ, ન૦ પાણી ભરી લાવવાની ગાડી.
વેણુ, સ્ત્રી૦ વાસળી. મોરલી ૨ વાંસ
વેણુકવાવું, ક્રિ૦ સ૦ વહાણ વાવુ, સવાર થવુ
વેણુકા, સ્ત્રી૦ વાંસળી ૨ પાતળા નક્કર વાસની
વેત, પુ૦ ઘાટ, મોખ, ત્રેવડ, તજવીજ [ઝાડી
વેતન ન૦ (સ૦) રોજ, ભાડુ, દરમાયો, પગાર ૨ જીવાઇ, વરખાસન
વેતર, ન૦ વિયાવુ તે, એક એક વારનુ જનન તે, વેતર આવવુ=પશુમાદાને આધાન કાળ આવવો, સવાણે આવવુ [૨ વલે, શિક્ષા કરવાની તજવીજ
વેતરણ, સ્ત્રી૦ જુગતી, ગોઠવણ, તજવીજ, ત્રેવડ
વેતરવુ, ક્રિ૦સ૦ શરીરને બેસતું આવે તેમ લુગડા કાતરવા તે ૨. કાપીકુપીને ઘાટમા લાવવુ, અનુકૂળ આવે તેમ કરવુ ૩ (વ્યગમા) બગાડવુ; છિન્નભિન્ન કરી નાંખવુ
વેતસ, ન૦ નેતર ૨. બરૂ [આવડ
વેતા, પુ૦ ઢાકળો, ભલીવાર, હોશિયારી, ડહાપણ,
વેતાળ, પુ૦ (સ૦) એક ઉપદેવ ૨ પિશાચનો રાજા ૩ ભૂતની એક જાત ૪ દ્વારપાળ, હજુરિયો
વેત્તા, વ૦ (સ૦) જાણનાર 'તત્ત્વવેત્તા.'
વેત્ર, ન૦ (સ૦) નેતર, બરૂ ૨ છડી, નકીબ
વેત્રવર, પુ૦ (સ૦) છડીદાર, દ્વારપાળ
વેત્રાસન, ન૦ (સ૦) નેતરની ખુરસી.
વેદ, પુ૦ (સં૦) જ્ઞાન ૨ આર્ય પ્રજાનું ધર્મ પુસ્તક. વેદ ભણવા=વેદ ભણવા જેવુ મુશ્કેલ કામ કરવું.
વેદના, સ્ત્રી૦ પીડા, દુખ, કળતર [પ્રકૃતિ રૂપ.
વેદમૂર્તિ, વિ૦ જાણે વેદજ ન હોય એવુ, વેદની
વેદાંત, ન૦ (સ૦) વેદમાનુ તત્વજ્ઞાન તે, ઉપનિષદનું જ્ઞાન, 'જગત મિથ્યા છે અને જ્ઞાનથીજ મોક્ષ મળે છે' એમ બોધ આપનારૂ તત્ત્વજ્ઞાન તે
વેદાંતી, વિ૦ વેદાતના મતને માનનાર, અદ્વૈતવાદી, બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એવુ માનનાર.
વેદિયો, પુ૦ વૈદિક કર્મકાડ કરાવનારો. ૨ દુનિયાદારી વ્યવહારની સમજ વગરનો માણસ વેદિયો ઢોર –પુસ્તક પડિત [ગાવવાનો કુડ (૨) ઓટલી
વેદી, સ્ત્રી૦ (સ૦) હોમ કરવાનો અગ્નિ સળ-
વેદોક્ત, વિ૦ (સ૦) વેદમા કહેલુ, વેદ પ્રમાણે.
વેધ, પુ૦ (સ૦) છિદ્ર, વેહ. ૨ સૂર્ય ચદ્રનુ જેટલુ ગ્રહણ થાય તે ૩ રાહુ ૪ સુતાર કડિયાના કામમા સમાન્તરતાનો દોષ તે, બાધ, નડતર ૫ ગ્રહાદિકની ગતિ અને તેમના ભ્રમણ વગેરેનુ પ્રમાણ તે, વખતનું પરિમાણ [સિદ્ધ
વેધન, ન૦ (સ૦) વિંધવુ તે, ૨. વિંધવાનુ ઓજાર,
વેધલો, પુ૦ કાનના ઉપલા વેહમા પહેરવાનુ ઘરેણું.
વેધવુ, ક્રિ૦ સ૦ વિધવુ, ભોકવુ, કાણુ પાડવુ ૨ મનમા ઉડી અસર કરવી [ખ૦ તપાસવાનુ સ્થાન
વેધશાળા, સ્ત્રી૦ (સ૦ ગ્રહાદિકની ગતિ, ભ્રમણ,
વેધા, પુ૦ (સ૦) બ્રહ્મદેવ, પ્રજાપતિ, બ્રહ્મા
વેધી, વિ૦ વેધવાળુ, દોષવાળુ ૨ ચોટ–નિશાન પર જઇ વાગે એવુ, વિંધી નાખે એવું 'શબ્દવેધી' [૩ લગાર, હાર, પરપરા ૪ વલો.
વેન, ન૦ વહન, વહેવુ તે ૨ વાહન, યાન, ગાડી
વેપથુ, ન૦ (સ૦) કપ, ધ્રૂજ, થરથરાટ
વેપલો, પુ૦ વેપાર (તિરસ્કારમા)
વેપાર, પુ૦ માલ વેચવા સાટવાનો ધધો તે, રોજગાર, ઉદ્યમ ૨ જીવન વ્યવહાર ચલાવવો તે, વેપાર માડવો=સ્ત્રીપુરૂષે સસાર ચલાવવો તે.
વેપારી, વિ૦ વેપાર કરનાર ધધાધારી, વ્યવસાયી
વેર, ન૦ (સ૦ વૈર) દુશ્મનાઈ, શત્રુવટ ૨ ખાર,

ઝેર, અદાવત, દ્વેષ ૩ વહેરતા પડેલો ભુકો તે, વહેર. ૪. અ૦ લગી, સુધી, પર્યંત-
વેરણુ, સ્ત્રી૦ વેરી, શત્રુ, દુશ્મન ૨ વિ૦ ખારીલી, દ્વેષ કરનારી ૩ વેરાયેલુ, વિખરાયેલુ
વેરણુખેરણુ, વિ૦ વેરાયેલું, આમ તેમ વેરાઇ ગયેલુ, અસ્તવ્યસ્ત
વેરણિયો, પુ૦ વહેરવાનુ કામ કરનારો, કરાઇ
વેરભાવ, પુ૦ શત્રુવટ, દ્વેષ, ખાર
વેરવી, પુ૦ વેરી, શત્રુ. ૪ વિ૦ ઝેરીલું, દ્વેષી
વેરવું, ક્રિ૦ સ૦ છુટુ છુટુ પડે તેમ કરવુ, વિખેરી નાખવુ, વિખરાતુ પડે એમ કરવુ ૨ ઢોળવુ ૩ પાથરવું ૪ ઉડાડી દેવુ, વાવરી નાખવુ ૫ વહેરવુ
વેરાગ, પુ૦ વૈરાગ, સસારાભાવ, ત્યાગ
વેરાગણ, સ્ત્રી૦ ત્યાગી સ્ત્રી, બાવી, સાધુડી.
વેરાગી, પુ૦ ત્યાગી, બાવો, સાધુ જેણે સસારની માયામમતા છોડી દીધી હોય તે
વેરાવુ, વિ૦ વિખરાવું, આમ તેમ છુટુ છુટુ પડતું-ઢળતુ હોય તેવુ, પથરાતુ
વેરાન, વિ૦ ઉજ્જડ, નિર્જન ૨ ન૦ જગલ, રાન
વેરી, વિ૦ ઝેરીલુ ૨ દુશ્મન, શત્રુ
વેરે, અ૦ સાથે, સંગાથે, જોડે [રાજ્ય ઉપજ
વેરો, પુ૦ રાજ્ય તરફનો કર, જકાત ૨ મહેસુલ,
વેરો, પુ૦ અંતર, ભેદ [ફૂલપાનની ભાત ૩, લહેર
વેલ, સ્ત્રી૦ (સ૦ વલ્લિ) વેલી, લતા ૨ વેલી જેવી
વેલણુ, ન૦ રોટલી વણવાનુ વતરણુ
વેલણિયું, વિ૦ વેલણુ જેવુ ૨ ન૦ વેલણુ
વેલા, સ્ત્રી૦ આપદા, વિપત્તિ ૨ વેળા, વખત ૩ ખરાબ વખત, પડતીનો વખત ૪. હદ, સીમા,
વેલિયુ, ન૦ સોના રૂપાના તારની કડી ૨ અરધો, રૂપિયો, અડધો ૩ વિ૦ ઢગવગરનુ, વલુકડુ, બોલવે ચાલવે ને પહેરવેશે સાદુ
વેલી, સ્ત્રી૦ નાનો વેલો, લતા
વેલો પુ૦ મોટી વેલ, એ જમીન ઉપર પથરાય છે અથવા ઝાડને વળગી ઉચે ચઢે છે વેલાતોડ વરસાદ-ચોમાસાના અતનો વરસાદ, ઉત્તરના પવન સાથે વરસતો ઝેરી વરસાદ, જેથી વેલા સુકાઇ જાય છે.
વેવ, સ્ત્રી૦ એક જાતની વેલ. એના પાનનો રસ થોડીજ વારમા જામી જાય છે
વેવડાવવુ, ક્રિ૦ સ૦ વહે-ચાલે તેમ કરવુ, રેલો ચલાવવો ૨ બહેકાવવુ, ફટાડવુ [તિ, નફો, લભ
વેવરામણુ, ન૦ વહેવરામણુ ૨. સસ્તે મળવુ
વેવલાં, ન૦ ફાફા, વળખા, તરણા, વેવના ડાખળા
વેવલુ, વિ૦ સાદું, ટાપટીપ વગરનુ, દાધારંગું; સાબડભોથુ, ૨, લપુડુ, વલવલતું, અચતુર
વેવીશાળ, ન૦ વિવાહ કરવાથી થયેલો સબધ તે, વાગદાન, સગાઇ ૨. જ્યા છોકરો છોકરી દીધેલા હોય તે કુટુબ સાથેનો સંબધ 'વેવીશાળમા નોતરા દેજો' વેવીશાળિયો=વિવાહ કરનારો
વેવુ, ક્રિ૦ સ૦ (સ૦ વહ્) વહેવુ, જુઓ.૨ વ ઠીજવુ, બહેકવુ, હદ બહાર જવુ ૩ ઠગવુ, છેતરવુ [પાતર
વેશ્યા, સ્ત્રી૦ (સ૦) ગણિકા, વારાગના, પુશ્ચલી,
વેષ, પુ૦ (સ૦) વેશ, સુંદર પોશાક, શોભીતો દેખાવ તે. ૨ પહેરવેશ, લિબાસ, પરિધાન, પોષાક. ૩. રૂપ, સોગ ૪ સુહાગણના ચિહ્ન રૂપ શણુગાર તે, વાળ, ચુડો, ચાલ્લો, વગેરે
વેષધારી, વિ૦ સોગ લેનાર, ઢોગી ૨ ઠગ; લુચ્ચુ.
વેષ્ટન, ન૦ (સ૦) ઢાકણુ, પડ, પરબીડિયુ ૨ ૨ બાધણુ, વિંટણુ ૩. વિંટાળવુ તે
વેસણ, ન૦ ચણાનો લોટ, કઠોળનો આટો ૨ ચણા કે કઠોળના આટાનું ખીરૂ, ભજિયા, પાતરા ઉપર ચોપડવામા આવે છે તે.
વેસર, સ્ત્રી૦ નથ, વાળી, વીંટલી, બુલાખ. ૨. ન૦ ઘોડા ગધેડામાથી ઉપજેલુ સકરપ્રાણી, ખચ્ચર, અશ્વતર ' એ તો વેહર ગધેડો છે '
વેસરી, સ્ત્રી૦ વાળી, નથ.
વેસવાળ, ન૦ વિવાહ સંબંધ, સગાઇ, વાગદાન
વેહ, પુ૦ વે, વિંધ, શાર ૨ નાકુ ૩ દર
વેળ, સ્ત્રી૦ વેળા, સમય ૨ તાણ, આકડી ૩ તરગી ભાવના, વિચારનો ઉછાળો.
વેળા, સ્ત્રી૦ વખત, સમય ૨ અમુક નિશ્ચિત સમય ૩ ટાકણુ, ટાણુ; સંધિ, પ્રસંગ. ૪ ઢીલ; વાર, વિલબ. ૫ મુશ્કેલીનો વખત, દુર્ભાગ્ય. વેળા વટાવવી=ખોટી કરવુ,' સમય વીતી જાય

એમ કરવુ વેળા વળવી=સુખી દિવસો આવવા, ભાગ્ય ઉઘડવુ વેળાએ મળે ને ફેળા=સમયે મળ્યુ તે સોનુ પડી વેળાએ પાટુ=દાઝયા ઉપર ડામ

વેળાસર, અ૦ વખતસર, સમય ઉપર, ઘટતે વખતે ૨ ઉતાવળે, જલદી, વહેલા

વેળિયુ, ન૦ કાને પહેરવાનુ વાળાનુ ગુચ્છળુ ૨ વહેળિયુ, ઝરણુ, નાળુ

વેળુ, સ્ત્રી૦ રેતી, ધૂળ [આાકડી.

વૈ, સ્ત્રી૦ વાઈ, વાયુનો રોગ, ફેફર તાણુ ૨

વૈ, સ્ત્રી૦ વહી, ચોપડો વૈ વાચવી=ગઈગુજરી કહી કહેવરાવી ટાણા મારવા વૈવ ચા=વ શાવળીઓની નોધ રાખનાર એક જાતિ–ભાટ, ચારણ વગેરે

વૈ, સ્ત્રી૦ મોટુ અને ઉંડુ દર ૨ કોળ પકડવાનો ફાંદો, કોળવૈ, ઉંદરિયુ ૩ અ૦ નિશ્ચે, નક્કી

વૈકલ, વિ૦ વાયેલ, ઘેલુ, સાડીત્રણ પાસળીનુ

વૈકલ્પિક, વિ૦ (સ૦) વિકલ્પવાળુ અડુકદડુકિયુ

વૈકુઠ, ન૦ (સ૦) વિષ્ણુનુ નિવાસસ્થાન,વિષ્ણુનુ ધામ વૈકુઠવાસ–મરતા વૈકુઠમા વાસ મળવો તે, સદ્‌ગતિ [મરનાર, સદ્‌ગત પામેલુ

વૈકુઠવાસી, વિ૦ વૈકુઠમા જઈ વસેલુ, મુએલું,

વૈકૃત, વિ૦ વિકૃતિ પામેલુ બગડી ગયેલુ

વૈખરી, વિ૦ (સ૦) સ્પષ્ટ ઉચ્ચારવાળુ,ચોખ્ખુ ૨ વાણીની ચાર રીતિઓમાની ચોથી તે 'પરા પશ્યતી, મધ્યમા અને વૈખરી ' ધડધડાટ–ધાણી ફૂટે તેમ બોલાતી વાણી તે [નવાઈ, અદ્‌ભુતતા.

વૈચિત્ર્ય, ન૦ (સ૦) વિચિત્રતા, વિચિત્રપણુ ૨

વૈજયત, પુ૦ (સ૦) ઈન્દ્રનો વાવટો, ધ્વજા

વૈજયતિકા, પુ૦ વાવટો, ઝાલનાર

વૈજયંતી, સ્ત્રી૦ કાળી તુળસી ૨ તુલસીની મજરીઓની માળા તે ' શોભે લાછન પર્વત માળ, કૌસ્તુભ કઠે વૈજયતી'–ગિરધર

વૈજ્ઞાનિક, વિ૦ (સ૦) વિજ્ઞાન સબધી, ઉચ્ચ, જ્ઞાનનુ, શાસ્ત્રીય [રોજદાર

વૈતનિક, વિ૦ (સ૦) પગારદાર, દાહ્ડિયુ, મજુર,

વૈતરણી, સ્ત્રી૦ યમલોકના માર્ગમા આવતી એક

વૈતરુ, ન૦ વહીતરુ, જુઓ [નદી

વૈતરો, પુ૦ વહીતરો, મજુર

વૈતાલિક, પુ૦ માગધ, ચારણ, સ્તુતિપાઠક

વૈતાલ, પુ૦ વેતાળ, જુઓ ૨. શિવનો ગણ.

વૈદ, પુ૦ વૈદ્ય, જુઓ. [વિદ્યા ૨. વૈદ્યનુ કામ તે.

વૈદક, ન૦ રોગ પારખવાની ને તે મટાડવાની

વૈદગ્ધ્ય, ન૦ (સં૦) ચતુરાઇ, પ્રવીણતા, કારીગરી, ૨ ધૂર્તતા 'વૈદગ્ધ્ય વાપર્યું બધુ વણસીજ જાશે '

વૈદર્ભ, વિ૦ વિદર્ભને લગતુ. વૈદર્ભી=દમયતી, રુક્મિણી [વિદ્દિયો

વૈદિક, વિ૦ (સ૦) વેદ સબધી ૨ વેદ ભણેલો,

વૈદુ, ન૦ વૈદ્યનુ કામ–ધધો તે, રોગ પારખી દવા આપવી તે ' ના આવડે ભીખ તો વૈદુ શીખ '

વૈડૂર્ય, ન૦ (સ૦) નીલુરત્ન, આસમાની હીરો

વૈદેહી, સ્ત્રી૦ (સ૦) જાનકી,વિદેહના રાજાનીપુત્રી.

વૈદ્ય, પુ૦ (સં૦) રોગની પરીક્ષાકરી દવા આપવાનો ધધો કરનારો, ચિકિત્સક, હકીમ, તબીબ, દાક્તર, કવિ, (બગાળીમા)

વૈદ્યુત, વિ૦ (સ૦) વિજળીનુ–સબધી.

વૈધરત, ન૦ વૈધૃતિ, ૨૭ મો યોગ

વૈધર્મ્ય, ન૦ (સ૦) પરધર્મપણુ, આચારભેદ ૨. મળ સ્વરૂપમા ભિન્નતા તે

વૈધવ્ય, ન૦ (સ૦) રડાપો, વિધવાપણુ

વૈધૃતિ, સ્ત્રી૦ (સ૦) સત્તાવીસમો યોગ

વૈનીતક, ન૦ (સ૦) પાલખી, સુખપાલ, ડોળી 'વૈનીતકમા બેસી ફર્યો' રત્નો [૨ ખરાબી

વૈપરીત્ય, ન૦ (સ૦) વિપરીતપણુ, ઉલટાઈ

વૈપુલ્ય, ન૦ (સ૦) વિપુલતા, પુષ્કળપણુ;

વૈભવ, પુ૦ (સ૦)સુખ સાહિત્યની સગવડ–સાધન તે, સાહેબી, ઠાઠમાઠ, ૨ સમૃદ્ધિનો ઝળકાટ,વૈભોગ ૩ ઐશ્વર્ય, પ્રતાપ, કીર્તિ [રહેનારુ, અમીરી

વૈભવી, વિ૦ વૈભવવાળુ , સાહેબીવાળુ, ઠાઠમાઠથી

વભોગ, પુ૦ વૈભવ, મોજમઝા, સાહેબી, ઠાઠ

વૈમાન, ન૦ વિમાન, આકાશમા ચાલનારુ યાન તે.

વૈમાનિક, વિ૦ (સ૦) વિમાન સબધી, વિમાન ચલાવનાર [વ્યાકરણ શાસ્ત્ર જાણનાર

વૈયાકરણ, વિ૦ (સ૦)વ્યાકરણ સબધી ૨ પુ૦

વૈયાકરણી, વિ૦ વ્યાકરણ શાસ્ત્રી

વૈર, ન૦ (સ૦) વેર, દ્વેષ, ૨ કીનો

વૈરલ્ય, ન૦ (સ૦) વિરલતા, ૨. ખોટ, અછત.
વૈરાગી, પુ૦ વેરાગી, બાવો, જોગી, સાધુ
વૈરાગ્ય, પુ૦ (સં૦) સંસારની માયા મમતારહિતપણું, આસક્તિનો અભાવ તે, સંસાર ઉપરની પ્રીતિનો ત્યાગ તે, અનાસક્તિ [બળ, મોટું
વૈરાટ, વિ૦ (સ૦) વિરાટ સબંધી ૨ અતલી
વૈરી, વિ૦ (સ૦) વેરી, દુશ્મન
વૈરૂપ્ય, ન૦ (સ૦) વરવાપણું, બેડોળપણું
વૈવર્ણ્ય, ન૦ (સ૦) ફિકાશ ૨ કદરૂપાપણું
વૈવર્ત પુ૦ (સ૦) ફેર, પલટો, રૂપાન્તર નવું-બીજું સ્વરૂપ ઉદ્‌ભવવું તે, ચક્કર [સાતમો મનુ
વૈવસ્ત, પુ૦ (સ૦) હાલ ચાલતા મન્વન્તર કર્તા,
વૈવાહિક, વિ૦ (સ૦) વિવાહ સંબધી, લગ્નબાબત
વૈશંપાયન, પુ૦ (સ૦) વ્યાસનો એક વિદ્વાન, શિષ્ય, જનમેજય રાજાને જેણે મહાભારત સંભળાવ્યું હતું તે.
વૈશાખ, પુ૦ (સ૦) કાર્તિકથી સાતમો મહીનો
વૈશાખનંદન, પુ૦ ગધેડો, ખર (વૈશાખ માસ ગધેડા માટે કામોદ્દીપક છે તે ઉપરથી)
વૈશ્ય, વિ૦ (સ૦) આર્યોના વર્ણાશ્રમ ધર્મપ્રમાણે ત્રીજી વર્ણના લોક તે, વેપાર ધંધો કરનાર એક જાતિ તે, વણિક
વૈશ્વદેવ, ન૦ (સ૦) જમતા પહેલા અન્નને જે બલિ આપે છે તે કર્મ, નિત્ય બલિ આપવો તે
વૈશ્વદેવિયુ, ન૦ વૈશ્વદેવતા બલિ આપવાને અગ્નિ રાખવાનું પાત્ર, યજ્ઞકુંડના જેવી તાંબાની સગડી
વૈશ્વાનર, પુ૦ (સ૦) દેવતા, અગ્નિ. 'વૈશ્વાનર નિપાવે પાક, ખટરસ ભોજન સઘળા શાક'-ઉદ્ધવ.
વૈષમ્ય, ન૦ (સં૦) ભેદભાવ, ન્યૂનાધિકતા ૨ કઠણાશ, મુશ્કેલી. [નાર ૨. વિષ્ણુ સબંધી.
વૈષ્ણવ વિ૦ (સ૦) વિષ્ણુભક્ત, વિષ્ણુને માન-
વૈષ્ણવી, સ્રી૦ લક્ષ્મી.
વૈહાયસ, વિ૦ (સ૦) આકાશ માર્ગે જાય એવું
વૈહાસિક, પુ૦ (સ૦) મસ્કરો, જુઠણું, ભાંડ
વો, પુ૦ વોહ, જોસભેર પાણીનું વહેવું તે, વહેણુ. ૨ ધોધ, ધારાવહન
વોંકળો, પુ૦ પાણીનું નાનું વહેણ, નાળું
વોડકી, સ્રી૦ જુવાન ગાય-ભેંશ, જોટડી
વોણુ, ન૦ નાળું, વહેણું ૨ સીમમાં પાણી ભરાઇ રહેલો લાંબો ખાડો
વોરત, સ્રી૦ વહોરત, ખરીદી
વોરતિયો, પુ૦ વહોરનારો, ખરીદ કરનારો.
વોરવુ, ક્રિ૦ સ૦ ખરીદ કરવું, વેચાતી લેવું ૨ એકઠું કરવું, સંઘરવું ૩ ઘેર ઘેર ફરી ભિક્ષા માગી લાવવી તે (જૈન), માધુકરી ૪ માથે લેવું, જોખમ ભોગવવું.
વોરો, પુ૦ વહોરો, મુસલમાનોની એક જાત
વોહ, પુ૦ જોરથી વહેતા પાણીનો પ્રવાહ તે, વહેણું ૨ પાણીને વહી જવાનો વેગદાર માર્ગ તે.
વોહોરવું, ક્રિ૦ સ૦ વોરવું, જુઓ [ખુલ્લું સ્ફુટ, ઉઘાડું
વ્યક્ત, વિ૦ (સ૦) સમજી શકાય એવું, સ્પષ્ટ,
વ્યક્તિ, સ્રી૦ (સ૦) એક જણ, એકત્વ, એક માણસ એમ. [ચિંતાતુર, વ્યાકુળ, વિહ્વલ.
વ્યગ્ર, વિ૦ (સ૦) અસ્થિર, ગભરામણમાં પડેલું
વ્યગ્રતા, સ્રી૦ વિહ્વલતા, માનસિક અસ્વસ્થતા
વ્યંગ, ન૦ વક્રોક્તિ, કટાક્ષ
વ્યંજન, પુ૦ સ્વર ભળ્યા સિવાય જેનો સ્પષ્ટ ઉચ્ચાર થતો નથી તે વર્ણ 'ક્, લ્, ર્' ૨ ડાઘ, નિશાની ૩ અવયવ, ગુહ્યાંગ.
વ્યંઢળ, પુ૦ નપુંસક, ખોજો ૨ પુરૂષાર્થહિન.
વ્યજન, પુ૦ (સ૦) વિંઝણો, પંખો
વ્યતિરિક્ત, વિ૦ (સં૦) જુદું, અળગું ૨ બીજું, ઇતર, ભિન્ન. ૩ વગર, સિવાય
વ્યતિરેક, પુ૦ (સ૦) ભિન્નત્વ, જુદાપણું, પૃથગ્ત્વ ૨ ત્યાગ, વર્જન. ૩ ભળતાપણું નહિ તે
વ્યતીપાત, પુ૦ (સ૦) ૧૭ મો યોગ એ અશુભ ગણાય છે ૨ અડખીલી, ફાંસ
વ્યતિપાતિયુ, વિ૦ સને પાતિયું, તોફાની, મસ્તીખોર.
વ્યત્યય, પુ૦ (સં૦) વિરૂદ્ધતા ૨. આડખીલી ૩ ઉલટસુલટપણું
વ્યથા, સ્રી૦ (સ૦) પીડા દુઃખ. ૨. મનસ્તાપ.
વ્યથિત, વિ૦ (સં૦) પીડિત, દુઃખી, ખિન્ન, કલાન્ત, ગભરાયેલું
વ્યભિચાર, પુ૦ (સ૦) આચારનો ભંગ કરવો

તે ૨ પર હોય એવા સ્ત્રી પુરૂષનો સંબંધ તે, છિનાળુ, જારકર્મ [પર-પુરૂષ સંગી સ્ત્રી
વ્યભિચારિણી, સ્ત્રી૦ વ્યભિચારી સ્ત્રી, છિનાળ,
વ્યભિચારી, વિ૦ છિનાળવુ; સોદુ, વિષયાસક્ત ૨ રસને સહાય કરનાર ભાવ તે (એ ભાવ ૩૩ પ્રકારના છે જુઓ ગુજરાતી શબ્દકોષ)
વ્યય, પુ૦ (સ૦) ખરચ, ખપત ૨ વાપર
વ્યર્થ, વિ૦ (સં૦) નકામું, નિરર્થક; ફોગટ, મિથ્યા
વ્યવસાય, પુ૦ (સ૦) કામકાજની ખટપટ, રોજગાર, ધંધો, ઉદ્યોગ, ૨ નિશ્ચય, ઠરાવ
વ્યવસ્થા, સ્ત્રી૦ (સ૦) બંદોબસ્ત, ગોઠવણ
વ્યવસ્થાપક, પુ૦ (સં૦) વ્યવસ્થા કરનારો
વ્યવસ્થિત, વિ૦ યથાક્રમ, ઠીકઠીક, રીતસરનુ, [વ્યવસ્થાવાળુ
વ્યવહાર, પુ૦ સ૦) વહેવાર, જુઓ
વ્યવહારિક, વિ૦ વહેવાર સંબંધી, સાસારિક ૨ આચરવા યોગ્ય. [આચરવા યોગ્ય
વ્યવહાર્ય, વિ૦ (સ૦) વહેવારમા મુકાય એવુ,
વ્યષ્ટિ, સ્ત્રી૦(સ૦) એકપણુ, એકાક (સમષ્ટિથીઉલટુ)
વ્યસન, ન૦ (સં૦) દુખ, આપદા, ૨ માદક પદાર્થ લેવાની હેળ તે, કેફ કરવાની ટેવ ૩ છંદ, લત, હવશ [વાળુ, બંધાણી
વ્યસની, વિ૦ દુખી, સકટમાં પડેલુ ૨ વ્યસન-
વ્યસ્ત, વિ૦ (સં૦) વેરાયેલુ ૨ ઉલટુ, વિપરીત ૩ વહેંચી નાખેલુ, છુટુંપાડેલુ
વ્યાકરણ, ન૦ (સં૦) કોઈ પણ ભાષા શુદ્ધ બોલવા લખવાની રીતિનુ શાસ્ત્ર.
વ્યાકરણી, વિ૦ વ્યાકરણ જાણનાર ભાષાના નિયમો વગેરેનો જાણનાર તે [અસ્થિર-ચિત્તવાળુ
વ્યાકુળ, વિ૦ (સ૦) ગભરાયેલુ, બાવરૂ, વિહ્વલ,
વ્યાકુળતા, સ્ત્રી૦ વિહ્વલતા, મુશ્કેલીની ગભરામણુ, મુઝવણુ
વ્યાખ્યા, સ્ત્રી૦ (સ૦) શબ્દ, વાક્ય અને વિષયનો ખુલ્લો-સ્પષ્ટ અર્થ સમજાવનારૂ વિવેચન-બ્યાન તે, ટીકા, સમજુતી
વ્યાખ્યાન, ન૦ (સ૦) કોઇ વિષયને વધારે સ્પષ્ટ કરી બતાવવો તે, વિવેચન, સમજુતી ૨ ભાષણુ, વિગતવાર એકાદો વિષય પ્રતિપાદન કરવો તે ૩ વ્યાખ્યા કરવી તે

વ્યાઘ્ર, પુ૦ (સ૦) વાઘ, શેર
વ્યાજ, ન૦ નાણા વાપરવા બદલ મૂળ રકમ ઉપરાંત આપવો પડતો વધારો તે, વૃદ્ધિ ૨. બહાનુ, મિષ ૩ યુક્તિ, તદબીર.
વ્યાજખાઉ, વિ૦ મોટે વ્યાજે નાણાંની ધીરધાર કરનાર, વ્યાજ ઉપર કમાઈ કરનારે
વ્યાજવટંતર, ન૦ વ્યાજ અને વટાવ વગેરે, નાણાંની ધીરધારનો બદલો અને આપલેનો વટાવ વગેરે ઉપજ તે
વ્યાજવટુ, ન૦ વ્યાજ અને વટાવ મળે એવો ધંધો, નાણાની આપલે ને ધીરનો ધંધો
વ્યાજુચીઠી, સ્ત્રી૦ વ્યાજ લેવાની સરતે ધીરેલી રકમનુ લખાણુ તે [ક્રૂર
વ્યાધ, પુ૦ (સ૦) પારધી, શિકારી ૨ વિ૦ દુષ્ટ,
વ્યાધિ, પુ૦ (સ૦) રોગ, આજાર, મરજ, દરદ ૨ દુખ, પીડા
વ્યાન, પુ૦ (સ૦) શરીરમાના પાચ વાયુઓમાનો ત્રીજો (પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન)
વ્યાપક, વિ૦ (સ૦) સર્વ ઠેકાણે વ્યાપી રહેનારે, જેની હાજરી દરેક ઠેકાણે હોય એવુ
વ્યાપવું, ક્રિ૦ અ૦ ફેલાવુ, સર્વત્ર હોવુ, પ્રસરવુ
વ્યાપાર, પુ૦ (સ૦) પદાર્થ પ્રાણીની ક્રિયા, અથવા પરસ્પર વ્યવહાર તે ૨. ઇંદ્રિયો દ્વારા ચાલતો પ્રવૃત્તિ ક્ષોભ તે, માનસિક ગડમથલ ૩, ધંધો રોજગાર, વેપાર 'વ્યાપારે વસતી લક્ષ્મી'
વ્યાપ્ત, વિ૦ (સ૦) ચારે તરફ પ્રસરી રહેલું, વ્યાપેલુ ૨ પૂર્ણ ખ્યાત
વ્યાપ્તિ, સ્ત્રી૦ (સ૦) ફેલાવ, પ્રસર, ભરપુરતા
વ્યામોહ, પુ૦ (સ૦) અજ્ઞાન, મૂર્ખપણુ [૨ થાક.
વ્યાયામ, પુ૦(સ૦) શરીરને લાગતો શ્રમ, કસરત
વ્યાલ, પુ૦ (સ૦) સાપ, નાગ, ૨ ચિત્તો; વાઘ
વ્યાવહારિક, વિ૦(સં૦) વહેવારૂ, વ્યવહાર સંબંધી
વ્યાસ, પુ૦ (સ૦) મધ્ય રેખા, ગર્ભસૂત્ર ૨ જાડાઇ, ૩ વિસ્તાર. ૪ પુરાણનો લેખક
વ્યાસંગ, પુ૦ (સં૦) આસંગો, હેળ, હેડો ૨ મહાવરો, ઘણો અભ્યાસ ૩ પૂર્ણભક્તિ.
વ્યાળ, પુ૦ સર્પ

વ્યુત્ક્રમ, પુ૦ (સ૦) ગોટાળો, અવળો ક્રમ
વ્યુત્પત્તિ, સ્ત્રી૦ (સ૦) સારી રીતે જાણવું તે, સમજવા જેટલું જ્ઞાન, જાણપણું ૨ શબ્દોના વ્યાકરણજ્ઞાને અર્થ કરી જાણવાની શક્તિ, શબ્દ-વિન્યાસ [માહિતગાર ૨ પૂર્ણ
વ્યુત્પન્ન, વિ૦ (સ૦) પૂર્ણ જ્ઞાનવાળું, જાણીતું,
વ્યૂહ, પુ૦ (સ૦) શત્રુના સૈન્યથી ઝટ હુમલો ન થાય એવી લશ્કરી ગોઠવણ
વ્યોમ, ન૦ (સ૦) આકાશ, ગગન, નભ
વ્યોમચર, ન૦ આકાશમા ફરનાર, પખી
વ્રજ, ન૦ (સ૦) ગાયો અને ગોવાળનુ ગામ તે, ગોપગ્રામ ૨ વૃન્દાવન
વ્રજવુ, ક્રિ૦ અ૦ જવુ, ગમન કરવુ
વ્રણ, ન૦ (સ૦) ચામડી પર ગડગુમડથી અથવા વાગવાથી પડેલો ઘા, છિદ્ર, કાણું, નાર, ચાઠુ
વ્રત, ન૦ (સં૦) ઈશ્વર પ્રસાદ, પાપનિવાર્ણાર્થે, અથવા ફળપ્રાપ્તિને માટે શાસ્ત્રાનુસાર કર્મ કરવા તે, બાધા, પણ, અમુક કરવા ન કરવાનો આગ્રહ તે.
વ્રતાળ, વિ૦ વ્રતી, વ્રતવાળુ
વ્રતી, વિ૦ (સ૦) જેણે વ્રત લીધેલુ હોય તે ૨ બ્રહ્મચારી, નિયમવાળુ, તપસ્વી, સાધુ
વ્રાત્ય, વિ૦ (સ૦) સોળ વર્ષ લગી જેને ઉપવીત સસ્કાર ન થયો હોય તેવો, સસ્કાર વગરનો, બહિષ્કૃત ૨. શૂદ્રથી ક્ષત્રિયાણીને પેટે જન્મેલો તે.
વ્રીડા, સ્ત્રી૦ (સ૦) લાજ, શરમ
વ્રીહિ, પુ૦ (સ૦) ચોખા, ભાત
વ્રેહ, પુ૦ વિરહ, વિયોગ
વ્હાર, સ્ત્રી૦ વહાર મદદ, કુમક, સહાય વ્હારે ધાવું=કુમકે જવુ, સહાય કરવી, બચાવ કરવો
વ્હેલ, સ્ત્રી૦ (સ૦ વાહન) વહેલ, રથ, સુદર ગાડી. ૨ ન૦(અ૦) મોટુ ચરબીદાર મગરમચ્છ

શ.

શ, પુ૦ ગુજરાતી ભાષામા ૩૦ મો વ્યજન વર્ણ.
શક, પુ૦ (સ૦) અમુક વિજયના સ્મરણ માટે વિજયી રાજાના જન્મ કે વિજય કાળથી વર્ષવાર જે ગણત્રી કરવામા આવે છે તે, સવત્સર ૨ વિજયડકો, જયની છાપ. ૩. વહેમ, સંશય, ભ્રાંતિ, શકા ૪ એ નામના શૂરવીર લોક જેને વિક્રમે હરાવ્યા હતા, સિથિયન. ૫. છાપ, દાબ, ધાક,ડાકુ.
શકટ, ન૦ (સ૦) ગાડું, ગાડી. શકટવ્યૂહ=ગાડાને આકારે સૈન્યની ગોઠવણ તે.
શકટી, સ્ત્રી૦ ગાડી, ગાડી, ૨ શગડી; ફરતી ચુલી.
શકન, પુ૦ શકુન, શુકન
શકરો, પુ૦ (સ૦ સ્યેન૦) ચચળ ને તેજદાર એક શિકારી પખી શકરોબાજ=સમડી જેવુ એક મોટુ પખી ૨ ઝડપે કામ કરનાર, ચચલ ને બાહોશ, ચકોર, બડો ઉઠાઉગીર.
શકવું, ક્રિ૦ અ૦ શક્તિમાન થવુ, (સહાયકારી તરીકે વપરાય છે) [હિં૦ ૩ સકડામણ
શકચો, પુ૦ સકચો, દાબવાનુ યત્ર, છટકુ, ૨
શકાર પુ૦ સ્વાદ, લહેજત, મઝા ૩ સત્વ, સાર
શકુન, ન૦ (સ૦) શુભાશુભ સૂચક ચિહ્ન, સુચિહ્ન. ૨ પ્રશ્ન, વચન
શકુનિ, ન૦ એક પખી. ૨ દુર્યોધનનો મામો મામો શકુનિ=અવળે માર્ગે દોરનાર, મહા ખટપટી ને પ્રપચી માણસ તે
શકુત, ન૦ (સ૦) મોર. ૨ ચાસ.
શકે, અ૦ જાણે, જાણેકે, આમ હોય નહિ શુ એમ.
શકોરૂ, ન૦ ચપણિયુ, રામપાતર, બટેરૂ
શક્કાદાર,વિ૦ ભપકાદાર,મોહક, મનહર, છાપવાળુ
શક્કો, પુ૦ સિક્કો, છાપ, મહોર ૨. સુદર ભવ્ય મુખવટો, મોનો ચહેરો ૩ ઘરેણા અને લુગડાની ટાપટીપવાળી ભભક તે ૪. નાણુ. ૫. લકટી. શક્કો પાડવો=છાપ પાડવી, અમલ બેસાડવો, ભાર પાડવો, શાબાશી મેળવવી [સમર્થ,
શક્ત, વિ૦ (સ૦) કરી શકે એવુ, શક્તિવાળુ,
શક્તિ, સ્ત્રી૦ (સં૦) પ્રાણી અને પદાર્થમા રહેલ કાર્ય ચલાવનારૂ મૂળ કારણ તે, સામર્થ્ય, બળ, જોર, તાકાત, ૨ સત્વ, કસ, દૈવત ૩ સાર, જીવ, દમ ૪ જેથી મનોવ્યાપાર ચાલે છે તેના કારણરૂપ જે ધર્મ તે, મનોબળ, પહોચ, 'તર્કશક્તિ' ૫ સાધનરૂપ માનેલી સત્તા. ૬ ગુણ, અસર ૭ માયા, પ્રકૃતિ ૮. દેવી, માતા. ૯.

ખબરદારી, મજબુતી.
શક્તિમાન, વિ૦ શક્તિવાળુ, સમર્થ, કરી શકે એવુ
શક્તિહીન વિ૦ બળરહિત, અસમર્થ, નિર્બળ
શકય, વિ૦ બની શકે એવુ, કરાય તેવુ, સંભવિત
શક્ર, પુ૦ (સ૦) ઈન્દ્ર, દેવલોકનો રાજા
શખસ, પુ૦ (અ૦) સખ્સ, એકાદ જણુ, અમુક માણુસ તે
શગ, સ્ત્રી૦ શંકુ આકારની ટોચ, શિખર. ૨. ઉપલો ઉંચો ઘુમટદાર ભાગ તે ૩ કળી જેવો આકાર, દીવાની જ્યોત
શગડી, સ્ત્રી૦ શઘડી, ઉપાડી લઇ જવાય એવી કોયલા કોલસા બાળવાની માટી કે ધાતુની બનાવટ
શંકર, પુ૦ (સ૦) શિવ, શંભુ, કલ્યાણુ કરનાર દેવ
શંકરો, પુ૦ એ નામનો એક રાગ.
શંકવુ, ક્રિ૦ અ૦ સંદેહમા પડવુ, શંકા આણુવી
શંકા, સ્ત્રી૦ શક, વહેમ, અંદેશો, સંદેહ ૨ વસવસો, સંશય, ખતરો, ૩ કલ્પિત ભય
શંકાવું, ક્રિ૦ અ૦ સંકોચાવુ, સંદેહમા પડવુ, શરમાવુ ૨. હાજત થવી ૩ વહેમાવુ
શંકાશીલ, વિ૦ વહેમમા પડવુ
શંકિત, વિ૦ શંકાવાળુ, સંશય પડેલુ
શંકુ, ન૦ (સ૦) દીવાની જ્યોતના આકારનો ઘન નક્કર પદાર્થ ૨. હજાર અબજ ૩ સૂર્યયંત્ર, છાયા માપવાનો ચુડા ઉતાર ખીલો
શંખ, પુ૦ એક જાતના દરિયાઇ જાનવરનુ કઠણુ કોટલુ, શુક્તિ માછલીનુ ઘર ૨ એવા આકારનુ ટેરવા પરનુ ચિહ્ન ૩ વિ૦ મૂર્ખ, ઠોઠ ૪ ઠાલી, પાસે કઇ ન હોય તેનુ **શંખ** ફુંકવો=દેવાળુ કાઢવુ, ભડ વેરવી **શંખ** વાગવો=ખાલી થવુ, પતી રહેવુ **શંખ** ભારથી=ખરેખરો મૂર્ખ
શંખજીરૂ ન૦ ખડી જેવો એક ઔષધિ પદાર્થ
શંખિણિ, સ્ત્રી૦ કામશાસ્ત્ર પ્રમાણે ઉંચી, ચીઢિયણુ, લાબા કેશવાળી અને કામી સ્ત્રી ૨ કંકાસિયણુ, કર્કશા
શંખલા, સ્ત્રી૦ બેડી, હેડ, બંધન [૨ સૂગ ચઢવી
શંખાવું, ક્રિ૦ અ૦ સંકોચાવુ, શરમાવું, લજાવુ
શચી, સ્ત્રી૦ (સ) ઇન્દ્રાણી
શઠ, વિ૦ (સં૦) બખીલ, ધૂર્ત્ત, લુચ્ચુ. ૨ રસાદિકની અસર રહિત, ૩ ગુણુ જાણે નહિ એવુ, કઠણુ છાતીનું ૪ નિર્દય, દુષ્ટ
શઠતા સ્ત્રી૦ બખીલાઇ શઠપણુ ૨ ઠગાઈ
શણુ, ન૦ (સં૦) ભિંડીની જાતનો એક છોડ, જેની છાલના રેસાના કપડા બને છે
શણુગટ, પુ૦ ઘુંઘટો, છેડો, લાજ 'શણુગટ વાળે ને મુખ મલકાવે, કુચપર પાલવ ઢાળેરે'
શણુગાર, પુ૦ અલંકાર, આભરણ, ઘરેણુ ૨. સુંદર વસ્ત્ર
શણુગો, પુ૦ અંકુર, ફણગો શણુગાવુ=અંકુરિત થવુ
શણુવું, ક્રિ૦ અ૦ સાભળી લેવુ, સુણુવુ. ૨ થોડા ઉપરથી રહસ્ય સમજી જવુ
શણિયુ, ન૦ શણુનુ કપડુ, અબોટિયુ
શંઢ-ઢ, પુ૦ (સ૦) નપુંસક, પુરૂષત્વહીન
શડલી, સ્ત્રી૦ સાડી
શત, વિ૦ (સ૦) સૈકુ
શતક, ન૦ (સ૦) સોનો સમુદાય ૨ સૈકુ
શતક્રતુ, વિ૦ (સ૦) સો યજ્ઞ કરનાર ૨ ઇંદ્ર
શતજીવી, વિ૦ સો વર્ષ જીવે એવુ, સો વર્ષ [જીવનારૂં
શતધા, અ૦ સો રીતે, સો પ્રકારે
શતભિષા, સ્ત્રી (સ૦) ચોવીસમુ નક્ષત્ર એમાં સો તારાનો સમુદાય છે
શતપદી વિ૦ સો પગવાળુ, બહુપગી
શતસાઇ, સ્ત્રી૦ શતક, સોનો સમુદાયવાળી ચોપડી
શતાવરી, સ્ત્રી૦ એક ઓષધિ વનસ્પતિ
શત્રુ, પુ૦ (સ૦) દુશ્મન, વરી, હરીફ
શત્રુતાઈ, સ્ત્રી૦ દુશ્મનાઇ, વેર, શત્રુવટ
શત્રુવટ, સ્ત્રી૦ દુશ્મનાવટ, વેર ૨ અદેખાઇ, ખાર
શનિ, પુ૦ (સ૦) નવગ્રહહોમાનો એક ગ્રહ. ૨ સાતવારમાનો એક વાર ૩ એક જાતનો કિમતી પત્થર, નીલમણિ
શનિવાર, પુ૦ સાત વારમાનો એક વાર, મંદવાર.
શનિશ્ચર, પુ૦ શનિ ૨ અદેખાઇ, ઝેરવેર, ઈર્ષ્યા.
શનેઉ, પુ૦ શનિવાર [હળવે
શનૈ, અ૦ (સ૦) ધીમે ધીમે, આસ્તે, હળવે
શપત-થ, પુ૦ સોગન, સમ પ્રતિજ્ઞા

શપેડુ, ન૦ શરીર પરનો તુચ્છવાળ તે, ઝાડુ
શફરી, સ્ત્રી(સં૦) નાની માછલી
શબ, ન૦ (સ૦) મડદુ, મડુ મૃતદેહ.
શબ્દ, પુ૦ (સં૦) અવાજ, સૂર, ધ્વનિ, ઘોષ, ૨ બોલ, વાણી, વચન, સખુન ૩ અર્થ સમજાય તેવો એક કે વધારે અક્ષરોનો સમુચ્ચય તે ૪ ઠપકો, મહેણુ
શબ્દકોષ, પુ૦ અર્થ સહિત શબ્દોનો ભડાર
શબ્દયોગી, વિ૦ બીજા સાથે સબધ દેખાડનારો અવ્યય –ઉપર, પાસે, તરફ વગેરે, [પદ્ધતિ
શબ્દરચના, સ્ત્રી૦ શબ્દોની ગોઠવણ, લેખન
શબ્દવેધી, વિ૦ શબ્દ સાભળી તે ઉપર નિશાન મારે એવુ
શબ્દાલકાર, પુ૦ (સ૦) પ્રિય લાગે તેવી રીતે શબ્દોની ગોઠવણ, ઝડ ઝમક, પ્રાસ, વગેરે
શમ, પુ૦ (સ૦) મનના જોસ્સાઓને દાબી રાખવાનુ બળ–વૃત્તિ તે, આતર ઇન્દ્રિયોને શાતમદ પાડી દેવાનો કાબુ તે, ઇદ્રિયોનુ દમન
શમતા, સ્ત્રી શાંતિ, ટાઢક ૨ ક્ષમા, ધીરજ, ખામોશ
શમન, ન૦ આશ્વાસન, સાત્વન, શાતિ
શમનલાડુ, પુ૦ માણસના અવસાન વખતે જે લાડુનુ દાન અપાય છે તે, મરણ સમાનો દાનનો લાડુ
શમવુ, ક્રિ૦ અ૦ નરમ પડવુ ટાઢુ પડવુ, ઉતરવુ, શાતથવુ (જુસ્સો, ઉછાળો) ૨ ઠડુ થવુ, વિસમવુ, ૩ સીઝવુ 'ખીચડી શમે એટલે ખાવા આપુ છુ' ૪ હોલાવુ, બુઝાવુ (આગ) ૫ ગળી જવુ, અદૃશ્ય થવુ, (ગાઠ ઈ૦)
શમશમાકાર, વિ૦ હાલવુ ચાલવુ બધ પડીગયેલુ હોય એવુ, સંજ્ઞા વગેરે રહિત સ્થિર, શાત
શમશેર, સ્ત્રી૦ (ફા૦) તરવાર, કૃપાણ, અસિ 'સમશેર તો શિરોહીની, પ્રતિમા ભલી ડુગરપુરી' શમશેરબહાદુર=તરવારિયો, શૂરવીર જોધ, તરવાર ચલાવવામાં બહાદુર, એક ઇલકાબ ૨ ગજીફાના પાનામાનો એક રગ
શમાવવું, ક્રિ૦ સ૦ ટાઢુ પાડવુ, શાત કરવુ, ઉતારવુ ૨ સીઝાવવુ ૩નરમ પાડવુ,[ખીજડી–ડો
શમી, સ્ત્રી૦ (સ૦)કાટાવાળુ'એક ઝાડ, સમડી,
શભુ, પુ૦ સ૦) મહાદેવ, શંકર, શિવ
શભુમેળો, પુ૦ સેળસેળ, ખીચડો, ૨ જુદીજુદી જાતનું એકત્ર પણુ તે ૩ એક પંક્તિએ બેસી જમી શકે તેવુ જમણ [૩ સુવાનુ સ્થાન
શયન, ન૦ (સ૦) સુવુ તે ૨ પથારી, બિછાનુ
શયનગૃહ, ન૦ (સ૦) સુવાનો ઓરડો
શય્યા, સ્ત્રી૦ સ૦) પથારી, બિછાનું, સેજ
શર, પુ૦ (સ૦)તીર, બાણ [સહાયતા, કુમક
શરણ, ન૦ (સ૦) ઓથ, આશ્રય, રક્ષણ ૨
શરણાગત, વિ૦ (સ૦) શરણે આવેલુ,આશ્રિત
શરણુ, ન૦ શરણ, ઓથ, આશ્રય (જૈન)
શરત, સ્ત્રી હોડ, આમ થશે તો હુ આમ કરીશ એવી કબુલાત કે પ્રતિજ્ઞા લેવી તે, બોલી, હાર જીતમા નક્કી કરેલી ગોઠવણ ઠરાવ
શરદ, સ્ત્રી (સ૦) છ ઋતુઓમાની એક, આસો ને કાર્તિક મહીનાનો સમય તે, ૨ વિ૦ ભીનુ, ઠડી અસરવાળુ, ભેજવાળુ
શરદપુનમ, સ્ત્રી૦ આસો સુદિ પુનમ,માણેકઠારી
શરદી, સ્ત્રી૦ ઠડી, પાણી–ભેજવાળી હવા, ટાઢક ૨ ભેજવાળી હવાથી થતી અસર, શરીરનુ ઠડુ પડી જવુ તે ૩ સળેખમ
શરાધ, પુ૦ (સ) બાણનો ભાથો
શરબત, પુ૦ (ફા૦) લિબુ, નારગી, વગેરેના રસને ચાસણી સાથે મેળવીને કરેલુ પીણુ
શરભ, પુ૦ (સ) સિંહથી પણ વધારે બળવાન એક કહેવાતો આઠ પગવાળો મૃગ તે
શરમ, સ્ત્રી૦ (ફા૦) સ્વભાવથી કે વિવેકથી જે સકોચ તે, લાજ. ૨ ટેક, અભિમાન, આબરૂ ૩ લાછન, લ્યાનત. ૪ ધિક્કાર [જેવુ, ઝાખુ પડવુ
શરમાવું, ક્રિ૦ અ૦ સંકોચાવુ, લાજવુ ૨ નીચુ
શરમાળ, વિ૦ વિવેકી–નરમ સ્વભાવનુ, લજ્જાળુ, શરમવાળુ
શરમિદગી, સ્ત્રી૦ શરમ, હીણપતી; ગેરઆબરૂ.
શરમિદુ, વિ૦ શરમથી ઝાખુ, વિવેકથી નરમ પડી ગયેલુ, ઝાખુ, ફીકુ

શરમો, પુ૦ શેલડીનો કકડો, પીતો
શરવડું, ન૦ સરવડુ, નાનુ ઝાપટુ, ઝડી
શરવું, વિ૦ તીક્ષ્ણ કાનનુ, ઝટ સાભળે એવુ, શરૂઓ ૨ શરીદાર, મીઠા સ્વાદનુ
શરાધ, ન૦ (સ૦ શ્રાદ્ધ) શ્રાદ્ધ, પિતૃતર્પણ
શરાધિયા, ન૦ શ્રાદ્ધપક્ષ, શ્રાદ્ધ કરવા ઠરાવેલા ભાદરવા વદના દિવસો.
શરાપ, પુ૦ શાપ, બદદુવા દુ ખીની વાણી
શરાબ, પુ૦ (અ૦) પીવાનો દારૂ,કેફી પેય તે, મદ્ય
શરાવલુ, ન૦ ચપણિયુ, શકોરૂ, રામપાત્ર
શરાવવુ, ક્રિ૦ સ૦ કાણુ પડાવવુ, સરાવવુ
શરાવું, ક્રિ૦ અ૦ કાણુવાળુ થવુ, નથાવુ, ૨ સસારની જજાળના અનુભવી થવુ, ટેવાવુ, રગડાવુ ૨ સુખી થવુ 'પરગામ દીકરી દઇને શરાયા નહિ
શરાસન, ન૦ (સ) ધનુષ, કામઠુ, ચાપ.
શરી, સ્ત્રી૦ સ્વાદ, મીઠીવાસ, લહેજત
શરિક, વિ૦ (અ૦) ભાગિયો, સાથી
શરીગત, વિ૦ સહાયક, સાથી ૨ બેલી, વાલી
શરીર, ન૦ (સ૦) દેહ, તન તન, કલેવર, બદન ૨ તદુરસ્તી 'શરીર સારૂ નથી' **શરીર** ભરાવુ=લોહિયાળ થવુ ૨ તાવઆવવો **શરીર** વળવુ=તદુરસ્તી સુધારવી ૨ કસરતથી બાધો આણવો **શરીર** બગડવુ=આજારી નરમ થવુ **શરીર** લેવાવુ =દુર્બળ થઇ જવુ **શરીર**મા ઘાણુ પેસવો=રોગે ઘર કરવુ [શરીર સબધી
શરીરી, વિ૦ (સ૦) દેહી જેને શરીર છે એવુ,
શરૂ, વિ૦ (અ૦) ચાલુ, મડાયેલુ, આરભાયેલુ, જારી ૨ એક જાતનુ ઝાડ.
શરૂઆત, સ્ત્રી૦ આરભ, મૂળમડાણુ, પહેલ
શરૂઓ વિ૦ તીક્ષ્ણ શ્રવણેન્દ્રિયનો, તરત સાભળે એવુ ૨ કોમળ–તીણો સ્વર. [લાકડાનો ચાટવો
શરવો પુ૦ (સ૦ શ્રુવ૦) યજ્ઞમા ઘી હોમવાનો
શરે, પુ૦ (અ૦) મુસલમાની કાયદો, શરેહ
શર્કરા, સ્ત્રી૦ (સ૦) ખડી સાકર, ખાડ, મીસરી
શર્મ, ન૦ સુખ, આનદ ૨ શાંતિ ૩ શરમ લાજ ૪ લાજમ, ધિક્કાર
શર્વરી, સ્ત્રી૦ (સ૦) રાત્રિ, રાત, રજની

શલભ, ન૦ (સ૦) તીતીઘોડો, તીડ
શલાકા, સ્ત્રી૦ (સ૦) સળી, ગોળ સળેખડી, આખ આજવાની શળી.૨ ૨ ગવાની કલમ,પિછી. ૩ ટાકણુ ૪ પુ૦ જૈનના ૬૩ પવિત્ર સાધુ
શલ્ય, ન૦ (સ૦) તીર, બાણુ ૨ મેખ ખીલી
શલ્યા,સ્ત્રી૦શિલા,પત્થરની છાટ [૩ કાંટો કટક
શવ, ન૦ (સ૦) મડદુ, શબ **શવવાહ**=ઠાઠડી.
શવલ, વિ૦ (સ૦) બહુરગી, વિચિત્ર
શશ, ન૦ (સ૦) સસલુ **શશશૃ ગ**= સસલાનુ શિગડુ, ન હોય એવી વસ્તુની ખોટી કલ્પના, વધ્યાપુત્ર–આકાશકુસુમ જેવુ
શશાંક, પુ૦ (સ૦) ચદ્રમા, ચદ્ર
શશિ, પુ૦ (સ૦) ચદ્રમા, ચાદો **શશિકાંત**=એક જાતનો પત્થર,ચદ્રકાન્ત ૨ પોયણુ **શશિમુખી**= ચદ્રના જેવા સુદર મુખવાળી–સ્ત્રી, ચદ્રમુખી.
શસ્પ, ન૦ શષ્કુ, રૂવાટુ
શસ્ત્ર ન૦(સ૦) હથિયાર,આયુધ ૨ રાછ,વતરણુ.
શસ્ત્રવિદ્યા, સ્ત્રી૦ લડાઇમા હથિયાર વાપરવાનુ જ્ઞાન તે, આયુદ્ધકળા [મટાડવાનું કામ
શસ્ત્રવૈદુ, ન૦ વાઢકાપની વિદ્યા અને રોગ
શહેર, ન૦ નગર, પુર, મોટુ ગામ
શહેરી, વિ૦ શહેરનુ, નાગરિક, શહેરસબધી
શળ, પુ૦ ગડીથી પડેલો આંકો, હાસિયો, ગેડ, વળ ૨ તમાચાના મારનો ઉઠેલો આંકો, સોળ. પત્થરની છાટ, શિલા
શળી,સ્ત્રી૦ઘાસ, વાસ ૪૦,ની પાતળી લાબી સાઠી તે, શલાકા, ચીપ, સળેખડી ૨ પાવલાનો સંકેત ૩ જામગરી,ખોરણુ, ચાદવુ ૪ હજામની પથરી **શળી** કરવી=ઉશ્કેરવુ, ચાદવુ કરવુ [વિકૃતિ.
શળો, પુ૦ સડો,સળો ૨ મગાડો,ખરાબી, વિકાર,
શાકરી, વિ૦ શકરમતનુ, મહાદેવિયો.
શા, વિ૦ શાહ, સાહુકારનુ ટુકુ રૂપ ૨ વાણિયાની એક અટક ૩ સાહુકાર, શરાફ 'શાકેચોર'
શાઇ, વિ૦ શાહી, શાહનુ 'અકબરશાઇ' ૨.જેવુ; 'વાણિયાશાઇ' ૩ સ્ત્રી૦ રૂશનાઇ, સહી, મસી
શાઉડી, સ્ત્રી૦ જમીનમા ઉંડા દરમા રહેનારૂં અણીદાર સિસોળિયાવાળુ એક પ્રાણી

શાક, ન૦ રાધીને કે તળીને ખાવાના કામમા લેવાતી લીલોતરી, કદમૂળ, ઇ૦ તે

શાકણી, સ્રી૦ એક જાતની પિશાચ સ્રી, ભૂતડી ૨. ઉતરતી પક્તિની જોગણી

શાકભરી, સ્રી૦ એક દેવી, દુર્ગા, અબા

શાકભાજી, સ્રી૦ ભાજી મૂળિયા કદ તથા ફળ

શાકે, અ૦ શાલિવાહનના શકવર્ષમા–શાકે ૧૮૪૬

શાકેર, સ્રી૦ (સ૦ સર્કરા) સાકર

શાક્ત, વિ૦ શક્તિ ઉપાસક, દેવીભક્ત

શાખ, સ્રી૦ અવટંક, અટક ૨ આબરૂ,ઇજત ૩ વટ, સાખ વહેવાર ૪ મમતિ, કબુલાત, સાક્ષી

શાખા, સ્રી૦ (સ૦) ડાળ, ડાળી, ઝાડ છોડ વગેરેનો અકુર તે ૨ ફાટો, આગળ વધેલો અમુક મૂળનો વિસ્તાર તે ૨ એકાદ મોટા વિષયનો ભાગ–પ્રકરણ ૪ વેદમત્ર ભણવાની એક પદ્ધતિ ૫ સમૂહ, ટોળી [આવેલી કેરી

શાખિયુ, ન૦ સાખ, આબા ઉપરજ પાકપર

શાગરિત, પુ૦ (ફા૦) સાથે કામ કરનારો,સહાયક, સાધી રાખેલો સાથેનો માણસ ૩ શિષ્ય, ચેલો

શાજોગ, વિ૦ શાહજોગ, જુઓ [૪ કારીગર

શાઠ્ય, ન૦ (સ૦) શઠપણુ, શઠતા ૨ બખીલાઈ

શાણ, ન૦ (સ૦) ચાર માસા ભારનુ વજન ૨ સરાણ [મોટુ પહોળુ કોડિયુ

શાણકુ, ન૦ ચપણિયુ,શકોરૂ ૨ ભીખ માગવાનુ

શાણપણ, ન૦ ડહાપણ, ચતુરાઇ ૨ સભ્યતા, વિવેક, શિષ્ટાચાર ૩ અક્કલ, સારી સમજ

શાણુ, વિ૦ ડહાયુ, વિવેકી,સભ્ય ૨ ન૦ સ્વપ્નુ, સોણુ

શાતા, સ્રી૦ શાતિ, ટાઢક ૨ નિરાત, ઉદ્વેગ મટી જવો તે ૩, આનદ, સુખવૃત્તિ

શાદી, સ્રી૦ (ફા૦) વિવાહ ૨ લગન, પરણવુ તે

શાન, સ્રી૦ (આ૦) ચહેરાનો દેખાવ, શિકલ, રૂપ ૨, પહેરવા ઓઢવાની છટા, ભભક

શાનદાર, વિ૦ છટાદાર, ધાટીલુ સારા દેખાવનુ ૨ જાજરમાન

શાનસોગાત, સ્રી૦ છેલાઇ, ફાકડાપણુ ૨ માલ, હીર, તત્ત્વ ૩ બાહોસી, હોશિયારી.

શાને, અ૦ શા માટે, કેમ, શીદને

શાન્ત, વિ૦ ધોધાટ વગરનુ, નિરવ, ચૂપ ૨. ધીમુ, નરમ પ્રકૃતિનુ. ૪ ગુસ્સા વગરનુ,ઠડુ

શાન્તતા, સ્રી૦ શાતિ, ચુપકીદી, નીરવતા.

શાન્તિ, સ્રી૦ શાન્તપણુ, નચિતાઇ ૨ ધીરજ, ધૃતિ ૩ નિરાત, આરામ, ૪ નિવારણ,વારવુ તે

શાપ, પુ (સ૦) બદદુવા દેવી તે, અમગળ થાય તેવો પ્રબલ મકલ્પ, શ્રાપ ૨ ગાળ

શાપિત, વિ૦ બદદુવા પામેલુ, શાપ દેવાયેલુ

શાબાન, પુ૦ (ફા૦) મુસલમાની વર્ષનો આઠમો મહીનો

શાબાશ, અ૦ કોઇ સારા કામને માટે ઉત્તેજન આપવુ, અથવા વખાણુ કરવા તે, ધન્ય ધન્ય, ઠીક કર્યું, વાહ વાહ ! ભલે, એમ કહેવુ તે

શાબાશી, સ્રી૦ધન્યવાદ, વડાઇ, તારીફ,પ્રસશા

શાબિત, વિ૦ (આ૦) પુરવાર કરેલુ હોય એવુ, ખાતરીનુ, પ્રમાણથી સિદ્ધ ૨ મક્કમ, પાકુ, મજબુત ૩ અખોવન, જેવુ ને તેવુ, સારી હાલતમા રહેલુ

શાબિતી, સ્રી૦ પ્રમાણ, દાખલો, પુરાવો.

શાબુત, વિ૦ જેમને તેમ અસલ હાલતમા રહેલુ, નહિ બગડેલુ, સાબુત, મજબુત

શાબુતી, સ્રી૦ મજબુતી, ટકાઉ, અખડતા ૨ સાબીતી, પુરવારી

શાબ્દિક, વિ૦(સ૦)શબ્દસબધી,ઉચ્ચારને લગતુ

શામ, વિ૦ શ્યામ ૨ ન૦ કૃષ્ણ

શામળુ, વિ૦ કાળુ, ઘેરા આસમાની રગનુ

શામિલ, વિ૦ સામેલ, ભળેલુ, જોડાયેલુ, જોડે રહેલુ, ભેળુ, વળગેલુ

શાયડી, સ્રી૦ શારડી. [કાળજાનો પીતો

શાયપોતો, પુ૦ વરાધ ઉપર પાવાનો સાહુડીના

સાયર, પુ૦(ફા૦) કવિ,વિદ્વાન. ૨ ભાટ, વહીવચો

શાયી, વિ૦ શયન કરનાર, પોઢનાર 'શેષશાયી'

શાર, ન૦ કાણુ, છિદ્ર ૨ બાખુ, પોલ

શારડી, સ્રી૦કાણુ–શાર પાડવાનુ સુતારનું ઓજાર, કોરવાનુ ઓજાર ૨ રિબાવે–દમ્યા કરે એવુ તે, સંતાપનાર.

શારડો, પુ૰ મોટી શારડી, મોટું કાણું પાડવાનુ યંત્ર
શારદ, જુ૰ શારદા, સરસ્વતી [સરસ્વતી
શારદા, સ્ત્રી૰ (સ૰) વિદ્યાની અધિષ્ઠાતા દેવી,
શારવું ક્રિ૰ સ૰ કાણું પાડવું, વેહ પાડવો, છિદ્ર કરવું ૨ મહેણા ટાણાથી બાળવું, પીડવું
શારંગ, ન૰ (સ૰ શાર્ઙ્ગ) ધનુષ, કામઠું ૨ વિષ્ણુનુ ધનુષ ૩ હાલી
શારીર, વિ૰ (સ૰) શરીર સંબંધી, શરીરને લગતુ
શારીરિક, વિ૰ (સ૰) શરીર સંબંધી
શાર્દૂલ, પુ૰ (સ૰) વાઘ, ચિત્તો–વાઘ
શાર્દૂલવિક્રીડિત, પુ૰ (સ૰) જેમાં મ, સ, જ, સ, ત, ત, એ ગણુને છેલ્લો એક ગુરુ અક્ષર આવે તેવો ઓગણીસ અક્ષરનો એક છંદ
શાલ, સ્ત્રી૰ (ફા૰) ઉંચી જાતનું ઓઢવાનું ઉનનુ વસ્ત્ર શાલદુશાલા=શેલા પાઘડી, પાઘડીપટો
શાલ, પુ૰ (સ૰) સાગનુ ઝાડ, સાગ
શાલગ્રામ, પુ૰ (સ૰) વિષ્ણુ, કાળો, લીસો અને કાણાવાળો જે ગોળ પત્થર વિષ્ણુતરીકે પૂજાયછે તે
શાલભંજિકા, સ્ત્રી૰ (સ૰) પુતળી, બાવલી
શાલિ, સ્ત્રી૰ (સ૰) ડાંગેર, સાળ, ભાત
શાલિગ્રામ, પુ૰ શાલગ્રામ
શાલિની પુ૰ (સ૰) અગિયાર અક્ષરનો એક છંદ એમાં પહેલા ચાર અક્ષર દીર્ઘ, પછી બે રગણુ ને એક ગુરૂ હોય છે ‘ દુર્ભિક્ષે ના, હિન્દ પીડો પ્રભુજી ’ [પરિક્ષા કરવાની વિદ્યા
શાલિહોત્ર, પુ૰ (સ૰) ઘોડો, અશ્વ ૨ અશ્વ
શાલ્મલિ, સ્ત્રી૰ (સ૰) સમડી, એક કાંટાળુ ઝાડ
શાવક, ન૰ (સ૰) બાળ, બચ્ચું ૨ શ્રાવક, જૈન
શાશ્વત, વિ૰ (સ૰) હમેશનુ કાયમનુ, નિત્ય, હમેશ ૨ ખાતરી ભરેલું, નક્કી એવુ, નિશ્ચય
શાસક, વિ૰ (સ૰) શાસન–કરનાર, અમલદાર
શાસન, ન૰ (સ૰) શિક્ષા, સજા ૨ અમલ, રાજ્ય, કારકિર્દી ૩ આજ્ઞા, હુકમ [૨ રાજા
શાસિતાર, વિ૰ અમલ કરનાર હુકમ ચલાવનાર
શાસ્તા, પુ૰ (સ૰) હુકમ–અમલ ચલાવનાર, રાજા
શાસ્ત્ર, ન૰ (સ૰) કોઇપણ વિદ્યા–વિષયનુ ધોરણુ-સર કરેલુ નિબંધન તે
શાસ્ત્રાર્થ, પુ૰ (સ૰) શાસ્ત્રના વચનનો અર્થ ૨. શાસ્ત્રના મુદ્દા કરવામાં આવતી ચર્ચા.
શાસ્ત્રી, પુ૰ (સ૰) શાસ્ત્ર જાણનારો, પંડિત, વિદ્વાન
શાસ્ત્રીય, વિ૰ (સ૰) શાસ્ત્ર સંબંધી, શાસ્ત્રની રીતનુ, શાસ્ત્રના ધોરણને અનુસરતુ
શાહ, પુ૰ (ફા૰) મુસલમાન રાજા ૨ નાણાવટી, શરાફ ૩ વહેવારિયો, વટવાળો, ગૃહસ્થ ૪ ચોર
શાહજાદી, સ્ત્રી૰ શાહની પુત્રી, કુંવરી [(વ્યંગમાં)
શાહજાદો, પુ૰ શાહ–પાદશાહનો પુત્ર, કુંવર
શાહજીરૂ, ન૰ ખડી જેવી એક દવા, શા ખજીરૂ
શાહજોગ, વિ૰ ચીઠી–હુંડી વગેરે લઇને આવ-નારને તરત નાણાં આપવા પડે એવા ચોખ્ખા વહેવારવાળુ ૨ ખરૂ, સ્વીકારવા જોગ, કાયદાસર
શાહવટ, સ્ત્રી૰ નાણાવટીપણુ, ચોખ્ખો વહેવાર.
શાહી, સ્ત્રી૰ રૂશનાઈ, શાઇ [પ્રમાણિકપણુ
શાહી, વિ૰ શાહને લગતુ, શાહ સંબંધી
શાહુકાર, પુ૰ વહેવારિયો, શરાફ, વેપારી, નાણા-વટી ૨ પૈસાદાર, પ્રમાણિક ગૃહસ્થ ૩ ચોર, લુચ્ચો (વ્યંગમાં) [સાચવટ, સાહુકારી.
શાહુકારી, સ્ત્રી૰ શાહુકારપણુ ૨ પ્રમાણિકતા,
શાહુડી, સ્ત્રી૰ શાઉડી [નારો, સાક્ષીદાર
શાહેદ, પુ૰ (ફા૰) સાક્ષી આપનારો, સાખ પુર-
શાહેદી, સ્ત્રી૰ સાક્ષી, સાખ, પુરાવો, જુબાની
શાહેર, પુ૰ (આ૰) કવિ, પંડિત, શાયર
શાહેરી, સ્ત્રી૰ કવિતા [યંત્ર
શાળ, સ્ત્રી૰ શાલિ, ડાંગેર, ભાત ૨ લુગડાં વણવાનું
શાળા, સ્ત્રી૰ (સ૰) નિશાળ, મદરેસા ૨ મકાન, ઘર ‘ ઔષધ શાળા ’
શાળિયુ, ન૰ હલકી જાતની ડાંગેર, સાઠી
શાળી, સ્ત્રી૰ ડાંગેર, ભાત
શાળોપયોગી, વિ૰ શાળાના કામનું, અભ્યાસના બરતુ [દોરી વગેરેની ગુંથેલી ઝોળી
શિકુ, ન૰ કોઇ વસ્તુ કે પાત્ર અદ્ધર રહે એવી
શિંગ, ન૰ શિંગડુ ૨ સ્ત્રી૰ દ્વિદલ અનાજના બીવાળી પાપડી ૩ તુરાઇ
શિંગડી, સ્ત્રી૰ નાનુ શિંગડુ ૨ બંદુકનો દારૂ ભરવાનુ શિંગડા જેવુ ભુંગળુ તે

શિંગડું, ન૦ પશુના માથાપર ફૂટી નીકળતો અવયવ તે ૨ એવા આકારનું ફુકી વગાડવાનું વાદ્ય

શિંગિયોવછનાગ, પુ૦ એક જાતનું ઝેરી વનસ્પતિનું મૂળિયું, શિંગ જેવો કળીદાર વછનાગ

શિંગી, સ્રી૦ નાના શિંગડા જેવું એક વાદ્ય

શિંગોટી, સ્રી૦ શિંગડાનું વલયુ તે ૨ નાનું શિંગડું ૩ જે ઠેકાણેથી શિંગડા ફૂટે છે તે માથાનો ભાગ ૪ એક ઓપવાનું ઓજાર ૫ શિંગડે ઘાલવાનું ઘરેણું [વલ

શિંગોડી, સ્રી૦ પાણીમાં થતી ગરદાર ફળની

શિંગોડું, ન૦ ત્રણ ખુણિયું એક ગરદાર કદફળ, શિંગોડીનું ફળ

શિંઠું, ન૦ ઝાડુ,

શિપવું, ક્રિ૦ સ૦ પાણી છાંટવું, છીપવું

શિકલ, સ્રી૦ (ફા૦) સિકલ, જુઓ

શિકસ્ત, સ્રી૦ (ફા૦) મહાત, પરાભવ, હાર ૨ નસિયત, ધડો ૩ વિ૦ હારીને પાછું પડેલું છક્કડ ખાઈને ઠેકાણે આવેલું, હારીને સમજેલું

શિકા, ન૦ દામણીની મોતીસર ઝૂલ, કપાળપર સેરો ઝૂલતી રહે તેવો સ્રીઓનું મોતીનું ઘરેણું

શિકાકઇ, સ્રી૦ ચિકાખાઈ, વાળ, રેશમ ને ઉનનો મેલ કાપનારી એક વનસ્પતિ. એ માથું ચોળવાના કામમાં આવે છે

શિકાર, પુ૦ (ફા૦) પારધ, મૃગયા, આખેટ ૨ ખોરાક, ભરખ ૩ ચોટ મારીને લેઈ લેવું તે, ચોરવું તે, દગાથી કોઇ ચીજ હાથ કરવી તે ૪ વિ૦ શ્રીકાર, સરસ, શ્રેષ્ઠ [ભરવું, આપવું

શિકારવું, ક્રિ૦ સ૦ સ્વીકારવું, કબુલ રાખવું ૨

શિકારી, પુ૦ પારધી, વ્યાધ ૨ વિ૦ શિકાર સંબંધી, શિકાર કરનાર, શિકારૂ

શિકારૂ, વિ૦ શિકારી, શિકાર કરનાર

શિકે, અ૦ સુદ્ધાં, સહિત

શિકોતરૂ, ન૦ વળગ્યું વછુટે નહિ એવું ભૂત

શિક્કાઇ, વિ૦ રાજાની મહોરવાળો સિક્કો [ઉસ્તાદ

શિક્ષક, પુ૦ (સ૦) શિખવનાર, મહેતાજી, માસ્તર,

શિક્ષણ, ન૦ શિખવાની રીત, બોધ, ઉપદેશ

શિક્ષણીય, વિ૦ શિખવવા ઉપદેશ આપવા જોગ

શિક્ષા, સ્રી૦ (સ૦) જ્ઞાન આપવું તે, બોધ, ઉપદેશ ૨ શિખામણ ૩ જ્ઞાન, વિદ્યા. ૪ સજા.

શિક્ષિત, વિ૦ ભણેલું, શિક્ષા પામેલું સંસ્કૃત, સુધરેલું.

શિખ, સ્રી૦ (સ૦ શિક્ષા) શિક્ષા, શિખામણ, બોધ, ઉપદેશ, ૨ વદાયગીરી, રજા, વદાયની, આશિષ, ભેટ

શિખંડ, પુ૦ શ્રીખંડ, નિતારેલા દહિંમાં ખાંડ નાખીને છણી બનાવેલો લેહ્ય પદાર્થ

શિખંડી, પુ૦ દ્રુપદ રાજાનો પુત્ર ૨ મોર, મયૂર

શિખર, ન૦ (સ૦) શૃંગ, ટોચ, છેક ઉપરની શંકુવાકાર ટોચ તે ૨ મથાળું **શિખર** ચઢાવવું =કોઇ કામને સરેતોરે પાર પાડવું, ઠેઠ પાર પાડવું.

શિખરબંધી, વિ૦ મથાળાબંધ, શિખરવાળું

શિખરિણી, પુ૦ (સ૦) સત્તર અક્ષરનો એક અક્ષરમેળ છંદ તેમાં ય, મ, ન, સ, ભગણ અને છેલ્લે લઘુ અને ગુરુ અક્ષર આવે છે અને છઠે તથા બારમે યતિ પડે છે

શિખવણી, સ્રી૦ ઉશ્કેરણી, ભંભેરણી, છાની શિખામણ, સલાહ ૨ ચેતવણી, શિક્ષા

શિખવવું, ક્રિ૦ સ૦ શિખવાડવું, ભણાવવું, ઉપદેશ કરવો ૨ ભંભેરવું, ઉશ્કેરવું, પુંગરાવવું, ચઢાવવું.

શિખવું, ક્રિ૦ સ૦ જ્ઞાન લેવું, જાણવું, ભણવું, અનુભવ લેવો-મેળવવો

શિખા, સ્રી૦ (સ૦) ચોટલી, માથાની વચ્ચમાં વાળ વધારી ગાંઠ વળે તેવા કેશ ૨ કલગી, છોગું ૩ છેક ઉપરથી શંકવાકાર ટોચ ૪ જ્યોત, શંગ

શિખાઉ, વિ૦ શિખતું, નહિ પાવરધું, અનુભવ લેતું હોય જવું, અજાણ્યું અજ્ઞાન

શિખાડવું, ક્રિ૦ સ૦ ભણાવવું, શિખવવું, બતાવવું

શિખામણ, સ્રી૦ શિક્ષા, બોધ ૨ સારી સમજ, સલાહ ૩ ચેતવણી

શિખી, પુ૦ મોર, મયૂર

શિજડો, પુ૦ ખીજડી, સમડો, એક કંટાળી ઝાડ.

શિતળા, સ્રી૦ સૈયડ બળિયા, તાવ સાથે આખા શરીરે ફફોલા થઇ આવે એવો એક ચેપી રોગ

શિતાબ, પુ૦ એક વનસ્પતિ, વરાધ ઉપર વપરાય છે તે ૨ વિ૦ (ફા૦) ઉતાવળું, જલદી

શિતાબી, સ્રી૦ ઉતાવળ, ત્વરા, ધાઇ

શિથળ, વિ૦ નરમ ઢીલું, પોચું ૨ નિર્બળ,

શક્તિહીન. ૩ અક્કેલુ, દમ-કૌવતરહિત
શિથિલ, વિ૦ (સ૦) શિથળ, નરમ,પોચુ, ઢીલુ
શિથો, પુ૦ સેંથો, પાથી, સીમત
શિફારસ, સ્ત્રી૦ (ફા૦) લાગવગ;ભલામણ સોંપણ, બીજાને માટે પોતાની વગ ચલાવવી તે
શિબિકા, સ્ત્રી૦ (સં૦) પાલખી, પડદાવાળીડોળી
શિબિર, પુ૦ (સ૦) તબુ ૨ છાવણી
શિયળ,ન૦શીયળ,શીલ,પોતાના પતિ ઉપરજ પ્રેમ ભક્તિ રાખી તેનેજ પરાયણ રહેવુ તે, એકનિષ્ટ રહેવુ તે, સતીત્વ ૨ ઇંદ્રિય-નિગ્રહ, સયમ ૩ શુચિતા
શિયાવિયા, વિ૦ શર્મિદા પડી જવુ, ગભરાઇ જવુ તે. ૨ બહાવરૂ, લજ્જાખિન્ન, હોશરહિત ૩ ઝાખા પડી જવુ તે, ઢીલા પડી જવુ તે ૪ દબાઇ જવુ તે
શિયાળ, સ્ત્રી૦ કોહલુ, શિયાળવુ [ઠડુ, ટાઢુ.
શિયાળુ, વિ૦ શિયાળાનુ, શિયાળામા પાકતુ ૨
શિયાળો, પુ૦ ટાઢની મોસમ, ઠડી ઋતુ,શીતકાળ
શિર. ન૦ (સ૦) માથુ, મસ્તક, ઉત્તમાગ. ૨ ટોચ, મથાળુ ૩. શિખર, શૃગ ૩ લશ્કરની આગલી હાર **શિર** આપવુ=ગમે તેવુ કઠણ કામ કરવુ **શિર** સલામત તો પઘડિયા બોતેરી=જીવતો નર ભદ્રા પામે.
શિરચ્છેદ, પુ૦ ડોકુ-મસ્તક છેદવુ તે ૨ વધશિલા
શિરછત્ર, ન૦ માથાનું ઢાકણુ, પાળક, વડીલ ૨ ઉપરી, આશ્રયદાતા, [કામ કરનાર
શિરજોર, વિ૦ માથાફરેલ,સ્વબળના અભિમાનથી
શિરજોરી, સ્ત્રી૦ સરજોરી, આપ બળનીખુમારી તે, જોરાવરી [વડીલ, ઉપરી
શિરતાજ, પુ૦ શિરછત્ર, માથાનો મુગટ ૨
શિરનામુ, ન૦ સરનામુ, કાગળ ઉપર લખવાનું નામ ઠામ ને ઠેકાણુ.તે [૨ ધન્યવાદ,શાબાશી
શિરપાવ, પુ૦ (ફા૦) સરપાવ, બક્ષીસ પાઘડી
શિરપેચ, પુ૦ સુદર તોરો, ફેટા કે પાઘડીપરની કલગી,કિમ્મતી છોગુ [લશ્કર, સિરબદી
શિરબધી, વિ૦ કિલ્લા શહેરના રક્ષણ માટે રાખેલુ
શિરસ્તેદાર, પુ૦ અમલદારનો મુખ્ય કારકુન જે વિગત રજુ કરે છે ને જુબાનીઓ લખે છે.
શિરસ્તેદારી, સ્ત્રી૦ શિરસ્તેદારનુ કામ હોદ્દો
શિરસ્તો, પુ૦ (ફા૦) ધારો, રીત, ચાલુ રિવાજ; [નિયમ
શિરા, સ્ત્રી૦ રગ રક્તવાહિની નસ
શિરાણુ, ન૦ ઓસીકુ, ઉપધાન
શિરામણ-ણી, ન૦ નાસ્તો, સવારમા ટાઢુ ઉનું જે સહેજસાજ ખાવુ તે
શિરાવવુ, ક્રિ૦ સ૦ આરોગવુ, નાસ્તો કરવો
શિરી, સ્ત્રી૦ (ફા૦) મિઠાશ, શરે, સુગધ અને સ્વાદ એની મઝા તે
શિરીન, વિ૦ (ફા૦) મીઠુ, મધુરૂ, ગળ્યુ
શિરીષ, ન૦ (સ૦) એક જાતના સુદર ફૂલ
શિરો, પુ૦ લોટને ઘીમા શેકી ગોળ કે ખાડનું પાણી નાખી સીઝવેલો ખાવાનો પદાર્થ ૨ લોટ જેવા પદાર્થને ચાસણીમા મેળવવો તે, આટવા જેવી નરમ બનાવટ ૨ ગડાકુ કરતા વપરાતી ગોળની રસી [૨ સમૂહ-વર્ગમા શ્રેષ્ટ એવુ તે
શિરોમણિ, પુ૦ માથાનો મુગટ, કલગીમાનું,રત્ન
શિલક, સ્ત્રી૦ જણસ, વધેલી રકમ સીલક
શિલા, સ્ત્રી૦(સ૦)લાબો ને પાતળો પત્થર,છાટ.
શિલાછાપ, સ્ત્રી૦ લખેલુ શિલા ઉપર ઉતારી તે ઉપરથી બીજા કાગળપર છાપવુ-છાપેલુ તે
શિલાજીત, પુ૦ પત્થરનો રસ આ દ્રવ્ય ધાતુપુષ્ટ છે
શિલારસ, પુ૦ એક જાતનો સુદર લેપ ને ધૂપના કામમા આવે છે [લખાણુ
શિલાલેખ, પુ૦ (સ૦) પત્થર ઉપર કોતરેલુ
શિલીમુખ, પુ૦ (સ૦) બાણ, તીર ૨ ભમરો
શિલેખાનું,ન૦તોપખાનુ,શાસ્ત્રાગાર [કાન,ભૂછત્ર.
શિલીન્ધ્ર, ન૦ (સ૦) બિલાડીનો ટોપ, કુતરાનો
શિલોછ, પુ૦ (સ૦) ખળી અને ખેતર વગેરેમા પડેલા કણ વીણી લેવા તે, **શિલોંછવૃત્તિ**=વેરાયેલા કણ વીણી લાવી તે પર આજીવિકા કરવી તે.
શિલ્પ, ન૦ (સ૦) હાથથી-યત્રથી કરેલી કારીગરી કળા તે **શિલ્પકાર**=કારીગર **શિલ્પશાળા**=કળા-કારીગરી શિખવાનું સ્થાન, કળાભવન ૨ કોડય **શિલ્પશાસ્ત્ર**=કારીગરીને લગતા વિદ્યા,જ્ઞાન પુસ્તક, ઈ૦

શિલ્પશાસ્ત્રી, પુ૦ શિલ્પશાસ્ત્ર જાણનારો, કળા-
શિલ્પી, પુ૦ કારીગર [પ્રવીણ, કારીગર
શિવ, પુ૦ (સં૦) કલ્યાણકારી દેવ, મહાદેવ ૨ સંહાર શક્તિ રૂપ ઈશ્વર ૩ પરમાત્મા ૪ કલ્યાણ
શિવનિર્માલ્ય, વિ૦ શિવને અર્પણ કરેલુ, શિવ ઉપરથી ઉતરેલુ, ૨ વાપરતા પાપ લાગે એવુ, ઉપયોગમા ન લેવા જેવુ
શિવરાઈ, પુ૦ શિવાજી મહારાજે ચલાવેલો સિક્કો
શિવરાત, સ્ત્રી૦ દરેક મહિનાની વદિ ૧૪ નુ શિવ વ્રત તે; માઘમાસની વદિ ૧૪
શિવરાત્રી, સ્ત્રી૦ (સં૦) શિવજયંતી, માઘ વદિ ૧૪ ને દિવસે કરવાનું જે વ્રત તે
શિવા, સ્ત્રી૦ (સં૦) પાર્વતી, દુર્ગા. ૨. શિયાળ 'જેમ શિવા બોલે સિંહ પૂઠ' ૩ ચોઘડિયુ
શિવાએ-ય, અ૦ વગર, વિના
શિવાલય, ન૦ (સં૦) શંકરનુ દહેરૂ, શિવમંદિર
શિશિર, પુ૦ (સં૦) ઠંડા પવનવાળી ઋતુ—પોષ-
શિશુ, ન૦ (સં૦) બાળક, છોકરૂ, બચ્ચુ [માઘ
શિશ્ન, ન૦ પુરૂષની ગુહ્યેંદ્રિય
શિષ્ટ, વિ૦ (સં૦) કેળવાયેલુ, સુસંસ્કૃત, ભણેલુ ગણેલુ ને સુધરેલુ,મોટું મનાયેલુ (વિદ્યા,કુળ,ડહાપણથી.) ૨ વિવેકી, આબરૂદાર ૩ ડહાયુ,સમજુ
શિષ્ટાઇ, સ્ત્રી૦ શિષ્ટપણુ, શિષ્ટાચાર [ચતુર
શિષ્ટાચાર, પુ૦ સુઘડ રીતભાત, સારા આચરણ ૨ આદરસત્કાર
શિષ્ય, પુ૦ (સં૦) વિદ્યાર્થી, ભણનારો ૨ ચેલો
શિષ્યા, સ્ત્રી૦ વિદ્યાર્થિની, શિખનારી, અભ્યાસ કરનારી કન્યા ૨ ચેલી.
શિસ્ત, વિ૦ અનુકૂળ પડતુ, લાયક
શિળીસાતમ, સ્ત્રી૦ શીતળાદેવીનુ વ્રત શ્રાવણી સાતમે આ વ્રત આવે છે અને તે દિવસે લોક ટાઢે પાણીએ નહાય છે તથા ટાઢુ જમે છે
શી, સ૦ કયી, શુ ૨. કેવી, કેવા પ્રકારની
શીકર, ન૦ (સં૦) પાણીની છાંટ, ફરફર
શીકું, ન૦ શિકું, દોરી કે તાર ગુંથીને બનાવેલી અદ્ધર લટકાવાય એવી ઝોળી
શીખ, સ્ત્રી૦ શિખામણ, બોધ, સારી સલાહ ૨. આજ્ઞા, હુકમ ૩ વદાય ૪ અણીદાર પોલો લેઢાનો મળિયો ૫. પંજાબનો એક ધર્મ.
શીઘ્ર, વિ૦ (સં૦) સત્વર, જલદી, તાબડતોબ
શીઘ્રકવિ, પુ૦ તાબડતોબ કવિતા બનાવી દે એવી શક્તિવાળો કવિ તે. **શીઘ્ર** કવિતા—તરતની તરત બનાવેલી કવિતા તે. [લાગેલો બોધ તે ૨ ગાજે
શીઘ્રબોધ, પુ૦ તત્કાળ જે જ્ઞાન થાય તે, તરતજ
શીડવું, ક્રિ૦ સ૦ સજડ બંધ કરવુ, પુરવુ(કાણુ) ૨ બીડવુ, વાળવુ (દેવુ.)
શીત, વિ૦ (સં૦) ટાઢુ, ઠંડુ ૨ ટાઢ, ઠંડી 'શીતકાળ' ૩ લોહીનો ગરમાવો ઘટી જવો તે, શરીર ઠંડુ પડવુ તે ૪ ટાઢા ભાતના દાણા
શીતકટિબંધ, પુ૦ જે જગાએ જવાથી ઠરી જવાય એવી જગા બતાવનારી પૃથ્વીના ગોળા પરની રેષા તે
શીતકાળ, પુ૦ (સં૦) શિયાળો, ઠંડીની મોસમ સિશિર, હેમંત
શીતળ, વિ૦(સં૦ શીતલ) ટાઢુ, ઠંડુ 'શિયાળે શીતળ વા વા'ય' ૨ ભેજવાળુ ૩ ગરમી રહિત
શીતળા, સ્ત્રી૦ (સં૦ શીતલી) શિતળા,સૈયડ, માતા, બળિયાકાકા ૨ ઠંડક બક્ષનારી દેવતા
શીથળો, પુ૦ શીળો, ઠાવકો, નરમ સ્વભાવનો માણસ ૨ કાંટા થોર લાવવાનુ લાકડાનુ બનાવેલુ સાધન 'શીથળો લઇ તે સચર્યો, ઝાંખરા લેવા જાય'—**શામળ.**
શીદ, અ૦ શા માટે, શા સારૂ, કેમ, શાને ૨ કયાં, કહિં, કયે ઠેકાણે 'તમે શીદ જાઓ છો?'
શીધુ, ન૦ સીધુ, રસોઇની કાચી સામગ્રી. ૨
શીરો, પુ૦ શિરો, જુઓ [વારૂણી, દારૂ
શીષ, ન૦ માથુ, મસ્તક ૨ ટોચ, શિખર
શીસો, પુ૦ (ફા૦) પ્રવાહી ભરવાનું કાચનુ પાત્ર, બાટલી, કુપો. [દેવી
શીળી, સ્ત્રી૦ માતા, સૈયદ ૨ ગરમી શમાવનારી
શીળું, વિ૦ નરમ સ્વભાવનુ, વિવેકી, સભ્ય, સાલસ, દેખીતુ ઠાવકુ પણ અંદરથી મોળુ ૨ ગરીબ, દીન ૩ ઠંડુ, ટાઢુ ૪ વાસી
શીળો, પુ૦ મવાલ, ઠંડા—શાંત સ્વભાવનો, સહનશીલ ૨ શેળો, આખે શરીરે કાંટાવાળુ એક નાનુ પ્રાણી ૩ છાયડો.

શુક, પુ૦ (સ૦) પોપટ, રાઘુ ૨ વ્યાસ પુત્ર
શુકન, ન૦ શકુન, શુભ સૂચક એવુ જે તે
શુકર, પુ૦ [અા૦ શક્ર્—શાબાશી] જેજેકાર, ફતેહ, જય ૨ ઉપકાર, આભાર શુકર ગુજારવા=ઉપકાર માનવો (ઈશ્વરનો) ૩ સુભાગ્ય શુકર ભલા બચ્ચૌ=સુભાગ્ય કે બચ્ચો
શુકરાના, પુ૦ શુકર, જેજેકાર, જય 'જાઓ શુકરાના કરો' [છીપોલી,શીપ,મોતીની છિપ
શુક્તિ, સ્ત્રી૦(સ૦)એક જાતની માછલીનુ કોટલુ,
શુક્ર, પુ૦ (સ૦) સૂર્ય મડળમાનો એક ગ્રહ. ૨ એ નામનો વાર ૩ શુક્રાચાર્ય, દૈત્યનો ગુરૂ, ભાર્ગવ ૪ વીર્ય, રેત [૨ ભલીવાર, ઢગ
શુક્રવાર, પુ૦ સાતવારમાનો એક વાર, ભૃગુવાર
શુક્રાચાર્ય, પુ૦ ભાર્ગવ, શુક્ર ૨. વિ૦ કાણુ
શુક્લ, વિ૦ (સ૦) શુભ્ર, શ્વેત.૨ ઉજળું, સ્વચ્છ
શુક્લ,પુ૦બ્રાહ્મણોને કર્માતર કરાવનારો પુરોહિત.
શુક્લપક્ષ, પુ૦ સુદપક્ષ, અજવાળિયુ
શુચિ, વિ૦ (સ૦) પવિત્ર, શુદ્ધ, પુનિત
શુડો, પુ૦ શુક, પોપટ ૨ હુડો
શુદ, જુ૦ સુદ, શુક્લપક્ષ, અજવાળિયુ
શુદ્ધ, વિ૦ (સ૦) ચોખ્ખુ, સ્વચ્છ ૨ પવિત્ર, શુચિ ૩ ભૂલ વગરનુ, દોષ રહિત ૪ ખરૂ, ભેળ વગરનુ,અસલ ૫ ભાળ, ખબર 'સાવજ સઘળાને પૂછે છે, સીતા કેરી શુદ્ધ' [૨ રગમહેલ
શુદ્ધાન્ત ન૦ (સ૦) અતપુર, જનાનખાનુ,
શુદ્ધિ, સ્ત્રી૦ (સ૦) ધર્મક્રિયા કરી પવિત્ર થવુ તે, પ્રાયશ્ચિત્ત કરવુ તે, શુચિતા, સ્વચ્છતા ૨ ચોખ્ખુ ભાન, સજ્ઞા ૩ જાગર્તિ
શુદ્ધિપત્ર, ન૦ (સ૦) ગ્રન્થની ભૂલ ચૂકના સુધારાની યાદી તે [૨ સુબુદ્ધિ, સન્મતિ
શુધબુધ, સ્ત્રી૦ શુદ્ધિબુદ્ધિ,ચોખ્ખુ ભાન ને જ્ઞાન
શુની, સ્ત્રી૦ (સ૦) કુતરી, કુતરાની માદા
શુબરાત, સ્ત્રી૦ મુસલમાની ૮ મા માસની ૧૮ મી તારીખે ઉજવાતો ઉત્સવ
શુભ, ન૦ [સ૦] કલ્યાણ, મગળ, શ્રેય ૨ પુ૦ ૨૩ મો યોગ ૩ વિ૦ કલ્યાણકારક, સુખ દાયક ૨ સારૂ, સુભાગ્યવાળુ ૩ સુદર, મજેનુ
શુભેચ્છક, વિ૦ શુભચિતક, શુભેચ્છુ
શુભેચ્છુ,વિ૦ સારૂ ચહાનાર, કલ્યાણ ઈચ્છનાર
શુભ્ર, વિ૦ (સ૦) ધોળુ,શ્વેત,ઉજળુ, તેજસ્વી
શુમાર, પુ૦ [ફા૦] આશરો, અડસટ્ટો, અદાજ. ૨ સખ્યા, પ્રમાણ, પાર 'બેશુમાર જીવ પડ્યા છે' ૩ વિચાર, ચોકસી, સુમાર
શુમારે, અ૦ આશરે, અદાજે
શુલ્ક, ન૦ (સ૦) સ્ત્રીને તેના માબાપ અને સ્વામી તરફથી મળેલી બક્ષીસ તે સ્ત્રીધન ઘર ખરચમાથી કરકસરે અને સભાળે બચાવેલુ નાણુ તે સ્ત્રીનુ ખાનગી ગણાય છે
શરૂ, વિ૦ (ફા) આરભેલુ મડાણુ કરેલુ, ચાલુ ૨ ન૦ એક જાતનુ ઝાડ
શુશ્રુષા, સ્ત્રી૦ (સ૦) આજ્ઞામા રહેવુ તે, અધીન રહીને કાર્ય બજાવવુ તે ૨ સારવાર, સેવા–ચાકરી, વડીલની ખુશામત
શુષ્ક, વિ૦ (સ૦) સુકુ, લીલાશના અશ વગરનુ, કોરુ ૨ તવાઇ ગયેલુ, દુર્બળ ૩ રસ વગરનુ, અરસિક
શુ, સ૦ (માણસ સિવાય) કોઈ પણ વસ્તુ વિષે પુછતા વપરાતુ સર્વનામ, કિયુ ૨ વિ૦ કેવુ, કઈ જાતનું' કેવા પ્રકારનુ ૩ અ૦ કઈ નહિ, હિસાબમા નથી એમ –બે ત્રણ ગાઉ ચાલવું એમા તે શુ ? ૪ કઈ ન જાણેલુ એવુ ૫.જેવુ. 'તોબરાશુ મો' ૬ સરખાપણુ. ૭ સાથે, થી 'કરવી તે શુ પ્રીત'
શુઠ,સ્ત્રી૦(સ૦ શુઠિ) સુકવેલુ આદુ, સુકુ આદુ
શુડ-ઢ, સ્ત્રી૦ (સ૦ શુડા.) હાથીનુ પગ લગી નીચુ ને પોલુ ભુગળા જેવુ નાક
શુઢમુઢ, વિ૦ સજ્ઞારહિત, બેભાન ૨ વગર બોલે, ગુપચુપ, છાનુમાનુ
શુઢવુ, ક્રિ૦ સ૦ જમાવવુ, ઠાઠમાઠ સાથે તૈયાર કરવુ 'જાન શુઢાડી ક્યા જશો ?'
શુઢિયુ,વિ૦શુઢ જેવી બનાવટવાળુ 'શુઢિયો કોશ'
શૂકર, ન૦ (સ૦) ભુડ, ડુક્કર, વરાહ
શૂદ્ર, પુ૦ (સ૦) ચાર વર્ણેમાની છેલ્લી વર્ણ તે, સેવા કરનાર

શૂદ્રાણી, સ્ત્રી૦ શૂદ્રની સ્ત્રી, શૂદ્રવર્ણની સ્ત્રી
શૂન, સ્ત્રી૦ મીડુ, નાનુ ટપકુ
શૂનકાર, પુ૦ જ્યા કશુ હોય નહિ એવાપણુ, ઉજડપણુ ૨ નીરવતા, ખાલીપણુ ૩ સજ્ઞા રાહિત્ય, બેભાન અવસ્થા ૪ વિ૦ખાલી' નીરવ, ઉજડ ૫ સજ્ઞા રહિત [ચિહ્ન ૨ ખાલીપણુ
શૂન્ય, ન૦ (સ૦) મીડુ મિડુ, અનુસ્વારનુ
શૂન્ય, વિ૦ ખાલી, રિક્ત, ઠાલુ, સુનુ ૨ રહિત, વગરનુ 'જ્ઞાનશૂન્ય'
શૂન્યવાદી, પુ૦(સ૦)જગત કે ઇશ્વર કઈ છેજ નહિ એવો મત ધરાવનાર, નાસ્તિક,
શૂર ન૦ (સ૦ શૌર્ય) જુસ્સાનો ઉભરો, લાગણીનો ઉછાળો 'તે જરા ટેકો આપ્યો એટલે ભાઇને શૂર ચઢ્યુ' ૨ બહાદુરી, હિમ્મત,શૌર્ય ૩ પુ૦ યોદ્ધો, લડવૈયો, બહાદુર માણસ, વીર પરાક્રમી
શૂર, વિ૦ શૌર્યવાન, પરાક્રમી, બહાદુર ૨ હિમ્મતવાન ૩ આગળ પડતા હરકોઈ ગુણવાળુ 'દાનશૂર' ૪ સાહસિક [લડવૈયો
શૂરવીર, પુ૦ બહાદુર, હિમ્મતવાન ૨ યોદ્ધો,
શૂરાતન, ન૦ શૌર્ય, શૂરપણું ૨ બહાદુરી, બળ
શૂરૂ, વિ૦ શૂરવાળુ, બહાદુર, જુસ્સાદાર
શૂરો, પુ૦ યોદ્ધો, લડવૈયો, સાહસિક
શૂર્પ,ન૦(સં૦)સુપડુ,અનાજ ઝાડકવાની બનાવટ
શૂળ, સ્ત્રી૦ કાંટો, અણીદાર ખીલો, ગરજો ૨ ન૦ વાયુની સળક, ચુક
શૂળી, સ્ત્રી૦ એક તરફ અણીવાળો મોટો જાડો સળિયો, અણીદાર લોખડનો કાટો ૨ ફાસી શૂળીએ ચઢાવવુ=શૂળી પરોવાઈ જાય એમ કરવુ, દેહાતદડની શિક્ષા કરવી, ફાસી દેવી ૨ ડખ્યા કરે એવી પીડા, શૂળીની માફક ખટકયા કરે એવુ તે, 'સૌકયની શૂળી'
શૃગાલ, ન૦ (સ૦) શિયાલ, કોહલુ [અકુશ
શૃણિ, સ્ત્રી૦ [સ૦] હાથી હાકવાની આકડી,
શૃખલા, સ્ત્રી૦ [સ૦] સાકળી-સાકળ ૨ બેડી
શૃગ, ન૦ [સ૦] પર્વત વગેરેની ટોચ શિખર, ઉપલુ મથાળુ 'ગિરિશૃગ' ૨ શિગડુ

શૃગાર, પુ૦[સ૦]અલકાર, ઘરેણા અને પોષાક વગેરે તે, શણગાર ૨ સુદર દેખાય એવી રચના ૩ સ્ત્રીપુરૂષના પ્રેમનો ભાવ તે, વિલાસ ૪ પ્રેમભાવ, રતિ ૫ કાવ્યના નવ રસમાનો એક મુખ્ય રસ તે
શૃગારી, વિ૦ ઇશ્કી, શૃગારપ્રિય, કામી, ઇશ્કબાજીમા ગુલતાન, શૃગારરસ સમજનાર
શૃગી, વિ૦ શિગડાવાળુ પશુ ૨ પર્વત
શે, અ૦ શા માટે, કેમ શા અર્થે'
શેકડો, પુ૦ સોનો જુમલો, સેકડો
શેકી, સ્ત્રી૦ ઢોરને મોઢે બાધવાની જાળી ૨ શિકા જેવી જુડી-પડી
શે, અ૦ શા માટે, કેમ
શેક, પુ૦ શરીરના વ્યાધિવાળા ભાગને તાપ કે બાફથી ગરમાવો આપવો તે.
શેકવુ, ક્રિ૦ સ૦ દેવતા ઉપર ગરમ કરવુ, અગ્નિ ઉપર તડતડે ફુલે તેમ કરવુ (ભાખરી,પાપડ, રોટલી ઇ૦) ૨ શરીરને ગરમી આપવી ૩ સતાપવુ, સતાવવુ
શેખચલ્લી, વિ૦ શેખસલ્લી,હવાઇ કિલ્લા બાધનાર ૨ આળસુ, મોટા મોટા વિચારમા મગ્ન થઇ પડી રહેનાર [મુસલમાનોમા એક અટક છે
શેખ, પુ૦ [અ૦] આરબ ટોળીનો ઉપરી ૨
શેખઇ, સ્ત્રી૦ પતરાજ, બડાઇ, દભ.
શેખદાર, પુ૦ કુમાવિસદારનો કારકુન, જે ગામની રજુઆત, ઝાડની હરાજી, અને માપણી વગેરેનુ કામ કરે છે
શેખર, પુ૦ [સ૦] હાર, માળા, તોરો, છોગુ
શેખાઇ-ખી, સ્ત્રી૦ પતરાજી, ગરૂરી, બડાઈ
શેખીખોર, વિ૦ પતરાજખોર, બડાઇ મારનાર,
શેજ, સ્ત્રી૦ શય્યા, બિછાનુ ૨ પલગ. [દળી.
શેઠ, પુ૦ [સ૦ શ્રેષ્ઠી] મોટો આબરૂદાર વણિક અથવા વેપારી તે, સાહુકાર, તવગર ૨ સ્વામી, ધણી, માલીક ૩ ઉપરી, વડો, મુરબ્બી
શેઠાઈ, સ્ત્રી૦ શેઠપણુ, વડા તરીકેનુ કામ ૨. શેઠનો દરજ્જો-ઓદ્દો (નાત, ઇ૦ નો) ૩ શેઠપણાનો લહાવો-સત્તા

શેઠાણી, **સ્ત્રી**૦ શેઠની સ્ત્રી, વણિકની પત્ની તે ૨ સ્વામિની, માલીક સ્ત્રી, મોટા માનવાળી સ્ત્રી
શેઠિયો, **પુ**૦ શેઠ, સાહુકાર, મોટા વેપારી, ગૃહસ્થ નાત-મંડળનો ઉપરી ૩ માથે ગોરો એવો બળદ
શેઢો, **પુ**૦ ખેતરની હદ ઉપરની પાળ–પાળી તે, ખેતરનો છેડો, બે ખેતર વચ્ચેનો આંતરો ૨ [પગથી,રસ્તો
શેણુ, **ન**૦ શણુ ૨ **વિ**૦ શાણુ,ડાહ્યુ
શેણિયુ, **ન**૦ સણુનુ કપડુ તે
શેણે, **અ**૦ શાથી, કેમ ૨ શામા, શા ઉપર
શેતરંજ, **પુ**૦ ચતુરાઈ ભરેલી એક રમત, ચોપટ, બુદ્ધિબળની રમત ચતુરંગ એમા પાદશાહ,વજીર, હાથી, ઉંટ, ઘોડો અને પેદળ મળીને ૩૨ મહોરા હોય છે રાજા ઘેરાય એટલે રમત પુરી થાય છે
શેતરંજી, **સ્ત્રી**૦ રંગદાર પટા પટાદાર જાડપોતુ પાથરણુ, મજબુત જાજમ
શેતાન, **પુ**૦ (**અ**૦) ભયંકર–અઘોર દુષ્ટ કર્મ કરનાર દેવદૂત, ભૂત, મોટો જીન, ખવ્વીસ ૨ રાક્ષસ, દૈત્ય ૩ તોફાની, મસ્તીખોર,તર્કટી
શેતાનિયત, **સ્ત્રી**૦ શેતાની, શેતાનપણુ.
શેતુર, **ન**૦ એક જાતનુ ઝાડ, અને તેનુ ફળ રેશમ બનાવનારા કીડા એના પાદડા ખાય છે
શેન, **ન**૦ શયન **શેન** વાટવા–સૂઈ જવુ
શેર, **પુ**૦ ભરતર–જોખનુ એક માપ, મણુનો ૪૦ મો ભાગ ૨ (**અ**૦) ભાગનુ લખત,વિભાગી લેખ [તાડુકી ઉઠવુ, સામા થવુ
શેર, **પુ**૦ વાઘ, ચિત્તો **શેર થવુ**=બહાદુરી આણવી
શેરડી, **સ્ત્રી**૦ શેલડી, ઉસ, ઇક્ષુ, ૨ પગવાટ, નાનો સાંકડો રસ્તો, પગથી
શેરડો, **પુ**૦ પગવાટ,પગથી.
શેરિયાં, **ન**૦ શણુના બિયા
શેરિયુ, **વિ**૦ શેરનુ વજન–માપ ૨ સેરોવાળુ
શેરી, **સ્ત્રી**૦ ઘરોની ઓળ વચ્ચેનો રસ્તો, સાંકડા માર્ગનો મહોલ્લો, ફળિયુ
શેરીલોમાન, **પુ**૦ (**ફા**૦) સ્હેરીલોમાન એક ઝાડનો બળતા સુગંધવાળો ગુંદર
શેરો, **પુ**૦ સેરો, અરજી, દસ્તાવેજ અથવા લખત ઉપર અધિકારીએ ટુંકમા લખેલુ લખાણુ–જવાબ તે, ટિપ્પણુ, ટુંકો જવાબ કે હુકમ તે

શેલડી, **સ્ત્રી**૦ શેરડી, ઇક્ષુ, **ઉસ**.
શેલારી, **સ્ત્રી**૦ સ્ત્રીઓ ઉપરણી તરીકે વાપરે એવુ કસબી રેશમનુ સુંદર શેલુ તે.
શેલી, **સ્ત્રી**૦ ચકમકથી દેવતા પાડવાની મુંજ–દોરડી ૨ ભસ્મ, રાખ, રખ્યા.
શેલુ, **ન**૦ કસબી કોરપાલવવાળો બારીક સુંદર વણાટનો ખેસ, કસબી ઉપરણો 'શેલુ પાઘડી.'
શેલો **પુ**૦ દોહતાં ગાયના પાછલા બે પગે એક દોરડાની આંટી નાખવી તે ૨ પગે આંટી નાખીને બંધાય એવો દોરડાનો કકડો તે 'શેલો લીધો ને તાંબડી વીસરી રે લોલ'
શેલોત, **પુ**૦ જમીનદારો તરફથી ગામનુ વસુલ ઉઘરાવનારો મહેતો, તલાટી
શેવગાંઠિયા, **પુ**૦ હાથે વણેલી જાડી પાનળી ને તળેલી ખારી સેવો તે
શેવટ, **ન**૦ છેડો,અંત,આખર ૨ પરિણામ, ફળ. ૨ એક જાતનો ગોસાંઇ ૩ નિકાલ
શેવડો **પુ**૦ શ્રમણુ, બુદ્ધ–જૈનધર્મનો સાધુ
શેવાળ, **સ્ત્રી**૦ પાણીમા પગથિયા અને પત્થરવગેરે ઉપર બાઝતો લીલા રંગનો ચીકણો ને લીસો નાજુક વનસ્પતિનો થર,લીલ ૨ તાજા શાકભાજી પાણી ગરમ થતા તેમાથી નીકળતી ઉની આંછી વરાળ ૩ શિંગની નસ, વાળા
શેવાળિયુ, **વિ**૦ શેવાળવાળુ, લીલી સુંવાળી શેવાળ બાઝી હોય એવુ ૨ આંછી વરાળ નિકળતી હોય એવુ, વરાળિયુ
શેવુ **વિ**૦ ઢાળપડતુ, સહેજ નમતુ (ઉલટુ ચરાળ)
શેવો **સ્ત્રી**૦ સેવ, મેંદાની કણુકને વણીને કાઢેલા તાર.
શેષ **વિ**૦ (**સં**૦) બાકી રહેલુ, બચેલુ, વાપરતા વધેલુ તે,વાનગી ૨ પ્રસાદ
શેષનાગ, **પુ**૦ નાગનો રાજા જેના ફેણ ઉપર પૃથ્વી રહેલી છે તે મોટો સર્પ (પુરાણ)
શેષશાયી **વિ**૦ શેષનાગપર સુતેલા, શેષ પર સુનાર ૨ **પુ**૦ વિષ્ણુ, ભગવાન
શેહ, **સ્ત્રી**૦ (**ફા**૦ શહ) પ્રતિબંધ, અટકાવ, ૨ દબાઇ જવુ તે, છાયા પડી જવી તે, દાબ, ધાક, છાપ ૩ શરમ, લજ્જા

શેહજોરી, સ્ત્રી૦ જબરજસ્તી, બળાત્કાર
શેહજોરી, સ્ત્રી૦ જબરજસ્તી, બળાત્કાર
શેહુ, પુ૦ ઠેહુ, છાની ગોઠવણુ કરનાર
શેહેનશાહ, પુ૦ (ફા૦) મોટો રાજા, સામ્રાટ, ચક્રવર્તી રાજા [કારકિર્દીનુ
શેહેનશાહી, વિ૦ શેહેનશાહનું–તને લગતુ,–ની
શેહેર, ન૦ (ફા૦) મોટા વેપારનુ અને ઝાઝી વસ્તીવાળુ સ્થાન તે, નગર, પુર
શેહેરી, વિ૦ શેહેરનુ, શેહેર સબંધી ૨ નાગરિક, સારી રીતભાતનુ, સભ્ય
શેહેવત, ન૦ વિષયસુખની ઇચ્છા, હવસ
સૈં, ન૦ અનાજનુ માપ (કાઠિ૦)
શૈકુ, ન૦ સૈકુ, સોનો જુમલો
શૈકો, પુ૦ સૈકો, સૈકુ, સદી
શૈત્ય, ન૦ (સ૦) શીતળતા, ઠડક ૨ ટાઢ,શીત
શૈથિલ્ય, ન૦ (સ૦) શિથિલતા નરમાશ, ઢીલાપણુ ૨ નબળાઈ, કમજોરી
શૈલ,પુ૦(સ૦) પર્વત,પહાડ,ગિરિ [૨ વર્તણુક
શૈલી, સ્ત્રી૦ (સ૦) ઢબ, ઇબારત, રીત, પ્રકાર
શૈવ, વિ૦ (સ૦) શિવ સબધી ૨ શિવભક્ત
શૈવી, વિ૦ શિવનુ, શિવ સબધી, શિવધર્મનુ
શૈશવ, ન૦ (સ૦) શિશુપણુ, બચપણુ, નાનપણુ
શોક, પુ૦ (સ૦) નાસીપાસી, ખેદ, દિલગીરી ૨ બળાપો,સતાપ, આક્રદ, રુદન ૩ વ્યવહારથી દૂર રહેવુ તે 'શોક પાળવો'
શોકકારક, વિ૦ ખેદકારક, દિલગીરી ઉપજાવે એવુ, દુખજનક; શોચનીય. [૨ પ્રતિસ્પર્ધી
શોકય, સ્ત્રી૦ સૉકય, પોતાના પતિની બીજી સ્ત્રી
શોખ, પુ૦ (અ૦ શવક્) હોશ, ચાહ, ઇચ્છા, કોડ ૨ મોજમઝા, ૨ ગમ્માજીની ભાવના.
શોખી, વિ૦ હોશીલુ, ઉમેદી, મોજી, કોડીલુ
શોખીલું, વિ૦ શોખ–આનદની ભાવનાવાળુ
શોચ પુ૦ શોક, ખેદ, દિલગીરી ૨ ફિકર ચિંતા, કાળજી. ૩ અફસોસ, પશ્ચાત્તાપ, પસ્તાવો.
શોચના, સ્ત્રી૦ શોચ, શોક ૨ ચિંતા, દિલગીરી ૩ અફસોસ. 'જીવ! તુ શીદને શોચના કરે, કૃષ્ણને કરવુ હોય તે કરે'
શોચનીય, વિ૦ શોક કરવાયોગ્ય, અફસોસકારક.
શોચ્ય, વિ૦ (સ૦) શોક–દિલગીરી કરવા જેવુ
શોણિત, ન૦ (સ૦) લોહી, રૂધિર, રક્ત.
શોથ, પુ૦ સોજો, લોહીનો જમાવ થઇ ચામડી કુલવી તે [ઝડતી, તલાસ ૨. પત્તો; ભાળ
શોધ, સ્ત્રી૦ (સ૦) ખોળ, તપાસ, તજવીજ ૨
શોધક, વિ૦ શોધ કરનાર, ઢુડનાર, તલાસ કરનાર ૨. અજાણુ વસ્તુ તથા વિચારને જાહેરમાં લાવનાર ૦ શોધ કરે એવુ, ઝીણી તપાસ–નિરીક્ષણ કરવાની ટેવવાળુ
શોધખોળ, સ્ત્રી૦ શોધવુ અને ખોળવું તે, નહિ જણાયેલી બાબત તલાસ કરી જાહેરમા લાવવી તે
શોધન, ન૦ (સં૦) શોધવુ તે, ખોળ; તપાસ; તલાસ ૩ પરીક્ષા ૪ સ્વચ્છ કરવુ તે
શોધવું, ક્રિ૦ સ૦ ખોળવું, ઢુડવુ, ફ ફોસવુ ૨. તજવીજ–તપાસ કરવી ૩ પરીક્ષા કરવી, કસવુ ૪ ઝડતી લેવી ૫ દુરસ્ત કરવુ, દોષ કાઢી નાખી બરોબર કરવુ ૬ મેલ, કચરો, ભેગ કાઢી નાખી કોઈ વસ્તુને ચોખ્ખી કરવી, શુદ્ધ કરવુ
શોધાશોધ, સ્ત્રી૦ ખોળ ખોળા, ઢુડાઢુંડ
શોધિત, વિ૦ શોધી કાઢેલુ ૨ ચોખ્ખુ કરેલું, [સુધારેલુ
શોફા, પુ૦ એક વનૌષધિ શતપુષ્પા
શોભન, વિ૦ શોભારૂપ, સુદર, ઉત્તમ, તેજસ્વી ૨ શોભે એવુ તે, ભપકાદાર
શોભતું, વિ૦ શોભા આપે એવુ, મજેનુ ૨ લાયક ઘટતુ, છાજતુ, ઉચિત
શોભવુ, ક્રિ૦ અ૦ સારુ દેખાવુ, સુદર લાગવુ. ૨ ઘટવુ, છાજવુ, વ્યાજબી લાગવું
શોભા, સ્ત્રી૦ (સ૦) સારો–સુદર દેખાવ,સૌદર્ય, લાવણ્યતા. ૨ પ્રતિષ્ઠા, આબરૂ ૩ લાજ, માન
શોભાયમાન, વિ૦ શોભાવાળુ,ભવ્ય,સુદર,શોભતુ
શોભિતુ, વિ૦ શોભતુ, સારુ દેખાતું, ખલતુ
શોર, પુ૦ ગોધાટ, કોલાહલ, ગડબડ. ૨ અવાજ; [ધ્વનિ
શોરબકોર, પુ૦ ગોધાટ, કલાહોલ.
શોષ, પુ૦ (સ૦) સુકાવુ તે, સુકવણુ, ૨. ચૂસ, સોસ, પ્યાસ, તરસ. 'કઠે તો કાટા પડયા, મુખે પડીઓ શોષ' ૩ લીનતા, દુર્બળતા

શોષણ, ન૦ (સ૦) સુકાઈ જવુ તે, રસાદિકનુ ખેચાઇજવુ તે. ૨ ચૂસ,ખેચ [દેવુ, સતાપવુ

શોષવું, ક્રિ૦ સ૦ ચૂસવુ, ખેચવુ, પીવુ ૨ દુખ

શોષાવુ, ક્રિ૦ અ૦ સુકાવુ ૨ દુર્બળ થવુ, વિત્ત અને રસ ઓછા થઇ જવા ૩ કદમા ઘટવુ, સકુચિત થઇ જવુ ૪ કરમાવુ

શોહવું, ક્રિ૦ અ૦ સારુ દેખાવુ,સોભવુ (કવિતામા)

શોહાવું, ક્રિ૦ અ૦ શોભવુ, ખલવુ, સારૂ દેખાવુ

શૌચ, ન૦ (સ૦) સ્વચ્છતા, પવિત્રતા, શુદ્ધતા, પ્રાયશ્ચિત ૨ ઝાડો

શૌરસેની, સ્ત્રી૦ શૂરસેન દેશની ભાષા, પ્રાકૃત, ભાષાઓમાની મથુરા તરફની ભાષા

શૌર્ય, ન૦ (સ૦) શૂરત્વ, બળ, સાહસ, હામ, છાતી. ૨ પરાક્રમ, બહાદુરી

શ્મશાન, ન૦ (સ૦) મડદા ઠેકાણે પાડવાનુસ્થાન, મશાણ, પ્રેતભૂમિ, કબરસ્થાન, દખમુ, શ્મશાન વૈરાગ્ય=તાજુ મરણ થતા સસાર ઉપર આવેલો ક્ષણિક અભાવ તે, થોડીવાર ટકે એવા વિચારનો આવેશ તે [ના વાળ તે, મુછ

શ્મશ્રુ, સ્ત્રી૦ (સ૦) પુરુષને ઉપલા ઓઠ ઉપ

શ્યામ, વિ૦ સ૦ કાળુ, ઘેરા આસમાની ૨ ગનુ ૨ પુ૦ કનૈયો, કાન ૩ પ્રીતમ વર, 'બતાદે સખી કોન ગલી મેરો શ્યામ' [ધોળો ઘોડો

શ્યામકર્ણ,પુ૦ કાળા કાન અને કાળા પુછડાવાળો

શ્યામા, સ્ત્રી૦ (સ૦) સોળ વર્ષની જુવાન સ્ત્રી

શ્યામિકા, સ્ત્રી૦ (સ૦) કાળપ, કાળાશ ૨ ધાતુ વગેરેનો કાટ

શ્યાલક, પુ૦ (સ૦) વહુનો ભાઇ સાળો

શ્યાલી, સ્ત્રી૦ સાળી વહુની બહેન

શ્યેની, સ્ત્રી૦ સમળી, બાજપખીની માદા

શ્રદ્ધા, સ્ત્રી૦ (સ૦) આસ્તિક બુદ્ધિ, આસ્થા, આકીન, ભરોસો, પતીજ,અચળભાવ

શ્રદ્ધાળુ, વિ૦ શ્રદ્ધાવાળુ, વિશ્વાસુ આસ્તિક

શ્રમ, પુ૦ (સ૦) શરીર અને મનને કામ કરતા પડતુ જોર તે, આયાસ ૨ રજ, જહેમત,વૈતરૂ ૩ યત્ન, મહેનત ૪ થાક, ઘસ ૫ દુખ, કષ્ટ, વેદના [સાધુ તે, શરવણુ

શ્રમણ, પુ૦ (સ૦) બુદ્ધ અથવા જૈન ધર્મનો

શ્રમિત, વિ૦ થાકેલુ, શ્રમ ચઢ્યો હોય ,એવુ

શ્રવણ, ન૦ (સ૦) સાભળવાની ઇદ્રિય, કાન ૨. સાભળવુ તે ૩ બાવીસમુ નક્ષત્ર

શ્રવવુ, ક્રિ૦ અ૦ સરવુ, ટપકવુ, ઝરવુ

શ્રાદ્ધ ન૦ (સ૦) શ્રદ્ધાથી પિતૃઓની તૃપ્તિ માટે કરાતી તર્પણ પિડદાનાદિક ક્રિયા તે, પૂર્વજોને જલાજલિ-પિડ આપવા તે

શ્રાન્ત, વિ૦ થાકેલુ, કટાળી ગયેલુ ૨ શાત

શ્રાપ, પુ૦ શાપ, બદદુવા અનિષ્ઠ ચિંતન

શ્રાવક, પુ૦ જૈનધર્મ પાળનાર તે, જૈન

શ્રાવણ, પુ૦ (સ૦) સવત વર્ષનો દસમો મહીનો

શ્રાવણી, સ્ત્રી૦ શ્રાવણ મહીનાની પુનમ, બળેવ, યજુર્વેદીઓને જનોઇ બદલવાનો દિવસ–તહેવાર, નાળિયેરી પૂણમા

શ્રાવિકા, સ્ત્રી૦ જૈન ધર્મ પાળનારી સ્ત્રી

શ્રાવ્ય વિ૦ (સ૦) સાભળવા યોગ્ય

શ્રી, સ્ત્રી૦ (સ૦) લક્ષ્મી, વિષ્ણુપત્ની ૨ સપત્તિ, ધન, અર્થ, દ્રવ્ય ૩ શોભા, ભભક, સૌદર્ય ૪ કીર્તિ, ખ્યાતિ, નામના, મહિમા. ૫ ઐશ્વર્ય, વૈભવ, જાહોજલાલી ૬ સુભાગ્ય બઢતી ૭ ધર્મ અર્થ અને કામ એ ત્રણ અર્થસિદ્ધિ તે ૮ શુભસૂચક ગુણદર્શક ઉપસર્ગ 'શ્રી ગણેશ,શ્રીરામ'

શ્રીકઠ, પુ૦ (સ૦) મહાદેવ, શકર

શ્રીકાર, વિ૦ સુદર, મજેનુ ૨ સરસ, ઉત્તમ

શ્રીખડ, પુ૦ શીખડ ૨ (સ૦) ચદન, સુખડ

શ્રીગણેશાયનમ અ૦ મગળસૂચક ગણપતિ, વદન ૨ આરભ, શરૂઆત, પગરણ, મડાણ 'કરોને આજેજ શ્રી ગણેશાયનમ'

શ્રીધર, પુ૦ (સ૦) વિષ્ણુ, લક્ષ્મીને ધારણ કર-

શ્રીપાત, પુ૦ સન્યાસી, ત્યાગી [નાર પ્રભુ

શ્રીફળ, ન૦ નાળિયેર શ્રીફળ આપવુ=રજાઆપ-વી,બરતરફ કરવુ,રૂખસદ આપવી ૨ બીલીનુંફળ

શ્રીમત્, વિ૦ (સ૦) સુભાગી, સુખી, ભાગ્યશાળી ૨ ધનવાન.

શ્રીમત, વિ૦ ધન, પદવી, યશ અને ઉત્તમતા વાળુ, સુભાગી, યશસ્વી, ગજારાણાઓના નામ પૂર્વે મૂકાતો શબ્દ 'શ્રીમત સરકાર શ્રીશયાજીરાવ બહાદુર' ૨ પસાદાર, ધની, ગૃહસ્થ

શ્રીમંતાઇ, સ્ત્રી૦ ગૃહસ્થાઈ, ધનવાનપણુ. ૨. વૈભવ, સાહેબી [વાન અને યશસ્વી
શ્રીમાન, વિ૦ ભાગ્યશાળી, સુખી, વૈભવી, ધન-
શ્રીમુખ, ન૦ સુંદર, સુભાગી, ધન્ય, પુણ્યસ્વરૂપ મુખદર્શન 'ચાલોને ડાકોર જઇએરે, શ્રીમુખ સુંદર જોવાને' ૨ સ્વમુખ, પોતાનું મો તે. 'જેકહેવુ હોય તે આપ શ્રીમુખે કહોને' ૩ સાઠ સંવત્સરમાનો એક સંવત્સર
શ્રીયુક્ત, વિ૦ બડભાગી, શ્રીયુત.
શ્રીયુત, જુ૦ શ્રીયુક્ત, શ્રીમાન.
શ્રીરંગ, પુ૦ વિષ્ણુ ભગવાન
શ્રીરાગ, પુ૦ એક રાગ
શ્રીરામ, પુ૦ કલ્યાણ નિધાન રામ તે ૨ છેલ્લું શરણુ ને, અંત વખતે શ્રીરામ બોલાય છે ૩ પડતી—અંતનો વખત 'હવે શ્રીરામ થઇ જવાના' શ્રીરામ બોલાઇ ગયા=પતી રહ્યુ, પુરૂ થઈ રહ્યુ
શ્રીવત્સ, પુ૦ છાતીમા લક્ષ્મીના ચિહ્નવાળા વિષ્ણુ
શ્રુત, વિ૦ (સં૦) સાંભળેલુ [૨ વેદ, શાસ્ત્ર.
શ્રુતિ, સ્ત્રી૦(સં૦) સાંભળવાની ઇંદ્રિય, કાન, શ્રવણ
શ્રુતિકટુ, વિ૦ કાનને કઠોર લાગે એવુ, અપ્રિય.
શ્રુત્વા, અ૦ (સં૦) સાંભળીને
શ્રુવ, પુ૦(સં૦) ઘી વગેરે હોમવાનો ચાટવો, શરવો.
શ્રેઢી, સ્ત્રી૦ આગળ વધ્યા કરવુ તે 'ગણિત શ્રેઢી'
શ્રેણી, સ્ત્રી૦ (સં૦) પંક્તિ હાર, ઓળ, લાર
શ્રેય, પુ૦ (સં૦) શુભ હોવુ તે, કલ્યાણ, પુણ્ય ૨ મોક્ષ, મુક્તિ. ૩ હિત, શુભ
શ્રેયસ્કર, વિ૦ (સં૦) કલ્યાણકારક, હિતકર
શ્રેષ્ઠ, વિ૦(સં૦) સર્વોત્તમ, સૌથી સરસ ૨ મોટુ, વડું
શ્રેષ્ઠતા, સ્ત્રી૦ સરસપણુ, મોટાઇ, વડાઇ
શ્રેષ્ઠી, વિ૦ શ્રેષ્ઠ, પ્રધાન, શેઠ, મુખ્ય
શ્રોણી, સ્ત્રી૦ (સં૦) કુલો, થાપો, નિતંબ
શ્રોતા, વિ૦ (સં૦) સાંભળનાર, શ્રવણ કરનાર.
શ્રોત્ર, પુ૦ (સં૦) કાન, શ્રવણ.
શ્રોત્રિય-ત્રી, વિ૦ વેદોક્ત કર્મ કરનાર
શ્લાઘા, સ્ત્રી૦ (સં૦) આપ વખાણ, બડાઇ, આત્મસ્તુતિ
શ્લાઘ્ય, વિ૦ વખાણવા લાયક, સ્તુત્ય
શ્લિષ્ટ, વિ૦(સં૦) જોડેલુ, ભેટેલુ, મળેલું ૨. દ્વિઅર્થી
શ્લીપદ, ન૦ (સં૦) પગ વગેરે જાડા થઇ જાય એવો લોહી વિકારનો એક રોગ
શ્લેષ, પુ૦ (સં૦) ભેટો, બાથ, આલિંગન. ૨ જેમા બે અર્થ રહેલા હોય એવુ વાક્ય, શબ્દ, વગેરે.
શ્લેષ્મ, ન૦ (સં૦) શરીરમાનો ચીકણો ધાતુ, કફ ૨ સળેખમ
શ્લોક, પુ૦ (સં૦) લઘુગુરૂ અક્ષરના નિયમ પ્રમાણે રચેલી કવિતા અથવા ચાર ચરણનુ પદ, વૃત્ત, છંદ
શ્વપચ, પુ૦ (સં૦) ચંડાળ, ભંગી
શ્વશુર, પુ૦ (સં૦) સસરો, વધૂવરનો બાપ.
શ્વશ્રૂ, સ્ત્રી૦ (સં૦) સાસુ
શ્વસિત, વિ૦ શ્વાસ લેતુ, હાંફતુ, થાકી ગયેલુ.
શ્વાન, પુ૦ કુતરો
શ્વાનનિદ્રા, સ્ત્રી૦ કુતરાની ઉંઘ, તરત જાગી જવાય એવી ઉંઘ તે
શ્વાપદ, ન૦ (સં૦) ચારપગુ જંગલી જનાવર, શિકારી પ્રાણી.
શ્વાસ, પુ૦ (સં૦) નાકથી વાયુ લેવો મૂકવો તે, દમ, ઉચ્છ્વાસ ૨ દમ, હાંફ, કફથી વધી ગયેલી ગતિવાળો પ્રાણવાયુ
શ્વાસોચ્છ્વાસ, પુ૦ (સં૦) શ્વાસ લેવો ને મૂકવો તે, દમ લેવા મૂકવાની જે ક્રિયા તે
શ્વેત, વિ૦ (સં૦) ધોળું, સફેત ૨ ગૌર
શ્વેતાંબરી, વિ૦ ધોળા વસ્ત્રવાળા જૈન સાધુઓની એક જાત

ષ.

ષ, પુ૦ (સં૦) એકત્રીસમો વ્યંજનવર્ણ, ષ ને બદલે ખ ઉચ્ચાર પણ થાય છે, 'ખટકર્મ'
ષટ્ક, ન૦ છક્કુ, છનો સમૂહ
ષટ્કર્મ, ન૦(સં૦) કોઇપણ છ કર્મ તે બ્રાહ્મણના છ કર્મ—અધ્યયન, અધ્યાપન, દાન, પ્રતિગ્રહ, યજન અને યાજન છે તાંત્રિક છ કર્મ—જારણ, મારણ, ઉચ્ચાટન, મોહન, સ્તંભન, અને વિધ્વંસન છે

હઠના ૭ કર્મ-ધાતિ, બસ્તિ, નેતિ, નૌલિ, ત્રાટક અને કૃપાલભતિ

ષટ્કોણ, વિ૦ ૭ ખુણાવાળુ, જેને ૭ ખુણા હોય એવુ -ષટ્કોણાકૃતિ. [છ કુડળીવાળુ

ષટ્ચક્ર, ન૦ જેમા ૭ ચક્ર-કુડળી હોય તે. વિ૦

ષટ્પદ,પુ૦ (સ૦) ભમરો તીડ, મચ્છર, જુ. ૨. ૭ પગવાળુ પ્રાણી ૩ ૭ ટુકોવાળુ કાવ્ય, છપ્પો

ષટશાસ્ત્ર, ન૦ ૭ શાસ્ત્ર તે (સાખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાસા ને વેદાત)

ષડ્ગુણ, પુ૦ ૭ ગુણ તે (સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ, ને સમાશ્રય, તેમજ, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન, અને વૈરાગ.)

ષડ્રસ, પુ૦ (સ૦) ૭ રસ તે (મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો, અને તુરો)

ષડરિપુ, પુ૦ (સ૦) ૭ શત્રુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર)

ષટ્ઋતુ, પુ૦ (સ્રી૦) ૭ ઋતુઓ તે (વસત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમત, અને શિશિર.)

ષડગ, ન૦ (સ૦) વેદના ૭ અગ-વિભાગ તે (બે હાથ, બે પગ, માથુ અને કેડ).

ષણ્માસ, પુ૦ (સ૦) ૭ મહીના

ષષ્ટિ, વિ૦ (સ૦) સાઠ, ૬૦. [દિવસ તે

ષષ્ઠી, સ્રી૦ (સ૦) છઠ, બાળકના જન્મનો છઠ્ઠો

ષડ, વિ૦ (સ૦) નપુસક, હિજડો, ખોજો.

ષોડશ, વિ૦ (સ૦) સોળ; ૧૬

ષોડશોપચાર, વિ૦ સોળ પ્રકારના ઉપચારવાળુ, સોળ ઉપચાર યુક્ત

સ.

સ, પુ૦ (સ૦) ૩૨ મો દતસ્થાની વ્યજનવર્ણ ૨ અ૦ સહિત, સહ, સાથે 'સકુટુબ' ૩ વિ૦ સુ, સારૂ ને ઉત્તમ 'સપૂત' ૪. સ૦ સ્વ; પોતાનું. 'સધામ'

સઇ, પુ૦ દરજી, મેરાઇ. ૨ સ્રી૦ સખી, બહેનપણી. ૩ (અ૦) સહી; કબુલ, મજુર ૪ વિ૦ (સ૦ સદૃશ) સાઇ, ધાટનું, સમાન, સરખુ, જેવુ. 'વાણિયાસઇ પાઘડી' ૫ પાચ માપ

સઇદર, પુ૦ (ફા૦) વેરો, કર ૨ માથાવેરો.

સઇયદ, પુ૦ (અ૦) સૈયદ, મુસલમાન ધર્મગુરુઓની જાત, પેગંબરના વશજો

સઇયર, સ્રી૦ સૈયર, સખી, બહેનપણી

સઉ, વિ૦ (સ૦ સર્વ) સૌ, સર્વે, સઘળા; સહુ સઉકો=સર્વે તમામ

સકડવુ, ક્રિ૦ સ૦ તાણીને બાધવુ, જકડવુ.

સકણ, વિ૦ સખણું, સમુ, સીધુ, ડાવકુ

સકન, પુ૦ શુકન ૨ વચન, બોલ, શબ્દ ૩ ગાડાની આડખીલી

સકરકદ, પુ૦ જમીનની અદર થતો એક જાતનો ગળપણવાળો કદ, શકરિયા; ગાજર, રતાળુ, વગેરે

સકરણ, વિ૦ અવયવવાળુ [કદમૂળ તે

સકરમી, વિ૦ ભાગ્યશાળી, નસીબદાર, સુભાગી. ૨ સુખી-પૈસાદાર ૩ સારા કર્મ કરનાર.

સકરિયુ, ન૦ શકરિયુ, સકરકદ

સકરુણ, વિ૦ કરુણાયુક્ત, દયાળુ

સકરો, પુ૦ બાજ, શકરો.

સકર્મક, વિ૦(સ૦) જેને કર્મ હોય એવુ (ક્રિયાપદ) કર્મયુક્ત, જેમા કર્તા ને કર્મ બને હોય તે (ક્રિયાપદ)

સકલાત,સ્રી૦(તુર્ક૦સુકૂલાત) જાડા તતુનું પણ મુલાયમ ઉનનુ કાપડ, બનાત 'ગજેગ્રીવ બાજમ તકિયા, સકલાત રૂપ વિશાળ'-હરિદાસ૦

સકળ, વિ૦ (સ૦ સકલ) સર્વ, બધુ; તમામ. ૨ સપૂર્ણ સકળગુણ સપન્ન=સર્વગુણ જેનામા હોય એવુ, સર્વ ગુણાન્વિત [દબાણ.

સકંચો, પુ૦ સંચો, યત્ર ૨ જકડ; ભીડો, હેડ;

સકામ, વિ૦ (સ૦) સ્વાર્થયુક્ત, જેમા કંઇ હેતુ -કામના હોય એવુ 'સકામ ભક્તિ' [રીતભાત

સકાર, પુ૦ સારાપણ, સ્વાદ, સાર સત્વ. ૨ ઢંગ,

સકારણ, વિ૦ સહેતુક, કારણસર, અર્થયુક્ત

સકારવું, ક્રિ૦ અ૦ સ્વીકારવુ, કબુલ રાખવુ

સકારો, પુ૦ શાળના તતુઓને સીધા રાખનારી લાકડી-ચીપ તે

સકાળ, ક્રિ૦ સુકાળ ૨ સવાર, પ્રભાત. (ચરાતરમાં)

સકુમાર, વિ૦ સુકુમાર, નાજુક, કુમળું

સકૃત, ન૦(સં૦) પુણ્ય કર્મ તે ૨ અ૦એકજવાર

સકોમળ, વિ૦ સુકુમાર, ઘણું નાજુક

સકોરૂ, ન૦ શકોરૂ ચપણિયું, રામપાત્ર

સક્કર,સ્ત્રી૦સાકર,ખાંડ. સક્કરખોર=સાકર ખાનારો -જીવડો. ['સક્કઈ રૂપૈયો '

સક્કઈ, વિ૦ સિક્કાવાળું,સુંદર, સરસ, તોફે, મજેનું

સક્કરટેટી, સ્ત્રી૦ ખડબુચું

સક્કરપારો, પું૦ ગળપણ નાખીને બનાવેલી ભાખરીનો તળેલો કકડો [રીતે કસેલું

સક્કસ, વિ૦ મજબુત, દૃઢ, કઠણ, સખત, સારી

સક્કાઈ, વિ૦ સક્કઈ, સિક્કાદાર, સુંદર ૨ ચોખ્ખું લોઢું (મક્કાઈ અને ગજવેલ)

સક્કો, પું૦ સક્કો, સુંદર છાપ ૨. સાખ, શેહ, દાબ ૩ રોફ, ભભકો ૪ પત્થરની લખોટી, પથરી

સક્ત, વિ૦ [સં૦] જોડાયેલું, લાગેલું વળગેલું

સક્તુ, પું૦ [સં૦] શેકેલા જવનો લોટ, સાતુ

સખણું, વિ૦ નહિ અડપલું, ઠાવકું,સભ્ય;સાલસ

સખત, વિ૦ અ૦ સખ્ત, કઠણ, કઠોર ૨ દૃઢ, મજબુત (શરીર) ૩ કરડું, કઠોર (બોલી) ૪ થકવી નાખે એવું, જોર પડે એવું (કામકાજ) ૫ નિર્દય, જુલમ. 'સખત (રાજા–કાયદો)' ૬ અઘરૂં, મુશ્કેલ (કામ)

સખતાઈ–તી, સ્ત્રી૦ કડકી, સખતી, કઠોરતા, કરડાઈ ૨ જુલમ, નિર્દયતા ૩ આકરાપણું ૪ બંધી, પ્રતિબંધ [ગરમ કાપડ, બનાત

સખલાત, સ્ત્રી૦ [તુર્કી૦સક્લાત] એક જાતનું

સખા, પું૦ મિત્ર, સાથી, સ્નેહી

સખાવત, સ્ત્રી૦ અ૦ દાન, બક્ષીસ ૨ ઉદારતા, ધીરાળપણું. [સખાવતનું.

સખાવતી, વિ૦ દાનેશ્વરી, ઉદાર, દાતા, ૨

સખી,સ્ત્રી૦[સં૦] બહેનપણી, સાહેલી; વયસ્યા. ૨. સ્ત્રીનો વેષ લઈને ગાનારો પુરૂષ, બાયલો.

સખી, વિ૦ દાનેસરી, ઉદાર, દાનવીર

સખીભાવ, પું૦ સ્ત્રીરૂપે પરમેશ્વર ઉપર પ્રેમ પૂર્વક ભક્તિ રાખવી તે ૨ બૈરકઆળો;બાયલાપણું.

સખુન, પું૦ [અ૦] બોલ, વચન, ભાષણ

સખો, પું૦ મિત્ર; દોસ્ત.

સખ્ય, ન૦ (સં૦) મિત્રતા, દોસ્તી.

સગ, સ્ત્રી૦ શ્રગ, શિખર. ૨ દીવાની જ્યોત તે.

સગટો,પું૦સાલ્લો પહેરતાં કૂખે ખોસવાને છેડો તે.

સગડ, સ્ત્રી૦ ખબર, બાતમી ૨ ચાગ; પત્તો

સગડી, સ્ત્રી૦ [સં૦ શકટી] શગડી, જુઓ

સગઉ, પું૦ ચાળેલો ઘઉંનો લોટ

સગણ, પું૦ પહેલા બે લઘુ ને ત્રીજો ગુરૂ અક્ષર આવે એવો ગણ તે 'સમતા તે ગણ સગણ, જકાત જગણ ગણ જાણો'-પિંગળ ૨ કેડો,પુંઠ

સગન, પું૦હળની સેઢને ધુસરૂ બાધવાને મારેલો જે ખીલો તે [વિવાહ કરવો

સગપણ ન૦ સગાઈ, સગાસંબંધ સગપણ કરવું=

સગરામ, ન૦ છત્રીવાળી ગાડી

સગર્ભા, સ્ત્રી૦ [સં૦] ગર્ભવતી, ભારેવાઈ

સગમ અગિઆરસ, સ્ત્રી૦ ભાદરવા સુદિ ૧૧, જળઝિલણા એકાદશી

સગવડ, સ્ત્રી૦ અનુકૂળતા, સોઇ, જોગવાઈ ૨ ફુરસદ, અવકાશ ૩ મોકળાશ,જગા ૪.લાગ,તક

સગવાડ, સ્ત્રી૦ સગાઈ, સગપણ.

સગાઈ, સ્ત્રી૦ સગપણ, સગાસંબંધ ૨ વિવાહ.

સગીર, વિ૦ [ફા૦] કાચી ઉમ્મરનું, નાનું, કાયદેસર વયનું નહિ તે

સગું, વિ૦ એક લોહીનું સંબંધી, લગ્નથી જોડાયેલું, સગોત્રી, કુટુંબી. [ગુણોવાળું

સગુણ, વિ૦ [સં૦] ગુણયુક્ત, આકાર ભાવાદિક

સગોત્ર, વિ૦એકજ ગોત્રનું તે, કુટુંબી ૨ બાંધવ

સઘન, વિ૦ ગાઢ, ઘાટ, ઘનઘોર એવું તે

સઘળું, વિ૦ બધું, તમામ, સઘળું, સર્વ

સંકટ, ન૦ [સં૦] દુઃખ પીડા ૨ આપત્તિ, આફત, વિઘ્ન. ૩. ભીડ; તાણ, તંગી ૪ મુશ્કેલી, ગુંચવણ

સંકડામણ, સ્ત્રી૦ જગાની તંગાશ, નહિ મોકળાશ ૨છુટાબારી નહિ એવી સ્થિતિ,ભીડ;મુશ્કેલી.

સંકડાવું, ક્રિ૦ અ૦ મુશ્કેલીમાં આવવું,ભિડાવું. ૨ દબાવું, ભચડાવું. ૩ જગાની તંગાશ પડવી, મોકળાશ ન હોવી

સંકડાશ, સ્ત્રી૦ જગાની તગાશ,સાકડ.૨ મુશ્કેલી

સ કર, પુ૦ [સં૦] ભેળસેળ, મિશ્રણ ૨. મિશ્રજાતિ ૩ વિ૦ ભેળસેળિયુ, જુદી જુદી જાતના માબાપથી ઉત્પન્ન થયેલુ

સ કરતા, સ્ત્રી૦ ભેળસેળ, મિશ્રણ, વગળ.

સ કર્ષણ, ન૦ [સ૦] ખેચવુ તે ૨. ખેડવુ તે

સ કર્ષણ, પુ૦ [સ૦] બળરામ ૨ શેષનાગ

સ કલન, ન૦ એકઠુ-એકત્ર કરવુ તે, સરવાળો, જમાવટ.

સ કલ્પ, (સ૦) ઠરાવ, મનસુબો ૨ ઇચ્છા, હેતુ, મનનો ઉદ્દેશ ૩ નિર્ધારણ, નિયમ, ધર્મ, કર્મ વગેરે કરવા માટે લેવામા આવતો નિયમ તે, મનનો નિશ્ચય તે. **સ કલ્પ** વિકલ્પ=ઢચુપચુ

સ કષ્ઠ, ન૦ [સ ૦] સકટ, જુઓ

સ કાશ, વિ૦ સરખુ, જેવુ

સ કીર્ણ, વિ૦(સ ૦) ભરચક,વ્યાપ્ત ૨ મિશ્રિત

સંકીર્તન, ન૦ સ્તુતિ, પ્રાર્થના ૨. વખાણુ

સ કુચિત, વિ૦ સાકડુ મોકળુ નહિ એવુ,સકોચ પામેલુ ૨ બિડાયેલુ, નહિ ઉઘડેલુ. ૩ અ દર ને અ દર ગુચાયેલુ

સ કેત, પુ૦[સં૦] કોઇ કામને માટે કરેલી છુપી ગોઠવણુ તે, છુપી યોજના ૨ છુપી રીતે મળવાને નક્કી કરેલી જગા, ગુપ્ત સ્થાન તે ૩ સાન, ઇશારો ૪ સામગ્ર'

સ કેલવું, ક્રિ૦ સ૦ એકત્ર કરવુ, વેરાયેલુ એકઠુ કરવુ ૨ આરોપવુ, એક સ્થળે કેન્દ્રસ્થ કરવુ, સમારવુ, વ્યવસ્થિત કરવુ, વાળી લેવુ, પાછુ ખેચી લેવુ

સ કોચ, પુ૦ ઉણપ, ઓછુ પડવુ તે. ૨ વિવેક, શરમ. ૩ આચકો ખાવો તે, ખમચાવુ તે ૪ ત ગી, ભીડ, અછત ૫ સકડાશ, ભીડ, જગાની તાણુ તે ૬ અ દર ને અ દર સમાતો દીલનો ઉભરો બહાર ન કાઢતા સમાવવો તે

સ કોચવુ, ક્રિ૦ સ૦ પાછુ ખેચી લેવુ,.ટુકાવવુ, ૨ એકઠુ કરવુ, આરોપવુ, વાળી લેવુ

સ કોચાવું ક્રિ૦ અ૦ સકોચ થવો, ચઢી જવુ, ટુકુ થવુ કરમાવુ ૨ શરમાવુ, આચકો ખાવો ૩ બીડાવુ, શોષાવુ

સ કોડાવુ, ક્રિ૦ અ૦ સકડાવુ, ભિડાઇ રહેવુ.

સ કેણી, સ્ત્રી૦ઉશ્કેરણી [ઉશ્કેરવુ,પલીતો મૂકવો

સ કોરવુ,ક્રિ૦ સ૦ આઘુ ઠેલવુ, જાગ્રત કરવુ ૨

સંક્રમણ, ન૦ (સ૦) ગ્રહનુ એક રાશિમાથી બીજી રાશિમા જવુ તે, ઉલ્લઘન

સ ક્રાન્ત, સ્ત્રી૦ ઉત્તરાયણ, સૂર્યનુ મકર રાશિમા સક્રમણ તે ૨ છડામણુ, શાહુકારી

સ ક્રાન્તિ, સ્ત્રી૦ મક્રાન્ત,ઉત્તરાયણ ૨ સક્રમણ.

સ ક્ષિપ્ત, વિ૦ (સ ૦) ટુકુ, નાનુ

સ ક્ષેપ, પુ૦ [સ ૦] થોડો સાર, ટુકાણુ

સ ક્ષોભ, પુ૦ (સ ૦) ગડબડ, ધાધલ

સ ખારો પુ૦ પાણી ગાળતા ગળણામા રહેલો કચરો-પોરા વગેરે

સ ખાવુ, ક્રિ૦ અ૦ શ કા થવી, ચિતરી ચઢવી ૨ શરમાવુ, લજવાવુ ૩ સહન થવુ, સહેવાવુ

સ ખાવો, પુ૦ શ કા, વહેમ ૨ શરમ, લાજ, ઓઝપો ૩ કમકમાટી, ક ટાળો

સ ખ્ય વિ૦ (સ ૦) ગણાય એવુ ૨ સ્ત્રી૦ ગણુના, પરિમિતિ [૨ સૂગ, ચીતળી.

સ ખ્યા, સ્ત્રી૦ [સ ૦] આક, આકડો, પરિમાણ

સંગ, પુ૦ (સ૦) સાથે ને સાથે જવુ આવવુ, બોલવુ બેસવુ તે, સોબત, સહવાસ, પરિચય ૨ સમાગમ, પ્રસર્ગ. ૩ ચેપ, સ્પર્શ ગાઢ સબ ધ, અ ગ સબ ધ સયોગ ૪ મુલાકાત,મેળાપ, ભેટો

સ ગત, સ્ત્રી૦ સોબત, દોસ્તી, મેળાપ ૨ મળેલુ, ગયેલુ [મગ ૨ મેળાપ, સમાગમ

સંગતિ, સ્ત્રી૦ (સ ૦) સહવાસ, સોબત, દોસ્તી,

સ ગદિલ, વિ૦ [ફા૦] પત્થર જેવી છાતીનું.

સ ગમ, પુ૦ (સ ૦) મેળાપ, સધિ, બે કે વધારે ચીજનુ એકઠા થવુ તે ૨ ભીડ, ઠઠ ૩ સજોગ

સ ગાત-થ, પુ૦ સાથે જનાર તે, સથવારો,સાથ, વાટનો સોબતો

સ ગી, વિ૦ સાથી, સોબતી, મેળાપી

સ ગીત, ન૦ (સ ૦) ગાવુ, નાચવુ, ને બજાવવુ તે ૨ વાજા સાથે ગવાય તેવુ પદ ૩ ગાવા બજાવવાનુ શાસ્ત્ર [૨. મજબુત, જોરાવર.

સ ગન, વિ૦ પત્થર જેવુ કઠણુ, નક્કર; વજનદાર

સ ગે, અ૦ સાથે, સોબને, સગાતે

સગેમરમર, પુ૦ ચકમકોની છાટવાળો આરસ-પહાણ

સગો, પુ૦ ખૂબ આસક્તિ, હેડો 'આમગો'

સગ્રહ, પુ૦ (સ૦) એક જથે એકઠુ કરવુ તે, સારી સારી વસ્તુઓનો એક સ્થળે જમાવ તે ૨ સઘરી રાખેલુ તે

સગ્રહણી, સ્ત્રી૦ (સ૦) વારવાર ઝાડો થયા કરે એવો રોગ, અતિસાર; મરડો, સઘરણી

સગ્રહસ્થાન, ન૦ (સ૦) જે સ્થળે દેશ પરદેશની જાણવા જોવા જોગ વસ્તુઓ એકઠી રાખવામા આવતી હોય તે

સગ્રામ, પુ૦ (સ૦) યુદ્ધ, લડાઈ [ચૂડ

સગ્રાહ, પુ૦ (સ૦) પકડ, જબરાઇથી ઝાલવુ તે,

સઘ, પુ૦ (સ૦) ટોળુ ૨ યાત્રાળુઓનો સમુદાય

સઘટ, વિ૦ સજડ, ભિડાયેલુ, ચગદાઈ રહેલુ

સઘરવુ, ક્રિ૦ અ૦ એકઠુ કરવુ, ભેગુ કરવુ ૨ જાળવી રાખવુ,જતન કરી રાખવુ ૩સ્વીકારવુ, દાખલ કરવુ, ની અદર લેવુ [ખોલાવવી તે

સઘરા, સ્ત્રી૦ શરીરમાથી લોહી કઢાવવુતે, ફસ

સઘરો, પુ૦ સગ્રહ, સાચવી રાખેલી વસ્તુનોજથો

સઘવી, વિ૦ સઘ કાઢનાર, યાત્રાળુઓનો નેતા

સઘાડિયો, પુ૦ સઘાડાથી ઘાટ ઉતારનારો

સઘાડો, પુ૦ ચરખ, હાથીદાત, લાકડાં વગેરેનો ઘાટ ઉતારવાનુ યત્ર તે ૨ જૈન સાધુ સાધવીઓનો સમુદાય

સઘાત, પુ૦ સગાથ, વાટના સોબતી, સથવારો ૨ ઘણાનો એક સાથે જમાવ તે, સમૂહ, જથો,

સઘાથ, પુ૦ સઘાત, સથવારો, સાથ [સમુદાય

સઘાથી, વિ૦ સાથી, સોબતી, મિત્ર

સંઘાથે, અ૦ સઘાતે, સાથે, જોડે

સચરાચર, વિ૦ (સ૦) ચર અને અચર સર્વ તે, જડ અને ચૈતન્ય અથવા સ્થાવરને જગમ બધુય સચરાચર ઉતરવુ=નિર્વિઘ્ને પાર પડવુ, સાગોપાગ પુરૂં થવુ સચરાચર વ્યાપવુ=સર્વત્ર પથરાઇ રહેવુ

સચિત્ર, વિ૦ (સ૦) ચિત્રસહિત, ચિત્રયુક્ત

સચિવ, પુ૦ (સ૦) પ્રધાન, વજીર, દિવાન.

સચેતન, વિ૦ ચેતનાવાળુ, જાગૃત, સાવધ

સચેલ, વિ૦ (સ૦)સચૈલ,કપડાસહિત,માથાબોળ

સચોટ, વિ૦ આબાદ, અચૂક, નિષ્ફળ જાય એવુ.

સચોડુ, અ૦ તદન, બિલકુલ

સચ્ચરિત, ન૦સદ્વર્તન,સદાચાર ૨ વિ૦ સદાચારી

સચ્ચિદાનદ, પુ૦ (સ૦) સત્ ચિત્ અને આનદ સ્વરૂપ તે, બ્રહ્મ [૩ પાકુ, મજબુત, દૃઢ.

સચ્ચુ, વિ૦ સાચુ, ખરૂ, સત્ય ૨. અડગ,સાબુત.

સજ, વિ૦ તૈયાર, તત્પર

સજડ, વિ૦ મજબુત, ન ખસે-હાલે એવુ,મક્કમ, દૃઢ ૨ પાસે પાસે, ભીડાતુ, ૩ પાર પડેએવુ, જબરૂ, સચોટ ૫ જડવત્ થઇ ગયેલુ, નિ સંજ્ઞ, દબાઇ ગયેલુ ૬ મરી ગયેલુ, નિર્જીવ. ૭. અકડાયેલ, હિલચાલ કરવાને અશક્ત,રહી ગયેલુએવુ.

સજન, ન૦ સુજન, સારો માણસ

સજનતા, સ્ત્રી૦ સુજનતા, સજ્જનપણુ [કાન્તા

સજની, સ્ત્રી૦ સખી, સૈયર, બહેનપણી. ૨ પ્રિયા;

સજવુ, ક્રિ૦ સ૦ શણગાર પહેરવો, ધારણ કરવુ, ૨ ધાર કાઢવી, ઘસવુ, ઉતારવુ, પથરી ઉપર ચઢાવવુ

સજવુ, ક્રિ૦ અ૦ તૈયાર થવુ, તત્પર થઈ જવુ, પરવારવુ, સજીને બેસવુ=કામથી પરવારી તત્પર

સજળ, વિ૦ પાણીવાળુ,જળયુક્ત [થઇ રહેવુ.

સજા, સ્ત્રી૦ શિક્ષા, સાસન, નસિયત ૨ નુકસાન પૂરતો બદલો, પ્રત્યાઘાત

સજાઈ, સ્ત્રી૦ સામગ્રી, તૈયારી

સજાત, વિ૦ કુલીન, ઉચા તુખમનુ, ખાનદાન,

સજાતિ, વિ૦ સ્વજાતિ, પોતાની સમાન જાતનુ.

સજાતીય, વિ૦ (સ૦) એક જાતનુ, એકજ વર્ગ

સજાપો, પુ૦ત દુરસ્તી,આરોગ્ય [અથવા વર્ણનુ

સજાય, સ્ત્રી૦ શિખામણ, બોધ ૨ સમજણ.

સજાયો, પુ૦ છોર છર, અસ્ત્રો

સજાવવું, ક્રિ૦ સ૦ શણગારવુ, શોભાવવુ, અલકૃત કરવુ, પહેરાવવુ ૨. ઉતરાવવુ, ધાર કઢાવવી, ૩ તૈયાર કરવુ [યોગ્ય તે

સજાવાર, વિ૦ સજા કરવા લાયક, શિક્ષાને

સજિત, વિ૦ સજ્જિત સજ્જ થયેલુ, તૈયાર,

સજીવ, વિ૦ જીવવાળુ, જીવતુ.

સજીવન, વિ૦ સજીવ, જીવતું ૨ ફરીને જીવતું થયેલુ, જીવ આવેલો હોય એવુ ૨ ન૦ પુનર્જીવન સજીવન કરવુ=ફરીને જીવતુ કરવુ, તાજુ લીલુ કરવુ, ૩ નાશ ન પામતુ, સુકાય ખૂટે નહિ એવુ, અમર, અખૂટ 'સજીવન પાણી'

સજીવારોપણ, ન૦ (સં૦) નિર્જીવમા સજીવપણાનો આરોપ કરવો તે, જડમા જીવતભાવ મૂકવો તે

સજોડ, વિ૦ જોડયુક્ત, જોડીદારસહિત, સ્ત્રી પુરુષની જે જોડ તે

સજોડુ, ન૦ સાથી સાથે હોવુ તે, પતિપત્નીનો એક સાથ તે, વહુવર, દંપતી

સજ્જ, અ૦(સં૦) તૈયાર, તત્પર

સજ્જડ, વિ૦ સજડ, મજબુત, દૃઢ, ન ડગે કે ખસે એવુ

સજ્જન, ન૦ (સં૦) ખાનદાન માણસ, કુળવાન નર ૨ સદાચારી પુરૂષ, સભ્યજન

સજ્જનતા, સ્ત્રી૦ સજ્જનપણુ, સભ્યતા, વિવેક

સજ્જા, સ્ત્રી૦ (સં૦) પોષાક, બખતર ૨ શય્યા, સુવાનો સરજામ તે ૩ મરનારના તેરમાને દિવસે શય્યાનુ જે દાન દેવાય છે તે, સજ્જાદાન

સજ્જિત, વિ૦ (સં૦) સજ્જ–તૈયાર કરેલુ ૨ ધારણ કરેલુ, પહેરેલુ ૩ ઉતારેલુ, ધાર કાઢેલુ

સટ, પુ૦ (અં૦ સેટ) એક બીજામા આવી રહે એવી વસ્તુઓનો સમૂહ તે, ગંજ ૨ અ૦ ઝટ, એકદમ

સટકવું, ક્રિ૦ અ૦ જતા રહેવુ, નાસી જવુ ૨ સરી જવુ, ખસી પડવુ

સટકાવવુ, ક્રિ૦ સ૦ મારવુ, ઝાપટવુ ૨ દોરો ભરવો, સિવવુ ૩ છટકાવવુ, ખસેડી નાખવુ ૪ ચોરવુ

સટકિયુ, ન૦ સરકિયુ, ઝટ સરે એવી ગાઠ, પહોળો સાકડો થાય એવો ગાળો. ૨ ઉંદરડી

સટકો, પુ૦ જેષ્ઠિકા, લાકડી, ૨ છડી, સોટી

સટરપટર, અ૦ સથરવથર, ટાપટીપ વગર, જેમ તેમ, ગડબડસડબડ, લોચો પોચો

સટવુ, ક્રિ૦ અ૦ ગુપચુપ ખસીજવુ, સટકવુ, નાસીજવુ, ૨ ચોરવુ સરીજવુ=મટકી જવુ

સટાક, સ્ત્રી૦ ચામડાની માટ કે દોરીના કોરડાને હવામા છટકાવીને કરવામા આવતો અવાજ ૨ અ૦ વિંઝીને તરછોડતા અવાજ થાય તેમ ૩ ઝટ, તરત

સટકાબંધ, અ૦ તરત, એકદમ, ઝટ ૨ સપાટામા

સટીક, વિ૦ ટીકાસહિત, સમજુતી સાથે

સટોરિયો, પુ૦ સટ્ટો કરનાર, વાયદાના ભાવે વેપાર કરનાર, સટ્ટાબાજ

સટોસટ, અ૦ ઉપરાઉપરી, સટાક સટાક

સટ્ટાખોર–બાજ, વિ૦ સટોરિયો

સટ્ટો, પુ૦ અમુક વાયદે અમુક ભાવે આપવા લેવાની સરત તે, તેજીમંદીનો ધંધો ૨ છેતરીને લુચ્ચાઇથી હરી લેવુ તે

સઠલ, વિ૦ નરમ, પોચુ, ઢીલુ (જૈન)

સડ, વિ૦ જડ, ડમ, ખુબ ભરાવાથી કઠણ થયેલુ. ૨ સ્તબ્ધ, દિઙ્મૂઢ, સ્તબ્ધ ૩ અ૦ ઝડપથી. ૪ પુ૦ સઢ

સડક, સ્ત્રી૦ બાધેલો માર્ગ, મોટો રસ્તો, સપાટ રસ્તો ૨ વિ૦ સ્તબ્ધ, દિઙ્મૂઢ, જડ, આભુ

સડકો, પુ૦ સડાકો સબડકો, ચાગળાથી પ્રવાહી પદાર્થ મોમા લેતા થતો અવાજ તે, જોરથી વાયુ ખેચતા થતો અવાજ

સડજોડ, વિ૦ અઢી, (વેપારીનો સંકેત)

સડવુ, ક્રિ૦ અ૦ કોહી જવુ, મગડવુ, શળવુ, બદબદવુ ૨ સૈડવુ, વળીયો ઉપર કાબડા નાખવા

સડસડવુ ક્રિ૦ અ૦ ઘી તેલમા પાણી બળવુ-ગરમ થવુ, ઉકળવુ ૨ સડસડ એવો અવાજ થવો

સડસડાટ, અ૦ સપાટાબંધ, રેલાની પેઠે, ઝડપથી, કડકડાટ

સડસડાવુ ક્રિ૦ સ૦ સડસડ થાય એમ કરવુ, ૨ ધમકાવવુ, દમ દેવો, ફટકાવવુ

સંચ, પુ૦ બીજાને ઝટ સમજાય નહિ એવી કરામત, ગોઠવણુ, યુક્તિ ૨ સંચો, યંત્ર, અટપટી રચના. ૩ ધન વગેરે સંતાડવાનું ગુપ્તસ્થાન, ગોલખ

સંચય, પુ૦ (સં૦) સમૂહ, ઢગ, અંબાર, જમાવ.

સંચરવુ, ક્રિ૦ સ૦ જવુ, ચાલતુ થવુ 'શુકન જોઇને સંચરજો રે' ૨ અંદર દાખલ થવુ, વ્યાપી જવુ, પ્રવેશ કરવા ૩ સમૂહ કરવો ૪ સંચારવુ

સંચરામણુ, ન૦ સંચરામણી

સંચરામણી, સ્ત્રી૦ ચળામણી, છાપરાના નળિયા ફેરવવાની મજુરી તે

સંચરાવવુ, ક્રિ૦ પ્ર૦ પાણી ગળે નહિ માટે છાપરાના નેવાં બરોબર ગોઠવાવવા, ચળાવવુ, નળિયા ફેરવાવવા [ફેરફાર

સંચલન, ન૦ (સં૦) આમ તેમ જવુ તે, સંચાર,

સંચવુ, ક્રિ૦ સ૦ એકઠુ કરવુ, સંભાળીને રાખી મૂકવુ, સંઘરવુ ૨ ઉચુ મૂકવુ, બચાવવુ ૩ જમાવ કરવો, સિંચવુ

સંચળ, પુ૦ ઔષધિમા પકવેલુ મીઠું

સંચાર, પુ૦ (સં૦) આમ તેમ ફરવુ તે ૨ આવજા—અવર જવર, ગમન ૨ દાખલ થવુ,અંદર જવુ તે, પ્રવેશ ૩ પગરવટ, સાંકડો માર્ગ

સંચારવુ, ક્રિ૦ સ૦ નળિયા ફેરવીને ઠીકાઠાક કરવા, ચાળવુ. ૨ રેડવુ, નાખવુ (પાણી ઇ૦) ૩ ચોળવુ, મર્દન કરવુ.

સંચારી, વિ૦ ફરનાર,ભમનાર ૨ ચંચળ,ક્ષણિક

સંચિત, વિ૦ (સં૦) એકઠુ કરેલુ, સાચવી મૂકેલુ, સંઘરેલુ ૨ ન૦ પૂર્વ જન્મના બાકી રહેલા કર્મ તે, પ્રારબ્ધ

સંચો, પુ૦ થોડી મહેનતે અને થોડા વખતમા ઘણુ કામ થાય એવી કરેલી જે યુક્તિ—ગોઠવણુ રચના તે, યંત્ર ૨ ચરખો

સંચોરો, પુ૦ પાપડિયો ખારો (સુરત)

સંજમ, પુ૦ (સં૦ સંયમી) કબજો, દાબ,અંકુશ, ઇંદ્રિયોને વશ રાખવી તે ૨ ઇંદ્રિયનિગ્રહ,વૈરાગ્ય.

સંજાત, વિ૦ (સં૦) ઉત્પન્ન થયેલુ, ઉદ્ભૂત

સંજાપ, પુ૦ લુગડા ઉપર જુદા રંગવાળા કપડાની દોરી જેવી જે કિનાર મુકાય છે તે, મુગજી, સાથાપર આવતી ઝીણી પટી તે, ઝૂલ

સંજામી, વિ૦ (સં૦ સંયમી) જિતેંદ્રિય, ઇંદ્રિયોને કાબુમા રાખનાર ૨ સાધુ, જોગીઓની એક ઓળખ.

સંજીવન, વિ૦ (સં૦) જીવતુ, જીવન આપે એવુ

સંજીવની, સ્ત્રી૦ (સં૦) મુએલાને જીવતુ કરનારી વિદ્યા—ઔષધિ વગેરે તે •

સંજુક્ત, વિ૦ સંયુક્ત, સાથે વળગેલુ. ૨. સંધાયેલુ

સંજુત, વિ૦ સંયુક્ત, જુઓ

સંજોગ, પુ૦ મેળાપ, સંગમ, મિલન, ૨ અણુધર્યો બનાવ, દૈવયોગ ૩ ભેગાથવુ તે, ભેટો. ૪. સંધિ, પ્રસંગ, અવસર

સંજોગી, વિ૦ સંસાર સાથે જોડાયેલુ, સંસારી ૨ બીજા સાથે સંબંધવાળુ, જોડવાળુ

સંજોરી, સ્ત્રી૦ એક જાતનુ ખાવુ, ઘુઘર'

સંજ્યા, સ્ત્રી૦ સંધ્યા, સાંજ, સંધ્યાકાળ.

સંજ્ઞા, [સં૦] ભાન, ચેતના ૨. જ્ઞાન, સમજ, સાન, ઈશારત, નિશાની ૪ નામ, વસ્તુ—પદાર્થ વગેરેની ઓળખ તે

સડસેટ–ઠ, વિ૦ સાઠ ને સાત, ૬૭

સડાક, અ૦ ઝટ, ત્વરાથી. સડાક લેવુ=ઝટ લઇને,

સડાકો, પુ૦ ચાબુકનો અવાજ ૨ સબડકો

સડિયો, પુ૦ પત્તરવેલિયાનો દાંડો, પત્તરવેલીયાં, અવળીના પાન સડિયા—પત્તરવેલિયા

સઢ, પુ૦ પવન ભરાઇ વહાણુને ગતિ મળે તે માટે વહાણુના થાંભલાને બાંધવામા આવતુ કપડુ ૨ અ૦ સડ, જડ, દિંડ મૂઢ

સણુકો પુ૦ શૂળ ભોંકાતી હોય એવુ શરીરમા થતુ દરદ, તણુછ, ખટક ૨ તરંગ, વેળ 'શો શણુકો

સણુગટ, પુ૦ ઘુંઘટ, છેડો, સૈડકો, સોડિયુ

સણુગો, પુ૦ પલાળેલા દાણુામાથી ફૂટતો ફણુગો તે, અંકુર

સણુભિંડી, સ્ત્રી૦ શણથી જાડા ને ભિંડીથી પાતળા રેસાનો છોડ, શેરચાનો છોડ

સણુસણુ, અ૦ ઉકળતા પાણીનો અવાજ,

સળકુ ન૦ ઝરડા, કાટા ઉપાડવાનુ બે પાખડાનુ લાકડુ, છીટલો

સળકો, પુ૦ સોય ઘોચાતી હોય એમ માસ પાકમા થતુ દુખ–પીડ તે ૨ વેગનો મનોભાવનો ઉછાળો

સળગવુ, ક્રિ૦ અ૦ લાગવુ, બળવુ ૨ લડાઈ લાગવી, તકરાર થવી

સળગાવવુ, ક્રિ૦ સ૦ દેવતા પાડવો, લગાડવુ, બળે એમ કરવુ ૨ લડાઇ ટંટો થાય એમ કરવુ

સળવળ, **સ્ત્રી૦** સળવળવુ તે, આમતેમ હાલવુ લોટવુ તે ૨ ખણુજ, ચેળ, કાંઈ ઘસાતુ હાલતુ હોય એવી ચામડીને થતી અસર

સળવળવુ ક્રિ૦ અ૦ જરાજરા હાલવુ, મરડાવુ ૨ ખણુજ આવવી, ગીલી થવી

સળવુ, ક્રિ૦ અ૦ ખવાઈ જવુ, અદરનુ સત્વ ખવાવુ તે, અદરથી બગડવુ ૨ સડવુ, કોહવુ

સળગ વિ૦ આખુ, ચાલુને ચાલુ, અખોવન ૨ એક છેડાથી બીજા છેડા લગી સાધ રહિત

સળિયો, પુ૦ (સ૦ સલાકા) લાકડા ધાતુનો ગોળ ને પાતળો લાબો કકડો, લાકડી જેવો ધાતુનો દડીકો–ગજ

સળી, **સ્ત્રી૦** ઘાસની, લાકડાની કે ધાતુની પાતળી ને લાબી ગોળ કાબડી **સળી કરવી**=ઉશ્કેરવુ, ઉત્તેજન આપવુ, અડપલુ-ચાદવુ કરવુ

સળેકમ, ન૦ સળેખમ, શ્લેષ્મ, રસવિકાર નાકમાથી પાતળી રસી ઝરે એવો શરદીનો વિકાર.

સળેકડુ, ન૦ સળેખડુ, સાઠા કે ઘાસનો કકડો, સળી

સળેખડુ કરવુ=કિસ્કેરવુ, અટકચાળુ કરવુ

સળો પુ૦ સળવુ તે, કોઇ ચીજનુ અંદર જીવ ઉત્પન્ન થઇ ખવાવુ તે ૨ કોહવુ-સડવુ તે ૩ લાંબો વખત અંદર ને અંદર ખરાબી થયા કરે ને બહાર જણાય નહિ તેવો બગાડો

સાઇ, પુ૦ પરમેશ્વર, ખુદા, ૨ ફકીર **સાઇંકે ટટુ ચલને દો**=ચાલતુ હોય તેમ ચાલવા દો

સાઇડુ, ન૦ આલિંગન, ભેટવુ તે ૨ ખબર અંતર, સમાચાર **સાઇ કહેજો**—ખબર પૂછજો.(કાઠિ)

સાંકડ, સ્ત્રી૦ સકડામણ, મુસીબત, મુશ્કેલી

સાકડુ, વિ૦ પહોળપણમા થોડુ એવુ, સહેલથી ન માય તેવુ ૨ ભીડાતુ,છૂટ વગરનુ ૩ ઓછુ, થોડુ **સાંકડે સમાસ કરવો**=થોડામા ચલાવવુ.

સાકવુ, ક્રિ૦ સ૦ માપવુ, સાખો કાઢવો

સાંકળ, સ્ત્રી૦ ધાતુની કડીઓ જોડીને બનાવેલો લાબો ઘાટ ૨ કડી, આંકડી ૩ જમીન ભરવાનુ ૧૦૦ ફુટ લબાઇનુ માપ **સાંકળ રીતિ**=એક બીજા સાથે સબધ રાખતી રકમોના હિસાબ ગણવાની એક રીત

સાકળવુ, ક્રિ૦ સ૦ સાકળ પ્રમાણે જોડવુ વળગાડવુ, બઝાડવુ ૨ ગુચવવુ, વિટાળવુ

સાકળિયુ, ન૦ અનુક્રમણિકા, સૂચિ

સાંકળી, સ્ત્રી૦ કડીઓ જોડી ભેરવી બનાવેલો લાબો ઘાટ,સેર ૨ કોટે ઘાલવાની કંઠી, અછોડો ૩ મિશ્ર કરેલુ 'તલસાકળી'

સાકળુ, ન૦ સોના રૂપાના અકોડાને જોડીને બનાવેલો ઘાટ, સોના રૂપાની ગુથણીના વલય નેપુર

સાંકેતિક, વિ૦ [સં૦] સકેતનુ, સકેત સબધી

સાંકો, પુ૦ સાખો, ભરતમાપનો અડસટો

સાખવુ, ક્રિ૦ સ૦ ખમવુ વેઠવુ, સહન કરવુ ૨ ધારણ ખમવુ ૩ માપવુ, અડસટો કાઢવો ૪ બરોબર કરી જોવુ ૫ ઝીલવુ ૬ ક્ષમાકરવી,મહી લેવુ

સાંખુ, ન૦ સરખામણીનુ માપ, અદાજ કાઢેલો જોખ ૨ ખેડીને પડતર રાખેલુ ખેતર, વાસલ

સાંખો, પુ૦ એકનો સંકેત [રાખેલુ ખેતર

સાંખ્ય, ન૦ (સં૦) કપિલ મુનિકૃત દર્શનશાસ્ત્ર

સાગ, સ્ત્રી૦ બરછીના આકારનુ એક હથિયાર.

સાંગ, વિ૦ (સં૦) અંગો સહિત, અનુષંગી ભાગ વિભાગ સાથે 'સાગવેદ' ૨ આખુ, તમામ, સપૂર્ણ.

સાગરી, સ્ત્રી૦ સમડીની શિંગ [૩ એકનો સકેત

સાગલુ, ન૦ બાળકનુ રક્ષાસૂત્ર, હાલરૂ, બાળકની કોટમા ઘાલવાનુ ઘરેણુ

સાગળવુ, ક્રિ૦ સ૦ સાકળવુ સાથે રહે તેમ બાધવુ

સાગામાચી, સ્ત્રી૦ આઢેલીને બેસાય એવી પાટી ભરેલી દેશી ખુરસી ખુરસીઘાટની માચી

સાગી, સ્ત્રી૦ ગાડીની ધરી અને સાટી વચ્ચેનો કઠેડાવાળો માચડો, છકડામાનો ખાટલો ૨ કઠેડાવાળી પાટી ભરેલી માચી [અથેતિ સપૂર્ણ

સાગોપાગ, વિ૦ સહિસલામત, અગ ઉપાગ સહિત,

સાચરવુ, ક્રિ૦ અ૦ સંચરવુ, જવુ, વદાય થવુ 'શુકન જોઇને સાચરજો રે' ૨ સઘરવુ,એકઠું કરવુ

સાચો, પુ૦ યત્ર, સહેલાઇથી નેવધારે કામ થાય એવી યુક્તિવાળી બનાવટ,સંચો. ૨ બીબુ,ઓઠુ

સાજ, સ્ત્રી૦ સધ્યાકાળ, દીવા વખત **સાંજ પાડવી**=મોડુ કરવુ **સાંજ સવાર**=રોજ નિરંતર

સાજી, સ્ત્રી૦ સાજે ગાવાના લગ્ન ગીત ૨ આરતી

સાજે, અ૦ સધ્યાકાળે, સૂર્યાસ્ત સમયે

સાજો, પુ૦ ઘુઘરા,મજેરીમા ભરવાનો માવો તે

સાંઠો, પુ૦ ઘાસ, બાજરી ઇનો લાબો પેરાઈવાળો દાડો, પાતળો સોટો

સાંડ, પુ૦ ગોધો, આખલો. ૨ નિરંકુશ માતેલો

સાડસી, સ્ત્રી૦ સાણસી [માણસ ૩ મોટુ ઉંટ

સાંઢ, પુ૦ આખલો, ગોધો, નદી ૨ માતેલો નિરંકુશ માણસ ૩ મોટુ ઉંટ [ઉંટડી

સાઢણી, સ્ત્રી૦ ઉતાવળી ચાલનું સવારીનુ ઉંટ ૨

સાઢવું, ક્રિ૦ સ૦ પ્રવાસની તૈયારી કરવી, જવાને તત્પર થવુ, ઉતાવળે જવુ

સાંઢિયો પુ૦ સાઢ,ગોધો. ૨ સવારીનો ઉંટ, ઉંટડો.

સાંણસી, સ્ત્રી૦ બે ફળાવાળી પકડ, ચીપિયો.

સાંણસો, પુ૦ મોટી અને લાબી સાણસી.

સાંતરૂ, ન૦ રસોઇની સામગ્રી, એકદિવસનું સીધું

સાતવુ, ક્રિ૦ સ૦ સતાડવુ,છુપાવવુ ૨ પુરૂં થવુ

સાતળવું, ક્રિ૦ સ૦ ઘી તેલમા શેકવુ તળવું.

સાંતિડુ, ન૦ હળ ૨ એક હળે ખેડાય એટલી

જમીન [ર એક હળનો ખેડુત ૩ હળ.
સાંતિ, સ્ત્રી૦ એક હળથી વવાય એટલી જમીન
સાતીવેરો, પુ૦ હળ ઉપરનો કર તે
સાતેલી, સ્ત્રી૦ છોકરાની એક રમત
સાથ, સ્ત્રી૦ ખેડુતને ખેતી કરવા બદલ માલિકને જમીન ભાડુ આપવુ પડે છે તે, ખેડ ભાડુ, ગણોત
સાંથવુ, ક્રિ૦ સ૦ સાથે આપવુ, વાવવા માટે જમીન ભાડે આપવી તે ગણોતે આપવુ. ર જોડવુ, સલગ્ન કરવુ ૩ રોકવુ, કામે વળગાડવુ
સાથી, વિ૦ ખેડવા-વાવવા માટે જેણે જમીનભાડે લીધી હોય તે, સાથે રાખનાર, ખેડુત
સાથીડો, પુ૦ ખેડુત, ગણોતિયો, ભાડે ભાગે જમીન ખેડનારો [થીગડુ જોડેલો કે સાધેલો ભાગ તે
સાત, સ્ત્રી૦ ફાટ, ચીરો ર સાધો ૩ સિવણ ૪
સાત્રણ, ન૦ સાંધાનો ભાગ ર સીવણુ ૩ વધારાનો બાકી રહેલો ભાગ, પુરવણી
સાંધવુ, ક્રિ૦ સ૦ સિવવુ, ર જોડવુ, ચોઢવુ, વળગાડવુ ર સામેલ કરવુ, મેળવવુ, જોડાણ કરવુ, ૩ રેણ-થિગડી દેવી (વાસણને)
સાંધો, પુ૦ ફાટ, ચીર ર સાધણ, સાધનો ભાગ તે ૩ આતરો, સાધેલો ભાગ તે, થીગડુ સાધો
સાપડ, પુ૦સપુટ [ખાવો=મેળાપથવો, લાગ ફાવવો
સાંપડવુ, ક્રિ૦ અ૦ મળવુ, પ્રાપ્ત થવુ, લાભ મળવો, જડવુ ૩ જન્મવુ, અવતરવુ [કરવુ
સાંપવુ, ક્રિ૦ સ૦ સભાળ રાખવા આપવુ, હવાલે
સાંપ્રત, અ૦ હમણા, હાલ, વર્તમાનકાળમા ર તૈયાર 'સાપ્રત થયા તતખેવ'
સાબ, સ્ત્રી૦ સામ, મુસળની લોખડની ખોની
સાબેલ, સ્ત્રી૦ સમોલ, ધુસરીની ખીલી
સાબેલી, સ્ત્રી૦ નાનુ સાબેલુ
સાબેલુ ન૦ મુસળ, ડાગેર વગેરે ખાડવાનુ છેડે લોખડની ખોલીવાળુ ધુધુ,
સાંભરવુ, ક્રિ૦ અ૦ યાદ આવવુ, સ્મરણ થવુ ર એકઠુ કરવુ, ભેગુ કરી લેવુ
સાંભળવુ, ક્રિ૦ સ૦ અવાજ સમજાવા, શ્રવણ કરવુ ર મન પર લેવુ, ધ્યાન આપવુ ૩ માનવુ, કબુલ કરવુ ૪ દાદ આપવી

સાંસણી, સ્ત્રી૦ છુપી ઉશ્કેરણી, સકોરણી
સાંસતા, સ્ત્રી૦ ધીરજ, સબુરી ર સત્તા, શક્તિ
સાસતુ, વિ૦ ધીમુ, નરમ ર સબુરી ગખતુ, ધીરૂ [લગી, સળગ
સાસરૂ, વિ૦ આરપાર, એક છેડાથી બીજા છેડા
સાસા, પુ૦સાસો, તગી, અછત, ટાચ ર મુશ્કેલી, વિડબના ૩ ફાફા હાડમારી ૪ સશય, શક, વાધો
સાંસારિક વિ૦ [સં૦] સસાર સબધી, દુનિયાદારીનુ, સામાજિક
સાસો, પુ૦ સશય, શક, વહેમ, ખતરો 'સાદ સાભળીને સાસો કીધો, ત્યારે હેત જણાણુ.' ર તાણુ, સાસા ખોટ, તગી
સાસોટ, અ૦ આરપાર, સોસરૂ, સીધુ [સા ગતિ'
સા, સ૦ (સ૦) તે, તેણી 'મરણે યા મતિ,
સાઇ, વિ૦ (સ૦ સદશ) સરખુ, જેવુ 'વાણિયા-સાઇ' ર સ્ત્રી૦ શાહી, રૂશનાઈ
સાઇડી, સ્ત્રી૦ સાયડી, કાણુ પાડવાનુ ઓજાર
સાઇસ, પુ૦ ઘોડાવાળો, રાવત
સાકટી, સ્ત્રી૦ સાગની લાબી જાડી ડાળી, વળી
સાકણ-કેણ, સ્ત્રી૦ (સ૦ શાકિની) મેલી દેવી, કૃત્યા ર ભૂતડી 'ડાકણ સાકણ' [ખાડ
સાકર, સ્ત્રી૦ ચળકતા ખાડના પાસાદાર ગાંગડા,
સાકરવુ, ક્રિ૦ અ૦ બોલાવવુ, સાદદેવો બકોરવુ, [illegible]રકવુ ર ગળપણ ચઢાવવુ
સાકરિયુ, વિ૦ સાકર ચઢાવેલુ-પાયેલુ ર ગળ્યુ [illegible]ઠુ ૩ સાકર જેવુ
સાકરિયો, પુ૦ આબા વગેરે કેટલાક ઝાડના ઝીણા ફૂલમાથી ઝરતો-ઉડતો મીઠો રસ તે, ફૂલના
સાકાર, વિ૦(સ૦)આકારવાળુ [મધની ઝરમર તે.
સાક્ષર, વિ૦ (સ૦) લખી વાચી જાણનાર, ભણેલુ ર વિદ્વાન-લેખક, પડિત
સાક્ષરતા, સ્ત્રી૦ સાક્ષરપણુ વિદ્વત્તા.
સાક્ષાત્, અ૦ (સ૦) જાતોજાત, ખુલ્લુ-દેખાય એમ ર વિ૦ ખરેખરૂ, ખુલ્લુ,-ઉઘાડુ, રૂબરૂ, હાજરાહજુર, રપષ્ટ
સાક્ષાત્કાર, પુ૦ પ્રત્યક્ષતા, નજરોનજર દેખાવુ.
સાક્ષી, સ્ત્રી૦ જુબાની, નજરે જોયેલુ જાણેલુ હોય

તે કહી બતાવવુ તે, શાહેદી, સાખ ૨ સહી, જાતહાજરીની પુરવારી, સાબીતી
સાક્ષી, વિ૦ જુબાની આપનાર; શાહેદ
સાખ, સ્ત્રી૦ સાક્ષી, શાહેદી ૨ આબરૂ,વટ,ટેક ૩ ઝાડપરજ પાકેલુ ફળ તે ૪ ડાળ, શાખા ૫ બારણાના ચોકઠાના ઉભા ટેકા તે, બારણુ, આગણુ [તે, સાખ,
સાખિયુ, ન૦ ઝાડપરજ પાકે આવેલુ જે ફળ
સાખી, સ્ત્રી૦ દહોરા જેવી લબાવીને ગવાતી ટુકી બે ચરણની કવિતા પદ અને ગરબીમા પણ પૂરવણીમા એ આવે છે [કજિયો, કકાસ
સાખો, પુ૦ ત્રાહે ત્રાહેનો બનાવ તે, ગજબ, ૨
સાગ, પુ૦ એક જાતનુ ઝાડ ૨ ફાસ, ફાચર
સાગર, પુ૦ દરિયો, સમુદ્ર ૨ ભડાર–ગુણસાગર
સાગરજા, સ્ત્રી૦(સ૦) સમુદ્રમાથી ઉત્પન્ન થયેલી તે, લક્ષ્મી [સાથી
સાગરીદ, પુ૦ (ફા૦) શિષ્ય, ચેલો, મળતિયો,
સાગવાન, ન૦ સાગના લાકડા તે
સાગવુ, ન૦ સગપણ, સબધ 'સગુ સાગવુ'
સાગુચોખા, પુ૦ (મલાય૦ સાગુ) ખજુરાના થડમાના ગરના દુધિયા કણ તે
સાગોળ, પુ૦ ચાળેલો બારીક ચુનો, સલ્લો
સાગુ, વિ૦ (સ૦) સઘળુ, તમામ, બધુ
સાચ, ન૦ સત્ય, ખરૂ, સાચુ
સાચમાચ, વિ૦ ખરેખરૂ, જેવુ છે તેવુ, સાચુ
સાચવટ, સ્ત્રી૦ સત્યતા, સચ્ચાઇ
સાચવણ, સ્ત્રી૦ સાચવવુ તે સભાળ, જતન
સાચવણી, સ્ત્રી૦ જતન, સભાળ, રક્ષણ
સાચવવું, ક્રિ૦ સ૦ સભાળવુ રક્ષણ કરવુ,જતન કરવુ ૨ વાસવુ, બધ કરવુ
સાચાઈ, સ્ત્રી૦ સત્યતા સાચવટ, ખરાપણુ
સાચાજુઠા, ન૦ ખરૂ ખોટુ ભરવવુ તે, ભભેરણી
સાચુ, વિ૦ ખરૂ, સત્ય, જેવુ હોય તેવુ ૨ પ્રમાણિક, ઈમાની ૩ વફાદાર, એકવચની ૪ ખરૂ, બનાવટી નહિ તેવુ
સાચે, અ૦ ખરે, નક્કી ૨ વ્યાજબી રીતે
સાચો, પુ૦ રેશમનો પાકો દોરો, મોતી પરોવી ગાંઠવાનુ રેશમ

સાજ, પુ૦ (ફા૦) કોઇ કામના ઉપયોગનો સરસામાન, સાધન સામગ્રી. ૨ ઉંટ ઘોડા વગેરે ઉપર નાખવાનો સામાન ૩ પોષાક, લુગડાલત્તા ૪ ગાનારીનો સારગી, તબલા વગેરે સામાન.
સાજન, ન૦ વરના વરવોડા સાથે રહેલા સારા સારા માણસોનો સાથ
સાજનુ, ન૦ નાતનુ પચ, જમાત
સાજરૂ, વિ૦ અલકૃત, શણગારવાળુ 'ભાગ્ય એટલુ સારૂ કેની કે એ હાથ સાજરા રહ્યા'
સાજવું, ક્રિ૦ અ૦ માજવુ, ઉટકવુ ૨ ફાવવુ
સાજસરજામ, પુ૦ જોઇતુ, સાધન,સરસામગ્રી
સાજિદો, પુ૦ (ફા૦) ગાનાર અને નાચનાર સાથે વગાડનાર, તબલચી [ઉક્ષ
સાજીખાર, (સ૦ સર્જિકા) એક જાતનો ખાર,
સાજુ, વિ૦ નીરોગી,તદુરસ્ત ૨ આખુ,ભાગેલુ–તૂટેલુ નહિ એવુ, સાજુ તાજુ=તદુરસ્ત. ૨ આખુ સાજુ સમુ=સાજુ અને આખુ,તદુરસ્ત
સાજોગ, વિ૦ શાહજોગ જુઓ
સાટ, સ્ત્રી૦ ચામડાની લાબી ને પાતળી પટી, વાધરડી ૨ કરોડ, બરડાનુ હાડકુ
સાટકો, પુ૦ ચાબુક, કોયડો ૨ કરોડ, સાટ
સાટમાર, વિ૦ ચાબૂક–ભાલો મારીને ચીઢવનાર, પ્રાણીઓને ચાબૂક કે ભાલો લગાવી ખીજવીને દાવપેચ લડનાર
સાટમારી, સ્ત્રી૦ સાઠમારી, જગલી પ્રાણીઓને ખીજવીને માહોમાહિ અથવા પોતપોતાની સાથે લડાવવાનો તમાસો–ખેલ તે, હાથી, વાઘ,પાડા, ગેધા, કે માણસની જીવલેણ લડાલડીની રમત તે
સાટવુ, ક્રિ૦ સાટે–બદલે આપવુ, બીજી વસ્તુની બરોબર આપવુ 'વેચવુ સાટવુ' ૨ સાટુ કરવુ, ઠમાલો કરવો ૩ સરત કરવી ૪ મૂલ કરાવવુ,
સાટાંતેખડાં, ન૦ સામસામા નહિ પરતુ પહેલો બીજાને બીજો ત્રીજાને અને ત્રીજો પહેલાને સાટુ આપે એવો કન્યા લેવા દેવાનો કરારી વહીવટ તે
સાટી, સ્ત્રી૦ ગાડીમા બેસવાનુ ચોકઠુ
સાટીન, સ્ત્રી૦(અ૦ સેટીન)ઘટ વણાટનુ સુંવાળુ રેશમી કાપડ, ગજિયાણી

સાટુ, **ન૦** બોલી, શરત, પટણુ ૨ બદલો-અવેજ આપવાનો ઠરાવ, કબાલો, કરાર
સાટુક, **વિ૦** ઠગ, લુચ્ચુ
સાટે, **અ૦** બદલે, અવેજમા, ભારોભાર
સાટો, **પુ૦** ઘીથી મોએલો ચોખાનો લોટ ૨ ગાડામા જ્યા માલ ભરાય છે તે ભાગ ૩ ઘોયલું ઘી [રવાળુ ૨ અભિમાની, ગર્વી
સાટોપ, મોટા દેખાવવાળુ, ફુલારાવાળુ, આડબ-
સાઠ, **વિ૦** પચાસ ને દસ, ૬૦ [બુદ્ધિ નાઠી'
સાઠી, **સ્ત્રી૦** સાઠ વર્ષની વય, ઘડપણ 'સાઠી ને
સાઠી, **સ્ત્રી૦** સાઠ દિવસે પાકતી જાડા લાલ ચોખાની ડાગર ૨ બે મહિને થતી જુવાર
સાડત્રીસ, **વિ૦** ત્રીસ ને સાત ૩૭
સાડલો, **પુ૦** સાલ્લો, સ્ત્રીઓને પહેરવાનુ વસ્ત્ર
સાડા, **વિ૦** (**સ૦ સાર્ધ**) અડધુ વધારે, અડધા સહિત, 'સાડાસાત'
સાડી, **સ્ત્રી૦** (**સ૦ સાટિકા**) સ્ત્રીઓને પહેરવાનુ ઉચ્ચુ સુતરાઉ રેશમી વસ્ત્ર
સાઢુ, **પુ૦** માઢુ સાળીનો વર [તાસળુ, ઠીબ
સાણકુ, **ન૦** મોટુ શકોરૂ, કઢાઇ જેવુ ભિક્ષાપાત્ર,
સાણસી, **સ્ત્રી૦** સાડસી, નાની પકડ
સાણસો, **પુ૦** મોટી પકડ, ચુગલ, ચીપિયો ૨ સંકડામણ, મુશ્કેલાઇ
સાણું, **ન૦** કોઠાર કે કોઠીની બાજુએ રાખેલુ કાણું, બાખુ ૨ બારી, સાકડો માર્ગ, ગળુ 'રોટલો તો એને સાણે ઉતરતો નથી'
સાત, **વિ૦** (**સ૦ સપ્ત**) પાચ ને બે, ૭ **વિ૦** સાતની સખ્યા શુભસૂચક ગણાય છે, તેમ ઘણી વાર લાબી મુદત, ઘણી સખ્યા, સપૂર્ણતા, ઇ૦ બતાવવામા વપરાય છે 'સાતવાર પાલવે તો, સાત લુચ્ચાનો લુચ્ચો, સાતમે માળ, સાતેઘોડે, સાતપાચ થવી ઇ૦' [નાસીપાસી.
સાતડેસાત, **અ૦** થઇ રહ્યુ, કઇ માલ નથી, તદ્દન
સાતપડુ, **વિ૦** સાત પડ દળ હોય એવુ, સાત પડવાળુ, ચોપડુ, જેના પડે પડ જુદા પડે એવુ સાતપડો=ચામડીના સાતે પડને સુજાવે એવુ હાથેળી કે પગની પાનીએ થતુ એક ગુમડુ
સાતમ, **સ્ત્રી૦** પખવાડિયાની સાતમી તિથિ,
સાતમુ, **વિ૦** સાતમા નબરનુ [સાતમો દિવસ
સાતરો, **પુ૦** સાથરો, કાપેલા કરસણનો પથારો, છુટા પુળા ૨ ઘાસની પથારી ૩ **વિ૦** શણુ ગારીને તૈયાર કરેલા 'પછી રામકૃષ્ણ કીધા સાતરા' ૪ ભોયપર પ્રાથરવુ તે (પતગની દોરી)
સાતવો, **પુ૦** સાથવો, સાતુ, શેકેલા અનાજનો લોટ
સાતા, **સ્ત્રી૦** શાતિ, નિરાત, સતોષ, ઠડક ૨
સાતુ, **પુ૦** સાથવો, સાતવો [આરામ, કરાર
સાત્વિક, **વિ૦** (**સ૦**) સત્વવાળુ, શાત સ્વભાવનુ, સમતા-ગુણનુ, ગભીર સ્વભાવનુ
સાત્વિકભાવ, **પુ૦** મનની અદરનો ભાવ તે, સ્વેદ-રોમાચાદિ કામ ભાવના દર્શક આઠ વિકાર તે
સાથ, **પુ૦** સગાથ, સથવારો ૨ સગ, સોબત, ૩ **અ૦** સાથે, સગે, જોડે
સાથરિયો, **પુ૦** સાથરે બેસનારો, નદી નવાણુ ઉપર બેસનારો બ્રાહ્મણ [કકડો, નાનુ આસનિયુ
સાથરી, **સ્ત્રી૦** સાથરાની નાની ચટાઇ, ત્રાપડાનો
સાથરો, **પુ૦** ઘાસનુ બિછાનુ, પરાળની શય્યા ૨ સાથરી, દર્ભની આદડી ૩ ચોકો, મરનારને સુવાડવા લીપી તૈયાર કરેલી જમીન **સાથરે**
સાથળ, **સ્ત્રી૦** જાગ [સુવાડવુ=મારી નાખવુ
સાથિયો, **પુ૦** (**સ૦ સ્વસ્તિક**) મદિર અને ઘરના આગણામા પાડવામા આવતી કકુ, ચુનો ઇ૦ ની શુભ સૂચક ચોખુણ આકૃતિ, મગળ સૂચક ચિહ્ન ૨ સાખ, સહી દર્શક નિશાની
સાથી, **પુ૦** સાથે રહેનારો, સોબતી, મિત્ર જોડિયો, દોસ્ત ૨ ખેડ કરવાને રાખેલો માણસ, હાળી ૩ મદદગાર ૪ **અ૦** શા માટે, કેમ
સાથે, **અ૦** જોડે, સગાથે **સાથે** લાગુ=ભેગાભેગુ, એકઠું, જોડેજ **સાથે સાથે**=હારે, સામટુ, એકી વખતે
સાદ, **પુ૦** અવાજ, ઘાટો ૨ બૂમ, બરકો ૩ સૂર, સ્વર **સાદ** કરવો=બોલાવવુ, હાકલવુ **સાદ** પાડવો =બુમ પાડીને સૌ સાભળે તેમ જાહેર કરવું, ડાંડી
સાદડ, **ન૦** એક જાતનુ ઝાડ [પિટાવવી
સાદડનાણુ, **ન૦** લોક-જાહેર ઉઘરાણાનુ સર-

કારના હવાલામા રાખેલું નાણું તે, સાદડ ખર્ચ =ઉધરાણાનું કે ધર્માદાનુ સરકાર હવાલામાના નાણામાથી જાહેર લાભને માટે થતુ જે ખરચ તે

સાદડી, સ્ત્રી૦ ભિંડી, દર્ભ, અને એવી બીજા ઘાસની છાલની કરેલી ચટાઇ તે, ખજુરીના છટિયા, વાસની કે વાસ વણી ગુથીને બનાવેલુ બિછાનુ ૨ સાદ (કવિતામા) [ખજુરાના પાનના રેસા, જાવલું

સાદડુ, ન૦ જુની ફાટી તૂટી ચટાઈનો કકડો ૨

સાદડો, પુ૦ સાદડ, એક જાતનું ઝાડ

સાદર વિ૦ આદરપૂર્વક, માનભેર, ભાવ સહિત ૨ નિવેદન, રજુઆત, વિદિત–જાહેર કરવુ તે ૩ પૂજ્ય ૪ સ્ત્રી૦ ગર્ભવતીને થતી ખાવા પીવા વગેરે ભાવનાઓને, કોડ, લહાવા, અભાવા, દોહદ

સાદાઈ, સ્ત્રી૦ સાદાપણુ નિરભિમાનપણુ ૨ અકૃત્રિમતા, સરલતા, સમતા

સાદુ, વિ૦ સાધારણ, સામાન્ય ૨ અકૃત્રિમ, કુદરતી ૩ સરળ, સીધુ ૪ દભ રહિત, મોટાઇ કે ઠાઠમાઠ વગરનુ, ભભકરહિત

સાદૃશ્ય, ન૦ (સં૦) સરખાપણુ, મળતાપણું, ૨ સામ્ય ૨ તુલ્યતા

સાદ્યંત, વિ૦ આદિ ને અંત લગી સંપૂર્ણ અથેતિ ૨ સળંગ, મૂળથી છેડા સુધી

સાધ, વિ૦ સાધુ, ૨ ન૦ સ્વાધિન

સાધક, વિ૦ કાર્ય સાધનાર ૨ મદદગાર, સહાયક ૩ સાધના કરનાર, દેવભૂતાદિકને વશ કરનાર, ભક્ત

સાધન, ન૦ (સં૦) જે વડે કંઇ સધાય તે, સાધવામા ઉપયોગી ચીજ, ઉપકરણ, સામગ્રી ૨ ઉપાય, યુક્તિ ૩ સુતાર કડિયાનુ એક ઓજાર ૪ પ્રમાણ, દાખલો સાધન ચતુષ્ટય=મોક્ષના જે ચાર ઉપાય તે

સાધના, સ્ત્રી૦ કાર્ય સિદ્ધિ માટેની ભક્તિ, તપ, હોમ ઇત્યાદિ ક્રિયાઓ તે, સિદ્ધિ કરવુ–સાધવુ તે, વશ કરવુ તે [૨ દૂતી ૩ પદચ્છેદ.

સાધનિકા, સ્ત્રી૦ સાધ્ય કરવાનુ જે સાધન તે;

સાધની, સ્ત્રી૦ સરખી સપાટી સૂચક સુતાર કડિયાનુ એક ઓજાર, સાધણી

સાધનીય, વિ૦ (સં૦) સાધવા જોગ, સિદ્ધ કરવા લાયક, સાધ્ય [સત્વગુણશાળી ૩ બાવી, સાધુડી.

સાધવી, વિ૦ સૌભાગ્યવતી, સોવાસણ ૨ સીલવતી;

સાધવું, ક્રિ૦ સ૦ ધારેલું કામ કાઢી લેવુ, અર્થ સિદ્ધ કરવો, હરેક રીતે મતલબ પાર પાડવી ૨ પોતાનું કરી લેવુ વશ કરી લેવું, હાથમાં લેવુ, અધીન બનાવવુ ૩ ભક્તિ પરિચર્યા વગેરેથી વશ કરવુ ‘વેતાળ સાધવો’ ૪ અમુક શબ્દાદિ કેમ બન્યા તે બતાવી આપવુ, કયા કયા ફેરફારથી થયુ તે સિદ્ધ કરી આપવુ ૫. અમુક આચરણ કરવું નિયમ પાળવો ૬ બેસાડવુ, ટાળો મેળવવો ૭ વખત રાખવો, સંજોગ જોઈ લેવો ‘તમે પણ આજ ઠીક લાગ સાધ્યો’ ૮ પતાવવુ

સાધારણ, વિ૦ (સં૦) સામાન્ય, જુદુ ન પડે એવુ, મધ્યમ સરનું, નિત્યનુ, સર્વને ઉપયોગી થાય એવુ ૨, સમાન, સર્વને એક સરખુ લાગે એવુ, વચલા વાધાનું, શ્રેષ્ટ નહિ તેમ એકદમ શ્રેષ્ટ નહિ એવુ ૩ આડંબર રહિત, સાદુ ૪ સાઠ સંવત્સર પૈકી એક સંવત્સર

સાધારણતા, સ્ત્રી૦ સાદાપણું, સામાન્યપણુ, સાદાઇ

સાધિત, વિ૦ (સં૦) સાધેલુ એવુ તે, સાધીને સિદ્ધ કરેલું ૨ ખરુ છે એમ સિદ્ધ કરાયેલું, સાબીત કરાયેલુ, બીજા ઉપરથી બનાવાયેલું. ૩ પાર પાડેલુ, નક્કી કરેલુ, બર આણેલું; વશ કરેલુ

સાધુ, વિ૦ (સં૦) સારૂં, ઉત્તમ ૨ શુદ્ધ, પવિત્ર. ૩ પ્રમાણિક, શીલવાળુ ૪. ધર્મી, સદ્ગુણવાળું. ૫ પુ૦ સજ્જન, સત્પુરૂષ ૬ બાવો; જોગી, વેરાગી. ૭ નીતિમાન અને ભક્ત માણુસ તે

સાધુતા, સ્ત્રી૦ સારાપણુ, સુજનતા, વૈરાગ્ય, ત્યાગ, નિષ્કપટીપણું.

સાધુસંત, પુ૦ ધર્મી, ભક્તજન અને જ્ઞાનીપુરૂષો.

સાધ્ય, વિ૦ (સં૦) સિદ્ધ કરાય એવુ, શક્ય, બની શકે–પાળી શકાય એવુ જે તે, સાધનીય.

સાધ્વસ, ન૦ (સં૦) બીક, ભય, ગભરાટ, ક્ષોભ. હાંફળાફાંફળા પડી જવાપણું તે

સાધ્વી, સ્ત્રી૦ (સં૦) શીલવતી, પતિવ્રતા સ્ત્રી,

પવિત્ર અને સચ્ચરિત્રવાળી સ્ત્રી, સતી
સાન, સ્ત્રી૦ (આ૦) ઇશારત ઈશારો, સંકેત, સમશ્યા ૨ આંખમચકારો ૩ સમજણ, અક્કલ, બુદ્ધિ, જ્ઞાન 'સોળે સાન ને વીસે વાન' ૩ છટા ૪, આડ, સાનમાં મૂકેલું તે, અવેજ, આટી, ગીરવી ૫ ટેક, લાજ, આબરૂ 'ઘણુ એ કહીએ છીએ પણ એને ક્યાં સાન છે
સાનક, સ્ત્રી૦ ઠીબ, રકેબી, તાસક
સાનદાશ્ચાર્ય, ન૦ હર્ષની સાથેજ અચંબો ઉપ-[જવો તે, તાજુબી
સાનશુદ્ધ, ન૦ ભાન
સાની, સ્ત્રી૦ કચરિયું, તેલ ભર્યો કચરેલા તલનો ભુકો [ફરતું
સાનુકૂળ, વિ૦ અનુકૂળ પડતું, બંધબેસતું, રુચતું,
સાનુનય, વિ૦ આજીજી સહિત, વિવેકભેર, વિનવણી કરતું, સાલસ
સાનુસ્વર, વિ૦ અનુસ્વારવાળું
સાન્ત્વન, (સ૦) ગભરાયલાને શાંત થાય તેમ આશ્વાસન આપવું તે, ટાઢું પાડવું અને ધીરજ આપવી તે
સાન્નિધ્ય, ન૦ (સ૦) પાસેપણું, સમીપતા,નજીક
સાપ, પુ૦ (સ૦ સર્પ) નાગ ભુજંગ, અહિ સાપની કાંચળી=સાપની ચામડીની ખોલ
સાપણ, સ્ત્રી૦ સાપેણ નાગણ, સાપની માદા
સાપબામણી, સ્ત્રી૦ સાપના કણા જેવો લાલ રંગનો એક જીવ
સાપરાધ, વિ૦ (સ૦) દોષિત ગુનેગાર
સાપિંડય, વિ૦(સ૦)કુટુંબી ગોત્ર-વંશનું,પિત્રાઇ
સાપોલિયું, ન૦ સાપનું બચ્ચું, કણો, નાનો સાપ
સાફ વિ૦ (ફા૦) સ્વચ્છ, ચોક્ખુ ૨ ઉંચું નહિ તેવું સપાટ, મીંડુસફાક ૩ પવિત્ર, શુદ્ધ ૪ લીસુ, સુંવાળું ૪ સ્પષ્ટ, ખુલ્લું, ઉઘાડું આડ કે ઓળારહિત
સાફ, અ૦ ઘસીને, બોલકુલ, તદ્દન
સાફી, સ્ત્રી૦ ચલમની સાથેનો ધુમાડી સાફ, ને ઠંડી કરવાનો કપડાનો ટકડો ૨ પતરાજી, બડાઇ ૩ વળતર વગરનું
સાબદુ, વિ૦ બધુંય, તમામ, સમૂળગું

સાબર, ન૦ શાખાદાર શિંગડાવાળું એક જાતનું હરણ, એનું શિંગડું સાબરશિંગુ કહેવાય છે
સાબરી સ્ત્રી૦ સાબરની માદા, હરિણી
સાબળિયો, પુ૦ દૂધ દહિનો વેપાર કરનારો
સાબીત, વિ૦ (સ૦) સિદ્ધ, પુરવાર, દાખલા દલીલથી પુરવાર કરેલું
સાબુ, પુ૦ ખારો અને તેલની મેળવણીથી બનાવેલો મેલ કાપે એવો એક પદાર્થ સાબુગોળો= રૂડભુડ, ગોળમટોળ, સ્થૂલ ખુબ જાડું
સાબુચોખા, પુ૦ સાગુચોખા [સગીન, નક્કર
સાબુત વિ૦ આખું, અખોવન જેવું ને તેવું ૨
સાબેલો, પુ૦ વરના સાથે શણગાઇને ઘોડે બેઠેલો સાથી-છોકરો [ગેય સૂક્તોનો સગ્રહ તે
સામ, પુ૦ (સ૦) ત્રીજો વેદ, ઋગ્વેદમાંથી લીધેલા
સામ, પુ૦ સ્વામિ,પ્રતિ,પ્રભુ વલ્લભ ૨ સમજાવીને સમાધાની પૂર્વક કામ કાઢી લેવાનો પ્રકાર ૩ ત્રાહીત ૪ સાબેનાની ખોલી, સાગ
સામગ્રી, સ્ત્રી૦ કોઇ કાર્ય કરવાને માટે જોઇતા ઉપકરણ સામાન તે સાધન સભાર, સાહિત્ય, વતરણા, ઓજાર, વગેરે ૨ રસોઇનો સામાન ૩ વાનીઓ ખાવાની વિવિધ ચીજો
સામટું, વિ૦ સાથે લાગુ, એકજથે એકીવારે ૨ તમામ,એકજ વારે, સઘળું ૩ એક દર, એકંદુ
સામત, પુ૦ ખંડિયો રાજા મંડળીક ઠાકોર ૨ લડવૈયો, યોદ્ધો ૩ સરદાર ૪ વિ૦ પાસેનું,જોડેનું
સામદ, પુ૦ સામત
સામનસુમન, પુ૦ સરસામાન,પરચૂરણ ઉપયોગની ચીજો, સામગ્રી, સાહિત્ય, ઘર વાખરાનીચીજો
સામનો, પુ૦ સામે થવાપણુ તે, બાકરી,વિરુદ્ધતા
સામર, ન૦ એક ઝાડ [૨ લડાઇ.
સામર્થ્ય, ન૦ (સ૦) બળ, જોર, શક્તિ ૨ મગદુર મમતા,તાકાદ ૩ ગુણ, અસર કરવાની શક્તિ
સામયિક, વિ૦ સમયપરતું, વખતને લગતું, અમુક કાલિન
સામસામું, અ૦ એક બીજાની સામી નજર હોય એમ ૨ એક બીજાની વિરુદ્ધ, હરિફાઇમાં, સ્પર્ધામાં, પ્રતિપક્ષે

સામળું, વિ૦ કાળાશ પડતું, ઘેરા રંગનું
સામંજસ્ય, ન૦ (સં૦) યોગ્યતા, ચોકસાઇ
સામંત, વિ૦ સામત, જુઓ [સમુદાયિક
સામાજિક, વિ૦ સમાજ સંબંધી, સંસારને લગતુ,
સામાન, પુ૦ જીવન વ્યવહારને માટે ઉપયોગી ચીજો તે સામગ્રી, સાહિત્ય, સરંજામ, રાચરચીલુ, ઘરવાખરો. ૨ ભાર [તુ ૨ ખાસ નહિ એવુ
સામાન્ય, વિ૦ (સં૦) સાધારણ,મધ્યમ,વચગાળે
સામાન્યનામ, ન૦ આખા વર્ગને લાગુ પડે એવુ નામ, ઘણાને લાગુ પડતુ-વિશેષથી ઉલટુ
સામાન્યા, સ્ત્રી૦ (સં૦) વારાંગના, વેશ્યા.
સામાપાંચમ, સ્ત્રી૦ ભાદરવા સુદિ પાંચમ, ઋષિ પંચમી એ દિવસે સામો-અણખેડ ધાન્ય ખાઇને રહેવાનુ વ્રત કરાય છે
સામાવાળિયો, પુ૦ શત્રુ, હરીફ, પ્રતિપક્ષી, ભીરુ
સામાવાળો, પુ૦ સામાવાળિયો, હરીફ, પ્રતિપક્ષી
સામસામી, અ૦ એક બીજાની સંમુખ, મોઢામોઢ, એકબીજાની સામે ૨. સ્પર્દ્ધા-હરીફાઇમા એમ ૩ જાતોજાત **સામાસામી** આવવુ=લડવુ,હરીફાઈમા પડવુ
સામિપ્ય, ન૦ (સં૦) સમીપતા, પાસેપણુ
સામીલ, વિ૦ (ફા૦) સામેલ, જોડાયેલુ, મળેલુ ૨ ભાગીદાર, હિસ્સાવાળુ, સોબતી, મદદગાર
સામુ, અ૦ સંમુખ, રુબરુ, નજર આગળનુ ૨. ઉલટુ, વિરુદ્ધ, અવળુ ૩ પ્રત્યુત્તરમા, વિવેક છોડીને, બેમર્યાદાપણે 'સામું બોલવુ' ૪ આગળ-પાસે જવુ તે 'સામા જવુ' ૫ સ્પર્ધામા, સરખાપણામા 'નમ્યુ હેમને સામા શ્રી કૃષ્ણ કસ્યા' ૬ તરફ, ભણી 'સામુ જોને નંદના છોગાળા' ૮ અટકાવ, અવરોધ કરવો તે 'સામુ થવુ' ૮ વિરોધી તરફનું ૯ બદલા-સાટામા એમ ૧૦ હજુરમા, પ્રત્યક્ષ, મો આગળ 'મારી સામો, આવીને કહે' [ખાડી
સામુદ્રધુનિ, સ્ત્રી૦ બે મોટા સમુદ્રોને જોડનારી
સામુદ્રિક, વિ૦ શરીર પરના ચિહ્ન પરથી શુભાશુભ વર્તવુ તે સંબંધીનુ ૨ સમુદ્ર સંબંધી.
સામે, અ૦ સંમુખ, રૂબરૂ, નજર આગળ, સામે ૨ વિરુદ્ધમા ઉલટા પક્ષમાં ૩ દુશ્મન તરીકે
સામેલ, વિ૦ સામીલ, જોડાયલુ, સાથી, ભાગીદાર ૨ સ્ત્રી૦ ધુંસરીને છેડે ઘાલવાની ખીલી
સામેલુ, ન૦ સામેલુ, મુસલ [સમેલ
સામૈયુ, ન૦ દેવ રાજા કે મોટા માણસને વાજતે ગાજતે સાજન સાથે સામા લેવા જવુ તે, નવા આવનારની સામે લેવા જતુ સરઘસ તે, આદર સત્કાર કરનારુ સરઘસ.
સામો, પુ૦ વગર ખેડે કે વગર વાવે થતુ એક જાતનુ ખડ ધાન્ય ભાદરવા સુદિ પાંચમિ તે ખાવાનુ માહાત્મ્ય છે
સામોપચાર, પુ૦ મીઠા વચને કરીને મનવવુ તે. સામાને પ્રિય લાગે એવી સમજાવવાની રીત તે
સામ્ય, પુ૦ સરખાપણુ, મળતાપણુ
સામ્રાજ્ય, ન૦ (સં૦) જેમા ઘણા ખંડિયારાજ્યો હોય એવુ મોટુ રાજ્ય, શહેનશાહત, પાદશાહી
સામ્રાટ, પુ૦ (સં૦) સમ્રાટ, ચક્રવર્તી રાજા, પાદશાહ, શહેનશાહ [યાર ૩ વિ૦ મદદગાર
સાયક, ન૦ (સં૦) બાણ, તીર ૨. ખડ્ગ, હથિ-
સાયર, પુ૦ સાગર, સમુદ્ર, દરિયો, ૨ કવિ, કાવ્ય કરનારો **સાયરી**=કાવ્યવિદ્યા ૩ દારૂ તાડી વગેરે કેફી ચીજો ઉપરનો કર તે
સાયંકાળ, પુ૦ સંધ્યાકાળ, સમીસાંજ, અસુર
સાયંપ્રાત, સ્ત્રી૦ સાંજસવાર
સાયંસન્ધ્યા, સ્ત્રી૦ સૂર્યાસ્ત સમયની સંધ્યા તે
સાયુજ્ય, વિ૦ સાથે મળી-જોડાઇ જાય એવુ સમાઇ જાય એવુ ૨ સ્ત્રી૦ ચાર પ્રકારની મુક્તિ બ્રહ્મ-ઇશ્વરમા એકાકાર થઈ જવાવુ તે 'તુહિ સ્વર્ગ! તુ મોક્ષ પ્રત્યક્ષ મારે! મારે! કદા પામુ સાયુજ્ય તારૂ સદા રે!!'
સાયો, પુ૦ મદદ, આશરો ૨. ફકિરનો ઝભ્ભો
સાર, વિ૦ સારુ (કવિતામા)
સાર, પુ૦ રસકસ, સત્વ ૨ તાત્પર્ય, મતલબ, સારાંશ ૩ મૂલાર્થ ૪ ઉદ્દેશ, હેતુ ૫ કૃપા મદદ. ૬ લાભ, ફળ, માલ ૭ સ્ત્રી૦ સારવાર, આશ્વાસના. ૮ સાંત્વના, બરદાસ. ૯. કાણું, ઝીણુ, બાકુ 'ચારણીના સાર.'

સારક, વિ૦ (સ૦) સરકાવે એવુ, રેચક ૨ ઠીક ઠાક કરનાર ધુચ કાઢનાર હોળનાર
સારડી, સ્ત્રી૦ સાયડી, વિંધ પાડવાનુ ઓજાર ૨ દમનાર, દુ ખ દેનાર, રોજને રોજ કનડનાર
સારણ, ન૦ કુવાનુ વહેણુ, વાવ કુવામાથી કાઢેલી નહેર ૨ વિ૦ સારનાર, નિભાવનાર, ચલાવનાર ૩ ન૦ પેઢુમાની આતરડા ગાઠ, અતર્ગળ
સારણગાઠ, સ્ત્રી૦ પેઢુમાની અત્રગાઠ, જે વાયુના જોરે કોથળીમા સરી પડે છે તે એને સરતા અટકાવવા પટો રાખવો પડે છે, તેને સારણગાઠનો પટો કહે છે [કોષ્ટક, કોઠો
સારણી, સ્ત્રી૦ (સ૦) નહેર, નીક ૨ આવલી,
સારતા, સ્ત્રી૦ સારપણુ, સત્વપણુ
સારથિ, પુ૦ (સ૦) રથ હાકનારો, ગાડીવાન.
સારપવુ, ક્રિ૦ સ૦ ક્યારામાના નકામા છોડ તાણી નાખીને પાછા કાદવમા દાબવા તે
સારમડળ, ન૦ એક જાતનુ ૩૨ તારનુ વાજુ
સારમેય, પુ૦ શિકારી કુતરો ૨ ધનધાન્ય વગેરે
સારવા, સ્ત્રી૦ ફળદ્રુપ જમીન
સારવાન, પુ૦ ઉંટવાળો, રાયકો, ઉંટ હાકનારો
સારવુ, ક્રિ૦ સ૦ શ્રાદ્ધ કરવુ, તર્પણ કરવુ સરાવવુ ૨ વિંધવુ, કાણુ પાડવુ, વેહ પડે એમકરવુ. ૩ પરોવવુ, અદર ઘાલવુ પેસાડવુ ૪ દુ ખ દેવુ, કનડવુ ૫ ખેરવવુ, પાડવુ ટપકાવવુ 'આસુ સારવુ ' આજવુ, ચોપડવુ લગાડવુ, 'કાજળ સાર્યીજી ' ૭ પાર પાડવુ', નિભાવવુ બનીઆવવુ, પૂર્ણ કરવુ ' નરેણી તરવારનું કામ ન સારે' ૮ શણગારવુ , સોહાવવુ
સારસ, ન૦ સરોવર–તળાવને કાઠે રહેતા લાલ પગ અને લાલ ચાચના રાખોડિયા રગના પખી એ નરમાદાનુ જોડુ સાથેજ રહે છે, અને એક મરતા બીજુ વિયોગથી કટાળી પ્રાણ કાઢી નાખે છે એના બોલવાને 'કૂજન' કહે છે
સારગ, પુ૦ (સ૦) બપોરે ગવાતો એક રાગ ૨ મૃગ, હરણ ૩ ધનુષ્ય, કામઠુ ૪ હાથી, ગજ ૫ સિંહ ૬ ભમરો ૭ સારગ ૮ મેઘ ૯ ચદન, સુખડ ૧૦ કામદેવ [છે એવા વિષ્ણુ
સારગપાણિ, પુ૦ (સ૦) જેના હાથમા સારગ
સારગી, સ્ત્રી૦ એક જાતનુ તતુવાદ્ય, કીનરી
સારાશ, સ્ત્રી૦ સારાપણુ, ભલાઇ ૨ મેળ, દોસ્તી
સારાસાર, પુ૦ સાર ને અસારતા તે, સારા ખોટાનો વિચાર [અતર પ્રેમની ગાઠ તે
સારાસારી, સ્ત્રી૦ મૈત્રી મિલાપ, દોસ્તી ૨
સારા, ન૦ રહારા, રખડતા ગરીબ ચોર લોક તે,
સારાશ, પુ૦ ભાવાર્થ, મતલબ, તાત્પર્ય [નારુકારુ
સારિકા, સ્ત્રી૦ મેના [સ્વરની પરિભાષા
સારીગમ, સ્ત્રી૦ ગેય રાગના સૂરની બારાખડી,
સારીપેઠે, અ૦ પૂરતી રીતે, ખૂબ, પૂર્ણ રીતે ૨ ખૂબ,પુષ્કળ, જોઇએ તેટલુ ૩ તદુરસ્ત,આરોગ્ય ૪ સારીકાણી, ધરાઇને એમ ૫ ધ્યાનથી,
સારીવા, સ્ત્રી૦ ઔષધિ [કાળજીથી
સારૂ, અ૦ માટે, વાસ્તે લીધે
સારુ, વિ૦ સુદર, સરસ, રૂડુ, શોભીતુ ૨ આખુ', બધુ , પૂર્ણ ૩ ફાયદાકારક, લાભદાયક ૪ સુખદાયક ૫ સુત્રડ ૬ પાકુ, ટકાઉ ૭ ઘટતુ,યોગ્ય
સારુ કરવુ=સુધારવુ, ઠીકકરવુ, દુરસ્ત કરવુ ૨
સારેવડુ, ન૦ ચોખાનો પાપડ [ભલુ કરવુ
સારો, પુ૦ સારપત્રિકા, વર્ષ દરમિયાન બનવા જોગ બનાવોની આગાહી તે
સાર્થ, વિ૦ (સ૦) અર્થયુક્ત, અર્થ સહિત
સાર્થક, ન૦ સફળતા કૃતાર્થ, ૨ પ્રમાણુ
સાર્થવાહ, પુ૦ માલ વેચવા દેશપરદેશમા ફરનારો વેપારી, વણજારો ૨ અધવી, યાત્રાળુઓનો આગેવાન–ભોમિયો
સાર્વજનિક, વિ૦ સર્વેને ઉપયોગનુ, લોકોપયોગી
સાર્વભૌમ, વિ૦ (સ૦) ચક્રવર્તી, શહેનશાહી
સાલ, સ્ત્રી૦ વર્ષ, બાર મહિના ૨ પાકની મોસમ તે ૩ વરસાણુ, વર્ષાસન ૪ વિધમા બેસે એવો છેડો, બધ બેસતો સાધો ૫ નડતર, હરકત, આડખીલી, ફાસ ' આ સાલ વળી તમે ક્યાથી આણ્યુ ' સાલકસયો=છુપી ગોઠવણ ૬ ગીલીદડાની રમત ૭ શાલ
સાલગીરી, સ્ત્રી૦ વષગાઠ, જન્મદિવસ
સાલગુદસ્ત, ન૦ પાછલી સાલ, ગતવર્ષ.

સાલમ, પુ૦ ધાતુપુષ્ઠ એક જાતનો કંદ
સાલવવું, ક્રિ૦ સ૦ સાન એમતા કરીને ઉભુ કરવુ, સાલ ધાલવા ૨. હલામણ થાય એમ કરવુ, પચાતી ઉભી કરવી ૩ સગ કરવો
સાલવાર, અ૦ વરસવાર, વર્ષાનુક્રમસર
સાલવારી, વિ૦ એકપછી એક સાલવારહોય તેવુ
સાલવી, પુ૦ સુતાર ૨ વણકર, શાળવી
સાલવુ, ક્રિ૦ અ૦ ખુચવુ, ખટકવુ, રહી રહીને સાભરવુ ને દુખવુ ૨ લાગવુ, અસર થવી.
સાલસ, વિ૦ મવાન, નરમ સ્વભાવનુ, ભલુ ૨ સુધુ, વિવેકી ઠાવકુ ૩ મર્યાદશીલ,ડરકુ, શરમાળ
સાલસાઇ, સ્ત્રી૦ ભલમનસાઇ, સાલસપણુ ૨ સરલતા [૨ ઢગવગરનુ
સાલાતુલુ, વિ૦ ભોળુ, નિષ્કપટી, નિખાલસ,
સાલિયા, ન૦ સાલિયુ, સાલ કાઢેલુ આદુ
સાલિયાણુ, ન૦ વર્ષાસન, વાષિક વેતન, જીવાઇ
સાલિયુ, ન૦ વર્ષાસન ૩ વિ૦ સાલસાલનુ,વાર્ષિક
સાલોક્ય, ન૦ (સ૦) સલોકતા, જુઓ
સાલ્લો, પુ૦ સ્ત્રીઓને પહેરવાનુ ૨ ગિતવસ્ત્ર,છાયલ
સાવ, વિ૦ (સ૦ સર્વ) તમામ, બધુજ ૨ અ૦ તદ્દન, મિલકુલ, નરાતાળ
સાવકુ, વિ૦ (સ૦ સાપત્નીક) ઓરમાઇ, બીજી માનુ, સાવકી મા=અપર માતા
સાવચેત, વિ૦ સાવધાન, હોશિયાર, જાગ્રત,સચેત
સાવચેતી, સ્ત્રી૦ સાવધપણુ, સાવધાનતા, હોશિયારી, જાગર્તિ. ૨ ખબરદારી તપાસ તજવીજ, નીઘા ૩ ચેતવણી [જડભરત
સાવજ, પુ૦ ચિત્તો, વાઘ, ૨ વિ૦ જગલી,રાની,
સાવધ, વિ૦ સચેત, જાગ્રત, સાવચેત
સાવધાન, વિ૦ (સ૦) સાવધ, સચેત, ખબરદાર ૨ ધ્યાન દઇ રહેલુ
સાવધાનતા, સ્ત્રી૦ સાવધાનપણુ, સાવધાની
સાવધાની, સ્ત્રી૦ હોશિયારી,ખબરદારી ૨ તપાસ
સાવન, (સ૦) સૂર્ય સબધી, એક સૂર્યોદયથીબીજા સૂર્યોદય લગીનો એક દિવસ એ ગણતરીનુ તે
સાવરણી, સ્ત્રી૦ કચરો કાઢવાની ઘાસ અથવા તાડછાના રેસાની જુડી, ઝાડુ, બુહારણી
સાવરણો, પુ૦ મોટી સાવરણી-
સાવરિયુ, ન૦ સાસરૂ
સાવલુ, ન૦ શકોરૂ, ચપણિયુ
સાવિત્રી, સ્ત્રી૦ (સ૦) ગાયત્રી. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય એ ત્રણ વર્ણની મત્રદેવતા ૨ શિવપત્ની, પાર્વતી ૩ બ્રહ્માની સ્ત્રી [લેવુ ૩ ટેકો દેવો
સાહવુ, ક્રિ૦ સ૦ સહાવુ, પકડવુ, ઝાલવુ ૨ કબજે
સાશ્ચર્ય, વિ૦ સવિસ્મય, અચબાપૂર્વક
સાષ્ટાગ વિ૦ અ૦ (સ૦) આઠે અગ સહિત, આઠે અગે (મસ્તક, આખ, હાથ, છાતી, પગ, ઘુટણ, મન અને વાણી) 'સાષ્ટાગ પ્રણામ '
સાસ, પુ૦ શ્વાસ દમ, ૨ હાફ ૩ જીવ
સાસરવાસ, પુ૦ સાસરામા વસવુ–રહેવુ તે ૨ સાસરવાસો
સાસરવાસો, પુ૦ છોકરીને સાસરે જતા તેના ઉપયોગ માટે આપવાના લુગડાં ઘરેણા અને અગલ નો સરસામાન વગેરે તે, કરિયાવર
સાસરવેલ, સ્ત્રી૦ સસરાના કુટુમનો પરિવાર વગેરે તે, સસરાનો પરિવાર
સાસરિયા, ન૦ સાસરાના સગા–કુટુબીજન
સાસરૂ, ન૦ સાસરાનુ ઘર (વહુ વરને અરસપરસ)
સાસુ, સ્ત્રી૦ (સ૦ શ્વશ્રૂ) વર વહુની મા, બાઇજી
સાસુજાયો, પુ૦ સાસુનો છોકરો તે, વર, પાત.
સાસુડી, સ્ત્રી૦ સાસુ
સાસોટ, વિ૦ શ્વાસભેર, હાફતુ
સાસ્ના, સ્ત્રી૦ (સ૦) ગાયને ગળે જે ગોદડી જેવી ચામડી લબડે છે તે ગૌકાબળ.
સાહ, પુ૦ શાહ, સાહુકાર
સાહચર્ય, ન૦ (સ૦) બહુ ગાઢ સબધ–સસર્ગ. ૨ મૈત્રી, મેળાપ, ઘાડો સહવાસ તે [હાય તે
સાહજન, ન૦ સાજન, સારા માણસોનો સમુ-
સાહજનુ, ન૦ સાજનું, ન્યાતનુ પચ, જમાત
સાહજિક, વિ૦ સહજ એવુ તે, સ્વાભાવિક, કુદરતી, યદૃચ્છા
સાહસ, વિ૦ અવિચારી, જોયા વિચાર્યા વગરનુ; ૨ ન૦ અવિચારી–જોખમ ભરેલુ કામ ૩. શૂરત્વ. (૪) ધાઇ, ધાષ્ટ્ય

સાહસિક, વિ૦ સહસા, અવિચારી, ઉતાવળિયુ ૨ જોખમ ખેડનાર ૩ હિમ્મતવાળુ, બહાદુર
સાહાયક, વિ૦ મદદ કરનાર ૨ ન૦ સાથી, મિત્ર, મદદગાર [૩ ઓથ, ટેકો.
સાહાય, સ્ત્રી૦ મદદ, કુમક ૨ મૈત્રી, દોસ્તી
સાહાવુ, ક્રિ૦ સ૦ પકડવુ, ઝાલવુ, ધરવુ
સાહિત્ય, (સ૦) કાવ્ય, નાટક અને લલિત, ર-સિક ભાવવાળુ વાઙ્મય તે, આનદ, ઉત્સાહ, ઉપદેશ અને રસ ઉપજાવે એવુ મનોરજક લખાણુ કાવ્ય વગેરે તે ૨. સાધન, સામગ્રી, કોઇ ક્રિયાને પૂર્ણ કરવાને ઉપયોગી ચીજો તે
સાહી, સ્ત્રી૦ રૂશનાઇ, શાહી, મસી
સાહીબી, સ્ત્રી૦ સાહેબી, વૈભવ, ઠાઠમાઠ
સાહુ, વિ૦ સારો, પ્રમાણિક, વટ–સાખવાળો
સાહુકાર, પુ૦ પ્રમાણિક–વટવાળો માણસ, વહેવારિયો, શરાફ ૨ ભલો માણસ ૩ ઉઠાવગીર, લુચ્ચો (વ્યગમા)
સાહુકારી સ્ત્રી૦ પ્રમાણિકતા, વહેવાર, સાખ, આબરૂ ૨ સુજનતા, ભનાઇ ૩ છડામણ
સાહુડી, સ્ત્રી૦ સસલા જેવડુ સિમોળિયાવાળુ એક ચાર પગુ પ્રાણી
સાહેત, અ૦ હમણાજ, મિચકારામા, જરાકમા
સાહેદ, પુ૦ સાક્ષી, જુબાની આપનાર
સાહેદી, સ્ત્રી૦ જુબાની, પુરાવો ૨ સાક્ષી
સાહેબ, પુ૦ માલીક, ધણી, શેઠ ૨ સ્વામી ૩ મોટો માણસ, ગૃહસ્થ ૪ મહેરબાન, મુરબ્બી ૫ ઇશ્વર, પ્રભુ ૬ ટોપીવાળો, યુરોપવાસી તે
સાહેબખાની, વિ૦ ઉંચી જાતનુ, ઉંચી બનાવટનુ
સાહેબજાદી, સ્ત્રી૦ ગૃહસ્થ–ઉમરાવની દીકરી, કુવરી 'તમે ઓઢો મહેબજાદી ચુદડી'
સાહેબજાદો, પુ૦ ઉમરાવનો જણ્યો, ગૃહસ્થનો પુત્ર, ખાનદાન કુટુમનો નબીરો
સાહેબલોક, પુ૦ ગૃહસ્થ ૨ ગોરાલોક ટોપીવાળા યુરોપીયનો [પણુ, સત્તા
સાહેબી, સ્ત્રી૦ મોટો વૈભવ, શેઠાઇ ૨ ધણી-
સાહેબો, પુ૦ સ્વામી, વર, ધણી
માહેર, પુ૦ સાયર, સાગર, સમુદ્ર, દરિયો.

સાહેલી, સ્ત્રી૦ સખી, બહેનપણી. ૨ ચંબેલી જેવો એક જાતનો ફૂલછોડ
સાહ્ય, સ્ત્રી૦ સહાય, મદદ, કુમક
સાહ્યતા, સ્ત્રી૦ સહાયતા, મદદ [આશ્રય
સાહ્યો, પુ૦ કુમક, ઓથ, પાછળના બળનો ટેકો,
સાળ, સ્ત્રી૦ શાળ, કાપડ વણવાનુ યત્ર.
સાળવી, પુ૦ કપડા વણનાર ૨ એક નાત
સાળાવેલી, સ્ત્રી૦ સાળાની વહુ તે
સાળિયુ, ન૦ નાના જાડા ચોખાની ડાંગેર
સાળી, સ્ત્રી૦ વહુની બહેન
સાળુ, પુ૦ સ્ત્રીઓને પહેરવાનુ ઝીણુ રગિત કપડુ
સાળું, અ૦ વિચારની મુશ્કેલીમા ગાળ જેવા તિરસ્કાર–કટાળાનો ઉદ્ગાર
સાળેલી, સ્ત્રી૦ સાળાની વહુ તે
સાળો, પુ૦ (શ્યાલક) વહુનો ભાઇ
સિગ, સ્ત્રી૦ શિંગ
સિગડી સ્ત્રી૦ શિંગડી, જુઓ [અસ્થિશૂળ
સિગડુ, ન૦ શિગડુ, પશુ વગેરેને માથે ફૂટતા
સિગોટી, સ્ત્રી૦ શિગડાની ફૂટ, શિગડા ઉગે છે તે ભાગ ૨ શિગડા પરનો કર
સિગોડી, સ્ત્રી૦ શિગોડી
સિગોડુ, ન૦ શિગોડુ એને સુકવી ખાડી કે દળીને લોટ કરવામા આવે છે
સિચણિયુ, ન૦ ફૂલઝાડને પાણી સિચવાની ઝારી ૨ કુવામાથી પાણી કાઢવાનુ દોરડુ
સિચવુ, ક્રિ૦ સ૦ કુવામા મૂકવું, ઉતારવુ ૨ છાટવુ, રેડવુ, પાણી પાવુ ૩ ઉપરાઉપરી ભરવુ –ગોઠવવુ ૪ ભર્યા કરવુ, લાવવુ ૫ ખૂબ પીવુ.
સિચાણો, પુ૦ બાજ, શકરો, સમડો
સિદરી, સ્ત્રી૦ દોરી, કાથાની દોરડી
સિદૂર, ન૦ (સ૦) પારો, સીસુ ને ગધકની મેળવણીનો લાલ સુરેખ ભુકો તે, સીસાને રાધીને પારો તથા ગધક મેળવી બનાવેલુ ચૂર્ણ
સિદૂરિયા, વિ૦ સિદૂરના જેવા રગનુ
સિંધવ, પુ૦ એક જાતનો ખાર એ ખાણમાંથી નીકળે છે ૨ ઘોડો, અશ્વ [મોટી નદી
સિધુ, પુ૦ (સ૦) દરિયો, સમુદ્ર, એ નામની

સિંધુરા, પુ૦ શૂર ચડે એવા સૂરનો એક રાગ
સિંહ, પુ૦ (સ૦) એક મોટું બળવાન હિંસક પ્રાણી, વનરાજ, મૃગરાજ ૨ એક રાશી
સિંહણ, સ્ત્રી૦ સિંહની માદા, સિંહિકા એને કેશાળી હોતી નથી. [ઇનો પોકાર
સિંહનાદ, પુ૦(સ૦) હુંકાર, ગર્જના ૨ લડા
સિંહસ્થ, વિ૦ બૃહસ્પતિ સિંહ રાશિમા હોય એવું વર્ષ સિંહના બૃહસ્પતિ બાર વર્ષે થાય છે
સિંહાસન, ન૦ (સ૦) ગાદી, દેવ રાજા, આચાર્ય અને મોટા જનને બેસવાનું સુંદર આસન, ભદ્રાસન, રાજ્યાસન, સુંદર અને કિમતી કારીગરી વાળી બેઠક
સિંહાવલોકન, ન૦ સાવચેતીભરેલી તપાસણી
સિંહિકાસુત, પુ૦ સિંહ ૨ રાહુ
સિકતા સ્ત્રી૦ રેતી, પણો
સિકલ, સ્ત્રી૦ મુખવટો, ચહેરો ૨ દેખાવ, ડોળ, ઢંગ ૩ ઘાટ રોનક, તેજ
સિકલીગર, પુ૦ ઘસીને સાફ કરનારો, ઘસનારો, સરાણિયો ૨ ઓપણિયો, ઓપ દેનારો
સિકંદર, પુ૦ ગ્રીસનો મહાન્ શહેનશાહ, એલેકઝાંડર ૨ ઉન્નતિ સિતારો [લેવું, પાસ કરવું
સિકારવું, ક્રિ૦ સ૦ સ્વીકારવું, કબૂલ કરવું. ૨
સિકોતરૂ, ન૦ એક જાતનું ભૂત
સિકોરૂ, ન૦ શકોરૂ, ચપણિયું
સિક્કાદાર, વિ૦ છાપવાળું, ચોખ્ખી ભભકનું ૨ સુંદર દેખાવનું, ભભકાદાર [અનામત.
સિક્કાબંધ, વિ૦ મહોર છાપવાળું, બીડેલું ૨
સિક્કેકટાર, સ્ત્રી૦ કટારની છાપ હોય એવી મહોર અથવા નિશાની તે
સિક્કો, પુ૦ છાપ, મહોર ૨ મહોરવાળું નાણું, ચલણી નાણું ૩ ઘાટ, ચહેરો ૪ મોટી લખોટી ૫. છાપ, ડંકો, ફતેહની નિશાની
સિજવવું, ક્રિ૦ સ૦ ચઢવવું, ધીમી ગરમીએ બફાવા દેવું ૨ ટાઢું પાડવું
સિજવું, ક્રિ૦ અ૦ ચઢવું, રંધાવું, બફાવું ૨ બળવું, દાઝવું દુખી થવું ૩ પાર પડવું સિદ્ધ
સિટી, સ્ત્રી૦ સીટી, સીસોટી. [થવું
સિતળા, સ્ત્રી૦ શીતળા, બળિયા
સિતાફળ, ન૦ એક જાતનું શરદ ઋતુમા પાકતું ફળ, અનુરૂ, અનુછ [છડી
સિતાફળી, સ્ત્રી૦ સિતાફળનું ઝાડ, અનુરી, અનુ-
સિતાર, પુ૦ એક જાતનું તંતુવાદ્ય.
સિતારો, પુ૦(ફા૦) ગ્રહ, તારો ૨ નસીબ, દશાયોગ ૩ ચઢતી, આબાદી
સિત્તેર, વિ૦ સાઠ ને દસ, ૭૦
સિત્યાશી, વિ૦ એંશી ને સાત, ૮૭
સિત્યેતોર, વિ૦ સિત્તેરને સાત, ૭૭
સિદ, અ૦ શીદ, શા માટે, શા કારણે.
સિદાવવું, ક્રિ૦ સ૦ પીડાવવું, પજવવું, રિબાવવું, હેરાન કરવું
સિદાવું, ક્રિ૦ અ૦ પીડાવું, દુખી થવું, રીબાવું.
સિદ્ધ, વિ૦ (સ૦) પકકું, નક્કી. ૨ પાર પડેલું, તૈયાર સજ્જ ૩ દાખલા દલીલથી પુરવાર કરેલું, સાબીત ૪ પુ૦ જ્ઞાનથી પૂર્ણ એવો સંત, જેની પાસે સિદ્ધિ હોય તે, જેની વાણી ફળે તે
સિદ્ધતા, સ્ત્રી૦ સિદ્ધપણું સિદ્ધત્વ. ૨ સાબીતી
સિદ્ધસાધક, પુ૦ ધારેલું કામ પાર ઉતારવાને માટે મળી ગયેલા ગુરુ ચેલો તે ૨ બેઉ કાર્ય કરી જાણે એવો જે તે, સુવાને જાગરિયો એકજ
સિદ્ધાઇ, સ્ત્રી૦ સિદ્ધપણું. ૨ સિદ્ધની મોટાઇ
સિદ્ધાંત, પુ૦(સ૦)પ્રમાણથી કરેલો જે નિર્ણય તે, નિશ્ચય, દઢમત, ઠરાવ ૨ મંતવ્ય, વિચાર; અનુમાન [ઉપર આવેલું ૨ દઢ ઠરાવનું.
સિદ્ધાંતી, વિ૦ સિદ્ધાંતવાળું, એક નક્કી વિચાર
સિદ્ધિ, સ્ત્રી૦ (સ૦) કાર્ય કે ધારણાની પરિપૂર્ણતા તે, પાર ઉતરણી ૨ મુક્તિ, છુટકો ૩ જય, ફતેહ. ૪ તપ મંત્ર વગેરેથી પ્રાપ્ત થનારૂ અલૌકિક અદ્ભુત સામર્થ્ય તે.
સિધવું, ક્રિ૦ અ૦ પૂર્ણ થવું, સિદ્ધ થવું.
સિધવો, પુ૦ ગાડાના પાછલા ભાગમાં મૂકવાનું જે ટેકણ લાકડું તે, પુંઠિયું. [વિદાય થવું.
સિધાવવું-વવું, ક્રિ૦ અ૦ જવું, ચાલતી પકડવી,
સિધી, પુ૦ આફ્રિકાનો રહેવાસી, હબસી.
સિપણી, સ્ત્રી૦ સિપવું તે, છાંટકાવ.
સિપવું, ક્રિ૦ સ૦ છાંટવું; રેડવું

સિપાઇ, પુ૦ લડવૈયો, હથિયારબધ રહેનાર માણુસ ૨. પટાવાળો ૩ ચોકીદાર. **સિપાઇ બચ્ચો**= શૂરવીરનો પુત્ર

સિપાઇગીરી, સ્ત્રી૦ સિપાઇનુ કામ તે.

સિપાણી સ્ત્રી૦ નાની છીપ, શખલી

સિપાત, પુ૦ સન્યાસી, શીપાન

સિફત, સ્ત્રી૦ ગુણ, ખાસિયત. ૨ તારીફ,વખાણુ ૩ તરેહ,છટા ૪ હિકમત, કરામત [છાલકુ

સિફલુ, વિ૦ છકુકલુ, ભલીવાર વગરનુ, છાછરુ,

સિફાબહાદુર, વિ૦ હિમ્મતવાળો, છાતી ધડો, મજબુત મનનો માણુસ

સિફારસ, સ્ત્રી૦ (ફા૦) સિપારસ, ભલામણુ, ભાળવણી કોઇના શ્રેય માટે પોતાના જાણીતા ઉપર વગ ચલાવવી તે

સિબદી, વિ૦ સિરબદી, જુઓ

સિંમલો, પુ૦ એક જાતનુ ઝાડ એના જિંડવા-માથી બહુ સુવાળુ રૂ નીકળે છે

સિમાડો, પુ૦ ગામને લગતી જમીનનો છેડો, ગામની હદ ૨ સરહદ, મર્યાદા

સિમટ, પુ૦ (અ૦ સીમેન્ટ) એક જાતની ઘણી ચીકણી બનાવટી માટી,કોઇ ચીજને વધારે ચીવટ ચોટાડી દે એવી વસ્તુ તે

સિર, ન૦ માથુ, મસ્તક, ટોચ, શિખર

સિરતાજ, પુ૦ માથાનો મુગટ

સિરપેચ, પુ૦ ફેટા અથવા પાઘડી ઉપર બાધ-વાનો હીરામોતી જડિત પટકો

સિરબદી, વિ૦ સમ્રાટને જરૂર પડે ત્યારે સામત રાજાએ પોતાને ખરચે રાખેલુ લશ્કર પુરૂ પાડવુ તે ૨ એવુ રાખેલુ લશ્કર તે ૩ મહારાજાના લશ્કરનો જે ભાગ ખડિયા રાજાને ત્યા તેના ખરચે રહે છે તે

સિરસ, પુ૦ સિળવ ,ધચરકા વિકાર

સિરસ્તેદાર, પુ૦ અમલદારનો મુખ્ય કારકુન જે વિગત રજુ કરે છે અને જુબાનીઓ વગેરે લખે છે

સિરસ્તો, પુ૦ ચાલુ વહીવટ, ધારો, નિયમ

સિરાજ, સ્ત્રી૦ બત્તી, ચિરાગ

સિરામણ, ન૦ નાસ્તો, સવારનુ ખાવાનુ

સિરાવવું, ક્રિ૦ સ૦ નાસ્તો કરવો. ૨ સબડકે ખાવુ, હોશથી ઝપાટે ખાવુ

સિરોઇ, સ્ત્રી૦ પાણી ભરી રાખવાનુ નળી જેવા મોનુ મોટા પેટનુ વાસણુ

સિલક, સ્ત્રી૦વધારો, પુરાત,જણુસ [જેમનું તેમ

સિલશિલાબધ, અ૦ હારદોર ૨ અકબધ,

સિલાઈ, સ્ત્રી૦ સિવડામણુ,સિવવાની મજુરી ૨. સિવવાની ઢબ, સિવણુ

સિલાજીત, પુ૦ પત્થરમાથી ઝરેલી રસીનો પદાર્થ, એ ઓસડ તરીકે વપરાય છે, શિલાજીત

સિલેદાર, પુ૦ ઘોડેસ્વાર સિપાઈ (ઘોડાનુ ખરચ તેને પોતાને માથે હોય છે)

સિવડામણ-ણી, ન૦ સિલાઈ

સિવડાવવુ, ક્રિ૦ સ૦ દરજી પાસે કપડાને કાપી સાધીને બેસતો ઘાટ કરાવવો

સિવણુ, ન૦ સિલાઇ, સિવવુ તે, સિવવાની ઢબ-છબ ૨ સિવવાની મજુરી ૩ સિવેલુ તે

સિવણી,સ્ત્રી૦સિવવાની રીત-ઢબછબ તે,સાધવુ તે

સિવવુ, ક્રિ૦ સ૦ સોયદોરાથી ટાકા મારી જોડવુ -સાધવુ, દોરો ભરવો, ટાકા દેવા

સિવાઈ, સ્ત્રી૦ સીવડામણ

સિવાય, અ૦ વગર, વિના ૨ વધારામા

સિસમ, પુ૦ એક જાતનુ ભારે, કઠણુ, કાળા રગના લાકડાવાળુ ઝાડ

સિસોટી, સ્ત્રી૦ સીટી, ઓઠ દાબીને કે ભુગળી રાખી પવન ફુકીને ઝીણો અવાજ કાઢવો તે ૨ એક જાતનુ ઝાડ

સિસોળિયુ, ન૦ સાહુડીના શરીર પરનો જાડો શૂળ જેવો પિછાનો સળિયો

સિહાવિહા, અ૦શિયાવિયા,શરમિદુ,ઓશિયાળુ

સીક, સ્ત્રી૦ લોઢાનો લાબો પાતળો શળિયો,ગજ

સીકુ, જુ૦ શિકુ [૨ વિ૦ માદુ,આજારી.

સીડવું, ક્રિ૦ સ૦ બધ કરવુ, સજડ પુરવુ-છાદી લેવુ ૨ અદા કરવુ, આપી દેવુ **બીડયુસીડયુ**= ચૂપચાપ [પગથિયાવાળી બનાવટ

સીડી, સ્ત્રી૦ નિસરણી, દાદર, ચઢ ઉતર કરવાની

સીત, સ્ત્રી૦ હળપુણી, કાશ ઉ૦ 'સીત વળગ્યા

માટે સીતા, વેદ પુરાણે વિદીતા '–ઉદ્ધવ॰

શીત્કાર, પુ૦ ઓઠથી પવન ફુંકી અવાજ કાઢવો તે ૨. ઉશ્કેરવાનો અવાજ તે ૩ કોમળ સીટી જેવો અવાજ ૪ ભય, ને ઠંડીની ધ્રુજારીથી થતો એવો અવાજ

સીદ, અ૦ શીદ, શા માટે

સીદી, સ્ત્રી૦ સેંકુ, શતક ૨ પુ૦ સીધી, હબસી.

સીધુ, ન૦ (સં૦) દારૂ, વારૂણી

સીધુ, ન૦ રાંધી ખાવા જેટલુ કાચુ અનાજ વગેરે તે. ૨. ખોરાકી,ખરચી [પ્રમાણિક

સીધુ, વિ૦ પાધરૂ, પાધરૂ ૨ સરલ, નિષ્કપટી,

સીનો, પુ૦ છાતીનો ફેલાવ, છાતીની વિશાળતા તે

સીપ, સ્ત્રી૦ (સં૦ શુક્તિ) છીપ

સીમ, સ્ત્રી૦ ગામને લગતી ખેતરપાદરની જમીન ૨ હદ, મર્યાદા, ૩ છેડો.

સીમઠોક, અ૦ બધુ, તમામ

સીમંત, ન૦ (સં૦) સેંથો ૨ અધરણી

સીમંતિની, સ્ત્રી૦ સોવાશણ સ્ત્રી, સૌભાગ્યવતી સ્ત્રી ૨. અધરણિયાત, ઘેણુ [ભૂભાગ તે

સીમા, સ્ત્રી૦ (સં૦)હદ,મર્યાદા ૨ અમુક મર્યાદિત

સીમાડો, પુ૦ સીમ ૨ ગામની હદ–છેડો

સીયમ, વિ૦ ઉતરતા દરજ્જાનુ, હલકી જમીન ત્રીજા નંબરે મુકાય એવી હલકી જમીન.

સીરી, સ્ત્રી૦ શરી, મીઠી વાસ ૨ લહેજત

સીસી, સ્ત્રી૦ શીશી [નરમ ધાતુ

સીસુ, ન૦ એક જાતની ભારે પણ વળે તેવી

સીસો, પુ૦ સાંકડા મોનુ નળાકાર કાચનુ વાસણ, મોટી શીશી.

સીળી, સ્ત્રી૦ શીળી, બળિયા, સૈયડ

સીળુ, વિ૦ શીળુ, નરમ સ્વભાવનુ, મોળું, ઠંડી પ્રકૃતિનું ૨ વિવેકી, ઠાવકુ ૩ ધીમુ ૪

સુ, અ૦ સાથે, પ્રત્યે, શુ [ટાઢુ

સુંઆળાં, ન૦ ઉંબી ઉપરના સોય જેવા રેસા

સુંઘવુ, ક્રિ૦ સ૦ નાકથી વાસ લેવી ૨ નાક વાટે કોઇ ચીજ અંદર લેવી

સુંઠ, સ્ત્રી૦ (સં૦) સુકવેલુ આદુ

સુંઠીપાક, પુ૦ મોટો ભાગ જેમા સુંઠનો હોય એવો પાક ૨. માર.

સુંઢ, સ્ત્રી૦ શુંઢ, હાથીનો નાકનો અવયવ.

સુંડલી, સ્ત્રી૦ ઓચિયુ, ટોપલી

સુંડલો, પુ૦ ટોપલો

સુંથિયુ, ન૦માટીની ગોળી નીચે મૂકવાનું વેલા-ઘાસનુ ઉંઢાણ 'સુંથિયુ ને સાવરણી.' ૨.પાઘડીનો ડુચો

સુંદણ, સ્ત્રી૦ભાવસારની ખારવાળી કુંડીની જગા.

સુંદર, વિ૦ (સં૦) આંખને અને મનને ગમે એવુ સારૂ, રૂપાળુ, મનોહર ૨ શોભાવાળુંક. દેખાવમા રમણીક લાગે એવું, દેખાવડુ, મઝેનું

સુંદરી, સ્ત્રી૦ રૂપવાન–દેખાવડી–મોહક સ્ત્રી.

સુંવાળી, સ્ત્રી૦સુકવીને તળેલી પૂરી [મુલાયમ

સુંવાળુ, વિ૦ નરમ, પોચુ, રેશમ જેવુ લીસુ,

સુ, અ૦ (સં૦) સારુ, સુંદર, વધારે, ઇ૦ અર્થ સૂચક પ્રત્યય ૨ વિ૦ સરખુ

સુઈયાણી, સ્ત્રી૦ દાઇ, પ્રસવ કરાવનારી.

સુક, સ્ત્રી૦ સુકવણ, વરસાદની તંગી, સુકાપણુ.

સુકન, પુ૦ શુકન, સારા ચિહ્ન ૨ બોલ, વચન.

સુકર, વિ૦ (સં૦) સહેલું સરલ, ઝટ બને એવુ

સુકલકડી, વિ૦લાબુ ને પાતળુ એકવડા હાડનું.

સુકવણી, સ્ત્રી૦ સુકવેલુ તે ૨ સુકાવુ તે.

સુકવણુ, ન૦ પૂરતા વરસાદ વગર વાવેતરનું સુકાવુ તે, સુક; કોરડુ, 'કર્મ વિનાનો ખેતી કરે બળદ મરે કે સુકવણુ પડે '

સુકવવુ, ક્રિ૦ સ૦ સુકાવા નાખવુ–મૂકવુ, વાગારી કે તડકે નાખવુ; સુકાય તેમ કરવુ

સુકવુ, ક્રિ૦ સ૦ સુકાવુ, સુકુ થવુ

સુકાન, ન૦ (અ૦)પટવાર, વહાણને ધારેલે માર્ગે ચલાવવાની કળ;જે મરડવાથી વહાણ દિશા બદલે છે તે લાકડુ–કુચી ૨. ધારેલે માર્ગે ગતિ કરાવનાર, કળ, લગામ [દેરેલ

સુકાની, વિ૦ વહાણનુ સુકાન ફેરવનાર ખલાસી,

સુકાવુ, ક્રિ૦ અ૦ કોર પડવુ, શુષ્ક થઇ જવુ.

સુકાળ, પુ૦ સારા પાકવાળો વખત, સોંઘવારી. ૨ પુષ્કળપણુ

સુકીર્તિ, સ્ત્રી૦ સારી નામના, ખ્યાતિ; આબરૂ.

સુકું, વિ૦ ભિનાશ રહિત, કોરૂ, સુકાઇ ગયેલુ (૨) દુર્બળ, નહિ પુષ્ટ. (૩) છાલકુ (૪) ખાલી સુકો દુકાળ=વરસાદ વગર પડેલો કાળ તે સુકુ-ભઠ=તદન સુકુ

સુકુમાર, વિ૦ ઘણુ કોમળ, નાજુક, સુવાળુ

સુકૃત ન૦ (સ૦) સારૂ કામ, પુણ્ય, પ્રભુ પ્રીત્યર્થ કરવામા આવતા સઘળા કર્મ તે (૨) વિ૦ પુણ્યકારક, રૂડુ, શુભ

સુકો, પુ૦ ચલમમા પીવાનો તમાકુ

સુકોમળ,વિ૦ સુકુમાર, કુમળુ ૨ નરમ,સુવાળું

સુકકો, વિ૦ લુખો, કોરડો ૨ ખાલી, નકામો

સુખ, ન૦ સ્વસ્થતા, નિરાત. ૨ મોજમઝા ૩ વસ્તુના ઉપભોગથી ચિત્ત આનદમા રહેવુ તે ૪ તૃપ્તિ, આરામ ૫ આનદ, હર્ષ

સુખકર કારી, વિ૦ સુખ ઉપજાવે એવુ,

સુખચેન, ન૦ નિરાત, શાન્તિ

સુખડ, સ્ત્રી૦ ચદન, એક જાતનું સુવાસિત લાકડુ

સુખડિયો, પુ૦ સુખડી બનાવી વેચનારો મિઠા-ઇવાળો, હલવાઇ

સુખડી, સ્ત્રી૦ ઘી ગોળમા ઘઉનો લોટ શેકીને બનાવેલો ખાવાનો પદાર્થ ૨ મિઠાઇ ૩ હક સાઇ, દસ્તુરી

સુખતળી, સ્ત્રી૦ જોડો પગમા નખુચે માટે જો-ડાની અદર રાખવાનુ નરમ છુટુ ચામડાનુ પડ

સુખદ–દાઈ–દાયક,વિ૦સુખદેનાર,સુખઆપે એવુ

સુખન, પુ૦ બોલ, વચન, વેણ

સુખપાલ, સ્ત્રી૦ સુદર પાલખી, મેનો

સુખરૂપ, અ૦ સુખમા, ક્ષેમ, આરોગ્ય

સુખલો, પુ૦ ઘઉનો જાડો લોટ, રવો

સુખવાસી, વિ૦ સુખમા રહેનારૂ, મોજી, વૈભવી

સુખવેલ, સ્ત્રી૦ એક જાતની ડાગેર, કમોદની એક જાત [બિછાનુ,વિલાસ માટેનો પલગ

સુખશય્યા, સ્ત્રી૦ સુખરૂપે સુવાય એવુ સુદર

સુખતાળા,સ્ત્રી૦ આરામ, નિરાત ૨ આરોગ્ય

સુખકારી, સ્ત્રી૦ સુખરૂપતા,સુખી હાલત,તદુરસ્તી

સુખાળુ, વિ૦ સુખવાળુ, સુખી ૨ આરામમા

સુખિયુ, વિ૦ સુખી, વૈભવી. [સુતેલુ

સુખી, વિ૦ સુખવાળુ, તન, મન, અને ધનથી સુસ્થિતિવાળુ, સ્વાસ્થ્યવાળુ

સુગ, સ્ત્રી૦ કોઈ વસ્તુ જોતા સાભળતા કમકમી આવવી તે, કટાળો, ચીતળી, ઘૃણા

સુગવ, સ્ત્રી૦ ખુશબો, પરિમળ [પરિમળ

સુગધી, વિ૦ સારીવાસવાળુ ૨ ન૦ ખુશબો,

સુગધીદાર, વિ૦ સારીવાસવાળુ, ખુશબોદાર

સુગમ, વિ૦ સહેલુ, સરલ, સુતરુ.

સુગરી, સ્ત્રી૦ એક જાતનુ પખી, એનો માળો ઘણોજ બારીક ગુથાએલો હોય છે

સુગરુ, વિ૦ જેને માથે ગુરુ–અકુશ છે એવુ

સુગામણુ, વિ૦ સુગ ચઢે એવુ કટાળો–ઘૃણા ઉપજાવે એવુ [નસકોરા ફુલાવવા.

સુગાવુ ક્રિ૦ અ૦ સુગ ચઢવી, કટાળો ખાવો,

સુગાળ–વુ વિ૦અપ્રિય વસ્તુ જોતાજ સુગ ચઢે એવુ, ચીતળીવાળુ ૨ પુષ્કળ સોઘુ

સુઘડ, વિ૦ સ્વચ્છ, ચોકૂખુ ૨ ચતુર, વિવેકી

સુઘડતા, સ્ત્રી૦ સુઘડપણુ, સ્વચ્છતા, ચોકૂખાઇ

સુચરિત, વિ૦ નીતિ અને સદાચારવાળુ, સારા પ્રમાણિક જીવનક્રમવાળુ

સુચવવું ક્રિ૦ સ૦ સૂચના કરવી, બતાવવુ,જણા-વવુ, ઈસારો કરવો ૨. મમજે એમ કરવુ

સુજન પુ૦ સારો-પ્રામાણિક માણસ, ગુણવાન

સુજનતા, સ્ત્રી૦ સજ્જનપણુ, અસરાફી, ભલાઇ

સુજની સ્ત્રી૦ રજાઈ, આછુ રૂ ભરેલુ ઓઢવાનુ પાતળુ ગોદડુ [દેખવુ

સુજવુ, ક્રિ૦ સ૦ (દરદથી) ફૂલવુ, ઉપસવુ ૨

સુજશ, પુ૦ નામના, કીર્તિ, પ્રખ્યાતિ

સુજાણ, વિ૦ ડાહ્યુ, ચતુર, પ્રવીણ ૨ માહિત-ગાર ૩ જાણીતુ, બુદ્ધિમાન.

સુજાત, વિ૦ઉચી જાત-કુળનું, ઉમદા ૨ ભલુ

સુજ્ઞ વિ૦ સુજાણ, ગુણવાન ને ગુણ સમજનાર

સુજ્ઞતા, સ્ત્રી૦ સારી રીતે જાણવાપણુ ૨ સુ જનતા, સૌજન્ય [બ્યની પરખ

સુઝ, સ્ત્રી૦અક્કલ, નજર પહોચવી તે ૨. કર્ત-

સુઝવુ, ક્રિ૦ સ૦ દેખાવુ, નજરે પડવુ ૨ સમ-જાવુ, જ્ઞાનથવુ, મનમા આવવુ. ૩ ભાસ થવો.

અક્કલ પહોંચવી ૫ પરખાવુ, ગમ પડવી.
સુડતાળીશ, વિ૦ ચાળીશ ને સાત, ૪૭.
સુડતાજો, પુ૦ સવત્ ૧૮૪૭ માં પડેલો મોટો દુકાળ તે
સુડવુ, ક્રિ૦ સ૦ કાપણી કરવી, ઢાળવુ, વાઢવુ
સુડી, સ્રી૦ સોપારી કાતરવાનુ ઓજાર
સુડો, પુ૦ મોટી સુડી, ફળ કાપવાનુ ઓજાર. ૨ શુડો, પોપટ ૩ ઘાસ થાય એવી જમીન, પોપડુ [ફૂલવુ, ઢીમણુ થવુ
સુણવુ, ક્રિ૦ સ૦ સાભળવુ ૨ ક્રિ૦ અ૦ સુજવુ,
સુણાવણી, સ્રી૦ સુણવુ તે, ફરિયાદને લગતી બાબતો સાભળવી તે, સાભળવુ તે
સુણાવવુ, ક્રિ૦ સ૦ સંભળાવવુ ૨ જણાવવુ
સુત, પુ૦ (સ૦) પુત્ર, છોકરો, દીકરો ૨ સારથી, ગાડીવાન ૩ ક્ષત્રિથી બ્રાહ્મણીને થયેલો પુત્ર
સુતક, ન૦ મરણ જનનને લગતી અસ્પર્શતા રખારીનુ મસ્તક=જેનો પારજ આવે નહિ એવુ તે
સુતનુ, વિ૦ સુદર શરીરવાળી, સ્વરૂપા, નાજુક
સુતર, ન૦ રૂનો તાર, તાતણો, દોરો
સુતર, વિ૦ સહેલુ, સુગમ, પાશરૂ
સુતરફેણી, સ્રી૦ સુતરના તાર જેવી ખાડ, દૂધ ને મસાલાની બનાવેલી મિઠાઇ
સુતરશાળ, સ્રી૦ ડાંગેરની એક જાત
સુતરાઉ, વિ૦ રૂના તારની બનાવટનુ
સુતરિયો, પુ૦ સુતરનો વેપારી ૨ સુતાર
સુતરુ, વિ૦ સહેલુ, સુગમ, સરલ
સુતળ, ન૦ (સં૦) સાત પૈકી ત્રીજુ પાતાળ
સુતળવુ, ક્રિ૦ સ૦ જોડવુ, સાકળી લેવુ, બાધવુ
સુતળી, સ્રી૦ શણની પાતળી દોરી, સિદરી
સુતા, સ્રી૦ (સ૦) પુત્રી, દીકરી, છોકરી
સુતાર, પુ૦ લાકડા ઘડનાર, સુથાર, ઠાર
સુતારી, વિ૦ સુતારને લગતુ.
સુત્રામા, પુ૦ (સં૦) ઇદ
સુથાડિયો, પુ૦ એક જાતનુ ઘાસ
સુદ, અ૦ શુક્લ પક્ષ, અજવાળિયુ [વિષ્ણુનુ ચક્ર
સુદર્શન, વિ૦ સારા દેખાવનું, રૂપાળુ ૨ ન૦
સુદામન, અ૦ નુકસાન ન થાય તેમ, સલામતીથી, ક્ષેમ, સુસ્થિતિમાં.
સુદિ, અ૦ સુદ, અજવાળિયુ
સુદિન, પુ૦ શુભ દિવસ, આનદનો દિવસ
સુદૃઢ, વિ૦ ખુબ મજબુત, નક્કર, મુસકીન
સુદ્ધા, અ૦ સાથે, સહિત
સુધ, સ્રી૦ સમજ, ભાન, જ્ઞાન
સુધબુધ, સ્રી૦ શુધિબુદ્ધિ સપૂર્ણ જ્ઞાનને ભાન સુધબુધ ઉડીજવી-કર્તવ્યાકર્તવ્ય નિર્ણાયક બુદ્ધિ જતી રહેવી, ભાન જવુ
સુધરવુ, ક્રિ૦ અ૦ સારા થવુ નીતિ રીતિ ને વ્યવહારની સમજમા આવવુ ૨ દુરસ્ત થવુ, શુદ્ધ થવુ, સમરવુ [સ્થિતિ
સુધરાઇ, સ્રી૦ સુધારો, સુધરવુ તે ૨ સુધરેલી
સુધરાઇખાતુ, ન૦ સુધારો કરનારૂ ખાતુ, નગર વ્યવસ્થા રાખનાર સસ્થા, મ્યુનિસિપાલિટી.
સુધા, સ્રી૦ (સ૦) અમૃત ૨ મધ. સુધારસ=અમૃત જેવી મિઠાશ
સુધાકર, પુ૦ (સ૦) ચદ્ર, ચદરમા, સુધાશુ
સુધારક, પુ૦ સુધારો કરનારો, સુધરેલો
સુધારવુ, ક્રિ૦ સ૦ સારુ કરવુ, સારી હાલતમા લાવવુ. ૨ નીતિ-વ્યવહારના સારા માર્ગપર આણવુ, આપવુ ૩. દોષ-રહિત કરવુ ભૂલ સુધારવી, શુદ્ધ કરવુ ૪ દુરસ્ત કરવુ, સમારવુ, ઠીકઠાક કરવુ (ય ત્રાદિકને) ૫. મોળવુ, ચોખ્ખુ કરવુ.
સુધારો, પુ૦ સુધરવુ તે, સારાપણુ. ૨. દુરસ્તી, મરામત, વધઘટ-ફેરફાર શુદ્ધ થવુ તે.
સુધાંશુ, પુ૦ (સં૦) ચદ્રમા, ચંદ્ર, શશી
સુધી, અ૦ લગી, પર્યંત ૨ દરમિયાન
સુધી, વિ૦ સારી બુદ્ધિનુ ડહાપુ, શાણુ
સુધીર, વિ૦ ઠાવકુ, ઠરેલ ૨ હિમતવાળુ, અડગ, બહાદુર ૩ દૃઢ, ચુસ્ત
સુધું, વિ૦ સીધુ, પાંશરૂ, ૨ સરલ, નિષ્કપટી, ભોળુ ૩ ખરૂં, સાચુ
સુનકાર, વિ૦ શૂન્યકાર
સુનત, સ્રી૦ મુસલમાનપણાનો એક સંસ્કાર. આમા લિંગમણિનું ઢાકણુ ત્વચાનો છેદ કરવામા આવે 'શિવાજી ન હોત તો સુનત હોત સબકી'
સુનમુન. વિ૦ શૂન્યમુન્ય, દિઙ્મુઢ, ચૂપચાપ.
સુની, પુ૦ મુસલમાની ધર્મનો એક સંપ્રદાય. (શિયા અને સુની).

સુનું, વિ૰ વસ્તી વગરનુ, સહવાસ વગરનુ, એ કાંતિક, ર રક્ષક રહિત 'ધણી વગર ઢોર સુના' ૩. શોભારહિત, ઉજડ, શાંત, ઉજળામણ ને [આનંદ રહિત
સુનું, ન૦ સોનુ, સુવર્ણ
સુનેરી, વિ૰ સોનેરી, સોનાનુ
સુપડી, સ્ત્રી૦ નાનું સુપડુ ર પાણી ઉલેચવાની સુપડા જેવી બનાવટ, ઉલેચણી ૩ નાની ચો રસ સુપડા ધાટી પડનાળ કરા ને પાંખ આગળ છાપરામા રખાય છે ૪ ગાડીના પૈડાના ફરવાથી ઉડતી ધૂળ અને કાદવ અટકાવે એવુ પૈડાપર રહેતુ ઢાંકણુ
સુપડુ, ન૰ અનાજ વગેરે ઝાટકવાનુ વાસ,ત્રાસ અથવા ધાતુનુ બનાવેલુ સાધન
સુપતી, સ્ત્રી૦ સલાટની હથોડી.
સુપન, ન૰ સ્વપ્ન, સ્વપ્નુ
સુપાત્ર, વિ૦ યોગ્ય, લાયક ર ઉચ્ચ, કુલીન, ખાનદાન 'સુપાત્રે આપો દાન'
સુપુત્ર, પુ૦ કુટુંબની આબરૂમા વધારો કરે એવો દીકરો તે, કુળદીપક
સુપુરત, સ્ત્રી૦ સુપરત, સોપણુ ભાળવણુ
સુપ્ત, વિ૦ (સ૰) સુતેલુ, ઉંઘેલુ
સુપ્તિ, સ્ત્રી (સ૰) ઘોરનિદ્રા, ઘેનની એકતારતા
સુબુદ્ધિ, સ્ત્રી (સ૦) સારી મતિ, સારી સમજ ર નિષ્કપટ બુદ્ધિ, સન્નિષ્ઠા તે
સુબેદાર, પુ૦ સિપાઇઓની નાની ટુકડીનો અમલદાર, જમાદારથી ચડતો દરજ્જો, મોટો નાયક ર પરગણાનો હાકેમ [ઓદ્ધો
સુબેદારી, સ્ત્રી૦ સુબેદારપણુ, સુબેદારીનો
સુબો પુ૦ (અ૰) જિલ્લો, પ્રાંત ર જિલ્લા કે પ્રાંતનો ઉપરી અમલદાર
સુબોધ, પુ૦ (સ૦) સારો બોધ–સલાહ, શિખામણની વાત ર સહેલથી સમજાય એવી સરલ વાત–વસ્તુ તે [ર નસીબદાર, ભાગ્યશાળી
સુભગ, વિ૰ (સ૰) સુંદર, મજેનુ, રમણીય
સુભગા, સ્ત્રી૦સ્વરૂપવાન સ્ત્રી, સુંદરી ર નસીબદાર –ભાગ્યશાળી સ્ત્રી.
સુભટ, પુ૰ યોધ, લડવૈયો, શૂરવીર
સુભાગ્ય, ન૦ સારૂં નસીબ, ચઢતી વેળા ર. વિ૦ નસીબદાર [ભોળાયેલુ, સુંદર વાણીનું
સુભાષિત, વિ૰ મધુર વાણીવાળુ, સારી રીતે
સુભ્રૂ, વિ૦ સુંદર ભ્રમરવાળી, કમાનદાર સુશોભિત ભવાંવાળી સ્ત્રી 'તમારા સમ છે સુભ્રૂ!'
સુમતિ, સ્ત્રી૦ (સ૦) સુબુદ્ધિ, ડહાપણ, અક્કલ
સુમન, ન૦ (સ૰) પુષ્પ, ફૂલ
સુમસામ, વિ૦ મુગુ અને ભાનવગરનુ, સુનકાર
સુમાર, પુ૰ શુમાર, અંદાજ, અટકળ ર અનુમાની માપ–વજન ૩ તીશો, રંગ.
સુમારે, અ૰ આસરે અડસટ્ટે અટકળે
સુમેરુ, પુ૦ એક મોટો ને ઉંચો પર્વત, મેરુ
સુયાણી, સ્ત્રી૰ સોયાણી, દાયણ [ધાગી
સુર, પુ૰ (સ૦) દેવ, દેવતા ર સૂર, સ્વર, અવાજ
સુરઇ, સ્ત્રી૦ સિરોઈ, સાંકડા મોંનુ મોટા પેટનુ પાણીનું વાસણ
સુરખી, સ્ત્રી૦ લાલી, લાલાશ, ચોખ્ખા, તાજા ને તંદુરસ્ત લોહીની ઝળકી તે ર તેજ, ચળકાટ, ભભક ૩ અસર, લાગણી ૪ કોર્ટમા રજુ થયેલા દાખલા બાબત કરવામા આવતી નિશાની.
સુરજ, પુ૦ (સ૰ સૂર્ય) સૂર્ય, આદિત્ય, રવિ
સુરત, સ્ત્રી૰ ચહેરો, મુખાકૃતિ, મુખવટો ર સંગ, રતિ, સંભોગ [સ્મૃતિ ૩ સારી મોસમ
સુરતા, સ્ત્રી૰ લક્ષ, નજર, ધ્યાન ર યાદદાસ્ત,
સુરતી, વિ૦ સુરત સંબંધી ર સ્ત્રી૦ યાદ, સ્મૃતિ ૩. મોહ, પ્રેમ [ર આંધળો
સુરદાસ, પુ૦ હિંદીભાષાનો એક પ્રસિદ્ધ કવિ
સુરધન, ન૦ પૂર્વજ
સુરપતિ, પુ૰ (સ૦) ઇન્દ્ર, દેવનો રાજા
સુરભિ, સ્ત્રી૦ (સ૰) મનવાંછિત ફળ આપનારી ગાય, કામધેનુ ર વસંત ઋતુ ૩ વિ૰ સુવાસિક, સુગંધિયુક્ત [અંજનદ્રવ્ય
સુરમો, પુ૦ અંજનમા વપરાતુ ખનિજ દ્રવ્ય,
સુરલોક, પુ૦ (સં૰) દેવલોકનું રહેવાનુ સ્થળ, સ્વર્ગ, દેવભૂમિ, ત્રિવિષ્ટપ
સુરવાળ પુ૦ પાયજામો, ચોરણો લેંઘો.
સુરંગ, સ્ત્રી૰ ખડકવાળી જમીનમાં પત્થર તોડી

નાનું બખારૂ પાડી દારૂ ભરીને ઉડાડી મૂકવાની સ્ફોટક્રિયા તે ૨ ભૂમાર્ગ, ભોય અંદર કાઢેલો રસ્તો, ભોયરું ૩ જોરથી ફાટી જેને અથડાય તેને ઉડાડી દે એવી પાણીમાં ને ભોયમાં મૂકવાની એક બનાવટ તે

સુરંગી, વિ૦ ભભકાદાર રંગવાળું, શુશોભિત ૨ લહેરી, રંગીલું રમુજી ૩ સ્ત્રી૦ ઉંચી જાતનો રંગ નીકળે એવી વનસ્પતિ, સોરંગી

સુરા, સ્ત્રી૦ (સં૦) મદિરા, મદ્ય, દારૂ

સુરાખ, સ્ત્રી૦ વિધ, કાણું, બાકોરૂ

સુરાંગના, સ્ત્રી૦ (સં૦) દેવલોકની સ્ત્રી, દેવી

સુરાપાન, ન૦ મધુપાન, દારૂ પીવો તે [વિબુધ

સુરીનર પું૦ દેવ, દેવ જેવો સારો સંત માણસ,

સુરૂપ, વિ૦ દેખાવડું, રૂપવાન, ફાંકડું [ભભકાદાર

સુરેખ,વિ૦સુંદર, મજેનું, શોભિતું ૨ સફાઇદાર,

સુરેશ, પું૦ (સં૦) સુર-દેવનો રાજા, ઇંદ્ર

સુરેશ્વર, પું૦ (સં૦) સુરેશ, ઇન્દ્ર, દેવનો રાજા

સુરોખાર, પું૦ ધોળો અને લાંબા પાસાનો એક ખાર એ ફોડવાનો દારૂ બનાવવામાં, ધાતુઓ ગાળવામાં અને દવામાં વપરાય છે

સુલટાવવું, ક્રિ૦ સ૦ સુલટું કરવું, ચતું કરવું ૨ સમું કરવું [સારૂં

સુલટું, વિ૦ સવળું ૨ સવળ પડતું, અનુકૂળ,

સુલતાન, પું૦ (ફા૦) રાજા, પાદશાહ ૨ સુબો, મોટા પ્રાંતનો અધિકારી-ઉપરી હાકેમ

સુલતાની, સ્ત્રી૦ સુલતાનની કારકિર્દી તે, પાદશાહી ૨ વિ૦ સુલતાનને લગતું

સુલક્ષણું, વિ૦ સદ્‌ગુણી, સારા ગુણનું

સુલભ, વિ૦(સં૦) ઝટ મળે-પ્રાપ્ત થાય એવું, સહેલું, સરલ, સુગમ્ય

સુલભતા, સ્ત્રી૦ સહેલાઈ, અનુકૂળતા, સુગમતા

સુલલિત, વિ૦ (સં૦) મનોહર છબીલું, ઉમળકો આણે એવું-સુંદર.૨ સુકુમારતા, મૃદુતાવાળું

સુલાખ, સ્ત્રી૦ વિંત્ર, વેહ, બુલાખ

સુલુક, વિ૦ મિલનસાર, મળતાવડું ૨ સંપ, સમજાવટ ૩ નરમ-સદાચારવાળું

સુલેહ, સ્ત્રી૦ સલાહ, શાંતિ, ટંટો બખેડો ન થાય તે ૨ સમાધાની, સંપ, ઝઘડાની માંડવાળ તે સુલેહાધિકારી-ટંટો બખેડો ન થાય તેમ કરનાર અમલદાર, જે પી. (જસ્ટીસ ઑફ ધી પીસ)

સુવર, ન૦ ડુક્કર, ભુંડ; વરાહ

સુવર્ણ, ન૦ (સં૦) સોનું, હેમ, કંચન ૨ વિ૦ ઉજળા ગૌરવર્ણનું [એ ગરમ ને પાચક છે

સુવા, પું૦ એક જાતના સુગંધિદાર મસાલાના બી

સુવા, પું૦ સવા, અનુકૂળ પવન તે ૨ અનુકૂળ-લાભકારક સમય [રોગ, સુવાડમાંથી લાગતો રોગ

સુવારોગ,પું૦પ્રસૂતિમાંથી લાગુ પડેલો એક સ્ત્રી-

સુવાવડ, સ્ત્રી૦ જનન કાળ તે, પ્રસૂતિ, બાળકને જન્મ આપવાનો અને તે પછીની માંદગી અથવા અશક્તિનો વખત

સુવાવડી, વિ૦ પ્રસૂતા, સુવાવડ સુતેલી સ્ત્રી

સુવાસ, સ્ત્રી૦ સારી પરિમળ, ખુશબો, સુગંધિ

સુવાશણ, વિ૦ સૌભાગ્યવતી, સોહાગણ

સુવાસણી, સ્ત્રી૦ સૌભાગ્ય-એવાતનવાળી સ્ત્રી

સુવાસિત, વિ૦ ખુશબોદાર

સુવાસિની, વિ૦ સોવાશણ, સૌભાગ્યવતી

સુવાળું, વિ૦ સુંવાળું, લીસું, ૨ ન૦ સૂતક

સુવાંગ, પું૦ સ્વાંગ, પોષાક. ૨, વેષ, પોશાક

સુવાંણ, આરામ, ફેર. ૨ ગમત, મઝા, આનંદ

સુવું, ક્રિ૦ સુવું, શયન કરવું ૨ ઉંઘવું

સુશિક્ષિત, વિ૦ (સં૦) સારી કેળવણી પામેલું ભણ્યું ગણ્યું, કેળવાયેલું [વિવેકી, મર્યાદાશીલ

સુશીલ, વિ૦ સારાં નરમ સ્વભાવનું, ગુણવાન,

સુશોભિત, વિ૦ ખૂબ શોભાવાળું, સુંદર

સુશ્રૂષા, સ્ત્રી૦ સેવા; ચાકરી

સુષુપ્તિ, સ્ત્રી૦ ગાઢ ઉંઘ, ઘોર નિદ્રા, જેમાં કંઈ ભાન ન હોય એવી નિદ્રા ૨ સ્વપ્ન

સુષુમ્ના, સ્ત્રી૦ એક શ્વાસ નળી, નાકની વાટે જે નાડીમાંથી શ્વાસ નિકળે છે તે

સુસવાટ, સ્ત્રી૦ સૂ સૂ એવો પવનના સપાટાનો અવાજ, જોરથી પવન વહાતાં થતો અવાજ ૨ તીર પત્થર વગેરેનું વાતાવરણમાંથી વેગે પસાર થતાં થતો અવાજ

સુસવાટો, પું૦ સુસવાટ, પવન ચિરાતાં થતો એવો

અવાજ ૨ વેગે ધસતા પાણીનો અવાજ ૩ પવનનો ઝપાટો, જરદાર લહેરિયુ.

સુસવાડ, સ્ત્રી૦ અવાજની પરંપરા, ઘોર, ઝલા બકાર ૨ મચ્છર, તિમિંગલ

સુસવાડો, પુ૦ જોરથી પવન વહાવો-નીકળવો તે ૨ જોમદાર નિસાસો, નિશ્વાસ, ફુફવાડો

સુસ્ત, સી૦ આળસુ, મંદ, ધીમુ, એદી.

સુસ્તી, સ્ત્રી૦ આળસ, ઉંઘનું ઘેન ૨ મંદતા, [શૈથિલ્ય

સુસ્વર, પુ૦ મધુર અવાજ

સુહાગ, વિ૦ મધુર, સુંદર, શોભિતુ

સુહાગણ, સ્ત્રી૦ સૌભાગ્યવતી સ્ત્રી ૨ માનિની, વહાલી, પતિના પ્રેમવાળી સ્ત્રી ૩ સોવાશણ

સુહાગી, વિ૦ સુભાગી, સુખી ૨ વૈભવી, સૌભાગ્યયુક્ત [ચેન પડવુ

સુહાવુ, ક્રિ૦ અ૦ શોભવુ, દીપવુ ૨ ફાવવુ,

સુહૃદય, પુ૦ (સ૦) મિત્ર, ભાઇબંધ, દોસ્ત. ૨ વિ૦ વહાલુ, સ્નેહી [હિતચિંતક

સુહૃદજન, ન૦ સ્નેહીજન, વહાલા, ભવવાળા,

સુળ, ન૦ શળ, એક જાતનુ તીક્ષ્ણ દરદ ૨ કાંટો

સૂકર, ન૦ ભુંડ, ડુક્કર

સૂકુ, વિ૦સુકુ, તાજગી વગરનુ, શુષ્ક ૨ ભિનાશ વગરનુ ૩ સત્વહીન, નિર્બળ, ૪ શરીરે પાતળુ ૫ ધન રહિત, કોરડુ

સૂકો, પુ૦ તમાકુનો ભુકો, જરદો [વેદિક પદ

સૂક્ત, ન૦ (સ૦) મજેનુ ટુકુ વાકય ૨ નાનુ

સૂક્તિ, સ્ત્રી૦ શુક્તિ, છિપોલી, સીપ

સૂક્ષ્મ, વિ૦ (સ૦) ઝીણુ, બારીક ૨ અલ્પ, થોડુ ૩ અત્યંત, નાજુક ૪ તીક્ષ્ણ

સૂક્ષ્મદર્શક, વિ૦ બારીક વસ્તુને દેખાડનારુ, અલ્પને મોટા રૂપમા દેખાડે એવુ

સૂક્ષ્મદર્શી, વિ૦ બારીક નજરે જોનાર, ઝીણવટથી જોનાર ૨ તત્વદર્શી

સૂક્ષ્મદેહ, પુ૦ (સ૦) દેહથી છુટો પડેલો જીવ જેનો આશ્રય કરી રહે છે તે, લિંગ દેહ–શરીર

સૂગ, સ્ત્રી૦ ઘૃણા, કંટાળો, ચીતળી, સાંભળતા કે જોતા તિરસ્કાર અને અભાવ ઉત્પન્ન થવો તે કંપારી, કણુકણો

સૂચક, વિ૦ જેથી ચેતવણી મળે એવુ, સૂચના કરનાર, દર્શક

સૂચના, સ્ત્રી૦ ઇસારો, ચેતવણી, સાન, પ્રેરણા

સૂચિ, સ્ત્રી૦ (સ૦) યાદી, સાંકળિયુ ૨ સોય

સૂચિત, વિ૦ સૂચના કરેલી હોય એવુ,જણાવેલુ, બતાવેલુ સમજાવેલુ [ક્રમાનુસારી ટીપ

સૂચિપત્ર, ન૦ સાંકળિયુ, અનુક્રમણિકા, યાદી,

સૂઝ, સ્ત્રી૦ ગમ, સમજ, જ્ઞાન ૨ પહોચ, કાર્ય કરવાની કુશળતા. ૩ ઉકેલ [સામટુ વ્યાજ તે

સૂડવ્યાજ, ન૦ રૂપિયા રહ્યા હોય તેટલા વખતનુ

સૂત, પુ૦ (સ૦) સારથિ, રથ હાકનાર

સૂતક, ન૦ જન્મ તેમજ મરણ વગેરેની આભ

સૂતકી, વિ૦ જેને સૂતક લાગે તે [ડછેટ તે

સૂતિકા, સ્ત્રી૦ (સ૦) સુવાવડી સ્ત્રી

સૂતિકાગૃહ, ન૦ સુવાવડખાનુ

સૂત્ર, ન૦ (સ૦) તાર, તાતણો, દોરો. ૨ રૂનો તાતણો, સુતર ૩ નિયમ, ધારો ૪ નાનુ વાકય, ટુંકુ વચન ૫ પદ્ધતિ, ગોઠવણ [૨ સુતાર.

સૂત્રધાર, પુ૦ નાટક ભજવનારો, નટલોકનો નાયક

સૂદ, સ્ત્રી૦ શુકલપક્ષ, અજવાળિયુ, સુદિ

સૂધ, સ્ત્રી૦ સારી બુદ્ધિ, સુસમજ, ભાન, સંજ્ઞા ૨ નભાળ, ખબર સૂધ આવવી=ભાન આવવુ ૩

સૂધી, અ૦ સુધી, પર્યંત, લગી [સમજ પડવી

સૂનુ, વિ૦ સુનુ, એકાંત, વસ્તી રહિત, ઉજડ.

સૂફ, ન૦ ઊનનુ વસ્ત્ર

સૂમ, પુ૦ કૃપણ, કંજુસ, બખીલ

સૂર, પુ૦ સ્વર, અવાજ, રાગ ૨ સૂરજ ૩ શૂર

સૂરજ, પુ૦ રવિ, આદિત્ય, સૂર્ય. [થાય છે

સૂરણ, ન૦ એક જાતનો કંદ એની મોટી ગાંઠો

સૂરિ, પુ૦ (સ૦) કવિ પંડિત, વિદ્વાન ૨ ધર્મ-

સૂરિયુ, વિ૦ શૂર ચઢાવે એવુ [ગુરુ, સાધુ

સૂરી, સ્ત્રી૦ સતી પતિ સાથે બળી મરવા તૈયાર થયેલી સ્ત્રી ૨ વિ૦ પાણીદાર, તેજ

સૂરો, પુ૦ બહાદુર, જનુની માણસ

સૂર્ય, પુ૦ (સ૦) જેના ઉદયાસ્તથી દિવસ રાત થાય છે તે સર્વ ગ્રહમા શ્રેષ્ઠ તેજસ્વી ગ્રહ તે, આદિત્ય, રવિ, સૂરજ

સૂર્યકાન્ત, પુ૦ (સં૦) સૂર્યમણિ, જેમા થઇને પડતા સૂર્યકિરણો અગ્નિ ઉત્પન્ન કરે છે તે કાચ-મણિ, સ્ફટિક

સૂર્યગ્રહણ, ન૦ (સં૦) સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી સીધી લીટીમા આવતા ચંદ્રને લીધે સૂર્યબિંબનો જે ભાગ પૃથ્વી પરથી ઝાંખો દેખાય છે તે, ચંદ્ર આડે આવવાથી સૂર્યબિંબનુ ઢંકાવુ તે

સૂર્યપૂટ, પુ૦ ઔષધિઓને સૂર્યનો તડકો ખવરાવવો તે

સૂર્યબિંબ, ન૦ સૂર્યની ગોળ તખતી તે, થાળી જેવુ ગોળ સૂર્યનુ ચકરડુ દેખાય છે તે,સૂર્યમંડળ

સૂર્યમંડળ, ન૦ સૂર્ય અને તેની આસપાસના ગ્રહોનો સમૂહ ને ૨ સૂર્યબિંબ

સૂર્યમાળા, સ્ત્રી૦ સૂર્ય અને તેની આસપાસ ફરનારા ગ્રહોનુ વર્તુલ તે, સૂર્ય ને તેના ગ્રહોનું [કુમખુ

સૂર્યાસ્ત, પુ૦ સૂર્યનુ આથમવુ તે

સૂર્યોદય પુ૦ (સં૦) સૂર્યનુ ઊગવુ તે

સૂલ, વિ૦ પાશરૂ, સીધુ ૨ સરખુ ૩ ન૦ સમાધાન, નિવેડો, પતવણી, ઝઘડો-તકરારનુ [સમાધાન થવુ તે

સૂવર, ન૦ ભુંડ, ડુક્કર, સૂકર.

સૂવુ, ક્રિ૦ અ૦ શયન કરવુ, લેટવુ, આડા થવુ ૨ ઉંઘવુ, નિદ્રા કરવી, ઘોરવુ

સૂસવુ, ક્રિ૦ અ૦ સીત્કાર કરવો સુ-સુ થાય એમ કરવુ 'સીત્કારો સૂસવે, લવે, ઉઠીઉઠી દોડે, પડે ભૂતળે'-ગીતગોવિંદ

સૂળ, ન૦ શૂળ, કાંટો

સૂજવું, ક્રિ૦ સ૦ ઉત્પન્ન કરવુ, બતાવવુ

સૃષ્ટ,વિ૦(સં૦)ઉત્પન્ન કરેલુ, પેદા કરેલુ, ઉદ્ભૂત

સૃષ્ટિ, સ્ત્રી૦ (સં૦) વિશ્વ, જગત, દુનિયા ૨ ઉત્પત્તિ, ઉદ્ભવ ૩ પૃથ્વી, મૃત્યુલોક. [કુદરતી

સૃષ્ટિજન્ય, વિ૦સૃષ્ટિ થકી ઉપજેલુ જગતમાનુ,

સૃષ્ટિલીલા,સ્ત્રી૦આ જગતની જે ઉથલપાથલો, વ્યવસાયો અને તેના વિવિધ ફેરફારો વગેરે તે ૨ કુદરતની શોભા-રચના ને સૌંદર્ય વગેરે તે

સૃષ્ટિસૌંદર્ય, ન૦ કુદરતની મનોહરતા-અજબ શોભા તે, જગતની સ્વાભાવિક રમણીયતા

સૃણિ, સ્ત્રી૦ (સં૦) અંકુશ

સે, અ૦ શા માટે, શે. ૨ સો, શત

સેકડે, અ૦ સો ઉપર, સૈકે

સેકડો, પુ૦ શતક, સૈકુ ૨ સોનો જથો

સેતક, વિ૦ પુષ્કળ, ઘણુ [લાકડુ.

સેતલો પુ૦ સળકુ, ઝરડા ઉપાડવાનુ બે ફળનું

સેતી-થી,સ્ત્રી૦માથાના વાળને હોળતા પાડેલી [લીટી, સીમંત.

સેંથો, પુ૦ સેંથો

સે, સ્ત્રી૦ સહનશક્તિ, અભ્યાસ ૨ ટેવ,રિવાજ.

સેક, પુ૦ શેક, [૩ શેહ, છાયા દાબ.

સેકટો, પુ૦ સરગવો

સેકવું, વિ૦ ક્રિ૦ શેકવુ શેક કરવો ૨ અગ્નિ ઉપર ગરમ કરવુ-તપાવવુ ૩ ભુંજવુ, કોરૂ તળવુ, ફોડવુ ૪ સતાપવુ, ચિંતા કરાવવી,બાળવુ

સેખાઇ-ખી, સ્ત્રી૦ બડાઈ, પતરાજ, મગરૂરી

સેચન, ન૦ સિંચવુ-પાવુ તે, થોડે થોડે રેડયા કરવુ તે, છાંટણુ.

સેજ, સ્ત્રી૦ શય્યા, પથારી ૨ રુદન, રોવુ તે

સેજ, વિ૦ જરાક, થોડુ, ૨ અમસ્તુ,પ્રયોજન રહિત ૩ અ૦ ઝટ, સહેલાઇથી

સેજસાજ, વિ૦ થોડુ ઘણુ, અમસ્તુ-લગારેક ૨ અ૦ મશ્કરીમા, ગમતમા સહેજજ, ઉપરચોટિયુ

સેજાર, ન૦વરાળ ૨. અંશ, થોડો ભાગ. [નામનુ

સેજારત, અ૦ સહેજ, અમસ્તુ, હસતા, મજાકમા

સેજિયુ, ન૦ પંચિયુ, ટુંકુ કોર વગરનુ ધોતર

સેજુ, ન૦ મળતાપણુ, ગુણાંશ, સાદૃશ્ય ૨. રૂવુ, આભિજાત્ય અમર, 'એ છોકરામા એના બાપનું જરાય સેજુ નથી ' ૩ સોજ, બાંધો, હાડ

સેજે અ૦ વગર મહેનતે, ફોગટ ૨. સહેજ

સેટુડી, વિ૦ ગરીબ પ્રણુ આમ તેમ માથા માર-નારી હલકા પેટની ૨ ચોરટી

સેડ,સ્ત્રી૦ હળની લાંબી સીધી ધરી તે. ૨ ધાર; પ્રવાહની જોરદાર ધારા, સેઢ ૩ પક્ષ; વગ. ૪ જોર, શેહ

સેડો-ઢો,પુ૦ખેતરની હદ ઉપરનો બાંધ, સીમાનો બંધ. ૨ પાળી, હદ ૩ પગરસ્તો, શેરડો; પગથી.

સેણ, સ્ત્રી૦ શણ, ભિંડી

સેણી,સ્ત્રી૦સહનતા 'કડણુ બહુ સેણીરે'-નિરાંત.

સેતરંજ, પુ૦ શેતરજ, જુઓ
સેતરજી, સ્ત્રી૦ શેતરજી, જાજમ [દુષ્ટ માણસ
સેતાન, પુ૦(ફા૦) ભૂતપ્રેત ર તોફાની-લુચ્ચુ-
સેતુ, પુ૦ (સ૦) પૂલ, પાણી ઉપર જવાય અ-
સેતુર, ન૦ શેતુર [વાય એવો બાધેલો રસ્તો
સેન, ન૦ સૈન્ય, ફોજ, લશ્કર ર આખનો ચાળો,
સેનવો, પુ૦સેન નામની જાતિનો માણસ [સાન
સેના, સ્ત્રી૦ ફોજ, લશ્કર ર (ફા૦ સેહના)બખ-
તર, કવચ ૩ ધાડુ, મોટુ ટોળુ
સેનાની,પુ૦(સ૦)લશ્કરી ટુકડીનો ઉપરી નાયક
સેનાપતિ, પુ૦ (સ૦) સૈન્યનો ઉપરી, લશ્કરનો
સરદાર
સેનો, પુ૦(અ૦ સેના) ધોયેલું ધટસુતરાઉ કાપડ
સેપ, ન૦ સેમ, સેફ, સફરજન [ર શેર, વાઘ
સર, પુ૦ શેર, ૪૦ રૂપિયાભાર જેટલુ વજન તે,
સેર, સ્ત્રી૦ શળી, તરખલુ, તરણુ ર માળા,
મણકાની આવલી ૩ ગુથેલી દોરી, સાકળી,તાગ,
તાતણો ૪ ધાર, ધારા 'દૂધની સેર' ૫ આરો,
ફેરો, આનદ-મોજમા ફરવુ તે ૬ નાડી શિગ
રગ સેરે આવવુ=ભૂત ભરાવુ, દુ ખ થવુ
સેરડી, સ્ત્રી૦ સાકડી પગવાટ,શેરડી ર શેલડી,ઇક્ષુ
સેરડો, પુ૦ સાકડો પગરસ્તો, પગથી, વાટ ર
ઓઘરાળો, સળ, લાબી કરચલી 'એને મોએ
સેરડા પડી જાય છે ૩ ચરેડો'
સેરમાછ, સ્ત્રી૦ એક જાતની માછલી
સેરવવું, ક્રિ૦ સ૦ ખસેડવુ, સરકાવવુ ર લપસી
જાય એમ કરવુ
સેરવો, પુ૦ માસને ઉકાળીને બનાવેલો રસ તે
સેરિયુ, વિ૦ સેર માય એવુ ર ન૦ સેરનુમાપ
૩ એક સેરની કડી ૪ એક જાતનો છોડને
સેરી, સ્ત્રી૦ શેરી, નાની પોળ, ફળિયુ [તેનુ બી
સેરીશોભાન, પુ૦ એક જાતનો સુદર
સેરો, પુ૦ પોતાના અભિપ્રાયનો ટુકો લેખ, મત
સેલ, સ્ત્રી૦ સેહેલ ર પત્થરની છાટ [દર્શક લેખ
સેલ, વિ૦ સહેલુ, અઘરુ નહિ એવુ
સેલડઘેલી, વિ૦ અણુસમજમા-ભાળભાવથી હ-
લેતા જેવી લાગતી, પ્રેમની વેળ ગાડી, ટાપટીપને
કુટડાઇની ધુનવાળી, મુગ્ધા
સેલડી, સ્ત્રી૦ શેલડી, ઉસ, ઇક્ષુ
સેલડુ-રુ, ન૦ કુવારનુ ફૂલ [મહેલાણી
સેલાણી, વિ૦ મોજી, ફક્કડ, છેલ,લહેરી સ્વભાવનુ,
સેલારસ, પુ૦ શિલારસ, એક જાતનો ચીકણો
ધાતુપુષ્ટ પદાર્થ [પાલવનુ સુદર વસ્ત્ર
સેલારી, સ્ત્રી૦ સ્ત્રીઓને પહેરવાનુ કસબી કોર
સેલાસાડી,સ્ત્રી૦સેલારી, કસબી ને બારીક વણાટનુ
સેલી, સ્ત્રી૦ હેલી, રાખ, છાર [વસ્ત્ર
સેલુ, ન૦ બારીક વણાટનુ કસબી વસ્ત્ર, શેલુ
સેલો, પુ૦ શેલો, જુઓ
સેવ, સ્ત્રી૦ ચાકરી, પૂજા ર શેવ, જુઓ
સેવક, પુ૦ (સ૦) ભક્ત, ઉપાસક, સેવા કરનારો,
શિષ્ય ર તાબેદાર, આધીન જન ૩ નોકર, ચાકર
સેવકાઇ, સ્ત્રી૦સેવા કરવાની રીત,સેવા કરવાપણુ
સેવટ, ન૦ છેવટ, શેવટ જુઓ
સેવડી, સ્ત્રી૦ સાધુડી, આર્જા [યતિ, દીક્ષિત
સેવડો, પુ૦ (સ૦ શ્રમણ) જૈનસાધુ, ત્યાગી,
સેવતી, સ્ત્રી૦ એક જાતની વેલ ને તેના ફૂલ
સેવન, ન૦ સેવવુ તે, સેવા ર પખીની માદાએ
ઈંડાને હૂફ આપવા તે ઉપર બેસવુ તે
સેવના, સ્ત્રી૦ સેવા કરવી તે
સેવતરૂ, ન૦ એક જાતની સોપારી
સેવર્ધન, વિ૦ ઉત્તમ જાતિનુ સોપારી
સેવવુ, ક્રિ૦ સ૦ (સ૦) સેવા-ચાકરી કરવી ર
ભજવુ ૩ પખીની માદાએ ઇંડાને ગરમી આપવા
તેની ઉપર બેસવુ ૪ કામમા લેવુ, વાપરવુ
સેવા, સ્ત્રી૦ (સ૦) ચાકરી, નોકરી ર પૂજા,
આરાધના ૩ સારવાર, બરદાસ્ત, ખાતર
સેવાળ, સ્ત્રી૦ શેવાળ, લીલ 'ખરી પ્રીત સેવાળની
તે જળ ભેળી સુકાય' ર વાળા, રમા, ત તુ, નસ
સેવિત, વિ૦ સેવેલુ, સેવાતુ હોય એવુ
સેવુ, ક્રિ૦ સ૦ સેહવુ, અનુકૂળ પડવુ, ગમવુ
ર સદવુ, માફક આવવુ ૩ ઘણીવાર ટકવુ
સેવુ, ક્રિ૦ સ૦સહેવુ, સહન કરવુ, ખમવુ,સાખવુ
ર ધરવુ, ઝીલવુ ૩ વેદવુ
સેવૈ, સ્ત્રી૦ શેવ, જુઓ [ચાકરી કરવા લાયક

સેવ્ય, વિ૦ (સ૦) સેવા કરવા જોગ, ભજવા-
સેસ, સ્ત્રી૦ વરકન્યા અને અધરણિયાત સ્ત્રીના ખોબામા નાળિયેર, પાન, સોપારી અને રૂપિયો આપવામા આવે છે તે, પોસ ૨ વિવાહાદિક શુભ અવસરે આપવામા આવતી ભેટ
સેસફૂલ, ન૦ (સ૦ શીર્ષ ફૂલ) સ્ત્રીઓ માથે-વેણીમા જે સોનાનુ ફૂલ ઘાલે છે તે, સેંથા આગળ ચોટલામા ગુંથવાનુ ઘરેણુ, સીમંતભૂષણ
સેસવા, પુ૦ વઘારેલા ચણા
સેહ, સ્ત્રી૦ બીજાના પ્રતાપમા અંજાઈ જવુ તે, છાયા પડી જવી તે ૨ (સેતરંજમા) અટકાવ, પ્રતિબંધ ૩ શરમ, લાજ ૪ દાબ ૫ ક્ષોભ ૬ સહેવાપણુ, સહનશક્તિ ૭ ટેવ, ધારો
સેહેજ, વિ૦ થોડુ, અલ્પ, જરાક, કિંચિત્ ૨ અમસ્તુ ફોગટ ૩ ન૦ લોહી, હાડ
સેહેવુ, વિ૦ સહન થતુ, ખમાતુ, સહી શકાય એવુ, હુંફાળુ
સેહેનશાહ, પુ૦ શહેનશાહ, પાદશાહ
સેહેલ, સ્ત્રી૦ આનંદની મોજમા આમતેમ હરવુ ફરવુ તે ૨ સેહેલુ સુતરૂ, સરલ
સેહેલાણી, વિ૦ સહેલ કરનાર, આનંદ મોજમા રહેનાર, લહેરી, ફક્કડ થઇને આમતેમ ફર્યા કરનાર
સેહેલુ, વિ૦ સહેલુ, સુગમ, સુતરુ
સૈંવવ, વિ૦ સિંધનુ ૨ પુ૦ સિંધવ ૩ ઘોડો ૪ એક રાગ
સૈ, પુ૦ સઈ, દરજી, મેરાઇ ૨ સિંહ ૩ કળશીનો સોળમો ભાગ ૪ હસ્તાક્ષર, સહી
સૈ, સ્ત્રી૦ સહિયર, સખી, બહેનપણી
સૈકત પુ૦ (સ૦) રેતીવાળો કિનારો 'સુરાપગા સૈકતને તટે તટે.' [વર્ષનો જુમલો તે, સદી
સૈકુ, ન૦ સો, સોનો જથો તે, શતક ૨ સો
સૈકો, પુ૦ સોનો જુમલો, શતક, સદી, સૈકુ
સૈડકિયુ, ન૦ સરકાવાય એવી આંટીવાળી ગાઠ તે, ગાળો ૨ છોકરાની એક રમત
સૈડણુ, ન૦ છાપરાની વળીઓ ઉપર નાખવાના કાબડા, કબોઇની પાતળી સોટીઓ વગેરે તે, છાજ, સૈઢણુ.
સૈડવુ, ક્રિ૦ સ૦ વળીઓ ઉપર કાબડા પાથરી તે બાધવા, છાવુ ૨. આટી દઇ બે વસ્તુઓ એક બીજા સાથે બાધવી, જોડવુ, સાંત્રવુ.
સૈઢણુ, ન૦ સૈડણુ. [૨. વિ૦ સૈન્ય સબંધી, લશ્કરી
સૈનિક, પુ૦ (સ૦) લશ્કરી માણસ, યોદ્ધો, સિપાઇ.
સૈન્ય, ન૦ (સ૦) લશ્કર, ફોજ, સેના, દળ
સૈયડ, પુ૦ બળિયા, શીતળા
સૈયદ, પુ૦ મહમદ પેગંબર સાહેબના વંશજો તે
સૈયર, સ્ત્રી૦ સખી, સાહેલી, બહેનપણી.
સૈયારૂ, વિ૦ એકઠુ, ભેગુ, ભાગીદારવાળુ. ૨ મજિયારુ ૩ પત્તાળુ, પાતીઓવાળુ
સોંગ, પુ૦ વેષ, ખોટો દેખાવ ૨ ઢોંગ, આડંબર
સોંઘવારી, સ્ત્રી૦ સસ્તાઇ, છત. ૨ થોડા મૂલે વધારે મળે તે [ખાવુ, આનાકાની કરવી
સોંઘુ, વિ૦ સસ્તુ, છતવાળુ સોંઘુ મોઘુ થવુ=માન
સોતળવુ, ક્રિ૦ સ૦ ઘી તેલમા શેકવુ–તળવુ
સોંધા, પુ૦ (હિ૦) એક સુગંધી પદાર્થ 'સુગંધ સોધા કુંકુમ કેસર, ઉડાડે અબીલ ગુલાલ'–પ્રેમા૦
સોપડવુ, ક્રિ૦ અ૦ જડવુ ૨. મળવુ ૨ જન્મ આપવો, અવતરવુ, જણવુ
સોંપણ, સ્ત્રી૦ સુપરત, ભાળવણી ૨ હવાલો
સોંપવુ, ક્રિ૦ સ૦ ભાળવવુ, હવાલામા આપવુ
સોંસરુ, વિ૦ આરપાર, સળગ સોંસરુ પડવુ=ન પચવુ, હજમ ન થવુ
સોહ, પુ૦ ભાન, શુદ્ધિ ૨. સમજણ, અક્કલ.
સો, વિ૦ દસ વખત દસ તે, ૧૦૦ સોએ વર્ષે પુરા થવા=આવી બનવુ સોએ સહરૂ વધાય =પિંછાનુ પારેવુ થાય, રજનુ ગજ થાય. સો ગળણે ગાળીને પાણી પીવુ=બહુ વિચારી–સાવચેતી રાખીને કામ કરવુ સોના સાઠ કરવા= નુકસાનમા ઉતરવુ સોમણ રૂની તળાઇમા સૂવુ =તદન નચિંત થઇ રહેવુ, સુખ આનંદથી રહેવુ સો સમાનુ સગુ=બહોળા કુટુંબવાળુ. સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો=એકાદ વખત તો લાગ આવેજ સો જોશી બરોબર એક ડોસી= વિદ્વત્તા કરતા અનુભવ વધે.
સોઇ, સ્ત્રી૦ સગવડ, વ્યવસ્થા. ૨ સોય. ૩ દરજી.

સોઇયાણી, સ્ત્રી૦ દાઇ, દાયણ
સોઇયો, પુ૦ મોટી સોય [અવસર, સોહેલો
સોઇલો, પુ૦ આનંદ ઉત્સવનો દિવસ, મંગળ
સોએક, વિ૦ સોની લગભગ
સોક સ્ત્રી૦ શોક્ય, સપત્ની
સોકટી, સ્ત્રી૦ ચોપટ–બાજીનું લાકડા કે હાથી દાંતનું મહોરૂં, ગુજરડાના ઘાટનું રમકડું **સોકટી** મારવી=ધારેલું કામ પાર પાડવું, ફતેહ પામવું **સોકટી** ઉડાડવી=પ્રપંચ તોડી ઉત્રાડી નાખવો, નેમમાં નાસીપાસ કરવું
સોકઠું, ન૦ સોકટી મહોરૂં
સોકલડી, સ્ત્રી૦ શોક્ય સપત્ની
સોખ, પુ૦ શોખ, કોડ, પ્રીતિ, ભાવના
સોગન, પુ૦ સોગંદ, સમ કસમ, સપથ
સોગાત, સ્ત્રી૦ કિંમતી ભેટ, નજરાણાની ચીજ, નવાઇની વસ્તુ ૨ મિલ્કત, ભારી ચીજ
સોચ, પુ૦ શોક, પરિતાપ પશ્ચાત્તાપ ૨ શોધ ખોળ
સોચના, સ્ત્રી૦ શોચ, શોક, પશ્ચાતાપ ૨ ચિંતા, ફિકર, પરિતાપ 'જીવતું શીદને સોચના કરે, કૃષ્ણને કરવું હોય તે કરે'
સોજ, પુ૦ સુજનતા, સારાપણું ૨ લક્ષણ, ચાલ
સોજી, સ્ત્રી૦ મેદો, પરશુલી
સોજીલું, વિ૦ સારા વિવેકી ગુણવાળું, મળતાવડા–કોમળ સ્વભાવનું [(કમોજુ=અસ્વચ્છ)
સોજું, વિ૦ સારું, ઉત્તમ, સ્વચ્છ, ચોખ્ખું
સોજો, પુ૦ માર કે રોગથી લોહીનો જમાવ થઇ ચામડી ઉપસી આવવી તે, માસ પાક ૨ ચામડીના ઉપલા પડમાં પાણી ભરાઈ આવવું તે
સોટી, સ્ત્રી૦ નેતર અથવા ઝાડની પાતળી ડાળી, છડી
સોટો, પુ૦ મોટી જાડી લાકડી–સોટી તે, ડાંગ ૨ દાબ, ગેહ માગફાડવી અથવા કડક અમલથી પાડેલી ધાક તે
સોડ, સ્ત્રી૦ પાર્શ્વ, પાસું બાજુ 'સોડમાં ભરાવું–પડખામાં પેસવું ૨ ઓડવાનું વસ્ત્ર ૩ શરીર ઢંકાઇ રહે એમ ઓઢવું તે ૪ સાડીનો જે ભાગ માથા ઉપર ઓઢે છે, ને જે લાજ કાઢવામાં વપરાય છે તે, સોડિયું **સોડતાણીને સુવું**=નિરાંતે મોઢે માથે ઓઢીને સૂવું, આળસુ પડી રહેવું ૨ મરી જવું **સોડ પ્રમાણે સાથરો**=મજા પ્રમાણે કામ, ઘર જોઇને વરો કરવો
સોડ, પુ૦ વાસ, પરિમળ, બો
સોડમ, સ્ત્રી૦ વાસ, પરિમળ, બો, ગંધ.
સોડવણું, ન૦ સોડણિયું, સોડ લેવાનું વસ્ત્ર.
સોડવું, ક્રિ૦ અ૦ ફોરવું, વાસ ઉડવી, ગંધાવું
સોડિયું, ન૦ સ્ત્રીના પહેરવેશનો ડાબી તરફનો ઝુંતો ભાગ, સોડ [રીતે
સોડે, અ૦ પાસે, પડખે ૨ જોડે ૩ પ્રમાણે,
સોડો, પુ૦ સોડ ૨ મદદગાર
સોઢ, વિ૦ (સં૦) સહન કરનાર, ખમનાર, સહનશીળ સોસનાર ૨ ધરખમ
સોણ પુ૦ વાસની ખીલી, ફાચર
સોણું, ન૦ સ્વપ્નું ૨ બાકું
સોત–નું, અ૦ સુદ્ધાં, સહિત [સગો ભાઇ, ભાડુ
સોદર, વિ૦ (સં૦) માજાયું, એક માનું ૨ પુ૦
સોદાઈ, સ્ત્રી૦ લુચ્ચાઇ ૨ વ્યભિચાર
સોદાગર, પુ૦ કિંમતી ચીજો વેચનારો, મોટો વેપારી
સોદાગીરી, સ્ત્રી૦ મોટી કિમ્મતના માલનો વેપાર તે, મોટો વેપાર, ધંધો ૨ સોદાગરપણું.
સોદું, વિ૦ લુચ્ચું, ખંધું ૨ વ્યભિચારી, કામી, વિષયી ૩ હરામી
સોદો, પુ૦ વચવાનો ધંધો તે, વેચાણ, વેચવા લેવાનું કામ તે, ૨ વેપાર ખરીદી ૩ લુચ્ચો, વ્યભિચારી માણસ ૪ ઠગ, ધૂર્ત, દોગો
સોધો, પુ૦ પડોપાદડી
સોનાપાણી, ન૦ જેમાં સોનું ઓળેલું હોય તે પાણી
સોનાગેરુ, પુ૦ એક જાતની પીળી ચમકવાળી લાલ માટી [વનસ્પતિના સારક પાન
સોનામુખી, સ્ત્રી૦ મીઠી આવળ, એક જાતની
સોનાર–ની, પુ૦ સોનાના ઘાટ ઘડનાર.
સોનારણ, સ્ત્રી૦ સોનીની સ્ત્રી
સોનું, ન૦ સુવર્ણ, હેમ [ઢોળ ચઢાવેલું.
સોનેરી, વિ૦ સોના જેવા પીળા રંગનું, ૨ સોનાનો
સોનેરીકેળાં, ન૦ પીળી પાતળી છાલનાનાનાં કેળાં.
સોનૈયો, પુ૦ સોનાનો સિક્કો, સોનાનાણું

સોપાન, પુ૦ (સ૦) નિસરણી, સીડી, દાદર
સોપારો, પુ૦ (અા૦ સિપારા) અધ્યાય, ભાગ
સોપારી, સ્ત્રી૦ (સોપાલા એક બંદર છે)ફોફળ, અકોટ [હાક તે, ધાક ૨ સોજો
સોફ, સ્ત્રી૦ ભયનો ફાળકો, ભય અને શ્વાસ મિશ્રિત
સોફવા, પુ૦ શરીર ફૂલી જાય એવો વાયુનો રોગ, ફૂલણવા; ફોફવા [નો સંગ તે
સોબત, સ્ત્રી૦ સંગત, સાથ, મૈત્રી ૨ સ્ત્રી પુરુષ-
સોબતી, પુ૦ સાથી, જોડિયો ૨ મિત્ર, દોસ્ત
સોભ, ન૦ સૌભાગ્યના ગીત,વરકન્યા પરણ્યા પછી ગણપતિ પૂજન વખતે ગવાય છે તે ગીત
સોભાગ, ન૦સૌભાગ્ય, હેવાતન ૨ સારૂ ભાગ્ય તે સોવાસણનો વેશ
સોભાગવટુ, ન૦ બારસાખ ઉપરનુ લાકડુ
સોભાગવટી, વિ૦ સૌભાગ્યવટી,સોવાશણ,સધવા, સુવાસિની,
સોમ, પુ૦ (સ૦) એક જાતની માદક વનસ્પતિ ૨ ચંદ્રમા,શશી ૩ એ નામનો એક વાર,સોમવાર
સોમપા, પુ૦ (સ૦) સોમરસ પીનારા, યાજ્ઞિક
સોમયોગ, પુ૦ (સ૦) જે યજ્ઞમા સોમરસ દેવોને અર્પણ કરે છે તે યજ્ઞ
સોમલ, પુ૦ પત્થર અને ધાતુ સંમિશ્ર પોલાદ જેવા સહેજ લીલા રંગનો બરડ પદાર્થ એ લાલ અને ધોળો એમ બે રંગનો આવે છે લાલ મનશિલ કહેવાય છે આ હળાહળ ઝેર છે અને તેમા સ્વાદ નથી
સોમવતી, વિ૦ સોમવાર યુક્ત અમાસ એ પુણ્ય તિથિ ગણાય છે સોમવતી અમાસ ને શુક્રવાર= તદન ખોટુ, અસંભવિત તે
સોમવલ્લી, સ્ત્રી૦ (સ૦) સોમ નામની વનસ્પતિનો વેલો તે એનો રસ બહુ કેફી છે.
સોમવાર, પુ૦ (સ૦) ચંદ્રવાર, સોમ [સાધન.
સોય, સ્ત્રી૦ સૂઈ, સિવવાનુ કાણાવાળુ અણીદાર
સોય, (સ૦) તે. ૨ સૌ, સઘળા ૩ એમ.
સોયણી, સ્ત્રી૦ સોહિની, એક રાગિણી
સોયમ, વિ૦ ઉતરતી પ્રતિની જમીન, 'અવલ. દોયમ, ને સોયમ'

સોયલુ, વિ૦ સુંદર, સોહેલુ ૨ સહેલુ, સરલ
સોયાણો, સ્ત્રી૦ જણાવનારી, દાયણ, દાઈ
સોયો, પુ૦ સુતળી આવે એવા નાકાવાળી સોય
સોરટી, સ્ત્રી૦ ઘણી નાની રકમો ફાળા જડતી ભેગી કરી તેમાંથી અમુક હિસ્સો રાખી બાકીની રકમમાથી ઈનામ તરીકે ચીઠીઓ કાઢી ભાગ્ય અજમાવવાની એક ક્રિયા તે લોટરી
સોરઠ, (સ૦ સૌરાષ્ટ્ર) કાઠિયાવાડનો એક ભાગ ૨ એ નામનો એક રાગ
સોરઠી, વિ૦ સોરઠનુ, સોરઠને લગતુ
સોરઠો. પુ૦ એક રાગ, (એથી ઉલટો દોહરો)
સોરણ, ન૦ સોરાવુ તે, સોસ ૨ અણગમો, પશ્ચાત્તાપ, મુઝવણ
સોરમ, સ્ત્રી૦ ખુશબો, સુવાસ; પરિમળ
સોરવવુ, ક્રિ૦ ગમવુ, ગોઠવુ, ચેન પડવુ
સોરવુ, ક્રિ૦ સ૦ છોલવુ, ઉપર ઉપરથી ઉખાડવુ, ઉઝરડવુ ૨ દુભાવુ, મનમા ગુચાવુ ૩ ભુડુ બોલવુ, ધસાતુ બોલવુ [રંગ બને છે;
સોરંગી, સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ એનો લાલ
સોરભ, સ્ત્રી૦ખુશબો,સુગંધ [ટવુ ૨ ગાળોદેવી
સોરાટવુ, ક્રિ૦ સ૦ ઝુડવુ, જેમ ફાવે તેમ ઝાપ-
સોરાવુ, ક્રિ૦ અ૦ છોલાવુ, ધસારે ઉખડવુ
સોરાસોર, સ્ત્રી૦ છોલાછોલ ૨ ધોધાટ, ગડબડ ૩ ડોળાડોળ, ધમાલ, કલબલાટ
સોરી, સ્ત્રી૦ કળ, ગમ ૨ ગોઠવુ, ગમવુ તે ૩ કરસણના સાંઠાને સુકાવા માટે ઉભા મૂકવા તે
સોરી વળવી=ઘરપત થવી, ગમવુ, ગોઠવુ
સોરૂ, અ૦ લગી સુધી, અમુક વખતમા એમ, 'બહારથી ક્યાર સોરા આવશે?'
સોવરાવવું, ક્રિ૦ સુશોભિત કરવુ, શોભાવવું, શણગારવુ [સોળે સોળ આના, ચોક્કસ
સોવસા, અ૦ લગભગ નક્કી એમ, ખાતરી પૂર્વક,
સોવાણું, ક્રિ૦ અ૦ અહિં તહિં ફાફા મારવાં, મુશ્કેલીમાથી છૂટવા માટે આમ તેમ એંફામ જેવા ફરવુ [શોરબકોર, ગડમથલ
સોવાટ, પુ૦ ગડબડાટ,મસરાટના ફાફા ૨ ધાંધલ,
સોવુ, ક્રિ૦ સ૦ સુપડામા નાખી હલાવવું; ઝાટ-

ફવુ ૨ વારા ફરતી બન્ને બાજુ તરફ ઝુલાવવુ, હિલોળવુ
સોવાસણ, વિ૦ સુવાસિની, સધવા, સૌભાગ્યવતી
સોસ, પુ૦ વારવાર તરસ લાગ્યા કરવી તે,પાણી વગર ગળુ સુકાવુ તે, પિપાસા ૨ શોષ, હૃદયદાહ, અંતરના દુ ખની લાગણી તે ૩ ફિકર, કાળજી
સોસવાટ, પુ૦ સુસવાડ, મગરમચ્છ ૨ ચૈડો
સોસવાવુ, ક્રિ૦ સ૦ રસનુ સુકાઇ જવુ, શરીરનુ સુકાવુ, કદે ઘટવુ, દુર્બળ થઈ જવુ, શોષાવુ
સોસવું, ક્રિ૦ અ૦ ખમવુ, સહન કરવુ ૨ ક્રિ૦ સ૦ ખેચવુ, ચુસી લેવુ ' પણ કુરૂઓનો ઘણુ કાઢના લોહી સોસતા કયમ ન કર્યું '—પાણીપત
સોસળાઈ, સ્ત્રી૦ બેફિકમપણુ
સોસળુ, વિ૦ ભુલકણુ, વિસર ભોળુ, ૨ હૈયા સુનું, લક્ષ ન હોય તેવુ
સોહણો, સ્ત્રી૦ શોભા ' મુખ તણી મોટી મોહિની ઉપર અલક તણી સોહણી ' —ગીરધર
સોહમ, અ૦ તે હુ છુ, એવો નાદ તે શ્વાસ લેતા ને મૂકતા, અદર થતો એવો ધ્વનિ
સોહલુ, વિ૦ સુદર, શોભીતુ ૨ સારૂ, સ્વચ્છ ૩ આનદ અને રમત ગમત, રગરાગ સખી માગસર મહીને મનમાહિ કોણુ કરે સોહલાં'
સોહવુ, ક્રિ૦ અ૦ શોભવુ, ખલવુ
સોહાગ, ન૦ સૌભાગ્ય, હેવાતન ' હજો એનો અખડ સોહાગ ' ૨ નસીબદારપણુ, સુભાગ્ય તે
સોહાગણ, વિ૦ સૌભાગ્યવતી, સધવા
સોહાગી, વિ૦ સુશોભિત ૨ સારા ભાગ્યવાળુ, સુખી ૩ આનદી, મોજીલુ
સોહામણુ, વિ૦ સુદર દેખાવનુ, સુશોભિત
સોહાવુ, ક્રિ૦ અ૦ શોભવુ, સારૂ લાગવુ, ખલવુ
સોહિની, સ્ત્રી૦ મનોહર દેખાવની મોજીલી સ્ત્રી
સોહેણી, સ્ત્રી૦ રાત્રે ગવાતી એક રાગણી
સોહલો, પુ૦ ભભકો, રોફ, ૨ આનદનો ઉછાળો ને ઉત્સવ તે ૩ પોતાની શોભા સુદરતાનેલીધે માન સૌભાગ્યનુ અભિમાન તે સૌભાગ્યના માનનુ લાડ તે [ગમવુ, ગોઠવુ, ફાવવુ
સોહોવું, ક્રિ૦ અ૦ શોભવુ, સુદર દેખાવુ ૨
સોહ્યલુ, વિ૦ સુદર ૨ સરલ
સોળ, વિ૦ દસ ને છ ૧૬
સોળ, પુ૦ મારનો પડેલો આકો, સળ
સોળુ, વિ૦ ધોઇને અલગ રાખેલુ [વસ્ત્ર, અબોટિયુ
સોળુ, ન૦ અબોટમાજ પહેરવાનુ અલગ રાખેલુ
સોળૈયો, પુ૦ લાબો વળો, સોળ ફુટનો વાસ
સૌ, વિ૦ સઘળા, સર્વ, બધા **સૌ** સોના ગીત ગાય=સૌ પોતપોતાનુ સારુ બોલે **સૌ** સૌને મન સવાશેર=દરેક માણસ પોતાને માટે અભિમાન રાખે **સૌ** સુતા જળ અલા જાગા=છેલ્લે ઉભા થવુ છેવટમા નવી વાત લાવી રજુ કરવી
સૌકુમાર્ય, ન૦(સ૦)કોમળતા,નાજુકતા.૨ મૃદુત્વ
સૌખ્ય, ન૦ (સ૦) સુખ, આરોગ્ય
સૌજન્ય, ન૦ (સ૦) સુજનતા, ભલાઇ, કૃપાળુતા
સૌદામિની, સ્ત્રી૦ (સ૦) વિજળી, વિદ્યુત
સૌદર્ય, ન૦ (સ૦) સુદરતા, શોભા, કાતિ, ખુબસુરતી, પૂર્ણ કળા
સૌભાગ્ય, સ્ત્રી૦ (સ૦) ભાગ્યશાળીપણુ ૨ એવા તન, સધવાવસ્થા ૩ શોભા, સુદરતા ૪ એ નામનો એક યોગ
સૌભાગ્યવતી, વિ૦ સધવા, સુવાસિની
સૌમ્ય, વિ૦ (સ૦) સાત્ત્વિક વૃત્તિનુ, નમ્ર, શાન્ત, ભલુ સાલસ ૨ સુદર, મનોહર [લગીનો કાળ
સૌરમાસ, પુ૦(સ૦) એક સક્રાતિથી બીજીસક્રાતિ
સ્કંધ, પુ૦ (સ૦) ખભો, ખાધ ૨ પ્રકરણ, અધ્યાય, બાબ ૩ ઝાડનુ થડિયુ, કાડ
સ્ટેશન, (અ૦) રેલગાડીને થોભવાનુ અને તેમા બેસારૂને ચઢવા ઉતરવાનુ સ્થાન તે ૨. ઠેકાણુ ૩ પડાવ, રહેઠાણુ, મુકામ
સ્તન, પુ૦ (સ૦) થાન, ધાઈ, આચળ
સ્તનપાન, ન૦ (સ૦) ધાવવુ તે, દૂધ પીવુ તે
સ્તબક, પુ૦ (સ૦) ફૂલનો ગુચ્છ, મજરી, ફૂલ વાળુ લુમખુ [૨ છક્ક, કુઠિત, બેહોશ.
સ્તબ્ધ, વિ૦ (સં૦) આશ્ચર્યચકિત થયેલુ, દિઙ્મૂઢ
સ્તંભ, વિ૦ થાભલો ટેકાનુ ઉભુ લાકડુ
સ્તભન, ન૦ રોધ, અટકાવ ૨ થોભાવવુ તે, અદ્ધર રાખવુ તે

સ્તવ, પુ૦ (સં૦) સ્તુતિ, ગુણપ્રશંસા

સ્તવન, ન૦ સ્તુતિ કરવી તે, તારીફ,સ્તોત્ર [કરવા

સ્તવવુ, ક્રિ૦ સ૦ સ્તુતિ કરવી, ગુણ ગાવા,વખાણ

સ્તુતિ, સ્ત્રી૦ ગુણપ્રશંસા, તારીફ, વખાણ

સ્તુતિપાત્ર, વિ૦ વખાણવા લાયક સ્તુતિકરવાજોગ

સ્તુપ, પુ૦ (સં૦) રાફડો, માટી ઈંટ વગેરેનુ, ઘુમ્મટ જેવુ બાધકામ, સમાધ, પાળિયો

સ્તેન, પુ૦ (સં૦) ચોર, તસ્કર, લુટારો

સ્તેય, ન૦ ચોરી, ચૌર્યકર્મ

સ્તોત્ર, ન૦ (સં૦) સ્તુતિનો પાઠ, સ્તવન [રાશિ

સ્તોય, વિ૦ વળેલુ, વાકુ ૨ પુ૦ જમાવ, ગંજ,

સ્ત્રી, સ્ત્રી૦ (સં૦) માનવ માદા, નારી, બાઈડી, ૨ વહુ, પત્ની, ભાર્યા **સ્ત્રી** કરવી=પરણવુ, નાતરુ કરવુ **સ્ત્રિયારાજ**=જ્યા સ્ત્રીઓનુજ રાજ્ય હોય તે **સ્ત્રીની** બુદ્ધિ પાનીએ=સ્ત્રીની મતિ હલકાઇ ઉપર જ જાય

સ્ત્રીકેસર, ન૦ વનસ્પતિમા રહેલો ફલોત્પાદક રેસો તે, ફૂલમાનો ગર્ભોત્પાદક અંકુર

સ્ત્રીચરિત્ર, ન૦ સ્ત્રીની ચતુરાઈ, સ્ત્રીના કાવાદાવા

સ્ત્રીધન, ન૦ જેની ઉપર સ્ત્રીનો હક હોય તે ધન (માતપિતા, ભાઇભાંડુ, ઈ૦ ની બક્ષીસ-ચાલ્નોતે)

સ્ત્રીધર્મ, પુ૦ સ્ત્રીની પતિ પ્રત્યેની ફરજ તે ૨ રજ, રજસ્વલા [વહુ, દંપતી

સ્ત્રીપુરૂષ, પુ૦ ધણી ધણિયાણી, પતિપત્ની, વર-

સ્ત્રીલંપટ, વિ૦ વિષયી, કામી, વ્યભિચારી

સ્ત્રીલિંગ, ન૦ (સં૦) સ્ત્રીચિહ્ન, નારીજાતિ

સ્ત્રીહત્યા, સ્ત્રી૦ (સં૦) સ્ત્રી માર્યાનુ પાપ તે

સ્ત્રીહરણ,ન૦જોરથી સ્ત્રીને ખેચી-ઉચકી જવી તે

સ્ત્રૈણ, ન૦ (સં૦) સ્ત્રીત્વ, બાયલાપણુ

સ્થ, (અ૦) સ્થાન, રહેઠાણ, વાસ, સ્થિતિ, દર્શક પ્રત્યય ૨ વિ૦ સ્થાનમા રહેલુ 'માર્ગસ્થ'

સ્થવિર, વિ૦ (સં૦) પાકટ ઉમ્મરનુ, વૃદ્ધ, જીર્ણ

સ્થલ, ન૦ (સં૦) જગા, સ્થાન, ઠેકાણુ

સ્થલચર, વિ૦ (સં૦) પૃથ્વી ઉપર રહેનાર ફરનાર તે, ભૂચર

સ્થલમાર્ગ,પુ૦(સં૦)જમીનનોરસ્તો;ખુશકીમાર્ગ

સ્થલાંતર, ન૦ (સં૦) જગાની અદલા બદલી તે, રહેઠાણ ફેરવવુ-બદલવુ તે

સ્થંડિલ, ન૦ (સં૦) જમીનથી સહેજ ઉંચી ઓટલી, ચોતરો, વેદી

સ્થાણુ, વિ૦ (સં૦) સ્થિર, અચલ ૨ પુ૦ ડાળા પાખડા વગરનુ ઉભુ થડ, ખોડ, ઝાડ ૩. કુદરતી ઉગેલી ઝાડી-ઝરડ ૪. મહાદેવ

સ્થાન, ન૦ (સં૦) જગા, ઠેકાણુ, સ્થળ ૨ રહેઠાણ, ગૃહ, ઘર, ૩ પદ, પદવી, ઓધ્ધો, દરજ્જો. ૪ પ્રસંગ અવસર [ગાદી, આસન. ૩ બેઠક

સ્થાનક, ન૦ (સં૦) સ્થાન, વાસ, રહેઠાણ ૨.

સ્થાનિક, વિ૦ સ્થાનનું, જગાને લગતુ, ઠેકાણાનુ

સ્થાપક, વિ૦ (સં૦) થાપનાર, નવુ ઉભુ-ખડુ કરનાર, મંડાણ કરનાર, રોપનાર, આરંભ કરનાર ૨ સાબીત કરી આપનાર

સ્થાપત્ય, ન૦ (સં૦) સ્થાપનાને લગતુ કામ તે, શિલ્પવિદ્યા પ્રમાણે બાધવાનુ કામ તે

સ્થાપન, ન૦ (સં૦) થાપના, મંડાણ, ખડુ કરવુ તે ૨ સાબીતી, પુરવારી

સ્થાપના, સ્ત્રી૦ (સં૦) સ્થાપવુ તે, મંડાણ

સ્થાપવુ, ક્રિ૦ સ૦ માડવુ, ઉભુ કરવુ, નિર્માણ કરવુ ૨ ગોઠવવુ બેસાડવુ ૩ મુકરર કરવુ, નિમવુ, યોજવુ ૪ સાબીત કરવુ; પુરવારકરવુ

સ્થાપિત, વિ૦ (સં૦) સ્થાપેલુ, બેસાડેલુ મુકરર કરેલુ, પુરવાર કરેલુ; સિદ્ધ કરેલુ

સ્થાયિભાવ, પુ૦ (સં૦) જે રસનો ભાવ છેવટ લગી જેમનો તેમ રહ્યા કરે તે (એના નવપ્રકારછે)

સ્થાયી, વિ૦ ઘણીવાર ટકે એવુ, ટકાઉ ૨ હમેશનુ, ડગે નહિ-સ્થિર રહે એવુ [રોટ, ખુમચો

સ્થાલી, સ્ત્રી૦ (સં૦) થાળી, ટાટ, નાની કથ-

સ્થાવર, વિ૦ (સં૦) એક ઠેકાળથી બીજે ઠેકાણે ખસે કે ખસેડી શકાય નહિ એવુ, અચળ, સંચાર શક્તિ રહિત; જંગમથી ઉલટુ તે **સ્થાવર** મિલકત=ઘર વાડીવજીફા વગેરે તે

સ્થિત, વિ૦ (સં૦) ખચીત, દૃઢ, અડગ ઉભેલુ.

સ્થિતિ, સ્ત્રી૦ (સં૦) કાયમ એક ઠેકાણે રહેવાપણુ તે, સંસ્થિતિ. ૨ મુકામ, રહેઠાણ. ૩. એક સરખી નિશ્ચિત હાલત-દશા તે. ૪. અવસ્થા;

હાલત, દશા ૫ વાસ, નિવાસ, મુકામ, પડાવ, સ્થિરતા ૬ પદ, પદવી ૭ મગદુર, ધારણ શક્તિ
સ્થિતિસ્થાપક, વિ૦ અસલ સ્થિતિને વળગી રહેનારૂ, વાળીને પાછુ મૂકી દેતા અસલ રૂપ પકડે એવુ, પૂર્વ સ્થિતિગામી
સ્થિર, વિ૦ (સ૦) અડગ, દૃઢ, નિશ્ચલ. ૨ કાયમ, જાથુ રહે એવુ, ઠરેલ ૩ મજબુત, દૃઢ ૪ શાત, ધીમુ
સ્થિરતા, સ્ત્રી૦ સ્થિરપણુ, અડગતા, નિશ્ચલતા
સ્થૂલ, વિ૦ (સ૦) જાડુ, પુષ્ટ, ભરેલુ ૨ ગાઢુ, ગીચ, ઘટ ૩ મોટુ, કદાવર ૪ જડ, અચ- [ચળ, ઠોઠ
સ્થૂલતા, સ્ત્રી૦ જાડપણુ જાડાપણુ
સ્થૂલદેહ, પુ૦ (સ૦) હાડમાસથી ભરપુર દેહ તે, [કલેવર, ખોળિયુ
સ્થૈર્ય, ન૦ સ્થિરતા, દૃઢતા
સ્નાત, વિ૦ (સ૦) નહાયેલુ
સ્નાતક, વિ૦ (સ૦) ગૃહસ્થાશ્રમમા દાખલ થવાને યોગ્ય બનેલો બ્રહ્મચારી વિદ્યાર્થી તે
સ્નાન, ન૦ (સ૦) નહાવુ તે, અઘોળ નહાવણુ ૨ મરણ નિમિત નહાવુ તે ૩ આશૌચ, સબ-ધીના મરણથી લાગતુ સ્નાન ૪ નહાઇને પવિત્ર થવુ તે, તીર્થ નહાવુ તે **સ્નાન** કરવુ—નહાવુ ૨ સગાઇ સબધ તોડી નાખવો
સ્નાયુ, પુ૦ (સ૦) જે તતુએ કરીને માસ અસ્થિને વળગી રહે છે તે, માસના તતુ, રગ, નસ
સ્નિગ્ધ, વિ૦ (સ૦) લીસુ સુવાળુ ૨ ચીકટ વાળુ, ચીકણુ ૩ કોમળ, મુનાયમ
સ્નુષા, સ્ત્રી૦ (સ૦) છોકરાની વહુ તે, પુત્રવધૂ
સ્નેહ, પુ૦ (સ૦) માયા, મમતા, વાત્સલ્ય ૨ પ્રીતિ, વહાલ હેત ૨ મૈત્રી, દોસ્તી ૩ અતરનુ વળગણ ૪ ચીકટ, ચીકણુ દ્રવ્ય
સ્નેહાકર્ષણ, ન૦ (સ) સ્નેહનુ ખેચાણ તે એકબીજા પ્રતિ પરમાણુઓનુ આકર્ષણ ખેચાણ તે
સ્નેહાળ, વિ૦ સ્નેહવાળુ, હેતાળ, માયાળુ
સ્નેહી, વિ૦ સ્નેહવાળુ, પ્રેમવાળુ વહાલુ ૨ મિત્ર, દોસ્ત પ્રિયજન [ઇર્ષ્યા, અદેખાઇ
સ્પર્ધા, સ્ત્રી૦ (સ૦) સરસાઈ, હરીફાઇ ૨
સ્પર્ધાળુ, વિ૦ ચડસીલુ, વાદીલુ ૨ અદેખુ
સ્પર્શ, પુ૦ લાગવુ–અડવુ તે, કોઇપણ ચીજને અડકવુ તે, સસર્ગ, સગમન, મેળાપ ૨ ચામડી દ્વારા કોઇ ચીજનુ જ્ઞાન થવુ તે, અડકવાથી થતી ઓળખ ૩ લવ, લેશ
સ્પર્શમણિ, પુ૦ (સ૦) જેના સ્પર્શથી લોહ સુવર્ણ થઇ જાય તેવો પત્થર ૨ કાચમણિ પારસમણિ
સ્પર્શાસ્પર્શ, પુ૦ અડકાઅડકી, આભડછેટ
સ્પષ્ટ, (સ૦) ચોખ્ખુ, ખુલ્લુ, સાફ ૨ સરળ ને શુદ્ધ, સમજાય એવુ, સુવ્યક્ત ૩ બરાબર, ચોક્કસ
સ્પષ્ટવક્તા, વિ૦ ખરાબોલુ, ચોખ્ખેચોખ્ખુ કહી દેનાર [ચોખવટ
સ્પષ્ટીકરણ, ન૦ (સ૦) સ્પષ્ટ કરવુ તે, ખુલાસો,
સ્પદ, પુ૦ (સ૦) થરકો, સ્ફુરણ પલકારો
સ્પદન, ન૦ (સ૦) થરકાર, ધ્રૂજ, કપ
સ્પૃહણીય, વિ૦ (સ૦) ઇચ્છા–વાચ્છા કરવા યોગ્ય ૨ સુદર, જોવા જાણવા જેવુ
સ્પૃહા, સ્ત્રી૦ (સ૦) ઇચ્છા, તૃષ્ણા, ગરજ, દરકાર, પરવા [એક સુદર પત્થર–કાચ
સ્ફટિક, પુ૦ પાસાદાર ચળકતી બાજુઓવાળો
સ્ફાટિક, વિ૦ (સ૦) સ્ફટિકનુ ૨ સુદર દેખાવનો સ્વચ્છ ચળકતો પત્થર
સ્ફુટ, વિ૦ ઉઘડેલુ, ખુલ્લુ થઇ ગયેલુ, વિકસિત ૨ સ્પષ્ટ, ચોખ્ખુ, ઉઘાડુ ૩ ટીકા–ખુલાસો કરેલુ ૪ છુટેછુટુ, સબધ વિનાનુ
સ્ફુરણ, ન૦ (સ૦) ઝીણી–ધીરી ધ્રૂજ–કપ તે, ધ્રુજારી, આખનુ ફરકવુ તે ૨ ઓચિતુજ મનમા યાદ આવવુ–સૂઝવુ તે, જવુ તે
સ્ફુરવુ, ક્રિ૦ અ૦ થરકવુ, કપવુ, હાલવુ, ફરકવુ ૨ એકદમ સૂઝી આવવુ, એકાએક યાદ આવવુ ૩ પ્રગટ થવુ, અકુર ફુટવો
સ્ફૂર્તિ, સ્ત્રી૦ (સ૦) સ્ફૂરણ, કપ ૨ જાગૃતિ, તેજી, ચચળાઇ
સ્ફોટ, પુ૦ (સ૦) જોરથી ફુટવુ તે ૨ ફોડ, ધડાકો ૩ ખુલાસો, ચોખ્ખો નિવડો
સ્મર, ન૦ (સ૦) કામદેવ, મદન અનગ
સ્મરણ, પુ૦ (સ૦) સ્મરવુ તે, યાદ કરીને જપવુ તે મનન ૨ સ્મૃતિ, યાદ, ફોમ **સ્મરણ** પોથી=ટિપણુ, નોધબુક

સ્મરણી, સ્ત્રી૦ જપ કરવાની માળા, બેરખો
સ્મરણીય, વિ૦ (સ૦) યાદ કરવા જોગ
સ્મરવું, ક્રિ૦ સ૦ યાદ કરવુ, સભારવુ ૨ ભજવુ
સ્મારક, વિ૦ યાદ દેનારૂ ૨ ન૦ સંભારણુ, યાદગીરી
સ્માર્ત, વિ૦ (સ૦) સ્મૃતિ સંબધી ૨ સ્મૃતિમા કહ્યુ હોય તેમ ધર્માચરણ કરનાર
સ્મિત, ન૦ (સ૦) મદહાસ, સહેજ મો મલકાવવુ તે, આલમા હસવુ તે
સ્મૃતિ, સ્ત્રી૦ (સ૦) પર પરાની યાદદાસ્ત ઉપરથી ઋષિઓએ બનાવેલા ધર્મ, આચાર, નીતિ, વગેરેને લગતા ગ્રથો તે, ધર્મસહિતા ૨ યાદ, સ્મરણ, [ફોમ ૩ જ્ઞાન
સ્યદન, પુ૦ (સ૦) લડાઇનો રથ
સ્યાલક, પુ૦ વહુનો ભાઈ, સાળો
સ્રગ્ધરા, વિ૦ (સ૦) માળાવાળુ, પુષ્પહાર યુક્ત ૨ પુ૦ એકવીસ અક્ષરનો એક ગણુ મેળ છદ
સ્રજ, સ્ત્રી૦ (સ૦) માળા, ફૂલનો હાર
સ્રસ્ત, વિ૦ (સ૦) ઉતરી–ખસી ગયેલુ, તૂટેલુ
સ્રાવ, પુ૦ (સ૦) ધીમે ધીમે ગળવુ–ઝરવુ તે, નિતરણુ, ઝરણુ ૨ રસ, ગુદર, ગાળ, ૩ અટ- [કાવ, ઋતુ
સ્રુવ, પુ૦ ચાટવો, શરવો
સ્રોત, પુ૦ (સ૦) ઝરો, ઝરણુ
સ્લેટ, સ્ત્રી૦ (અ૦) પત્થરપાટી
સ્વ૦, સ૦ પોતાનુ પોતીકુ ૨ વિ૦ સ્વર્ગસ્થ
સ્વકર્મ, ન૦ પોતાનુ કર્મ અથવા કામ તે
સ્વકલ્પિત, વિ૦ (સ૦) મનના ઉડાવનુ
સ્વકીય, સ૦ પોતાનુ, પોતીકુ
સ્વકીયા, સ્ત્રી૦ પોતે પરણેલી તે, પરણેતર સ્ત્રી
સ્વચ્છ, વિ૦ (સં૦) ચોકખુ, સાફ ૨ નિતરૂ નિર્મળ, શુદ્ધ ૩ શ્વેત, ધવલ ૪ નિર્દોષ, સાત્વિક
સ્વચ્છતા, સ્ત્રી૦ ચોખ્ખાઇ, સફાઇ, નિર્મળતા, સ્પષ્ટતા ૨ ઉજળામણ
સ્વચ્છદ, પુ૦ મન ગમતો આચાર તે, સ્વેચ્છાચાર
સ્વચ્છદતા, સ્ત્રી૦ સ્વચ્છદપણુ, આપખુદી
સ્વચ્છદી, વિ૦ સ્વેચ્છાચારી, આપમતિયુ ૨ હઠીલુ, માથાફરેલ
સ્વજન, ન૦ (સ૦) પોતાના અગત–આપ્ત માણુસો તે; સગા–કુટુબીજન, બન્ધુજન.

સ્વજાતિ, સ્ત્રી૦ પોતાની જાતિ અથવા વર્ગ તે
સ્વજાતીય, વિ૦ પોતાની જાતિ–વર્ણનું, એકજ ખાસિયતનુ [જન્મથીજ.
સ્વત, અ૦ પોતે, આપોઆપ, વગર ઉપદેશે,
સ્વતસિદ્ધ, વિ૦ પોતાની મેળેજ ઉત્પન્ન થયેલુ, સ્વયભૂ, અકૃત્રિમ. ૨ દેખીતું પ્રત્યક્ષ
સ્વતત્ર, વિ૦ આપ અખત્યાર, સ્વાધીન, કોઈના તાબામા કે હુકમમા નહિ એવુ, સ્વચ્છદી
સ્વતત્રતા, સ્ત્રી૦ સ્વાતત્ર્ય, આપઅખત્યારપણુ, છૂટ, સ્વેચ્છા
સ્વતત્રપણુ, ન૦ આપ અખત્યારપણુ, સ્વતત્રતા.
સ્વદેશ, પુ૦ (સ૦) બાપીકો દેશ, જન્મભૂમિ, વતન [ભૂમિ માટેની મમતા તે
સ્વદેશાભિમાન, ન૦ (સ૦) પોતાની જન્મ-
સ્વદેશાભિમાની, વિ૦ દેશનુ અભિમાન ધરાવનાર
સ્વદેશી, વિ૦ પોતાના મુલકનુ, સ્વદેશનું તે
સ્વધર્મ, પુ૦ (સ૦) શાસ્ત્રવિહિત આચાર કર્તવ્ય તે, કુળરીતિ–નીતિ ૨ પ્રસગને લઇ પ્રાપ્ત થયેલુ જે કર્તવ્ય તે ૩ કુદરતી ધર્મ ગુણુ અને ખાસિયત
સ્વધર્મી, વિ૦ પોતાના ધર્મનુ
સ્વધા, અ૦ (સ૦) પિતરોને બલિદાન આપતા કરવાનો ઉદ્ગાર ૨ પિતરોને અપર્ણ કરવાનો બલિ
સ્વધામ, ન૦ રહેઠાણુ, નિજધામ, વતન ૨ સ્વર્ગ સ્વધામ જવુ=સ્વર્ગે જવુ, મરી જવુ.
સ્વન, પુ૦ (સ૦) સૂર, અવાજ, ઘોર, નાદ
સ્વપ્ન, ન૦ (સ૦) સમણુ, શાણુ, ઉંઘમા ખરા જેવા ભાસતા દેખાવો તે
સ્વપ્નદર્શન, ન૦ સ્વપ્ન લાધવુ તે ૨ ઉંઘમા જણાયેલો ઓળો–દેખાવ
સ્વપ્નવત્, વિ૦ સ્વપ્ન જેવુ મિથ્યા, ખોટુ
સ્વપ્નાવસ્થા, સ્ત્રી૦ સ્વપ્નાવાળી હાલત
સ્વપ્નાન્તર, ન૦ સ્વપ્ન દરમિયાન, સ્વપ્ન ને જાગર્તિ વચ્ચેનુ અતર. [સ્વત જ્ઞાન પામેલુ.
સ્વપ્રકાશ, વિ૦ પોતાનાજ તેજથી ચળકતુ ૨
સ્વભાવ, પુ૦ (સ૦) કુદરતી વલણુ ગુણુ, ધર્મ, પ્રકૃતિ, ખાસિયત તે જાતિ, દેહ, દેશકાળને લઇ બધાયેલો પ્રાણીઓનો જે કુદરતી મનોભાવ તે.

સ્વભાવજ, વિ૦ સ્વભાવ સિદ્ધ, સ્વાભાવિક
સ્વભાષા, સ્ત્રી૦ પોતાની ભાષા તે, માતૃભાષા
સ્વભૂમિ, સ્ત્રી૦ સ્વદેશ, વતન, બાપીકી જમીન
સ્વય, અ૦ આપોઆપ, પોતેજાતે, પોતાની મેળે
સ્વય પાક, પુ૦ પોતાને માટે પોતે કરેલી રસોઇ તે
સ્વય પ્રકાશ, વિ૦ સ્વપ્રકાશ, જુઓ
સ્વયંભૂ વિ૦(સ૦) પોતાની મેળે ઉત્પન્ન થયેલુ, ૨ ઇશ્વર, બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવ તે
સ્વયંવર, પુ૦ (સ૦) કન્યાએ પોતેજ પોતાને માટે વર પસંદ કરવો તે [મિચલન શક્તિવાળુ
સ્વય વહ, વિ૦ પોતાની મેળે ગતિ કરનર ૨, પોતામાજ
સ્વર, પુ૦ (સ૦) અવાજ, સાદ, ઉચ્ચાર ૨ ધ્વનિ, ઘોષ, સૂર, ઘાટી. ૨ જેનો પૂર્ણ ઉચ્ચાર થાય એવો વર્ણ–અક્ષર, (અ, ઈ, ઉ, વગેરે) ૪ નાક વાટે ચાલતો શ્વાસ તે (શુભાશુભ જોવા માટેનો) ૫ સૂર્ય અને ધ્રુવ એ બે વચ્ચેનુ અતર –જગા ૬ સ્વર્ગ ૭ આકાશ, ગગન
સ્વરક્ષણ, ન૦ (સ૦) આત્મરક્ષણ, પોતાનો બચાવ
સ્વરસ, પુ૦ ઉત્તમ સ્વાદ તે ૨ લીલી વનસ્પતિ કચરીને કાઢેલો રસ તે
સ્વરાજ્ય, ન૦(સ૦) પ્રજાએ પોતે પોતાના ધા । ઘડી તે પ્રમાણે પોતાની વ્યવસ્થા રાખવી તે, લોક સત્તાનુ રાજ્ય તે
સ્વરિત, વિ૦(સ૦)સમાન ઉચ્ચારવાળુ, ચોખ્ખા એક સરખા અવાજનુ, સ્વરના ત્રણ પ્રકારના ઉચ્ચાર છે, તેમાના છેલ્લા પ્રકારનુ (ઉદાત્ત, અનુદાત્ત ને સ્વરિત)
સ્વરૂપ ન૦(સ૦) ઘાટ, આકાર ૨ દેખાવ ૩ વર્ણ, રગદાર છટા ૪ સુદરતા, ફુટડાઇ, રૂપ ૫ લક્ષણ, નિશાન, ઓળખ ૬ ઝાખી, કઠક આભાસ ૭ વિચાર, ઉદ્દેશ, વલણ ૮ મળતાપણું સામ્ય
સ્વરૂપતા, સ્ત્રી૦ ફુટડાઈ, સૌદર્ય ૨ સલોકતા, સામ્યતા ૨ ચાર પ્રકારની મુક્તિઓમા ત્રીજી, ઇશ્વરરૂપતા તે
સ્વરૂપવાન, વિ૦ ખૂબસૂરત, રૂપાળુ, ફુટડુ
સ્વરોદય, પુ૦ (સ૦) સ્વરનો ઉદય તે, ૨ સરોદો, સ્વર ઉપરથી શુભાશુભ જાણવાની વિદ્યા
સ્વર્ગ, ન૦(સ૦) દેવલોકને રહેવાનું ધામ, સુરભૂમિ સ્વર્ગવાસ=સ્વર્ગમા વાસ કરવો તે ૨ મરણ, મૃત્યુ સ્વર્ગવાસી=સ્વર્ગમાં વાસ કરનારુ, દેવલોકમા વસનાર તે મરી ગયેલુ=મરહુમ સ્વર્ગેજવુ=મરીજવુ સ્વર્ગના સુખ=બહુ વૈભવી સુખો
સ્વર્ગગગા, સ્ત્રી૦ (સ૦) દેવનદી, સુર–આપગા
સ્વર્ગીય, વિ૦ અલૌકિક, દિવ્ય, આકાશીય
સ્વર્ણ, ન૦ (સ૦) સોનું, હેમ સુવર્ણ
સ્વલ્પ, વિ૦ બહુજ થોડુ, જરા, લેશ, કિચિત્
સ્વવશ, વિ૦ સ૦) સ્વાધીન, આપ અખત્યાર, સ્વતત્ર
સ્વશુર, પુ૦ શ્વશુર, સસરો
સ્વસા, સ્ત્રી૦ બહેન, ભગિની
સ્વસ્તિ, અ૦ કલ્યાણરૂપ, 'કલ્યાણ થાઓ' એવો આશીર્વાદાત્મક ઉદ્ગાર ૨ કલ્યાણ, ક્ષેમ
સ્વસ્તિક, પુ૦ (સ૦) મગળ સૂચક એક ચિહ્ન, સાથિયો, ચોકડી, ચતુષ્પથ
સ્વસ્તિક્ષેમ, અ૦ 'સારુ થાઓ' અને આબાદ રહો' એવો સતોષ આશિષનો ઉદ્ગાર
સ્વસ્તિવાચન, ન૦ (સ૦) કોઈ પણ કર્મની શરૂઆતમા મગળાર્થે કહેવામા આવતા શુભ વચન તે પુણ્યાહવાચન [મગળસૂચક પદ
સ્વસ્તિશ્રી, અ૦ કાગળપત્તરના આરભમા લખાતુ
સ્વસ્થ, વિ૦ (સ૦) ફારેગ, કામથી પરવારેલુ–નચિત, શાત સુખ ણવાળુ, સુખરૂપ, નિરામય
સ્વસ્થતા, સ્ત્રી૦ નચિતાઇ, સુખરૂપતા–નિરાત, શાન્તતા, સ્થિરતા, સ્વાસ્થ્ય, ચેન
સ્વસ્થાન, ન૦ પોતાનુ રહેઠાણ, મુકામ
સ્વહિત, ન૦ (સ૦) પોતાનુ હિત તે, સ્વાર્થ
સ્વાગત, સ્ત્રી૦ આવકાર, આદરમાન, સત્કાર
સ્વાગતા, સ્ત્રી૦ આવકાર, સમાન, અભિનદન, આવનારને વિવેક બતાવવો તે [ત્યારપણુ
સ્વાતત્ર્ય, ન૦ (સ૦) સ્વતત્રતા, આપ અખ
સ્વાતિ, સ્ત્રી૦ ૫દરમુ નક્ષત્ર એ આસો સુદમા આવે છે સ્વાતિના જળ બિદુના મોતી થાય છે એમ કહેવાય છે ૨ સૂર્ય પત્ની
સ્વાત્માનુભવ, પુ૦ (સ૦) પોતાને થયેલો અનુ

ભવ, જાત અનુભવ. ૨ પોતાના આત્માને ઓ-ળખવો તે
સ્વાદ, પુ૦(સ૦)જીભથી સમજાતો વસ્તુનો સારો નરસો રસ તે ૨. લહેજત, મિઠાશ ૩ રુચિ ૪ શોખ, મોહ **સ્વાદ** લાગવુ=લહેજત આવવી, ખાવુ ગમવુ **સ્વાદ** પડવો=રસ પડવો, ગમવુ રુચિકર લાગવુ ૨ પેધુ પડવુ, ટેવ પડવી **સ્વાદ** ચખાડવો=વૈદુ કરવુ, પુષ્પાજલી આપવી.
સ્વાદિષ્ઠ, વિ૦ સ્વાદવાળું, ગમતુ, લહેજતદાર
સ્વાદિલુ, વિ૦ સારૂ સારૂ ખાવાની ટેવવાળુ
સ્વાદુ, વિ૦ સ્વાદવાળુ, રસાળ, મીઠુ, ૨ છ઼દીલુ
સ્વાધીન, વિ૦ (સ૦) પોતાને વશ ૨ સ્વતત્ર, આપ અખત્યાર ૩ તાબે કબજે
સ્વાધીનતા સ્ત્રી૦(સ૦)આપ અખત્યારી, સ્વાતત્ર્ય, સ્વવશતા
સ્વાધીનપતિકા, સ્ત્રી૦ પતિને નચાવનારી-વશ [રાખનારી સ્ત્રી
સ્વાભાવિક, વિ૦ સ્વત સિદ્ધ, કુદરતી, મૂળ પ્રકૃતિનુ, અકૃત્રિમ ૨ અ૦ આપોઆપ, એની મેળેજ
સ્વાભિમાન, ન૦ પોતાને માટે અભિમાન તે, [ટેક, હુંપદ
સ્વાભિમાની, વિ૦ ટેકી, હુંપદવાળુ, આમરની [દરકારવાળુ.
સ્વામ, પુ૦ ધણી, પતિ ૨. ઉપરી
સ્વામિતા, સ્ત્રી૦ ધણીપણુ,બાદશાહી રાજપણુ
સ્વામિની, સ્ત્રી૦ ધણિયાણી, શેઠાણી
સ્વામિત્વ, ન૦ ધણીપણુ; માલીકી
સ્વામી,પુ૦(સ૦) ધણી, વર, પતિ ૨. માલીક, શેઠ ૩ રાજા ૪ મહાત્મા, દેવ [પહેલો પુત્ર
સ્વાયંભુવ, પુ૦ પહેલો મનુ સ્વયભૂ, બ્રહ્માનો
સ્વાર, પુ૦ અસ્વાર, સ્વાર ૨ વાહનપર ચઢીને બેઠેલુ તે **સ્વાર** થવુ=તગાદો કરવો, ઘોડે ચઢી આવવુ,ઉતાવળે અને હુકમભેર કાર્ય કરાવવા તૈયાર થવુ ૩ ખૂબ ગુસ્સે થવુ સામા ધુરકવુ
સ્વારી સ્ત્રી૦ સવારી, ૨ ચઢાઇ હુમલો. ૩ ઠાઠબંધ જવુ આવવુ તે, પ્રવાસે નીકળવુ તે, ફેરણી મુકામ. ૪ ઉતારૂ, બેસારૂ.
સ્વાર્થ, પુ૦ (સં૦) સ્વહેતુ,આપ મતલબ, આત્મહિત.૨ દ્રવ્ય;ધન ૩ લોભ ૪ જેમા ચોખ્ખો અક્ષરાર્થજ હોય તે. (વાક્ય, છંદનો)
સ્વાર્થી, વિ૦ આપ મતલબી, એકલપેટુ
સ્વાસ્થ્ય, ન૦ (સ૦) સ્વસ્થતા, આરોગ્ય. ૨. નચિંતતા નિગત
સ્વાહા, સ્ત્રી (સ૦) અગ્નિની સ્ત્રી ૨ અ૦ દેવને હવિ આપતા વપરાતો શબ્દ ૩. ન૦ બળી ભસ્મ થઇજવુ તે ૨ ગળીજવુ; ઓહીયાં કરી જવુ, ઉચાપત કરી જવુ તે
સ્વાહાકાર, પુ૦ સ્વાહા શબ્દનો ઉચ્ચાર તે
સ્વીકાર, પુ૦ (સ૦) માન્યતા, કબુલાત, અંગીકાર, એકરાર, છાતી ઠોકીને કહેવુ તે.
સ્વીકારવું, ક્રિ૦ સ૦ માન્ય રાખવુ,કબુલ કરવુ. ૨ માથે લેવુ, ગ્રહણ કરવુ. ૩ માનવુ, પાળવુ ૪ એકરાર કરવો
સ્વીકૃત્ય, વિ૦ માની લીધેલુ, સ્વીકારેલુ
સ્વીય, વિ૦ પોતાનુ, સ્વસત્તાનું
સ્વીયા, સ્ત્રી૦ પોતાની વહુ, પરણેલી સ્ત્રી
સ્વેચ્છા, સ્ત્રી૦ પોતાની મરજી-ઇચ્છા તે ૨. મમત, સ્વચ્છંદ [વર્તવુ તે, સ્વચ્છદ, મમત.
સ્વેચ્છાચાર, પુ૦ મરજીમા આવે તેમ ચાલવુ
સ્વેચ્છાચારી, વિ૦ મરજીમા આવે તેમ વર્તનાર, સ્વચ્છંદી, નિરંકુશ. [આવે તે.
સ્વેચ્છાપ્રારબ્ધ, ન૦ (સ૦) ઇચ્છા પ્રમાણે બની
સ્વેદ, પુ૦ (સ૦) પરસેવો, ધામ, બાફ
સ્વેદજ, વિ૦ પરસેવાથી ઉત્પન્ન થયેલુ તે. માકણ જૂ વગેરે જીવ, સ્વેદજ કહેવાય છે
સ્વેદન, ન૦ પરસેવો આવવો તે. ૨ પરસેવો લાવે એવી દવા
સ્વૈર, વિ૦ (સ૦) મનમા આવે તેમ કરનાર. ૨ રખડતુ, ભટકતુ, ફરનાર, સ્વચ્છદી, સ્વતંત્ર, મનમોજી ૩. નિરંકુશ, બેલગામ, ઉચ્છૃંખલ.
સ્વૈરિણી, સ્ત્રી૦ (સ૦) પોતાની મરજી માફક ચાલનારી સ્ત્રી, વ્યભિચારિણી, સ્વચ્છદી સ્ત્રી.
સ્વોપાર્જિત, વિ૦ (સ૦) પોતે જાતે પેદા કરેલું, પોતે વસાવેલુ

હ.

હ, પુ૦ (સ૦) વ્યંજનોમાનો ૩૩ મો કંઠ સ્થાનની વર્ણ

હં, અ૦ આશ્ચર્ય, તુચ્છકાર, તેમ હકાર દર્શક અને ઉત્સાહ, અનુમતિનો ઉદ્‌ગાર

હંસ, પુ૦ (સ૦) લાબી ડોક, લાલ પગને ચાચ વાળુ એક જળચર પક્ષી એની ચાલ આનદ પમાડે તેવી હોવાથી એની ઉપમા સ્ત્રીને અપાય છે ૨ જીવ, આત્મા [વાળી સ્ત્રી

હંસગામિની, સ્ત્રી૦ (સ૦) હંસના જેવી ગતિ

હંસણી, સ્ત્રી૦ હંસની માદા,

હંહં, અ૦ આશ્ચર્યસૂચક અવ્યય [^

હંસપદ, ન૦ લખાણુમા ઉમેરો દર્શક એક ચિહ્ન

હઇયુ, ન૦ હૈયુ, જુઓ

હક, પુ૦ (આ૦) સ્વામિત્વ માલકી, દાવો, ઇલાકો ૨ દસ્તુરી, કોઇને કઇ નિયમિત આપવુ લેવુ પડતું હોય તે, લાગો ૩ વિ૦ વાજબી, ખરૂ, સાચુ હક કરવુ=યોગ્ય બદલો આપવો, મજરે લાવવુ હક થવુ=મરી જવુ, હક પહોચવો=દાવો લાગવો, ધણીપણુ હોવુ

હકતાઆ પુ૦ (આ૦) ખુદા, પરમેશ્વર

હકદાર, વિ૦ (આ૦) જેનો હક પહોચતો હોય તે, દાવેદાર ૨ વાજબી ખરૂ ૩ હક ધરાવનાર

હકદારી, સ્ત્રી૦ માલકી સ્વામિત્વ ૨ હિસ્સો-લાભ મેળવવાનો હક તે [મિથ્યા, ખોટી રીતે

હક-નાહક, અ૦ વગર કારણે, અમસ્તુ ખાલી,

હકસાઇ, સ્ત્રી૦ દસ્તુરી દલાલી, હકનુ લવાજમ

હકાર પુ૦ (સ૦) હનો ઉચ્ચાર તે, ૨ સ્વીકાર, હા કહેવુ તે ૩ હકાર

હકારવુ, ક્રિ૦ સ૦ હાકવુ ચલાવવુ, ૨ હા કહેવુ, મજુર રાખવુ ૩ બોલાવવુ સબોધવુ હાકલવુ

હકારુ, ન૦ હાક મારીને તેડવુ-બોલાવવુ તે તેડાગર

હકારો, પુ૦ હાકમારીને બોલાવનારો, નોતરિયો, તેડાગર ૨ હોકારો, મોટો સાદ

હકાલવુ ક્રિ૦ સ૦ હાકી કાઢવુ ૨ હાકવુ, ચલાવવુ, ૩ બોલાવવુ હુાકલવુ=બોલાવવુ

હકીકત, સ્ત્રી૦ (આ૦) કોઇ બનાવ સંબધી હેવાલ, બીના, ૨ ખબર, બાતમી, સમાચાર [વૈદ;

હકીમ, (આ૦) યુનાની વૈદુ કરનારો મુસલમાન

હકીમી, સ્ત્રી૦ હકીમનો ધધો, વૈદુ

હકુમત, (હકૂમત) **સ્ત્રી૦** (આ૦) સત્તા, અમલ, અધિકાર ૨ રાજ્ય, હાકમી ૩ તાબો. [લાગો

હક્ક, પુ૦ (આ૦) હક, અધિકાર, સત્તા લાગત,

હખળડખળ, વિ૦ સખલ ડખલ, ખળખળી ગયેલુ, ડગમગતુ, હાલકહુલક ૨ અવ્યવસ્થિત

હગએ.ક, સ્ત્રી૦ ઝાડોને ઉલટી, ૨ મહામારીનો

હગણુ, ન૦ હગવુ, ઝાડો, દસ્ત [રોગ, કોગળિયુ

હગણો, પુ૦ મળદ્વાર, ગાડ [એક ધ્યાનથી

હગબગ, અ૦ તાકીને ટગર ટગર, એકીનજરે,

હગબગવુ ક્રિ૦ એક ધ્યાનથી તાકવુ, બગધ્યાન ધરવુ ૨ હરબડી જવુ, ટાટિયા ભાગી જવા

હગમરટપર, અ૦ બોડિયા અક્ષરના લેખનો નમુનો કેળવણીના પ્રચાર પહેલાં કાના માત્ર વગરનુ લખાણુ લખાતુ, અને વાચનાર તેને ગોઠવી સમજી લેતો (હિંગ મરીને ટોપરા)

હગવુ, ક્રિ૦ અ૦ અવવુ, મળત્યાગ કરવો, ઝાડે ફરવુ ૨ (પખીનુ)ચરકવુ હગી જવુ=બીક ત્રાસથી ધીરજ જતી રહેવી, ઢીલા થઇ જવુ હગી દેવુ, ભય-બીકને લીધે બધ છુટી જવા, કહીદેવુ, કબુલ થઇ જવુ હગી પડવુ=ભયથી ચરકી જવુ, ઢીલા -નરમ પડી જવુ નિર્માલ્ય થઇ જવુ

હગાણુ, વિ૦ ઝાડે ફરાણુ ૨ ઢીલુ, નરમ સ્વભાવનુ

હગામણ, સ્ત્રી૦ વારવાર દસ્ત થયા કરવો તે, અતિસાર ઝાડે ફરવાનુ

હગાર, સ્ત્રી૦ પખીઓનો મળ, વિષ્ટા, ચરક

હંકાઈ-મણી, સ્ત્રી૦ હાકવાની મજુરી

હંકાર, પુ૦ (સ૦) અહકાર, ગર્વ, અભિમાન

હંકારવુ, ક્રિ૦ સ૦ હાકવુ ચલાવવુ, ચાલતુ કરવુ

હંકાવુ, ક્રિ૦ અ૦ ચાલતુ થવુ, હાકી કઢાવુ

હંખારવુ, ક્રિ૦ સ૦ સ્વચ્છ કરવુ, ગાળવુ

હંખારો, પુ૦ ગળામણ, ગાળ, નીકળેલો કચરો.

હંગામ, પુ૦(ફા૦) અવસર, તક, મોસમ, ૨. ધમાલ

હંગામી, વિ૦ કામચલાઉ, કામપુરતું, મોસમનું

હુંગામો, પુ૦ ધમાચકડી, ગડબડ ૨. તોફાન, સુલેહ ભંગ, દંગો. ૩ ચઢાવો

હુચમચવું, ક્રિ૦ અ૦ હાલીને ખળખળી જવુ, સાધામાથી હાલવુ, ડગમગવુ

હુચમચાટ, પુ૦ ખળખળાવી નાખવુ તે, આમ તેમ હલાવી–ખડખડાવી ઢીલુંકરી નાખવુ તે

હુચમચાવવુ, ક્રિ૦ સ૦ હલાવી ખડખડાવી ઢીલુ કરી નાખવુ, ડગાવવુ,આમતેમ હલાવવુ ૨ અવ્યવસ્થિત કરી નાખવુ [રાળુ

હુજ, સ્ત્રી૦ યાત્રા, જાત્રા (મક્કાની) હાજી=જાત-

હજમ વિ૦ પચેલુ, ૨ જીરવેલુ,ઉચાપત કરેલુ હુજમ થવુ=પચાવવુ, જીરવવુ, ઉચાપત કરવુ, ઓળવવુ, ખાઇજવુ હુજમ થવુ=પચવુ, જરવુ

હુજમિયત, સ્ત્રી૦ પાચન થવુ તે,હજમ કરવાની શક્તિ, જઠરબળ

હુજરત, પુ૦ (અ૦ હુજ્રત) માલીક, સ્વામી. શ્રીમાન માણુસને સબોધવાનો શબ્દ, માનવંત હુજરત ભરવી=(પ્રાણુવિનિયમથી) આત્મબળે બીજાની સંજ્ઞા હરી લઇ તેને મિજલસ,ઈ દેખાડવી અને પોતાની ઇચ્છાનુસાર પુછાતા પ્રશ્નોના જવાબ આપવાની એક યૌગિક ક્રિયા, પ્રાણુવિનિમય

હુજામ પુ૦ (અ૦) વાળંદ, નાઇ, રાત, ગાયજો ૨ અણુઘડ કારીગર હુજામને હાથ આરસી= ચીબાવલા વેડા કરવા તે, અણુકલાઇ

હુજામડી, સ્ત્રી૦ હજામની સ્ત્રી

હુજામડો, પુ૦ હજામ, (તિરસ્કારમા)

હુજામત, સ્ત્રી૦ મુંડન,ક્ષૌર, વપન ૨ મુંડવું તે. હજામનુ કાર્ય તે. ૩ બોડવા જેવા વાળ તે હુજામત કરવી=મુંડવુ, બોડવુ ૨ ફરી ફરીને સુધારવુ પડવુ.

હુજાર વિ૦ (આ૦) દસ વાર સો તે, સહસ્ર. ૨ પુષ્કળ,ઘણુ, અગણિત હુજાર હાથનો ધણી= પરમેશ્વર [ઘણી પાદડી કે રેસાવાળુ (ફૂલ).

હુજારી, વિ૦ કોયળી સાથની ઉપજવાળુ. ૨

હુજી, અ૦ અદ્યાપિ; હજુ; અત્યાર લગી.

હુજીરો, પુ૦ (આ૦) મિનારાઓવાળું સુંદર કબરનું મકાન, રોજો, પવિત્ર સુંદર મકાન ૨ મોટી નામનાનુ કામ તે 'શો મોટો હજીરો કર્યો કેઆટલો બધો ફુલાય છે ?'

હુજુ, અ૦ હજી પણુ, અત્યાર લગી

હુજુર, સ્ત્રી૦ (આ૦) મોટા માનનુ પદ, મહેરબાન, કૃપાવંત માનનુ સબોધન ૨ હાજરી, નજર આગળ-રૂબરૂમા હોવુ તે તહેનાત.૩ ખુદ, આપ.

હુજુરિયો,પુ૦ તહેનાતમા રહેનારો નોકર,પ્રતીહારી

હુટખટ, સ્ત્રી૦ મનમા થતી લાગણી, ખટકો

હુટરિયુ, ન૦ બંધ કરાય એવુ તાકુ, હાટડુ, દોલાભ, ભંડારિયુ

હુઠ, સ્ત્રી૦ (સં૦) જીદ,જક, દુરાગ્રહ, મમત ૨ આડાઈ હુઠ કરવી=જક લેવી, દુરાગ્રહ કરવો, નહિ માનવુ હુઠ લેવી=આડાઇ માડવી, દુરાગ્રહ કરવા હુઠે ચઢવુ=મમત રાખવો

હુઠયોગ પુ૦ (સં૦) ઇશ્વર આરાધનાર્થે આગ્રહ પૂર્વક દેહને કષ્ટ આપવુ તે, ચિત્તવૃત્તિ નિરોધરૂપ પ્રાણુાયામાદિયોગ (રાજયોગથી ઉલટો)

હુઠવુ, ક્રિ૦ અ૦ પાછા ખસવુ, પાછા પગલા ભરવા ૨ હારવુ, નબળા પડવુ, નરમ થઇ જવુ ૩ ફરી જવુ, ગુલાટ મારવી

હુઠાવવુ, ક્રિ૦ સ૦ પાછુ ધકેલવુ ૨ હરાવવુ

હુઠીલાઇ, સ્ત્રી૦ હઠ, દુરાગ્રહ, જક ૨ આડાઈ.

હુઠીલુ, વિ૦ જક્કી, જિદ્દી, મમતી ૨ આડુ હુઠીલો હનમાન=દૃઢ, જબરો ને વળી હઠીલો

હુઠેઠ, સ્ત્રી૦ જોશ, આગ્રહ ૨ કાલાવાલા,આજીજી

હુડકવા, પુ૦ (તેલુ૦ હડ–કુતરો+કરડવા) કુતરા અને શિયાળવાને થતો એક જાતનો સન્નિપાત, કરડવા ધાય ને કરડે તેવો રોગ ૨. ચીડનાફાફા મારવા, જ્યા ત્યા લૌવાં નાખવા, ચીઢિયા કરવા

હુડકાયુ, વિ૦ હડકવા લાગ્યો હોય તેવુ ૨.ચિઢિયુ

હુડકુ–ખું, ન૦ હડકવા કરે એવો સન્નિપાત, હાયવલાય, અતિનોભ–ચીડના લૌવા.

હુડતાલ, સ્ત્રી૦ (સં૦ હરિતાલી) પીળા રંગનો એક ઝેરી ખાર,રંગદાર,સોમલ ૨ (હાટ+તાળુ) બજારમાં સઘળી દુકાનો અને લેવડદેવડ બંધ રાખવા તે (શોકના ગમમાં કે સરકારના કોઈ હુકમ પર નારાજી બતાવવા) [ખવું તે

હુડધુત, સ્ત્રી૦ તરછોડ; તિરસ્કાર, તરછોડી ના-

હડપ, **સ્ત્રી૦** ઝડપ, ઝુટ મારવી તે ૨ અ૦ તરત; એકદમ [આગળનો અવયવ
હડપચી, **સ્ત્રી૦** હોઠની નીચેનો ભાગ, દાઢી
હડફ, **સ્ત્રી૦** કોલ-આટમા મૂકેલુ તે
હડફટ, **સ્ત્રી૦** ધક્કો, હડસેલો
હડફાઉ, **વિ૦** પરચૂરણ, અલફાઉ
હડફો, **પુ૦** જડસો, મૂર્ખ ૨ ઇસ્કે તરી
હડફોટ, **સ્ત્રી૦** ધક્કો, હડસેલો, આચકો
હડબડવું, **ક્રિ૦ અ૦** નાહિમ્મત થઇ જવુ નરમ પડવુ, ૨ ગભરાવુ, થરકી જવુ
હડસાકળ, **સ્ત્રી૦** ટોડા, સ્ત્રીઓના પગનુ ઘરેણુ
હડસેલવું, **ક્રિ૦ સ૦** જોરથી ઠેલવુ,આચકો મા-
હડસેલો, **પુ૦** આચકો,ધક્કો [રવો, ધકેલવુ
હડહડ, **અ૦** (કુતરાને) ધુતકારી કાઢવાનોઉદ્ગાર
હડહડતુ, **વિ૦** ઉત્કટ લાગણીવાળુ, ચુસ્ત, ખરે ખરુ, પાકુ ૨ તદ્દન.
હડહડવુ, **ક્રિ૦ અ૦** ગુસ્સામા બોલવુ, ઉછળીને બોલવુ ૨ સડસડ થવુ પાણી સાથે બળવુ
હડાકુ, **વિ૦** જોરભેર, સપાટામધ, ઝડપથી 'ભલો બુરો તોપ તણો ભડાકો, હવા વિષે હોય જતો હડાકો' ૨ ધારેલે વખતે જઈ પહોચે એવુ
હડાકો, **પુ૦** પ્રતિધ્વનિ,પડઘો ૨મેળ હિસાબનો)
હડિયાદોટ, **સ્ત્રી૦** આમતેમ દોડાદોડ કરવી તે
હડિયો, **પુ૦** હરડિયો, કુકરો, ગળાની ઘાટી
હડી, **વિ૦** અઢી ૨ સરખુ, બરોબરી ૨ **સ્ત્રી૦** દોટ, દોડ [ઘોઘાટ તે
હડુડાટ, **અ૦** એકદમ તથા ધસારાથી પડવાનો
હડુડુ, **અ૦** એકદમ ધસારાથી
હડે, **અ૦** કુતરાને હાકતા કરાતો અવાજ ૨ તિરસ્કાર-તુચ્છકારનો ઉદ્ગાર
હડો, **પુ૦** આગલી તરફથી ગાડુ ટેકાય એવો પાયો તે ૨ જ્યા ધુસરી બધાય છે તે ગાડાનો ભાગ
હણવુ, **ક્રિ૦ અ૦** મારી નાખવુ,નાશ કરવુ
હણહ કે ખણહ, **સ્ત્રી૦** હાકે ના,હાકોટો છાકોટો
હણહણવુ, **ક્રિ૦ અ૦** ઘોડાનુ ખોખારવુ ૨ ઉત્સાહથી ખોખારવુ, તનમનાટ કરી મૂકવો
હણહણાટ, **પુ૦** હણહણવુ તે, ઘોડાનો ખોખારો. ૨ તનમનાટ જમાઇને ઘેર ઘોડાને સાસુને **હણહણાટ**=ખોટો ગર્વ [ગાડાની સુપડી
હણિયુ, **ન૦** ગાડી હાકનારને બેસવાની જગા,
હત્ **અ૦** દિલગીરીનો ઉદ્ગાર, અરેરે !, ધિક્ ૨ ઢોર હાકવાનો ઉદ્ગાર [મારું ગયેલુ
હત, **વિ૦** (સ૦) હણેલુ ઘવાયેલુ, મારેલુ ૨
હતભાગી, **વિ૦** અકરમી, કમનસીબ, નિર્ભાગી
હતભાગ્ય, **સ્ત્રી૦** કમનસીબ, દુ વ
હતાશ, **વિ૦** કમનસીબ, નિર્ભાગી ૨ નાસીપાસ થયેલુ, નિર્બળ, અશક્ત
હત્યા, **સ્ત્રી૦** (સ૦) વધ, હિંસા, ઘાત, ખૂન ૨ હિંસાથી લાગતો દોષ-પાપ તે
હત્યારુ, **વિ૦** ઘાતકી ખૂની ૨ પાપી
હથરોટ, **પુ૦** બાજુબધ, બેરખા
હથવાર, **વિ૦** એકજ હાથને હળેલુ, એકજ હાથે ટેવાયલુ-દોહવાદે એવુ [૨ સાહિત્ય,સાધન.
હથિયાર, **ન૦** બચાવ કરવાનુ સાધન,શસ્ત્ર,આયુદ્ધ
હથિયારબધ, **વિ૦** શસ્ત્ર સજેલા હોય તેવુ
હથ્થુ, **વિ૦** હસ્તક,મારફત ૨ એક હાથ હોય એવુ
હથેળી, **સ્ત્રી૦** હસ્ત તલ, હાથની અદરનો ચપટો ભાગ કરતલ, **હથેળીમા** પૃથ્વી આવી જવી=કટાકટીનો વખત આવવો **હથેળીમા નચાવવુ**=રમકડા રૂપ બનાવી દેવુ
હથોટી, **સ્ત્રી૦** હાથે કામ કરવાની છાપ તે, આવડત ૨ ટેવ, મહાવરો ૩ ઝડપ ને સહેલાઇથી કરવાની ખબ તે **હથોટી** પડવી=ટેવાવુ **હથોટી** બેસવી=ઝડપ ને પદ્ધતિનો મહાવરો થવો તે
હથોડી, **સ્ત્રી૦** નાનો હથોડો
હથોડો, **પુ૦** ઘણુ, મુદ્ગર, લોખડની મોગરી
હદ, **સ્ત્રી૦** (આ૦) મર્યાદા, સીમા, અવધ ૨ અત, છેડો, આખર **હદ** આવવી=આખરઆવવુ, બહુ થવુ, **હદ**વાળવી=ઘાણ વાળી નાખવો **હદ** ઉપરાત=ગજા ઉપરાત બહુજ વધારે **હદપાર**=પુષ્કળ, ખૂબ
હનકન, **સ્ત્રી૦** આનાકાની, હાના, ચુપચુ
હનન, **ન૦** (સ૦) હણવુ તે, હત્યા, હિંસા
હનુ, **ન૦** (સ૦) દાઢીનો નીચલો ભાગ, ચિબુક, હડપચી, ચુચરી

હનુમાન, પુ૦ વાયુપુત્ર, એક મોટો બળવાન રામ ભક્ત ૨ કપિ વાદરો હનુમાન હડીઓ કાઢે એવુ=ખાલીખમ, કઇ ન હોવુ તે
હનુવટી, સ્ત્રી૦ હડપચી, ચુથરી, ચિબુક
હંતા, પુ૦ હિંસક, હણનારો, ઘાતક
હપતો, પુ૦ (ફા૦) કાધુ, ટકડેકટકડે રકમ ભરવી, તે ૨ કિસ્ત, સરકારી મહેસુલ
હફતો, પુ૦ હપતો, કાધુ ૨ કિસ્ત
હબક, સ્ત્રી૦ (આ૦)બીકથી ચોકવુ તે,ફાળ,ધાસકો
હબકવુ, ક્રિ૦ અ૦ ભય ત્રાસથી ચોકવુ, ધાસકો પડવો, હડમડી જવુ
હબકાવવુ, ક્રિ૦ સ૦ ગભરાવવુ, બીવડાવવુ
હબશી, પુ૦ સીધી, નીગ્રો, મૂર હબશણ-સીધણ
હબહબાટ, પુ૦ 'હબહબ' એવો અવાજ ૨ બખાળા, ગડમડાટ
હમચી, સ્ત્રી૦ કુદડીએ ફરવુ ને ગાવુ તે, ગાતા તાનમા ઉછળીને કુદડી લેવી તે
હમજાત, વિ૦ પોતાની જાતિનુ-વર્ગનુ તે
હમડી, સ્ત્રી૦ હુપણાની ગરૂરી, મગરૂરી ૨ હુપદ
હમણા, અ૦ અધુના, આ વખતે, હાલ
હમામ, ન૦ (આ૦) નહાવાની જગા, નવાણ
હમામખાનું ન૦ નહાવાની ઓરડી સ્નાનગૃહ
હમામદસ્તો, પુ૦ (ફા૦ હાવન-ખલ+દસ્ત) પગાર, મુસલી, દસ્તો, ઉપરવટણો
હમાલ, સ્ત્રી૦ હમાલનુ કામ તે ૨ મજુરી, વૈતરૂ
હમાલી, પુ૦ (આ૦) ફરાસ કચેરીનુ હલકુ કામ કરનારો ૨ હલકો નોકર ૩ હેલકરી, મજુર
હમિયાણી, સ્ત્રી૦ (આ૦) થેલી, કોથળી વાસળી ૨ ધન, દોલત, પુજી
હમી, સ્ત્રી૦ બાહેધરી,જામીનગીરી ૨ અવેજ,બાન
હમીદાર, પુ૦ બાહેધર, જામીન, હામી આપનાર
હમીર, પુ૦ કલ્યાણ રાગનો એક પ્રકાર.
હમેલ, પુ૦ ગર્ભ, ગાભ, દહાડા
હમેલ, સ્ત્રી૦ (આ૦ હમાઇલ) ચપરાસ, પટાપ રની ચકતી ૨ પટો
હમેશ, અ૦ (ફા૦) સદા, રોજ, નિત્ય
હમેશગી, સ્ત્રી૦ હમેશ હોય એવુ, અવિચ્છિન્નતા, નિરતરતા ૨ અનંતપણુ
હમેશા, (અ૦) નિત્ય, સદા, રોજ, સદૈવ
હમ્ભા, અ૦ ગાયનો અવ્યક્ત ઉચાર
હય, પુ૦ (સ૦) ઘોડો, અશ્વ, વાજી, તુરગ
હયગ્રીવ, પુ૦ (સ૦) વિષ્ણુ,ઘોડાના જેવીકાધવાળુ
હયદલ, ન૦ (સ૦) ઘોડેસ્વાર લશ્કર
હયશાળા, સ્ત્રી૦ ઘોડાર, અશ્વશાળા, તબેલો
હયાત, વિ૦ (આ૦) જીવતુ, વિદ્યમાન [સ્તિત્વ
હયાતી, સ્ત્રી૦ જીવત સ્થિતિ ૨ જિદગી, અ-
હર, પુ૦ (સ૦) શકર, મહાદેવ ૨ વિ૦ હરનાર, લેનાર ૩ અ૦ દરેક, પ્રત્યેક, એકેક
હરએક, અ૦ દરેક, હરેક, પ્રત્યેક ૨ સર્વે
હરકત, સ્ત્રી૦ (આ૦) અડચણ,નડતર ૨. વાધો
હરકોઈ, વિ૦(આ૦) ગમે તે કોઈએક, કોઇપણ
હરખ, પુ૦ આનદ, ખુશી ખુશાલી ૨ સતોષ
હરખચમક, સ્ત્રી૦ અતિ આનદથી ગાડા થવુ તે,હરખ ઘેલછા. ૨ અતિ હર્ષથી થતો એક વાયુ, તાણ [થવુ
હરખવું-ખાવુ, ક્રિ૦ અ૦ રાજી થવુ, ખુશી
હરગીજ, અ૦ (ફા૦) કોઇપણ રીતે, કદીપણ
હરઘડી, અ૦ વારવાર, આખો દહાડી, ઘડીએ-પલકે, હમેશ [જાનનુ ફળ
હરડ, સ્ત્રી૦ (સ હરિતકી.) ખારેક જેવુ એક
હરડતુ, વિ૦ છેક નજીકનુ, અડીને હોય એવુ (હરડતુ સગુ) ૨ પૂર્ણ આસ્તિક, ચુરત (હર-ડતો ભગત) ૩ જાલીમ. (હરડતો દુશ્મન.)
હરડા, ન૦ હરડેના નાના અ કચરા ફળ,હરડના કોચા (આ ફળ રેચક અને રગ આપનારા છે)
હરડે, સ્ત્રી૦ હરડી નામના ઝાડનુ ફળ
હરણ, ન૦ (સં હરિણ,) હરિણ, કુરગ, મૃગ, છિકારુ ૨ (સ૦ હૃ) ઉપાડી જવુ-ખેચીને લઇજવુ તે, ઝુટવી લેવુ-હરવુ તે ૩. વિ૦ દૂર કરનાર, છોડવે એવુ
હરણી, સ્ત્રી૦ હરિણની માદા મૃગલી, કુરગી.
હરતાલ, સ્ત્રી૦ પીળા રંગનો સોમલખાર, હડતાળ
હરતુફરતું, વિ૦ હાલતું ચાલતું, સાજુ થતુ
હરદમ, અ૦ હમેશ, રોજ. ૨ વારંવાર, ક્ષણેક્ષણ.

હરદાસ, પુ૦ હરિકથા કરનારો, હરિભક્તની આખ્યાયિકાઓ કહેનારો
હરનિશ, અ૦ (સ અહર્નિશ) રાતદિન, હમેશ, નિરતર, સર્વ, વારવાર [વિર્ણ
હરફ, પુ૦ (આ૦) બોલ, શબ્દ ઉચ્ચાર ૨ અક્ષર,
હરફર, સ્ત્રી૦ હરવુ ફરવુ તે, હાલચાલ, આવજા, હેરાફેરી
હરમડવુ, ક્રિ૦અ૦ ડરીજવુ, હિમ્મત જતી રહેવી ૨ ગભરાવુ, મુઝાવુ ૩ નાસીપાસ થવુ
હરમુ, વિ૦ હળદરના સ્વાદનુ, કષાય
હરવખ્ત, અ૦ હમેશ, રોજ, નિત્ય,
હરવખત, અ૦ વારેઘડીએ, વારવાર, હમેશ
હરવર, સ્ત્રી૦ યાદ, સ્મરણ, સરત, ધ્યાન, લક્ષ
હરવરસ, અ૦ વર્ષોવર્ષ, દરવર્ષે
હરવાયુ, વિ૦ રખડેલ, ગોરહૈયુ ૨ કાયર, સુસ્ત
હરવુ, ક્રિ૦ સ૦ લુટી લેવુ, છિનવી લેવુ, પડાવી લેવુ ૨ દૂર કરવુ, છોડવવુ, ૩ ફરવુ
હરવુ, વિ૦ લીલુ, વનસ્પતિના રગનુ ૨ તાજુ
હરવુફરવુ, ક્રિ૦ અ૦ આટા મારવા, આવુ પાછુ થવુ ૨ મહાલવુ, માણવુ [મસા, ગુદાકુર
હરસ, પુ૦ (સ૦અર્શ) ગુદામા થતો એક રોગ,
હરસાલ, અ૦ વર્ષોવર્ષ, દરેક વર્ષે
હરહરમહાદેવ, અ૦ આનદની લાગણી સહિત આરભ કરવાનો ઉદ્ગાર [ગરી
હરહુન્નર, પુ૦ દરેક હુન્નર, પ્રત્યેક જાતની કારી-
હરાખ, સ્ત્રી૦ (તુર્ક૦ હરાફ) ઘોડો બાધવાનો દોર ગશ ૨ ઓરડીનો કાટો
હરાજ, વિ૦ (આ૦) જાહેર માગણીએ વેચલુ, ઉછળામણીએ વેચવા કાઢેલુ ૨ સોઘુ, જૂજ
હરાજી, સ્ત્રી૦ લીલામ, ઉછાળણી [કિમ્મતનુ
હરાઉ, વિ૦ હરાયુ
હરામ, વિ૦ (આ૦) વગર હકનુ, અઘટિત, નામુ નાસીબ, અયોગ્ય ૨ સુસ્ત, આળસુ, બેઠાખાઉ
હરામખોર, વિ૦ હરામનુ તકાવનાર, લુચ્ચુ, દુષ્ટ, અવગુણિયુ, કૃતઘ્ની [નિમકહરામી
હરામખોરી, સ્ત્રી૦ લુચ્ચાઈ, દોગાઇ, હરામી,
હરામચસ્કો, પુ૦ વગર હકનુ લેવા-ખાવાની ટેવ-ભાવ-ઉકાટો [નૌરસ જારજ
હરામજાદુ, વિ૦ વ્યભિચારથી ઉપજ્ન થયેલુ, અ-
હરામી, વિ૦ હરામખોર, ઉત્પાતી ધૂર્ત્ત, લુચ્ચુ
હરાયુ, વિ૦ રખડેલ, જ્યા ત્યા ઘુસનારુ, રઝળતુ ૨ નિરકુશ, ઉચ્છૃખલ, અડિયલ. ઉછાછળુ
હરાર, અ૦ જરૂર, નક્કી, અવશ્ય (કાઠિ)
હરિ, પુ૦ (સ૦) વિષ્ણુ, પરમેશ્વર ૨ ઘોડો ૩ સિંહ, 'સાયક હેવે પડયો મૃગ ઉપર, પીઠથી પેટ ચીરો હરિ વિધ્યો–દયા. ૪ ચદ્રમા 'હરિવદની' ૫ ઉનાળામા કુવાના પાણીએ પકવેલો પાક 'રવિ ને હરિ' ૬ મયુર ૭ વાનર
હરિકીર્તન, ન૦ (સ૦) સગીત સાથે ઇશ્વર ભક્તિ તે, હરિભજન
હરિગીત, પુ૦ (સ૦) એક માત્રા મેળ છદ
હરિચદન, ન૦ (સ૦) પીળા રગની સુખડનુ ઝાડ ૨ કલ્પવૃક્ષ 'હારો રૂપાળી હરિચદનના દ્રુમોની'
હરિજન, પુ૦ પરમેશ્વરનો માણસ, ભક્તજન ૨ ભોળો માણસ
હરિણ, ન૦ (સ૦) હરણ, મૃગ, કુરગ
હરિણાક્ષી, સ્ત્રી૦ (સ૦) હરિણના જેવી મોટી ને કાળી સુદર ચચળ આખોવાળી સ્ત્રી, મૃગાક્ષી
હરિણી, સ્ત્રી૦ (સ૦) હરણી, મૃગલી, કુરગી
હરિત, વિ૦ (સ૦) વનસ્પતિ જેવા રગનુ, લીલુ ૨ નવા લીલા તાજા પાન પલ્લવવાળુ
હરિતાલ, સ્ત્રી૦ હડતાળ, પીળોસોમલ
હરિદ્રા, સ્ત્રી૦ (સ૦) હળદર
હરિયા, અ૦ (મ૦ આરયા) આમઆમ, આરસ્તે (ગધેડા હાકતા વપરાય છે)
હરિયાળી, સ્ત્રી૦ લીલોતરી, લીલી તાજી વનસ્પતિની શોભા, વનસ્પતિનો લીલો કુજાર દેખાવ
હરિયાળુ, વિ૦ હરિયાળીવાળુ, લીલુ કુજાર
હરિવદની, સ્ત્રી૦ (સ૦) ચદ્રના જેવા સુન્દર મુખવાળી સ્ત્રી ચદ્રમુખી
હરી, વિ૦ કુવેતરનુ, કુવાના પાણીએ પકવેલુ
હરીકાય સ્ત્રી૦ ભાજી, લીલોતરી (શ્રાવકો)
હરીતકી, સ્ત્રી૦ (સ૦) હરડ, પાકેલી હિમજ,
હરીફ, પુ૦ (આ૦) સામાવાળિયો, પ્રતિવાદી,

પ્રતિપક્ષી, પ્રતિસ્પર્ધી, ૨ શત્રુ, દુશ્મન, વિરોધી
હરીફાઈ, સ્ત્રી૦ સરસાઈ, સ્પર્ધા ૨ દુશ્મનાઇ, શત્રુતા
હરૂ, વિ૦ (સં૦ હરિત) લીલુ ૨ શેકેલા ચણાના સ્વાદનુ, રૂચિ ઉશ્કેરે એવા સ્વાદનું, સ્વાદુ ૩ **અ૦** અહિ **હરૂ પરૂં**=અહિંતહિ, આમતેમ ૨.સમુખ, સામે **હરૂ ભરૂ**=રૂબરૂ
હરેક, અ૦ પ્રત્યેક, દરેક [દોટ, દોડ.
હરેડી–રી, સ્ત્રી૦ દડમડી, કોઇની પાછળ પડવુ તે
હરેરાં, ન૦ હરેગના ફળ
હરેરો, પુ૦ એક જાતનુ ઝાડ ૨ ખરેરો
હરોલ, સ્ત્રી૦ ફા૦ હરાવલ)હાર, પક્તિ, ઓળ ૨ લશ્કરનો પાછલો ભાગ ૩ સાથ, જોડ ૪ **વિ૦** અગાઉ, પહેલા
હર્તા, વિ૦ લેઈ લેનાર, હરનાર નાશ કરનાર
હર્મ્ય, પુ૦ મોટુ અને સુદર મકાન, મહેલ
હર્ષ, પુ૦ આનંદ, હરખ, ખુશી **હર્ષ નાદ**=જયઘોષ, સાબાશીનો પોકાર
હર્ષિત, વિ૦ હરખાયેલુ ખુશી થયેલુ
હલક, સ્ત્રી૦ (આ૦) સાદ, કંઠ, સૂર, અવાજ ૨ મૂર્ચ્છના, ધીરેધીરે સૂર ખીલવવો ને ધીરેધીરે ઉતારવો તે ૩ રોનક ઘાટ
હલકટ, વિ૦ હલકુ, નીચુ ૨ છછુકલા સ્વભાવનુ
હલકાઇ, સ્ત્રી૦ નીચતા, હલકાપણુ ૨ અપ્રતિષ્ઠા ૩ છછુકલાઇ
હલકાર, પુ૦ ઉતેજક પ્રેરણા, મોટા વાટાની ડચકાર 'હાકયા હસ્તી તે દે હલકાર, થાય ખડ્ગતણા ચમકાર'–પ્રેમા૦
હલકારવું, ક્રિ૦ સ૦ હોસથી હાકવુ–ચલાવવુ
હલકારો, પુ૦ (ફા૦ હરકાર) દોડનારો ખેપિયો, કાસદ, ૨ જાસુસ, દૂત
હલકુ, વિ૦ હળવુ ભાર–વજન વગરનું ૨ ઝટ પચે એવુ (ખોરાક) ૩ તદુરસ્તીને માફક આવે તેવુ, પચાવે તેવુ (પાણી) ૪ ઓછા મૂલનુ, સોંઘું ૫ ઉતરતું, કનિષ્ઠ ૬ સુગમ, સહેલું, ઝટ બને એવુ ૭ નીચુ, ખરાબ અધમ ૮ અઘટિત, અયોગ્ય ૯. છીછરુ, અનુદાર ૧૦ જૂજ, થોડુ, અલ્પ ૧૧. નજીવુ, તુચ્છ, માલ વગરનું. **હલકુ કરવુ**=મદ ઉતારવો, મારવુ, ખખેરવુ ૨. મનખાલી કરવુ **હલકુ પાડવુ**=આબરૂ–પ્રતિષ્ઠા વટી જાય એમ કરવુ **હલકુ પેટ**=છીછરુ,ઓછુ પાત્ર, મોટા પેટનુ નહિ તે **હલકુ લોહી**=ખાનદાન–ઉચ્ચ કુટુબનુ નહિ તે, ઉતરતા દરજ્જાનુ તે **હલકી ગાલ્લી વધારે દોડે**=સહેલુ–સરલ કામ ઝટ થાય [હલેતુ ૨ ઉલેર, ઉચી વધવાળુ
હલડ, વિ૦ અણુસમજુ, કાચી બુદ્ધિનું, બાલિશ,
હલફલવુ, ક્રિ૦ અ૦ ખળભળવુ, ઉશ્કેરાવુ
હલભલ, સ્ત્રી૦ ગભરાટમા બાવરા બની હોહો કરી મૂકવી તે;શુમાણુમ [કરવી તે, હીલચાલ
હલમલ, સ્ત્રી૦ આમતેમ હરવુ ફરવુ ને ધાંધલ
હલમસ્ત, વિ૦ (આ૦) અલમસ્ત; હાલમસ્ત, સ્થૂલ–ધિંગડમલ ૨ મન્દોમત્ત
હલવા, સ્ત્રી૦ એક જાતની માછલી [કદોઇ
હલવાઇ, પુ૦ મિઠાઇ બનાવી વેચનારો, સુખડિયો,
હલવાન, ન૦ (આ૦) કોર–ભરત વગરનુ ઓઢવાનુ ઉનનુ કપડુ તે, કાબળ, અલવાન,બનાત
હલવુ, વિ૦ હળવુ, હલકુ, ભારે નહિ એવુ
હલવો, પુ૦ (આ૦) સુખડી, મિઠાઇ
હલસો, પુ૦ શ્વાસનો ઉઠાવ, મોટેથી દમ ચાલવો તે ૨ હલેસુ, ચાટવો
હલા, અ૦(સ૦) બહેનપણી–સખીને સબોધવાનો ઉદ્ગાર ૨ **સ્ત્રી૦** સખી, બહેનપણી, સાહેલી
હલાક, વિ૦ (આ૦) હેરાન દુખી, અથડામણુથી કટાળેલુ, શ્રમિત ૨ કગાલ. [૨ તાણુ, તગી
હલાકી, સ્ત્રી૦ હેરાનગતી, અથડામણ, આપદા
હલાણુ, ન૦ અલેણુ, લેણુ નહિ તે, અનુકૂળતા–બેસતી નહિ ને ૨ ખેડવાને ખેતરના પાડેલા ભાગ તે
હલામણ, સ્ત્રી૦ અથડામણુ, માથાફોડ, હલાકી, પિજાવુ–ડહોળાવુ પડે તેવુ કામ, પચાતી
હલાલ, વિ૦ (આ૦) કાયદેસર, વાજબી, ધર્મનીતિને અનુસરતુ, રીતનુ, **હકનું હલાલ કરવુ**=વાજબી રીતે પ્રાપ્ત કરવુ–કાર્ય બજાવવુ (હલાલમા કૃતજ્ઞતાનો ભાવ રહેલો છે)
હલાલખોર, પુ૦ ભગી. ૨ હલાલ કરી લેનારો, બરોબર કાર્ય કરીને બદલો મેળવનારો

હુલાલો, સ્ત્રી૦ આસક્તિ, અનુરાગ. ૨ નિદ્રા
હુલાવવુ,ક્રિ૦હાલે તેમ કરવુ, ડાલાવવુ ૨, તળે ઉપર કરવુ, ફેરવવુ ૩ કપાવવુ, ધુણાવવુ ૪ ઝુલાવવુ, હિંદોળવુ ૫ ઉશ્કેરવુ, જાગૃત કરવુ, ફરીને ઉભુ થાય એમ કરવુ ૬ ઉમેળવુ માથુ હલાવુ=સમતિ આપવી ૨ ના કહેવી **જીભ** હલાવવી=બોલવુ, ભલામણ કરવી, ઉત્તર આપવો **હાથ** હલાવવા=કામ કરવુ, ઉદ્યોગે લાગવુ ડોયો હલાવવો=વચમા અડચણ નાખવી **હુલાવી=** ખીચડી ને લડાની દીકરી=મને બગડે છે
હુલાહલ, ન૦ (સ૦) કાતીલ ઝેર, મહા કારીઝેર, કાળકૂટ વિષ ૨ તદન, સાવ, નરદમ 'હલાહલ [જુઠુ'
હુલેણુ, ન૦ અલેણુ, નહિ લેણુ તે
હુલેતુ, વિ૦ અલેતુ, દુનિયાદારીથી અણવાકેફ હલડ, કાચી સમજણવાળુ ૨ ધીમુ,હળવુ, ધીરૂ
હુલેસુ, ન૦ હોડીને ગતિ મળે એમ પાણી હલાવવાનો ચાટવો, હલેસુ
હુલ્યા, અ૦ અલ્યા, અરે, ઓ સબોધક ઉદ્દગાર
